بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**ગુમરાહી તથા બદ્અમલીના અંધકારને છેદીને દિલમાં નૂર ભરનારી દિલની સફાઈ કરનારી અણમોલ કિતાબ...**

**સર્વ આયતો, હદીસોના હવાલા સાથે પ્રકાશિત કિતાબ**

# મુકાશફતુલ કુલૂબ


લેખક

હુજજતુલ ઈસ્લામ رحمۃ اللہ علیہ

**હઝરત ઈમામ મુહમ્મદ ગિઝાલી**

અનુવાદક

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)



**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**

**GRWB/059/Bharuch/02**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા,**

તા. જિ. ભરૂચ, પિન. ૩૯૨૦૨૦,

ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**Web. :www. barkatekhwaja.net**

**Email :anjuman2006@hotmail.com**



noorani art
Mob. 9427464411


હદિયો ₹260/-

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا رَسُوۡلَ اللّٰہِ ﷺ

وَعَلٰی آلِكَ وَاَصۡحَابِكَ یَا حَبِیۡبَ اللّٰہِ ﷺ

**સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન**


**કિતાબનું નામ** : **મુકાશફતુલ કુલૂબ**

**મૂળ લેખક** : હુજજતુલ ઈસ્લામ **હઝરત ઈમામ મુહમ્મદ ગિઝાલી** عَلَیۡهِ الرَّحۡمَۃُ و الرِّضۡوَانُ

**ઉર્દૂ અનુવાદક** : **અલ્લામા તસદ્દુક઼ અલી ખાન** قدس سرہ

**ગુજરાતી અનુવાદક** : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**પેજીસ** : ૭૬૦ લગભગ **પ્રકાશન નં.** : ૨૧૪

**કંપોઝિંગ** : જાવિદ યાકૂબ પટેલ (કુડચણ)

મુઝમ્મિલ ઈલ્યાસ પટેલ (ઈખર)

સાદિક઼ યાકૂબ પટેલ (દયાદરા)

**પ્રુફ રીડિંગ** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

**આવૃત્તિ** : પ્રથમ ★ **નકલ** : ૩૫૦૦

**પ્રકાશન વર્ષ** : ૨૭–રજબુલ મુરજ્જબ, હિ.સ.૧૪૩૬ (૧૭ મે ૨૦૧૫)

**પ્રાપ્તિસ્થાન** : **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

મુ.પો. **દયાદરા**, તાલુકા & જિલ્લા : ભરૂચ

પિન.૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧

મો. ૯૪૨૭૪૬૪૪૧૧

**હદિયો ₹260/-**

**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

મુ.પો. **દયાદરા**, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન. ૩૯૨૦૨૦,

ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| **પ્રકાશકના બે બોલ...** *(પટેલ શબ્બીર અલી રઝવી)* | 27 |
| ઈમામ હુજ્જતુલ ઈસ્લામ અલ્લામા મુહમ્મદ ગિઝાલી رحمة الله عليه નું સંક્ષિપ્ત જીવન ચરિત્ર | 31 |
| દસ વર્ષીય પરિભ્રમણ (હિ. સન ૪૮૮થી ૪૯૮) | 36 |
| હઝરત ઈમામ ગિઝાલી رحمة الله عليه દમિશ્કમાં | 38 |
| હુજ્જતુલ ઈસ્લામ બયતુલ મુક઼દસમાં | 39 |
| મહદે ઈસા عليه السلام અને હુજ્જતુલ ઈસ્લામ | 40 |
| ઈમામ સાહેબનો મસ્લક અને અક઼ીદો | 44 |
| હુજ્જતુલ ઈસ્લામ અને તસવ્વુફ | 46 |
| હુજ્જતુલ ઈસ્લામના ગ્રંથો | 47 |
| અહયાઉલ ઉલૂમ | 49 |
| કીમિયાએ સઆદત | 50 |
| મુકાશફતુલ કુલૂબ | 51 |
| લેખન શૈલી | 52 |
| **(પ્રકરણ : ૦૧)** | |
| **ખૌફ તથા ડર** | 53 |
| **(પ્રકરણ : ૦૨)** | |
| **ખુદાનો ડર** | 57 |
| હઝરત ઉમર رضي الله عنه અને ખુદાનો ડર | 59 |
| **(પ્રકરણ : ૦૩)** | |
| **સબ્ર તથા બીમારી** | 63 |
| હઝરત ઝકરિયાને ઉફ કરવાની મનાઈ | 64 |
| સૂફીઓની દ્દષ્ટિએ મુસીબતની હક઼ીક઼ત | 65 |
| બીમાર મોમિન બંદાના ગુનાહો નથી લખવામાં આવતા | 65 |
| જ્યારે મુસાફિર સફરમાં મૃત્યુ પામે | 68 |

# અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| (પ્રકરણ : ૦૪) | |
| ➡ **રિયાઝત તથા નફ્સની ઈચ્છાઓ** | 69 |
| મૂસા عليه السلام ને દુરૂદ પઢવાનો હુકમ | 69 |
| હઝરત માલિક ઈબ્ને દીનારે અંજીર ખાવા ચાહ્યું | 70 |
| જિંદગીની અંતિમ ઘડીમાં સબ્ર | 71 |
| (પ્રકરણ : ૦૫) | |
| ➡ **નફ્સનો પ્રભાવ તથા શયતાનની અદાવત** | 74 |
| હઝરત અબુલ હસન રાઝીએ પોતાના વાલિદને ખ્વાબમાં જોયા | 76 |
| (પ્રકરણ : ૦૬) | |
| ➡ **ગફલત** | 79 |
| સૌથી મોટો અફસોસ | 79 |
| મૌતના પયગમ્બર | 79 |
| કેવળ દાવો નિરર્થક છે | 81 |
| અલ્લાહના આજ્ઞાપાલન (ઈતાઅત)નું ફળ | 82 |
| હઝરત હસન બસરીનો એક મનમોહક જવાબ | 82 |
| અલ્લાહની ઈબાદત કે મખ્લૂક઼ની ઈબાદત | 83 |
| નસીહતના બદલામાં ગુલામને આઝાદ કરી દીધો | 83 |
| (પ્રકરણ : ૦૭) | |
| ➡ **ફિસ્ક઼, નિફાક઼ અને ખુદા ફરામોશી** | 85 |
| મોમિન અને મુનાફિક઼નો તફાવત | 86 |
| જહન્નમના સાત દરવાજાઓ | 87 |
| મૃત્યુ પછીનો પસ્તાવો | 89 |
| (પ્રકરણ : ૦૮) | |
| ➡ **ગુનાહોથી તૌબા** | 90 |
| ફાસિક઼ોના પ્રકાર | 91 |

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| એક યુવાનનું શરમાળપણુ | 92 |
| ઉત્બહનો અજબ પ્રસંગ | 93 |
| **(પ્રકરણ : ૦૯)** | |
| ➡ **મહોબ્બત** | 96 |
| દુરૂદ ન મોકલવાવાળાથી હુઝૂર ﷺએ ચહેરો મુબારક ફેરવી લીધો | 96 |
| જનાબ શિબ્લી رحمۃ اللہ علیہની સાથે મહોબ્બતનો દાવો | 98 |
| **(પ્રકરણ : ૧૦)** | |
| **ઈશ્ક઼ તથા મહોબ્બત** | 100 |
| મહોબ્બતની વ્યાખ્યા | 100 |
| મજનૂએ પોતાનું નામ લયલા જણાવ્યું ! | 101 |
| મહોબ્બતનો પ્રારંભ અને તેનો છેડો | 101 |
| આશિક઼ની ઓળખ | 103 |
| એક કંજૂસ મુનાફિક઼ | 106 |
| હઝરત આસિયહનું ઈમાન | 106 |
| **(પ્રકરણ : ૧૧)** | |
| ➡ **ખુદા તઆલાની ઈતાઅત તથા અલ્લાહ અને રસૂલની મહોબ્બત ﷺ** | 108 |
| હઝરત બિશર હાફી رحمۃ اللہ علیہને ઉચ્ચ મર્તબો કેવી રીતે અતા થયો ? | 109 |
| અલ્લાહનો દીવાનો આશિક઼ | 110 |
| હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝથી એક પ્રશ્ન | 114 |
| બીમાર દિલનો ઈલાજ | 114 |
| બે માલિકો (આક઼ાઓ)ની ખિદમત | 115 |
| હઝરત મૂસા علیہ السلامને દોસ્તની ફરમાઈશ | 116 |

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
| --- | --- |
| ➡ (પ્રકરણ : ૧૨) | |
| **શયતાન અને તેનો અઝાબ** | 117 |
| વિવિધ આસમાનો પર શયતાનનાં નામો | 119 |
| આદમની ઔલાદ પર શયતાનની સરસાઈ | 120 |
| (પ્રકરણ : ૧૩) | |
| **અમાનત** | 123 |
| કરજ સિવાય શહીદનો દરેક ગુનોહ માફ થઈ જાય છે | 127 |
| (પ્રકરણ : ૧૪) | |
| ➡ **નમાઝમાં ખુઝૂઅ તથા ખુશૂઅ** | 128 |
| હઝરત અલી رضی اللہ عنہની નમાઝ | 131 |
| નમાઝમાં ચોરી | 132 |
| (પ્રકરણ : ૧૫) | |
| ➡ **અમ્ર બિલ મઅરૂફ તથા નેહી અનિલ મુન્કર** | 133 |
| આખર જમાના વિશે હુઝૂર صلی اللہ علیہ وسلمનો ઈરશાદ | 136 |
| મોમિનના માટે જરૂરી છે કે અન્યને નેકીનો હુકમ આપતી વખતે પોતે પણ અમલ કરે | 137 |
| જમીન પર શહીદો મોટા મર્તબાવાળા મુજાહિદો | 138 |
| (પ્રકરણ : ૧૬) | |
| ➡ **શયતાનની અદાવત** | 141 |
| શયતાનના વસવસાઓનું પરિણામ | 142 |
| શયતાનનો ગુમરાહ કરનારો પ્રશ્ન | 143 |
| માણસનું હૃદય એક કિલ્લો છે | 143 |
| નૂહની કશ્તીમાં શયતાનની સવારી | 144 |
| ભરપેટ ખાવું પણ ઈન્સાનને શયતાનના ફંદામાં ફસાવે છે | 145 |
| દારૂન્નદવામાં શયતાનની કુરૈશીઓને સલાહ | 148 |

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| સિદ્દીકે અકબર رضی اللہ عنہ ની બયતના માટે હુઝૂર ﷺ નું નિત્યક્રમ વિરુદ્ધ તશરીફ લાવવું | 152 |
| હિજરતની સફરનો સામાન | 153 |
| હુઝૂર પર કુર્બાન થવું સિદ્દીકે અકબરની દિલી આરઝૂ | 154 |
| (પ્રકરણ : ૧૭) | |
| ➡ **અમાનત અને તૌબા** | 159 |
| દુરૂદે પાકની ફઝીલત | 159 |
| અમાનતની વ્યાખ્યા | 160 |
| અમાનતના વિશે નબવી ઈરશાદો | 160 |
| તૌબાનું વાજિબ હોવું | 161 |
| તૌબાના વિશે નબવી ઈર્શાદો | 162 |
| જિંદગીના અંતિમ શ્વાસ સુધી તૌબા કબૂલ થશે | 163 |
| ગુનાહોથી બચાવનાર કેવળ રબ્બે ઝુલજલાલ છે | 164 |
| તૌબાનો દરવાજો કદી બંધ થતો નથી | 165 |
| એક દર્દમય તૌબા | 168 |
| (પ્રકરણ : ૧૮) | |
| ➡ **રહમ (કૃપા)ની ફઝીલત** | 171 |
| રહમતની હકીકત | 171 |
| રહમના વિશે નબવી ઈર્શાદો | 173 |
| સખી અલ્લાહની નજીક અને જહન્નમથી દૂર હોય છે | 175 |
| (પ્રકરણ : ૧૯) | |
| ➡ **નમાઝમાં ખુશૂઅ વ ખુઝૂઅ (તલ્લીનતા)** | 177 |
| દુરૂદ શરીફની ફઝીલત | 177 |
| કિયામતના દિવસે સૌ પ્રથમ નમાઝ વિશે પૂછવામાં આવશે | 177 |
| નમાઝનો ચોર બદતરીન શખ્સ છે | 178 |

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| નમાઝ કેવી રીતે અદા કરવામાં આવે | 179 |
| ખુશૂઅ તથા ખુઝૂઅ સાથે નમાઝ અદા કરનારાઓની સિફતો | 180 |
| સહીહ નમાઝ | 181 |
| નમાઝ અંધારામાં પઢવામાં આવે | 181 |
| અલ્લાહ તઆલા પોતાના બંદાની તરફ તવજજોહ રાખે છે | 183 |
| **(પ્રકરણ : ૨૦)** | |
| **ગીબત (નિંદા)** | 184 |
| ગીબતના વિશે ચેતવણી | 184 |
| ચુગલખોરનો અંજામ | 185 |
| ચુગલખોરની સજા | 186 |
| જનાબ અબુલ લયષ બુખારીનો એક પ્રસંગ | 187 |
| ગીબતની દુર્ગંધ અત્યારે કેમ મહસૂસ નથી થતી ? | 188 |
| ગીબત ઝિનાથી પણ બદતર છે | 189 |
| **(પ્રકરણ : ૨૧)** | |
| **ઝકાત** | 190 |
| ઝકાત અદા ન કરનારા પર અઝાબ | 190 |
| કિયામતના દિવસે ગરીબો અમીરોના માટે હલાકતનો સબબ બનશે | 191 |
| અજીબો ગરીબ હિકાયત | 191 |
| **(પ્રકરણ : ૨૨)** | |
| **ઝિના (વ્યભિચાર)** | 194 |
| ઝિનાની છ આફતો છે | 195 |
| અમરદ એક ફિત્નો છે | 195 |
| લૂત عليه السلامની કૌમમાં એક વેપારીનો પ્રસંગ | 196 |

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| (પ્રકરણ : ૨૩) | |
| ➡ **મા બાપના હક્કો અને સંબંધીઓથી સદવર્તાવ** | 198 |
| 💎 નબી કરીમ ﷺના ઈર્શાદો | 199 |
| 💎 સગા સંબંધીઓ સાથે સદવર્તાવ વિશે કેટલીક મુબારક હદીષો | 205 |
| (પ્રકરણ : ૨૪) | |
| ➡ **મા-બાપ સાથે સદવર્તન** | 209 |
| 💎 ત્રણ યુવાનો અને નેક અમલો | 215 |
| (પ્રકરણ : ૨૫) | |
| ➡ **ઝકાત અને કંજૂસાઈ** | 217 |
| 💎 હુઝૂર ﷺએ પાંચ વાતોથી અલ્લાહની પનાહ માંગી | 217 |
| 💎 ઈબ્લીસ લઈન (લાનતી) કંજૂસાઈને પસંદ કરે છે | 220 |
| (પ્રકરણ : ૨૬) | |
| ➡ **મોટી મોટી તમન્નાઓ** | 221 |
| 💎 ઉમ્મીદોનો સહારો અને ફરમાને નબવી | 221 |
| 💎 અલ્લાહ તઆલાથી યથોચિત શરમ કરો | 222 |
| 💎 સહાબીઓના ઈરશાદો | 223 |
| 💎 હઝરત ઈસા عليه السلامનો એક પ્રસંગ | 224 |
| (પ્રકરણ : ૨૭) | |
| ➡ **ઈબાદત ગુઝારી અને હરામને ત્યજી દેવું** | 225 |
| 💎 તાઅતની હકીકત | 225 |
| 💎 બાતિની (આંત્રિક) ઈલ્મ શું છે ? | 225 |
| 💎 હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારકની નસીહતો | 230 |
| 💎 હઝરત દાઊદ عليه السلامની હઝરત સુલૈમાન عليه السلامને નસીહતો | 232 |
| (પ્રકરણ : ૨૮) | |
| ➡ **મૌતની યાદી** | 234 |

# અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| મૌતને યાદ કરનાર શહીદોની સાથે ઉઠાવવામાં આવશે | 234 |
| બુઝર્ગોને દીનના કથનો | 235 |
| મૌતના ઝિક્રથી હઝરત ઈસા عليه السلام ની હાલત | 237 |
| કબરોના અફસોસજનક લખાણો | 238 |
| **(પ્રકરણ : ૨૯)** | |
| **આસમાનોનું વર્ણન અને અન્ય ચર્ચાઓ** | 242 |
| દુનિયાનું સર્જન | 242 |
| આસમાનોના નામ અને તેના રંગો | 243 |
| સાત સિતારા અને દરેક સિતારાનું આસમાન | 244 |
| **(પ્રકરણ : ૩૦)** | |
| **અર્શ, કુર્સી, મુકર્રબ ફરિશ્તાઓ, રિઝક તથા તવક્કુલ** | 245 |
| અર્શે ઈલાહીની બનાવટ | 245 |
| તવક્કુલની હકીકત | 246 |
| હઝરત ઈબ્રાહીમ અદહમ અને હઝરત શફીક઼ બલ્ખી વચ્ચે પ્રશ્નોત્તરી | 247 |
| હકીકી તવક્કુલનું એક દષ્ટાંત | 248 |
| لاحول ولا قوة الا بالله ની એક કુવ્વત | 249 |
| **(પ્રકરણ : ૩૧)** | |
| **દુનિયાનો ત્યાગ અને દુનિયાની બુરાઈ** | 250 |
| દુનિયાની બુરાઈમાં કેટલીક હદીષો | 250 |
| હઝરત અબૂબક્ર સિદીક઼ رضى الله عنه નું રૂદન | 251 |
| દુનિયાનું એક દષ્ટાંત | 251 |
| હઝરત આદમ عليه السلام ની મુંઝવણ | 252 |
| સરવરે કૌનેન صلى الله عليه وسلم નો અન્સારને ખિતાબ | 258 |

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| કફન દફન વિનાની લાશો | 259 |
| હઝરત અબૂદરદા رضی اللہ عنہનું મુસલમાનોને સંબોધન | 260 |
| હઝરત ઈસા علیہ السلامનો એક નસીહત આપતો આદેશ | 262 |
| દુનિયાની મહોબ્બત સૌથી મોટો ગુનોહ છે | 263 |
| દુનિયા એક ઊંડો સમુદ્ર છે | 264 |
| શુદ્ધ સોના પર ગિલેટવાળાને અગ્રિમતા કઈ રીતે હોઈ શકે છે ? | 266 |
| દુનિયા કઈ હાલતમાં મુકાબલો કરે છે | 269 |
| દુનિયાનો ગમ વધે છે તો આખેરતનો ગમ ઓછો થાય છે | 269 |
| દુનિયાથી મહોબ્બત રાખનારાને આખેરત ફાયદો નથી આપતી | 275 |
| દુનિયાનો ત્યાગ અને તલબ | 275 |
| ઈમામ શાફઈ رحمۃ اللہ علیہની પોતાના ભાઈને નસીહતો | 276 |
| **(પ્રકરણ : ૩૨)** | |
| **➡ દુનિયાની બુરાઈ** | **278** |
| એક ઝાહિદની એક બાદશાહને નસીહત | 279 |
| હઝરત હસન બસરી رضی اللہ عنہના ઈરશાદો | 279 |
| દુનિયાની બુરાઈ દર્શાવતી વધુ એક હદીષે કુદસી | 281 |
| હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہનો ખુત્બો | 285 |
| તરીકતવાળાઓનો દુનિયા પ્રત્યે વર્તાવ | 286 |
| **(પ્રકરણ : ૩૩)** | |
| **➡ કનાઅત (થોડામાં સંતોષ પામવા)ની ફઝીલત** | **287** |
| ઈન્સાનના પેટને કબરની માટી જ ભરે છે | 287 |
| દુનિયાની બહુ ખોજ ન કરો | 289 |
| શ્રેષ્ઠ દૌલત | 291 |

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| હઝરત ઉમર رضی اللہ عنہનો ઈરશાદ | 293 |
| એક લોભીને બોધ | 294 |
| લાલચની બુરાઈ | 295 |
| ઈલ્મ ઈન્સાનને લોભી અને ભિખારી જેવી લાચારીથી બચાવે છે | 295 |
| **(પ્રકરણ : ૩૪)** | |
| **ગરીબી (ફકીરી)ની ફઝીલત** | 296 |
| અલ્લાહ પોતાના મહબૂબ બંદાના દિલથી દુનિયાની મહોબ્બત કાઢી નાખે છે | 297 |
| દીનદાર શિકાર ન કરી શકયો અને દુનિયાદારને ખૂબ શિકાર મળ્યો | 298 |
| દુનિયાના નામુરાદ બંદા કિયામતમાં ઈજ્જત પામત | 302 |
| ગરીબો પાસે દૌલત છે | 302 |
| જન્નતના બાદશાહ | 303 |
| હઝરત ફાતિમહ رضی اللہ عنہની ગરીબીની હાલત | 303 |
| રૂપિયા જમા કરનારાઓ પર ચાર મુસીબતોનું ઉતરાણ | 304 |
| હઝરત સઈદ ઈબ્ને આમિરના રૂદન તથા આજિઝીનું કારણ | 305 |
| હઝરત સુફિયાન થૌરીને ગરીબોથી અતિશય મહોબ્બત હતી | 305 |
| હઝરત આઈશા رضی اللہ عنہاને હુઝૂર صلی اللہ علیہ وسلمની વસીયત | 307 |
| કનાઅત અને રઝાએ ઈલાહી | 309 |
| માલદારી શું છે ? | 309 |
| **(પ્રકરણ : ૩૫)** | |
| **અલ્લાહના સિવાય કોઈ અન્યને મદદગાર બનાવવું અને કયામતનું મેદાન** | 312 |
| કાફિરો સાથે મેલજોલ ન રાખો | 312 |

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| અલ્લાહ સિવાય અન્યને પોતાનો વલી (મદદગાર) બનાવવો | 314 |
| **(પ્રકરણ : ૩૬)** | |
| **સૂર ફૂંકાવું, શરીરનો હશ્ર તથા મૌત પછી ઉઠવા વિશે** | 316 |
| કયામતની હાલતોના વિશે નબવી ફરમાનો | 318 |
| કયામતના દિવસની ત્રણ હાલતો | 319 |
| મેહશરના મેદાનની કૈફિયત | 320 |
| **(પ્રકરણ : ૩૭)** | |
| **મખ્લૂક઼ના ફેંસલાઓ** | 323 |
| મુફલિસ કોણ છે ? | 323 |
| માફીનું ઈનામ | 326 |
| આમાલનામાનું બુરાઈઓથી ભરેલ હોવું અને તેનો અંજામ | 328 |
| **(પ્રકરણ : ૩૮)** | |
| **માલ સંપત્તિની બુરાઈ** | 330 |
| માલો તથા અવલાદ તમારા માટે આજમાઈશ છે | 330 |
| રાહે ખુદામાં ખર્ચાનારો માલ બાકી રહે છે | 331 |
| ગુનેહગાર માલદાર પુલસિરાતથી પસાર થઈ શકશે નહીં | 332 |
| **(પ્રકરણ : ૩૯)** | |
| **અમલો, મીઝાન અને જહન્નમની આગ** | 336 |
| આખેરતની યાદમાં હઝરત આઈશા رضی اللہ عنہا નું રૂદન ! | 337 |
| સહાબાએ કિરામે કયામતના વર્ણનના ડરથી હસવાનું બંધ કરી આપ્યું ! | 338 |
| જહન્નમના કેટલાક અઝાબો | 339 |
| રિયાકારનો અઝાબ | 341 |
| જહન્નમના દરજાઓ | 342 |

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| જહન્નમની આગ અને દુનિયાની આગ | 343 |
| દોઝખીઓનો ખોરાક | 345 |
| દોઝખીઓની વિનવણીઓ રદ કરી દેવામાં આવશે | 350 |
| હઝરત દાઊદ عليه السلام ની બારગાહે રબમાં વિનવણી | 353 |
| **(પ્રકરણ : ૪૦)** | |
| **ઈતાઅતની ફઝીલત** | 355 |
| દુનિયાવાળાઓને હઝરત દાઊદ عليه السلام ની ઝબાની ખુદાનો પૈગામ | 356 |
| એક સિદ્દીક઼ પર ઈલ્હામનું નુઝૂલ અને સિદ્દીક઼ોના ગુણો | 357 |
| ખુદાના મુશ્તાક઼ બંદાઓના ગુણો | 358 |
| ખુદાના મુશ્તાક઼ (તાલિબ) નુકસાનથી સલામત છે | 362 |
| અલ્લાહ અને દુનિયાની મહોબ્બત દિલમાં એક સાથે નથી હોઈ શકતી | 362 |
| **(પ્રકરણ : ૪૧)** | |
| **શુક્ર** | 365 |
| હુઝૂરની શુક્રગુઝારી | 367 |
| એક પથ્થરની આજિઝી | 368 |
| શુક્ર અદા કરવાના તરીક઼ા | 369 |
| પૂર્વજ બુઝુર્ગોનો શુક્રનો તરીક઼ો | 370 |
| શુક્રના પ્રકારોમાંથી જીભ વડે શુક્ર અદા કરવું પણ છે | 371 |
| **(પ્રકરણ : ૪૨)** | |
| **ઘમંડ તથા ફખ્રની બુરાઈ** | 372 |
| ત્રણ વ્યક્તિઓ પર જહન્નમનો ખાસ અઝાબ | 374 |
| ઘણો જ બુરો બંદો | 375 |
| જવાની પર ફખ્ર ન કરવો જોઈએ | 380 |

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| (પ્રકરણ : ૪૩) | |
| ➡ **જિંદગીના બારામાં ચિંતન મનન** | 383 |
| "ઊલૂલ્ અલ્બાબ" કોણ છે ? | 384 |
| ખુદાની ઝાતમાં ચિંતન કરવાની મનાઈ | 384 |
| હઝરત ઈસા علیہ السلام નો સાથીઓને જવાબ | 386 |
| (પ્રકરણ : ૪૪) | |
| ➡ **મૌતની તકલીફો** | 390 |
| મૌતની તકલીફો વિશે વિગતે વર્ણન | 391 |
| અંબિયા علیہ السلام પર મૌત ખૂબ આસાન કરી દેવામાં આવે છે | 392 |
| એક માનવ ખોપડી સાથે હઝરત ઈસા علیہ السلام ની વાતચીત | 394 |
| આમાલનામા લખનાર ફરિશ્તા અને મૌત | 395 |
| (પ્રકરણ : ૪૫) | |
| ➡ **કબરની હાલતો તથા સવાલો** | 397 |
| દફન થવાની જગાનો પુકાર ! | 397 |
| અમલો પણ મૈયતને પ્રશ્ન કરે છે ! | 398 |
| મો'મિનના મૃત્યુ પર ફરિશ્તાઓનું આગમન | 399 |
| કાફિર પર અઝાબ | 402 |
| (પ્રકરણ : ૪૬) | |
| ➡ **ઈલ્મુલ્ યકીન, અયનુલ્ યકીન અને કિયામતના સવાલો** | 405 |
| યકીનના મર્તબાઓનો ફરક | 405 |
| ઠંડુ પાણી પણ એક નેઅમત છે | 407 |
| માંસ, ખજૂર અને ઠંડા પાણી વિશે કિયામતમાં સવાલ થશે | 408 |
| (પ્રકરણ : ૪૭) | |
| ➡ **ઝિક્રે ઈલાહીની ફઝીલત** | 409 |

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| ઝિક્રે ખુદાથી વધીને કોઈ અમલ નથી | 411 |
| બેહતરીન અમલ | 412 |
| ઝિક્રે ખુદા માટે એકત્ર થનારાઓ પર અલ્લાહનાં ઈનામો | 414 |
| ઝિક્ર કરનારાઓ ઉપર અલ્લાહની રહમત | 415 |
| **(પ્રકરણ : ૪૮)** | |
| **નમાઝના ફઝાઈલ** | 417 |
| નમાઝ ગુનાહોનો કફ્ફારો છે | 417 |
| નમાઝની તાકીદમાં નબવી ઈર્શાદો | 418 |
| નમાઝ વિશે બુઝુર્ગોના ઈર્શાદો | 422 |
| **(પ્રકરણ : ૪૯)** | |
| **નમાઝ ત્યજનાર પર અઝાબ** | 423 |
| નમાઝ છોડનારાને ચેતવણીઓ | 423 |
| સિહાહ સિત્તાની અમુક હદીષો | 423 |
| નમાઝને ખોવાનો (વેડફવાનો) મતલબ શું ? | 429 |
| નમાઝ કઝા કરવા પર ચેતવણીઓ | 432 |
| મર્દે મો'મિનની નમાઝ | 436 |
| યોગ્ય સમયે નમાઝ અદા થવી અલ્લાહ તઆલાને સૌથી અધિક પ્રિય છે | 439 |
| નમાઝમાં સુસ્તી પર મુસીબતો | 440 |
| જાણીબુઝીને નમાઝ છોડનાર વ્યભિચારીથી પણ બદ્તર! | 442 |
| **(પ્રકરણ : ૫૦)** | |
| **જહન્નમના તબકા અને તેના અઝાબો** | 444 |
| જહન્નમનો દરેક તબકો (વિભાગ) એક ગિરોહ માટે નિશ્ચિત છે | 444 |
| જહન્નમની આગની ભયાનકતાઓ | 445 |

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| (પ્રકરણ : ૫૧) | |
| ➡ **જહન્નમનો અઝાબ** | **447** |
| 💎 ‘જુબ્બુલ હુઝ્ન’નો અઝાબ | **449** |
| 💎 જહન્નમનું બદ્‌બૂદાર પાણી | **454** |
| (પ્રકરણ : ૫૨) | |
| ➡ **ગુનાહોથી ભયાવહ થવાની ફઝીલત** | **457** |
| 💎 ફારૂકે આ'ઝમ અને ખુદાનો ડર | **459** |
| 💎 જહન્નમના અઝાબથી મેહફૂઝ બે આંખો | **460** |
| 💎 ખૌફે ઈલાહીથી રડનાર જહન્નમથી આઝાદ છે | **460** |
| 💎 ઈબ્ને સિમાકનુ પોતાના નફ્સને ધમકાવવું | **461** |
| 💎 હઝરત જાફરની નસીહતો | **461** |
| (પ્રકરણ : ૫૩) | |
| ➡ **તૌબાની ફઝીલત** | **464** |
| 💎 એક ખતાકાર અને તેની માફી | **466** |
| 💎 રસૂલે અકરમ ﷺની હઝરત મઆઝને નસીહત | **468** |
| 💎 તૌબા કરનારનો ગુનોહ દરેક જગાએ મિટાવી દેવામાં આવે છે | **468** |
| 💎 એક વ્યભિચારણીની તૌબા | **470** |
| 💎 હવેથી કદાપિ ગુનાહ કરીશ નહીં ! | **471** |
| 💎 ખૂની તૌબાના ઈરાદાના કારણે નજાત પામી ગયો | **472** |
| (પ્રકરણ : ૫૪) | |
| ➡ **જુલ્મની મનાઈ** | **475** |
| 💎 એક વૃદ્ધા પર જુલ્મના કારણે તબાહી | **477** |
| (પ્રકરણ : ૫૫) | |
| ➡ **યતીમો પર જુલ્મથી મનાઈ** | **480** |

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
| --- | --- |
| યતીમોનો નાહક્ક઼ માલ ખાવો અને તેનો બદલો | 483 |
| શબે મેઅરાજ નબી અકરમ ﷺનું નાહક્ક઼ માલ ખાનાર લોકો પાસેથી પસાર થવું | 484 |
| **(પ્રકરણ : ૫૬)** | |
| **ઘમંડની બુરાઈ** | 485 |
| સહાબીઓના ઈર્શાદો | 485 |
| **(પ્રકરણ : ૫૭)** | |
| **તવાઝોઅ તથા કનાઅત (નમ્રતા, આજીજી તથા થોડામાં રાજી રહેવા)ની ફઝીલત** | 491 |
| અલ્લાહ તઆલા પોતાના મહબૂબ બંદાઓને ચાર ચીજો અતા ફર્માવે છે | 492 |
| ક઼નાઅત (થોડામાં સંતોષ)ની ફઝીલત | 493 |
| **(પ્રકરણ : ૫૮)** | |
| **દુનિયાના ધોકાઓ !** | 496 |
| દાનિશમંદ (બુદ્ધિશાળી) કોણ ? | 497 |
| **(પ્રકરણ : ૫૯)** | |
| **દુનિયાની બુરાઈ તથા ડર** | 500 |
| એક બોધદાયક પ્રસંગ | 503 |
| **(પ્રકરણ : ૬૦)** | |
| **સદક઼ાની ફઝીલત** | 508 |
| સદક઼ાના ફઝાઈલ | 508 |
| **(પ્રકરણ : ૬૧)** | |
| **મુસલમાનની હાજત પૂરી કરવી** | 514 |
| **(પ્રકરણ : ૬૨)** | |
| **વુઝૂના ફઝાઈલ** | 518 |

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| (પ્રકરણ : ૬૩) | |
| ➡ **નમાઝની ફઝીલત** | 521 |
| (પ્રકરણ : ૬૪) | |
| ➡ **કિયામતની આફતો** | 528 |
| ઈસ્રાફીલના સૂરની હકીકત | 528 |
| (પ્રકરણ : ૬૫) | |
| ➡ **જહન્નમ તથા મીઝાન** | 531 |
| (પ્રકરણ : ૬૬) | |
| ➡ **તકબ્બુર તથા આપવડાઈની બુરાઈ** | 535 |
| (પ્રકરણ : ૬૭) | |
| ➡ **યતીમ સાથે ભલાઈ કરવી અને જુલ્મથી બચવું** | 539 |
| (પ્રકરણ : ૬૮) | |
| ➡ **હરામ લુકમાની બુરાઈ** | 544 |
| (પ્રકરણ : ૬૯) | |
| ➡ **વ્યાજ ખાવાની મનાઈ** | 550 |
| ઝિના અને વ્યાજનું સામાન્ય ફેલાઈ જવું અલ્લાહના અઝાબને દા'વત આપે છે | 553 |
| (પ્રકરણ : ૭૦) | |
| ➡ **બંદાઓના હક્કો** | 557 |
| (પ્રકરણ : ૭૧) | |
| ➡ **મનેચ્છાઓની બુરાઈ અને ઝોહદો તકવાની ખૂબીઓ** | 562 |
| (પ્રકરણ : ૭૨) | |
| ➡ **જન્નત અને જન્નતવાળાઓના દરજ્જાઓ** | 569 |

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| (પ્રકરણ : ૭૩) | |
| ➡ સબર, રઝા, અને ફ઼નાઅત (થોડામાં સંતોષ) | 577 |
| (પ્રકરણ : ૭૪) | |
| ➡ તવક્કુલની ફઝીલત | 583 |
| ➡ (પ્રકરણ : ૭૫) | |
| ➡ મસ્જિદની ફઝીલત | 587 |
| (પ્રકરણ : ૭૬) | |
| ➡ કરામતવાળાઓની રિયાઝત તથા ફઝીલત | 590 |
| (પ્રકરણ : ૭૭) | |
| ➡ ઈમાનની તારીફ તથા મુનાફિક઼તપણાનો વિરોધ | 599 |
| (પ્રકરણ : ૭૮) | |
| ➡ ગીબત તથા ચુગલખોરીની બુરાઈ | 604 |
| 💎 ચુગલખોરી (ચુગલી) | 607 |
| (પ્રકરણ : ૭૯) | |
| ➡ શૈતાનની અદાવત | 611 |
| (પ્રકરણ : ૮૦) | |
| ➡ મહોબ્બત અને નફ઼્સનો ઘેરાવ | 616 |
| 💎 નફ઼્સનો ઘેરાવ | 618 |
| (પ્રકરણ : ૮૧) | |
| ➡ હક્ક તથા બાતિલમાં ભેળસેળ | 622 |
| (પ્રકરણ : ૮૨) | |
| ➡ નમાઝ બાજમાઅતની ફઝીલત | 625 |
| 💎 ૪૦ નમાઝો બાજમાઅત અદા કરવા પર અલ્લાહનુ ઈનામ | 627 |
| (પ્રકરણ : ૮૩) | |
| ➡ તહજ્જુદની નમાઝની ફઝીલત | 628 |

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| શૈતાનની ત્રણ ગાંઠો ! | 629 |
| **(પ્રકરણ : ૮૪)** | |
| **ઉલમાએ સૂ ની સજા** | 634 |
| બેઅમલ આલિમનો અંજામ | 637 |
| **(પ્રકરણ : ૮૫)** | |
| **સુસંસ્કારની ફઝીલત** | 639 |
| **(પ્રકરણ : ૮૬)** | |
| **હંસી તથા રૂદન કાકલૂદી** | 643 |
| લિબાસ | 645 |
| **(પ્રકરણ : ૮૭)** | |
| **કુર્આન, ઈલ્મ તથા ઉલમા** | 647 |
| ઈલ્મ તથા ઉલમાની ફઝીલત | 647 |
| **(પ્રકરણ : ૮૮)** | |
| **ઝકાત તથા નમાઝની ફઝીલત** | 650 |
| સદકો કોને આપવામાં આવે ? | 651 |
| હઝરત ઈબ્ને મુબારક પોતાના તોહફા કેવળ ઉલમાને જ આપતા | 652 |
| (પ્રકરણ : ૮૯) **ઔલાદ તથા મા બાપના હક્કો** | 654 |
| બાળકનો અકીકો સાતમા દિવસે કરવો જોઈએ | 656 |
| **(પ્રકરણ : ૯૦)** | |
| **પડોશીઓના હક્કો અને મિસ્કીનો સાથે એહસાન** | 659 |
| પડોશીના હક્કો | 661 |

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| (પ્રકરણ : ૯૧) | |
| ➡ **શરાબી પર અઝાબ** | 664 |
| હારૂત તથા મારૂતનો કિસ્સો | 667 |
| (પ્રકરણ : ૯૨) | |
| ➡ **મેઅરાજ શરીફ** | 669 |
| સિદ્‌રતુલ્‌ મુન્તહાની કૈફિયત | 672 |
| (પ્રકરણ : ૯૩) | |
| ➡ **જુમ્આના ફઝાઈલ** | 673 |
| જુમ્આના દિવસે જહન્નમથી આઝાદી | 675 |
| (પ્રકરણ : ૯૪) | |
| ➡ **પતિ પર પત્નીના હક્કો** | 676 |
| (પ્રકરણ : ૯૫) | |
| ➡ **પત્નીના સાથે પતિના હક્કો** | 683 |
| પતિનો મર્તબો | 685 |
| (પ્રકરણ : ૯૬) | |
| ➡ **જેહાદની ફઝીલત** | 688 |
| (પ્રકરણ : ૯૭) | |
| ➡ **પ્રપંચી શય્તાન** | 692 |
| શૈતાનને દુબળો કરી દો ! | 692 |
| (પ્રકરણ : ૯૮) | |
| ➡ **સમાઅ (વાજિંત્રો વિના)** | 695 |
| સમાઅ જાઈઝની દલીલો | 696 |
| ઈબ્ને મુજાહિદનું સમાઅ પર દબાણ | 698 |
| હઝરત ઈમામ અસ્કલાનીનો સમાઅનો શોખ | 698 |

# અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| (પ્રકરણ : ૯૯) | |
| ➡ **મનેચ્છાઓ તથા બિદઅતની પૈરવી** | 701 |
| ખેલકૂદના સાધનોની બુરાઈ | 703 |
| (પ્રકરણ : ૧૦૦) | |
| ➡ **માહે રજબના ફઝાઈલ** | 705 |
| (પ્રકરણ : ૧૦૧) | |
| ➡ **ફઝાઈલે શા'બાનુલ મુબારક** | 708 |
| હુઝૂર ﷺ નો નિયમ | 708 |
| (પ્રકરણ : ૧૦૨) | |
| ➡ **ફઝાઈલે રમઝાનુલ મુઅઝ્ઝમ** | 712 |
| રોઝાની ફર્ઝિયત | 713 |
| રોઝાદારના મોઢાની બૂ મુશ્કથી વધીને ! | 715 |
| (પ્રકરણ : ૧૦૩) | |
| ➡ **લૈલતુલ ક઼દ્રની ફઝીલત** | 716 |
| લૈલતુલ ક઼દ્રમાં અગણિત રહમતોનું ઉતરાણ | 718 |
| (પ્રકરણ : ૧૦૪) | |
| ➡ **ફઝાઈલે ઈદુલ ફિત્ર** | 720 |
| પ્રથમ ઈદની નમાઝ | 720 |
| ઈદ અને હઝરત ઉમર رضی اللہ عنہ | 721 |
| (પ્રકરણ : ૧૦૫) | |
| ➡ **ઝીલ હજ્જના દસ દિવસની ફઝીલત** | 722 |
| ચાર પસંદ પામેલા મહીના | 724 |
| (પ્રકરણ : ૧૦૬) | |
| ➡ **આશૂરાની ફઝીલત** | 726 |
| યૌમે આશૂરાની વિશિષ્ટતા | 726 |

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| મૌઝૂઅ (બનાવટી) હદીષ ! | 727 |
| રાફઝીઓની બિદઅતોથી બચો ! | 728 |
| **(પ્રકરણ : ૧૦૭)** | |
| ➡ **ગરીબોની મહેમાનીની ફઝીલત** | 729 |
| દા'વત સ્વીકારવી સુન્નતે મોઅક્કદા છે | 732 |
| **(પ્રકરણ : ૧૦૮)** | |
| ➡ **જનાઝો અને ક઼બર** | 733 |
| જનાઝાના આદાબ | 735 |
| એક ગુનેહગારનો વિચિત્ર બનાવ | 736 |
| **(પ્રકરણ : ૧૦૯)** | |
| ➡ **જહન્નમના અઝાબનો ડર** | 738 |
| દોઝખીઓ પર રૂદન લાગુ કરી અપાશે | 742 |
| **(પ્રકરણ : ૧૧૦)** | |
| ➡ **મીઝાન તથા સિરાત** | 742 |
| હુઝૂર ﷺ ઉમ્મતની મદદ માટે પુલસિરાત પર હશે ! | 743 |
| પુલ સિરાત જહન્નમની ઉપર રાખવામાં આવશે ! | 743 |
| **(પ્રકરણ : ૧૧૧)** | |
| ➡ **હુઝૂર ﷺનો વિસાલ મુબારક** | 746 |
| હુઝૂર ﷺ ના વિસાલ બાદ પણ અલ્લાહ તઆલા ઉમ્મતે હબીબનો વાલી છે | 748 |
| અન્સારનો ઈજતેમાઅ્ | 748 |
| અન્સારના બારામાં વસિય્યત | 749 |

بسم الله الرحمن الرحيم

# પ્રથમ આવૃત્તિ વખતે...

## ❊ પ્રકાશકના બે બોલ ❊

## દિલની સફાઈ ચાહનાર માટે....

જેનું દિલ ગુનાહોના પ્રદૂષણમાં રહી તેની અસરને કારણે સખત થઈ ગયું હોય અથવા જેને દુનિયાની પરેશાનીઓ ચિંતિત રાખતી હોય, દિલનું ચૈન હણાઈ ગયું હોય તેવા ભાઈ બહેનોના દિલને નરમ કરી અલ્લાહની રાહમાં વાળવા માટે, દુનિયાની ગમે તેવી પરેશાનીમાં સુકૂન તથા ઈત્મિનાન મેળવવા અને આખેરતના ખૌફને દિલમાં જગા આપવાની જેની પણ ઈચ્છા હોય તે પ્રસ્તુત કિતાબ **'મુકાશફતુલ કુલૂબ'**નો દિલથી અભ્યાસ કરે, ઈન્શાઅલ્લાહ ! એની રૂહાની અસરો જરૂર પોતે મેહસૂસ કરશે. હુજ્જતુલ ઈસ્લામ **હઝરત ઈમામ મુહમ્મદ ગિઝાલી** عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُની મુબારક અઝીમ રૂહાની હસ્તીના દિલનો અવાજ આ કિતાબમાં સાંભળવા મળશે. કુર્આન તથા હદીષ તેમજ બુઝુર્ગોના કથનોથી, સોનેરી નેક હિદાયતોથી ગમે તેવા કઠોર હૃદયીને પીગાળી નાખનાર આ કિતાબમાં ખરેખર રૂહાની અસર જોવા મળે છે. જ્યારે પણ વાંચો ગમે તેટલીવાર વાંચો છતાં દિલ પર દરેક વેળા રૂહાની કૈફિયત છવાતી જોવા મળે છે.

આ મુબારક તથા મક્બૂલ કિતાબ **'મુકાશફતુલ કુલૂબ'**નાં પ્રકરણો ૧ થી ૪૧ સુધી **(ભાગ-૧)** રૂપે **બઝ્મે રૂકનુદ્દીન નકશબંદી મુજદ્દિદી** (અમદાવાદ) થકી સૂફીએ બાસફા, પીરે તરીકત, આમિલે શરીઅત **હઝરત અલ્હાજ મુહમ્મદ ઉષ્માનશાહ સાહબ કુરૈશી** رحمۃ اللہ علیہની સદારતમાં ત્રણ વાર પ્રસિદ્ધ થઈ ચૂકેલ છે. **'મુકાશફતુલ કુલૂબ'**નો પ્રસ્તૂત

(ભાગ–૨) પણ હઝરત સાહબની હયાતીમાં ગુજરાતી કરીને છ વરસ અગાઉ પ્રકાશિત કરવા સુપરત કર્યો હતો, જે અનિવાર્ય સંજોગોમાં હજી સુધી ન છપાતાં અમારા મુખ્લિસ હમદર્દ **જનાબ ડો. સાદિક સાહબ કુરૈશી** *(તંત્રી : માસિક ફયૂઝાને સિદ્દીકે અકબર رضی اللہ عنہ)*ને અમોએ જાતે પ્રસિદ્ધ કરવા પરવાનગી માંગતાં તેમણે અમારા મિત્ર જનાબ દાઊદ વલી પટેલ નક્શબંદી થામવાળા સાથે ખુશીથી અનુવાદ પરત કર્યો જે આજે આપની સમક્ષ હાજર છે.

હું અત્યારે એક રૂહાની ખુશી અનુભવી રહ્યો છું કે મારી જેવા પાપી અજ્ઞાનીને રબ તઆલાએ તેના હબીબે પાક صلی اللہ علیہ وسلمના સદકામાં એ તૌફીક આપી કે એક મહાન રૂહાની બુઝુર્ગ હઝરત ઈમામ મુહમ્મદ ગિઝાલી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُની લખેલ કિતાબ **મિન્હાજુલ આબિદીન** પછી પ્રસ્તૂત કિતાબ **'મુકાશફતુલ કુલૂબ'**નો તર્જુમો સંપૂર્ણ થઈ પ્રસિદ્ધ થઈ રહ્યો છે. અલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન.

હે મુસલમાનો ! તમને ખરેખર ઈસ્લામથી મહોબ્બત હોય, નબી પાક صلی اللہ علیہ وسلمથી સાચે જ મહોબ્બત હોય અને ખરેખર તમે બુઝુર્ગાને દીનના ચાહક હોઉ તો... પછી એમની વાતો, કથનો વાંચવાનો શોખ નહીં રાખો તો કોની વાતો વાંચશો ?!

આવો ! તમારા દિલની સફાઈ ચાહતા હોઉ તો તમે પણ વાંચો, તમારા મિત્રોને પણ તથા ઘરવાળાંને પણ દરરોજ વાંચી સંભળાવો અને દિલની પાકી હાંસલ કરી ઈસ્લામી પાકીઝગીભરી બાઅખ્લાક જિંદગીવાળા સદ્નસીબ મુસલમાન બનો. અલ્લાહ દરેકને નેક તૌફીક આપે. આમીન બિજાહિન્નબી કરીમ صلی اللہ علیہ وسلم.




લિ. **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
*(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક, નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી ગુજરાત ઝોન)*
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મોબાઈલ નં. ૯૪૨૭૪ ૬૪૪૧૧

તા. ૧–ડિસેમ્બર–૨૦૦૬, હિ.સ. ૧૪૨૬



# પ્રકાશકના બે બોલ....

## દિલની સફાઈમાં દુનિયા આખેરતની ભલાઈ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْكَ وَسَلَّمَ

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! માનવના સીનામાં એક અતિ મહત્વની ચીજ છે તે આખા શરીરનો રાજા છે જેને દિલ કહેવામાં આવે છે. સર્વ સારી બુરી ગમી ખુશીની ભાવનાઓનું કેન્દ્ર એ જ છે. માણસની અચ્છાઈ બુરાઈનો દારોમદાર એના ઉપર જ નિર્ભર છે. દિલ જો સહીહ રહેશે તો પૂરુ વજૂદ સહીહ રહેશે, બલ્કે માણસની સાથે કુટુંબ સમાજને પણ એના સહીહ રહેવાથી ફાયદો થશે. દિલ જો ગુનાહો તથા બુરા ખયાલો તરફ પ્રેરણા કરશે તો એનાં નકારાત્મક પરિણામો એ માનવી તો ભોગવશે જ પણ સમાજમાં એના નજીકવાળા તથા એનાથી સંબંધિત અનેક લોકો પરેશાનીનો શિકાર બનશે.

દા.ત. દિલમાં બુરો ખયાલ ઉદ્ભવ્યો, જેમ કે ચોરીનો, શરાબ પીવાનો, વ્યભિચારનો, કોઈનો માલ પડાવવાનો, કોઈને સતાવવાનો, પત્નીને તલાક઼નો, કુટુંબીજનો સગાંઓ સાથે ઝઘડવાનો..... વગેરે તો એના અમલમાં મૂકાતાં માનવી પોતે જ નહીં બલ્કે પૂરા સમાજને હેરાન પરેશાન અને દુઃખી કરી નાખશે. (અલ્લાહની પનાહ !)

એથી ઉલ્ટુ જો દિલમાં નેક ખયાલો ઉદ્ભવે, સૌની ભલાઈની પ્રેરણા

જાગે, સગાં સાથે મહોબ્બતથી વર્તવાની પ્રેરણા જાગે, ઘરમાં પત્ની, બાળકો સાથે મહોબ્બતથી રહેવાની ભાવના ઉદ્‌ભવે, દરેકને માફી તથા દરગુઝર કરવાની પ્રેરણા જાગે, અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَના આદેશો પ્રમાણે જ ચાલવું એવી ભાવના દિલમાં ઘર કરી જાય તો તે ઘર તે સમાજ જન્નતનો નમૂનો, ખુશીઓનો ગુલશન બની જશે.

આજે ઘર, કુટુંબ, સમાજથી લઈને દુનિયાભરમાં જે લડાઈ, ઝઘડા, મારા મારી, કાપાકાપી, ખૂના મરકી, શાંતિથી જીવતા નિર્દોષ સમાજ પર બોંબવર્ષા, આત્મઘાતી બોમ્બ બ્લાસ્ટ વગેરે જે કોઈ પણ મુસીબતો ઉદ્‌ભવ પામી છે તે સૌનું કારણ એક જ છે કે દિલોમાં ખરાબી પેદા થઈ ગઈ છે, માનવીના દિલમાંથી ખુદાનો ખૌફ ઉઠી ગયો છે, અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَના આદેશોનું મહત્વ તેના દિલેથી વિદાય થઈ ચૂક્યું છે જેથી તે ક્રૂર તથા ઘાતકી બની ગયો છે અને ન કરવાનાં અનેક કામો કરીને ઘર, કુટુંબ, સમાજ તથા દેશ તેમજ દુનિયા માટે જોખમરૂપ બની ગયો છે.

સારાંશ કે બંને જહાનમાં સુખ ચૈન તથા સુકૂન માટે સૌથી વિશેષ અગત્ય તથા મહત્વની ચીજ જે જરૂરી છે તે "દિલની સફાઈ" છે. એટલા જ માટે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે, "ખબરદાર ! શરીરમાં જામેલા લોહીનો (માંસનો) એક ટુકડો છે, જ્યારે તે સલામત (તંદુરસ્ત) રહે તો આખુ શરીર સલામત રહે અને જો તે બગડી જાય તો આખુ બગડી જાય છે." *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ : ૧૩, કિતાબુલ ઈમાન)*

સારાંશ કે શરીર થકી નેક અમલો નેક કામો જો દિલ સહી, સાફ, સલામત, તંદુરસ્ત રહે તો જ થશે. અને જો એનામાં ખરાબી આવી તો માનવી કુકર્મો, જુલ્મો સિતમમાં પડી જશે જેનાથી તે પોતાને તેમજ સમાજને પણ નુકસાન પહોંચાડશે. દિલમાં પવિત્રતા, નિઃસ્વાર્થપણુ, કોઈકનું ભલુ કરવાની વૃત્તિ હોવી જોઈએ, જેના માટે દિલની સફાઈ અનિવાર્ય છે, દિલમાં ઘમંડ, કીનો, અદાવત ન હોવું જોઈએ.

ફર્માને નબવી છે : "જે શખ્સના દિલમાં રાઈના દાણા બરાબર ઘમંડ હશે તે જન્નતમાં દાખલ થશે નહીં, અને જે શખ્સના દિલમાં રાઈના બરાબર ઈમાન હશે તે જહન્નમમાં જશે નહીં." *(સહીહ બુખારી, ૧/૬૫, સુનને અબૂ દાઊદ, ૨/૫૬૬, ઈબ્ને માજહ, પેજ : ૩૦૮...વગેરે)*

સારાંશ કે દિલની સફાઈ વિના માનવીની વ્યક્તિગત તેમજ સામાજિક લાઈફ સુખ ચૈન સુકૂનવાળી નથી રહેતી એટલું જ નહીં વાસ્તવિક તથા હમેશાંની જિંદગી એટલે આખેરતની જિંદગી પણ તબાહ તથા બર્બાદ થઈ જાય છે. માટે આપણી ભલાઈ એમાં જ છે કે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَના આદેશો પ્રમાણે દિલની સફાઈ સાથે જીવન જીવવામાં આવે.

પ્રસ્તૂત કિતાબ "મુકાશફતુલ કુલૂબ" દિલની સફાઈ કરનાર રૂહાનિયતથી ભરપુર કિતાબ છે. એમાં વર્ણવેલ કુર્આન, હદીષ તથા ઉલમાના અકવાલ (કથનો) વાંચીને દિલમાં નરમી અવશ્ય ઉદ્ભવે છે. અમારા ઉસ્તાદે મોહતરમ ખલીફાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ **હઝરત મૌલાના મુહમ્મદ અબુલ કલામ રઝવી** مدظلہ العالیએ મુઝ હકીરને "મુકાશફતુલ કુલૂબ" કિતાબ વિશે ફર્માવેલ કે, "જેને દુનિયાનો રંજો ગમ સતાવે તે આ કિતાબનું વાંચન કરે તો જરૂર તેનો રંજો ગમ દૂર થઈ જશે. આ કિતાબની રૂહાનિયતભરી વાતો દિલમાં ઈમાની નૂર પેદા કરશે અને સુકૂનથી દિલને ભરી દેશે." આપ પણ આ વાતને અનુભવવા ચાહતા હોઉ તો જરૂરથી આ કિતાબનું દિલ લગાડીને વાંચન કરશો, ઈન્શાઅલ્લાહ ! સુકૂન પામશો, દિલની સફાઈ થશે અને ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની ફર્માબરદારીનો જઝબો દિલમાં ઉદ્ભવશે કે જે આપણા વ્યક્તિગત જીવન માટે, સામાજિક સંસારિક જીવન માટે તેમજ આપણી આખેરતને સંવારવા માટે નિમિત્ત બનશે.

આજની નવયુવાન પેઢી જે ફક્ત ભૌતિકતાની પાછળ દીવાની છે તથા માનસિક પરેશાનીમાં ખોવાએલી રહે છે તેમને અપીલ છે કે હુજ્જતુલ ઈસ્લામ હઝરત ઈમામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہની રૂહાની કલમે આલેખાયેલ આ કિતાબ જરૂર વાંચશો કે જેથી દિલોનું ચૈન તથા આખેરતમાં નજાત પામી શકો.

રબ્બે કરીમ આપણને આ કિતાબ વાંચવાની તથા તેના પર અમલ કરવાની તૌફીક અતા કરે. آمین بجاہ النبی الکریم علیه افضل الصلوٰۃ و التسلیم

લિ. **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક,*

*નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી ગુજરાત ઝોન)*

તા. ૨૭–રજબુલ મુરજ્જબ, હિ.સ. ૧૪૩૬/૧૭–મે–૨૦૧૫

# કલામે ઈમામ : ઈમામુલ કલામ

વસ્ફે રુખ ઉન્કા કિયા કરતે હૈં, શરહે વશ્શમ્સો દુહા કરતે હૈં
ઉન્કી હમ મદહો ષના કરતે હૈં, જિન કો હમ મહમૂદ કહા કરતે હૈં

માહે શક ગશ્તાકી સૂરત દેખો, કાંપકર મહરકી રજઅત દેખો
મુસ્તફા પ્યારેકી કુદરત દેખો, કૈસે એઅ્જાઝ હુવા કરતે હૈં

તૂ હૈ ખુર્શિદે રિસાલત પ્યારે, છુપ ગએ તેરી ઝિયા મેં તારે
અંબિયા ઔર હૈં સબ માહ પારે, તુઝ સે હી, નૂર લિયા કરતે હૈં

અય બે ખિર્દીએ કુફ્ફાર ! રખતે હૈં ઐસે કે હક્કમેં ઈન્કાર ?!
કે ગવાહી હો ગર ઉસ્કો દરકાર, બે ઝબાં બોલ ઉઠા કરતે હૈં !

અપને મૌલા કી હૈ બસ શાને અઝીમ, જાનવર ભી કરેં જિન્કી તા'ઝીમ
સંગ કરતે હૈં અદબ સે તસ્લીમ, પેળ સજદે મેં ગિરા કરતે હૈં

રિફઅતે ઝિક્ર હૈ તેરા હિસ્સા, દોનોં આલમમેં હૈ તેરા ચર્ચા
મુર્ગેફિરદોસ પસ અઝ હમ્દે ખુદા, તેરી હી મદહો ષના કરતે હૈં

ઉંગલિયાં પાઈ વોહ પ્યારી પ્યારી, જિન સે દરયા એ કરમ હૈ જારી
જૌશ પર આતી હૈ જબ ગમ ખ્વારી, તિશ્ને સૌરાબ હુવા કરતે હૈં

હાં યહી કરતી હૈં ચિળ્યાં ફર્યાદ, યહીંસે ચાહતી હૈ હિરની દાદ,
ઈસી દર પર શુતુરાને નાશાદ, ગિલાએ રંજો અ્ના કરતે હૈં

આસ્તીન રહમતે આલમ ઉલ્ટે, કમરે પાકપે દામન બાંધે
ગિરનેવાલોંકો કૂચાએ દોઝખસે સાફ, અલગ ખીંચ લિયા કરતે હૈં

ટૂટ પળતી હૈં બલાએં જિન પર, જિનકો મિલતા નહીં કોઈ યાવર,
હર તરફસે વો પુર અરમાં ફિરકર, ઉનકે દામનમેં છુપા કરતે હૈં

લબપે આ જાતા હૈ જબ નામે જનાબ, મુંહમેં ઘુલ જાતા હૈ શહદે નાયાબ
વજદમેં હો કે હમ અય જાં બેતાબ, અપને લબ ચૂમ લિયા કરતે હૈ

લબ પે કિસ મુંહસે ગમે ઉલ્ફત લાએં, ક્યા બલા દિલ હૈ અલમ જિસકા સુનાએં
હમ તો ઉન્કે કફે પા પર મિટ જાએં, ઉનકે દર પર જો મિટા કરતે હૈં

અપને દિલકા હૈ ઉન્હીંસે આરામ, સોંપે હૈં અપને ઉન્હીંકો સબ કામ
લૌ લગી હૈ કે અબ ઈસ દરકે ગુલામ, ચારાએ દર્દે **'રઝા'** કરતે હૈં

**અઝ : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رضی اللہ عنہ

# પ્રસ્તાવના

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

## ઈમામ હુજ્જતુલ ઈસ્લામ અલ્લામા
## મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہનું
## :: સંક્ષિપ્ત જીવન ચરિત્ર ::

*અઝ : શમ્સ બરેલ્વી*

ચોથી સદી હિજરીમાં અબ્બાસી ખિલાફત એટલા પ્રમાણમાં કમજોર થઈ ગઈ હતી કે ઈરાનના વિશાળ રાજય પર તેની પકડ દિન પ્રતિ દિન કમજોર થતી ગઈ. ત્યાં સુધી કે ઈરાનનું વિશાળ રાજ્ય વિદ્રોહમાં ગ્રસ્ત થઈ ગયું. સુબા ખુદમુખ્તાર (સ્વતંત્ર) થઈ ગયા.

હઝરત સુલતાન મહમૂદ ગઝનવી رحمۃ اللہ علیہ (હિ. સન. ૩૮૭થી ૪૨૧)એ ઈરાન પર સામૂહિક હેસિયતથી હુકૂમત માટે બહુ જ પ્રયત્ન કર્યા હતા, પરંતુ એક તરફ તો હિન્દુસ્તાન પરના અભિયાનની ચિંતાઓને અને બીજી તરફ માવરાઉન્નહરના તુર્કોએ અને ખ્વારિઝમશાહીથી યુદ્ધના કારણે તેમને એટલો પ્રસંગ સાંપડયો નહી કે તેઓ તમામ ઈરાન પર એક હુકૂમતના તાણા વાણાને મજબૂત કરીને તે રાજયની લગામ પોતાના હાથમાં લઈ લે, તેમ છતાં એ અવશ્ય થયું કે વિદ્રોહીઓનો તે રંગ બહુ જ ફીકો પડી ગયો જે સુલતાન ગઝનવી رحمۃ اللہ علیہના શાસનકાળથી પહેલાં પડ પર પડ ઈરાનની સઘળી મન્તિકો (તર્કશાસ્ત્ર) પર ચઢેલો હતો.

આ સન્માન કુદરતે સલજુકી સુલતાનો માટે વિશિષ્ટ કરી દીધું હતું અને તેમણે ગઝનવીઓ પછી ટુંક સમયમાં જ સમગ્ર ઈરાનને વિદ્રોહની લાનતથી મુકિત અપાવી દીધી. આ સિલસિલામાં તુગરકા રૂકનુદ્દીન અબૂતાલિબ (હિ.સન. ૪૨૯થી ૪૫૯)ના પ્રયત્નો ઉલ્લેખનીય છે. આથી ઈરાનના ખૂદમુખ્તાર સુબાઓ ઉપરાંત ખ્વારઝમશાહી સુલતાનોએ કેટલોએ પ્રદેશ મુકત કરાવી દીધો. બીજી બાજુએ માવરાઉન્નહરના સુલતાનોએ પણ ઈરાનનો એક વિશાળ ભાગ ઝુંટવીને એક વિશાળ સલજૂકી રાજયનો પાયો નાખ્યો. કેવળ એ જ નહી બલ્કે પોતાના ખુલૂસ (સદભાવના)ની સાબિતી માટે પોતાના ખાનદાનની એક પુત્રીની અબ્બાસી શાસક સાથે શાદી કરી દીધી અને ખલીફા અમરૂલ્લાહે પોતે નિકાહ કરીને બગદાદની ધ્વંશ થતી સલ્તનત અને આબરૂને બચાવી લીધી. તુગરકા પછી અલ્વાર્સલાને એ ઉણપને પૂરી કરી દીધી જે તુગરકાની ખાસ આરઝૂ હતી. અર્થાત સમગ્ર માવરા ઉન્નહર પર કબજો કરી લીધો. ગુરજસ્તાન વાલીને પોતાનો તાબેદાર અને આધિન બનાવી લીધો અને અસીમ જવાંમર્દ અને વીરતાથી કામ લઈને રૂમની સલ્તનત પર હુમલો કરીને રૂમના શાસકને પણ ગિરફતાર કરી લીધો.

આ હતો તે યુગ અને રાજકીય માહોલ જેમાં ઈમામ હજ્જતુલ ઈસ્લામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہએ તૂસના કસ્બા ગિઝાલીમાં (હિ. સન. ૪૫૦, ઈ.સ. ૧૦૫૮)માં આંખ ખોલી, આ તુગરકા સલજૂકીનો અંતિમ દોર હતો. આપના વાલિદ (પિતા) ઈમામ મુહમ્મદ બિન મુહમ્મદ એક દુરવેશ સિફત શખ્સ હતા અને તેમને તંગદસ્તી (નિર્ધનતા)ના કારણે વધારે લખવા વાંચવા કાંઈ મળ્યું ન હતું, પરંતુ દુરવેશ અને ઈબાદતગુઝારીએ તેમના દિલમાં ઈલ્મની મશાલ સળગાવી રાખી હતી. તેમના બે પુત્રો મુહમ્મદ ગિઝાલી અને અહમદ ગિઝાલીએ દીની અને દુન્યવી ઈલ્મથી પોતાની ઝોળીઓ ભરી લીધી હતી. તેમને શું ખબર હતી કે તેમની આ આરઝૂને અલ્લાહ તઆલાએ એવું સન્માન બખ્શયું છે કે તેમના બંને ફરઝંદ ઈલ્મ તથા મઅરેફતના સૂર્ય તથા ચંદ્ર બનીને દુનિયામાં ચમકશે. એકના કદમોથી શોહરત (ખ્યાતિ) અને દુન્યવી વૈભવ પામાલ થશે અને દીન

તથા દુનિયાના ઈલ્મનો સૂર્ય બનીને પ્રકાશિત થશે અને ફિક્ર તથા ઈરશાદની ગાદી પર આરૂઢ થઈને તરીકત તથા હિદાયતની તે શમ્અ રોશન કરશે જે દુનિયામાં મઅરફેતનું અજવાળું ફેલાવશે.

ઈમામ સાહેબના વાલિદ મુહમ્મદ બિન મુહમ્મદનો હિ.સન. ૪૬૫માં ઈન્તેકાલ થઈ ગયો. તે સમયે ઈમામ સાહેબની વય ૧૫ વર્ષની હતી અને શેખ અહમદ ગિઝાલી ૧૨, ૧૩ વર્ષના હતા. ઈમામ સાહેબના વાલિદે પોતાના એક સૂફી મિત્ર અબૂ હામિદ અહમદ બિન મુહમ્મદઝા ઝકાનીના હાથમાં આ બંને ભાઈઓનો હાથ આપીને વસિયત કરી હતી કે મારો જે કાંઈ સામાન, સામગ્રી છે તેને આ બંનેના ઉછેર અને તઅલીમમાં ખરચ કરવો. આથી ઈમામ સાહેબના વાલિદની સામાન્ય પૂંજી અને ખૂદ હઝરત અહમદે પોતાની પૂંજી આ બંને ભાઈઓના ઉછેર અને તઅલીમમાં ખરચી નાખી. જયારે સઘળી પૂંજી ખરચાઈ ગઈ અને ઈમામ સાહેબ પ્રચલિત ઈલ્મના આરંભિક મંઝિલથી પસાર થઈ ગયા તો જનાબ ઝકાની એ તેમને તૂસના મદરસામાં દાખલ કરાવી દીધા કે જેથી ત્યાં ઉચ્ચ તઅલીમ પણ પ્રાપ્ત કરે અને ત્યાંના વઝીફા (સ્કોલરશીપ)થી પણ ભાગ્યવાન થાય. પરંતુ ઈમામ ગિઝાલી તૂસના મદ્રસામાં દાખલ થવાના બદલે જરજાન ચાલ્યા ગયા જે તૂસથી દૂર આવેલુ હતું અને અહીંયા જગવિખ્યાત ઉસ્તાદ ઈમામ અબૂનસર ઈસ્માઈલીની સેવામાં રહીને ઈલ્મની તૃષા મટાડી, તે સમયે ઈમામ સાહેબ પ્રચલિત ઈલ્મોની પ્રાપ્તિના કેટલાએ દરજજા વટાવી ચૂકયા હતા. આથી ઈમામ અબૂ નસર ઈસ્માઈલીની ખિદમતમાં રહીને આપ જે કાંઈ ઈલ્મી વિવાદો સાંભળતા તેને લખી લેતા હતા.

ઈમામ ગિઝાલી કેટલોક સમય ઈમામ અબૂ નસરની ખિદમતમાં રહ્યા અને પછી તૂસ પાછા આવી ગયા. પરંતુ ઈલ્મની પ્યાસ હજુ બુઝી ન હતી, આ તૃષા પિપાસાને મટાડવા માટે આપ તૂસથી નિશાપુર રવાના થઈ ગયા. નિશાપુરમાં તે સમયે ઈમામુલ હરમૈન અબુલમઆલી જિવીનીથી વધીને બીજો કોઈ આલિમ ન હતો. તેઓ મદ્રસએ નિઝામિયા નિશાપુરના ઉચ્ચ શિક્ષક (મુખ્ય શિક્ષક) હતા (જે તે સમયે ઈલ્મ તથા અદબ જગતનો સૌથી મોટો હોદ્દો હતો) અલ્લામા જિવીનીની ખિદમતમાં

પહોંચીને ઈમામ સાહેબે બીજા ઈલ્મો ઉપરાંત ઈલ્મે મુનાઝરા, ઈલ્મુલ કલામ અને ફિલોસોફીના આદાન પ્રદાનમાં પૂર્ણતા પ્રાપ્ત કરી અને આ વિદ્યાઓમાં એવી સિધ્ધિ પ્રાપ્ત કરી કે ઈમામુલ હરમૈનના ૩૦૦ વિદ્યાર્થીઓમાં સૌથી અગ્રેસર હતા. આપની કાબેલિયત અને કૌશલ્યતાની એ સ્થિતિ હતી કે ઈમામુલ હરમૈન અલ્લામા જિવીની આપની શાર્ગિદી પર ગર્વ કરતા હતા. ઈમામ સાહેબની વય હજુ ૨૮ વર્ષની થઈ હતી કે તમામ વિદ્યા કળા અર્થાત ફારસી, અરબી સાહિત્ય, ફિક્હ તથા હદીષ, તફસીર મિમાંસા અને મુનાઝિરા વિગેરેમાં સિધ્ધિનાં સોપાન સર કરી લીધાં અને તે વિદ્યાઓમાં વાસ્તવિક નિપૂણતા આપને પ્રાપ્ત થઈ ગઈ.

હિ.સ. ૪૭૮માં ઈમામુલ હરમૈનનો ઈન્તેકાલ થઈ ગયો. ઈલ્મ દોસ્ત વઝીર ખ્વાજા નિઝામુલ મુલ્ક (મૃત્યુ હિ.સ. ૪૮૫)ને ઈમામુલ હરમૈનના વાસ્તવિક જાનશીન (ઉતરાધિકારી)ની શોધ હતી. નિઝામુલ મુલ્કે ઈમામ ગિઝાલીના ફઝલો કરમ (સિદ્ધિ)ની ખ્યાતિ સાંભળી લીધી હતી. તેમને મદ્રસા નિઝામિયા બગદાદની સદારત પદવી માટે એક કાબેલ જોહરની જરૂરત હતી. આથી ખ્વાજા નિઝામુલ મુલ્કે ઈમામ ગિઝાલીના ફઝલો કરમ (સિદ્ધિ)ની ખ્યાતિ સાંભળી લીધી હતી. તેમને મદ્રસા નિઝામિયા બગદાદની સદારતની પદવી માટે એક કાબેલ જોહરની જરૂરત હતી. આથી ખ્વાજા નિઝામુલ મુલ્કે બહુ જ આદર સન્માન સાથે ઈમામ ગિઝાલીની દરબારમાં નિમણૂક કરાવી પરંતુ પોતાની વિદ્યા કૌશલ્યની સાબિતી માટે ઈમામ સાહેબને એક કઠણ પરીક્ષામાંથી પસાર થવું પડયું. અર્થાત સલજૂકી દરબારથી સંબંધિત ઉલ્મા સાથે મુનાઝરો કરવો આવશયક હતું. તે મુનાઝરા વગર દરબારમાં સ્થાન પામવું અશકય હતું. જો કે ઈમામ સાહેબ ઈલ્મો ફઝલના અસીમ સમુદ્ર હતા, મુનાઝેરા તથા તેના વિરુદ્ધ વિષય પર કેટલુંયે લખી ચુકયા હતા. આથી સલજૂકી દરબારના ઉલ્મા વિધ્વાનોથી મુનાઝિરો (વાદવિવાદ) શરૂ થયો અને ઈમામ સાહેબ સૌ પર ગાલિબ આવ્યા અને સૌએ ઈમામ સાહેબની ઈલ્મી નિપૂણતાનો સ્વીકાર કર્યો. નિઝામુલ મુલ્કની દિલી મુરાદ પૂરી થઈ અને ખ્વાજા તૂસીએ સઘળા ઉલ્મા તથા ફુકહા પર પ્રાથમિકતા તથા ફઝીલત પ્રાપ્ત કરવા બદલ ઝૈનુદ્દીન શરફુલ અઈમ્માનો લક્બ આપ્યો.

હવે દરબારમાં ઈમામ સાહેબની ગણના પણ એવી રીતે થતી હતી જેવી રીતે અલ્લામા અબૂ ઈસ્હાક શીરાઝી قدس سرہ અને ઈમામુલ હરમૈન જિવીની قدس سرہની થતી હતી. ઈમામ સાહેબ હવે ખ્વાજા નિઝામુલ મુલ્કની કૃપાઓ અને મહેરબાનીઓથી કામયાબ જીવન વ્યતિત કરી રહ્યા હતા. હિ. સન ૪૭૮થી ૪૮૪ સુધી સંપૂર્ણ એકાગ્રતાથી લેખન કાર્યમાં મશગૂલ રહ્યા. હિ. સન ૪૮૪માં મદ્રસા નિઝામિયા બગદાદના મુદર્રિસે આ'લા અલ્લામા હુસૈન બિન અલી તબ્રી (અલ્લામા અબૂ ઈલ્હા શીરાઝીના શિષ્ય) હતા. તેમના ઈન્તેકાલ પછી આ ઉચ્ચ પદવી માટે ખ્વાજા નિઝામુલ મુલ્ક તૂસીએ ઈમામ સાહેબને નિયુકત કર્યા. આથી ખ્વાજા નિઝામુલ મુલ્કની વિનંતી અને ખૂદ પોતાની લાંબાગાળાની ઈચ્છા પૂરી થવાના કારણે આપે મદ્રસા નિઝામિયા બગદાદમાં આ ઉચ્ચ હોદ્દાને કબૂલ કરી લીધો અને હિ.સન ૪૮૪ માહે ઝીલ્કૃઅદહમાં આ દર્સગાહમાં અધ્યાપનનો આરંભ કર્યો.

હિ. સન ૪૮૭માં અમીરૂલ મુસ્લિમીન અલ મુકતદી બઅમરૂલ્લાહનો ઈન્તેકાલ થઈ ગયો. ઈમામ સાહેબને અધ્યાપન પીઠ પર આરૂઢ થયો. હજુ કેવળ ત્રણ વર્ષ ગુજર્યા હતાં. અલ મુકતદી બ અમરૂલ્લાહ પછી અલમુસ્તઝહર બ અમરૂલ્લાહ ગાદી પર આવ્યા, તેમની જ ફર્માઈશ પર ઈમામ સાહેબે રદ્દે બાતિનિયામાં જે તે સમયે તમામ ઈસ્ફહાન પર કાબિઝ હતા અને મિસર તથા ઈરાકમાં પણ તેમનું પૂરૂં જોર હતું. કિતાબ અલમુસ્તઝહરી લખી કે જેથી બાતિનિયા ચળવળને જે અમલી તરીકાથી કૃાબૂમાં આવી શકતી ન હતી, ઈલ્મી તરીકૃાથી દબાવી શકાય. આ તે યુગ હતો કે ઉલ્માના પારસ્પરિક સંઘર્ષ (હમ્બલીઓ તથા શાફઈઓના મતભેદ અને ફિત્ના ફસાદ, તેમના મુનાઝેરા અને તર્કવિતર્ક, ગૃહ યુદ્ધો, આક્રમણો અને કાવત્રાંઓ વ્યાપ્ત હતાં, માહોલની આ વિચિત્રતા અને પરેશાનહાલીએ ઈમામ સાહેબની જિંદગી પર ખરાબ અસર નાખી, તેનાથી વિપરિત નિશાપૂરમાં તેમની જિંદગી સંપૂર્ણ શાન્તિ અને સંતોષથી બસર થઈ રહી હતી. દરેક હાલતમાં કોઈને કોઈ પ્રકારે હિ. સન ૪૮૪થી ૪૮૮ના મધ્ય સુધી આપે અધ્યાપન પદની જવાબદારીઓ પૂરી કરી, આ

સમય દરમિયાન ઈમામ હુજ્જતુલ ઈસ્લામ કુદસસિર્રહુ હોદ્દાની ફરજોની સાથે સાથે લેખનકાર્યમાં મશગૂલ રહ્યા અને યૂનાની ફિલોસોફીને ઊંડી દૃષ્ટિથી અવલોકન કરતા રહ્યા અને શાસકો તથા ફિલોસોફરોના અક઼ાઈદની છાનબીન કરતા રહ્યા, મઝહબોની વાસ્તવિકતાની જિજ્ઞાસામાં આપ અકસર મશગૂલ રહેતા પરંતુ જેમ જેમ આપનું અધ્યાપન વધતુ ગયું તબીઅતમાં અવ્યવસ્થા તથા વ્યાકૂળતા વધતી ગઈ.

## દસ વર્ષીય પરિભ્રમણ
(હિ. સન ૪૮૮થી ૪૯૮)

હિ. સન ૪૮૮માં હઝરત હુજ્જતુલ ઈસ્લામ ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہની જિંદગીને મહાન ઈન્કિ઼લાબથી સામનો થાય છે, જાણે એ જ વર્ષથી તેમની રૂહાની જિંદગીનો આરંભ થાય છે. શાનો શૌકતથી નિવૃત્ત થઈને રૂહાનિયતની પરિતૃષ્ટિ માટે બગદાદથી નીકળે છે અને એક મુફલિસીભરી જિંદગીને અપનાવે છે. ઈમામ સાહેબનો આ ઈન્કિ઼લાબ પોતાના પ્રકારનો એક અજબ ઈન્કિ઼લાબ છે અને એવો અજીબ કે ઉલ્માએ ઈસ્લામમાં તેનું દષ્ટાંત બહુ ઓછું મળે છે. ઈમામ સાહેબ જે રૂહાની અને બૌધ્ધિક શાન્તિના ઈચ્છુક હતા તે તેમને મદ્રસએ નિઝામિયાના મુદર્રિસે આ'લા (સર્વોચ્ચ)ની ગાદી પર આરૂઢ રહીને પણ પ્રાપ્ત ન થઈ શકયું, જો કે સલજૂકી સુલતાનો અને ઉમરાવો અબ્બાસી ખલીફાઓ તેમના માટે આંખો તથા દિલ બિછાવતા હતા. નિઝામુલ મુલ્ક તેમનો પ્રશંસક હતો મોટા મોટા ચિંતકો અને ઉલ્માઓ આપના દર્સમાં શરીક થઈને જ્ઞાન લઈ રહ્યા હતા. પરંતુ રૂહાની વ્યાકૂળતાએ આ ઉચ્ચ અધિકારને તેમની નજરોમાં તુચ્છ બનાવી દીધો. આથી આ સઘળા વૈભવથી હટીને ઈમામ સાહેબે હિજરતનો પાકો ઈરાદો કરી લીધો. બગદાદથી ભાગ તેમની સ્વલિખિત જીવન ચરિત્ર પર આધારિત છે અર્થાત અલમનકદ મન અદ્‌લાલમાં પોતાની રૂહાની ચિંતા, વ્યાકૂળતા તથા તબીઅતની વિછિન્નતા અને લાંબી બીમારી સંબંધે વિસ્તૃતતાથી લખ્યું છે જેનો ખુલાસો આ છે :

''હું બગદાદમાં જે દુનિયાભરના અકાઈદ–માન્યતાઓ અને વિચારોનું દંગલ હતું, શીઆ, સુન્ની, મોઅતઝલી, ઝિંદીકી, મુલ્હિદી,

મજૂસી અને ઈસાઈ બગદાદમાં એકબીજાથી મુનાઝિરો કરતા અને ઝઘડતા રહેતા. હું દરેક બાતિની, જાહેરી, ફલસફી, મુતકલ્લમ એન ઝિન્દીકથી મળતો અને દરેકના વિચારો જાણતો હતો. મારી તબીઅત આરંભથી જ શોધખોળમાં પ્રવર્ત હતી. આ મુલાકાતોથી ધીમે ધીમે મારી તકલીદ (અનુસરણ)ના બંધન તૂટી ગયા (ઈમામ સાહેબ શાફઈ મસ્લકના મુકલ્લિદ અને પૈરવ હતા) અને જે અક઼ીદાઓ પર હું પ્રથમ ચાલતો હતો તેમની મહત્વતા મારા દિલમાંથી નીકળી ગઈ.

મેં વિચારવું શરૂ કર્યુ તો મને જણાયું કે મને હવાસ અને પ્રકટનું ઈલ્મે યક઼ીની પ્રાપ્ત છે અને વીસ વિભિન્ન મઝહબો સંબંધે મારી શંકાઓ યથાવત બાકી રહી, તે સમયે ચાર ફિર્ક઼ા મૌજૂદ હતા. મુતકલ્લિમીન, બાતિનિયા, ફિલસફા અને સૂફિયા. મેં તે ચારે ફિર્ક઼ાઓના ઉલૂમ તથા અકાઈદનું સંશોધન શરૂ કર્યુ. આ સંશોધનથી વ્યાકૂળતા અધિક વધી ગઈ. તસવ્વુફના ફિર્ક઼ા પર જે કિતાબો મૌજૂદ હતી તેમનું અવલોકન કર્યું, મને સમજાયું કે તેના માટે કેવળ ઈલ્મ કાફી નથી બલ્કે અમલની જરૂરત છે.

આ ઘટનાઓથી તેહરીક ઉત્પન્ન થઈ કે સઘળા સંબંધોનો ત્યાગ કરીને બગદાદથી નીકળી જાઉં, નફસ કોઈ રીતે પણ સંબંધ ત્યાગ માટે તત્પર થતો ન હતો કે તેને ખ્યાતિ અને શાનો શૌકત પ્રાપ્ત હતી. રજબ હિ. સન ૪૮૮માં એ ખ્યાલ પૈદા થયો હતો. પરંતુ નફસની ટાળમટોળ (બહાના)ના કારણે તેના પર અમલ કરી શકયો નહીં, આ માનસિક અને નફસાની કશમકશે મને સખત બીમાર કરી દીધો, મને ત્યાં સુધી નોબત પહોંચી ગઈ કે જીભને વાચા ન રહી, પાચનશકિત સાવ નષ્ટ થઈ ગઈ, તબીબોએ પણ સ્પષ્ટ જવાબ આપી દીધો અને કહ્યું કે આવી હાલતમાં ઈલાજથી કાંઈ ફાયદો થશે નહીં. અંતે મેં જવાનો સર્વથા ઈરાદો કરી લીધો, ઉમરાવો, અધિકારીઓ અને ઉલ્માને જ્યારે મારા આ ઈરાદાની ખબર પડી તો તેમણે બહુ જ ખુશામદ અને આદર સાથે મને રોકવા ચાહ્યું, પરંતુ હું અસલ હક઼ીક઼તથી સારી રીતે વાકેફ થઈ ગયો હતો એટલા માટે સૌનો ત્યાગ કરીને પ્રવાસ માટે તૈયાર થઈ ગયો.

હુજ્જતુલ ઈસ્લામે હિ. સન ૪૮૮થી ૪૯૮ સુધી દસ વર્ષની મુદ્દત શામ તથા બયતુલ મુક્દસ અને હિજાઝમાં બસર કરી જેનું વિવરણ આગળ કરવામાં આવશે. આ પરિભ્રમણમાં ઈમામ હુજ્જતુલ ઈસ્લામના શરીર પર દુરવેશોનો લિબાસ હતો. તે દેશોમાં શાન્તિની શોધ કરતા રહ્યા. તેમના શરીર પર કેવળ એક ગોદડી હતી. હવે તેમનો દરેક સમયનો મશગલો (કાર્ય) ઝુહદ તથા ઈબાદતની ચિંતા, ચિંતન તથા એકાંત અને લેખનકાર્ય રહી ગયું હતું.

## ★ હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ દમિશ્કમાં ★

બગદાદથી હિજરત કરીને ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ સૌથી પહેલા હિ. સન ૪૮૧માં દમિશ્ક પહોંચ્યા અને દમિશ્કમાં જામેઅ ઉમવીના મગરિબી કિનારાને પોતાનું એકાંતવાસ તરીકે પસંદ કર્યું અને અહીંયા આપ રૂહાની અને બાતિની રિયાઝતોમાં મશગૂલ થઈ ગયા. રિયાઝત અને ઈબાદત ઉપરાંત આપનો નિયમ હતો કે આપ મસ્જિદે ઉમવીમાં ઝાડુ મારતા હતા અને નફસના પરાજય માટે ગુસલખાનાઓમાં સફાઈ કરતા અને ત્યાંથી ગંદકી ઉઠાવીને બહાર ફેંકતા, તબકાતુ શ્શાફઈય્યહ ભાગ–૪, પેજ નં. ૧૦૪માં તેના લેખક લખે છે : ‘‘આપ ખાનકાહ મેહાતિયહના ગુસ્લખાનાઓની સફાઈ કરતા રહેતા હતા.’’

દરેક પ્રકારની નફસકશી (મનોનિગ્રહ) માટે આપ તુત્છમાં તુચ્છ કામોમાં મશગૂલ રહેતા હતા. જામેઅ દમિશ્કમાં આપનો અધિકતમ સમય શૈખ નસર મદીની સોહબતમાં ગુજરતો હતો. ધીમે ધીમે લોકોને આપના ઈલ્મ તથા ફઝલની અને આપની ઈલ્મી નિપૂણતાની જાણકારી થઈ ગઈ અને તે સમયના ઉલ્માએ આપની પાસે આવવુ જવું શરૂ કરી દીધું અને આપની શાંતિ તથા રિયાઝતમાં ખલલ પડવા લાગ્યો અને આ હંગામાથી બચવા માટે એક રાત્રે ખામોશીથી દમિશ્કથી રવાના થઈ ગયા, દમિશ્કમાં આપનું રોકાણ સમય બે વર્ષનું છે.

## ★ હુજ્જતુલ ઈસ્લામ બયતુલ મુક઼દ્દસમાં ★

પોતાના બયતુલ મુક઼દસના પ્રવાસના સિલસિલામાં અલ્લામા ગિઝાલી رحمۃ اللہ علیہ એ મનકદ મન અદ્‌લાલમાં જે સ્પષ્ટતા કરી છે તેનાથી જાહેર થાય છે કે આપના આ પ્રવાસનો અધિકાંશ ભાગ બયતુલ મુક઼દસમાં બસર થયો અને આ પ્રવાસની સર્વોત્તમ ઈલ્મી પૂંજી અને આપની રચનાઓમાં સૌથી ઉચ્ચતમ રચના અહ્યાઉલ ઉલૂમ તે યુગની કૃતિ છે જેનું દષ્ટાંત દુનિયાની અખલાક઼ી કિતાબોમાં મળવું મુશ્કેલ છે. અખ્લાકિ઼યાતના વિષય પર આ એક અનુપમ તથા અજોડ કિતાબ છે. પાછળના લેખકોએ અખ્લાકિ઼યાત પર જે કાંઈ લખ્યું છે તેનું માખઝ (ગ્રહણ સ્થાન) અહયાઉલ ઉલૂમ છે. અહયાઉલ ઉલૂમ ઉપરાંત કિતાબે અરબૈની અને કેટલાક બીજા રિસાલા પણ એ જ બયતુલ મુક઼દસના વસવાટ દરમ્યાન લખવામાં આવ્યા. તે વાત બહુ જ મશહૂર છે કે હુજ્જતુલ ઈસ્લામે અહ્યાઉલ ઉલૂમની રચના માટે બયતુલ મુક઼દસમાં જે સ્થળ પસંદ કર્યું હતું તે કુબ્બતુલ સખરહનો પૂવીર્ય ખૂણો હતો અને ઈમામ સાહેબ આ ખૂણામાં મુઅતકિફ (એતેકાફમાં) હતા.

કેટલાક હઝરતોનો ખ્યાલ છે કે અહ્યાઉલ ઉલૂમ જેવી ઉચ્ચ દરજ્જાની અને દળદાર કિતાબની રચના તે નિર્ધનતા અને પરેશાનીમાં અશકય છે, પરંતુ ઈતિહાસકારોના કથનો અને બીજા સાક્ષીઓના આધાર પર કહી શકાય છે કે અહ્યાઉલ ઉલૂમનો લેખન સમય એ જ બે વર્ષીય નિર્ધનતા અને પ્રવાસ સમય છે. તે કૃતિથી ઈમામ સાહેબની ઈલ્મી કૌશલતાનો પણ અંદાઝો થાય છે કે આપની પાસે એ નિર્ધનતામાં કોઈ કિતાબોનો ભંડાર હાજર ન હતો જે આપના માટે આ કૃતિમાં માખઝ (ગ્રહણ સ્થાન)નું કામ આપી શકે.

શિબ્લી નોઅમાનીએ પોતાની મુખ્તસર કિતાબ અલગિઝાલીમાં અહ્યાઉલ ઉલૂમનું, શૈખ અબૂતાલિબ મક્કી કુદસિર્રહુની કિતાબ કુવ્વતલકુલૂબ, ઉસ્તાદે આઝમ તથા મફસ્સિરે આઝમ શૈખે તરીકત અબુલ કાસિમ કુશૈરીના રિસાલા કુશૈરિયા અને અલ્લામા રાગિબ અસ્ફહાનીની કિતાબ ઝરીયતુલ ઉલૂમ અલશરીફાના વિષયોની એકરંગી, કેટલાક

શિર્ષકોની સમાનતા તથા અનુરૂપતાને જાહેર કર્યું છે અને તે કિતાબોને અહ્યાઉલ ઉલૂમનું માખઝ જ નહીં બલ્કે અસલ ઠરાવ્યું છે. તેમાં શિબ્લીના સંશોધનનું કાંઈ દખલ નથી અને તેમણે કોઈ નવી વાત કહી નથી, બલ્કે અલ્લામા ઈબ્ને જૌઝીએ જે અક઼ાઈદની ગણનાએ હુજ્જતુલ ઈસ્લામથી વિભિન્ન હતા અને સૂફિયાએ કિરામનાં દુશ્મન, તેમણે અહ્યાઉલ ઉલૂમ પર કડક ટીકા કરી છે અને તે ટીકાના અન્તર્ગત એ વર્ણન કર્યું છે કે તેમણે કુવ્વતુલ કુલૂબ, રિસાલા કુશૈરિયા અને રાગિબ અસ્ફહાનીની કિતાબ સામે રાખીને આ કિતાબ લખી છે. પરંતુ ઈતિહાસ એ હરગિઝ બતાવતો નથી કે ઈમામ સાહેબ તે પ્રવાસમાં જે તેમના રૂહાની ઈન્કિ઼લાબના કારણરૂપ હતો, આ બેસરો સામાનીની હાલતમાં કિતાબોનો ઢગલો સાથે લઈને નીકળ્યા હતા. હા ! એ અવશ્ય છે કે ઈમામ સાહેબે આ બુલંદ પાયા કિતાબોનું અધ્યયાન અવશ્ય કર્યું હતું, તેમના વિષયો આપને યાદ હતા. દરેક રીતે અલ્લામા ઈબ્ને જૌઝી અને શિબ્લી નોઅમાનીનો ખ્યાલ ગલત છે. આ એક લાંબી આલોચનાત્મક ચર્ચા છે. હું તેને આ સંક્ષિપ્ત મુક઼દ્દમામાં છોડવા ઈચ્છતો નથી. હું કેવળ એ અરજ કરવા ઈચ્છું છું કે આ દસ વર્ષીય પ્રવાસનો અઝીમુશશાન તોહફો પોતાના પાછળ આવનારાઓ માટે ઈમામ સાહેબ અહ્યાઉલ ઉલૂમના સ્વરૂપમાં એક યાદગાર તરીકે મૂકી ગયા છે.

## ★ મહદે ઈસા عليه السلام અને હુજ્જતુલ ઈસ્લામ ★

અલ્લામા તાજુદ્દીન સુબકી رحمة الله عليه તબકાતુ શ્શાફઈય્યહમાં લખે છે કે ઈમામ ગિઝાલી رحمة الله عليهની સાથે શૈખ ઈસ્માઈલ માઈલી, શૈખ અબુલ હસન બસરી, શૈખ ઈબ્રાહીમ શબાક જરજાની અને કેટલાક બીજા દુરવેશો મહદે ઈસા عليه السلامમાં ભેગા રહેતા હતા અને તસવ્વુફની હકીકતો તથા રહસ્યોની ચર્ચા થતી રહેતી હતી અને આવી રીતે ઈમામ સાહેબ રૂહાની શાન્તિથી લાભાવિંત થતા રહેતા હતા. મહદે ઈસા عليه السلام અને બયતુલ મુકદસમાં થોડીક મુદ્દત સુધી મુજાહિદા તથા રિયાઝતમાં વ્યસ્ત રહેવા પછી ઈમામ હુજ્જતુલ ઈસ્લામ હજ્જના ઈરાદાથી ત્યાંથી રવાના થયા અને હિ. સન ૪૮૮માં હજ્જના મનાસિક અદા કર્યા પછી રોઝએ રસૂલે અકરમ صلى الله عليه وسلمની ઝિયારત માટે મદીના મુનવ્વરા આવ્યા. અહીંયા

રોઝા મુબારક અને બીજા પવિત્ર સ્થળોની ઝિયારતથી ફારેગ થયા પછી ઈસ્કંદરિયા થઈને પોતાના વતન તૂસ પાછા આવ્યા. જો કે આરંભમાં ઈમામ સાહેબની એ નિય્યત હતી કે વતન પાછા નહીં જ ફરે અને સમગ્ર વય હિજરતની નિય્યત કરીને નીકળ્યા હતા, પરંતુ જેવું કે ખૂદ પોતે એક પત્રમાં પ્રકટીકરણ કર્યું છે, અહલો અયાલ (બાલ બચ્ચાં)ની મહોબ્બતે ફરી વતન તરફ ખેંચી લીધા.

આથી ઈમામ સાહેબ વતન પાછા પહોંચી ગયા અને પરિવારની સાથે રહેવા લાગ્યા પરંતુ એવી રીતે કે લોકોથી મેળ મિલાપ ત્યજી દીધો અને એકાંતમાં અધિક સમય ગુજારવા લાગ્યા. આવી રીતે એકાંત વાસમાં એક વર્ષ વ્યતિત કરી દીધું, પરંતુ હિ. સન ૪૯૯માં તે સમયના શાસક અને રાજ્યના ઉમરાવોના બહુ જ આગ્રહથી મજબૂર થઈને ઝીલકઅદ હિ. સન ૪૯૯માં તૂસથી નિશાપૂર આવી ગયા અને મદ્રસા નિઝામિયા નિશાપુરના અધ્યાપનની સેવાનો સ્વીકાર કરી લીધો. તે સમયે સુલતાન સંજરનો પુત્ર અલિક શાહ સલજૂકી સલ્તનત પર સત્તારૂઢ હતો અને ખ્વાજા નિઝામુલ મુલ્કનો ફરઝંદ ફખ્રુલ મુલ્ક તેનો વઝીરે આલા (વડો પ્રધાન) હતો. મદ્રસા નિઝામિયા નિશાપુરમાં એક વર્ષ સુધી ઈલ્મી ખિદમતો આપતા રહ્યા અને એ સમયમાં પોતાની મશહૂર કિતાબ અલ મનકદ મન અદલાલની રચના કરી જે એક રીતે ઈમામ સાહેબનું સ્વરચિત જીવન ચરિત્ર છે. આ સ્વંય લિખિત જીવન ચરિત્રમાં ઈમામ સાહેબે પોતાની જિંદગીની મહત્વની ઘટનાઓનો ઉલ્લેખ કર્યો છે અને ઉલ્મા અને ફુક઼હા પર કડક આલોચના કરી છે અને કેટલીક પ્રચલિત વિદ્યાઓ પર પણ આલોચનાત્મક દષ્ટિ નાખી છે. તે સમયે ઈમામ સાહેબની વય ૫૦ વર્ષ વટાવી ચૂકી હતી. આ વખતે નિશાપુરમાં વસવાટની મુદ્દત એક વર્ષ છે. અર્થાત ઝિલકઅદ હિ. સન ૪૯૯થી હિ. સન ૫૦૦ સુધી.

ઈબ્ને જૌઝી જે ઈમામ સાહેબ પર આલોચના કરવામાં મશહૂર છે. લખે છે :

“તે પછી ઈમામ સાહેબ પોતાના વતન તૂસ પાછા આવી ગયા અને

મકાનની નિકટ એક મદ્રસો અને તેની સાથે એક ખૂબસૂરત બાગ બનાવ્યો અને તેઓ પોતે કુરઆન અને હદીષના દર્સમાં મશગૂલ રહેવા લાગ્યા.''

તે દૌરમાં ઈમામ હુજ્જતુલ ઈસ્લામ એક ઝાહિદ અને સૂફી પાકબાઝની સૂરતમાં અધ્યાપન પદવી પર આરૂઢ હતા. તે સમયે તેમના સાચા શ્રદ્ધાળુઓનો વિરાટ જનસમૂહ તેમની આસપાસ રહેતો હતો. આ સંખ્યા પ્રથમ કરતાં કેટલીએ અધિક હતી. આમ તથા ખાસનાં દિલ આપે પોતાના સિદક તથા સફા (સચ્ચાઈ)થી મોહી લીધાં હતાં. આપની પાકીઝા જિંદગી, ખુદાના ડર અને ઝુહદ તથા તકવાની દરેક બાજુએ ચર્ચા હતી. આ લોકપ્રિયતાનું પરિણામ એ નીકળ્યું કે સમયના દસ્તુર અનુસાર આપના કેટલાએ ઈર્ષાળુ પૈદા થઈ ગયા. ખ્વાજા નિઝામુલ મુલ્ક તૂસી અને અલીશાહ તો અલ્લાહને પ્યારા થઈ ગયા હતા, તેમની હયાતીમાં ઈર્ષાળુઓની એ હિમ્મત થઈ શકતી ન હતી કે તેઓ ઈમામ સાહેબની વિરુદ્ધ કાંઈ કહી શકે. ઈમામ સાહેબની સામે તેમના ઈલ્મ તથા ફઝલના ચિરાગ ટમટમાવા લાગ્યા હતા અને તેમની ગરમી ઠંડી પડી ગઈ હતી. આ મંદતાએ શત્રુતાના અગ્નિને વધુ ઉત્તેજીત કરી દીધો. હુજ્જતુલ ઈસ્લામ ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہની કૃતિઓની દરેક બાજુએ ખ્યાતિ હતી. આ સઘળા કારણોએ ઈમામ સાહેબની વિરુદ્ધ ઈર્ષા તથા અદાવતનું એક અભિયાન સ્થાપિત કરી દીધું. તેમના લખાણોમાં પરિવર્તન કરવામાં આવ્યું, તેમની પાસે જાતજાતના સવાલો લખીને મોકલવામાં આવ્યા. ઈમામ સાહેબ શાફઈ મસ્લક પર ચાલતા હતા અને મશરબન અશ્અરીહતા માટે લોકોમાં ઈમામ સાહેબના અક઼ાઈદ તથા અભિપ્રાય પર બહુ જ નુકતાચીની કરવામાં આવી. જે આ ઉલ્માના અક઼ાઈદથી એકરૂપ ન હતા. ધીમે ધીમે વિરોધીઓનું આ હથિયાર વધતું ગયું. ઈમામ સાહેબે પોતાના મકતૂબાત (પત્રો)માં ખાસ કરીને તે પત્રોમાં જે સંજરના સુલ્તાન સલજૂકીના નામે લખ્યા છે, પોતાની કેટલીએ સફાઈ રજૂ કરી, તેઓ વગર કારણે હુકૂમત અને શાસકથી ટકરાવ ઈચ્છતા ન હતા.

આ પ્રસંગે દુશ્મનોએ એ કિસ્સો છેડી દીધો અને ઈમામ સાહેબ વિરુદ્ધ તેને દસ્તાવેજ બનાવ્યો કે ઈમામ ગિઝાલીએ ઈમામ અબૂહનીફા رحمۃ اللہ علیہ પર

વ્યંગ કર્યો છે. એવી રીતે કીમિયાએ સઆદતના કેટલાક વ્યાખ્યાનોને તેમણે પોતાના કથનના સમર્થનમાં રજૂ કર્યા. હઝરત અબૂ હનીફા رحمۃ اللہ علیہ સંબંધે નિંદાનો જવાબ આપે સુલતાન સલજૂકીને આવી રીતે આપ્યો :–

"અને આ જે કહેવામાં આવે છે કે મેં ઈમામ અબૂહનીફા رحمۃ اللہ علیہ પર તઅન (વ્યંગ–નિંદા) કર્યો છે તો હું ખુદાના સોગંદ ખાઈને કહું છું કે મારો અક઼ીદો છે કે ઈમામ અબૂહનીફા رحمۃ اللہ علیہ ફિક઼હના હકાઈક઼માં ઉમ્મતે મુસ્તફા رحمۃ اللہ علیہના વિશિષ્ટતમ શખ્સ છે. હવે જો કોઈ મારા આ એતેક઼ાદ સિવાય મારા કોઈ પત્ર અથવા શબ્દથી કોઈ બીજુ બયાન કરી રહ્યો છે તો તે જૂઠો છે."

આ લાંબા પત્રમાં ઈમામ સાહેબે સુલતાનથી મદ્રસા નિઝામિયા નિશાપૂરની ખિદમતથી પણ છૂટા થવાનું જાહેર કરી દીધું હતું.

અક઼ીદતમંદો અને ઉમરાવો એ બહુ જ આગ્રહ કર્યો છતાં ઈમામ સાહેબે સાફ કહી દીધું કે હવે મારામાં અધ્યાપન કાર્ય કરવાની શકિત બાકી રહી નથી. આવી રીતે મદ્રસએ નિઝામિયાનું અધ્યાપન અને બીજાં કાર્યોથી અલગ થઈને પોતાની ખાનકાહમાં એકાંતવાસી થઈ ગયા. તે સમયે ઈમામ સાહેબની વય ૫૩ વર્ષની હતી. આ સ્થળે અંતિમ શ્વાસ સુધી ઈમામ સાહેબે વસવાટ કર્યો અને તલબા અને દુરવેશોના માર્ગદર્શન માટે પોતાનો કેટલોક સમય ફાળવતા હતા. પરંતુ તલ્બાથી અધિક હવે હક઼ીક઼તના તાલિબો આપના પ્રત્યે રજૂઅ થતા હતા.

જ્યારે હુજ્જતુલ ઈસ્લામ ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہની વય ૫૫ વર્ષની થઈ તો આપની પેશીનગોઈ (ભવિષ્યવાણી) પૂર્ણ થવાનો સમય આવી ગયો અને આપ સોમવાર ૧૪ જમાદિઉલ આખિર હિ. સન ૫૦૫ની સવારે આ ફાની દુનિયાનો ત્યાગ કરીને ખુદાને જઈ મળ્યા અને તૂસમાં જ ઈરાની શાયર ફિરદોસીના મઝારની નિકટ આપને દફન કરવામાં આવ્યા.

અલ્લામા ઈબ્ને જૌઝીએ પોતાની કિતાબ અલસબાત અન્દલમમાતમાં ઈમામ સાહેબની વફાતના સિલસિલામાં શૈખ અહમદ ગિઝાલીનો ક઼ૌલ નક઼લ કર્યો છે.

''મારા ભાઈ અબૂહામિદ મોહમ્મદ ગિઝાલીએ સોમવારના દિવસે સવારના સમયે વુઝૂ કરીને ફજરની નમાઝ અદા કરી. પછી તેમણે પોતાનું કફન મંગાવ્યું અને તેને બોસો આપ્યો (ચૂમ્યું) અને આંખોથી લગાવ્યું અને કહ્યું ''સમઅનવ તાઅતન.'' આમ કહીને ક઼િબ્લા રૂખ થઈને પગ લાંબા કરી દીધા અને પોતાનો પ્રાણ અલ્લાહને સુપ્રત કરી દીધો.''

ઈબ્ને જૌઝીના અનુસાર ઈમામ સાહેબે જે અંતિમ વાત કહી તે પોતાના મિત્રો અને સગાઓને અમલના ઈખ્લાસની દઅવત હતી અને એ જ તેમની અંતિમ વસિયત હતી. اِنَّا لِلّٰهِ وَ اِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ

ઈબ્ને જૌઝીએ ઈમામ સાહેબના વફાતની તારીખ માટે જમાદિઉલ આખિરના બદલે ૧૪ જમાદિઉલ અવ્વલ બયાન કરી છે.

સાતમી સદી હિજરી સુધી ઈમામ સાહેબનો મઝાર આમ તથા ખાસ લોકોની ઝિયારતગાહ રહ્યો પરંતુ તાતારી ફિત્નામાં આપનો મઝાર પણ તબાહ થઈ ગયો અને હવે તેના કેવળ થોડાક ચિન્હો બાકી છે.

## ★ ઈમામ સાહેબનું મસ્લક અને અક઼ીદો ★

ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ પોતાના ખાનદાન, માહોલ અને નિશાપૂર તથા તૂસના ઉલ્માના બીજા સમકાલિન દા.ત. ઈમામ કુશૈરી, શૈખ અબૂ ઈસ્હાક શીરાઝી, શૈખ ઈબ્ને સબ્બાગ અને પોતાના ઉસ્તાદ ઈમામુલ હરમૈન અલ્લામા જિવીની رحمۃ اللہ علیہના અક઼ાઈદથી પ્રભાવિત હતા અને અહલે સુન્નત વલજમાઅત, ઉસૂલમાં અશ્અરી અને ફુરૂઅમાં શાફઈ મસ્લકના તાબે હતા અને એ જ તરીક઼ા પર ચાલતા શાફઈ મસ્લકના ફિક઼્હ તથા ઉસૂલની કિતાબોનો દર્સ પણ પ્રાપ્ત કર્યો હતો અને અધ્યયન પણ. જ્યારે ખુદ લેખક બન્યા તો શાફઈ અકીદાની પાકટતા એ હદ સુધી પહોંચી ગઈ હતી કે ફિક઼્હ અને ઉસૂલે ફિક઼્હે શાફઈય્યહ પર એવી દલીલયુકત, વ્યાપક અને વિસ્તૃત કિતાબો લખી જેને શાફઈ ફિકહની અનમોલ પૂંજી કહી શકાય છે અર્થાત બસીત, વસીત અને વજીઝ વિગેરે.

ઈમામ શાફઈ رحمۃ اللہ علیہના આ ક઼ૌલથી પણ ઈમામ સાહેબના મસ્લક

અને અક઼ીદાનું સમર્થન થાય છે. તે કહે છે તેઓ ફુરૂઅમાં શાફઈ મઝહબ અને ઉસૂલમાં અશઅરી હતા.

એતેકાદમાં સંદિગ્ધતમ મસાઈલ અથવા અક઼ાઈદ અથવા અલ્લાહ તઆલાના દીદાર–દર્શન, વાજિબુલ વજૂદનું ઈલ્મ, કલામે ઈલાહીનું અઝલી હોવું, સિફાતે ઈલાહિયાનો કદમ, કર્મોના આચારમાં હુજ્જતુલ ઈસ્લામ અશાએરાના પૈરોકાર હતા. આમ છતાં તેમની ઈજતેહાદી શકિતએ તેમનામાં એવી શકિત અને બેબાકી પૈદા કરી દીધી હતી કે જો મઝહબે શાફઈય્યહ અથવા સ્પષ્ટતાથી તેનો રદ કરતા. ગણનાએ મુકલ્લિદ હોવા છતાં તેમનામાં હક઼ીક઼ી ઈજતેહાદી શકિત મૌજૂદ હતી અને તેના પ્રકટીકરણમાં તેમને જ્યારે જરૂરત અને મોકો મળતો કોઈ પ્રકારની મુશ્કેલી થતી નહી. ઈમામ સાહેબની આ ઈજતેહાદી શકિત અને તેના પ્રકટીકરણનો રંગ દસ વર્ષીય પરિભ્રમણ પછી વધુ નિખરી ગયો હતો. આથી એક મશહૂર આલિમે જ્યારે એક પ્રસંગે ઈમામ સાહેબને પૂછયું કે આપ હનફી મઝહબના પૈરવ છો કે શાફઈ મઝહબના ? તો ઈમામ સાહેબે તત્કાળ વિના સંકોચ જવાબ આપ્યો કે બુદ્ધિવાદમાં મારો મઝહબ પ્રમાણ અને દલીલ છે અને શરીઅતમાં મારો મઝહબ કુરઆન છે, આ સૂરતમાં ન હું અબૂ હનીફાનો મુકલ્લિદ છું અને ન શાફઈનો પાબંદ.

તાત્પર્ય કે ઈમામ ગિઝાલી رحمة الله عليه જાહેરમાં એક શરીઅતના પાબંદ શાફઈ હતા અને બાતિનમાં એક પરહેઝગાર સૂફી. દરેક હાલતમાં ઈસ્લામ પર તેમનું હક઼ીક઼ી ઈમાન હતું, જાણે કે તેમણે શરીઅતે કુરઆની અને દલીલોને કશ્ફ તથા શહુદ સાથે શામેલ કરીને પોતાનું બંધારણ ઠેરવ્યું હતું, જેવી રીતે શરીઅત અને તેની દલીલો તથા પ્રમાણ કશ્ફ તથા શહૂદથી ખાલી ન હતા એવી જ રીતે તેમનું તસવ્વુફ, ઝુહદ તથા તક઼વો અને શરીઅતની તાબેદારી વાળ બરાબર પણ જુદુ ન હતું. એક તેમના જાહેરી અકાઈદ હતા તો બીજાને તેમના આંતરિક શ્રદ્ધા કહેવામાં આવતા હતા. મને અફસોસ છે કે આ થોડાક પૃષ્ઠો આ સિલસિલામાં વધુ તફસીલના સહનશીલ થઈ શકતા નથી, એટલા માટે મજબૂર થઈને સંક્ષિપ્તમાં આટલું જ અરજ કરી શકતો હતો.

## ★ હુજ્જતુલ ઈસ્લામ અને તસવ્વુફ ★

ઈમામ સાહેબના જીવન ચરિત્રમાં આપ વાંચી ગયા છો કે આપે યૌવનના આરંભમાં વિવિધ મઝહબોનું અધ્યયન કર્યું હતું, પરંતુ તેમના દિલને કોઈ રીતે શાન્તિ પ્રાપ્ત થતી ન હતી. આ રૂહાની કશ્મકશના પરિણામે તેઓ સખત બીમાર થઈ ગયા. તબીબોએ નિરાશા જાહેર કરી દીધી. ખાવું પીવું છૂટી ગયું અને એટલા પ્રમાણમાં લુકનત (તોતડાપણું) પૈદા થઈ ગઈ કે બોલવું જ દુશ્વાર હતું અને એક દિવસે તેઓ સઘળા ઠાઠમાઠ અને શાનો શૌકતને તિલાંજલી આપીને સાવ નિર્ધનતા સાથે બગદાદથી નીકળી ગયા અને દમિશ્કની જામેઅ ઉમવીયાના એક ખૂણાને પોતાનું રહેઠાણ અને એકાંતવાસ બનાવી લીધું. પરંતુ અહીંયા પણ તેમનું ઈલ્મો ફઝલ ગુપ્ત રહી શકયું નહી અને મજબૂરન આ સ્થળ પણ તેમણે છોડવું પડયું અને બૈતુલમુકદસનું રૂખ કર્યું, અહીં મહદે ઈસા عليه السلام તેમનું એકાંતવાસ અને તેમનો ખૂણો હતો. આ ખૂણામાં સમયના મશાઈખો સાથે તેમની સોહબત રહી અને અહીં ધીમે ધીમે તેઓ તંદુરસ્ત થયા.

હકીકત એ છે કે તસવ્વુફ ઈમામ ગિઝાલી رحمة الله عليه ની આખરી મંઝિલ છે. આ ઝરણાના શ્રોતોથી તો તેઓ તે સમયે લાભાવિંત થયા હતા જ્યારે તેમના વાલિદે જે એક દુરવેશ સિફત ઈન્સાન હતા, બાળપણમાં આપની તરબીયત કરી હતી. પછી તેમના ઈન્તેકાલ પછી શૈખ અહમદ ઝાઝકાની કુદ્દેસસિર્રહુની દેખરેખમાં તેમણે તાલીમ મેળવી અને તસવ્વુફની વાસ્તવિક લિજ્જતની ચાસણી જોઈ. આપના નાના ભાઈ ઈમામ અહમદ ગિઝાલીએ તો જવાનીના આરંભથી જ આમાં કદમ મૂકયો હતો અને તસવ્વુફના સંબંધમાં જોડાઈ ગયા હતા અને ઈમામ ગિઝાલીની જેમ તેમને પ્રચલિત વિદ્યાઓના ચેપદાર તથા વક્ર માર્ગોથી પસાર થવું પડયું ન હતું. એથી ઉલ્ટુ ઈમામ ગિઝાલી જવાનીમાં ફિકહ તથા ઉલૂલ, કલામ તથા ફજા, વિરોધ તથા મુનાઝિરામાં લીન હતા અને મુદ્દતો સુધી તેમાં પરેશાન રહ્યા. પચાસ વર્ષની વયે અંતે તેમને પણ એ જ મંઝિલ પર આવીને તૃષ્ટિ પ્રાપ્ત થઈ. તસવ્વુફની દુનિયામાં તેમનું માર્ગદર્શન કરનાર બે હસ્તીઓ છે એક અબૂ

બકર નીસ્સાજ કુદ્દેસસિર્રહુ અને બીજા અબૂ અલી ફારમદી* رحمۃاللہعلیہ, પોતાની રચનાઓમાં ઈમામ સાહેબે પોતાના પીરે તરીકત તરીકે શૈખ અબૂ અલી ફારમદી رحمۃاللہعلیہને બયાન કર્યા છે. એક સ્થળે તેઓ કહે છે :–

“મેં તસવ્વુફનો તરીકો શૈખ અબૂઅલી ફારમદી رحمۃاللہعلیہથી અખઝ કર્યો છે અને ઈબાદતો અને ઝિક્રમાં તેમના દસ્તૂરને અપનાવ્યો છે. આવી રીતે મને તકલીફોથી મુકિત મળી અને પરિશ્રમોથી મુકિત પ્રાપ્ત થઈ અને જે કાંઈ મારે પામવું હતું તે મેં પામી લીધું.”

## ★ હુજ્જતુલ ઈસ્લામના ગ્રંથો ★

હુજ્જતુલ ઈસ્લામ ઈમામ ગિઝાલી رحمۃاللہعلیہએ જયારે લેખન કાર્ય માટે ક઼લમ ઉઠાવી તો તે સમયે તેઓ વિદ્યાઓની પ્રાપ્તિમાં વ્યસ્ત હતા અને આપની જવાનીનો આરંભ હતો. તે સમયે તેઓ શૈખ અબૂનસર ઈસ્માઈલીની ખિદમતમાં વિદ્યા પ્રાપ્ત કરી રહ્યા હતા. પોતાના ઉસ્તાદથી કેટલાક સ્પષ્ટીકરણોને સાંભળીને લખી લેતા હતા. એ જ ઈશારાઓ અને સ્પષ્ટીકરણોની મદદથી નાની વયમાં જ આપે ફિક઼્હ પર એક રિસાલો લખ્યો અને તેનું નામ “તઅલીકહ” રાખ્યું. એ જ ઈમામ સાહેબની પ્રથમ કૃતિ છે. તેના પછી પ્રવાસ હોય કે નિવાસ, એકાંતવાસ હોય કે લોક સમૂહ, મદ્રસાનિઝામિયા નિશાપુર હોય કે બગદાદ, હોદ્દાની ફરજની સાથે આપ લેખનકાર્ય પ્રત્યે એકાગ્રતાથી ધ્યાનિત રહ્યા.

અરબીભાષામાં ઈમામ સાહેબે આટલી ઓછી મુદ્દતમાં જે રચનાઓ યાદગાર છોડી છે તેમને જોઈને હૈરત થાય છે. એ જ રચનાઓની અધિકતાના કારણે અકસર ઉલમાએ ઈસ્લામે આપને “સૈયદુલ મુસન્નિફીન”નો ખિતાબ આપ્યો હતો.

કહેવાય છે કે ઈમામ ગિઝાલી કુદ્દેસસિર્રહુની સઘળી કૃતિઓના

---

★ **નોંધ** : *હઝરત અબૂઅલી ફારમદી رحمۃاللہعلیہ નકશબંદી સિલસિલાના મહાન બુઝુર્ગ છે. આપ હઝરત અબૂલહસન ખિરકાની رحمۃاللہعلیہના ખલીફા હતા. હઝરત અબુલ હસન ખિરકાની رحمۃاللہعلیہના પીરો મુર્શિદ નકશબંદી સિલસિલાના પેશ્વા હઝરત બાયઝીદે બુસ્તામી رحمۃاللہعلیہ છે.*

પૃષ્ઠોને જો તેમના આયુષ્ય પર વહેંચી દેવામાં આવે તો **દરરોજ ચારસો પૃષ્ઠોની ગણત્રી હિસાબમાં આવે છે** જે એક આશ્ચર્યજનક વાત છે. ઈમામ હુજ્જતુલ ઈસ્લામની કૃતિઓની સંખ્યામાં મતભેદ છે. ઈમામ સાહેબે પોતે પોતાના એકપત્રમાં જે તેમણે ૫૩ વર્ષની વયમાં લખ્યો હતો, આ સિલસિલામાં આવી રીતે બયાન કર્યું છે :–

‘‘મેં દીની ઉલૂમમાં લગભગ ૭૦ કિતાબો લખી છે.’’

આ હવાલામાં કેવળ દીની ઉલૂમ પર લખવામાં આવેલ કિતાબોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મુનાઝેરા અને ફિલોસોફીના રદ પર જે ઈમામ સાહેબનો મનપસંદ વિષય હતો લખવામાં આવેલ કિતાબોની ઈમામ સાહેબે ગણત્રી કરી નથી, ઈમામ સાહેબનનું જીવન વૃત્તાંત લખનારાઓ આપની રચનાઓની સંખ્યા ૨૦૦ બતાવે છે. આપ તેને અતિશયોક્તિ ન સમજો કે ઈમામ સાહેબની રચનામાં ‘‘અહયાઉલ ઉલૂમ’’ અને "કીમિયાએ સઆદત" જેવી દળદાર કિબો બહુ ઓછી છે. બલ્કે કેટલા એવા રિસાલાઓ અને પુસ્તિકાઓ પણ આ સંખ્યામાં સામેલ છે. જે થોડાક પૃષ્ઠો પર આધારિત છે, પરંતુ એક સ્થાયી નામથી નામાંકિત છે. આ રિસાલાઓ અને કિતાબોમાંથી કેટલાક પ્રકટ થઈ ગયા છે. અહ્યાઉલ ઉલૂમ અને કીમિયાએ સઆદત પછી શાફઈ ફિકહ પર તેમની રચનાઓ અલાબસીત, અલવજીઝ અને અલવસીત મધ્યમ દરજ્જાની સ્થુળતા (જાડાઈ)વાળી કિતાબો છે. તદઉપરાંત સ્થુળતાની ગણનાએ અલ મનકદ મનઅદલાલ અને તહાફતહ અલફલાસફા ઉલ્લેખનીય છે. આપની દષ્ટિ સમક્ષની આ કિતાબ મુકાશફતુલ કુલૂબ પણ એજ સંબંધમો આવે છે. કહેવાય છે કે ઈમામ સાહેબે કુરઆન શરીફની એક તફસીર પણ લખી હતી, જે કેટલીએ દળદાર જિલ્દો પર આધારિત હતી, પરંતુ તે નાયાબ (દુર્લભ) છે, તેની કોઈ હસ્તપ્રત પણ હવે સુરક્ષિત નથી. એવી જ રીતે ઈમામ સાહેબની અધિકતમ કિતાબો નાયાબ છે. કેવળ તેમનાં હસ્તપ્રતો બ્રિટન, જર્મની અને ઈરાનની રાષ્ટ્રીય લાયબ્રેરીઓમાં ઉપલબ્ધ છે અને તેમના કેવળ નામ ઈમામ સાહેબની કૃતિઓમાં લેવામાં આવે છે. ઈમામ

સાહેબની તે મશહૂર કિતાબોમાં જે આજે પણ આપણી પહોંચથી બહાર નથી, તે આ કિતાબોને કહી શકાય છે :–

''અહયાઉલઉલૂમ'', ''કીમિયાએ સઆદત'', ''અલબસીત'', ''અલવજીઝ'', ''અલવસીત'', ''અલ મનકદ મન અદલાલ'', '' અલ મુરશદલ અમીન'', ''મિન્હાજુલ આબેદીન'', ''મુકાશફતુલ કુલૂબ'', ''અલમસત ઝહરી'', ''અલ કસતા સુલમુસ્તકીમ'', ''તહફતુલ ફલાસફા'' અને ''નસીહતુલ મલૂક.''

ઉપરોકત કિતાબો પૈકી કેટલીક કિતાબો અનેક વખત પ્રકટ થઈ ગઈ છે અને તેઓ પૈકીમાંથી કેટલીએ કિતાબોના ઉર્દૂ તર્જુમા પણ પ્રકાશિત થઈ ગયા છે.

મને અફસોસ છે કે હું ઉપરોકત કિતાબોમાંથી દરેકનો સંક્ષિપ્ત પરિચય પણ મુકદ્દમા (પ્રસ્તાવના)ના આ થોડાક પૃષ્ઠોમાં કરાવી શકતો નથી કે પ્રકાશક તરફથી પ્રતિબંધ છે કે મુકદમો પંદર સોળ પાનાથી વધુ પર આધારિત ન થાય. એટલા માટે હું કેવળ અહ્યાઉલ ઉલૂમ, કીમિયાએ સઆદત અને મુકાશફતુલ કુલૂબનો બહુ જ સંક્ષિપ્ત પરિચય આપની સમક્ષ રજૂ કરીશ અને તેના પછી હઝરત હુજ્જતુલ ઈસ્લામ કુદેસસિર્રહુની સાહિત્યકારી અને શાએરી પર થોડુક સંક્ષિપ્તમાં રજૂ કરીશ.

ઈમામ સાહેબની કિતાબોમાં જેવુ કે હું આનાથી પહેલાં અરજ કરી ગયો છું, અહ્યાઉલ ઉલૂમ અને કીમિયાએ સઆદત શોહરત અને વ્યાપકતાની ગણનાએ પ્રથમ કક્ષાએ છે, તેના પછી મિન્હાજુલ આબેદીન અને મુકાશફતુલ કુલૂબ અને તહાફતુલ ફલાસફા છે અને ફિકહમાં બસીત, વજીઝ અને વસીતને બહુ જ એતેબાર પ્રાપ્ત છે.

## ★ અહ્યાઉલ ઉલૂમ ★

આપની રચનામાં બહુ જ દળદાર અને વ્યાપક કિતાબ છે. તે ચાર મોટી જિલ્દો (વોલ્યુમ) પર આધારિત છે અને તેનો વિષય તસવ્વુફ છે. તસવ્વુફની દુનિયામાં જેવું કે પ્રથમ અરજ કરી દેવામાં આવ્યું છે એક બુલંદ મકામ પ્રાપ્ત છે. ઈમામ સાહેબે અહ્યાઉલ ઉલૂમમાં શરીઅત અને

ઈરફાન તથા તસવ્વુફમાં અનુકૂળતાનો એક સફળ પ્રયત્નો કર્યો છે. તસવ્વુફના સઘળા મસાઈલ, અહેવાલ અને મક઼ામાતને શરઈ દલીલો સાથે રજૂ કર્યા છે. જો કે આ કિતાબનાં કેટલાક સ્થાનો પર આ લોકોએ નુકતાચીની પણ કરી છે, અલ્લામા ઈબ્ને જૌઝી વિગેરે. પરંતુ દુનિયાએ તેમની આલોચનાને કાંઈ મહત્વ આપ્યું નથી અને અહ્યાઉલ ઉલૂમને જે લોકપ્રિયતા પ્રાપ્ત હતી તે કોઈ રીતે ઓછી થઈ શકી નહી. અહ્યાઉલ ઉલૂમ બાર અરકાન પર આધારિત છે અને દરેક રૂકન એક જિલ્દ પર વ્યાપ્ત છે. અર્થાત પ્રથમ રૂકન ઈબાદાત, બીજો રૂકન આદાત, ત્રીજો રૂકન સામે મુહલિકાત અને ચોથો રૂકન મુસ્તહબ્બાત પર આધારિત છે. દરેક રૂકન દસ પ્રકરણો પર વહેંચાયેલો છે. આ બાર અરકાન (ચાર જિલ્દો)માં હઝરત હુજ્જતુલ ઈસ્લામે બહુ જ સ્પષ્ટતાથી કુરઆની નુસૂસ અને હદીષોથી દલીલો કરતાં ભરપેટ ચર્ચા કરી છે અને સત્ય એ છે કે ઈબાદાત તથા અખ્લાક઼, મુહલકાત તથા મુસ્તહબ્બાત પર જે કાંઈ મળ્યું છે હક અદા કરી દીધો છે. અખ્લાક઼ તથા તસવ્વુફની કિતાબોમાં અહ્યાઉલ ઉલૂમને જે ખ્યાતિ પ્રાપ્ત છે આ જ સુધી કોઈ કિતાબને પ્રાપ્ત થઈ શકી નહી.

## ★ કીમિયાએ સઆદત ★

ફારસી ભાષામાં બિલકુલ અહ્યાઉલ ઉલૂમના અરકાન તથા પ્રકરણો તથા ફસૂલના વિષયોની વહેંચણી તથા તરતીબ સાથે લખવામાં આવી છે. અર્થાત તે પણ ચાર અરકાન પર વહેંચાએલી છે અને દરેક રૂકન દસ પ્રકરણ પર આધારિત છે. અહ્યાઉલ ઉલૂમ અને કીમિયાએ સઆદતમાં કેવળ એટલો તફાવત છે કે અહ્યાઉલ ઉલૂમ અરબી ભાષામાં છે અને તેના વિવાદો બહુ જ વિસ્તૃત છે. કીમિયાએ સઆદત જો કે એક દળદાર જિલ્દમાં છે. એટલા માટે તેના વાદવિવાદ અહ્યાઉલ ઉલૂમથી થોડાક સંક્ષિપ્ત છે. કીમિયાએ સઆદત આ ચાર અરકાન પર આધારિત છે. પ્રથમ રૂકન ઈબાદાત, બીજો રૂકન મુઆમલાત, ત્રીજો રૂકન સોમે મુકહલિકાત (ઘાતક) અને ચોથો રૂકન મુસ્તહબ્બાત. કેટલાક લોકોનો ખ્યાલ છે કે કીમિયાએ સઆદત ફારસી ભાષામાં અહ્યાઉલ ઉલૂમનો ખુલાસો છે, જો કે એવું નથી. ઈમામ સાહેબે પોતાની કિતાબોમાં એક સ્થાયી રચનાની હેસિયતથી તેને

રજૂ કરી છે. કેવળ વિષયોની તરતીબ તથા અરકાનના પ્રકરણોમાં એકરૂપતા છે. અહ્યાઉલ ઉલૂમ અને કીમિયાએ સઆદત બંને અલગ કિતાબો છે.

*(નોટ : હવે આ બંને કિતાબોના ઉર્દૂ તરજુમા મળે છે.)*

## ★ મુકાશફતુલ કુલૂબ ★


જેનો ઉર્દૂ તરજુમો (હવે ગુજરાતી પણ) આપના સમક્ષ રજૂ કરવામાં આવી રહ્યો છે. તે પણ ઈમામ સાહેબની મશહૂર અને ઉચ્ચ કક્ષાની કિતાબોમાં ગણના થાય છે જેવું કે નામથી જાહેર થાય છે, તેના વિવાદ–ચર્ચાઓ અને વિષયો ખરેખર કશફે કુલૂબ (હૃદયની પ્રકટતા)નું કામ કરે છે. તેનો વિષય પણ અખ્લાક઼ તથા તસવ્વુફ છે, આવા મિર તથા નવાહી (સારા કામોની પ્રેરણા અને ખરાબ કામોથી અટકાવવું) અને અખ્લાક઼ના મસાઈલ તેના કેટલાક વિષયો છે અને દરેક વિષયમાં હદીષની નસથી તર્કબદ્ધતા કરી છે. ઉચિત પ્રસંગોએ હિકાયતો તથા ઘટનાઓને પણ રજૂ કરી છે. અંબિયા عَلَيْهِمُ السَّلَام અને બુઝુર્ગોને દીનની ઘટનાઓના ઉલ્લેખમાં અસર ઉત્પન્ન કરવામાં આવ્યું છે. વર્ણન શૈલી અને પ્રવચન શૈલીમાં ચિત આર્કષકતા છે. અત્યાર સુધી તેનો ઉર્દૂ તરજુમો થયો ન હતો. હવે આપના લાભ માટે તેનો ઉર્દૂ તરજુમો (હવે ગુજરાતી પણ) રજૂ કરવામાં આવી રહ્યો છે.

## ★ લેખન શૈલી ★

ઈમામ હુજ્જતુલ ઈસ્લામ કુદ્દેસસિર્રહુ જો કે ફારસી નસલ હતા. પરંતુ અલ્લાહ તઆલાએ આપને અરબી ભાષા પર જે દક્ષતા–પ્રવિણતા અને દીની વિદ્યામાં જે દિવ્ય દષ્ટિ પ્રદાન કરી હતી તેનું પરિણામ હતું કે આપની ૧૦૦ કરતાં અધિક કિતાબોમાં ગણત્રીની થોડીક કિતાબો ફારસીમાં છે અને બાકીની સઘળી અરબી ભાષામાં છે. આપના લેખન કાર્યની સિદ્ધિ એ છે કે આપની વર્ણન પધ્ધતિ બહુ જ સાદી અને દિલકશ છે અને કૃત્રિમતાથી સાવ વિહીન, જે કાંઈ કહે છે બહુ જ ખુલૂસથી કહે છે. એટલા માટે અસરકારકતા પરાકાષ્ઠાએ મોજૂદ છે. જે વાત કહે છે દિલનર્શી દિલ પઝીર (હૃદયગમ) અંદાઝમાં કહે છે, ભલે તે અરબી ભાષા હોય કે ફારસી.

ઈમામ સાહેબ પોતાના રેખાંકનમાં કોઈ ખાસ પધ્ધતિની પેરવી–અનુકરણ કરતા નથી બલ્કે દરેક સ્થળે સાદાઈ અપનાવી છે. આપને વિષયો ઉપર એટલા પ્રમાણમાં ઉબૂર પ્રાપ્ત હતો કે જે કાંઈ કહે છે તેમાં બહુ જ સાદગી અને પ્રાયતા છે એટલા માટે આપને રોબદાર શબ્દો, નવીનતા, તરકીબ, અલંકારોનો સહારો લેવો પડ્યો નથી. સઘળા સહારા કૃત્રિમતામાં દરકાર હોય છે, પ્રાયમાં તેની આવશ્યકતા હોતી નથી. એ જ વિશિષ્ટતાઓના કારણે ઈમામ સાહેબની લેખન પધ્ધતિ દરેક યુગમાં લોકપ્રિય રહી અને ખૂદ ઈમામ સાહેબના વિષયોની ખૂબી અને તેમની બુલદી તે વાતની માંગકર્તા રહી કે ઈમામ સાહેબને જે સ્વીકૃતિ તેમની જિંદગીમાં પ્રાપ્ત હતી તે તેમની કિતાબોના લીધે આજે પણ બાકી છે અને ભવિષ્યમાં પણ રહેશે.

*–શમ્સ બરેલ્વી*



(પ્રકરણ : ૦૧)

# ખૌફ તથા ડર

આક઼ાએ નામદાર ﷺએ ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ એક ફરિશ્તો પેદા કર્યો જેની બંનેવ પાંખોની વચ્ચેનું અંતર પૂર્વ તથા પશ્ચિમને આવરી લે તેટલું છે. તેનું માથુ અર્શની નીચે છે અને બંનેવ પગો તહતુષ્ષરા (જમીનના પાતાળમાં)માં છે અને પૃથ્વીના પટ પર વસતી મખ્લૂક઼ના જેટલા તેના પગો છે. મારી ઉમ્મતમાંથી જયારે કોઈ પુરુષ અથવા સ્ત્રી મારા પર દુરૂદ મોકલે છે તો તે ફરિશ્તાને ખુદાનો હુકમ થાય છે કે તે અર્શની નીચે નૂરના દરિયામાં ડૂબકી લગાવે, તે ડૂબકી લગાવે છે. જયારે બહાર નીકળીને તે પોતાની પાંખો ખંખેરે છે તો તેની પાંખોમાંથી ટીપાંઓ ટપકે છે. ખુદા તઆલા દરેક ટીપાથી એક ફરિશ્તો પેદા કરે છે જે ક઼યામત સુધી તેના માટે મગફિરતની દુઆ કરે છે. એક બુઝુર્ગનો ક઼ૌલ છે કે, શરીરની સલામતી ઓછું ખાવામાં છે અને રૂહની સલામતી ઓછા ગુનાહોમાં છે અને ઈમાનની સલામતી હુઝૂર નબીએ કરીમ રઉફુર્રહીમ ﷺ પર સલાતો સલામ પઢવામાં છે.

ઈર્શાદે ખુદાવંદી છે :–

**يَاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ** ‘‘હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો.’’ *(અલ કલામુલ અવઝહ ફી તફસીરિલ અલમ નશ્રહ, પેજ : ૨૩૪, નુસ્રતુલ વાએઝીન, ભાગ : ૧, પેજ : ૧૨૧)* એટલે કે દિલમાં ખુદાનો ડર પેદા કરો અને તેની ઈતાઅત (આજ્ઞાપાલન) તથા ફરમાબરદારી કરો :–

وَلْتَنْظُرْ نَفْسٌ مَّا قَدَّمَتْ لِغَدٍ "અને ઈન્સાન જુએ કે ભવિષ્ય માટે આગળ શું મોકલ્યું." *(પારા : ૨૮, સૂરએ હશ્ર, આ. ૧૮)*

મતલબ એ છે કે બદલાના દિવસ (રોઝે જઝા) માટે શું અમલ કર્યો. ભાવાર્થ એનો એ થાય છે કે સદકા કરો અને નેક અમલો કરો. જેથી ક઼યામતના દિવસે તેનો અજર (બદલો) પામો અને પોતાના રબથી ડરતા રહો. અલ્લાહ તઆલા તમારી દરેક સારી અને નરસી વાતને જાણે છે.

ક઼યામતના દિવસે ફરિશ્તાઓ, જમીન, આસમાન, રાત્રિ તથા દિવસ સૌ ગવાહી આપશે કે આદમની અવલાદે આ કામ ભલાઈનું કર્યું કે બુરાઈનું કર્યું, ઈતાઅત તથા તાબેદારી કરી કે નાફર્માની કરી, એટલે સુધી કે ઈન્સાનના પોતાનાં અગો પણ તેની વિરુદ્ધ ગવાહી આપશે. ઈમાનદાર અને મુત્તક઼ી તથા પરહેઝગાર ઈન્સાનના હકમાં જમીન ગવાહી આપશે જેમ કે જમીન એવું કહેશે કે આ ઈન્સાને મારી પીઠ પર નમાઝ પઢી, રોઝા રાખ્યા, હજજ કરી, જેહાદ કર્યો. આ સાંભળીને ઝાહિદ (દુનિયાને તર્ક કરી ખુદાની ઈબાદત કરનાર) તથા મુત્તક઼ી શખ્સ ખુશ થશે અને કાફિર તથા નાફર્માન (ગુનેગાર)ની વિરુદ્ધ જમીન સાક્ષી આપતા કહેશે કે, તેણે મારી પર શિર્ક કર્યું, વ્યભિચાર કર્યો, શરાબ પીધી અને હરામ ખાધુ, હવે તેના માટે હલાકત તથા બરબાદી છે. જો અરહમુર્રાહિમીને તેઓ પાસે કડકાઈથી હિસાબ માંગ્યો. ઈમાનવાળો તે છે જે શરીરના તમામ અવયવો સાથે અલ્લાહ તઆલાથી ડર રાખતો હોય. જેમ કે ફકીહ અબુલ લયષે ફરમાવ્યું : સાત વાતોમાં અલ્લાહ તઆલાના ખૌફ (ડર)ની ખબર પડી જાય છે :–

**(૧)** તેની જીભ ગલત વાણી (જૂઠુ બોલવું), ગીબત, ચુગલી, તોહમત અને ફુઝૂલ બોલવાથી બચી હોય અને અલ્લાહ તઆલાનો ઝિક્ર કરવા, કલામે પાકની તિલાવત અને દીની ઈલ્મો (વિદ્યાઓ) શીખવામાં લાગેલી હોય.

**(૨)** તેના દિલમાંથી અદાવત, આક્ષેપબાજી અને મુસલમાન ભાઈઓની ઈર્ષા નીકળી જાય, કેમ કે ઈર્ષા નેકીઓને સફાચટ કરી દે છે. જેમ કે ફર્માને મુસ્તફવી ﷺ છે, **(અર્થ)** : હસદ (ઈર્ષા) નેકીઓને

ખાઈ જાય છે જેવી રીતે આગ લાકડીઓને ખાઈ જાય છે. *(સુનને અબૂ દાઊદ, ૨/૬૭૨, સુનને ઈબ્ને માજહ, અબ્વાબુઝ્ઝુહદ, પેજ : ૩૧૦, અત્તરગીબ વત્તરહીબ, ૩/૩૪૭)*

જાણવું જોઈએ કે હસદ દિલની એકદમ નીચ કક્ષાની બીમારીઓમાંની એક બીમારી છે અને દિલની બીમારીઓનો ઈલાજ કેવળ ઈલ્મ તથા અમલ વડે જ થઈ શકે છે.

**(૩)** તેની નજર હરામ ખાવા પીવાથી અને હરામ લિબાસ (પોષાક) વગેરેથી સુરક્ષિત રહે છે અને દુનિયાની તરફ લાલચની નજરે ન જુએ બલ્કે કેવળ ઈબ્રત પકડવા (બોધ લેવા) માટે તેની તરફ જુએ અને હરામ ઉપર તો કદી તેની નજર પણ ન પડે. જેમ કે નબીએ કરીમ ﷺએ ફરમાવ્યું :–

**(અર્થ)** : "જેણે પોતાની આંખો હરામથી ભરી તો અલ્લાહ તઆલા ક઼યામતના દિવસે તેને આગથી ભરી દેશે."

**(૪)** તેના પેટમાં હરામ ખોરાક ન જાય કે એ ગુનાહે કબીરા છે. હુઝૂર ﷺ ફર્માવે છે :–

**(અર્થ)** : "બની આદમના પેટમાં જો હરામનો કોળીયો પડયો તો જમીન તથા આસમાનનો દરેક ફરિશ્તો તેના પર લાનત કરશે જ્યાં સુધી તે કોળીયો તેના પેટમાં રહેશે અને જો તે જ હાલતમાં મૃત્યુ પામ્યો તો તેનું ઠેકાણુ જહન્નમ છે."

**(૫)** હરામની તરફ હાથ ન લંબાવે બલ્કે શકય હોય ત્યાં સુધી તેનો હાથ ખુદાની ઈતાઅતની તરફ વધે.

હઝરત કઅબ ઈબ્ને અહબાર رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહ તઆલાએ લીલા મોતી (ઝબરજદ)નો મહેલ બનાવ્યો છે. તેમાં સિત્તેર હજાર ઘરો છે અને દરેક ઘરમાં સિત્તેર હજાર કમરાઓ છે. તેમાં તે જ દાખલ થશે જેની સમક્ષ હરામ (માલ વગેરે) રજૂ કરવામાં આવે અને તે ફકત ખુદાના ખૌફને ખાતર તેને ત્યજી દે.

**(૬)** તેનો ક઼દમ અલ્લાહ તઆલાની નાફર્માનીમાં ન ચાલે બલ્કે

કેવળ તેની ઈતાઅત તથા ખુશનુદીમાં રહે અને આલિમો અને નેક લોકોની તરફ પ્રયાણ કરે.

**(૭)** ઈબાદત તથા મુજાહિદા : ઈન્સાને જોઈએ કે કેવળ નિઃસ્વાર્થતાથી (ખાલિસ) અલ્લાહ તઆલાના માટે ઈબાદત કરે, રિયાકારી તથા મુનાફિકતથી બચતો રહે. જો એવું કર્યું તો તે એ લોકોમાં સામેલ થશે જેના વિશે ઈર્શાદે ખુદાવંદી છે : **وَالْاٰخِرَةُ عِنْدَ رَبِّكَ لِلْمُتَّقِيْنَ** ''અને તારા રબની નજીક આખેરત ડરનારાઓ માટે છે.'' *(સૂરએ ઝુખરફ, આ. ૩૫, પારા : ૨૫)*

બીજી આયતમાં આ પ્રમાણે ઈર્શાદ છે : **اِنَّ الْمُتَّقِيْنَ فِىْ مَقَامٍ اَمِيْنٍ** ''બેશક ! મુત્તક઼ી અમ્ન (શાન્તિ)વાળા મક઼ામમાં હશે.'' *(પારા : ૨૫, સૂરએ દુખાન, આ. ૫૨)*

મતલબ કે ખુદાવંદે તઆલા ફર્માવે છે કે આજ લોકો (મુત્તક઼ી તથા પરહેઝગાર) ક઼યામતના દિવસે દોઝખથી છૂટકારો પામશે અને ઈમાનદાર માણસે જોઈએ કે તે ખૌફ અને ઉમ્મીદની દરમ્યાનમાં રહે અને તે જ અલ્લાહ તઆલાની રહમતનો ઉમ્મીદવાર હશે અને તેનાથી નિરાશ અને નાઉમ્મીદ રહેશે નહીં. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : **لَا تَقْنَطُوْا مِنْ رَّحْمَةِ اللّٰهِ** ''અલ્લાહની રહમતથી નિરાશ ન થાવ.'' *(પારા : ૨૪, સૂરએ ઝુમર, આ. ૫૨)*

વળી, અલ્લાહ તઆલાની ઈબાદત કરે, બુરાઈના કામોથી મોઢુ ફેરવી લે અને અલ્લાહ તઆલાની પ્રત્યે દિલો જાનથી ધ્યાનિત રહે.

(પ્રકરણ : ૦૨)

## ખુદાનો ડર

જનાબ અલ્લામા અબુલ લયષ رحمۃ اللہ علیہ કહે છે કે સાતમા આસમાન પર અલ્લાહના એવા ફરિશ્તાઓ છે કે તેઓને અલ્લાહ તઆલાએ જ્યારથી પેદા કર્યા છે ત્યારથી સતત સિજદામાં છે અને અલ્લાહ તઆલાના અઝાબથી પુષ્કળ ડરી ગયેલા છે. કયામતના દિવસે જ્યારે તેઓ સિજદામાંથી માથુ ઉંચકશે તો તેઓ કહેશે :–

سُبْحٰنَكَ مَا عَبَدْ نَاكَ حَقَّ عِبَادَتِكَ "હે અલ્લાહ ! عزوجل તું પાક છે, અમે તારી, જેવા કે હક છે તેવી ઈબાદત નથી કરી શકતા." *(પારા : ૪, સૂરએ નહલ, આ. ૫૦)*

ફર્માને ઈલાહી છે :– يَخَافُوْنَ رَبَّهُمْ مِنْ فَوْقِهِمْ وَيَفْعَلُوْنَ مَا يُؤْمَرُوْنَ "તે ફરિશ્તાઓ પોતાના રબથી ડરે છે અને જે ચીજનો તેઓને હુકમ આપવામાં આવ્યો છે તે જ કરે છે અને એક ક્ષણ પણ મારી નાફર્માનીમાં નથી પસાર કરતા." *(અત્તરગીબ વત્તરહીબ, ૪/૧૧૭, અહયાઉલ ઉલૂમ, ૪/૧૪૨, અસદુલગાબા, ૭/૪૨૩)*

રસૂલે અકરમ صلی اللہ علیہ وسلم ઈર્શાદ ફર્માવ્યો : (અર્થ) : "જ્યારે કોઈ બંદો ખુદાના ખૌફથી કાંપે છે તો તેના ગુનાહો તેના શરીરથી એવી રીતે ખરી પડે છે જેવી રીતે ઝાડને હલાવવાથી તેનાં પાંદડાંઓ ખરી જાય છે."

**હિકાયત :** એક નવયુવાન એક સ્ત્રીની મહોબ્બતમાં પડી ગયો. તે સ્ત્રી કોઈ કાફલાની સાથે બહારની સફરે રવાના થઈ ગઈ. યુવાનને જ્યારે ખબર પડી તો તે પણ કાફલાની સાથે ચાલી નીકળ્યો. જ્યારે કાફલો જંગલમાં પહોંચ્યો તો રાત થઈ ગઈ જેથી રાતે તેઓએ ત્યાં જ પડાવ નાખ્યો. જ્યારે સૌ લોકો સૂઈ ગયા, તે નવયુવાન ચૂપકીદી સાથે તે સ્ત્રી પાસે પહોંચ્યો અને કહેવા લાગ્યો કે હું તને અતિશય મહોબ્બત કરૂ છું

અને એ કારણે જ આ કાફલામાં જોડાયો છું. સ્ત્રી બોલી, જઈને જોઈ લે કે કોઈ જાગી તો નથી રહ્યું ને ? યુવાને ખુશીના આવેશમાં આખા કાફલાનો ચકકર લગાવ્યો અને પાછો આવીને કહેવા લાગ્યો કે તમામ લોકો ઊંઘમાં સૂઈ રહ્યા છે. સ્ત્રીએ પૂછયું. અલ્લાહ તઅલાના વિશે તારો શો ખયાલ છે ? શું તે પણ સૂઈ રહેલ છે ? યુવાન બોલ્યો, અલ્લાહ તો ન કદી સૂએ છે ન કદી તેને ઊંઘ આવે છે. ત્યારે સ્ત્રી બોલી, લોકો સૂઈ ગયા તો શું થયું ? અલ્લાહ તો જાગી રહેલ છે, આપણને જોઈ રહેલ છે અને તેનાથી ડરવું આપણા માટે ફર્ઝ છે. નવયુવાને જેવી આ વાત સાંભળી તો ખૌફે ખુદાથી કાંપી ઉઠયો અને ખરાબ ઈરાદાથી તૌબા કરીને ઘરે પાછો ચાલ્યો ગયો.

કહે છે કે જયારે તે યુવાન મૃત્યુ પામ્યો તો કોઈકે ખ્વાબમાં જોઈને પૂછયું કે બતાવો તમારી શી હાલત થઈ ? યુવાને જવાબ આપ્યો કે, મેં અલ્લાહ તઆલાના ખૌફથી એક ગુનાહને છોડયો હતો તો અલ્લાહ તઆલાએ તેના કારણે મારા સર્વ ગુનાહોને માફ કરી દીધા.

**હિકાયત** : મજમઉલ લતાઈફમાં છે કે બની ઈસ્રાઈલમાં એક બચરવાળ આબિદ હતો. તે તંગદસ્તીમાં સપડાયો. જ્યારે ખૂબ જ પરેશાન થયો તો પોતાની પત્નીને કહ્યું, જા અને કોઈની પાસેથી કાંઈક માંગી લાવ. સ્ત્રીએ એક વેપારીને ત્યાં જઈને ખાણા માટે માંગણી કરી તો વેપારીએ કહ્યું કે જો તું મારી ઈચ્છા પૂરી કરી દે તો જે ઈચ્છે તે મળશે. સ્ત્રી બિચારી ચૂપચાપ ઘરે પાછી વળી ગઈ. બાળકોએ જ્યારે માતાને ખાલી હાથે આવતી જોઈ તો ભૂખથી ચીસો પાડવા લાગ્યાં અને કહેવા લાગ્યાં કે, મા ! અમે ભૂખથી મરી રહ્યાં છીએ કાંઈક ખાવાનું આપો ! તો તે સ્ત્રી ફરીથી તે વેપારીની પાસે પહોંચી અને ખાણા માટે સવાલ કર્યો તો વેપારીએ ફરીથી તે જ વાત કરી જે અગાઉ કહી હતી.

સ્ત્રી રાજી થઈ ગઈ પણ જ્યારે તે બંને શયનખંડમાં પહોંચ્યાં તો સ્ત્રી ડરથી ધ્રુજવા લાગી. વેપારીએ પૂછયું કે કોનાથી ડરે છે ? તેણે કહ્યું, હું તે ખુદાના ડરથી કાંપુ છુ જેણે આપણને પેદા કર્યા. ત્યારે વેપારી બોલ્યો કે જ્યારે તું કંગાળતા અને મુફલિસીની હાલતમાં પણ ખૌફે ખુદા રાખે છે તો

મારે પણ અલ્લાહના અઝાબથી ડરવું જોઈએ. આમ કહીને સ્ત્રીને ખૂબ જ માલ સામાન આપીને ઈજજતની સાથે વિદાય કરી.

અલ્લાહ તઆલાએ તે સમયના પયગમ્બર મૂસા عليه السلام પર વહી મોકલી કે ફલાણાના પુત્ર ફલાણાની પાસે જાવ અને તેને મારા સલામ કહી દો અને કહેશો કે મેં તેના તમામ ગુનાહોને માફ કરી દીધા છે. મૂસા عليه السلام ખુદાના હુકમ મુજબ તે વેપારીની પાસે આવ્યા અને પૂછયું કે શું તેં કોઈ મહાન નેકી કરી છે જેના કારણે અલ્લાહ તઆલાએ તારા તમામ ગુનાહોને માફ કરી દીધા છે ? તો તેના જવાબમાં વેપારીએ ઉપરોકત સઘળો પ્રસંગ કહી સંભળાવ્યો.

હુઝૂર صلى الله عليه وسلم ફર્માવે છે કે, ફર્માને ઈલાહી છે, ''હું મારા કોઈ બંદામાં બે (૨) ખૌફ અને બે અમ્ન ભેગા નથી કરતો. જે શખ્સ દુનિયામાં મારા અઝાબથી ડરે છે. તેને હું આખેરતમાં ડર વગરનો કરીશ પરંતુ જે દુનિયામાં મારા અઝાબથી નીડર રહે છે તેને હું આખેરતમાં ભયાવહ કરીશ (તેના પર અઝાબ ઉતારીશ).'' *(સહીહ ઈબ્ને હબ્બાન, ૨/૨૧, અત્તરગીબ વ ત્તરહીબ, ૪/૧૩૧, અહયાઉલ ઉલૂમ, ૪/૧૪૧)*

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : **فَلَا تَخْشَوُا النَّاسَ وَ اخْشَوْنِ** ''તમે લોકોથી નહીં મારાથી ડરો.'' *(પારા : ૬, સૂરએ માઈદા, આ. ૪૪)*

એક અન્ય આયતમાં છે : **فَلَا تَخَافُوْهُمْ وَخَافُوْنِ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ** ''જો તમે મોમિન છો તો લોકોથી નહીં મારાથી ડરો.'' *(પારા :૪, સૂરએ આલે ઈમરાન, આ. ૧૭૫)*

## ★ હઝરત ઉમર رضى الله عنه અને ખુદાનો ડર ★

હઝરત ઉમર رضى الله عنه જયારે કુરઆન મજીદની કોઈ આયત સાંભળ તા તો ડરના માર્યા બેભાન થઈ જતા. એક દિવસે એક તણખલુ હાથમાં લઈને કહ્યું કે, કાશ ! હું એક તણખલુ હોત અને કોઈ ઉલ્લેખનીય ચીજ ન હોત, કાશ ! મને મારી મા જન્મ ન આપત અને ખુદાના ડરથી આપ એટલુ રડ્યા કરતા હતા કે આપના ચહેરા પર આંસૂઓના વહેવાના કારણે બે કાળાં નિશાનો પડી ગયાં હતાં. *(અહયાઉલ ઉલૂમ, ૪/૧૬૧)*

હુઝૂરે ﷺએ ફર્માવ્યું, **(અર્થ)** : જે શખ્સ ખૌફે ખુદાથી રડે છે તે જહન્નમમાં કદાપિ દાખલ થશે નહીં. એ રીતે કે જેવી રીતે દૂધ ફરીથી તેના થાનો (આંચળો)માં જતું નથી. *(સુનને તિર્મિઝી, ૧/૨૯૨, સુનને નિસાઈ, ૨/૫૪, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૧, કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૪૩)*

દકાઈકુલ અખ્બારમાં છે કે કયામતના દિવસે એક શખ્સને લાવવામાં આવશે. જયારે તેના આમાલ જોખવામાં આવશે તો બુરાઈઓનું પલ્લુ ભારે થઈ જશે તેને જહન્નમમાં નાખવાનો હુકમ મળશે. તે વખતે તેની પાંપણોનો એક વાળ અલ્લાહ તઆલાની બારગાહમાં અર્ઝ કરશે કે, હે રબ્બે ઝુલજલાલ ! તારા રસૂલે ﷺ ફર્માવ્યું હતું કે જે અલ્લાહ તઆલા ખૌફથી રડે છે તેના માટે અલ્લાહ તઆલા જહન્નમની આગ હરામ કરી દે છે અને હું તારા ખૌફથી રડયો હતો. અલ્લાહ તઆલાની રહમતનો દરિયો જોશમાં આવશે અને તે શખ્સને આંસૂથી ભીના થયેલા એક વાળના બદલામાં જહન્નમથી બચાવી લેવામાં આવશે. તે સમયે હઝરત જિબ્રઈલ علیہ السلام પુકારશે કે ફલાણાનો પુત્ર ફલાણો એક વાળના બદલામાં નજાત પામ્યો.

હિદાયતુલ હિદાયહમાં છે કે કયામતના દિવસે જયારે જહન્નમને લાવવામાં આવશે તો તેમાંથી ભયંકર અવાજો નીકળશે જેના કારણે લોકો તેના ઉપરથી પસાર થવામાં ગભરાશે.

ફર્માને ઈલાહી છે : **وَتَرٰى كُلَّ اُمَّةٍ جَاثِيَةً كُلُّ اُمَّةٍ تُدْعٰىٓ اِلٰى كِتٰبِهَا**

''અને તમે પ્રત્યેક જુથને ગુઠણભેર નમેલા જોશો. પ્રત્યેક જુથ પોતાના આમાલનામા તરફ બોલાવવામાં આવશે.'' *(પારા-૨૫, સૂરએ જાષિયહ, આ. ૨૮)*

જયારે લોકો જહન્નમની નજીક આવશે તો તેમાંથી સખ્ત ગરમી અને ભયંકર અવાજો સાંભળશે જે પાંચસો વરસની સફરના અંતરેથી સંભળાતી હશે. જયારે દરેક નબી નફસી નફસી અને હુઝૂર ﷺ ઉમ્મતી ઉમ્મતી કહી રહ્યા હશે તે સમયે જહન્નમમાંથી એક ખૂબ જ પ્રંચડ આગ બહાર તરફ પ્રયાણ કરશે. આપની ઉમ્મત તેને દૂર કરવા માટે કહેશે કે, હે આગ !

તને નમાઝીઓ, સદકો દેવાવાળાઓ, રોઝાદારો અને ખુદાનો ડર રાખનારાઓનો વાસ્તો આપીએ છીએ, તું પાછી ચાલી જા. પણ આગ સતત આગળ વધતી જ જશે. ત્યારે હઝરત જિબ્રઈલ عليه السلام એવું કહેતા કહેતા હુઝૂર صلى الله عليه وسلمની ખિદમતમાં પાણીનો એક પ્યાલો રજૂ કરશે કે, ઉમ્મતે મુહમ્મદ صلى الله عليه وسلمની તરફ આગ વધી રહી છે અને અર્ઝ કરશે કે હે અલ્લાહ તઆલાના નબી ! એના વડે આગ પર છાંટાઓ મારો. આપ صلى الله عليه وسلم આગ પર તે પાણી વડે છાંટા મારશે તો તે આગળ તુરંત બુઝાઈ જશે. તે વખતે આપ صلى الله عليه وسلم જિબ્રઈલને તે પાણી વિશે પૂછશે તો જિબ્રઈલ કહેશે, હુઝૂર صلى الله عليه وسلم આ ખુદાના ડરથી ડરનારા તમારા ગુનેગાર ઉમ્મતીઓનાં આંસૂ હતાં. મને હુકમ આપવામાં આવ્યો છે કે આ પાણી આપ صلى الله عليه وسلمની ખિદમતમાં પેશ કરૂં અને આપ તેના વડે જહન્નમની આગને બુઝાવી દો.

હુઝૂર صلى الله عليه وسلم દુઆ માગ્યા કરતા હતા કે, હે અલ્લાહ તઆલા ! મને એવી આંખો અતા ફર્માવ જે તારા ખૌફથી રડવાવાળી હોય. *(કન્ઝુલ ઉમ્માલ, ૨/૧૮૪)*

હદીષ શરીફમાં છે, ''કોઈ એવો મોમિન બંદો નથી જેની આંખોમાંથી ખુદાના ડરના કારણે માખીના પાંખના બરાબર આંસૂ વહે અને તેની ગરમી તેના ચહેરા પર પહોંચે અને તેને કદી જહન્નમની આગ સ્પર્શે.'' *(કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૪૨, અલ મોઅજમુલ કબીર લિત્તિબરાની, ૧૦/૧૭, સુનને ઈબ્ને માજહ, અબ્વાબુઝ્ઝુહદ, ૨/૩૦૯)*

દરેક મુસલમાનના માટે જરૂરી છે કે તે ખુદાના અઝાબથી ડરતો રહે અને પોતે પોતાને નફસની ઈચ્છાઓથી રોકતો રહે. ફર્માને ઈલાહી છે :

فَاَمَّا مَنۡ طَغٰى وَاٰثَرَ الۡحَيٰوةَ الدُّنۡيَا فَاِنَّ الۡجَحِيۡمَ هِىَ الۡمَاۡوٰى وَ اَمَّا
مَنۡ خَافَ مَقَامَ رَبِّهٖ وَنَهَى النَّفۡسَ عَنِ الۡهَوٰى فَاِنَّ الۡجَنَّةَ هِىَ الۡمَاۡوٰى

''પછી જે કોઈએ નાફર્માની કરી અને દુનિયાની જિંદગીને સર્વસ્વ સમજી તેનું ઠેકાણું જહન્નમ છે. નફસને ઈચ્છાઓથી રોકી દીધું તો તેની પનાહની જગા જન્નત છે.'' *(પારા : ૩૦, સૂરએ નાઝિઆત, આ. ૩૭)*

જે માણસ અઝાબે ઈલાહીથી બચવા ઈચ્છે છે અને સવાબ તથા

રહમતનો ઉમ્મીદવાર હોય તેણે જોઈએ કે દુનિયવી મુસીબતો પર સબ્ર કરે, અલ્લાહ તઆલાની ઈબાદત કરતો રહે અને ગુનાહોથી બચતો રહે.

ઝહરૂર્રિયાઝમાં એક હદીષ છે કે જ્યારે જન્નતીઓ જન્નતમાં દાખલ થશે તો ફરિશ્તાઓ તેઓની સમક્ષ જાત જાતની નેઅમતો રજૂ કરશે. તેઓ માટે ફર્શ બિછાવશે, મિમ્બરો મૂકવામાં આવશે અને તેઓને વિવિધ પ્રકારનાં ભોજનો અને ફળો આપવામાં આવશે. તે વખતે જન્નતીઓ આશ્ચર્યમાં ડૂબેલા હશે તો અલ્લાહ તઆલા ફર્માવશે, હે મારા બંદાઓ ! આશ્ચર્યમાં કેમ પડયા છો ? આ જન્નત આશ્ચર્યમાં પડવાની જગા નથી. તે વખતે મોમિનો અર્ઝ કરશે, યા અલ્લાહ ! તેં એક વાયદો કર્યો હતો જેનો સમય આવી પહોંચ્યો છે. ત્યારે ફરિશ્તાઓ કહેશે કે તેઓ તારો દીદાર કેવી રીતે કરશે જ્યારે કે તેઓ ગુનેહગાર હતા ? તે જ ક્ષણે ફર્માને ઈલાહી થશે કે તમે પડદા ઉઠાવી લો કેમ કે આ ઝિક્ર કરવાવાળા, સિજદા કરવાવાળા અને મારા ડરથી રડવાવાળા હતા અને મારા દીદારના ઉમ્મીદવાર હતા. તે વખતે પડદા ઉઠાવી દેવામાં આવશે અને જન્નતીઓ અલ્લાહનો દીદાર થતાં જ સિજદામાં પડી જશે, તો ફર્માને ઈલાહી થશે કે માથુ ઉઠાવો, આ જન્નત અમલનું ઘર નથી પણ બદલાની જગા છે અને તેઓ પોતાના રબને કયફિયત વગર જોશે. રબ તઆલા ફર્માવશે :–

سَلَامٌ عَلَيْكُمْ عِبَادِىْ فَقَدْ رَضِيْتُ عَنْكُمْ فَهَلْ رَضِيْتُمْ عَنِّىْ

“મારા બંદાઓ ! તમારા પર સલામતી હજો હું તમારાથી રાજી છું, શું તમો મારાથી રાજી છો ?” *(પારા : ૩૦, સૂરએ બૈયિનહ, આ. ૮)*

જન્નતીઓ અર્ઝ કરશે કે હે અમારા રબ ! અમો કેમ રાજી નહીં થઈએ, જ્યારે કે તેં અમોને એવી નેઅમતો આપી જેને ન કોઈ આંખે જોયી છે ન કોઈ કાને સાંભળી અને ન કોઈના દિલમાં તેનો ખયાલ પણ પસાર થયો અને આ જ તે ફર્માને ઈલાહી رَضِىَ اللّٰهُ عَنْهُمْ وَ رَضُوْا عَنْهُનો મકસદ છે કે અલ્લાહ તેઓથી રાજી થયો અને તેઓ અલ્લાહથી રાજી થયા અને سَلَامٌ قَوْلًا مِّنْ رَّبٍّ رَّحِيْمٍ. *(પારા : ૨૩, સૂરએ યાસીન, આ. ૫૮)*

(પ્રકરણ : 03)

# સબ્ર તથા બીમારી

જે શખ્સ એવું ઈચ્છે છે કે તે અઝાબે ઈલાહીથી મુક્તિ પામે અને સવાબ તથા રહમતને મેળવે અને જન્નતી થઈ જાય તો તેણે જોઈએ કે તે પોતે પોતાને દુન્યવી ઈચ્છાઓથી રોકે અને દુનિયાની તકલીફો તથા મુસીબતો પર સબ્ર કરે. જેમ કે ફર્માને ઈલાહી છે, **وَاللّٰهُ يُحِبُّ الصّٰبِرِيْنَ** "અલ્લાહ સબ્ર કરવાવાળાઓને મહબૂબ રાખે છે." *(પારા : ૪, સૂરએ આલે ઈમરાન, આ. ૧૪૬)*

**સબ્રના પ્રકારો** :– સબ્રના ઘણા પ્રકારો છે. અલ્લાહ તઆલાની ઈતાઅત (આજ્ઞા પાલન) પર સબ્ર કરવી અને દરેક સમયે ઈબાદતમાં લીન રહેવું. હરામ ચીજોથી બચવું, તકલીફો પર સબ્ર કરવી અને પ્રથમ તો સદમા પર સબ્ર કરવી, વગેરે.

જે શખ્સ ઈતાઅતે ઈલાહી પર સબ્ર કરે છે અને દરેક સમયે ઈબાદતમાં લીન રહે છે તેને કયામતના દિવસે અલ્લાહ તઆલા ત્રણસો એવા દરજ્જાઓ અતા કરશે જેમાં દરેક દરજ્જા વચ્ચે જમીન તથા આસમાન જેટલું અંતર હશે. જે અલ્લાહ તઆલાની હરામ કરેલી ચીજોથી સબ્ર કરે છે તેને છસો દરજ્જાઓ અતા થશે. જેમાં દરેક દરજ્જા વચ્ચેનું અંતર સાતમા આસમાનથી સાતમી જમીનના અંતર બરાબર હશે. જે મુસીબતોમાં સબ્ર કરે છે તેને સાતસો દરજ્જાઓ અતા થશે જેમાં દરેક દરજ્જા વચ્ચેનું અંતર તહતુષ્ષરા (પાતાળ)થી લઈને અર્શે ઉલાના જેટલું હશે.

**હિકાયત** : હઝરત ઝકરિયા عليه السلام જયારે યહૂદીઓના હુમલાના કારણે શહેરની બહાર નીકળ્યા કે કયાંક છુપાઈ જાય અને યહૂદીઓ તેમની પાછળ દોડ્યા તો આપે નજીકમાં એક ઝાડ જોઈને તેને કહ્યું કે, હે ઝાડ ! મને તારી અંદર છુપાવી લે ! તો ઝાડ ચિરાઈ ગયું અને આપ તેમાં છુપાઈ ગયા. જયારે યહૂદીઓ ત્યાં પહોંચ્યા તો શયતાને તેઓને બધી વાત જણાવી દીધી અને કહ્યું કે આ ઝાડના કરવત વડે બે ટુકડા કરી દો. જેથી તેઓએ એ જ પ્રમાણે કર્યું અને આ કેવળ એટલા માટે થયું કે હઝરત ઝકરિયા عليه السلام

બારી તઆલાની ઝાતને બદલે મઝાહિરે કુદરતે બારી (ખુદાની કુદરતના ઝહૂર થવાની જગા)થી પનાહ માંગી હતી ! જેથી આપે પોતાની હસ્તીને મુસીબતમાં મૂકી અને આપના બે ટુકડાઓ કરી દેવામાં આવ્યા.

હદીષે કુદસીમાં છે કે અલ્લાહ તઆલા ફર્માવે છે, જ્યારે મારો કોઈ બંદો મુસીબતમાં મારાથી સવાલ કરે છે તો હું તેને માંગવાથી પહેલાં જ દઈ દઉં છું અને તેની દુઆને કબૂલ કરી લઉ છું અને જે બંદો મુસીબના વખતે મારી મખ્લૂક઼થી મદદ માંગે છે✪ તેના માટે આસમાનના દરવાજાઓ બંધ કરી દઉં છું.

**હઝરત ઝકરિયાને ઉફ કરવાની મનાઈ :–** કહે છે કે હઝરત ઝકરિયા عليه السلامના માથા સુધી કરવત પહોંચી તો આપે આહ કરી. ઈર્શાદે ઈલાહી થયો, હે ઝકરિયા ! મુસીબત પર પહેલાં સબ્ર કેમ ન કરી જ્યારે હવે ફરિયાદ કરો છો ? જો બીજીવાર મોઢેથી આહ કાઢી તો સાબિરોના દફતરેથી તમારૂં નામ કાઢી નાખવામાં આવશ★. ત્યારે હઝરત ઝકરિયા

---

*✪ દુનિયાદાર મખ્લૂક઼થી અથવા રબને છોડીને પોતાના હેઠળનાઓથી અને તે જ પ્રમાણે કોઈને ખુદા સમજીને જે મદદ માગે છે.*

*★ મોહિબ (મહોબ્બત કરનાર) તેના મહબૂબમાં કોઈ ખૂબી તેના મહબૂબથી અલગ થાય તે નથી ઈચ્છતો તે જ પ્રમાણે મા–બાપ પોતાના પ્રિય બીમાર બાળકને તંદુરસ્ત જોવા ચાહે છે જેથી દવા પીવડાવતી વખતે અથવા પરહેઝ કરાવવાની બાબત કડક શબ્દોથી કામ લે છે, ધમકી પણ આપે છે. (દા.ત. દવા પીશે નહીં તો અમે બોલીશું નહીં વગેરે). તે જ પ્રમાણે રબ પોતાના વલી (દોસ્ત)માં સબ્રની ખૂબી શહાદતના ગુણની સાથે જોવાની પસંદ ફર્માવી અને સબ્રની શીખ માટે મહોબ્બતને ખાતર ચેતવણી આપી. બીજું કે રબ તઆલાનું ઝકરિયા عليه السلامને એ ફર્માવવું કે, ''નામ કમી કરી દેવામાં આવશે.'' એ મશ્રૂત (શરતની સાથે) છે. તે જ પ્રમાણે હુઝૂરે صلى الله عليه وسلمએ પણ કેટલીયે વાર ફર્માવ્યું, દા. ત. હુઝૂર صلى الله عليه وسلمએ રબ તઆલાની ઔલાદની નફી (ન હોવા વિશે)માં ફર્માવ્યું કે રબ તઆલાને ફરઝંદ હોત તો હું સૌ પ્રથમ તેની ઈબાદત કરત.*

***મહત્ત્વનો મુદ્દો*** *:– કોઈ પ્રકારનો અયબ નબીમાં માનવો તે હક઼ીક઼તમાં ખુદાતઆલાની પસંદગીમાં ખામી માનવું થશે કે પરિપૂર્ણ ગુણોવાળા નબી પસંદ ન કર્યા અથવા નબી પસંદ કરતી વખતે તેના ભવિષ્યમાં નબુવ્વતને લાયક નહીં એવાં કાર્યોથી બેખબર રહ્યો. આ પ્રસંગની વિસ્તારપૂર્વક વિગત ''અવરાકે ગમ''માં વાંચો.*

عليه السلام એ પોતાના હોઠોને બંધ કરી દીધા. ચિરાઈને બે ટુકડા થઈ ગયા પણ ફરીવાર ઉફ સુધ્ધાં ન કર્યું.

એટલા માટે દરેક બુધ્ધિશાળી માટે જરૂરી છે કે તે મુસીબતો પર સબ્ર કરે અને ફરિયાદનો શબ્દ જીભ પર ન લાવે જેથી કરીને દુનિયા તથા આખેરતના અઝાબથી મુક્તિ મેળવી લે. જેમ કે આ દુનિયામાં અંબિયા عليه السلام અને અવલિયા અલ્લાહના પર જ વધુ પ્રમાણમાં મુસીબતો આવે છે.

## ★ સૂફીઓની દષ્ટિએ મુસીબતની હક઼ીક઼ત ★

હઝરત જુનૈદ બગદાદી رحمة الله عليه નો કૌલ છે કે મુસીબતો આરિફોનો ચિરાગ, મુરીદોની જાગૃતિ, મોમિનની સુધારણા અને ગાફિલોના માટે હલાકત છે. મોમિન મુસીબત પર સબ્ર કર્યા વગર ઈમાનની મધુરતાને પામી શકતો નથી. હદીષ શરીફમાં છે કે જે શખ્સ રાતભર બીમાર રહ્યો અને સબ્ર કરીને અલ્લાહ તઆલાની રઝામંદીનો ઈચ્છુક રહ્યો તો તે શખ્સ ગુનાહોથી એવો પાક થઈ જશે જેવી રીતે કે પોતાના જન્મ વખતે હતો. એટલા માટે જયારે તમે બીમાર થઈ જાવ તો આફિયત (તંદુરસ્તી)ની તમન્ના ન કરો. *(સુબબુલ હુદા વર્રિશાદ, ૧૨/૧૧૭)*

જનાબ ઝહ્હાક કહે છે કે જે શખ્સ ચાલીસ રાતોમાં એક રાતે પણ રંજ તથા ગમમાં ન સપડાયો હોય તો અલ્લાહ તઆલાને ત્યાં તેના માટે કોઈ ખૈર તથા ભલાઈ નથી.

## ★ બીમાર મોમિન બંદાના ગુનાહો નથી લખવામાં આવતા ★

હઝરત મઆઝ ઈબ્ને જબલ رضي الله عنه થી મરવી છે કે જયારે મોમિન બંદો કોઈ બીમારીમાં સપડાઈ જાય છે તો તેના જમણા ખભાવાળા (ફરિશ્તા)ને કહેવામાં આવે છે કે તેના દ્વારા થયેલી છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૩/૩૦૯, હદીષ : ૬૬૯૫)*

હદીષ શરીફમાં છે, જયારે કોઈ બંદો બીમાર પડી જાય છે તો અલ્લાહ તઆલા તેની તરફ બે ફરિશ્તાઓ મોકલે છે કે જાઓ જઈને જુઓ મારો

બંદો શું કહે છે ? જો બીમાર અલ્હમ્દુલિલ્લાહ કહે છે તો ફરિશ્તા અલ્લાહની બારગાહમાં જઈને તેનું કથન અર્ઝ કરે છે. ખુદા તઆલાનો ઈર્શાદ થાય છે કે જો મેં તે બંદાને એ બીમારીમાં મૌત આપ્યું તો તેને જન્નતમાં દાખલ કરીશ અને જો તંદુરસ્તી અતા કરી તો તેને અગાઉથી પણ બેહતર પોષણ કરવાવાળો ગોશ્ત અને લોહી દઈશ અને તેના ગુનાહોને માફ કરી દઈશ. *(અત્તરગીબ વત્તહરીબ, ૪/૧૫૦, કન્ઝુલ ઉમ્માલ, ૩/૩૧૦, હદીષ–૬૭૦૪, મોઅત્તબા ઈમામ માલિક, ૨/૯૪૦)*

**એક બોધદાયક હિકાયત :–** બની ઈસરાઈલમાં એક ખૂબ જ ફાજિર તથા ફાસિક માણસ હતો જે તેના હુકમોથી કદી પાછો હઠતો ન હતો. શહેરવાસીઓ જ્યારે તેની બદકારીઓથી આજિઝ આવી ગયા તો અલ્લાહ તઆલાને તેની બુરાઈથી રક્ષિત રાખવાની દુઆ કરવા લાગ્યા. અલ્લાહ તઆલાએ હઝરત મૂસા عليه السلام ની તરફ વહી મોકલી કે બની ઈસરાઈલના ફલાણા શહેરમાં એક બદકાર યુવાન રહે છે તેને શહેરમાંથી તડીપાર કરો જેથી તેની બદકારીઓના કારણે આખા શહેર ઉપર આગ ન વરસે. હઝરત મૂસા عليه السلام ત્યાં તશરીફ લઈ ગયા અને તેને તેની વસ્તીથી હાંકી કાઢયો.

ફરીથી ફર્માને ઈલાહી થયો કે તે વસ્તીમાંથી પણ કાઢી મૂકો તો મૂસા عليه السلام એ તે વસ્તીમાંથી પણ કાઢી મૂકયો તો તેણે એક ગુફામાં રહેઠાણ બનાવ્યું જયાં ન કોઈ માણસ આવતો હતો અને ન તો કોઈ પશુપંખી ફરકતું હતું. આસપાસમાં ન કોઈ વસ્તી હતી અને ન તો દૂર દૂર સુધી હરિયાળીનું નિશાન હતું. તે ગુફામાં આવીને તે યુવાન બીમાર પડી ગયો તો તેની સેવા સુશ્રુષાના માટે કોઈ શખ્સ પણ તેની નજીક હાજર ન હતો જે તેની ચાકરી કરે. તે અશકિતના કારણે જમીન પર ગબડી પડયો અને કહેવા લાગ્યો કે અફસોસ ! અત્યારે મારી મા મારી પાસે હાજર હોત તો મારા પર હેત દર્શાવત અને મારી આ લાચારી અને બેકસી પર રડત. જો મારો બાપ હોત તો મારી દેખરેખ મદદ કરત. જો મારી પત્ની હોત તો મારા વિરહમાં રડત અને મારાં બાળકો અત્યારે હાજર હોત તો કહેત કે, હે રબ ! અમારા લાચાર, ગુનેહગાર, બદકાર અને મુસાફિર બાપને બખ્શી દે. જેને પ્રથમ

તો શહેરથી તડીપાર કર્યો અને પછી બીજી વસ્તીમાંથી પણ કાઢી મૂકયો અને હવે તે ગુફામાં પણ દરેક ચીજથી નિરાશ થઈને દુનિયાથી આખરેતની તરફ જઈ રહ્યો છે અને તેઓ મારા જનાઝા પાછળ રડતા રડતા ચાલત.

પછી નવયુવાન કહેવા લાગ્યો કે, હે અલ્લાહ ! તેં મને મા બાપ અને પત્ની તથા બાળકોથી દૂર કર્યો છે પણ તારા ફઝલો કરમથી દૂર ન કરીશ. તેં મારુ દિલ અઝીઝોની જુદાઈમાં જલાવ્યું છે પણ હવે મારા વજૂદને ગુનાહોના સબબે જહન્નમની આગમાં ન જલાવીશ. તે જ પળે અલ્લાહ તઆલાએ એક ફરિશ્તો તેના બાપના રૂપમાં બનાવીને અને એક હૂરને તેની મા અને એક હૂરને તેની પત્નીના રૂપમાં ફેરવીને અને જન્નતના ગિલમાનને તેના બાળકોના રૂપમાં મોકલી દીધાં. આ સૌ તેની નજીક આવીને બસી ગયાં અને તેની સખ્ત તકલીફમાં અફસોસ અને નિશ્વાસ સાથે રૂદન કરવા લાગ્યાં. યુવાન તેઓને જોઈને ખૂબ જ ખુશ થયો અને તે જ ખુશીમાં તેનો ઈન્તેકાલ થઈ ગયો. ત્યારે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા عليه السلام ની તરફ વહી મોકલી કે ફલાણી ગુફાની તરફ જાવ ત્યાં અમારો એક દોસ્ત મૃત્યુ પામ્યો જેથી તમે તેના કફન દફનની વ્યવસ્થા કરો.

ખુદાના હુકમ પ્રમાણે હઝરત મૂસા عليه السلام જયારે ગુફામાં પહોંચ્યા તો તેમણે ત્યાં તે જ યુવાનને મરેલો જોયો જેને શહેરથી તડીપાર કર્યો અને ફરી બીજી વસ્તીમાંથી પણ કાઢયો હતો. તેની નજીક હૂરો પ્રસંશકોની જેમ બેઠેલી હતી.

મૂસા عليه السلام એ બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી કે હે રબ્બુલ ઈઝ્ઝત ! આ તો તે જ યુવાન છે જેને મેં તારા હુકમથી શહેર અને વસ્તીથી દૂર હાંકી કાઢયો હતો ! તો રબતઆલાએ ફરમાવ્યું : હે મૂસા ! મેં તેના અતિશય રડવાને કારણે તથા કુટુંબીઓના વિરહમાં તડપવાના કારણે તેના પર રહમ કરી છે અને ફરિશ્તાઓને તેના મા બાપની સૂરતમાં અને હૂરો ગિલમાનને તેની મા તથા પત્ની અને બાળકોના રૂપમાં મોકલ્યાં છે, જેઓ મુસાફિરતમાં તેની તકલીફો પર રડે છે. જયારે તે મૃત્યુ પામ્યો તો તેની નિરાધારતા પર જમીન તથા આસમાનવાળાઓ રડે અને અર્રહમુર્રાહિમીન પછી કેમ તેના ગુનાહોને માફ ન ફર્માવે ?

## ★ જ્યારે મુસાફિર સફરમાં મૃત્યુ પામે ★

જયારે કોઈ મુસાફિર પર નઝઅનો આલમ (સકરાતની હાલત) છવાય છે તો અલ્લાહ તઆલા ફરિશ્તાઓને ફર્માવે છે કે આ બિચારો મુસાફિર છે અને પોતાનાં બાળબચ્ચાં તથા મા બાપ વગેરેથી દૂર છે જેથી જ્યારે તે મૃત્યુ પામશે તો તેના પર કોઈ અફસોસ કરનારૂ પણ નહીં હોય અને અલ્લાહ તઆલા ફરિશ્તાઓને તેના મા બાપ તથા બાળ બચ્ચાં અને સગા સંબંધીઓના રૂપમાં મોકલશે. જ્યારે તે તેઓને પોતાની નજીક જુએ છે તો તેઓને પોતાનાં સગા સંબંધી સમજીને અત્યંત ખુશ થાય છે અને તે જ ખુશ હાલતમાં તેની રૂહ ઉડી જાય છે. પછી તે ફરિશ્તાઓ ગમગીન હાલતમાં તેના જનાઝાની પાછળ પાછળ ચાલે છે અને કયામત સુધી તેના માટે મગફિરતની દુઆ કરતા રહે છે. ફર્માને ઈલાહી છે, **اَللّٰهُ لَطِيْفٌ بِعِبَادِهٖ** ‘‘અલ્લાહ પોતાના બંદાઓ પર મહેરબાન છે.’’

ઈબ્ને અતાઅ رحمۃ اللہ علیہ કહે છે કે માણસના સાચા તથા જૂઠાની પરખ એની મુસીબતો અને ખુશીના પ્રસંગોએ જોવા મળે છે. જે વ્યકિત ખુશીના તથા માલદારીના સમયમાં અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરે છે પણ મુસીબતોમાં ફરિયાદ કકળાટ કરે છે તે જૂઠો છે. જો કોઈને બંને જહાનનો ઈલ્મ અતા કરી દેવામાં આવે પછી તેના પર મુસીબતોની પડાપડી થાય અને તે શિકવા ફરિયાદ કરવા લાગે તો તેને તેનો એ ઈલ્મ કાંઈ કામ નથી આવતો. (એ ઈલ્મ બેકાર છે.)

હદીષે કુદ્સી છે કે અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે કે, ‘‘જે મારી કઝા (ખુદાનો ફેંસલા) પર રાજી નથી અને મારી અતા પર શુક્ર નથી કરતો તે મારા સિવાય કોઈ અન્ય રબ શોધે.’’

**હિકાયત** : વહબ ઈબ્ને મુનબ્બિહ કહે છે કે અલ્લાહના એક નબીએ પચાસ વરસ અલ્લાહની ઈબાદત કરી તો અલ્લાહ તઆલાએ તે નબીની તરફ એ વહી નાઝિલ ફર્માવી કે, મેં તને બખ્શી દીધો છે. નબીએ અર્ઝ કરી કે, હે અલ્લાહ ! મેં તો કોઈ ગુનોહ જ નથી કર્યો તો કઈ ચીજને બખ્શવામાં આવી ? અલ્લાહ તઆલાએ તેમની એક રગને બંધ કરી દીધી

જેના કારણે તે આખી રાત સૂઈ ન શકયા. સવારે જયારે તેમની પાસે ફરિશ્તો આવ્યો તો તેમણે રગના બંધ થઈ જવા વિશે શિકાયત કરી. તો ફરિશ્તો બોલ્યો, અલ્લાહ તઆલા ફર્માવે છે કે, તારી પચાસ વરસની ઈબાદતથી તારી આ એક શિકાયત વિશેષ છે. (આ ઈબાદત પર તમને નાઝ હતો!)

*(પ્રકરણ : ૦૪)*

# રિયાઝત (તકલીફ વેઠીને કરેલ ઈબાદત) તથા નફસની ઈચ્છાઓ

### ★ મૂસા عليه السلام ને દુરૂદ પઢવાનો હુકમ ★

અલ્લાહ તઆલાએ હઝરત મૂસા عليه السلام પર વહી નાઝિલ ફર્માવી કે, હે મૂસા ! હું તમારી ઝબાન પર તમારી વાણીથી, તમારી દિલમાંના ખયાલોથી, તમારા શરીરમાંની રૂહથી, તમારી આંખોમાં દષ્ટિના નૂરથી અને તમારા કાનોમાં શ્રવણ શકિતથી વધુ નજીક રહું તો પછી મુહમ્મદ ﷺ પર કસરતથી (પુષ્કળ) દુરૂદ મોકલો : **اَلصَّلوٰةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللهِ ! ﷺ**

ફરમાને ઈલાહી છે : **وَلْتَنْظُرْ نَفْسٌ مَّاقَدَّمَتْ لِغَدٍ** ''દરેક નફસ (જાન) એ જુએ કે તેણે કયામતના માટે શું અમલો કર્યા છે.'' *(પારા : ૨૮, સૂરએ હશ્ર, આ. ૧૮)*

હે ઈન્સાન ! સારી રીતે સમજી લે કે તને બુરાઈની તરફ લઈ જવાવાળો તારો નફસ તારા શયતાન કરતાં પણ તારો મોટો દુશ્મન છે અને શયતાનને તારા પર કબજો જે મળે છે તે તારા નફસની ઈચ્છાઓના કારણે મળે છે. જેથી તને તારો નફસ જૂઠી ઉમ્મીદો અને ધોકામાં રાખે છે. જે શખ્સ બેખૌફ થાય અને ગફલતમાં સપડાયો અને પોતાના નફસની પયરવી કરે છે તો તે ઈન્સાનનો દરેક દાવો જૂઠો છે. જો તું નફસને રાજી કરવામાં તેની ઈચ્છાઓના પ્રમાણે ચાલશે તો હલકા થઈ જશે અને તેના હિસાબ કિતાબથી

ગાફિલ થઈશ તો ગુનાહના સમુદ્રમાં ડૂબી જઈશ.

જો તું તેનો વિરોધ કરવાથી લાચાર થઈ જઈને તેની ઈચ્છાઓનું અનુસરણ કરીશ તો તે તને જહન્નમની આગની તરફ ખેચીને લઈ જશે. નફસનું ચકકર ભલાઈના પક્ષે નથી બલ્કે તે મુસીબતોનું મૂળ, શરમીંદગીની ખાણ, ઈબ્લીસનો ખજાનો અને દરેક દરેક બુરાઈનું આશ્રયસ્થાન છે અને તેની ફિત્નાખોરીઓને ભલા તથા બુરાના જાણકાર સિવાય એટલે કે અલ્લાહ તઆલા સિવાય કોઈ નથી જાણતું.

ફર્માને ઈલાહી છે, : وَاتَّقُوا اللّٰهَ اِنَّ اللّٰهَ خَبِيْرٌ بِمَا تَعْمَلُوْنَ ''અને અલ્લાહથી ડરો ! બેશક અલ્લાહ તમારા તમામ કાર્યોથી માહિતગાર છે.'' *(પારા : ૨૮, સૂરએ હશ્ર, આ. ૧૮)*

તફસીરે અબિલ્લયષ رحمۃ اللہ علیہમાં છે કે જ્યારે કોઈ બંદો આખેરતની તલબ (આખેરતની જિંદગી આરામદાયક બનાવવા)ના કારણે પોતાની વહી ગયેલી જિંદગી પર ચિંતા વિચારણા કરે છે તો આ ચિંતન તેના દિલના માટે ગુસ્લનું કામ કરે છે. જેમ કે ફર્માને નબવી ﷺ છે કે એક ક્ષણની ફિકર વર્ષભરની ઈબાદતથી બેહતર છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૦૬)*

જેથી દરેક બુદ્ધિશાળીના માટે જરૂરી છે કે પોતાના પાછલા ગુનાહોની મગફિરત ચાહે, જે ચીજોનો ઈકરાર કરે છે તેની બાબતે ચિંતા કરે અને ક્રિયામતના દિવસના માટે તોસો (ભાથુ) બનાવે, અરમાનોને ઓછા કરી દે, તૌબામાં જલ્દી કરે, અલ્લાહ તઆલાનો ઝિક્ર કરતો રહે, હરામ ચીજોથી બચે અને નફસને સબ્ર માટે તૈયાર કરે, નફસની ઈચ્છાઓની પયરવી કરે કેમ કે નફસ એક બુતની જેમ છે અને જે નફસની પયરવી કરે છે તે જાણે બુતની ઈબાદત કરે છે અને જે ઈખ્લાસથી અલ્લાહની ઈબાદત કરે છે તે પોતાના નફસ પર સખ્તી કરે છે.

## ★ હઝરત માલિક ઈબ્ને દીનારે અંજીર ખાવા ચાહ્યું ★

જનાબ માલિક ઈબ્ને દીનાર رضی اللہ عنہ એક દિવસે બસરાના એક બજારમાંથી પસાર થઈ રહ્યા હતા. એવામાં આપે અંજીર જોયાં અને દિલમાં તેને ખાવાની ઈચ્છા થઈ જેથી દુકાનદાર પાસે પહોંચ્યા અને કહ્યું કે મારા

જોડાઓના બદલામાં અંજીર આપી દો. દુકાનદારે જોડાઓ જૂના હોવાથી કહ્યું કે તેના બદલામાં કાંઈ મળી શકશે નહીં. આપ આ જવાબ સાંભળીને ચાલવા લાગ્યા. તો કોઈકે દુકાનદારને કહ્યું, કે જાણો છો આ બુઝુર્ગ કોણ છે? તે બોલ્યો નહીં. તો તેણે જવાબ આપ્યો કે આ વિખ્યાત મદની હઝરત માલિક ઈબ્ને દીનાર رضی اللہ عنہ હતા. દુકાનદારે જયારે આ સાંભળ્યું તો પોતાના ગુલામને એક ટોપલી અંજીર ભરીને આપી અને કહ્યું કે જો જનાબ માલિક ઈબ્ને દીનાર رضی اللہ عنہ તારી પાસેથી આ ટોપલી કબૂલ કરી લે તો તેની ખિદમતના બદલામાં તને આઝાદ કરી દીધો સમજે. ગુલામ દોડતો દોડતો આપની પાસે હાજર થયો અને અર્ઝ કરી કે હુઝૂર ! આ ટોપલી કબૂલ કરી લો. આપે કહ્યું, હું નથી લેતો. ગુલામ બોલ્યો કે જો આપ એને કબૂલ કરી લો તો હું આઝાદ થઈ જઈશ. તો આપે જવાબ આપ્યો, કે એમાં તારા માટે તો આઝાદી છે પણ મારા માટે હલાકત છે. જ્યારે ગુલામે અતિ આગ્રહ કર્યો તો આપે ફર્માવ્યું કે મેં કસમ ખાધી છે કે દીનના બદલામાં અંજીર ખાઈશ નહીં અને મરતા દમ સુધી કદાપિ અંજીર લઈશ નહીં.

## ★ જિંદગીની અંતિમ ઘડીમાં સબ્ર ★

હઝરત માલિક ઈબ્ને દીનાર رضی اللہ عنہને મૃત્યુ શૈયા પર એ વાતની ઈચ્છા થઈ કે હું ગરમ રોટીની "શરીદ" બનાવીને ખાઉં. જેમાં દૂધ અને મધ મેળવેલ હોય. જેથી આપના હુકમથી ખાદિમ એ તમામ ચીજો લઈને હાજર થયો. આપ કેટલીક વાર સુધી તે ચીજોને જોતા રહ્યા. પછી બોલ્યા, હે નફસ ! મેં ત્રીસ વરસ સતત સબ્ર કરી છે અને હવે જિંદગીની અંતિમ ઘડીએ શું સબ્ર નથી કરી શકતો ? આમ કહ્યું અને પ્યાલો છોડી દીધો અને એ જ રીતે સબ્રની હાલતમાં ઈન્તેકાલ કરી ગયા. હકીકત એ છે કે અલ્લાહના નેક બંદાઓ એટલે કે અંબિયા, અવલિયા, સિદ્દિકો, આશિકો અને ઝાહિદોની હાલતો આવી જ હોય છે.

હઝરત સુલૈમાન علیہ السلامનો કૌલ છે કે **જે શખ્સે પોતાના નફસ પર કાબૂ મેળવ્યો તે એ શખ્સ કરતાં વધુ શકિતશાળી છે જે એકલે હાથે શહેરને જીતી લે છે.**

હઝરત અલી رضی اللہ عنہનો કૌલ છે કે હું મારા નફસની સાથે એવા એક

યુવાન જેવો છું જે બકરીઓના ટોળા સાથે હોય છે કે જ્યારે તે તેઓને એક તરફ એકત્ર કરે છે તો બીજી તરફ ફેલાઈ જાય છે.

જે શખ્સ પોતાના નફસને ફના કરી દે છે તેને રહમતના કફનમાં લપેટીને કરામતની જમીનમાં દફન કરવામાં આવે છે અને જે શખ્સ પોતાના ઝમીર (અંતરઆત્મા)ને ખતમ કરી દે છે તેને લા'નતના કફનમાં લપેટીને અઝાબની જમીનમાં દફન કરવામાં આવે છે.

જનાબ યહયા ઈબ્ને મઆઝ રાઝી رحمۃ اللہ علیہ કહે છે કે પોતાના નફસનો, (ખુદાની) ઈતાઅત તથા બંદગી કરીને સામનો કરો. રિયાઝત એ શબબેદારી (રાત્રે જાગી ઈબાદત કરવી), ટૂંકી વાતચીત (ઓછું બોલવું), લોકોની તકલીફો સહન કરવી અને ઓછો ખોરાક લેવો તેનું નામ છે. ઓછું સૂવાથી ખયાલો પાકીઝા થાય છે, ઓછું બોલવાથી માણસ આફતોથી સુરક્ષિત રહે છે, તકલીફો સહન કરવાથી દરજજાઓ બુલંદ થાય છે અને ઓછુ ખાવાથી નફસની વાસના ખત્મ થઈ જાય છે. કેમ કે ખૂબ ખોરાક દિલની કાળાશ (સિયાહી) વધારે છે અને તેને ગુમરાહીમાં સપડાવે છે. ભૂખ હિકમતનું નૂર છે અને ધરાઈ જવું અલ્લાહ તઆલાથી દૂર કરી દે છે. ફર્માને નબી صلی اللہ علیہ وسلم છે કે,

**(અર્થ)** : "તમારા દિલોને ભૂખ વડે રોશન કરો, તમારા નફસનો ભૂખ તથા તરસ વડે મુકાબલો કરો અને હમેશાં ભૂખના દ્વારા જન્નતનો દરવાજો ખટખટાવતા રહો. ભૂખ્યા રહેનારને મુજાહિદ ફીસબીલિલ્લાહ (ખુદાના રાહમાં જંગ કરનાર)ના જેટલો સવાબ મળે છે ને અલ્લાહ તઆલાની નજીક ભૂખ્યા તરસ્યા રહેવાથી બેહતર કોઈ અમલ નથી. આસમાનના ફરિશ્તાઓ તે ઈન્સાનની પાસે તદ્દન આવતા નથી જે પોતાનું પેટ ભરીને ઈબાદતની મજા ખોઈ નાખે છે." *(અહયાઉલ ઉલૂમ, ૩/૭૩)*

**મિન્હાજુલ આબિદીનમાં** હઝરત અબૂબક્ર رضی اللہ عنہ નો કૌલ નકલ થયેલ છે કે હું જયારથી ઈમાન લાવ્યો છું ત્યારથી કદી પેટ ભરીને ખાધું નથી કે જેથી હું મારા રબની ઈબાદતની મજા પ્રાપ્ત કરી શકું અને મારા રબના દીદારના શોખના કારણે કદી ધરાઈને પાણી નથી પીધું, એટલા માટે કે ખૂબ ખાવાથી ઈબાદતમાં ઉણપ આવી જાય છે કેમ કે જયારે માણસ

ખૂબ જ ધરાઈને ખાઈ લે છે તો તેનું શરીર સુસ્ત અને આંખો ઊંઘથી ભારે થઈ જાય છે. તેના શરીરનાં અંગો ઢીલાં પડી જાય છે. પછી તે પ્રયત્ન કરવા છતાં ઊંઘ સિવાય કાંઈ પણ પામી શકતો નથી અને આ રીતે તે તેવા મુડદાની જેમ બની જાય છે જે રસ્તા વચ્ચે પડેલું હોય.

મુનિયતુલ મુફતીમાં છે કે જનાબ લુકમાન હકીમે પોતાના પુત્રને કહ્યું કે ખાવા અને સૂવાનું ઓછું કરો કેમ કે જે શખ્સ વધારે ખાય છે અને વધારે સૂએ છે તે કયામતના દિવસે નેક અમલોથી ખાલી હાથે હશે.

ફર્માને નબી ﷺ છે કે, પોતાના દિલોને વધારે ખાવા–પીવાથી હલાક ન કરો. જેવી રીતે વધારે પાણીથી ખેતી તબાહ થાય છે તેવી જ રીતે વધારે ખાવા પીવાથી દિલ હલાક થઈ જાય છે. *(અહયાઉલ ઉલૂમ, ૩/૭૪)*

નેક લોકોએ પેટને એવી હાંડલી સાથે સરખાવ્યું છે જે ઉકળતી રહે છે અને તેની વરાળો સતત દિલ પર પહોંચતી રહે છે. પછી તે વરાળોનું અધિક પ્રમાણ દિલને મેલુ અને ગંદુ બનાવી દે છે. વધારે ખાવાથી ઈલ્મ તથા ચિંતનમાં ઉણપ આવે છે અને ભરેલું પેટ રાખવાની વૃત્તિ બુદ્ધિશકિત તથા તેજસ્વીતાને બરાબર કરી દે છે.

**હિકાયત** : હઝરત યહયા ઈબ્ને ઝકરિયા علیہ السلام એ શયતાનને જોયો તે ઘણીયે જાળો ઉઠાવેલી હાલતમાં હતો. આપે પૂછયું, આ શું છે ? શયતાને કહ્યું, આ જાતીય વાસના છે જેના વડે હું આદમની ઔલાદને કૈદ કરૂં છું. આપે ફર્માવ્યું, મારા માટે પણ કોઈ ફંદો છે ? શયતાન બોલ્યો, નહીં, પણ એક રાત્રે આપે પેટ ભરીને ખાણુ ખાઈ લીધું હતું જેનાથી આપને નમાઝમાં સુસ્તી પેદા થઈ ગઈ હતી. ત્યારે હઝરત યહયા علیہ السلام બોલ્યા કે હવે પછી હું કદી પણ ભરપેટ ખાઈશ નહીં. તો શયતાન બોલ્યો કે જો એવી વાત છે તો હું પણ કદાપિ કોઈને નસીહત કરીશ નહીં.

આ તે મુકદ્દસ હસ્તીનો હાલ છે જેણે આખા જીવનમાં કેવળ એક જ રાત્રે ભરપેટ ખાઈ લીધું હતું ! તો તે શખ્સનું શું થશે જે જીવનભર કદાપિ ભૂખ્યો નથી રહેતો અને ભરપેટ ખાય છે અને તેમ છતાં પણ તે ઈચ્છે છે કે પોતે ઈબાદત ગુઝાર બની જાય ?!

**હિકાયત** : હઝરત યહયા عليه السلام એ એક રાત્રે જવની રોટી પેટ ભરીને ખાઈ લીધી અને ખુદાની ઈબાદતમાં હાજર ન થયા તો અલ્લાહ તઆલાએ વહી મોકલી, કે હે યહયા ! શું તેં આ દુનિયાને આખેરતથી બેહતર સમજી છે અથવા મારા રહમતના સમંદરથી બેહતર તેં કોઈ સમંદર જોઈ લીધો છે ? મને ઈજ્જત તથા જલાલની કસમ ! જો તું જન્નતુલ ફિરદૌસનો નઝારો કરી લે અને જહન્નમને જોઈ લે તો આંસૂઓના બદલે લોહી રડે અને આ ગોદડીના બદલે લોઢાનો લિબાસ પહેરે.

*(પ્રકરણ : ૦૫)*

## નફસનો પ્રભાવ તથા શયતાનની અદાવત

દરેક અકલમંદના માટે જરૂરી છે કે તે ભૂખ્યો રહીને વાસનાઓના કિલ્લાને જમીનદોસ્ત કરી દે. એટલા માટે કે ભૂખ તે ખુદાના દુશ્મન નફસના માટે કહેર છે. શયતાનની કામયાબીનો વસીલો એ જ નફસની ઈચ્છાઓ અને ખાવું પીવું છે. ફર્માને નબી ﷺ છે કે શયતાન તમારા શરીરમાં લોહીની જેમ ભ્રમણ કરે છે તેના તે રસ્તાઓને ભૂખ વડે બંધ કરો. *(સહીહુલ બુખારી, ૧/૪૬૪, સહીહ મુસ્લિમ, ૨/૨૧૬, સુનને અબૂ દાઊદ, ૨/૬૪૯, સુનને ઈબ્ને માજહ, પેજ–૧૨૭, સુનને દારમી, ૨/૨૫૨, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૬૨૯, અસદુલ ગાબા ફી મઅરિફતુસ્સહાબા, ૭/૧૮૬, અહયાઉલ ઉલૂમ, ૩/૨૭)*

બેશક ! કયામતના દિવસે તે જ શખ્સ અલ્લાહ તઆલાની વધુ નજીક હશે જેણે ભૂખ તરસ સહન કરી હશે અને ઈબ્ને આદમના માટે સૌથી વધુ બરબાદ કરનારી ચીજો પેટની ઈચ્છાઓ છે. તે પેટના કારણે હઝરત આદમ અને હવ્વા عليهما السلام ને જન્નતથી ઝિલ્લત અને મુફલિસીની જમીન પર ઉતારવામાં આવ્યા. કેમ કે ખુદા તઆલાએ તેઓને ઝાડ (મના કરેલ)ના ખાણાની મના કરી દીધી હતી તો પણ તેમણે પેટની ઈચ્છાના લીધે તેને ખાઈ લીધું હતું. આ પેટ જ હકીકતમાં વાંછનાઓનું ઉદ્ભવ કેન્દ્ર છે. *(અખ્રજતુલ ખતીબ ફીઝ્ઝુહદિ મિન હદીષ સઈદ બિન ઝયદ, અહયાઉલ ઉલૂમ, ૩/૭૪)*

**હિકમતભર્યા કથનો :–** એક શાણાપુરુષનું કથન છે કે જે ઈન્સાન પર તેના નફસનું પ્રભુત્વ જામી જાય છે તે વાંછનાઓનો કેદી બની જાય છે અને બેહૂદાપણાને તાબે થઈ જાય છે. તેનું દિલ તમામ લાભોથી વંચિત રહી જાય છે. જે ોઈએ પણ પોતાના અંગોની જમીનને ઈચ્છાઓથી તર કરી તો તેણે પોતાના દિલમાં શરમિંદગીની ખેતી કરી. અલ્લાહ તઆલાએ મખ્લૂક઼ને ત્રણ પ્રકારોમાં પેદા ફરમાવી છે :–

❒ ફરિશ્તાઓને પેદા ફર્માવ્યા તો તેઓમાં બુદ્ધિ રાખી પણ તેઓને ઈચ્છાઓથી પાક તથા દૂર રાખ્યા.

❒ જાનવરોને પેદા કર્યા તો તેઓમાં ઈચ્છાઓ રાખી પણ બુદ્ધિથી વંચિત કરી દીધાં.

❒ ઈન્સાનોને પેદા કર્યા તો બુદ્ધિ તથા ઈચ્છાઓ બંને તેઓને સુપ્રત કર્યા. તો હવે જે ઈન્સાનની બુદ્ધિ પર તેની ઈચ્છાઓ પ્રભાવ જમાવી લે છે તે જાનવરોથી બદતર છે અને જે મુસલમાનની ઈચ્છાઓ પર તેની બુદ્ધિ પ્રભુત્વ જમાવી લે છે તે ફરિશ્તાઓથી પણ બેહતર છે.

**હિકાયત :** જનાબ ઈબ્રાહીમ ખ્વાસ رحمۃ اللہ علیہ કહે છે કે હું લુકામના પહાડોમાં હતો ત્યાં મેં દાડમ જોયાં અને મારા દિલમાં તેને ખાવાની ઈચ્છા જાગી જેથી મેં એક દાડમ ઉઠાવીને તેના બે ટુકડા કર્યા પણ તે ખાટું નીકળ્યું જેથી મેં તેને ફેંકી દીધું અને ચાલવા લાગ્યો. થોડાક ડગલાં આગળ જતાં મેં એક એવા શખ્સને જોયો જે જમીન પર પડેલો હતો અને તેના પર મધમાખીઓ ચોંટેલી હતી. મેં તેને સલામ કરી અને તે શખ્સે મારૂં નામ લઈને સલામનો જવાબ આપ્યો. તો મેં આશ્ચર્યથી પૂછયું કે, મને કઈ રીતે ઓળખો છો ! તો તે ખુદાના બંદાએ જવાબ આપ્યો કે જે પોતાના ખુદાને ઓળખી લે છે તો પછી તેનાથી કોઈ ચીજ છુપી નથી રહેતી. મેં કહ્યું કે તો પછી તમારો ખુદાની બારગાહમાં મક઼ામ મોટો હશે તો તમે એ દુઆ કેમ નથી કરતા કે આ જે તમોને ચોંટેલી છે તે તમારાથી દૂર થઈ જાય ? તેણે કહ્યું, હું જાણું છું કે અલ્લાહને ત્યાં તમારો પણ ઊંચો મક઼ામ છે તો તમે એ દુઆ કેમ ન કરી કે અલ્લાહ તઆલા તમને દાડમ ખાવાની ઈચ્છાથી દૂર

રાખે ? કેમ કે મધમાખીઓની તકલીફ દુન્યવી અઝાબ છે પણ દાડમ ખાવાના બદલામાં આખેરતનો અઝાબ છે. આ મધમાખીઓ તો માણસના શરીરને ડંખ મારે છે પણ ઈચ્છાઓ માણસના દિલને ડંખ મારે છે. હું શીખામણભરી વાતચીત સાંભળીને ત્યાંથી મંઝિલ તરફ આગળ વધી ગયો.

મનોકામનાઓ બાદશાહોને ફકીર અને સબ્ર ફકીરોને બાદશાહ બનાવી દે છે. તમે હઝરત યૂસુફ علیہ السلام અને ઝુલેખાનો કિસ્સો નથી વાંચ્યો ? યૂસુફ علیہ السلام સબ્રના કારણે મિસરના બાદશાહ બન્યા અને ઝુલેખા ઈચ્છાઓના સબબે આજિઝ અને રૂસ્વા થયાં અને આંખોની રોશનીથી વંચતિ વૃદ્ધા બની ગયાં. એટલા માટે કે ઝુલેખાએ હઝરત યૂસુફ علیہ السلامની મહોબ્બતમાં સબ્ર કરી ન હતી.

**હઝરત અબુલ હસન રાઝીએ પોતાના વાલિદને ખ્વાબમાં જોયા :–** જનાબ અબુલ હસન રાઝી رحمۃ اللہ علیہ કહે છે કે મેં મારા વાલિદને ઈન્તેકાલના બે વરસો પછી ખ્વાબમાં એ હાલતમાં જોયા કે તેમના શરીર પર જહન્નમના તારકોલનો લિબાસ હતો. મેં પૂછયું, અબ્બાજાન ! આ શું થયું ? હું તમને જહન્નમીઓના વેશમાં જોઈ રહ્યો છું ? મારા વાલિદે ફર્માવ્યું : કે હે ફરઝંદ ! મને મારો નફસ જહન્નમાં લઈ ગયો, તેના ધોકામાં કદી પણ આવીશ નહીં.

**શેખરોનો અર્થ :**

❒ હું તે ચારેય દુશ્મનોથી ઘેરાએલો છું જે મારી બદબખ્તી અને ગુનાહોના વિશેષ પ્રમાણને લઈને મારા પર સવાર થઈ ગયેલા છે.

❒ શયતાન, નફસ, દુનિયા અને મનેઈચ્છાઓ. તેનાથી કેવી રીતે મુકિત મળી શકે છે જયારે કે આ ચારેય મારા જાની દુશ્મન છે.

❒ હું જાણું છું કે ઘમંડ અને મનેચ્છાઓના અંધકારમાં મારા દિલને ઈચ્છાઓ પોતાના તરફ બોલાવતી રહે છે.

જનાબ હાતિમ અસમ رحمۃ اللہ علیہનો કૌલ છે કે નફસ મારો તબેલો છે, ઈલ્મ મારૂં હથિયાર છે, નિરાશા મારો ગુનહો છે, શયતાન મારો દુશ્મન

છે અને હું નફસની સાથે છેતરપીંડી કરનારો છું. (તેને ધોકામાં નાખુ છું).

**આરિફના નૂકતો (મુદ્દો) :–** એક આરિફ બિલ્લાહનો કૌલ છે કે જેહાદના ત્રણ પ્રકારો છે :–

(૧) કાફિરો સાથે જેહાદ અને આ જાહેર જેહાદ છે. ફર્માને ઈલાહી છે : **يُجَاهِدُوْنَ فِىْ سَبِيْلِ اللّٰهِ** "અલ્લાહના માર્ગમાં લડશે."

*–(પારા : ૬, સૂરએ માઈદા, આ. ૫૪)*

(૨) જૂઠા લોકોની સાથે ઈલ્મ તથા દલીલો વડે જેહાદ, ફર્માને ઈલાહી છે, **وَجَادِلْهُمْ بِالَّتِىْ هِىَ اَحْسَنُ** "પોતાના રબના રસ્તા તરફ બોલાવો, પાકી તદબીર અને સારી શીખામણ વડે."

*(પારા : ૧૪, સૂરએ નહ્‌લ, આ. ૧૨૫)*

(૩) બુરાઈઓની તરફ લઈ જવાવાળા સરકશ (બદમાશ) નફસની સાથે જેહાદ ફરમાને ઈલાહી છે : **وَالَّذِيْنَ جَاهَدُوْا فِيْنَا لَنَهْدِ يَنَّهُمْ سُبُلَنَا** "અને જેમણે અમારા માર્ગમાં પ્રયત્ન કર્યા અવશ્ય અમે તેમને અમારા રસ્તા દેખાડીશું."

*–(અખ્રજતુલ બયહકી ફીઝ્ઝુહદ, અહયાઉલ ઉલૂમ, ૩/૬૦)*

**હુઝૂર ﷺનો મુબારક ઈર્શાદ :–** અને નબીએ કરીમ ﷺએ ફરમાવ્યું છે, (અર્થ) : નફસની સાથે જેહાદ એ બેહતરીન (સર્વશ્રેષ્ઠ) જેહાદ છે. *(પારા–૨૦, સૂરએ અન્કબૂત, આ. ૬૯)*

સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ જયારે જેહાદથી પાછા ફરતા તો કહેતા કે આપણે નાના જેહાદથી મોટા જેહાદની તરફ પાછા ફર્યા છીએ. અને સહાબીઓએ નફસ, શયતાન અને ઈચ્છાઓની સાથેના જેહાદને કાફિરો સાથેના જેહાદ કરતાં એટલા માટે મોટો અને મહાન કહ્યો કે નફસ સાથે જેહાદ હમેશાં ચાલુ રહે છે અને કાફિરો સાથે કદી કદી જ થાય છે. બીજુ કારણ એ છે કે કાફિરો સાથેના જેહાદમાં ગાઝી પોતાના દુશ્મનોને પ્રત્યક્ષ જોતો રહે છે. જયારે શયતાન દેખાતો નથી અને દેખાઈ આવતા દુશ્મન સાથે લડવું એ છુપાઈને વાર કરતા દુશ્મન સાથે લડવા કરતાં સહેલું છે. એક કારણ એ પણ છે કે કાફિરની સાથે ગાઝીને બિલકુલ

હમદર્દી નથી હોતી જયારે શયતાન સાથે જેહાદ કરવામાં નફસ અને ઈચ્છાઓ શયતાનની તરફદારી કરતી શકિતમાં સામેલ હોય છે. એટલા માટે આ મુક઼ાબલો કઠિન હોય છે.

એક વાત એ પણ છે કે જો ગાઝી કાફિરને ક઼તલ કરી દે તો માલે ગનીમત અને વિજય પ્રાપ્ત કરે છે અને જો શહીદ થઈ જાય તો જન્નતનો હકદાર બની જાય છે પણ આ જેહાદે અકબર (મહાન જેહાદ)માં તે શયતાનને કત્લ કરવા માટે શકિતમાન નથી અને જો તેને શયતાન કત્લ કરી દે એટલે કે સીધા માર્ગેથી ભટકાવી દે તો બંદો ખુદાના અઝાબનો હક઼દાર બની જાય છે. એટલા માટે કહેવામાં આવ્યું છે કે જંગના દિવસે જેનો ઘોડો નાસી છૂટે તે માણસ કાફિરોના હાથોમાં આવી જાય છે પણ જેનું ઈમાન ભાગી જાય તે ખુદાના અઝાબમાં ફસાઈ જાય છે. અને જે કાફિરોના હાથે પકડાઈ જાય છે તેના હાથપગોમાં હાથકડીઓ તથા બેડીઓ નથી નાખવામાં આવતી, તેને ભૂખો તરસ્યો અને નગ્ન નથી કરવામાં આવતો, પણ જો ખુદાના અઝાબનો હક઼દાર બની જાય તો તેનું મોઢુ કાળુ કરવામાં આવે છે અને તેને ફિટોફિટ જકડીને બાંધીને જંઝીરો નાખી દેવામાં આવે છે, તેના પગોમાં આગની બેડીઓ નાખવામાં આવે છે. તેનું ખાણુ પીણુ લિબાસ સૌ જહન્નમની આગથી તૈયાર થાય છે.

(પ્રકરણ : ૦૬)

# ગફલત

ગફલતથી શર્મિંદગી વધે છે અને નેઅમત દૂર થઈ જાય છે, ખિદમતનો જઝબો મંદ પડી જાય છે, ઈર્ષાનું પ્રમાણ વધે છે અને રંજ તથા પરેશાનીની બોલબાલા થઈ જાય છે.

## ★ સૌથી મોટો અફસોસ ★

એક નેક માણસે પોતાના ઉસ્તાદને ખ્વાબમાં જોયા અને પૂછયું કે આપની દષ્ટિએ સૌથી મોટી અફસોસની વાત (પસ્તાવાની) કઈ છે ? ઉસ્તાદે જવાબ આપ્યો કે ગફલતનો અફસોસ સૌથી મોટો છે.

રિવાયત છે કે કોઈ શખ્સે હઝરત ઝુન્નૂન મિસરી رحمۃ اللہ علیہને ખ્વાબમાં જોયા અને સવાલ કર્યો કે અલ્લાહ તઆલાએ આપની સાથે કેવો વર્તાવ કર્યો ? તો તેમણે જવાબ આપ્યો કે અલ્લાહે મને પોતાની બારગાહમાં ઉભો કર્યો અને ફર્માવ્યું, હે જૂઠા ! તેં મારી મહબ્બતનો દાવો કર્યો અને પાછો મારાથી ગાફિલ રહ્યો !

**શેઅરનો અર્થ** :– તું ગફલતમાં સપડાયેલો છે અને તારૂં દિલ ભૂલવાવાળુ છે. ઉમર પૂરી થઈ ગઈ અને ગુનાહો તેવા ને તેવા જ મૌજૂદ છે.

**હિકાયત** : એક નેક માણસે પોતાના બાપને ખ્વાબમાં જોઈને પૂછયું કે, હે અબ્બાજાન ! આપ કેમ છો અને શું હાલ છે ? બાપે જવાબ આપ્યો, મેં જિંદગી ગફલતમાં પસાર કરી અને ગફલતમાં જ મૃત્યુ પામ્યો.

## ★ મૌતના પયગમ્બર ★

ઝહરૂર્રિયાઝમાં છે કે હઝરત યાકૂબ علیہ السلامને મલકુલ મૌત સાથે મિત્રાચારી હતી. એક દિવસે મલકુલ મૌત હાજર થયા તો હઝરત યાકૂબ علیہ السلامએ પૂછયું, કે તમે મુલાકાત માટે આવ્યા છો કે રૂહ કબ્ઝ કરવા (રૂહ ખેંચવા) માટે આવ્યા છો ? ઈઝરાઈલ علیہ السلامએ કહ્યું કે કેવળ મુલાકાત

માટે જ આવ્યો છું. આપે ફર્માવ્યું કે મારે એક વાત કહેવાની છે તો મલકુલ મૌત બોલ્યા કે કહો શું વાત કહેવી છે ? હઝરત યાકૂબ عليه السلام એ ફર્માવ્યું :

“જયારે મારું મૌત નજીક આવી જાય અને તમે રૂહ કૂબ્ઝ કરવા માટે આવવાના હો ત્યારે મને અગાઉથી ખબર કરી દેજો.” મલકુલ મૌતે કહ્યું, બહું સારૂં ! હું મારા આવતા પહેલાં બે ત્રણ કાસિદો (સંદેશો કહેનાર) મોકલી દઈશ. જ્યારે હઝરત યાકૂબ عليه السلامનો આખરી કાળ આવ્યો અને મલકુલ મૌત રૂહ કૂબ્ઝ કરવા માટે પહોંચ્યા તો આપે કહ્યું, તમે તો વાયદો કર્યો હતો કે મારા આવતા અગાઉ મારા તરફથી કાસિદોને મોકલીશ. હઝરત ઈઝરાઈલ عليه السلام એ કહ્યું, મેં એવું જ કર્યું હતું. પ્રથમ તો આપના કાળા વાળ સફેદ થયા તો તે પહેલો કાસિદ હતો. પછી શરીરની સ્ફૂર્તિ અને શકિત જતી રહી હતી તો તે બીજો કાસિદ હતો અને ત્યારબાદ આપનું શરીર નમી ગયું તો તે ત્રીજો કાસિદ હતો. હે યાકૂબ عليه السلام દરેક માણસની પાસે પણ મારા ત્રણ કાસિદો પહોંચે છે.

**(અરબી) શેઅરનો અર્થ :**

- ❑ સમય વહી ગયો અને ગુનાહોને છોડી ગયો. મૌતનો કાસિદ આવી પહોંચ્યો પણ દિલ (ખુદાથી) ગાફિલ જ રહ્યું.
- ❑ તારી દુન્યવી નેઅમતો ધોકો અને છેતરપીંડી છે અને દુનિયામાં તારૂં સદાય માટે રહેવું અશકય અને તદ્દન જૂઠ છે.

શયખ અબૂઅલી દકકાક رحمة الله عليه કહે છે કે, હું એક એવા મર્દે સાલેહની ખબર લેવા (બીમારીમાં) માટે ગયો જેમની ગણતરી મશાઈખે કેબાર (મહાન મશાઈખ)માં થતી હતી. મેં તેમની આસપાસ તેમના શાર્ગિદોને બેઠેલા જોયા અને શયખ અબૂઅલી رحمة الله عليه રડી રહ્યા હતા. મેં કહ્યું, હે શયખ ! શું આપ દુનિયાના માટે રડો છો ? તેમણે ફર્માવ્યું, નહીં ! હું મારી નમાઝો કઝા થવાના કારણે રડી રહ્યો છું, મેં કહ્યું કે આપ તો ઈબાદતગુઝાર શખ્સ હતા તો આપની નમાઝ કેવી રીતે કઝા થઈ ! તો તેમણે ફમાવ્યું, મેં દરેક સિજદો ગફલતમાં કર્યો હતો અને દરેક સિજદામાંથી ગફલત સાથે સર ઉઠાવ્યું અને અત્યારે ગફલતની હાલતમાં મરી રહ્યો છું.

પછી એક નિશ્વાસ ફેંકયો અને આ શેઅર પઢયા :–

**(અર્થ) :–**

- ❑ મેં મારા અંજામ (હશર), કિ્યામતના દિવસ અને ક્બ્રના વિશે વિચાર્યુ.
- ❑ જે ઈજ્જત તથા વકા્રવાળા વજૂદની સાથે માટીનો રહેવાસી હશે અને માટી જ તેનું ઓશિકુ હશે.
- ❑ મેં હિસાબના દિવસ (કિ્યામત)ની લંબાઈના વિશે વિચાર્યુ અને તે સમયની રૂસ્વાઈ (બેઈજ્જતી)નો ખયાલ કર્યો જયારે આમાલનામું મને આપવામાં આવશે.
- ❑ પણ હે રબ્બે ઝુલજલાલ ! મારી ઉમ્મીદો તારી રહમતની સાથે છે. તું જ મારો ખાલિક્ અને મારા ગુનાહોને બખ્શવાવાળો છે.

## ★ કેવળ દાવો નિરર્થક છે ★

**ઉયુનુલ અખબારમાં** છે કે હઝરત શફીક બલ્ખી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે લોકો ત્રણ વાતો કેવળ મોઢેથી કરે છે પણ અમલ તેનાથી ઉલ્ટો કરે છે. એક એ કે તેઓ કહે છે કે અમે અલ્લાહ તઆલાના બંદાઓ છીએ પણ કામો ગુલામો જેવાં નથી કરતા. બલ્કે આઝાદોની જેમ પોતાની મરજી મુજબ ચાલે છે.

બીજું એ કહે છે કે, અલ્લાહ તઆલા જ અમને રોજી આપે છે, પણ તેઓના દિલો દુનિયા તથા દુનિયાનો માલસામાન જમા કર્યા વગર સંતોષ નથી પામતાં અને આ બાબત તેઓના ઈકરારની તદ્દન વિરુદ્ધ છે.

ત્રીજું એ કહે છે કે, અંતે અમારે મૃત્યુને ભેટવાનું છે, પણ કાર્યો તો એવાં કરે છે કે જાણે તેઓએ કદી મરવાનુ જ નથી.

હે વાંચક ! જરા વિચાર તો ખરો ! અલ્લાહ તઆલાની સમક્ષ તું કયું મોઢુ લઈને જઈશ ? અને કઈ જીભ વડે જવાબ આપીશ ? જયારે તે તને દરેક નાની મોટી વસ્તુ વિશે પ્રશ્ન કરશે, તો તે પ્રશ્નોના માટે અત્યારથી સારો જવાબ શોધી રાખ. (જેથી તે સમયે શરમાવાનો પ્રસંગ ન આવે).

ફરમાને ઈલાહી છે, وَاتَّقُوا اللّٰهَ اِنَّ اللّٰهَ خَبِيرٌ بِمَا تَعْمَلُوْنَ ''અને

અલ્લાહથી ડરો ! બેશક ! તમે જે કાંઈ કરો છો તેનાથી અલ્લાહ માહિતગાર છે અને ખબર રાખે છે.'' *(પારા : ૨૮, સૂરએ હશ્ર, આ. ૧૮)*

પછી અલ્લાહે મોમિનોને સમજાવ્યું કે તેઓ તેના અહકામ (હુકમો)ને ન છોડે અને દરેક હાલતમાં તેની વહદાનિયત (એક હોવા વિશે)નો ઈકરાર કરતા રહે.

## ★ અલ્લાહના આજ્ઞાપાલન (ઈતાઅત)નું ફળ ★

હદીષ શરીફમાં આવ્યું છે કે અર્શે ઈલાહીના પાયા પર લખેલું છે કે, જે મારી ઈતાઅત કરશે તેની વાત હું માનીશ, જે મારાથી મહોબ્બત કરશે, તેને હું મારો મહબૂબ બનાવીશ, જે મારાથી માંગશે તેને હું અતા કરીશ અને જે બખ્શિશ માંગશે તેને હું બખ્શી દઈશ. આ ફર્માને નબવી ﷺની રોશનીમાં દરેક સમજદાર અને બુદ્ધિશાળી માટે જરૂરી છે કે તે ખૌફ અને ભરપુર ખુલૂસની સાથે અલ્લાહ તઆલાની ઈબાદત કરતો રહે અને ખુદાના ફેંસલા (તક઼દીર) પર રાજી રહે, તેની નાઝિલ કરેલી મુસીબતો પર સબ્ર કરે, તેની નેઅમતોનો શુક્ર કરતો રહીને થોડા ઘણામાં સંતોષ કરનારો થઈ જાય. અલ્લાહ તઆલા ફર્માવે છે જે મારી ક઼ઝા પર રાજી (મારા ફેંસલા પર રાજી), મુસીબતો પર સાબિર (સબ્ર કરનાર) નથી અને નેઅમતોનો શુક્ર નથી અદા કરતો અને થોડા ઘણામાં સંતોષ વ્યકત નથી કરતો તો તે મારા સિવાય કોઈ અન્ય રબ શોધી લે. *(કન્ઝુલ ઉમ્માલ, ૧/૧૦૬)*

## ★ હઝરત હસન બસરીનો એક મનમોહક જવાબ ★

એક શખ્સે જનાબ હસન બસરી ને કહ્યું કે, આશ્ચર્ય છે કે, હું ઈબાદતમાં મજા નથી પામતો. આપે જવાબ આપ્યો કે, કદાચ તેં કોઈ એવી વ્યકિતને જોઈ લીધી છે જે અલ્લાહથી ડરતી નથી.

**સાચી બંદગી એ છે કે અલ્લાહને રાજી કરવા માટે તમામ ચીજોને છોડી દેવામાં આવે.**

કોઈ શખ્સે જનાબ અબૂ યઝીદ رحمة الله عليهને કહ્યું કે, હું ઈબાદતમાં લુત્ફ તથા મજા નથી પામતો તેનું શું કારણ ? તેમણે જવાબ આપ્યો, એ

એટલા માટે એવું થાય છે કે તું ઈબાદતની બંદગી કરે છે, અલ્લાહ તઆલાની બંદગી નથી કરતો ! તું અલ્લાહ તઆલાની બંદગી કરે પછી જો કે ઈબાદતમાં કેવીક મજા છે !

## ★ અલ્લાહની ઈબાદત કે મખ્લૂકની ઈબાદત ★

એક શખ્સે નમાઝ શરૂ કરી. જયારે إِيَّاكَ نَعْبُدُ પઢયું તો તેના દિલમાં ખયાલ આવ્યો કે હું કેવળ ફકત (ખાલિસ) અલ્લાહની જ ઈબાદત કરી રહ્યો છું. તો ગયબથી અવાજ આવ્યો કે તું જૂઠુ બોલ્યો છે, તું તો મખ્લૂકની ઈબાદત કરે છે. ત્યારે તેણે મખ્લૂકથી સંબંધ તદ્દન કાપી નાખ્યો અને નમાઝ શરૂ કરી. જયારે ફરી તે આયત સુધી પહોંચ્યો તો ફરી તે જ ખયાલ દિલમાં આવ્યો. તો ફરી અવાજ આવ્યો કે તું તારા માલની ઈબાદત કરે છે. તો તેણે સઘળો માલ ખુદાની રાહમાં ખર્ચી નાખ્યો અને નમાઝની નિયત કરી. ફરી જયારે તે આયત પર પહોંચ્યો તો ફરી ખયાલ આવ્યો કે હું ખરેખર અલ્લાહ તઆલાની ઈબાદત કરવાવાળો છું ?! તો અવાજ આવ્યો તું જૂઠો છે તું તારા કપડાંઓની ઈબાદત કરે છે. તો ત્યારે જ તે ખુદાના બંદાએ શરીર પરના કપડાં સિવાય તમામ કપડાં રાહે ખુદામાં લૂટાવી દીધાં. હવે ફરી જયારે નમાઝમાં તે આયત પર પહોંચ્યો તો અવાજ આવ્યો કે, તું તારા દાવામાં સાચો છે[★].

## ★ નસીહતના બદલામાં ગુલામને આઝાદ કરી દીધો ★

**રોનકુલ મજાલિસમાં** છે કે, એક શખ્સનો ઝભ્ભો ગુમ થઈ ગયો અને એ ખબર પડતી ન હતી કે તેને કોણ લઈ ગયું. જયારે તે શખ્સે નમાઝ શરૂ કરી તો તેને યાદ આવી ગયું. તો નમાઝથી ફારિગ થતાં જ તેણે ગુલામને કહ્યું કે ફલાણા શખ્સની પાસે જાવ અને ઝભ્ભો લઈ આવો. ગુલામે કહ્યું કે, તમને આ કયારે યાદ આવ્યું ? તો તેણે કહ્યું કે મને નમાઝમાં યાદ આવ્યું. તો ગુલામે તુરંત જવાબ આપ્યો કે, ત્યારે તો તમે નમાઝ ઝભ્ભાના માટે પઢી ! અલ્લાહના માટે નહીં. આ વાત સાંભળતા જ તે શખ્સે તે ગુલામને આઝાદ કરી દીધો.

---

★ *દુનિયામાં મશગૂલ રહીને નમાઝ ખાલિસન લિલ્લાહ અશકય છે.*

જેથી દરેક સમજદાર માટે જરૂરી છે કે તે દુનિયાને તર્ક કરી દે (છોડી દે) અને અલ્લાહની ઈબાદત કરતો રહે. આવનારા દિવસો વિશે ચિંતા સાથે વિચારતો રહે અને પોતાની આખેરતને સંવારતો રહે. જેમ કે ફર્માને ઈલાહી છે :–

مَنْ كَانَ يُرِيْدُ حَرْثَ الْاٰخِرَةِ نَزِدْلَهٗ فِیْ حَرْثِهٖ وَمَنْ كَانَ
يُرِيْدُ حَرْثَ الدُّنْيَا نُؤْتِهٖ مِنْهَا وَمَالَهٗ فِی الْاٰخِرَةِ مِنْ نَصِيْبٍ

‘‘જે શખ્સ આખેરતની ખેતીની ચિંતા કરે છે તો અમે તેની ખેતી વધારીએ છીએ અને જે શખ્સ (આખેરતથી ગાફિલ થઈને કેવળ બસ દુનિયા જ) દુનિયાની ખેતીનો ઈરાદો કરે છે, અમે તેનાથી કાંઈક આપીશું અને આખેરતમાં તેનો કોઈ હિસ્સો નથી.’’

એટલે કે તેના દિલમાંથી આખેરતની મહોબ્બત કાઢી નાખવામાં આવે છે. એટલા માટે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ હુઝૂરે અકરમ ﷺની ઝાત પર ચાલીસ હજાર દીનાર એલાનની સાથે (જાહેરમાં) અને ચાલીસ હજાર દીનાર ગુપ્ત રીતે ખર્ચ કરી નાખ્યા હતા. એટલે સુધી કે તેમની પાસે કાંઈ પણ ન બચ્યું. હુઝૂરે અકરમ ﷺ અને આપના અહલે બયત દુનિયા અને તેની ઈચ્છાઓથી સંપૂર્ણ પરહેઝ કરતા હતા. એટલા માટે હઝરત ફાતિમહ رضی اللہ عنہاનું દહેજ કેવળ ઘેટાનું રંગેલુ એક ચામડું અને ચામડાનો એક તકીયો જેમાં ખજૂરની છાલ ભરેલી હતી.

(પ્રકરણ : ૦૭)

# શિર્ક, નિફાક અને ખુદા ફરામોશી

એક સ્ત્રી હઝરત હસન બસરી رحمۃاللہعلیہની પાસે હાજર થઈ અને કહેવા લાગી કે મારી યુવાન પુત્રી મૃત્યુ પામી છે અને હું ઈચ્છું છું કે તેને જોઈ લઉં. તો કોઈ એવી દુઆ બતાવો જેથી મારી મુરાદ પૂરી થઈ જાય. આપે તેણીને એક દુઆ શીખવાડી. તે સ્ત્રીએ રાતમાં તે દુઆ પઢી અને પોતાની પુત્રીને ખ્વાબમાં જોઈ તો તેની હાલત એ હતી કે તેણે જહન્નમના તારકોલનો પહેરવેશ પહેર્યો હતો. તેના હાથોમાં જંઝીરો અને પગોમાં બેડીઓ હતી. સ્ત્રીએ બીજા દિવસે આ ખ્વાબ આપને સંભળાવ્યો. આપ ખૂબ જ ગમગીન થયા. કેટલાક અરસા પછી આપે (હઝરત હસન બસરી رحمۃاللہعلیہ) તે છોકરીને જન્નતમાં જોઈ. તેના માથા પર તાજ હતો, તે છોકરી આપને કહેવા લાગી કે આપ મને ઓળખો છો ? હું તે જ સ્ત્રીની પુત્રી છું જે આપની પાસે આવી હતી અને મારી તબાહ હાલાત આપને બતાવી હતી. આપે તેણીને પૂછયું, તારી હાલતમાં આ પરિવર્તન શી રીતે આવ્યું ? છોકરીએ કહ્યુ કે કબ્રસ્તાનની પાસેથી એક સાલેહ (નેક) શખ્સ પસાર થયો. તેણે હુઝૂર ﷺ પર દુરૂદ શરીફ મોકલ્યું. તેમના દુરૂદ શરીફ પઢવાની બરકતથી અલ્લાહ તઆલાએ અમને પાંચસો કબરવાસીઓ પરથી અઝાબ ઉઠાવી લીધો.

**નોંધનીય મુદ્દો** :– વિચારવાની વાત છે કે હુઝૂર ﷺ પર એક શખ્સના દુરૂદ મોકલવાની બરકતથી આટલા બધા લોકો બખ્શી દેવામાં આવ્યા તો શું તે વ્યકિત જે પચાસ વરસથી હુઝૂર ﷺ પર દુરૂદ મોકલી રહ્યો છે તેની કિયામતમાં મગફિરત નહીં થાય ?

ફર્માને ઈલાહી છે, **وَلَا تَكُونُوا كَالَّذِينَ نَسُوا اللّٰهَ** ‘‘ગુનાહ કરવામાં તમે મુનાફિકોની જેવા ન બની જાવ જેઓએ અલ્લાહના હુકમોને ત્યજી દીધા અને તેની વિરુદ્ધ ચાલવા લાગ્યા.’’ *(પારા : ૨૮, સૂરએ હશ્ર, આ. ૧૯)*

દુનિયાની ઈચ્છાઓથી મજા લેવા લાગ્યા અને ધોકાબાજીની તરફ વળી ગયા.

## ★ મોમિન અને મુનાફિકનો તફાવત ★

રસૂલુલ્લાહ ﷺને મોમિન તથા મુનાફિક્ના ફર્ક વિશે પૂછવામાં આવ્યું. તો આપે ﷺ ફર્માવ્યું કે મોમિનની દૃષ્ટિ નમાઝ અને રોઝા પ્રત્યે રહે છે અને મુનાફિક્ની દૃષ્ટિ જાનવરોની જેમ ખાવા–પીવા તરફ રહે છે અને તેઓ નમાઝ રોઝાની તરફ ધ્યાનિત થતા જ નથી. મોમિન અલ્લાહ તઆલાની રાહમાં ખર્ચ કરવામાં અને બખ્શિશ તલબ કરવામાં મશગૂલ રહે છે. જયારે મુનાફિક લાલચ તથા હવસમાં વ્યસ્ત રહે છે. મોમિન અલ્લાહ તઆલા સિવાય તમામ મખ્લૂક્ની તરફ મીટ માંડીને બેસે છે. મોમિન દીનને માલ કરતાં અગ્રિમતા આપે છે અને મુનાફિક માલને દીન કરતાં અગ્રિમતા આપે છે. મોમિન અલ્લાહના સિવાય કોઈનાથી નથી ડરતો. જયારે મુનાફિક્ અલ્લાહ સિવાય દરેક ચીજથી ડરે છે. મોમિન નેકી કરે છે અને અલ્લાહની બારગાહમાં રડતો રહે છે. મુનાફિક ગુનોહ કરે છે અને ખુશ થાય છે. મોમિન એકાંત અને એકલતાને પસંદ કરે છે. જયારે મુનાફિક ભીડભાડ અને મેલજોલને પસંદ કરે છે, મોમિન વાવે છે અને ફસલની બરબાદીથી ડરતો રહે છે અને મુનાફિક્ ફસલ ઉજૂજડ કરી દઈને કાપવાની તમન્ના રાખે છે. મોમિન દીનની તદબીરો વડે સારી વાતોનો હુકમ આપે છે અને બુરાઈઓથી રોકે છે અને ઈસ્લાહ કરે છે, જયારે મુનાફિક્ પોતાના રૂઆબ અને દબદબાના માટે ફિત્ના ફસાદ ફેલાવે છે અને નેકીઓથી રોકે છે તથા બુરાઈઓનો હુકમ આપે છે.

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે, મુનાફિક્ પુરુષો તથા સ્ત્રીઓ એકબીજામાંથી છે, નેકીઓથી રોકે છે અને બુરાઈઓનો હુકમ આપે છે અને પોતાના હાથોને બંધ કરે છે. તેઓએ અલ્લાહને ભૂલાવી દીધો અને અલ્લાહે તેઓને છોડી મૂકયા. બેશક ! મુનાફિક્ ફાસિક્ છે. અલ્લાહ તઆલાએ પુરુષો અને મુનાફિક્ સ્ત્રીઓના માટે અને કાફિરોના માટે જહન્નમની આગનો વાયદો કર્યો છે, તે તેઓના માટે પૂરતો છે અને અલ્લાહ તઆલાએ તેઓના પર લાનત કરી છે અને તેઓના માટે કાયમનો અઝાબ

છે. *(પારા : ૧૦, સૂરએ તૌબા, આ. ૬૭, ૬૮)*

એક અન્ય જગાએ તેઓના વિશે ઈર્શાદ ફર્માવ્યો છે, બેશક ! અલ્લાહ તઆલા તમામ મુનાફિકો અને કાફિરોને જહન્નમમાં એકત્ર કરવાનો છે. *(પારા : ૫, સૂરએ નિસાઅ્ આ. ૧૪૦)* એટલે કે જો તેઓ પોતાના કુફ્ર અને નિફાક઼ની હાલતમાં મૃત્યુ પામે તો, અલ્લાહ તઆલાએ આ ઈર્શાદ શરૂઆતમાં મુનાફિકોનું વર્ણન કર્યું છે. તે એટલા માટે કે કાફિરોથી પણ વધુ તેઓ બદબખ્ત હોય છે અને અલ્લાહ તઆલાએ તે સૌનું ઠેકાણુ જહન્નમ ઠરાવ્યું છે. ફર્માને ઈલાહી છે : اِنَّ الْمُنٰفِقِيْنَ فِى الدَّرْكِ الْاَسْفَلِ ''બેશક ! મુનાફિક★ જહન્નમના સૌથી નીચલા તબકામાં હશે અને તમો કોઈને તેઓને મદદગાર પામશો નહીં.'' *(પારા : ૫, સૂરએ નિસાઅ્, આ. ૧૪૫)*

હદીષ શરીફમાં છે, ''મુનાફિકનું દૃષ્ટાંત એવી નવી આવેલી બકરીની જેમ છે જે બે ટોળાંઓની વચ્ચે હોય અને કયારેક તે આ ટોળા તરફ ભાગે છે તો કયારેક પેલા ટોળા તરફ દોડે છે. એટલે કે કોઈ એક ટોળામાં નથી રોકાતી. તે જ પ્રમાણે મુનાફિક઼પણ ન તો પૂરેપૂરો મુસલમાનોમાં સામેલ થાય છે અને ન તો કાફિરોમાં.'' *(અલ્ મોઅજમુસ્સગીર લિત્તિબરાની, ૧/૨૧૧)*

## ★ જહન્નમના સાત દરવાજાઓ ★

અલ્લાહ તઆલાએ જહન્નમને પેદા કરી અને તેના સાત દરવાજાઓ બનાવ્યા. જેમ કે ફર્માને ઈલાહી છે, وَلَهَا سَبْعَةُ اَبْوَابٍ ''તેના દરવાજાઓ લોખંડના હશે જેના પર લાનતની ગડીઓ જામેલી છે.'' *(પારા : ૪, સૂરએ હજર, આ. ૪૪)* તેની જાહેરી બાજુ તાંબાની અને ભીતર સીસાનું છે. તેની ઊંડાઈમાં અઝાબ અને તેની ઊંચાઈમાં અલ્લાહની નારાઝગી છે. તેની જમીન તાંબુ, કાચ, લોઢુ અને સીસાની છે. તેમાં રહેવાવાળાઓ માટે ઉપર

---

★ *મુનાફિક઼ શબ્દ લુગત (ડિક્ષનરી)માં ''નાફિકુલ યરબૂઅ''થી નીકળેલો છે. કહે છે કે જંગલી ઉંદરો (યરબૂઅ)ના દરને બે માર્ગો હોય છે. એક દાખલ થવા માટે અને બીજો નીકળવા માટેનો હોય છે. એક માર્ગમાંથી આવે છે અને બીજામાં થઈને ભાગી છૂટે છે. મુનાફિક઼ને પણ એટલા માટે મુનાફિક઼ કહે છે કે તે જાહેરમાં તો મુસલમાનના રૂપમાં હોય છે પણ કુફ્રની તરફ નીકળી જાય છે.*

નીચે જમણે ડાબે આગ જ આગ છે. તેના તબકાઓ ઉપરથી નીચેની તરફ છે અને સૌથી નીચલો તબકો મુનાફિક઼ોના માટે છે.

હદીષ શરીફમાં આવેલું છે કે હુઝૂર ﷺએ હઝરત જિબ્રઈલ عليه السلامને જહન્નમ અને તેની ગરમી વિશે પૂછયું, હઝરત જિબ્રઈલ عليه السلامએ જવાબ આપ્યો કે અલ્લાહ તઆલાએ જહન્નમ પેદા કરી અને તેને હજાર વરસ સુધી સળગાવી તો લાલ થઈ ગઈ, પછી હજાર વરસ સુધી સળગાવી તો સફેદ થઈ ગઈ જયારે વધુ એક હજાર વરસ સળગાવવામાં આવી તો તે એકદમ કાળી અને અંધકારમય બની ગઈ. તે રબની ક઼સમ ! જેણે આપને નબીએ બહક્ક઼ બનાવીને મોકલ્યા છે કે જો જહન્નમીઓનું એક કપડુ પણ દુનિયામાં જાહેર થઈ જાય તો તમામ લોકો નાશ પામે. જો જહન્નમના પાણીની એક ડોલ દુનિયાના પાણીઓમાં મિશ્ર કરવામાં આવે તો જે પણ ચાખે તે મરી જાય અને જહન્નમની જંઝીરોનો એક ટુકડો કે જેનું વર્ણન અલ્લાહ તઆલાએ આ રીતે ફરમાવ્યું છે, **فِیْ سِلْسِلَةٍ ذَرْعُهَا سَبْعُوْنَ ذِرَاعاً** ''પછી એવી સાંકળમાં જેનું માપ સિત્તેર હાથ છે એને પરોવો.'' *(પારા : ૨૯, સૂરએ હાક્ક઼હ, આ. ૩૨)* દરેક ટુકડાની લંબાઈ પૂર્વ તથા પશ્ચિમની લંબાઈ જેટલી છે. જો તેને દુનિયાના કોઈ સૌથી મોટા પહાડ પર મૂકી દેવામાં આવે તો તે ઓગળી જશે અને જો કોઈ જહન્નમીને જહન્નમમાંથી કાઢીને દુનિયામાં લાવવામાં આવે તો તેની બદબૂ (દુર્ગંધ)થી તમામ મખ્લૂક઼ નાશ પામે.

હુઝૂર ﷺએ જિબ્રઈલ عليه السلامને ફર્માવ્યું, એ બતાવો કે જહન્નમના દરવાજાઓ શું અમારા દરવાજાઓની જેમ છે ? જિબ્રઈલ عليه السلامએ અર્ઝ કરી, ના હુઝૂર ! તે વિવિધ તબક઼ાઓમાં બનેલા છે. કેટલાક ઉપર અને કેટલાક નીચે છે અને એક દરવાજા વચ્ચેનું દરમ્યાની અંતર (પહોળાઈ) સિત્તેર વરસ જેટલુ છે અને દરેક દરવાજો પહેલા દરવાજાથી સિત્તેર ગણો ગરમ છે. આપે તે દરવાજાઓમાં રહેનારાઓ વિશે પૂછયું, તો જિબ્રઈલ عليه السلامએ અર્ઝ કર્યું કે, સૌથી નીચેના તબક઼ાનું નામ ‘‘હાવિયહ’’ છે અને તેમાં મુનાફિક઼ો છે. જેમ કે ફર્માને ઈલાહી છે :–

**اِنَّ الْمُنٰفِقِيْنَ فِى الدَّرْكِ الْاَسْفَلِ** ''બેશક ! મુનાફિક઼ો દોઝખના

સૌથી નીચલા ભાગમાં છે." *(પારા : ૫, સૂરએ નિસાઅ, આ. ૧૪૫)*

બીજા તબકાનું નામ "જહીમ" છે અને તેમાં મુશરિકો છે. ત્રીજાનું નામ "સકર" અને તેમાં સાબી (એક ધર્મમાંથી બીજા ધર્મમાં જવાવાળા) છે, ચોથાનું નામ "લેઝા" છે અને તેમાં ઈબ્લીસ અને તેના ચેલાઓ મજૂસી છે, પાંચમાનું નામ "હુતમહ" છે અને તેમાં યહૂદીઓ છે. છઠ્ઠાનું નામ સઈર છે અને તેમાં નસરાનીઓ છે. પછી હઝરત જિબ્રઈલ عليه السلام ખામોશ થઈ ગયા. તો આપે ફર્માવ્યું કે હે જિબ્રઈલ ! શું આપ મને સાતમા તબકામાં રહેનારાઓ વિશે નહીં બતાવો ? હઝરત જિબ્રઈલે કહ્યું, તે તબકામાં આપના તે ઉમ્મતીઓ છે જેઓ ગુનાહે કબીરામાં સપડાયા અને તૌબા કર્યા વગર મૃત્યુ પામ્યા.

**રિવાયત :** જયારે આ આયત નાઝિલ થઈ, **وَاِنۡ مِّنۡكُمۡ اِلَّا وَارِدُهَا** "અને તમારામાંથી કોઈ એવો નથી જેને દોઝખ પરથી પસાર થવાનું ન હોય." *(પારા : ૧૬, સૂરએ મરયમ, આ. ૭૧)*

તો હુઝૂર ﷺ પોતાની ઉમ્મતના માટે ખૂબ જ પ્રમાણમાં આસૂં સાર્યાં. જેથી જે શખ્સ પણ અલ્લાહની સખ્ત પકડને અને તેના ગઝબને જાણે છે તેણે જોઈએ કે ખૂબ જ ડરતો રહે અને નફસની ભૂલો પર રડતો રહે તે પહેલાં કે તે મુસીબતોને વેઠે, તે ભયંકર જગાને જુએ, તેની અયબો ઉઘાડવામાં આવે, તેને મુન્તકિમે હકીકી (અસલી બદલો લેનાર, ખુદા તઆલા)ની સમક્ષ ઉભો કરવામાં આવે અને તેને જહન્નમમાં જવાનો હુકમ થાય.

## ★ મૃત્યુ પછીનો પસ્તાવો ★

કેટલાક એવા વૃદ્ધો છે જેઓ જહન્નમમાં ફરિયાદો કરે છે, કેટલાક યુવાનો છે જેઓ યુવાનીમાં જે કાંઈ ગુમાવ્યું તેને યાદ કરીને હાય વોય કરે છે, કેટલીક એવી સ્ત્રીઓ છે જેઓ માજી જિંદગીનીય બદકારીઓને યાદ કરીને ચીસો પાડે છે એવી હાલતમાં કે તેઓના ચહેરાઓ કાળા થઈ ચૂક્યા છે તેઓની કમરો તૂટી ચૂકી છે. ને તેઓના મોટેરાઓની ઈજ્જત કરવામાં આવે છે અને ન તો નાનાંઓ પર દયા કરવામાં આવે છે અને ન તેઓની

સ્ત્રીઓની પર્દાપોશી કરવામાં આવે છે.

હે અલ્લાહ ! عَزَّوَجَلَّ અમોને આગ, આગના અઝાબ અને દરેક તે કામથી બચાવ જે અમને આગની તરફ લઈ જાય અને તારી રહમતના તુફૈલમાં અમને નેકીઓની સાથે જન્નતમાં દાખલ ફર્માવ. હે અઝીઝ ! હે ગફફાર ! હે અલ્લાહ ! અમારી અયબોને ઢાંકી લે, અમને ખૌફથી નજાત દે, અમને લગાઝિશોથી બચાવ અને તારી સમક્ષ શરમિંદગીથી બચાવ ! **યા અરહમુર્રાહિમીન વસલ્લલ્લાહુ અલા સૈયિદિના મુહમ્મદ વ અલા આલિહી વસહ્બિહી વસલ્લમ.**

*(પ્રકરણ : ૦૮)*

## ગુનાહોથી તૌબા

દરેક મુસલમાન મર્દ તથા ઔરત પર ગુનાહોની તૌબા કરવી વાજિબ છે. ફર્માને ઈલાહી છે, **يٰاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا تُوْبُوْا اِلَى اللّٰهِ تَوْبَةً نَّصُوْحاً** ''હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી પુખ્તા તૌબા કરો.'' *(પારા : ૨૮, સૂરએ તહરીમ, આ. ૧૮)*

એક અન્ય ઠેકાણે ઈર્શાદે ઈલાહી છે :–

**وَلَا تَكُوْنُوْا كَالَّذِيْنَ نَسُوْا اللّٰهَ** ''તમે તે લોકોની જેમ ન થઈ જાવ જેઓએ અલ્લાહને ભૂલાવી દીધો છે.'' *(પારા : ૨૮, સૂરએ હશ્ર, આ. ૧૯)* તેની મોકલેલી કિતાબોને પીઠ પાછળ નાખી, જાણે તેઓએ પોતાના હાલ પર રહમ નથી કરી અને પોતે પોતાની જાતને ગુનાહોથી નથી બચાવી અને આખરેતના માટે કોઈ નેકી નથી કરી.

ફરમાને નબવી صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّم છે કે જે શખ્સ અલ્લાહ તઆલાથી મેળાપ પસંદ કરે છે, અલ્લાહ તઆલા તેનાથી મેળાપ પસંદ ફર્માવે છે અને જે અલ્લાહ તઆલાથી મળવું નાપસંદ કરે છે તો અલ્લાહ તઆલા તેને

મળવાનું નાપસંદ ફર્માવે છે. *(સહીહ બુખારી, ૨/૯૬૩, સુનને ઈબ્ને માજહ, ઝુહદનું પ્રકરણ, પેજ : ૩૧૫, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૯/૧૭૮ તથા ૧૯/૩૯૧, કન્ઝુલ ઉમ્માલ, ૧૫/૫૬૬)*

ફર્માને ઈલાહી છે : أُولٰٓئِكَ هُمُ الْفٰسِقُوْنَ ''એ જ લોકો નાફરમાન, વાયદો ભંગ કરનારા, રહમત તથા બખ્શિશ અને હિદાયતની રાહથી દૂર છે.'' *(પારા : ૨૮, સૂરએ હશ્ર, આ. ૧૯)*

## ★ ફાસિક઼ોના પ્રકાર ★

ફાસિક઼ના બે પ્રકાર છે : (૧) ફાસિક કાફિર (૨) ફાસિક઼ ફાજિર.

(૧) ફાસિક઼ કાફિર તે છે જે અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન નથી રાખતો અને હિદાયતને છોડીને ગુમરાહીનો તાલિબ થાય છે. જેમ કે ફર્માને ઈલાહી છે : فَفَسَقَ عَنْ اَمْرِ رَبِّهٖ ''તો પોતાના રબના હુકમમાંથી નીકળી ગયો.'' *(પારા : ૧૫, સૂરએ કહફ, આ. ૫૦)*

(૨) ફાસિક઼ ફાજિર તે છે જે શરાબ પીએ છે, હરામ માલ ખાય છે, બદકારીઓ કરે છે, ઈબાદતને છોડીને ગુનાહોમાં જિંદગી વિતાવે છે. પણ અલ્લાહ તઆલાને એક માને છે અને તેના સાથે (કોઈને) શરીક નથી ઠરાવતો. (અને તમામ જરૂરિયાતે દીન પર ઈમાન ધરાવે છે.)

આ બંનેમાં તફાવત એ છે કે **ફાસિક઼ કાફિર**ની બખ્શિશ મૌત પહેલાં કલમએ શહાદત અને તૌબા વગર અશકય છે અને **ફાસિક઼ ફાજિર**ની બખ્શિશ મૌતથી પહેલાં તૌબા અને પશ્ચાતાપ નફસની ઈચ્છાઓ સાથે છે તેની મગફિરત શકય છે અને દરેક તે ગુનોહ જેનો પાયો ઘમંડ અને અહંકાર પર છે તેની મગફિરત અશકય છે. શયતાનની નાફરર્માનીનું કારણ પણ તે જ ઘમંડ અને અહંકાર હતું.

જેથી હે ઈન્સાન ! તારા માટે જરૂરી છે કે મૃત્યુ પહેલાં પોતાના ગુનાહોથી તૌબા કરી લે તો શકય છે કે અલ્લાહ તઆલા તારા ગુનાહોને માફ ફર્માવી દે. જેમ કે ફર્માને ઈલાહી છે :–

هُوَ الَّذِىْ يَقْبَلُ التَّوْبَةَ عَنْ عِبَادِهٖ وَ يَعْفُوْ عَنْ كَثِيْرٍ ''અલ્લાહ તે છે જે

પોતાના બંદાઓની તૌબા કબૂલ કરે છે અને તેના ગુનાહોથી દરગુઝર ફરમાવે છે.'' *(પારા : ૨૫, સૂરએ શૂરા, આ. ૨૫)*

હુઝૂર ﷺએ ફર્માવ્યું, ગુનાહોથી તૌબા કરનાર તે શખ્સની જેમ છે જેણે કોઈ ગુનોહ જ કર્યો ન હોય. *(સુનને ઈબ્ને માજહ, અબ્વાબુઝ્ઝહદ, પેજ : ૧૩૧)*

**હિકાયત :** એક નવયુવાન હતો તે જયારે પણ કોઈ ગુનોહ કરતો તો તેને પોતાના દફતરમાં લખી લેતો હતો. એકવાર તેણે કોઈક ગુનોહ કર્યા બાદ જયારે દફતર ખોલ્યું તો જોયું તેમાં આ આયત સિવાય કાંઈ પણ લખેલ ન હતું : **فَأُولٰئِكَ يُبَدِّلُ اللّٰهُ سَيِّئَاتِهِمْ حَسَنَاتٍ** ''અલ્લાહ તઆલા તેઓની બુરાઈઓને નેકીમાં ફેરવી નાખે છે.'' *(પારા : ૧૯, સુરએ ફુર્કાન, આ. ૭૦)* શિર્કની જગાએ ઈમાન, બદકારીની જગાએ બખ્શિશ, ગુનાહોની જગાએ સુચરિત્રતા અને સદકાર્યો લખી દેવામાં આવે છે.

## ★ એક યુવાનનું શરમાળપણું ★

હઝરત ઉમર رضی اللہ عنہ એક વખતે મદીના મુનવ્વરાની એક ગલીમાંથી પસાર થઈ રહ્યા હતા. આપે એક યુવાનને જોયો જે કપડાંની નીચે શરાબની બોટલ છુપાવીને આવી રહ્યો હતો. આપે પૂછયું કે હે યુવાન ! બોટલમાં શું લઈને જઈ રહ્યો છે ? યુવાન ખૂબ જ શરમાયો કે હું કેવી રીતે કહું કે આ બોટલમાં શરાબ છે ! તે વખતે તે યુવાને દિલમાં ને દિલમાં દુઆ માંગી કે, હે અલ્લાહ ! عزوجل મને હઝરત ઉમર رضی اللہ عنہ સમક્ષ શરમમાં પડવાથી અને બેઈજ્જતથી બચાવ ! મારા ઐબને ઢાંકી લે. હું ફરી કદી પણ શરાબ પીશ નહીં. અને યુવાને હઝરત ઉમર رضی اللہ عنہને જવાબ આપ્યો કે અમીરૂલ મોમિનીન ! આ સિરકો છે. આપે ફર્માવ્યુ, મને દેખાડ તો જરા ! જેથી આપે જોયું તો સરકો હતો.

હે ઈન્સાન ! જરા વિચાર કર કે એક બંદાએ બીજા બંદાના ડરથી ખુલૂસ દિલે તૌબા કરી તો અલ્લાહ عزوجلએ તેની શરાબને સિરકામાં ફેરવી નાખી. એ જ પ્રમાણે જો કોઈ ગુનેહગાર પોતાના ગુનાહો પર શરમિંદો બનીને તૌબા કરી લે છે તો અલ્લાહ તઆલા તેની નાફર્માની (ગુનાહો)ની શરાબને ફર્માબરદારી (નેકીઓ)ના સિરકામાં ફેરવી નાખે છે. (જેમ કે તે

યુવાનના મામલામાં થયું જે બુરાઈઓને પોતાના દફતરમાં લખ્યા કરતો હતો).

**હિકાયત** : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવ છે કે એક રાત્રે હું હુઝૂર صلی اللہ علیہ وسلم ની સાથે ઈશાની નમાઝ પઢીને બહાર નીકળ્યો. રસ્તામાં મને એક સ્ત્રી મળી. તેણીએ મને પૂછયું કે મેં એક ગુનોહ કરી લીધો છે તો શું તૌબા કરી શકું છું ? મેં પૂછયું, તેં કયો ગુનોહ કર્યો છે ? સ્ત્રી બોલી, મેં વ્યભિચાર કર્યો હતો અને જયારે તે વ્યભિચારથી બાળક પેદા થયું તો મેં તેને મારી નાખ્યું. મેં કહ્યું, તું તબાહ થઈ ગઈ ! તારા માટે કોઈ તૌબા નથી! તે સ્ત્રી બેશુદ્ધ બનીને ગબડી પડી અને હું મારા રસ્તે ચાલવા લાગ્યો. ત્યારે મને વિચાર આવ્યો કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને પૂછયા વગર આ વાત શા માટે કહી દીધી ? જેથી હું આપની ખિદમતમાં આવ્યો અને પૂરો બનાવ અર્ઝ કર્યો. હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, તમે ખૂબ જ બુરૂ કર્યું ! શું તમે આ આયત નથી પઢી ? : وَالَّذِيْنَ لَا يَدْعُوْنَ مَعَ اللّٰهِ اِلٰهاً آخَرَ...الاية "અને તે લોકો જેઓ નથી પુકારતા અલ્લાહની સાથે કોઈ અન્ય ખુદાને...." *(પારા : ૧૯, સૂરએ ફુર્કાન, આ. ૬૮)*

અબૂહુરૈરહ رضی اللہ عنہ કહે છે કે જેવી મેં આ વાત સાંભળી કે તુરંત હું તે સ્ત્રીની શોધમાં નીકળી પડયો અને દરેકને પૂછવા લાગ્યાં કે મને તે સ્ત્રીનું ઠેકાણુ બતાવો જેણે મને મસઅલો પૂછયો હતો. એટલે સુધી કે બાળકો મને ગાંડો સમજવા લાગ્યાં. છેવટે મેં તે સ્ત્રીને શોધી જ નાખી અને તેણીને આ આયત સંભળાવી. જયારે હું فَاُولٰئِكَ يُبَدِّلُ اللّٰهُ سَيِّاٰتِهِمْ حَسَنَاتٍ ("પરંતુ જે તૌબા કરે અને ઈમાન લાવે અને સદકર્મ કરે તો એવાઓની બુરાઈઓને અલ્લાહ ભલાઈઓથી બદલે નાખશે. અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે." –*પારા : ૧૯, સૂરએ ફુર્કાન, આ. ૭૦*) સુધી સંભળાવી ચૂકયો તો તે ખુશીથી દીવાની થઈ ગઈ અને કહેવા લાગી કે મેં મારો બાગ અલ્લાહ અને તેના રસૂલ صلی اللہ علیہ وسلم ના માટે બખ્શી દીધો.

## ★ ઉત્બહનો અજબ પ્રસંગ ★

હઝરત ઉત્બહ ગુલામ رحمۃ اللہ علیہ જેમની ફિત્નાખોરી અને શરાબપાનની દાસ્તાનો કુખ્યાત હતી તે એક દિવસ જનાબ હસન બસરી

رحمۃ اللہ علیہની મજલિસમાં આવ્યા. તે સમે હઝરત હસન બસરી رحمۃ اللہ علیہ આયત اَلَمۡ يَأۡنِ لِلَّذِيۡنَ اٰمَنُوۡا اَنۡ تَخۡشَعَ قُلُوۡبُهُمۡ لِذِكۡرِ اللّٰهِની તફસીર બયાન કરી રહ્યા હતા. એટલે કે, ''શુ મોમિનોને માટે તે સમય નથી આવ્યો કે તેઓના દિલ અલ્લાહથી ડરે ?'' *(પારા : ૨૭, સૂરએ હ઼દીદ, આ. ૧૬)*

આપે તે આયતની એવી તશરીહ (ખુલાસો) કરી કે લોકો રડવા લાગ્યા. એક યુવાન મજલિસમાં ઉભો થઈ ગયો અને કહેવા લાગ્યો, હે મોમિન બંદા ! શું મારા જેવો ફાસિક઼ તથા ફાજિર પણ જો તૌબા કરી લે તો અલ્લાહ તઆલા ક઼બૂલ ફર્માવશે ? આપે ફર્માવ્યું, હા ! અલ્લાહ તઆલા તારા ગુનાહોને માફ કરી દેશે. જયારે ઉત્બહ ગુલામે આ વાત સાંભળી તો તેમનો ચહેરો પીળો પડી ગયો અને તે કાંપતાં કાંપતાં ચીસ પાડીને બેહોશ થઈ ગયા. જયારે તેમને હોશ આવ્યો તો હઝરત હસન બસરી رحمۃ اللہ علیہએ તેમની નજીક જઈને આ શેઅર પઢયા :–

**(અર્થ) :–**

(૧) હે અલ્લાહના નાફર્માન યુવાન ! તું જાણે છે કે નાફર્માનીની સજા શું છે ?

(૨) નાફર્માનો માટે પુરશોર (ધાંધલ ધમાલ ભરેલી) જહન્નમ છે અને હશ્રના દિવસે અલ્લાહ તઆલાની સખ્ત નારાઝગી વેઠવી પડશે.

(૩) જો તું જહન્નમની આગ માટે તૈયાર છે તો બેશક ! ગુનાહ કરતો રહે, નહીં તો ગુનાહોથી રોકાઈ જા.

(૪) તેં તારા ગુનાહોના બદલામાં તારી જાનને ગિરવી રાખી દીધી છે તેને છોડાવવાની કોશિશ કર.

હઝરત ઉત્બહએ ફરીથી ચીસ પાડી અને બેહોશ થઈ ગયા. જયારે હોશ આવ્યો તો કહેવા લાગ્યા કે હે શયખ ! શું મારા જેવા બદબ્ખ્તની રબ્બે રહીમ તૌબા ક઼બૂલ કરી લેશે ? આપે કહ્યું, દરગુઝર કરવાવાળો રબ ગુનેહગાર બંદાની તૌબા કબૂલ ફર્માવી લે છે. ત્યારે હઝરત ઉત્બહએ માથુ ઉઠાવીને રબતઆલાથી ત્રણ દુઆઓ માંગી :–

(૧) હે અલ્લાહ તઆલા ! મારા ગુનાહોને માફ અને મારી તૌબા કબૂલ કરી લીધી છે તો એવી યાદશકિત અને બુદ્ધિ શકિત વડે મને નવાઝ

કે હુ કુર્આન મજીદ અને દીનના ઈલ્મોમાંથી જે કાંઈપણ સાંભળુ તેને ભૂલી ન જાઉ.

(૨) હે અલ્લાહ તઆલા ! મને એવો અવાજ બખ્શ કે મારી કિ઼રઅતને સાંભળીને સખ્તથી સખ્ત દિલ પણ મીણ બની જાય.

(૩) હે અલ્લાહ તઆલા ! મને હલાલ રિઝક઼ અતા ફર્માવ અને એવા તરીકાથી જેની હું કદાપિ કલ્પના પણ ન કરી શકું.

અલ્લાહ તઆલાએ હઝરત ઉત્બહની ત્રણેય દુઆઓ કબૂલ કરી લીધી. તેમની યાદશિકત, સમજશકિત અને દૂરંદેશી (ફરાસત) વધી ગઈ અને જયારે આપ કુરઆનની તિલાવત કરતા તો દરેક સાંભળનાર ગુનાહોથી તૌબા કરી લેતો હતો અને તેના ઘરમાં દરરોજ એક પ્યાલો સેરવાનો અને બે રોટીઓ (હલાલ રિઝક઼) પહોંચી જતી અને કોઈને ખબર ન હતી કે એ કોણ મૂકી જાય છે અને હઝરત ઉત્બહના જીવનપર્યંત એ જ પ્રમાણે થતુ રહ્યું. આ તે શખ્સનો હાલ છે જેણે અલ્લાહ તઆલાની લગની લગાડી :–

اِنَّ اللّٰهَ لَا يُضِيۡعُ اَجۡرَ مَنۡ اَحۡسَنَ عَمَلًا "બેશક ! અલ્લાહ તઆલા નેક અમલ કરનારાઓના અજર (બદલા)ને બર્બાદ નથી કરતો." *(પારા : ૧૫, સૂરએ કહફ, આ. ૩૦)*

**સવાલ** : કોઈ આલિમને પૂછવામાં આવ્યું કે જયારે બંદો તૌબા કરે છે તો તેને પોતાની તૌબા ક઼બૂલ થઈ કે નાક઼બૂલ તેની ખબર પડી શકે છે ?

**જવાબ** : આલિમે જવાબ આપ્યો, એવી સ્પષ્ટ વાત તો નથી પણ કેટલીક નિશાનીઓ છે જેના થકી તૌબાની ક઼બૂલિયતની ભાળ મળે છે. તે પોતે પોતાને ગુનાહોથી પાક રાખે છે, તેના દિલેથી ખુશી અદશ્ય થઈ જાય છે, હરદમ અલ્લાહને મૌજૂદ સમજવા લાગે છે, નેક લોકોથી નજીક અને બુરા લોકોથી દૂર રહેવા લાગે છે. યાની થોડીક નેઅમતને મહાન સમજે છે. (ખુદાનો ખૂબ જ શુક્ર અદા કરતો રહે છે) અને આખેરત માટે અઢળક નેકીઓને પણ થોડીક જ સમજે છે. પોતાના દિલને દરેક વખતે ખુદા તઆલાના ફર્ઝોમાં વ્યસ્ત અને પોતાની ઝબાનને બંધ રાખે છે. હમેશાં પોતાના ભૂતકાળના ગુનાહોની ચિંતા કર્યા કરે છે અને ગમ તથા પરેશાનીમાં રહ્યા કરે છે.

(પ્રકરણ : ૦૯)

# મહોબ્બત

કહે છે કે એક માણસે જંગલમાં એક કદરૂપી વ્યકિતને જોઈને પૂછયું, તું કોણ છે ? તેણે જવાબ આપ્યો કે હું તારો ખરાબ અમલ છું. તે માણસે પૂછયું, તારાથી છૂટકારાનો પણ કોઈ ચારો છે ? તેણે જવાબ આપ્યો કે હુઝૂર ﷺ પર દુરૂદ પઢવું.

જેમ કે હુઝૂર ﷺનું ફર્માન છે : ''મારા ઉપર દુરૂદ પુલસિરાતના માટે નૂર છે, જે મને જુમ્અહના દિવસે ૮૦ વખત દુરૂદ મોકલે છે તો અલ્લાહ તઆલા તેના ૮૦ વરસના ગુનાહો માફ કરી દે છે.'' *(કન્ઝુલ ઉમ્માલ, ૧/૪૯૦, હદીષ-૨૧૪૯)*

### ★ દુરૂદ ન મોકલવાવાળાથી હુઝૂર ﷺએ ચહેરો મુબારક ફેરવી લીધો ★

એક માણસ હુઝૂર ﷺ પર દુરૂદ મોકલતો ન હતો. એક રાત્રે તેણે ખ્વાબમાં હુઝૂર ﷺને જોયા. આપે તેના તરફ ધ્યાન કર્યું નહીં તો તે માણસે અર્ઝ કરી કે, શું હુઝૂર ﷺ મારાથી નારાજ છો એટલા માટે તવજજોહ નથી ફરમાવતા ? આપ ﷺએ જવાબ આપ્યો, ના ! હું તને ઓળખતો જ નથી. તેણે અર્ઝ કરી કે હુઝૂર ﷺ મને કેમ ઓળખતા નથી ! જયારે કે ઉલમા કહે છે કે, આપ આપના ઉમ્મતીઓને તેઓની માથી પણ વધુ ઓળખો છો. આપે ફર્માવ્યું, સાચુ કહ્યું ઉલમાએ દુરૂદ પઢ છે તેને હું તેટલો જ ઓળખું છું, તે માણસના દિલમાં આ વાત બેસી ગઈ. તો તેણે દરરોજ ૧૦૦ વખત દુરૂદ પઢવા ચાલુ કરી દીધું. થોડાક સમય પછી હુઝૂર ﷺના દીદારથી ફરીથી મુશર્રફ થયો તો આપ ﷺએ ફર્માવ્યું : ''હવે હું તને ઓળખું છું અને તારી શફાઅત કરીશ.'' એટલા માટે તે રસૂલે ખુદા ﷺનો મોહિબ બની ગયો હતો. ફર્માને ઈલાહી છે, **قُلْ اِنْ كُنْتُمْ تُحِبُّوْنَ اللّٰهَ۔۔۔الآيَة** ''હે રસૂલ ﷺ ! તેઓને કહી દો કે જો

તમે અલ્લાહને ચાહતા હોવ તો મારી પયરવી કરો તો અલ્લાહ તમને દોસ્ત રાખશે.'' *(પારા–૩, સૂરએ આલે ઈમરાન, આ. ૩૧)*

આ આયતનું શાને નુઝૂલ એ છે કે જયારે હુઝૂર ﷺએ કઅબ ઈબ્ને અશરફ અને તેના સાથીઓને ઈસ્લામની દાવત આપી તો તેઓ કહેવા લાગ્યા કે અમે તો અલ્લાહ તઆલાના પુત્રોની જેમ છીએ અને તેનાથી ખબૂ જ મહોબ્બત કરીએ છીએ. ત્યારે અલ્લાહ તઆલાએ પોતાના નબી ﷺને કહ્યું કે તેઓને કહી દો કે જો તમે અલ્લાહથી મહોબ્બત ધરાવતા હોય તો મારી પયરવી કરો, કેમ કે હું અલ્લાહનો રસૂલ છું. હું તમારી તરફ તેનો પયગામ પહોંચાડનારો છું અને તમારા માટે અલ્લાહની હુજજત (દલીલ) બનીને આવ્યો છું. મારી પયરવી કરશો તો અલ્લાહ તઆલા તમોને મહબૂબ બનાવશે અને તમારા ગુનાહોને માફ કરી દેશે, તે માફ કરવાવાળો અને રહમ કરવાવાળો છે.

મોમિનની મહોબ્બત અલ્લાહ તઆલાની સાથે એ છે કે તે તેના અહકામ (હુકમો) પર અમલ કરે, તેની ઈબાદત કરે અને તેને રાજી કરવાના પ્રયત્નોમાં રહે અને અલ્લાહ તઆલાની મુસલમાનો સાથે મહોબ્બત એ છે કે તેની (ફરિશ્તાઓમાં) તારીફ કરે, તેઓને સવાબ અતા કરે, તેઓના ગુનાહોને માફ કરે અને તેઓને પોતાની તરફથી તૌફીક, પરહેઝગારી તથા પાકીઝગી અતા ફર્માવે.

ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ અહયાઉલ ઉલૂમમાં ફર્માવે છે, જે શખ્સ ચાર ચીજો વગર ચાર ચીજોનો દાવો કરે છે તે જૂઠો છે :–

(૧) જન્નતની મહોબ્બતનો દાવો કરે છે પણ નેકી નથી કરતો.

(૨) જે શખ્સ નબી ﷺની મહોબ્બતનો દાવો કરે છે પણ ઉલમા અને સુલહા (મુત્તક઼ી, નેક લોકો)ને દોસ્ત નથી રાખતો (તેમની મહોબ્બત તથા ઈજ્જત નથી કરતો).

(૩) જે આગથી (જહન્નમથી) ડરવાનો દાવો કરે છે છતાં ગુનાહોને છોડતો નથી.

(૪) જે શખ્સ અલ્લાહ તઆલાની મોહબ્બતનો દાવો કરે છે પણ તકલીફોની ફરિયાદ કરે છે.

જેમ કે હઝરત રાબિઅહ ફર્માવે છે :–

**(અર્થ) :–**

- તું અલ્લાહની નાફર્માની કરે છે જયારે કે તું જાહેરમાં તો ખુદાતઆલાની મહોબ્બતનો દાવેદાર છે ! મને જિંદગીની કસમ ! આ વિચિત્ર વાત છે.
- જો તારી મહોબ્બત સાચી હોત તો તું તેની ઈતાઅત (આજ્ઞાપાલન) કરત કેમ કે મોહિબ જેનાથી મહોબ્બત કરે છે તેની ઈતાઅત (પણ) કરે છે.

અને મહોબ્બતની અલામાત (નિશાની) મહબૂબના કહ્યા મુજબ કરવામાં અને તેની વિરૂદ્ધ ન કરવામાં રહેલી છે.

## ★ જનાબ શિબ્લી رحمۃ اللہ علیہની સાથે મહોબ્બતનો દાવો ★

એક ટુકડી જનાબ શિબ્લી رحمۃ اللہ علیہની પાસે આવી અને તે લોકો કહેવા લાગ્યા કે અમે તમારાથી મહોબ્બત કરીએ છીએ, તો આપે તેઓ પર પથ્થર ફેંકયા તો તે લોકો ઉભા થઈને નાસવા લાગ્યા. આપે પૂછયું, જો તમે ખરેખર મારાથી મહોબ્બત કરતા હતા તો મારા તરફથી આપવામાં આવેલી આટલી જ તકલીફમાં શા માટે નાસી ગયા ? પછી હઝરત શિબ્લી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે મહોબ્બત કરનારાઓએ ઉલ્ફતનો જામ પીધો તો તેઓના માટે આ વિશાળ જમીન અને શહેરો તંગ થઈ ગયાં. તેઓએ અલ્લાહ તઆલાને એ રીતે ઓળખ્યો જેવો કે ઓળખવાનો હક છે. તેઓ તેની અઝમત અને તેની કુદરતથી આશ્ચર્યચકિત થયેલા છે. તેઓએ મહોબ્બતનો જામ પીધો અને તેની ઉલ્ફતના સમંદર(પ્રેમના સાગર)માં ડૂબી ગયા અને તેની બારગાહમાં મુનાજાત વડે મીઠાશ હાંસલ કરી. પછી આપે શેઅર પઢયો :–

**(અર્થ) :–** હે મૌલા તઆલા ! તારી મહોબ્બતભરી યાદે મને મદહોશ કરી દીધો, શું તેં કોઈ એવા મોહબિને જોયો છે જે મદહોશ ન હોય !

કહે છે કે ઊંટ જયારે મસ્ત થઈ જાય છે તો ચાલીસ દિવસ સુધી ઘાસ વગેરે નથી ખાતુ અને જો તેના પર પહેલાં કરતાં બમણો બોજ લાદી દેવામાં આવે તો પણ તેને ચારાની ઈચ્છા થાય છે ન તો તે ભારે બોજ ઉઠાવતાં ગભરાય છે. જયારે ઊંટ પોતાના મહબૂબની યાદમાં પોતાની ઈચ્છાઓને ત્યજી દે છે અને ભારે બોજ ઉઠાવી લે છે તો શું તમે કદી ખાવાપીવાનું બંધ કર્યું છે ? કદી પોતાની જાત પર ભારે બોજ લાદયો છે ? જો તમે આ વર્ણન કરેલ કામોમાંથી કોઈ કામ નથી કર્યું તો તમારો દાવો જૂઠો છે, જે તમને ન તો દુનિયામાં લાભ આપશે ન આખેરતમાં, ન મખ્લૂકની નજીક ફાયદામંદ છે ન તો ખાલિકની હુઝૂરીમાં લાભદાયી છે.

હઝરત અલી کرم اللہ وجہہ الکریم ફર્માવે છે કે જે જન્નતનો આશાવાદી થયો તેણે નેકીઓમાં જલ્દી કરી, જે જહન્નમથી ડર્યો તેણે પોતાને નાજાઈઝ આરઝૂઓથી અટકાવી દીધો અને જેને મૌતનું યક઼ીન આવી ગયું દુનિયાની મજાઓને છોડી દીધી. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૫/૮૬૪, શોઅબુલ ઈમાન, ૭/૩૭૦)*

જનાબ ઈબ્રાહીમ ખ્વાસ رحمۃ اللہ علیہ ને મહોબ્બતના વિશે પ્રશ્ન કરવામાં આવ્યો તો આપે કહ્યું કે મહોબ્બત ઈરાદાઓને ખત્મ કરી દેવાનું, તમામ આદતો અને હાજતોને મૃતપાય કરી દેવાનું અને પોતાના વજૂદને રહસ્યોના સમંદરમાં ડૂબાડી દેવાનું નામ છે.

(પ્રકરણ : ૧૦)

# ઈશ્ક઼ તથા મહોબ્બત

## ★ મહોબ્બતની વ્યાખ્યા ★

મહોબ્બત એ મનગમતી ચીજની તરફ આકર્ષણ થવાનું નામ છે. જો આ આકર્ષણ સખત વધી જાય તો તેને ઈશ્ક઼ કહે છે. તેમાં ઉમેરો થતો રહે છે એટલે સુધી કે આશિક઼ મહબૂબનો ખૂબ આજ્ઞાંકિત બની જાય છે અને માલ તથા દૌલત તેના પર કુરબાન કરી દે છે. ઝુલેખાનું દષ્ટાંત લઈ લો જેણે યૂસુફ (علیہ السلام)ની મહોબ્બતમાં પોતાનું હુસ્ન અને માલ તથા દૌલત કુરબાન કરી દીધી. ઝુલેખાની પાસે સિત્તેર ઊંટો લદાય જાય તેટલાં જવાહિરો અને મોતીઓ હતાં જેને ઈશ્કે઼ યૂસુફમાં નિછાવર કરી દીધાં, તેમ છતાં પણ કોઈ કહી દેતું કે મેં યૂસુફ علیہ السلامને જોયા છે તો તેણી તેને અતિ કિંમતી હાર દઈ દેતી એટલે સુધી કે કાંઈ પણ ન બચ્યું. તેણીએ દરેક ચીજનું નામ યૂસુફ રાખી દીધું હતું. અને મહોબ્બતના ઉમંગમાં યૂસુફ (علیہ السلام) સિવાય સર્વ કાંઈ ભૂલી બેઠી હતી. જયારે આસમાનની તરફ જોતા તો તેણીને દરેક તારામાં યૂસુફનુ નામ નજરે પડતું હતું.

કહે છે કે જયારે ઝુલેખા ઈમાન લાવ્યાં અને હઝરત યૂસુફ علیہ السلامના પત્ની બન્યાં તો ઈબાદત તથા રિયાઝત અને ખુદા પ્રત્યે ધ્યાન મગ્ન રહેવા સિવાય તેમનું કોઈ કામ ન હોતું. જો યૂસુફ علیہ السلام તેમને દિવસે પોતાની પાસે બોલાવતા તો કહેતાં રાત્રે આવીશ અને રાત્રે બોલાવતા તો દિવસનો વાયદો કરતાં. યૂસુફ علیہ السلامએ ફરમાવ્યું કે ઝુલેખા ! તુ મારા પ્રેમમાં પાગલ હતી. તો તેમણે જવાબ આપ્યો કે આ તે સમયની વાત છે જયારે હું આપની મોહબ્બતની હકીકતથી વાકેફ ન હતી પણ હવે હું આપની મહોબ્બતની હક઼ીક઼તને ઓળખી ચૂકી છું એટલા માટે હવે મારી મહોબ્બતમાં તમારી હાજરી પણ માન્ય નથી કરતી. હઝરત યૂસુફ علیہ السلامએ ફરમાવ્યું કે મને અલ્લાહ તઆલા બે પુત્રો પદા કરશે અને બંને નબુવ્વતથી સરફરાઝ ફરમાવશે. ઝુલેખાએ કહ્યું, જો આ ખુદા તઆલાનો હુકમ છે અને તેમાં

ખુદા તઆલાની હિકમત છે તો હુ હુકમને માથે ચઢાવું છું.

## ★ મજનૂએ પોતાનું નામ લયલા જણાવ્યું ! ★

મજનુ કોઈકે પૂછયું કે તારૂ નામ શું છે ? તો બોલ્યો, લયલા ! એક દિવસે તેને કોઈકે કહ્યું કે શું લયલા મરી ગઈ ? તો મજનૂએ જવાબ આપ્યો કે લયલા નથી મરી, તેણી તો મારા દિલમાં છે અને હું જ લયલા છું ! એક દિવસે જયારે મજનૂ લયલાના ઘર પાસેથી પસાર થયો તો તે તારાઓને જોતો જોતો પસાર થવા લાગ્યો તો કોઈકે કહ્યું કે નીચે જો કદાચ તને લયલા દેખાય જાય. તો મજનૂ બોલ્યો કે મારા માટે લયલાના ઘર પર ચમકતા તારાઓનો દીદાર જ પૂરતો છે.

## ★ મહોબ્બતનો પ્રારંભ અને તેનો છેડો ★

જયારે મન્સૂર હલ્લાજને કૈદમાં અઢાર દિવસો વહી ગયા તો હઝરત શિબ્લી رحمۃ اللہ علیہએ તેમની પાસે જઈને પૂછયું કે, હે મન્સૂર ! મહોબ્બત શું છે ? મન્સૂરે જવાબ આપ્યો કે આજે નહીં કાલે આ પ્રશ્ન કરજો. જયારે બીજો દિવસ થયો અને તેમને કૈદમાંથી કાઢીને ફાંસીના માંચડે લઈ જવાયા તો ત્યાં હઝરત શિબ્લીને જોઈને કહ્યું કે શિબ્લી ! મહોબ્બતનો પ્રારંભ સળગવું અને અંત કત્લ થઈ જવું તે છે.

**ઈશારો :–** જયારે મન્સૂર رحمۃ اللہ علیہની હક્ જોનારી આંખે એ હકીકતને ઓળખી લીધી કે, ''અલ્લાહ તઆલાની ઝાત સિવાય તમામ ચીજો બાતિલ છે.'' અને ઝાતે ઈલાહી જ હક્ છે તો તે પોતાનું નામ સુધ્ધાં ભૂલી ગયા જેથી જયારે આપને પ્રશ્ન કરવામાં આવ્યો કે તમારૂં નામ શું છે ? તો જવાબમાં આપ્યો કે ''હક્'' છું.

મુન્તહામાં છે કે મહોબ્બતની સચ્ચાઈ ત્રણ ચીજોમાં જાહેર થાય છે : મોહિબ, મહબૂબની વાતોને સૌની વાતોથી સારી સમજે છે, તેની મજલિસને તમામ મજલિસોથી બેહતર સમજે છે અને તેની રઝામંદીને અન્યોની રઝામંદીથી અગ્રસ્થાને સમજે છે.

કહે છે કે ઈશ્ક્ ભેદો ઉઘાડનાર અને રહસ્યોને જાહેર કરવાવાળો છે

અને વજદ ઝિક્રની મધુરતાના સમયે રૂહના શોખની અધિકતાનો ભાર ઉઠાવવાથી લાચાર થઈ જાય છે. એટલે સુધી કે વજદની હાલતમાં માણસનું કોઈ અંગ પણ કાપી લેવામાં આવે તો તેને એહસાસ સુધ્ધાં થશે નહીં.

**હિકાયત** : એક માણસ ફુરાત નદીમાં નહાઈ રહ્યો હતો. તેણે સાંભળ્યું કે કોઈ આ આયત પઢી રહેલ છે : وَامْتَازُوْ الْيَومَ اَيُّهَا الْمُجْرِمُوْنَ "હે મુજરિમો ! આજે અલગ થઈ જાવ." આ સાંભળતાં જ તે તડપવા લાગ્યો અને ડૂબીને મૃત્યુ પામ્યો." *(પારા : ૨૩, સૂરએ યાસીન, આ. ૫૯)*

મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ બગદાદી رحمۃ اللہ علیہ કહે છે કે મેં બસરામાં એક ઊંચી જગ્યાએ ઉભા રહેલા નવયુવાનને જોયો જે કહી રહ્યો હતો કે જે આશિકોની મૌત મરવા ઈચ્છે તેણે આ રીતે મરી જવું જોઈએ (કેમ કે ઈશ્કમાં મોતના વગર કોઈ મજા નથી) આટલું કહ્યું અને ત્યાંથી પોતે જ ગબડી પડયો. લોકોએ જયારે તેને ઉઠાવ્યો તો મૃત્યુ પામ્યો હતો. જનાબ જુનેદ બગદાદી رحمۃ اللہ علیہનો કૌલ છે કે તસવ્વુફ પોતાની પસંદને ત્યજી દેવાનું નામ છે.

**હિકાયત** : ઝહરૂર્રિયાઝમાં છે કે હઝરત ઝુન્નૂન મિસરી رحمۃ اللہ علیہ કહે છે કે એક દિવસે હું ખાનએ કાબામાં દાખલ થઈ ગયો. મેં ત્યાં થાંભલાની નજીક એક નગ્ન બીમાર યુવાનને પડેલો જોયો જેના દિલમાંથી રડવાના આવજો નીકળતા હતાં. મેં તેની નજીક જઈને તેને સલામ કરી અને પૂછયું કે તું કોણ છે ? તેણે કહ્યું કે હું એક વતનથી દૂર થયેલો આશિક છું. હું તેની વાત સમજી ગયો અને મેં કહ્યું કે હું પણ તારી જેમ જ છું. તે રડી પડયો. તો તેનું રૂદન જોઈને મને પણ રડવું આવી ગયું. તેણે મને જોઈને કહ્યું કે તમે શા માટે રડો છો ? મે કહ્યું કે એટલા માટે કે તારી અને મારી બીમારી એક જ છે. તેણે ચીસ પાડી અને તેની રૂહ ઉડી ગઈ. મેં તેના પર મારૂં કાપડ ઢ ાંકયું અને હુ કફન લેવા ચાલ્યો ગયો. જયારે હું કફન લઈને પાછો ગયો તો તે યુવાન ત્યાં ન હતો. મારા મોઢેથી એકાએક સુબ્હાનલ્લાહ નીકળ્યું. ત્યારે મેં ગયબથી અવાજ સાંભળ્યો કે હે ઝુન્નૂન ! તેની જિંદગીમાં શયતાન તેને શોધતો હતો પણ ન પામી શકયો, દોઝખના માલિકે તેને શોધ્યો પણ ન

પામી શકયો, જન્નતનો રિદવાન તેને શોધવા છતાં ન પામી શકયો. મેં પૂછયું કે તો પછી કયાં ગયો ? જવાબ આવ્યો,

هُوَ فِیْ مَقْعَدِ صِدْقٍ عِنْدَ مَلِیْكٍ مُّقْتَدِر ''પોતાના ઈશ્કૃ, પુષ્કળ ઈબાદત, ઝડપભેર તૌબા કરવાના કારણે તે પોતાના કૃાદિર રબ્બુલ ઈઝ્ઝતની હુઝૂરમાં પહોંચી ગયો.'' *(પારા : ૨૭, સૂરએ કૃમર, આ. ૫૩)*

### ★ આશિકૃની ઓળખ ★

એક શયખને આશિકૃના વિશે પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે આશિકૃ મેળમેળાપથી દૂર, એકાંતપ્રિય, ચિંતન મનનમાં ડૂબેલો અને ચૂપચાપ રહે છે. જયારે તેને જોવામાં આવે તો તે નજર નથી આવતો, જયારે બોલાવવામાં આવે તો સાંભળતો નથી, જયારે વાત કરવામાં આવે તો સમજતો નથી અને જયારે તેના પર કોઈ મુસીબત આવી જાય તો ગમગીન નથી થતો. તે ભૂખની પરવા અને નગ્નતાનો એહસાસ નથી ધરાવતો, કોઈની ધમકીઓથી પ્રભાવિત નથી થતો. તે એકાંતમાં અલ્લાહ તઆલાથી વિનવણીઓ કરે છે. તેની રહમતથી પ્યાર મહોબ્બત રાખે છે. તે દુનિયા ખાતર દુનિયાવાળાઓથી નથી ઝઘડતો.

જનાબ અબૂ તુરાબ બખ્શી رحمۃ اللہ علیہ એ ઈશ્કૃની અલામત (નિશાની)માં કેટલાક શેઅર કહ્યા છે :–

**(અર્થ) :–**

- ❑ તું ધોકો ન દે કેમ કે મહબૂબની પાસે દલીલો અને આશિકૃની પાસે મહબૂબના તોહફાઓના વસીલાઓ છે.
- ❑ એક નિશાની એ છે કે તે પોતાની તીવ્ર અજમાઈશથી મજા ઉઠાવે છે અને મહબૂબ જે કરે છે તેના પર તે ખુશ થાય છે.
- ❑ તેના તરફથી મના કરવું પણ ઈનામ છે અને આશિકૃની પાસે મહબૂબના તોહફાઓ ઈજ્જત વધારનાર.
- ❑ એક નિશાની એ છે કે તમે તેને હસતો પામશો ભલે તેના દિલમાં મહબૂબની તરફથી આગ સળગી રહી હોય.

- ❑ એક નિશાની એ છે કે તમે તેને ખતાકારોની વાતચીત સમજી રહેલો પામશો.
- ❑ અને એક નિશાની એ છે કે તમે તેને દરેક તે વાતની હિફાઝત કરવાવાળો (પાળવાવાળો) પામશો જેને તે કહે છે.

**હિકાયત :** હઝરત ઈસા عليه السلام એક યુવાનની પાસે થઈને પસાર થયા જે બાગને પાણી સીંચી રહ્યો હતો. તેણે આપને કહ્યું કે અલ્લાહ તઆલાથી દુઆ કરશો કે અલ્લાહ તઆલા મને એક કણ તેના ઈશ્કનો અતા ફરમાવી દે. આપે ફરમાવ્યું, એક કણ તો ખૂબ જ મોટી ચીજ છે તું તેને સહન કરવાની શકિત નથી ધરાવતો. તો તે કહેવા લાગ્યો. સારૂ ! અડધા કણનો સવાલ કરશો. હઝરત ઈસા عليه السلامએ રબ તઆલાની સવાલ કર્યો કે, યા અલ્લાહ ! તેને અડધો કણ તારા ઈશ્કનો અતા ફરમાવી દે. તેના હકમાં આ દુઆ કરીને આપ ત્યાંથી રવાના થઈ ગયા.

ઘણા સમય પછી આપ ફરીથી તે રસ્તે થઈને પસાર થયા અને યુવાનના વિશે પૂછયું તો લોકોએ કહ્યું કે તે તો પાગલ થઈ ગયો છે અને કયાંક પહાડોની તરફ નીકળી ગયો છે. હઝરત ઈસા عليه السلامએ ખુદાથી દુઆ કરી કે, યા અલ્લાહ ! મારી તે યુવા સાથે મુલાકાત કરાવી દે. તો આપે જોયું કે તે એક ચટ્ટાન પર ઉભો રહીને આસમાનની તરફ જોઈ રહ્યો હતો. આપે તેને સલામ કરી પણ તે ચૂપ રહ્યો. આપે કહ્યું, મને ઓળખતો નથી ! હું ઈસા عليه السلام છું ! અલ્લાહ તઆલાએ હઝરત ઈસા عليه السلام તરફ વહી મોકલી કે હે ઈસા ! જેના દિલમાં મારી મહોબ્બતનો અડધો કણ મૌજૂદ હોય તે ઈન્સાનોની વાત કેવી રીતે સાંભળશે ? મને ઈજ્જત તથા જલાલની કસમ ! જો તેને કરવત વડે બે ટુકડા પણ કરી દેવામાં આવે તેમ છતાં તેને મહસૂસ થશે નહીં.

જે શખ્સ ત્રણ વાતોનો દાવો કરે છે અને ખૂદ પોતાને ત્રણ ચીજોથી પાક નથી રાખતો તો તેનો દાવો બાતિલ છે :–

(૧) જે શખ્સ ઝિક્રે ખુદાની મધુરતાને પામવાનો દાવો કરે છે તેમ છતાં દુનિયાથી પણ મહોબ્બત કરે છે.

(૨) જે પોતાના અમલોમાં ઈખ્લાસનો દાવો કરે તેમ છતાં લોકોમાં પોતાની ઈઝ્ઝત વધારવા માટેનો ખ્વાહિશમંદ છે.

(૩) જે પોતાના ખાલિક઼ને મહોબ્બતનો દાવો કરે છે પણ પોતાના નફ્સને ઝલીલ નથી કરતો.

ફરમાને નબવી છે કે, મારી ઉમ્મત પર નજીકમાં જ એવો સમય આવવાનો છે જયારે તેઓ પાંચ ચીજોથી મહોબ્બત કરશે અને પાંચ ચીજોને ભૂલી જશે :–

(૧) દુનિયાથી મહોબ્બત રાખશે અને આખેરતને ભૂલી જશે.

(૨) માલથી મહોબ્બત રાખશે અને હિસાબના દિવસને ભૂલી જશે.

(૩) મખ્લૂક઼થી મહોબ્બત રાખશે પણ ખાલિક઼ને ભૂલી જશે.

(૪) ગુનાહોથી મહોબ્બત રાખશે પણ તૌબાને ભૂલી જશે.

(૫) મકાનોથી મહોબ્બત રાખશે અને ક઼બ્રને ભૂલી જશે.

હઝરત મન્સૂર ઈબ્ને અમ્માર رحمۃ اللہ علیہએ એક યુવાનને નસીહત કરતાં કહ્યું, હે યુવાન ! તને તારી યુવાની ધોકામાં ન નાખે કેમ કે કેટલાય યુવાનો એવા હતા જેઓએ તૌબાને પાછળ મૂકી અને ઉમ્મીદોને ફેલાવી દીધી. મૌતને ભૂલાવી દીધું અને એવું કહેતા રહ્યા કે કાલે તૌબા કરી લઈશું, એટલે સુધી કે એ જ ગફલતમાં મૌતનો ફરિશ્તો આવી ગયો અને તેઓ અંધારી કબ્રમાં પહોંચીને સૂઈ ગયા. ન તેઓને માલે, ન ગુલામોએ, ન ઔલાદે અને ન તો માબાપે કોઈ ફાયદો આપ્યો. ફરમાને ઈલાહી છે કે, **لَا يَنۡفَعُ مَالٌ وَّلَا بَنُوۡنَ اِلَّا مَنۡ اَتَى اللّٰهَ بِقَلۡبٍ سَلِيۡمٍ** ''તે દિવસે માલ તથા અવલાદ કાંઈ ફાયદો આપશે નહી.'' *(પારા : ૧૯, સૂરએ શુઅરા, આ. ૮૮, ૮૯)*

હે રબ્બે ઝુલજલાલ ! અમને મૌતથી પહેલાં તૌબાની તૌફીક આપ, અમને ગફલતની નીંદથી હોંશિયાર ફરમાવી દે અને સૈયદુલ મુરસલીન صلی اللہ علیہ وسلمની શફાઅત નસીબ ફરમાવ.

મોમિનની ઓળખ એ છે કે તે હરઘડી તૌબા કરતો રહે અને પોતાના આગલા ગુનાહોથી શરમિંદો રહે, થોડાક જ દુનિયવી માલમતા પર રાજી

રહે, દુનિયવી ધમાલોને ભૂલીને આખેરતની ચિંતા કરે અને ખુલૂસ દિલે અલ્લાહ તઆલાની ઈબાદાત કરતો રહે.

## ★ એક કંજૂસ મુનાફિક઼ ★

એક મુનાફિક઼ ખૂબ જ કંજૂસ હતો. તેણે પોતાની પત્નીને ક઼સમ આપી કે જો તેં કોઈને કાંઈ આપ્યું તો તારા પર તલાક઼ છે. એક દિવસે એક સાઈલ એ તરફ આવી ચડયો અને તેણે ખુદાના નામ પર સવાલ કર્યો તો પત્નીએ ત્રણ રોટીઓ તેને આપી દીધી. રસ્તામાં તેને તે જ કંજૂસ મળી ગયો અને પૂછયું કે તને આ રોટીઓ કોણે આપી ? સાઈલે તેના ઘર વિશે જણાવતાં કહ્યું કે મને તે ઘરેથી મળી. કંજૂસ ઝડપથી ઘરે આવ્યો અને આવીને પત્નીને બોલ્યો કે મેં તને ક઼સમ આપી ન હતી ?કે કોઈને કાંઈ ન દેતી. પત્નીએ કહ્યું કે સાઈલે અલ્લાહના નામ પર સવાલ કર્યો હતો જેથી હું રદ ન કરી શકી.

કંજૂસે જલ્દીથી ભટ્ટી સળગાવી, જયારે ભટ્ટી લાલ થઈ તો પત્નીને કહ્યું કે ઉઠ અને અલ્લાહના નામ પર ભટ્ટીમાં દાખલ થઈ જા. સ્ત્રી ઉઠી અને પોતાના ઘરેણા લઈને ભટ્ટી તરફ ચાલવા લાગી. તો કંજૂસે બૂમ પાડી કે ઘરેણાં તો અહીં છોડતી જા ! સ્ત્રીએ કહ્યું, આજે મારો મહબૂબની મુલાકાતનો દિવસ છે, જેથી હું તેની બારગાહમાં બની ઠનીને જઈશ અને જલ્દીથી ભટ્ટીમાં ઘુસી ગઈ. તે બદબખ્તે ભટ્ટીને બંધ કરી દીધી. જયારે ત્રણ દિવસો વહી ગયા તો તેણે ભટ્ટીનું ઢાંકણ ઉટાવીને અંદર ઝાંખી જોયું પણ એ દશ્ય જોઈને આશ્ચર્યમાં પડી ગયો કે તે સ્ત્રી અલ્લાહ તઆલાની કુદરતથી તેમાં સહી સલામત બેઠેલી હતી ! ગયબથી અવાજ દેનારે આવાજ આપ્યો કે તને ખબર નથી કે આગ અમારા દોસ્તોને નથી સળગાવતી ?

## ★ હઝરત આસિયહનું ઈમાન ★

હઝરત આસિયહ رضی اللہ عنہا એ પોતાનું ઈમાન પોતાના પતિ ફિરઔનથી છુપાવ્યું હતું. જયારે ફિરઔનને તેની ખબર પડી તો તેણે હુકમ કર્યો કે તેને તરહ તરહનો અઝાબ આપવામાં આવે જેથી હઝરત આસિયહ ઈમાનને છોડી દે. પણ હઝરત આસિયહ અડગ રહ્યાં. તો ફિરઔને ખીલીઓ મંગાવી અને આપના શરીર પર ખીલીઓ ખોસાવી દીધી અને

ફિરઔન કહેવા લાગ્યો કે હજી પણ સમય છે કે ઈમાનને છોડી દો પરતું હઝરત આસિયહએ જવાબ આપ્યો કે તું મારા અસ્તિત્વ પર શકિતમાન છે (જેવું ઈચ્છે કરે) પણ મારૂ દિલ મારા રબની પનાહમાં છે. જો તું મારૂં દરેક અંગ કાપી નાખે તો પણ મારો ઈશ્ક઼ વધતો જશે.

મૂસા عليه السلام ને ત્યાંથી પસાર થવાનું થયું તો હઝરત આસિયહએ મૂસા عليه السلام ને પૂછયું કે મારો રબ મારાથી રાજી છે કે નહીં ? હઝરત મૂસા عليه السلام એ ફરમાવ્યું, હે આસિયહ ! આસમાનના ફરિશ્તાઓ તારા ઈન્તેઝારમાં છે અને અલ્લાહ તઆલા તારા કારનામાઓ પર ગર્વ ફરમાવે છે, તું સવાલ કર તારી દરેક હાજત પૂરી ફરમાવવામાં આવશે. આસિયહએ દુઆ માંગી કે મારા રબ ! મારા માટે તારા રહમતના દરિયામાં જન્નતમાં મકાન બનાવી દે, મને ફિરઔન તથા તેના જુલ્મો અને આ જાલિમ લોકોથી નજાત અતા ફરમાવ.

હઝરત સલ્માન رضی اللہ عنہ કહે છે કે આસિયહને તડકામાં અઝાબ આપવામાં આવતો હતો. જયારે લોકો જતા રહેતા તો ફરિશ્તાઓ પોતાની પાંખો વડે આપના પર છાંયડો કર્યા કરતા હતા અને તેણી પોતાનાં જન્નતવાળાં ઘરો જોતી રહેતી હતી.

હઝરત અબૂહુરૈરહ رضی اللہ عنہ કહે છે કે જયારે ફિરઔને હઝરત આસિયહને તાપમાં સૂવડાવીને ચાર ખીલીઓ તેમના શરીરમાં લગાવડાવી અને તેમની છાતી પર ઘંટીની પાટો રાખી દેવામાં આવી તો હઝરત આસિયહએ આસમાનની તરફ નિગાહ ઉઠાવીને અર્ઝ કરી :–

رَبِّ ابْنِ لِیْ عِنْدَكَ بَیْتاً فِی الْجَنَّةِ હે મારા રબ ! મારા માટે તારા રહમતના સમુદ્રમાં જન્નતમાં મકાન બનાવી દે.... (અંત સુધી) *(પારા : ૨૮, સૂરએ તહ઼રીમ, આ. ૧૧)*

જનાબે હસન رحمۃ اللہ علیہ કહે છે કે અલ્લાહ તઆલાએ આ દુઆના તુફૈલથી આસિયહને ફિરઔનથી બાઈઝ્ઝત મુક્તિ અતા ફરમાવી અને તેમને જન્નતમાં બોલાવી લીધાં જયાં તે જીવંતની જેમ ખાય પીએ છે.

આ હિકાયતથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે મુસીબતો અને તકલીફોમાં અલ્લાહની પનાહ માંગવી, તેનાથી વિનવણી કરવી અને મુક્તિ માટેનો સવાલ કરવો મોમિનો અને સાલેહીનોનો તરીક઼ો છે.

(પ્રકરણ : ૧૧)

# ખુદા તઆલાની ઈતાઅત તથા અલ્લાહ અને રસૂલની મહોબ્બત ﷺ

ફરમાને ઈલાહી છે :–

قُلْ اِنْ كُنْتُمْ تُحِبُّوْنَ اللّٰهَ فَاتَّبِعُوْنِىْ يُحْبِبْكُمُ اللّٰهُ ''હે નબી ! આપ ફરમાવી દો કે જો તમે અલ્લાહની મહોબ્બત ધરાવતા હોવ તો મારી પયરવી કરો તો અલ્લાહ તમને મહબૂબ રાખશે.'' *(પારા : ૩, સૂરએ આલે ઈમરાન, આ. ૩૧)*

અલ્લાહ તમારા પર રહમ ફરમાવે, સારી રીતે સમજી લો કે બંદાના માટે અલ્લાહ અને તેના રસૂલની મહોબ્બત તેમની ઈતાઅત (આજ્ઞાપાલન) અને તેમના અહકામની પયરવી છે અને અલ્લાહ તઆલા માટે બંદાઓની મહોબ્બત એ રહમત તથા બખ્શિશનું નૂઝૂલ છે.

જ્યારે બંદો એ સમજી લે છે કે હક઼ીક઼ી કમાલાત (ખૂબીઓ) કેવળ અલ્લાહ તઆલાના માટે જ છે અને મખ્લૂક઼ના કમાલો પણ હકીકતમાં અલ્લાહના જ કમાલો છે અને અલ્લાહના જ અતા કરેલા છે તો તેની મહોબ્બત અલ્લાહની સાથે અને અલ્લાહના માટે થઈ જાય છે. આ જ વસ્તુ એ વાતનો તકાઝો કરે છે કે બંદો અલ્લાહ તઆલાની ઈતાઅત કરે અને જે વાતોનો તે ઈકરાર કરે છે તે બાબતોથી આ મહોબ્બતમાં વધારો થાય. એટલા માટે મહોબ્બતને ઈતાઅતના ઈરાદાઓનું નામ આપવામાં આવ્યું છે અને તેને ઈખ્લાસભરી ઈબાદત અને રસૂલ ﷺની પયરવી (અનુસરણ)ની શરતની સાથે સાંકળેલ છે.

હઝરત હસન رحمة الله عليهનો ક઼ૌલ છે, કેટલાક લોકોએ હુઝૂર ﷺને અર્ઝ કરી કે અમે રબતઆલાથી મહોબ્બત કરીએ છીએ. ત્યારે આ આયત

નાઝિલ થઈ. એટલે કે હુઝૂર ﷺની પયરવી અલ્લાહ તઆલાની મહોબ્બતનો સબબ છે.

## ★ હઝરત બિશર હાફી رحمۃ اللہ علیہને ઉચ્ચ મર્તબો કેવી રીતે અતા થયો ? ★

હઝરત બિશર હાફી رحمۃ اللہ علیہ કહે છે કે હું નબી ﷺના દીદારથી ખ્વાબમાં મુશર્રફ થયો. આપે મને પૂછયું, બિશ્ર હાફી ! જાણો છો અલ્લાહ તઆલાએ તમને તમારા સમકાલિનોથી ઉચ્ચ મક઼ામ શા માટે આપ્યો છે ? મેં અર્ઝ કરી, નહીં ! યા રસૂલલ્લાહ ﷺ ! આપે ફરમાવ્યું, એટલા માટે કે તમે નેક લોકોની ખિદમત કરો છો, દોસ્તોને નસીહત કરો છો, મારી સુન્નત અને એહલે સુન્નતથી મહોબ્બત ધરાવો છો અને પોતાના મિત્રોથી સદવર્તન કરતા રહો છો.

ફરમાને નબવી છે કે જેણે મારી સુન્નતને જીવંત કરી તેણે મારાથી મહોબ્બત કરી અને **જેણે મારાથી મહોબ્બત કરી તે ક઼િયામતના દિવસે મારી સાથે હશે.** *(મોઅજમે સગીર લિત્તબરાની, ૨/૩૩, કન્ઝુલ ઉમ્માલ, ભાગ : ૧, હદીષ—૯૩૩, સબલુલ હુદા વર્રશાદ, ૧૧/૪૨૬, મિશ્કાતુલ મસાબીહ, બાબુ કિતાબુસ્સુન્નહ, 1/30, સુનને તિર્મિઝી, ૨/૯૬)*

શુરઅતુલ ઈસ્લામ અને આષારે મશહુરામાં છે કે જયારે મઝહબમાં ફિત્નાઓ ઉદભવે અને મખ્લૂકમાં અસ્તવ્યસ્તતા આવી જાય તે સમયે હુઝૂર ﷺની સુન્નત પર અમલ કરતા રહેવાનો સવાબ સો શહીદોના સવાબના જેટલો છે. *(મફાતિહુલ જિનાન, શરહે શરઅતુલ ઈસ્લામ, પેજ : ૮)*

હુઝૂર ﷺએ ફરમાવ્યું, મારી આખી ઉમ્મત જન્નતમાં જશે પણ જેણે ઈન્કાર કર્યો. (જન્નતમાં જશે નહીં.) અર્ઝ કરવામાં આવી કે હુઝૂર ! ઈન્કાર કોણે કર્યો ? આપે ફરમાવ્યું, મારી પયરવી કરી તે જન્નતમાં જશે અને જેણે મારી નાફરમાની કરી તેણે જાણે ઈન્કાર કર્યો. દરેક તે અમલ જે મારા તરીકા પ્રમાણે નથી તે ગુનોહ છે. *(સહીહુલ બુખારી, કિતાબુલ એઅ્તેસામ, ૨/૧૦૮૧, કન્ઝુલ ઉમ્માલ, ૩/૨૧૫)*

એક આરિફ બિલ્લાહનો ઈરશાદ છે કે જો તું કોઈ શયખ (પીર)ને

હવામાં ઉડતો જુએ અથવા પાણી પર ચાલતો જુએ અને આગ વગેરે ખાતો જુએ પરંતુ જાણીબુઝીને અલ્લાહના કોઈ ફર્ઝ અને નબીની કોઈ સુન્નતને છોડનારો હોય તો તે ''જૂઠો'' છે. તેનો મહોબ્બતનો દાવો બાતિલ છે અને આ તેની કરામત નથી પણ ઈસ્તેદરાજ★ છે.

હઝરત જુનેદ رحمۃ اللہ علیہનો કૌલ છે કે કોઈપણ શખ્સ અલ્લાહ સુધી તેની તૌફીક વગર નથી પહોંચતો અને અલ્લાહ સુધી પહોંચવાનો માર્ગ મુહમ્મદ ﷺની ઈક્તેદા તથા ઈત્તેબાઅ (પયરવી) છે.

હઝરત અહમદ હવારી رحمۃ اللہ علیہનો કૌલ છે કે સુન્નતની પયરવી વગર દરેક અમલ બાતિલ છે. શરઅતુલ ઈસ્લામ ફર્માને નબવી ﷺ છે કે **જેણે સુન્નતને બર્બાદ કરી તેના પર મારી શફાઅત હરામ છે.** *(મકાતિહુલ જિનાન શરહે શરઅતુલ ઈસ્લામ, પેજ : ૮)*

## ★ અલ્લાહનો દીવાનો આશિક઼ ★

એક શખ્સે એક દીવાનાને એવું કાર્ય કરતો જોયો જે ધારણાથી વિરુદ્ધ હતું. તે જવાબ મઅરૂફ કરખી رحمۃ اللہ علیہની ખિદમતમાં પહોંચ્યો અને પ્રસંગ કહી સંભળાવ્યો. આપે કહ્યું, અલ્લાહ તઆલા ન ઘણાયે આશિક઼ છે તેમાં કેટલાક નાના, કેટલાક મોટા, કેટલાક અકલમંદ તો કેટલાક દીવાના છે. જે શખ્સને તમે જોયો છે તે અલ્લાહનો દીવાનો આશિક઼ છે.

**હિકાયત** : હઝરત જુનેદ કહે છે કે અમારા શયખ સર્રી સકતી رحمۃ اللہ علیہ બીમાર થયા. અમને તેમની બીમારીનું કારણ સમજાતું ન હતું. કોઈકે એક અનુભવી હકીમનું સરનામુ આપ્યું. અમે તેમનો પેશાબ તે હકીમની પાસે લઈ ગયા. તે હકીમ કેટલીક વાર સુધી ધ્યાનપૂર્વક તેને જોતો રહ્યો પછી બોલ્યો, આ કોઈ આશિક઼નો પેશાબ જણાય છે. આ સાંભળતાં જ હું બેહોશ થઈ ગયો અને બાટલી મારા હાથેથી પડી ગઈ. જયારે મેં હઝરત સર્રી સકતી رحمۃ اللہ علیہને બનેલ હક઼ીક઼ત કહી તો આપે સ્મિત કર્યુ અને ફરમાવ્યું, અલ્લાહ તેનાથી સમજે ! તેણે એ કેવી રીતે જાણી લીધું ? મેં કહ્યું, શું મહોબ્બતની અસરો પેશાબમાં પણ જાહેર થાય છે ? ફરમાવ્યું, હા !

★ *એવી ચમત્કારિક વાત જે કોઈ ગૈર મુસ્લિમથી જાહેર થાય.*

હઝરત ફુઝેલ رحمۃ اللہ علیہનો કૌલ છે કે જયારે તને પૂછવામાં આવે કે તું અલ્લાહ તઆલાથી મહોબ્બત કરે છે ? તો ચૂપ થઈ જા. કેમ કે જો તું નકારમાં જવાબ આપીશ તો એ કુફ્ર થશે અને જો હા કહીશ તો તારી અંદર આશિકો જેવો કોઈ ગુણ જ મૌજૂદ નથી. (આ રીતે તું જૂઠો ગણાઈશ) તેથી ખામોશી અપનાવીને નારાઝગીથી બચી જા.

જનાબ સુફિયાન رحمۃ اللہ علیہનો કૌલ છે કે જે શખ્સ અલ્લાહ તઆલાના દોસ્તને દોસ્ત રાખે છે (ચાહે છે) અને જે અલ્લાહ તઆલાનો એહતેરામ કરવાવાળાઓનો એહતેરામ કરે છે તે અલ્લાહનો એહતેરામ કરે છે.

જનાબ સુહેલ رحمۃ اللہ علیہનો કૌલ છે કે હુબ્બે ખુદા (ખુદાની મોહબ્બત)ની નિશાની હુબ્બે કુરઆન છે. હુબ્બે ખુદા અને હુબ્બે કુરઆનની નિશાની હુબ્બેનબી (નબીની મહોબ્બત–رحمۃ اللہ علیہ) છે. અને હુબ્બે નબીની નિશાની સુન્નતથી મહોબ્બત છે અને હુબ્બે સુન્નતની નિશાની આખેરતની મહોબ્બત છે અને આખેરતની મહોબ્બતનો મતલબ દુનિયાથી નફરત કરવી તે છે અને નફરતની નિશાની મામૂલી માલ દૌલતથી રાજી રહેવું અને આખેરતના માટે દુનિયાને ખર્ચી નાખવી તે છે.

હઝરત અબુલ હસન ઝન્જાનીનો કૌલ છે કે ઈબાદતના પાયાની ત્રણ ચીજો છે : (૧) આંખ, (૨) દિલ, (૩) જીભ. આંખ ઈબ્રતના માટે, દિલ ચિંતન મનન માટે અને જીભ સચ્ચાઈનું પારખુ અને ઝિક્ર તથા તસ્બીહના માટે હોવી જોઈએ.

જેમ કે ફરમાને ઈલાહી છે :–

**وَاذْكُرُوا اللّٰهَ ذِكْرًا كَثِيْرًا وَسَبِّحُوْهُ بُكْرَةً وَّاَصِيْلًا** ''તમે અલ્લાહનું ખૂબ જ વધુ ઝિક્ર કરો અને સવાર સાંજ તેની પાકી બયાન કરો.'' *(પારા : ૨૬, સૂરએ અહઝાબ, આ. ૩૧–૩૨)*

**હિકાયત** : હઝરત અબ્દુલ્લાહ અને અહમદ ઈબ્ને હર્બ એક સ્થળે ગયા. અહમદ ઈબ્ને હર્બે ત્યાં સૂકી ઘાસનો એક ટુકડો કાપ્યો. તો હઝરત અબ્દુલ્લાહે જનાબ અહમદ ઈબ્ને હર્બને કહ્યું કે તને પાંચ ચીજો પ્રાપ્ત થઈ ગઈ. તારા આ કૃત્યથી તારું દિલ અલ્લાહની તસ્બીહથી ગાફેલ

થયું, તેં તારા નફસને અલ્લાહના ઝિક્ર સિવાયના કામોની આદત પાડી, તેં તારા નફસના માટે એક રસ્તો બનાવી દીધો જેમાં તે તારા પાછળ પડશે, તેં તેને અલ્લાહની તસ્બીહથી રોકયો અને ક્રિયામતના દિવસે તારા નફસને અલ્લાહ સમક્ષ એક દલીલ આપી દીધી.

હઝરત શયખ સર્રી સકતી رحمۃ اللہ علیہ કહે છે કે મેં શયખ જુર્જાનીની પાસે દળેલા સત્તૂ★, જોયા તો મેં પૂછયું કે તમે સત્તૂ સિવાય અન્ય કાંઈ શા માટે નથી ખાતા ? તેમણે જવાબ આપ્યો કે મેં અનાજ ચાવવામાં અને સત્તૂ પીવામાં સિત્તેર તસ્બીહનો ફરક જોયો. ચાલીસ વરસથી મેં રોટલી ખાધી જ નથી કે જેથી તે તસ્બીહોનો સમય વેડફાય ન જાય.

હઝરત સુહેલ ઈબ્ને અબ્દુલ્લાહ رحمۃ اللہ علیہ પંદર દિવસમાં કેવળ એક જ વખત જમતા હતા અને જયારે રમઝાનનો મહિનો આવતો ત્યારે મહિનામાં ફકત એક જ વાર જમતા. કેટલીક વખત તો આપ ૭૦ દિવસો સુધી કાંઈ જ ન ખાતા. જયારે આપ ખાણુ ખાતા તો અશકત થઈ જતા અને જયારે ભૂખ્યા રહેતા તો મજબૂત થઈ જતા !

હઝરત અમ્ર બિન ઉબૈદ رحمۃ اللہ علیہ ત્રણ કામો સિવાય કદાપિ ઘરથી બહાર નીકળતા ન હતા : નમાઝ બાજમાઅતના માટે, બીમારોની ખબર લેવા કાજે અને જનાઝામાં હાજરી આપવા માટે. અને આપ ફરમાવે છે કે, મેં લોકોને ચોર અને ડાકૂ જોયા છે. ઉમર એક ઉમદા ઘરેણું (જવાહિર) છે જેની કિંમતની કલ્પના નથી કરી શકાતી જેથી તેના દ્વારા આખેરતના માટે ખજાનો એકત્ર કરવો જોઈએ અને આખેરતના તલબગારના માટે જરૂરી છે કે તે દુનિયામાં રિયાઝત (ઈબાદત) કરે જેથી કરીને તેનું જાહેર અને ભીતર (ઝાહિર તથા બાતિન) એક થઈ જાય. જાહેર તથા બાતિન પર સંપૂર્ણ અખ્તિયાર હાંસલ કર્યા વગર પરિસ્થિતિને સંભાળવી મુશ્કેલ છે.

હઝરત શિબ્લી رحمۃ اللہ علیہનો ક્રૌલ છે કે રિયાઝતની શરૂઆતમાં જયારે મને ઊંઘ આવતી તો હું આંખોમાં નમક (મીઠા)ની સળી લગાડતો. જયારે ઊંઘ વધુ હેરાન કરતી તો હું ગરમ સળી આંખોમાં ફેરવી લેતો.

★ *જવ અથવા ચણા વગેરેનો સેકેલો લોટ જેમાં નમક થોડુ ભેળવીને પી જતા.*

હઝરત ઈબ્રાહીમ ઈબ્ને હાકિમ رحمۃ اللہ علیہનું કથન છે કે મારા વાલિદે મોહતરમને જયારે ઊંઘ આવવા લાગતી તો આપ નદીની અંદર જતા રહેતા અને અલ્લાહની તસ્બીહ કરવા લાગતા જેને સાંભળીને નદીની માછલીઓ ભેગી થઈ જતી અને તે પણ તસ્બીહ કરવા લાગતી.

હઝરત વહબ ઈબ્ને મુનબ્બિહ رحمۃ اللہ علیہએ ખુદાથી દુઆ માગી કે મારી રાતની ઊંઘ ઉડાડી દે. અલ્લાહ તઆલાએ તેમની દુઆ કબૂલ કરી અને તેમને ચાલીસ વરસ સુધી ઊંઘ ન આવી. (આ રીતે તમામ રાતો ઈબાદતમાં વીતાવી.)

હઝરત હસન હલ્લાજ رحمۃ اللہ علیہએ પોતાના શરીરને ઘૂંટીથી ઘૂંટણ સુધીમાં તેર જગાએથી બેડીઓમાં જકડી રાખ્યું હતું અને તે જ હાલતમાં આપ રાત દિવસમાં એક હજાર રકાત નફલ અદા કરતા હતા.

હઝત જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ પ્રારંભિક દિવસોમાં બજારમાં જતા હતા અને પોતાની દુકાન ખોલીને તેની આગળ પડદો નાખી દેતા હતા અને ૪૦૦ (ચારસો) રકાત નફલ અદા કરીને દુકાન બંધ કરીને ઘરે પાછા ફરતા હતા. હઝરત હબ્શી ઈબ્ને દાઊદ رحمۃ اللہ علیہએ ચાલીસ વરસ સુધી ઈશાના વઝૂથી ફજરની નમાઝ પઢી.

જેથી દરેક મુસલમાનના માટે જરૂરી છે કે તે બાવઝૂ રહે અને જયારે બેવઝૂ (વઝૂ વગરનો) થઈ જાય તો તુરંત વઝૂ કરીને બે રકાત નફલ અદા કરે, દરેક મજલિસમાં કિ઼બ્લા તરફ મુખ કરીને બેસે, હુઝૂરે દિલ અને મુરાકિબાની સાથે એ તસવ્વૂર કરે કે તે હુઝૂર صلی اللہ علیہ وسلمની સમક્ષ રૂખે અનવરની નજીકમાં બેઠો છે. સહનશીલતાને પોતાના કામોમાં જરૂરી રૂપે રાખે, દુઃખ સહે પણ બુરાઈનો બદલો બુરાઈથી ન આપે. ગુનાહોથી ઈસ્તિગફાર (તૌબા) કરતો રહે, ઘમંડ અને રિયાકારીની નજીક ન જાય. કેમ કે ઘમંડ શયતાનની સિફત (ગુણ) છે. પોતે પોતાને તુચ્છકારથી અને નેક લોકોને એહતેરામથી (અદબની સાથે) જુએ. એટલા માટે કે, **જે શખ્સ નેક લોકોના એહતેરામને નથી સમજતો તો અલ્લાહ તઆલા તેને તેઓની સોહબતથી વંચિત કરી દે છે અને જે શખ્સ ઈબાદતની હુરમત અને અઝમતને નથી સમજતો તો અલ્લાહ તઆલા તેના દિલમાંથી ઈબાદતની મીઠાશ (મધુરતા) કાઢી લે છે.**

## ★ હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝથી એક પ્રશ્ન ★

હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ رحمۃ اللہ علیہને પૂછવામાં આવ્યું કે હે અબૂ અલી ! માણસ નેક કયારે થાય છે ? ફરમાવ્યું, જયારે તેની નિયતમાં નસીહત, દિલમાં ખૌફ, ઝબાન પર સત્ય અને તેનાં અંગો દ્વારા નેક અમલોની જાહેરાત થાય છે.

અલ્લાહ તઆલાએ શબે મેઅરાજમાં નબી ﷺને ફરમાવ્યું, તમને સૌ લોકોથી વધુ પરહેઝગાર બનવાનું પસંદ છે તો દુનિયાથી નિસ્પૃહતા અને આખેરતથી લગાવ કરો. આપે અર્ઝ કરી કે યા અલ્લાહ ! દુનિયાની નિસ્પૃહતા કેવી રીતે થાય ? તો ફરમાને ઈલાહી થયું કે, દુનિયાના માલમાંથી ખપ પૂરતી ખાવા, પીવા અને પહેરવાની ચીજો લઈ લો અને અને બસ ! કાલના માટે સંગ્રહ ન કરો અને હમેશાં મારો ઝિક્ર કરતા રહો. હુઝૂર ﷺએ દર્યાફત ફરમાવ્યું, ઝિક્ર પર હમેશગી કઈ રીતે થાય ? જવાબ મળ્યો કે લોકોથી અલગપણુ અપનાવો, નમાઝને અને ભૂખને પોતાનો ખોરાક બનાવો. ફરમાને નબવી છે કે દુનિયાથી દૂરી અપનાવવી શરીર તથા જાનની તાઝગી છે અને દુનિયાની લાલચમાં ગમ તથા રંજની અધિકતા છે. દુનિયાની મહોબ્બત દરેક બુરાઈની જડ છે અને દૂરી દરેક ભલાઈ તથા બરકતનો પાયો છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૮૨)*

## ★ બીમાર દિલનો ઈલાજ ★

એક નેક શખ્સ એક ટોળા પાસેથી પસાર થયો. ત્યાં એક તબીબ બીમારો અને દવાઓની ચર્ચા કરી રહ્યો હતો. તે નેક યુવાને પૂછયું કે હે શરીરના તબીબ ! શું તારી પાસે દિલોનો પણ ઈલાજ છે ? તે બોલ્યો, હા ! બતાવો દિલમાં શું બીમારી છે ? નેક યુવાને કહ્યું કે ગુનાહોના અંધકારે તેને કઠણ કરી દીધું છે. તબીબે કહ્યું, તેનો ઈલાજ સવાર સાંજ ગિરયાઓ ઝારી (રૂદન–વિનવણી), ઈસ્તિગફાર, મહેરબાન રબની ઈતાઅત માટે સતત કોશિશ અને પોતાના ગુનાહો માટે પશ્ચાતાપ કરવો તે છે. દવા તો આ છે અને શિફા ખુદા પાસે છે. તે નેક યુવાન આટલુ સાંભળતાં જ બેહાલ થઈ ગયો અને કહેવા લાગ્યો કે ખરેખર તમે એક સારા તબીબ છો અને તમે લાજવાબ ઈલાજ બતાવ્યો છે. તબીબે કહ્યું, આ તે દિલનો ઈલાજ છે જે

તાએબ થઈને (તૌબા કરીને) પોતાના રબની હુઝૂરીમાં આવી ગયું હોય.

## ★ બે માલિકો (આક઼ાઓ)ની ખિદમત ★

એક શખ્સે એક ગુલામ ખરીદયો તો ગુલામે કહ્યું, હે માલિક ! મારી ત્રણ શરતો છે :–

**(૧)** જયારે નમાઝનો સમય આવે ત્યારે મને તેને અદા કરવાથી રોકવામાં ન આવે.

**(૨)** દિવસે મારી પાસેથી જે ઈચ્છો કામ લો પણ રાત્રે નહીં.

**(૩)** મને એક કમરો આપો જેમાં મારા સિવાય કોઈ ન હોય.

માલિકે ત્રણ શરતો મંઝૂર કરીને કહ્યું કે ઘરમાં રહેવા માટે કોઈ કમરો પસંદ કરી લો. ગુલામે એક ભંગાર હાલત જેવો કમરો પસંદ કર્યો. માલિક બોલ્યો, તે ખરાબ કમરો (ઓરડો) શા માટે પસંદ કર્યો ? ગુલામે જવાબ આપ્યો, હે માલિક ! આ ખરાબ કમરો અલ્લાહને ત્યાં બાગ છે ! જેથી તે દિવસે માલિકની ખિદમત કરતો અને રાત્રે અલ્લાહ તઆલાની ઈબાદતમાં મશગૂલ થઈ જતો. એક રાત્રે તેનો માલિક તેના ઓરડા પાસેથી પસાર થયો તો તેણે જોયું કે ઓરડો ઉજાસવાળો છે, ગુલામ સિજદામાં છે અને તેના માથા પર એક નૂરાની કંદીલ (ફાનસ) લટકી રહી છે અને તે રૂદન કાકલૂદી સાથે કહી રહ્યો છે, યા ઈલાહી ! તેં મારા પર માલિકની ખિદમત વાજિબ કરી દીધી છે અને મારા પર જિમ્મેદારી ન હોત તો હું સવાર સાંજ તારી ઈબાદતમાં મશગૂલ રહેત. હે અલ્લાહ ! મારી મજબૂરી ક઼બૂલ ફરમાવી લે. માલિક આખી રાત તેની ઈબાદત જોતો રહ્યો એટલે સુધી કે સવાર થઈ ગઈ. કંદીલ હોલવાઈ ગઈ અને ઓરડાની છત રાબેતા મુજબની થઈ ગઈ. તે પાછો વળ્યો અને પોતાની પત્નીને આખી બિના કહી સંભળાવી.

જયારે બીજી રાત થઈ તો તે પોતાની પત્નીને સાથે લઈને ત્યાં પહોંચી ગયો. ત્યાં જોયું તો ગુલામ સિજદામાં હતો અને નૂરાની કંદીલ સળગતી હતી. તે બંને જણ દરવાજે ઉભા થઈ ગયાં અને આખી રાત તેને જોઈને રડતાં રહ્યાં. જયારે સવાર થઈ તો તેમણે ગુલામને બોલાવીને કહ્યું કે, અમે

તને અલ્લાહના નામ પર આઝાદ કરી દીધો છે જેથી તું આરામથી તેની ઈબાદત કરી શકે. ગુલામે પોતાના હાથો આસમાનની તરફ ઉઠાવ્યા અને કહ્યું, હે રાઝોના માલિક ! રાઝ જાહેર થઈ ગયું હવે હું આ રાઝ (રહસ્ય–ભેદ) ખુલી ગયા પછી જિંદગી નથી જીવી શકતો. પછી કહ્યું, હે ઈલાહી ! મને મૌત દઈ દે અને ગબડીને મૃત્યુ પામ્યો. સાચે જ સાલેહ, આશિક઼ અને તાલિબે મૌલા લોકોની હાલતો આવી જ હોય છે.

### ★ હઝરત મૂસા عليه السلام ને દોસ્તની ફરમાઈશ ★

ઝહરૂર્રિયાઝમાં છે કે મૂસા عليه السلام નો એક અઝીઝ દોસ્ત હતો. તે એક દિવસ આપને કહેવા લાગ્યો કે હે મૂસા ! મારા માટે દુઆ કરી દો કે અલ્લાહ તઆલા મને પોતાની મઅરેફત અતા ફરમાવે. આપે દુઆ કરી અને અલ્લાહ તઆલાએ આપની દુઆ ક઼બૂલ ફરમાવી અને તે દોસ્ત આબાદીથી છેડો ફાડીને પહાડોમાં જંગલી જાનવરો સાથે રહેવા લાગ્યો. જયારે મૂસા عليه السلام એ તેને ન જોયો તો રબતઆલાથી અર્ઝ કરી કે, યા ઈલાહી ! મારો તે દોસ્ત કયાં ગયો ? રબતઆલાએ ફરમાવ્યું, હે મૂસા عليه السلام ! જે મને સાચા અર્થમાં ઓળખી લે છે તે મખ્લૂક઼ની દોસ્તી કદી પસંદ નથી કરતો. (જેથી તેણે તમારી અને મખ્લૂક઼ની દોસ્તી ત્યજી દીધી છે).

હદીષ શરીફમાં છે કે હઝરત ઈસા અને હઝરત યહ્યા عليه السلام સાથે બજારમાં જઈ રહ્યા હતા. એક ઔરતે આપને જોરથી હટાવ્યા તો હઝરત યહ્યા عليه السلام એ કહ્યું, સુબ્હાનલ્લાહ ! આપનું શરીર તો મારી સાથે છે પણ દિલ કયાં છે ? હઝરત યહયા عليه السلام એ જવાબ આપ્યો કે હે માસીના પુત્ર ! જો મારું દિલ એક ક્ષણ પણ ગૈરેખુદા તરફ સંબંધિત થઈ જાય તો હું સમજું છું કે હું મારા રબને ઓળખતો જ નથી.

કહેવામાં આવ્યું છે કે સાચી મઅરેફત એ છે કે ઈન્સાન દુનિયા તથા આખેરતને છોડીને અલ્લાહ તઆલાનો જ થઈ જાય અને મહોબ્બતના શરાબનો એવો જામ પીએ કે અલ્લાહ તઆલાનો દીદાર કર્યા વગર હોશમાં ન આવે. એવો શખ્સ જ હિદાયત પામેલ છે.

*(પ્રકરણ : ૧૨)*

# શયતાન અને તેનો અઝાબ

ફરમાને ઈલાહી છે : فَاِنۡ تَوَلَّوۡا فَاِنَّ اللّٰهَ لَا يُحِبُّ الۡكٰفِرِيۡنَ ‘‘પછી જો તમે અલ્લાહ અને તેના રસૂલની ઈતાઅતથી મુખ ફેરવ્યું તો અલ્લાહ તઆલા તમને બખ્શશે નહીં, ન તો તમારી તૌબા કુબૂલ કરશે.’’ *(પારા : ૩, સૂરએ આલે ઈમરાન, આ. ૬૪)*

જેવી રીતે કુફ્ર અને તકબ્બુર (ઘમંડ)ના કારણે શયતાનની તૌબા કુબૂલ ન થઈ અને પોતાની લગઝિશનો સ્વીકાર કરવાથી, શર્મિંદા થવાથી અને પોતાના નફસની ટીકા કરવાથી આદમ عليه السلام ની તૌબા અલ્લાહ તઆલાએ કબૂલ ફરમાવી લીધી. જો કે સહીહ કૌલ પ્રમાણે હઝરત આદમ عليه السلام એ કોઈ ગુનોહ કર્યો ન હતો, કેમ કે અંબિયા عليه السلام નબુવ્વતથી સરફરાઝ થતાં અગાઉ અને બાદમાં દરેક હાલતમાં ગુનાહોથી પાક હોય છે. પરંતુ સ્થિતિ ગુનાહ જેવી હતી તેથી હઝરત આદમ તથા હવ્વા عليه السلام એ બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં અર્ઝ કરી :–

رَبَّنَا ظَلَمۡنَا اَنۡفُسَنَا وَ اِنۡ لَمۡ تَغۡفِرۡلَنَا وَ تَرۡحَمۡنَا لَنَكُوۡنَنَّ مِنَ الۡخٰسِرِيۡنَ

"હે અમારા પરવરદિગાર ! અમે અમારું જાતે જ બુરું કર્યું, તો જો તું અમને માફ નહીં કરે અને અમારા પર દયા નહીં કરે તો અમે જરૂર નુકસાનવાળાઓમાં થયા !" *(પારા : ૮, સૂરએ અઅરાફ, આ. ૨૩)*

આદમ عليه السلام પોતાની લગઝિશ માટે શરમિંદા થયા, અલ્લાહની રહમતના ઉમ્મીદવાર થયા અને તૌબામાં ઉતાવળ કરી. જેવું કે ફરમાને ઈલાહી છે, ‘‘મારી રહમતથી નિરાશ ન થાવ.’’ *(પારા : ૨૪, સૂરએ ઝુમર, આ. ૫૩)*

પણ શયતાને પોતાની ભૂલને સ્વીકારી નહીં, ન પસ્તાવો કર્યો, પોતાના નફસની વગોવણી ન કરી, ન ઉતાવળ રાખી તૌબા કરી અને ઘમંડના કારણે ખુદાની રહમતથી નિરાશ બની ગયો. જેથી આજે પણ જે કોઈની

સ્થિતિ ઈબ્લીસના જેવી હશે તેની તૌબા કૂબૂલ થશે નહીં, પણ જે આદમ عليه السلامની જેમ કરશે તેની તૌબા કૂબૂલ થઈ જશે. કેમ કે દરેક તે ગુનોહ જેનો સંબંધ નફસની ઈચ્છાઓ સાથે છે તેની બખ્શિશ શકય છે અને જે ગુનાહનો સંબંધ તકબ્બુર તથા અભિમાનથી છે તેની બખ્શિશ અશકય છે. શયતાનની ગલતી એ જ હતી અને આદમ عليه السلامની લગઝિશ ખ્વાહિશે નફસથી હતી.

**હિકાયત** : એકવાર શયતાન, હઝરત મૂસા عليه السلامની પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે આપને અલ્લાહ તઆલાએ રસૂલ બનાવ્યા છે અને આપની સાથે કલામ ફરમાવે છે. આપે ફરમાવ્યું, હા ! પણ તું કોણ છે અને શું કહેવા ચાહે છે ? તો કહેવા લાગ્યો કે હું શયતાન છું અને આપ અલ્લાહ તઆલાથી અર્ઝ કરો કે તારી મખ્લૂક઼ તારાથી તૌબા કરવા માંગે છે. અલ્લાહ તઆલાએ હઝરત મૂસા عليه السلام પર વહી મોકલીને ફરમાવ્યું કે તેને (શયતાનને) કહો કે અમે તારી દરખાસ્ત સ્વીકારી લીધી પણ એક શરતની સાથે તે એ કે હઝરત આદમ عليه السلامની કૂબર પર જઈને સિજદો કરી લે. જયારે તુ સિજદો કરીશ તો હું તારી તૌબા કબૂલ કરી લઈશ અને તારા ગુનાહોને માફ કરીશ. હઝરત મૂસા عليه السلامએ જયારે શયતાનને આ પ્રમાણે કહ્યું તો તે ગુસ્સાથી લાલ થઈ ગયો અને ઘમંડ તથા અહંકાર સાથે કહેવા લાગ્યો કે હે મૂસા عليه السلام મેં તો આદમને જન્નતમાં સિજદો નથી કર્યો તો હવે તેમની કૂબરને કેવી રીતે સિજદો કરી લઉં ?!

**રિવાયત** : શયતાનને જહન્નમમાં ખૂબ જ સખત અઝાબ આપીને પૂછવામાં આવશે કે તને અઝાબ કેવો લાગ્યો ? તો જવાબ આપશે કે ખૂબ જ સખત ! તો તેને કહેવામાં આવશે કે હઝરત આદમ જન્નતના બાગોમાં છે તેમને સિજદો કરી લે અને ભૂતકાળના ગુનાહોથી માફી માગ જેથી તારી બખ્શિશ થાય. પણ શયતાન સિજદો કરવાથી ઈન્કાર કરી દેશે. પછી તેના પર સામાન્ય જહન્નમીઓ કરતાં સિત્તેર ગણો અઝાબ મોકલવામાં આવશે.

એક રિવાયતમાં છે કે અલ્લાહ તઆલા દર લાખ વરસ બાદ શયતાનને આગથી કાઢીને તેને હઝરત આદમ عليه السلامને સિજદો કરવાનો હુકમ આપશે તો પણ તે દર વખતે ઈન્કાર કરતો રહેશે અને તેને વારંવાર

જહન્નમમાં નાખવામાં આવશે.

જેથી જો ઈબ્લીસથી છૂટકારો પામવા ચાહતા હોવ તો રબ્બે કરીમના રહમતના દામનથી વળગી જાવ અને તેનાથી પનાહ માંગો. જયારે ક઼િયામતનો દિવસ હશે ત્યારે શતાનના માટે આગની ખુરશી રાખવામાં આવશે અને તે તેના પર બેસશે. તમામ શયતાન અને કાફિર ત્યાં એકત્ર થઈ જશે. શયતાન ગધેડાની જેમ ચીખો પાડતાં કહેશે કે હે જહન્નમીઓ ! તમે તમારા રબના વાયદાને કેવો પામ્યા ? સૌ કહેશે કે તદ્દન સાચો પામ્યો. પછી તે કહેશે કે હું આજના દિવસે અલ્લાહની રહમતથી નાઉમેદ થઈ ગયો છું. ત્યારે અલ્લાહ તઆલા તરફથી ફરિશ્તાઓને હુકમ થશે કે તેના પર અને તેની પયરવી કરવાવાળાઓ પર આગના ડંડાઓ વરસાવો પછી તેઓ કદી પણ ત્યાંથી નીકળવાનો હુકમ સાંભળશે નહીં (ક઼ાયમ માટે ત્યાં રહેશે)

એક રિવાયતમાં છે કે શયતાનને ક઼િયામતના દિવસે લાવવામાં આવશે અને તેના ગળામાં લા'નતનો તૌક પહેરાવીને તેને આગની ખુરશી પર બેસાડવામાં આવશે અને અલ્લાહ તઆલા જહન્નમના ફરિશ્તાઓને હુકમ આપશે કે તેની ખુરશીને જહન્નમમાં ધકેલી દો પણ તેઓ પ્રયત્ન કરવા છતાં તે પ્રમાણે કરી નહીં શકે. ત્યારે હઝરત જિબ્રઈલ علیہ السلام ને એંસી હજાર ફરિશતાઓની સાથે તેને ધકેલવાનો હુકમ મળશે પણ તે નિરૂપાય બની જશે. પછી ઈસ્રાફીલ પછી ઈઝરાઈલ علیہ السلام ને એંસી હજાર ફરિશ્તાઓ સાથે હુકમ મળશે પણ તેઓ પણ ધકેલી નહીં શકે. ત્યારે ખુદા તઆલાનો ઈર્શાદ થશે કે જો મારા પેદા કરેલા ફરિશ્તાઓથી બમણા ફરિશ્તાઓ પણ આવી જાય તો પણ તેને હલાવી નહીં શકશે કેમ કે તેના ગળામાં લાનતનો તૌક પડેલો છે. (તેના બોજના કારણે તે અહીંથી હલનચલન નથી કરી શકતો.)

## ★ વિવિધ આસમાનો પર શયતાનનાં નામો ★

શયતાનનું નામ પહેલા આસમાન પર આબિદ, બીજા આસમાન પર ઝાહિદ, ત્રીજા પર આરિફ, ચોથા પર વલી, પાંચમા પર મુત્તક઼ી છઠ્ઠા પર અઝાઝીલ અને લોહે મહફૂઝ પર ઈબ્લીસ હતું. તે પોતાની આખેરતથી

નચિંત હતો. જયારે તેને હઝરત આદમ عليه السلام ને સિજદો કરવાનો હુકમ મળ્યો તો કહેવા લાગ્યો કે, હે અલ્લાહ ! તેં તેને મારા કરતાં ફઝીલત દઈ દીધી ! જયારે કે હું તેનાથી બેહતર છું. ખુદાવંદે તઆલાએ ફરમાવ્યું કે, જે ધારૂ છું તે કરૂં છું. શયતાને પોતે પોતાને હઝરત આદમ عليه السلام થી બેહતર સમજયો અને ઘમંડના કારણે આદમથી મુખડુ ફેરવી લઈને ઉભો થઈ ગયો. જયારે ફરિશ્તાઓ આદમ عليه السلام ને સિજદો કરીને ઉઠયા તો તેઓએ જોયું કે શયતાને હઝરત આદમ عليه السلام ને સિજદો નથી કર્યો તો તેઓ ફરીથી શુક્રના સિજદામાં પડી ગયા. પરંતુ શયતાન તેઓથી અલિપ્ત ઉભો રહ્યો અને તેને પોતાના આ કૃત્યનો કોઈ પસ્તાવો ન થયો. ત્યારે અલ્લાહ તઆલાએ તેનો ચહેરો વિકૃત કરી નાખ્યો. ભૂંડની જેમ લટકી રહેલુ મોઢુ, માથુ ઊંટના માથાની જેમ, છાતી મોટા ઊંટની ઢેકા જેવી, તેની વચ્ચે ચહેરો એવો જાણે કે વાંદરાનો ચહેરો, આંખો સીધી, નથણીવાળો ભાગ હજામના કૂજા જેવો, હોટો બળદના હોઠોની જેમ લટકી રહેલા, દાંતો ભૂડની જેમ બહાર નીકળેલા અને દાઢીમાં કેવળ સાત વાળ હશે. તેવા જ રૂપમાં તેને જન્નતથી નીચે ફેંકી દેવામાં આવ્યો. બલ્કે આસમાન તથા જમીનથી ટાપુઓની તરફ ફેંકી દેવામાં આવ્યો. હવે તે પોતાના કુફ્રના કારણે જમીન પર સંતાતો સંતાતો આવે છે અને કિયામત સુધીના માટે લાનતનો મુસ્તહિક્ (હક્દાર) બની ગયો છે. શૈતાન કેટલો ખૂબસૂરત, હસીન, અઢળક ઈલ્મવાળો, પુષ્કળ ઈબાદતવાળો, ફરિશ્તાઓનો સરદાર, મુકર્રિબીનનો સરદાર હતો. પણ તેને કોઈ ચીઝ અલ્લાહના ગઝબથી ન બચાવી, તો બેશક ! તેમાં અકલમંદોના માટે ઈબ્રત છે. (ઈલ્યાસી તબ્લીગી જમાઅત)

એક રિવાયતમાં છે કે જયારે અલ્લાહ તઆલાએ શયતાનની પકડ કરી તો જિબ્રઈલ અને મિકાઈલ રડવા લાગ્યા. રબ તઆલાએ ફરમાવ્યું, કેમ રહડો છો ? અર્ઝ કરી કે હે અલ્લાહ તઆલા ! તારી પકડના ખૌફથી રડીએ છીએ. ઈર્શાદ થયો કે આ જ પ્રમાણે મારી પકડના ખૌફથી રડતા રહેશે. ‘‘બેશક ! તારા રબની ગિરફત (પકડ) ખૂબ જ સખ્ત છે.’’

### ★ આદમની ઔલાદ પર શયતાનની સરસાઈ ★

શયતાને અલ્લાહ તઆલાથી કહ્યું કે હે અલ્લાહ ! તેં મને જન્નતથી

કાઢયો તો આદમના કારણે તો હવે મને આદમની ઔલાદ પર સરસાઈ અતા ફરમાવ ! રબ તઆલાએ ફરમાવ્યું, મેં તને અંબિયા સિવાય કે જેઓની ઈજ્જત (ચરિત્રતા) નિશ્ચિત છે, અન્ય ઔલાદે આદમ પર સરસાઈ આપી. તો શયતાન બોલ્યો, કાંઈ વધુ ? રબ તઆલાએ ફરમાવ્યું કે જેટલી આદમની ઔલાદ થશે તેટલી તારી ઔલાદ થશે. શયતાન બોલ્યો, હજી કાંઈ ? ખુદાવંદે કૌનેને ફરમાવ્યું, મેં તેઓના સીનાઓને તારૂં રહેઠાણ બનાવ્યું, તું તેમાં લોહીની જેમ ભ્રમણ કરીશ. તો તેણે અર્ઝ કરી, હજી કાંઈ ? ફર્માને ઈલાહી થયું, તારા સિવાય બીજા પાયદળ મદદગારોથી મદદ માંગીને તેઓને હરામ માલની કમાઈ માટે તૈયાર કરજે, તેઓને મદદ માંગીને તેઓને હરામ માલની કમાઈ માટે તૈયાર કરજે, તેઓને હૈઝના દિવસોમાં સંભોગ કરાવીને હરામ ઔલાદનો હક઼દાર બનાવજે અને હરામકારીના સબબો પૂરા પાડજે. તેઓને મુશરિકો જેવા નામોની તાલીમ આપજે જેમ કે અબ્દુલ ઉઝ્ઝા (ઉઝ્ઝા મૂર્તિનં નામ) વગેરે. તેઓને ગંદી વાતો, બુરા કર્મો અને જૂઠા મઝહબો વડે ગુમરાહ કરજે. તેઓને જૂઠી તસલ્લીઓ આપજે, બાતિલ મઅબૂદોની શફાઅત, બાપદાદાઓની કરામતો (કાબેલિયાતો પર ફખ્ર, ઊંચી ઊંચી તમન્નાઓને લીધે તૌબામાં ઢીલ વગેર.... અને આ સૌ કાંઈ ધમકીના રૂપે હતું. જેમ કે ફર્માને ઈલાહી છે, اِعْمَلُوْا مَا شِئْتُمْ "તમે જે ચાહો કરો." *(પારા : ૨૪, સૂરએ હામીમ સજદા, આ. ૪૦)*

હઝરત આદમ علیہ السلام એ અર્ઝ કરી, હે અલ્લાહ ! તેં મારી ઔલાદ પર ઈબ્લીસને સવાર કરી દીધો. હવે તેનાથી છૂટકારો તારી રહમત વિના કેવી રીતે થશે ? રબતઆલાએ ફરમાવ્યું કે તારા દરેક ફરઝંદની સાથે હું એક હિફાઝત કરવાવાળો ફરિશ્તો બનાવીશ. અર્ઝ કરી, હજી કાંઈ વધારે ! ફરમાને ઈલાહી થયું કે એક નેકીનો સવાબ દસ ગણો મળશે. અર્ઝ કરી, એથી કાંઈ વધુ ! ફરમાને ઈલાહી થયું કે તેઓના અંતિમ શ્વાસ સુધી તેઓની તૌબા ક઼બૂલ કરીશ. અર્ઝ કરી કે હજી કાંઈ વધુ અતા ફરમાવ ! ફરમાન થયું તેઓના માટે બખ્શિશ આમ કરી દઈશ, હું બેનિયાઝ છું. હઝરત આદમ علیہ السلام બોલ્યા, હે મારા રબ ! આટલું પૂરતું છે.

શયતાને કહ્યું કે હે અલ્લાહ ! તેં આદમની ઔલાદમાં નબી બનાવ્યા, તેઓના પર કિતાબો ઉતારી. મારા રસૂલ અને કિતાબો શું છે ? જવાબ આવ્યો, હું પદ (ઘમંડીપણુ) તારા રસૂલ, અને છુંદણાવાળી ચામડી તારી કિતાબ, જૂઠ તારી હદીષો, તારું કુર્આન (ગંદા, વાહિયાત અને દીન વિરોધી) શેઅરો, તારા મુઅઝ્ઝિન વાજાં, તારી મસ્જિદ બજાર, તારું ઘર હમામખાના, તારો ખોરાક તે જેના પર મારું નામ ન લેવામાં આવ્યું હોય (જે જાનવર પર ઝબહ કરતી વખતે અલ્લાહનું નામ ન લેવામાં આવે), તારું પીણુ શરાબ અને ઔરતો તારી જાળ છે.

(પ્રકરણ : ૧૩)

# અમાનત

ફર્માને ઈલાહી છે :–

اِنَّا عَرَضۡنَا الۡاَ مَا نَةَ عَلَی السَّمٰوٰتِ وَالۡاَرۡضِ وَالۡجِبَالِ فَاَبَیۡنَ اَنۡ یَّحۡمِلۡنَهَا

‘‘અલ્લાહે આસમાનો અને જમીનો અને પહાડો પર અમાનત પેશ કરી (તો) તેઓ તેને સંભાળવા માટે તૈયાર ન થયાં.’’ *(પારા–૨૨, સૂ. અહઝાબ, આયત–૭૨)*

તેઓને ભય લાગ્યો કે તેઓ તે અમાનતનો હક્ અદા કરી શકશે નહીં અને અઝાબના મુસ્તહિક્ થશે. અથવા તેઓને ખયાનત થવાનો ખૌફ ઉદભવ્યો. આ આયતે કરીમહમાં અમાનતનો અર્થ એવી ઈબાદત અને ફરાઈઝ છે જેને અદા કરવા તથા ન કરવાની સાથે સવાબ તથા અઝાબ સંબંધિત છે.

કર્તબીનો ક઼ૌલ છે કે અમાનત દીનની તમામ શરતો તથા ઈબાદતનું નામ છે. આ જમ્હૂરનો ક઼ૌલ છે અને સહીહ ક઼ૌલ છે. તેની તફસીલમાં કાંઈક મતભેદ છે. ઈબ્ને મસ્ઊદનો ક઼ૌલ છે કે આ માલની અમાનત છે જેમ કે અમાનત રાખેલો માલ વગેરે. તેમનાથી એ પણ મરવી છે કે ફરાઈઝમાં સૌથી મહત્ત્વની અમાનત માલની અમાનત છે.

અબૂદરદાનો ક઼ૌલ છે કે જનાબતનું (સંભોગ પછીનું) ગુસ્લ અમાનત છે. ઈબ્ને ઉમર رضی اللہ عنہનો ક઼ૌલ છે કે સૌ પ્રથમ અલ્લાહ તઆલાએ માણસની શર્મગાહને પેદા કરી અને ફરમાવ્યું કે આ અમાનત છે જે હું તને આપી રહ્યો છું તેને દુરૂપયોગથી બચાવજે. જો તેં તેની હિફાઝત કરી તો હું તારી હિફાઝત કરીશ. જેથી શર્મગાહ અમાનત છે. કાન અમાનત છે, જીભ અમાનત છે, પેટ અમાનત છે, હાથ પગ અમાનત છે અને જેનામાં અમાનત નથી તેનું ઈમાન નથી.

હઝરત હસન رحمۃ اللہ علیہનો ક઼ૌલ છે કે જયારે અમાનત આસમાનો, જમીનો અને પહાડો પર પેશ કરવામાં આવી તો જે આ તમામ સૃષ્ટિ અને

જે કાંઈ તેમાં છે તે સખ્ત બેચૈન થઈ ગયાં. અલ્લાહ તઆલાએ તેઓને ફરમાવ્યું, તમે સારા અમલો કરશો તો તમને બદલો મળશે અને જો બુરાં કામો કરશો તો હું અઝાબ આપીશ. તો તેઓએ તેને ઉપાડવાથી ઈન્કાર કરી દીધો.

મુજાહિદનો ક઼ૌલ છે કે જયારે અલ્લાહ તઆલાએ હઝરત આદમ عليه السلامને પેદા કર્યા અને તેમના સમક્ષ અમાનત પેશ કરી અને એ જ પ્રમાણે કહેવામાં આવ્યું તો તેમણે કહ્યું કે હું આ બોજને ઉઠાવું છું.

એ વાત સમજી લો કે જમીનો તથા આસમાનોને અને પહાડોને અમાનત સ્વીકારવા ન સ્વીકારવાનો અધિકાર આપવામાં આવ્યો હતો. તેઓને મજબૂર કરવામાં આવ્યા ન હતાં. જો તેઓના માટે અનિવાર્ય ઠરાવવામાં આવત તો તેમણે ગમે તે રીતે પણ અમાનતનો ભાર ઉઠાવવો પડત.

ક઼ફાલ વગેરેનો ક઼ૌલ છે કે આ આયતમાં ‘‘અ઼ર્દ’’થી એક દષ્ટાંત આપવામાં આવ્યું છે કે હુકમોની જિમ્મેદારી તેઓના પર નાખવામાં આવત તો તે અઝાબ તથા સવાબના કારણે તેઓને ભારે પડત. કેમ કે આ તકલીફ જ એવી જબરદસ્ત છે કે જમીન તથા આસમાનો અને પહાડોનું આજિઝ આવી જવું એકદમ શકય છે, પણ તેને ઈન્સાને ક઼બૂલ કરી લીધી. જેમ કે ફરમાને ઈલાહી છે : **وَحَمَلَهَا الْاِنْسَانُ** હઝરત આદમ عليه السلام સમક્ષ એ સમયે આ અમાનત પેશ કરવામાં આવી જયારે કે મીષાકના સમયે (ખુદાએ પાકો વાયદો ઈન્સાનોથી લીધો હતો તે સમય) તેમની ઔલાદને તેમની પીઠમાંથી નાની નાની સૂરતોમાં કાઢવામાં આવી, તો હઝરત આદમે આ અમાનતનો ભાર ક઼બૂલ કરી લીધો.

ફરમાને ઈલાહી છે : **اِنَّهٗ كَانَ ظَلُوْمًا جَهُوْلًا** ‘‘ઈન્સાને આ અમાનતના બોજને ઉઠાવીને પોતે પોતાના પર જુલ્મ કર્યો અને તે આ ભારે બોજનો અંદાઝો ન કરી શકયો.’’ *(પારા–૨૨, સૂ. અહઝાબ, આયત–૭૨)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضى الله عنهનો કૌલ છે કે આ અમાનત હઝરત આદમ عليه السلام સામે પેશ કરવામાં આવી અને ફરમાન થયું કે તેને સંપૂર્ણપણે લઈ લો. જો તમે ઈતાઅત કરી તો તમને બખ્શી દઈશ અને જો

નાફરમાની કરો તો અઝાબ દઈશ. હઝરત આદમ علیہ السلام એ અર્ઝ કરી કે, યા ઈલાહુલ આલમીન ! મેં તેને સંપૂર્ણરૂપે કબૂલ કરી અને તે જ દિવસે અસરથી રાત સધીનો સમય જ ગુજર્યો હતો કે તેમણે મનાઈ કરેલ ફળ (મનાઈ કરેલ ચીજ)ને ખાઈ લીધું. અલ્લાહ તઆલાએ તેમને પોતાની રહમતમાં લઈ લીધા. આદમ علیہ السلام એ તૌબા કરી અને સિરાતે મુસ્તક઼ીમ પર ચાલવા લાગ્યા.

**અમાનતનો અર્થ :–** અમાનત ઈમાનથી નીકળેલ છે. જે શખ્સ ખુદા તઆલાની અમાનતની હિફાઝત કરે છે તો અલ્લાહ તઆલા તેના ઈમાનનો મુહાફિઝ થાય છે. ફરમાને નબવી ﷺ છે કે, તેનું ઈમાન નથી જેનામાં અમાનત નથી અને તેનો દીન નથી જેનામાં વચન પાલનનો લેહાઝ નથી. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૯/૨૨૭, મુસ્નદે અહમદ બિન હંબલ, ૪/૭૫, સહીહ ઈબ્ને હબ્બાન, ૧/૨૪૦, હિલ્યતુલ અવલિયા, ૩/૨૫૫, કન્ઝુલ ઉમ્માલ, ૩/૬૨–૬૭૮)*

## એક શાયર કહે છે : (અર્થ) :–

- ❑ ખુદા તેને હલાક કરે જે ખયાનતને પોતાની પનાહગાહ બનાવે અને અમાનતની હિફાઝતથી પાછી પાની કરે.
- ❑ તેણે દિયાનત તથા મુરવ્વતને ત્યજી દીધી તો તેના પર જમાનાની સતત મુસીબતો આવવા લાગી.

## બીજો શાયર કહે છે : (અર્થ) :–

- ❑ જે ખયાનતને પોતાની આદત બનાવી લે તે એને લાયક છે કે સમયની બુરી ઘટનાઓનો શિકાર થઈ જાય.
- ❑ જે શખ્સ ખોટુ વચન આપે કે વચનભંગ કરે છે તેના પર સતત મુસીબતો ઉતરતી રહે છે.

હદીષમાં છે : મોમિન દરેક મખ્લૂક઼નો આઈનો હોય છે, તેમાં ખયાનત તથા જૂઠ નથી હોતું. *(સુનને બયહક઼ી, ૧૦/૩૩૨)*

રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું, ‘‘મારી ઉમ્મત તે સમય સુધી ભલાઈ

પર રહેશે જયાં સુધી તે અમાનતને માલે ગનીમત અને સદકાને દંડ ન સમજે". *(કન્ઝુલ ઉમ્માલ, ૩/૬૨, હદીષ–૫૫૦૪)* આપનું ફરમાન છે કે જેણે તને અમીન બનાવ્યો તેને અમાનત પાછી આપી દે અને જેણે તારી સાથે ખયાનત કરી તેની સાથે ખયાનત ન કર.'' *(સુનને તિર્મિઝી–૧/૨૩૯, મુસ્નદે અહમદ બિન હંબલ–૪/૪૨૩, કન્ઝુલ ઉમ્માલ–૩/૬૧)*

બુખારી તથા મુસ્લિમે તેને રિવાયત કરી છે કે, મુનાફિકની ત્રણ નિશાનીઓ છે. જયારે તે વાત કરે છે તો જૂઠુ બોલે છે, વાયદો કરે છે તો વાયદો ભંગ કરે છે, અમાનત સોંપવામાં આવે તો ખયાનત કરે છે. *(સહીહ મુસ્લિમ–૧/૫૬, સહીહ બુખારી–૧/૩૬૮, અબવાબુશ્શહાદત, સુનને તિર્મિઝી–૨/૯૧, મુસ્નદે અહમદ બિન હંબલ–૩/૩૦)* એટલે કે જયારે તેને કોઈ કશીક વાતનો રાઝદાર બનાવે છે તો અન્ય લોકોને બતાવી દે છે. અથવા અમાનત પાછી આપવાથી ઈન્કાર કરી દે છે અથવા અમાનતની હિફાઝત નથી કરી શકતો અથવા તેને પોતાના ઉપયોગમાં લાવે છે, વગેરે.

અમાનતની હિફાઝત મુકર્રબ ફરિશતાઓ, અંબિયાએ કિરામ અને નેક બંદાઓની સિફત (ગુણ) છે.

ફરમાને ઈલાહી છે, **اِنَّ اللّٰهَ يَاْمُرُكُمْ اَنْ تُؤَدُّوا الْاَمَانَاتِ اِلٰىٓ اَهْلِهَا** ''અલ્લાહ તઆલા તમને હુકમ આપે છે તમે તેને તેના માલિકોને પાછી આપી દો.'' *(પારા–૫, સૂ. નિસાઅ, આ.–૫૮)*

મુફસ્સિરીને કિરામ કહે છે કે આ આયતે કરીમહમાં ઘણાયે શરઈ હુકમો મૌજૂદ છે અને તેનું સંબોધન સામાન્યતઃ તમામ વાલીઓ (હાકિમો)ને છે એટલા માટે હાકિમોના માટે જરૂરી છે કે મઝલૂમ (જેના પર જુલ્મ થયો હોય તે)ની સાથે ઈન્સાફ કરે અને હક જાહેર કરવાથી ન અટકે કેમ કે તેઓ તેમની પાસે અમાનત છે. સામાન્યતઃ તમામ મુસલમાનોના અને ખાસ કરીને યતીમોના માલની હિફાઝત કરે.

ઉલમાના માટે જરૂરી છે કે તેઓ લોકોને દીની હુકમોની તાલીમ આપે કેમ કે ઉલમાએ આ અમાનતના બોજને ઉપાડવાનું વચન આપ્યું છે. બાપના માટે જરૂરી છે કે તે પોતાની ઔલાદની સાથે સારો વર્તાવ કરે અને તેને સારી તાલીમ આપે કેમ કે તે તેની પાસે અમાનત છે.

ફરમાને નબવી છે, كُلُّكُمْ رَاعٍ وَّ كُلٌّ مَسْئُوْلٌ عَنْ رَّعِيَّتِهٖ

"તમારામાંથી દરેક હાકિમ છે અને દરેક પોતાની પ્રજાના (હાથ નીચેનાઓ)ના વિશે જવાબદાર છે." *(સહીહ બુખારી, અબ્વાબુલ જુમ્આ–૧/૧૨૨, સુનને તિર્મિઝી, જેહાદ–૧/૨૯૯)* પછી તમને તમારી પ્રજાના વિશે પ્રશ્ન કરવામાં આવશે.

ઝહરુર્રિયાઝમાં છે કે ક્રિયામતના દિવસે એક માણસને અલ્લાહ તઆલાની બારગાહમાં પેશ કરવામાં આવશે. ખુદાવંદ عزوجل ફરમાવશે કે તેં ફલાણા શખ્સની અમાનત પાછી આપી હતી ? તો બંદો અર્ઝ કરશે, નહીં. રબ તઆલા હુકમ આપશે અને ફરિશ્તો તેને જહન્નમની તરફ લઈ જશે ત્યાં તે જહન્નમના ઊંડાણમાં તે અમાનતને રાખેલી જોશે. તે, તે અમાનતની તરફ જશે અને સિત્તેર વરસો પછી ત્યાં પહોંચશે પછી તે અમાનત ઉપાડીને ઉપર લાવશે. જયારે તે જહન્નમના કિનારા પર પહોંચશે તો તેનો પગ સરકી જશે અને તે ફરી પાછો જહન્નમની ઊંડાઈમાં ગબડી જશે. આ પ્રમાણે તે ગબડયા કરશે અને ચઢયા કરશે એટલે સુધી કે નબી કરીમ صلی اللہ علیہ وسلم ની શફાઅતથી તેને રબ્બે ઝુલ જલાલની રહમત હાંસલ થઈ જશેઅને અમાનતનો માલિક તેનાથી રાજી થઈ જશે.

## ★ કરજ સિવાય શહીદનો દરેક ગુનોહ માફ થઈ જાય છે ★

હઝરત સલ્મહ رضی اللہ عنہ રિવાયત કરે છે કે અમે નબી صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં હાજર હતા. એવામાં એક જનાઝો લાવવામાં આવ્યો જેથી જનાઝાની નમાઝ અદા કરવામાં આવે. હુઝૂર صلی اللہ علیہ وسلم એ પૂછયું, એના માથે કોઈ કરજ છે ? અર્ઝ કરવામાં આવી કે હા, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આપે ફરી પૂછયું, તેણે કાંઈક (પોતાની પાછળ) છોડયું છે ? તો અર્ઝ કરવામાં આવી કે ત્રણ દિનાર. ત્યારે આપે નમાઝ પઢાવી. એક બીજો જનાઝો લાવવામાં આવ્યો. તો આપે પૂછયું કે એના પર કરજ છે ? સહાબાએ કિરામ رضوان اللہ تعالٰی علیہم اجمعین એ અર્ઝ કરી, જી હા, યા રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلم ! તો આપે ફરમાવ્યું, તેણે કોઈ માલ પણ છોડયો છે ? લોકોએ અર્ઝ કરી કે, ના યા રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلم ! ત્યારે આપે સહાબાએ કિરામને ઈર્શાદ

ફરમાવ્યો, તમે તેની નમાઝ પઢી લો, પરંતુ આપે ન પઢી. *(સહીહ બુખારી–૧/૩૦૬, સુનને અબૂ દાઊદ–૨/૪૭૫, સુનને નિસાઈ–૧/૨૭૮)*

હઝરત કતાદા رضی اللہ عنہ કહે છે કે એક યુવાને નબી કરીમ ﷺને પૂછયું કે, જો હું ખુદાની રાહમાં શાકિર તથા સાબિર રહીને ઈમાન તથા સવાબની ઉમ્મીદ સાથે લઈને આગળ વધુ અને શહીદ થઈ જાઉં તો અલ્લાહ તઆલા મારા ગુનાહોને માફ કરી દેશે ? આપે ફરમાવ્યું, હા. જયારે તે યુવાન ખિદમતમાંથી રૂખસદ થઈ ગયો તો આપે તેને બોલાવીને ફરમાવ્યું કે, અલ્લાહ તઆલા કરજ (દેવા) સિવાય શહીદના દરેક ગુનાહને માફ કરી દે છે. *(કન્ઝૂલ ઉમ્માલ–૪/૩૯૯)*

*(પ્રકરણ : ૧૪)*

## નમાઝમાં ખુઝૂઅ તથા ખુશૂઅ (આજિઝી સાથે તલ્લીનતા)

અલ્લાહ તઆલાનો ઈરશાદ છે :–

قَدۡ اَفۡلَحَ الۡمُؤۡمِنُوۡنَ الَّذِيۡنَ هُمۡ فِىۡ صَلٰوتِهِمۡ خٰشِعُوۡنَ

‘‘તે મોમિનો નજાત પામશે જેઓ પોતાની નમાઝ ખુશૂઅ તથા ખુઝૂઅની સાથે અદા કરે છે.’’ *(પારા–૧૮, સૂ. મુઅમિનૂન, આયત–૨)*

ઉલમાએ ફરમાવ્યું છે કે ખુશૂઅ બે અર્થો પર અવલંબિત છે. કેટલાક ઉલમાએ તેને અફઆલે કલ્બ (દિલના કાર્યો)માં ગણાવેલ છે જેમ કે ડર, ખૌફ, ખુશી વગેરે અને કેટલાકે તેને જાહેરી અંગોના કાર્યોમાં ગણાવેલ છે જેમ કે ઈત્મિનાનની સાથે ઉભા રહેવું, બેધ્યાનપણુ અને બેપરવાહીથી બચવું વગેરે. ખુશૂઅના અર્થમાં એક એ પણ મતભેદ છે કે એ નમાઝના ફરાઈઝમાંથી છે કે ફઝાઈલમાંથી. જેઓ તેને નમાઝના ફરાઈઝમાંથી સમજે છે તેઓની દલીલ આ હદીષ છે : (અર્થ) "બંદાના માટે નમાઝમાં તે જ

કાંઈ છે જેને તે સારી રીતે સમજે છે.'' *(અહયાઉલ ઉલૂમ–૧/૧૫૩)*

અને ફરમાને ઈલાહી છે, اَقِمِ الصَّلٰوةَ لِذِكْرِىْ ''નમાઝ કાયમ કરો મારા ઝિક્રના માટે'' *(પારા–૧૬, સૂ. તાહા, આયત–૧૪)* અને ગફલત ઝિક્રની વિરુદ્ધ છે. જેમ કે ફરમાને ઈલાહી છે, لَا تَكُنْ مِنَ الْغٰفِلِيْنَ ''તમે ગાફિલોમાંથી ન બનો.'' *(પારા–૯, સૂ. અઅરાફ, આયત–૨૦૦)* (આ દલીલ વડે તેઓએ નમાઝના ફર્ઝોમાં ગણાવેલ છે.)

બયહકીએ મુહમ્મદ ઈબ્ને સીરીં ﷺથી આ રિવાયત નકલ કરી છે કે હુઝૂર ﷺ જયારે નમાઝ અદા ફરમાવતા તો આસમાનની તરફ નજર ફરમાવતા, જેથી આ આયત નાઝિલ થઈ. અબ્દુર્રઝ્ઝાકે આ રિવાયતમાં એટલો ઉમેરો કર્યો છે કે આપને ખુશૂઅનો હુકમ આપવામાં આવ્યો. જેથી એના પછી આપે આપની મુકદ્દસ નિગાહો સિજદાગાહ પર સ્થગિત કરી દીધી. *(સુનને બયહકી–૨/૪૦૨)*

હાકિમ અને બયહકીએ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે હુઝૂર ﷺ જયારે નમાઝ પઢતા તો આસમાનની તરફ નજર ફરમાવતા ત્યારે આ આયત નાઝિલ થઈ. તો આપે આપના સર મુબારકને ઝુકાવી લીધું. *(સુનને બયહકી–૨/૪૦૨)*

હઝરત હસન رحمۃ اللہ علیہ કહે છે કે નબી કરીમ ﷺનું ફરમાન છે કે પાંચ નમાઝોનું દષ્ટાંત એવું છે જેમ કે તમારામાંથી કોઈના ઘરની સામે એક મોટી નહેર વહેતી હોય અને તેમાં દરરોજ પાંચ વખત ગુસ્લ કરતો હોય તો શું તેના શરીર પર મેલ રહેશે ? જેથી જયારે હુઝૂરે કલ્બ અને ખુશૂઅની સાથે નમાઝ પઢવામાં આવે તો ઈન્સાન કબીરા ગુનાહો સિવાય તમામ ગુનાહોથી પાક થઈ જાય છે. ખુશૂઅ વિનાની નમાઝ રદ કરી દેવામાં આવે છે. *(સુનને બયહકી–૩/૮૯, મુસ્નદે અહમદ ઈબ્ને હંબલ–૩/૧૬૦)*

ફરમાને નબવી છે કે જેણે બે રકાત નમાઝ પઢી અને તેના દિલમાં કોઈ પ્રકારનો દુનિયવી ખયાલ ન આવ્યો તો તેના પાછલા તમામ ગુનાહો બખ્શી દેવામાં આવે છે. (હુઝૂરે કલ્બથી જો નમાઝ પઢી). *(અહયાઉલ ઉલૂમ–૧/૧૪૪)*

ફરમાને નબવી છે કે નમાઝની ફર્ઝિયત, હજનો હુકમ, તવાફ તથા મનાસિકે હજનો હુકમ અલ્લાહ તઆલાના ઝિક્રના માટે આપવામાં આવ્યો છે. હવે જો તેની અદાયગી વખતે દિલમાં ખુદાના ઝિક્રની અઝમત તથા ખૌફ ન હોય તો તે ઈબાદતની કોઈ કિંમત નથી. *(અહયાઉલ ઉલૂમ–૧/૧૪૪, અખ્રજહુ અબૂ દાઊદ વતિર્મિઝી, મિન હદીષે આઈશા)* ફરમાને નબવી છે કે **જેને નમાઝે શરમજનક અને બુરા કામોથી નથી રોક્યો તે અલ્લાહ તઆલાથી દૂર જ થતો જશે.** *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની–૧૧/૪૬, કન્ઝુલ ઉમ્માલ–૭/૫૨૫)*

હઝરત અબૂબક્ર ઈબ્ને અબ્દુલ્લાહ رحمۃ اللہ علیہનો કૌલ છે કે હે ઈન્સાન! જો તું તારા માલિકની હુઝૂર હુકમ વગર (રજા વગર) હાજર થવાનું અને કોઈ મધ્યસ્થી વગર (તર્જમાની કરનાર વગર) વાતચીત કરવા ઈચ્છે છે તો તેના દરબારમાં દાખલ થઈ જા. પૂછવામાં આવ્યું કે એ કેવી રીતે થશે ? તેમણે કહ્યું કે મુકમ્મલ વઝૂ કરી લે પછી મસ્જિદમાં ચાલ્યો જા. હવે અલ્લાહના દરબારમાં આવી ગયો અને હવે કોઈ તર્જમાન વગર વાતચીત કર.

હઝરત આઈશા رضی اللہ عنہાનો ઈરશાદ છે કે હું અને હુઝૂર صلی اللہ علیہ وسلم આપસમાં વાતો કરતાં હતાં. જયારે નમાઝનો સમય આવી જતો તો અલ્લાહની અઝમતના કારણે એવાં થઈ જતાં કે જાણે એક બીજાને ઓળખતાં પણ નથી. *(અહયાઉલ ઉલૂમ, ૧/૧૪૫)* ફરમાને નબવી છે કે અલ્લાહ તઆલા તે નમાઝની તરફ નથી જોતો જેમાં ઈન્સાનનું દિલ તેના શરીરની સાથે ઈબાદતમાં સામેલ નથી થતું. *(કન્ઝુલ ઉમ્માલ–૩/૧૪૪, મફાતિહુલ જિનાન શરહે શરઅતુલ ઈસ્લામ–૧/૧૨૧, અબ્દુરઝ્ઝાક–૨/૨૭૩)*

હઝરત ઈબ્રાહીમ علیہ السلام જયારે નમાઝના માટે ઉભા થતા તો ઘણા છેટેથી તેમના દિલની ધડકન સાંભળવામાં આવતી. હઝરત સઈદ તન્નુખી رحمۃ اللہ علیہ નમાઝ પઢતા તો તેમના આંસૂ તેમના ચહેરા અને દાઢી પર પડતાં રહેતાં. હુઝૂર صلی اللہ علیہ وسلمએ એક માણસને જોયો કે હાલતે નમાઝમાં પોતાની દાઢી સાથે રમત કરી રહ્યો હતો. આપે ફરમાવ્યું કે તેના દિલમાં ખુશૂઅ હોય તો તેના અંગો સ્થિર હોત.

## ★ હઝરત અલી رضی اللہ عنہની નમાઝ ★

જયારે નમાઝનો સમય આવતો તો હઝરત અલી رضی اللہ عنہના ચહેરાનો રંગ બદલાઈ જતો અને આપને ધ્રુજારી ચાલુ થઈ જતી. તો પૂછવામાં આવ્યું કે અમીરૂલ મોમિનીન ! આપને શું થઈ ગયું છે ? આપે رضی اللہ عنہ ફરમાવ્યું : તે અમાનત અદા કરવાનો સમય આવી ગયો જેને અલ્લાહ તઆલાએ આસમાન તથા જમીન અને પહાડો સમક્ષ રજૂ કરી પણ તેઓએ મજબૂરી દર્શાવી હતી અને મેં તેને ઉપાડી લીધી.

રિવાયત છે કે જયારે અલી ઈબ્ને હુસૈન رضی اللہ عنہ વઝૂ કરતા તો તેમના ચહેરાનો રંગ બદલાઈ જતો. ઘરવાળાં કહેતાં કે આપને વઝૂના સમયે કઈ તકલીફ આવી પડે છે તો આપ જવાબ આપતા કે જાણતા નથી કે હું કોની બારગાહમાં હાજર થવાની તૈયારી કરી રહ્યો છું ? *(અહયાઉલ ઉલૂમ–૧/૧૪૫)*

હઝરત હાતિમ અસમથી તેમની નમાઝના વિશે સવાલ કરવામાં આવ્યો તો તેમણે કહ્યું, જયારે નમાઝનો સમય આવી જાય છે તો હું સંપૂર્ણ રીતે વઝૂ કરીને તે જગાએ આવી જાઉ છું જયાં હું નમાઝ પઢવા ઈચ્છુ છું. જયારે મારા અંગો પુરસુકૂન થઈ જાય છે ત્યારે હું નમાઝના માટે ઉભો થાઉ છું અને તે સમયે કા'બાને મારી સમક્ષ, પુલસિરાતને પગોની નીચે, જન્નતને જમણી બાજુએ અને દોઝખને ડાબી બાજુએ, મલકુલ મૌતને પાછળ અને તે નમાઝને મારી છેલ્લી નમાઝ સમજીને ખૌફ તથા ઉમ્મીદની (મિશ્ર લાગણી) સાથે ઉભો થઈ જાઉ છું, દિલથી તસ્દીક઼ (સમર્થન) કરતાં કરતાં તકબીર કહું છું, અટકી અટકીને તિલાવત કરૂં છું, નરમાશથી રૂકૂઅ કરૂં છું, ખુશૂઅની (આજિઝી)ની સાથે સિજદો કરૂં છું, ડાબી જાંગ પર બેસું છું, ડાબો પગ બિછાવું છું અને જમણા (પગ)ને ઉભો રાખુ છું અને સરાપા (પગથી માથા સુધી) ખુલૂસ બની જાઉ છું પણ એ નથી જાણતો કે મારી નમાઝ ક઼બૂલ થઈ કે નહીં.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماનો ક઼ૌલ છે, ખુઝૂઅ તથા ખુશૂઅ સાથે પઢેલ બે રકાતો સિયાહ દિલવાળાની આખી રાતની ઈબાદત કરતાં બેહતર છે. *(કન્ઝુલ ઉમ્માલ–૮/૨૦૧)* ફરમાને નબવી છે કે આખર જમાનામાં મારી ઉમ્મતના કેટલાક એવા લોકો હશે જેઓ મસ્જિદોમાં કુંડાળુ બનાવીને બેસશે,

દુનિયા તથા દુનિયાની મહોબ્બતનો ઝિક્ર કરતા રહેશે. તેઓની મજલિસોમાં ન બેસશો. અલ્લાહ તઆલાને તેઓની કોઈ જ જરૂરત નથી. *(હિલ્યતુલ અવલિયા–૪/૧૧૬, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૩૫૯)*

### ★ નમાઝમાં ચોરી ★

હઝરત હસન رضی اللہ عنہ કહે છે કે નબીએ કરીમ رضی اللہ عنہએ ઈરશાદ ફરમાવ્યો કે શું હું તમને બદતરીન ચોર બતાવું ? સહાબાએ કિરામ رضی اللہ عنہએ અર્ઝ કરી કે હુઝૂર صلی اللہ علیہ وسلم તે કોણ છે ? આપે صلی اللہ علیہ وسلمએ ફરમાવ્યું, તે **નમાઝ ચોરવાવાળા** છે. અર્ઝ કરવામાં આવી કે **નમાઝમાં ચોરી કોને કહે છે ?** આપે صلی اللہ علیہ وسلم ફરમાવ્યું, **તે રૂકૂઅ અને સિજદા બરાબર રીતે કરશે નહીં.** *(અલ્મોઅજમુસ્સગીર લિત્તબરાની–૧/૧૨૧)*

ફરમાને નબવી صلی اللہ علیہ وسلم છે કે ક્યિામતના દિવસે સૌ પ્રથમ નમાઝના વિશે પૂછવામાં આવશે. જો નમાઝો પૂરી હશે તો હિસાબ આસાન થઈ જશે. જો નમાઝોમાં કાંઈક ઉણપ હશે તો અલાહ તઆલા ફરમાવશે કે મારા બંદાના કાંઈ નવાફિલ હોય તો તેના વડે નમાઝોને પૂર્ણ કરી દો. *(મુસ્નદે અહમદ બિન હંબલ–૫/૭૨, કન્ઝુલ ઉમ્માલ–૭/૨૭૮, હદીષ–૧૮૮૬૭, સુનને નિસાઈ–૧/૮૧, બાબુલ મુહાસિબા અલસ્સલવાત)* ફરમાને નબવી صلی اللہ علیہ وسلم છે કે બંદાના માટે બે રકાત નમાઝ પઢવાની તૌફીક઼થી વધીને કોઈ અન્ય ઈનામ નથી.

હઝરત ઉમર ફારૂકે આઝમ رضی اللہ عنہ જયારે નમાઝ પઢવાનો ઈરાદો કરતા તો આપનું શરીર ધ્રુજવા લાગતું અને દાંત ખખડવા લાગતા. આપને એ વિશે પૂછવામાં આવતું તો આપ رضی اللہ عنہ જવાબ દેતા કે અમાનતની અદાયગી અને ફર્ઝને પૂરી કરવાનો સમય નજીક આવી ગયો છે અને હું નથી જાણતો કે તેને કઈ રીતે અદા કરીશ.

**હિકાયત :** હઝરત ખલફ ઈબ્ને ઐયૂબ رحمۃ اللہ علیہ નમાઝમાં હતા. તે દરમ્યાન તેમને કોઈ જાનવર કરડી ગયું પણ તેમને ખબર જ ન પડી એટલે સુધી કે ઈબ્ને સઈદ બહાર આવ્યા અને તેમણે આપને બતાવ્યું અને લોહીથી ખરડાએલ કપડું ધોયું. પૂછવામાં આવ્યું કે આપને જાનવર

કરડી ગયું અને લોહી પણ વહી ગયું છતાં આપને તેનો આ ભાસ પણ ન થયો ? આપે જવાબ આપ્યો કે તેને કઈ રીતે આ ભાસ પણ થાય કે જે અલ્લાહ ઝુલજલાલની સમક્ષ ઉભેલો હોય, તેની પાછળ મલકુલ મૌત હોય, ડાબી બાજુ જહન્નમ અને પગોની વચ્ચે પુલસિરાત હોય ?!

હઝરત અમ્ર ઈબ્ને ઝર رحمۃ اللہ علیہ જલીલુલ કદર આબિદ અને ઝાહિદ હતા. તેમના હાથમાં એક એવો ઝખ્મ પડી ગયો કે તબીબોએ તે હાથને કાપી નાખવા સલાહ આપી. આપે કહ્યું કે કાપી નાખો. તો તબીબોએ કહ્યું કે, આપને રસ્સીઓમાં જકડયા વિના તેમ કરવું શકય નથી. તો આપે કહ્યું કે એવું કરવાની જરૂર નથી. બલ્કે જયારે હું નમાઝ શરૂ કરું ત્યારે કાપી લેજો. જેથી આપે નમાઝ શરૂ કરી ત્યારે આપનો હાથ કાપી લેવામાં આવ્યો. પણ આપને જરાય એહસાસ થયો નહીં.

(પ્રકરણ : ૧૫)

## અમ્ર બિલ મઅરૂફ તથા નેહી અનિલ મુન્કર
## (નેકી કરવાનો અને બુરાઈથી બચવાનો હુકમ)

હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہ કહે છે કે હુઝૂર ﷺએ ઈરશાદ ફરમાવ્યો કે જયારે કોઈ બંદો એક વખત મારા પર દુરૂદ મોકલે છે તો અલ્લાહ તઆલા તેના શ્વાસોથી એક સફેદ વાદળ પેદા કરે છે પછી તે વાદળને રહમતના દરિયાથી ફયઝયાબ થવાનો હુકમ મળે છે. ત્યારબાદ તેને વરસવાનો હુકમ મળે છે. તેનું જે ટીપું જમીન પર પડે છે તેનાથી સોનુ અને જે પહાડ પર પડે છે તેનાથી ચાંદી પેદા કરે છે અને જે ટીપું કોઈ કાફિર પર પડે છે તેને ઈમાનની દૌલત અતા થાય છે.

ફરમાને ઈલાહી છે :–

كُنْتُمْ خَيْرَ اُمَّةٍ اُخْرِجَتْ لِلنَّاسِ تَأْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَ تَنْهَوْنَ
عَنِ الْمُنْكَرِ وَتُؤْمِنُوْنَ بِاللّٰهِ

"તમે બેહતરીન ઉમ્મત છો તે બધી ઉમ્મતોમાં જે લોકોમાં જાહેર થઈ. ભલાઈનો હુકમ કરો છો અને બુરાઈથી મના કરો છો અને અલ્લાહ પર ઈમાન ધરાવો છો" *(પારા–૪, સૂ. આલે ઈમરાન, આયત–૧૧૦)*

જનાબ કલ્બી رحمۃ اللہ علیہનો કૌલ છે કે આ આયતમાં ઉમ્મતે મુહમ્મદ صلی اللہ علیہ وسلمની તમામ ઉમ્મતો પર ફઝીલતનું બયાન છે અને ઉમ્મતે ઈસ્લામિય્યહ યકીનન તમામ ઉમ્મતોથી બેહતર છે અને અન્ય ઉમ્મતોના કરતાં તેનો પ્રારંભ તથા અંત બંને બેહતર છે. જો કે અંગત રીતે કેટલીક હસ્તીઓ ખૂબ જ વધુ પ્રમાણમાં ફઝલો કમાલની માલિક હતી જેમ કે સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَના વિશે હદીષો મૌજૂદ છે.

ઉખ્રિજતનો અર્થ છે કે તમામ સમયોમાં લોકોના ફાયદા અને ભલાઈ સોચવાના માટે વિશિષ્ટ હેસિયત દઈને તેઓને મોકલવામાં આવ્યા.

ફરમાને ખુદાવંદી છે :–

**تَأْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَتَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَ تُؤْمِنُوْنَ بِاللّٰهِ تُؤْمِنُوْنَ بِاللّٰهِ**

તેમાં બયાન કરવામાં આવ્યું છે કે ઉમ્મતે ઈસ્લામિયહની ફઝીલત એટલા માટે છે કે તેઓ નેકીનો હુકમ આપે છે, બુરાઈથી રોકે છે અને અલ્લાહ પર ઈમાન રાખે છે. જો તેઓ આ માર્ગેથી હટી જાય તો તેમની ફઝીલત બાકી રહેશે નહીં. તેઓ કાફિરોથી જેહાદ કરે છે કે જેથી તેઓ ઈસ્લામ સ્વીકારે. એટલા માટે તેઓને અન્યોથી અગ્રિમતા આપવામાં આવી.

ફરમાને નબવી છે કે બેહતરીન ઈન્સાન તે છે જે લોકોને લાભ પહોંચાડે છે અને બદતરીન ઈન્સાન તે છે જે લોકોને નુકસાન પહોંચાડે છે. *(કન્ઝુલ ઉમ્માલ–૧૬/૧૨૮)*

**تُؤْمِنُوْنَ بِاللّٰهِ** તે એક અલ્લાહ હોવા વિશે (તૌહીદ)ને સમર્થન કરે છે અને તેના પર અડગતાથી રહે છે અને મુહમ્મદ صلی اللہ علیہ وسلمની નબુવ્વતનો ઈકરાર કરે છે કેમ કે, જેણે હુઝૂર صلی اللہ علیہ وسلمની નબુવ્વતને ન માની તેણે અલ્લાહ તઆલાને નથી માન્યો. એટલા માટે કે તે હુઝૂર صلی اللہ علیہ وسلمને અતા થયેલ મોઅઝ્ઝઝ બયાન આયતોને અલ્લાહ તઆલા તરફથી નથી સમજતો.

ફરમાને નબવી છે કે તમારામાંથી જે કોઈ કશીક બુરાઈને જુએ તેણે જોઈએ કે બાહુબળ વડે (જેહાદથી) મિટાવી દે. જો તેની શકિત ન હોય તો જીભ વડે (મુનાઝિરાથી) રોકે, જો એ પણ ન કરી શકે તો તેને (બુરા કાર્યોને) દિલમાં ખરાબ સમજે (દિલથી તિરસ્કાર કરે) અને આ સૌથી કમજોર ઈમાન છે. એટલે કે આ ઈમાનવાળાઓનું સૌથી કમઝોરતરીન કૃત્ય (અમલ) છે. *(સહીહ મુસ્લિમ–૧/૫૧, સુનને ઈબ્ને માજહ, પેજ–૨૮૯, સુનને બયહકી–૬/૧૫૭, કન્ઝુલ ઉમ્માલ, પેજ–૬૬ મિશ્કાતુલ મસાબીહ–૪૩૬, હિલ્યતુલ અવલિયા–૧/૨૭)* (એની નીચે ઈમાનની શકયતા જ નથી. આ છેલ્લો તબકો છે, એટલે કે દિલથી પણ બુરૂ ન જાણે તેની પાસે ઈમાન જ નથી).

કેટલાકે એવું કહ્યું છે કે હાથો વડે બુરાઈને ખત્મ કરવી હાકિમો (સત્તાધારીઓ)ના માટે છે. જીભ વડે બુરાઈ વિરુદ્ધ જેહાદ કરવો ઉલમાના માટે છે અને દિલથી નફરત કરવી એ સામાન્ય લોકોના માટે છે.

કેટલાકનો કૌલ છે કે જે શખ્સ જે શક્તિ ધરાવતો હોય તેણે તે જ શકિતને તે (બુરાઈ) મિટાવવામાં વાપરવી જોઈએ અને બુરાઈને મિટાવવી જોઈએ.

ફરમાને ઈલાહી છે :–

تَعَاوَنُوا عَلَى الْبِرِّ وَ التَّقْوٰى وَ لَا تَعَاوَنُوا عَلَى الْاِثْمِ وَالْعُدْوَانِ ''નેકી તથા પરહેઝગારી પર એકબીજાની મદદ કરો.'' *(પારા–૬, સૂ.માઈદા, આયત–૨)* અહીં તઆવનૂથી મુરાદ નેકીની લાલચ આપવી (આકર્ષવુ), નેકીના રસ્તાઓને સરળ કરવા અને બુરાઈ તથા ફસાદને શકિત હેઠળ બંધ કરવાની કોશિશ કરવી તે છે.

એક હદીષ શરીફમાં ઈરશાદ થયો કે જેણે કોઈ સુન્નતની વિરુદ્ધ વાત પેદા કરનારને ધમકાવી નાખ્યો તો અલ્લાહ તઆલા તેના દિલને ઈમાન તથા ઈત્મિનાન વડે ભરી દશે અને જે આવા શખ્સની તૌહીન★ કરે છે તેને

★ *મઝહબમાં બિદઅતી તે શખ્સ છે જે નવા મઝહબનો સ્થાપક (બાની) અથવા અનુયાયી હોય, હુઝૂર ﷺની તૌહીન જાતે કરે અથવા તૌહીન કરનારાઓનો અનુયાયી હોય. તે જ પ્રમાણે અન્ય ગુમરાહોનો બાની કે અનુયાયી હોય.*

અલ્લાહ તઆલા કિ઼યામતના દિવસે બેખૌફ કરી દેશે અને જેણે નેકીનો હુકમ આપ્યો અને બુરાઈઓથી રોકયું તે માણસ જમીન પર અલ્લાહ તઆલા, તેની કિતાબ અને તેના રસૂલ ﷺનો ખલીફા છે★. *(હિલ્યતુલ અવલિયા–૮/૨૧૭)*

હઝરત હુઝૈફહ رضی اللہ عنہનો કૌલ છે કે નજીકમાં જ એવો સમય આવનારો છે કે લોકોને નેકીનો હુકમ આપવાવાળા અને બુરાઈઓથી રોકવાવાળા મોમિન કરતાં ગધેડાની લાશ વધારે પસંદીદા હશે. *(અહયાઉલ ઉલૂમ–૨/૨૭૮)*

હઝરત મૂસા علیہ السلامએ અર્ઝ કરી, હે રબ ! તે શખ્સનો બદલો શું હશે જેણે✪ ભાઈને બોલાવ્યો અને તેને નેકીનો હુકમ આપ્યો અને બુરાઈથી રોકયો ? રબ તઆલાએ ફરમાવ્યું, તેના દરેક કલમા (બોલ)ના બદલામાં એક વરસની ઈબાદત લખી દેવામાં આવે છે અને મારી રહમતને તેને જહન્નમમાં સળગાવતાં શરમ આવે છે.

હદીષે કુદસી છે કે રબતઆલા ફરમાવે છે કે હે ઈન્સાન ! તેના જેવો ન બન જે તૌબા (કરવા)માં ઢીલ કરે છે, લાંબી ઉમ્મીદો ધરાવે છે અને કશાય અમલ વગર આખેરત તરફ પાછો વળે છે, વાતો નેક લોકોની કરે છે અને અમલ મુનાફિકો જેવા કરે છે. જો તેને આપી દેવામાં આવે તો ક઼નાઅત (થોડામાં સંતોષ) નથી કરતો અને જો ન આપવામાં આવે તો સબ્ર નથી કરતો. તે અન્યોને બુરાઈઓથી રોકે છે પણ પોતે નથી રોકાતો.

## ★ આખર જમાના વિશે હુઝૂર ﷺનો ઈર્શાદ ★

આ જગાએ એક હદીષ બયાન કરવી મુનાસિબ છે. હદીષ બયાન કરતાં પહેલાં તેના રાવી હઝરત અલી رضی اللہ عنہએ ફરમાવ્યું છે કે, **કસમ ખુદાની ! આસમાન પરથી (જમીન પર) પડવું મારા માટે સહેલુ છે પરંતુ હુઝૂરની તરફ કોઈ જૂઠી વાત સંબંધિત કરવી અતિ મુશ્કેલ છે.** ત્યાર પછી હદીષ બયાન ફરમાવી કે મેં હુઝૂર ﷺને એવું

★ *આ કામ ઉલમા અને એહલે ઈલ્મનું છે જાહિલનું નથી.*

✪ *મુસલમાન હોવું શર્ત છે.*

ફરમાવતા સાંભળ્યા છે કે, **''આખર જમાનામાં ઓછી વયના અને ઓછી સમજવાળા લોકોની એક જમાઅત નીકળશે. વાતો જાહેરમાં તો સારી કહેશે, પરંતુ ઈમાન તેઓના હલક઼થી નીચે ઉતરશે નહીં. તેઓ દીનથી એવી રીતના નીકળી જશે જેવી રીતે તીર શિકારથી નીકળી જાય છે. પછી (જેથી) તમે તેઓને જ્યાં જુઓ ક઼તલ કરી દેજો કેમ કે ક઼િયામતના દિવસે તેઓની ક઼તલના માટે મોટો અજર તથા સવાબ છે.''** *(બુખારી, ભાગ–૨, પેજ–૭૫૬)*

## ★ મોમિનના માટે જરૂરી છે કે અન્યને નેકીનો હુકમ આપતી વખતે પોતે પણ અમલ કરે ★

ફરમાને નબવી છે કે મેં મેઅરાજની રાત્રે એવા માણસો જોયા જેઓના હોઠો આગની કાતરો વડે કાપવામાં આવી રહ્યા હતા. મેં જિબ્રઈલને પૂછ્યું કે આ કોણ લોકો છે ? તેમણે કહ્યું કે, આ તમારી ઉમ્મતના ખતીબ છે જેઓ લોકોને નેકીનો હુકમ કરે છે પણ પોતાની જાતને ભૂલી જાય છે. *(મિશ્કાતુલ મસાબીહ–૪૩૮, સહીહ ઈબ્ને હબ્બાન–૧/૧૪૫)*

ફરમાને ઈલાહી છે :–

اَتَأْمُرُوْنَ النَّاسَ بِالْبِرِّ وَ تَنْسَوْنَ اَنْفُسَكُمْ وَاَنْتُمْ تَتْلُوْنَ الْكِتٰبَ اَفَلَا تَعْقِلُوْنَ

''શું તમે નેકીનો લોકોને હુકમ આપો છો અને પોતાને ભૂલી જાવ છો, જો કે કુર્આન પઢો છો (તો) શું તમે બુદ્ધિ નથી ધરાવતા ?'' *(પારા–૧, સૂ. બકરહ, આયત–૪૪)*

જેથી મોમિનોના માટે જરૂરી છે કે તેઓ નેકીનો હુકમ આપે અને બુરાઈઓથી રોકે પણ પોતે પોતાને પણ ન ભૂલે. જેમ કે ફરમાને ઈલાહી છે :

وَالْمُؤْمِنُوْنَ وَالْمُؤْمِنٰتُ بَعْضُهُمْ اَوْلِيَآءُ بَعْضٍ يَأْمُرُوْنَ
بِالْمَعْرُوْفِ وَ يَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَيُقِيْمُوْنَ الصَّلٰوةَ

''મોમિન મર્દ અને મોમિન ઔરતો એકબીજાના દોસ્ત છે, નેકીનો હુકમ કરે છે અને બુરાઈઓથી રોકે છે અને નમાઝ અદા કરે છે.'' *(પારા–૧૦, સૂ. તૌબા, આયત–૭૧)*

આ આયતમાં અલ્લાહ તઆલાએ મોમિનની આ સિફત (ખૂબી) બયાન કરી કે તે નેકીનો હુકમ આપે છે. હવે જે નેકીનો હુકમ આપવાનું બંધ કરી દે તે આ મમદૂહ (પસંદીદા) જમાઅતમાંથી નથી અને અલ્લાહ તઆલાએ તે કૌમોની બુરાઈ બયાન કરી છે. જેઓએ **અમ્ર બિલ્મઅ્રૂફ**ને છોડી દીધું હતું. જેમ કે ફરમાને ઈલાહી છે : **كَانُوْا لَا يَتَنَاهَوْنَ عَنْ مُّنْكَرٍ فَعَلُوْهُ لَبِئْسَ مَا كَانُوْا يَفْعَلُوْنَ** ''જેઓ દુષ્કર્મો કરતાં એકબીજાને રોકતા ન હતા, અવશ્ય ઘણા જ ખરાબ કામો કરતા હતા.'' *(પારા–૬, સૂ. માઈદા,૭૯)*

હઝરત અબૂ દરદા رحمۃ اللہ علیہથી મરવી છે કે તેમણે કહ્યું, નેકીનો હુકમ આપતા રહેવું અને બુરાઈઓથી રોકતા રહેવું, નહીં તો અલ્લાહ તઆલા તમારા ઉપર એવા હાકિમ બેસાડી દેશે જેઓ તમારા મોટેરાંઓનો એહતેરામ કરશે નહીં, તમારા બાળકો પર રહમ કરશે નહીં, તમારા વડીલોને બોલાવશે પણ તેમની વાત માનવામાં આવશે નહીં, તેઓ મદદગાર માગશે પણ તેઓની મદદ કરવામાં આવશે નહીં અને તેઓ માફી ચાહશે પણ તેઓને માફ કરવામાં આવશે નહીં. *(મિશ્કાતુલ મસાબીહ, પેજ–૪૩૬, કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૩, હદીષ–૮૪૬૪, અલ્મોઅજમુલ અવસત લિત્તબરાની–૧/૩૭૭)*

ઉમ્મુલ મોમિનની હઝરત આઈશા رضی اللہ عنہاથી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફરમાવ્યું, અલ્લાહ તઆલાએ વસ્તીવાળાઓ (કરિયહ) પર અઝાબ મોકલ્યો તેમાં એંસી હજાર એવા પણ હતા જેઓએ અંબિયાની જેમ નેક અમલ કર્યા હતા. પૂછવામાં આવ્યું કે આવું શાથી થયું ? આપે ફરમાવ્યું કે (તેઓ) અલ્લાહના માટે (અલ્લાહની નાફરમાનીની બાબતે) કોઈને બુરા સમજતા ન હતા અને ન તો તેઓ નેકીનો હુકમ આપતા હતા ન બુરાઈઓથી રોકતા હતા. *(અહયાઉલ ઉલૂમ, ૨/૨૭૭–૭૮)*

## ★ જમીન પર શહીદો મોટા મર્તબાવાળા મુજાહિદો ★

હઝરત અબૂઝર ગફફારી رضی اللہ عنہએ હુઝૂર صلی اللہ علیہ وسلمથી પૂછયું કે મુશ્રિકો સાથે લડવા સિવાય કોઈ અન્ય જેહાદ પણ છે ? હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફરમાવ્યું,

હા, હે અબૂબક્ર ! رضی اللہ عنہ અલ્લાહની જમીન પર એવા મુજાહિદો રહે છે જેઓ શહીદોથી અફઝલ છે, જેઓ જમીન પર હરે ફરે છે, રોજી મેળવે છે, અલ્લાહ તઆલા ફરિશ્તાઓમાં તેઓ પર ફખ્ર કરે છે, તેઓના માટે જન્નત શણગારવામાં આવે છે. જેવી રીતે ઉમ્મે સલમહને નબી صلی اللہ علیہ وسلمના માટે સંવારવામાં આવ્યાં. સિદ્દીકે અકબર رضی اللہ عنہએ પૂછયું કે હુઝૂર તે કોણ લોકો છે ? આપે ફરમાવ્યું કે તે નેકીનો હુકમ કરવાવાળા, બુરાઈઓથી રોકવાવાળા, અલ્લાહના માટે દુશ્મની અને અલ્લાહના માટે મહોબ્બત કરવાવાળા છે.

પછી ફરમાવ્યું, મને તે ઝાતની કસમ ! જેની કુદરતના કબજામાં મારી જાન છે કે એવો શખ્સ જન્નતમાં તમામ ઉચ્ચ રહેઠાણોથી ઉપર એટલે સુધી કે શહીદોના રહેઠાણોથી ઉપર એક રહેઠાણમાં હશે જેના યાકૂત અને લીલા ઝુમુર્રદ (કિંમતી પથ્થર)ના ત્રણસો દરવાજા હશે અને દરેક દરવાજો નૂરથી ભરચક હશે અને ત્યાં ત્રણસો પાક દામન હૂરો સાથે તેની શાદી કરવામાં આવશે. જયારે તે કોઈ એક હૂરની તરફ ધ્યાન કરશે તો તેણી કહેશે કે તમને યાદ છે તે દિવસ જયારે તમે નેકીનો હુકમ આપ્યો હતો અને બુરાઈથી રોકયું હતું ? તો બીજી કહેશે તમને તે જગા યાદ છે જયાં તમે નેહી **અનિલ્મુન્કર** અને **અમ્ર બિલ્મઅરૂફ** કર્યુ હતું ? *(અહયાઉલ ઉલૂમ–૨/૨૭૮)*

રિવાયત છે કે અલ્લાહ તઆલાએ મૂસા علیہ السلامને ફરમાવ્યું કે તમે કદી મારા માટે પણ અમલ કર્યો છે ? મૂસા علیہ السلامએ અર્ઝ કરી કે, યા અલ્લાહ ! મેં તારા માટે નમાઝો પઢી, રોઝા રાખ્યા, સદકાઓ આપ્યા, તારી સમક્ષ સિજદાઓ કર્યા, તારી હમ્દ કરી, તારી કિતાબને પઢયો અને તારો ઝિક્ર કરતો રહ્યો. રબ તઆલાએ ફરમાવ્યું, હે મૂસા ! નમાઝ **તારી દલીલ,** રોઝા **તારા માટે ઢાલ,** સદકો **તારા માટે સાયો,** તસ્બીહ **તારા માટે જન્નતમાં ઝાડ,** કિતાબની કિર્અત **તારા માટે હૂર** તથા કિસ્વર અને મારૂ ઝિક્ર **તારૂ નૂર** છે. (પણ) જણાવ કે તેં મારા માટે શું અમલ કર્યો છે ? મૂસા علیہ السلام એ અર્ઝ કરી કે હે રબ્બે ઝુલજલાલ ! બતાવ ! તે કયો અમલ છે જે **તારા માટે** કરૂં ? રબ તઆલાએ ફરમાવ્યું કે તે કદી

મારા લીધે કોઈની સાથે મહોબ્બત કરી ? તેં કદી મારા લીધે કોઈની સાથે દુશ્મની કરી ? ત્યારે મૂસા عليه السلام સમજી ગયા કે "સૌથી શ્રેષ્ઠ અમલ" અલ્લાહના માટે મહોબ્બત (દોસ્તી) અને અલ્લાહન માટે દુશ્મની રાખવી તે છે. (અલ્લાહ અને તેના હબીબ ﷺના દોસ્તથી દોસ્તી અને તેમના ગુસ્તાખથી દુશ્મની રાખવી તે **સર્વશ્રેષ્ઠ અમલ** છે).

હઝરત અબૂ ઓબૈદા ઈબ્ને અલજિરાહ رضي الله عنه કહે છે કે મેં સરકારે રિસાલત મઆબ ﷺને પૂછયું કે યા રસૂલલ્લાહ ! ﷺ અલ્લાહની બારગાહમાં કયા શહીદની વધુ ઈઝ્ઝત છે ? આપે ફરમાવ્યું કે તે યુવાન જે જાલિમ હાકિમની સમક્ષ ગયો અને તેને નેકીનો હુકમ આપ્યો અને બુરાઈથી રોકયો અને તેના લીધે તેને કત્લ કરી દેવામાં આવ્યો અને તેને કત્લ કરી દેવામાં ન આવ્યો તો તે જયાં સુધી જીવંત રહેશે તેના ગુનાહ લખવામાં આવશે નહીં. *(અહયાઉલ ઉલૂમ–૨/૨૭૮)*

હઝરત હસન બસરી رحمة الله عليه કહે છે કે હુઝૂર ﷺએ ફરમાવ્યું, મારી ઉમ્મતમાં સૌથી અફઝલ શહીદ તે છે જે જાલિમ હાકિમની પાસે ગયો અને તેને નેકીનો હુકમ આપ્યો અને બુરાઈથી રોકયો અને તેના લીધે તેને કતલ કરી દેવામાં આવ્યો તો એવા શહીદનું ઠેકાણુ જન્નતમાં હઝરત હમ્ઝા અને હઝરત જાફર رضي الله عنهની વચ્ચે હશે. *(અહયાઉલ ઉલૂમ–૨/૨૭૮)*

અલ્લાહ તઆલાએ હઝરત યૂશુઅ ઈબ્ને નૂન عليه السلامની તરફ વહી કરી કે હું તમારી ઉમ્મતના ચાલીસ હજાર નેક લોકો અને સાઈઠ હજાર બુરા લોકોને હલાક કરવાવાળો છું. હઝરત યૂશુઅ عليه السلامએ અર્ઝ કરી કે, નેક લોકોનો શો કસૂર છે ? રબ તઆલાએ ફર્માવ્યું, **તેઓએ મારા દુશ્મનોને દુશ્મન નથી જાણ્યા અને તેઓ આપસમાં મેળમેળાપની સાથે રહેતા રહ્યા.**

હઝરત અનસ رضي الله عنه કહે છે કે અમે કહ્યું કે યા રસૂલલ્લાહ ﷺ ! શું અમારે નેકીનો તે સમયે હુકમ કરવો જોઈએ જયારે અમે સંપૂર્ણપણે નેકીઓ પર અમલ કરીએ અને બુરાઈઓથી તે સમયે રોકવું જોઈએ જયારે અમે સંપૂર્ણતઃ બુરાઈઓથી દૂર થઈ જઈએ ? હુઝૂર ﷺએ ફરમાવ્યું, તમે નેકીનો હુકમ આપતા રહો ભલે તમે સંપૂર્ણપણે અમલ ન કરી શકો

અને તમે બુરાઈઓથી રોકતા રહો ભલે તમે પૂર્ણરૂપે દૂર ન થઈ શકતા હોવ. *(અહયાઉલ ઉલૂમ–૨/૨૯૮)*

એક સાલેહ (નેક) શખ્સે પોતાના પુત્રોને શીખામણ આપી કે જયારે તમારામાંથી કોઈ નેકીઓનો હુકમ આપવા ઈચ્છે તો પોતાના નફસને સબ્રનો આદી બનાવે અને અલ્લાહથી સવાબની ઉમ્મીદ રાખે. કેમ કે જે શખ્સ અલ્લાહ પર ભરોસો કરે છે તે કદી તકલીફોમાં સપડાતો નથી.

*(પ્રકરણ : ૧૬)*

## શયતાનની અદાવત

દરેક મુસલમાનના માટે જરૂરી છે કે તે **ઉલમા (આલિમો)** તથા **સુલહા (નેક લોકો)**થી મહોબ્બત રાખે અને તેઓની મહેફિલોમાં બેસતો રહે અને જે કાંઈ ન જાણતો હોય તે તેઓથી પૂછતો રહે. તેમની નસીહતોથી ફૈઝયાબ થતો રહે. બુરા કામોથી દૂર રહે અને શયતાનને પોતાનો દુશ્મન સમજે જેમ કે ફરમાને ઈલાહી છે, **اِنَّ الشَّیْطٰنَ لَکُمْ عَدُوٌّ فَاتَّخِذُوْهُ عَدُوًّا** ‘‘બેશક ! શયતાન તમારો દુશ્મન છે, તેને દુશ્મન જ બનાવો (એટલે કે અલ્લાહની ઈબાદત કરીને).’’ *(પારા–૨૨, સૂ.ફાતિર, આયત–૬)* એટલે કે અલ્લાહ તઆલાની ઈબાદત કરીને તેનાથી દુશ્મની રાખો અને અલ્લાહ તઆલાની નાફરમાની કરીને તેની પયરવી ન કરો અને સાચા દિલથી હમેશાં પોતાના અકીદાઓ તથા અમલોની તેનાથી રક્ષા કરો. જયારે તમે કોઈ કામ કરો તો સારી રીતે સમજી લો કેમ કે ઘણી વખતે અમલોમાં રિયાકારી પ્રવેશી જાય છે અને બુરાઈઓ સારા રૂપમાં નજરે પડે છે. આ સૌ શયતાનના લીધે થાય છે જેથી તેની વિરુદ્ધ અલ્લાહથી મદદ માંગતા રહો.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ કહે છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ અમારી સમક્ષ એક રેખા દોરી અને ફરમાવ્યું કે આ અલ્લાહનો માર્ગ છે

પછી આપે તે રેખાની ડાબે જમણે કેટલીક વધુ રેખાઓ દોરી અને ફરમાવ્યું આ શયતાનના રસ્તાઓ છે જેના માટે તે લોકોને બોલાવતો રહે છે. અને આપે આ આયતે કરીમહ તિલાવત કરી :–

إِنَّ هٰذَا صِرَاطِى مُسْتَقِيمًا فَاتَّبِعُوا لسُّبُلَ فَتَفَرَّقَ بِكُمْ عَنْ سَبِيلِهِ "અને એ કે આ છે મારો સીધો રસ્તો એના પર ચાલો, અને અન્ય માર્ગે ન ચાલો, કે તમને તેના રસ્તાથી અલગ કરી દેશે." *(પારા–૮, સૂ. અન્આમ, આયત–૧૫૩)*

હુઝૂર ﷺએ આપણા માટે શયતાનના ઘણાયે રસ્તાઓને બયાન ફરમાવ્યા (જેથી આપણે તેની નજીકમાં ન જઈએ). *(સહીહ ઈબ્ને હબ્બાન, ૧/૧૦૬)*

## ★ શયતાનના વસવસાઓનું પરિણામ ★

હુઝૂર ﷺથી મરવી છે કે, બની ઈસ્રાઈલના એક ઝાહિદને રાહે રાસ્તેથી હટાવવા માટે એ ચાલ ચાલી કે એક છોકરીને પેટની બીમારીમાં નાખી દીધી અને તેના ઘરવાળાઓના દિલોમાં વિચાર નાખી દીધો કે આ બીમારીનો ઈલાજ તે ઝાહિદ સિવાય કયાંય પણ શકય નથી. જેથી તે લોકો તે ઝાહિદની પાસે આવ્યા, પણ તેણે તે છોકરીને પોતાની પાસે રાખવા સ્પષ્ટ ના પાડી દીધી. પણ તેઓની વારંવારની વિનંતિથી તેનું દિલ પીગળી ગયું અને તેણે છોકરીને ઈલાજના માટે પોતાની પાસે રોકી લીધી. જયારે પણ તે છોકરી ઝાહિદની પાસે જતી તો શયતાન તેને અતિશય ખુશ્નુમા અંદાઝમાં પેશ કરતો એટલે સુધી કે ઝાહિદના કદમ ડગમગી ગયા. તેણે છોકરી સાથે સંભોગ કર્યો. જેનાથી છોકરી સગર્ભા થઈ ગઈ. હવે શયતાને તેના દિલમાં વસવસો પેદા કર્યો કે આ તો ખૂબ જ ખરાબ વાત થઈ કે મારો ઝુહદ તથા તકવા પર આંચ આવી ગઈ ! જેથી તેણીને કત્લ કરીને દફન કરી દેવી જોઈએ. જયારે તેના ઘરવાળાઓ પૂછવા આવશે તો કહી દઈશ કે તે મૃત્યુ પામી છે. પેલી બાજુ છોકરીના ઘરવાળાઓનાં દિલમાં શયતાને એ ખ્યાલ પેદા કર્યો કે, તેણીને ઝાહિદે. કત્લ કરીને દફનાવી દીધી છે જેથી તેઓ ઝાહિદની પાસે આવ્યા અને છોકરી વિશે પૂછતાછ કરી. ઝાહિદે કહ્યું કે તે મૃત્યુ પામી છે. પરંતુ તે લોકોએ પોતાના વસવસાના આધારે ઝાહિદ પર સખ્તી કરી અને તેની પાસે હા પડાવી કે તેણે છોકરીને કત્લ

કરી છે. તેઓએ તેને પકડી લીધો અને બદલામાં કત્લ કરવા લાગ્યા ત્યારે શયતાન ઉપસ્થિત થયો અને ઝાહિદને બોલ્યો કે મેં જ તેને પેટની બીમારીમાં નાખી હતી અને મેં જ તેણીના ઘરવાળાઓના દિલોમાં તારા જુર્મનો ખયાલ નાખ્યો છે. હવે તું મારું કહ્યું માની લે તો હું તને બચાવી લઈશ. ઝાહિદે પૂછયું કે શું કરું ? શયતાન બોલ્યો કે મને સિજદા કરી લે. જેથી ઝાહિદે જાન બચાવવા માટે શયતાનને બે સિજદા કરી લીધા. હવે શયતાન એવું કહેતો ત્યાંથી ચાલી નીકળ્યો કે હું તારા આ કાર્યથી મુકત છું (જિમ્મેદાર નથી) ! જેમ કે *(પારા–૨૮, સૂ. હશ્ર, આયત–૧૬)* ફરમાને ઈલાહી છે :–

**اِذْ قَالَ لِلْاِنْسَانِ اكْفُرْ فَلَمَّا كَفَرَ قَالَ اِنِّىْ بَرِىْءٌ مِّنْكَ** ''શયતાનની જેમ જેણે ઈન્સાનને કહ્યું, કુફ્ર કર ! જયારે તેણે કુફ્ર કર્યું તો શયતાને કહ્યું, હું તારાથી મુક્ત છું.'' *(કન્ઝુલ ઉમ્માલ–૨, હદીષ–૪૬૫૪, મુસ્તદરક અલસ્સહીહૈન–૨/૫૨૬, હદીષ–૩૮૦૧)*

## ★ શયતાનનો ગુમરાહ કરનારો પ્રશ્ન ★

શયતાને ઈમામ શાફઈ رحمۃ اللہ علیہથી પૂછયું કે તારો એ ઝાતના વિશે શો ખ્યાલ છે જેણે મને જેવો ચાહયો પેદા કર્યો અને જે ચાહયું મારી પાસે કરાવ્યું ? ત્યાર બાદ તે ચાહે તો મને જન્નતમાં મોકલી દે અને ચાહે તો જહન્નમમાં મોકલી દે. શું આવુ કરનાર આદિલ (ન્યાયી) છે કે જાલિમ ? ઈમામ શાફઈ رحمۃ اللہ علیہએ થોડુક રોકાઈને જવાબ આપ્યો કે હે શખ્સ ! જો તેણે તને તારી ઈચ્છા પ્રમાણે પેદા કર્યો તો ખરેખર તું મઝલૂમ (જેના પર જુલ્મ કરાયો હોય તે) છે અને જો તેણે તને પોતાની કુદરતના ઈરાદા મુજબ પેદા કર્યો તો પછી તેની મરજી છે જેવું ઈચ્છે તેવું કરે. શયતાન શરમથી પાણી પાણી થઈ ગયો અને કહેવા લાગ્યો કે આ જ પ્રશ્ન કરીને મેં સિત્તેર હજાર આબિદોને ગુમરાહીની ગર્તામાં ધકેલી દીધા છે.

## ★ માણસનું હૃદય એક કિલ્લો છે ★

માણસના દિલ (ઈન્સાની કલ્બ)નું દષ્ટાંત એક કિલ્લા સમાન છે અને શયતાન એક દુશ્મન છે જે કિલ્લા પર હુમલો કરીને તેના પર કબજો જમાવવા ચાહે છે. કિલ્લાની હિફાઝત દરવાજાઓને બંધ કર્યા વિના અને

તમામ રસ્તાઓ તથા દ્વારોની દેખરેખ વગર અશકય છે અને આ ફર્ઝ તે જ નિભાવી શકે છે જે તે રસ્તાઓથી સારી રીતે વાકેફ હોય. જેથી દિલને શયતાની વસવસાઓની આવનજાવનથી સુરક્ષિત રાખવું દરેક બુદ્ધિશાળી માટે અનિવાર્ય જ નહીં બલ્કે એક ફર્ઝે અયન છે. કેમ કે શયતાનની આવનજાવનનો સામનો ત્યાં સુધી અશકય છે જયાં સુધી તેના પસાર થવાના તમામ રસ્તાઓથી માહિતગાર ન થાય. જેથી તેના પસાર થવાના રસ્તાઓની માહિતી રાખવી એ પ્રાથમિક જરૂરત છે અને આ માર્ગો ઈન્સાનના જ પેદા કરેલા હોય છે. જેમ કે ગુસ્સો અને વાસના. કેમ કે ગુસ્સો બુદ્ધિને ખત્મ કરી દે છે જેથી જયારે બુદ્ધિ મંદ પડી જાય છે તો શયતાની લશ્કર ઈન્સાન પર ભારે હલ્લો કરી દે છે. જેવો ઈન્સાન ગુસ્સે થાય છે કે શયતાન તેનાથી એવી રીતે રમે છે જેવી રીતે બાળક દડા સાથે રમે છે.

એક ખુદાના બંદાએ શયતાનને પૂછયું કે એ બતાવ કે તું ઈન્સાન પર કેવી રીતે કાબૂ મેળવી લે છે ? શયતાને કહ્યું કે હું તેને ગુસ્સો અને તેની વાસનાના સમયે કાબૂમાં લઈ લઉ છું.

શયતાનના રસ્તાઓમાં એક રસ્તો લાલચ અને ઈર્ષા પણ છે. કેમ કે લાલચ માણસને આંધળો અને બહેરો કરી દે છે. જેથી શયતાન તે મૌકાને ગનીમત સમજીને તમામ બુરાઈઓને લાલચીની સામે હસીન અંદાઝમાં પેશ કરે છે અને તે તેને ખૂબીઓ સમજીને કબૂલ કરતો જ જાય છે.

## ★ નૂહની કશ્તીમાં શયતાનની સવારી ★

રિવાયત છે કે જયારે હઝરત નૂહ عليه السلام એ ખુદાવંદે તઆલાના હુકમાનુસાર પ્રથમ દરેક જાતિનું એક એક જોડું કશ્તીમાં સવાર કર્યું અને પોતે પણ સવાર થઈ ગયા તો આપે એક અજનબી બુઢ્ઢાને જોઈને પૂછયું કે તને કોણે કશ્તીમાં સવાર કર્યો છે ? તેણે કહ્યું કે હું એટલા માટે આવ્યો છું કે આપના સાથીઓના દિલો પર કબજો જમાવી લઉં. ત્યારે તેઓના દિલો મારી સાથે અને શરીર તમારી સાથે હશે.

હઝરત નૂહ عليه السلام એ ફરમાવ્યું કે હે અલ્લાહના દુશ્મન ! હે મલઊન! નીકળી જા ! ઈબ્લીસ બોલ્યો કે, હે નૂહ ! પાંચ ચીજો એવી છે

જેનાથી હું લોકોને ગુમરાહીમાં નાખું છું. ત્રણ તમને બતાવીશ અને બે બતાવીશ નહીં. અલ્લાહ તઆલાએ હઝરત નૂહ علیہ السلام ની તરફ વહી મોકલી કે આપ કહો કે મને તે ત્રણ જણાવવાની જરૂરત નથી પણ પેલી બે જ જણાવી દે. શયતાન બોલ્યો, તે બે એવી છે જે મને કદાપિ જૂઠો નથી કરતી અને ન કદી નિષ્ફળ પાછો કાઢે છે અને તેના થકી જ હું લોકોને તબાહીના મોઢામાં લાવીને ઉભા કરી દઉં છું. તેમાંથી એક ઈર્ષા છે અને બીજી લાલચ. તે જ ઈર્ષાના કારણે હું ખુદાની બારગાહથી મરદૂદ અને મલઊન થયો છું અને લાલચના કારણે આદમ علیہ السلام ને મના કરેલી ચીજની ઈચ્છા ઉદભવી અને મારી આરઝૂ પૂરી થઈ ગઈ.

શયતાનનો એક રસ્તો ઈન્સાનનું ભરેલું પેટ હોવું તે છે ભલે તે હલાલ રોજીથી પણ ભરેલું કેમ જ હોય, કેમ કે પેટનું ભરાઈ જવું વાસનાઓને ઉશ્કેરે છે અને શયતાનનું એ જ હથિયાર છે. *(અહયાઉલ ઉલૂમ–૩/૩૦)*

## ★ ભરપેટ ખાવું પણ ઈન્સાનને શયતાનના ફંદામાં ફસાવે છે ★

રિવાયત છે કે હઝરત યહયા علیہ السلام એ એક વખતે શયતાનને જોયો કે તેણે ઘણાએ ફંદાઓ ઊંચકેલા હતા. આપે પૂછયું કે આ શું છે ? શયતાને જવાબ આપ્યો કે આ તે ફંદાઓ છે જેના વડે હું ઈન્સાનને ફસાવું છું. આપે પૂછયું કે કયારેક મારા પર પણ તે ફંદો નાખ્યો છે ? શયતાને કહ્યું, આપ જયારે પણ ધરાઈને જમી લો છો ત્યારે હું આપને ઝિક્ર તથા નમાઝ માટે સુસ્ત કરી દઉં છું. આપે પૂછયું, બીજું કાંઈ ? તો કહ્યું કે, બસ ! ત્યારે આપે કસમ ખાધી કે હું હવેથી કદાપિ ભરપેટ ખાઈશ નહીં. શયતાને પણ જવાબમાં કસમ ખાધી કે હું પણ હવેથી કોઈ મુસલમાનને નસીહત કરીશ નહીં. *(અહયાઉલ ઉલૂમ–૩/૩૦)*

શયતાનનો એક રસ્તો માલ તથા દુનિયાની વસ્તુઓ પ્રત્યે લોભાવું તે છે કેમ કે શયતાન જયારે માણસનું દિલ તે ચીજો તરફ આકર્ષિત થયેલું જુએ છે તો તેને એથી પણ વિશેષ હસીન અંદાઝમાં (આકર્ષક રૂપમાં) તેની સમક્ષ રજૂ કરે છે અને માણસને હમેશાં મકાનોના બાંધકામ, સીલીંગ,

દીવાલ, દરવાજાઓની સજાવટ તથા શણગારમાં ગુંચવેલો રાખે છે અને તેને ખૂબસૂરત લિબાસ, સારી સારી સવારીઓ અને લાંબી વયની જૂઠી ઉમ્મીદોમાં સંડોવી દે છે અને જયારે કોઈ માણસ તે મંઝિલે પહોંચી જાય છે તો પછી તેની ખુદાના માર્ગમાં વાપસી (પાછા આવવું) દુશ્વાર અને મુશ્કેલ બની જાય છે કેમ કે તે એક પછી એક ઉમ્મીદો વધારતો જ જાય છે એટલે સુધી કે તેનો નિશ્ચિત સમય આવી જાય છે અને તે તે જ શયતાની રસ્તા પર ડગ ભરતાં ભરતાં અને ઈચ્છાઓ પૂરી કરતાં કરતાં આ નાશવંત દુનિયાથી ઉઠી જાય છે. *(નઊઝુ બિલ્લાહ)*

શયતાનના ગલ્બા (પ્રભાવ)નો એક રસ્તો લોકોથી આશાઓ રાખવી તે છે. હઝરત સફવાન ઈબ્ને મુસ્લિમ ફરમાવે છે કે શયતાન જનાબ અબ્દુલ્લાહ ઈબ્ને હન્ઝલહની સમક્ષ આવ્યો અને કહેવા લાગ્યો કે હું તમને એક વાત જણાવું છું તેને યાદ રાખશો. તેમણે કહ્યું કે મારે તારી કોઈ નસીહતની જરૂર નથી. શયતાને કહ્યું કે તમે સાંભળો તો ખરા જો સારી વાત હોય તો યાદ રાખશો નહીં તો છોડી દેશો. વાત એ છે કે અલ્લાહ તઆલા સિવાય કોઈ ઈન્સાનથી તમારી આરઝૂનો સવાલ ન કરશો અને એ જોશો કે ગુસ્સામાં તમારી શી હાલત થાય છે, કેમ કે ગુસ્સાની હાલતમાં જ માણસ પર કાબૂ મેળવું છું. *(અહયાઉલ ઉલૂમ–૩/૩૧)*

શયતાનની સરસાઈનો એક રસ્તો સાબિત કદમી (અડગતા)નો માણસમાં અભાવ અને ઉતાવળની તરફ તેનું પ્રયાણ છે.

ફરમાને નબવી ﷺ છે કે **ઉતાવળ શયતાની કૃત્ય છે અને સહનશકિત એ અલ્લાહની ભેટ છે.** *(સુનને તિર્મિઝી–૨/૨૧)*

ઉતાવળમાં માણસને શયતાન એવા તરીકાથી બુરાઈ પ્રત્યે વાળે છે કે માણસ અનુભવી પણ નથી શકતો. રિવાયત છે કે જયારે હઝરત ઈસા عليه السلامની વિલાદત થઈ તો શયતાનના તમામ શાગિર્દો તેને ત્યાં એકત્ર થયા અને કહેવા લાગ્યા કે આજે તમામ બુતો (મૂર્તિઓ) ઊંધા માથે થઈ ગયા છે. શયતાને કહ્યું, લાગે છે કે કોઈ મહાન પ્રસંગે બન્યો છે. તમે અહીં જ રોકાઈ જાવ હું હમણા ખબર કાઢું છું. જેથી તેણે પૂર્વથી પશ્ચિમનો ચકકર લગાવ્યો પણ કાંઈ ખબર ન પડી. એટલે સુધી કે તે ઈસા عليه السلامની

પયદાઈશની જગાએ પહોંચ્યો અને એ જોઈને આશ્ચર્યમાં મૂકાઈ ગયો કે ફરિશ્તાઓ ઈસા عليه السلام ને ઘેરીને ઉભેલા છે. તે પોતાના શાગિર્દોમાં પાછો આવ્યો અને કહેવા લાગ્યો કે ગઈ રાત્રે એક નબીની વિલાદત થઈ છે. હું દરેક બાળકની પેદાઈશના વખતે હાજર હોઉં છું પણ મને તેમની પયદાઈશનો જરા પણ ઈલ્મ ન થયો જેથી તે રાત પછી બુતોની ઈબાદત ખત્મ થઈ જશે. એટલા માટે હવે માણસ પર ઉતાવળ તથા લાપરવાહીની વખતે હુમલો કરો. (તે હથિયારો વડે કામ લો).

એક રસ્તો ઝર અને જમીનનો પણ છે કેમ કે જે **ચીજ માણસની જરૂરિયાતથી વધારે હોય તે શયતાનનું રહેઠાણ બની જાય છે.** હઝરત સાબિત અલ્‌બિનાની رضي الله عنه નો કૌલ છે કે જયારે જલ્વા અફરોઝ થયા તો શયતાને પોતાના શાગિર્દોને કહ્યું કે આજે કોઈ મહત્વનો પ્રસંગ ઉપસ્થિત થયો છે, જાઓ જુઓ તો શું બન્યું છે ? તેઓ સૌ તલાશમાં નીકળ્યા પણ નિષ્ફળ થઈને પાછા આવી કહેવા લાગ્યા કે અમને તો કાંઈ જ ખબર ન પડી. શયતાને કહ્યું કે ઉભા રહો હું હમણા તમોને આવીને જણાવું છું. શયતાને પાછા આવીને જણાવ્યું કે અલ્લાહ તઆલાએ (હઝરત) મુહમ્મદ صلى الله عليه وسلم ને મબઊષ ફરમાવ્યા છે. જેથી શયતાને તેના તમામ શાગિર્દો, ચેલાઓને સહાબાએ કિરામ رضوان الله تعالى عليهم اجمعين ની પાછળ લગાડી દીધા કે તેઓને ગુમરાહ કરે પણ તેઓ પાછા વળીને કહેવા લાગ્યા કે, હે ઉસ્તાદ ! અમે આજ સુધી આવી નિષ્ફળતાનું મોઢું નથી જોયું ! જયારે તેઓ નમાઝ શરૂ કરે છે તો અમારું સર્વ કર્યુ કરાવ્યું ધૂળમાં મળી જાય છે. ત્યારે શયતાને કહ્યું, ગભરાશો નહીં. હજી કાંઈક વધુ રાહ જુઓ **નજીકમાં જ તેઓ પાસે દુનિયાની ભરમાર થઈ જશે** અને તે સમયે આપણને આપણી ઉમ્મીદ પૂરી કરવાનો પુષ્કળ મોકો મળી જશે.

રિવાયત છે કે એક દિવસે હઝરત ઈસા عليه السلام પથ્થરથી અઢેલીને (ટેક લગાવીને) બેઠેલા હતા. શયતાન ત્યાંથી પસાર થયો. તેણે કહ્યું કે હે ઈસા عليه السلام ! તમે દુનિયાને પસંદીદા સમજી છે ? ઈસા عليه السلام એ તેને પકડી લીધો અને તેની બોચીમાં મુકકો મારીને ફરમાવ્યું કે, લઈ જા ! આ તારા માટે દુનિયા છે.

એક માર્ગ ગરીબી તથા ભૂખમરાનો ભય અને કંજૂસાઈ છે કેમ કે આ ચીજો માણસને ખુદાની રાહમાં ખર્ચ કરવાથી રોકે છે અને તેને માલ તથા દૌલત જમા કરવા અને દર્દનાક અઝાબનું નિમંત્રણ આપે છે. કંજૂસાઈનું સૌથી મોટુ નુકસાન એ હોય છે કે કંજૂસ માલ તથા દૌલત હાંસલ કરવાના માટે બજારોમાં ચક્કર કાપતો રહે છે, જે (બજારો) શયતાનના ઠેકાણાઓ છે. (શયતાન પોતાની જગાઓએ તાક (પ્રતિક્ષા)માં બેસેલો હોય છે).

એક માર્ગ મઝહબની નફરત, મનેચ્છાઓનું અનુસરણ, પોતાના વિરોધીઓની હસદ તથા કીનો અને તેઓને તિરસ્કારપૂર્વક જોવું, તે છે અને આ ચીજ ભલે આબિદ હોય કે ફાસિદ સૌને હલાક કરી દે છે. હઝરત હસન رضی اللہ عنہનો ઈરશાદ છે કે મેં મુહમ્મદ صلی اللہ علیہ وسلمની ઉમ્મતને ભૂલભૂલામણીમાં ભટકાવી પણ તેઓએ ઈસ્તિગફાર (ગુનાહોથી તૌબા) વડે મને હરાવી દીધો. ત્યારે હું તેઓને એવા ગુનાહોની તરફ લઈ ગયો જેના માટે તેઓ કદી ઈસ્તિગફાર નથી કરતા અને તે તેઓની નાજાઈઝ ખ્વાહિશો છે. મલઊનની આ વાત ખરેખર સત્ય પણ અવલંબિત છે કેમ કે સામાન્યતઃ લોકો એ નથી સમજી શકતા કે આ ખ્વાહિશો જ અસલમાં ગુનાહોની તરફ ખેંચે છે જેથી તેઓ અલ્લાહથી ઈસ્તિગફાર (કેમ કરીને) કરે !

એક માર્ગ, મુસલમાનો વિશે બદગુમાનીનો છે. જેથી એનાથી અને બદબખ્તોની તોહમતોથી બચવું જોઈએ. જો આપ કદી કોઈ એવા માણસને જુઓ જે લોકોની અયબો શોધતો ફરે છે અને બદગુમાનીઓ ફેલાવે છે તો સમજી લેશો કે તે શખ્સ પોતે જ બદબાતિન છે અને એ કૃત્ય તેની બદબાતિનીના પ્રદર્શનનો એક તરીકો છે. જેથી દરેક મુસલમાનના માટે જરૂરી છે કે તે શયતાનના પ્રવેશ માટેના તમામ માર્ગોને બંધ કરી દે અને અલ્લાહ તઆલાની યાદ વડે પોતાના દિલને એક સુરક્ષિત કિલ્લો બનાવી દે.

## ★ દારૂન્નદવામાં શયતાનની કુરૈશીઓને સલાહ ★

ઈબ્ને ઈસ્હાક رحمۃ اللہ علیہની રિવાયત છે કે જયારે મકકાના કુરૈશીઓએ હુઝૂર صلی اللہ علیہ وسلمના સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینને હિજરત

કરતા અને વિવિધ કબીલાના લોકોને મુસલમાન થતા જાયા તો તેઓને ભય પેઠો કે કયાંક હુઝૂર ﷺ પણ હિજરત ન કરી જાય, અને ત્યાં એક જબરજસ્ત જમાઅત પોતાની હિમાયતમાં તૈયાર કરીને આપણને હરાવી ન દે, જેથી તેઓ દારૂન્નદવામાં જમા થયા. દારૂન્નદવા કુસઈ ઈબ્ને કલાબનું મકાન હતું. તે દારૂન્નદવા એટલા માટે કહેવાતું હતું કે ત્યાં કુરૈશીઓ પોતાના તમામ કાર્યો નક્કી કરતા અને મનસૂબા તૈયાર કરતા હતા. આ દારૂન્નદવામાં ચાલીસ વરસની ઉમરવાળા કુરૈશીઓ સિવાય કોઈ અન્ય વ્યક્તિ અથવા ઓછી વયનો કુરૈશી દાખલ થઈ શકતો ન હતો.

એ બધા અબૂજહલની સાથે શનિવારે ભેગા થયા એટલા માટે શનિવારને ધોકા અને ફરેબનો દિવસ કહેવામાં આવે છે. તે લોકોની સાથે ઈબ્લીસ પણ મંત્રણામાં શરીક થતો હતો. તે મલઉનના સમાવેશ થવાનો પ્રસંગ આ પ્રમાણે છે કે જયારે મકકાના  કુરૈશીઓ દારૂન્નદવાના દરવાજે પહોંચ્યા તો તેઓએ જોયું કે એક પ્રભાવવાળો વૃદ્ધ ખરબચડી કમ્બલ ઓઢીને ઉભેલો છે. એક રિવાયત એ છે કે તિલ્મિસાનની રેશમી ચાદર ઓઢેલ હતો. તેઓએ પૂછયું કે તમે કોણ છો ?

કહેવા લાગ્યો કે હું "શયખે નજદી" છું. તમે જે ઈરાદો કર્યો છે તે મેં સાંભળી લીધો છે અને હું એટલા માટે આવ્યો છું કે તમારી ચર્ચા સાંભળીને સલાહ મશ્વરો આપું.

જેથી તે સહુ લોકો અંદર દાખલ થઈ ગયા અને અંદરો અંદર મશ્વરો કરવા લાગ્યા. એક રિવાયત છે કે સો માણસો હતા અને બીજી રિવાયતમાં છે કે પંદર માણસો હતા. અબૂ બખ્તરી (જે ગઝવએ બદરના દિવસે માર્યો ગયો) એ મશ્વરો આપ્યો કે મુહમ્મદ ﷺને લોખંડના એક કિલ્લામાં બંધ કરી દો અને તે સમયની રાહ જુઓ જયારે તેમનો અંજામ પણ અગાઉના શાયરો જેવો આવી જાય. શયખે નજદીએ કહ્યું કે આ વાત ગલત છે, ખુદાની કસમ ! તમે તેમને લોખંડી દરવાજાઓની પાછળ પણ બંધ કરો છો તો તેઓ ત્યાંથી પણ નીકળીને પોતાના સાથીઓ પાસે પહોંચી જશે.

અબૂ અસ્વદ રબિઅહ ઈબ્ને અમ્રુલ્આમિરી એ રાય આપી કે

મુહમ્મદ ﷺને તડીપાર કરી દો. તેઓ ગમે ત્યાં જાય આપણને કોઈ પરવા નથી પણ બસ આપણા શહેરમાં ન રહે. શયખે નજદીએ આ મંતવ્યને રદ કરતાં કહ્યું કે શું તમે મુહમ્મદ ﷺની સારી વાતો, તેમની મધૂરવાણી અને લોકોનું પતંગિયાઓની માફક તેમના પર નિછાવર થવું નથી જોતા ? જો તમે તેમને તડીપાર કરીને શાંત થઈ જશો તો એ તમારી સૌથી મોટી ભૂલ હશે. તે કોઈ અન્ય કબીલામાં ચાલ્યા જશે અને પોતાની આકર્ષક વાણીથી લોકોને પોતાના આશિક઼ બનાવી લેશે અને પોતાના ચાહકોની એક મહાન જમાઅતની સાથે તમારા પર સરસાઈ હાંસલ કરી લેશે. તમારી આ શાનો શૌકતનું નામોનિશાન નહીં રહે અને તેઓ તમારી સાથે જે ઈચ્છશે તે કરશે માટે કોઈ અન્ય મંતવ્ય આપો.

અબૂજહબલે કહ્યું મારા દિમાગમાં એક એવું મંતવ્ય છે જે કોઈએ નથી દર્શાવ્યું. તે એ છે કે દરેક કબીલામાંથી એક હસબ તથચા નસબવાળો બહાદુર લેવામાં આવે અને તે સહુ મળીને એકી સાથે મુહમ્મદ ﷺ પર તલવારો વડે ભરપૂર હુમલો કરે અને તેમને ક઼ત્લ કરી દે. આપણી પણ જાન છૂટી જશે અને બનૂ અબ્દે મુનાફ તમામ કબીલાઓનો મુકાબલો નહીં કરી શકે. તે કેવળે ક઼ત્લના બદલામાં પણ માલ લઈ લેશે જેને તમામ ક઼બીલાવાળાઓ ભેગા મળી અદા કરી દેશે. શયખે નજદી મલઊન આ મંતવ્યથી સચેત બની ગયો અને કહેવા લાગ્યો કે હા, હવે કાંઈ વાત થઈ !

જેથી સર્વાનુમતે આ રાય માની લેવામાં આવી અને સૌ લોકો ઘરે ચાલ્યા ગયા. પેલી બાજુ હઝરત જિબ્રઈલ علیہ السلام હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી કે, યા નબીયલ્લાહ ! આજે એ બિસ્તર પર આરામ ન ફરમાવશો જેના પર આપ હમેશાં આરામ ફરમાવો છો. જયારે રાત થઈ તો કુરેશના યુવાનો નબી કરીમ ﷺના દૌલતકદાની આસપાસ ઘૂમવા લાગ્યા અને તે સમયની રાહ જોવા લાગ્યા કે આપ બહાર નીકળે અને તેઓ એકી સાથે હુમલો કરી દે. હુઝૂર ﷺએ હઝરત અલી رضی اللہ عنہને પોતાના બિસ્તર પર તે રાત્રે સૂવડાવ્યા અને તેમના પર લીલા રંગની એક ચાદર નાખી દીધી જે બાદમાં હઝરત અલી رضی اللہ عنہ જુમ્અહ અને ઈદના મૌક઼ાઓ પર ઓઢયા કરતા હતા. હઝરત અલી رضی اللہ عنہ પ્રથમ

વ્યકિત હતા જેમણે જાન વેચીને હુઝૂર ﷺની રક્ષા કરી હતી. જેમ કે હઝરત અલીએ આ અશ્આરમાં પોતાની લાગણીની અભિવ્યકિત કરીઉ

**(અર્થ) :–**

(૧) મેં તારી જાનના બદલામાં આ ખયરે ખલ્ક઼ ﷺની હિફાઝત કરી **જે અલ્લાહની જમીન પર સૌથી બેહતર છે** અને જે દરેક તવાફ કરવાવાળા, હજરે અસ્વદને ચૂમવાવાળાથી બેહતરીન છે.

(૨) રસૂલુલ્લાહ ﷺને મકકાના કુરૈશીઓની ચાલબાઝી (ફરેબ)નો અંદેશો થયો તો તેમને રબ્બે ઝુલજલાલે તેઓના ફરેબથી બચાવી લીધા.

(૩) અને રસૂલે ખુદાએ ગુફામાં ખૂબ જ શાંતિપૂર્વક ખુદાની હિફાઝતથી રાત પસાર કરી.

(૪) જયારે હું મકકાના કુરૈશીઓની સમક્ષ સૂતેલો હતો અને આ રીતે પોતાને ક઼ત્લ તથા કૈદના માટે મેં તૈયાર રાખ્યો હતો.

અલ્લાહ તઆલાએ કુરૈશના તે નવુયુવાનોને આંધળા બનાવી દીધા અને નબી કરીમ ﷺ કુરૈશના દિલેરો પર માટી નાખીને આ આયત પઢ તાં પઢતાં બહાર નીકળી ગયાં, **فَأَغْشَيْنٰهُمْ فَهُمْ لَا يُبْصِرُوْنَ** "અને તેમને ઉપર ઢાંકી દીધા તો તેમને કશુ દેખાતુ નથી." *(સૂ. યાસીન, આયત–૯)* એવામાં એક શખ્સ ત્યાં આવ્યો અને તે લોકોને પૂછયું કે અહીં શું કરી રહ્યા છો ? તેઓએ કહ્યું કે અમે મુહમ્મદ ﷺની રાહ જોઈએ છીએ. તેણે કહ્યું કે ખુદાની ક઼સમ ! તે તમારા માથાંઓ પર માટી ફેંકીને નીકળી ગયા છે અને અલ્લાહ તઆલાએ તમોને ઝલીલ તથા બેઈજ્જત કર્યા છે ! તો હવે તમે અહીં ઉભા રહીને શું કરી રહ્યો છો ? હવે જયારે તેઓએ પોતાના માથાંઓ પર હાથ ફેરવ્યો તો સૌના માથાંઓ પર માટી પડેલી હતી અને તેઓ હઝરત અલી رضی اللہ عنہને હુઝૂર ﷺની ચાદર ઓઢીને સૂતેલા જોઈને એકબીજાને એ જ કહેતા રહ્યા કે ખુદાની ક઼સમ ! આ મુહમ્મદ ﷺ સૂઈ રહ્યા છે. એટલે સુધી કે સવાર પડી અને હઝરત અલી رضی اللہ عنہ બિસ્તર પરથી ઉઠયા તો તેમને જોઈને તે લોકો ખસિયાણા પડી ગયા અને કહેવા

લાગ્યા કે, તે શખ્સે ખરેખર સાચું જ કહ્યું હતું. તે પ્રસંગે આ આયત નાઝિલ થઈ.

''અને જયારે وَاِذْ يَمْكُرُ بِكَ الَّذِيْنَ كَفَرُوْا لِيُثْبِتُوْكَ اَوْ يَقْتُلُوْكَ મકકાના કાફિરો આપની સાથે ફરેબ કરી રહ્યા હતા કે તેઓ આપને સખ્ત ઝખ્મી અથવા કત્લ કરી દે.'' *(પારા–૯, સૂ. અન્ફાલ, આયત–૩૦)*

**(શેઅરોનો અર્થ) :–**

**૧.** ગભરાશો નહીં દરેક મુશ્કેલી પછી આસાની હોય છે અને દરેક ચીજ એક નિયત સમય સુધી રહે છે.

**૨.** મુક઼દર આપણા કરતાં વધુ ખબરદાર છે અને આપણી તદબીરો પર અલ્લાહની તદબીર ગાલિબ રહે છે.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફરમાને બારી તઆલા ''અને એ પ્રમાણે અર્ઝ કરો કે હે મારા રબ ! મને સહીહ તરીક઼ાથી દાખલ કર અને સહીહ તરીક઼ાથી બહાર લઈ જા અને મને તારા તરફથી મદદ કરનારી સરસાઈ આપ.'' *(આયત–૮૦, બની ઈસ્રાઈલ પા. ૧૫)* ની તફસીરમાં ફરમાવે છે કે આ આયતમાં અલ્લાહ તઆલાએ નબીએ કરીમ صلی اللہ علیہ وسلم ને હિજરતની ઈજાઝત આપી અને હઝરત જિબ્રઈલે આપને કહ્યું કે આપ હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ને તમારી હિજરતના સાથે રાખો.

હાકિમની રિવાયત છે કે હઝરત અલી رضی اللہ عنہ કહે છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ હઝરત જિબ્રઈલ علیہ السلام ને પૂછયું કે મારી સાથે કોણ હિજરત કરે તો તેમણે કહ્યું કે અબૂબક્ર સિદીક઼ رضی اللہ عنہ. *(અલ્ મુસ્તદરક અલસ્સહીહૈન, ૩/૬)*

હુઝૂર صلی اللہ علیہ وسلم એ હઝરત અલી رضی اللہ عنہ ને હિજરતના વિશે જણાવ્યું અને ફરમાવ્યું કે તમે મારા બંદા અહીં રહેજો અને લોકોની અમાનતો પરત કરીને આવજો.

### ★ સિદીક઼ે અકબર رضی اللہ عنہ ની બચતના માટે હુઝૂર صلی اللہ علیہ وسلم નું નિત્યક્રમ વિરુદ્ધ તશરીફ લાવવું ★

હઝરત આઈશા رضی اللہ عنہا થી મરવી છે કે અમે ઘરમાં બેઠેલાં હતાં

અને બપોરનો સમય હતો. અને તિબરાનીએ હઝરત અસ્માઅ્ رضی اللہ عنہاની રિવાયત નકલ કરી છે કે હુઝૂર ﷺ મક્કામાં બે વખત સવારે અને સાંજે અમારા ઘરે તશરીફ લાવ્યા કરતા હતા. પણ તે દિવસે ઝવાલના સમયે તશરીફ લાવ્યા. મેં મારા વાલિદ અબૂબક્ર رضی اللہ عنہને જઈને કહ્યું કે અબ્બા જાન ! નબીએ કરીમ ﷺ જે નિત્યક્રમથી વિરુદ્ધ ચહેરા પર કપડુ લપેટીને તશરીફ લાવ્યા છે. હઝરત આઈશા رضی اللہ عنہાએ આપના માટે ચારપાઈ ખાલી કરી દીધી. જયારે હુઝૂર બિરાજમાન થયા તો આપે ફરમાવ્યું કે આ બંનેને બહાર મોકલી દેવામાં આવે. સિદ્દીકે અકબર رضی اللہ عنہએ અર્ઝ કરી કે હુઝૂર ! નચિંત રહેશો, આ મારી પુત્રીઓ છે. હુઝૂર ﷺએ ફરમાવ્યું, મને રબ્બે ઝુલજલાલે હિજરતની ઈજાઝત આપી છે અને તમે મારી સાથે રહેશો. આઈશા સિદ્દીકા رضی اللہ عنہا કહે છે કે અબૂબક્ર رضی اللہ عنہ આ વાત સાંભળતા જ જઝબાતના આવેશમાં રડી પડયા અને અર્ઝ કરી કે હુઝૂર ! મારી સવારીઓમાંથી એક સવારી પસંદ કરી લો. આપે ફરમાવ્યું કે હું કિંમત ચૂકવીને લઈશ.

એક રિવાયતમાં છે કે આપે ફરમાવ્યું કે જો ચાહો તો એક મારા હાથે વેચી દો. આપે કિંમત આપીને એટલા માટે સવારી હાંસલ કરી કે જેથી આપને પૂરેપૂરી ફઝીલત પ્રાપ્ત થઈ જાય અને જાનમાલની કુર્બાનીથી તેનો પ્રારંભ થાય.

હઝરત આઈશા رضی اللہ عنہ ફરમાવે છે કે અમે જલ્દી જલ્દી સફરનો સામાન ઠીક કર્યો. એક રિવાયતમાં છે કે અમે હુઝૂર ﷺ અને સિદ્દીકે અકબર رضی اللہ عنہના માટે સફર માટેનો બેહતરીન સામાન બાંધ્યો અને તેને એક થેલામાં રાખ્યો. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની–૨૪/૧૦૬, અલબિદાયા વન્નિહાયા, ૩/૧૪૨)*

## ★ હિજરતની સફરનો સામાન ★

વાકેદીની રિવાયત છે કે સફરના સામાનમાં એક ભુંજેલી બકરી હતી. હઝરત અસ્માઅ્એ પોતાના કમરનો પટકો ફાડયો અને તેના વડે થેલાનું મોઢું બાંધી દીધું તેના લીધે હઝરત અસ્માઅ્ને "ઝાતુન્નતાકૈનહ" કહે છે.

હઝરત આઈશા رضی اللہ عنہا ફરમાવે છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم અને હઝરત અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہ એ ત્રણ રાતો ગારે થૌરમાં પસાર કરી. તે ગુફામાં થૌર ઈબ્ને અબ્દે મનાન આવીને રોકાયો હતો જેથી તેને ગારે થૌર કહેવામાં આવે છે.

રિવાયત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم અને સિદ્દીકે અકબર رضی اللہ عنہ રાતના સમયે મકાનની પાછલી બારીએથી નીકળીને ગુફાની તરફ રવાના થયા હતા. રસ્તામાં અબૂજહલ આવી રહ્યો હતો પણ અલ્લાહે તેને આંધળો કરી દીધો અને આપ ખૈરિયતથી પસાર થઈ ગયા. અસ્માઅ્ બિન્તે અબૂબક્ર رضی اللہ عنہا કહે છે કે હઝરત અબૂબક્ર પાંચ હજાર દિરહમ સાથે લઈને ગયા હતા. *(અલ બિદાયા વન્નિહાયા, ૩/૧૪૪)*

સવારે જયારે કુરૈશીઓએ હુઝૂર صلی اللہ علیہ وسلم ને જોયા નહીં તો તેઓએ મકકાની ચારે તરફ તલાશ કરી અને દરેક દિશામાં ભાળ મેળવનારાઓને મોકલ્યા. જે લોકો ગારે થૌરની તરફ જઈ રહ્યા હતા. તેઓએ આપના કદમોનાં નિશાન શોધી કાઢયાં અને ગારે થૌરની તરફ ચાલી નીકળ્યા. પણ જયારે ગાર (ગુફા)ની નજીક પહોંચ્યા તો નિશાન અદશ્ય થઈ ગયાં. કુરેશીઓ હુઝૂરની હિજરતના કારણે ખૂબ જ ધુંધવાએલા હતા અને તેઓને હુઝૂર صلی اللہ علیہ وسلم ને શોધી કાઢનાર માટે સૌ ઊંટોનું ઈનામ નિશ્ચિત કર્યુ હતું.

હઝરત કાઝી અયાઝ رحمۃ اللہ علیہ થી મરવી છે કે જબલે (પહાડે) હુઝૂર صلی اللہ علیہ وسلم ને અર્ઝ કરી કે આપ મારી પીઠ પરથી ઉતરી જાવ. મને ભય છે કે કયાંક લોકો આપને શહીદ ન કરી દે અને મને અઝાબ આપવામાં આવે. ગારે હિરાએ અર્ઝ કરી કે હુઝૂર صلی اللہ علیہ وسلم મારે ત્યાં તશરીફ લાવો.

રિવાયત છે કે જેવા હુઝૂર صلی اللہ علیہ وسلم હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ના સંગાથમાં ગારે થૌરમાં દાખલ થયા તો અલ્લાહ તઆલાએ ગારે થૌરના દરવાજા પાસે એક ઝાડી પેદા કરી દીધી જેણે તેઓને કાફિરોની નજરથી ઓઝલ કરી દીધા. ખુદા તઆલાના હુકમથી કરોળિયાએ ગુફાના મુખ પર જાળ તાણી દીધી અને જંગલી કબૂતરોએ પોતાનો માળો બનાવી દીધો. આ બધું મકકાના કાફિરોને ગુફાથી દૂર રાખવા માટે કરવામાં આવ્યું તે બે જંગલી કબૂતરોને અલ્લાહ તઆલાએ એવો અજોડ બદલો આપ્યો કે આજ સુધી હરમમાં જેટલા કબૂતરો છે તે સૌ આ બંનેની ઔલાદ છે. જેવી તેઓએ

અલ્લાહના નબીની હિફાઝત કરી હતી તેવી જ અલ્લાહ તઆલાએ પણ હરમમાં તેઓના શિકાર પર પાબંદી લાગુ પાડી છે.

કુરૈશના નવયુવાનો ડંડા, લાઠીઓ અને તલવારો લઈને ચોતરફ ફેલાઈ ગયા જેઓમાંથી કેટલાક ગુફાની તરફ પહોંચી ગયા. ત્યાં કબૂતરોનો માળો અને તેમાં ઈંડાં જોયાં તો પાછા વળી ગયા અને કહેવા લાગ્યા, અમે ગુફાના મુખ આગળ કબૂતરોનો માળો અને તેમાં ઈંડાં રાખેલાં જોયાં છે જો ત્યાં કોઈ દાખલ થાત તો ગમે તેમ પણ કબૂતરો તો ઉડી જ જાત. હુઝૂર ﷺએ તેઓની આ વાત સાંભળી અને સમજી ગયા કે અલ્લાહ તઆલાએ મુશ્રિકોને નિષ્ફળ બનાવી પાછા કાઢયા છે. કોઈકે કહ્યું કે ગુફામાં જઈને જુઓ તો ખરા ! તો જવાબમાં ઉમૈયા ઈબ્ને ખલફે કહ્યું કે ગુફામાં જવાની કોઈ જરૂરત નથી તમને ગુફાના મુખ પર જે જાળુ નજરે પડે છે તે તો મુહમ્મદ ﷺની પેદાઈશથી પણ પહેલાનું છે. જો તે તેમાં દાખલ થાત તો આ જાળું અને ઈંડાં તૂટી જાત. આ હક઼ીક઼તમાં કુરૈશ ક઼ૌમને મુકાબલામાં હાર આપવાથી પણ મોટો મોઅજિઝો હતો. વિચાર કરો કે હુઝૂર ﷺ કેવી રીતે કામયાબ અને શોધનારા કેવી રીતે ગુમરાહ થયા. કરોળિયાએ શોધખોળનો દરવાજો બંધ કરી દીધો અને ગુફાનું મુખ એવું બની ગયું કે ભાળ મેળવનારાઓના ક઼દમ ડગમગી ગયા અને અસફળ થઈને પાછા વળ્યા એન કરોળિયાને કદી અસ્ત ન થનારી ખુશબખ્તી નસીબ થઈ. ઈબ્ને નકીબે સરસ કહ્યું છે. (શેઅરો) :–

**૧.** રેશમના કીડાઓએ એવું રેશમ વણ્યુ જે હુસ્ન (ખૂબસૂરતી)માં અજોડ છે.

**૨.** પણ કરોળિયો તેનાથી લાખો દરજા બેહતર છે એટલા માટે કે તેણે ગારે ષૌરમાં હુઝૂર ﷺના ઉપર ગુફાના મુખ આગળ જાળુ વણ્યું હતું.

બુખારી તથા મુસ્લિમમાં હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ ફરમાવ્યું કે જયારે અમે ગુફામાં હતા. મેં હુઝૂર ﷺથી અર્ઝ કરી કે હુઝૂર ! જો તેઓ આપણા પગલાંની તરફ જોશે તો યક઼ીનન ! આપણને જોઈ લેશે. આપે ફરમાવ્યું કે અબૂબક્ર ! તમારો

તે બંનેના વિશે શો ખ્યાલ છે જેની સાથે ત્રીજો ખુદા છે ?! *(સહીહ બુખારી–૧/૫૧૬, સુનને તિર્મિઝી–૨/૧૪૦, મુસ્નદે અહમદ ઈબ્ને હંબલ–૧/૮)*

કેટલાક સીરત લેખકોએ લખ્યું છે કે જયારે અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ આ દહેશત દર્શાવી તો આપે ફરમાવ્યું કે આ લોકો આ તરફથી દાખલ થશે તો અમે પેલી તરફથી નીકળી જઈશું. સિદ્દીક઼ે અકબરે ગુફામાં દષ્ટિ ગુમાવી તો બાજુ એક દરવાજો જણાયો જેની સાગર વહી રહ્યો હતો અને તે ગુફાના દરવાજા પર એક નાવડી બાંધેલી હતી.

## ★ હુઝૂર પર કુર્બાન થવું સિદ્દીક઼ે અક઼બરની દિલી આરઝૂ ★

હઝરત હસન બસરી رضی اللہ عنہ ફરમાવે છે કે મને એ ખબર પહોંચી છે કે જયારે અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ હુઝૂર ﷺની સાથે ગુફાની તરફ જઈ રહ્યા હતા તો હઝરત અબૂબક્ર સિદ્દીક઼ હુઝૂર ﷺની આગળ ચાલતા તો કદીક પાછળ ચાલતા. તો હુઝૂરે ﷺએ પૂછયું કે આવું શા માટે કરો છો ? તેમણે જવાબ આપ્યો કે જયારે મને આપણને શોધતા લોકોનો વિચાર આવે છે તો હું આપની પાછળ થઈ જાઉં છું અને જયારે મને ઘાતમાં બેઠેલા (પ્રતિક્ષામાં રહેલા) દુશ્મનોનો ખ્યાલ આવે છે તો આગળ આગળ ચાલવા લાગું છું, કયાંક એવું ન બને કે આપને તકલીફ પહોંચે. હુઝૂર ﷺએ ફરમાવ્યું કે શું તમે ખતરાની પરિસ્થિતિમાં મારી અગાઉ મરવાનું પસંદ કરો છો ? અર્ઝ કરી કે રબ્બ ઝુલ જલાલની ક઼સમ ! મારી એ જ આરઝૂ છે. (સુબ્હાનલ્લાહ ! સુબ્હાનલ્લાહ !) *(અલમુસ્તદરક અલસ્સહીહૈન–૩/૭, અલ બિદાયા વન્નિહાયા–૩/૧૪૪)*

જયારે ગુફાની નજીક પહોંચ્યા તો હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ કહ્યું, હુઝૂર ﷺ રોકાઈ જાવ, હું ગુફાને સાફ કરું છું અને અંદર જઈને હાથો વડે તપાસી તપાસીને ગુફાને સાફ કરું છું. અને અંદર જઈને હાથો વડે તપાસી તપાસીને ગુફાને સાફ કરવાનું શરૂ કર્યું. જયાં કયાંક કોઈ દર જણાતું ત્યાં કપડુ ફાડીને તેમાં રાખી તેને બંધ કરી દેતા, એટલે સુધી કે બધુ કપડુ પૂરું થઈ ગયું અને એક દર બાકી રહી ગયું, ત્યાં આપે પોતાના પગનો અંગૂઠો મૂકી દીધો. જેથી કોઈ ચીજ હુઝૂર ﷺને ઈજા ન પહોંચાડે. હુઝૂર ﷺ ગુફામાં પ્રવેશ્યા અને અબૂબક્ર رضی اللہ عنہની ગોદમાં સર મુબારક

રાખીને સૂઈ ગયા. હઝરત અબૂબક્ર رضی اللہ عنہને તે દરમાંથી સાપે દંશ (ડંખ) માર્યો પણ આપે પગને હાલવા ન દીધો કે કયાંક એવું ન બને કે હુઝૂર ﷺની આંખ ખુલી જાય, આપની ઊંઘમાં ખલેલ પડે. સાપના દંશની સખ્ત પીડાને કારણે આપના આંસૂ હુઝૂર ﷺના ચહેરા પર પડયાં તો હુઝૂર ﷺની આંખ ખુલી ગઈ અને પૂછયું કે અબૂબક્ર ! શું વાત છે ? અર્ઝ કરી હુઝૂર ﷺ ! સાપે દંશી લીધો છે. હુઝૂર ﷺએ લુઆબે દહન (થૂંક મુબારક) લગાડયું તો ઝહેરની અસર જતી રહી.

હઝરત હસ્સાન ઈબ્ને ષાબિત رضی اللہ عنہએ શું સરસ કહ્યું છે :–

**(શેઅરો) :–**

રેશમના કીડાઓથી રેશમ હાંસલ કરીને ઉમદા કપડાં તૈયાર કરવામાં આવે છે. પરંતુ કરોળિયાને આ વિષયમાં વધુ ફખ્ર તથા ગર્વ પ્રાપ્ત છે કેમ કે તેણે હુઝૂર ﷺના માટે ગારે ષૌરમાં જાળુ વણ્યું હતું.

હુઝૂર ﷺએ જુમેરાતના દિવસે મકકાથી હિજરત કરી. ત્રણ રાતો ગારે ષૌરમાં પસાર કરીને પહેલી રબીઉલ અવ્વલના દોશમ્બહ (સોમવાર)ની રાત્રે ત્યાંથી રવાના થયા અને ૧૨, રબીઉલ અવ્વલે મદીના તૈયબહ પહોંચ્યા.

ઝકરિયા નામનો એક મશહૂર ઝાહિદ થઈ ગયો છે. સખત બીમારી પછી જયારે તેના પર સકરાતની સ્થિતિ છવાયી તો તેના મિત્રે તેને કલમાની તલ્કીન કરી પણ તેણે મોઢુ બીજા દિશામાં કરી લીધું. તેના મિત્રે બીજી વખત તલ્કીન કરી તો ફરી મોઢું બીજી દિશામાં ફેરવી લીધું. જયારે તેણે ત્રીજી વાર તલ્કીન કરી તો તે ઝાહિદે કહ્યું કે, ''હું નથી કહેતો''. તેનો મિત્ર આ સાંભળતાં જ બેહોશ થઈ ગયો. થોડીક વાર પછી ઝાહિદને કાંઈક રાહત મળી. તો તેણે આંખો ખોલી અને પૂછયું કે તમે મને કાંઈ કહ્યું હતું ? તે મિત્રે કહ્યું કે, હા ! મેં કલમાની તલ્કીન કરી હતી પણ તમે બે વાર મોઢુ ફેરવી લીધું અને ત્રીજી વાર કહ્યું તો કહ્યું કે હું નથી કહેતો. ઝાહિદે કહ્યું કે વાત એમ છે કે મારી પાસે શયતાન પાણીનો પ્યાલો લઈને આવ્યો અને જમણી બાજુ પાણીનો પ્યાલો લઈને ઉભો રહીને મને તે પાણી દેખાડતાં

કહેવા લાગ્યો કે તને પાણીની જરૂરત છે ? મેં કહ્યું કે હા ! તો કહેવા લાગ્યો કે કહો ઈસા અલ્લાહના પુત્ર છે. તો મેં મોઢું ફેરવી લીધું. તે બીજી બાજુ આવીને કહેવા લાગ્યો, ત્યારે પણ મેં મોઢું ફેરવી લીધું. જયારે તેણે ત્રીજી વખતે ''ઈસા અલ્લાહના પુત્ર છે.'' એવું કહેવા માટે કહ્યું તો મેં કહ્યું કે, ' 'હું નથી કહેતો'' જેથી તે પાણીનો પ્યાલો જમીન પર પછાડીને ભાગી ગયો. તૌબા મેં તે શબ્દો શયતાનને કહ્યા હતા, તમને તો કહ્યા ન હતા અને ત્યારબાદ કલ્મએ શહાદતનો ઝિક્ર કરવા લાગ્યો.

હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہથી મરવી છે કે કોઈએ અલ્લાહ તઆલાથી સવાલ કર્યો કે મને ઈન્સાનના દિલમાં શયતાનની જગા બતાવી દે. ખ્વાબમાં તેણે કાચની જેમ સ્વચ્છ એક ઈન્સાની શરીર જોયું જે અંદર તથા બહારથી એક સરખું દેખાતું હતું. શયતાનને જોયો જે તે માણસના ડાબા ખભા અને કાનની વચ્ચે બેઠો હતો અને પોતાના લાંબા નાક વડે તેના દિલમાં વસવસાઓ નાખી રહ્યો હતો. જયારે તે માણસ અલ્લાહનો ઝિક્ર કરતો તો તે તુરંત જ પાછો હટી જતો... હે રબ્બે ઝુલ જલાલ ! ખત્મુલ મુરસલીન صلی اللہ علیہ وسلمના તુફૈલમાં અમને શયતાન મરદૂદના સવાર થવાથી બચાવ, અમને ઈર્ષાળુ જીભથી નજાત બખ્શ અને તારા ઝિક્ર તથા શુક્રની તૌફીક અતા ફરમાવ. (આમીન બિજાહિ સૈયદિલ મુરસલીન صلی اللہ علیہ وسلم).

(પ્રકરણ : ૧૭)

# અમાનત અને તૌબા

## ★ દુરૂદે પાકની ફઝીલત ★

જનાબ મુહમ્મદ ઈબ્નુલ મુન્કદિર رحمۃ اللہ علیہ પોતાના બાપથી રિવાયત કરે છે કે હઝરત સુફિયાન ષૌરી رحمۃ اللہ علیہએ કા'બાનો તવાફ કરતી વેળા એક એવા યુવાનને જોયો જે કદમ કદમ પર દુરૂદ શરીફ પઢતો હતો. સુફિયાન ષૌરી કહે છે કે મેં કહ્યું, હે યુવાન ! તું તસ્બીહ તથા તહલીલ છોડીને કેવળ દુરૂદ શરીફ જ પઢી રહ્યો છે તો શું તેનું કોઈ ખાસ કારણ છે ? યુવાને પૂછયું કે આપ કોણ છો ? મેં જવાબ આપ્યો કે સુફિયાન ષૌરી ! તેણે કહ્યું કે જો આપની ગણતરી અલ્લાહના નેક બંદાઓમાં ન થતી હોત તો હું કદાપિ આપને આ રહસ્ય ન બતાવત. થયું એમ કે હું હજના ઈરાદે મારા પિતાની સાથે નીકળ્યો. રસ્તામાં મારા પિતા એક જગાએ સખ્ત બીમાર થઈ ગયા. મેં ખૂબ જ કોશિશ કરી પણ તેમને મૌતથી બચાવી ન શકયો. મૌત પછી ચહેરો કાળો થઈ ગયો તો મેં اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ *(પારા–૨, સૂ.બકરહ આયત–૧૫૬)* પઢીને તેમનો ચહેરો ઢાંકી દીધો. તે રંજની હાલતમાં મારી આંખો ઘેરાઈ ગઈ અને ઊંઘ આવી ગઈ. ખ્વાબમાં મેં એક એવા હસીન (ખૂબસૂરત)ને જોયા જે હુસ્નમાં બેમિષાલ હતા. તેમનો લિબાસ ઉમદા હતો અને તેમની મૌજૂદગીથી ખૂશ્બુની લહેરો ઉઠી રહી હતી. તે નાઝુક ચાલ સાથે આવ્યા અને મારા પિતાના ચહેરેથી કપડુ હટાવીને હાથ વડે ચહેરાની તરફ ઈશારો કર્યો તો મારા પિતાનો ચહેરો સફેદ થઈ ગયો જયારે તે પાછા જવા લાગ્યો તો મેં દામન પકડીને અર્ઝ કરી કે અલ્લાહ તઆલાએ આપના તુફૈલમાં આ વતનથી દૂરીની હાલતમાં મારા બાપની આબરૂ રાખી લીધી, આપ કોણ છો ? તેમણે ફરમાવ્યું : તમે મને નથી ઓળખતા ! હું સાહિબે કુર્આન, અલ્લાહનો નબી મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ صلی اللہ علیہ وسلم છું. તારો બાપ ભલે ખૂબ જ ગુનેહગાર હતો પણ મારા પર પુષ્કળ પ્રમાણમાં દુરૂદ શરીફ મોકલતો હતો અને જયારે તેના પર મુસીબત આવી

તો તેણે મારાથી મદદ માંગી અને હું તે દરેક શખ્સનો ફરિયાદ રસ છું જે મારા પર સતત દુરૂદ શરીફ મોકલે છે. યુવાને કહ્યું કે ત્યારબાદ અચાનક મારી આંખ ખુલી ગઈ. મેં જોયું તો મારા બાપનો ચહેરો સફેદ (ઉજળો) થઈ ચૂકયો હતો.

જનાબ અમ્ર ઈબ્ને દીનાર رحمۃ اللہ علیہ અબૂ જાફર رحمۃ اللہ علیہથી રિવાયત કરે છે કે હુઝૂર ﷺએ ફરમાવ્યું, કે જે મારા પર દુરૂદ મોકલવાનું ભૂલી ગયો તેણે જન્નતનો માર્ગ ખોઈ નાખ્યો. *(સુનને બયહકી–૯/૪૭૦, અલ્મોઅજમુલ્કબીર લિત્તબરાની–૧૨/૧૩૯)*

## ★ અમાનતની વ્યાખ્યા ★

અમાનત 'અમ્ન' પરથી આવેલ છે અને કોઈ શખ્સ હકને છોડીને મહફૂઝ નથી રહેતો. અમાનતથી ઉલ્ટુ ખયાનત છે જે ''ખૌન'' પરથી આવેલ છે જેનો અર્થ છે 'ઓછું કરવું' કેમ કે જયારે તમે કોઈ ચીજમાં ખયાનત કરશો તો કમી આવી જશે.

## ★ અમાનતના વિશે નબવી ઈરશાદો ★

હુઝૂર ﷺનો ઈરશાદ છે કે ધોકો, ફરેબ અને ખયાનત જહન્નમીઓનો ધંધો છે. વધુમાં ઈરશાદ ફરમાવ્યો કે જેણે લોકોની સાથે વહેવારમાં જુલ્મ ન કર્યો અને તેઓ સાથે જૂઠી વાતો ન કરી તેની મુરાદો પૂર્ણ થઈ ગઈ, અદાલત જાહેર થઈ ગઈ અને તેનાથી ભાઈચારો રાખવો જરૂરી થઈ ગયો. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની–૧૦/૧૩૮)*

એક અઅરાબી (ગામડિયો) કૌમની ઓળખ વિશે કહે છે કે, ''તેઓ અમીન છે, કોઈની સાથે ધોકો નથી કરતા, કોઈ મુસલમાનની હુરમત (ઈજ્જત)ને પાયમાલ નથી કરતા અને તેઓની જિમ્મેદારીમાં કોઈનો હક બાકી નથી, ને બેહતરીન કૌમ છે.''

અઅરાબીએ જેની પ્રશંસા કરી તેઓ તો વહી ગયા છે હવે તો ઈન્સાની લિબાસમાં વરૂઓ ફરે છે. જેમ કે કોઈકે કહ્યું છે, જો ઈન્સાન તેના તાબા હેઠળના (તેના આજિઝ) લોકો પર ભરોસો કરે છે તો પછી

ઈજ્જતદાર આઝાદ શખ્સ માટે ઠેકાણુ કયાં રહેશે ? થોડાક લોકોને છોડીને બાકી સૌ ઈન્સાની લિબાસમાં વરૂઓ છે.

**એક અન્ય શાયર કહે છે, (અર્થ) :–** તે લોકો જતા રહ્યા જેઓના વિરહમાં કહેવામાં આવતું હતું કે, કાશ ! આ શહેરો વેરાન થઈ જાત અને ક઼િયામત આવી જાત.

હઝરત હુઝૈફહ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફરમાવ્યું કે નજીકમાં જ અમાનત ઉઠાવી લેવામાં આવશે. લોકો આપસમાં વેપાર કરશે પણ અમીન કોઈ હશે નહીં. એટલે સુધી કે કહેવામાં આવશે કે ફલાણા કબીલામાં ફલાણો માણસ અમીન છે. એટલે કે અમીન (અમાનતદાર) માણસો શોધ્યા પણ જડશે નહીં.

## ★ તૌબાનું વાજિબ હોવું ★

તૌબાનું વાજિબ હોવું આયતે કુર્આની અને હદીષોથી સાબિત છે. ફરમાને ઈલાહી છે, **تُوْبُوْا اِلَى اللّٰهِ جَمِيْعاً اَيُّهَا الْمُؤْمِنُوْنَ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ** ''તમે બધા જ અલ્લાહ તરફ તૌબા કરો એ આશાએ કે તમે સફળતા પામો.'' *(પારા–૧૮, સૂ.નૂર, આયત–૩૧)*

આ આયતમાં અલ્લાહ તઆલાએ મોમિનોને હુકમ આપ્યો છે કે તેઓ તૌબા કરે જેથી તેઓને ભલાઈ નસીબ થાય. બીજી આયતમાં છે, **يَا اَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا تُوْبُوْا اِلَى اللّٰهِ تَوبَةً نَّصُوحاً** ''હે ઈમાનવાળાઓ ! અલ્લાહ સમક્ષ એવી તૌબા કરો જે આગળ માટે નસીહત બની જાય.'' *(પારા–૨૮, સૂ.તહ઼રીમ, આયત–૮)* 'નસૂહ' શબ્દ 'નસહ' પરથી આવેલો છે જેનો અર્થ છે, ખાલિસન (કેવળ) અલ્લાહના માટે જ તોબા કરવી જે તમામ અયબોથી પાક હોય. તૌબાની ફઝીલત અલ્લાહ તઆલાના આ ફરમાનથી સાબિત થાય છે : **اِنَّ اللّٰهَ يُحِبُّ التَّوَّا بِيْنَ وُيُحِبُّ الْمُتَطَهِّرِيْنَ** ''બેશક ! અલ્લાહ તઆલા તૌબા કરનારાઓ અને પાક રહેનારાઓને મહબૂબ રાખે છે.''

અને ફરમાને નબી صلی اللہ علیہ وسلم છે કે તૌબા કરનારો અલ્લાહનો દોસ્ત છે

અને તૌબા કરનારો તે ઈન્સાનની જેમ છે જેણે કોઈ ગુનોહ કર્યો ન હોય. *(સુનને ઈબ્ને માજહ, અબ્વાબુઝ્ઝુહદ, પેજ–૩૧૩, હિલયતુલ અવલિયા–૪/૨૩૩)*

## ★ તૌબાના વિશે નબવી ઈર્શાદો ★

ફરમાને નબવી છે કે રહમતે ખુદાવંદીને તે ઈન્સાનની તૌબાથી વધુ ખુશી થાય છે જે વિનાશકારી જમીનમાં પોતાની સવારી પર ખાવાપીવાનો સામાન લાદીને સફર કરી રહ્યો હોય અને ત્યાં આરામના હેતુથી રોકાઈ જાય. તે માથુ મૂકે તો તેને ઊંઘ આવી જાય અને જયારે સૂઈને ઉઠે તો તેની સવારી સામાન સાથે અદશ્ય હોય અને તે તેની શોધમાં નીકળે એટલે સુધી કે ગરમીની તકલીફ અને તરસથી બેહાલ બનીને તે જગાએ પાછો આવે જયાં તે પહેલાં સૂતો હતો અને મૌતના ઈન્તેઝારમાં પોતાના હાથોને તકીયો બનાવીને સૂઈ જાય. હવે જો તે જાગે તો તે જુએ કે તેની સવારી સામાનની સાથે તેની સમક્ષ મૌજૂદ છે. અલ્લાહ તઆલાને બંદાની તૌબાથી તે સવારીવાળા શખ્સ કરતાં પણ વધુ ખુશી થાય છે જેનો સામાન જાગ્યા પછી તેને મળી ગયો છે. *(મિશ્કાતુલ મસાબીહ, પેજ–૨૦૬, મેસ્નદે અહમદ બિન હંબલ ૧/૬૩૨,૬૩૩, ૩/૪૦૫)*

હઝરત હસન رضی اللہ عنہથી મરવી છે કે જયારે અલ્લાહ તઆલાએ હઝરત આદમ علیہ السلامની તૌબા કૂબૂલ ફરમાવી તો ફરિશ્તાઓએ તેમને મુબારકબાદ પેશ કરી. જિબ્રઈલ તથા મિકાઈલ علیہما السلام હાજર થયા અને કહ્યું કે હે આદમ ! આપે તૌબા કરીને પોતાની આંખોને ઠંડી કરી લીધી. આદમ علیہ السلامએ ફરમાવ્યું કે જો આ તૈબાની કૂબૂલિયાત પછી રબથી સવાલ કરવો પડયો તો શું થશે ? અલ્લાહ તઆલાએ આદમ علیہ السلام પર વહી નાઝિલ ફરમાવી કે હે આદમ ! તેં તારી ઔલાદને મહેનત અને દુઃખ, તકલીફની વારસ બનાવી અને મેં તેઓને તૌબા બખ્શી કે જે પણ મને પોકારશે તો હું તારી જેમ તેની પણ પોકારને સાંભળીશ. જે મને મગફિરતનો સવાલ કરશે તેને હું નિરાશ નહીં કરૂં. કેમ કે હું નજીક છું, દુઆઓને કબૂલ કરનારો છું. **હું તૌબા કરનારાઓને તેઓની કબરોમાંથી એ રીતે ઉઠાડીશ કે તેઓ હસતા મુસ્કુરાતા આવશે, તેઓની દુઆઓ મક઼બૂલ થશે.** *(અહયાઉલ ઉલૂમ–૪/૫)*

ફરમાને નબવી ﷺ છે કે અલ્લાહ તઆલાનો દસ્તે રહમત રાતના ગુનેહગારોના માટે સવાર સુધી અને દિવસના ગુનેહગારોને માટે રાત સુધી ફેલાએલો રહે છે. તે સમય સુધી કે જયારે મગરિબથી (પશ્ચિમ)થી સૂરજ તુલૂઅ થશે અને તૌબાનો દરવાજો બંધ થઈ જશે. (એટલે કે ક્યિામત સુધી અલ્લાહ તઆલા બંદાઓની તૌબા કબૂલ ફરમાવશે). *(સહીહ મુસ્લિમ–૨/૩૫૮, અબ્વાબુત્તૌબા, મિશ્કાતુલ મસાબીહ–૨૦૩, અત્તરગીબ વત્તરહીબ–૪/૪૪)*

રસૂલે ખુદા ﷺનો ઈરશાદ છે કે જો તમે આસમાનના બરાબર ગુનાહો કરી લીધા અને પછી શરમિંદા બનીને તૌબા કરી લીધી તો અલ્લાહ તઆલા તમારી તૌબા કૂબૂલ કરી લેશે. *(સુનને ઈબ્ને માજહ, પેજ–૩૧૩, મુસ્નદે અહમદ ઈબ્ને હંબલ–૪/૧૨૦)*

ફરમાને નબવી છે કે આદમી ગુનાહ કરે છે પછી તે જ ગુનાહોના કારણે જન્નતમાં દાખલ થાય છે. પૂછવામાં આવ્યું કે, હુઝૂર કેવી રીતે ? આપે ફરમાવ્યું કે ગુનાહો પછી તુરંત તેની આંખો બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં રડી પડે છે. *(કન્ઝુલ ઉમ્માલ–૪/૨૧૦)*

ફરમાને હુઝૂર ﷺ છે કે ગુનાહો પર શરમિંદગી ગુનાહોનો કફ્ફારો છે. *(મુસ્નદે અહમદ ઈબ્ને હંબલ–૧/૪૭૬ મિશ્કાતુલ મસાબીહ–૨૦૬)*

નબી કરીમ ﷺનો ઈરશાદે ગિરામી છે કે ગુનાહોથી તૌબા કરનારો એવો છે જાણે તેણે કોઈ ગુનોહ કર્યો જ ન હોય. *(સુનને ઈબ્ને માજહ, અબ્વાબુઝ્ઝુહદ, પેજ : ૩૧૩)*

હુઝૂર ﷺની ખિદમતમાં એક હબ્શી હાજર થયો અને અર્ઝ કરી, હું ગુનાહો કરું છું, શું મારી તૌબા કબૂલ થશે ? આપે ફરમાવ્યું કે હા ! તે થોડેક દૂર જઈને પાછો વળ્યો અને પૂછયું કે જયારે હું ગુનાહ કરું છું તો અલ્લાહ તઆલા જુએ છે ? આપે ફરમાવ્યું : હા ! હબ્શીએ આટલું સાંભળતાં જ એક ચીસ પાડી અને તેની રૂહ ઉડી ગઈ. *(અહયાઉલ ઉલૂમ–૪/૧૩)*

## ★ જિંદગીના અંતિમ શ્વાસ સુધી તૌબા કૂબૂલ થશે ★

રિવાયત છે કે જયારે અલ્લાહ તઆલાએ ઈબ્લીસને મલઊન

ઠરાવ્યો તો તેણે ક્રિયામત સુધીની મોહલત માગી. અલ્લાહે તેને મોહલત દઈ દીધી તો તે કહેવા લાગ્યો કે મને તારી ઈજ્જત તથા જલાલની ક્રસમ ! જયાં સુધી ઈન્સાનની જિંદગીનો ક્રમ ચાલુ રહેશે. ત્યાં સુધી હું તેઓને ગુનાહો માટે ઉભારતો (બહેકાવતો) રહીશ. રબ્બુલ ઈઝ્ઝતે ફરમાવ્યું કે મને મારી ઈઝ્ઝત તથા જલાલની ક્રસમ ! હું તેઓની જિંદગીના અંતિમ શ્વાસ સુધી તેઓના ગુનાહો પર તૌબાનો પડદો નાખતો રહીશ.

ફરમાને રસૂલ صلى الله عليه وسلم છે કે નેકીઓ ગુનાહોને એ રીતે દૂર લઈ જાય છે જેવી રીતે પાણી મેલને વહાવી લઈ જાય છે. (ધોઈ નાખે છે) *(મુસ્નદે અહમદ ઈબ્ને હંબલ–૬/૧૯૦)*

જનાબ સઈદ ઈબ્ને મુસૈયિબ رضى الله عنهથી મરવી છે કે આ આયત **اِنَّهٗ كَانَ لِلْاَوَّابِيْنَ غَفُوْرًا** ''બેશક ! તે તૌબા કરનારાઓને માફ કરનાર છે.'' *(સૂ. બની ઈસ્રાઈલ, આયત–૨૫, પારા–૧૫)* તે શખ્સના બારામાં નાઝિલ થઈ જે ગુનાહ કરતો ફરી તૌબા કરી લેતો, ફરી ગુનાહ કરતો અને ફરી તૌબા કરી લેતો હતો.

જનાબ ફુઝૈલ رحمة الله عليهનો ક્રૌલ છે કે રબ્બે ઝુલ જલાલનો ઈરશાદ છે કે ગુનેહગારોને બશારત દઈ દો કે જો તેઓ તૌબા કરે તો હું ક્રબૂલ કરીશ. સિદ્દીક્રોને ચેતવી દો કે જો મેં આમાલ (કર્મ)નું વજન કર્યું તો તેઓને અઝાબથી કોઈ બચાવી શકશે નહીં.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضى الله عنهماનો ઈરશાદ છે કે જે ગુનાહોની યાદમાં પ્રાયશ્ચિત કરતો થઈ ગયો અને તેનું દિલ ખુદાના ખૌફથી કાંપી ઉઠયું તેના ગુનાહોને મિટાવી દેવામાં આવે છે.

## ★ ગુનાહોથી બચાવનાર કેવળ રબ્બે ઝુલજલાલ છે ★

રિવાયત છે કે અલ્લાહ તઆલાના એક નબીથી ખતા થવા પામી તો અલ્લાહ તઆલાએ વહી મોકલી કે જો તમારાથી ફરીવાર ઉણપ થઈ તો મારા અઝાબથી બચી શકશો નહીં ! નબીએ અર્ઝ કરી કે યા અલ્લાહ ! તું, તું છે અને હું હું ! મને તારી ઈઝ્ઝત તથા જલાલની કસમ ! જો તું મને ગુનાહોથી ન બચાવે તો હું બચી શકતો નથી. તો અલ્લાહ તઆલાએ તેમને

ગુનાહોના ખયાલોથી પણ મહફૂઝ કરી દીધા.

## ★ તૌબાનો દરવાજો કદી બંધ થતો નથી ★

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી એક શખ્સે પૂછયું કે હું ગુનાહો કરીને અતિશય શરમિંદો છું તો મારા માટે તૌબા છે ? આપે મોઢું ફેરવી લીધું. જયારે ફરી તે શખ્સ તરફ જોયું તો આપની આંખોએથી આંસૂ વહેતાં હતાં. ફરમાવ્યું, જન્નતના આઠ દરવાજા છે જે ખોલવામાં પણ આવે છે અને બંધ પણ કરવામાં આવે છે સિવાય કે તૌબાનો દરવાજો, જે કદી પણ બંધ નથી થતો. જેથી અમલ કરતો રહે અને ખુદાની રહમતથી નિરાશ ન થા. *(અહયાઉલ ઉલૂમ–૪/૧૪)*

રિવાયત છે કે બની ઈસ્રાઈલમાંથી એક શખ્સે સતત વીસ વરસ અલ્લાહ તઆલાની ઈબાદત કરી. પછી વીસ વરસ ગુનાહોમાં પસાર કર્યાં. એક વખતે અરીસો જોયો તો તેને દાઢીમાં ઘડપણની નિશાનીઓ જણાઈ તો તે ખૂબ જ ગમગીન થયો અને બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં અર્ઝ કરી કે હે રબ્બે ઝુલ જલાલ ! મેં વીસ વરસ તારી ઈબાદત કરી પછી વીસ વરસ ગુનાહોમાં પસાર કર્યાં. જો હવે હું તારા તરફ પાછો વળુ તો મને કબૂલ કરીશ ? તેણે ગયબથી અવાજ દેનારનો અવાજ સાંભળ્યો. તે કહી રહ્યો હતો કે તેં મારાથી મહોબ્બત કરી તો મેં તને મહબૂબ બનાવ્યો. તેં મને છોડી દીધો તો મેં તને છોડી દીધો. તેં ગુનાહો કર્યા તો મેં મોહલત આપી દીધી, હવે જો તું મારી બારગાહમાં પાછો આવીશ તો તને કબૂલિયતનો શરફ બખ્શવામાં આવશે.

## ★ તૌબાના વિશે સરવરે કૌનેન صلی اللہ علیہ وسلمના ઈર્શાદો ★

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફરમાવ્યું કે **જયારે બંદો તૌબા કરે છે તો અલ્લાહ તઆલા તેની તૌબા કબૂલ કરી લે છે. હિફાઝત કરનારા ફરિશ્તાઓ તેના ભૂતકાળના ગુનાહોને ભૂલી જાય છે. તેના શરીરનાં અંગો તેની ખતાઓને ભૂલી જાય છે. જમીનનો તે ટુકડો જેના પર તેણે ગુનોહ કર્યો છે અને આસમાનનો તે ભાગ જેની નીચે તેણે ગુનોહ કર્યો**

**છે તે તેના ગુનાહોને ભૂલી જાય છે. જયારે તે ક઼િયામતના દિવસે આવશે તો તેના ગુનાહો પર ગવાહી દેનાર કોઈ નહીં હોય.**

હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી મરવી છે કે હુઝૂર ﷺએ ફરમાવ્યું કે મખ્લૂક઼ની પેદાઈશથી ચાર હજાર વરસ અગાઉ અર્શની ચારે બાજુ લખી દેવામાં આવ્યું હતું કે, **اِنِّی لَغَفَّارٌ لِّمَنْ تَابَ وَاٰمَنَ وَعَمِلَ صٰلِحاً ثُمَّ اهْتَدٰی** "જેણે તૌબા કરી અને ઈમાન લાવ્યો અને નેક અમલ કર્યા તો હું તેને બખ્શવાવાળો છું." *(સૂ. તાહા, આ. ૪૮)*

સગીરા તથા કબીરા (નાના મોટા) તમામ ગુનાહોથી તૌબા ફર્ઝે અયન છે. કેમ કે સગીરા ગુનાહોને વારંવાર કરવું તેને કબીરા ગુનાહ બનાવી દે છે. ફરમાને ઈલાહી છે, **وَالَّذِیْنَ اِذَا فَعَلُوْا فَاحِشَةً اَوْ ظَلَمُوْا اَنْفُسَهُمْ** "અને તે લોકો જયારે કોઈ બેહયાઈ કે પોતાના જીવો પર જુલ્મ કરે (ત્યારે) અલ્લાહને યાદ કરીને પોતાના ગુનાહોની માફી માગે." *(સૂ. આલે ઈમરાન, પારા : ૪, આ. ૧૩૫)*

તૌબતુન્નસૂહ (સાચી તૌબા) એ છે કે ઈન્સાન ઝાહિર તથા બાતિન (ઝબાન તથા દિલ)થી તૌબા કરે અને ફરી ગુનાહ ન કરવાનો સાચો ઈરાદો કરે. જે શખ્સ ઝાહેરી રીતે તૌબા કરે છે તેનું દષ્ટાંત એવા મુરદાર જેવું છે જેના પર રેશમ તથા કિન્ખાબની ચાદરો ઓઢાડવામાં આવી હોય અને લોકો તેને આશ્ચર્ય તથા તાજજુબથી જોઈ રહ્યા હોય અને જયારે તેના પરથી ચાદરો હટાવી લેવામાં આવે તો લોકો મોઢું ફેરવીને ચાલી જાય. તે જ રીતે લોકો દેખાવની ઈબાદત (ઈબાદતે રિયાઈ) કરનારાઓને આશ્ચર્યસહ નજરે જોતા રહે છે. પરંતુ ક઼િયામતનો દિવસ આવશે ત્યારે તેમની બનાવટનો પડદો ખુલ્લો કરી દેવામાં આવશે અને ફરિશ્તાઓ મોઢું ફેરવીને ચાલ્યા જશે. જેમ કે રસૂલે અકરમ ﷺએ ઈરશાદ ફરમાવ્યો, અલ્લાહ તઆલા તમારી સૂરતોને નથી જોતો બલ્કે તમારા દિલોને જુએ છે. (સૂરતો સાથે દિલને પણ ખુલૂસિયતથી ભરી દો). *(મુસ્નદે અહમદ ઈબ્ને હંબલ–૨/૫૫૪, હિલ્યતુલ અવલિયા–૭/૧૩૯, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની–૩/૨૯૭)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે ક઼િયામતના દિવસે ઘણા લોકો એવા હશે જેઓ પોતાને તૌબા કરનાર સમજીને આવશે પણ

તેઓની તૌબા કબૂલ થઈ હશે નહીં, એટલા માટે કે તેમણે તૌબાના દરવાજાને શરમિંદગીથી મજબૂત કર્યો હશે નહીં. તૌબા પછી ગુનાહ ન કરવાનો પાકો ઈરાદો નહીં કર્યો હોય. ગુનાહોને પોતાની શકિત મુજબ દૂર નહીં કર્યા હોય અને સરળ કાર્યોના જાઈઝ હોવાની બાબતે જે કામો તેઓએ કર્યાં છે અને તેના થકી મગફિરતની તલબમાં તેઓએ કોઈ પ્રયત્ન નથી કર્યો અને તેઓના માટે એ વાત સહેલી છે કે અલ્લાહ તઆલા તેમનાથી રાજી થઈ જાય. ગુનાહોને ભૂલી જવું ઘણી જ ખતરનાક વાત છે. દરેક બુદ્ધિશાળીના માટે જરૂરી છે કે તે પોતાના નફસનો હિસાબ લેતો રહે અને પોતાના ગુનાહોને ન ભૂલે.

**(શેઅરોનો અર્થ) :–**

- હે ગુનાહોની ગણત્રી કરનારા મુજરિમ ! તારા ગુનાહોને ન ભૂલ અને ભૂતકાળની ગલતીઓને યાદ કરતો રહે.
- મૌતથી પહેલાં અલ્લાહ તઆલાની તરફ રજૂ થઈ જા. ગુનાહોથી રોકાઈ જા અને ગલતીઓનો સ્વીકાર કરી લે.

ફકીહ અબુલ લયષ رحمۃ اللہ علیہથી મરવી છે કે, હઝરત ઉમર رضی اللہ عنہ એકવાર હુઝૂર ﷺની ખિદમતમાં રડતા રડતા હાજર થયા. આપે પૂછયું કે હે ઉમર ! કેમ રડો છો ? અર્ઝ કરી કે હુઝૂર દરવાજા પર ઉભેલા યુવાનના રૂદન તથા કાકલૂદીએ મારું જિગર જલાવી દીધું છે. આપે ફરમાવ્યું કે તેને અંદર લાવો. જયારે યુવાન ખિદમતમાં હાજર થયો તો આપ ﷺએ પૂછયું કે, હે યુવાન ! તું શા માટે રડી રહ્યો છે ? અર્ઝ કરી કે હુઝૂર ! હું મારા ગુનાહોની અધિકતા અને રબ્બે ઝુલ જલાલના ખૌફથી રડું છું. આપે પૂછયું કે શું તે શિર્ક કર્યું છે ? કહ્યું, નહીં યા રસૂલલ્લાહ ﷺ ! આપે ઈરશાદ ફરમાવ્યો કે, જો તારા ગુનાહો સાતો આસમાનો અને જમીનો અને પહાડોના બરાબર હોય તો પણ અલ્લાહ તઆલા પોતાની રહમતથી બખ્શી દેશે ! પછી આપે ફરમાવ્યું કે તો હવે તું મને તારા ગુનાહ જણાવ. અર્ઝ કરીકે હુઝૂર ! મને આપની સમક્ષ કહેતાં શરમ આવે છે. આપે ફરમાવ્યું, કાંઈ વાંધો નહીં, તું જણાવ ! અર્ઝ કર્યું, હુઝૂર ! હું સાત વરસથી કફનચોરી કરી રહ્યો છું. અન્સારની એક છોકરી ગુજરી ગઈ તો હું તેનું કફન ચોરવા જઈ

પહોંચ્યો. મેં કબર ખોદીને કફન લઈ લીધું અને ચાલી નીકળ્યો. થોડેક જ દૂર ગયો હતો એવામાં મારા પર શયતાન સવાર થયો અને હું વળતે પગલે પાછો વળ્યો અને છોકરી સાથે બદકારી (મોં કાળુ) કર્યું. હું ગુનોહ કરીને હજી થોડાક જ કદમ ચાલ્યો હતો કે છોકરી ઉભી થઈ ગઈ અને કહેવા લાગી કે હે યુવાન ! ખુદા તને ગારત કરે ! તને તે નિગેહબાનનો ખૌફ ન થયો જે દરેક મઝલૂમને જાલિમ પાસેથી તેના હક઼ દેવડાવે છે ? તેં મને મુડદાંઓની જમાઅતમાં નગ્ન કરી દીધી અને ખુદાના દરબાર સમક્ષ નાપાક કરી દીધી છે ! હુઝૂર ﷺએ જયારે આ સાંભળ્યું તો ફરમાવ્યું કે, દૂર થઈ જા ! અય બદબખ્ત ! તું જહન્નમની આગનો હક઼દાર છે.

યુવાન ત્યાંથી રડતો રડતો અલ્લાહથી ઈસ્તિગફાર કરતો કરતો નીકળી ગયો. જયારે તેને તે જ હાલતમાં ચાલીસ દિવસો વહી ગયા તો તેણે આસમાનની તરફ દષ્ટિ કરી અને કહ્યું, હે મુહમ્મદ તથા આદમ તથા ઈબ્રાહીમ عليهم السلامના રબ ! જો તેં મારા ગુનાહોને માફ કરી દીધા છે તો હુઝૂર ﷺ અને આપના સહાબીઓને જાણ કરી દે, નહીં તો આસમાનથી આગ મોકલીને મને જલાવી દે અને જહન્નમના અઝાબથી બચાવી લે. તે જ સમયે હઝરત જિબ્રઈલ عليه السلام આપની ખિદમતમાં હાજર થયા અને કહ્યું કે આપનો રબ આપને સલામ કહે છે અને પૂછે છે કે મખ્લૂક઼ને તમે પેદા કરી છે ? આપે ફરમાવ્યું, નહીં ! બલ્કે મને અને તમામ મખ્લૂક઼ને અલ્લાહે પેદા કરી છે અને તેણે રોજી આપી છે. ત્યારે જિબ્રઈલે કહ્યું કે અલ્લાહ તઆલા ફરમાવે છે કે મેં યુવાનની તૌબા ક઼બૂલ કરી લીધી છે. પછી હુઝૂર ﷺએ યુવાનને બોલાવીને તૌબાની ક઼બૂલિયતની ખુશખબરી સંભળાવી.

## ★ એક દર્દમય તૌબા ★

હઝરત મૂસા عليه السلامના જમાનામાં એક શખ્સ હતો જે પોતાની તૌબા પર કદી કાયમ રહેતો ન હતો. જયારે પણ તે તૌબા કરતો તેને તોડી દેતો એટલે સુધી કે તેને એ જ હાલતમાં વીસ વરસ પસાર થઈ ગયાં. અલ્લાહ તઆલાએ હઝરત મૂસા عليه السلامની તરફ વહી મોકલી કે મારા એ બંદાને કહી દો કે હું તારાથી સખ્ત નારાજ છું. જયારે હઝરત મૂસા عليه السلام એ તે

માણસને અલ્લાહનો પૈગામ આપ્યો તો તે ખૂબ જ ગમગીન થયો અને જંગલોની તરફ નીકળી ગયો. ત્યાં જઈને બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં દુઆ કરી કે હે રબ્બે ઝુલજલાલ ! તારી રહમત જતી રહી અથવા મારા ગુનાહોએ તને દુઃખ દીધું ? તારી બખ્શિશના ખજાનાઓ ખત્મ થઈ ગયા કે બંદાઓ પર તારી નિગાહે કરમ ન રહી ? તારી માફી અને દરગુઝરથી કયો ગુનોહ મોટો છે ? તું કરીમ છે હું બખીલ છું તો શું મારૂ બુખ્લ (કંજૂસપણુ) તારા કરમથી વિશેષ થઈ ગયું છે ? જો તેં તારા બંદાઓને પોતાની રહમતથી વંચિત કરી દીધા તો તેઓ કયાં જશે ? હે કાદિર તથા કહહાર રબ ! જો તારી બખ્શિશ જતી રહી અને મારા માટે અઝાબ જ રહી ગયો છે તો તમામ ગુનેહગારોનો અઝાબ મને આપી દે. હું તેના પર જાન કુરબાન કરું છું, અલ્લાહ તઆલાએ મૂસા عليه السلامને ફરમાવ્યું કે, જાવ અને મારા બંદાને કહી દો કે તેં મારા કમાલની કુદરત અને માફી તથા દરગુઝર કરવાને સમજી લીધું છે. જો તારા ગુનાહોથી જમીન ભરાઈ જાય તો પણ હું બખ્શિશ કરીશ.

રસૂલે કરીમ صلى الله عليه وسلمનો ઈરશાદ છે કે, અલ્લાહ તઆલાને તૌબા કરનાર ગુનેહગારના અવાજથી વધુ કોઈ અવાજ પ્રિય નથી. જયારે તે અલ્લાહને બોલાવે છે તો રબતઆલા ફરમાવે છે કે, હું મૌજૂદ છું, જે ચાહે તે માગ ! મારી બારગાહમાં તારો રૂત્બો કેટલાક ફરિશ્તાઓ જેટલો છે. હું તારી ડાબે જમણે અને ઉપર છું અને તારા દિલની ધડકનો કરતાં વધુ નજીક છું. હે ફરિશ્તાઓ ! તમે ગવાહ થઈ જાવ કે મેં તેને બખ્શી દીધો.

હઝરત ઝુન્નુન મિસરી رحمة الله عليهએ કહ્યું છે કે અલ્લાહ તઆલાના ઘણાયે એવા બંદાઓ છે જેઓએ ગુનાહોના છોડવાઓ રોપ્યા. તેને તોબાનું પાણી આપ્યું અને અફસોસ તથા શરમિંદગીનાં ફળ ખાધાં. તેઓ પાગલ પણા વગર પાગલ કહેવાયા અને કશીય મહેનત વગર લિજજતો પ્રાપ્ત કરી. એ લોકો અલ્લાહ અને તેના રસૂલ صلى الله عليه وسلمની મઅ્રેફત (ઓળખ) ધરાવનારા ફસીહ તથા બલીંગ (અલંકારિક ભાષામાં પ્રસંશા કરનારા) લોકો છે અને અજોડ છે. તેઓએ મહોબ્બતના જામ પીધા અને મુસીબતો પર સબ્ર કરવાની દૌલતથી માલમાલ થયા પછી આલમે મલકૂતમાં તેઓના દિલો ગમગીન થઈ ગયાં અને આલમે જબરૂતના હિજાબો (પર્દાઓ)ની

સૈરના લીધે તેઓના ઝિક્રોને ખૂબીઓ (તાઝગી) બખ્શી. તેઓએ શરમીંદગીના તંબુઓમાં રોકાણ કર્યુ. પોતાની ખતાઓના સહીફાઓને પઢયા અને રૂદન તથા કાકલૂદીમાં વ્યસ્ત થઈ ગયા એટલે સુધી કે તેઓ પોતાની પરહેઝગારીના કારણે ઝોહદના આ'લા મર્તબાઓ પર બિરાજમાન થઈ ગયા. તેઓએ દુનિયા તર્ક કરવાની કડવાશને મધૂર જાણી અને સખત બિસ્તરોને ખૂબ જ નરમ જાણ્યા ત્યાં સુધી કે તેઓએ નજાતની રાહ અને સલામતીની બુનિયાદોને પામી લીધી. તેઓની રૂહોને જન્નતના બાગોમાં જગા મળી અને અબદી (કાયમી) જિંદગીના મુસ્તહિક ઠર્યા. તેઓએ એ રૂદન તથા કાકલૂદીની ખાઈઓને ભરી દીધી અને ખ્વાહિશોના પુલોને પાર કરી ગયા એટલે સુધી કે તેઓ ઈલ્મના પડોશી બન્યા અને હિકમત તથા દાનાઈના તળાવથી તૃપ્ત બન્યા. તેઓ સમજદારી અને ફરાસત (દૂરંદેશી)ની કશ્તીઓમાં સવાર થયા. તેઓએ સલામતીના દરિયામાં નજાતની દૌલતથી કિલ્લાઓ બનાવ્યા અને રાહત (આરામ)ના બાગો અને ઈજ્જત તથા કરામતોના ખજાનાઓના માલિક બન્યા.

(પ્રકરણ : ૧૮)

# રહમ (કૃપા)ની ફઝીલત

રસૂલે અકરમ ﷺનો ઈરશાદ છે કે જન્નતમાં રહમ કરવાવાળો જ દાખલ થશે. સહાબાએ કિરામે અર્ઝ કરી કે અમો સહુ રહમ કરવાવાળા છીએ. આપે ફરમાવ્યું, રહીમ (કૃપાળુ) તે નથી જે પોતાના પર રહમ કરે બલ્કે રહીમ તે છે જે પોતે પોતાના પર અને અન્યો પર રહમ કરે. *(કન્ઝુલ ઉમ્માલ–૩/૧૬૭)*

## ★ રહમતની હકીકત ★

પોતાના ઉપર રહમ કરવાનો અર્થ એ છે કે ખુલૂસ દિલથી ઈબાદત કરીને ગુનાહોથી અલિપ્ત થઈને અને તૌબા કરીને પોતાની જાતને (પોતાના વજૂદને) અલ્લાહ તઆલાના અઝાબથી બચાવે. બીજાઓ પર રહમ એ છે કે કોઈ મુસલમાનને ઈજા ન પહોચાડે (તકલીફ ન આપે).

ફરમાને હુઝૂર ﷺ છે કે, ‘‘મુસલમાન તે છે જેના હાથ અને જીભ વડે લોકો સુરક્ષિત રહે.’’ અને તે જાનવરો પર રહમ કરે અને તેમની પાસેથી તેમની શકિત મુજબનું કામ લે. *(સહીહ બુખારી–૧/૬, મુસ્નદે અહમદ ઈબ્ને હંબલ–૨/૪૪૮, સહીહ ઈબ્ને હબ્બાન–૧/૨૬૬, મિશ્કાતુલ મસાબીહ–૧૨)*

હુઝૂર ﷺનું ફરમાન છે કે એક શખ્સ સફરમાં જઈ રહ્યો હતો તો તેને માર્ગમાં સખ્ત તરસ લાગી. તેને નજીકમાં જ એક કૂવો દેખાયો જયારે કૂવા પરથી પાણી પીને ચાલવા લાગ્યો તો જોયું કે એક કૂતરૂ તરસના કારણે જીભ બહાર કાઢીને પડેલું છે. તેને વિચાર આવ્યો કે તેને પણ મારી જેમ તરસ લાગી હશે જેથી તે પાછો વળ્યો અને મોઢામાં પાણી ભરીને કૂતરાની પાસે આવ્યો અને તેને પીવડાવી દીધું તો અલ્લાહ તઆલાએ કેવળ તે જ દયા કરવાના સબબે તેના ગુનાહોને માફ કરી દીધા. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૭૦, સુનને બયહકી, ૪/૩૧૧, સહીહ ઈબ્ને હબ્બાન–૧/૪૬)*

સહાબાએ કિરામે સવાલ કર્યો કે યા રસૂલલ્લાહ ! ﷺ જાનવરો પર પ્રેમાળ વર્તાવ કરવાથી પણ અમને સવાબ મળે છે ? આપે ફરમાવ્યું,

દરેક સજીવ પર મહેરબાની કરવાથી સવાબ મળે છે.

હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہથી મરવી છે કે એક રાત્રે હઝરત ઉમર رضی اللہ عنہ ફેરી ફરી રહ્યા હતા તેવામાં આપ એક કાફલા પાસે થઈને પસાર થયા. આપને ખતરો જણાયો કે કયાંક કોઈ તેઓનો સામાન ચોરી ન લે. રસ્તામાં તેમને હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہ મળ્યા, તેમણે પૂછયું કે અમીરૂલ મોમિનીન ! અત્યારે કયાં જઈ રહ્યા છો ? આપે ફરમાવ્યું, એક કાફલાનો નજીકમાં પડાવ છે. મને ભય છે કે કયાંક કોઈ ચોર તેમનો સામાન ન લઈ જાય, ચાલો તેની નિગેહબાની કરીએ. આ બંનેવ હઝરાત કાફલાની નજીક જઈને બેસી ગયા અને આખી રાત પહેરો કરતા રહ્યા એટલે સુધી કે સવાર થઈ ગયા તો હઝરત ઉમર رضی اللہ عنہએ બૂમ પાડી કે હે કાફલાવાળાઓ ! નમાઝના માટે ઉઠો ! જયારે તે લોકો જાગી ગયા તો આ હઝરાત પાછા વળ્યા.

જેથી આપણા માટે જરૂરી છે કે આપણે સહાબાએ કિરામના નક્શે ક્દમ પર ચાલીએ. અલ્લાહ તઆલાએ તેઓની પ્રસંશા કરતાં ફરમાવ્યું, **رُحَمَآءُ بَيۡنَهُمۡ** ''આપસમાં રહમદિલ'' *(સૂ. ફતહ-આયત-૨૯)* તેઓ મુસલમાનો પર બલ્કે તમામ મખ્લૂક્ પર રહમ કરનારા છે, એટલે સુધી કે ઝિમ્મી કાફિર પણ તેમના દયાભાવથી વંચિત ન રહ્યા.

હઝરત ઉમર رضی اللہ عنہએ એક વૃધ્ધ ઝિમ્મીને લોકોના દરવાજે ભીખ માગતો જોયો તો ફરમાવ્યું કે અમે તારી સાથે ઈન્સાફ નથી કર્યો. યુવાનીમાં તારી પાસેથી જિઝયા વેરો લેતા રહ્યા અને વૃધ્ધાવસ્થામાં તને દર દરની ઠોકરો ખાવા માટે છોડી મૂકયો ! અને આપે તે જ ઘડીએ બયતુલ માલમાંથી તેનો વઝીફો નકકી કરી આપ્યો.

હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી મરવી છે કે મેં એક સવારે હઝરત ઉમર رضی اللہ عنہને જોયા કે વાદીમાં ઊંટ પર સવાર થઈને જઈ રહ્યા છે. મેં પૂછયું કે અમીરૂલ મોમિનીન ! કયાં જઈ રહ્યા છો ? તો આપે ફરમાવ્યું કે સદકા્ના ઊંટોમાંથી એક ઊટ ગુમ થઈ ગયું છે તેને શોધી રહ્યો છું. મેં કહ્યું કે તમે તો આપના અનુગામી ખલીફાઓને મુશ્કેલીમાં નાખી દીધા છે ! તો હઝરત ઉમર رضی اللہ عنہએ જવાબ આપ્યો કે હે અબુલ હસન ! رضی اللہ عنہ મારી

આલોચના ન કરો, રબ્બે ઝુલ જલાલની કસમ ! જેણે મુહમ્મદ ﷺને નબીએ બરહક઼ બનાવીને મોકલ્યા, જો ફુરાત નદીના કિનારે એક વરસનું ઘેટાનું બચ્ચુ પણ મૃત્યુ પામે તો ક઼િયામતના દિવસે તેના વિશે પણ પૂછતાછ થશે, કેમ કે તે અમીર (સરદાર)ની કોઈ ઈજ્જત નથી જેણે મુસલમાનોને હલાક કરી દીધા અને ન તો તે બદબખ્તનું કોઈ સ્થાન છે જેણે મુસલમાનોને ડરાવ્યા.

## ★ રહમના વિશે નબવી ઈર્શાદો ★

ફરમાને મુસ્તફા ﷺ છે કે મારી ઉમ્મતના લોકો જન્નતમાં નમાઝો તથા રોઝાઓ ખૂબ રાખવાને કારણે નહીં બલ્કે દિલોની સલામતી (રક્ષા), સખાવત અને મુસલમાનો પર રહમ કરવાના લીધે દાખલ થશે. *(અત્તરગીબ વત્તરહીબ–૩/૩૪૯, કન્ઝુલ ઉમ્માલ–૧૨/૧૮૮)*

હુઝૂરે અનવર ﷺનો ઈરશાદ છે કે રહમ કરનારા ઉપર અલ્લાહ તઆલા રહમ કરે છે. તમે જમીનવાળાઓ પર રહમ કરો આસમાનવાળો તમારા પર રહમ ફરમાવશે. *(સુનને તિર્મિઝી, અબ્વાબુલબર–૨/૧૪, કન્ઝુલ ઉમ્માલ–૩/૧૨૩)*

ફરમાને નબી કરીમ ﷺ છે કે **જે કોઈના પર રહમ નથી કરતો તેના પર રહમ કરવામાં નથી આવતી. જે કોઈને માફ નથી કરતો તેને માફ કરવામાં નથી આવતો.** *(મુસ્નદે અહમદ બિન હંબલ–૫/૪૮૯, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની–૨/૩૫૧, કન્ઝુલ ઉમ્માલ–૩/૧૬૨)*

હઝરત માલિક ઈબ્ને અનસ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર ﷺએ ફરમાવ્યું કે તમારા પર મુસલમાનોના ચાર હક્કો છે. પોતાના પર એહસાન કરનારાની મદદ કરો, ગુનેહગારના માટે માફી તલબ કરો, બીમારની ખબર અંતર લો અને માફી માંગવાવાળાને દોસ્ત બનાવો.

રિવાયત છે કેહઝરત મૂસા علیہ السلامએ અલ્લાહ તઆલાથી સવાલ કર્યો કે, હે અલ્લાહ ! عزوجل તેં મને કયા કારણે પસંદ ફરમાવ્યો છે ? રબ તઆલાએ ફરમાવ્યું, મખ્લૂક પર તારા રહમ કરવાના લીધે.

હઝરત અબૂ દરદા رضی اللہ عنہ બાળકો પાસેથી ચકલીઓ ખરીદીને તેને મુકત કરી દેતા અને ફરમાવતા હતા કે, જાવ ! આઝાદીની જિંદગી વીતાવો.

ફરમાને નબવી છે કે રહમત, હેત અને મહોબ્બતમાં તમામ મુસલમાન એક શરીરની જેમ છે, જ્યારે શરીરનું કોઈ અંગ તકલીફમાં સપડાય છે તો આખુ શરીર તે પીડા અને તકલીફમાં સપડાય જાય છે. *(સહીહ મુસ્લિમ, અબ્વાબુલ બર–૨/૩૨૧, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની–૨૫/૩૪૦, મુસ્નદે અહમદ બિન હંબલ–૫/૩૩૬, મુફાતિહુલ જિનાન શરહે શરઅતુલ ઈસ્લામ–૩૮૪)*

**હિકાયત** : બની ઈસ્રાઈલ પર સખત દુકાળનો સમય હતો. એક આબિદ એક રેતીની ટેકરી પાસેથી પસાર થયો તેના દિલમાં વિચાર આવ્યો કે કાશ ! આ રેતીનો ઢગલો લોટનો ઢગલો હોત અને તેના વડે હું બની ઈસ્રાઈલનાં પેટ ભરાવી દેત. અલ્લાહ તઆલાએ બની ઈસ્રરાઈલના નબી તરફ વહી મોકલી કે મારા તે બંદાને કહી દો કે તને તે ઢગલા જેટલો લોટ બની ઈસ્રાઈલને ખવડાવવાથી જે સવાબ મળત તેટલો સવાબ મેં તારી તે નિય્યતના કારણે આપી દીધો છે. એટલા માટે ફરમાને નબવી છે કે **મોમિનની નિય્યત તેના અમલથી બેહતર છે.** *(કન્ઝુલ ઉમ્માલ–૩/૪૨૪, હદીષ–૭૨૭૧)*

**હિકાયત** : હઝરત ઈસા علیہ السلام એકવાર કયાંક જઈ રહ્યા હતા તો આપે શયતાનને જોયો કે એક હાથમાં મધ અને બીજા હાથમાં રાખ લઈને ચાલતો જઈ રહ્યો હતો. આપે પૂછયું કે હે ખુદાના દુશ્મન ! આ મધ અને રાખ તારા શું કામ આવે છે ? શયતાને કહ્યું કે, ગીબત કરનારાઓના હોઠો પર લગાડુ છું કે જેથી તેઓ હજી આગળ વધે અને રાખ યતીમોના ચહેરાઓ પર ઘસુ છું જેથી લોકો તેમનાથી નફરત કરે.

હઝૂર صلی اللہ علیہ وسلمએ ફરમાવ્યું કે જયારે યતીમને દુઃખ આપવામાંઆવે છે તો તેના રૂદનથી અલ્લાહ તઆલાનુ 'અર્શ કાંપી ઉઠે છે અને રબ્બે ઝુલજલાલ ફરમાવે છે કે હે ફરિશ્તાઓ ! આ યતીમને જેનો બાપ કેટલાય મણ માટીની નીચે દફન થઈ ચૂકયો છે તેને કોણે રડાવ્યો છે ?

હુઝૂરે અનવર ﷺનો ઈરશાદ છે કે, જેણે યતીમના ભરણ પોષણની જિમ્મેદારી લઈ લીધી તો અલ્લાહ તઆલાએ જન્નતને તેના માટે વાજિબ કરી દીધી. રૌઝતુલ ઉલમામાં છે કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام જમતા પહેલાં માઈલ બે માઈલનો ચકકર લગાવીને મુસલમાનોને તલાશ કર્યા કરતા હતા. એકવાર હઝરત અલી کرم اللہ وجہہ الکریم રડી પડયા. પૂછવામાં આવ્યું કે આપ શા માટે રડો છો ? આપે ફરમાવ્યું કે એક અઠવાડિયાથી મારે ત્યાં કોઈ મહેમાન નથી આવ્યું, કદાચ અલ્લાહ તઆલા મારાથી ખુશ નથી ! ફરમાને નબવી છે કે જે કોઈ ભૂખ્યાને જમાડે છે અલ્લાહને ખાતર તો તેના માટે જન્નત વાજિબ થઈ જાય છે અને ભૂખ્યાથી ખાણુ રોક લીધું તો અલ્લાહ તઆલા કિ઼યામતના દિવસે તેનાથી પોતાનો ફઝ્લો કરમ રોકી લેશે અને તેને અઝાબ આપશે.

## ★ સખી અલ્લાહની નજીક અને જહન્નમથી દૂર હોય છે ★

ફરમાને નબવી છે કે સખી અલ્લાહ તઆલા, જન્નત અને લોકોની નજીક હોય છે અને બખીલ (કંજૂસ) અલ્લાહ તઆલા, જન્નત અને લોકોથી દૂર હોય છે અને જહન્નમની નજીક હોય છે. *(સુનને તિર્મિઝી, અબ્વાબુલ બર–૨/૧૭, અત્તરગીર વત્તરહીબ–૩/૨૫૮)* ફરમાને નબવી છે કે જાહિલ સખી અલ્લાહ તઆલાને આબિદ બખીલ કરતાં વધુ પસંદ છે. *(સુનને તિર્મિઝી–૨/૧૭, અત્તરગીબ વત્તરહીબ–૩/૨૫૮)* ફરમાને નબવી છે કે કિ઼યામતના દિવસે ચાર શખ્સો વગર હિસાબે જન્નતમાં પ્રવેશ પામશે, બાઅમલ આલિમ, હાજી જે હજ કર્યા પછી મૌત સુધી ગુનાહોમાં ન સપડાયો, શહીદ જે અલ્લાહના કલમાને બુલંદ કરવાના માટે જંગના મેદાનમાં માર્યો ગયો અને સખી જે હલાલ માલ કમાયો અને અલ્લાહને રાજી કરવા માટે ખર્ચ કરી દીધો. આ લોકો આપસમાં એ વાત માટે ઝઘડશે કે જન્નતમાં પ્રથમ કોણ દાખલ થાય છે.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર ﷺએ ફરમાવ્યું કે અલ્લાહે પોતાના કેટલાક બંદાઓને માલ તથા દૌલત વડે માલમાલ કરી દીધા જેથી તેઓ લોકોને ફાયદો પહોંચાડતા રહે. જે શખ્સ ફાયદો પહોંચાડવામાં આનાકાની કરે છે તો અલ્લાહ તઆલા તેની દૌલત

કોઈ અન્યને આપી દે છે. *(હિલ્યતુલ અવલિયા–૬/૧૨૪, કન્ઝુલ ઉમ્માલ–૬/૩૫૦)*

ફરમાને નબવી છે કે સખાવત જન્નતનું એક ઝાડ છે જેની ડાળીઓ જમીન પર નમેલી છે. જેણે તેની કોઈ ડાળીને પકડી લીધી તે તેને જન્નતમાં લઈ જશે. *(હલ્યતુલ અવલિયા–૭/૯૯)*

હઝરત જાબિર رضی اللہ عنہ થી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم ને પૂછવામાં આવ્યું કે કયો અમલ અફઝલ છે ? આપે ફરમાવ્યું, સબ્ર અને સખાવત.

હઝરત મિકદામ ઈબ્ને શરીહ رحمۃ اللہ علیہ પોતાના વાલિદ અને પોતાના દાદાથી રિવાયત છે કે તેમના દાદાએ હુઝૂર صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં અર્ઝ કરી કે મને એવો અમલ બતાવો જે મને જન્નત નિવાસી બનાવી દે. આપે ફરમાવ્યું કે ખાવા ખવડાવવું, સલામ કરવી અને ખુશ અખલાકી (સદ્વર્તાવ) એ મગફિરતના સબબોમાંથી છે. *(અલમોઅજમુલ કબીર લિત્તબરાની–૨૨/૧૮૦)*

(પ્રકરણ : ૧૯)

# નમાઝમાં ખુશૂઅ વ ખુઝૂઅ (તલ્લીનતા)

## ★ દુરૂદ શરીફની ફઝીલત ★

હદીષ શરીફમાં છે કે એક દિવસે જિબ્રઈલે અમીન હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયા અને કહ્યું કે મેં આસમાનો પર એક એવો ફરિશ્તો જોયો જે તખ્ત પર બેઠેલ હતો અને સિત્તેર હજાર ફરિશ્તાઓ લાઈનબંધ તેની ખિદમતમાં હાજર હતા. તેના દરેક શ્વાસથી અલ્લાહ તઆલા એક ફરિશ્તો પેદા ફરમાવે છે. હમણા જ તેને મેં તૂટેલી પાંખોવાળી હાલતમાં કોહે કાફમાં રડતો જોયો છે. જયારે તેણે મને જોયો તો કહ્યું કે તમે અલ્લાહ તઆલાની હુઝૂરીમાં મારી સિફારિશ કરો. મેં પૂછયું, તારો જુર્મ શું છે ? તેણે કહ્યું, **મેઅરાજની રાત્રે જયારે મુહમ્મદ ﷺની સવારી પસાર થઈ તો હું તખ્ત પર બેસી રહ્યો અને તાઝીમના માટે ઉભો ન થયો.** એટલા માટે અલ્લાહ તઆલાએ મને આ જગ્યાએ અઝાબમાં ફેંકી દીધો છે. જિબ્રઈલે અમીને કહ્યું કે મેં અલ્લાહ તઆલાની બારગાહમાં રડી રડીને તેની સિફારિશ કરી તો અલ્લાહ તઆલાએ મને ફરમાવ્યું કે તમે તેને કહો કે તે મુહમ્મદ ﷺ પર દુરૂદ મોકલે. જેથી તે ફરિશ્તાએ આપના પર દુરૂદ મોકલ્યું તો અલ્લાહ તઆલાએ તેની તે લગઝિશને માફ કરી દીધી અને તેની નવી પાંખો પણ પેદા ફરમાવી દીધી.

## ★ ક઼િયામતના દિવસે સૌ પ્રથમ નમાઝ વિશે પૂછવામાં આવશે ★

રિવાયત છે કે ક઼િયામતના દિવસે સૌ પ્રથમ બંદાની નમાઝો જોવામાં આવશે. જો તેની નમાઝો પૂર્ણ થશે તો નમાઝોની સાથે તેના સર્વ અમલો કબૂલ કરી લેવામાં આવશે. જો નમાઝો અધૂરી જશે તો નમાઝો સહિત તેના સર્વ અમલો રદ કરી દેવામાં આવશે. *(અહયાઉલ ઉલૂમ–૧/૧૪૨)*

**રોઝે મેહશરકે જાં ગુદાઝ બુવદ**
**અવ્વલીં પુરસિશે નમાઝ બુવદ**

હુઝૂર ﷺનું ફરમાન છે કે ફર્ઝ નમાઝ ત્રાજવાની જેમ છે જેણે તેને પૂર્ણ કરી તે કામયાબ રહ્યો. હઝરત યઝીદ રકકાશી رضی اللہ عنہ કહે છે કે હુઝૂર ﷺની નમાઝ એ પ્રમાણે બરાબર થતી હતી જાણે તોલેલી હોય. *(અહયાઉલ ઉલૂમ–૧/૧૪૨, કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૧૨)*

ફરમાને નબવી છે કે મારી ઉમ્મતના બે માણસો નમાઝ પઢશે, તેઓના રૂકૂઅ તથા સિજદામાં એક સરખા હશે પણ તેઓની નમાઝોમાં જમીન તથા આસમાન જેટલો ફર્ક હશે. એકમાં ખુશૂઅ (આજિઝી) હશે અને બીજી ખુશૂઅ વગરની હશે. *(અહયાઉલ ઉલૂમ–૧/૧૪૨)* ફરમાને નબવી છે કે અલ્લાહ તઆલા **ક઼િયામતના દિવસે તે બંદા પર રહમતની નજર કરશે નહીં જેણે રૂકૂઅ તથા સિજદા દરમ્યાન પોતાની પીઠને સીધી ન કરી.** *(કન્ઝુલ ઉમ્માલ–૭/૪૫૫)* ફરમાને નબવી છે કે જેણે સમય પ્રમાણે નમાઝ પઢી, વઝૂ સહીહ કર્યુ અને રૂકૂઅ તથા સિજદાઓને ખુશૂઅ તથા ખુઝૂઅની સાથે પૂર્ણતાએ પહોંચાડયા તેની નમાઝ સફેદ બુર્રાકના રૂપમાં આસમાનોની તરફ જાય છે અને કહે છે કે, હે બંદા ! તેં જેવી રીતે મારી હિફાઝત કરી તે જ રીતે અલ્લાહ તઆલા તને મેહફૂઝ રાખે. પરંતુ જેણે નમાઝના સમયે નમાઝ ન પઢી ન સહીહ વઝૂ કર્યું, રૂકૂઅ તથા સિજદાઓને ખુશૂઅ વડે ન સજાવ્યા તેની નમાઝ કાળી સિયાહ શિકલમાં ઉપર જાય છે અને કહે છે કે જેવી રીતે તેં મને ખરાબ કરી તેવી જ રીતે અલ્લાહ તઆલા તને પણ ખરાબ કરે. એટલે સુધી કે તેને જૂનાં કપડાંની જેમ ડૂચો વાળીને તેના મોઢા પર મારવામાં આવે છે. *(અહયાઉલ ઉલૂમ–૧/૧૪૨)*

## ★ નમાઝનો ચોર બદતરીન શખ્સ છે ★

ફરમાને નબવી ﷺ છે કે બદતરીન શખ્સ નમાઝનો ચોર છે. *(મુસ્નદે અહમદ બિન હંબલ–૬/૪૨૨, અસ્સુનને કુબરા લિલ બયહકી–૨/૫૩૯, કન્ઝુલ ઉમ્માલ–૭/૫૦૮)* હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہનો ક઼ૌલ છે કે નમાઝ એક જામ છે જેણે તેને ભરી દીધું તે કામયાબ થયો અને જેણે તેમાં ઉણપ રાખી તેના માટે અઝાબ છે. કેટલાક ઉલમાનો ક઼ૌલ છે કે નમાઝી વેપારીની જેમ છે. વેપારીને તે જ માલથી નફો મળે છે જે અસલી હોય તે જ પ્રમાણે

નમાઝીની ઈબાદત પણ ફર્ઝોને અદા કર્યા વગર લાભકારક નથી થતી. *(અસ્સુનને કુબરા લિલ બયહકી–૨/૪૧૩)*

હઝરત અબૂબક્ર رضی اللہ عنہ **નમાઝના સમયે ફરમાવતા કે હે લોકો! અલ્લાહ તઆલાએ તમારા માટે જે આગ સળગાવી છે, ઉઠો તેને નમાઝના વડે ઓલવી નાખો.**

ફરમાને નબવી છે કે નમાઝ સુકૂન અને આજિઝીની સાથે છે. જે પોતાની નમાઝના સબબે બુરા અને ખરાબ કૃત્યોથી ન રોકાયો તો અલ્લાહ તઆલાથી તેની દૂરી (અંતર) વધતી જાય છે. વળી ગાફિલની નમાઝ તેને બુરાઈઓથી નથી રોકતી. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની–૧૧/૧૧)* ફરમાને નબવી છે કે ઘણા નમાઝીઓ એવા છે જેઓને નમાઝોથી દુઃખ અને તકલીફ વગર કાંઈ હાંસલ થતું નથી. હુઝૂર ﷺનો ઈરશાદ તે નમાઝીઓ પ્રત્યે છે જેઓ ગફલતથી નમાઝ અદા કરે છે. હુઝૂર ﷺનો ઈરશાદ છે કે બંદાનો નમાઝમાં તે જ હિસ્સો છે જેને તે સંપૂર્ણતઃ તલ્લીનતાપૂર્વક પઢે છે.

અહલે મઅરેફત કહે છે કે નમાઝ ચાર ચીજોનું નામ છે **ઈલ્મની સાથે શરૂઆત,** હયા (શરમ)ની સાથે કયામ, તાઝીમની સાથે અદાયગી અને ખૌફે ખુદાની સાથે તેની પૂર્ણાહુતિ. કેટલાક મશાઈખનો કૌલ છે કે જેનું દિલ નમાઝની હકીકતને ન સમજતુ હોય તેની નમાઝ ફાસિદ બર્બાદ છે.

ફરમાને રસૂલે મકબૂલ ﷺ છે કે જન્નતમાં અફયહ નામની એક નહેર છે જેમાં જાફરાનથી પેદા કરેલી હૂર મોતીઓ વડે દિલ બહેલાવતી રહે છે. તેઓના અવાજો હઝરત દાઊદ علیہ السلامના લહન (મધૂરવ)થી વધુ મધૂર છે. તેણીઓ કહે છે કે અમે તેઓના માટે છીએ જેઓ ખુશૂઅ તથા ખુઝૂઅની સાથે નમાઝ પઢે છે. અલ્લાહ તઆલા ફરમાવે છે, હું એવા નમાઝીને મારી રહમતની નજીક જગા દઈશ અને તેઓને દીદારનો શરફ બખ્શિશ (જેઓ ખુશૂઅ તથા ખુઝૂઅની સાથે નમાઝ પઢે છે.)

## ★ નમાઝ કેવી રીતે અદા કરવામાં આવે ★

અલ્લાહ તઆલાએ હઝરત મૂસા علیہ السلامની તરફ વહી મોકલી કે હે

મૂસા ! જયારે તું દર્દભર્યા દિલ (દિલ શિકસ્તહ) સાથે મને યાદ કરે છે તો હું તને યાદ કરૂ છું. કામિલ ઈત્મિનાન (સંપૂર્ણ સંતોષપૂર્વક) અને ખુશૂઅ (આજિઝી)ની સાથે મારું ઝિક્ર કર્યા કર, પોતાની ઝબાનને દિલનું પ્રતિબિંબ (ઝબાનને દિલની ઈતાઅત કરનાર) બનાવ અને મારી બારગાહમાં ઝલીલ બંદાની જેમ હાજરી આપ અને ભયાવહ દિલ વડે મને પોકાર અને સચ્ચાઈની ઝબાન વડે મને બોલાવતો રહે. (યાદ કરતો રહે).

અલ્લાહ તઆલાએ હઝરત મૂસા عليه السلام પર વહી નાઝિલ ફરમાવી કે પોતાની **ઉમ્મતના ગુનેહગારોને કહી દો કે મારું ઝિક્ર ન કરે.** મેં મારી ઝાતની કસમ ફરમાવી છે કે જે મને યાદ કરશે તેને હું યાદ કરીશ, **તેઓ જ્યારે મને યાદ કરે છે તો હું તેઓના પર લઅનત કરું છું.**

હે અકકલવાળાઓ ! આ તો તે લોકોનો હાલ છે જેઓ ગુનેહગાર છે પણ ખુદાની યાદથી ગાફેલ નથી, તો વિચારો કે તે લોકોનો શો હાલ થશે જેઓ બદકાર પણ છે અને ખુદાની યાદથી ગાફેલ પણ છે !

કેટલાક સહાબીઓ رضوان الله تعالىٰ عليهم اجمعين નો કૌલ છે કે ઈન્સાન નમાઝમાં જે પ્રમાણે સુકૂન તથા ઈત્મિનાન અને લઝ્ઝત તથા ખુશી હાંસલ કરે છે તે જ પ્રમાણે કિયામતના દિવસે તે પુરસુકૂન હશે.

હુઝૂર صلى الله عليه وسلم એ એક શખ્સને જોયો જે નમાઝમાં પોતાની દાઢી સાથે રમત રમતો હતો. તો આપે ફરમાવ્યું કે જો તેના દિલમાં ખુશૂઅ (આજિઝી) હોત તો તેના અંગોમાં તે જણાવ આવત. (દાઢી સાથે આ રીતે ખેલ કરવાથી જાહેર છે કે તેના દિલમાં ખુશૂઅ નથી). આપે ફરમાવ્યું કે જેના દિલમાં ખુશૂઅ નથી તેની નમાઝ અર્થહીન છે. *(મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક-૨/૧૭૩)*

## ★ ખુશૂઅ તથા ખુઝૂઅ સાથે નમાઝ અદા કરનારાઓની સિફતો ★

અલ્લાહ તઆલાએ નમાઝમાં ખુશૂઅ તથા ખુઝૂઅ રાખનારાઓની તારીફ વિવિધ આયતોમાં બયાન કરી છે. ફરમાને ઈલાહી છે, **فِىْ صَلَاتِهِمْ خَاشِعُوْنَ** "જેઓ પોતાની નમાઝમાં કરગરે છે." *(પારા-૧૮, સૂ. મુઅમિનીન, આયત-૨)* **عَلٰى صَلَاتِهِمْ يُحَافِظُوْنَ** "અને તેઓ જે પોતાની

નમાઝની સંભાળ રાખે છે.'' *(સૂ. મુઅમિનૂન, આયત–૯)* عَلٰى صَلَاتِهِمْ دَآئِمُوْنَ ''પણ નમાઝીઓ જેઓ પોતાની નમાઝોના પાબંદ છે.'' *(પારા–૨૯, સૂ. મઆરિજ, આયત–૨૩)*

કોઈકે સરસ કહ્યું છે કે નમાઝી તો ઘણા છે પણ આજિઝી સાથે નમાઝ અદા કરનારા ઓછા છે, હાજી ઘણા છે પરંતુ નેક સીરતવાળા ઓછા છે, પક્ષીઓ તો ઘણા છે પણ બુલબુલો ઓછી છે અને આલિમ ઘણા છે પણ આમિલ (અમલ કરનાર) ઓછા છે.

## ★ સહીહ નમાઝ ★

સહીહ નમાઝ એ ખુશૂઅ તથા ખુઝૂઅ અને આજિઝીનું નામ છે અને આ જ નમાઝની કબૂલિયતની નિશાની છે. કેમ કે જેવી રીતે નમાઝ જાઈઝ હોવાની શરતો છે એવી જ રીતે નમાઝ કબૂલ થવાની પણ શરતો છે. જાઈઝની શરતો ફર્ઝોને અદા કરવા તે છે અને નમાઝની કબૂલિયતની શરતોમાં ખુશૂઅ અને તકવો પ્રથમ ક્રમમાં છે. જેમ કે ઈરશાદે રબ્બાની છે, قَدْ اَفْلَحَ الْمُؤْمِنُوْنَ الَّذِيْنَ هُمْ فِىْ صَلَاتِهِمْ خَاشِعُوْنَ ''જેઓ પોતાની નમાઝમાં કરગરે છે.'' *(સૂ.મુઅમિનીન, આયત–૧)* તક્વાના વિશે ઈર્શાદે ઈલાહી છે, اِنَّمَا يَتَقَبَّلُ اللّٰهُ مِنَ الْمُتَّقِيْنَ ''અલ્લાહ તેના તરફથી જ સ્વીકાર છે જેને ડર છે.'' *(સૂ.માઈદા, આયત–૨૭, પારા–૬)*

ફરમાને નબવી છે કે જેણે કામિલ ખુશૂઅ સાથે બે રકાત નમાઝ પઢી તે ગુનાહોથી એવો પાક થઈ જાય છે જેવો કે પેદાઈશના દિવસે પાક હતો.

## ★ નમાઝ અંધારામાં પઢવામાં આવે ★

હકીકત એ છે કે નમાઝમાં દિલ ખરાબ વિચારોના કારણે સાચા અર્થમાં નમાઝની તરફ કેન્દ્રિત નથી થઈ શકતુ જેથી તે ખયાલોથી છૂટકારો મેળવવો જરૂરી છે. છૂટકારો પામવાના ઘણા તરીકાઓ છે. એક એ પણ છે કે અંધારામાં નમાઝ પઢવામાં આવે અથવા એવી જગાએ નમાઝ પઢવામાં આવે જયાં સંપૂર્ણપણે સુકૂન (શાંતિ) હોય, નીચે રંગીન ફર્શ ન હોય અને નમાઝી નકશીદાર કપડાં પહેરેલ ન હોય, કેમ કે તે ચીજો પર

નજર પડતાં જ માણસનું ધ્યાન તે તરફ દોરાય છે. જેમ કે હદીષ શરીફમાં છે કે હુઝૂર ﷺએ હઝરત અૂબજહેમ رحمۃ اللہ علیہના મોકલેલ નકશીદાર કુર્તામાં નમાઝ પઢી અને નમાઝ પછી તુરંત ઉતારીને પાછો મોકલી દીધો અને ફરમાવ્યું, તેણે હમણાં મને તેની તરફ ધ્યાનિત કરી દીધો.

એકવાર નવા જૂતા પહેરીને આપે નમાઝ પઢી તો નમાઝ બાદ આપે તેને ઉતારી નાખ્યા અને તે જ જૂના જૂતા પહેલી લીધા અને ફરમાવ્યું, હું નમાઝમાં તેની તરફ જોઈને મશગૂલ થઈ ગયો.

પુરુષોના માટે સોનાના ઘરેણાંઓ હરામ હોવાના અગાઉ એક દિવસ સોનાની વિંટી પહેરીને મિમ્બર પર બિરાજમાન હતા. આપે તેને ઉતારીને ફેંકી દીધી અને ફરમાવ્યું કે આ મારું ધ્યાન તેના તરફ આકર્ષે છે.

હઝરત અબૂતલ્હા رضی اللہ عنہએ એકવાર પોતાના બાગમાં નમાઝ પઢી તો અચાનક એક પક્ષી ઉડયું અને તે ઝાડોમાંથી નીકળવાનો માર્ગ શોધવા લાગ્યું. હઝરત અબૂતલ્હા رضی اللہ عنہએ આશ્ચર્યસહ આ દશ્ય જોયું તો તેઓ અદા થયેલ રકાતોની ગણત્રી ભૂલી ગયા. આપ હુઝૂર ﷺની બારગાહમાં હાજર થયા અને તે અનુભવનું વર્ણન કરતાં કહેવા લાગ્યા કે હે અલ્લાહના રસૂલ ! ﷺ મેં બાગ અલ્લાહની રાહમાં આપી દીધો છે. હવે આપ જે રીતે ચાહો તેને ખર્ચ કરો.

એક અન્ય શખ્સે હઝરત ઉષ્માન رضی اللہ عنہના ખિલાફતકાળમાં પોતાના ખજૂરોથી લદાયેલા બાગમાં નમાઝ પઢી તો તેમની નજર ખજૂરોના ફળો જોવામાં એવી ખોવાઈ કે તેમને અદા કરેલ રકાતોની સંખ્યા યાદ ન રહી. નમાઝ પૂરી કરીને તે હઝરત ઉષ્માન رضی اللہ عنہની પાસે આવ્યા અને કહેવા લાગ્યા  કે મેં આ બાગને અલ્લાહના નામ પર બખ્શી દીધો છે, તેને અલ્લાહના માર્ગમાં ખર્ચી કાઢો. હઝરત ઉષ્માન رضی اللہ عنہએ તે બાગ પચાસ હજાર રૂપિયામાં વેચી નાખ્યો.

અસ્લાફે કિરામ (પૂર્વજ બુઝુર્ગો)માંથી કેટલાકનો ઈરશાદ છે કે નમાઝમાં ચાર ચીજો અતિશય બુરી છે. કોઈ અન્ય તરફ ધ્યાન કેન્દ્રિત કરવું, મોઢા પર હાથ ફેરવવો, કાંકરીઓ સાફ કરવી અને રસ્તા પર નજર દોડાવવી.

## ★ અલ્લાહ તઆલા પોતાના બંદાની તરફ તવજજોહ રાખે છે ★

ફરમાને નબવી છે કે અલ્લાહ તઆલા પોતાના બંદાની તરફ તવજજોહ રાખે છે જયાં સુધી તે પોતાનું ધ્યાન નમાઝથી નથી હટાવતો. હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضي الله عنه જયારે નમાઝમાં ઉભા થતા તો એવુ લાગતું કે જાણે કોઈ ખીલો (જમીનમાં) ખોસી દીધેલો છે. કેટલાક લોકો એટલા સુકૂનથી રૂકૂઅ કરતા કે પક્ષીઓ તેમને પથ્થર સમજી તેમની પીઠ પર બેસી જતાં.

સદ્‌બુધ્ધિનો પણ તકાઝો છે કે જયારે દુનિયવી શાનો શૌકતવાળા માણસોની સમક્ષ લોકો ખૂબ જ તાઝીમની સાથે હાજર થાય છે તો તે બાદશાહોના બાદશાહની સમક્ષ તો સૌથી વિશેષ કક્ષાની તાઝીમ તથા અદબ સાથે હાજર થવું જોઈએ.

તૌરાતમાં લખેલ છે કે હે ઈન્સાન ! મારી બારગાહમાં રૂદન કરતાં કરતાં હાજરી આપવામાં ન ગભરા. હું (તારો ખુદા) તારા દિલથી પણ વધુ નજીક છું અને દરેક જગાએ મારા નૂરની તજલ્લીઓ છે.

રિવાયત છે કે હઝરત ઉમર رضي الله عنهએ મિમ્બર પર ફરમાવ્યું કે ઈસ્લામની હાલતમાં મુસલમાન વૃધ્ધ થઈ જાય છે પણ તેની નમાઝ કામિલ નથી થતી. તો પૂછવામાં આવ્યું કે તે કેવી રીતે ? ફરમાવ્યું : દિલમાં ખુશૂઅ ન આવ્યો, ઈન્કેસારી (આજિઝી) પેદા ન થઈ અને નમાઝમાં અલ્લાહ તઆલાની તરફ પગથી માથા સુધી (પૂરેપૂરો) ધ્યાનિત ન થયો. (તો પછી નમાઝ કઈ રીતે કામિલ થઈ ?)

અબુ આલિયહ رحمة الله عليه પાસે આ આયત **اَلَّذين هم عن صلاتهم ساهون** "જેઓ પોતાની નમાઝોને ભૂલી બેઠા." *(પારા–૩૦, સૂ.માઊન, આયત–૫)*નો અર્થ પૂછવામાં આવ્યો તો તેમણે કહ્યું કે આ તે શખ્સના બારામાં છે જે નમાઝમાં ભૂલી જાય છે અને તેને એ ખબર નથી પડતી કે તેણે બે રકાત પઢી છે કે ત્રણ.

હઝરત હસન رحمة الله عليهનો કૌલ છે કે આ ઈર્શાદે ઈલાહી તે શખ્સના

વિશે છે જે નમાઝને ભૂલી જાય છે ત્યાં સુધી કે તેનો સમય પૂરો થઈ જાય છે.

નબી કરીમ ﷺનો ઈરશાદ છે કે અલ્લાહ તઆલા ફરમાવે છે કે મારા બંદાઓ ફર્ઝોને અદા કર્યા વગર મારાથી છૂટકારો નથી મેળવી શકવાના.

(પ્રકરણ : ૨૦)

# ગીબત (નિંદા)

## ★ ગીબતના વિશે ચેતવણી ★

ખુદાવંદે કુદ્દૂસે કુરઆન મજીદમાં ગીબતની બુરાઈના બયાનમાં ગીબત કરનારાઓને મુરદારનો ગોશ્ત (માંસ) ખાનારા કહ્યા છે.

જેમ કે ફરમાને ઈલાહી છે :–

**وَلَا يَغْتَبْ بَّعْضُكُمْ بَعْضاً اَيُحِبُّ اَحَدُكُمْ اَنْ يَّأْكُلَ لَحْمَ اَخِيْهِ مَيْتاً فَكَرِهْتُمُوْهُ**

‘‘એકબીજાની ગીબત ન કરો ! શું તમારામાંથી કોઈ પોતાના મરેલા ભાઈનો ગોશ્ત ખાવાનું પસંદ કરે છે ?’’ *(પારા–૨૬, સૂ. હુજુરાત, આયત–૧૨)*

ફરમાને નબી કરીમ ﷺ છે કે દરેક મુસલમાન પર બીજા મુસલમાનનું ખૂન, માલ અને ઈજ્જત હરામ છે. *(મુસ્નદે અહમદ ઈબ્ને હંબલ–૨/૫૪૧, સુનને અબૂ દાઊદ–૨/૬૬૯, અત્તરગીબ વત્તરહીબ–૩/૩૨૬)*

ઈરશાદે નબવી છે કે પોતે પોતાને ગીબતથી બચાવો કેમ કે **ગીબત ઝિનાથી પણ બદતર છે.** કેમ કે ઝાની (વ્યભિચારી) ગુનોહ કર્યો પછી તૌબા કરે છે તો અલ્લાહ તઆલા કબૂલ કરી લે છે પણ ગીબતનો ગુનોહ ત્યાં સુધી માફ નથી થતો **જ્યાં સુધી જેની ગીબત કરવામાં આવે તે માફ ન કરી દે.** *(મિશ્કાતુલ મસાબીહ–૨/૪૧૫, કન્ઝુલ ઉમ્માલ–૩/૫૮૬)*

કહે છે કે ગીબત કરનારાઓનું દષ્ટાંત એવું છે કે એક શખ્સે

મનિજિનીક (મોટા ભારે ભારે પથ્થરો ફેંકવાની ગોફણ જેવું મશીન) લગાડી જેના વડે તે પોતાની નેકીઓ ડાબે જમણે (ચો તરફ) ફેંકી રહ્યો છે !

રસૂલુલ્લાહ ﷺનો ઈરશાદ છે કે જે કોઈ મુસલમાન ભાઈની બુરાઈ ઈચ્છીને ગીબત કરે છે તો અલ્લાહ તઆલા તેને કિયામતના દિવસે જહન્નમના પુલસિરાત પર તે વખત સુધી ઉભો કરશે કે જે કાંઈ તેણે કહ્યું હતું તે ગળી જાય.

ફરમાને રસૂલે કરીમ ﷺ છે કે ગીબત (નિંદા)એ છે કે તું તારા ભાઈની તે ચીજનું વર્ણન કરે જેને તે નાપસંદ કરે છે ભલે તે તેના શરીરની કોઈ અયબ હોય, નસબનો અયબ હોય, તેના બોલચાલની કે દીન તથા દુનિયાનો અયબ હોય. એટલે સુધી કે તેનાં કપડાં તથા સવારીમાં પણ કોઈ અયબ કાઢશે તો એ ગીબત થશે. *(સુનને તિર્મિઝી–૨/૧૫, મુસ્નદે અહમદ બિન હંબલ–૩/૮૯, સુનને દારમી–૨/૨૩૮)*

કેટલાક મુતક઼દ્દેમીન (આગલા બુઝુર્ગો)નો ક઼ૌલ છે કે એવું કહેવું ફલાણાનું કપડુ લાંબુ કે ટૂંકુ છે એ પણ ગીબત છે, એવું નથી કે તેની જાતની ખામીઓ ગણવામાં આવે. (તો તે ગીબતની શું સ્થિતિ !)

એક નાના કદની સ્ત્રી કોઈક કામના માટે હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થઈ. જ્યારે પાછી જતી રહી તો હઝરત આઈશા رضی اللہ عنہاએ કહ્યું કે તેનું કદ કેટલું નાનુ હતું ! તો આપે ફરમાવ્યું, આઈશા ! તમે તેની ગીબત કરી છે. *(મુસ્નદે અહમદ બિન હંબલ ૭/૨૯૪)*

હુઝૂર ﷺ ઈરશાદ ફરમાવે છે કે પોતાની જાતને ગીબતથી બચાવો કેમ કે તેમાં ત્રણ મુસીબતો છે : ગીબત કરનારની દુઆ કબૂલ નથી થતી, તેની નેકીઓ કબૂલ નથી થતી અને તેના પર ગુનાહોની ચઢાઈ થાય છે.

## ★ ચુગલખોરનો અંજામ ★

હુઝૂર ﷺ ઈરશાદ ફરમાવે છે કે કિયામતના દિવસે બદતરીન માણસ ડબલ ચહેરાવાળો ચુગલખોર હશે, જે આપની પાસે જુદો ચહેરો લઈને આવે છે અને બીજાની પાસે એથી જુદો ચહેરો લઈ જાય છે. અને ફરમાવ્યું જે દુનિયામાં ચુગલખોરી કરે છે તો કિયામતના દિવસે તેના મોઢામાં

આગની બે જીભો દેખાશે. *(સહીહ બુખારી–૨/૮૯૫, સહીહ મુસ્લિમ–૨/૩૨૫, મિશ્કાતુલ મસાબીહ–૪૧૧)* હુઝૂર ﷺનો ઈરશાદ છે કે ચુગલખોર જન્નતમાં જશે નહીં. *(સહીહ બુખારી–૨/૮૯૫, અત્તરગીબ વત્તરહીબ–૩/૩૨૩)*

**હિકાયત** : અલ્લાહ તઆલાએ તમામ જાનવરોના મોઢામાં જીભ પેદા કરી છે પણ માછલીને જીભ નથી આપવામાં આવી. તેનું કારણ એ છે કે જયારે ખુદા તઆલાના હુકમથી ફરિશ્તાઓએ હઝરત આદમ علیہ السلامને સિજદો કર્યો અને ઈબ્લીસ મરદૂદ થઈને કદરૂપા થયેલ ચેહરે જમીન પર ફેંકવામાં આવ્યો તો સમુદ્રોની તરફ ગયો તો તેને સૌ પ્રથમ માછલી દેખાઈ જેને તેણે આદમ علیہ السلامના સર્જનનો કિસ્સો સંભળાવી અને એ પણ બતાવ્યું કે તે દરિયાઈ જાનવરોનો શિકાર કરશે. તો માછલીએ તમામ દરિયાઈ જાનવરો સુધી હઝરત આદમની કહાની કહી સંભળાવી. જેના લીધે અલ્લાહ તઆલાએ તેને જીભની નેઅમતથી વંચિત કરી દીધી.

## ★ ચુગલખોરની સજા ★

જનાબ અમ્ર ઈબ્ને દીનાર رحمۃ اللہ علیہ કહે છે કે મદીના તૈયબહમાં એક શખ્સ રહેતો હતો. જેની બહેન મદીનાની આસપાસમાં રહેતી હતી. તે બીમાર પડી ગઈ તો તે શખ્સ ચાકરીમાં લાગેલો રહ્યો, પરંતુ તે મૃત્યુ પામી. તો તે શખ્સે તેના કફન દફનની વ્યવસ્થા કરી. અંતે જયારે તેને દફન કરીને પાછો આવ્યો તો તેને યાદ આવ્યું કે તે રકમની એક થેલી કબરમાં ભૂલીને આવ્યો છે. તેણે તેના મિત્રની મદદ વડે કબર ખોલીને તે થેલી મેળવી લીધી. પછી તેણે મિત્રને કહ્યું કે જરા ખસજે હુ જોંઉ તો ખરો કે મારી બહેન શી હાલતમાં છે ? તેણે કબરમાં ઝાંકીને જોયું તો તે આગમાં ભડકી રહી હતી. તે ચૂપચાપ પાછો ચાલ્યો આવ્યો અને માને પૂછયું કે મારી બહેનમાં શુ કોઈ ખરાબ આદત હતી ? માએ કહ્યું કે તારી બહેનની આદત હતી કે તે પાડોશીઓના બારણે કાન લગાડી તેઓની વાતો સાંભળ્યા કરતી હતી અને ચુગલખોરી કર્યા કરતી હતી. જેથી તે શખ્સને ખબર પડી કે અઝાબનું કારણ શું છે ! જેથી જે શખ્સ કબ્રના અઝાબથી બચવા ઈચ્છે છે તેણે જોઈએ કે તે ગીબત તથા ચાડી ચુગલી કરવાથી બચે.

## ★ જનાબ અબુલ લયષ બુખારીનો એક પ્રસંગ ★

જનાબ અબુલ લયષ બુખારી رحمۃ اللہ علیہ હજના માટે ઘરેથી રવાના થયા અને બે દીનાર ખીસ્સામાં રાખી લીધા. રવાના થતી વખતે કસમ ખાધી કે જો મેં મક્કા મુકર્રમા જતાં કે ઘરે પાછા આવતાં કોઈની ગીબત કરી તો આ બે દીનાર અલ્લાહના નામ પર સદકો કરી દઈશ. આપ મક્કા મુકર્રમા સુધી ગયા અને ઘરે પાછા આવ્યા પણ દીનાર તે જ પ્રમાણે તેમના ખીસ્સામાં સલામત રહ્યા. તેમને ગીબતના વિશે પૂછવામાં આવ્યું તો તેમણે જવાબ આપ્યો કે **હું એક વખતની ગીબતને સો વખત ઝિના કરવાથી પણ બદતરીન સમજુ છું.**

જનાબ અબૂહફસ કબીર رحمۃ اللہ علیہનો કૌલ છે કે **હું કોઈ માસણની ગીબત કરવાને રમઝાનના રોઝા ન રાખવાથી પણ વધુ બદતર સમજુ છું.** પછી ફરમાવ્યું, જેણે **કોઈ આલિમની ગીબત કરી** તો કિયામતના દિવસે તેના ચહેરા પર લખેલુ હશે કે આ અલ્લાહની રહમતથી નાઉમ્મીદ છે.

ફરમાને નબવી છે કે મેઅરાજની રાત્રે મારે એવી કૌમ પાસેથી પસાર થવાનું થયું જેઓ પોતાના નખો વડે પોતાના ચહેરાઓને છોલી રહ્યા હતા અને મુરદાર ખાઈ રહ્યા હતા. મેં જિબ્રઈલે અમીનને પૂછયું કે આ કોણ લોકો છે ? જિબ્રઈલે કહ્યું કે આ તે લોકો છે જેઓ દુનિયામાં લોકોનો ગોશ્ત ખાતા રહ્યા છે. એટલે કે ગીબત કરતા રહ્યા છે. *(કન્ઝુલ ઉમ્માલ–૩/૫૮૭)*

હઝરત હસન رضی اللہ عنہનો કૌલ છે કે રબ્બે ઝુલ જલાલની કસમ ! ગીબત, કોળીયો પેટમાં પહોંચે તેના કરતાં પણ વધુ ઝડપથી મોમિનના દીનમાં ખલેલ નાખી દે છે.

હઝરત સલમાન ફારસી, હઝરત અબૂબક્ર તથા હઝરત ઉમર رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَની સાથે સફરમાં હતા અને તેઓની માટે જમવાનું તૈયાર કરતા હતા. એક વખતે એવો અકસ્માત બન્યો કે હઝરત સલ્માન رضی اللہ عنہને ખાવાની કોઈ ચીજ ન મળી જેને તૈયાર કરીને તે ખાઈ શકે. હઝરત અબૂબક્ર તથા હઝરત ઉમર رضی اللہ عنہماએ તેમને હુઝૂરની ખિદમતમાં મોકલ્યા

કે જઈને જુઓ કે ત્યાં કાંઈક હાજર છે ? તેમણે પાછા આવીને જણાવ્યું કે ત્યાં કાંઈ પણ નથી. તો તેઓએ કહ્યું કે જો તમે ફલાણા કૂવાની તરફ જાત તો તેનું પાણી પણ સુકાઈ જાત. ત્યારે આ આયત નાઝિલ થઈ, وَلَا يَغْتَبْ بَعْضُكُمْ بَعْضًا "એટલે કે એકબીજાની ગીબત ન કરો." *(પારા–૬, સૂ. હુજુરાત, આયત–૧૧)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہનો કૌલ છે કે તમે ભાઈની આંખનું તણખલુ જોઈ લો છો પણ તમને પોતાની આંખના થાંભલા નથી દેખાતા ! *(હિલ્યતુલ અવલિયા–૪/૧૦૪)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર ﷺએ ફરમાવ્યું કે જે દુનિયામાં પોતાના ભાઈનું માંસ ખાય છે તો કિયામતના દિવસે તેની સમક્ષ મરેલા ભાઈનું માંસ રાખવામાં આવશે અને કહેવામાં આવશે કે તું જીવતાં ખાતો હતો, હવે તેને મરેલાને પણ ખા ! અને તે તેને ખાશે. પછી આપે આ આયત પઢી, اَيُحِبُّ اَحَدُكُمْ اَنْ يَّأْكُلَ لَحْمَ اَخِيْهِ مَيْتًا "શુ તમારામાંથી કોઈ એ પસંદ કરે છે કે પોતાના મરેલા ભાઈનો ગોશત ખાય?" *(સૂ. હુજુરાત, આયત–૧૧)*

## ★ ગીબતની દુર્ગંધ અત્યારે કેમ મહસૂસ નથી થતી ? ★

હઝરત જાબિર ઈબ્ને અબદુલ્લાહ અન્સારી رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર ﷺના મુબારક સમયમાં ગીબત અંશતઃ કરવામાં આવતી હતી તેથી તેની બદબૂ આવતી હતી પણ હાલના સમયે ગીબત એટલી સામાન્ય થઈ ગઈ કે ઘ્રાણેન્દ્રિયો (સુંઘવાની નાકની જગાઓ) તેની બદબૂની આદી બની ગઈ છે જેથી તે તેને મહસૂસ જ નથી કરી શકતા. તેનું દષ્ટાંત એવું છે કે જેવી રીતે કોઈ ચામડા રંગનારાના ઘરમાં દાખલ થાય તો તે તેની દુર્ગંધથી એક ક્ષણ પણ રોકાઈ શકશે નહીં પણ તે લોકો ત્યાં જ ખાઈ પીએ છે અને તેઓને ગંધ જણાતી પણ નથી કેમ કે તેઓના નાક આ પ્રકારની દુર્ગંધના આદી બની ચૂકયાં છે અને એ જ હાલત આજે એ ગીબતની છે.

હઝરત કઅબ رضی اللہ عنہનો કૌલ છે કે મેં કોઈક કિતાબમાં વાંચ્યું છે કે જે શખ્સ ગીબતથી તૌબા કરીને મૃત્યુ પામ્યો તે જન્નતમાં સૌથી છેલ્લે

અને જે ગીબત કરતાં કરતાં મરી ગયો તે જહન્નમમાં સૌથી પહેલાં જશે. ફરમાને ઈલાહી છે, وَيۡلٌ لِّكُلِّ هُمَزَةٍ لُّمَزَةٍ "દરેક પીઠ પાછળ બુરાઈઓ કરનારા અને તારી મૌજૂદગીમાં બુરાઈઓ કરવાવાળાઓના માટે જહન્નમનો ખાડો છે." *(પારા-૩૦, સૂ. હમ્મહ, આયત-૧)*

આ આયત વલીદ ઈબ્ને મુગીરહના હકમાં નાઝિલ થઈ જે મુસલમાનો સમક્ષ હુઝૂર ﷺ અને મુસલમાનોની બુરાઈઓ કર્યા કરતો હતો. આ આયતનું શાને નુઝૂલ તો ખાસ છે પણ તેની ધમકી આમ (સર્વ માટે) છે.

## ★ ગીબત ઝિનાથી પણ બદતર છે ★

રસૂલે મકબૂલ ﷺ ઈરશાદ ફરમાવે છે કે, પોતે પોતાને ગીબતથી બચાવો, એ ઝિનાથી પણ બદતર છે. પૂછવામાં આવ્યું કે તે ઝિનાથી બદતર કઈ રીતે છે ? તો આપે ફરમાવ્યું કે માણસ ઝિના (વ્યભિચાર) કરીને તૌબા કરી લે છે તો અલ્લાહ તઆલા તેની તૌબા કૂબૂલ ફરમાવે છે પણ ગીબત કરનારાને જયાં સુધી તે માણસ જેની ગીબત કરવામાં આવી છે તે માફ ન કરે ત્યાં સુધી તેની તૌબા કૂબૂલ નથી થતી. એટલા માટે દરેક ગીબત કરવાવાળા માટે જરૂરી છે કે તે અલ્લાહ તઆલાની હુઝૂરીમાં લજજાની સાથે તૌબા કરે જેથી અલ્લાહના કરમથી ફયઝયાબ થઈને તે શખ્સથી માફી ચાહે જેની તેણે ગીબત કરી હતી તો ગીબતના અંધકારોથી મુકિત પ્રાપ્ત થાય. *(કન્ઝુલ ઉમ્માલ-૩/૫૮૬,૫૮૯, અત્તરગીર વત્તરહીબ-૩/૨૩૧)*

ફરમાને નબવી છે કે જે પોતાના મુસલમાન ભાઈની ગીબત કરે છે અલ્લાહ તઆલા કિયામતના દિવસે તેનું મોઢું મળદ્વાર તરફ ફેરવી દેશે. એટલા માટે દરેક ગીબત કરનારા માટે જરૂરી છે કે તે, તે મજલિસથી ઉઠતાં અગાઉ અલ્લાહ તઆલાથી માફી માંગી લે અને જે શખ્સની ગીબત કરી છે તે શખ્સ સુધી વાત પહોંચતા અગાઉ જ તેની પાસે માફી માંગી લે. કેમ કે ગીબતને ત્યાં સુધી પહોંચતા અગાઉ જેની ગીબત કરવામાં આવી હોય જો તૌબા કરી લેવામાં આવે તો તૌબા કબૂલ થઈ જાય છે, પણ જયારે વાત તે શખ્સ સુધી પહોંચી જાય તો જયાં સુધી તે ખૂદ માફ ન કરે તો તૌબાથી ગુનોહ માફ થશે નહીં અને એ જ પ્રમાણે શાદી પામેલી સ્ત્રી સાથે ઝિનાનો

મસ્અલો છે કે જયાં સુધી તેનો પતિ માફ ન કરે ત્યાં સુધી તૌબા કબૂલ થતી નથી. રહ્યો નમાઝ, રોઝા, હજ અને ઝકાતનો મસ્અલો તો તેમાં કઝા અદા કર્યા વગર તેની તૌબા પણ કબૂલ થશે નહીં. વલ્લાહુ અઅલમ.

*(પ્રકરણ : ૨૧)*

# ઝકાત

## ★ ઝકાત અદા ન કરનારા પર અઝાબ ★

ફરમાને ઈલાહી છે, **وَالَّذِيْنَ هُمْ لِلزَّكٰوةِ فٰعِلُوْنَ** ''અને તે લોકો જેઓ ઝકાત અદા કરવાવાળા છે.'' *(પારા–૧૮, સૂ.મુઅમિનૂન, આયત–૪)*

હઝરત અબૂહુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર ﷺએ ફરમાવ્યું કે જે શખ્સ પોતાના માલ તથા દૌલતનો હક અદા નથી કરતો તેના પાસાઓ અને પીઠને જહન્નમના સખત ગરમ પથ્થરો વડે કિયામતના દિવસે ડામ દેવાશે અને તેનું શરીર વિશાળ કરી દેવામાં આવશે અને જયારે તેની ગરમીમાં કાંઈક ઉણપ આવશે તો તેને વધારી દેવામાં આવશે અને દિવસ તેના માટે લાંબો કરી દેવામાં આવશે જેની લંબાઈ પચાસ હજાર વરસની હશે એટલે સુધી કે બંદાઓના અમલોનો ફેંસલો થશે પછી તેઓ જન્નતની તરફ પોતાના માર્ગે પ્રયાણ કરશે. *(સબલુલ હુદા વર્રશાદ, ૯/૨૫૧)*

ફરમાને ઈલાહી છે :–

**والذين يكنزون الذهب والفضة ولا ينفقو نها فى سبيل الله فبشر هم بعذاب اليم۔ يوم يحمى عليها فى نار جهنم فتكوى بها جباههم وجنوبهم وظهورهم هذا ماكنزتم لا نفسكم فذوقوا ماكنتم تكنزون**

''જે લોકો સોનુ ચાંદી જમા કરે છે અને તેને રાહે ખુદામાં ખર્ચ નથી કરતા તેઓને મહાન અઝાબની ખુશખબરી આપી દો. જે દિવસે તેઓના માલને જહન્નમની આગમાં તપાવવામાં આવશે અને જેના વડે તેઓનાં

પાસાંઓ, પેશાનીઓ અને પીઠોને ડામ દેવામાં આવશે કે આ છે જે કાંઈ તમે જમા કર્યું હતું તો હવે તમારા ભેગા કરેલા માલની મજા ચાખો !'' *(પારા–૧૦, સૂ. તૌબા, આયત–૩૪,૩૫)*

## ★ કિયામતના દિવસે ગરીબો અમીરોના માટે હલાકતનો સબબ બનશે ★

ફરમાને નબી ﷺ છે કે કિયામતના દિવસે ગરીબો અમીરોના માટે હલાકત (તબાહી)નો સબબ બનશે. જયારે તેઓ અલ્લાહ તઆલાની બારગાહમાં અર્ઝ કરશે કે હે અલ્લાહ ! તેઓએ અમારા હકકો દબાવી દઈને અમારા પર જુલ્મ કર્યો હતો. રબ ફરમાવશે, મને મારી ઈઝ્ઝત તથા જલાલની કસમ ! આજે હું તમને મારી રહમતના પડોશમાં જગા આપીશ અને તેઓને મારી રહમતથી દૂર કરી દઈશ. પછી આપે આ આયત પઢી, **فی اموا لهم حق معلوم للسائل والمحروم ''ગનીઓ (માલદારો)ના માલમાં સાઈલ અને ફુકરા (ગરીબો)નો એક નિશ્ચિત હક છે.''** *(પારા–૨૯, સૂ. મઆરિજ, આયત–૨૪,૨૫)*

ફરમાને નબવી છે કે મેઅરાજની રાત્રે હું એક એવી કૌમ પાસેથી પસાર થયો જેઓએ પોતાની આગળ પાછળ ચીંથરાંઓ લગાડયાં હતાં અને જહન્નમનો થોર અને બદબૂદાર ઘાસ જાનવરોની જેમ ખાઈ રહ્યા હતા. મેં પૂછયું જિબ્રઈલ આ કોણ છે ? જિબ્રઈલે અર્ઝ કરી, હુઝૂર ! આ તે લોકો છે જેઓ પોતાના માલનો સદકો (ઝકાત) આપતા ન હતા. અલ્લાહ તઆલાએ નહીં બલ્કે તેઓએ જાતે જ પોતે પોતાના ઉપર જુલ્મ કર્યો છે.

## ★ અજીબો ગરીબ હિકાયત ★

તાબઈન رضوان الله تعالیٰ علیهم اجمعین ની એક જમાઅત હઝરત અબી સિનાન رضی الله عنه ની ઝિયારતના માટે આવી. જયારે તે લોકોને ત્યાં બેસવાને અમુક સમય પસાર થયો તો જનાબ અબી સિનાન رضی الله عنه એ કહ્યું કે અમારો એક પાડોશી મૃત્યુ પામ્યો છે તો ચાલો તાઝિયતના માટે તેના ભાઈની પાસે જઈએ. મુહમ્મદ ઈબ્ને યૂસુફ ફર્યાબી કહે છે કે અમે આપની સાથે

રવાના થઈ ગયા અને તેના ભાઈની પાસે પહોંચ્યા તો જોયું કે તે ખૂબ જ અફસોસ વ્યકત કરી રહ્યો હતો. અમે તેને ઘણી તસલ્લીઓ આપી અને સબ્ર કરવાની શીખામણ આપણી પણ તેનું રૂદન તથા અફસોસ તે જ પ્રમાણે ચાલુ રહ્યું. અમે કહ્યું કે શું તમને ખબર નથી કે દરેક શખ્સે આખરે મરી જવાનું છે ? તે કહેવા લાગ્યો કે એ સાચું છે પણ હું મારા ભાઈના અઝાબના લીધે રડુ છું. અમે પૂછયું કે શું અલ્લાહ તઆલાએ તમને ગયબથી તમારા ભાઈના અઝાબની ખબર આપી છે ? તો કહેવા લાગ્યો કે નહીં બલ્કે થયું એવું કે જયારે બધા લોકો મારા ભાઈને દફન કરીને ચાલ્યા ગયા તો હું ત્યાં જ બેસી રહ્યો. મેં તેની કબરમાંથી અવાજ સાંભળ્યો, તે કહી રહ્યો હતો કે અફસોસ ! તેઓ મને એકલો છોડી ગયા અને હું અઝાબમાં સપડાયો છું. મારી નમાઝો અને રોઝા કયાં ગયા ? મારાથી સહન ન થયું તો મેં તેની કબર ખોદવાનું શરૂ કર્યું જેથી જોઉં કે મારો ભાઈ શું સ્થિતિમાં છે ? જેવી કબર ખુલી તો મેં જોયું કે તેની કબરમાં આગ ભડકી રહી છે અને તેની ગરદનમાં આગનો તૌક પડેલો છે. હું મહોબ્બતમાં દીવાનાની જેમ આગળ વધ્યો અને તેની ગરદનમાંથી તે તૌક ઉતારવા ચાહ્યું, જેને હાથ લગાડતાં જ મારો આ હાથ આંગળીઓ સાથે સળગી ગયો છે.

અમે જોયું કે ખરેખર તેનો હાથ બિલકુલ કાળો થઈ ચૂકયો છે. તેણે વાતનો ક્રમ ચાલુ રાખતાં કહ્યું કે મેં તેની કબર પર માટી નાખી અને પાછો ચાલ્યો આવ્યો. જો હવે હું રડીશ નહીં તો બીજુ કોણ રડશે ? તેણે કહ્યું કે તે પોતાના માલની ઝકાત દેતો ન હતો. અમે એકાએક બોલી ઉઠયા કે આ તે ફરમાને ઈલાહીને સાચુ પાડે છે કે :–

ولا يحسبن الذين يبخلون بما اتاهم الله من فضله هو خيرا لهم بل
هو شرلهم سيطوقون ما بخلوا به يوم القيٰمة

''અને જે લોકો અમારા ફઝલથી અતા કરેલ માલમાં કંજૂસાઈ કરે છે તેઓ તેને પોતાના માટે બેહતર ન સમજે. બલ્કે એ તેઓના માટે મુસીબત છે નજીકમાં જ કિયામતના દિવસે તેઓને તૌક પહેરાવવામાં આવશે.'' *(સૂ. આલે ઈમરાન, આયત–૧૮૦)* તારા ભાઈને કિ઼યામતથી પહેલાં જ અઝાબ આપી દેવામાં આવ્યો છે !

જનાબ મુહમ્મદ ઈબ્ને યૂસુફ ફર્યાબી કહે છે કે અમે ત્યાંથી રસૂલુલ્લાહ ﷺના સહાબી હઝરત અબૂઝર رضی اللہ عنہની ખિદમતમાં આવ્યા અને તેમને આખો પ્રસંગ સંભળાવીને પૂછયું કે યહૂદી તથા નસારા (ઈસાઈ) મરે છે પણ તેઓની સાથે કદી આવો અકસ્માત નથી જોવામાં આવ્યો તો તેનું શું કારણ છે ? તેમણે ફરમાવ્યું કે તેમાં કોઈ શક નથી કે તેઓ કાયમ માટે અઝાબમાં છે પણ અલ્લાહ તઆલા તમને ઈબ્રત હાંસલ કરવાના માટે મુસલમાનોની આ હાલતો બતાવે છે. ફરમાને ઈલાહી છે, **فمن ابصر فلنفسه ومن عمى فعليها وما انا عليكم بحفيظ** "અને જેણે જોયું તે પોતાના ભલા માટે અને જે આંધળો બન્યો તે પોતાના બુરા માટે. અને તમારા પર ચોકીદાર નથી." *(પારા-૭, સૂ.અન્આમ, આયત-૧૦૪)*

હુઝૂર ﷺનો ઈરશાદ છે કે ઝકાત ન દેનારા અલ્લાહ તઆલાને ત્યાં યહૂદી તથા નસરાનીઓની જેમ છે. ઉશ્ર ન દેવાવાળા મજૂસી (પારસી -અગ્નિપૂજક)ની જેમ છે અને જે લોકો ઝકાત અને ઉશ્ર ન દેનારા છે તેઓ નબી કરીમ ﷺ અને ફરિશ્તાઓની ઝબાનથી મલઊન ઠર્યા અને તેઓની ગવાહી સ્વીકારને પાત્ર નથી. અને ફર્માવ્યું કે તેશખ્સના માટે ખુશખબરી છે જેના પર કિયામત અને ઝકાતનો અઝાબ નથી. જે શખ્સે પોતાના માલની ઝકાત અદા કરી તો અલ્લાહ તઆલાએ તેના માટે કબરનો અઝાબ ઉઠાવી લીધો, તેના માટે જહન્નમને હરામ કરી દીધી, તેના માટે હિસાબ વગર જન્નત વાજિબ કરી દીધી અને તેને કિયામતના દિવસે તરસ લાગશે નહીં.

(પ્રકરણ : ૨૨)

# ઝિના (વ્યભિચાર)

ફરમાને ઈલાહી છે : وَالَّذِيۡنَ هُمۡ لِفُرُوۡجِهِمۡ حٰفِظُوۡنَ ''તેઓ હરામ અને બદકારી (ખરાબ કૃત્યો)થી પોતાની શરમગાહો (ગુપ્તાંગો)ની હિફાઝત કરે છે.'' *(સૂ. મુઅમિનૂન, આ.૫)* એક અન્ય આયતમાં ઈરશાદે રબ્બાની છે, وَلَا تَقۡرَبُوا الۡفَوَاحِشَ مَا ظَهَرَ مِنۡهَا وَمَا بَطَنَ એટલે કે નાના, મોટા, જાહેરી, છુપા કોઈપણ ગુનાહની નજીક ન જાવ. *(સૂ. અન્આમ, આયત–૧૫૧, પારા–૮)* અહીં મોટાથી મુરાદ ઝિના અને નાનાથી મુરાદ ચુંબન કરવું, ખરાબ નજરથી જોવું અને સ્પર્શ કરવો. જેમ કે હુઝૂર ﷺનો મુબારક ઈરશાદ છે કે હાથ ઝિના કરે છે, પગ ઝિના કરે છે અને આંખો ઝિના કરે છે. *(મુસ્નદે અહમદ બિન હંબલ–૧/૬૮૦, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની–૧૦/૧૦, કન્ઝુલ ઉમ્માલ–૫/૩૨૭)*

ફરમાને ઈલાહી છે :–

قل للمومنين يغضو من ابصارهم ويحفظوا فروجهم ذلك ازكى لهم

''મોમિનોને કહી દો કે પોતાની આંખો બંધ કરી લે અને પોતાની શર્મગાહોની હિફાઝત કરે.'' *(પારા–૧૮, સૂ.નૂર, આયત–૩૦)*

અલ્લાહ તઆલાએ મુસલમાન સ્ત્રીઓ તથા પુરુષોને હુકમ આપ્યો છે કે તેઓ હરામની તરફ ન જુએ અને પોતાનાં ગુપ્તાંગોને હરામ કાર્યોમાં પડવાથી સુરક્ષિત રાખે.

અલ્લાહ તઆલાએ વિવિધ આયતોમાં ઝિનાની હુરમત (હરામ હોવાનું) બયાન ફરમાવી છે. એક જગાએ ઈરશાદે રબ્બાની છે, وَمَنۡ يَّفۡعَلۡ ذٰلِكَ يَلۡقَ اَثَامًا ''જે શખ્સ ઝિના કરે છે તેને અષામમાં નાખવામાં આવે છે.'' *(પારા–૧૯, સૂ.ફુર્કાન, આયત–૬૮)*

અષામના વિશે કહેવામાં આવ્યું છે કે જહન્નમની એક વાદી છે. કેટલાક ઉલમાએ કહ્યું કે તે જહન્નમની એક ગુફા છે, જયારે તેનં મોઢુ ખોલવામાં આવશે તો તેની સખત દુર્ગંધથી જહન્નમીઓ ચીસો પાડી ઉઠશે.

## ★ ઝિનાની છ આફતો છે ★

કેટલાક સહાબાએ કિરામ رضی اللہ عنہથી મરવી છે કે ઝિનાથી બચો તેમાં છ મુસીબતો છે, ત્રણનો સંબંધ દુનિયાથી છે અને ત્રણનો આખેરત સાથે. દુનિયામાં રિઝક (રોજી) ઘટી જાય છે. જિંદગી ટૂંકી થઈ જાય છે અને ચહેરો બેડોળ થઈ જાય છે. આખેરતમાં ખુદાની નારાઝગી, સખત હિસાબ કિતાબ અને જહન્નમમાં દાખલ થવાનું છે. *(હિલ્યતુલ અવલિયા, ૪/૧૧૯, કન્ઝુલ ઉમ્માલ–૫/૩૧૬)*

રિવાયત છે કે હઝરત મૂસા علیہ السلامએ ઝિનાખોરની સજાના વિશે પૂછયું તો રબ તઆલાએ ફરમાવ્યું કે હું તેને આગનું બખ્તર પહેરાવીશ, તે એટલું વજનદાર છે કે જો ખૂબ જ મોટા પહાડ પર રાખી દેવામાં આવે તો તે પણ ભાંગીને ભૂકો બની રજકણોમાં ફેરવાય જાય. કહે છે કે ઈબ્લીસને હજાર બદકાર પુરુષો કરતાં એક બદકાર સ્ત્રી વધુ પસંદ હોય છે.

મસાબીહમાં ઈર્શાદે રસૂલે અકરમ صلی اللہ علیہ وسلم છે કે જયારે બંદો ઝિના કરે છે તો તેનું ઈમાન નીકળી જાય છે અને તેના માથા પર છત્રીની જેમ અધ્ધર રહે છે અને જયારે તે ગુનાહથી નવરો પડે છે તો તેનું ઈમાન પાછુ આવી જાય છે. *(સુનને તિર્મિઝી અબ્વાબુલ બર–૨/૯૦, સુનને અબૂ દાઊદ અબ્વાબુસ્સુન્નહ–૬૪૪, અલ્કબાઈર, પેજ–૫૧)*

કિતાબે ઈકનાઅમાં ફરમાને હુઝૂર صلی اللہ علیہ وسلم છે કે અલ્લાહ તઆલાની નજીક નુત્ફાને (વિર્યને) હરામકારીમાં વાપરવાથી મોટો કોઈ ગુનોહ નથી. *(કન્ઝુલ ઉમ્માલ, ૫/૩૧૪, અલ્કબાઈર, પેજ : ૫૩)*

અને જેમ કે હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફરમાવ્યું કે જન્નતની ખુશ્બુ પાંચસો વરસના અંતરેથી આવશે પણ સૃષ્ટિ વિરુધ્ધ કૃત્ય આચરનારા તેનાથી વંચિત રહેશે.

## ★ અમરદ એક ફિત્નો છે ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ ઘરની બહાર બેઠા હતા તેવામાં એક અમરદ આવતો દેખાયો તો આપ દોડીને ઘરમાં ઘુસી ગયા અને દરવાજો બંધ કરી લીધો. કેટલીક વાર પછી પૂછયું કે, ફિત્નો ચાલ્યો

ગયો કે નહીં ? લોકોએ કહ્યું કે, ચાલ્યો ગયો. ત્યારે આપ બહાર આવ્યા અને ફરમાવ્યું, ફરમાને નબવી છે કે તેમની સામે જોવું, વાતચીત કરવી અને તેની પાસે બેસવું હરામ છે. (અમરદ=દાઢી મૂંછ ફૂટી નથી તેવો છોકરો)

જનાબ કાઝી ઈમામ رحمۃ اللہ علیہનો કૌલ છે કે મેં કેટલાક મશાઈખથી સાંભળ્યું છે કે સ્ત્રીની સાથે એક શયતાન અને અમરદની સાથે અઢાર શયતાનો હોય છે.

રિવાયત છે કે **જેણે વાસનાસહ છોકરાને ચુંબન કર્યું તે પાંચસો વરસ સુધી જહન્નમમાં સળગશે અને જેણે કોઈ સ્ત્રીને ચુંબન કર્યું તેણે જાણે કે સિત્તેર કુંવારી છોકરીઓની સાથે વ્યભિચાર કર્યો અને જેણે કોઈ કુંવારી સ્ત્રી સાથે વ્યભિચાર કર્યો તેણે જાણે કે સિત્તેર હજાર શાદી પામેલી સ્ત્રીઓ સાથે વ્યભિચાર કર્યો.**

રોનકુત્તફાસીરમાં કલબી رحمۃ اللہ علیہથી મનકૂલ છે કે સૌથી પ્રથમ સૃષ્ટિ વિરુધ્ધ કાર્ય ઈબ્લીસે શરૂ કર્યું. તે હઝરત લૂત علیہ السلامની કૌમમાં એક ખૂબ જ રૂપાળા છોકરાની શિકલમાં આવ્યો અને લોકોને પોતાના તરફ આકર્ષ્યા એટલે સુધી કે સૃષ્ટિ વિરુધ્ધ કાર્ય તે લોકોની આદત બની ગઈ. જે પણ મુસાફિર આવતો તે તેની સાથે ખરાબ કાર્ય કરતો. હઝરત લૂત علیہ السلامએ તેઓને આ બદકૃત્યથી રોકયા, અલ્લાહની તરફ બોલાવ્યા અને ખુદા તઆલાના અઝાબથી ડરાવ્યા તો તેઓ કહેવા લાગ્યા કે જો તમે સાચા છો તો જાવ અઝાબ લઈ આવો ! હઝરત લૂત علیہ السلامએ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતથી દુઆ માંગી જેના જવાબમાં તેઓના ઉપર પથ્થરોની વર્ષા થઈ. દરેક પથ્થર પર એક માસણનું નામ લખેલું હતું અને તે તે જ માણસને આવીને વાગ્યો. અલ્લાહ તઆલાનું ફર્માન છે : **مُسَوَّمَةً عِندَ رَبِّكَ** "જે નિશાની કરેલા તારા રબની પાસે છે." *(સૂ. હૂદ, આયત–૮૩, પારા–૧૨)*

## ★ લૂત علیہ السلامની કૌમમાં એક વેપારીનો પ્રસંગ ★

હઝરત લૂત علیہ السلامની કૌમનો એક વેપારી મકકામાં વેપારના ઈરાદે

આવ્યો. તેના નામનો પથ્થર ત્યાં જ પહોંચી ગયો પણ ફરિશ્તાઓએ એવું કહીને રોકી લીધો કે આ અલ્લાહનું હરમ છે. જેથી ચાલીસ દિવસ તે પથ્થર હરમની બહાર જમીન તથા આસમાનની વચ્ચે અધ્ધર રહ્યો એટલે સુધી કે તે શખ્સ વેપારથી પરવારીને મકકા મોઅઝઝમાથી બહાર નીકળ્યો અને તે પથ્થરથી ટકરાયો જેનાથી તે શખ્સ હલાક થઈ ગયો. હઝરત લૂત علیہ السلام પોતાના તમામ ઘરવાળાઓને લઈને આબાદીથી બહાર નીકળી ગયા અને ફરમાવ્યું કે કોઈ પાછુ વળીને ન જુએ. જયારે કૌમ પર અઝાબ નાઝિલ થયો તો તેમની પત્નીએ અવાજો સાંભળીને પાછળ જોયું અને કહ્યું કે હાય મારી કૌમ ! જેના કારણે તેને એક પથ્થર વાગ્યો અને તે હલાક થઈ ગઈ. મુજાહિદ કહે છે કે જયારે સવાર થવા આવી તો હઝરત જિબ્રઈલ علیہ السلام એ તે વસ્તીઓને પાંખો પર ઉઠાવી લીધી અને એટલી ઊંચાઈ સુધી લઈ ગયા કે આસમાનના ફરિશ્તાઓએ તેઓનાં કૂતરાઓને ભસવાનો અને મરઘાઓને બાંગ પોકારતા સાંભળી લીધાં, ત્યારે તે વસ્તીઓને પલટી દેવામાં આવી. સૌથી પ્રથમ તેઓના મકાનો પડયા પછી તેઓ ઉંધા મોઢે જમીન પર આવીને પડયા અને તેઓ પર પથ્થર વરસાવવામાં આવ્યાં.

કહે છે કે આ પાંચ શહેરો હતાં જેમાં સૌથી મોટુ સદૂમનું શહેર હતું. તે શહેરોની વસ્તી ચાર લાખની હતી. અલ્લાહ તઆલાએ તેઓને સૂરએ બરાતમાં મુઅતફિકાતના નામથી યાદ કર્યા છે.

(પ્રકરણ : ૨૩)

# મા બાપના હકકો અને સંબંધીઓથી સદવર્તાવ

ફરમાને ઈલાહી છે :– وَاتَّقُوا اللّٰهَ الَّذِىْ تَسَآءَ لُوْنِ بِهٖ وَالْاَ رْحَام ‘‘અલ્લાહથી ડરો જેના નામથી માંગો છો અને રિશ્તાઓનો લેહાઝ રાખો.’’ *(સૂ. નિસાઅ, આયત–૧, પારા–૪)*

ફરમાને ઈલાહી છે :–

فَهَلْ عَسَيْتُمْ اِنْ تَوَلَّيْتُمْ اَنْ تُفْسِدُوْا فِى الْاَ رْضِ وَ تُقَطِّعُوْآ اَرْحَامَكُمْ۔

اُولٰٓئِكَ الَّذِيْنَ لَعَنَهُمُ اللّٰهُ فَاَصَمَّهُمْ وَاَعْمٰى اَبْصَارَهُمْ

‘‘તો શું તમારા આ ઢંગ નજર આવે છે કે જો તમને હુકૂમત મળે તો તમે જમીન પર ફિત્ના ફસાદ ફેલાવો અને પોતાના સંબંધો કાપી નાખો. આ તે લોકો છે જેઓના પર અલ્લાહ તઆલાએ લાનત ફરમાવી. જેઓને હક સાંભળવાથી બહેરા અને હક જોવાથી આંધળા કરી દીધા.’’ *(પારા–૨૬, સૂ.મુહમ્મદ, આયત–૨૨,૨૩)*

ફરમાને ઈલાહી છે :–

الذين ينقضون عهد الله من بعد ميثاقه ويقطعون ما امر الله به ان يو

صل ويفسدون فى الا رض اولئك هم الخسرون

‘‘જેઓ અલ્લાહથી કરેલા વાયદાઓ તોડે છે અને જે ચીજને મિલાવવાનો અલ્લાહે હુકમ આપ્યો છે તેની સાથે સંબંધ કાપે છે અને જમીનમાં ફસાદ મચાવે છે તેઓ નુકસાનમાં છે.’’ *(પારા–૧૧, સૂ.બકરહ, આયત–૨૭)*

ફરમાને ઈલાહી છે કે જે લોકો ખુદા તઆલાને કરેલ વાયદાને તોડે છે અને જે ચીજને મિલાવવાનો અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો છે તેનાથી સંબંધ કાપે છે તેઓના માટે ખુદા તઆલાની લાનત અને બુરૂ ઠેકાણુ છે. *(પારા–૧૧, સૂ.રઅદ, આયત–૨૭)*

## ★ નબી કરીમ ﷺના ઈર્શાદો ★

સહીહૈનમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે જયારે ખુદા તઆલા મખ્લૂકની પેદાઈશથી ફારિગ થઈ ગયો તો રિશ્તેદારીએ ઉભા થઈને અર્ઝ કરી કે હું તારાથી કતએ રહમી (અઝીઝોથી સંબંધ તોડી દેવા)ની પનાહ માગું છું. રબ તઆલાએ ફરમાવ્યું કે શું તુ એ વાત પર રાજી છે કે જેણે તારાથી સંબંધ જોડયો તેની સાથે હું સબંધ જોડીશ અને જેણે તારાથી સંબંધ કાપી નાખ્યો તેને હું કટ કરી દઈશ. તો તેણે કહ્યું કે હું રાજી છું. પછી હુઝૂર ﷺએ فَهَلْ عَسَيْتُمْ છેવટ સુધી પઢી. *(સહીહ બુખારી, ૨/૭૧૬, સહીહ મુસ્લિમ–૨/૩૧૫, અસ્સુનને કુબરા લિલ્બયહકી, ૭/૪૨)*

હઝરત અબી બકરહ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર ﷺએ ફરમાવ્યું કે બગાવત અને સંબંધ તોડવો એ એવા ગુનાહો છે જેના માટે દુનિયા અને આખેરતમાં અઝાબ આપવામાં આવે છે. *(મુસ્નદે અહમદ બિન હંબલ–૩/૫૦૨, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૨/૧૧૮)*

સહીહૈનમાં છે કે અઝીઝોથી સબંધ તોડનાર (કૃતએ રહમી કરનાર) જન્નતમાં જશે નહીં. *(સુનને ઈબ્ને માજહ, પેજ–૩૧૦ અસ્સુનને કુબરા લિલ્બયહકી–૧૦/૩૯૬, સહીહ ઈબ્ને હબ્બાન–૧/૪૧૪)*

મુસ્નદે અહમદમાં છે કે ઈન્સાનના અમલો દર જુમેરાતે પેશ કરવામાં આવે છે પણ અઝીઝોથી રિશ્તો કાપનારનો કોઈ અમલ કબૂલ નથી થતો. *(અત્તરગીબ વત્તરહીબ, ૩/૨૩૩, મુસ્નદે અહમદ બિન હંબલ–૩/૨૬૨)* બયહકીની રિવાયત છે કે હુઝૂર ﷺએ ફરમાવ્યું કે જિબ્રઈલ علیہ السلام પંદરમી શાબાનની રાત્રે મારી પાસે આવ્યા અને કહ્યું કે આજની રાતે અલ્લાહ તઆલા બનૂકલ્બની બકરીઓના બાલોની સંખ્યા જેટલા ગુનેહગારોને બખ્શી દે છે પણ મુશ્રિક, કીનો ધરાવનાર, સંબંધોને તોડનાર, ઘમંડના લીધે પોતાના તેહબંદને ઘસડીને ચાલનાર, મા બાપનો નાફરમાન અને શરાબી બખ્શવામાં નથી આવતા.

ઈબ્ને હબ્બાનથી મરવી છે કે ત્રણ માણસો જન્નતમાં જશે નહીં,

એક શરાબી, સગાંથી સંબંધો તોડનાર, જાદૂગર. *(મુસ્નદે અહમદ બિન હંબલ–૫/૫૪૪, અત્તરગીબ વત્તરહીબ–૩/૨૩૩,૧૭૫)*

મુસ્નદે અહમદ, ઈબ્ને અબીદદુન્યા અને બયહકીથી મરવી છે કે આ ઉમ્મતના કેટલાક લોકો ખાવા પીવામાં અને ખેલકૂદમાં રાતો પસાર કરશે. જયારે સવાર થશે તો તેઓના ચહેરા કઢંગા થઈ જશે, તેઓને જમીનમાં ધસાવી દેવામાં આવશે. સવારમાં લોકો એકબીજાથી કહેશે કે ફલાણુ ખાનદાન જમીનમાં ધસી ગયું છે. ફલાણો સગો પોતાના ઘરની સાથે જમીનમાં ગર્ક થઈ ગયો છે. તેઓનું મદ્યપાન (શરાબનોશી), વ્યાજખોરી, અઝીઝોથી સંબંધ કાપવાનું કૃત્ય, નાચગાનની આશિકી અને રેશમી પહેરવેશ પહેરવાના લીધે તેઓના પર કૌમે લૂતની જેમ પથ્થરોની વર્ષા થશે અને કૌમે આદની જેમ તેઓના પર હલાકતખેઝ આંધીઓ મોકલવામાં આવશે જેનાથી તેઓ પોતાના કબીલાઓ સમેત હલાક થઈ જશે.

તિબરાનીએ અવસતમાં હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત કરી છે કે હુઝૂર ﷺ કાશાનએ નબુવ્વતથી બહાર તશરીફ લાવ્યા. અમે લોકો સમૂહમાં બેઠેલા હતા. આપે અમને જોઈને ફરમાવ્યું કે હે મુસલમાનો ! અલ્લાહથી ડરો અને સગા સંબંધીઓથી સદવર્તાવ કરો કેમ કે સંબંધીઓથી સદવર્તાવનો સવાબ ખૂબ જ જલ્દી મળે છે. જુલ્મ તથા જબરદસ્તી કરવાથી બચો કેમ કે તેની પકડ ખૂબ જ જલ્દી થાય છે. વાલિદૈનની નાફરમાનીથી બચો. જન્નતની ખુશ્બુ હજાર વરસના અંતરેથી આવશે પણ વાલિદૈન (મા બાપ)નો નાફરર્માન તેનાથી વચિત રહેશે. રિશ્તેદારી ન રાખનારો, વૃધ્ધ ઝિનાકાર અને ઘમંડને કારણે લેંગો ઘસેડનારો તેનાથી વંચિત રહેશે. *(અત્તરગીબ વત્તરહીબ–૩/૨૩૪, અલ્મોઅજમુલ અવસત લિત્તબરાની–૪/૧૮૭ હદીષ–૫૬૬૪)*

અસ્બહાનીથી મરવી છે કે અમે રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં બેઠેલા હતા. આપે ફરમાવ્યું, **રિશ્તાઓ તોડનાર અમારી મજલિસમાં ન બેસે.** મજલિસમાંથી એક યુવાન ઉઠીને માસીને ત્યાં ચાલ્યો ગયો. તેમની વચ્ચે કોઈક ઝઘડો હતો જેના માટે તેમની માફી માંગી. બંને જણે

એકબીજાને માફ કરી દીધાં અને ફરીથી હુઝૂર ﷺની મજલિસમાં બેસી ગયો. આપે ફરમાવ્યું કે તે કૌમ પર રહમતે ખુદાવંદીનું નુઝૂલ નથી થતું જેઓમાં રિશ્તાઓ તોડનાર મૌજૂદ હોય. *(કન્ઝુલ ઉમ્માલ–૩/૭૬૫, અત્તરગીબ વત્તરહીબ–૩/૨૩૪)*

તેનું સમર્થન આ રિવાયતથી થાય છે, જેમાં મરવી છે કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ હુઝૂર ﷺની હદીષો સંભળાવી રહ્યા હતા. આપે કહ્યું કે દરેક તે માણસ જે સંબંધીઓથી રિશ્તો તોડનાર હોય તે અમારી મહેફિલેથી ઉઠી જાય. એક યુવાન ઉઠીને પોતાની માસીને ત્યાં ગયો જેની સાથે તેનો બે વરસ જૂનો ઝઘડો હતો. જ્યારે બંનેવ એકબીજાથી રાજી થઈ ગયાં તો તે યુવાનને માસીએ કહ્યું કે તું જઈને એનું કારણ પૂછ કે આખરે આવું શા માટે થયું ? હઝરત અબૂહુરૈરહ رضی اللہ عنہએ કહ્યું કે, મે હુઝૂર ﷺથી સાંભળ્યું છે કે આપે ફરમાવ્યું, જે કૌમ સગા સંબંધીઓથી સંબંધો તોડનારી હોય તેના પર અલ્લાહની રહમતનું નુઝૂલ થતું નથી. *(અત્તરગીબ વત્તરહીબ–૩/૨૩૪)*

તિબરાનીમાં અઅમશની રિવાયત છે કે હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ એક સવારે મહેફિલમાં બેઠેલા હતા. તેમણે કહ્યું કે હું અઝીઝોથી સંબંધો કાપનારને ખુદાની કસમ આપુ છુ કે તે અહીંથી ઉઠી જાય જેથી અલ્લાહ તઆલાથી મગફિરતની દુઆ કરીએ, કેમ કે રિશ્તાઓ તોડનાર પર આસમાનના દરવાજા બંધ રહે છે. (જો તે અહીં મૌજૂદ રહેશે તો અમારી દુઆ કબૂલ થશે નહી.) *(અલ્મોઅજમુલ કબીર લિલ્બરાની–૯/૧૫૮)*

સહીહૈનમાં છે કે **રિશ્તેદારી** અને **સગાઈ** ખુદાના અર્શ પર અધ્ધર છે અને કહે છે કે જેણે મને જોડી અલ્લાહ તેને જોડે અને જેણે મારાથી સંબંધ તોડયો તેનાથી અલ્લાહ તઆલા સંબંધ તોડે. *(સહીહ મુસ્લિમ–૨/૩૧૫, અસ્સુનનુલ કુબરા લિલ્બયહકી–૭/૪૩)*

હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ કહે છે કે મેં હુઝૂર ﷺથી સાંભળ્યું કે આપ ફરમાવી રહ્યા હતા કે અલ્લાહ તઆલા ફરમાવે છે , હું અલ્લાહ છું, હું રહમાન છું મેં રહમાને પેદા કરી અને તેને પોતાના નામ સાથે સંબંધિત કરી. જેણે સગા સંબંધીઓથી સદવર્તાવ કર્યો તેને હું મારી

રહમતથી મિલાવીશ અને જેણે સબંધો કાપ્યા તેને હું પોતાની રહમતથી દૂર કરીશ. *(સુનને તિર્મિઝી–૨/૧૨, સહીહ ઈબ્ને હબ્બાન–૧/૪૦૮)*

મુસ્નદે અહમદમાં રિવાયત છે કે સૌથી મોટુ વ્યાજ મુસલમાનના માલને નાહક ખાવું તે છે અને રિશ્તેદારી તથા સગા સંબંધીઓથી સદવર્તાવ એ અલ્લાહના નામની એક શાખ છે. જેણે સગા સંબંધીથી સદવર્તાવ ન કર્યો તો અલ્લાહ તઆલા તેના પર જન્નત હરામ કરી દે છે. *(સુનને અબૂ દાઊદ–૨/૬૬૯, મુસ્નદે અહમદ બિન હંબલ–૧/૧૧૩ અત્તરગીબ વત્તરહીબ–૩/૨૩૦*

સહીહૈન ઈબ્ને હબ્બાનમાં છે કે રહમ (સગાઈ સંબંધ) રબ્બે ઝુલ જલાલની એક અતા છે. રહમતે અલ્લાહ તઆલાની બારગાહમાં અર્ઝ કરી કે હે રબ ! મારા પર જુલ્મ થયો, મને બુરી કહેવામાં આવી, મને તરછોડવામાં આવી. રબ તઆલાએ ફરમાવ્યું, જે તને જોડશે તેને હું મારી રહમત સાથે જોડીશ અને જે તને કાપશે તેને હું મારી રહમતથી દૂર કરી દઈશ. *(સુનને તિર્મિઝી–૨/૧૪, મુસ્નદે અહમદ બિન હંબલ–૩/૧૨૫)*

બઝ્ઝારે રિવાયત કરી છે કે રહમ (સગાઈ સંબંધ) ખુદાના અર્શ સાથે ચોંટેલી રહીને અર્ઝ કરે છે કે હે અલ્લાહ ! જેણે મને જોડી તેને તું જોડ, જેણે મને કાપી તેની સાથે તું સબંધ કાપ ! રબતઆલાએ ફરમાવ્યું કે મેં તારૂ નામ મારા નામ રહમાન અને રહીમ સાથે જોડી દીધું છે, જેણે તને જોડી તેને હું મારી રહમત સાથે જોડીશ અને જેણે તારી સાથે સંબંધ તોડયો તેની સાથે હું મારી રહમતનો સંબંધ કાપી નાખીશ. *(અત્તરગીબ વત્તરહીબ, ૩/૨૩૦)*

બઝ્ઝારની રિવાયત છે કે ત્રણ ચીજો ખુદાના અર્શ સાથે લટકી રહેલી છે, સગાઈ કહે છે, હે અલ્લાહ ! હું તારી સાથે છું, કદી પણ તારાથી જુદી જઈશ નહીં. અમાનત કહે છે, હે અલ્લાહ ! હું તારી સાથે છું અને હું તારી રહમતથી કદી જુદી થઈશ નહીં. નેઅમત કહે છે, હે અલ્લાહ ! હું તારી રહમતથી જુદાઈ નથી ચાહતી, મારો ઈન્કાર ન કરવામાં આવે. *(કન્ઝુલ ઉમ્માલ–૧૬/૨૮, હદીષ–૪૩૭૯૨)*

બયહકીની રિવાયત છે કે **ખસલત** (આદત) અથવા સિરિશ્ત અર્શના

દરવાજાઓ સાથે લટકી રહેલી છે જયારે સગાઈ સંબંધમાં (રહમમાં) શંકા પ્રવેશી જાય અને ખુદાના અહકામ (હુકમો) પર અમલ કરવાની હિંમત પેદા થઈ જાય તો અલ્લાહ તઆલા ખસલતને મોકલે છે જે તેના દિલ પર છવાઈ જાય છે અને ત્યારબાદ તેને ગુનાહોની તમીઝ બાકી રહેતી નથી. *(અત્તરગીબ વત્તરહીમ–૩/૨૩૩)*

સહીહૈનમાં છે કે હુઝૂર ﷺએ ફરમાવ્યું કે જે શખ્સ અલ્લાહ અને કિયામત પર ઈમાન ધરાવે છે તે પોતના મહેમાનની ઈજ્જત કરે, સગા સંબંધીઓથી સદવર્તાવ કરે અને સારી વાત કરે અથવા ચૂપ રહે. *(અલ મોઅજમુલ કબીર લિત્તબરાની–૨૨/૧૭૪, અસ્સુનનુલ કુબરા લિલ્બયહકી–૮/૨૮૪, અલ્કબાઈર, પેજ–૪૮)* એક અન્ય રિવાયત છે કે જે શખ્સ લાંબી ઉમર અને વધુ પ્રમાણમાં રોજીની તમન્ના રાખે છે તેણે જોઈએ કે સગા સંબંધીઓથી સારો વર્તાવ રાખે. *(સહીહ મુસ્લિમ–૨/૩૧૫, સુનને બયહકી–૭/૪૩, સહીહ ઈબ્ને હબ્બાન ૧/૪૦૫)*

હઝરત અબૂહુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે મેં રસૂલે અકરમ ﷺને સાંભળ્યા કે જે શખ્સ રોજીમાં વધારો અને લાંબી વયને પસંદ કરે છે તે સગા સ્નેહીઓથી સદવર્તાવ કરે. *(સહીહ બુખારી–૧/૨૭૭, સહીહ મુસ્લિમ–૨/૩૧૫)*

વધુમાં ફરમાવ્યું કે તમારો વંશ યાદ કરો જેથી સંબંધીઓને ઓળખી શકો. એટલા માટે કે સંબંધીઓથી મેળમેળાપ વડે ખાનદાનની મહોબ્બત વધે છે, માલ તથા દૌલત વધે છે અને ઉમર લાંબી થાય છે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૬૯, અલ્મોઅજમુલ અવસત લિત્તબરાની–૬/૧૪૫, હદીષ–૮૩૦૮)*

બઝ્ઝાર અને હાકિમની રિવાયત છે કે ફરમાને નબવી છે કે તૌરાતમાં લખેલ છે કે જે લાંબી વય અને રોજીમાં વધારાનો ઈચ્છુક હોય તે સગા સ્નેહીઓ સાથે સદવર્તાવ કરે. *(કન્ઝુલ ઉમ્માલ–૩/૩૫૮, અત્તરગીબ વત્તરહીબ–૩/૨૨૭)*

અબૂયઅલાએ બનૂ ખષઅમના એક શખ્સથી રિવાયત કરી છે કે તેણે કહ્યું કે હું હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયો ત્યારે આપ સહાબાએ કિરામની સાથે બેઠેલા હતા. મેં પૂછયું કે આપે ખુદાના રસૂલ હોવાનો

દાવો કર્યો છે ? આપે ફરમાવ્યું કે હા. મેં પૂછયું કે, હે નબીયલ્લાહ ! મને બતાવો કે કયો અમલ અલ્લાહ તઆલાને વધુ પસંદ છે ? આપે ફરમાવ્યું કે અલ્લાહની સાથે ઈમાન લાવવું. મેં પૂછયું, પછી ? ફરમાવ્યું, સગા સ્નેહીઓ સાથે સદવર્તાવ. મેં પૂછયું કે કયો અમલ અલ્લાહ તઆલાને સૌથી વધુ નાપસંદ છે ? તો આપે ફરમાવ્યું કે અલ્લાહ તઆલાની સાથે કોઈને શરીક ઠરાવવું. મેં પૂછયું કે તેના પછી ? ફરમાવ્યું, સગા સ્નેહીઓથી સંબંધ તોડવો. મેં પૂછયું, પછી ? આપે ફરમાવ્યું, બુરાઈઓ તરફ આકર્ષવું અને નેકીઓથી રોકવું. *(અત્તરગીબ વત્તરહીબ, ૩/૨૨૭)*

બુખારી તથા મુસ્લિમની રિવાયત છે કે હુઝૂર ﷺ ઊંટણી પર સવાર થઈને સહાબાએ કિરામની સાથે સફરમાં જઈ રહ્યા હતા. તેવામાં એક રણવાસી અરબે આવીને આપની ઊંટણીની લગામ પકડી લીધી અને કહ્યું કે હુઝૂર ! મને એવો અમલ બતાવો જે જન્નતની નજીક અને જહન્નમથી દૂર કરી દે. આપ રોકાઈ ગયા અને સહાબાએ કિરામની તરફ જોઈને ફરમાવ્યું. આ શખ્સ હિદાયત પામનાર થઈ ગયો. હુઝૂર ﷺએ રણવાસી અરબને ફરમાવ્યું કે તારો પ્રશ્ન ફરીથી કહે. તેણે દહોરાવ્યો તો આપે ઈરશાદ ફરમાવ્યો કે અલ્લાહ તઆલાને વહદહુ લાશરીક જાણીને તેની ઈબાદત કર, નમાઝ પઢ, ઝકાત આપ અને સગા સ્નેહી સાથે સદવર્તાવ કર અને હવે મારી ઊંટણીની લગામ છોડી દે. જયારે તે રણવાસી અરબ ચાલ્યો ગયો તો આપે ઈરશાદ ફરમાવ્યો કે જો તે આ વાતો પર અમલ કરતો રહ્યો તો જન્નતમાં જશે. *(અત્તરગીબ વત્તરહીબ–૩/૨૨૮)*

તિબરાનીની રિવાયત છે કે આપે ફરમાવ્યું, એક કૌમ એવી છે કે અલ્લાહ તઆલા તેના શહેરોને આબાદ કરે છે, તેના માલને વધારે છે અને જયારથી તેને પેદા કરી છે ત્યારથી કદી નારાઝગીની નજરથી તેને નથી જોઈ. પૂછવામાં આવ્યું કે એવું શા માટે ? તો આપે ફરમાવ્યું કે તે કૌમના સગા સંબંધીઓ સાથેના સદવર્તાવના કારણે (એટલે કે તે કૌમ સગા સ્નેહી સાથે સદવર્તાવ કરે છે.) *(અત્તરગીબ વત્તરહીબ–૩/૨૨૮)*

## ★ સગા સંબંધીઓ સાથે સદવર્તાવ વિશે કેટલીક મુબારક હદીષો ★

મુસ્નદે અહમદની રિવાયત છે કે જેને નમ્રતા આપવામાં આવી તેને દીન તથા દુનિયાની ભલાઈમાં હિસ્સો આપવામાં આવ્યો. સારું પાડોશીપણુ અને સદવર્તાવનું પરિણામ શહેરોની આબાદી અને ઉમરોની દરાઝી છે. *(અત્તરગીબ વત્તરહીબ–૩/૨૨૮)*

અબૂશ્શયખ, ઈબ્ને હબ્બાન અને બયહકીની રિવાયત છે કે, યા રસૂલલ્લાહ ! સૌથી બેહતરીન માણસ કયો છે ? સહાબાએ કિરામે સવાલ કર્યો. તો આપે ફરમાવ્યું કે રબતઆલાથી વધુ ડરનારો, સગા સ્નેહીઓથી વધુ સદર્તાવ કરનાર, નેકીઓનો હુકમ દેવાવાળો અને બુરાઈઓથી રોકવાવાળો. *(અત્તરગીબ વત્તરહીબ–૩/૨૨૮)*

તિબરાની અને ઈબ્ને હબ્બાનની રિવાયત છે કે હઝરત અબૂઝર رضی اللہ عنہ કહે છે કે મને મારા હબીબે લબીબ ﷺએ કેટલીક સારી ચીજોની વસિયત ફરમાવી છે અને તે આ પ્રમાણે છે : હું મારાથી ઉપરવાળાઓને નહીં બલ્કે નીચેવાળાઓને જોઉં, હું યતીમો સાથે મહોબ્બત રાખું અને તેઓની નજીક રહું, હું સગા સ્નેહીઓથી સદવર્તાવ કરૂં ભલે સંબંધીઓ પીઠ ફેરવી જાય, અલ્લાહ તઆલાના મામલામાં કોઈનાથી ન ડરૂં, સાચી વાત ભલે કડવી હોય પણ હું કહેતો રહું, લા હૌલવલા કુવ્વત ઈલ્લાબિલ્લાહ ખૂબ જ પ્રમાણમાં પઢતો રહું કેમ કે એ જન્નતનો ખજાનો છે. *(સહીહ ઈબ્ને હબ્બાન–૧/૧૧, અત્તરગીબ વત્તરહીબ, ૩/૨૨૮)*

સહીહૈનની રિવાયત છે કે ઉમ્મુલ મોમિનીન હઝરત મૈમૂના رضی اللہ عنہاએ હુઝૂર ﷺને પૂછયા વગર પોતાની લોંડી આઝાદ કરી દીધી. જયારે હુઝૂર ﷺ ત્યાં તશરીફ લાવ્યા તો તેમણે કહ્યું કે યા રસૂલલ્લાહ ! તમને ખબર છે મેં મારી લોંડીને આઝાદ કરી દીધી છે ? આપે ફરમાવ્યું, ખરેખર ? અર્ઝ કરી, જી હા. આપે ફરમાવ્યું કે જો તમે તે લોંડીને પોતાના મસ્યાયને (માસીના પુત્ર) આપી દેત તો તમને ઘણો વધુ સવાબ મળત. *(અત્તરગીબ વત્તરહીબ–૩/૨૨૯)*

ઈબ્ને હબ્બાન અને હાકિમની રિવાયત છે કે હુઝૂર ﷺની

બારગાહમાં એક શખ્સ હાજર થયો અને કહ્યું કે મેં ખૂબ જ મોટો ગુનોહ કર્યો છે તો તૌબાની કોઈ રીત બતાવો. આપે પૂછયું કે તારી મા જીવે છે ? કહ્યું, નહીં. આપે ફરી પૂછયુ કે તારાં માસી જીવે છે ? અર્ઝ કરી, હા, યા રસૂલલ્લાહ ! આપે ફરમાવ્યું, જાવ અને તેણીની ખિદમત કરો. (એ જ સગાંઓથી સદવર્તાવ છે.) *(અત્તરગીબ વત્તરહીબ–૩/૨૨૯)*

બુખારી વગેરેમાં છે કે સગાઓથી સદવર્તાવ એ નથી કે મેલજોલ રાખતાં સગાઓ મેળમળાપ ચાલુ રાખો, બલ્કે સગા સંબંધીઓથી સદવર્તાવ એ છે કે જે રિશ્તેદારો સંબંધ કાપી ચૂકયાં હોય તેઓ સાથે પણ મેલજોલ ચાલુ રાખો. *(સુનને તિર્મિઝી ૨/૧૩, અત્તરગીબ વત્તરહીબ ૩/૨૩૧, અલ્કબાઈર, ૪૭–૪૯)*

તિરમિઝીની રિવાયત છે કે તે લોકો જેવા ન બનો જેઓ કહે છે કે જો લોકો અમારી સાથે ભલાઈ કરશે તો અમે પણ ભલાઈ કરીશું અને જો તેઓ જુલ્મ કરશે તો અમે પણ જુલ્મ કરીશું. બલ્કે તમે એ વાતના આદી બનો કે જો લોકો તમારી સાથે ભલાઈ કરે તો ભલાઈ કરો અને જો તેઓ જુલ્મ કરે તો તમે જુલ્મ ન કરો. *(અત્તરગીબ વત્તરહીબ–૩/૨૩૧)*

મુસ્લિમની રિવાયત છે કે એક શખ્સે હુઝૂર ﷺની ખિદમતમાં અર્ઝ કરી કે હું રિશ્તેદારો સાથે સંબંધ જોડુ છું પણ તેઓ મારી સાથેથી સંબંધ તોડે છે, હું તેઓ સાથે ભલાઈ કરૂં છું પણ તેઓ મારી સાથે બુરાઈ કરે છે, હું તેઓ સાથે સહનશીલતા તથા નમ્રતાભરી વર્તણૂક કરૂં છું પણ તેઓ મારી પરવા નથી કરતા. આપે ફરમાવ્યું કે જો તારી વાતો સાચી છે તો તેં એક લાંબા અંતરના રસ્તાને પાર પાડયો અને જયાં સુધી તું આ આદત પર કાયમ રહીશ તો અલ્લાહ તઆલા તારો હામી તથા મદદગાર થશે. *(સહીહ મુસ્લિમ–૨/૩૧૫, અત્તરગીબ વત્તરહીબ, ૩/૨૩૧)*

તિબરાની, ઈબ્ને ખુઝૈમહ અને હાકિમની રિવાયત છે કે **સૌથી બેહતરીન સદકો કીનો (અદાવત) રાખનાર રિશ્તેદારને કાંઈક આપવું** તે છે. *(અલ્ મોઅજમુલ કબીર લિત્તબરાની–૪/૧૩૯, અત્તરગીબ વત્તરહીબ–૩/૨૩૧, અલમુસ્તદરક અલસ્સહીહૈન–૧/૫૬૪)*

હુઝૂર ﷺના આ ફરમાનનો પણ એ મતલબ છે કે જે રિશ્તેદાર

તારાથી સંબંધ તોડી નાખે તેની સાથે તું સંબંધ જોડ.

બઝ્ઝાઝ, હાકિમ અને તિબરાનીની રિવાયત છે કે, જેનામાં આ ત્રણ ગુણો હશે તેનો હિસાબ કિતાબ ખૂબ જ સરળ થશે. સહાબાએ અર્ઝ કરી કે હુઝૂર તે કયા (ગુણ) છે ? ફરમાવ્યું, જે તને વંચિત રાખે તેને તું આપતો રહે, જે સંબંધ તોડે તો તું તેનાથી સંબંધ જોડતો રહે અને જે તારા પર જુલમ કરે તું તેને માફ કરતો રહે તો તારું ઠેકાણુ જન્નત હશે. *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન–૨/૫૬૩, હદીષ–૩૯૧૨)*

અહમદની રિવાયત છે કે હઝરત ઉકબહ ઈબ્ને આમિર رضي الله عنه કહે છે કે હું હુઝૂર رضي الله عنهની ખિદમતમાં હાજર થયો અને આપનો દસ્તે અકદસ પકડીને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! મને બેહતરીન આમાલ બતાવો. આપે ફરમાવ્યું, ઉકબહ ! સંબંધ તોડનારા સાથે સારો વર્તાવ કર, જે તને વંચિત કરે તેને આપ અને જે જુલ્મ કરે તેને માફ કરી દે. *(અત્તરગીબ વત્તરહીબ–૩/૨૩૨)* હાકિમની રિવાયતમાં છે કે જે લાંબી વય અને રોજીમાં વધારો કરવાની તમન્ના ધરાવતો હોય તે સગા સ્નેહીઓથી સદવર્તાવ કરે. *(અત્તરગીબ વત્તરહીબ–૩/૨૩૨)* તિબરાનીની રિવાયત છે કે હુઝૂર رضي الله عنهએ ફરમાવ્યું, લોકો ! હું તમને દુનિયા અને આખેરતની બેહતરીન આદતો બતાવુ છું, તમે સંબંધ તોડનારા સંબંધીઓ સાથે સારું વર્તન કરતા રહો, જે તમને વંચિત કરે તેને આપતા રહો અને જે જુલ્મ કરે તેને માફ કરતા રહો. *(અત્તરગીબ વત્તરહીબ–૩/૨૩૨)*

તિબરાનીની રિવાયત છે કે, આપે ફરમાવ્યું કે સંબંધ તોડનારાઓ સાથે સારો વર્તાવ કર, વંચિત રાખનારાઓને આપતો રહે અને જેણે તને ગાળો આપી તેને માફ કર. *(અત્તરગીબ વત્તરહીબ–૩/૨૩૨, અહયાઉલ ઉલૂમ–૨/૧૯૫)*

બઝ્ઝાઝ્ની રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફરમાવ્યું કે હું તમને તે વાતો ન જણાવું જેનાથી દરજાઓ બુલંદ થાય છે ? તિબરાનીની રિવાયત છે કે, હું તમને તે ચીજની ખબર ન આપું જેનાથી અલ્લાહ તઆલા ઈજ્જત આપે છે અને દરજાઓ બુલંદ કરે છે ? સહાબાએ કિરામે અર્ઝ કરી કે, જરૂર બતાવો યા રસૂલલ્લાહ ! ﷺ આપે ફરમાવ્યું, જે તમારી નાફરમાની

કરે તેને દરગુઝર કરો. **જેણે તમારા પર જુલ્મ કર્યો તેને માફ કરી દો,** જેણે તમને વંચિત કર્યા (તરછોડયા) તેને આપતા રહો અને **જેણે સંબંધો તોડી નાખ્યા તેની સાથે સંબંધો સુધારો.** *(અત્તરગીબ વત્તરહીબ–૩/૨૩૨)*

ઈબ્ને માજહની રિવાયત છે કે સૌ આમાલથી ઝડપી બદલો પામનારી ચીજ એહસાન અને સગા સ્નેહીઓથી સારો વર્તાવ છે. એટલે **એહસાન અને સ્નેહીઓથી સદવર્તાવથી વધુ ઝડપી બદલો અન્ય કોઈ અમલનો નથી મળતો, અને સૌ અમલોમાં ઝડપી અઝાબ લાવનારી ચીજ જુલ્મ અને સ્નેહીઓથી સંબંધ તોડવો તે છે.** *(અત્તરગીબ વત્તરહીબ–૩/૨૩૧)*

તિબરાનીની રિવાયત છે કે જૂઠ, સંબંધીઓથી સંબંધ કાપવો અને ખયાનતમાં જે પડે છે તે એ લાયક હોય છે કે અલ્લાહ તઆલા તેને દુનિયામાં પણ અઝાબ આપે અને આખેરતમાં પણ સજાનો મુસ્તહિક બનાવે અને સૌ અમલોથી વહેલો બદલો સ્નેહીઓથી સદવર્તાવનો મળે છે, જો તે ઘરના લોકો ગુનેહગાર પણ હોય તેમ છતાં રિશ્તેદારોથી સદવર્તાવના લીધે તેમનો માલ પણ ખૂબ વધે છે અને તેમની ઔલાદ પણ ખૂબ વધે છે. *(કન્ઝુલ ઉમ્માલ–૩/૩૬૮, અત્તરગીબ વત્તરહીબ–૩/૨૩૧)*

*[**ચેતવણી** :– સગા સાથે, સંબંધીઓથી સદવર્તાવમાં ઈમાન પ્રથમ શરત છે તે યાદ રાખશો. અલ્લાહ અને રસૂલ ﷺના દુશ્મનોથી સગાઈ રાખવાની નથી.]*

## પ્રકરણ : ૨૪

# મા-બાપ સાથે સદવર્તન

સહીહૈનમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી મરવી છે કે મેં રસૂલે અકરમ ﷺને પૂછયું, અલ્લાહ તઆલાને કયો અમલ સૌથી વધુ પ્રિય છે. ફરમાવ્યું, નમાઝને તેના સમયે અદા કરવી. મેં કહ્યું, ત્યાર પછી ? આપ ﷺએ ફરમાવ્યું, મા-બાપ સાથે સદવર્તાવ. મેં પૂછયું, પછી કયો અમલ પ્રિય છે ? આપે ﷺએ ફરમાવ્યું, જેહાદ ફી સબીલિલ્લાહ. *(સહીહ બુખારી, કિતાબુલ અદબ-૨/૮૮૨, સુનને તિર્મિઝી-૨/૧૧, અલ મોઅજમુસ્સગીર લિત્તબરાની-૧/૧૬૪)*

મુસ્લિમની રિવાયત છે કે, આપે ફરમાવ્યું : બેટો બાપનો હક અદા નથી કરી શકતો એટલે સુધી કે તેનો બાપ ગુલામ હોય અને તેને તે ખરીદીનેઆઝાદ કરી દે (તો પણ તે બાપનો હક અદા નથી કરી શકતો). *(સુનને તિર્મિઝી-૨/૧૨, સહીહ ઈબ્ને હબ્બાન-૧/૩૯૭, કન્ઝુલ ઉમ્માલ-૧૬/૪૬૯)*

મુસ્લિમની રિવાયત છે કે એક શખ્સે આપની ખિદમતમાં હાજર થઈને અર્ઝ કરી કે હું આપના હાથ પર અલ્લાહને રાજી કરવા માટે હિજરત અને જેહાદની બયઅત કરું છું, આપે પૂછયું કે તારા મા બાપમાંથી કોઈ જીવે છે ? અર્ઝ કરી કે બંનેવ જીવે છે. આપે ફરમાવ્યું, જા અને માબાપની સેવા કર. *(સહીહ મુસ્લિમ-૨/૩૧૨)*

અબૂયઅલા અને તિબરાનીની રિવાયત છે કે એક માણસ આપની સેવામાં હાજર થયો અને કહ્યું કે હું જેહાદમાં જવાની ઈચ્છા ધરાવુ છું પણ કેટલીક મજબૂરીઓને કારણે લાચાર છું, આપે ફરમાવ્યું કે તમારા મા બાપમાંથી કોઈ જીવંત છે ? તેણે અર્ઝ કરી કે મારી મા હયાત છે. તો આપે ફરમાવ્યું કે અલ્લાહથી તૌફીક માંગીને માની સાથે સારો વર્તાવ કરતો રહે તો તને હજ, ઉમરા અને ખુદાની રાહમાં જેહાદનો સવાબ મળશે. *(અત્તરગીબ વત્તરહીબ-૩/૨૧૬)*

તિબરાનીમાં છે કે એક માણસે જેહાદની તમન્ના જાહેર કરી તો આપે

પૂછયું તારી મા હયાત છે ? તેણે કહ્યું, મારી મા હયાત છે. આપે ફરમાવ્યું કે માંના કદમોને પકડ તો જન્નત મેળવી લઈશ. *(અત્તરગીબ વત્તરહીબ–૩/૨૧૬)* ઈબ્ને માજહની રિવાયત છે કે ઔલાદ પર વાલિદૈન (માબાપ)ના શું હકકો છે ? ફરમાવ્યું, તે તારી જન્નત અને જહન્નમ છે. *(સુનને ઈબ્ને માજહ, પેજ–૨૬૦, અત્તરગીબ વત્તરહીબ–૩/૨૧૬)*

ઈબ્ને માજહ, નિસાઈ અને હાકિમની રિવાયત છે કે એક માણસે આપની ખિદમતમાં હાજર થઈને કહ્યું કે મારો જેહાદ કરવાનો ઈરાદો છે તેથી આપની સલાહ લેવા આવ્યો છું. આપે ફરમાવ્યું, તારી મા હયાત છે ? અર્ઝ કરી કે હા ! યા રસૂલલ્લાહ ! ﷺ આપે ફરમાવ્યું કે મા સાથે સારૂ વર્તન રાખ કેમ કે જન્નત માના કદમોની પાસે છે. *(સુનને નિસાઈ–૨/૫૩, અત્તરગીબ વત્તરહીમ,૩/૨૧૬)* એક રિવાયતમાં છે કે આપે પૂછયું, તારા મા બાપ હયાત છે ? તેણે કહ્યું, હા. આપે ફરમાવ્યું, તેઓની સેવા ચાકરી કર, જન્નત તેઓના પગોમાં છે. *(અત્તરગીબ વત્તરહીબ–૩/૨૧૭)*

તિરમિઝીમાં છે કે હઝરત અબૂદરદા رضی اللہ عنہને એક શખ્સે આવીને કહ્યું કે મારી મા મને પત્નીને તલાક આપવાનું કહે છે. આપે ફરમાવ્યું કે મેં હુઝૂર ﷺથી સાંભળ્યું છે કે આપે ફરમાવ્યું, મા–બાપ જન્નતની વચ્ચેનો દરવાજો છે, ચાહે તો તેને બરબાદ કરી દે અને ચાહે તો તું તેની હિફાઝત કર. *(સુનને તિર્મિઝી, ૨/૧૨, સુનને ઈબ્ને માજહ–૧૫૧)*

ઈબ્ને હબ્બાનની રિવાયત છે કે એક માણસે હઝરત અબૂ દરદા رضی اللہ عنہને ફરિયાદ કરી કે મારો બાપ મને પહેલાં તો શાદી કરવા માટે કહેતો હતો અને હવે કહે છે કે તારી પત્નીને તલાક દઈ દે. આપે ફરમાવ્યું કે ન તો હું તને મા બાપની નાફરમાનીના માટે કહું છું અને ન તો પત્નીને તલાક આપવાના માટે કહું છું. હું તમને હુઝૂર ﷺથી સાંભળેલી હદીષ સંભળાવું છું. હુઝૂર ﷺએ ફરમાવ્યું કે બાપ જન્નતનો મધ્યસ્થ દરવાજો છે, તારી જેવી મરજી તેની હિફાઝત કર અથવા તેને છોડી દે. *(સુનને તિર્મિઝી, ૨/૧૨, સહીહ ઈબ્ને હબ્બાન–૧/૩૯૭)*

સુનને અરબઅની રિવાયત છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما કહે છે કે મારા નિકાહમાં એક ઔરત હતી જેને હું ખૂબ જ ચાહતો

હતો. પણ મારા પિતા તેને સારું સમજતા ન હતા. મારા પિતાએ કહ્યું કે તેને તલાક દઈ દે, તો મેં ના પાડી દીધી. મારા પિતાએ હુઝૂર ﷺની ખિદમતમાં જઈને પ્રસંગ સંભળાવ્યો. તો હુઝૂર ﷺએ મને ફરમાવ્યું કે પત્નીને તલાક દઈ દો. *(મુસ્નદે અહમદ બિન હંબલ–૨/૩૩૬, સહીહ ઈબ્ને હબ્બાન–૧/૩૯૮, અલ મુસ્તદરક્ અલસ્સહીહૈન–૪/૧૬૮)*

મુસ્નદે અહમદમાં રિવાયત છે કે જે ઉમરમાં વધારો અને રોજીમાં વૃધ્ધિ ઈચ્છતો હોય તે માબાપની સાથે સારો વર્તાવ કરે અને રિશ્તેદારો સાથે સારું વર્તન કરે. *(અત્તરગીબ વત્તરહીબ–૩/૨૧૭, મુસ્નદે અહમદ બિન હંબલ–૩/૬૨૯)*

અબૂયઅલા અને હાકિમની રિવાયત છે કે આપે ફરમાવ્યું, જેણે મા બાપ સાથે સદવર્તન કર્યું તેને મુબારક થજો કે અલ્લાહ તઆલાએ તેની ઉમર વધારી. (અલ્મુસ્દરક અલસ્સહીહૈન–૪/૧૮૦, હદીષ–૭૨૫૭, કન્ઝુલ ઉમ્માલ–૧/૪૬૮)

ઈબ્ને માજહ, ઈબ્ને હબ્બાન અને હાકિમની રિવાયત છે કે આપે ફરમાવ્યું, માણસ ગુનાહોના કારણે રોજીથી વંચિત થઈ જાય છે, દુઆ તકદીરને પલટાવી દે છે અને લોકો સાથે સદવર્તન ઉમરને લાંબી કરે છે. *(સુનને ઈબ્ને માજહ, પેજ–૨૯૧, સહીહ ઈબ્ને હબ્બાન–૨/૧૬૩)* તિરમિઝીની એક રિવાયત છે કે દુઆ કઝાને પાછી વાળી દે છે એન સદવર્તાવ ઉમરને લંબાવી દે છે. *(સુનને તિર્મિઝી–૨/૩૫, અત્તગીબ વત્તરહીબ–૩/૨૧૮)*

હાકિમની રિવાયત છે કે અન્ય લોકોની સ્ત્રીઓ સાથે દરગુઝર કરો તો તમારી સ્ત્રીઓ સાથે દરગુઝર કરવામાં આવશે. પોતાના મા બાપ સાથે સારૂ વર્તન કરો તો તમારી ઔલાદ તમારી સાથે સારો વહેવાર કરશે અને તમે દર ગુઝર કરો તો તમારી સ્ત્રીઓ પણ દરગુઝર કરશે. *(અલમુસ્તદરક અલસ્સહીહૈન–૪/૧૭૦, હદીષ–૭૨૫૮, અલ્મોઅજમુલ અવસત લિત્તબરાની–૨/૩૮૫, હદીષ–૧૦૦૨, કન્ઝુલ ઉમ્માલ–૧૬/૪૬૬, અત્તરગીબ વત્તરહીબ–૩/૨૧૮)*

મુસ્લિમ શરીફની રિવાયત છે કે હુઝૂર ﷺએ ફરમાવ્યું કે તેનુ નાક ધૂળમાં રગદોળાય, તેનું નાક ધૂળમાં રગદોળાય, તેનું નાક ધૂળમાં રગદોળાય. અર્ઝ કરી, કોનું યા રસૂલલ્લાહ ! આપે ફરમાવ્યું કે, જેણે મા

બાપ અથવા કોઈને ઘડપણમાં પામ્યું અને જન્નતમાં ન ગયો અથવા તેઓએ તેને જન્નતમાં દાખલ ન કર્યો. (મા બાપને સારા વર્તાવથી રાજી ન કર્યાં) *(સહીહ મુસ્લિમ–૨/૩૧૪)*

તિબરાનીની હદીષ છે કે હુઝૂર ﷺ એક વખત મિમ્બર પર ઉભા થયા અને ફરમાવ્યું, આમીન, આમીન, આમીન. પછી ફરમાવ્યું કે હઝરત જિબ્રઈલ આવ્યા અને તેમણે અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! જે પોતાના મા બાપમાંથી કોઈ એકને પામ્યો અને તેની સાથે સારો વહેવાર ન કર્યો અને મૃત્યુ પામ્યો તો તે જહન્નમમાં ગયો, અલ્લાહ તેને દૂર કરે. આપ આમીન કહો. જેથી મેં આમીન કહી. ફરી જિબ્રઈલે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! જે રમઝાનનો મહિનો પામ્યો અને ગુનાહો બખ્શાવ્યા વગર મૃત્યુ પામ્યો તો તે જહન્નમમાં ગયો. અલ્લાહે તેને દૂર કરી દીધો આપે આમીન કહો તો મેં આમીન કહી. ફરી જિબ્રઈલે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! જે શખ્સની સમક્ષ આપનું ઝિક્ર થયું અને તેણે આપના પર દુરૂદ ન મોકલ્યું અને તે મરી ગયો તો તે જહન્નમમાં ગયો, અલ્લાહે તેને પોતાની રહમતથી દૂર કરી દીધો કહો આમીન, તો મેં આમીન કહી. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની–૨/૨૪૪, અત્તરગીબ–૩/૨૧૮)*

ઈબ્ને હબ્બાનની રિવાયતના શબ્દો આ પ્રમણે છે, જે પોતાના મા બાપ અથવા તેઓમાંથી કોઈ એકને પામ્યો અને તેમની સાથે સારો વહેવાર ન કર્યો અને તે મૃત્યુ પામ્યો તો જહન્નમમાં ગયો, અલ્લાહ તેને પોતાની રહમતથી દૂર કરે. તો મેં આમીન કહ્યું. *(સહીહ ઈબ્ને હબ્બાન–૧/૩૮૧)*

હાકિમ વગેરેની રિવાયતમાં અંતમાં છે કે તે રહમતથી દૂર થઈ ગયો. પોતાનાં મા બાપ અથવા તેમનામાંથી કોઈ એકને વૃધ્ધ અવસ્થામાં પામ્યો અને તેઓએ તેને જન્નતમાં ન પહોંચાડયો. તો મેં આમીન કહ્યું. *(અલમોઅજમુલ કબીર લિત્તબરાની–૨/૨૪૪)*

તિબરાનીની એક રિવાયત એ પણ છે કે જે પોતાનાં મા બાપ અથવા તેઓમાંથી કોઈ એકને પામ્યો અને તેમની સાથે સારો વહેવાર ન કર્યો તે અલ્લાહની રહમતથી દૂર થયો અને ખુદાના ગઝબનો મુસ્તહિક બન્યો, મેં આમીન કહ્યું. *(કન્ઝુલ ઉમ્માલ–૧૬/૪૭૮, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની–૧૨/૬૬, મુસ્નદે અહમદ બિન હંબલ–૪૫૬)*

અહમદની રિવાયત છે કે જેણે કોઈ ગુલામ મુસલમાનને આઝાદ કર્યો તે જહન્નમથી આઝાદ થઈ ગયો અને જેણે પોતાના માબાપમાંથી કોઈ એકને પામ્યાં તો પણ તેની બખ્શિશ ન થઈ, અલ્લાહ તેને રહમતથી દૂર કરી આપે. *(મુસ્નદે અહમદ બિન હંબલ–૫/૧૪૭, અત્તરગીબ વત્તરહીબ–૩/૨૧૯)*

સહીહૈનની રિવાયત છે કે હુઝૂર ﷺને પૂછવામાં આવ્યું કે યા રસૂલલ્લાહ ! લોકોમાં મહોબ્બત કરવાને મોટે વિશેષ લાયક કોણ છે ? આપે ફરમાવ્યું, મા ! પૂછવામાં આવ્યું, પછી કોણ ? ફરમાવ્યું કે મા ! પૂછવામાં આવ્યું, ત્યાર બાદ કોણ ? ફરમાવ્યું, મા ! જયારે ચોથી વખત પૂછવામાં આવ્યું તો આપે ફરમાવ્યું કે, બાપ ! *(સહીહ મુસ્લિમ–૨/૩૧૨, સહીહ ઈબ્ને હબ્બાન–૧/૪૦૨)*

સહીહૈનમાં હઝરત અસ્માઅ બિન્તે અબૂબક્ર رضی اللہ عنہાથી મરવી છે કે હુઝૂર ﷺના સમય મુબારકમાં મારી મુશ્રિકા માતા મારી પાસે આવી તો મેં અર્ઝ કરી કે મારી બેદીન મા આવી છે તો હું તેની સાથે કેવો વર્તાવ કરૂં ? આપે ફરમાવ્યું, સારું વર્તન કરો. *(સહીહ બુખારી, કિતાબુલ અદબ–૨/૮૮૨, અત્તરગીબ વત્તરહીબ–૩/૨૨૧)*

ઈબ્ને હબ્બાન અને હાકિમની રિવાયત છે કે આપે ફરમાવ્યું, અલ્લાહની રઝા (રાજીપો) વાલિદની રઝામાં છે અથવા મા બાપ (વાલિદૈન)ની રઝામાં છે અને અલ્લાહની નારાજગી મા બાપની નારાજગીમાં છે. *( સુનને તિર્મિઝી –૨/૧૨, સહીહ ઈબ્ને હબ્બાન–૧/૪૦૦, અલ્કબાઈર પેજ–૪૦, અલ મુસ્તદરક અલસ્સહીહૈન–૪/૧૬૮)* તિબરાનીમાં એક રિવાયત છે કે બાપ અથવા મા બાપના આજ્ઞાપાલનમાં (ઈતાઅતમાં) અલ્લાહની ઈતાઅત છે અને બાપ અથવા મા બાપની નાફરમાનીમાં અલ્લાહની નાફરમાની છે. *(અત્તરગીબ વત્તરહીબ–૩/૨૨૧)* બઝ્ઝારની એક રિવાયત છે કે આપે ફરમાવ્યું, મા બાપના રાજીપામાં અલ્લાહની રઝા છે અને મા બાપની નારાઝગીમાં અલ્લાહની નારાઝગી છે. *(કન્ઝુલ ઉમ્માલ–૧૬/૧૭૧, હદીષ–૭૨૬૧, સહીહ ઈબ્ને હબ્બાન–૧/૪૦૩, અત્તરગીબ વત્તરહીબ–૩/૨૨૨)*

તિરમિઝી, ઈબ્ને હબ્બાન અને હાકિમથી મરવી છે કે એક શખ્સે હુઝૂર ﷺને અર્ઝ કરી કે મેં ખૂબ જ મોટો ગુનોહ કર્યો છે તો મારા માટે તૌબા છે ? આપે ફરમાવ્યું, તારી મા છે ? અર્ઝ કરી ના. ફરી આપે ફરમાવ્યું, તારી માસી છે ? અર્ઝ કરી હા. ફરમાવ્યું કે જાવ અને માસી સાથે સારો વર્તાવ કરો. *–(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૧૭૧, હદીષ : ૭૨૬૧, સહીહ ઈબ્ને હબ્બાન, ૧/૪૦૩, અત્તરગીબ વત્તરહીબ, ૩/૨૨૨)*

અબૂદાઊદ અને ઈબ્ને માજહમાં મરવી છે કે એક શખ્સે પૂછયું, યા રસૂલલ્લાહ ! મા બાપના મૃત્યુ પછી તેમની સાથે ભલાઈ કરવાનો કોઈ માર્ગ છે ? આપે ફરમાવ્યું, તેઓના માટે મગફિરતની દુઆ કરો, તેઓના વાયદાઓને પૂરા કરો, તેઓના સંબંધીઓ સાથે સંબંધ રાખો અને તેમના મિત્રોની ઈજ્જત કરો. *(સુનને અબૂ દાઊદ–૨/૭૦૦)* ઈબ્ને હબ્બાનથી રિવાયતમાં એટલુ વધુ આવેલ છે કે તે યુવાને કહ્યું, આ કેટલી ઉમદા અને જોરદાર વાત છે ! આપે ફરમાવ્યું, જાવ અને તેના પર અમલ કરો. *(અત્તરગીબ વત્તરહીબ–૩/૨૨૨)*

ઈમામ મુસ્લિમથી રિવાયત છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما મકકાની તરફ જઈ રહ્યા હતા. રસ્તામાં તેમને રણવાસી અરબ મળ્યો. આપે તેને પોતાના ગધેડા પર સવાર કર્યો અને પોતાની પાઘડી ઉતારીને તેને આપી દીધી. ઈબ્ને દીનારે કહ્યું, અલ્લાહ તઆલા આપના પર રહમ કરે, આ રણવાસી અરબ લોકો તો સામાન્ય જેવી ભેટથી ખુશ થઈ જાય છે. આપે ફરમાવ્યું કે તેનો બાપ મારા વાલિદનો દોસ્ત હતો અને મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું છે કે આપે ફરમાવ્યું, બેહતરીન નેકી બાપના દોસ્તોને અઝીઝ રાખવા તે છે. *(સહીહ મુસ્લિમ–૨/૩૧૪)*

સહીહ ઈબ્ને હબ્બાનમાં હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી મરવી છે કે, હું મદીનામાં આવ્યો તો અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ મારી પાસે તશરીફ લાવ્યા અને ફરમાવ્યું કે જાણો છો હું તમારી પાસે શા માટે આવ્યો છું ? મેં કહ્યું, ના. તેમણે ફરમાવ્યું કે મેં હુઝૂર ﷺને ફરમાવતાં સાભળ્યું છે કે જે શખ્સ કબ્રમાં સૂતેલા બાપ સાથે ભલાઈ ઈચ્છે છે તે તેના મિત્રો સાથે સારું વર્તન કરે. મારા બાપ ઉમર رضی اللہ عنہ અને તમારા બાપમાં મિત્રતા હતી તેથી હાજર થયો છું. *(સહીહ ઈબ્ને હબ્બાન–૧/૪૦૧, હદીષ–૪૨૩, અત્તરગીબ વત્તરહીબ–૩/૨૨૨)*

## ★ ત્રણ યુવાનો અને નેક અમલો ★

સહીહૈન અને બીજી હદીષની કિતાબોમાં મરવી છે કે પહેલાંના સમયમાં ત્રણ માણસો રોજીની તલાશ માટે સફરમાં નીકળ્યા. રસ્તામાં વરસાદ પડવાથી તેઓ એક ગુફામાં સંતાઈ ગયા. અચાનક એક ચટ્ટાન સરકીને આવી અને ગુફાના મુખ પર આવીને અટકી ગઈ અને ગુફાનું દ્વાર બંધ થઈ ગયું. તેઓએ આપસમાં એ નકકી કર્યું કે દરેક પોતાના સારા અમલોને યાદ કરીને દુઆ માંગે જેથી આ ચટ્ટાન ખસી જાય. *(સહીહ બુખારી–૧/૩૧૩)* એક રિવાયતના શબ્દો આ પ્રમાણે છે કે તેઓએ એકબીજાને કહ્યું કે જરા વિચારો અને કોઈ એવો અમલ યાદ કરો જે તમે અલ્લાહને રાજી કરવા માટે કર્યો હોય અને તે અમલને વાસ્તો બનાવીને આ ચટ્ટાનથી નજાતની દુઆ માગો. એક અન્ય રિવાયતના શબ્દો છે, ચટ્ટાન ગબડવાના કારણે ગુફાની નિશાની ન રહી. અલ્લાહ તઆલા સિવાય કોઈ જાણતું નથી કે, અમે કયાં છીએ ? અલ્લાહ તઆલાથી પોતાના શ્રેષ્ઠ અમલને સામે રાખી દુઆ કરીએ. ત્યારે તેઓમાંથી એકે કહ્યું કે ઈલાહુલ આલમીન ! મારાં મા બાપ વૃદ્ધ હતાં તો હું તેમનાથી પહેલા સાંજે કોઈ બાળકને દૂધ પીવડાવતો ન હતો. એકવાર એવું બન્યું કે હું કોઈક કામ અર્થે જતો રહ્યો. જયારે હુ પાછો આવ્યો તો તેઓ સૂઈ ગયાં હતાં. મેં દૂધ દોહ્યું અને આખી રાત દૂધ લઈને સિરહાને ઉભો રહ્યો એટલે સુધી કે સવાર પડી ગઈ અને મારાં બાળકો આખી રાત ભૂખે સૂઈ રહ્યાં. હે રબ્બે ઝુલજલાલ ! મેં આ બધું જ તને રાજી કરવા માટે કર્યું હતું. તો હવે તું આ ચટ્ટાન (શીલા) અમારી આગળથી હટાવી દે. આ દુઆ બાદ ચટ્ટાન એટલી ખસી કે સૂરજનો પ્રકાશ અંદર આવવા લાગ્યો. *(સહીહ બુખારી–૨/૮૮૩, કિતાબુલ અદબ)*

એક રિવાયતના શબ્દો આ પ્રમણે છે કે મારાં નાના બાળકો હતાં. હું જયારે બકરીઓ ચરાવીને પાછો આવતો તો દૂધ દોહીને પ્રથમ મા બાપને પીવડાવતો પછી જ બાળકોને આપતો. એકવાર મારે જરૂરી કામ અર્થે જવાનું થયું. હું પાછો આવ્યો તો મા બાપ સૂઈ ગયેલાં હતાં. મેં રાબેતા મુજબ દૂધ દોહ્યું અને મા બાપને સિરહાને દૂધ લઈને ઉભો રહી ગયો અને

બાળકો મારા પગોમાં અળોટતાં દૂધ માંગતા હતાં પણ મેં મા બાપને દૂધ પીવડાવ્યા વગર તેઓને દૂધ આપવાનું યોગ્ય ન જાણ્યુ. એટલે સુધી કે સવાર થઈ ગઈ. હે અલ્લાહ ! જો મારો આ અમલ તને રાજી કરવા માટે હતો તો તું આ ચટ્ટાનને હટાવી દે કે જેથી અમે આસમાનને જોઈ શકીએ. ચટ્ટાન એટલીખસી ગઈ કે તેમને આકાશ દેખાવા લાગ્યું. બીજાએ કાકાની છોકરી (પિત્રાઈ બહેન) સાથે ઝિનાથી દૂર રહેવા વિશે ઉલ્લેખ કર્યો અને ત્રીજાએ મજૂરની મૂજરીની અમાનતદારીનો ઉલ્લેખ કર્યો એટલે સુધી કે ચટ્ટાન સંપૂર્ણપણે ખસી ગઈ અને તેઓ બહાર નીકળી આવ્યા.

*–(મિશ્કાતુલ મસાબીહ, અબ્વાબુલ બિર્ર વસ્સલાહ–૨/૪૨૦)*

(પ્રકરણ : ૨૫)

# ઝકાત અને કંજૂસાઈ

ફરમાને ઈલાહી છે કે, ''જે લોકો અલ્લાહ તઆલાના અતા કરેલા માલમાં કંજૂસાઈ કરે છે તેઓ તેને પોતાના માટે બેહતર ન સમજે બલ્કે એ તેઓના માટે મુસીબત છે. નજીકના જ સમયમાં કંજૂસાઈ કરેલ માલ વડે કિયામતના દિવસે તેઓને તૌક પહેરાવવામાં આવશે.'' *(પારા–૪, સૂ.આલે ઈમરાન, આયત : ૧/૮૦)*

ફરમાને ઈલાહી છે કે, ''તે મુશ્રિકોના માટે હલાકત છે જેઓ ઝકાત અદા નથી કરતા.'' *(પારા–૨૪, સૂ.હામીમ સજદા, આયત : ૬–૭)* આ આયતે કરીમહમાં અલ્લાહ તઆલાએ ઝકાત ન દેનારાઓને મુશ્રિક કહ્યા છે !

ફરમાને નબવી છે કે જે શખ્સ પોતાના માલની ઝકાત અદા નથી કરતો તેની ગરદનમાં કિયામતના દિવસે તેનો માલ ગંજા સાપના રૂપમાં લટકી રહ્યો હશે. *(સુનને ઈબ્ને માજહ, અબ્વાબુઝ ઝકાત, પેજ–૧૨૮, કન્ઝુલ ઉમ્માલ–૬/૩૦૩)*

## ★ હુઝૂર ﷺએ પાંચ વાતોથી અલ્લાહની પનાહ માંગી ★

ફરમાને નબવી છે કે હે મુહાજેરીનના ગિરોહ ! પાંચ બલાઓ એવી છે જેના માટે અલ્લાહ તઆલથી હું તમારા માટે પનાહ માગું છું. જયારે કોઈ કૌમમાં ઉઘાડાછોગે બદકારીઓ થાય છે તો અલ્લાહ તઆલા તેઓના પર એવી નાપસંદીદા ચીજો નાઝિલ કરે છે જે પહેલાં કોઈના પર નાઝિલ નથી કરી. જયારે કોઈ કોમ તોલમાપમાં ઉણપ કરે છે તો તેઓના પર તંગદસ્તી, દુકાળ અને જાલિમ રાજકર્તા બેસાડી દેવામાં આવે છે. જયારે કોઈ કૌમ પોતાના માલોની ઝકાત નથી આપતી તો તેઓને સૂકો દુકાળ ઘેરી લે છે. જો જમીન પર ચારપગાં પ્રાણીઓ ન હોત તો કદી તેઓના પર વરસાદ ન વરસતો. **જયારે કોઈ કૌમ અલ્લાહ અને તેના રસૂલના વાયદાને તોડી નાખે છે તો તેના પર તેના દુશ્મનો સવાર થઈ જાય છે જે તેઓ પાસેથી તેઓનો માલ તથા દૌલત છીનવી લે છે** અને

જે કૌમના રાજકર્તા અલ્લાહની કિતાબ (કુરઆન)થી ફેંસલો નથી કરતા તેઓના દિલોમાં એકબીજાનો ભય પેદા થઈ જાય છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૮૦)*

ફરમાને નબવી છે કે અલ્લાહ તઆલા બખીલ (કંજૂસ)ની જિંદગી અને સખીના મૃત્યુને નાપસંદ ફરમાવે છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૩/૪૪૮)*

ફરમાને નબવી છે કે બે આદતો મોમિનમાં ભેગી નથી થઈ શકતી, કંજૂસાઈ અને બુરી આદતો. *(સુનને તિર્મિઝી–૨/૧૭, હિલ્યતુલ અવલિયા–૨/૨૯૨, અત્તરબગીબ વત્તરહીબ–૩/૨૫૮)*

ફર્માને નબવી છે કે અલ્લાહ તઆલાએ કસમ યાદ ફર્માવી છે કે કંજૂસને જન્નતમાં મોકલશે નહીં. *(સુનને તિર્મિઝી, ૨/૧૭)*

ફરમાને નબવી છે કે કંજૂસાઈથી બચો ! **જે કૌમમાં કંજૂસાઇ આવી જાય છે તેઓ ઝકાત નથી આપતા,** સગા સ્નેહીઓથી સદવર્તાવ નથી કરતા અને નાહક ખૂનરેઝીઓ કરે છે. *(કન્ઝુલ ઉમ્માલ–૩/૪૫૨, હદીષ–૭૪૦૪)*

ફરમાને નબવી છે કે અલ્લાહ તઆલાએ પ્રવાહી અને ઉષ્માને પેદા કર્યા અને તેને માલ તથા કંજૂસાઈથી ઢાંકી દીધાં. *(કન્ઝુલ ઉમ્માલ–૩/૪૫૩, હદીષ–૭૪૧૦)*

હઝરત હસન رضي الله عنه ને કંજૂસાઈના વિશે પૂછવામાં આવ્યું તો આપે ફરમાવ્યું કે કંજૂસાઈ એ છે કે માણસ માલને રાહે ખુદામાં ખર્ચ કરવામાં માલનું નુકશાન અને માલ ભેગો કરવામાં ખૂબી સમજે. કંજૂસાઈનો પાયો, ઔલાદ અને માલની મહોબ્બત તથા ગરીબી તથા ભૂખમરાનો ડર અને લાંબી ઉમ્મીદ (ના ઉપર છે).

હદીષ શરીફમાં છે કે કેટલાક માણસો એવા છે જે પોતાના માલની ઝકાતની અદાયગી અને પોતાના બાળબચ્ચાંઓ પર ખર્ચ કરવાને સારું નથી જાણતા. તેઓની મહોબ્બત રૂપિયા જમા કરવામાં અને તેને સાચવીને રાખવામાં હોય છે. જો કે તેઓ જાણે છે કે તેમણે એક દિવસ મરી જવાનું છે. *(સુનને ઈબ્ને માજહ, પેજ–૨૬૧)*

તે બખીલોના બારામાં એક શાયરે કહ્યું છે :– **(અર્થ)** :

(૧) હે ભાઈ ! અકલમંદ લોકોના રૂપમાં ઘણાયે જાનવર પણ હોય છે.

**(૨) જે પોતાના માલની દરેક ઊંચનીચ (ચડતી પડતી)ને જાણે છે પરંતુ જો તેઓનો દીન (મઝહબ) ચાલ્યો જાય તો તેમને એહસાસ પણ નથી થતો !**

**એક શાયરે કહ્યું છે :–**

(૧) કંજૂસપણું એવી બીમારી છે જે કોઈ મુરવ્વતવાળા, અકલમંદ અને દીનદારના લાયક નથી.

(૨) જેણે માલ તથા દૌલત હાંસલ કરીને કંજૂસાઈ કરી તો મને જિંદગીની કસમ તે ધોકામાં રહ્યો.

(૩) હાય અફસોસ ! જેણે દુનિયા તથા આખેરતના હકકો અદા ન કર્યા તેણે તુચ્છ ચીજના બદલામાં પોતાના દીન પછી દુનિયા પણ વેચી મારી.

**એક અન્ય શાયર કહે છે :–**

(૧) જયારે માલ કોઈ દોસ્તને નફો ન પહોંચાડે, કોઈ સગાના કામ ન આવે અને કોઈ ગરીબની હાજત પૂરી ન કરે.

(૨) તો અંજામ એ થશે કે માલ તો વારસદારોના હાથે ચઢશે અને બખીલ કિયામતની શરર્મિંદગી પોતાની સાથે લઈ જશે.

જનાબ બિશરનો કૌલ છે કે કંજૂસની મુલાકાત રંજ પેદા કરે છે અને તેને જોવો દિલની સખ્તાઈમાં પણ વધારો કરે છે. અરબ એકબીજાને કંજૂસાઈ અને ડરપોકપણા માટે શરમ અપાવ્યા કરતા હતા.

**શાયર કહે છે :–**

(૧) ખર્ચ કરતો રહે અને ઓછુ થવાનો ડર ન રાખ કેમ કે અલ્લાહ તઆલાએ બંદાઓના રિઝક (રોજી) વહેંચી દીધેલ છે.

(૨) દુનિયાથી જતી વખતે કંજૂસાઈ કોઈ લાભ આપશે નહીં અને સખાવત કોઈ નુકસાન પહોંચાડશે નહીં.

**એક અન્ય શાયરે કહ્યું છે :–**

(૧) મેં લોકોને સખી લોકોના તો દોસ્ત બનેલા જોયા છે પણ બંને જહાનમાં બખીલનો કોઈ દોસ્ત નથી જોયો.

(૨) મેં જોયું છે કે કૂંજસપણુ કંજૂસોને બેઈજ્જત (ઝલીલોખાર) કરે છે જેથી મેં કંજૂસપણાથી દૂરી અપનાવી લીધી.

કંજૂસની બેઈજ્જતીના માટે એટલું જ પૂરતું છે કે તે અન્યોના માટે માલ ભેગો કરે છે, ખર્ચ કરવામાં તકલીફ અનુભવે છે અને તેની અધિકતામાં પણ તેને આનંદ નથી મળતો (સંતોષ નથી પામતો). એવા માણસોના માટે જનાબ વકીઅનો કૌલ છે :–

(૧) કંજૂસ હમેશાં પોતાના વારસોના માટે માલ એકત્ર કરે છે અને તેની રક્ષા કરે છે.

(૨) શિકારી કૂતરાની જેમ છે જે ભૂખ્યો હોવા છતાં શિકારનું રક્ષણ કરે છે, જેથી તેને બીજાઓ ખાય !

એક સરસ કહેવત છે કે કંજૂસના માલની આવનારા વારસોને ખુશખબરી આપી દો ! ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہનો કૌલ છે કે હું બખીલનો ફેંસલો નથી કરી શકતો કેમ કે તે પોતાની કંજૂસાઈના કારણે પોતાના હકથી વધુ મેળવવાની કોશિશ કરે છે અને એવો માણસ અમાનતદાર નથી હોતો.

## ★ ઈબ્લીસ લઈન (લાનતી) કંજૂસાઈને પસંદ કરે છે ★

હઝરત યહ્યા علیہ السلامની ઈબ્લીસ જોડે મુલાકાત થઈ તો આપે પૂછયું કે તને કયો માણસ પસંદ અને કયો નાપસંદ છે ? ઈબ્લીસે કહ્યું કે મને બખીલ મોમિન (ઈબાદત ગુઝાર કંજૂસ) પસંદ છે પણ ગુનેહગાર સખી પસંદ નથી. આપે પૂછયું કે એમ કેમ ? ઈબ્લીસે કહ્યું એટલા માટે કે બખીલને તો તેનું બુખ્લ (કંજૂસપણું) જ લઈને ડૂબશે પણ ફાસિક સખીના વિશે મને એ ખતરો છે કે કયાંક અલ્લાહ તઆલા તેના ગુનાહોને તેની સખાવતને કારણે માફ ન ફરમાવી દે. પછી ઈબ્લીસ જતાં જતાં કહેતો ગયો કે જો આપ યહ્યા પયગમ્બર ન હોત તો હું (આ રહસ્યની વાત) ન જણાવત.

(પ્રકરણ : ૨૬)

# મોટી મોટી તમન્નાઓ

### ★ ઉમ્મીદોનો સહારો અને ફરમાને નબવી ★

ફરમાને નબવી છે કે હું તમારા માટે બે ચીજોના સવાર થવાથી ડરૂં છું. મોટી મોટી તમન્નાઓ અને ઈચ્છાઓની પયરવી. બેશક ! ભારે ભારે તમન્નાઓ આખેરતની યાદને ભૂલાવી દે છે અને ઈચ્છાઓની પયરવી હક તથા સચ્ચાઈ (સદાકત)થી રોકી દે છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૨૨, હદીષ–૪૩૭૬૪, કિતાબુઝ્ઝુહદ વર્કિાક, પેજ–૮૬)*

ફરમાને નબવી છે કે હું ત્રણ શખ્સોના માટે ત્રણ ચીજોનો જામિન છું. દુનિયાનમાં સંપૂર્ણતઃ ડૂબી જવું, દુનિયાના લાલચી અને કૂંજસના માટે કાયમી ચિંતા, કાયમી વ્યસ્તતા અને કાયમી ગમ મુકદ્દર કરવામાં આવેલ છે. (તેના નસીબમાં આ ચીજો છે.)

હઝરત અબૂદરદા رضی اللہ عنہએ હમ્સવાળાઓને કહ્યું કે તમને શરમ નથી આવતી તમે એવાં મકાનો બનાવો છો જેમાં તમારે નથી રહેવાનું, એવી આશાઓ બાંધો છો જેને નથી પામી શકતા અને એવો સામાન ભેગો કરો છો જેને પોતાના ઉપયોગમાં નથી લાવતા. તમારાથી આગલી ઉમ્મતોએ આલીશાન ઈમારતો બનાવી, ખૂબ જ માલ તથા સંપત્તિ જમા કરી અને ભારે ભારે ઉમ્મીદો રાખી પણ તેઓની ઉમ્મીદો છેતરામણી નીકળી અને તેઓનો એકત્ર કરેલો માલ બરબાદ થયો અને ઈમારતો કબ્રસ્તાન બની ગઈ.

હઝરત અલી رضی اللہ عنہએ હઝરત ઉમર رضی اللہ عنہને કહ્યું કે જો તમારા દોસ્ત (રબ તઆલા) સાથે મુલાકાતની ઈચ્છા ધરાવતા હોવ તો થીંગડુ મારેલ કપડુ પહેરો, જૂના બુટ વાપરો, આશાઓ ઓછી રાખો અને પેટ ભરીને ન ખાવ.

હઝરત આદમ علیہ السلامએ પોતાના પુત્ર શીશ علیہ السلامને પાંચ વાતોની વસિયત કરી અને ફરમાવ્યું કે તારી ઔલાદને પણ આ જ વસિયત કરજે.

થોડા સમય માટેની દુનિયામાં નચિંત ન થશો હું સદા રહેનારી જન્નતમાં નચિંત હતો. અલ્લાહ તઆલાએ મને ત્યાંથી કાઢી નાખ્યો. સ્ત્રીઓની ઈચ્છાઓ પ્રમાણે કામ ન કરશો, મેં મારી પત્નીની ઈચ્છા હેઠળ મના કરેલ ઝાડ(નું ફળ) ખાઈ લીધું અને શરમિંદગી વેઠવી પડી. દરેક કામ કરતાં પહેલાં તેનું પરિણામ વિચારી લો, જો હું પરિણામ વિચારત તો જન્નતથી કાઢવામાં ન આવત. જે કામથી તમારું દિલ સંતોષ ન અનુભવે તે કામને ન કરો કેમ કે જયારે મેં મના કરેલ ચીજ ખાધી તો મારું દિલ સંતોષી ન હતું તેમ છતાં હું તે ખાવાથી ન બચ્યો. કામ કરતાં પહેલાં મશ્વરો (વિચાર વિમર્શ) કરી લીધા કરો કેમ કે જો હું ફરિશ્તાઓથી મશ્વરો કરી લેત તો મારે આ તકલીફ ઉઠાવવી ન પડત.

મુજાહિદનો કૌલ છે કે મને અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہએ ફરમાવ્યું કે સવારે સાંજની ચિંતા ન કરો અને સાંજે બીજી સવારની ચિંતા ન કરો. મૌતથી પહેલાં જિંદગીને, બીમારીથી પહેલા તંદુરસ્તીને ગનીમત સમજ કેમ કે ખબર નહીં કાલે તારો શું હાલ થશે. *(સહીહ બુખારી–૨/૯૪૯, સુનને તિર્મિઝી–૨/૫૯)*

## ★ અલ્લાહ તઆલાથી યથોચિત શરમ કરો ★

હુઝૂર صلی اللہ علیہ وسلمએ સહાબાએ કિરામને ફરમાવ્યું કે શું તમો સૌ જન્નતમાં જવાની તમન્ના ધરાવો છો ? તેઓએ અર્ઝ કરી, હા ! આપે ફરમાવ્યું કે ઉમ્મીદો ઓછી કરી દો અને અલ્લાહ તઆલાથી કમા હક્કહુ (જેવો કે હક્ક છે) શરમ કરો. સહાબાએ કિરામે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અમે અલ્લાહથી શરમ કરીએ છીએ. આપે ફરમાવ્યું કે શરમ તે નથી જે તમે સમજો છો પણ શરમ એ છે કે તમે કબરો અને તેની તકલીફોને યાદ કરો, પેટને હરામથી મેહફૂઝ રાખો, દિમાગને ખરાબ વિચારોનું કેન્દ્રસ્થાન ન બનાવો અને જે શખ્સ આખેરતની ઈજ્જત ઈચ્છે છે તે દુનિયવી શણગારોને ત્યજી દે. એ જ હકીકી શરમ છે અને તેના થકી જ બંદો અલ્લાહ તઆલાનો કુર્બ (નઝદીકી) હાંસલ કરે છે. *(હિલ્યતુલ અવલિયા,૮/૧૯૯)*

ફરમાને નબવી છે, આ ઉમ્મતની અવ્વલીન (પ્રથમ) નેકી ઝુહદ (તકવો તથા દુનિયા તર્ક કરીને પરહેઝગારી) અને યકીને કામિલ છે અને

તેની હલાકતનો આખરી સબબ કંજૂસાઈ અને જૂઠી આશાઓ બાંધવી તે છે. *(મિશ્કાતુલ મસાબીહ–૨/૪૫૦, અત્તરગીબ વત્તરહીબ–૪/૧૨૧)*

## ★ સહાબીઓના ઈરશાદો ★

હઝરત ઉમ્મુલ મુન્ઝર رضی اللہ عنہ થી મરવી છે કે એકવાર હુઝૂર صلی اللہ علیہ وسلم રાત્રે લોકોની પાસે આવ્યા અને ફરમાવ્યું કે હે લોકો ! અલ્લાહથી શરમ કરો. સહાબાએ કિરામે અર્ઝ કરી, કેવી રીતે યા રસૂલલ્લાહ ! આપે ફરમાવ્યું કે તે સર્વ જમા કરો છો જે ખાતા નથી, તે ઉમ્મીદો રાખો છો જે પામી નથી શકતા અને એવા મકાનો બનાવો છો જેમાં તમારે કાયમ રહેવાનું નથી.

હઝરત અબૂસઈદ ખુદરી رضی اللہ عنہ થી મરવી છે કે હઝરત અસામહ ઈબ્ને ઝયદ رضی اللہ عنہ એ એક મહીના માટે ઉધાર રકમ વડે એક સો દીનારમાં એક લોંડી ખરીદી. જયારે હુઝૂર صلی اللہ علیہ وسلم એ સાંભળ્યું તો ફરમાવ્યું કે તમને આશ્ચર્ય ન થયું ? અસામહએ મહીનાના ઉધાર સાથે લોંડી ખરીદી છે ! તેની ઉમ્મીદો ઘણી લાંબી છે. રબ્બે ઝુલ જલાલની કસમ ! હું આંખો ખોલુ છું તો મને એટલી આશા નથી હોતી કે પાંપણો એકબીજાથી મળશે કે પછી અલ્લાહ તઆલા એ પહેલાં મારી રૂહ કબ્ઝ ફરમાવી લેશે ! હું તો નજર ઉઠાવ્યા બાદ નજરના પાછા વળવાની આશા નથી ધરાવતો, કોળીયો મોઢામાં મૂકીને તેને ચાવવા સુધીની જિંદગીની આશા નથી રાખતો. પછી ઈરશાદ ફરમાવ્યો કે હે લોકો ! જો તમે બુધ્ધિશાળી હોવ તો પોતે પોતાને મુડદાંઓમાં ગણો, રબ્બે ઝુલ જલાલની કસમ ! જેની કુદરતના કબજામાં મારી જાન છે કે તમારા પર એક નિશ્ચિત સમય (મૌત) આવશે જેને તમે ટાળી નહીં શકો. *(અહયાઉલ ઉલૂમ–૪/૩૯૪)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم માટી વડે મસહ ફરમાવી લેતા. હું અર્ઝ કરતો કે, હુઝૂર ! પાણી નજીક છે તો આપ ફરમાવતા કે શું ખબર હું પાણી સુધી પહોંચી શકું કે ન પહોંચી શકું ? (આ વાતો હિદાયત કાજે છે) *(મિશ્કાતુલ મસાબીહ–૨/૪૫૦)*

રિવાયત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ ત્રણ લાકડીઓ લીધી એકને સામે, બીજીને બાજુમાં અને ત્રીજીને દૂર રાખી અને ફરમાવ્યું કે જાણો છો આ

કોણ છે ? સહાબાએ અર્ઝ કરી, અલ્લાહ અને તેના રસૂલ ﷺ બેહતર જાણે છે. ફરમાવ્યું કે આ માણસ છે, આ મૌત છે અને તે માણસની આકાંક્ષાઓ છે. માણસ આકાંક્ષાઓની પાછળ પાછળ દોડે છે પણ રસ્તામાં તેને મૌત આવી પડે છે. *(અહયાઉલ ઉલૂમ–૪/૩૯૪)*

### ★ હઝરત ઈસા عليه السلام નો એક પ્રસંગ ★

મરવી છે કે હઝરત ઈસા عليه السلام બેઠેલા હતા અને એક વૃદ્ધ પાવડા વડે જમીન ખોદી રહ્યો હતો.આપે અલ્લાહ તઆલાથી દુઆ માંગી કે હે અલ્લાહ ! એની પાસેથી જિંદગીની આશા છીનવી લે. વૃદ્ધે પાવડો મૂકી દીધો અને સૂઈ ગયો. જયારે થોડોક સમય પસાર થઈ ગયો તો આપે અલ્લાહ તઆલાથી દુઆ માંગી કે તેને તેની આશાઓ પાછી આપી દે. વુદ્ધ ઉભો થઈ ગયો અને પાવડા વડે જમીન ખોદવા લાગ્યવો તો આપે તેનું કારણ પૂછયુ તો તે કહેવા લાગ્યો કે કામ કરતાં કરતાં માર દિલમાં વિચાર આવ્યો કે હું હવે વૃદ્ધ થઈ ગયો છું અને કયાં સુધી આ કામ કરતો રહીશ ? જેથી મેં પાવડો મૂકી દીધો અને સૂઈ ગયો. થોડીકવાર પછી મારા દિલમાં ખયાલ આવ્યો કે તારી જિંદગી પસાર કરવા માટે જરૂર કાંઈ ન કાંઈ કરવું જોઈએ જેથી પાવડો ઉપાડીને ફરી હું ઉભો થઈને કામ કરવા લાગ્યો !

(પ્રકરણ : ૨૭)

# ઈબાદત ગુઝારી અને હરામને ત્યજી દેવું

તાઅતનો અર્થ ફર્ઝોની અદાયગી, હરામ ચીજોથી બચવું અને શરીઅતના નિયંત્રણો પર અમલ કરતા રહેવું. હઝરત મુજાહિદ رحمۃ اللہ علیہ ફરમાને ઈલાહી وَلَا تَنْسَ نَصِيْبَكَ مِنَ الدُّنْيَاના વિશે કહે છે કે તેનો મતલબ એ છે કે બંદો અલ્લાહ તઆલાની ઈબાદત તથા ઈતાઅત કરતો રહે. *(પારા–૨૦, સૂ. ક઼સસ, આયત–૭૭)*

## ★ તાઅતની હકીકત ★

તાઅતની હકીકત અલ્લાહ તઆલાની મઅરેફત (ઓળખ), ખૌફે ખુદા, અલ્લાહ તઆલાથી ઉમ્મીદ અને દરેક સમયે અલ્લાહ તઆલાની તરફ રૂજૂઅ થવું (માફી તલબ કરવી) તે છે. જે બંદો આ ગુણોથી ખાલી હોય છે તે ઈમાનની હકીકતને પામી શકતો નથી. જેથી ઈતાઅત તે સમય સુધી સહીહ નથી થતી જયાં સુધી બંદો અલ્લાહની મઅરેફત અને તે અનુપમ તથા અજાડ કાદિર તથા ખાલિક રબ્બે ઝુલ જલાલની તમામ સિફતો પર ઈમાન નથી લાવતો.

એક બદવીએ (રણવાસી અરબે) હઝરત મુહમ્મદ ઈબ્ને અલી ઈબ્ને હુસૈન رضی اللہ عنہماથી અર્ઝ કરી કે તમે અલ્લાહને જોયો છે તો તેની ઈબાદત કરો છો ? આપે ફરમાવ્યું, હા જોઈને ઈબાદત કરૂં છું. તે બોલ્યો સારું તો તે કેવી રીતે ? આપે ફરમાવ્યું, તેને આંખોના નૂર વડે નહીં દિલથી ઓળખીને જોવામાં આવે છે. તેને બુદ્ધિ નથી સમજી શકતી તે પોતાની અગણિત નિશાનીઓ વડે ઓળખાય જાય છે, અસંખ્ય ગુણો તેનામાં સમાયેલ છે. તે કોઈના પર જુલ્મ નથી કરતો, તે આસમાનો તથા જમીનનો માલિક છે અને તેના સિવાય કોઈ મઅબૂદ નથી. બદવી એકાએક બોલી ઉઠયો કે અલ્લાહ જાણે છે કે તેણે કયા ઘરાનામાં પોતાના રસૂલ મોકલવો છે.

## ★ બાતિની (આંત્રિક) ઈલ્મ શું છે ? ★

એક આરિફને બાતિની ઈલ્મના વિશે પૂછવામાં આવ્યું તો તેમણે

કહ્યું કે તે અલ્લાહ તઆલાનું રાઝ (રહસ્ય) છે જેને તે પોતાના દોસ્તોના દિલોમાં નાખી દે છે.

હઝરત કઅબ ઈને અહબાર رضی اللہ عنہ થી મરવી છે કે તેમણે કહ્યું કે જો માણસ એક દાણા જેટલો અલ્લાહની અઝમત પર યકીન કરે તો તે હવા પર ઉડે અને પાણી પર ચાલે. પાક છે તે ઝાત જેણે પોતાની મઅરેફતની ઓળખ પર માણસના આજિઝીના ઈકરારને ઈમાન ઠરાવ્યું અને અતા કરેલ નેઅમતો પરના માણસના શુક્ર ન કરી શકવાના સ્વીકારને શુક્ર ઠરાવ્યું છે. જનાબ મહમૂદુલ વર્રાકના અશઆર છે :– **(અર્થ)** :–

(૧) જયારે અલ્લાહ તઆલાની નેઅમતો પર મારું શુક્ર કરવું એ પણ એક નેઅમત છે, જેના માટે શુક્ર વાજિબ છે.

(૨) પછી હું કેમ કરીને તેના કરમ વગર શુક્રિયા અદા કરી શકુ છું ? ભલે મને ઘણી લાંબી જિંદગી પણ આપી દેવામાં આવે.

(૩) જયારે માણસને ખુશી મળે છે તો ખુશીઓ આમ (વ્યાપક) થઈ જાય છે અને જયારે કોઈ દુઃખ પહોંચે છે તો તેના પછી તેને બેહતરીન અજ્ર (બદલો) મળે છે.

(૪) દરેક ખુશી તથા ગમીમાં અલ્લાહ તઆલાની એવી નેઅમત છુપાએલી છે જે જમીન તથા સમુદ્રમાં નથી સમાઈ શકતી.

જયારે મઅરેફતે ખુદાવંદી હાંસલ થઈ જાય તો બંદગીનો ઈકરાર લાઝમી છે અને જયારે ઈમાન દિલમાં સ્થાન જમાવી લે તો અલ્લાહ તઆલાની ઈતાઅત વાજિબ થઈ જાય છે.

ઈમાનના બે પ્રકારો છે. જાહેરી અને બાતિની. જીભ વડેના ઈકરારને જાહેરી અને દિલથી માની લેવાને બાતિની કહે છે. કુર્બે ખુદાવંદી (ખુદાની નિકટતા) અને ઈબાદત તથા ઈતાઅતમાં મોમિનોના વિવિધ દરજાઓ છે પણ ઈમાનમાં સૌ એક સરખી રીતે સામેલ છે. જે મુસલમાન તવકકલ **(ખુદા પર ભરોસો)**, ઈખ્લાસ અને અલ્લાહની રઝા જોઈ (રાજીપામાં) જેટલો હિસ્સો ધરાવે છે તેટલા પ્રમાણમાં તેનો મર્તબો બુલંદ થાય છે.

ઈખ્લાસ એ છે કે બંદો અલ્લાહ તઆલાથી પોતાના આમાલના

બદલાનો તલબગાર ન હોય. એટલા માટે કે જે શખ્સ સવાબની આશા અને અઝાબના ડરને લીધે ઈબાદત કરે છે તેનો ઈખ્લાસ (નિખાલસપણુ) સંપૂર્ણ નથી હોતો, કેમ કે તેણે તો પોતાની ભલાઈના માટે ઈબાદત કરી છે.

હુઝૂર ﷺનું ફરમાન છે કે બુરા કૂતરાની જેમ ન બનો જે ડરનું માર્યું કામ કરે છે, ન તો બુરા મજૂરની જેમ બનો જે મજૂરી ન મળે તો કામ જ નથી કરતો.

ફરમાને ઈલાહી છે :–

**ومن الناس من يعبد الله على حرف فان اصابه خيرن اطمأن به وان**

**اصابته فتنةن انقلب على وجهه خسر الدنيا والاٰخرة**

"અને કેટલાક લોકોમાંથી એવા છે જેઓ કિનારા પર અલ્લાહની ઈબાદત કરે છે જો તેઓને ભલાઈ મળે તો તેઓ સંતુષ્ટ થઈ જાય છે અને જો તેને આજમાઈશ (માં પડવું) પડે તો પોતાના મોઢે પાછો ફરી જાય. દુનિયા તથા આખેરતને નુકશાનમાં નાખ્યાં." *(પારા–૧૭, સૂ. હજ, આયત–૧૧)*

જો અલ્લાહ તઆલા અમલોનો બદલો ન આપત તો પણ તેના એહસાનો અને ઈનામો એટલાં છે કે આપણા ઉપર તેની ઈબાદત અને ઈતાઅત જરૂરી હતી, શું જરૂર છે કે તેનો હુકમ પણ હોય અને બદલાનો વાયદો પણ હોય ?

**તવક્કુલ** એ છે કે માણસ જરૂરતના સમયે અલ્લાહ તઆલા પર ભરોસો કરે, જરૂરતના સમયે તેની તરફ ધ્યાનિત થાય અને મુસીબતો આવતાં દિલી ઈત્મિનાન અને સંપૂર્ણ સંયમનો દાખલો બેસાડે. કેમ કે મુતવકિકલ (તવકકલ કરનાર) માણસ સારી રીતે જાણે છે કે મુસીબતો અલ્લાહ તરફથી જ છે. તે સારા તથા બુરા દરેક કામમાં પિતા પુત્ર, માલ તથા દૌલત તરફથી નહીં પણ ખાલિકે કાએનાતના તરફથી સમજે છે અને કોઈ પણ હાલતમાં અલ્લાહ તઆલાની સિવાય કોઈ અન્ય પર ભરોસો નથી કરતો. જેમ કે ફરમાને ઈલાહી છે : **وَمَنۡ يَّتَوَكَّلۡ عَلَى اللّٰهِ فَهُوَ حَسۡبُهٗ** "જે અલ્લાહ પર ભરોસો રાખે છે તો અલ્લાહ તેના માટે પૂરતો છે." *(પારા–૨૮, સૂ. તલાક઼, આયત–૩)*

''**રઝા**''નો અર્થ એ છે કે માણસ અલ્લાહના ઉપસ્થિત કરેલા સંજોગોને હસતે મુખે કબૂલ કરે.

કેટલાક ઉલમાનો કૌલ છે કે અલ્લાહની બારગાહમાં સૌથી વધુ નજીક તે શખ્સ છે જે તેની રઝામાં રાજી છે. હુકમાનો કૌલ છે ઘણી ખુશીઓ બીમારી હોય છે અને ઘણી બીમારીઓ શિફા હોય છે.

**કોઈ શાયરે કહ્યું છે :–**

(૧) કેટલીક નેઅમતો એવી છે જે મુસીબતોથી ઘેરાએલી છે.

(૨) અને કેટલીક ખુશીઓ એવી છે જે મુસીબતો રૂપે નાઝિલ થયેલ છે.

(૩) ખુશી અને ગમ બંનેવમાં સબ્ર કર કેમ કે દરેક કાર્યનું એક પરિણામ હોય છે.

(૪) દરેક ગમ પછી ખુશી છે અને દરેક ખૂબીમાં બુરાઈ પણ છુપાએલી છે.

આપણા માટે આ ઈરશાદે રબ્બાની પૂરતો છે કે, તમે કોઈ ચીજને નાપસંદ કરો છો જો કે તે તમારા માટે બેહતર હોય છે. *(સૂ. બક્રહ, આયત–૨૧૬)* બંદાની ઈબાદત અને ઈતાઅત દુનિયાની મહોબ્બત છોડયા વગર અપૂર્ણ રહે છે.

એક શાણા પુરુષનો કૌલ છે કે બેહતરીન નસીહત તે છે કે જે દિલ પર કોઈ પડદો ન રહેવા દે અને પડદાઓ દુનિયવી જોડાણો છે. (એટલે કે તે નસીહતથી તમામ દુનિયવી જોડાણો દિલથી છૂટી જાય). એક અન્ય હિકમતભર્યી કહેવત છે કે દુનિયા એક ક્ષણ છે તેને ઈતાઅત તથા બંદગીમાં પસાર કરી દે.

**અબુલ વલીદ અલ્બાજીનો કૌલ છે :–**

(૧) જયારે તમે ખૂબ સારી પેઠે જાણો છો કે તમારી જિંદગી એક પળથી વધારે નથી.

(૨) તો તમે તેને કાળજી સાથે કેમ વાપરતા નથી, તેને ફરમારદારી તથા ઈબાદતમાં કેમ લબરેઝ નથી કરતા !

એક શખ્સે હુઝૂર ﷺને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ હું

મૌતને પસંદ કરતો નથી ? આપે ફરમાવ્યું, તારો માલ વગેરે છે ? અર્ઝ કરી કે જી હા. આપે કહ્યું કે માલને પહેલાં મોકલી દે કેમ કે માણસ પોતાના માલની સાથે હશે.

હઝરત ઈસા عليه السلام નો ઈરશાદ છે કે ત્રણ ચીજોમાં ભલાઈ છે, બોલવામાં, જોવામાં અને ચૂપ રહેવામાં. જેની વાણીમાં ઝિક્રે ખુદા નથી તે વાણી નિરર્થક છે, જેના જોવામાં (દષ્ટિમાં) ઈબ્રતની નિગાહ નથી તે દષ્ટિ ભૂલ છે અને જેનું મૌન પોતાના અંજામ માટે વિચારવા અર્થે નથી તેનું મૌન બેકાર છે. કેમ કે ચિંતન વડે દુનિયાનું આકર્ષણ જતુ રહે છે. મનગમતી ચીજોની તમન્ના મુરઝાઈ જાય છે અને માણસ ચિંતન વિચારનો આદી બની જાય છે.

દરેક માણસે હરામ ચીજોની તરફ નજર ન નાખવી જોઈએ. કેમ કે નજર એક એવું તીર છે જે નિશાન ચૂકતુ નથી અને આ એક પ્રચંડ શકિત છે. ફરમાને નબવી છે કે નજર શયતાનના તીરોમાંથી એક તીર છે. જેણે ખુદાના ખૌફને ખાતર તેને હરામથી બચાવી લીધી તો અલ્લાહ તઆલા તેને એવું ઈમાન અતા કરશે જેની મજા તે પોતાના દિલના ઊંડાણમાં અનુભવશે.

હુકમાનો કૌલ છે કે જેણે પોતાની નજરને આવારા છોડી મૂકી તેણે અપાર શરમિંદગી ઉઠાવી. આ નજરને આઝાદ કરવાની વૃત્તિ માણસને ઉઘાડો પાડી દે છે, તેને ઝલીલોખાર(બેઈઝ્ઝત) કરી દે છે અને જહન્નમમાં લાંબા સમય માટે રહેવાનું તેના પર વાજિબ કરી દે છે. પોતાની નજરની રક્ષા કર, જો તેં તેને આવારા છોડી મૂકી તો બુરાઈઓમાં ઘેરાઈ જઈશ અને જો તેં તેના ઉપર કાબૂ મેળવી લીધો તો શરીરના તમામ અંગો તારા આજ્ઞાંકિત બની જશે.

અફલાતૂનને પૂછવામાં આવ્યું કે દિલના માટે વધુ નુકસાન પહોંચાડવાવાળી ચીજ કાન છે કે આંખ ? તેણે કહ્યું, આ બંને દિલના માટે પક્ષીઓની પાંખોની જેમ છે, તે તેની જ શકિત વડે ઉડે છે. જયારે તેમાંથી કોઈ પાંખ તૂટી જાય છે તો તે ઉડવામાં મુશ્કેલી અનુભવે છે.

જનાબ મુહમ્મદ બિન સનૂઅનો કૌલ છે કે અલ્લાહ તઆલાએ દરેક

બુધ્ધિશાળીના માટે એ સજા રાખી દીધી છે કે દરેક તે ચીજને જોવા માટે મજબૂર થઈ જાય છે જેને તે નફરત કરે છે.

એક ઝાહિદે કોઈ શખ્સને જોયો કે તે કોઈ છોકરા સાથે હસી મજાક કરી રહ્યો હતો. ઝાહિદે તેને કહ્યું કે હે અકકલના આંધળા ! તને કિરામન કાતિબીન અને મુહાફિઝ ફરિશ્તાઓની પણ શરમ નથી આવતી જે તારા અમલો લખી તેને સુરક્ષિત કરતા જઈ રહ્યા છે અને તારી આ બુરાઈઓના ગવાહ બની રહ્યા છે ? અને તારી એવી ગુપ્ત બુરાઈઓથી જાણકારી હાંસલ કરી રહ્યા છે જેને તું લોકોની સમક્ષ કરતાં ગભરાય છે.

**કાઝીયુલ અર્જાની કહે છે :-**

(૧) હે મારી બંને આંખો ! તમે ગલત નિગાહીથી કામ લઈને મારા દિલને ખૂબ જ બુરી જગાએ લાવીને ઉભુ કરી દીધું છે.

(૨) હે મારી આંખો ! મારા દિલને ગુમરાહ કરવાથી અટકી જાવ, તમે બંનેવ થઈને એકને કત્લ કરવાની કોશિશ કરી રહી છો.

હઝરત અલી رضی اللہ عنہનું ફરમાન છે કે આંખો શયતાનની જાળ છે. આંખ ત્વરીત અસર પામનારું અંગ છે અને ખૂબ જ જલ્દી હાર પામે છે. જે કોઈએ પોતાના શરીરના અંગોનો અલ્લાહ તઆલાની ઈબાદતમાં ઉપયોગ કર્યો તેની ઉમ્મીદ બર આવી અને જેણે પોતાના શરીરના અંગોને ઈચ્છાઓ પાછળ લગાડી દીધાં તેના અમલો રદ થઈ ગયા.

**★ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારકની નસીહતો ★**

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારકે કહ્યું છે, ઈમાનની હકીકત રસૂલોની લાવેલી કિતાબોના સમર્થનને કહેવામાં આવે છે. જે કુરઆનને માને છે તેના હુકમો પર અમલ કરે છે તેને જહન્નમથી નજાત મળી ગઈ.

જે હરામ કરેલ ચીજોથી દૂર રહ્યો તે તૌબા તરફ વળ્યો. જેણે હલાલ રોજી ખાધી તે મુત્તકી બની ગયો. જેણે ફર્ઝોને અંજામ આપ્યા તેનો ઈસ્લામ મુકમ્મલ થઈ ગયો. જેણે જીભને સાચુ કહેનારી બનાવી તે હલાકતથી બચી ગયો. જેણે જુલ્મને નાપસંદ કર્યો તે કેસાસ (કોઈ ખૂન કરે તો ખૂનના

બદલામાં કાતિલને કત્લ કરવો)થી બચી ગયો. જેણે સુન્નતો અદા કરી તેના અમલો પાકીઝા થઈ ગયા અને જેણે નિખાલસપણે અલ્લાહની ઈબાદત કરી તેના અમલો મકબૂલ થઈ ગયા.

હઝરત અબૂદરદા رضی اللہ عنہથી મરવી છે કે તેમણે હુઝૂર صلی اللہ علیہ وسلمને અર્ઝ કરી કે મને વસિયત ફરમાવો. આપે ફરમાવ્યું, પાકીઝા હુન્નર (ધંધો) અપનાવ, નેક અમલ કર, અલ્લાહ તઆલાથી દરરોજ રોજી તલબ કરતો રહે અને પોતે પોતાને મુડદાંઓમાં ગણત્રી કર. અને દરેક માણસના માટે જરૂરી છે કે તે પોતાના નેક અમલો પર ગર્વ ન કરે કેમ કે એ આમાલના માટે એક મહાન હલાકત છે. એવો માણસ અમલ કરીને **અલ્લાહ તઆલા પર એહસાન જતાવે છે.** જો કે તેને એ ખબર નથી હોતી કે તેનો અમલ કબૂલ થયો કે નહીં. એવા ગુનાહ જેના પછી શરમિંદગી અને પશ્ચાતાપ હોય તે એ ઈબાદતથી સારા છે જેમાં ઘમંડ અને આડંબર (રિયા) સમાયેલ હોય.

ફરમાને ઈલાહી છે, **وَبَدَا لَهُمْ مِّنَ اللّٰهِ مَالَمْ يَكُوْنُوْا يَحْتَسِبُوْنَ** ''અને તેમને અલ્લાહ તરફથી એ વાત વિદિત જે તેમના ખયાલમાં હતી નહીં.'' *(પારા–૨૪, સૂ.ઝુમર, આયત–૪૭)*

કેટલાક મુફસ્સિરોનો કૌલ છે કે આ આયતનો મતલબ એ છે કે, તેઓ દુનિયામાં નેક અમલ કરીને ગર્વ કરતા હતા તો આખેરતમાં તેઓની તે નેકીઓ બુરાઈઓના રૂપે જાહેર થશે. એક બુઝુર્ગ જયારે આ આયત પઢતા તો ફરમાવ્યા કરતા કે દેખાવની ઈબાદત કરનારાઓ માટે હલાકત છે. અને ફરમાને ઈલાહી, ''અલ્લાહની ઈબાદતમાં કોઈને શરીક ન કરો.'' *(પારા : ૧૬, સૂ. કહફ, આ. ૧૧૦)* પરથી પણ કેટલાક ઉલમાએ રિયાની દખલગીરી મુરાદ લીધી છે. હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી મરવી છે કે સૌથી આખરમાં કુરઆન મજીદની આ આયત નાઝલ થઈ :–

**واتقوا يوما ترجعون فيه الى الله ثم توفى كل نفس ما كسبت وهم لا يظلمون**

''અને ડરો તે દિવસથી જેમાં તમે અલ્લાહ તરફ પાછા વાળવામાં આવશો પછી દરેક નફસને પોતાના અમલોનો પૂરો બદલો આપવામાં આવશે અને કોઈના પર જુલ્મ નહીં થાય.'' *(પારા–૩, સૂ. બકરહ, આયત–૨૮૧)*

**મુહમ્મદ ઈબ્ને બશીર عليه السلام ફરમાવે છે : (અર્થ) :–**

(૧) તારો મોટાભાગનો સમય વહી ચૂકયો. આ થોડા (સમય)ને કામમાં લાવ એ રીતે કે તું આદિલ ગવાહ બને, તારા એ કાર્યો તારી આદતોની ગવાહી આપશે.

(૨) જો તેં ભૂતકાળમાં બુરાઈઓ ભેગી કરી લીધી છે તો હવે નેકીઓ કર તો તું નેકબખ્ત બની જઈશ.

(૩) સારી વાતને કાલ પર ન છોડ કેમ કે, કાલ આવે અને તું ન હોય !

**એક અન્ય શાયર કહે છે કે : (અર્થ) :–**

(૧) બુરી ઈચ્છાઓને જલ્દી કરે છે અને તૌબાને કાલ ઉપર છોડે છે !

(૨) એવી ગફલતમાં મૌત આવી જશે. તો આ બુધ્ધિશાળીઓનું કામ નથી.

## ★ હઝરત દાઊદ عليه السلام ની હઝરત સુલૈમાન عليه السلام ને નસીહતો ★

હઝરત દાઊદ عليه السلام એ હઝરત સુલૈમાન عليه السلام ને ફરમાવ્યું કે ત્રણ ચીજો મોમિનની પરહેઝગારી માટેની દલીલો છે, ન મેળવવાની હાલતમાં બેહતરીન તવકકલ, મેળવી લેવાની હાલતમાં બેહતરીન રઝા (રાજી હોવું) અને ખત્મ થઈ જવાની હાલતમાં બેહતરીન સબ્ર.

એક હકીમનો કૌલ છે કે જેણે મુસીબતો પર સબ્ર કરી તેણે મકસદોને પ્રાપ્ત કરી લીધા. શાયર કહે છે, **(અર્થ) :–**

(૧) જો તારા પર જમાનો કોઈ મુસીબત નાઝિલ કરે તો તું સબ્ર કર અને હાય વોય ન કર.

(૨) જો દુનિયા પોતાની તમામતર ખૂબીઓ હોવા છતાં તારાથી મોઢુ ફેરવી લે તો તુ સબ્ર કર કેમ કે આ તકવા અને નેકીની નિશાની છે.

(૩) પોતાના નફસને સબ્ર અને તકવા માટે મજબૂર કર તો તું દરેક તે ફઝીલતને પ્રાપ્ત કરી લઈશ જેની તું તમન્ના ધરાવે છે.

**બીજો શાયર કહે છે, (અર્થ) :–**

(૧) સબ્ર હેતુ સિધ્ધ કરવાની ચાવી છે અને એક કાયમનો મદદગાર છે.

(૨) જો દુઃખની રાત લાંબી થઈ જાય તો સબ્ર કર કેમ કે મોટાભાગે સબ્ર કરનારે સબ્ર કર્યા બાદ પસ્તાવુ નથી પડતું.

**એક અન્ય શાયર કહે છે, (અર્થ) :–**

(૧) સબ્ર ઈમાનની મજબૂત રસ્સી અને શયતાની વસવસાઓ સામે ઢાલ છે.

(૨) સબ્રનો અંજામ બેહતરીન અને ગુસ્સાનો અંજામ બદતરીન હોય છે.

(૩) જો તને જમાનો કોઈ દુઃખ આપે તો સમજી લે કે પહેલેથી જ એવું થાય છે.

(૪) એવા મજબૂત યકીનની સાથે સબ્રનું બખ્તર પહેરી લે કેમ કે સબ્ર ખુદાની ખુશનુદીનો સબબ છે.

અને સબ્રના ઘણા પ્રકારો છે. પાબંદી સાથે ખુદા તઆલાના ફર્ઝો અદા કરવા અને તેના બેહતરીન સમયોનો ખ્યાલ રાખવો, ઈબાદત પર સબ્ર, દોસ્તો અને પાડોશીઓના જુલ્મ પર સબ્ર, બીમારી પર સબ્ર, ગરીબી પર સબ્ર, ગુનાહો, નાજાઈઝ ઈચ્છાઓ, શયતાની વસવસાઓ અને શરીરના અંગોને બિનજરૂરી કામોમાં વાપરવાથી સબ્ર, વગેરે.

(પ્રકરણ : ૨૮)

# મૌતની યાદી

ફરમાને નબી ﷺ છે કે લઝ્ઝતો (મજાઓ)ને મિટાવનારી (એટલે મૌત)ને ખૂબ જ યાદ કરો. *(સુનને તિર્મિઝી, ૨/૫૭, સુનને નિસાઈ, ૧/૨૫૮, સુનને ઈબ્ને માજહ, પેજ–૩૧૪)*

આ ફરમાનમાં એ નિર્દેશ છે કે ઈન્સાન મૌતને યાદ કરીને દુનિયવી મજાઓથી દૂર થઈ જાય જેથી બારગાહે ખુદાવંદીમાં મકબૂલિયત હાંસલ થાય.

**★ મૌતને યાદ કરનાર શહીદોની સાથે ઉઠાવવામાં આવશે ★**

ફરમાને નબવી છે કે જો તમારી જેમ જાનવર મૌતને જાણી લેત તો તેઓમાં કોઈ તગડુ જાનવર ખાવા માટે ન મળત. *(કન્ઝુલ ઉમ્માલ–૧૫/૫૭૦)*

હઝરત આઈશા رضی اللہ عنہا એ પૂછયું, યા રસૂલલ્લાહ ! કોઈનો હશ્ર શહીદો સાથે પણ થશે ? આપે ફરમાવ્યું, હા, જે શખ્સ દિવસ તથા રાતમાં વીસ વખત મૌતને યાદ કરે છે તે શહીદોની સાથે ઉઠાવવામાં આવશે. *(અહયાઉલ ઉલૂમ–૪/૩૯૨)*

આ ફઝીલતનો સબબ એ છે કે મૌતની યાદ દુનિયા પ્રત્યે દિલમાં ઉચાટ પેદા કરે છે અને આખેરતની તૈયારી માટે પ્રોત્સાહિત કરે છે, પરંતુ મૌતને ભૂલાવી દેવું માણસને દુનિયવી ઈચ્છાઓમાં ડૂબાડી દે છે.

ફરમાને નબવી છે કે મૌત મોમિનના માટે એક તોહફો છે. *(હિલ્યતુલ અવલિયા–૮/૧૯૯, કન્ઝુલ ઉમ્માલ–૧૫/૫૪૬)* કેમ કે મોમિન દુનિયામાં કૈદખાના જેવી જિંદગી બસર કરે છે. તેને પોતાના નફસની ઈચ્છાઓ અને શયતાન સાથે ટકકર લેવી પડે છે અને આ ચીજ કોઈ મોમિનના માટે અઝાબથી ઓછી નથી. પણ મૌત તેને આ મુસીબતોથી નજાત અપાવે છે જેથી એ તેના માટે તોહફો છે.

ફરમાને નબવી છે કે મૌત મુસલમાનના માટે કફફારો છે. *(કન્ઝુલ ઉમ્માલ–૧૫/૫૪૮, હિલ્યતુલ અવલિયા–૩/૧૪૩)*

મુસલમાનથી મુરાદ તે મોમિને કામિલ છે જેના હાથ અને જીભ વડે અન્ય મુસલમાન સુરક્ષિત રહે, તેનામાં મુસલમાનોની સારી વર્તણૂંક જોવામાં આવે અને તે દરેક કબીરા ગુનાહથી બચતો હોય. એવા શખ્સની મૌત તેના સગીરા ગુનાહોનો કફ્ફારો બની જાય છે અને ફર્ઝોની અદાયગી તેને ગુનાહોથી પાક તથા સાફ કરી દે છે.

હઝરત અતા ખુરાસાની علیہ السلام થી મરવી છે કે હુઝૂર ﷺ એક એવી મજલિસ પાસેથી પસાર થયા જેમાં લોકો જોર જોરથી હસી રહ્યા હતા. આપે ફર્માવ્યું, તમારી મજલિસમાં મજાઓને ફના કરી દેનારી ચીજની ચર્ચા કરો. પૂછવામાં આવ્યું, હુઝૂર ! તે શું છે ? આપે ફર્માવ્યું, તે મૌત છે ! *(અહયાઉલ ઉલૂમ–૪/૩૯૨)*

હઝરત અનસ رضی اللہ عنہ થી મરવી છે કે હુઝૂર ﷺ એ ફરમાવ્યું, મૌતને અધિક પ્રમાણમાં યાદ કરો તેનાથી ગુનાહ ખત્મ થઈ જાય છે અને દુનિયા પ્રત્યે નિરાકર્ષણ વધે છે. *(અહયાઉલ ઉલૂમ–૪/૩૯૨)*

ફરમાને નબવી છે કે મૌત જુદાઈ પાડવા માટે પૂરતુ છે. *(કન્ઝુલ ઉમ્માલ–૧૫/૫૪૮)* આપે વધુમાં ઈરશાદ ફરમાવ્યો, મૌત સૌથી મોટુ નસીહત કરનારું છે. *(કન્ઝુલ ઉમ્માલ–૧૫/૫૯૯)*

એક વખતે હુઝૂર ﷺ મસ્જિદની દિશામાં તશરીફ લઈ જતા હતા તેવામાં આપે એવી જમાઅતને જોયી જેઓ હસી હસીને વાતો કરી રહ્યા હતા. આપે ફરમાવ્યું મૌતને યાદ કરો. રબ્બે ઝુલ જલાલની કસમ ! જેની કુદરતના કબજામાં મારી જાન છે કે જે હું જાણુ છું જો તે તમને ખબર પડી જાય તો હસો થોડુ અને રડો વધારે. *(અહયાઉલ ઉલૂમ–૪/૩૯૨)*

હુઝૂર ﷺ ની મહેફિલમાં એક વખતે એક શખ્સની ખૂબ જ પ્રસંશા કરવામાં આવી તો આપે ફરમાવ્યું કે શું તે મૌતને યાદ કરે છે ? અર્ઝ કરવામાં આવી કે અમે કયાંય સાંભળ્યું નથી. તો આપે ફરમાવ્યું કે તો તે એવો નથી જેવો તમે ધારો છો. *(અયાઉલ ઉલૂમ–૪/૩૯૨)*

## ★ બુઝર્ગાને દીનના કથનો ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે હું દસમી

વ્યકિત હતો જે (એક દિવસ) હુઝૂર ﷺઅની મજલિસમાં હાજર હતો.

એક અન્સારી યુવાને પૂછયું, યા રસૂલલ્લાહ ! ﷺ સૌથી વધુ ઈજ્જતદાર અને હોશિયાર કોણ છે ? આપ ﷺએ ફરમાવ્યું કે જે મૌતને ખૂબ જ યાદ કરે છે અને તેના માટે ભરપૂર તૈયારી કરે છે તે હોશિયાર છે અને એવા જ લોકો દુનિયા તથા આખેરતમાં ઈજ્જતદાર હોય છે. *(સુનને ઈબ્ને માજહ, પેજ : ૩૧૪, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૨/૩૧૮)*

જનાબ હસન عليه السلامનો કૌલ છે કે મૌતે દુનિયાને ઝલીલ કરી દીધી છે તેમાં કોઈ બુધ્ધિશાળીના માટે ખુશી છે જ નહીં. જનાબ રબીઅ ઈબ્ને ખૈષમનો કૌલ છે કે મોમિનના માટે મૌતનો ઈંતેઝાર સૌ ઈંતેઝારોથી બેહતર છે. વધુમાં ફરમાવ્યું કે એક શાણા પુરુષે પોતાના મિત્રને લખ્યું કે હે ભાઈ ! ત્યાં જતાં પહેલાં કે જયાં ઈચ્છા કરવા છતાં મૌત આવશે નહીં (એટલા માટે અહીંયા) મૌતથી ડર અને નેક અમલ કર.

ઈમામ ઈબ્ને સીરીંની મહેફિલમાં જયારે મૌતની ચર્ચા નીકળતી તો તેમનું દરેક અંગ દસ્તૂર મારી જતુ હતું. હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضي الله عنهનો દસ્તૂર હતો કે રોજ રાત્રે ઉલમાને ભેગા કરતા અને મૌત, કિયામત અને આખેરતની ચર્ચા કરતાં કરતાં એટલું રડતા જાણે એવું લાગતું કે જનાઝો સામે રાખ્યો છે.

જનાબ ઈબ્રાહીમ તયમી عليه السلامનો કૌલ છે કે મને મૌત અને અલ્લાહની હુઝૂરમાં હાજરીની યાદે દુનિયવી મજાઓથી નિરાશ કરી દીધો છે. હઝરત કઅબ عليه السلامનો કૌલ છે કે જેણે મૌતને ઓળખી લીધુ તેની પાસેથી આખી દુનિયાના દુઃખ દર્દ જતા રહ્યાં.

જનાબ મુતરફ رضي الله عنهનો કૌલ છે કે મેં ખ્વાબમાં જોયું કે કોઈ શખ્સ બસરાની મસ્જિદની મધ્યમાં ઉભો રહીને કહી રહ્યો હતો કે મૌતની યાદે ખુદાનો ડર રાખનારાઓના દિલના ટુકડે ટુકડા કરી દીધા. ખુદાની કસમ ! તમે તેઓને દરેક સમયે બેચૈન જોશો.

હઝરત અશઅષ رضي الله عنهથી મરવી છે કે અમે જયારે પણ હઝરત હસન رضي الله عنهની ખિદમતમાં હાજર થતા તો ત્યાં જહન્નમ, કિયામત અને મૌતની ચર્ચા સાંભળતા.

હઝરત ઉમ્મુલ મોમિનીન સફિયહ رضی اللہ عنہاથી મરવી છે કે એક સ્ત્રીએ હઝરત આઈશા رضی اللہ عنہاને પોતાની સંગદિલીની ફરિયાદ કરી તો તેમણે કહ્યું કે મૌતને યાદ કર્યા કરો તો તમારું દિલ નરમ થઈ જશે. તેણીએ તે જ પ્રમાણે કર્યું તો તેનું દિલ નરમ થઈ ગયું. તેણી હઝરત આઈશા رضی اللہ عنہاની ખિદમતમાં આવી અને આપનો આભાર માન્યો. *(અહયાઉલ ઉલૂમ–૪/૩૯૪)*

## ★ મૌતના ઝિક્રથી હઝરત ઈસા علیہ السلامની હાલત ★

હઝરત ઈસા علیہ السلام જયારે મૌતનો ઉલ્લેખ સાંભળતા તો તેમના શરીરેથી લોહીનાં ટીપાં પડવા લાગતાં. હઝરત દાઊદ علیہ السلام જયારે મૌત અને કયામતની ચર્ચા કરતા તો તેમનો શ્વાસ બેકાબૂ બની જતો અને શરીર પર કંપન છવાઈ જતું. જયારે રહમતનું વર્ણન થતું તો તેમની હાલત કાબૂમાં આવી જતી. જનાબ હસન رضی اللہ عنہનો કૌલ છે કે મેં જે બુધ્ધિશાળીને જોયો તેને મૌતથી કાંપતો અને ગમગીન પામ્યો.

હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہએ એક આલિમને કહ્યું કે મને નસીહત કરો તો તેમણે કહ્યું કે તમે ખલીફા હોવા છતાં મૌતથી નથી બચી શકતા. તમારા બાપદાદાઓમાં હઝરત આદમ علیہ السلامથી લઈને આજ સુધી દરેકે મૌતનો જામ પીધો છે. હવે તમારો વારો છે. હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہએ આ સાંભળ્યું તો ઘણીવાર સુધી રડતા રહ્યા. *(અહયાઉલ ઉલૂમ–૪/૩૯૩)*

હઝરત રબીઅ ઈબ્ને ખૈષમ رضی اللہ عنہએ પોતાના ઘરના એક ખૂણામાં કબર ખોલી નાખી હતી અને દિવસમાં કેટલીયે વાર તેમાં જઈને સૂઈ રહેતા હતા અને હમેશાં મૌતની ચર્ચા કરતાં કહેતા કે જો હું એક ક્ષણ પણ મૌતની યાદથી ગાફેલ થઈ જાઉં તો આખુ કામ બગડી જાય.

હઝરત મુતરફ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને શખીર علیہ السلامનો કૌલ છે કે આ મૌતે દુનિયાદારો પાસેથી તેઓની દુનિયા છિનવી લીધી છે જેથી અલ્લાહ તઆલાથી એવી નેઅમતોનો સવાલ કરો જે કાયમી છે.

હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہએ અમ્બસહને કહ્યું કે

મૌતને મોટાભાગે યાદ કર્યા કરો, જો તમે દૌલતમંદ હશો તો એ તમને તંગદસ્ત કરી દેશે અને જો તમે તંગદસ્ત હશો તો એ તમને હમેશાંની દૌલતમંદી અતા કરી દેશે. *(અહયાઉલ ઉલૂમ–૪/૩૯૩)*

જનાબ અબૂ સુલૈમન દારાની عليه السلام નો કૌલ છે કે મેં ઉમ્મે હારૂનને પૂછયું કે તને મૌતથી મહોબ્બત છે ? તેણી બોલી કે નહીં. મેં પૂછયું, શા માટે ? તો તેણીએ કહ્યું કે, હું જે કોઈની નાફરમાની કરૂં છું તેની સાથે મુલાકાતની ઈચ્છા કદી નથી કરતી. મૌતના માટે મેં કોઈ કામ નથી કર્યું જેથી તેને કેવી રીતે મહબૂબ સમજુ.

જનાબ અબૂ મૂસા તમીમી કહે છે કે મશહૂર શાયર ફરઝૂકની પત્ની મૃત્યુ પામી તો તેના જનાઝામાં બસરાની ઈજ્જતદાર હસ્તીઓ શરીક થઈ, જેઓમાં હઝરત હસન رضي الله عنه પણ મૌજૂદ હતા. આપે ફરમાવ્યું કે હે અબૂ ફરાસ ! તેં આ દિવસના માટે શું તૈયારી કરી છે ? તેણે કહ્યું કે સાઈઠ વરસથી સતત અલ્લાહ તઆલાની વહદાનિયતનો ઈકરાર કરી રહ્યો છું. જયારે તેણીને દફન કરી દેવામાંઆવી તો ફરઝૂકે તેણીને કબ્ર પર ઉભા રહીને કહ્યું,

**અર્થ :–**

(૧) હે અલ્લાહ ! તું મને માફ કરી દે હું કબરની કઠણાઈ અને ભડકાઓથી ડરૂં છું.

(૨) જયારે કિયામતનો દિવસ આવશે તો એક સંગદિલ ભયાનક ફરિશ્તો હાંકશે.

(૩) નિઃશક ! આદમની નસલનો તે જ શખ્સ રૂસ્વા (બેઈઝ્ઝત) થયો જેને તૌક પહેરાવીને જહન્નમમાં મોકલવામાં આવશે.

## ★ કબરોના અફસોસજનક લખાણો ★

કબ્રવાળાઓ માટે કેટલાક શાયરોએ કેટલાક ઈબ્રતનાક શેઅરો કહ્યા છે, **(અર્થ)** :

(૧) કબરોની સહનો (કબ્રસ્તાન)માં ઉભો થઈને તેઓને પૂછ કે તેઓમાં કોણ તારીકી (અંધકાર)માં ડૂબેલ છે.

(૨) અને કોણ તેના ઊંડાણમાં ઈજ્જતભેર રીતે સંપૂર્ણ શાંતિ તથા સુકૂનમાં છે.

(૩) આંખવાળાઓના માટે એક જ સુકૂન છે અને મર્તબાઓનો તફાવત જણાતો નથી.

(૪) જો તેઓ તને જવાબ આપે તો પોતાની હાલત વર્ણવતી જીભ વડે પરિસ્થિતિની હકીકત આ પ્રમાણે વર્ણન કરશે.

(૫) જે ઈતાઅત કરનાર અને ફરમાબરદાર હતો તે જન્નતના બાગોમાં જયાં ઈચ્છે સૈર કરે છે.

(૬) અને બદબખ્ત મુજરિમ સાપોના અડ્ડાવાળા એક ખાડામાં તડપી રહ્યો છે.

(૭) તેના તરફ વિંછીઓ દોડી દોડીને આવી રહ્યા છે અને તેની રૂહ તેના કારણે સખ્ત અઝાબમાં છે.

હઝરત માલિક ઈબ્ને દીનાર عليه السلام ફરમાવે છે કે હું કબ્રસ્તાનથી આ શેઅર પઢતો પઢતો પસાર થયો, **(અર્થ)** :–

(૧) મેં કબ્રસ્તાનમાં આવીને પોકાર્યું ઈજ્જતદાર અને ફકીર કયાં છે ?

(૨) પોતાની પાકદામની પર ફખ્ર કરવાવાળા અને સમયના બાદશાહ કયાં છે ? આપે ફરમાવ્યું કે મારા સવાલોના કબરોથી એ જવાબ આવ્યા કે,

(૧) સૌ ફના થઈ ગયા, કોઈ ખબર દેનાર ન રહ્યું, તમામે તમામ મરી ગયા. તેઓના નિશાન પણ નષ્ટ થઈ ગયાં.

(૨) સવાર થાય છે અને સાંજ ઢળે છે અને તેઓની હસીન (ખૂબસૂરત) સૂરતો માટી બગાડતી જઈ રહી છે.

(૩) હે વહી ગએલાઓ વિશે પૂછવાવાળા ! શું તેં આ કબરોથી બોધપાઠ હાંસલ કર્યો ?

**એક અન્ય કબ્ર પર લખેલું હતું, (અર્થ) :–**

(૧) તે બકરો જેમાં રહેનારા મણબંધ માટીની નીચે ખામોશ પડેલા છે. જાણે તને એ કહી રહી છે.

(૨) હે લોકોના માટે દુનિયા ભેગી કરનારા ! તારે તો મૃત્યુ પામવાનું છે પછી આ દુનિયા તું કોના માટે એકત્ર કરે છે ?

ઈબ્ને સમાક عليه السلام કહે છે કે હું કબ્રસ્તાન થઈને પસાર થયો તો એક કબ્ર પર લખેલું હતું, **(અર્થ)** :-

(૧) મારા રિશ્તેદારો મારી કબ્ર પાસેથી અજાણ બનીને પસાર થઈ જાય છે.

(૨) તેઓએ મારો માલ તો વહેંચી લીધો પણ મારૂ કરજ ન ઉતાર્યું.

(૩) પોત પોતાના હિસ્સાઓ લઈને તેઓ ખુશ છે. હાય અફસોસ ! તેઓ મને કેટલા જલ્દી ભૂલી ગયા છે !

**એક અન્ય કબ્ર પર લખેલું હતું, (અર્થ) :-**

(૧) મૃત્યુએ દોસ્તને દોસ્તોની મહેફિલમાંથી ઊંચકી લીધો અને કોઈ દરવાન કે ચોકીદાર તેને ન બચાવી શકયો.

(૨) તે દુન્યવી એશોઆરામથી કઈ રીતે ખુશ થઈ શકે છે જેની દરેક વાત અને દરેક શ્વાસને ગણવામાં આવે !

(૩) હે ગાફિલ ! તું પુરજોશ નુકસાનમાં છે અને તારી જિંદગી ઈચ્છાઓમાં ડૂબેલી છે !

(૪) મૌત કોઈ જાહિલ પર જેહાલતના કારણે અને કોઈ આલિમ પર ઈલ્મના કારણે રહમ નથી કરતી.

(૫) મૌતે કેટલાય બોલનારાઓને કબ્રમાં મુંગા બનાવી દીધા. તેઓ જવાબ જ નથી આપી શકતા.

(૬) કાલે તારો મહેલ ઈજ્જતથી શણગારેલ હતો અને આજે તારી કબ્રનું નિશાન પણ નષ્ટ થઈ ગયુ છે.

**એક અન્ય કબ્ર પર લખેલ હતું, (અર્થ) :-**

(૧) જયારે મારા દોસ્તોની કબરો ઊંટની ખાંધથી જેમ ઉંચી અને બરાબર થઈ ગઈ તો મને જણાયું.

(૨) જો કે હું રડયો અને મારા આંસૂ વહેવા લાગ્યાં પણ તેઓની આંખો જેમની તેમ સ્થિર રહી. (તેઓએ આંસૂ ન વહાવ્યાં)

**એક તબીબની કબ્ર પર લખેલ હતું, (અર્થ) :-**

(૧) જયારે મને કોઈકે પૂછયું તો મેં કહ્યું કે લુકમાન જેવો તબીબ તથા દાનિશમંદ પણ પોતાની કબ્રમાં જઈને સૂઈ ગયો.

(૨) કયાં છે તે જેના તિબ્બમાં લોકોને શ્રધ્ધા હતી, અને તેના જેવો કોઈ જાણકાર ન હતો.

(૩) જે પોતે પોતાની જાતને મૌતથી ન બચાવી શકયો તે અન્યોને મૌતથી કઈ રીતે બચાવે.

**એક અન્ય કબ્ર પર લખેલ હતું, (અર્થ) :-**

(૧) હે લોકો ! મારી ઘણી તમન્નાઓ હતી પણ તેને મૌતે પૂરી કરવાની મોહલત ન આપી.

(૨) અલ્લાહથી ડર અને પોતાની જિંદગીમાં નેક અમલ કર.

(૩) હું એકલો અહીં નથી આવ્યો પણ દરેકે અહીં આવવાનું છે.

(પ્રકરણ : ૨૯)

# આસમાનોનું વર્ણન અને અન્ય ચર્ચાઓ

રિવાયત છે કે અલ્લાહ તઆલાએ સૌ પ્રથમ જોહરને પેદા કર્યું જયારે તેના પર ભયજનક નિગાહ નાખી તો તે પીગળી ગયું અને ખુદાના ડરથી કાંપવા લાગ્યું જેના લીધે તે પાણી બની ગયું. પછી અલ્લાહ તઆલાએ તેના પર રહમતની નિગાહ નાખી તો અડધુ પાણી જામી ગયું જેના વડે અર્શ બનાવવામાં આવ્યું. અર્શ કાંપવા લાગ્યું તો તેના પર **લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** લખી દીધું જેનાથી તે સ્થિર થઈ ગયું પણ પાણીને તે જ સ્થિતિમાં છોડી દેવામાં આવ્યું જે કિયામત સુધી મોજાં મારતુ રહેશે.

ફરમાને ઈલાહી છે, **وَكَانَ عَرْشُهٗ عَلَى الْمَآءِ** અલ્લાહનું અર્શ પાણી પર હતું. *(પારા–૨૯, સૂ. હૂદ, આયત–૭)*

### ★ દુનિયાનું સર્જન ★

પછી જયારે પાણીમાં જોશભેર મોજાંઓ પેદા થયાં જેનાથી વારાફરતી ધૂમાડાનાં વાદળો ઉઠયાં અને ફીણ ઉદભવ્યું અને તેના વડે જમીન તથા આસમાન બનાવવામાં આવ્યાં જે એકબીજા સાથે જોડેલાં હતાં પછી તે બેઉની મધ્યમાં આસમાનના ભાગ એકબીજાથી જુદા થઈ ગયા. જેમ કે ફરમાને ઈલાહી છે, **ثم استویٰ الی السماء وهی دخان** *(પારા–૨૪, સૂ. હામીમ સજદા, આયત–૧૧)*

હિકમતવાળાઓ કહે છે કે અલ્લાહ તઆલાએ આસમાનોને ધુમાડાઓ વડે એટલા માટે પેદા ફરમાવ્યાં કે ધુમાડા એકબીજામાં પ્રવેશી જાય છે અને ઊંચાઈઓ પર જઈને અટકે છે. બાષ્પ વડે એટલા માટે પેદા ન ફરમાવ્યાં કે તે પાછી વળી જાય છે. આ અલ્લાહ તઆલાના ઈલ્મ તથા હિકમતનો અદના કરિશ્મો છે. પછી ઈર્શાદે નબવી પ્રમાણે કે અલ્લાહ તઆલાએ પાણીની તરફ રહમતની નજર કરી તો તે જામી ગયું.

## ★ આસમાનોના નામ અને તેના રંગો ★

જમીન તથા આસમાનની દુનિયા અને દરેક આસમાનની દુનિયાથી બીજા આસમાનનું ક્રમવાર અંતર પાંચસો વરસની મુસાફરીના અંતર જેટલું છે અને તે જ પ્રમાણે દરેક આસમાનની પોતપોતાની પહોળાઈ છે. કહે છે કે પહેલું આસમાન દૂધ કરતાં પણ વધુ સફેદ છે પણ કોહે કાફની લીલાશના કારણે તે લીલુ જણાય છે તે આસમાનનું નામ રૂકૈયા છે.

બીજા આસમાનનું નામ કૈદૂમ અથવા માઊન છે અને તે એવા લોઢાનું છે જેનાથી રોશનીના કિરણો ફૂટી પડે. ત્રીજા આસમાનનું નામ મલકૂત અથવા હાર્યૂન છે અને તે તાંબાનું છે.

ચોથા આસમાનનું નામ ઝાહિરા છે અને તે આંખોમાં ચમકારો પેદા કરનારી સફેદ ચાંદીથી બનેલું છે.

પાંચમા આસમાનનું નામ મુજનિયહ અથવા મુસ્હેરા છે અને લાલ સોનાનું છે.

છઠ્ઠા આસમાનનું નામ ખાલિસહ છે અને તે ચમકદાર મોતીઓથી બનાવવામાં આવેલ છે.

સાતમા આસમાનનું નામ લાબિયહ અથવા દામિયહ છે તે લાલ યાકૂતનું છે અને તેમાં બયતુલ મામૂર છે.

બયતુલ મામૂરના ચાર થાંભલાઓ છે. એક લાલ યાકૂતનો બીજો લાલ ઝબરઝદનો, ત્રીજો સફેદ ચાંદીનો અને ચોથો લાલ સોનાનો છે. બયતુલ મામૂરની ઈમારત લાલ અકીકની છે. દરરોજ ત્યાં સિત્તેર હજાર ફરિશ્તાઓ દાખલ થાય છે અને એકવાર પ્રવેશ પામ્યા પછી કિયામત સુધી તેઓને બીજીવાર પ્રવેશવાનો મોકો મળશે નહીં.

વિશ્વસનીય (મોઅતબર) કૌલ એ છે કે જમીન આસમાનથી અફઝલ છે કેમ કે એ **અંબિયાઓનું જન્મસ્થળ તથા દફનનું સ્થાન છે** અને જમીનના સૌ ભાગોમાં બેહતર ઉપરવાળો ભાગ છે જેના ઉપર ખુદાની મખ્લૂક આબાદ અને વિકાસ પામે છે.

## ★ સાત સિતારા અને દરેક સિતારાનું આસમાન ★

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી મરવી છે કે આસમાનોમાં સૌથી વિશેષ અફઝલ તે કુર્સી છે જેની છત અર્શે ઈલાહીથી સ્પર્શેલી છે. સાત સિતારાઓના સિવાય તમામ ફાયદામંદ સિતારાઓ તે જ આસમાનમાં છે. સાત સિતરાઓની વિગત આ પ્રમાણે છે :–

ઝુહલ જે શનિવારના દિવસનો સિતારો છે જે સાતમા આસમાનમાં છે. મુશતરી જે જુમેરાતનો સિતારો છે તે છટ્ઠા આસમાનમાં છે. મંગળ વારનો સિતારો મિર્રીખ જે પાંચમા આસમાનમાં છે. રવિવારનો સિતારો શમ્સ ચોથા આસમાનમાં છે. જુમ્અહનો સિતારો ઝુહરા ત્રીજા આસમાનમાં છે. બુધવારનો સિતારો અત્તાર બીજા આસમાનમાં છે અને પીરના રોજનો સિતારો કમર પહેલા આસમાનમાં છે.

**મુદ્દો** :– અલ્લાહ તઆલાની કામિલ કુદરતે આસમાન તથા જમીનની કારીગરીમાં અગણિત અજાયબીઓ રાખેલી છે. જો કે બધા આસમાનો ધુમાડાથી બનાવવામાં આવ્યાં છે પણ કોઈનામાં એકબીજાથી મળતાપણું નથી જોવા મળતું. આસમાનથી પાણી વરસાવ્યું તેના વડે વિવિધ લીલોતરીઓ તથા ફળો ઉગાડયાં જેના સ્વાદો તથા રંગો અલગ અલગ છે. અલ્લાહની હિકમતના લીધે તે એકબીજાથી ચઢીયાતાં સ્વાદિષ્ટ છે. *(પારા–૧૧, સૂ. રઅદ, આયત–૪)* આદમ علیہ السلامની ઔલાદમાં વિવિધ પ્રકારો બનાવ્યા. કોઈ ગોરો છે કોઈ કાળો, કોઈ ખુશ, કોઈ ઉદાસ, કોઈ મોમિન કોઈ કાફિર, કોઈ આલિમ અને કોઈ જાહિલ, જો કે સૌ આદમ علیہ السلامની નસલથી સંબંધ ધરાવે છે.

(પ્રકરણ : ૩૦)

# અર્શ, કુર્સી, મુકર્રબ ફરિશ્તાઓ, રિઝક તથા તવક્કુલ

અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે, وَسِعَ كُرْسِيُّهُ السَّمٰوٰتِ وَالْاَرْضَ "તેની કુર્સી આસમાનો અને જમીનને ઘેરીને રહેલી છે." *(પારા–૩, સૂ. બક઼રહ, આયત–૨૫૫)* કુર્સીથી મુરાદ અલ્લાહનો ઈલ્મ છે અથવા મુલ્કે ખુદાવંદી અથવા તો મશહૂર આસમાનનું નામ છે.

હઝરત અલી رضی اللہ عنہથી મરવી છે કે કુર્સી એક મોતી છે જેની લંબાઈ અલ્લાહ તઆલા સિવાય કોઈ નથી જાણતું. *(કન્ઝુલ ઉમ્માલ–૬/૧૫૧)* હદીષમાં છે કે સાતેય આસમાન અને જમીન કુર્સીની સમક્ષ એવાં છે જાણે વિશાળ રણમાં એક કુંડાળુ પડેલ હોય. *(સુનને ઈબ્ને માજહ)* વધુમાં ફરમાવ્યું કે આસમાન કુર્સીમાં છે અને કુર્સી અર્શે ઈલાહીની સમક્ષ છે.

હઝરત અકરમહ رضی اللہ عنہથી મરવી છે કે સૂરજ કુર્સીના નૂરનો સિત્તેરમો ભાગ છે અને અર્શે ઈલાહી હિજાબાતે ઈલાહીનો સિત્તેરમો ભાગ છે. *(દુર્રે મન્થૂર–૧/૫૮૧)*

રિવાયત છે કે અર્શ અને કુર્સીને ઉઠાવનારા ફરિશ્તાઓની વચ્ચે સિત્તેર હજાર નૂરના અને સિત્તેર હજાર અંધકારના પડદા આવેલા છે. દરેક પડદા વચ્ચેનું અંતર પાંચસો વરસની સફર જેટલું છે. જો આ પડદાઓ ન હોત તો કુર્સી તથા અર્શને ઉઠાવનારા નૂરથી સળગી જાત. અર્શ એક નૂરાની ચીજ છે જે કુર્સીથી ઉપર છે અને એક અલગ અસ્તિત્વ ધરાવે છે પણ આ કૌલથી જનાબ હસન બસરી رضی اللہ عنہને મતભેદ છે.

## ★ અર્શે ઈલાહીની બનાવટ ★

અર્શે ઈલાહીની બનાવટના વિશે વિવિધ રિવાયતો છે. કેટલાક કહે છે લાલ યાકૂતનું છે અથવા લાલા મોતીનું છે. કેટલાકનું મંતવ્ય છે કે સફેદ મોતીથી બનાવવામાં આવેલું છે. અલ્લાહ જ તેની હકીકતને બેહતર જાણે છે.

ફલકોના માહિરો (ખગોળ શાસ્ત્રીઓ) તેને નવમું આસમાન, ફલકે આ'લા, ફલકુલ અફલાક અને ફલકે અતલસ કહે છે. તેમાં કોઈ તારો વગેરે નથી. પૂરાણા હયઅતદાં (આકાશજ્ઞાની)ના કથન મુજબ તમામ તારાઓ આઠમા આસમાનમાં છે જેને તેઓ ફલકુલ બુરૂજ અને શરીઅતવાળા કુર્સી કહે છે.

અર્શે ઈલાહી મખ્લૂકાતની છત છે. કોઈ ચીજ તેના વર્તુળની બહાર નથી નીકળી શકતી. તે બંદાઓના ઈલ્મ તથા જ્ઞાન અને હેતુઓની હદ છે. અલ્લાહ તઆલાએ તેને અઝીમ ઠરાવી છે. જેમ કે ફરમાને ઈલાહી છે :–

**فان تولوا فقل حسبی الله لا اله الا هو عليه توكلت وهورب العرش العظيم**

''પછી જો તે ફરી જાય તો કહો કે મને અલ્લાહ પૂરતો છે, તેના સિવાય કોઈ માબૂદ નથી, તેના પર મારો ભરોસો છે અને તે અર્શે અઝીમ (મહાન અર્શ)નો માલિક છે.'' *(પારા–૧૧, સૂ. તૌબા, આયત–૧૨૯)*

હુઝૂર ﷺનું નામ મુબારક તૌરાતમાં મુતવકિકલ હતું અને કેમ ન હોય કે આપનાથી વધીને ખુદાની મઅરેફતને ઓળખનાર કોણ છે ? આપ મુવહહેદીન (ખુદાને એક માનનારાઓ)ના સરદાર અને આરેફીને કામેલીનના રહનુમા છે. તવકકુલની હકીકત આપના પર પ્રકાશિત દિવસની જેમ સ્પષ્ટ હતી.

## ★ તવકકુલની હકીકત ★

તવકકુલનો મતલબ એ નથી કે સબબો તરફથી નજરને તદ્દન હટાવી લેવામાં આવે જેમ કે કેટલાક લોકોનો ખયાલ છે. પણ તવકકુલ સબબોની સાથોસાથ હોય છે. હુઝૂર ﷺને એક બદવીએ પૂછયું કે હું ઊંટનો પગ બાંધીને અથવા છૂટો રાખીને તવકકુલ કરૂં ? આપે ફરમાવ્યું : ઊંટનો પગ બાંધી દે અને તવકકુલ કર અલ્લાહ પર.

ફરમાને નબવી છે કે જો તમે અલ્લાહ પર તવકકુલ કરવાની હકીકતને જાણી લેત તો અલ્લાહ તઆલા તમને પક્ષીઓની જેમ રોજી આપત જે સવારે ભૂખ્યાં ઉઠે છે અને રાતે ધરાએલાં હોય છે. *(સુનને ઈબ્ને માજહ, પેજ–૩૦૭, કન્ઝુલ ઉમ્માલ–૩/૧૦૩)*

## ★ હઝરત ઈબ્રાહીમ અદહમ અને હઝરત શફીક બલ્ખી વચ્ચે પ્રશ્નોત્તરી ★

હઝરત ઈબ્રાહીમ ઈબ્ને અદહમ અને હઝરત શફીક બલ્ખી عليه السلامની મકકા મોઅઝ્ઝમામાં મુલાકાત થઈ. ઈબ્રાહીમે પૂછયું કે હે શફીક બલ્ખી ! તમે આ બુલંદ મર્તબો કેવી રીતે મેળવ્યો ? જનાબ શફીકે જવાબ આપ્યો કે એક વખત હું એક વેરાન રણમાંથી પસાર થયો ત્યાં મેં એક એવા પક્ષીને પડેલું જોયું જેની બંનેવ પાંખો તૂટી ગયેલી હતી. મારા દિલમાં વસવસો પેદા થયો કે જોઉં તો ખરો કે તેને કઈ રીતે રિઝક (રોજી) મળે છે. જેથી હું ત્યાં બેસી ગયો. થોડીવાર બાદ એક પક્ષી આવ્યું જેની ચાંચમાં એક તીડ હતો અને તેણે તે પક્ષીના મોઢામાં નાખી દીધો. મેં વિચાર્યુ કે તે રાઝિકે કાએનાત એક પક્ષી દ્વારા બીજા પક્ષીને રોજી પહોંચાડી દે છે તો મારી રોજી પણ હર હાલતમાં મને પહોંચાડી શકે છે. જેથી મેં તમામ કારોબાર છોડી દીધા અને ઈબાદતમાં વ્યસ્ત થઈ ગયો. જનાબ ઈબ્રાહીમ અદહમ عليه السلامએ કહ્યું કે હે શફીક ! તમે મજબૂર તથા લાચાર પક્ષી બનવાનું પસંદ કર્યુ અને તંદુરસ્ત પક્ષી બનવાનુ પસંદ ન કર્યુ કે તમને બુલંદ મકામ નસીબ થાત ! શું તમે આ ફરમાને નબવી નથી સાંભળ્યું કે ઉપરવાળો હાથ નીચેવાળા હાથ કરતાં બેહતર છે.

મોમિન તો હમેશાં દરજાઓની બલંદીની તમન્ના કરે છે એટલે સુધી કે તે નેકોકારની સફમાં જગા પામે છે. જનાબ શફીક عليه السلامએ આ સાંભળતાં જ જનાબ ઈબ્રાહીમ عليه السلامના હાથોને ચૂમ્યા અને કહ્યું કે બેશક આપ મારા ઉસ્તાદ છો. *(સહીહ બુખારી–૧/૨૯૨–૩૮૪, સુનને અબૂ દાઊદ, અબવાબુઝ્ઝકાત–૧/૨૩૩, સુનને નિસાઈ–૧/૩૫૦–૩૫૩)*

હકીકી તવક્કુલ શું છે ? જયારે માણસ રોજી પ્રાપ્તિના માધ્યમો મેળવી લે તો તે માધ્યમોને બદલે પોતાના ધ્યાનનું કેન્દ્ર તે ખાલિકે કાએનાતને બનાવે જે હકીકતમાં રોજી પહોંચાડનાર છે. સાઈલ જે કશ્કોલ (ભીખનું પાત્ર) લઈને ભીખ માંગતો રહે છે તે કશ્કોલને નહીં બલ્કે હમેશાં દેનારા સખીની તરફ ધ્યાનિત રહે છે.

ફરમાને નબવી છે કે જે વ્યકિત પોતે પોતાને સૌથી વધુ માલદાર બનાવવા ચાહે છે તે પોતાના માલથી અધિક ખુદા તઆલાના ઈનામો પર નજર રાખે.

## ★ હકીકી તવક્કુલનું એક દષ્ટાંત ★

જનાબ હુઝૈફહ મરઅશી عليه السلام એ કેટલાય વરસો સુધી હઝરત ઈબ્રાહીમ ઈબ્ને અદહમ عليه السلام ની ખિદમત કરી હતી. એક વખતે લોકોએ તેમને પૂછયું કે તમે જનાબ ઈબ્રાહીમ عليه السلام ની સોહબતનો કોઈ અજબ પમાડે તે પ્રસંગ વર્ણવો ! તેમણે કહ્યું કે એક વખતે અમે મક્કા મોઅઝ્ઝમાની તરફ જઈ રહ્યા હતા તો રસ્તામાં અમારો સફરનો સામાન પૂરો થઈ ગયો. અમે કૂફાની એક મસ્જિદમાં રોકાયા. જનાબ ઈબ્રાહીમે મને જોઈને ફરમાવ્યું કે તમે ભૂખથી લથડી ગયેલા જણાવ છો. મેં કહ્યું, હા ! મને સખત ભૂખ લાગી રહી છે.

આપે મારી પાસેથી કલમ દવાત (શાહી) મંગાવી અને કાગળ પર બિસ્મિલ્લાહ પછી લખ્યું કે હર હાલતમાં હે રબ્બે ઝુલજલાલ ! તું જ અમારો હેતુ અને દરેક કામમાં તું જ ઠેકાણું છે. પછી આ અશઆર લખ્યા,(અર્થ):

(૧) હું તારી હમ્દ (તારીફ) કરવાવાળો, શુક્ર કરવાવાળો અને ઝિક્ર કરવાવાળો છું. હું ભૂખ્યો, અસ્તવ્યસ્ત અને નગ્ન છું.

(૨) હે અલ્લાહ ! ત્રણ વાતોનો હું જામીન છું અને બાકીના ત્રણની જિમ્મેદારી તું કબૂલ ફરમાવી લે.

(૩) તારા સિવાય કોઈ અન્યની ષના (તારીફ) મારા માટે આગથી ઓછી નથી. તારા બંદાને તે આગથી બચાવી લે.

અને મને ફરમાવ્યું કે દિલમાં કોઈ ગૈરનો ખ્યાલ ન લાવીશ અને જે માણસ તને સૌ પ્રથમ દેખાય તેને આ કાગળ આપી દેજે. સૌ પ્રથમ જે શખ્સ મને મળ્યો તે એક ખચ્ચર સવાર હતો. મેં તે કાગળ તેને આપી દીધો. તેણે વાંચ્યો અને રડવા લાગ્યો પછી પૂછયું કે આ કાગળને લખનાર કયાં છે ? મેં કહ્યું કે ફલાણી વેરાન મસ્જિદમાં બેઠો છે. એ સાંભળતાં જ તેણે મને એક થેલી આપી જેમાં છસો દીનાર હતા. પછી મને એક અન્ય શખ્સ મળ્યો તેને મેં ખચ્ચર સવારના વિશે પૂછયું તો તેણે કહ્યું કે તે નસરાની હતો. મેં પાછા ફરીને ઈબ્રાહીમ આદમ عليه السلام ને આખો પ્રસંગ કહી સંભળાવ્યો. આપે ફરમાવ્યું કે જરા થોભો તે હમણાં આવી જશે. થોડીવાર પછી તે નસરાની આવી ગયો અને જનાબ ઈબ્રાહીમના માથાને ચૂમવા લાગ્યો અને મુસલમાન બની ગયો.

## ★ لاحول ولا قوة الا باللهની એક કુવ્વત ★

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી મરવી છે કે અલ્લાહ તઆલાએ અર્શના ફરિશ્તાઓને પેદા ફરમાવ્યા અને તેઓને અર્શને ઉઠાવવાનો હુકમ આપ્યો. પણ તેઓ ઉઠાવી ન શકયા. અલ્લાહ તઆલાએ દરેક ફરિશ્તાની સાથે સાત આસમાનોના ફરિશ્તાઓ જેટલા ફરિશ્તા પેદા કર્યા. પછી તેઓને અર્શ ઉઠાવાનો હુકમ આપ્યો પણ તેઓ ન ઉઠાવી શકયા. પછી અલ્લાહ તઆલાએ દરેક ફરિશ્તાની સાથે સાતેય આસમાનો અને જમીનોના જેટલા ફરિશ્તાઓ પેદા ફરમાવ્યા અને તેઓને અર્શ ઉઠાવવાનો હુકમ આપ્યો પણ તેઓ તેમ છતાં પણ ન ઉઠાવી શકયા. ત્યારે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે તમે **لاحول ولا قوة الا بالله** (લા હવલા વલા કુવ્વત) કહો. જયારે તેઓએ એ પ્રમાણે કહ્યું તો અર્શે ઈલાહીને ઉઠાવી લેવામાં આવ્યું પણ તેઓના કદમ સાતેય જમીનમાં હવા પર જામી ગયા. જયારે તેઓએ અનુભવ્યું કે અમારા કદમ હવા પર છે અને નીચે કોઈ મજબૂત ચીજ મૌજૂદ નથી તો તેઓએ અર્શે ઈલાહીને મજબૂતીથી પકડી લીધું અને **لاحول ولا قوة الا بالله** (લા હવલા વલા કુવ્વત) પઢવામાં વ્યસ્ત થઈ ગયા જેથી તેઓ અત્યંત નીચે પઢવાથી મહફૂઝ રહે. હવે તેઓ અર્શને ઉઠાવેલી હાલતમાં છે અને અર્શે ઈલાહીએ તેમને પકડેલા છે, બલ્કે તે તમામને અલ્લાહની કુદરતે સંભાળેલા છે.

રિવાયત છે કે જે શખ્સ સવાર સાંજ સાત વખત :–

**حَسۡبِیَ اللّٰہُ لَا اِلٰہَ اِلَّا ھُوَ عَلَیۡہِ تَوَکَّلۡتُ وَ ھُوَ رَبُّ الۡعَرۡشِ الۡعَظِیۡمِ**

**હસ્બિયલ્લાહુ લાઈલાહ ઈલ્લા હુવ અલૈહિ તવક્કલ્તુ વહુવ રબ્બુલ અર્શિલ અઝીમ** *(પારા–૧૧, સૂ. તૌબા, આયત–૧૨૯)* પઢે છે તો અલ્લાહ તઆલા તેના તમામ ઈરાદાઓને પૂરા કરી આપે છે. *(કન્ઝુલ ઉમ્માલ–૨/૧૬૪)*

એક રિવાયતમાં છે કે તેના દુનિયા તથા આખેરતના તમામ કામો પૂરાં થઈ જાય છે. *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૩, હદીષ–૩૫૮૮)*

(પ્રકરણ : ૩૧)

# દુનિયાનો ત્યાગ અને દુનિયાની બુરાઈ

કુર્આન મજીદમાં દુનિયાની બુરાઈ અને દુનિયાથી ધ્યાન હટાવીને આખેરતની તરફ વાળવા માટે અસંખ્ય આયતો છે. બલ્કે અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام ના મબઊષ થવાનો (આવવાનો) સબબ આ જ ચીજ હતી. કુર્આને મજીદની આયતો એટલી મશહૂર છે કે અહીં તેના વર્ણન પર કેવળ દૃષ્ટિ કરીને ફકત કેટલીક હદીષોના વર્ણન પર જ અટકુ છું.

## ★ દુનિયાની બુરાઈમાં કેટલીક હદીષો ★

મરવી છે કે હુઝૂર ﷺ એક મરેલી બકરી પાસે થઈને પસાર થયા. આપે ફરમાવ્યું કે શું આ બકરી તેના માલિકને પસંદ છે ? સહાબીઓએ અર્ઝ કરી કે તેની દુર્ગંધના કારણે જ તો તેને અહીં ફેંકી દેવામાં આવી છે. આપે ફરમાવ્યું કે ખુદાની કસમ ! દુનિયા અલ્લાહ તઆલાને ત્યાં આ મરેલી બકરીથી પણ વધુ બેઈઝ્ઝત (તુચ્છ) છે. જો અલ્લાહ તઆલા પાસે આ દુનિયાનું મહત્વ મચ્છરની પાંખ જેટલુ પણ હોત તો કોઈ કાફિર આ દુનિયામાંથી એક ઘૂંટડો પાણી પણ ન પી શકત. *(સુનને ઈબ્ને માજહ, અબ્વાબુઝ્ઝુહદ, પેજ–૩૦૨)*

હુઝૂર ﷺએ ફરમાવ્યું, દુનિયા મુસલમાનના માટે કૈદખાનુ છે અને કાફિરના માટે જન્નત છે. *(સહીહ મુસ્લિમ, અબ્વાબુલ બિર, ૨/૪૦૬, સુનને ઈબ્ને માજહ, અબ્વાબુઈઝ્ઝુહદ, પેજ–૩૦૩, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૯૫, સહીહ ઈબ્ને હબ્બાન–૨/૫૧)*

વધુમાં ફરમાવ્યું કે દુનિયા મલઊન (જેના પર લાનત કરવામાં આવી તે) છે, તેની દરેક તે ચીજ મલઊન છે જે અલ્લાહના માટે ન હોય. *(મિશ્કાતુલ મસાબીહ, પેજ–૪૪૧, હિલ્યતુલ અવલિયા–૭/૯૬)*

હઝરત અબૂ મૂસા અશ્અરી رَضِيَ اللهُ عَنْه થી મરવી છે કે હુઝૂર ﷺએ ફરમાવ્યું છે કે, જેણે દુનિયાથી મહોબ્બત કરી તેણે આખેરતને નુકસાન પહોંચાડયું અને જેણે આખેરતથી મહોબ્બત કરી તેણે દુનિયાને ગણકારવાને

લાયક ન સમજી. તમે નાશવંત દુનિયા પર બાકી રહેનારી ચીજોને અગ્રિમતા આપો. *(મુસ્નદે અહમદ બિન હંબલ–૫/૫૬૫, મિશ્કાતુલ મસાબીહ,પેજ–૪૪૧)* ફરમાને નબવી છે કે, દુનિયાની મહોબ્બત દરેક બુરાઈનો પાયો છે. *(મિશ્કાતુલ મસાબીહ–૪૪, અત્તરગીબ વત્તરહીબ–૩/૧૭૮, કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૯૨)*

## ★ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہનું રૂદન ★

હઝરત ઝયદ ઈબ્ને અરકમ رضی اللہ عنہથી મરવી છે કે અમે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہના મકાન પર બેઠા હતા. આપે પાણી મંગાવ્યું તો પાણી તથા મધ હાજર કરવામાં આવ્યું. જયારે તેને મોઢાની નજીક લઈ ગયા તો એકાએક રડવા લાગ્યા, એટલે સુધી કે નજીક બેઠેલા સૌ સહાબાએ કિરામ રડવા લાગ્યા. થોડીકવાર પછી આપે ફરી પીવાનો ઈરાદો કર્યો પણ મધ તથા પાણી જોઈને ફરીથી રડવા માંડયા. એટલે સુધી કે સહાબાએ કિરામે વિચાર્યું કે અમે આ રૂદનનું કારણ પૂછી શકીશું નહીં. જયારે આપે આપના આંસૂંઓ સાફ કર્યાં તો સહાબાએ કિરામે અર્ઝ કરી, હે ખલીફતુર્રસૂલ ! આપના રડવાનું કારણ શું હતું ? આપે ફરમાવ્યું કે મને એક વખતે રસૂલે ખુદા صلی اللہ علیہ وسلمની સાથે સફર કરવાનો શરફ નસીબ થયો. આપ પોતાના શરીર મુબારકથી કોઈ નજરે ન દેખાતી ચીજને દૂર હટાવી રહ્યા હતા. મેં અર્ઝ કરી કે હુઝૂર ! આપ કઈ ચીજને હટાવી રહ્યા છો ? આપે ફરમાવ્યું કે મારી પાસે હમણા દુનિયા આવી હતી તો મેં તેને કહ્યું કે મારાથી દૂર રહે તો તે પાછી વળી ગઈ છે, અને એવું કહેતી ગઈ છે કે આપે મારાથી દૂરી અપનાવી છે પણ બાદમાં આવનારા એવું કરી શકશે નહીં. *(અહયાઉલ ઉલૂમ–૩/૧૮૧)*

ફરમાને નબવી છે કે એવા માણસ પર ખૂબ જ આશ્ચર્ય છે કે જે જન્નત પર ઈમાન રાખવા છતાં દુનિયા મેળવવામાં વ્યસ્ત રહે છે. *(અહયાઉલ ઉલૂમ–૩/૧૮૧)*

## ★ દુનિયાનું એક દષ્ટાંત ★

મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم એક કચરાના ઢગલા પાસે ઉભા રહ્યા અને

ફરમાવ્યું કે દુનિયાની તરફ આવો. આપે એક જૂનુ કપડુ અને સડેલ હાડકુ હાથ મુબારકમાં લઈને ફરમાવ્યું કે આ દુનિયા છે. *(અહયાઉલ ઉલૂમ, ૩/૧૮૧)*

આ દષ્ટાંત દ્વારા તે બાબત તરફ નિર્દેશ હતો કે દુનિયવી શણગાર આ ચિથરાની જેમ જૂનો થઈ જશે અને હરતા ફરતા માણસનાં હાડકાં આ હાડકાની જેમ સડી જશે.

ફરમાને નબવી છે કે દુનિયા હરીભરી અને મધૂર છે. અલ્લાહ તઆલાએ તમને પોતાના ખલીફા બનાવીને મોકલ્યા છે અને તે તમારા અમલોથી બાખબર છે. બની ઈસરાઈલ માટે જયારે દુનિયા ફેલાવી દેવામાં આવી તો તેઓએ પોતાની સર્વ કોશિશો ઘરેણાઓ, કપડાં, સ્ત્રીઓ અને મોજમજાઓના માટે વકફ કરી દીધી હતી. (અને તેઓનો અંજામ તમે જોઈ લીધો) *(સુનને તિર્મિઝી, ૨/૪૩, કન્ઝુલ ઉમ્માલ–૩/૨૧૦ અત્તરગીબ વત્તરહીબ–૪/૭૬, મુસ્નદે અહમદ બિન હંબલ–૩/૪૦૧)*

હઝરત ઈસા عليه السلام નું ફરમાન છે કે દુનિયાને માબૂદ બનાવીને તેના બંદા ન બની જાવ. પોતાનો ખજાનો તે ઝાતને ત્યાં જમા કરો જે કોઈની કમાઈને બર્બાદ નથી કરતો. **દુનિયવી ખજાનાઓ માટે તબાહીનો ડર હોય છે પણ જેના ખજાના ખુદાને ત્યાં જમા હોય તે કદી પણ તબાહ થશે નહીં.**

આપે વધુમાં ફરમાવ્યું કે, હે મારા સાથીઓ ! મેં દુનિયાને ઉંધે મોઢે નાખી દીધી છે. તમે મારા પછી કયાંક તેને ગળે ન લગાડી લેશો. દુનિયાની સૌથી મોટી બુરાઈ એ છે કે તેમાં માણસ અલ્લાહનો નાફરમાન બની જાય છે અને તેને છોડયા વગર આખેરતની ભલાઈ અશકય છે. દુનિયામાં રસ ન લો અને તેને ઈબ્રતની નજરે જુઓ અને હોશિયાર રહો. દુનિયાની દરેક બુરાઈનું મૂળ છે અને એક પળની નફસની ઈચ્છા પોતાની પાછળ લાંબા સમયનો પસ્તાવો છોડી જાય છે. અને ફરમાવ્યું કે દુનિયા તમારા માટે સવારી બનાવવામાં આવી છે અને તમે તેની પીઠ પર સવાર થઈ જશો તો હવે બાદશાહ અને ઔરતો તમને તેના પરથી ઉતારી ન દે. રહ્યો બાદશાહોનો મામલો તો તેઓની સાથે દુનિયાને ખાતર ન ઝઘડો, તેઓ તમારી દુનિયા અને તમારી બચેલી ચીજો તમને પાછી આપશે નહીં. રહી સ્ત્રીઓ તો

તેઓના રોઝા, નમાઝથી હોશિયાર રહો.

વધુમાં ફરમાવ્યું કે દુનિયા તાલિબ પણ છે અને મતલૂબ પણ છે. જે ખુદાની ખુશનુદીનો તાલિબ બને છે તો દુનિયા તેની તાલિબ રહે છે અને તેને રોજી પહોંચાડે છે અને જે દુનિયાનો તાલિબ બને છે તેને આખેરત તલબ કરે છે અને મૌત તેને બોચીમાંથી પકડીને લઈ જાય છે.

*(તાલિબ = શોધનાર, મતલૂબ = જેને શોધવામાં આવે તે, તલબ = શોધ)*

હઝરત મૂસા ઈબ્ને યસાર رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાને પોતાની મખ્લૂકમાં સૌથી વધુ નાપસંદ આ દુનિયા જ છે. અલ્લાહ તઆલાએ જયારથી તેને પેદા ફરમાવી છે ત્યારથી કદી રહમતની નજરથી નથી જોઈ. *(કન્ઝુલ ઉમ્માલ–૩/૧૯૦)*

રિવાયત છે કે હઝરત સુલૈમાન ઈબ્ને દાઊદ علیہ السلام એક વખત પોતાના તખ્ત પર કયાંક જઈ રહ્યા હતા. પક્ષીઓ આપના પર છાંયડો કરી રહ્યાં હતાં. ઈન્સાન અને જિન્નાત આપની ડાબે જમણે બેઠા હતા. બની ઈસરાઈલના એક આબિદે જોઈને કહ્યું કે હે સુલૈમાન! ખુદાની કસમ! અલ્લાહે આપને મહાન મુલ્ક આપ્યો છે. આપે એ સાંભળીને ફરમાવ્યું કે મોમિન બંદાના આમાલનામામાં લખાયેલ કેવળ એક તસ્બીહ મારી તમામ સલ્તનતથી બેહતર છે કેમ કે આ સર્વ નાશવંત છે પણ તસ્બીહ બાકી રહેનારી છે.

ફરમાને નબવી છે કે તમને માલની અધિકતાએ વ્યસ્ત કરી દીધા છે. માણસ કહે છે મારો માલ! મારો માલ! પણ તારા માલમાં જે તેં ખાધુ તે ખત્મ થઈ ગયું, જે પહેર્યું તે જૂનું થઈ ગયું પણ જે રાહે ખુદામાં ખર્ચ કર્યું તે જ બાકી રહેશે. *(સહીહ મુસ્લિમ–૨/૪૦૭, સહીહ ઈબ્ને હબ્બાન–૨/૫૯)*

ફરમાને નબવી છે કે દુનિયા તેનું ઘર છે જેનું કોઈ ઘર ન હોય, તેનો માલ છે **જેનો કોઈ માલ ન હોય, મૂર્ખ જ તેને એકત્ર કરે છે,** અજ્ઞાની જ તેના માટે ઝઘડે છે, નાસમજ જ તેના માટે દુશ્મની અને ઈર્ષા કરે છે અને અવિશ્વાસુ જ તેને મેળવવાની કોશિશ કરે છે. *(મિશ્કાતુલ મસાબીહ–૨/૪૪૪, કન્ઝુલ ઉમ્માલ–૩/૧૮૬)*

ફરમાને નબવી છે કે **જેની સૌથી મોટી તમન્ના દુનિયા પ્રાપ્તિ**

**છે તો અલ્લાહ તઆલાને ત્યાં તેનો કોઈ હિસ્સો નથી.** અલ્લાહ તઆલા એવા માણસના દિલ પર ચાર ચીજોને લાદી દે છે, કાયમનો ગમ, કાયમની વ્યસ્તતા, કાયમની ફિકર અને કદી ન પૂરી થનારી ઈચ્છાઓ. *(કન્ઝુલ ઉમ્માલ–૩/૨૨૬)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે મને હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફરમાવ્યું કે તમને દુનિયાની હકીકત જણાવું ? મેં અર્ઝ કરી કે હા, યા રસૂલલ્લાહ ! આપ મારો હાથ પકડીને મને મદીનાની એક વાદીમાં લઈ ગયા જયાં કચરો પૂંજો (ઉકરડો) પડેલો હતો તેમાં ગંદકી, ચિથરાં અને માણસના માથાનાં સડેલાં હાડકાં પડેલાં હતાં. આપે ફરમાવ્યું, હે અબૂહુરૈરહ ! આ માથાં પણ તમારા માથાની જેમ, લાલચી હતાં અને તેમાં પણ તમારી જેમ ઘણી આરઝૂઓ હતી પણ તે આજે ખાલી હાડકાં બની ચૂકયાં છે જેના પર ચામડી પણ નથી રહી અને નજીકમાં જ તે માટી બની જશે. આ ગંદકી તેઓના ભોજનનો રંગ છે જેને તેઓએ કમાઈ કમાઈને ખાધુ હતું. આજે લોકો તેનાથી મોઢુ મચકોડીને પસાર થઈ જાય છે. આ જૂનાં ચિથરાં જે કયારેક તેઓનાં કપડાં હતાં અને હવા તેને ઉડાડી રહી છે અને તેઓની સવારીઓનાં હાડકાં છે જેના પર સવાર થઈને તેઓ શહેરે શહેર ઘુમતા રહેતા હતા. દુનિયાના અંજામના માટે રડવા ઈચ્છતો હોય તેણે રડવું જોઈએ. હઝરત અબૂહુરૈરહ رضی اللہ عنہ ફરમાવે છે કે પછી હું અને હુઝૂર صلی اللہ علیہ وسلم ખૂબ જ રડયા. *(વાદી = પહાડીઓ વચ્ચે મેદાન) (અહયાઉલ ઉલૂમ–૩/૧૮૨)*

રિવાયત છે કે જયારે હઝરત આદમ علیہ السلامને જમીન પર ઉતારવામાં આવ્યા તો અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે તબાહીના માટે ઈમારતો બનાવો અને મૌતના માટે બાળકો પેદા કરો. *(હિલ્યતુલ અવલિયા–૩/૩૨૭)*

હઝરત દાઊદ ઈબ્ને હિલાલ علیہ السلامથી મરવી છે કે હઝરત ઈબ્રાહીમ علیہ السلامના સહીફાઓમાં લખેલ છે કે, હે દુનિયા ! તું નેકી કરનારાઓની નજરમાં પોતાના તમામ શણગાર તથા ભપકાના હોવા છતાં બેવકાર (પ્રભાવહિન) છે. મેં તેઓના દિલોમાં તારી અદાવત અને તારા પ્રત્યે બેધ્યાનપણુ રાખી દીધું છે. મેં તારા જેવી બેવકાર કોઈ અન્ય ચીજ નથી

પેદા કરી. તારી દરેક અદા જૂઠી અને ફાની છે. મેં તારી પેદાઈશના સમયે ફેંસલો ફરમાવી દીધો હતો કે ન તું કોઈની પાસે હમેશાં રહીશ અને ન તે હમેશાં રહેશે, ભલે તને પામવા માટે ગમે તેટલી કંજૂસાઈ કરતો રહે. નેકી કરનારાઓ માટે મારી બશારત છે જેઓનાં દિલો મારી રઝામાં રાજી છે અને જેઓનાં દિલો સચ્ચાઈ અને અડગતાના રહેઠાણ છે, તેઓના માટે ખુશખબરી છે કે જયારે તેઓ કબરોમાંથી ટોળે ટોળે ઉઠશે તો હું તેઓને એ ખજાનો આપીશ કે જેની આગળ નૂર હશે અને ફરિશ્તાઓ તેઓને ઘેરીને તેઓની તમન્નાઓના કેન્દ્રમાં એટલે કે જન્નતમાં પહોંચાડશે.

હુઝૂર ﷺનું ફરમાન છે કે દુનિયા જમીન તથા આસમાનની વચ્ચે અધ્ધર છે. તેને અલ્લાહ તઆલાએ જયારથી પેદા ફરમાવી છે કદી રહમતની નજરથી નથી જોઈ. કિયામતના દિવસે દુનિયા બારગાહે ખુદાવંદીમાં અર્ઝ કરશે કે મને મારા દોસ્તોના મુકદરમાં લખી દે ! તો રબ ફરમાવશે કે હું દુનિયામાં તે મેળાપને નાપસંદ કરતો હતો અને આજે પણ તેને નાપસંદ કરું છું. *(અહયાઉલ ઉલૂમ, ૩/૧૮૨)*

## ★ હઝરત આદમ علیہ السلامની મુંઝવણ ★

મરવી છે કે જયારે હઝરત આદમ علیہ السلامએ મના કરેલ ફળ ખાય લીધું તો તેમને પેટમાં ભાર મહસૂસ થયો, જો કે જન્નતની નેઅમતોમાં આ વાત નથી. હઝરત આદમ علیہ السلام કઝાએ હાજતના માટે ચોતરફ મુંઝવણમાં ફરી રહ્યા હતા તો અલ્લાહ તઆલાના હુકમથી ફરિશ્તો હાજર થયો અને કહેવા લાગ્યો કે આદમ ! પરેશાન હાલતમાં કેમ ઘુમી રહ્યા છો ? આપે ફરમાવ્યું કે હું મારા પેટનો ભાર ખાલી કરવા ઈચ્છું છું. ફરિશ્તો બોલ્યો કે એ ભારને કયાં ફેંકશો ? જન્નતના ફર્શ પર ? તખ્તાઓ પર, ઝાડોના સાયામાં, જન્નતની નહેરોના કિનારા પર ? જન્નતમાં તે ચીજો માટે કોઈ સ્થળ નથી ! તો આપ દુનિયામાં ચાલ્યા જાવ. *(અહયાઉલ ઉલૂમ–૩/૧૮૩)*

ફરમાને નબવી ﷺ છે કે કિયામતના દિવસે એવા લોકો આવશે જેઓના સારા અમલો તહામહના પહાડોની બરાબર હશે પણ તેઓને જહન્નમની તરફ લઈ જવામાં આવશે. સહાબાએ કિરામે પૂછયું કે, તેઓ નમાઝ, રોઝા અદા કરનારા હશે ? ફરમાવ્યું, હા. તેઓ રોઝા રાખનારા

અને રાત્રીનો એક ભાગ ઈબાદતમાં ગુઝારવાવાળા હશે પણ તેઓ દુનિયાના આશિક હશે. *(હિલ્યતુલ અવલિયા, ૩/૨૩૩)*

ફરમાને નબવી ﷺ છે કે મોમિન બંદો બે ભયોની મધ્યમાં રહે છે, ભૂતકાળના અમલો પર ચિંતિત રહે છે અને ભાવિના માટે પરેશાન રહે છે કે અલ્લાહ તઆલાની કઝા અને કદરમાં મારા માટે શું લખેલું છે. *(અહયાઉલ ઉલૂમ, ૩/૧૮૩)*

બંદો પોતાની જિંદગી વડે પોતાના માટે ભલાઈ પેદા કરે, પોતાની દુનિયા વડે આખેરતને સવારે, હયાત વડે મૌત અને જવાની વડે ઘડપણને સજાવે.

કેમ કે દુનિયા તમારા માટે અને તમે આખેરતના માટે બનાવવામાં આવ્યા છો. રબ્બે ઝુલ જલાલની કસમ ! જેની કુદરતના તાબા હેઠળ મારી જાન છે કે મૌત પછી બંદાના માટે અન્ય કોઈ તકલીફ દેનારી ચીજ નથી અને દુનિયા પછી જન્નત કે દોઝખના સિવાય કોઈ અન્ય ઠેકાણુ નથી.

હઝરત ઈસા عليه السلامનું ફરમાન છે કે **જેવી રીતે એક પાત્રમાં આગ અને પાણી ભેગાં નથી થઈ શકતાં તે જ રીતે એક દિલમાં દુનિયા તથા આખેરતની મહોબ્બત ભેગી નથી થઈ શકતી.**

મરવી છે કે હઝરત જિબ્રઈલ عليه السلامએ નૂહ عليه السلامને પૂછયું કે આપ તો ખૂબ જ લાંબી ઉમર પામ્યા છે તો એ ફરમાવો કે આપે દુનિયાને કેવી અનુભવી ? આપે ફરમાવ્યું કે દુનિયા એક ઘર છે જેના બે દરવાજા છે. એક દરવાજામાંથી હું પ્રવેશ્યો અને બીજા દરવાજેથી નીકળી ગયો.

હઝરત ઈસા عليه السلامને કહેવામાં આવ્યું કે આપ આપના રહેઠાણના માટે ઘર કેમ નથી બનાવતા ? તો આપે ફરમાવ્યું કે ગુઝરી ગયેલા લોકોના આ પૂરાણા મકાનો મારા રહેઠાણ માટે પૂરતાં છે.

ફરમાને નબવી છે કે દુનિયાથી ડરો કેમ કે એ હારૂન તથા મારૂતથી પણ વધુ જાદૂગર છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૮૩)*

હઝરત હસન رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર ﷺ સહાબાએ કિરામમાં તશરીફ લાવ્યા અને ફરમાવ્યું કે કોણ છે જે અલ્લાહ તઆલથી અંધાપાનો નહીં પણ રોશનીનો સવાલ કરે છે ? જાણી લો કે જે દુનિયાની

તરફ આકર્ષાઈ ગયો અને તેનાથી અનહદ ઉમ્મીદો રાખવા લાગ્યો **તેનું દિલ આંધળું થઈ ગયું** અને જેણે દુનિયાથી દૂરી ઈખ્તિયાર કરી લીધી અને તેનાથી કોઈ ખાસ ઉમ્મીદો ન રાખી તો અલ્લાહ તઆલા તેને નૂરે બસીરત (રોશનીભરી દષ્ટિ) અતા કરે છે, તે તાલીમના વગર ઈલ્મવાળો અને તલાશના વગર હિદાયત પામનાર બની ગયો. તમારા પછી એક કૌમ આવશે જેની સલ્તનતનો પાયો કત્લ અને જોર જુલ્મ પર હશે, જેઓની અમીરી અને માલદારી કંજૂસાઈ અને ઘમંડથી ભરપૂર હશે અને નફસાની ખ્વાહિશો સિવાય તેઓને કોઈ સાથે મહોબ્બત હશે નહીં. ખબરદાર ! તમારામાંથી કોઈ તે સમય પામે અને માલદારીની શકિત ધરાવવા છતાં ફકીરી પર રાજી થઈ જાય અને મહોબ્બત મેળવી શકવા છતાં તેની સાથે અદાવત રાખવામાં રાજી થઈ જાય અને રઝાએ ઈલાહીમાં ઈજ્જત હાંસલ કરી શકવા છતાં આજિઝીની જિંદગી પસાર કરે તો અલ્લાહ તઆલા તેને **પચાસ સિદ્દીકોનો દરજ્જો** આપશે. *(હિલ્યતુલ અવલિયા, ૮/૧૪૩, અહયાઉલ ઉલૂમ, ૩/૧૮૩)*

રિવાયત થયેલ છે કે એક વખતે હઝરત ઈસા عليه السلام સખત વરસાદમાં ઘેરાઈ ગયા અને આપને રક્ષણ માટેની જગા શોધતાં એક તંબૂ દેખાયો. જયારે નજીક પહોંચ્યા તો જોયું કે તેમાં એક સ્ત્રી બેઠેલી છે. પાછા વળ્યા તો પહાડની એક ગુફા દેખાઈ તો ત્યાં જઈને જોયું કે એક સિંહ ઉભો હતો. આપે તેના પર હાથ મૂકયો અને અર્ઝ કરી કે હે રબ્બેઝુલ જલાલ ! તેં દરેક ચીજનું ઠેકાણુ બનાવ્યું છે પણ મારું કોઈ ઠેકાણું નથી. રબ તઆલાએ ફરમાવ્યું કે તારું ઠેકાણું મારી રહમત છે. હું કિયામતના દિવસે મારા દસ્તે કુદરતથી પેદા કરેલી સો હૂરો સાથે તારા નિકાહ કરીશ અને તારા વલીમાની દાવત ચાર હજાર વરસ સુધી ચાલુ રહેશે. દરેક વરસના દિવસે દુનિયાની જિંદગી જેટલા હશે અને નિદા કરનાર (પોકાર કરનાર) તારા ફરમાનથી નિદા કરશે કે, હે દુનિયાથી દૂરી અખ્તિયાર કરનારાઓ ! આવો અને ઝાહિદે આ'ઝમ (મહાન દુનિયા તર્ક કરનાર) ઈસા ઈબ્ને મરયમ عليه السلامની શાદી જુઓ.

હઝરત ઈસા عليه السلامનું ફરમાન છે કે દુનિયાના તાલિબ (તલબ

કરનાર) માટે હલાકત થાય, તે દુનિયા કેવી રીતે છોડીને મરશે. જેનું સર્વ ધ્યાન, વિશ્વાસ અને ભરોસો તે જ દુનિયા પર હોય, તે લોકો પોતાની અણગમતી ચીજ (મૌત)નો કેવી રીતે સામનો કરશે જે તેઓને પોતાની પ્રિય ચીજોથી અલગ કરી દેશે અને જેના વિશે તેઓને અગાઉથી જ જણાવી દેવામાં આવ્યું હતું. હલાક થાય તે શખ્સ જેની તમામતર કોશિશો દુનિયા પ્રાપ્તિના માટે છે. જેના અમલો ગુનાહો પર નભેલા છે, તેઓ કાલે કિયામતના દિવસે પોતાના ગુનાહોથી કઈ રીતે છૂટકારો પામશે ?

અલ્લાહ તઆલાએ હઝરત મૂસા علیہ السلامની તરફ વહી મોકલી કે હે મૂસા ! તમારો જાલિમોના ઘર સાથે શું સંબંધ ? તમે તમારું ધ્યાન અને સંબંધ આ દુનિયાથી જે ખૂબ બુરુ ઘર છે (તેના તરફથી) હટાવી લો. એ ફકત તેના માટે સારી છે જે તેમાં રહીને પોતાના ખાલિકને રાજી કરી લે છે. હે મૂસા ! હું દરેક મઝલૂમને જાલિમ પાસેથી તેનો હક અપાવીશ.

### ★ સરવરે કૌનેન صلی اللہ علیہ وسلمનો અન્સારને ખિતાબ ★

મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ હઝરત અબૂ ઓબૈદા ઈબ્ને જર્રાહ علیہ السلامને બેહરીન મોકલ્યા તે ત્યાંથી માલ દૌલત લઈને આવ્યા. જયારે અન્સારને તેમના આગમનની ખબર મળી તો તેઓ સૌ સવારની નમાઝમાં હાજર થયા. નમાઝથી પરવારીને હુઝૂર صلی اللہ علیہ وسلمએ તેઓને જોયા તો હુઝૂરે સ્મિત કરતાં ફરમાવ્યું કે, કદાચ તમને અબૂ ઔબેદાની માલ લઈને આવવા વિશેની ખબર મળી ગઈ છે ! તેમણે અર્ઝ કરી કે, જી હા ! આપે ફરમાવ્યું કે તમને મુબારક થજો. રબ્બે ઝુલ જલાલની કસમ ! મને તમારા વિશે ગરીબી કે ભૂખમરા (ફકરો ફાકા)નો ભય નથી બલ્કે હું તે સમયથી ડરું છું જયારે તમારા માટે આગલી ઉમ્મતોની જેમ દુનિયા વિશાળ થઈ જશે અને તમે તેમાં આગલી ઉમ્મતોની જેમ વ્યસ્ત થઈને હલાક થઈ જશો. *(સહીહ મુસ્લિમ, ૨/૪૦૭, સુનને તિર્મિઝી, ૨/૭૩, મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૧૨૬, સુનને ઈબ્ને માજહ, પેજ–૨૮૮)*

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફરમાવ્યું કે હું મોટાભાગે એ વાતનો અંદેશો કરું છું કે જયારે અલ્લાહ તઆલા તમારા પર આ દુનિયા પોતાની તમામ ફિત્નાની સામગ્રીઓ સાથે

ફેલાવી દેશે. *(સહીહ બુખારી, ૨/૯૫૧, સુનને નિસાઈ–૧/૩૬૦)*

ફરમાને નબવી છે કે પોતાના દિલોને દુનિયાની યાદમાં ન લાવો. આપે દુનિયાની યાદને મના કરી દીધી છે. તો શું જરૂર છે કે ઈન્સાન પોતાનું સર્વસ્વ ધ્યાન તેના તરફ કેન્દ્રિત કરે ? *(કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૯૮)*

## ★ કફન દફન વિનાની લાશો ★

જનાબ અમ્માર ઈબ્ને સઈદ رضی اللہ عنہથી મરવી છે કે હઝરત ઈસા علیہ السلام એક એવી વસ્તી પાસે થઈને પસાર થયા કે ત્યાંના રહેવાસીઓ વિવિધ વિસ્તારો અને માર્ગોમાં મૃતપાય હાલતમાં પડેલા હતા. આપે પોતાના સાથીઓને ફરમાવ્યું કે આ લોકો અલ્લાહ તઆલાની નારાઝગીનો શિકાર છે, નહીં તો તેઓને જરૂર દફન કરવામાં આવત. સાથીઓએ અર્ઝ કરી કે અમે ઈચ્છી છીએ કે અમને તેઓની સ્થિતિ વિશે જાણ થઈ જાય. હઝરત ઈસા علیہ السلامએ રબ તઆલાથી દુઆ માંગી તો રબ્બે ઝુલ જલાલે ફરમાવ્યું કે જયારે રાત આવી જાય તો તેઓને પૂછજો તો તેઓ પોતાની હલાકતનો સબબ જણાવશે. જયારે રાત પડી તો હઝરત ઈસા علیہ السلامએ કહ્યું કે, હે વસ્તીવાળાઓ ! તો એક અવાજ આવ્યો કે, લબ્બયક યા રૂહુલ્લાહ! આપે પૂછયું કે તમારી આવી હાલત શા માટે છે અને આ અઝાબ ઉતરવાનું કારણ શું છે ? જવાબ આવ્યો કે અમે આરામદાયક જિંદગી ગુઝારી અને જહન્નમના હકદાર ઠર્યા એટલા માટે કે અમે દુનિયાથી પ્રેમ રાખતા હતા અને ગુનેહગારોની પયરવી કર્યા કરતા હતા.

આપે પૂછયું કે તમને દુનિયા સાથે કેવી મહોબ્બત હતી ? જવાબ આવ્યો કે જેવી રીતે માને બાળક સાથે મહોબ્બત હોય છે કે જયારે અમારી પાસે દુનિયા આવી જતી તો અમે ખૂબ જ ખુશ થઈ જતા અને જયારે દુનિયા ચાલી જતી તો અમે ખૂબ જ ગમગીન થઈ જતા. આપે ફરમાવ્યું કે શું કારણ છે કે એકલો તું જ જવાબ આપી રહ્યો છે ? અને તારા બાકીના સાથીઓ ખામોશ છે. જવાબ મળ્યો કે શકિતશાળી અને ભયાનક ફરિશ્તાઓએ તેઓને આગની લગામો નાખી રાખેલી છે. આપે ફરમાવ્યું કે તો પછી તું કઈ રીતે જવાબ આપી રહ્યો છે ? જવાબ મળ્યો કે હું તેઓમાં રહેતો હતો ખરો પણ તેઓના જેવી બદઆમાલીઓ કરતો ન હતો, પણ

જયારે અલ્લાહનો અઝાબ આવ્યો તો હું પણ તેની લપેટમાં આવી ગયો અને અત્યારે હું જહન્નમના કિનારા પર લટકી રહ્યો છું, શું ખબર કે તેનાથી છૂટકારો પામીશ કે તેમાં ગબડી પડીશ. હઝરત ઈસા عليه السلامએ સાથીઓને ફરમાવ્યું કે નમક સાથે જવની રોટી ખાજો, ફાટેલુ પૂરાણું કપડુ પહેરજો અને કચરાના ઢગલા પર સૂઈ જજો તો તે દુનિયા તથા આખેરતની ભલાઈના માટે ખૂબ જ ઉમદા છે.

હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمની અઝબા નામની ઊંટણી હતી જે તેજ રફતારીમાં (ઝડપી દોડમાં) સૌથી ઉમદા હતી. એક વખત એક બદવીની ઊંટણી તેની આગળ નીકળી ગઈ જેના કારણે સહાબીઓને ખૂબ જ અફસોસ થયો. તો આપે ફરમાવ્યું કે આ કુદરતનો કાનૂન છે કે દરેક કમાલને ઝવાલ નસીબ થાય છે (ચડતી તેની પડતી). *(સહીહ બુખારી–૨/૯૬૨, સહીહ ઈબ્ને હબ્બાન–૨/૬૦)*

હઝરત ઈસા عليه السلامએ ફરમાવ્યું કે કોણ છે જે સમુદ્રની લહેરો પર ઈમારત બનાવે ? તો આ દુનિયા એવી જ છે જેથી તમે તેને ચૈનનું સ્થળ ન બનાવો.

હઝરત ઈસા عليه السلامને કહેવામાં આવ્યું કે અમને એક એવી ચીજ બતાવો જેના લીધે અલ્લાહ તઆલા અમને મહબૂબ બનાવી લે. ફરમાવ્યું કે તમે દુનિયાથી અદાવત રાખો તો અલ્લાહ તઆલા તમને મહબૂબ બનાવી લેશે.

હઝરત અબૂદરદા رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફરમાવ્યું કે જે કાંઈ હું જાણું છે તે જો તમે જાણત તો હસતા થોડું અને રડતા વધારે હોત અને દુનિયા પર આખેરતને અગ્રિમતા આપત. *(સહીહ મુસ્લિમ–૧/૨૯૬, સહીહ બુખારી–૧/૧૪૨, સુનને ઈબ્ને માજહ, પેજ–૩૦૯, હિલ્યતુલ અવલિયા–૨/૨૬૯, સુનને તિર્મિઝી અબ્વાબુલઝ્ઝુહદ–૨/૫૭, સુનને કુબરા લિલ્લયહકી–૭/૮૩, સુનને દારમી–૨/૨૪૩, કન્ઝુલ ઉમ્માલ–૧૧/૧૧૮)*

## ★ હઝરત અબૂદરદા رضی اللہ عنہનું મુસલમાનોને સંબોધન ★

હઝરત અબૂદરદા رضی اللہ عنہએ ફરમાવ્યું કે **હે લોકો ! જે કાંઈ હું જાણુ છું તે જો તમે જાણત તો આબાદી છોડીને વેરાન ટેકરીઓની**

**દિશામાં નીકળી પડત અને પોતાને ઈબાદતમાં મશગૂલ કરી દેતા. રૂદન તથા કાકલૂદી (આજિઝી) કરત અને જરૂરી સામાન સિવાય તમામ માલમત્તા છોડી દેતા.** પરંતુ દુનિયા તમારા અમલોની માલિક બની ગઈ છે અને દુનિયાની ઉમ્મીદોએ તમારા દિલમાંથી આખેરતની યાદ નષ્ટ કરી દીધી છે અને તમે (તેના ખાતર) જાહિલોની જેમ પરેશાન છો અને તમારામાંથી કેટલાક લોકો જાનવરોથી પણ બદતર છે જેઓ પોતાની ઈચ્છાઓ પાછળ અંધ બનીને પોતાના અંજામની ચિંતા નથી કરતા. તમે સૌ દીનીભાઈ હોવા છતાં એકબીજા સાથે મહોબ્બત નથી કરતા અને ન તો એકબીજાને નસીહત કરો છો. તમારા રસ્તાઓ અલગ કરી દીધા છે. જો તમે સિરાતે મુસ્તકીમ પર ચાલત તો જરૂર આપસમાં મહોબ્બત કરત. તમો દુનિયવી બાબતમાં તો આપસમાં મશ્વરા કરો છો પણ આખેરતની બાબતમાં સલાહ મશ્વરા નથી કરતા અને તમે તે ઝાતથી મહોબ્બત નથી રાખતા જે તમને મહબૂબ રાખે છે અને તમને આખેરતની ભલાઈની તરફ લઈ જવા ઈચ્છે છે. આ બધું એટલા માટે છે કે તમારા દિલોમાં ઈમાન કમજોર થઈ ચૂકયું છે. જો તમે આખેરતની ભલાઈને બુરાઈ પર યકીન રાખત જેવી રીતે દુનિયવી ચડતી પડતી પર યકીન રાખો છો તો તમે દુનિયા પર આખેરતને અગ્રિમતા આપત, કેમ કે આખેરત તમારા અમલોની માલિક છે. જો તમે એમ કહો કે અમારા પર દુનિયાની મહોબ્બત સવાર છે તો તમારું આ બહાનુ બેકારનું છે, કેમ કે નિશ્ચિત સમયે આવનારી આખેરત સામે આ દુનિયાને અગ્રિમતા દઈ રહ્યા છો અને પોતાના શરીરોને તે કામો વડે દુઃખ દર્દ વેઠવા માટે મજબૂર કરી રહ્યા છો જેને તમે કદી પણ નથી પામી શકતા. તમે ઘણા જ નાલાયક છો, તમે ઈમાનની હકીકતને ઓળખતા જ નથી. જો તમને મુહમ્મદ ﷺની લાવેલી કિતાબ (કુર્આન)માં શંકા છે તો અમારી પાસે આવો કે અમે તમારું એવા નૂરની તરફ માર્ગદર્શન કરીશું જેના થકી તમારાં દિલો સંતોષ અનુભવશે. ખુદાની કસમ ! તમે કમ અકલીનું (નાસમજ હોવાનું) બહાનુ બનાવીને જાન છોડાવી શકશો નહીં, કેમ કે દુનિયવી બાબતોમાં તમે મંતવ્યો પ્રદર્શિત કરનારા છો અને તેને ખૂબીપૂર્વક અંજામ આપી રહ્યા છો. તમને શું થઈ ગયું છે કે તમે મામૂલી સરખી દુનિયા પર ખુશ થઈ જાવ છો અને જરા સરખા દુનિયવી નુકશાનના

કારણે ગમગીન બની જાવ છો ! તમારા ચહેરા અને જીભો દુઃખને પ્રદર્શિત કરવા મંડી પડે છે અને તમે તેને મુસીબત કહો છો અને તમે દુનિયાના ખાતર ગુનાહોથી ભરચક જિંદગી વિતાવો છો અને દીનના મોટાભાગના હુકમોથી આંખ આડા કાન કરો છો અને તેના કારણે ન તમારા ચહેરા પર કરચલી પડે છે અને ન તો તમારી હાલતોમાં કાંઈ ફેરફાર જણાય છે. એવું જણાય છે કે જાણે અલ્લાહ તઆલા તમારાથી અલિપ્ત છે. તમે આપસમાં મહોબ્બત રાખો છો, પણ અલ્લહ તઆલાની હુઝૂરીમાં હાજરીને પોતાની બદઆમાલીઓના કારણે ખૂબ જ બુરી સમજો છો. તમે ખયાનત કરનાર બની ગયા અને ઉમ્મીદોની પાછળ દોડવા લાગી ગયા અને મૌતનો ઈંતેઝાર છોડી દીધો. હું અલ્લાહ તઆલાથી દુઆ માંગુ છું કે તે મને તમારાથી અલિપ્તતા બખ્શે અને મને પોતાના મહબૂબની ખિદમતમાં પહોંચાડી દે. જો તેઓ દુનિયામાં તશરીફ ફરમા હોત (જાહેરી હયાતમાં હોત) તો હું કદાપિ તમારી સાથે રહેવાનું પસંદ ન કરત. જો તમારામાં નેક બનવાની તડપ છે તો હું તમને ઘણુ બધું જણાવી ચૂકયો અલ્લાહ તઆલાથી નેઅમતોનો સવાલ કરો તો ખૂબ જ આસાની સાથે મેળવી લેશો. હું મારા તથા તમારા માટે અલ્લાહથી દુઆ માગું છું. *(અલ મુસ્તદરક અલસ્સહીહૈન–૪/૩૫૬, અહયાઉલ ઉલૂમ–૩/૧૮૪)*

## ★ હઝરત ઈસા عليه السلام નો એક નસીહત આપતો આદેશ ★

હઝરત ઈસા عليه السلام એ પોતાના સાથીઓને ફરમાવ્યું કે જેવી રીતે દુનિયાદાર દુનિયાની ચાહતના લીધે મામૂલી સરખા દીનથી રાજી છે તેવી રીતે તમે પણ દીનની સલામતીના માટે મામૂલી સરખી દુનિયા પર રાજી થઈ જાવ.

**એ જ વિષય પર કોઈ શાયરે કહ્યું, (અર્થ) :–**

(૧) મેં લોકોને જોયા છે કે તેઓ થોડા સરખા દીનથી રાજી થઈ ગયા પણ થોડી સરખી દુનિયાનથી રાજી ન થયા.

(૨) જેવી રીતે દુનિયાના બદલામાં દીનથી બેપરવા થઈ ગયા છે તો તું પણ દીનના બદલામાં દુનિયાની બેપરવા થઈ જા.

હઝરત ઈસા عليه السلامએ ફરમાવ્યું હે દુનિયાને સોના ચાંદીના માટે તલબ કરનાર ! દુનિયાને તજવું ઘણી જ ઉમદા ચીજ છે.

હુઝૂર ﷺએ ફર્માવ્યું કે **મારા પછી તમારા પર દુનિયા આવશે અને તમારા ઈમાનને એવી રીતે ખાઈ જશે જેવી રીતે આગ લાકડીઓને ખાઈ જાય છે.** *(લમ અજદહુ અસલા)*

## ★ દુનિયાની મહોબ્બત સૌથી મોટો ગુનોહ છે ★

અલ્લાહ તઆલાએ હઝરત મૂસા عليه السلامની તરફ વહી મોકલી કે હે મૂસા ! દુનિયાની મહોબ્બતમાં મશગૂલ ન થશો. મારી બારગાહમાં એનાથી મોટો કોઈ ગુનોહ નથી.

રિવાયત છે કે હઝરત મૂસા عليه السلام એક રડી રહેલા શખ્સની પાસેથી પસાર થયા. જયારે આપ પાછા વળ્યા તો તે શખ્સ તે જ પ્રમણે રડતો હતો. મૂસા Fએ બારી તઆલાથી અર્ઝ કરી કે યા અલ્લાહ ! તારો બંદો તારા ખૌફથી ડરી રહ્યો છે. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે હે મૂસા ! જો આંસૂના માર્ગ વાટે તેનું દિમાગ બહાર નીકળી આવે અને તેના ઉઠેલા હાથ તૂટી જાય તો પણ હું તેને બખ્શવાનો નથી કેમ કે તે દુનિયાથી મહોબ્બત કરે છે. *(અહયાઉલ ઉલૂમ–૩/૧૮૫)*

હઝરત અલી رضي الله عنهનો કૌલ છે કે જે શખ્સમાં છ આદતો જોવા મળે છે તે જહન્નમની આગથી દૂર અને જન્નતની તરફ પ્રયાણ કરી રહેલ છે.

(૧) અલ્લાહને ઓળખીને તેની ઈબાદત કરી.

(૨) શયતાનને ઓળખીને તેનો વિરોધ કર્યો.

(૩) હકને ઓળખીને તેનાથી બચ્યો.

(૫) દુનિયાને ઓળખીને તેને ત્યજી દીધી, અને

(૬) આખેરતને ઓળખીને તેનો તલબગાર બન્યો.

*–(અહયાઉલ ઉલૂમ–૩/૧૮૫)*

હઝરત હસન رضي الله عنهનો કૌલ છે કે અલ્લાહ તઆલાએ તે લોકો પર રહમ ફરમાવી જેમની પાસે દુનિયા અમાનતના રૂપે આવી અને તેઓએ

તેને ખયાનત કર્યા વિના પાછી વાળી દીધી અને અલ્લાહની બારગાહમાં ખૂબ જ હળવાશથી (ભાર વિનાના થઈને) રવાના થયા.

વધુમાં ફરમાવ્યું કે જે તને દીનની તરફ આકર્ષે તેને સ્વીકારી લે અને જે તને દુનિયાની તરફ આકર્ષે તેને તેના ગળામાં નાખી દે. (કબૂલ ન કર.)

## ★ દુનિયા એક ઊંડો સમુદ્ર છે ★

હઝરત લુકમાન عليه السلام એ પોતાના પુત્રને વસિયત કરી કે આ દુનિયા ખૂબ જ ગહરો (ઊંડો) સમંદર છે. તેના ઘણાય લોકો ડૂબી ગયા છે. તેમાંથી પસાર થવા માટે ખુદાના ખૌફની કશ્તી બનાવ જેમાં ખુદા તઆલા પર ઈમાનનો ભરાવો હોય અને તેને તવકકુલના માર્ગો પર ચલાવ જેથી નજાત પામે, નહીં તો નજાતનો કોઈ માર્ગ નથી.

હઝરત ફુઝૈલ رحمة الله عليه નો કૌલ છે કે હું આ ઈર્શાદે રબ્બાનીમાં **''બેશક ! અમે જમીનની ચીજોને જમીનના માટે ઝીનત (શોભા) બનાવી દીધી છે જેથી કે અજમાવીએ કે કોણ સારા અમલો કરે છે અને અમે તે ચીજોને ખેતીના લાયક નહીં (વેરાન બનાવનારા) છે.''** *(સૂ. કહફ, આયત–૮૭)* (આ ઈરશાદમાં) ખૂબ જ ચિંતન મનન કરૂં છું. એક હકીમનો કૌલ છે કે તને દુનિયામાં જે કાંઈ મળ્યું છે તો તારાથી અગાઉ પણ કેટલાક લોકો તેના માલિક બન્યા હતા અને તારા પછી અન્ય લોકો તેના માલિક બનશે. તારા માટે દુનિયામાં સવાર સાંજની રોટી છે, તે રોટીના માટે પોતાને હલાકતમાં ન નાખ. દુનિયાથી રોઝો રાખ અને આખેરત પર ઈફતાર કર. દુનિયાનો માલ ઈચ્છાઓ છે અને તેનો નફો જહન્નમની આગ છે.

કોઈ રાહિબને જમાના સંબંધે પૂછવામાં આવ્યું તો તેણે જવાબ આપ્યો કે, એ શરીરોને જૂનાં કરે છે, ઉમ્મીદ વધારે છે, મૌતને નજીક કરે છે અને આરઝૂઓને દૂર કરે છે. દુનિયાવાળાઓના વિશે પૂછવામાં આવ્યું તો તેણે કહ્યું કે જેણે દુનિયાને પામી લીધી તે દુઃખમાં સપડાઈ ગયો અને જેણે તેને ન મેળવી તે મુસીબતોથી ઘેરાઈ ગયો. એટલા માટે કહ્યું છે કે, **(અર્થ)** :

(૧) જે દુનિયવી એશોઆરામને લીધે તેની પ્રસંશા કરે છે તો મને જિંદગીની કસમ ! નજીકમાં જ તે તેને બુરૂ ભલું કહેશે.

(૨) જયારે દુનિયા ચાલી જાય છે તો અરમાનો છોડી જાય છે અને જયારે આવે છે તો ખૂબ જ ગમ સાથે લઈને આવે છે.

એક ડાહ્યા પુરુષનો કૌલ છે કે, દુનિયા હતી અને હું ન હતો. આ દુનિયા રહેશે અને હું રહીશ નહીં. હું તેની પરવા નથી કરતો કેમ કે તેની જિંદગી થોડી છે, તેની સફાઈમાં પણ મેલાશ છે. તેમાં રહેનારા તેના બર્બાદ થવાના માટે, મુસીબતો આવવાના માટે અને મૌત આવવાના લીધે સખ્ત ભયાવહ રહે છે.

એક અન્ય શાણા પુરુષનું કથન છે કે દુનિયા માણસને તેની ઈચ્છા મુજબની નથી મળતી, કયાં તો વધુ મળે છે અથવા તો ઓછી. હઝરત સુફિયાન رحمۃ اللہ علیہનો કૌલ છે કે, **તમે દુનિયાની નેઅમતોને જુઓ કે તે પોતાની બુરાઈના કારણે હમેશાં નાલાયકોની પાસે જ હોય છે.**

હઝરત અબૂ સુલૈમાન દારાની رحمۃ اللہ علیہનો કૌલ છે કે, જયારે કોઈ દુનિયાના તાલિબને દુનિયા મળે છે તો તેને વધારેની તમન્ના કરે છે, અને જયારે કોઈ આખેરતના તાલિબને આખેરતનો બદલો મળે છે તો તે વધારાની તમન્ના કરે છે. ન આની તમન્ના પૂરી થાય છે ન તેની તમન્ના પૂરી થાય છે.

એક શખ્સે જનાબ અબૂહાઝિમ رحمۃ اللہ علیہને દુનિયાની મહોબ્બત વિશે ફરિયાદ કરી અને એ પણ જણાવ્યું કે મારું કોઈ ઘર નથી. આપે કહ્યું, જે કાંઈ તમને અલ્લાહે આપ્યું છે તેમાંથી ફકત લાલ રિઝ્ક લઈ લો અને યોગ્ય સ્થાને ખર્ચ કરો. આ રીતે દુનિયાની મહોબ્બત તમને નુકસાન પહોંચાડશે નહીં અને આપે આ એટલા માટે ફરમાવ્યું કે જો તેં તારા નફસને તેનાથી લગાડયું તો એ તને એવી તકલીફમાં ફેંકી દેશે કે તું દુનિયાથી તંગ આવી જઈશ અને તેમાંથી નીકળવાની કોશિશ કરીશ.

હઝરત યહ્યા ઈબ્ને મઆઝ رحمۃ اللہ علیہનો કૌલ છે કે દુનિયા શૈતાનની દુકાન છે તેમાંથી કાંઈ ન લો. જો તમે કાંઈ લઈ લીધું તો શયતાન શોધતો શોધતો તમારા સુધી આવી જશે.

## ★ શુદ્ધ સોના પર ગિલેટવાળાને અગ્રિમતા કઈ રીતે હોઈ શકે છે ? ★

હઝરત ફુઝૈલ رحمۃ اللہ علیہનો કૌલ છે કે જો દુનિયા નષ્ટ પામનારા સોના અને આખેરત બાકી રહેનારા ઠીકરા (માટી)ની હોત તો પણ નાશવંત (ફાની) ચીજ પર બાકી રહેનારી ચીજને મહત્વ આપવાનું યોગ્ય હોત ?! તો શું વાત છે કે દુનિયા માટી છે અને આખરેત શુદ્ધ સોનું હોવા છતાં આપણે દુનિયાને પસંદ કરી લીધી છે ?!

હઝરત અબૂ હાઝિમ رحمۃ اللہ علیہનો કૌલ છે કે દુનિયાને તલબ કરવાથી બચો કેમ કે મેં સાંભળ્યું છે કે જે દુનિયાની તાઝીમ (ઈજ્જત) કરે છે તેને કિયામતના દિવસે બારગાહે ખુદાવંદીમાં ઉભો કરીને કહેવામાં આવશે કે આ તે ચીજની ઈજ્જત કરતો હતો જેને અલ્લાહે ઝલીલ પેદા કરી હતી.

હઝરત ઈબ્ને મસ્ઊદ رحمۃ اللہ علیہનો કૌલ છે કે આ દુનિયામાં દરેક માણસ મહેમાન રૂપે છે અને અહીંની દરેક ચીજ ઉધારરૂપે મળેલી છે. મહેમાન આખરે ચાલ્યો જાય છે અને ઉછીની ચીજ પાછી આપવી પડે છે. *(અહયાઉલ ઉલૂમ–૩/૧૮૬)* આ વિષયમાં એક શાયરે આ પ્રમાણે વિચાર પ્રદર્શિત કર્યો છે કે : **(અર્થ)** :– (૧) આ માલ તથા ઔલાદ ઉછીની ચીજો છે તેને એક દિવસે યકીનન ! પાછી આપવી પડે છે.

હઝરત રાબિઅહ رضی اللہ عنہا અને તેમના સાથીઓ ભેગા થયા અને દુનિયાની બુરાઈનો વિષય છેડાઈ ગયો. આપે કહ્યું કે ચૂપ થઈ જાવ અને દુનિયાની ચર્ચા ન કરો. કદાચ તમારા દિલોના કોઈક ખૂણામાં દુનિયા જરૂર મૌજૂદ છે કેમ કે જે શખ્સને જેનાથી મહોબ્બત થઈ જાય છે તે મોટાભાગે તેની ચર્ચા કરે છે.

હઝરત ઈબ્રાહીમ ઈબ્ને અદહમ رحمۃ اللہ علیہથી દુનિયાના વિશે સવાલ કરવામાં આવ્યો તો તેમણે ફરમાવ્યું : **(અર્થ)** :–

(૧) અમે દુનિયાના માટે દીનને ટુકડા ટુકડા કરી દીધો પણ ન દુનિયા મળી ન દીન બાકી રહ્યો.

(૨) તે બંદો ખુશનસીબ હોય છે જેણે અલ્લાહની તરફ તવજ્જોહ (ધ્યાન) કરીને બેહતર આખેરતની ઉમ્મીદમાં દુનિયાને ખર્ચી કાઢી.

**એક અન્ય શાયરે કહ્યું છે, (અર્થ) :-**

(૧) દુનિયાના તલબગારની ઉમર ભલે લાંબી હોય અને તેને દરેક પ્રકારના એશઆરામ ઉપલબ્ધ હોય.

(૨) પણ હું તેને તે શખ્સ જેવો સમજું છું જેણે એક ઈમારત બનાવી અને તે ઈમારત સંપૂર્ણ થતાં જ જમીનદોસ્ત થઈ ગઈ.

**એક અન્ય શાયર કહે છે, (અર્થ) :-**

(૧) આ દુનિયા છેવટે કોઈ અન્ય તરફ ફેરવાઈ જશે માટે તેને રાહે ખુદામાં ખર્ચ કરી આપ તો તને બખ્શિશ સાથે મેળાપ કરાવી દેશે.

(૨) તારી દુનિયા છાંયડાની જેમ છે કે કેટલોક સમય તારા ઉપર છાંયડો કરતી રહેશે અને પછી ઢળી જશે.

હઝરત લુકમાને પોતાના પુત્રને કહ્યું કે હે બેટા ! દુનિયાને આખેરતના માટે વેચી દે તો બંને તરફથી લાભ મેળવીશ અને આખેરતને દુનિયાના કાજે ન વેચ નહીં તો બંનેવ તરફથી નુકસાનમાં રહીશ.

જનાબ મુતરફ رحمۃ اللہ علیہનો કૌલ છે કે, બાદશાહોના એશ આરામ તથા નરમ નાઝુક પહેરવેશોને ન જુઓ બલ્કે એ જુઓ કે તેઓ દુનિયાથી કેટલા જલ્દી જઈ રહ્યા છે અને કેટલું બુરૂ ઠેકાણુ તેઓને મળશે.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماનો કૌલ છે કે અલ્લાહ તઆલાએ દુનિયાના ત્રણ ભાગો કર્યો છે. એક ભાગ મોમિનના માટે, બીજો મુનાફિકના માટે અને ત્રીજો ભાગ કાફિરના માટે છે. મોમિન તેને સફરનો સામાન બનાવે છે, મુનાફિક તેના વડે શણગાર સજાવે અને કાફિર તેના વડે લાભો મેળવે છે. *(અહયાઉલ ઉલૂમ, ૩/૧૮૬)*

કેટલાક સાલેહીનનો કૌલ છે કે **દુનિયા મુરદાર છે, જે તેને પ્રાપ્ત કરવા ચાહે છે તે કૂતરાઓની જિંદગી વિતાવવા માટે તૈયાર છે.** એટલા માટે કહ્યું છે, **(અર્થ) :-**

(૧) હે દુનિયાને પોતાની તરફ બોલાવનાર ! તું તેને ન બોલાવ તો સલામત રહીશ.

(૨) જે ધોકાબાઝને તમે પોતાની પાસે બોલાવી રહ્યા છો તે ભયાનક અને ગુનાહોથી લથપથ ચીજ છે.

હઝરત અબૂદરદા رضی اللہ عنہનો કૌલ છે કે અલ્લાહ તઆલાએ ત્યાં દુનિયાની બેઈઝઝતી એટલા માટે છે કે દરેક ગુનાહ તેનામાં ઉછેર પામે છે અને તેનાથી દૂરી અપનાવ્યા વગર અલ્લાહ તઆલાની નેઅમતોને નથી પામી શકાતી. *(હિલ્યતુલ અવલિયા–૮/૩૮૦)*

એટલા માટે કહ્યું છે, **(અર્થ)** **:–** જયારે બુદ્ધિવાને દુનિયા તપાસી તો તેને દોસ્તના પોશાકમાં એક દુશ્મન દેખાયો.

**એ જ વિષયમાં કેટલાક શેઅરો આ પણ છે, (અર્થ) :–**

(૧) હે રાતના અગ્રભાગમાં ખુશી ખુશી સૂવાવાળા ! જમાનાની મુસીબતો રાતના આખરી ભાગમાં પણ નાઝિલ થાય છે.

(૨) દિવસ રાતના ચક્રે તે સદીઓને પણ ફના કરી દીધી જે ખુશહાલીમાં અજોડ હતી.

(૩) સમયના ચક્રે એવા કેટલાક દેશોને વેરાન કરી દીધા છે જે જમાનામાં સુખ દુઃખ દેવાવાળા હતા.

(૪) હે નાશવંત દુનિયાને ગળે લગાડનારા ! તું સવાર સાંજ સફરમાં છે. (પછી ગળે લગાડવાથી શો ફાયદો ?)

(૫) તેં દુનિયા સાથે સંબંધ કેમ પૂરો નથી કર્યો કે જેથી જન્નતુલ ફિરદૌસમાં હૂરોની સાથે ગળે મળી શકે.

(૬) જો તું જન્નતમાં વસવાટ માટેનો ઈચ્છુક છે તો તારે જહન્નમની આગથી નીડર થઈ જવું ન જોઈએ.

હઝરત અબૂ અમામા બાહેલી رضی اللہ عنہથી મરવી છે કે જયારે હુઝૂર صلی اللہ علیہ وسلمને મબ્ઊષ ફરમાવવામાં આવ્યા તો શયતાન પોતાના લશ્કરની પાસે આવ્યો. તેઓએ શયતાનને કહ્યું કે એક નબી મબ્ઊષ થયા છે. (મોકલવામાં આવ્યા છે) અને તેની સાથે તેની ઉમ્મત પણ છે. શયતાને પૂછયું કે શું તે લોકો દુનિયાને પસંદ કરે છે ? તેઓએ કહ્યું કે, હા ! શયતાને કહ્યું કે તો પછી કોઈ પરવા નથી ! જો તેઓ મૂર્તિઓને નથી પૂજતા તો ન પૂજે પણ

આપણે તેઓને ત્રણ વાતોમાં ફસાવીશું : અન્યની ચીજ લઈ લેવી, નાપસંદ જગાઓ પર ખર્ચ કરવો અને લોકોના હકકો અદા ન કરવા. આ ત્રણ ચીજો તમામ બુરાઓની જડ છે. *(અહયાઉલ ઉલૂમ–૩/૧૮૬)*

એક માણસે હઝરત અલી رضي الله عنهને દુનિયા વિશે પૂછયું તો આપે ફરમાવ્યું કે હું તે ઘરની શું વ્યાખ્યા આપું જેનો તંદુરસ્ત અસલમાં બીમાર છે, જેનો નીડર (બેખૌફ) રહેનાર પરેશાન, જેનો મુફલિસ ગમગીન, જેનો માલદાર મુસીબતોમાં સપડાયેલો હોય અને જેના હલાલ પર હિસાબ થાય અને હરામ પર અઝાબ થાય અને શંકાવાળી ચીજ માટે બુરાઈ થાય. આ જ વાત આપને બીજીવાર પૂછવામાં આવી તો આપે ફરમાવ્યું કે વિસ્તારપૂર્વક જણાવું કે ટૂંકમાં જણાવી દઉ ? અર્ઝ કરવામાં આવી કે, ટૂંકમાં જણાવો તો આપે ફરમાવ્યું કે, **તેના હલાલ માલનો હિસાબ છે અને હરામ પર અઝાબ છે.**

હઝરત માલિક ઈબ્ને દીનાર رضي الله عنهનો કૌલ છે કે જબરદસ્ત જાદૂગરથી બચો જે ઉલમાના દિલો ઉપર પણ જાદૂ ચલાવી લે છે અને ફર્માવવામાં આવ્યું તે જાદૂગર દુનિયા છે.

## ★ દુનિયા કઈ હાલતમાં મુકાબલો કરે છે ★

હઝરત અબૂ સુલૈમાન દારાની رحمة الله عليهનો કૌલ છે કે જયારે દિલમાં આખેરતનો ખ્યાલ વસેલો હોય તો દુનિયા તેનો મુકાબલો કરે છે અને જયારે દિલમાં દુનિયાનો ખયાલ જામેલો હોય તો આખેરત કોઈ મુકાબલો નથી કરતી. એટલા માટે કે આખેરતના ખયાલો બુઝુર્ગીવાળા છે અને દુનિયવી વસવસાઓ અત્યંત મૂર્ખતા ભરેલા છે અને આ ખૂબ જ મોટી વાત છે. અમારી દષ્ટિમાં એના અનુસંધાનમાં જનાબ સૈયાર ઈબ્નુલ હકમ رحمة الله عليهની વાત વધુ શાણપણ ભરેલી છે. તેમણે કહ્યું છે કે, દુનિયા અને આખેરત બંનેવ ભેગાં થાય છે અને તેમાંથી જે સવાર થઈ જાય તેને તાબે તે તાબે થનાર રહે છે.

## ★ દુનિયાનો ગમ વધે છે તો આખેરતનો ગામ ઓછો થાય છે ★

હઝરત માલિક ઈબ્ને દીનાર رحمة الله عليهનો ઈરશાદ છે કે તમે જેટલા

પ્રમાણમાં દુનિયાના માટે ગમગીન થાવ છો એટલા પ્રમાણમાં આખેરતનો ગમ ઓછો થઈ જાય છે અને જેટલા પ્રમાણમાં આખેરતની ચિંતા કરો છો તેટલા પ્રમાણમાં દુનિયાની ચિંતા જતી રહે છે. આપનો આ કૌલ હઝરત અલી رضی اللہ عنہના ઈરશાદ પરથી છે કે, દુનિયા અને આખેરત બંને સૌતનો છે કે એકને જેટલી રાજી કરશો તો બીજી તેટલી જ નારાજ થશે.

હઝરત હસન رضی اللہ عنہનો કૌલ છે કે ખુદાની કસમ ! ખુદાએ એવી કૌમો પણ પેદા કરી છે જેઓની સમક્ષ આ દુનિયા માટીની જેમ બેવકાર હતી, તેઓને દુનિયાના આવવા કે જતા રહેવાની કોઈ પરવા ન હતી ચાહે તે આની પાસે હોય કે તેની પાસે હોય.

કોઈકે હઝરત હસન رضی اللہ عنہને એવા શખ્સના વિશે પૂછયું જેને અલ્લાહ તઆલાએ માલ આપ્યો છે અને તે તેમાંથી રાહે ખુદામાં આપે છે અને સગા સ્નેહીઓથી સદવર્તાવ કરે છે, તો શું એવો શખ્સ રોજીની તલાશ કરે જેથી વધુ દુનિયા હાંસલ કરે ? આપે ફરમાવ્યું કે નહીં, જો આખી દુનિયા તેના દામનમાં આવી પડે તો પણ તેના માટે બસ એક દિવસની રોજી હશે.

હઝરત ફુઝૈલ رضی اللہ عنہનો કૌલ છે કે, **જો મને આખી દુનિયા હલાલ કમાણી દ્વારા મળી જાય પણ આખેરતની ભલાઈ તેમાં ન હોય તો હું તેનાથી એ રીતે હાથ સરકાવીને નીકળી જઈશ જેવી રીતે તમે મુરદારથી અલિપ્ત રહીને નીકળી જાવ છો.**

જ્યારે હઝરત ઉમર رضی اللہ عنہ શામ પ્રદેશમાં દાખલ થયા તો હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہ એક ઊંટણી પર આપના સ્વાગત માટે હાજર થયા જેની લગામ રસ્સીની હતી. સલામ તથા દુઆ બાદ હઝરત ઉમર رضی اللہ عنہ તેમના તંબૂમાં તશરીફ લાવ્યા તો ત્યાં ઊંટનું પાલાન, તલવાર અને ઢાલના સિવાય કાંઈ ન હતું. હઝરત ઉમર رضی اللہ عنہએ પૂછયું કે કોઈ અન્ય સામાન પણ છે ? તેમણે અર્ઝ કરી કે શું આપણા આરામ માટે આટલી ચીજો પૂરતી નથી ?

હઝરત હસન رضی اللہ عنہનો કૌલ છે કે શરીરના માટે દુનિયવી ખોરાક હાંસલ કરો અને દિલને માટે આખેરતનો ખોરાક તલાશ કરો.

જનાબ વહબ رضی اللہ عنہનો કૌલ છે કે મેં એક કિતાબમાં વાંચ્યું છે કે, દુનિયા બુદ્ધિશાળીઓના માટે માલે ગનીમત અને જાહિલોના માટે ગફલતનો સામાન છે. તેઓએ તેની હકીકત ન જાણી, ત્યાં સુધી કે દુનિયાથી વિદાય થઈ ગયા. જયારે ત્યાં તેઓ સમક્ષ તેની હકીકત ઉઘડી તો તેઓએ પાછા (દુનિયામાં) આવવાનો સવાલ કર્યો જે નામંઝૂર થયો.

હઝરત લુકમાને પોતાના પુત્રને કહ્યું કે, હે બેટા ! જો તેં દુનિયા પ્રત્યે બેધ્યાનપણુ વર્ત્યું અને આખેરતની તરફ ધ્યાનિત રહ્યો તો એવા ઘરની નજીક પહોંચી ગયો જે આ ઘરથી અનેકગણુ બેહતર છે.

હઝરત સઈદ ઈબ્ને મસઊદ رحمۃ اللہ علیہનો કૌલ છે કે જયારે તમે કોઈ એવા શખ્સને જુઓ જેની દુનિયા વિકસી રહી છે અને આખેરત ઘટી રહી છે, તેમ છતાં તે આ વાત પર રાજી હોય તો સમજી લો કે તે શખ્સ છેતરાઈ ગયેલો છે કે તેનો ચહેરો વિકૃત કરાઈ રહ્યો છે અને તેને મહસૂસ નથી થતું.

હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہએ મિમ્બર પર ઉભા થઈને ફરમાવ્યું કે ખુદાની કસમ ! મેં તમારા જેવી કૌમ નથી જોઈ કે જે ચીજથી હુઝૂર صلی اللہ علیہ وسلم અલિપ્ત રહ્યા, તમે તેમાં મગ્ન છો ! ખુદાની કસમ ! નબી કરીમ صلی اللہ علیہ وسلم પર એવા ત્રણ દિવસો કદી નથી પસાર થયા કે તેમના ઉપર તેમના માલથી અધિક કરજ ન હોય. *(અલ્મુસ્તદરક–૪/૩૦૦)*

હઝરત હસન رضی اللہ عنہએ આ આયત **فَلَا تَغُرَّنَّكُمُ الْحَيٰوةُ الدُّنْيَا** "તો દુનિયાનું જીવન તમને જરા પણ ધોકો આપે નહીં." *(પારા–૨૧, સૂ. લુકમાન, આયત–૩૩)* પઢીને ફરમાવ્યું કે, જાણો છો આ કોનું ફરમાન છે ? આ ખાલિકે દુનિયા (દુનિયાના સર્જનહાર) રબ તઆલાનું ફરમાન છે ! પોતાને દુનિયાની વ્યસ્તતાથી બચાવો, દુનિયામાં ઘણાયે ધંધા છે, જો માણસ દુનિયાના કોઈ ધંધાનો દરવાજો ખોલી દે છે તો તેના માટે દુનિયાના દસ બીજા દરવાજા ખુલી જાય છે.

વધુમાં ફરમાવ્યું કે ઈન્સાન કેટલો મિસ્કીન (કંગાળ) છે કે એક એવા ઘર પર રાજી થઈ ગયો છે જેના હલાલનો હિસાબ થશે અને હરામ પર અઝાબ ! જો તે હલાલ ધંધા વડે રોજી હાંસલ કરો છે તો કિયામતના દિવસે તેની પાસેથી તેનો હિસાબ લેવામાં આવશે અને જો હરામ માલ ખાય છે

તો અઝાબમાં સંડોવાશે. ઈન્સાન માલને ઓછો ગણે છે પણ અફસોસ કે અમલને ઓછો નથી સમજતો, દીની મુસીબત પર ખુશ થાય છે અને દુનિયવી મુસીબત પર ફરિયાદ કકળાટ કરે છે.

જનાબ હસન બસરી رضی اللہ عنہએ હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہને એક પત્ર લખ્યો. જેમાં સલામ બાદ લખ્યું કે તમે આખરી ઈન્સાન છો જેમણે મૌતનો પ્યાલો પીધો ! આપે જવાબમાં સલામ બાદ લખ્યું કે જાણે તમે દુનિયામાં કદી નથી રહ્યા અને હમેશાં આખેરતમાં રહ્યા છો. (એટલે કે મારી જેમ દુનિયામાં તમે પણ રહો છો અને મૌતનો પ્યાલો તમારે પણ પીવાનો છે.)

હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ رضی اللہ عنہનો કૌલ છે કે દુનિયામાં આવવું સરળ છે પણ તેમાંથી નીકળવું સખ્ત મુશ્કેલ છે.

કેટલાક સૂફીઓનો કૌલ છે કે તે શખ્સ માટે અત્યંત આશ્ચર્ય છે કે જે મૌતને હક સમજવા છતાં ખુશ છે, જહન્નમને યકીની સમજવા છતાં હસે છે, દુનિયાની હલાકતોને જોવા છતાં સંતુષ્ટ (નચિંત) છે, ખુદાની તકદીરને યકીની જાણવા છતાં પણ ગમગીન છે.

હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہની પાસે નજરાનનો એક શખ્સ આવ્યો જેની ઉમર સો વરસની હતી. આપે પૂછયું કે તેં દુનિયાને કેવી અનુભવી ? કહેવા લાગ્યો બુરી પણ છે અને ભલી પણ છે. દિવસના બદલે દિવસ અને રાતના બદલે રાત તેની બુરાઈ અને ભલાઈ બરાબર રહે છે. બાળક પેદા થાય છે અને તેને હલાક કરનારો હલાક કરી દે છે. જો નવી મખ્લૂક પેદા ન થતી રહેત તો મખ્લૂક ખૂબ જ પૂરાણી અને વેરાન જેવી થઈ જાત અને જો હલાક કરનારો ન હોત તો આ દુનિયા મખ્લૂકથી ભરાઈ જાત અને પોતાની તમામતર વિશાળતા હોવા છતાં તંગ થઈ જાત. આપે ફરમાવ્યું કે કાંઈ માંગવું હોય તો માંગો. તેણે જવાબ આપ્યો કે, મારી વહી ગયેલી વય પાછી વાળી દો અથવા નિશ્ચિત મૌતને ટાળી આપો. આપે ફરમાવ્યું કે આ ચીજો તો મારા ઈખ્તિયારના ક્ષેત્રમાં નથી. તે શખ્સે જવાબ આપ્યો કે તો પછી આપની પાસેથી મારે કાંઈ માંગવું નથી.

હઝરત દાઊદ તાઈ رحمۃ اللہ علیہનો કૌલ છે કે હે ઈન્સાન ! તું ઉમ્મીદો

પામીને ખુશ થઈ રહ્યો છે જો કે તારું મૌત નજીક આવી ગયું છે અને તેં નેક અમલમાં ઢીલ કરી છે જાણે કે એ તારા નહીં કોઈ અન્યના કામ આવત.

હઝરત બિશ્ર رحمۃ اللہ علیہનો કૌલ છે કે જે શખ્સ અલ્લાહથી દુનિયા માગે છે તે જાણે કે અલ્લાહની બારગાહમાં ખૂબ જ વાર સુધી હિસાબના માટે રોકાવાનો સવાલ કરે છે.

હઝરત અબૂ હાઝિમ رحمۃ اللہ علیہનો કૌલ છે કે દુનિયામાં કોઈ પણ ચીજ એવી નથી જે તને ખુશ કરે પણ અલ્લાહ તઆલાએ તેમાં એક એવી સિફત (ગુણ) પણ રાખી દીધી છે જે તને બુરી લાગશે.

હઝરત હસન رضی اللہ عنہથી મરવી છે કે દરેક માણસ દિલમાં ત્રણ પસ્તાવા લઈને મરે છે. એક એ કે તે પોતાના જમા કરેલા માલ વડે તૃપ્ત થાય પણ ન થયો. બીજુ એ કે પોતાની ઉમ્મીદોને પરિપૂર્ણતા સુધી પહોંચાડે પણ ન પહોંચાડી શકયો અને ત્રીજુ એ કે તે આખેરતના માટે નેક અમલ મોકલે પણ ન મોકલી શકયો.

એક મોમિન બંદાએ કોઈને કહ્યું કે મેં તવંગરીને પામી લીધી. તેણે કહ્યું કે જેણે પોતાને દુનિયાની ગુલામીથી આઝાદ કરી લીધો તેણે હકીકતમાં માલદારી મેળવી. (એટલે કે માલદારી પામવાનો દાવો તે જ કરી શકે છે.)

હઝરત અબૂ સુલૈમાન رحمۃ اللہ علیہનો કૌલ છે કે દુનિયાની ઈચ્છાઓથી તે જ અટકે છે જેના દિલમાં આખેરતની ચિંતા હોય.

હઝરત માલિક ઈબ્ને દીનાર رحمۃ اللہ علیہનું ફરમાન છે કે આપણે દુનિયાની મહોબ્બતમાં એક બીજા સાથે સમાધાન કરી લીધું છે. આપણામાંથી કોઈ કોઈને ન હુકમ આપે છે ન મના કરે છે. જો કે અલ્લાહ તઆલાએ આપણને એ ચીજનો હુકમ નથી આપ્યો. શું ખબર આપણે કયા પ્રકારના અઝાબમાં સપડાઈશું ?!

હઝરત અબૂ હાઝિમ رحمۃ اللہ علیہનો કૌલ છે કે દુનિયાની જરા સરખી મહોબ્બત પણ આખેરતથી ઘણે અંશે બેધ્યાનપણુ પેદા કરી દે છે.

હઝરત હસન رحمۃ اللہ علیہ ફરમાવ્યા કરતા હતા કે દુનિયાની બેકદરી (ઉપેક્ષા) કરો તો પોતાની બેકદરી કરવાવાળા પર ખૂબ જ આસન છે.

વધુમાં ફરમાવ્યું કે જયારે અલ્લાહ તઆલા કોઈ બંદાની ભલાઈનો ઈરાદો ફરમાવે છે તો તેને દુનિયાની નેઅમતો આપે છે. જયારે તે ખત્મ થઈ જાય છે તો તેને દુનિયાની નેઅમતો આપે છે. જયારે તે ખત્મ થઈ જાય છે તો વધુ આપે છે અને જયારે બંદો દુનિયાને હકીર સમજવા લાગે છે ત્યારે અલ્લાહ તઆલા તેને અંદાજ વગરનો (પુષ્કળ) માલ તથા દૌલત આપે છે.

એક સાલેહ પોતાની દુઆમાં કહ્યા કરતા હતા, હે આસમાનોને જમીન પર પડવાથી રોકવાવાળા ! મને દુનિયાથી રોકી લે. (મને દુનિયા ન આપ.)

જનાબ મુહમ્મદ ઈબ્નુલ મુન્કદિરનો કૌલ છે કે કિયામતના દિવસે એવા શખ્સો પણ હશે જેઓએ જિંદગીના દિવસો રોઝાઓમાં અને રાતો ઈબાદતોમાં ગુઝારી હશે, રાહે ખુદામાં માલ તથા દૌલત ખર્ચ કર્યો હશે, રાહે ખુદામાં જેહાદ કર્યા હશે અને મુન્કિરાત (મના કરેલ ચીજો)થી દૂર રહ્યા હશે. પણ તેઓના વિશે કહેવામાં આવશે કે આ તે લોકો છે જેમણે રબની હકીર કરેલી ચીજને ખૂબ જ મોટી સમજી હતી અને રબનીઅઝમતવાળી ચીજોને તેમણે હકીર સમજી હતી ! જરા વિચારો તો ખરા કે આપણામાં એવા કેટલા છે જે આ મુસીબતમાં સપડાએલા નથી, તે ઉપરાંત ગુનાહોના ભારે પહાડનો ભાર પણ આપણી ગરદનો પર મૌજૂદ છે.

હઝરત અબૂ હાઝિમ رحمۃ اللہ علیہનો કૌલ છે કે દુનિયા અને આખેરત બંનેવની પ્રાપ્તિમાં મુશ્કેલીઓ છે. તફાવત એ છે કે આખેરતની પ્રાપ્તિમાં આપ કોઈને મદદગાર પામશો નહીં, પણ દુનિયાની પ્રાપ્તિમાં જયારે પણ કોઈ ચીજની તરફ હાથ લંબાવશો તો અન્ય બદબખ્તને પોતાનાથી પહેલાં મૌજૂદ જોશે.

હઝરત અબૂહુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે અલ્લાહ તઆલાએ જયારથી દુનિયાને પેદા કરી છે ત્યારથી તે જમીન તથા આસમાનની વચ્ચે જૂના મશકની જેમ લટકી રહી છે અને તે જ પ્રમાણે કિયામત સુધી લટકેલી રહેશે. જયારે તે અલ્લાહ તઆલાથી સવાલ કરે છે કે હે અલ્લાહ ! તેં મને શા માટે નાપસંદ ફરમાવી છે ? તો રબ્બે કરીમ ફરમાવે છે કે હે નાચીઝ ! ચૂપ રહે !

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رحمۃ اللہ علیہનો કૌલ છે કે જયારે દુનિયાની મહોબ્બત અને ગુનાહોએ દિલને પોતાનો શિકાર બનાવી લીધો છે તો હવે તેમાં ભલાઈ કઈ રીતે પહોંચી શકે છે ?

હઝરત વહબ ઈબ્ને મુનબ્બિહ رحمۃ اللہ علیہનો કૌલ છે કે જે શખ્સનું દિલ કોઈ દુન્યવી ચીજ વડે ખુશ થઈ ગયું તે શાણપણથી હટી ગયો અને જેણે દુન્યવી ઈચ્છાઓને પોતાના પગો તળે કચડી નાખી તો શયતાન તેના પડછાયાથી પણ નાસે છે અને જેનો ઈલ્મ ઈચ્છાઓ પર સવાર થઈ ગયો તો હકીકતમાં તે જ સરસાઈ પામનારો છે.

## ★ દુનિયાથી મહોબ્બત રાખનારાને આખેરત ફાયદો નથી આપતી ★

હઝરત બિશ્ર رحمۃ اللہ علیہને કહેવામાં આવ્યું કે ફલાણો માણસ મરી ગયો છે. આપે ફરમાવ્યું કે તેણે દુનિયાને જમા કરી અને આખેરતને વેડફી દીધી. આપને કહેવાયું કે તે તો આવી આવી નેકીઓ કર્યા કરતો હતો. આપે ફરમાવ્યું કે જેના દિલમાં દુનિયાની મહોબ્બત હોય તેને નેકી ફાયદો નથી પહોંચાડતી.

એક સાલેહનો કૌલ છે કે દુનિયા આપણાથી નફરત કરે છે પણ આપણે તેની પાછળ દોડીએ છીએ. જો તે પણ આપણાથી મહોબ્બત કરતી હોય તો ખુદા જાણે આપણુ શું થાત !

## ★ દુનિયાનો ત્યાગ અને તલબ ★

એક ડાહ્યા પુરુષને પૂછવામાં આવ્યું કે દુનિયા કોની છે ? કહ્યું કે જેણે તેને છોડી દીધી. પૂછવામાં આવ્યું કે આખેરત કોની છે ? કહ્યું કે જેણે તેને તલબ કરી. એક અન્ય ડાહ્યા પુરુષનું કથન છે કે દુનિયા એક વેરાન ઘર છે અને તે દિલ દુનિયા કરતાં પણ વેરાન છે જે તેની શોધમાં પરેશાન છે. જન્નત એક આબાદ ઘર છે. તે ઘર જન્નતથી પણ વધુ આબાદ છે જે તેની શોધમાં પરેશાન છે. જન્નત એક આબાદ ઘર છે અને તે દિલ જન્નતથી પણ વધુ આબાદ છે જે તેને તલબ કરે.

## ★ ઈમામ શાફઈ رحمۃ اللہ علیہની પોતાના ભાઈને નસીહતો ★

હઝરત જુનૈદ رحمۃ اللہ علیہ ફરમાવે છે કે ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ દુનિયામાં હકગો (સત્ય કહેનારા) ઈન્સાનોમાંથી છે. તેમણે પોતાના ભાઈને ખૌફે ખુદાની નસીહત કરી અને ફરમાવ્યું કે હે ભાઈ ! આ દુનિયા લગઝિશની (ભૂલની) જગા અને બેઈઝઝત કરનાર ઘર છે. તેની આબાદી વેરાનીની તરફ અને તેમાં રહેનારા કબરોની તરફ જઈ રહ્યા છે. તેની થોડીક ચીજ પણ જુદી થનારી છે. તેની માલદારી મુફલિસીની તરફ દોડી રહી છે અને તેની અધિકતા અલ્પતાની તરફ છે અને તેની મુફલિસીમાં માલદારી છે, અલ્લાહની તરફ ધ્યાનિત થા, તેના અતા કરેલ રિઝક પર રાજી થઈ જા, જન્નતને દુનિયામાં ગીરો ન રાખ કેમ કે તારી જિંદગી ઢળી રહેલો પડછાયો અને પડી રહેલી દીવાલ છે, જેથી અમલ વધુ કર અને ઉમ્મીદો ઓછી કરી દે.

હઝરત ઈબ્રાહીમ ઈબ્ને અદહમ رحمۃ اللہ علیہએ એક શખ્સને કહ્યું કે તું નિદ્રાવસ્થાના એક દિરહમને કે જાગૃતાવસ્થાના એક દીનારને સારો સમજે છે ? તેણે કહ્યું કે જાગૃતાવસ્થાના એક દીનારને સારો સમજુ છું. આપે ફરમાવ્યું કે તું જૂઠુ કહે છે કેમ કે દુનિયા સાથે તારી મહોબ્બત નિદ્રાવસ્થામાં પણ મહોબ્બત છે અને આખેરતની સાથે મહોબ્બત જાગૃતાવસ્થાની મહોબ્બત છે. જનાબ ઈસ્માઈલ ઈબ્ને અયાશ رحمۃ اللہ علیہનો કૌલ છે કે અમારા દોસ્તો દુનિયાને સુવ્વરનું નામ આપ્યા કરતા હતા અને કહેતા હતા કે, અમારાથી દૂર રહે ! જો તેઓએ દુનિયાના માટે તેનાથી ખરાબ નામ મેળવ્યું હોત તો જરૂર તેઓ તેનું નામ તે જ રાખત.

હઝરત કઅબ رحمۃ اللہ علیہનો કૌલ છે કે તમે દુનિયાને એટલી મહોબ્બત કરી છે કે તેને પૂજવા લાગ્યા છો.

હઝરત યહ્યા ઈબ્ને મઆઝ અર્રાઝી رحمۃ اللہ علیہનો કૌલ છે કે ડાહ્યા પુરુષો ત્રણ છે : (૧) જેણે દુનિયાને છોડતાં અગાઉ તેને ત્યજી દીધી. (૨) કબરમાં જતાં પહેલાં તેને બનાવી લીધી અને (૩) બારગાહે ખુદાવંદીમાં હાજર થતાં પહેલાં તેને રાજી કરી લીધો.

વધુમાં ફરમાવ્યું કે દુનિયાની તમન્ના જ માણસને અલ્લાહની

ઈબાદતથી રોકી દે છે. જો ઈન્સાન પૂરેપૂરો દુનિયાનો જ થઈ જાય તો ? (તો શુ હાલ થશે ?)

હઝરત બક્ર ઈબ્ને અબ્દુલ્લાહ رحمۃ اللہ علیہનો કૌલ છે કે જે શખ્સ દુનિયાની સાથમાં દુનિયાથી બેપરવાઈ વર્તવા ઈચ્છે છે તે આગને ભુસાથી ઓલવે છે. (તેનાથી તો આગ વધુ ભડકશે.)

જનાબ બન્દાર رحمۃ اللہ علیہનો કૌલ છે કે જયારે તું દુનિયાથી દૂરી કરનારા દુનિયાદારોને જુએ તો સમજી લેજે કે તેઓ શયતાનના ચેલા છે. વધુમાં ફરમાવ્યું કે જે દુનિયાની તરફ ધ્યાનિત થયો તેના ભડકા (લાલચ)એ તેને રાખ કરી દીધો. જે આખેરતની તરફ ધ્યાનિત થયો તો તેના ભડકાઓએ તેને કુન્દન (શુધ્ધ સોનુ)નો એક ટુકડો બનાવી દીધો અને જે રબ તઆલાથી તરફ વળ્યો તો તેની વહદતની આગે તેને અનુપમ હીરો બનાવી દીધો.

હઝરત અલી رحمۃ اللہ علیہનો ઈરશાદ છે કે દુનિયાની છ ચીજો છે : ખાવાની, પીવાની, પહેરવાની, સવાર થવાની, શાદી કરવાની અને સુંઘવાની. સૌથી બેહતર ખાવાની ચીજ મધ છે અને તે માખીઓનું થૂંક છે, પીવાની સૌથી ઉમદા ચીજ પાણી છે અને તેમાં સૌ સારા નરસાં સામેલ છે, પહેરવાની સૌથી ઉમદા ચીજ રેશમ છે અને તે કીડાનું વણેલું છે, સૌથી બેહતર સવારી ઘોડાની છે અને તેના પર ઈન્સાનને કત્લ કરવામાં આવે છે, શાદીના માટે ઔરત ઉમદા ચીજ છે પણ તે સંભોગ વ્યવસ્થાના સિવાય કાંઈ નથી, ઔરતની સૌથી ઉમદા ચીજ (ચહેરા)ને સજાવેલો અને સૌથી બુરી ચીજ (ગુપ્તાંગ)ને ચાહવામાં આવે છે. સુંઘવાની ચીજોમાં મુશ્ક (કસ્તૂરી) સૌથી ઉમદા છે અને તે લોહી હોય છે. બસ, સમજી લો કે દુનિયા શું છે ??

(પ્રકરણ : ૩૨)

# દુનિયાની બુરાઈ

કેટલાક દુનિયાનો ત્યાગ કરવાવાળાઓનું કહેવું છે કે નેક અમલ કરવામાં આગળ પડતા રહો, અલ્લાહ તઆલાથી ડરતા રહો, જૂઠી ઉમ્મીદોમાં ન પડો, મૌતને ન ભૂલો અને દુનિયા પ્રત્યે આકર્ષણ ન રાખો કેમ કે તે ફરેબી (ધોખાબાઝ) અને મકકાર છે જેણે ધોકો દઈને રાહે ખુદાથી દૂર કરી દીધા, તેની જૂઠી ઉમ્મીદોએ તમને આજમાઈશમાં ફેંકી દીધા અને તે તમારી સમક્ષ ખૂબ જ હસીન રૂપમાં (બહુરૂપી બનીને) બેપર્દા દુલ્હન બનીને આવે છે. આંખો તેને જુએ છે, દિલ તેના પર ફિદા છે અને રૂહો તેની આશિક છે. પણ તેણે કેટલાક આશિકોને કત્લ કરી દીધા અને તેના પરવાનાઓને ઝિલ્લત તથા રૂસ્વાઈની ગર્તામાં ધકેલી દીધા છે. તમે તેને હકીકતની દષ્ટિવાળી નિગાહથી જુઓ તો જણાશે કે એ મુસીબતોનું ઘર છે. તેના સર્જનહારે પણ તેની બુરાઈ કરી છે. તેનું દરેક નવુ પૂરાણુ થઈ જાય છે, તેની સલ્તનત ખત્મ થઈ જાય છે, તેનો ઈઝઝતદાર ઝલીલ થઈ જાય છે, તેની વિપુલતા અલ્પતામાં ફેરવાઈ જાય છે, તેની મહોબ્બત ફના થઈ જાય છે, તેની ભલાઈ જતી રહે છે. અલ્લાહ તમારા પર રહમત કરે, ગફલતથી જાગો, તેની મીઠી નિદ્રાથી જાગૃત થઈ જાવ તે પહેલાં કે કહેવામાં આવે કે ફલાણો બીમાર છે અથવા તેની જાન પર આવી ચૂકી છે, કોઈ એવી દવા કે એવો તબીબ છે જે તેને તંદુરસ્તી આપે ? પછી તબીબ બોલાવવામાં આવે પછી તે તારી જિંદગીના વિશે નિરાશા પ્રદર્શિત કરે. પછી કહેવામાં આવે કે ફલાણાએ પોતાની દૌલતનો હિસાબ લગાવીને વસિયત કરી દીધી છે. પછી કહેવામાં આવે કે તેની ઝબાન બંધ થઈ ગઈ છે અને તે પોતાના સગા સ્નેહીઓ સાથે વાત નથી કરી શકતો અને પાડોશીઓને નથી ઓળખી શકતો. તે સમયે તારા કપાળે પરસેવાનાં ટીપાંઓ ઉભરાઈ આવે અને તારી આહ ફરિયાદ સંભળાવા લાગે, મૌત પર તારૂ યકીન બેસી જાય, તારી આંખ તાકીતાકીને જોવા લાગે (થીજી જાય), તારા સંદેશાઓ સાચા પુરવાર થાય, તારી જીભ ગુંગી થઈ જાય, તારા અઝીઝો રડવા લાગે

અને તને કહેવામાં આવે કે આ તારો ફલાણો પુત્ર છે છતાં તું તેની સાથે વાતચીત ન કરી શકે. તારી જીભ પર મોહર (સીલ) લાગી જાય, તું તેને હલાવી ન શકે પછી તારા પર મૌત છવાઈ જાય. તારા તમામ અંગોએથી રૂહ કાઢવામાં આવે અને તેને આસમાનની તરફ લઈ જવામાં આવે. તે સમયે તારા ભાઈઓ તારી પાસે ભેગા થઈ જાય. તારા માટે કફન લાવવામાં આવે. પછી તને નવડાવીને કફન પહેરાવવામાં આવે. તારી તમામ ઉમ્મીદો વિભિન્ન થઈ જાય અને તારા દુશમનો ચૈનનો શ્વાસ લે. તારા ઘરવાળાઓ તારા માલની તરફ ધ્યાનિત થાય અને તું તારા અમલોની સજા પામવા માટે એકલો રહી જાય.

## ★ એક ઝાહિદની એક બાદશાહને નસીહત ★

કોઈ ઝાહિદે (દુનિયા તર્ક કરનારે) એક બાદશાહને કહ્યું કે દુનિયાની બુરાઈ કરવા અને તેને છોડી દેવા માટેનો લોકોમાં સૌથી વધુ મુસ્તહિક (હકદાર) તે શખ્સ છે જે માલદાર છે અને દૌલતના જોર પર પોતાનું કાર્ય અંજામ આપી રહ્યો છે. શકય છે કે તેના માલ પર કોઈ આફત નાઝિલ થઈને તેને મોહતાજ કરવા અથવા કોઈ આફત તેની જમા કરેલી પૂંજી અને તેની વચ્ચે અંતરાય નાખી દે. અથવા કોઈ બાદશાહ તેના માલ તથા દૌલતને પાયમાલ કરતો પસાર થઈ જાય અથવા કોઈ તકલીફ તેના શરીરમાં પ્રવેશી જાય અથવા દુનિયાની કોઈ પ્રાણથી પ્રિય ચીજ તેને દોસ્તોની નજરેથી ઉતારી પાડે અને આ રીતે પણ દુનિયા બુરાઈ કરવાને લાયક છે કે એ જેકાંઈ આપે છે તે પાછુ લઈ લે છે. તે એક જ સમયે બબ્બે માણસોને પ્રેમ કરે છે તે હસનારાઓ પર હસે છે અને રડનારાઓ પર રડે છે. આપતી વખતે પાછુ લેવાની તાકીદ પણ કરી દે છે. આજે માલદારોના માથાઓ પર તાજ રાખે છે અને કાલે તેને માટીમાં છુપાવી દે છે. ભલે જનારો તેના ગમમાં મરી ગયો હોય અને જીવનારો તેની ખાતર જીવતો હોય, તે દરેક જનારાના વારસના ગળે મળી જાય છે અને કોઈ ફેરફારની પરવા નથી કરતી.

## ★ હઝરત હસન બસરી رضی اللہ عنہના ઈરશાદો ★

હઝરત હસન બસરી رضی اللہ عنہએ હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ

رضی اللہ عنہને લખ્યું કે આ દુનિયા કૂચ કરી જવાની જગા છે, રોકાવાની જગા નથી. હઝરત આદમ علیہ السلامને સજાના રૂપે તેના પર ઉતારવામાં આવ્યા હતા એટલા માટે હે અમીરૂલ મોમિનીન ! તેનાથી દૂર રહેશો.

આ દુનિયાનો તોશો (ભાથુ) તેને છોડી દેવી તે છે અને તેની માયા પૂંજી ગરીબી તથા ફાકા (ભૂખ) છે. તે દરેક સમયે પોતાના ચાહનારાઓને કત્લ કરતી રહે છે. ઈઝઝતદારને ઝલીલ અને માલદારને ફકીર બનાવી દે છે. તે ઝહેર છે જેને ઈન્સાન અજાણતામાં ખાઈને મૌત ભેગો થઈ જાય છે. તેમાં ઝખ્મીનો ઈલાજ કરનારા ઝખ્મીની જેમ છે. લાંબા દુઃખથી બચવાના માટે થોડોક સમય સબ્ર કરો અને લાંબી બીમારીથી બચવાના માટે થોડીક ક્ષણો માટે ઈલાજની તકલીફને સહન કર અને તે ફરેબી ધોકાબાઝથી જે ખૂબ બની ઠનીને ઉપસ્થિત થઈ છે અને છેતરપીંડીની જાળ પાથરેલ હાલતમાં છે, જૂઠી ઉમ્મદોની રેલમછેલ સાથે લાવી છે અને એક એવી દુલ્હનના રૂપમાં છે જેને આંખો જોવા ઈચ્છે છે, જેના માટે દિલો દીવાનાં છે અને જાનો તેના પર ફિદા છે અને તે તમામ ચાહનારાઓનો નાશ કરતી ચાલી આવી છે અને  નાશ કરતી ચાલી જશે. શું કોઈ બુધ્ધિશાળી તેના પરથી નસીહત નથી ગ્રહણ કરતો ?

જયારે તેનો કોઈ આશિક તેને મેળવી લે છે તો તે ગુમરાહ થઈ જાય છે અને તેનાથી ભરપૂર આકર્ષણના કારણે પોતાની આખરેતને ભૂલી જાય છે, એટલે સુધી કે તેના કદમો ડગમગી જાય છે અને તે કાયમી અફસોસમાં સપડાય જાય છે. તેના પર મૌતની કઠણાઈઓ અને દુઃખ છવાઈ જાય છે. જેવી ઈચ્છા હતી તે પ્રમાણે ન મેળવી શકવાનો રંજ અને ધ્યેય સુધી ન પહોંચી શકવાનો અફસોસ તેને અધિકતર દુઃખી બનાવી દે છે. તેની રૂહ સખ્ત દુઃખની હાલતમાં કશાય સફરના સામાન વગર નીકળે છે અને તેના કદમ કયાંય નથી ઠરતા. અમીરૂલ મોમિનીન ! તેનાથી બચતા રહેશો કેમ કે દુનિયાદાર જયારે તેની ખુશીમાં ડૂબી જાય છે ત્યારે તે તેને દુઃખમાં ફેંકી દે છે. તેમાં નુકશાન પામવાવાળો ધોકા પામી ચૂકેલ છે અને તેમાં નફો પામનારો ડબલ ધોકો પામેલ છે. કેમ કે તેનો ફેલાવો મુસીબત સુધી જઈને મળે છે. તેનુ અસ્તિત્વ નાશ થવાનું છે. તેની ખુશી દુઃખોમાં લપેટાએલી

છે. જે તેનો થઈ જાય છે તે પાછો નથી ફરતો અને પરિણામથી બેખબર રહે છે. તેની ઉમ્મીદો જૂઠી, તમન્નાઓ બાતિલ, તેનું સાફ મેલવાળુ, તેનો આરામ અલ્પ સમયનો છે, ઈન્સાન જો વિચાર કરે તો તેના ખતરાઓમાં ઘેરાએલો છે. તેની નેઅમતો ખતરાથી ભરપુર અને તેની સજા ભયંકર છે. અલ્લાહ તઆલાએ તેના માટે ચેતવણી આપી છે અને નસીહત ફરમાવી છે. અલ્લાહને ત્યાં તેની કોઈ કદર નથી અને ન અલ્લાહ તઆલાએ તેના પર કદી રહમતની નજર નાખી છે. નબી અકરમ ﷺની સમક્ષ તેના ખજાનાઓ અને તે કૂંચીઓ પેશ કરવામાં આવી પણ આપ ﷺએ કબૂલ કરવાથી ઈન્કાર કરી દીધો કેમ કે અલ્લાહ તઆલાએ ત્યાં તેની હૈષિયત મચ્છરની પાંખથી પણ ઓછી છે. જો આપ ﷺ તેને કબૂલ ફરમાવી લેત તો પણ અલ્લાહ તઆલાના ખજાનાઓમાં કોઈ ફરક ન પડત. જોજો ! કયાંક તેની મહોબ્બતમાં ખુદાના હુકમની વિરૂધ્ધતા ન થાય. તેના પ્રેમમાં અલ્લાહની નારાજગી ન થાય અને તેને તેના માલિકીની ઈચ્છાથી વિરુધ્ધનું સ્થાન મળે. અલ્લાહ તઆલાએ તેને અજમાઈશના રૂપે મોમિનોથી ફેરવી દીધી અને પોતાના દુશ્મનોની આશિકીના લીધે તેઓને દૌલતથી માલામાલ કરી દીધા. જે મૂર્ખ તેને પ્રાપ્ત કરી લે છે તે સમજે છે કે કદાચ અલ્લાહે તેને ઈઝઝત આપી દીધી છે અને એ ભૂલી જાય છે કે અલ્લાહ તઆલાના મહબૂબ નબી ﷺએ પોતાના પેટ મુબારક પર પથ્થર બાંધ્યા હતા.

## ★ દુનિયાની બુરાઈ દર્શાવતી વધુ એક હદીષે કુદસી ★

હદીષે કુદસી છે કે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા علیہ السلامને ફરમાવ્યું કે જયારે તું દૌલતમંદીને પોતાના તરફ આવતી જુએ તો સમજી લે જે કે કોઈ ગુનાહની સજા આવી રહી છે અને જયારે ગરીબી તથા ભૂખમરાને જુએ તો કહે, ખુશ આમદેદ (ભલે પધારો !), કેમ કે એ નેકીઓની નિશાની છે. હે લોકો ! જો ચાહો તો ઈસા علیہ السلامના નકશે કદમ પર ચાલો, જેઓ ફરમાવ્યા કરતા હતા કે ભૂખ મારી ચામડી, ડર મારી ટેવ, ઉન મારો પહેરવેશ, સુરમામાં સૂરજની કિરણો મારી આગ, ચંદ્ર મારો ચિરાગ, બે પગો મારી સવારી અને જમીનની લીલોતરી મારો ખોરાક છે. ન સવારે મારી પાસે કાંઈ હોય છે ન સાંજે મારી પાસે કાંઈ હોય છે પણ

દુનિયામાં મારાથી વધારે ધનિક કોઈ નથી. *(હિલ્યતુલ અવલિયા–૬/૧૬૩)*

હઝરત વહબ ઈબ્ને મુનબ્બિહ رحمة الله عليه કહે છે કે જયારે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા અને હારૂન عليه السلام ને ફિરઔનની તરફ મોકલ્યા તો ફરમાવ્યું કે તેની દુન્યવી શાનોશૌકતથી ભયાવહ ન થશો. તે મારી ઈજાઝત વગર ન બોલી શકે છે, ન શ્વાસ લઈ શકે છે અને ન તો પાંપણોને પલકારો મારી શકે છે. કેમ કે તેની પેશાની મારા હાથમાં (દસ્તે કુદરતમાં) છે અને દુનિયાથી તેનુ નફો પામવાનુ કામ તમને આશ્ચર્યમાં ન ફેંકી દે. આ ચીજ દુનિયાની રોનક છે અને બેવકૂફોની શોભા. જો હું ચાહું તો તમોને એવી શાનો શૌકત તથા મર્તબો અને દુનિયવી ઈજ્જત આપીને મોકલું કે ફિરઔન જોતાવેંત પોતાની આજિઝીનો સ્વીકાર કરી લે. પણ મેં તમારાથી દુનિયાને છુપાવી રાખી છે અને તમારૂં ધ્યાન ત્યાંથી હઠાવી લીધું છે, કેમ કે હું મારા દોસ્તોને દુન્યવી નેઅમતોથી દૂર કરી દઉ છું જેવી રીતે મહેરબાન ભરવાડ પોતાની બકરીઓને નાશ થાય તેવા સ્થળોએથી દૂર રાખે છે અને હું તેઓને દુનિયાના ફરેબથી બચાવું છું જેવી રીતે ચરવાહા પોતાના ઊંટોને ખતરનાક જગાઓથી બચાવે છે. આ તેઓની હિકારત (તુચ્છપણા)ને માટે નથી બલ્કે એટલા માટે છે કે તેઓ મારી બખ્શેલી ઈજ્જતથી પૂરો હિસ્સો મેળવી લે. હું મારા દોસ્તોને આજિઝી, ખૌફ, દિલોના ખુશૂઅ તથા ખુઝૂઅ (આજિઝી) અને તકવા વડે સજાવુ છું જેની અસર તેઓના શરીર પર પ્રદર્શિત થાય છે. એ જ તેઓનો લિબાસ છે, એ જ તેઓનું બાહ્યરૂપ અને એ જ તેઓની ભીતર છે, એ જ તેઓની તલબ કરેલી નજાત, તમન્નાઓ, ગર્વ લેવા જેવી ઈજ્જત અને ઓળખ છે. જયારે તમે તેમનાથી મળો તો નમ્ર વર્તાવ કરો અને તેઓના દિલો અને જીભોને સરાપા આજિઝ બનાવો અને યાદ રાખો ! જેણે મારા કોઈ દોસ્તને ડરાવ્યો તેણે મને જંગ માટે નિમંત્રણ આપ્યું અને હું તેના પર કિયામતના દિવસે ગઝબનાક હોઈશ. *(હિલ્યતુલ અવલિયા–૧/૪૨)*

હઝરત અલી رضي الله عنه એ એક દિવસે ખુત્બો આપ્યો અને ફરમાવ્યું કે, હોશિયાર રહો ! તમે મૃત્યુ પામનારા છો અને મૃત્યુ પછી ફરીથી ઉઠાડવામાં આવશો અને પોતાના અમલોનો બદલો (જઝા) તથા સજા

પામશો. તમને દુનિયાની જિંદગી ધોકામાં ન સપડાવી દે. એ મુસીબતોમાં લપેટાએલી, અસ્થિરતામાં મશહૂર, ધોકાથી સંબોધાતી અને તેની દરેક ચીજ અસ્ત થનારી છે. તે પોતાના ચાહનારાઓમાં ડોલની જેમ છે કે હમેશાં એક સ્થિતિમાં નથી રહેતી. તેમાં ઉતરનાર મુસીબતોથી નથી બચી શકતો. કયારેક તો તે પોતાના ચાહનારાઓ પર ખુશી તથા ઉમંગ વિખેરે છે અને કયારેક રંજોગમથી મિલાપ કરાવી દે છે. તેની વિવિધ હાલતો છે. તે બદલાતી પલટાતી રહે છે. તેમાં આરામ ટીકાને પાત્ર અને અઢળક માલ અસ્થિરતાવાળો છે. તે પોતાના રહેવાસીઓને તીરોની જેમ કમાનેથી નીકળીને નિશાનો પર મારતી રહે છે અને તેઓને મોતથી ભેટ કરાવતી રહે છે. *(અહયાઉલ ઉલૂમ–૩/૧૯૦)*

દરેકના મૌતનો સમય નિશ્ચિત છે અને દરેક શખ્સને પૂરેપૂરું રિઝક આપવામાં આવે છે. અને હે ખુદાના બંદાઓ ! હોશિયાર રહો ! તમે તે માર્ગના પ્રવાસી છો જેના પર તમારાથી અગાઉ લાંબી વયોવાળા પસાર થઈ ચૂકયા છે, તેઓ તમારાથી અધિક શકિતશાળી, ઉત્તમ કારીગર અને ઉમદા યાદગારો છોડી જનારા હતા પણ દુનિયાની ક્રાંતિમાં (પ્રવાહમાં) તેઓના અવાજો ખામોશ થઈ ગયા, તેઓના શરીરો સડી ગયાં અને શહેરો ઉજ્જડ અને યાદગારો નષ્ટ થઈ ગઈ અને મજબૂત મહેલો અને ખુશીઓને બદલે તેઓને પથ્થરોના તકીયા મળ્યા અને પથ્થરોથી તૈયાર થયેલ કબરો તેઓના દફનની જગાઓ બની. તેઓના ઠેકાણાઓ (રહેઠાણ) નજીક છે પણ તેના રહેવાસી દૂરના છે. તેઓ પોતાના કબીલાથી અલગ અને મહોલ્લાવાળાઓથી બેપરવા છે. તેઓનો આબાદી સાથે કોઈ સંબંધ નથી. સ્નેહીઓ અને પડોશીઓની નજીક હોવા છતાં પણ તેઓના આપસમાં કોઈ મેળજોલ નથી અને મેળમેળાપ કઈ રીતે હોઈ પણ શકે, તેઓને મુસીબતોની ચક્કીઓએ પીસી નાખ્યા છે અને ભીની માટી અને પથ્થર તેઓને ખાઈ ગયા છે. તેઓ થોડાક દિવસની જિંદગી વીતાવીને મરી ગયા. તેઓની માલદારી પૂરાનો કિસ્સો બની ગઈ. તેમની મૌત પર તેમના સગા સ્નેહીઓ રડયા અને તેઓ માટીની નીચે જઈને સૂઈ ગયા. તેઓએ દુનિયાથી કૂચ કરી અને હવે તેઓએ પાછા આવવાનું નથી. અફસોસ ! સેંકડો અફસોસ ! જાણે તેઓ એક હુકમથી જે બોલનારની જીભેથી નીકળી

ચૂકયો હવે પાછો કઈ રીતે આવી શકે છે અને તેઓની સમક્ષ કયામતના દિવસ સુધી આલમે બરઝખ (કબ્રની દુનિયા) છે. જાણે તમે પણ એવા જ છો જેવા તેઓ થઈ ચૂકયા, તે જ દુઃખ, તે જ કબરમાં એકાંત છે. તમે તે કબરોના ગીરો રખાયેલ છો અને એમાં જ તમારે રહેવાનુ છે. તમારા પર શું ગુઝરશે જો તમે એ વાતોને જોઈ લો. જયારે કબરો ખોલવામાં આવશે, દિલોના ભેદો પ્રત્યક્ષ હશે અને તમે અમલોનો બદલો પ્રાપ્ત કરવાના માટે રબ તઆલા સમક્ષ ઉભા હશો. ભૂતકાળના ગુનાહોને લીધે તમારાં દિલો ફાટવાની અણી પર હશે. તમામ પર્દાઓ હટી જશે અને તમામ ગુનાહો અને રહસ્યની વાતો તમારી સમક્ષ હશે, ત્યારે દરેકને તેના અમલોનો બદલો આપવામાં આવશે.

ફરમાને ઈલાહી છે, ‘‘જેથી બુરા લોકો પોતાની બુરાઈઓની સજા અને નેક લોકો પોતાની ભલાઈઓનો બદલો પામે.’’ *(પારા–૨૭, સૂ.નજ્મ, આયત–૩૧)* આગળ ફરમાવ્યું કે, ‘‘આમાલનામાં રાખવામાં આવશે, દરેક નેક તથા બદ તેને જોશે.’’ *(પારા–૧૫, સૂ. કહ્ફ, આયત–૪૯)*

રબ્બે ઝુલ જલાલ અમને તથા તમને તેના હુકમો પર ચાલવા અને તેના દોસ્તોના નકશે કદમ પર ચાલવાની તૌફીક આપે જેથી આપણે તેની રહમતના તુફૈલમાં જન્નતુલ ફિરદૌસને પ્રાપ્ત કરી લઈએ. બેશક ! તે હમીદ તથા મજીદ છે.

કેટલાક શાણા પુરુષોનો કૌલ છે કે દિવસ તીર અને લોકો નિશાન છે. સમય દરરોજ દરેક દિવસ એક તીર ફેંકે છે અને તને દિવસ રાતના ચક્ર ફરેબમાં સપડાવી દે છે એટલે સુધી કે તારા તમામ અંગો સડી જાય છે. દિવસોના ચક્રમાં તારૂ બાકી રહેવું અને સલામતી અશકય છે. જો તને તારા પર વીતેલા સમયના સદમાઓની ખબર પડી જાય જેઓએ તારા વજૂદને નુકસાનમાં નાખ્યું છે તો તને દરેક આવનારો દિવસ ભયભીત કરી દે અને એક એક ક્ષણ તારા માટે કઠિન થઈ જાય, પરંતુ અલ્લાહ તઆલાની તદબીર દરેક તદબીરથી ઉચ્ચ છે. તેણે ઈન્સાનોને દુનિયવી મજાઓની મધૂરતામાં નાખી દીધા છે. જો કે આ દુનિયા હન્ઝલ (તુમ્મા = સખત કડવુ ફળ)થી પણ વધુ કડવી બનાવવામાં આવી છે. દરેક પ્રશંસક તેની જાહેરી

શાનોશૌકતના કારણે તેના અયબો સમજવામાં નિષ્ફળ રહ્યો છે અને દરેક પ્રવચનકર્તા તેની અજાયબીઓને વધારી વધારીને (મીઠુ, મરચુ ભભરાવીને) બયાન કરે છે. હે અલ્લાહ ! અમને નેકીની હિદાયત આપ, આમીન.

કોઈ શાણા પુરુષને દુનિયા તથા બકા (સલામતી)ના વિશે પૂછવામાં આવ્યું તો તેણે કહ્યું કે તેનો સમય ગાળો પલકારા જેટલો છે. કેમ કે જે સમય વહી જાય છે તે પાછો નથી આવતો અને ભાવિની તો તને ખબર જ નથી. દરેક દિવસ વહી ગયેલી રાતની ખબર સંભળાવે છે અને ક્ષણોના પસાર થવાની દાસ્તાન બયાન કરે છે અને સમયના સદમાઓ (આઘાતો) માણસને સતત તબદીલી અને નુકસાનથી મુલાકાત કરતા રહે છે. સમય સંગઠનોને વેરવિખેર કરી દે છે અને દૌલતનું સ્થળાંતર કરતો રહે છે. ઉમ્મીદો લાંબી અને જિંદગી થોડી છે અને અલ્લાહની તરફ દરેક કામે પલટવાનું છે.

## ★ હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ નો ખુત્બો ★

હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ એ ખુત્બા (પ્રવચન)માં ફરમાવ્યું કે, હે લોકો ! તમે એક ખાસ મકસદને ખાતર પેદા કરવામાં આવ્યા છો. જો તમે તેને માનો છો તો તમે બેવકૂફ છો કેમ કે તમારા અમલો તે પ્રમાણેના નથી અને જો તમે તેને જૂઠલાવતા હોય તો હલાકતમાં પડી ગયા છો. તમારે આ દુનિયામાં કાયમ નથી રહેવાનું બલ્કે એક જગાએથી બીજી જગાએ સ્થળાંતર કરવાનું છે. હે ખુદાના બંદાઓ ! તમે એવા ઘરમાં રહો છો જેનુ ખાણુ ગળામાં ફંદો છે અને જેનું પીણુ ગળામાં ખાંસી (આંતરસ) લાવનારું છે. જો તમે એક નેઅમતની પ્રાપ્તિમાં ખુશ થાવ છો તો બીજી નેઅમતનો વિરહ તમને ગમગીન કરી દે છે. તે ઘરને ઓળખો જેના તરફ તમારે પાછા જવાનુ છે અને જયાં તમારે કાયમ રહેવાનું છે. પછી આપ રડતા રડતા મિમ્બર પરથી ઉતરી પડયા. *(અહયાઉલ ઉલૂમ–૩/૧૯૧)*

હઝરત અલી رضی اللہ عنہ એ પોતાના ખુત્બામાં ફરમાવ્યું, કે હું તમને અલ્લાહ તઆલાથી ડરવાની અને દુનિયાને છોડવાની વસિયત કરું છું. દુનિયા તમને ત્યજી દેનારી છે પણ તમે તેની સાથે ચીપકી ગએલા છો. તે તમારાં શરીરો જૂનાપૂરાણા કરતી જઈ રહી છે અને તમે તેને નવાં કરવાની

ચિંતામાં છો. તમારૂં દૃષ્ટાંત એક મુસાફર જેવું છે. દુનિયામાં તમે આખેરતની સફરના માટે ભાથુ તૈયાર કરવા માટે આવ્યા છો. જેવી રીતે મુસાફરને સફર દરમ્યાન આરામ નથી હોતો અને તે રાત દિવસ મંઝિલે પહોંચવા માટે ડગલાં ભરતો ચાલતો રહે છે, એ જ પ્રમાણે દુનિયામાં આરામ ન લેવો જોઈએ અને રાત દિવસ નેક અમલોનાં ડગલાં વડે આખેરતની સફર કરતા રહેવું જોઈએ.

ઘણા ઈન્સાનો એવા છે જેઓનું મૌત નજીક આવી ગયું અને કેટલાક એવા છે જેમની જિંદગીઓમાંથી હવે એક જ દિવસ બાકી છે. તેની તલાશ (જિંદગીની) કરવાવાળો તેની તમન્નામાં તેને છોડી જાય છે જેથી તેના દુ:ખ તથા તકલીફ પર વલોપાત ન કરો, કેમ કે આ સૌ ચીજો નજીકના સમયમાં જ ખત્મ થનારી છે. તેના માલ તથા દૌલત પર ખુશી ન મનાવો કેમ કે તે નજીકના સમયમાં જ નાશ પામશે. દુનિયાની તલબ કરવાવાળા માટે આશ્ચર્ય છે કે તે દુનિયાને તલાશ કરી રહ્યો છે અને મૌત તેની તલાશમાં છે! તે મૌતથી ગાફેલ છે પણ મૌત તેનાથી ગાફેલ નથી.

## ★ તરીકતવાળાઓનો દુનિયા પ્રત્યે વર્તાવ ★

હઝરત મુહમ્મદ ઈબ્નુલ હુસૈન رحمۃ اللہ علیہનો કૌલ છે કે જયારે ઈલ્મ તથા ફઝલવાળા, અદબ તથા મઅરેફતવાળા લોકોને ખબર થઈ કે અલ્લાહ તઆલાએ દુનિયાની બુરાઈ બયાન કરી છે, તે તેની સમક્ષ અત્યંત ઝલીલ ચીજ છે અને તે તેને તેના દોસ્તોના માટે પસંદ નથી કરતો અને હુઝૂર صلی اللہ علیہ وسلمએ તેનાથી દૂરી પસંદ ફરમાવી છે અને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینને તેની ધોકાબાઝીથી બચવા તાકીદ કરી તો એહલે ઈલ્મ હઝરાતે (જ્ઞાની પુરુષોએ) તેનાથી મધ્યમ રાહ અપનાવી અને બાકીનાને અલ્લાહની રાહમાં વહેંચી દીધો અને તેઓ કુવ્વતે લાયમૂત (તે ખોરાક જે જીવન ટકાવી રાખવા પૂરતો હોય) પર રાજી થઈ ગયા અને બાકીનાને છોડી દીધો. તેઓએ મામૂલી કપડાંઓ વડે શરીર ઢાંકયું, સામાન્ય ખોરાક વડે ભૂખ સંતોષી અને દુનિયાને ફાની (નાશવંત) અને આખેરતને બાકી (કાયમી) રહેનારી સમજીને તેઓ દુનિયામાં એક મુસાફર જેટલો સામાન લઈને ચાલ્યા ગયા. તેઓએ દુનિયાને ઉજજડ અને આખેરતને

આબાદ કરી લીધી અને તેઓ સંપૂર્ણતઃ આખેરતની તરફ ધ્યાનિત થઈ ગયા. જેના વિશે તેઓને યકીન હતું કે તેઓ નજીકમાં જ તેને મેળવી લેશે અને તેઓ દિલથી આખેરતની તરફ કૂચ કરી ગયા જેના વિશે તેઓને કામિલ યકીન હતું કે તેઓ નજીકમાં જ પોતાના શરીરો સહીત તે તરફ જ જશે, જયાં તેઓ વિશાળ નેઅમતો પ્રાપ્ત કરશે અને મુસીબતો સાથે તેઓને કોઈ સંબંધ નહીં હોય. અને આ સર્વ કાંઈ અલ્લાહની તૌફીકથી થશે, જેની પસંદને તેઓએ પોતાની પસંદ અને જેની નાપસંદગીને તેઓએ નાપસંદ સમજી લીધું છે.

*(પ્રકરણ : 33)*

## કનાઅત (થોડામાં સંતોષ પામવા)ની ફઝીલત

ફકીરના માટે જરૂરી છે કે તે કનાઅત કરનાર (થોડામાં રાજી રહેનાર) હોય, મખ્લૂકાતથી ઉમ્મીદો ન બાંધે, તેઓના માલો પર નજર ન રાખે અને ન તો સાધન સંપત્તિની પ્રાપ્તિમાં લાલચી બને. એ ત્યારે શકય છે જયારે માણસ જરૂર પૂરતી પોતાની ખાવા, પીવા, પહેરવા અને રહેવાની ચીજો પર સંતોષ અનુભવે અને દરેક મામૂલી ચીજ પર સંતોષ પામે અને પોતાની ઉમ્મીદો એક દિવસ કે એક મહિનાથી વધુ લાંબી ન કરે. કેમ કે અધિક પ્રમાણમાં મેળવવાની તલબ અને લાંબી ઉમ્મીદોથી કનાઅતનો ભાવાર્થ ખત્મ થઈ જાય છે અને માણસ લાલચમાં સપડાઈ જાય છે પછી એ જ લાભ તથા લાલચ તેને બદઅખ્લાકી અને બુરાઈઓ કરવા માટે પ્રોત્સાહિત કરે છે જેના લીધે ઈન્સાનની સારી આદતો તબાહ થઈ જાય છે અને લોભ લાલચ તેની અતૂટ આદત બની જાય છે.

### ★ ઈન્સાનના પેટને કબરની માટી જ ભરે છે ★

ફરમાને નબવી ﷺ છે કે જો માણસને સોનાની બે વાદીઓ પણ મળી જાય તો તે ત્રીજીની તમન્ના કરશે. ઈન્સાનના પેટને કબરની માટી જ

ભરે છે અને અલ્લાહ તઆલા તૌબા કરનારાઓની તૌબાને કબૂલ ફરમાવી લે છે. *(સહીહ બુખારી, ૨/૯૫૨, મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૪૯૫, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૫/૧૮૪, હિલ્યતુલ અવલિયા, ૪/૨૦૭, મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક, ૧૦/૪૮)*

હઝરત અબૂવાકિદ અલ્લૈષી رضی اللہ عنہથી મરવી છે કે જયારે હુઝૂર ﷺ પર વહી નાઝિલ થતી તો અમે તાલીમના માટે હાજર થતા. એક વખતે અમે હાજર થયા તો આપ ﷺએ ફરમાવ્યું કે અલ્લાહ તઆલા ફરમાવે છે, અમે માલ તથા દૌલત, નમાઝ તથા ઝકાતની અદાયગીના માટે આપેલ છે. જો માણસને સોનાની એક વાદી મળી જાય તો તે બીજીની તમન્ના કરશે, જો બીજી મળી જાય તો ત્રીજીની આરઝૂ કરશે. ઈન્સાનના પેટને કબરની માટી જ ભરી શકે છે અને અલ્લાહ તઆલા દરેક તૌબા કરનારની તૌબા કબૂલ કરી લે છે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૪/૪૩, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૩/૨૪૭, કન્ઝુલ ઉમ્માલ, ૩/૪૫૯)*

હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہથી મરવી છે કે સૂરએ બરાત જેવી એક અન્ય સૂરત પર નાઝિલ થઈ જે બાદમાં ઉઠાવી લેવામાં આવી. તેમાં હતું કે અલ્લાહ તઆલા તે દીનની એવી કૌમો વડે મદદ કરાવશે જેના માટે ભલાઈમાં કોઈ હિસ્સો નહીં હોય, અને જો ઈન્સાનને દૌલતની બે વાદીઓ આપી દેવામાં આવે તો તે ત્રીજી વાદીની તમન્ના કરશે. ઈન્સાનનું પેટ કબરની માટી ભરશે અને અલ્લાહ તઆલા તૌબા કરનારાની તૌબા કબૂલ કરે છે. *(સુનને ઈબ્ને માજહ, પેજ–૩૧૨, મુસ્નદે અહમદ બિન હંબલ, ૪/૨૯૮, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૧/૧૪૪, અલ્મોઅજમુસ્સગીર લિત્તબરાની, ૧/૧૩૯, હિલ્યતુલ અવલિયા, ૩/૩૬૨, કન્ઝુલ ઉમ્માલ–૩/૪૫૯)*

હુઝૂર ﷺનું ફરમાન છે કે બે ભૂખ્યા કદી પણ ધરાતા નથી એક ઈલ્મનો ભૂખ્યો અને બીજો દૌલતનો ભૂખ્યો. *(સુનને દારમી, ૧/૬૬)*

ફરમાને નબવી ﷺ છે કે ઈન્સાન વૃધ્ધ થઈ જાય છે પણ બે ચીજો જુવાન થઈ જાય છે : (૧) લાલચ અને (૨) દૌલતની મહોબ્બત. *(સુનને ઈબ્ને માજહ, પેજ–૩૧૨, સુનને તિર્મિઝી–૨/૫૯, મુસ્નદે અહમદ બિન હંબલ–૪/૪૪)*

કેમ કે આ આદત માણસને ગુમરાહ કરી દે છે એટલા માટે અલ્લાહ

તઆલાએ અને તેના રસૂલ ﷺએ કનાઅતની પ્રસંશા કરી છે. જેમ કે ફરમાને નબવી છે કે તે શખ્સના માટે ખુશખબરી છે જે ઈસ્લામના રસ્તા પર ચાલ્યો અને જિંદગીના મામૂલી ખોરાક (ચીજો) પર કનાઅત કરી લીધી. *(સુનને તિર્મિઝી, ૨/૬૦, મુસ્નદે અહમદ બિન હંબલ, ૭/૩૩, મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૯૦, સહીહ ઈબ્ને હબ્બાન–૨/૬૧)*

ફરમાને નબવી ﷺ છે કે કયામતના દિવસે દરેક અમીર તથા ગરીબ એ તમન્ના કરશે કે તેને દુનિયામાં મામૂલી ખોરાક મળ્યો હોત. *(સુનને ઈબ્ને માજહ, પેજ–૩૦૦)*

ફરમાને નબવી ﷺ છે કે તવંગરી માલની વિપુલતાથી નથી બલ્કે હકીકી માલદારી દિલની બેપરવાઈ છે. (તવંગરી દિલથી છે માલથી નહીં) *(સુનને તિર્મિઝી–૨/૬૨, સુનને અહમદ બિન હંબલ–૨/૪૮૨)*

## ★ દુનિયાની બહુ ખોજ ન કરો ★

હુઝૂર ﷺએ લાલચ અને દુનિયા ખૂબ તલબ કરવાથી મના ફરમાવતાં ઈરશાદ ફરમાવ્યો કે હે લોકો ! સારા તરીકાથી રિઝક હાંસલ કરો કેમ કે બંદાને તે જ સર્વ કાંઈ મળે છે જે તેની કિસ્મતમાં લખી દેવામાં આવ્યું છે અને કોઈ ઈન્સાન પોતાનું રિઝક પૂરું કર્યા વિના દુનિયાથી જશે નહીં. *(સુનને ઈબ્ને માજહ, પેજ–૧૫૫, અહયાઉલ ઉલૂમ–૩/૨૧૨)*

મરવી છે કે હઝરત મૂસા عليه السلامએ રબ્બે જલીલથી સવાલ કર્યો કે તારો કયો બંદો વધુ માલદાર છે ? ઈરશાદે રબ્બાની થયો કે જે મારા અતા કરેલ રિઝક પર કનાઅત કરે છે. (સંતોષ અનુભવે છે.) પછી પૂછયું કે આદિલ (ન્યાયી) કોણ છે ? રબ તઆલાએ ફરમાવ્યું કે જે પોતે પોતાની સાથે ન્યાય કરે છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضي الله عنهથી મરવી છે કે હુઝૂર ﷺએ ફરમાવ્યું કે રૂહુલ કુદસ જિબ્રઈલ عليه السلامએ મને ખબર આપી છે કે કોઈ શખ્સ દુનિયામાંથી પોતાનુ રિઝક પૂર્ણ કર્યા વગર જશે નહીં. જેથી અલ્લાહ તઆલાથી ડરો અને હલાલ રોજી પ્રાપ્ત કરો. *(મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક઼, ૧૦/૧૫૪, હિલ્યતુલ અવલિયા, ૧૦/૨૬, કન્ઝુલ ઉમ્માલ, ૪/૧૯)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે મને હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફરમાવ્યું કે જયારે તને ભૂખ લાગે તો એક રોટલી અને પાણીનો પ્યાલો તારા માટે પૂરતો છે અને દુનિયાની વધારે ઈચ્છા હલાકત છે. *(અહયાઉલ ઉલૂમ–૩/૨૧૩)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે મને હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફરમાવ્યું કે, પરહેઝગાર બન ! સૌથી મોટો આબિદ બનીશ. કનાઅત (થોડામાં સંતોષ) કર સૌથી મોટો શુક્ર કરનાર બનીશ. જે પોતાના કાજે પસંદ કરે છે તે બીજાઓના માટે પણ પસંદ કર ! તો તું મોમિન બનીશ. *(સુનને ઈબ્ને માજહ, અબ્વાબુઝ્ઝુહદ, પેજ–૩૧૧)*

હુઝૂર صلی اللہ علیہ وسلمએ લાલચથી મના ફરમાવી છે. જેમ કે હઝરત અબૂ ઐયૂબ અનસારી رضی اللہ عنہથી મરવી છે કે એક બદવી (રણવાસી અરબ)એ હુઝૂર صلی اللہ علیہ وسلمની ખિદમતમાં અર્ઝ કરી કે મને એક સંક્ષિપ્ત નસીહત કરો. આપ صلی اللہ علیہ وسلمએ ફરમાવ્યું કે દરેક નમાઝને જિંદગીની છેલ્લી નમાઝ સમજીને પઢ ! કોઈ એવી વાત ન કર જેના માટે કાલે લાચાર થવું પડે અને લોકોના માલથી આશા ન રાખ. *(કન્ઝુલ ઉમ્માલ–૩/૫૨૮)*

હઝરત ઔફ ઈબ્ને માલિક અશ્જઈ رضی اللہ عنہથી મરવી છે કે અમે સાત, આઠ કે નવ માણસો હુઝૂર صلی اللہ علیہ وسلمની ખિદમતમાં બેઠેલા હતા. આપે ફરમાવ્યું કે તમે રસૂલુલ્લાહની બયઅત નથી કરતા ? અમે કહ્યું કે અમે તો પહેલેથી જ બૈઅત કરી ચૂકયા છીએ. ફરી આપે ફરમાવ્યું કે તમે રસૂલુલ્લાહની બૈઅત નથી કરતા ? જેથી અમે હાથ આગળ કરીને બૈઅત કરી. અમારામાંથી કોઈકે પૂછયું કે યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આપે અમારાથી કઈ ચીજના માટે બૈઅત લીધી ? આપે ફરમાવ્યું કે એ કે અલ્લાહની ઈબાદત કરો, તેને લાશરીક (જેનો કોઈ શરીક નથી) સમજો, પાંચ નમાઝો પઢો, સાંભળો અને ઈતાઅત કરો. એક વાત આપે ધીરેથી કહી પછી ફરમાવ્યું અને લોકોને કોઈ ચીજનો સવાલ ન કરો. રાવી કહે છે કે અમારાંથી કેટલાક એવા પણ હતા કે જેમનો જો ચાબુક પડી જાય તો તેઓ કોઈને ઉઠાવીને આપવા માટે સવાલ કરતા ન હતા. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૮/૩૯)*

હઝરત ઉમર رضی اللہ عنہનું ફરમાન છે કે લાલચનો ત્યાગ, મોહતાજી (ફક્ર) અને લોકોનો ભરોસો ન કરવાનુ નામ જ માલદારી છે. લોકોના માલ તથા દૌલતથી આશા નથી રાખતો તે સૌથી બેપરવા થઈ જાય છે. *(કન્ઝુલ ઉમ્માલ–૩/૮૧૬)*

કોઈ દાના (શાણા પુરુષ)ને માલદારીની વ્યાખ્યા પૂછવામાં આવી તો તેણે જવાબ આપ્યો કે થોડીક આશાઓ અને મામૂલી જીવન નિર્વાહમાં રાજી રહેવાનું નામ માલદારી છે. એટલા માટે કહેવામાં આવ્યું છે કે :–

(૧) એશ (આરામ) માટેની ફકત થોડીક જ પળો છે અને મશહૂર કામો અંજામ આપવાના માટે સમય થોડો છે.

(૨) તુ કનાઅત કર તે એશ (આરામ) પર જે તને પ્રાપ્ય છે અને નફસની ઈચ્છાઓને છોડીને મુકત બની જા અને એશની જિંદગી પસાર કર.

(૩) ઘણાયે તે લોકો જેઓને મૌત આવી અને તેઓ સોનુ ચાંદી અને હીરા ઝવેરાત છોડીને મરી ગયા.

હઝરત મુહમ્મદ ઈબ્ને વાસિઅ رحمۃ اللہ علیہ સૂકી રોટલી (રોટલો) પાણીમાં ભીંજવીને ખાતા અને કહેતા કે જે આનાથી કનાઅત (સંતોષ) કરી લે તે કોઈનો મોહતાજ થશે નહીં.

## ★ શ્રેષ્ઠ દૌલત ★

હઝરત સુફિયાન رحمۃ اللہ علیہનો કૌલ છે કે તમારા માટે શ્રેષ્ઠ દૌલત તે છે જે તમારા કબજામાં નથી અને કબ્જામાં (તાબામાં) આવેલી દૌલતમાં શ્રેષ્ઠ દૌલત તે છે જે તમારા હાથેથી નીકળી ગઈ છે.

હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہનો કૌલ છે કે દરરોજ એક ફરિશ્તો પોકાર કરીને કહે છે કે હે ઈન્સાન ! ગુમરાહ કરનારા તે અઢળક માલ કરતાં તે મામૂલી માલ બેહતર છે જે તને જીવતો રહેવામાં સહાય આપે. *(કન્ઝુલ ઉમ્માલ–૧૬/૧૫)*

હઝરત સમીત ઈબ્ને અજલાન رحمۃ اللہ علیہનું ફરમાન છે કે હે ઈન્સાન! તારું વેંત જેટલુ પેટ તને જહન્નમમાં ન લઈ જાય. કોઈ શાણા પુરુષને પૂછવામાં આવ્યું કે તારો માલ શું છે ? તેણે કહ્યું કે જાહેરમાં પાકીઝગી

અને બાતિનમાં (અંતરમાં) નેકી અને લોકો પર ભરોસો ન કરવો.

મરવી છે કે રબ્બે ઝુલ જલાલે ઈન્સાનને ફરમાવ્યું કે જો તને આખી દુનિયા મળી જાત તો પણ તને આ દુનિયામાંથી બે વખતનો ખોરાક મળત. હવે જયારે કે મેં તને દુનિયામાંથી કેવળ ખોરાક આપ્યો છે અને તેનો હિસાબ અન્ય લોકો પર રાખી દીધો છે તો મેં તારા પર એ એહસાન કર્યુ છે.

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہનો કૌલ છે કે જયારે તમે કોઈ હાજત તલબ કરો તો થોડીક માંગો. એટલુ ન માંગો કે અન્યોના ઉપર વલાબ બની જાય. કેમ કે જે કાંઈ તમારૂ નસીબ છે તે તમને ચોકકસ મળશે. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની–૯/૧૭૮, કન્ઝુલ ઉમ્માલ–૬/૫૧૭)*

બનૂ ઉમૈયાના એક હાકિમે, જનાબ અબૂ હાઝિમ رحمۃ اللہ علیہની તરફ પત્ર લખ્યો જેમાં તેમને કોઈ જરૂરત વિશે પૂછવામાં આવ્યું કે જેથી તે તેને પૂરી કરી આપે. અબૂ હાઝિમ رحمۃ اللہ علیہએ જવાબમાં લખ્યું કે મેં મારી જરૂરતો મારા માલિકની બારગાહમાં રજૂ કરી આપેલી છે જેને તે પૂરી કરી આપે છે તો ખુશ થઈ જાઉં છું અને જેને તે રોકી દે છે તેનાથી કનાઅત કરી લઉં છું. (સંતોષ પામુ છું)

કોઈ શાણા પુરુષને પૂછવામાં આવ્યું કે, કઈ ચીજ શાણા પુરુષના માટે ખુશીની અને દુ:ખ દૂર કરવાવાળી છે ? શાણા પુરુષે જવાબ આપ્યો કે શાણા માટે સૌથી મોટી ખુશી નેક અમલ અને ગમ દૂર કરવામાં તેની મદદગાર અલ્લાહની રઝા પર રાજી રહેવું તે છે.

એક ડાહ્યા પુરુષનો કૌલ છે કે મેં લોકોમાં સૌથી દુ:ખી ઈર્ષાળુને, સૌથી શ્રેષ્ઠ જીવનવાળો થોડામાં રાજી રહેનાર (કનાઅત પસંદ)ને, સૌથી મોટો મુસીબતો પર ધીરજ કરનાર લાલચીને, સૌથી વધુ ખુશ દુનિયાને ત્યજી દેનારને અને સૌથી વધુ પરેશાન હદથી વધી જનાર આલિમને જોયો છે. એ જ વિષયમાં કહેવામાં આવ્યું છે કે :–

(૧) જયારે યુવાન એ વાત પર પૂર્ણ વિશ્વાસ કરી લે છે કે રાઝિકે મુત્લક (ખુદા તઆલા) તેને જરૂર રોજી આપશે.

(૨) તો તેની ઈજ્જત કદી ખરાબ નથી થતી અને ન તો તેનો ચહેરો કદી રોનક વગરનો થાય છે.

(૩) જે શખ્સ કનાઅત ઈખ્તિયાર કરી લે છે તેને કદી કોઈ ચીજની પરવા નથી થતી અને તેના પર કદી દુઃખનો પડછાયો નથી પડતો.

એક અન્ય શાયર કહે છે :–

(૧) કયાં સુધી હું આ પ્રમાણે સફર કરતો રહીશ અને જબરદસ્ત જદ્દો જેહદ (સખત મહેનત) અને આ આવન જાવન ચાલુ રાખીશ ?

(૨) હું ઘરથી દૂર હમેશાં દોસ્તોથી ગાયબ રહું છું, તેઓને મારી હાલતોની ખબર નથી પડતી.

(૩) હું કયારેક પૂર્વમાં હોઉં છું અને કયારેક પશ્ચિમમાં અને લોભનો પ્રભાવ એવો છે કે મારા દિલમાં કદી મૃત્યુનો ખયાલ પણ નથી આવતો.

(૪) જો હું કનાઅત (થોડામાં રાજી) કરત તો મારી હાલત (માલદારી)ની જિંદગી બસર કરત કેમ કે હકીકી તવંગરી કનાઅતમાં છે, માલ તથા દૌલતનો ભરમાર તવંગરી નથી.

## ★ હઝરત ઉમર رضی اللہ عنہ નો ઈરશાદ ★

હઝરત ઉમર رضی اللہ عنہ નો ઈરશાદ છે કે શું હું તમને ન જણાવું કે હું અલ્લાહ તઆલાના માલમાંથી શું શું લેવાનું હલાલ સમજુ છું ? સાંભળો ! ઠંડી તથા ગરમીના માટે બે ચાદરો અને તે સિવાય મને કુરૈશના સામાન્ય યુવાનના પેટ ભરવા માટે જોઈએ તેટલા પ્રમાણનો ખોરાક. લોકો ! હું મુસલમાનોથી ઉત્તમ કે ઉચ્ચ નથી. ખુદાની કસમ ! હું નથી જાણતો કે આટલુ લેવું પણ જાઈઝ છે કે નહીં ? જાણે કે આપ આટલા પ્રમાણમાં પણ શંકા દર્શાવતા હતા કે કયાંક આ કનાઅતના ક્ષેત્રની બહાર તો નથી ?

એક બદવીએ પોતાના ભાઈને લાલચથી રોકતાં કહ્યું કે, તું દુનિયાનો તાલિબ છે અને તે ચીજનો આશાવાદી છે જે કદી ટળી નથી શકતી. તું એવી ચીજને તલાશ કરી રહ્યો છે જે અગાઉથી જ તારી થઈ ચૂકી છે. મતલબ કે અદશ્ય ચીજ તારી સમક્ષ થનારી અને પ્રત્યક્ષ ચીજ તારાથી બીજે જનારી છે. કદાચ તેં કોઈ લાલચુને વંચિત એન કોઈ દુનિયાના ત્યાગીને રોજી પામતાં નથી જોયો.

આ વિષય પર કોઈ શાયરે કહ્યું છે :–

(૧) હું જોઈ રહ્યો છું કે તારી દૌલત તારી લાલચને વધારી રહી છે, જાણે કે તું મરવાનો જ નથી.

(૨) કયારેક તું તારી લાલચથી અટકીને એવં પણ કહીશ કે બસ મને આટલુ બસ છે અને હું આટલાથી રાજી છું !

## ★ એક લોભીને બોધ ★

હઝરત શઅબી رحمۃ اللہ علیہ કહે છે કે એક માણસે ચંડોલનો શિકાર કર્યો. પક્ષીએ કહ્યું, તું મારૂ શું કરીશ ? તે માણસે કહ્યું કે ઝબહ કરીને ખાઈશ. પક્ષીએ કહ્યું કે ખુદાની કસમ ! મને ખાવાથી તારૂ પેટ ભરાશે નહીં. હું તને ત્રણ એવી વાતો બતાવીશ જે મને ખાઈ જવા કરતાં પણ કેટલી ગણી બેહતર છે. એક તો હું તને આ કૈદની હાલતમાં જ બતાવી દઈશ અને બીજી ઝાડ પર બેસીને બતાવીશ અને ત્રીજી પહાડ પર બેસીને બતાવીશ.

તે માણસે કહ્યું કે સારૂં ઠીક છે પહેલી વાત જણાવ. પક્ષીએ કહ્યું કે યાદ રાખ વીતેલી વાત પર અફસોસ ન કરીશ. માણસે તેને છોડી દીધી. જયારે તે ઝાડ પર જઈને બેસી ગઈ તો માણસે કહ્યું કે બીજી વાત જણાવ. પક્ષીએ કહ્યું કે અશકય વાતને શકય ન સમજીશ. પછી તે ઉડીને પહાડ પર જઈને બેઠી અને કહેવા લાગી કે હે બદનસીબ ! જો તું મને ઝબહ કરી દેત તો મારા પેટમાંથી વીસ મિષ્કાલ (સાડા સાત તોલા જેટલા) મોતી નીકળત. આ સાંભળીને તે શખ્સ અફસોસ સાથે હોઠ કરતાં કહેવા લાગ્યો કે હવે ત્રીજી વાત જણાવી દે. પક્ષી બોલ્યું કે તે પહેલી વાતોને તો ભૂલાવી દીધી છે તો હવે ત્રીજી શા માટે પૂછે છે ? મેં તને કહ્યું હતું કે વહી ગયેલી વાતનો અફસોસ ન કરીશ અને અશકય ચીજને શકય ન સમજતો કે હું મારા ગોશત, લોહી અને પાંખો સહીત પણ વીસ મિષ્કાલ નથી તો કઈ રીતે શકય છે કે મારા પેટમાં વીસ મિષ્કાલ વજનના બે મોતીઓ હોય ! આમ કહીને તે ઉડી ગયું.

આ ઈન્સાનના અત્યંત લાલચી હોવા વિશેનું ઉદાહરણ છે, કેમ કે તે

પણ લોભમાં અશકયને શકય સમજીને રાહે હકથી ભટકી જાય છે.

જનાબ ઈબ્ને સમાક رحمۃ اللہ علیہનો કૌલ છે કે ઉમ્મીદો તારા દિલની જાળ અને પગોની બેડીઓ છે. દિલથી ઉમ્મીદો કાઢી નાખ તો તારા પગો બેડીઓથી આઝાદ થશે.

## ★ લાલચની બુરાઈ ★

જનાબ અબૂ મુહમ્મદ યઝીદી رحمۃ اللہ علیہનો કૌલ છે કે હું ખલીફા હારૂન રશીદને ત્યાં આવ્યો તો તે એક એવો કાગળ વાંચી રહ્યો હતો જેના પર સોનાના પાણી વડે કાંઈક લખેલુ હતું, ખલીફાએ જયારે મને જોયો તો હસી પડયો. મેં કહ્યું કે અમીરૂલ મોમિનની કોઈ ખાસ વાત છે ? કહ્યું કે મેં બનૂ ઉમૈયાના ખજાનાઓમાં આ બે શેઅર જોયા જે મને ખૂબ જ ગમ્યા અને મેં તેમાં વધુ બે શેઅરોનો ઉમેરો કરી દીધો છે. **(અર્થ)** :–

(૧) જયારે તારી હાજત રવાઈનો દરવાજો તારા માટે બંધ થઈ જાય તો તું રોકાઈ જા કોઈ અન્ય તારી હાજત રવાઈ કરી આપશે.

(૨) પેટના બંદા થવું તેને ભરવા માટે પૂરતુ છે અને કામની બુરાઈઓથી બચવાના માટે તેનાથી દૂર રહેવું જરૂરી છે.

(૩) અને પોતાના હેતુને પાર પાડવા માટે હલકી હરકતો ન કર અને ગુનાહમાં પડવાથી પરહેઝ કર જેના લીધે તું સજાથી મહફૂઝ રહીશ.

## ★ ઈલ્મ ઈન્સાનને લોભી અને ભિખારી જેવી લાચારીથી બચાવે છે ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ رضی اللہ عنہએ હઝરત કઅબ رضی اللہ عنہને પૂછયું કે ઈલ્મ હાંસલ કરી લીધા પછી ઉલમાના દિલમાંથી ઈલ્મ કઈ ચીજ કાઢી નાખે છે ? હઝરત કઅબ رضی اللہ عنہએ કહ્યું કે લોભ, લાલચ અને લોકો આગળ હાથ ફેલાવવો. કોઈ શખ્સે હઝરત ફુઝૈલ رحمۃ اللہ علیہ પાસે આ કૌલનો ખુલાસો માંગ્યો તો તેમણે આપ્યો કે ઈન્સાન લાલચમાં જયારે કોઈ ચીજને પોતાનો ધ્યેય કે મકસદ બનાવી લે છે તો તેનો દીન રૂખસદ થઈ જાય છે. લોભ એ છે કે ઈન્સાન કયારેક આ ચીજની કયારેક પેલી ચીજની

તલબમાં રહે છે એટલે સુધી કે તે બધું જ હાંસલ કરવા ચાહે છે. અને કયારેક તે મકસદની પ્રાપ્તિ માટે વિવિધ લોકો સાથે વાસ્તો પડશે, જયારે તેઓ તારી જરૂરતો પૂરી કરી આપશે ત્યારે તારી નાકમાં લગામ નાખીને જયાં ચાહશે લઈ જશે. તેઓ તારી પાસેથી પોતાની ઈજ્જતની તમન્ના રાખશે અને તું રૂસ્વા (બેઈઝ્ઝત) થઈ જઈશ અને તે જ દુનિયાની મહોબ્બતને ખાતર જયારે પણ તું તેઓ સામે થઈને પસાર થઈશ તો તેઓને સલામ કરીશ અને જયારે તેઓ બીમાર થશે તો તું ખબર લેવા માટે જઈશ અને આ સર્વ તારા કામો ખુદાને રાજી કરવા માટેનાં નહીં હોય. તારા માટે ઘણુ સારું થાત જો તું તે લોકોનો મોહતાજ ન હોત.

*(પ્રકરણ : ૩૪)*

## ગરીબી (ફકીરી)ની ફઝીલત

હુઝૂર ﷺનું ફરમાન છે કે **આ ઉમ્મતના સૌથી શ્રેષ્ઠ લોકો ગરીબો છે અને સૌથી પહેલા જન્નતમાં દાખલ થનારા અશકત લોકો હશે.** *(અહયાઉલ ઉલૂમ-૪/૧૭૦)*

ફરમાને નબવી ﷺ છે કે **મારી બે વાતો છે, જે તેને પસંદ કરે છે તે મને પસંદ કરે છે અને જે તેને બુરી સમજે છે તે મને બુરો સમજે છે, ગરીબી અને જેહાદ.** *(અહયાઉલ ઉલૂમ-૪/૧૭૦)*

### ★ આ દુનિયા તેનું ઘર છે જેનું કોઈ ઘર ન હોય ★

મરવી છે કે હઝરત જિબ્રઈલ عليه السلام આપની ખિદમતમાં હાજર થયા અને કહ્યું કે અલ્લાહ તઆલા આપને સલામ ફરમાવે છે અને ફરમાવે છે કે **જો આપ ચાહો તો હું પહાડ સોનાનો બનાવી દઉં જે આપની સાથે સાથે રહે.** હુઝૂર ﷺએ થોડીક ક્ષણો ખામોશ રહ્યા પછી ફર્માવ્યું કે જિબ્રઈલ! **આ દુનિયા તો તેનું ઘર છે જેનું કોઈ ઘર ન હોય,**

**એ તેની દૌલત છે જેની કોઈ દૌલત ન હોય, અને તેને તે જ ભેગી કરે છે જે મૂર્ખ હોય.** જિબ્રઈલ બોલ્યા કે હે અલ્લાહના નબી ! અલ્લાહ તમને તે જ હક તથા સદાકત (સત્ય) પર કાયમ રાખે. *(મુસ્નદે અહમદ બિન હંબલ–૭/૧૦૪, મિશ્કાતુલ મસાબીહ–૨/૪૪, કન્ઝુલ ઉમ્માલ–૩/૧૮૬)*

મરવી છે કે હઝરત ઈસા عليه السلام સફર દરમ્યાન એક એવા શખ્સ પાસે થઈને પસાર થયા જે કમ્બલ લપેટીને સૂઈ રહ્યો હતો. આપે તેને જગાડીને ફરમાવ્યું કે હે સૂવાવાળા ઉઠ ! અને અલ્લાહને યાદ કર ! તે શખ્સે કહ્યું કે તમે મારાથી બીજુ શું ચાહો છો કે મેં દુનિયાને દુનિયાદારો માટે છોડી દીધી છે. આપે ફરમાવ્યું કે તો પછી હે મારા મિત્ર ! સૂઈ જા.

## ★ અલ્લાહ પોતાના મહબૂબ બંદાના દિલથી દુનિયાની મહોબ્બત કાઢી નાખે છે ★

હઝરત મૂસા عليه السلام એક એવા શખ્સની નજીકથી પસાર થયા જે ઈટનો તકીયો બનાવીને કમ્બલ લપેટીને જમીન પર સૂઈ રહ્યો હતો અને તેની દાઢી અને તમામ ચહેરો ધૂળમાં ભરાઈ રહ્યો હતો. મૂસા عليه السلامએ અર્ઝ કરી કે હે રબ તઆલા ! તારો આ બંદો દુનિયામાં બર્બાદ થઈ ગયો. અલ્લાહ તઆલાએ મૂસા عليه السلامની તરફ વહી મોકલી અને ફરમાવ્યું કે તમને ખબર નથી કે જયારે હું કોઈ બંદા પર મારા કરમના દરવાજાઓ મુકમ્મલ તૌર પર ખોલી દઉ છું તો તેના દિલમાંથી દુનિયાની મહોબ્બત નષ્ટ કરી દઉ છું.

હઝરત અબૂ રાફેઅ رضي الله عنهથી મરવી છે કે હુઝૂર صلى الله عليه وسلمનો એક મહેમાન આવ્યો પણ આપની પાસે તેની મિજબાનીના માટે કાંઈ ન હતું. હુઝૂર صلى الله عليه وسلمએ મને ખૈબરના એક યહૂદીની પાસે મોકલ્યો અને ફરમાવ્યું કે તેને કહો કે રજબુલ મુરજ્જબના ચાંદ સુધી કર્ઝ અથવા ઉધારમાં લોટ દઈ દે. હું તે યહૂદી પાસે ગયો તો તેણે કહ્યું કે કોઈ ચીજ ગીરો મૂકો તો આટો મળશે. મેં આપને જણાવ્યું તો આપે ઈરશાદ ફરમાવ્યો કે ખુદાની કસમ ! હું જમીન તથા આસમાનનો અમીન છું જો તે કર્ઝ કે ઉધાર લોટ આપત તો હું ચોક્કસ પાછો આપત. લો મારું આ બખ્તર લઈ જાવ અને

તેની પાસે ગીરો મૂકી દો. જયારે હું બખ્તર લઈને નીકળ્યો તો આપની તસલ્લીના માટે આ આયત નાઝિલ થઈ :–

**ولا تمدن عينيك الى ما متعنابه ازواجا منهم زهرة الحيوة الدنيا**

‘‘અને હે સાંભળનાર ! તેની તરફ તારી આંખો ન લગાડ જે અમે કાફિરોના જોડાંઓ (પતિ–પત્ની)ને વર્તવા માટે આપી છે, જીવતી દુનિયાની તાજગી.’’ *(પારા : ૧૬, સૂરએ તાહા, આ. ૧૩૧)*

ફરમાને નબવી ﷺ છે કે ગરીબી મુસલમાનના માટે ઘોડાના મુખ પર હસીન ખાલોથી પણ વધુ ખૂબસૂરત છે. *(અલ મોઅજમુલ કબીર લિત્તબરાની–૭/૨૯૪)*

ફરમાને નબવી ﷺ છે કે જેનું શરીર તંદુરસ્ત અને સંતુષ્ટ છે અને તેની પાસે એક દિવસનો ખોરાક મૌજૂદ છે તો જાણે કે તેને (કાયનાતની) પૂરેપૂરી દૌલત મળી ગઈ છે.

હઝરતે કઅબ અહબાર رضی اللہ عنہથી મરવી છે કે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા علیہ السلامને ફરમાવ્યું, જયારે તુ ગરીબીને આવતી જુએ તો કહે કે ખુશ આમદેદ, હે નેકીઓના લિબાસ ! *(સુનને તિર્મિઝી–૨/૬૦, સુનને ઈબ્ને માજહ, અબ્વાબુઝ્ઝુહદ, પેજ–૩૦૮, સહીહ ઈબ્ને હબ્બાન–૨/૪૨, હિલ્યતુલ અવલિયા–૫/૨૮૩)*

## ★ દીનદાર શિકાર ન કરી શકયો અને દુનિયાદારને ખૂબ શિકાર મળ્યો ★

હઝરત અતા ખુરાસાની رحمۃ اللہ علیہથી મન્કૂલ છે કે અલ્લાહ તઆલાના એક નબી નદી કિનારે થઈને પસાર થયા ત્યાં તેમણે જોયું કે એક શખ્સ માછલીઓનો શિકાર કરી રહ્યો છે. તેણે અલ્લાહ તઆલાનું નામ લઈને નદીમાં જાળ ફેંકી પણ કોઈ માછલી ન ફસાઈ. પછી તે જ નબી એક બીજા શખ્સની પાસે થઈને પસાર થયા જે માછલીઓનો શિકાર કરી રહ્યો હતો. તેણે શયતાનનું નામ લઈને પોતાની જાળ ફેંકી અને જયારે જાળ ખેંચી તો તે માછલીઓથી ભરાએલી નીકળી. અલ્લાહના નબીએ બારગાહે રબ્બુલ ઈઝઝતમાં અર્ઝ કરી કે હે આલિમુલ ગૈબ ! એમાં શુ રહસ્ય છે ? અલ્લાહ

તઆલાએ ફરિશ્તાઓને હુકમ આપ્યો કે મારા નબીને તે બંને શખ્સોનો આખેરતનો મકામ બતાવો. જયારે તેમણે પહેલા શખ્સનો અલ્લાહ તઆલાની હુઝૂરીમાં ઈઝઝત તથા વકાર અને બીજા શખ્સની બેઈઝઝતી જોઈ તો એકાએક કહી ઉઠયા કે, ઈલાહુલ આલમીન ! હું તારી વહેંચણીથી રાજી છું.

ફરમાને નબવી ﷺ છે કે મેં જન્નતને જોઈ તેમાં મોટાભાગના ગરીબો તા. મેં જહન્નમને જોઈ તેમાં મોટાભાગના માલદાર તેમજ ઔરતો હતી. એક રિવાયતમાં છે કે, હુઝૂર ﷺએ દર્યાફત કર્યુ, માલદારો કયાં છે ? તેમને માલદારીએ ગિરફતાર કરી રાખેલા છે. બીજી હદીષમાં છે, મેં જહન્નમમાં મોટાભાગે સ્ત્રીઓને જોઈને કહ્યું, આવું શાથી છે ? તો મને જણાવવામાં આવ્યું કે આવું તેમની સોના તથા ખુશ્બુઓની મહોબ્બતના કારણે છે. *(સહીહ બુખારી–૨/૯૫૫, સુનને તિર્મિઝી, ૨/૮૭, મુસ્નદે અહમદ બિન હંબલ–૧/૩૮૮, મિશ્કાતુલ મસાબીહ, પેજ–૪૪૬)*

હુઝૂર ﷺ ફરમાવે છે કે ગરીબી દુનિયામાં મુસલમાનના માટે તોહફો છે. *(કન્ઝુલ ઉમ્માલ–૬/૪૭૨)*

એક રિવાયતમાં છે કે અંબિયાએ કિરામમાં સૌની છેલ્લે હઝરત સુલૈમાન عليه السلام જન્નતમાં દાખલ થશે કેમ કે તેઓ દુન્યવી દૌલત અને તેની બાદશાહી ધરાવતા હતા, અને સહાબીઓમાં હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہ પોતાની માલદારીના લીધે સૌથી છેલ્લે જન્નતમાં જશે. બીજી હદીષમાં છે કે મેં તેમને (હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફને) ઘૂંટણોભેર જન્નતમાં દાખલ થતા જોયા. *(અહયાઉલ ઉલૂમ–૪/૧૭૧)*

હઝરત ઈસા عليه السلامનો કૌલ છે કે માલદારો ખૂબ જ મુશ્કેલીની સાથે જન્નતમાં દાખલ થશે.

હુઝૂર ﷺના અહલે બયત رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ أَجْمَعِيْنَથી મરવી છે કે આપે ફરમાવ્યું, જયારે અલ્લાહ તઆલા કોઈ ઈન્સાનથી મહોબ્બત કરે છે તો તેને આજમાઈશ (કસૌટી)માં નાખી દે છે અને જ્યારે કોઈનાથી ખૂબ જ અધિક પ્રમાણમાં મહોબ્બત કરે છે તો તેના માટે ઝખીરો (ખૂબ

ખજાનો) કરી દે છે. પૂછવામાં આવ્યું કે હુઝૂર ! ﷺ ઝખીરો કેવી રીતે થાય છે ? આપ ﷺએ ફરમાવ્યું કે તે ઈન્સાનના માલ તથા ઔલાદમાંથી કશુ જ બાકી નથી રહેતુ. *(કન્ઝુલ ઉમ્માલ–૧૧/૧૦૦)*

હદીષ શરીફમાં છે કે જયારે તું ગરીબીને તારા તરફ આવતી જુએ તો તેનું સ્વાગત કર (ખુશ આમદેદ કહે) અને હે નેકીઓની અલામત (નિશાની) ! કહીને તેનું સ્વાગત કર અને જયારે માલ તથા દૌલતને પોતાની તરફ આવતી જુઓ તો કહો કે દુનિયામાં મને કોઈ ગુનાહની આ જલ્દી (ત્વરીત) સજા મળી રહી છે. *(કન્ઝુલ ઉમ્માલ–૬/૩૪૨)*

હઝરત મૂસા علیہ السلامએ અલ્લાહ તઆલાથી અર્ઝ કરી કે ઈલાહી ! મખ્લૂકમાં તારા દોસ્ત કોણ છે જેથી હું તેઓ સાથે મહોબ્બત કરૂં. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, ગરીબ અને ગરીબ.

હઝરત ઈસા علیہ السلامનું ફરમાન છે કે હું ગરીબીને દોસ્ત રાખુ છું (ચાહું છું) અને માલદારીથી નફરત કરૂં છું અને આપને હે મિસ્કીન ! કહીને બોલાવવામાં આવે તે સૌ નામોથી સારું લાગે છે.

જયારે અરબના સરદારો અને માલદારોએ હુઝૂર ﷺને કહ્યું કે આપ આપની મજલિસમાં એક દિવસ અમારા માટે અને એક દિવસ આ ગરીબો માટે નિશ્ચિત કરો. પછી તેઓ અમારા દિવસે ન આવે અને અમે તેઓના દિવસે આવીશું નહીં. ગરીબોથી તેમનો આશય હઝરત બિલાલ, હઝરત સલમાન, હઝરત સુહૈબ, હઝરત અબૂઝર, હઝરત ખબ્બાબ, હઝરત અમ્માર ઈબ્ને યાસર, હઝરત અબૂ હુરૈરહ અને અસ્હાબે સુફ્ફાના ગરીબો رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن હતા. હુઝૂર ﷺએ એ વાતને માની લીધી કેમ કે ગરીબોના લિબાસથી તે માલદારોને ગંધ આવતી હતી. તે ગરીબોના લિબાસ ઉનના હતા અને પરસેવો આવવાને લીધે તેઓનાં કપડાંમાંથી જે ગંધ આવતી હતી તે અકરઅ ઈબ્ને હાબિસ તયમી, ઓયેનહ ઈબ્ને હસન ફઝાઝી, અબ્બાસ ઈબ્ને મુરાદ સલ્મી અને અન્ય અરબના માલદારોને શર્મિંદા કરી દેતી હતી. જેથી હુઝૂર ﷺની રઝામંદીના કારણે આ આયત કુરઆન મજીદની નાઝિલ થઈ :–

**واصبر نفسك مع الذين يدعون ربهم بالغداة والعشى يريدون وجهه ولاتعد عينٰك عنهم، تريد زينة الحيوة الدنيا، ولا تطع من اغفلنا قلبه عن زكرنا واتبع هواه كان امره فرطا۔ وقل الحق من ربكم فمن شاء فليومن ومن شاء فليكفر**

''અને પોતાની જાન તેઓથી આકર્ષિત રાખો જેઓ સવાર સાંજ પોતાના રબને પુકારે છે, તેની રઝા ચાહે છે અને તમારી આંખો તેઓને છોડીને ઉપર ન પડે. શું તમે દુનિયાની જિંદગીનો શણગાર ચાહશો, તેનું કહ્યુ ન માનો જેનું દિલ અમે પોતાની યાદથી ગાફેલ કરી દીધું અને તે પોતાની ખ્વાહિશની પાછળ ચાલ્યો અને તેનું કામ હદથી વહી ગયુ અને ફરમાવી દો કે હક તમારા રબની તરફથી છે તો જે ચાહે ઈમાન લાવે અને જે ચાહે (તે) કુફ્ર કરે.'' *(સૂ. કહફ, આ. : ૨૮, ૨૯)*

એક દિવસે હઝરત ઈબ્ને મકતૂમ رضی اللہ عنہએ હુઝૂરની ખિદમતમાં હાજરીની ઈજાઝત તલબ કરી તે સમયે આપની પાસે એક કુરૈશી સરદાર બેઠેલો હતો. (સરવેર કાએનત ﷺ તે સરદારને ઈસ્લામની દાવત દઈ રહ્યા હતા). આપને ઈબ્ને મકતૂમનું આગમન ઠીક ન લાગ્યું. ત્યારે અલ્લાહ તઆલાએ આયત નાઝિલ ફરમાવી :–

**عبس وتولى، ان جاء ه الاعمى، وما يدريك لعله يزكى، اويذكر فتنفعه الذكرى، اما من استغنى، فانت له تصدى**

''તેવરી ચઢાવીઅને મોઢું ફેરવી લીધું જયારે તેની પાસે નાબીના આવ્યો અને કઈ ચીજે તમને એ માલૂમ કરાવ્યું કે શાયદ તે પાક થઈ જાત અથવા નસીહત સાંભળત પછી તેને નસીહત ફાયદો આપત. જે શખ્સ બેપરવાઈ કરે છે તમે તેને ખાતર તેને રોકો છો.'' *(સૂ. અબસ, આયત, ૧–૬, પારા–૩૦) (સુનને તિર્મિઝી–૨/૧૭૦)*

અહીં નાબીનાથી મુરાદ ઈબ્ને ઉમ્મે મકતૂમ رضی اللہ عنہ અને બેપરવા શખ્શથી મુરાદ તે કુરૈશી સરદાર છે જે હુઝૂરની ખિદમતમાં આવેલો હતો.

## ★ દુનિયાના નામુરાદ બંદા કિયામતમાં ઈજ્જત પામત ★

હુઝૂર ﷺથી મરવી છે કે કિયામતના દિવસે એક બંદાને લાવવામાં આવશે, અલ્લાહ તઆલા તેની સાથે એ રીતે વર્તાવ કરે છે જેવી રીતે દુનિયામાં એક શખ્સ બીજા સાથે ઉપસ્થિત થાય છે અને અલ્લાહ તઆલા ફરમાવશે કે મને મારી ઈજ્જત તથા જલાલની કસમ ! હું તારાથી દુનિયામાં તારી બેકદરીના લીધે ન ફર્યો હતો બલ્કે તે ઈજ્જત અને કરામતના લીધે જે મેં તારા માટે તૈયાર કરી હતી તને દુનિયાથી વંચિત રાખ્યો. હે મારા બંદા ! લોકોની તે જમાઅતમાં જા જે કોઈએ પણ મારી રઝામંદીના ખાતર તને ખવડાવ્યું, પીવડાવ્યું, લિબાસ પહેરાવ્યો તેનો હાથ પકડી લે, તે તારો છે. લોકો તે દિવસે પરસેવામાં ડૂબેલા હશે અને તે સફોને ચીરતો ચીરતો તેને શોધીને જન્નતમાં લઈ જશે. *(અહયાઉલ ઉલૂમ–૪/૧૭૨)*

## ★ ગરીબો પાસે દૌલત છે ★

ફરમાને નબવી છે કે ગરીબોને ઓળખો અને તેમની સાથે ભલાઈ કરો કે તેઓની પાસે દૌલત છે. પૂછવામાં આવ્યું કે હુઝૂર કંઈ દૌલત છે ? આપે ફરમાવ્યું કે જયારે કિયામતનો દિવસ હશે ત્યારે અલ્લાહ તઆલા તેઓને ફરમાવશે કે જેણે તમને ખવડાવ્યું પીવડાવ્યું કે કપડાં પહેરાવ્યાં હોય તેનો હાથ પકડો અને તેને જન્નતમાં લઈ જાવ. *(અહયાઉલ ઉલૂમ–૪/૧૭૨)*

ફરમાને નબવી છે કે જયારે (શબે મેઅરાજે) જન્નતમાં ગયો તો મેં મારી આગળ ચાલવાનો અવાજ સાંભળ્યો. મેં જોયું તો બિલાલ હતા મેં જન્નતની બુલંદીઓ પર જોયું તો તો ત્યાં મને મારી ઉમ્મતના ગરીબો અને તેમની ઔલાદો દેખાણી. મેં નીચે જોયું તો માલદારો દેખાયા અને ઔરતો ઓછી હતી. મેં કારણ પૂછયું તો બતાવવામાં આવ્યું કે ઔરતોને સોના અને રેશમે જન્નતથી વંચિત કરી દીધી છે અને માલદારોને તેઓના લાંબા હિસાબોએ ઉપર નથી જવા દીધા. મેં મારા સહાબીઓને શોધ્યા તો મને અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ દેખાયા. થોડીવાર પછી તે રડતા રડતા આવ્યા તો મેં પૂછયું કે તમે મારાથી પાછળ કેમ રહી ગયા ? તો અબદુર્રહમાને

કહ્યું કે હું ખૂબ જ તકલીફ વેઠીને આપની ખિદમતમાં પહોંચ્યો છું. હું તો સમજતો હતો કે હું કદાચ તમને જોઈ શકીશ નહીં.

હઝરત અબ્દુરર્હમાન ઈબ્ને ઔફ જે શરૂઆતના મુસલમાનોમાંથી હતા. હુઝૂરના જાંનિષાર અને તે દસ હઝરાતમાંથી હતા જેઓને હુઝૂર ﷺએ જન્નતની બશારત આપી છે અને તે માલદારોમાંથી હતા જેઓના માટે હુઝૂર ﷺએ ફરમાવ્યું. પણ જેણે માલને આટલી આટલી રીતે ખર્ચ કર્યો તેઓને પણ માલદારીએ આટલી મુસીબતમાં સપડાવી દીધા. *(અહયાઉલ ઉલૂમ–૪/૧૭૨)*

હુઝૂર ﷺ એક એવા શખ્સ પાસેથી પસાર થયા જેની પાસે દુનિયાની માલમતામાંથી કાંઈ ન હતું. આપે ફરમાવ્યું કે જો તેનું નૂર આખી દુનિયાવાળાઓમાં વહેંચવામાં આવે તો પૂરૂ થઈ જાય (આવી રહે). *(અહયાઉલ ઉલૂમ–૪/૧૭૨)*

## ★ જન્નતના બાદશાહ ★

નબી કરીમ ﷺ ફરમાવે છે કે શું હું તમને જન્નતી બાદશાહોના વિશે બતાવું ? અર્ઝ કરવામાં આવી કે ફરમાવો. આપે ફરમાવ્યું કે દરેક તે શખ્સ જેને કમજોર તથા અશકત સમજવામાં આવ્યો, ધૂળમાં ભરાએલા પરેશાન બાલોવાળા, બે ફાટેલી પૂરાણી ચાદરોવાળા, જેને કોઈ ગણત્રીમાં લેતું નથી, જો તેઓ અલ્લાહની કસમ ખાઈ લે તો જરૂર પૂરી કરે છે. *(સુનને તિર્મિઝી–૨/૮૭, સુનને ઈબ્ને માજહ, પેજ–૩૦૩, અત્તરગીબ વત્તરહીબ–૪/૭૦, કન્ઝુલ ઉમ્માલ–૩/૧૫૫)*

## ★ હઝરત ફાતિમહ رضی اللہ عنہની ગરીબીની હાલત ★

હઝરત ઈમરાન ઈબ્ને હસીન رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર ﷺ મારી સાથે નેક ગુમાન રાખતા હતા. એક વખતે હુઝૂર ﷺએ ફરમાવ્યું કે હે ઈમરાન ! તારો મારી નજીક એક ખાસ મકામ છે, શું તમે મારી પુત્રી ફાતિમહની અયાદતના માટે (ખબર લેવા) ચાલશો ? મેં કહ્યું કે મારા મા બાપ આપના ઉપર કુરબાન ચોકકસ આવીશ. અમે રવાના થઈ ગયા અને હઝરત ફાતિમહ رضی اللہ عنہاના દરવાજે પહોંચ્યા. આપે દરવાજો ખટખટાવ્યો

અને સલામ પછી અંદર આવવાની ઈજાઝત માગી. હઝરત ફાતિમહ رضی اللہ عنہا એ ફરમાવ્યું કે, તશરીફ લાવો. આપે ફરમાવ્યું કે મારી સાથે એક વધુ શખ્સ પણ છે. પૂછવામાં આવ્યું, હુઝૂર ! બીજું કોણ છે ? આપે ફરમાવ્યું કે ઉમરાન ! હઝરત ફાતિમહ رضی اللہ عنہا બોલ્યાં, રબ્બેઝુલ જલાલની કસમ ! જેણે આપને હકની સાથે મબઊષ ફરમાવ્યા (ઉતાર્યા), હું કેવળ એક ચાદર વડે આખુ શરીર ઢાંકેલી સ્થિતિમાં છું. આપે દસ્તે અકદસના ઈશારાથી ફરમાવ્યું કે તમે આવી આવી રીતે પર્દો કરી લો. તેમણે અર્ઝ કરી. એ રીતે મારૂ શરીર તો ઢંકાઈ જાય છે પણ માથુ નથી ઢંકાતું. આપે તેમના તરફ એક જૂની ચાદર નાખી અને ફરમાવ્યું કે તમે એના વડે માથુ છુપાવી લો. ત્યારબાદ આપ ઘરમાં પ્રવેશ્યા અને સલામ બાદ પૂછયું કે, બેટા કેમ છો ? હઝરત ફાતિમહ رضی اللہ عنہا એ અર્ઝ કે હુઝૂર ! મને બમણી તકલીફ છે, એક તો બીમારીની તકલીફ અને બીજી ભૂખની તકલીફ ! મારી પાસે એવી કોઈ ચીજ નથી જેને ખાઈને ભૂખ મિટાવી શકું. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ સાંભળીને આંસૂ સાથેના રડવા લાગ્યા અને ફરમાવ્યું કે બેટી ! ગભરાવ નહીં, મારો રબને ત્યાં તારાથી વધુ મર્તબો છે પણ મેં ત્રણ દિવસથી કાંઈ ખાધું નથી. જો હું અલ્લાહ તઆલાથી માંગુ તો જરૂર ખવડાવે પણ મેં આખેરતને દુનિયા કરતાં મહત્ત્વ આપ્યું છે. પછી આપે હઝરત ફાતિમહ رضی اللہ عنہا ના ખભા પર હાથ રાખીને ફરમાવ્યું, ખુશ થઈ જાવ તમે જન્નતી ઔરતોની સરદાર છો. તેમણે પૂછયું કે હઝરત આસિયહ અને મરયમ કયાં હશે ? આપે ફરમાવ્યું કે આસિયહ પોતાના જમાનાની ઔરતોની અને તમે તમારા જમાનાની ઔરતોની સરદાર હશો. તમે જન્નતના એવા મહેલોમાં રહેશો જેમાં કોઈ ખામી, કોઈ દુઃખ અને કોઈ તકલીફ નહીં હોય. પછી ફરમાવ્યું કે તમારા કાકાના પુત્ર સાથે ખુશ રહો. મેં તમારી શાદી દુનિયા તથા આખેરતના સરદાર સાથે કરી છે. *(અહયાઉલ ઉલૂમ–૪/૧૭૩)*

## ★ રૂપિયા જમા કરનારાઓ પર ચાર મુસીબતોનું ઉતરાણ ★

હઝરત અલી رضی اللہ عنہ થી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફરમાવ્યું કે જયારે લોકો ગરીબોથી દુશ્મની રાખે, દુનિયવી શાનો શૌકત પ્રદર્શિત કરે

અને રૂપિયા જમા કરવા માટે લાલચુ બની જાય તો અલ્લાહ તઆલા તેઓના પર ચાર મુસીબતો નાઝિલ ફરમાવે છે, દુકાળ, જાલિમ બાદશાહ, ખયાનત કરનાર હાકિમ અને દુશ્મનોની ધાક. *(અલ્મુસ્તદરક–૪/૩૬૧)* હઝરત અબૂદરદા رضي الله عنهથી મરવી છે કે એક દિરહમવાળા કરતાં બે દિરહમવાળાનો હિસાબ વધારે હશે. *(કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૯૩, હિલ્યતુલ અવલિયા–૧/૨૧૮)*

## ★ હઝરત સઈદ ઈબ્ને આમિરના રૂદન તથા આજિઝીનું કારણ ★

હઝરત ઉમર رضي الله عنهએ હઝરત સઈદ ઈબ્ને આમિર رضي الله عنهની પાસે એક હજાર દીનાર મોકલ્યા. હઝરત સઈદ પોતાના ઘરમાં ખૂબ જ ગમગીન હાલતમાં પ્રવેશ્યા. તેમની પત્નીએ પૂછયું કે શું કોઈ ખાસ વાત બની છે ? બોલ્યા કે ખૂબ જ મહત્વની વાત બની છે. પછી ફરમાવ્યું અને નમાઝના માટે ઉભા થયા અને સવાર સુધી રડી રડીને ઈબાદત કરતા રહ્યા. પછી ફરમાવ્યું કે મેં હુઝૂર ﷺથી સાંભળ્યું છે કે મારી ઉમ્મતના ગરીબો માલદારો કરતાં પાંચસો સાલ પહેલાં જન્નતમાં દાખલ થશે, એટલે સુધી કે કોઈ માલદાર માણસ તેઓની ટોળીમાં સામેલ થઈ જશે તો તેને હાથ પકડીને બહાર કાઢી નાખવામાં આવશે. *(સુનને તિર્મિઝી–૨/૬૧, મુસ્નદે અહમદ બિન હંબલ–૨/૫૭૪, મિશ્કાતુલ મસાબીહ, પેજ–૪૪૭, અત્તરગીબ વત્તરહીબ–૪/૬૩, સહીહ ઈબ્ને હબ્બાન–૨/૪૪)*

હઝરત અબૂ હુરૈરહ رضي الله عنهથી મરવી છે કે, ત્રણ માણસો હિસાબ વગર જન્નતમાં દાખલ થશે : તે શખ્સ જેણે કપડાં ધોવાનો ઈરાદો કર્યો પણ તેનાં બીજા જૂનાં કપડાં ન હતાં કે જેને પહેરીને તે કપડાં ધોઈ લે. જે શખ્સ ચૂલા પર બબ્બે હાંડલીઓ ચઢાવતો ન હતો અને જેને પીવાનું આમંત્રણ આપીને તેને એવું ન પૂછયું કે તમે શું પીશો ? *(કન્ઝુલ ઉમ્માલ–૩/૧૮૫)*

## ★ હઝરત સુફિયાન સૌરીને ગરીબોથી અતિશય મહોબ્બત હતી ★

હઝરત સુફિયાન સૌરી رحمة الله عليهની મહેફિલમાં એક ફકીર (ગરીબ)

આવ્યો તો આપે તેને ફરમાવ્યું કે આગળ આવી જાવ. જો તમે માલદાર હોત તો હું તમને આગળ આવવાની ઈજાઝત ન આપત. તેમની ગરીબો પ્રત્યે અનહદ મહોબ્બત જોઈને તેમના માલદાર મિત્રો એ તમન્ના કરતા કે, કાશ ! અમે પણ ગરીબ હોત.

જનાબ મોઈલ رحمۃ اللہ علیہનું બયાન છે કે મેં સુફિયાન ષૌરી رحمۃ اللہ علیہની મજલિસમાં ગરીબથી વધુ બાઈઝઝત અને માલદારથી વધુ ઝલીલ કોઈને નથી જોયો.

એક શાણા પુરુષ (દાનિશમંદ)નો કૌલ છે કે ઈન્સાન જેટલો તંગદસ્તીથી ડરે છે જો એટલો જહન્નમથી ડરત તો બંનેવથી છૂટકારો પામી લેત, અને જેટલી તેને દૌલતથી મહોબ્બત છે જો જન્નતથી તેને એટલી મહબ્બત હોત તો બેઉને મેળવી લેત. જેટલો જાહેરમાં લોકોથી ડરે છે એટલો જ બાતિનમાં (ભીતરમાં–દિલમાં) અલ્લાહ તઆલાથી ડરત તો બેઉ જહાનમાં સઈદ (નેક) ગણાત.

હઝરતે ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماનો કૌલ છે કે જે માલદારની ઈજ્જત અને ગરીબની તૌહીન કરે છે તે મલઊન છે.

હઝરત લુકમાને પોતાના પુત્રને નસીહત કરતાં કહ્યું કે જૂના પૂરાણાં કપડાંના કારણે કોઈને હકીર (તુચ્છ) ન સમજો કેમ કે તેનો અને તમારો રબ એક છે.

હઝરત યહયા ઈબ્ને મઆઝ رحمۃ اللہ علیہ કહે છે કે ગરીબોથી તમારી મહોબ્બત રસૂલોની સિફાત (ગુણો)માંથી એક સિફત છે : તેઓની મજલિસમાં આવવું નેકોની અને તેઓની દોસ્તીથી દૂર ભાગવું મુનાફિકોની અલામત (નિશાની) છે.

કેટલીક આગલી કિતાબોમાં લખેલ હતું કે અલ્લાહ તઆલાએ પોતાના કેટલાક અંબિયાએ કિરામ علیہم السلام પર વહી મોકલી કે મારી દુશ્મનીથી ડરો જો મેં તને દુશ્મન બનાવી લીધો તો મારી આંખથી પડી જઈશ (એટલે કે આપની ઈજ્જત ઘટી જશે) અને હું તારા પર માલ તથા દૌલતની વર્ષા કરીશ. (એટલે કે માલો દૌલતની વિપુલતા અલ્લાહ તઆલાને ત્યાં બેઈજ્જતીનું કારણ છે.)

હઝરત આઈશા رضی اللہ عنہاની પાસે હઝરત મઆવિયહ, ઈબ્ને આમિર رضی اللہ عنہ અને કેટલાક અન્ય લોકોએ એક લાખ દિરહમ મોકલ્યા. આપે તે સૌને એક જ દિવસે વહેંચી નાખ્યા, જો કે આપની ઓઢણી પણ થીંગડાં લાગેલાં હતાં ! આપની લોંડીએ કહ્યું કે આપ રોઝાની સ્થિતિમાં છો જો આપ મને એક દિરહમ આપી દેત તો હું ગોશ્ત લઈ આવત અને આપ ઈફ્તાર કરત. આપે ફરમાવ્યું કે તું મને પહેલેથી જણાવી દેત તો એક દિરહમ તને આપી દેત.

## ★ હઝરત આઈશા رضی اللہ عنہاને હુઝૂર ﷺની વસીયત ★

હુઝૂર ﷺએ હઝરત આઈશા رضی اللہ عنہاને વસિયત ફરમાવી કે જો તમે મારાથી મુલાકાતના ઈચ્છુક હોવ તો ફકીરો જેવી જિંદગી બસર કરશો, દૌલતમંદોની મહેફિલોથી દૂર રહેશો અને ઓઢણીને થીંગડુ લગાડયા વગર ન ઉતારશો. *(સુનને તિર્મિઝી–૧/૩૦૭)*

એક શખ્સ હઝરત ઈબ્રાહીમ ઈબ્ને અદહમ رحمۃ اللہ علیہની ખિદમતમાં દસ હજાર દિરહમ લાવ્યો અને ઘણી આજિઝીની સાથે તેને કબૂલ કરવાની દરખાસ્ત કરી. આપે ઈન્કાર કરી દીધો અને ફરમાવ્યું કે શું તું દસ હજાર દિરહમના બદલે ફકીરોના દફતરમાંથી મારું નામ કાઢવા ચાહે છે ? પણ હું એવું કદાપિ થવા દઈશ નહીં.

ફરમાને નબવી ﷺ છે કે તે શખ્સના માટે ખુશખબરી છે જે ઈસ્લામ પર ચાલ્યો અને તેણે મામૂલી ગુજરાન પર કનાઅત કરી (સંતોષ પામ્યો.) *(સુનને ઈબ્ને માજહ, પેજ–૩૦૫, સુનને તિર્મિઝી–૨/૬૦, મુસ્નદે અહમદ બિન હંબલ–૭/૩૩, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન–૧/૯૦, અલમોઅજમુલ કબીર લિત્તબરાની–૧૮/૩૦૫, અત્તરગીબ વત્તરહીબ–૪/૮૦)*

ફરમાને નબવી ﷺ છે કે, હે ગરીબો ! તમે દિલના ઊંડાણથી અલ્લાહની રઝામાં રાજી રહો તો તમને ગરીબીનો સવાબ મળશે, નહીં તો નહીં. *(કન્ઝુલ ઉમ્માલ–૬/૪૮૫)* પહેલો સબ્ર કરનાર અને બીજો ખુદાની રઝામાં રાજી છે. મતલબ એ પણ થઈ શકે છે કે લાલચીને ગરીબીનો સવાબ નહીં મળે. પણ કેટલીક હદીષોથી એ જાહેર થાય છે કે તેને ગરીબીનો સવાબ મળશે. આગળ અમે તેની સંપૂર્ણ ચર્ચા કરીશું.

કદાચ અદમે રઝા (રાજી નહી)થી એ મુરાદ (ભાવાર્થ) છે કે– તે અલ્લાહ તઆલાનું તેનાથી માલને રોકી દેવું એ બાબતને બુરી સમજે છે અને ઘણા દુનિયાના તલબ કરનારા એવા છે જેઓ દિલમાં કદાપિ અલ્લાહ તઆલાના મુન્કિર થવું પસંદ નથી કરતા જેથી તેઓની તલબમાં કોઈ બુરાઈ નથી. પરંતુ પ્રથમ વર્ણવેલી વાત અમલોને તબાહ કરી દે છે જેમાં અલ્લાહ તઆલાનું દૌલત ન આપવું તેને બુરૂ સમજવામાં આવે છે.

હઝરત ઉમર رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફરમાવ્યું કે દરેક ચીજની એક ચાવી હોય છે અને જન્નતની ચાવી ફકીરો (ગરીબો) તથા મિસ્કીનોની મહોબ્બત છે. પોતાની સબરના કારણે તેઓ કિયામતના દિવસે અલ્લાહ તઆલાની નજીક હશે. *(અહયાઉલ ઉલૂમ–૪/૧૭૪)*

હઝરત અલી رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાને તે બંદો સૌથી વિશેષ મહબૂબ છે જે ગરીબ હોય, અલ્લાહની રઝામાં રાજી હોય અને તેના અતા કરેલ રિઝક પર સંતોષ (કનાઅત) પામે. *(સુનને ઈબ્ને માજહ, પેજ–૩૦૩)*

હુઝૂર صلی اللہ علیہ وسلمએ દુઆ માંગી કે, હે અલ્લાહ ! મુહમ્મદ صلی اللہ علیہ وسلمના ઘરાનાની ખોરાક અંદાઝા પ્રમાણે હોય *(સહીહ બુખારી–૨/૯૫૭, સહીહ મુસ્લિમ–૨/૪૦૯, સુનને ઈબ્ને માજહ, પેજ–૩૦૫, સુનને તિર્મિઝી, ૨/૬૦)* અને ફરમાવ્યું કે કિયામતના દિવસે કોઈ ગરીબ અને માલદાર એવો નહીં હોય જે એવી તમન્ના ન કરે કે મને દુનિયામાં ખોરાક પ્રમાણેની જ રોજી આપવામાં આવત. *(સુનને ઈબ્ને માજહ, પેજ–૩૦૫)*

અલ્લાહ તઆલાએ હઝરત ઈસ્માઈલ علیہ السلامની તરફ વહી કરી કે મને ભગ્નહૃદયવાળાઓને ત્યાં તલાશ કરશો. આપે પૂછયું કે તે કોણ લોકો છે ? આપે ફરમાવ્યું કે તે સાચા ફકીરો છે.

ફર્માને નબવી છે કે રાઝી બ રઝા ફક઼ીરથી વધુ કોઈ ફઝીલતવાળો નથી. *(અહયાઉલ ઉલૂમ–૪/૧૭૫)*

ફરમાને નબવી صلی اللہ علیہ وسلم છે કે અલ્લાહ તઆલા કિયામતના દિવસે ઈરશાદ ફરમાવશે કે મખ્લૂકમાં મારા દોસ્તો કયાં છે ? ફરિશ્તાઓ પૂછશે કે યા અલ્લાહ ! તેઓ કોણ છે ? રબ તઆલા ફરમાવશે કે તે મુસલમાન

ફકીરો છે જેઓ મારી અતા પર સબ્ર કરતા હતા અને મારી રઝામાં રાજી હતા. તેઓને જન્નતમાં દાખલ કરો. જેથી લોકો હજી પોતાના હિસાબમાં પરેશાન હશે ત્યારે તે લોકો જન્નતમાં ખાઈ પી રહ્યા હશે. આ કનાઅત કરનારા (થોડામાં ખુશ રહેનારા) અને અલ્લાહની રઝામાં રાજી રહેનારાઓનું વર્ણન છે. ઈન્શાઅલ્લાહ ! નજીકમાં જ (આગળ) ઝાહિદોનું વર્ણન પણ તેઓના ફઝાઈલમાં આવશે. *(અહયાઉલ ઉલૂમ–૪/૧૭૫)*

## ★ કનાઅત અને રઝાએ ઈલાહી ★

કનાઅત અને રઝાએ ઈલાહી (થોડામાં રાજી રહેવું અને ખુદાની મરજી પર ખુશ રહેવું)ના વિશે ઘણી હદીષો આવેલી છે. એ વાત ખૂબ જ સારી પેઠે દિમાગમાં બેસાડી દો કે કનાઅતથી ઉલ્ટુ લોભ તથા લાલચ છે.

હઝરત ઉમર رضی اللہ عنہનું ફરમાન છે કે લાલચ તંગદસ્તી (ગરીબી) અને કનાઅત માલદારી છે. જે લોકોથી લાલચ નથી રાખતો અને થોડામાં સંતોષ અનુભવે છે તેને લોકોથી બેપરવા કરી દેવામાં આવે છે. *(કન્ઝુલ ઉમ્માલ–૩/૮૧૭)*

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી મરવી છે કે દરરોજ એક ફરિશ્તો પોકાર કરે છે કે, હે ઈન્સાન ! ગુમરાહ કરનારા વધુ માલ કરતાં કનાઅત કરાવનારો થોડો માલ બેહતર છે. *(અહયાઉલ ઉલૂમ–૪/૧૭ ૫)*

હઝરત અબૂદરદા رضی اللہ عنہનો કોલ છે કે દરેક માણસની બુદ્ધિમાં કમજોરી હોય છે. જયારે તેની પાસે માલ તથા દૌલત વધુ આવવા લાગે છે તો તે ખૂબ જ ખુશ થાય છે. પણ દિનરાતનું ચક્ર જે તેની ઉમર ઓછી કરી રહ્યું છે તેને તે રંજગમ નથી કરતું. અફસોસ ! ઈન્સાન તને માલની અધિકતા કોઈ લાભ આપશે નહીં જયારે કે તારી ઉમર સતત ઘટી રહી છે.

## ★ માલદારી શું છે ? ★

એક શાણા પુરુષને માલદારીના વિશે પૂછવામાં આવ્યું તો તેણે જવાબ આપ્યો કે થોડીક ઉમ્મીદો અને મામૂલી રોજી પર રાજી રહેવુ.

રિવાયત છે કે હઝરત ઈબ્રાહીમ ઈબ્ને અદહમ رحمۃ اللہ علیہ ખુરાસાનના અમીરોમાંથી હતા. એક વખતે તે મહેલની બહાર નીકળ્યા તો તેમને

મહેલની નજીક એક માસણ દેખાયો જેના હાથમાં એક રોટલી હતી, જેને ખાઈને તે સૂઈ ગયો. તેમણે પોતાના એક ગુલામને કહ્યું કે જયારે આ શખ્સ જાગે તો મારી પાસે લાવજો. જેથી તેના જાગૃત થયા બાદ તેને લાવવામાં આવ્યો તો તેમણે પૂછયું કે હે યુવાન ! તું ભૂખ્યો હતો અને એક રોટલીથી ધરાઈ ગયો ? તે શખ્સે કહ્યું, 'હા.' પછી પૂછયું, તને ખૂબ ઊંઘ આવી ? તે બોલ્યો, હા. આપે દિલમાં વિચાર્યું કે હું હવે પછી દુનિયા પ્રાપ્તિમાં પરેશાન થઈને ફરીશ નહીં. કેમ કે ઈન્સાનનો નફસ તો એક રોટલીમાં પણ કનાઅત કરી લે છે. (સંતોષાય જાય છે.)

એક શખ્સે આમિરે ઈબ્ને અબ્દુલ કૈસ رحمۃ اللہ علیہને એ હાલતમાં જોયા કે આપ નમકની સાથે ભાજી ખાઈ રહ્યા હતા. તે શખ્સે કહ્યું કે હે ખુદાના બંદા ! શું તું આટલી થોડી ચીજમાં રાજી છે ? આપે ફરમાવ્યું કે, હું તમને બતાવું જે આટલી થોડી દુનિયા પર રાજી થઈ જાય છે તેને કઈ ચીજની ખુશખબરી મળે છે ? પછી ફરમાવ્યું કે જે દુનિયા પર રાજી જાય છે તેને આખેરત નથી મળતી અને જે દુનિયાથી સંબંધ તોડી નાખે છે તેને આખેરત મળે છે.

હઝરત મુહમ્મદ ઈબ્ને વાસેઅ رحمۃ اللہ علیہ સૂકો રોટલો પાણીમાં બોળીને મીઠાની સાથે ખાઈ લેતા અને કહેતા કે જે દુનિયામાં આટલાથી રાજી થઈ જાય છે તે કોઈનો મોહતાજ નથી રહેતો.

હઝરત હસન رحمۃ اللہ علیہનો કૌલ છે કે અલ્લાહ તઆલાએ એવા લોકો પર લાનત કરી છે જે તેના ફાળવણી કરેલા રિઝક પર રાજી નથી થતા. પછી આપે આ આયત પઢી :–

وَفِی السَّمَآءِ رِزْقُکُمْ وَمَا تُوْعَدُوْنَ فَوَرَبِّ السَّمَآءِ وَالْاَرْضِ اِنَّہٗ الْحَقٌّ

"અને આસમાનોમાં તમારી રોજી છે અને જે ચીજનો તમને વાયદો કરવામાં આવે છે, આસમાનો અને જમીનના રબની કસમ તે હક્ક઼ છે."
*(પારા–૨૬, સૂ. ઝારિયાત આયત–૨૨–૨૩)*

હઝરત અબૂઝર رضی اللہ عنہ એક વખતે લોકોમાં બેઠેલા હતા.એવામાં આપની પત્નીએ આવીને કહ્યું કે તમે આ લોકોની સાથે બેઠા છો અને ઘરમાં લોટની ચપટી અને પાણીનો ઘૂંટડો પણ નથી. આપે ફરમાવ્યું કે

તેમને ખબર નથી આપણી સમક્ષ મુશ્કેલીભરી ઘાટી છે તેનાથી તે જ છૂટકારો પામશે જેનો બોજ હલકો હશે. જયારે આપની પત્નીએ આ સાંભળ્યું તો ચૂપચાપ ઘરમાં ચાલી ગયાં.

હઝરત ઝુન્નૂન رحمۃاللہعلیہનો કૌલ છે કે અધિર ભૂખ્યો કુફ્રની ખૂબ જ નજીક હોય છે. એક શાણા પુરુષને કહેવામાં પૂછવામાં આવ્યું કે તારી દૌલત શું છે ? તેણે જવાબ આપ્યો કે જાહેરી સફાઈ, દિલમાં નેકી અને લોકોથી બેપરવાઈ.

રિવાયત છે કે અલ્લાહ તઆલાએ કેટલીક આગલી આસમાની કિતાબોમાં ફરમાવ્યું છે કે હે ઈન્સાન ! જો તને આખી દુનિયાની દૌલત મળી જાત તો પણ તને બે સમયની રોટી જ નસીબ થાત. હવે જયારે કે મેં તને ખોરાક આપી દીધો છે અને તેનો હિસાબ અન્યની જિમ્મેદારીમાં રાખ્યો છે તો એ મેં તારા પર એહસાન કર્યું છે.

❑ થોડામાં સંતોષ (કનાઅત) સંબંધે એક શાયરે કહ્યું છે કે : **(અર્થ)** :–

(૧) અલ્લાહથી માંગ, લોકો પાસે ન માંગ. તેઓથી ઉમ્મીદ ન રાખતાં કનાઅતને અપનાવ કેમ કે લોકોથી બેપરવા થવામાં જ ઈજ્જત છે.

(૨) દરેક અઝીઝ તથા કુટુંબીથી બેપરવા થઈ જા કેમ કે લોકોથી બેપરવાઈ જ માલદારી છે.

❑ એક અન્ય શાયર કહે છે, **(અર્થ)** :–

(૧) હે માલ તથા દૌલતને એકત્ર કરનારા ! જમાનો દરેકનું મુકદ્દર જુએ છે તો તેના કયા કયા દરવાજાને બંધ કરીશ ?

(૨) એ ચિંતામાં કે કઈ કઈ રીતે અરમાનો પૂરાં થશે, શું તેની સાથે કોઈ આસાની છે કે મુશ્કેલી ? તો પછી તું તેને છોડી દઈશ.

(૩) હે માલને ભેગો કરનાર ! તેં દૌલત એકત્ર કરી લીધી તો મને એ જણાવ કે તેને વાપરવા માટે પોતાના દિવસો પણ એકત્ર કરી લીધા છે ? (શું તને જિંદગી પર ભરોસો છે ?)

(૪) દૌલત તારી પાસે વારસદારોનો ખજાનો છે, રાહે ખુદામાં ખર્ચ કરવાના માલ સિવાય તારો કોઈ માલ નથી.

(૫) જયારે યુવાન એ વાત પર વિશ્વાસ કરે છે કે જે ઝાતે રોજીઓને વહેંચણી કરી છે તો તેને પણ રોજી આપશે.

(૬) ત્યારે તેની ઈજ્જત સુરક્ષિત થઈ જાય છે, કદી તેના પર મેલ નથી ચઢતો અને ન તો તેનો ચહેરો કદી રોનક વગરનો થાય છે.

(૭) જે શખ્સ કનાઅતને મેળવી લે છે તેના પર કદી દુઃખનો પડછાયો નથી પડતો.

*(પ્રકરણ : ૩૫)*

## અલ્લાહના સિવાય કોઈ અન્યને મદદગાર બનાવવું અને કયામતનું મેદાન

### ★ કાફિરો સાથે મેલજોલ ન રાખો ★

ફરમાને ઈલાહી છે : ولا ترکنوا الی الذین ظلموا فتمسکم النار
''અને જુલ્મીઓ તરફ નમો નહીં, નહીં તો આગ તમને અડકી જશે.''

*–(પારા : ૧૨, સૂ. હૂદ, આ. ૧૧૩)*

કેટલાક મુફસ્સિરોનો કૌલ છે કે લુગતવાળા (શબ્દકોશવાળા) એ વાત પર સંમત છે કે ''રુકૂન''નો અર્થ ઈચ્છવું તથા ધ્યાન કરવું છે, ભલે તે ઈચ્છા મામૂલી હોય કે વધારે. અબ્દુર્રહમાન ઈબ્ને ઝયદ رحمۃ اللہ علیہનો કૌલ છે કે અહીં ''રેકૈન''નો અર્થ છુપાવવું છે. એટલે કે તેમના કુફ્રનો ઈન્કાર ન કરવો. અકરમહનો કૌલ છે કે ''રુકૂન''થી મુરાદ છે કે તે કાફિરોથી ભલાઈ ન કરો. આયતનો જાહેરી અર્થ એ છે કે કાફિરો તેમજ બદકાર મુસલમાનો સાથે આપસમાં મેળમેળાપ ન રાખો.

હઝરત નિશાપૂરી رحمۃ اللہ علیہ પોતાની તફસીરમાં લખે છે કે મુહક્કિકોનો કૌલ છે કે જે ''રુકૂન''થી મના કરવામાં આવ્યું છે તે છે કાફિરોના કુફ્રને સારૂ સમજવું, તેમની કાર્ય પદ્ધતિને સારી સમજવી અને

અન્યોની સમક્ષ પોતાની પ્રશંસા કરવી અને ગુમરાહીના કામોમાં તેમના કાર્યોમાં શરીક બનવું. હા જો તેઓના જુલ્મોને રોકવા અને લાભ પામવા માટે તેઓ સાથે મેળમેળાપ વધારે છે તો તેમાં કોઈ વાંધો નથી. પરંતુ મારૂં દિલ એ કહે છે કે રોજી શોધવા માટે તેઓ સાથે મેળમેળાપની છૂટ છે પણ તકવાનો તકાઝો એ છે કે તેઓ સાથે તદ્દન અલિપ્તતા રાખવામાં આવે. ઈર્શાદે રબ્બાની છે. "શું અલ્લાહ તઆલા બંદાની મુશ્કેલીઓમાં તેને પૂરતો નથી ?" *(સૂ. ઝુમર, આયત–૩૬)*

હું કહું છું કે ઈમામ નિશાપુરીનો કૌલ તદ્દન સત્ય છે. આજના સમયમાં તો ખાસ કરીને એ વાતની જરૂરત છે કે તેઓથી સંબંધો ન રાખવામાં આવે. કેમ કે નેકીનો હુકમ કરવો અને બુરાઈથી રોકવું આ ધોકાબાજી અને છેતરપિંડીના સમયમાં અશકય છે. (વાંચકો વિચારે કે પાંચમી અને છઠ્ઠી સદી હિજરીની આ હાલત હતી ! તો હાલના સમય માટે શું કહેવાય !) અને જયારે કે તેઓનો જુલ્મ એ હદ પર આવી ગયો છે કે તેઓ સાથે આપસમાં સબંધ હલાકતમાં નાખી શકે છે. તો તમારો તે શખ્સના વિશે શો ખ્યાલ છે કે જે તે જાલિમો અને સરકશો (બદમાશો) સાથે જબરદસ્ત મહોબ્બત કરે છે, તેઓની શરાબપાન અને હરામકારીની મહેફિલોમાં શરીક થાય છે અને તેઓની દોસ્તીના તકાઝાઓને પૂરા કરે છે અને તેઓની સામાજિક જિંદગીમાં ભળી જાય છે અને અને તેઓની જિંદગીની સારી હાલત પર રશ્ક કરે છે. જો કે હકીકતમાં જોવામાં આવે તો આ સૌ ચીજો એક દાણાથી પણ હલકી અને મચ્છરની પાંખથી પણ વધુ તુચ્છ છે. તો શા માટે ઈન્સાન દિલની ગહરાઈઓથી તેને ચાહવા લાગે ? ચાહનારો અને જેને ચાહવામાં આવેલ છે તે બંનેવ બેવકાર (ઈજ્જતવિહોણા) છે.

ફરમાને નબવી ﷺ છે કે, ઈન્સાન પોતાના દોસ્તના દીન પર હોય છે (જેથી) તમે એ જુઓ કે તમારો દોસ્ત કોણ છે. *–(સુનને તિર્મિઝી, ૨/૬૩, સુનને અબૂ દાઊદ, ૨/૬૬૪, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૫૮૬, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૯/૨૧, અલ્કામિલ ફીદુઅફાઉર્રિજાલ, ૪/૧૭૮)*

મનકૂલ છે કે સારા સાથીનું દષ્ટાંત અત્તરના વેપારી જેવું છે કે જો તે અત્તર નહીં આપે તો પણ અત્તરની ખુશ્બુથી તો વંચિત નહીં જ રહો. અને

દરેક બુરા સાથીનું દષ્ટાંત લુહારની જેમ છે કે જો તે ભલે તને સળગાવશે નહીં પણ તેની ભટ્ટીના ધુમાડા તમને જરૂર લાગશે. (અને કપડાંઓને ગંદા કરી દેશે અને શ્વાસને પણ તકલીફ આપશે.) *–(સહીહ બુખારી, ૪/૮૩૦, સુનને અબૂ દાઊદ, ૨/૬૬૪, સહીહ ઈબ્ને હબ્બાન, ૧/૪૬૯, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૪, કન્ઝુલ ઉમ્મલ–૯/૨૨)*

## ★ અલ્લાહ સિવાય અન્યને પોતાનો વલી (મદદગાર) બનાવવો ★

ફરમાને ઈલાહી છે કે, તે લોકોનું ઉદાહરણ જેઓએ અલ્લાહના સિવાય પોતાના અન્ય મદદાગારો બનાવી લીધા છે, લાકડીના ઘડાની જેમ છે. (જે ખૂબ જ સડેલ અને કમઝોર હોય છે.)

ફરમાને નબવી ﷺ છે કે જયારે કોઈ ફાસિકની પ્રશંસા કરવામાં આવે છે તો અલ્લાહ તઆલા સખત નારાજ થાય છે અને અર્શે ઈલાહી કાંપી ઉઠે છે. *(મિશ્કાતુલ મસાબીહ, પેજ–૪૧૪, કન્ઝુલ ઉમ્માલ, ૩/૫૭૫, અલ્કામિલ ફી દુઅફા ઉરિર્જાલ–૪/૫૪૯)*

ફરમાને ઈલાહી છે કે : **يوم ندعوا كل اناس بامامهم** એટલે કે અમે કયામતના મેદાનમાં તમામ ઈન્સાનોને તેઓના ઈમામની સાથે બોલાવીશું. *(પારા–૧૫, સૂ. ઈસ્રા, આયત–૭૧)*

મુફસ્સિરીને કિરામનો ઈમામના વિશે મતભેદ છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما અને આપના સાથીઓ ઈમામનો અર્થ આમાલનામુ લે છે. જેમ કે ફરમાને ઈલાહી છે : **فَمَنْ أُوتِيَ كِتَابَهُ بِيَمِينِهِ** ''અને જે શખ્સને જમણા હાથમાં કિતાબ આપવામાં આવશે.'' *(સૂ. ઈન્શિકાક, આયત–૮)*

હઝરત ઝયદ رحمۃ اللہ علیہનો કૌલ છે કે ઈમામથી મુરાદ અલ્લાહની કિતાબો છે અને લોકોને હે તૌરાતવાળાઓ, હે ઈન્જીલવાળાઓ અને હે કુરઆનવાળાઓ કહીને બોલાવવામાં આવશે.

હઝરત મુજાહિદ رحمۃ اللہ علیہનો કૌલ છે કે ઈમામથી મુરાદ નબી છે. લોકોને એ રીતે બોલાવવામાં આવશે કે હે ઈબ્રાહીમ علیہ السلامની પયરવી કરનારાઓ આવો ! હે ઈસા علیہ السلامની પયરવી કરનરાઓ આવો ! અને હે

મુહમ્મદ ﷺની પયરવી કરનારાઓ આવો !

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી મરવી છે કે હુઝૂર ﷺથી મરવી છે કે હુઝૂર ﷺએ ફરમાવ્યું કે જયારે અલ્લાહ તઆલા કિયામતના દિવસે તમામ મખ્લૂકને ભેગી કરશે તો દરેક ખયાનતખોરને ઝંડો આપવામાં આવશે અને કહેવામાં આવશે કે આ ફલાણાના પુત્ર ફલાણાની ખયાનતનો ઝંડો છે. *(મુસ્નદે અહમદ બિન હંબલ–૨/૧૧૦)*

તિર્મિઝી વગેરેમાં હઝરત અબૂહુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર ﷺએ આ આયતની તફસીરમાં ફરમાવ્યું કે લોકોમાંથી એક માણસને બોલાવવામાં આવશે. તેના જમણા હાથમાં નામએ આમાલ આપવમાં આવશે. તેના શરીરને સાઈઠ હાથ લાંબુ કરીને તેના માથા પર ચમકદાર મોતીઓનો તાજ રાખવામાં આવશે. તેનો ચહેરો અતિશય રોશન હશે. પછી તે પોતાના દોસ્તોની તરફ જશે જેઓ તેને દૂરથી જોઈને કહેશે કે તેના મર્તબામાં વધારો ફરમાવ અને અમને પણ એવો જ મકામ એનાયત ફરમાવ. જયારે તે તેઓની પાસે આવશે તો કહેશે કે તમને ખુશખબરી થજો કે તમારામાંથી દરેકને આ જ મકામ મળશે અને કાફિરનું મોઢું કાળુ કરીને તેનું કદ આદમ علیہ السلامના કદ જેટલું સાઈઠ હાથ કરી દેવામાં આવશે અને તેને અંધકારનો તાજ પહેરાવવામાં આવશે. તે પોતાના સાથીઓની પાસે આવશે. તેઓ તેને જોઈને કહેશે કે હે અલ્લાહ ! અમે તેની બુરાઈથી પનાહ માંગીએ છીએ અને અમોને એવા અંજામથી બચાવ. તે તેઓની પાસે આવશે તો તેઓ કહેશે કે, હે અલ્લાહ ! તેને ઝલીલ (બેઈજ્જત) કર, ત્યારે કાફિર કહેશે કે અલ્લાહ તઆલાએ તને પોતાની રહમતથી દૂર કરી દીધો, તમારામાં દરેકની સાથે એ જ વર્તાવ કરવામાં આવશે. *(સુનને તિર્મિઝી–૨/૧૪૫)*

ફરમાને ઈલાહી છે કે :–

اذا زلزلت الارض زلزالها واخرجت الارض اثقالها

“જયારે જમીન ધરતીકંપથી હલાવવામાં આવશે અને તે પોતાના બોજાઓ કાઢી નાખશે.” *(પારા–સૂ. ઝિલ્ઝાલહ, આયત, ૧–૨)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما આ આયતની તફસીરમાં ફરમાવે

છે કે જમીન નીચેથી હાલશે અને તેના પેટાળમાં જેટલાં મુડદાંઓ અને દફન થયેલાઓ છે સૌને બહાર કાઢી નાખશે.

હઝરત અબૂ હુરૈરહ رضي الله عنه થી મરવી છે કે હુઝૂર ﷺ એ આ આયત પઢી, **يَوْمَئِذٍ تُحَدِّثُ اَخْبَارَهَا** (તે દિવસે જમીન પોતાની ખબરો બયાન કરશે) અને ફરમાવ્યું કે જાણો છો તેની ખબર શું છે ? સહાબાએ અર્ઝ કરી કે અલ્લાહ અને તેના રસૂલ ﷺ બહેતર જાણે છે. આપે ફરમાવ્યું કે તે દરેક સ્ત્રી તથા પુરુષના તે અમલની સાક્ષી આપશે જે તેની પીઠ પર કરવામાં આવ્યો. *(સુનને તિર્મિઝી–૨/૫૯, અત્તરગીબ વત્તરહીબ–૪/૨૨૪)*

તિબરાનીની હદીષ છે કે હુઝૂર ﷺ એ ફરમાવ્યું કે જમીન પર ગુનાહ કરવાથી બચો કેમ કે તે તમારી મા છે અને જે શખ્સ પણ તેના પર કોઈઅમલ કરે છે તે તેની (કિયામતના દિવસે) ખબર આપશે. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૫/૬૫, કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૩)*

*(પ્રકરણ : ૩૬)*

# સૂર ફૂંકાવું, શરીરનો હશ્ર તથા મૌત પછી ઉઠવા વિશે

ફરમાને નબી ﷺ છે :–

"હું કેવી રીતે સુકૂન પામું જ્યારે કે સૂરવાળા એટલે હઝરત ઈસ્રાફીલ عليه السلام એ સૂર મોમાં લીધેલું છે, પેશાની ઝુકાવેલી છે અને કાન અલ્લાહ તઆલાના ફરમાન પર ધ્યાનિત કરેલા છે કે તેને કયારે સૂર ફૂંકવાનો હુકમ મળે અને તે સૂર ફૂંકે." *(સુનને તિર્મિઝી, ૨/૬૯, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૧૩૪, મિશ્કાતુલ મસાબીહ, પેજ : ૪૮૨, મોઅજમે કબીર, ૧૨/૧૦૦, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૦૩ કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૫૨)*

**સૂર ફૂંકાવું :–** જનાબ મકાતિલ رحمة الله عليه નો કૌલ છે, સૂર એક

શીંગડા જેવું છે જેને હઝરત ઈસ્રાફીલ عليه السلام બ્યુગલની જેમ પોતાના મોંમાં રાખેલ સ્થિતિમાં છે અને સૂરના માથાની ગોલાઈ આસ્માન તથા જમીનની પહોળાઈ (ગોળાઈ)ના બરાબર છે. હઝરત ઈસ્રાફીલ તાકી તાકીને અર્શની તરફ જોઈ રહ્યા છે કે તેમને કયારે સૂર ફૂંકવાનો હુકમ થાય છે. જ્યારે પ્રથમવાર સૂર ફૂંકવામાં આવશે તો અજંપાની સખ્તીના કારણે જિબ્રઈલ, મીકાઈલ, ઈસ્રાફીલ તથા ઈઝરાઈલના સિવાય જમીન તથા આસ્માનનાં સર્વ જાનદારો મૃત્યુ પામશે. પછી ઈઝરાઈલને હુકમ થશે તે એ ત્રણેવ ફરિશ્તાઓની રૂહ ખેંચી લેશે. ત્યારબાદ ઈઝરાઈલને પણ ફના કરી દેવામાં આવશે, ત્યાં સુધી કે સૂર ફૂંકવાને ચાલીસ વરસો વહી જશે. ત્યારે અલ્લાહ તઆલા જિબ્રઈલને જીવંત કરશે અને તે ઉઠીને બીજીવાર સૂર ફૂંકશે. જેમ કે ફર્માને ઈલાહી છે :–

**ثم نفخ فيه اخرى فاذاهم قيام ينظرون** ‘‘પછી બીજીવાર સૂર ફૂંકવામાં આવશે તો અચાનક તેઓ પોતાના પગો પર ઉભા થઈ જશે અને બીજીવાર જીવંત થવાનું જોઈ રહયા હશે.’’ *(ઝુમર, પારા : ૨૪, આયત–૬૮)*

ફરમાને નબવી છે કે જ્યારથી ઈસ્રાફીલને પેદા કરવામાં આવ્યા છે ત્યારથી સૂર એમના મોઢામાં છે અને તે એક કદમ આગળ અને એક કદમ પાછળ રાખેલ સ્થિતિમાં ખુદાના હુકમની રાહ જોઈ રહ્યા છે. સાવધાન થઈ જાવ અને સૂર ફૂંકવાના સમયથી ડરો. એ સમયમાં લોકોની ઝિલ્લત તથા બેઈજ્જતી તથા લાચારીની કલ્પના કરો જ્યારે કે બીજીવાર સૂર ફૂંકીને તેમણે ઉઠાડવામાં આવશે અને તેઓ પોતાના વિશે સારો કે બુરો ફેંસલો સાંભળવાની રાહ જોઈ રહ્યા હશે. અને હે ઈન્સાન ! તું પણ તેમની ઝિલ્લત તથા પરેશાનીમાં બરાબરનો શરીક હશે, બલ્કે જો તું દુનિયામાં સારી સ્થિતિમાં તથા માલદાર છે તો જાણી લે કે તે દિવસે દુનિયાના રાજાઓ સર્વ મખ્લૂકથી અધિક ઝલીલ તથા તુચ્છ હશે અને તેઓ કીડીઓની જેમ પાયમાલ થઈ જશે. એ વખતે જંગલો અને પહાડોએથી ફાડી ખાનાર જાનવરો માથુ નમાવીને કયામતના ભયથી ડરેલાં પોતાના સર્વ જંગલીપણાને ભૂલીને લોકોમાં ભળી જશે. આ જંગલી જાનવરો પોતાના કોઈ ગુનાહના કારણે નહીં બલ્કે સૂરના ભયંકર અવાજની સખ્તીના કારણે

જીવતાં થઈ જશે અને તેમને લોકોથી ડર કે ભય સુધ્ધાં મેહસૂસ નહીં થાય. જેમ કે ફર્માને ઈલાહી છે : وَاِذَا الْوُحُوشُ حُشِرَتْ "અને જયારે જંગલી જાનવરો ઉઠાડવામાં આવશે." *(સૂ. તકવીર, પારા : ૩૦)*

પછી શૈતાન અને સખત નાફર્માન પોતાની નાફર્માની તથા સરકશીના પછી અલ્લાહ તઆલાની હુઝૂર હાજર થવા માટે અતિશય બેઈજ્જતી સાથે આ ફર્માને ઈલાહીના સમર્થનમાં હાજર થશે :–

**فوربك لنحشر نهم و الشيطن ثم لنحضر نهم حول جهنم جثيا**

"તો કસમ છે તારા રબની અમે તેમને શૈતાનોની સાથે ભેગા કરીશું, પછી તેમને જહન્નમની આસપાસ ગુઠણોભેર પડેલા હાજર કરીશું." *(મરયમ, આયત–૬૮)*

જરા વિચારો ! એ વખતે તમારો શો હાલ થશે ? અને જ્યારે લોકો કબ્રથી ઉઠાડયા પછી ઉઘાડા પગે અને નગ્ન શરીરે કયામતના મેદાનમાં જે એક સાફ સ્વચ્છ જમીન હશે, જેમાં કોઈ ટેઢાપણુ કે ટેકરી હશે નહીં એમાં આવશે. એમાં ન કોઈ ટેકરો હશે કે માણસ એની પાછળ છુપાય જાય અને ન તો કોઈ ખીણ હશે જેમાં માણસ છુપાય જાય, બલ્કે તે સપાટ જમીન હશે જેના પર લોકોને ટોળે ને ટોળે લાવવામાં આવશે. બેશક ! રબ્બે ઝુલ જલાલ મહાન કુદરોનો માલિક છે જે પૃથ્વીના પટના ખૂણે ખૂણેથી સર્વ મખ્લૂકને એક જ મેદાનમાં સૂર ફૂંકવાના સમયે એકત્ર કરશે. દિલ એના પાત્ર છે કે એ દિવસે બેકરાર હોય અને આંખો ભયભીત હોય.

### ★ કયામતની હાલતોના વિશે નબવી ફરમાનો ★

નબી કરીમ ﷺનું ફર્માન છે કે કયામતના દિવસે લોકોને એક સપાટ મેદાનમાં ઉભા રાખવામાં આવશે જે દરેક પ્રકારનાં ઝાડો, ઊંચી નીચી ટેકરીઓ અને ઈમારતોથી પાક હશે અને એ જમીન દુનિયાની જમીન જેવી નહી હોય, બલ્કે એ કેવળ નામની જ જમીન છે.

જેમ કે ફર્માને ઈલાહી છે : **يوم تبدل الارض غير الارض و السموات** "એ દિવસે જમીન તથા આસ્માન અન્ય રૂપમાં બદલી દેવામાં આવશે." *(પારા–૧૩, સૂ. ઈબ્રાહીમ, આયત–૪૮, અત્તરગીબ વત્તરહીબ–૪/૨૦૭)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો કૌલ છે કે આ જમીનમાં વધારો ઘટાડો કરવામાં આવશે. એનાં ઝાડો, પહાડો, મેદાનો, દરિયા સૌ ખત્મ કરી દેવામાં આવશે અને તેને ચામડાની જેમ ખેંચવામાં આવશે (જેવી રીતે કાચા ચામડાને ખેંચે છે) તે તદ્દન સપાટ મેદાન હશે જેના પર ન કોઈને કત્લ કરવામાં આવ્યો હશે અને ન તો તેના પર કોઈ ગુનોહ થયો હશે અને આસ્માનોના સૂરજ, ચાંદ તથા તારાઓ ખત્મ કરી દેવામાં આવશે. *(તફસીરે કબીર લિ ઈમામિ રાઝી, ૭/૧૧૨)*

હે કમજોર માનવી ! જરા વિચાર તો કરો કે તે દિવસની ભયાનકતા અને સખતી કેટલી મહાન હશે જ્યારે કે લોકો એ મેદાનમાં જમા થશે, સર્વ તારાઓ વિખેરાય જશે અને સૂરજ તથા ચાંદની રોશની અદશ્ય થઈ જવાના કારણે જમીન અંધકારમાં ડૂબી જશે અને એ જ હાલતમાં આસમાન પોતાની સર્વ અઝમત છતાં ફાટી જશે. તે આસમાન જેની પહોળાઈ ૫૦૦ વરસની મુસાફરી અને જેની ચોતરફના વિસ્તારોમાં ફરિશ્તાઓ તસ્બીહમાં મશ્ગૂલ છે, તેના ફાટવાનો ભયંકર અવાજ તારી શ્રવણ શકિત પર ભયાનક ભય છોડી જશે અને આસ્માન પીળાશ પડતી પીગળેલી ચાંદની જેમ વહી જશે અને લાલાશ પડતા તેલ જેવું થઈ જશે. આસ્માન રાખની જેમ, પહાડ રૂના ગોટાની જેમ હશે અને ઉઘાડા પગે લોકો ત્યાં વિખેરાયેલા હશે. ફર્માને નબવી છે કે લોકો ઉઘાડા પગે ઉઘાડા શરીરે ઉઠશે અને પોતાના પરસેવામાં કાનની પટ્ટી સુધી ડૂબેલા હશે. *(સુનને નિસાઈ–૧/૨૯૫, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની–૨૪/૩૪, કન્ઝુલ ઉમ્માલ–૧૪/૩૬૩, અત્તરહીબ વત્તરહીબ–૪/૨૦૭)*

ઉમ્મુલ મોમિનીન હઝરત સૌદા رضی اللہ عنہا એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! કેવો ઈબ્રતનાક મન્ઝર હશે કે અમે એકબીજાને નગ્ન જોઈશું ?! આપે ફરમાવ્યું, કોઈને કોઈનો હોશ હશે નહીં. એ દિવસે લોકો નગ્ન હશે પણ કોઈ કોઈની તરફ ધ્યાનિત થશે નહીં, કેમ કે લોકો વિવિધ રીતે ચાલી રહયા હશે. અમુક લોકો પેટના બળે અને અમુક મોઢાભેર ચાલશે. તેમને કોઈના પ્રતિ ધ્યાન કરવાનો હોશ જ હશે નહીં.

## ★ કયામતના દિવસની ત્રણ હાલતો ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફરમાવ્યું,

કયામતના દિવસે લોકો ત્રણ હાલતોમાં હશે : સવાર, પેદલ તથા મોઢાભેર ચાલવાવાળા. એક શખ્સે પૂછયું કે મોઢાભેર કેવી રીતે ચાલશે ? આપે ફરમાવ્યું, જે પગો પર ચલાવી શકે છે તે મોઢાભેર ચલાવવામાં પણ ક઼ાદિર છે. *(સહીહ બુખારી, ૨/૯૬૭, સહીહ મુસ્લિમ, ૨/૩૮૪ મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૩૪–૩૭, સુનને તિર્મિઝી, ૨/૧૪૬, સુનને નિસાઈ, ૧/૨૯૪, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૦૮, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૬૦)*

માણસની પ્રકૃતિમાં ઈન્કારનો માદ્દો ઘણો છે, જે ચીજને જોઈ નથી શકતો એનો ઈન્કાર કરી દે છે. જેમ કે જો માણસ સાપને પેટના થકી અતિશય વીજળીક ગતિથી દોડતો ન જોતો તો એ વાત કદી ન સ્વીકારતો કે પેટના બળે દોડી કે ચાલી શકાય છે. જેમણે પગો પર કોઈને ચાલતા નહીં જોયા હોય તેમના માટે એ વાતો અત્યંત આશ્ચર્યજનક હશે કે માનવી કેવળ પગો પર ચાલે છે, જેથી તમે દુનિયાવી ક઼યાસથી કામ લઈને આખેરતની અજાયબીઓનો ઈન્કાર ન કરો, બસ એના પર ક઼યાસ કરી લો કે જો તમે દુનિયાની અજાયબીઓ ન જોયી હોત અને તમને એમના વિશે બતાવવામાં આવત તો તમે સ્વીકારવાથી ઈન્કાર કરી આપત.

જરા પોતાના દિલમાં એવું વિચારો કે જ્યાર તમે નગ્ન ઝલીલ તથા રુસ્વા, હૈરાન પરેશાન પોતાના વિશે સારા કે બુરા ફૈંસલાની રાહ જોતા હશો ત્યારે તમારી શું વલે થશે ?!

### ★ મેહશરના મેદાનની કૈફિયત ★

મખ્લૂકના ટોળાં તથા ભીડભાડના વિશે જરા ખયાલ કરો કે મેહશરના મેદાનમાં જમીન તથા આસ્માનની સર્વ મખ્લૂક઼ ફરિશ્તા, જિન, માનવી, શૈતાન, જાનવર, જંગલી પશુઓ, પક્ષીઓ, સૌ જમા હશે, પછી સૂરજ નીકળશે. તેની ગરમી પહેલાં કરતાં બમણી હશે અને એની ગરમીમાં વર્તમાન કમી દૂર થઈ જશે. સૂર્ય લોકોનાં માથાઓ પર એક કમાનના અંતર બરાબર આવી જશે. એ વખતે અર્શે ઈલાહીના સાયા સિવાય કયાંય છાંયડો હશે નહીં. અને એના સાયામાં અબરાર હશે. સૂરજની સખત

ગરમીના કારણે દરેક જાનદાર સખત પીડા તથા બેપનાહ મુસીબતમાં હશે. લોકો એક બીજાને હટાવશે જેથી ભીડ ઓછી થાય. એ વખતે લોકો અલ્લાહ તઆલાની હુઝૂરમાં હાજરીના ખયાલથી અતિશય શર્મિંદા તથા ઝલીલ અને બેઈજ્જત થશે. એ વખતે સૂરની ગરમી, શ્વાસોની ગરમી, દિલોમાં પસ્તાવાની આગ અને જબરદસ્ત ભય તથા ગભરામણ છવાયેલ હશે અને દરેક વાળેથી પરસેવો વહેવાનો શરૂ થશે, ત્યાં સુધી કે તે કયામતના મેદાનમાં પાણીની જેમ ભરાઈ જશે અને તેમનાં શરીરો એકદમ પસીનામાં ડૂબેલાં હશે. અમુક ગુઠણો સુધી, અમુક કેડ સુધી, અમુક કાનપટ્ટી સુધી અને અમુક પગથી માથા સુધી પરસેવામાં ડૂબેલા હશે.

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, લોકો અલ્લાહની બારગાહમાં ઉભેલા હશે. ત્યાં સુધી કે અમુક લોકો કાનો સુધી પરસેવામાં ડૂબેલા હશે. *(સહીહ બુખારી, ૨/૯૬૭, સુનને ઈબ્ને માજહ, અબ્વાબુઝ્ઝુહદ, પેજ–૩૧૬, સહીહ મુસ્લિમ, ૨/૩૮૪, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૦૯, મિશ્કાતુલ મસાબીહ, ૪૮૪)*

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, કયામતમાં લોકોનો પરસેવો સિત્તેર હાથ ઊંચો થઈ જશે અને એમના કાનો સુધી પહોંચી જશે. એને બુખારી તથા મુસ્લિમે રિવાયત કરેલ છે. *(સહીહ બુખારી, ૨/૯૬૭, સહીહ મુસ્લિમ, ૨/૩૮૪, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૫૭, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૦૯)*

એક અન્ય રિવાયત છે કે લોકો ચાલીસ વરસ સતત આસ્માનની તરફ તાકી તાકીને જોતા રહેશે અને સખત તકલીફના કારણે પરસેવો એમના મોઢા સુધી પહોંચેલો હશે. *(સઅબુલ હુદા વર્રશાદ–૧૨/૪૫૯, અહયાઉલ ઉલૂમ–૪/૪૪૮)*

હઝરત ઉક્બા બિન આમિર رضی اللہ عنہ થી મરવી છે કે કયામતના દિવસે સૂરજ લોકોની અત્યંત નજીક હશે, લોકોને સખત પરસેવો થશે. જેથી અમુક લોકો ઘૂંટી સુધી, અમુક અડધી પિંડલી સુધી, અમુક જાંગો સુધી, અમુક કમર સુધી, અમુક મોઢા સુધી (અને આપે હાથના ઈશારાથી બતાવ્યું કે

તેમને પરસેવાની લગામ લાગેલી હશે) અને અમુક લોકો પરસેવામાં ડૂબી જશે અને આપે માથા તરફ ઈશારો કર્યો. *(સહીહ મુસ્લિમ–૨/૩૮૪, મુસ્નદે અહમદ બિન હંબલ–૫/૧૫૯, અલ મોઅજમુલ કરીબ લિત્તબરાની–૨/૨૮૧, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન–૪/૬૧૫, સુબલુલ હુદા વરસ્શાદ–૧૨/૪૬૦)*

હે કમજોર માનવી ! જરા કયામતના દિવસના પરસેવા તથા દુઃખદર્દને યાદ કર અને વિચાર ! એમનામાં એવા લોકો પણ હશે જેઓ કહેશે, “હે અલ્લાહ ! અમને આ મુસીબતથી નજાત આપ ! ભલે તું અમને જહન્નમમાં મોકલી આપ !” અને તું પણ એમનામાંથી એક હશે ! અને તને ખબર નથી કે તું કેટલે સુધી પરસેવામાં ડૂબેલો હશે ?!

દરેક તે માનવી જેનો હજ્જ, જેહાદ, રોઝા, નમાઝ, કોઈ ભાઈની હાજત પૂરી કરવી, નેકીનો હુકમ તથા બુરાઈથી મના કરવાના બારામાં પરસેવો નથી વહયો, તો કયામતના દિવસે શર્મિંદગી અને ખૌફના કારણે તેનો પરસેવો વહેશે અને સખત રંજો ગમ થશે. (એનાથી આવું કામ ન થયું છે)

જો માણસ જેહાલત તથા ધોકાથી અલિપ્ત રહીને વિચારે તો તેને જણાશે કે **ઈબાદતોમાં તકલીફ વેઠવી કયામતના લાંબા તકલીફદાયક તથા સખત દિવસના ઈન્તેઝાર અને પરસેવા (ના અઝાબ) કરતાં ખૂબ જ પ્રમાણમાં સરળ છે.**

(પ્રકરણ : ૩૭)

# મખ્લૂક઼ના ફેંસલાઓ

## ★ મુફલિસ કોણ છે ? ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે. હુઝૂર ﷺએ ફરમાવ્યું કે જાણો છો મુફલિસ કોણ છે ? અમે કહયું, મુફલિસ તે છે જેની પાસે રૂપિયા પૈસા તથા માલ સંપત્તિ ન હોય. આપે ફરમાવ્યું, નહીં ! મારી ઉમ્મતમાં મુફલિસ તે છે જે કયામતના દિવસે નમાઝ, રોઝા, ઝકાત વગેરેનો સવાબ લઈને આવશે પણ તેણે કોઈને ગાળ આપી હશે, કોઈની ગીબત, કોઈને નાહક કત્લ કર્યો, કોઈના પર જુલ્મ કર્યો હશે તથા કોઈનો માલ ખાધો હશે, તેની સર્વ નેકીઓ એ લોકોમાં વહેંચી દેવામાં આવશે. જયારે તેની નેકીઓ ખત્મ થઈ જશે તો અન્યોના ગુનાહ તેના પર નાખી દેવામાં આવશે અને તેને જહન્નમમાં નાખી દેવામાં આવશે. *(સહીહ મુસ્લિમ, ૨/૩૮૪, સુનને તિર્મિઝી, ૨/૬૭, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૫૮૭, અત્તરગીબ વત્તરહીબ–૩/૩૩૨)*

હે માનવ ! જરા વિચાર ! એ દિવસે તારી શું હાલત થશે ?! તારી પાસે કોઈ એવી નેકી નથી જેને તેં રિયા (બાહય આડંબર) અને શૈતાનના વસવસાઓથી પાક થઈને કરી હોય. જો તેં લાંબી મુદતમાં એક નિખાલસતાપૂવકની (ખાલિસ) નેકી હાંસલ કરી લીધી છે તો તે પણ ક઼યામતમાં તારા દુશ્મન લઈ જશે. કદાચ તેં તારા નફસનું પરીક્ષણ કરતાં જોયું હશે કે ભલે તું આખી રાત ઈબાદતમાં અને આખો દિવસ રોઝામાં ગુજારે છે પણ તારી ઝબાન મુસલમાનોની ગીબતથી નથી રોકાતી અને તારી નેકીઓ બર્બાદ થઈ જાય છે. અન્ય બુરાઈઓ જેમ કે હરામ ચીજને ખાવું, શંકાસ્પદ માલ હજમ કરી જવો અને સંપૂર્ણપણે અલ્લાહની ઈબાદત ન કરી શકવાની ઉણપથી તું કેવી રીતે ભારમુકત થઈ શકે છે ?! જયારે તે દિવસે દરેક શીંગ વિનાની બકરીને શીંગવાળી બકરીથી બદલો અપાવવામાં આવશે.

હઝરત અબૂઝર رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ બે બકરીઓને આપસમાં શીંગ મારતી જોઈને ફર્માવ્યું, અબૂઝર ! જાણો છો આ આવું શા માટે કરી રહી છે ? મેં કહ્યું, નહીં ! આપે ફર્માવ્યું, પરંતુ અલ્લાહ જાણે છે કે તેઓ કેમ એક બીજાને શીંગ મારી રહી છે અને કયામતના દિવસે તેમનો ફૈસલો કરશે. *(મુસ્નદે અહમદ બિન હંબલ–૬/૨૦૩)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ કુર્આને કરીમની આયત :–

**وما من دابة فى الارض ولا طآئر يطير بجنا حيه الا امم امثالكم**

''જમીનમાં સર્વ જાનવરો અને તમામ પક્ષીઓ તમારા જેમ એક ઉમ્મત છે'' *(પારા–૧૨, સૂ. અન્આમ, આયત–૩૮)* ની તફસીરમાં ફર્માવે છે, કયામતના દિવસે તમામ મખ્લૂક જાનવર, જંગલી પશુઓ, પક્ષીઓ વગેરે ઉઠાડવામાં આવશે અને દરેકને ઈન્સાફ આપવામાં આવશે, ત્યાં સુધી કે શીંગ વિનાની બકરીને શીંગવાળીથી બદલો અપાવવામાં આવશે અને પછી કહેવામાં આવશે કે માટી બની જાવ ! એ વખતે આ સાંભળીને દરેક કાફિર એવું પોકારી ઉઠશે કે, يٰلَيْتَنِى كُنْتُ تُرَابًا ''કાશ ! હું પણ માટી થઈ જતો !'' *(પારા : ૩૦, સૂ. નિબાઅ્, આયત : ૪૦) (અહયાઉલ ઉલૂમ–૪/૪૫૪)*

હે કમજોર માનવ ! એ સમયે જ્યારે કે તારુ આમાલનામુ નેકીઓથી ખાલી હશે, તું સખત દુઃખમાં સપડાયને કહીશ, મારી નેકીઓ કયાં છે ?! અને તને કહેવામાં આવશે કે તે તારા દુશ્મનોના આમાલનામાઓમાં તબદીલ થઈ ગઈ ! તે વખતે તું તારા આમાલનામાને બુરાઈઓથી ભરેલુ પામીશ, જેનાથી બચવાના માટે તેં દુનિયામાં અત્યંત કોશિશ કરી હતી અને રંજોગમ ઉઠાવ્યો હતો. ત્યારે તું કહીશ, હે અલ્લાહ ! મેં તો આ ગુનાહો કર્યા ન હતા ! તો તને કહેવામાં આવશે કે આ તે લોકોની બુરાઈઓ તારા હિસ્સામાં આવી જેમની તેં ગીબત કરી, ગાળો આપી અને તેમનાથી લેણદેણ, પડોશ, વાતચીત, ચર્ચાઓ તથા અન્ય મામલાઓમાં તેં ગેરવર્તાવ કર્યો હતો.

હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફમાવ્યું,

શૈતાન અરબ દ્વિપમાં બુત પરસ્તી (મૂર્તિપૂજા)થી નિરાશ થઈ ગયો છે, પરંતુ તે નજીકમાં તમારા બુરાં કાર્યોથી રાજી થઈ જશે અને આ જ બદઆમાલીઓ તબાહ કરનારી છે. જ્યાં સુધી બની શકે જુલ્મ કરવાથી બચો, કેમ કે કયામતના દિવસે એક એવો ઈન્સાન પણ આવશે જેની નેકીઓ પહાડોની જેમ હશે અને તે એવું સમજશે કે હું નજીકમાં નજાત પામી લઈશ. પણ સતત માણસો આવતા રહેશે અને કહેશે કે હે અલ્લાહ ! એણે અમારા પર જુલ્મ કર્યો હતો. રબ ફરમાવશે, એની નેકીઓ મિટાવી દો, ત્યાં સુધી કે એની કોઈ નેકી બાકી રહેશે નહીં, આ એવું જ છે જેમ કે કેટલાક લોકો સફરમાં એક રણમાં ઉતર્યા. એમની પાસે લાકડીઓ ન હતી. તેઓ આપસમાં ફેલાઈ ગયા અને તેમણે લાકડીઓ એકત્ર કરી. પણ આગ સળગાવતા પહેલાં જ ત્યાંથી ચાલી નીકળ્યા. એ જ હાલ ગુનાહોનો છે. *(મુસ્નદે અહમદ બિન હંબલ–૩/૫૮, મુખ્તસરન કન્ઝુલ ઉમ્માલ–૧૨/૩૦૫)*

જ્યારે આ આયતે કરીમા નાઝિલ થઈ :–

**انك ميت وانهم ميتون ثم انكم يوم القيٰمة عند ربكم تختصمون**

''બેશક ! તમારે ઈન્તેકાલ કરવાનો છે અને એમને પણ મરવાનું છે. પછી તમો કયામતના દિવસે પોતાના રબના ત્યાં ઝઘડશો.'' *(સૂ. ઝુમર, પારા : ૨૩, આયત : ૩૦–૩૧)*

તો હઝરત ઝુબેર رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم અમે દુનિયામાં એકબીજાની સાથે જેઓ ઝિયાદતીઓ (જબરદસ્તી) કરીએ છીએ તે પલટાવવામાં આવશે ? આપે ફરમાવ્યું, હા ! જેથી દરેક મઝલૂમને તેનો હકક્ અપાવવામાં આવશે. હઝરત ઝુબેર رضی اللہ عنہએ કહયું, બખુદા ! આ વાત ખૂબ જ મહાન છે. *(મુસ્નદે અહમદ બિન હંબલ–૧/૨૭૧, અલમુસ્તદરક અલસ્સહીહૈન–૨/૨૭૨)*

આવો મહાન દિવસ જેમાં કોઈ કદમને બખ્શવામાં નહીં આવે અને ન તો કોઈ થપ્પડથી દરગુઝર કરવામાં આવશે, જેથી દરેક મઝલૂમને જાલિમ પાસેથી તેનો હકક અપાવવામાં આવશે.

હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફરમાવ્યું, અલ્લાહ તઆલા કયામતના દિવસે લોકોને નગ્ન, ધૂળમાં ભરેલા, ખાલી

હાથ ઉઠાડશે. પછી અલ્લાહ તઆલા ફર્માવશે (અને એ અવાજ નજીક તથા દૂર એક સરખો સંભળાશે) કે હું બાદશાહ છું દરેક શખ્સને તેના અમલોના પ્રમાણે બદલો દેવાવાળો છું. કોઈ જન્નતી જન્નતમાં અને દોઝખી દોઝખમાં બદલો આપ્યા વિના જશે નહીં, ત્યાં સુધી કે મામૂલી સરખી ચીજોનો પણ બદલો આપવામાં આવશે. અમે રસૂલુલ્લાહ ﷺને અર્ઝ કરી, હુઝૂર ! બદલો કઈ રીતે આપવામાં આવશે ! લોકો તો નગ્ન તથા ખાલી હાથે હશે. આપે ફર્માવ્યું, નેકીઓ અને ગુનાહોની સાથે બદલા આપવા તથા લેવામાં આવશે, *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન–૨/૪૭૫, મુસ્નદે અહમદ બિન હંબલ–૪/૫૫૨, અસદુલગાબા ફી મઅરિફતિસ્સિહાબા–૩/૧૭૮)*

જેથી અલ્લાહથી ડરો ! લોકોનો માલ છીનવીને, તેમની ઈજ્જતો પાયમાલ કરીને, તેમનાં દિલો દુઃખાવીને અને તેમની સાથે બુરો વર્તાવ કરીને તેમના પર જુલ્મ ન કરો, કેમ કે જે ગુનાહ બંદાઓ અને ખુદા તઆલાના દરમિયાન છે તે ખૂબ જ જલ્દી માફ કરી દેવામાં આવશે.

જે શખ્સ ગુનાહ તથા લોકો પર જુલ્મ કરીને તૌબા કરી ચૂકયો હોય તેણે જોઈએ કે તે નેકીઓમાં દિલ લગાડે અને તેમને કયામતના દિવસના માટે ઝખીરો બનાવે. તદ્ઉપરાંત સંપૂર્ણ ઈખ્લાસની સાથે એવી નેકીઓ કરે જેને અલ્લાહ તઆલા સિવાય કોઈ ન જાણતુ હોય. શકય છે એના તુફૈલ અલ્લાહ તઆલા તેને પોતાનો મુકર્રબ બનાવી લે અને તે મહબૂબ મોમિનોની જમાઅતમાં એને સામેલ કરી લે જેને તે જુર્મો છતાં પોતાના લુત્ફો કરમથી બખ્શી આપશે.

## ★ માફીનું ઈનામ ★

હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે. અમે રસૂલુલ્લાહ ﷺની સાથે બેઠેલા હતા. અચાનક હુઝૂર ﷺએ સ્મિત કર્યું એ રીતે કે આપનાં દાંત મુબારક દેખાવા લાગ્યા. હઝરત ઉમર رضی اللہ عنہએ અર્ઝ કરી, મારાં માબાપ આપ પર કુર્બાન થાય ! હુઝૂર ! કઈ વાત પર સ્મિત કરી રહયા છો ? ! આપે ફર્માવ્યું, મારી ઉમ્મતના બે માણસો અલ્લાહની બારગાહમાં હાજર

થશે. એમાંથી એક કહેશે, ઈલાહલ આલમીન ! મને આ ભાઈથી ઈન્સાફ અપાવ ! રબ તઆલા બીજા માણસને ફર્માવશે કે એને એનો હકક઼ આપો ! તે અર્ઝ કરશે, યા ઈલાહી ! મારી નેકીઓમાં કાંઈ બાકી નથી રહયું. અલ્લાહ તઆલા ઈન્સાફ ચાહવાવાળાથી ફર્માવશે, હવે શું કહો છો ? તે કહેશે, હે અલ્લાહ ! એના બદલામાં મારા ગુનાહોના હાર એના પર કરી આપ. હુઝૂર ﷺની આંખો અશ્રુમય થઈ ગઈ. પછી ફર્માવ્યું, બેશક ! એ ખૂબ જ સખત દિવસ હશે. લોકો પોતાના ગુનાહ બીજાઓ પર નાખવાના ઈચ્છુક હશે. અલ્લાહ તઆલા પહેલા શખ્સને ફર્માવશે કે નજર ઉઠાવીને જન્નતને જુઓ. તે જન્નતને જોઈને કહેશે, મેં સોના ચાંદીના ઊંચા ઊંચા મહેલો જોયા છે જેમાં મોતીઓ જડેલાં છે ! આ કયા નબી, સિદ્દીક અથવા શહીદના માટે છે ?! રબ્બે ઝુલજલાલ ફર્માવશે, જે એની કિંમત અદા કરશે એને આપીશ. તે કહેશે, હે અલ્લાહ ! એમની કિંમત કોની પાસે છે ?! અલ્લાહ ફર્માવશે, તારી પાસે એમની કિંમત છે અને તે એ છે કે તું તારા આ ભાઈને માફ કરી આપ ! જેથી તે એને માફ કરી આપશે. અને રબ તઆલા ફર્માવશે, તારા ભાઈનો હાથ પકડીને તેને જન્નતમાં દાખલ કરી આપ ! ત્યારબાદ હુઝૂર ﷺએ ફર્માવ્યું, અલ્લાહથી ડરો ! અને એકબીજા સાથે ભલાઈ કરો. અલ્લાહ તઆલા ક઼યામતના દિવસે મોમિનોમાં આપસમાં સુલહ કરાવશે. *(અલમુસ્તદરક અલસ્સહીહૈન–૪/૬૨૦)*

આ ઈર્શાદમાં એ તાકીદ જોવા મળે છે કે ઈન્સાન પોતાના અખ્લાક઼ બેહતર બનાવે, લોકો સાથે નેકી કરે. હવે ઈન્સાન ! જરા વિચાર કર ! જો તારું આમાલનામુ એ દિવસે જુલ્મોથી પાક હોય, અથવા અલ્લાહ તઆલા તને પોતાના લુત્ફો કરમથી બખ્શી આપે અને તને હમેશાંની નેક બખ્તીનું યક઼ીન થઈ જાય તો અલ્લાહ તઆલાની અદાલતથી પરત થતાં તને કેટલી ખુશી તથા મસર્રત થશે ?! તારા શરીર પર રઝાએ ઈલાહીનો લિબાસ હશે, તારા માટે કાયમની નેક નસીબી હશે અને હમેશાં રહેનારી નેઅમતો હાંસલ થશે, એ વખતે તારું દિલ ખુશી તથા શાદમાનીથી ઉડી રહયું હશે. તારો ચહરો સફેદ તથા નૂરાની હશે અને ચૌદમી રાતના ચાંદની જેમ

ચમકતો! તું માથુ ઉઠાવેલ તે ફખ્રની સાથે લોકોમાં જઈશ કે તારી પીઠ ગુનાહોથી ખાલી હશે, જન્નતની હવાઓ અને રઝાએ ઈલાહીની ઠંડકથી તારી પેશાની ચમકી રહી હશે, સર્વ મખ્લૂકની નજરો તારા પર જામેલી હશે, તેઓ તારા હુસ્નો જમાલ પર રશ્ક કરશે, ફરિશ્તાઓ તારી આગળ પાછળ ચાલી રહયા હશે અને લોકોને કહેશે, આ ફલાણાનો પુત્ર ફલાણો છે ! અલ્લાહ તઆલા એનાથી રાજી થયો અને એને રાજી કરી આપ્યો, એને હમેશાંની નેક નસીબી મયસ્સર થઈ ગઈ છે અને તેણે કદાપિ બદબખ્તીથી મળવાનું થશે નહીં. શું તું આ મક઼ામને એ મક઼ામથી બુલંદ નથી સમજતો જેને તું રિયા, બનાવટ, મુનાફ઼િક઼ત અને શો બાઝી કે શણગાર વડે લોકોના દિલોમાં બનાવે છે ?! જો તું એ વાતને સારી સમજે છે અને યક઼ીનન ! એ જ આખેરતનો મક઼ામ સારો છે, તો ઈખ્લાસ અને અલ્લાહ તઆલાના હુઝૂર સાચી નિય્યત સાથે હાજરી આપ તો તું એ બુલંદ મર્તબો હાંસલ કરીશ.

## ★ આમાલનામાનું બુરાઈઓથી ભરેલ હોવું અને તેનો અંજામ ★

નઊઝુબિલ્લાહ ! જો એવું ન થયું અને તારા આમાલનામાંથી સર્વ બુરાઈઓ નીકળી જેને તું મામૂલી સમજતો હતો, જયારે કે અલ્લાહ તઆલાની નજીક તે ખૂબ જ મોટી ગલતીઓ હતી. એના કારણે તારા પર અલ્લાહ તઆલાનો પ્રકોપ થયો અને તે ફર્માવે, હે બદતરીન ઈન્સાન ! તારા પર મારી લઅનત થાય ! હું તારી ઈબાદત કબૂલ નથી કરતો ! તો એ અવાજ સાંભળતાં જ તારો ચહેરો કાળો થઈ જશે. પછી અલ્લાહ તઆલાની નારાઝગીના કારણે અલલહના ફરિશ્તા તારા પર નારાજ થઈ જશે અને કહેશે, તારા પર અમારી અને તમામ મખ્લૂકની તરફથી લઅનત થજો ! એ વખતે અઝાબના ફરિશ્તા પોતાની ભરપુર બદમિઝાજી, ઉધ્ધત વર્તાવ અને ભયાનક શકલોની સાથે રબ તઆલાની નારાઝગીના કારણે અતિશય ગુસ્સામાં તારી તરફ વધશે અને તારી પેશાનીનાવાળોને પકડીને તને સર્વ લોકોની સામે મોઢાભેર ઘસેડે, લોકો તારા ચહેરાની કાળાશને જુએ, તારી બેઈજ્જતી જુએ અને તું હલાકતને પુકારે, અને ફરિશ્તા તને કહે, તું આજે

એક હલાકતને નહીં, ઘણી બધી હલાકતોને બોલાવી લે ! અને ફરિશ્તા પોકારીને કહે, આ ફલાણાનો પુત્ર ફલાણો છે, અલ્લાહ તઆલાએ આજે તેની બેઈજ્જતીઓનો પદો ચીરી નાખ્યો છે, એના બુરા અમલોને લીધે એના પર લઅનત કરી છે અને હમેશાંની બદબખ્તી તેને નસીબ થઈ છે. અને આ અંજામ ઘણીવાર એવા ગુનાહોનો હોય છે જેને તેં લોકોથી છુપાઈને કર્યા હોય. એમનાથી શર્મિંદગી તથા તક્વો પ્રદર્શિત કરવાના રૂપે તેં એવું કર્યું હોય પણ એનાથી વધીને તારી બેવકૂફી એ શું હશે કે તેં અમુક માણસોના ડરથી દુનિયવી બેઈજ્જતીથી બચીને છુપાઈને ગુનોહ કર્યો, પછી આ મહાન બેઈજ્જતીથી જે આખી દુનિયાની સામે થશે, અને એમાં અલ્લાહ તઆલાની નારાઝગી, દર્દનાક અઝાબ અને અઝાબના ફરિશ્તાઓનું તને જહન્નમની તરફ ઘસેડવું અને અન્ય અઝાબો સામેલ થશે તેનાથી બચવાની તેં કોઈ તદબીર ન કરી. કયામતમાં તારી આ જ હાલત થશે, પણ અફસોસ ! કે તને ઉપસ્થિત થનારા ખતરાઓનો રજમાત્ર એહસાસ નથી !

(પ્રકરણ : ૩૮)

# માલ સંપત્તિની બુરાઈ

## ★ માલો તથા અવલાદ તમારા માટે આજમાઈશ છે ★

ફર્માને ઈલાહી છે :–

**یایها الذین اٰمنوا لاتلهكم اموالكم ولا اولادكم عن ذكر الله ومن يفعل ذالك فاولئك هم الخٰسرون**

"હે ઈમાનવાળાઓ ! તમને તમારો માલ તથા ઔલાદ અલ્લાહથી ગાફેલ ન કરે, અને જેણે એવું કર્યું તેઓ નુકસાન પામનારા છે." *(પારા : ૨૮, સૂ. મુનાફિકૂન, આયત : ૯)*

વધુમાં ઈર્શાદ છે : **انما اموالكم واولادكم فتنة والله عنده اجر عظيم** "બેશક ! તમારા માલો તથા ઔલાદ તમારા માટે આજમાઈશ છે અને અલ્લાહની નજીક ઘણો જ મહાન બદલો છે." *(પારા–૨૮, સૂ. તગ઼ાબૂન, આયત–૧૫)*

જેથી જે કોઈએ પણ માલ તથા ઔલાદને અલ્લાહની રહમત પર અગ્રતા આપી તેણે મહાન નુકસાન કર્યું.

ફર્માને ઈલાહી છે : "જે શખ્સ દુનિયાવી જિંદગી તથા સાઝ શણગારની તમન્ના કરે છે." (છેવટ આયત સુધી) *(પારા–૧૨, સૂ. હૂદ, આયત–૧૫)*

ફર્માને ઈલાહી છે : **ان الانسان ليطغىٰ ان راه استغنىٰ** "તેહકીક઼ ઈન્સાન નાફર્માની કરે છે એના લીધે કે તે પોતાને ગની તથા બેપર્દા સમજે છે." *(પારા : ૩૦, સૂ.અલક઼, આયત : ૬–૭)*

વધુમાં ફર્માવ્યું : "તમને માલની અધિકતાની તલબે હલાક કરી નાખ્યા." *(પારા–૩૦, સૂ. અલ્તકાષુર, આયત–૧)*

ફર્માને નબવી છે કે **જેવી રીતે પાણી લીલોતરી ઉઘાડે છે એવી રીતે માલ તથા ઈજ્જતની મહોબ્બત માણસના દિલમાં નિફાક઼ પેદા કર છે.** *(અહયાઉલ ઉલૂમ–૩,૨૦૭)*

ફર્માને નબવી છે કે બે ખતરનાક વરૂઓ બકરીઓના વાડામાં ઘુસીને એટલુ નુકસાન નથી કરતા જેટલું કોઈ મુસલમાનના દીનમાં માલ, ઈજ્જત તથા મોટાઈની તમન્ના નુકસાન કરે છે. *(સુનને તિર્મિઝી–૨/૬૨, અલ્મોઅજમુસ્સગીર લિત્તબરાની–૨/૬૧, કન્ઝુલ ઉમ્માલ–૩/૨૨૨, હિલ્યતુલ અવલિયા–૭/૯૪, અલ્મઅજમુલ કબીર લિત્તબરાની–૧૯/૯૬)*

ફર્માને નબવી છે કે ઘણા બધા માલદારો હલાક થઈ ગયા, પણ જેમણે ખુદાના બંદાઓ પર અંદાઝા બહારનો માલ ખર્ચ કર્યો. (તેઓ હલાકતથી મેહફૂઝ રહયા) અને એવા લોકો ઓછા છે. આપને પૂછવામાં આવ્યું, આપની ઉમ્મતમાં સૌથી બુરા લોકો કોણ છે ? ફર્માવ્યું, માલદાર ! *(મુસ્નદે અહમદ બિન હંબલ–૨/૨૫૯, કન્ઝુલ ઉમ્માલ–૩/૨૨)*

ફર્માને નબવી છે કે નજીકમાં જ તમારા પછી એક કૌમ આવનારી છે જે દુનિયાની ખુશરંગ નેઅમતો ખાશે, ઉમદા ચાલવાળા ઘોડાઓ પર સવાર થશે, બેહતરીન હસીન સુંદર સ્ત્રીઓ સાથે નિકાહ કરશે, બેહતરીન રંગોવાળા કપડાં પહેરશે, તેમનાં મામૂલી પેટો કદી ભરાશે નહીં, તેમનાં દિલો અઢળક દૌલતથી પણ સંતોષ પામશે નહીં. સવાર સાંજ દુનિયાને મઅબૂદ સમજીને એની ઈબાદત કરશે, તેને પોતાનો રબ સમજશે. એનાં જ કામોમાં માન અને એની જ પયરવીમાં ચાલતા રહેશે. જે શખ્સ એ લોકોના જમાનાને પામે તેને મુહમ્મદ બિન અબ્દુલ્લાહ ﷺની વસિયત છે કે તે તેમને સલામ ન કરે, બીમારીમાં તેમની અયાદત (ખબરગીરી) ન કરે, તેમના જનાઝાઓમાં સામેલ ન થાય અને તેમના સરદારોની ઈજ્જત ન કરે. અને જે શખ્સે એવું કર્યું તેણે ઈસ્લામને મિટાવવામાં એમની મદદ કરી. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની–૮/૧૦૭, કન્ઝુલ ઉમ્માલ–૩/૫૬૧, અહયાઉલ, ઉલૂમુદ્દીન, ૩/૨૦૭)*

ફર્માને નબવી છે કે દુનિયાને દુનિયાદારો માટે છોડી દો જેણે પોતાની જરૂરતથી વધુ દુનિયા લઈ લીધી તેણે બેખબરીમાં પોતાના માટે હલાકત લઈ લીધી. *(કન્ઝુલ ઉમ્માલ, ૩/૨૩૫)*

## ★ રાહે ખુદામાં ખર્ચાનારો માલ બાકી રહે છે ★

ફર્માને નબવી છે કે ઈન્સાન મારો માલ, મારો માલ કરે છે પણ

તમારા માલમાંથી તે છે જે તેં ખાય લીધું અને તે ખત્મ થઈ ગયું, અને જે પહેરી લીધું તે પૂરાણુ થઈ ગયું. જે રાહે ખુદામાં ખર્ચ કર્યું તે જ બાકી રહયું. *(સહીહ મુસ્લિમ–૨/૪૦૭, સુનને તિર્મિઝી–૨/૬૦, સુનને નિસાઈ–૨/૧૨૮, મુસ્નદે અહમદ બિન હંબલ–૪/૬૦૩, સુનને કુબરા લિલ બયહકી–૪/૧૦૧, મિશ્કાતુલ મસાબીહ,પેજ–૪૪, અલ મુસ્તદરક અલસ્સહીહૈન–૨/૫૮૨, અસદુલ ગાબા ફી મઅરિફતિસ્સહાબા–૨/૨૭૯, હિલ્યતુલ અવલિયા–૨/૨૪૦)*

એક શખ્સે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મને શું થઈ ગયું છે કે હું મૌતને સારું નથી સમજતો ?! આપે ફર્માવ્યું, તારી પાસે કાંઈ માલ દૌલત છે ? તેણે અર્ઝ કરી, જી હા ! આપે ફર્માવ્યું, માલને રાહે ખુદામાં ખર્ચી નાખ, કેમ કે મોમિનનું દિલ પોતાના માલની સાથે રહે છે. જો તે માલને રોકી રાખે છે તો તેનું દિલ મરવા માટે તૈયાર નથી થતું, અને જો તે માલને આગળ મોકલી આપે છે (રાહે ખુદામાં ખર્ચી નાખે છે) તો તેને પણ ત્યાં જવાની આરઝૂ થાય છે. *(અહયાઉલ ઉલૂમ–૩/૨૦૭)*

ફર્માને નબવી છે કે ઈન્સાનના ત્રણ દોસ્તો છે : એક એના મૃત્યુ સુધી સાથે રહે છે, બીજો કબર સુધી અને ત્રીજો કયામત સુધી સાથે રહેશે. મૌત સુધીનો સાથી તેનો માલ છે, કબ્ર સુધી સાથ આપનાર તેનું ખાનદાન છે અને કયામત સુધી સાથ આપનાર એના અમલો છે. *(સહીહ બુખારી, ૨/૯૬૪, સહીહ મુસ્લિમ, ૨/૪૦૭, સુનને નિસાઈ, ૧/૨૭૪, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૫૫૧, મિશ્કાતુલ મસાબીહ, પેજ–૪૪૦, કન્ઝુલ ઉમ્માલ, ૧૫/૬૯૦)*

હઝરત ઈસા عليه السلام ના હવારીઓ (સાથીઓ)એ આપને પૂછયું, શું કારણ છે કે આપ પાણી પર ચાલો છો અને અમે નથી ચાલી શકતા ? આપે ફર્માવ્યું, તમે માલ તથા દૌલતને કેવી સમજો છો ? તેઓ બોલ્યા, સારી સમજીએ છીએ ! આપે ફર્માવ્યું, પણ મારી નજીક માટીનું ઢેફુ અને રૂપિયા સમાન છે.

## ★ ગુનેહગાર માલદાર પુલસિરાતથી પસાર થઈ શકશે નહીં ★

હઝરત સલમાન ફારસી رضي الله عنه એ હઝરત અબૂ દરદા رضي الله عنه ને લખ્યું કે હે ભાઈ ! પોતાને આટલી દુનિયા ભેગી કરવાથી બચાવો જેનો

તમે શુક્ર અદા ન કરી શકો. કેમ કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે અલ્લાહ તઆલાનો આજ્ઞાંકિત માલદાર પોતાનો માલ લઈને કયામતમાં આવશે, તે પુલસિરાતથી પસાર થવા લાગશે તો તેને માલ કહેશે પસાર થઈ જા કેમ કે તેં મારો હક્ક અદા કર્યો હતો. અને જ્યારે ગુનેહગાર દૌલતમંદ આવશે અને પુલસિરાતથી પસાર થવા લાગશે તો તેનો માલ કહેશે, તારા માટે બર્બાદી છે, તેં મારા બારામાં અલ્લાહ તઆલાના નિશ્ચિત કરેલ હક્કો પૂરા કર્યા ન હતા. પછી તેને હલાકતમાં નાખી દેવામાં આવશે. *(કન્ઝુલ ઉમ્માલ–૬/૩૦૯, હિલ્યતુલ અવલિયા–૧/૨૦૮)*

ફર્માને નબવી છે કે જ્યારે માણસ મૃત્યુ પામે છે તો ફરિશ્તા કહે છે, આ માણસે શું મોકલ્યું હતું ? (રાહે ખુદામાં શો ખર્ચ કર્યો હતો ?) અને માણસો કહે છે કે એને કેટલું એક છોડયું છે ! *(અખ્રજહુલ બયહકી ફિશ્શુઅબિ મિન હદીષ અબીહુરૈરહ, અહયાઉલ ઉલૂમ–૩/૨૦૮)*

ફર્માને નબવી છે કે જાયદાદ (સંપત્તિ) ન બનાવો, નહીં તો તમે દુનિયાથી મહોબ્બત કરવા લાગશો. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૬૨૩, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૩૮૫)*

મરવી છે કે કોઈ શખ્સે હઝરત અબૂ દર્દા رضی اللہ عنہને ન કહેવાના વેણ કહયા. આપને તે નાપસંદ પડયું અને આપે અલ્લાહ તઆલાથી બદદુઆ કરી, હે અલ્લાહ ! જેણે મને બુરો કહયો છે તેના શરીરને તંદુરસ્ત રાખ ! તેને લાંબું જીવન અને પુષ્કળ માલમતા અતા કરી આપ. એટલે કે તેમણે તંદુસ્રતી તથા લાંબા જીવનની સાથે માલમતાની અધિકતાને પણ બુરી અને તેને સીધા માર્ગેથી હટાવનાર જાણી. *(અહયાઉલ ઉલૂમ–૩/૩૦૮)*

હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ એક દિરહમ હાથ પર રાખીને ફર્માવ્યું, તું જ્યાં સુધી મારાથી અલગ નહીં થાય ત્યાં સુધી મને કોઈ ફાયદો આપશે નહીં.

મરવી છે કે હઝરત ઉમર رضی اللہ عنہએ ઉમ્મુલ મોમિનીન હઝરત ઝયનબ બિન્તે જહશ رضی اللہ عنہاની ખિદમતમાં કેટલીક રકમ મોકલી. આપે પૂછયું, આ શું છે ? લોકોએ કહયું, હઝરત ઉમર رضی اللہ عنہએ આપની ખિદમતમાં રકમ મોકલી છે. આપ બોલ્યાં, અલ્લાહ તઆલા ઉપર પર

રહમત ફર્માવે. પછી એક પર્દો લઈને તેના કેટલાક ટુકડા કર્યા અને તેની થેલીઓ બનાવીને એમાં રકમ નાખીને સર્વ રકમ સગાંઓ અને યતીમોમાં વહેંચી નાખી અને હાથ ઉઠાવીને અલ્લાહ તઆલાથી દુઆ માગી કે હે ઈલાહલ આલમીન ! એ પહેલાં કે મારી પાસે આવતા વરસે હઝરત ઉમર رضی اللہ عنہની આવી જ રકમ આવે, મને દુનિયાથી ઉઠાવી લે ! જેથી તે હુઝૂર صلی اللہ علیہ وسلمના વિસાલ બાદ સૌ પ્રથમ પત્ની સાહેબા છે જેમણે સૌથી પ્રથમ ઈન્તેકાલ કર્યો.

હઝરત હસન رحمۃ اللہ علیہનો કૌલ છે, જેણે દૌલતને ઈજ્જત આપી તેને અલ્લાહે ઝલીલ કર્યો. કહે છે કે જ્યારે રૂપિયા પૈસા બને છે તો સૌથી પ્રથમ શૈતાન તેને ઉઠાવીને માથે લગાડીને ચૂમે છે અને કહે છે, જે શખ્સે તમારાથી મહોબ્બત કરી તે યકીનન ! મારો બંદો છે.

હઝરત સમીત બિન અજલાન رحمۃ اللہ علیہનો કૌલ છે, રૂપિયા પૈસા મુનાફિકોની એવી મહારો છે જે એમને જહન્નમમાં લઈ જાય છે.

હઝરત યહયા બિન મઆઝ رحمۃ اللہ علیہનો કૌલ છે કે રૂપિયા પૈસા વીછી છે, જો તમને એના કાપવાનો મંત્ર ન આવડતો હોય તો એને હાથ ન લગાડો. જો એણે તને ડંખ મારી દીધો તો એનું ઝહેર તને ખત્મ કરી દેશે. પૂછવામાં આવ્યું, એનો મંત્ર શું છે ? આપે ફર્માવ્યું, હલાલથી કમાવું અને સહીહ કામમાં ખર્ચ કરવું.

હઝરત અલાઅ્ બિન ઝિયાદ કહે છે, મારી સમક્ષ દુનિયા તમામ શણગારોથી સજ્જ થઈને આવી. તો મેં કહ્યું, હું તારી બુરાઈથી અલ્લાહની પનાહ માગુ છું, દુનિયાએ કહ્યું, જો તમે મારી બુરાઈથી બચવા ચાહો છો તો રૂપિયા પૈસાથી દુશ્મની રાખો, કેમ કે દૌલત તથા રૂપિયા પૈસા હાંસલ કરવું દુનિયાને હાંસલ કરવું છે, જે એનાથી અલગ રહે તે દુનિયાથી બચી જાય છે. એટલા માટે કહેવામાં આવ્યું છે :–

(૧) મેં એ રહસ્ય પામી લીધું છે અને તમે પણ સમજી લો કે દૌલતને છોડીને જ તકવો હાંસલ થાય છે.

(૨) જ્યારે તું દુનિયા પામીને તેને છોડી દે તો ખરેખર તેં એક મુસલમાન જેવો તકવો હાંસલ કર્યો છે.

એક શાયર કહે છે :–

(૧) તને કોઈનું થીંગડાવાળુ કમીસ અથવા મોટી પીંડલી સુધી ઉઠેલી ચાદર (તેહબંદ).

(૨) અથવા એની પેશાની પર ઈબાદતનું નિશાન તને ધોકામાં ન નાખે, તમે એ જુઓ કે કયાંક તે માલો દૌલતથી મહોબ્બત તો નથી કરો.

## ★ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہનો મૃત્યુનો સમય ★

મરવી છે કે જનાબ ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہના મૃત્યુ સમયે મુસૈલમા બિન અબ્દુલ મલિકે આવીને કહયું, અમીરુલ મોમિનીન ! આપે એવું કામ કર્યુ છે જે પહેલાંના હાકિમોએ નથી કર્યુ. **તમે તમારી ઔલાદને તંગદસ્ત (ગરીબ) છોડીને જઈ રહયા છો.** હઝરત અબ્દુલ અઝીઝનાં તેર બાળકો હતાં. આપે આ સાંભળીને ફમાવ્યું, મને બેઠો કરો ! જ્યારે આપ બેસી ગયા તો ફર્માવ્યું, તમે એવું કહયું છે કે મેં એમના માટે માલ તથા દૌલત નથી છોડી. મેં કદી એમનો હક્ક નથી રોકયો અને ન કદી મેં તેમને અન્યોનો હક્ક આપ્યો છે. **જો તેઓ ઈતાઅત ગુઝાર (આજ્ઞાંકિત) રહેશે તો અલ્લાહ તઆલા તેમની જરૂરતો પૂરી કરશે, તે જ નેકોનો સરપસ્ત છે. અને જો તેઓ બદકાર નીકળે તો મને એમની કોઈ પરવા નથી.** *(અહયાઉલ ઉલૂમ–૩/૨૦૯)*

રિવાયત છે કે જનાબ મુહમ્મદ બિન કઅબ કર્ઝી رحمۃ اللہ علیہને કયાંકથી ઘણી બધી દૌલત મળી ગઈ. તેમને કહેવામાં આવ્યું કે પોતાની ઔલાદના માટે કાંઈક જમા કરી આપો. આપે ફર્માવ્યું કે હું એને મારા માટે અલ્લાહને ત્યાં જમા કરીશ અને મારા રબને મારી ઔલાદના માટે છોડી જઈશ. *(અહયાઉલ ઉલૂમ–૩/૨૦૯)*

મરવી છે કે એક શખ્સે અબૂ અબ્દુર્રબથી કહ્યું, હે બિરાદર ! પોતાની ઔલાદના માટે બુરાઈ નહીં બલ્કે ભલાઈ છોડીને જાવ. તો તેમણે પોતાના માલથી એક લાખ દિરહમ કાઢયા. *(અહયાઉલ ઉલૂમ–૩/૨૦૯)*

હઝરત યહયા ઈબ્ને મઆઝ رحمۃ اللہ علیہનો કૌલ છે કે બે મુસીબતો

એવી છે કે એના જેવી મુસીબતો આગલા પાછલા લોકોએ નથી સાંભળી, તે છે મૌતના વખતે બંદાનો માલ પર અફસોસ. પૂછવામાં આવ્યું, તે કેવી રીતે ? આપે ફર્માવ્યું, તેનાથી સર્વ દૌલત છીનવાય જાય છે, અને બીજું એ કે એણે તમામ દૌલતનો હિસાબ અલ્લાહને આપવો પડે છે.

*(પ્રકરણ : ૩૯)*

## અમલો, મીઝાન અને જહન્નમની આગ

મીઝાને અમલ અને નામાએ આમાલના જમણા કે ડાબા હાથમાં આપવામાં આવનારના બારામાં વિચાર કરતા રહેવું તમારા માટે જરૂરી છે, કેમ કે હિસાબના પછી લોકોની ત્રણ જમાઅતો થશે. એક જમાઅત તે હશે જેની કોઈ નેકી નહીં હોય, ત્યારે આગળથી એક કાળી ગરદન જાહેર થશે જે એમને એ રીતે ઊંચકી લેશે જેવી રીતે પક્ષી દાણાને ઊંચકી લે છે, અને એમને લપેટીને આગમાં નાખી દેશે. પછી પોકારીને કહેવામાં આવશે, તેમની બદબખ્તી કાયમની છે અને એમના માટે કોઈ ભલાઈની આશા નથી. બીજી જમાઅત તે હશે જેની કોઈ બુરાઈ નહીં હોય. એ દિવસે પોકાર થશે કે દરેક હાલતમાં અલ્લાહની હમ્દ કરવાવાળાઓ ઉભા થઈ જાય. તેઓ ઉભા થઈ જશે અને ખૂબ જ ઈત્મિનાનપૂર્વક જન્નતમાં દાખલ થશે. પછી રાતોમાં ઈબાદત કરનારાઓ, વેપાર તથા ખરીદ વેચાણને કારણે ઝિક્રે ખુદાથી ન રોકાનારાને એ જ રીતે જન્નતમાં મોકલવામાં આવશે, અને કહેવામાં આવશે, એમના માટે કાયમી નેક બખ્તી છે જેના પછી કોઈ દુઃખ તકલીફ નથી. ત્રીજી જમાઅત તે હશે જેમના આમાલનામામાં નેકીઓ તથા ગુનાહો બંનેવ નોંધાયેલ હશે પરંતુ તેમને ખબર નહીં થાય જ્યાં સુધી અલ્લાહ તઆલા પોતાની રહમત તથા પોતાનો અઝાબનો ઈઝહાર કરશે. એ લોકોના આમાલનામામાં ગુનાહો તથા નેકીઓ લપેટાયેલી હશે. તેમના અમલો મીઝાનમાં તોલવામાં આવશે અને તેમની આંખો નામાએ

આમાલની તરફ હશે કે કયા હાથમાં આવે છે અને મીઝાનનું પલ્લુ કઈ બાજુ ઝુકે છે. અને એ એવી ભયાનક હાલત હશે જેનાથી લોકોના હોશ ઉડી જશે.

### ★ આખેરતની યાદમાં હઝરત આઈશા رضی اللہ عنہا નું રૂદન ! ★

હઝરત હસન رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ હઝરત આઈશા رضی اللہ عنہا ની ગોદમાં માથુ રાખ્યું અને આપને ઊંઘ આવી ગઈ. હઝરત આઈશા رضی اللہ عنہا આખેરતને યાદ કરીને રડી પડયાં અને તેમનાં આંસૂ હુઝૂર صلی اللہ علیہ وسلم ના ચહેરા મુબારક પર પડયાં, તો હુઝૂરની આંખ ખુલી ગઈ. આપે ફર્માવ્યું, આઈશા ! શા માટે રડો છો ?! અર્ઝ કરી, હુઝૂર ! આખેરતને યાદ કરીને રડું છું. શુ લોકો કયામતના દિવસે પોતાનાં ઘરવાળાઓને યાદ કરશે ? આપે ફરમાવ્યું, બખુદા ! ત્રણ જગાઓએ લોકોને પોતાના સિવાય કાંઈ જ યાદ નહીં હોય :–

(૧) જ્યારે મીઝાને અદ્લ રાખવામાં આવશે અને અમલો તોલવામાં આવશે. લોકો સર્વ કાંઈ ભૂલીને એ જોશે કે એમની નેકીઓ ઓછી થાય છે કે વધારે.

(૨) નામાએ આમાલ આપવાના સમયે એવું વિચારશે કે જમણા હાથમાં મળે છે કે ડાબા હાથમાં.

(૩) પુલ સિરાતથી પસાર થતી વખતે, સર્વ કાંઈ ભૂલી જશે.

*–(સુનને અબૂ દાઊદ, ૨/૬૫૪, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૨૯)*

હઝરત અનસ رضی اللہ عنہ થી મરવી છે કે ક઼યામતના દિવસે માણસોને મીઝાનની સામે ઉભા રાખવામાં આવશે અને એક ફરિશ્તો નિયુકત કરવામાં આવશે. જો તેની નેકીઓ ભારે થઈ ગઈ તો તે ફરિશ્તો ઊંચા અવાજે કહેશે કે ફલાણાએ હમેશાની નેક નસીબી હાંસલ કરી લીધી છે અને તેને કદી બદબખ્તીથી વાસ્તો પડશે નહીં. અને જો તેની બુરાઈઓ અધિક થઈ ગઈ તો ફરિશ્તો બુલંદ અવાજથી પોકારશે, જેનો અવાજ સર્વ મખ્લૂક઼ સાંભળશે કે ફલાણાએ કાયમી બદબખ્તી પામી લીધી છે, તેના માટે કદી કોઈ નેક બખ્તી થશે નહીં. ત્યારે અઝાબના ફરિશ્તા લોખંડના ગુર્જ લઈને આગનાં

કપડાં પહેરીને આવશે અને જહન્નમીઓને જહન્નમમાં લઈ જશે. *(અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૩૦, હિલ્યતુલ અવલિયા, ૬/૧૮૭, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૮૪)*

ફર્માને નબવી છે કે કયામતના દિવસે અલ્લાહ તઆલા હઝરત આદમ عليه السلامને બોલાવીને ફર્માવશે કે ઉઠો અને જહન્નમીઓને જહન્નમમાં મોકલી આપો. હઝરત આદમ عليه السلام પૂછશે કે કેટલાને જહન્નમમાં મોકલું ? દરેક હજારમાંથી નવસો નવ્વાણુને મોકલી દો. *(સુનને તિર્મિઝી ૨/૧૫૦)*

## ★ સહાબાએ કિરામે કયામતના વર્ણનના ડરથી હસવાનું બંધ કરી આપ્યું !★

સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَએ જયારે આ વાત સાંભળી તો એ ઉમ્મીદ થઈ ગયા અને હસવાનું મુસ્કુરાવાનુ છોડી આપ્યું. હુઝૂર صلى الله عليه وسلمએ જયારે એને મેહસૂસ કર્યું તો ઈર્શાદ ફર્માવ્યો કે અમલ કરો અને ઉમ્મીદ રાખો. રબ્બે ઝુલ જલાલની કસમ ! જેની કુદરતના તાબામાં મારી જાન છે કાફિર ઈન્સાનો અને શૈતાનોના ચેલાઓ સિવાય બે એવી મખ્લૂકાત પણ છે જેઓ પોતાની સંખ્યામાં તમારી ખૂબ જ અધિક છે. સહાબાએ પૂછયું, તેઓ કોણ છે ?! આપે ફર્માવ્યું, યાજૂજ તથા માજૂજ. સહાબાએ કિરામ આ સાંભળતાં જ ખુશ થઈ ગયા. આપે વધુમાં ફર્માવ્યું, અમલ કરો અને ઈત્મિનાન રાખો. બખુદા ! કયામતના દિવસે લોકોમાં એવા હશો જેવી રીતે કે ઊંટના પાસામાં તલ અથવા જાણે જાનવરની ટાંગ પર ટપકુ હોય છે.

હે ફાની દુનિયાના ધંધાઓમાં મગ્ન અને ધોકામાં પડેલ ગાફેલ ઈન્સાન ! આ ફાની જગતમાં વિચાર ચિંતન ન કર, બલ્કે એ મંઝિલની ફિકર કર જેના વિશે ખબર આપવામાં આવી છે કે તે તમામ ઈન્સાનોનો પડાવ છે.

જેમ કે ફર્માને ઈલાહી છે : ''અને તમારામાંથી દરેક એના પરથી પસાર થનાર છે તારા રબનો યકીની વાયદો એ છે. પછી અમે પરહેઝગારોને નજાત આપીશું અને જાલિમોને એમાં પડેલા છોડીશું.'' *(પારા–૧૬, સૂ. મરયમ, આયત : ૭૧–૭૨)*

ત્યાં તારું ઉતરવું યક઼ીની અને તારી નજાત શંકાસ્પદ છે, જેથી દિલને એ જગાએથી ભયભીત કર, કદાચ કે તું આ રીતે નજાતનો માર્ગ પામી લે. અને મખ્લૂક઼ાતના હાલાતના વિશે વિચાર જયારે તેઓ કયામતની સખ્તીઓના વિશે અંદાઝા લગાડી રહી હશે અને તેઓ એ દુઃખ તથા ભયમાં સપડાયેલા હશે, અને નજરો ઉઠાવીને પોતાના આમાલનામાની હક઼ીક઼તને પ્રદર્શિત થવાની રાહ જોઈ રહ્યા હશે અને કોઈ શફાઅત કરવાવાળાની રાહ જોઈ રહયા હશે. એવામાં અચાનક એક ભયાનક અંધારું મુજરિમોને ઘેરી લેશે અને ભડકી રહેલી આગ તેમના પર સાયો કરશે અને તેના ગઝબની સખ્તીથી તેઓ મકરૂહ અવાજમાં ચીસો પુકારો સાંભળશે, એ વખતે તેઓ પોતાની બર્બાદીનું યક઼ીન કરી લેશે. લોકો ગુઠણોભેર ચાલશે, એ વખતે નેક લોકો પણ પોતાના બુરા અંજામથી ભયભીત હશે. એ વખતે અઝાબનો ફરિશ્તો પુકારશે કે ફલાણાનો પુત્ર ફલાણો કયાં છે જે પોતાને દુનિયામાં મોટી ઉમ્મીદોથી તસલ્લીઓ આપ્યા કરતો હતો અને પોતાની જિંદગીને બુરા અમલોમાં ત્યજી દીધી. પછી અઝાબના ફરિશ્તા લોઢાના ગુરજ લઈને આગળ વધશે અને એનું ખૂબ જ ભયાનક સ્વાગત કરશે, એટલે એને સખત અઝાબના માટે લઈ જશે. એને જહન્નમની ગુફામાં નાખીને કહેશે, "હવે અઝાબની મજા ચાખો ! તમે તો મહાન બુઝુર્ગ અને મહેરબાન હતા !" *(પારા–૨૫, સૂ. દુખાન, આયત–૪૯)*

## ★ જહન્નમના કેટલાક અઝાબો ★

તે એને એવી જગાએ રાખશે જેમાં છેડાઓ સાંકડા, અંધાર્યા માર્ગો અને ગુપ્ત તબાહીઓ હશે. મુજરિમ એમાં હમેશાં રહેશે. એમાં આગ ભડકાવવામાં આવશે. તેમનું પીણુ ગરમ પાણી અને તેમનું ઠેકાણું જહન્નમ હશે. અઝાબના ફરિશ્તા તેમને વેરવિખેર કરશે અને જહન્નમ તેમને ભેગા કરશે. તેઓ મૌતની તમન્ના કરશે પણ તેમને મૌત નહીં આવે. તેમના પગો પેશાનીઓ સાથે બંધાયેલા હશે અને એમના ચહેરા ગુનાહોની કાળાશથી કાળા હશે. તેઓ ચો તરફ દરેક દિશાએ પોકારતા ફરશે, હે માલિક ! અમારા માટે સજાનો વાયદો પૂરો થઈ ચૂકયો, હે માલિક ! લોઢુ અમને ફના કરી દશે, અમારી ચામડીઓ ઉતરી ગઈ, હે માલિક !

અમને આમાંથી કાઢ ! અમે ફરીથી બુરા અમલો નહીં કરીએ. અઝાબના ફરિશ્તા જવાબમાં કહેશે, અત્યારે તમને તમારો અફસોસ કોઈ સુકૂન આપશે નહીં અને તમો આ ઝિલ્લતની જગાએથી કદી નીકળી શકશો નહીં, એમાં જ રહો અને કોઈ બીજી વાત ન કરો. જો તમને આમાંથી કાઢી પણ નાખવામાં આવ્યા તો તમે તે જ બધુ કરશો જે પહેલાં કર્યા કરતા હતા. ત્યારે તેઓ નિરાશ થઈ જશે અને પોતાના ગુનાહો પર અતિશય પસ્તાવો પ્રદર્શિત કરશે, પણ તેમને એ શર્મિંદગી બચાવશે નહીં અને ન તો તેમનો અઝાબને એ અફસોસ દૂર કરી શકશે. બલ્કે તેમને બાંધીને મોઢાભેર નીચે નાખી દેવામાં આવશે અને તેમની ઉપર નીચે, જમણે ડાબે આગ જ આગ હશે, અને તેઓ માથાથી પગ સુધી આગમાં ડૂબેલા હશે. તેમનું ખાવા, પીવા, બિસ્તર, લિબાસ સર્વ કાંઈ આગનુ હશે અને તેઓ આગના ભડકાઓમાં લપેટાયેલા હશે. જહન્નમનો કિ્ત્ર તેમનો લિબાસ અને લોખંડના દંડાઓ તેમની સજાના માટે હશે અને સાંકળોની પકડની સંકડામણના કારણે અવાજ પેદા કરી રહી હશે. તેઓ જહન્નમની ગહરાઈઓમાં નિરાશાની સાથે માથુ નમાવેલ હશે, અને એની આગમાં સખત પરેશાન હશે. આગ એમને એવો ઉભરો ચઢાવશે જેમ કે હાંડલીઓમાં ઉભરો આવે છે અને તેઓ રૂદન કાકલૂદી કરશે, મૌતને બોલાવશે જેવા કે તેઓ મૌતની તમન્ના કરશે તેમનાં માથાઓ પર જહન્નમનું ઉકળતુ પાણી ઊંધુ વાળવામાં આવશે જેનાથી તેમનાં આંતરડાં તથા ચામડી ખરી જશે અને એમના માટે લોખંડના હથોડા હશે જેના વડે તેમની પેશાનીઓને તોડવામાં આવશે, તેમના મોઢેથી પરુ વહેલા માંડશે અને તરસથી એમનાં જિગર ટુકડા ટુકડા થઈ જશે. તેમની આંખોની કીકીઓ તેમના ગાલો પર વહેશે જેનાથી તેમના ગાલોનો ગોશત ખરી પડશે. અને જ્યારે તેમની ચામડી ખરી જશે તો બીજી ચામડી પેદા થઈ જશે. તેમનાં હાડકાં ગોશતથી ખાલી હશે. તેમની રૂહનો સંબંધ નસો સાથે કાયમ થશે જે શરીર સાથે લપેટાયેલી હશે, તે આગની ગરમીથી ફૂલેલી હશે, અને તેઓ એ વખતે મૌતની તમન્ના કરશે, પણ તેમને મૌત આવશે નહીં.

જો તમે તેમને એ હાલતમાં જુઓ તો દેખાશે કે તેમની શકલો ઘણી જ અધિક કાળી છે. આંખો આંધળી, જીભો ગુંગી, કમરો તૂટેલી, હાડકાં

રજકણ રજકણ, કાન બહેરા, ચામડી ચિથરાંની જેમ ટુકડે ટુકડા, હાથ ગરદનોની પાછળ બંધાયેલા એટલે તૂટેલી પેશાની તથા પગો એક જગાએ, મોઢાભેર આગ પર ચાલતા હશે, પોતાની પાંપણો વડે ગરમ લોખંડ રગડતા હશે, તેમના સર્વ શરીરનાં અંગોમાં ભડકી રહેલી આગ હશે. જહન્નમના સાપ તથા વીછી એમનાં શરીરો પર ચોંટેલા હશે. તો આ દશ્યો જોઈને તમારી શું હાલત થશે ?!

હવે જરા એમના ભયાનક અઝાબની વિગત પર વિચારણા કરો, અને જહન્નમની વાદીઓ અને ઘાટીઓના બારામાં વિચારો.

ફર્માને નબવી છે કે જહન્નમમાં સિત્તેર હજાર વાદીઓ (બે પહાડ વચ્ચે મેદાન એટલે વાદી) છે. દરેક વાદીમાં સિત્તેર હજાર ઘાટીઓ છે અને દરેક ઘાટીમાં સિત્તેર હજાર સાપ અને સિત્તેર હજાર વીછી છે. કાફિરો અને મુનાફિક઼ોને એ સર્વ જગાઓમાં જવાનું થશે. *(અત્તરગીબ વત્તરહીબ–૪/૨૫૪, અહયાઉલ ઉલૂમ–૪/૪૬૨)*

## ★ રિયાકારનો અઝાબ ★

હઝરત અલી رضی اللہ عنہથી મરવી છે, હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, વાદીએ હુઝન કે હઝ્નની ઘાટી (ખાઈ)થી પનાહ માગો ! પૂછવામાં આવ્યું, હુઝૂર ! એ શું છે ? આપે ફર્માવ્યું, તે જહન્નમની એક એવી વાદી છે જેનાથી દરરોજ જહન્નમ પણ સિત્તેરવાર પનાહ માર્ગ છે. આ વાદી અલ્લાહ તઆલાએ રિયાકાર ક઼ારીઓના માટે તૈયાર કરી છે. *(કન્ઝુલ ઉમ્માલ–૩/૪૭૯, અત્તરગીબ વત્તરહીબ–૪/૨૫૩)*

એ જહન્નમની વિશાળતા, તેની વાદીઓની ઘાટીઓ જિંદગીના ચઢાવ ઉતાર અને નફસની ઈચ્છાઓની સંખ્યાના બરાબર છે. અને જહન્નમના દરવાજા માનવ શરીરના તે અંગોની સંખ્યાના બરાબર છે જેના થકી માણસ ગુનાહોમાં પડે છે. તે એકબીજાની ઉપર છે. ઉપરવાળી જહન્નમ, પછી સક઼ર, પછી લઝા, પછી હતમહ, પછી સઈર, પછી જહીમ અને સૌથી નીચે હાવિયહ છે. જરા હાવિયહની ઊંડાઈની કલ્પના કરો, જેટલા પ્રમાણમાં માણસના નફસાની વાસનાની ઊંડાઈ હશે એટલા જ

પ્રમાણમાં એને હાવિયહની ઊંડાઈમાં ઠેકાણુ મળશે. અને જેવી રીતે માણસની દરેક ઉમ્મીદ એક અન્ય મોટી ઉમ્મીદ પર ખત્મ થાય, તેમ હાવિયહની દરેક ગહરાઈ બીજી ગહરાઈ પર જઈને અટકે છે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે કે અમે હુઝૂર ﷺ ની સાથે હતા. એવામાં અચાનક અમે એક ધમાકો સાંભળ્યો. હુઝૂર ﷺ એ ફર્માવ્યું, જાણો છો આ શું છે ? ! અમે કહયું, અલ્લાહ અને તેના રસૂલ ﷺ બેહતર જાણે છે. આપે ફર્માવ્યું, સિત્તેર વરસ પહેલાં જહન્નમના કિનારાથી પથ્થર ગબડાવવામાં આવ્યો હતો તે અત્યારે એના તળિયે પહોંચ્યો છે. (આ તેનો અવાજ હતો) *(સહીહ મુસ્લિમ–૨/૩૮૧, અત્તરગીબ વત્તરહીબ–૪/૨૫૫)*

## ★ જહન્નમના દરજાઓ ★

હવે જહન્નમના દરજાઓ પર વિચારણા કરો. બેશક ! આખેરત પોતાના તબકાઓ અને ખાસિયતોના એતબારથી ખૂબ જ મહાન છે. જેવી રીતે દુનિયામાં લોકોના વિવિધ દરજાઓ છે એ જ પ્રમાણે જહન્નમમાં વિવિધ દરજાઓ હશે. જે ગુનાહોનો આદી (આદતવાળો) અને સખત નાફર્માન હશે તે આગમાં ડૂબેલો હશે અને મામૂલી તૌર પર ગુનાહ કરનાર એક મર્યાદિત હદ સુધી સળગશે. એ જ પ્રમાણે આગ પણ ગુનેહગારોના ગુનાહોના પ્રમાણે અઝાબ આપશે. કેમ કે અલ્લાહ તઆલા કોઈના પણ એક રજ માત્ર પણ જુલ્મ નથી કરતો, જેથી દરેક માણસને એક જેવો અઝાબ નહીં થાય, બલ્કે ગુનાહોની માત્રાના પ્રમાણે સજા મળશે, પણ **જહન્નમનો સૌથી મામૂલી અઝાબ પણ જો દુનિયા સામે રજૂ કરી દેવામાં આવે તો તેની ગરમીથી આખી દુનિયા સળગીને રાખ થઈ જાય.**

ફર્માને નબવી છે કે **જહન્નમનો મામૂલી અઝાબ એ હશે કે દોઝખીને આગના જોડા પહેરાવવામાં આવશે જેની ગરમીથી તેનુ દિમાગ ઉકળતું હશે.** *(કન્ઝુલ ઉમ્માલ–૧૪/૫૩૫, સબબુલ હુદા વર્રશાદ, ૨/૪૩૦, અત્તરગીબ વત્તરહીબ–૪/૨૬૭)*

આ મામૂલી અઝાબથી એ મોટા અઝાબનો અંદાજો લગાડો, જો

તમને આગના સળગાવવામાં શંકા હોય તો તમારી આંગળી આ દુનિયાની આગમાં નાખીને જુઓ તો તમને ખબર પડી જશે ! જો કે આ દુનિયાવી આગને જહન્નમની આગ સાથે કોઈ સંબંધ નથી, પરંતુ વિચારો ! જ્યારે આ આગ દુનિયાના સખ્તતરીન અઝાબોમાં ગણાય છે તો એ આગનો શો આલમ હશે ?! જો જહન્નમી ત્યાં આ દુનિયાની આગને પામી લે તો ખુશીથી દોડીને એમાં ઘુસી જાય ! (એમાં પોતાની નજાત સમજે !)

## ★ જહન્નમની આગ અને દુનિયાની આગ ★

એટલા માટે અમુક હદીષોમાં છે કે **જહન્નમની આગને સિત્તેરવાર રહમતના પાણી વડે ધોઈને દુનિયામાં લોકોના વપરાશ માટે મોકલવામાં આવેલ છે.** *(અહયાઉલ ઉલૂમ–૪/૪૬૩)* બલ્કે હુઝૂર ﷺએ ફર્માવ્યું છે કે અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો કે જહન્નમમાં આગ ભડકાવવામાં આવી, હજાર વરસો પછી જહન્નમ લાલ થઈ ગઈ. પછી હજાર વરસો સુધી આગ ભડકાવવામાં આવી જેનાથી તે સફેદ થઈ ગઈ. જ્યારે વધુ હજાર વરસો સુધી આગ ભડકાવવામાં આવી તો તે બિલકુલ કાળી તથા અતિશય કાળી થઈ ગઈ. *(સુનને ઈબ્ને માજહ, અબ્વાબુઝ્ઝુહદ, પેજ–૩૨૦, સુનને તિર્મિઝી–૨/૮૬)*

ફર્માને નબવી છે : જહન્નમે રબ્બે અઝીમને શિકાયત કરી કે મારા અમુક હિસ્સા અમુક હિસ્સાઓની ગરમીના કારણે નષ્ટ થઈ રહયા છે. તો અલ્લાહ તઆલાએ તેને કેવળ બેશ્વાસોની ઈજાઝત આપી દીધી. એક ગરમીમાં અને એક ઠંડીમાં, ગરમીઓ (ઉનાળા)માં ગરમીની સખ્તી તેના ગરમ શ્વાસના કારણે અને ઠંડીની સખ્તી તેના ઠંડા શ્વાસના લીધે થાય છે. *(સહીહ બુખારી–૧/૪૬૨, સુનને તિર્મિઝી–૨/૮૬, સુનને ઈબ્ને માજહ, પેજ–૩૨૦, મુસ્નદે અહમદ બિન હંબલ–૨/૪૭૩)*

હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે, કયામતના દિવસે અતિ માલદાર કાફિરોને લાવવામાં આવશે અને તેમને આગમાં ડૂબકી લગાડીને પૂછવામાં આવશે કે તેં દુનિયામાં કોઈ નેઅમત પામી છે ? તે કહેશે, બિલ્કુલ નહીં ! પછી એક એવા શખ્સને લાવવામાં આવશે જેણે દુનિયામાં સૌથી વધુ દુઃખો ઉઠાવ્યાં હશે, તેને જન્નતમાં લઈ જઈને બહાર કાઢવામાં આવશે અને

પૂછવામાં આવશે, તેં કદી કોઈ દુઃખ જોયું છે ? તે કહેશે, નહીં ! *(મુસ્નદે અહમદ બિન હંબલ–૪/૬૨)*

હઝરત અબૂ હુરૈરહ رضي الله عنهથી મરવી છે કે જો મસ્જિદમાં એક હજાર કે એનાથી પણ વધુ લોકો મૌજૂદ હોય અને ત્યાં જહન્નમી શખ્સ શ્વાસ લે તો તે તમામે તમામ મરી જશે.

અમુક ઉલમાએ આ ફર્માને ઈલાહીની કે : **تلفح وجوههم النار** ''આગ એમના મોઢાને સળગાવી દેશે.'' *(પારા–૧૮, સૂ. મુઅમિનૂન, આયત–૧૦૪)*ની સ્પષ્ટતામાં લખ્યું છે કે આગની એક જ લપેટથી તેમનાં હાડકાંઓનો ગોશત નીચે ખરી પડશે. *(અત્તરગીબ વત્તરહીબ–૪/૨૫૦ હિલ્તુલ અવલિયા–૪/૩૩૯)*

હવે એ પરુના વિશે વિચાર કરો કે જે અતિશય બદબૂદાર બનીને એમનાં શરીરોએથી એ રીતે વહેશે કે તેઓ એમાં ડૂબી જશે ! કુર્આને કરીમમાં એને ગસ્સાક઼નું નામ આપ્યું છે.

હઝરત અબૂ સઈદ ખુદરી رضي الله عنهથી મરવી છે. હુઝૂર صلى الله عليه وسلمએ ફર્માવ્યું, જો દોઝખીઓના પરુની એક ડોલ દુનિયામાં ફેંકી દેવામાં આવે તો તેની બદબૂથી તમામ મખ્લૂકનો દમ ઘુંટાઈ જાય. *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન–૪/૬૪૪, મુસ્નદે અહમદ બિન હંબલ–૩/૪૧૨, હિલ્યતુલ અવલિયા–૫/૨૫૬)*

જ્યારે દોઝખી તરસની સખ્તી મેહસૂસ કરશે તો એમને એ જ પીવા માટે આપવામાં આવશે. તેઓ પરુનું પાણી ગળામાં નાખશે, એક ઘૂંટડો લેશે પણ તેને ગળી શકશે નહીં !

ઈર્શાદે રબ્બાની છે : ''અને મૌત દરેક તરફથી એમના પર હુમ્લો કરશે પણ તેઓ મરશે નહીં ! જો તેઓ પાણીની તમન્ના કરશે તો તેમને તાંબાના રંગ જેવુ પાણી આપવામાં આવશે જે ચહેરાઓને સળગાવી દે છે, એ ખૂબ જ બુરુ પીણુ છે અને જહન્નમ ઘણુ જ બુરુ ઠેકાણુ છે.'' *(પારા–૧૫, સૂ.કહફ, આયત–૨૯)*

## ★ દોઝખીઓનો ખોરાક ★

તેમનાં ખાણાઓના વિશે વિચારો ! તે ઝકૂમ (થોર) હશે, જેમ કે ફર્માને ઈલાહી છે : ''તો તમે હે જૂઠલાવનારા ગુમરાહો ! ઝકૂમનું ઝાડ ખાનારા છો, એના વડે પેટ ભરનારા છો, પછી એમના પર ગરમ પાણી પીનારા છો, અને તરસ્યાં ઊંટોની જેમ પીનારા છો !'' *(પારા– ૨૭, સૂ. વાક઼િઆ, આયત : ૫૧–૫૫)*

આગળ ફર્માવ્યું : ''તે એક ઝાડ છે જે જહન્નમની ગહરાઈથી નીકળે છે. તેનુ માથુ સાપનાં માથાંઓની જેમ છે. પછી એમાં એના માટે ગરમ પાણીની મિલાવટ છે. પછી તેનું દોઝખના તરફ જવું છે. *(પારા–૨૩, સૂ. સફ્ફાત આયત, ૬૪/૬૮)* (તે આ મંઝિલોએથી પસાર થઈને જહન્નમમાં જશે)

એક અન્ય રિવાયતમાં ઈર્શાદે રબ્બાની છે, ''તેઓ ભળકતી આગમાં દાખલ થશે, ઉકળતા ઝરણાથી પીવડાવવામાં આવશે. *(પારા–૩૦, સૂ. ગાશિયહ, આયત–૪–૫)*'' અને ફર્માવ્યું, ''બેશક ! અમારી પાસે (એમના માટે) બેડીઓ અને આગ છે અને ગળામાં અટકી જનારું ખાણુ અને દર્દનાક અઝાબ છે.'' *(પારા–૨૯, સૂ. મુઝ્ઝમ્મિલ, આયત : ૧૨–૧૩)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી મરવી છે, હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જો ઝકૂમનું એક ટીપુ દુનિયાના દરિયાઓ તથા સમુદ્રોમાં નાખી દેવામાં આવે તો લોકોના માટે જીવવું મુશ્કેલ થઈ જાય. તો એ લોકોનો શું અંજામ આવશે જેમનો ખોરાક જ ઝકૂમ હશે ?! (સુનને તિર્મિઝી–૨/૮૬, સુનને માજહ અબ્વાબુઝ્ઝહદ, પેજ–૩૨૧ અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૧/૫૭ મુસ્નદે અહમદ બિન હંબલ–૧/૫૫૬ અલ મુસ્તદરક અલસ્સહીહૈન–૨/૩૨૨, અત્તરગીબ વત્તરહીબ–૪/૨૬૨, કન્ઝુલ ઉમ્માલ–૧૪/૫૨૩)

હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે. હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ જે ચીજોથી મહોબ્બત રાખવાનો હુકમ આપ્યો છે તેને મેહબૂબ રાખો અને જે ચીજોથી પરહેઝનો (બચવાનો) હુકમ આપ્યો છે તેનાથી પરહેઝ કરો. અલ્લાહના અઝાબ અને જહન્નમથી ડરો ! જો જન્નતનું એક રજકણ તમારી પાસે દુનિયામાં હોત તો દુનિયા તમારા માટે અતિશય દેખાવડી અને આકર્ષક થઈ જાત. અને જો જહન્નમની આગની

એક ચિન્ગારી તમારી સાથે હોત તો દુનિયા તમારા માટે અતિશય જીવલેણ અને બર્બાદ કરનારી બની જાત. *(અહયાઉલ ઉલૂમ–૪/૪૫૪)*

હઝરત અબૂ દર્દા رضی اللہ عنہથી મરવી છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, જહન્નમીઓ પર ભૂખ લાગુ કરવામાં આવશે ત્યાં સુધી કે તેઓ અઝાબને ભૂલીને ખાવાની વિનવણી કરશે. તેમની વિનવણીના જવાબમાં તેમને ઝરીઅ (કડવી ચીજ) પેશ કરવામાં આવશે જે ઈલ્વાથી વધુ કડવી અને અતિશય બદબૂદાર હશે, જે ન એમને તાજા કરશે અને ન તો એમની ભૂખ મિટાવશે. પછી ખાવાની દરખાસ્ત કરશે તો એમને એવું ખાણુ આપવામાં આવશે જે એમના ગળામાં અટકી જશે. ત્યારે એમને યાદ આવશે કે તેઓ દુનિયામાં ગળામાં ફસાએલો કોળીયો પાણી વડે ઉતારતા હતા, જેથી તેઓ પાણી માટે વિનવણી કરશે, તો લોખંડની સાંણસીઓ વડે પકડીને ગરમ પાણીનું વાસણ તેમની આગળ લાવવામાં આવશે. જ્યારે તે મોંની નજીક થશે તો ગરમીથી તેમના ચહેરા સળગી જશે અને જ્યારે એ પાણી એમના પેટોમાં પહોંચશે તો તેમનાં આંતરડાંના ટુકડે ટુકડા કરી દેશે. પછી તેઓ કહેશે કે જહન્નમના નિગેહબાનોને બોલાવો ! અને તેમને બોલાવીને કહેશે, તમારા રબથી દુઆ કરો તે અમારા પર એક દિવસના અઝાબનો ઘટાડો કરી આપે ! તે નિગેહબાન કહેશે, શું તમારી પાસે પયગંબર દલીલો લઈને આવ્યા ન હતા ?! જહન્નમી કહેશે, હા ! આવ્યા હતા ! ત્યારે તેઓ કહેશે કે તમે જાતે દુઆ કરો ! (અને કાફિરોની દુઆ કદી સન્માર્ગે નથી આવતી. *(પારા–૨૪, સૂ. ગાફિર, આયત : ૪૯–૫૦)* પછી તેઓ કહેશે, માલિકે જહન્નમને બોલાવો ! અને તેને બોલાવીને કહેશે, અલ્લાહ તઆલા અમારા પર મૌત લાગુ કરી આપે ! માલિક જવાબ આપશે, તમારે મરવાનું નથી ! હમેશાં અહીં રહેવાનું છે ! *(સુનને તિર્મિઝી, ૨/૮૬, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૬૨, પારા : ૧૦, સૂ. ઝુખરફ, આયત : ૭૭)*

હઝરત અઅ્મશ رحمۃ اللہ علیہનો કૌલ છે. તેમની દુઆ અને માલિકના જવાબની દરમ્યાન એક હજાર વરસ વહી જશે. પછી કહેશે કે રબથી વધીને કોઈ મહેરબાન નથી. જેથી પોતાના રબના હુઝૂરમાં અર્ઝ કરશે :–

**ربنا غلبت علینا شقوتنا وکنا قوما ضالین ربنا اخرجنا منها فان عدنا فانا ظالمون**

''હે રબ ! અમારા પર બદબખ્તી છવાઈ ગઈ અને અમે ગુમરાહ થઈ ગયા! હવે અમને કાઢ ! જો અમે ફરી એ જ કામો કરીએ તો અમે જાલિમ હોઈશું.'' *(પારા–૧૮, સૂ.મુઅમિનૂન, આયત : ૧૦૬, ૧૦૭)* એમને જવાબ મળશે, **اخسئوا فیھا ولا تکلمون** દૂર થઈ જાવ ! આ જ જહન્નમમાં રહો ! અને ચૂપ થઈ જાવ !'' *(પારા–૧૮, સૂ. મુઅમિનૂન, આયત–૧૦૮)* હુઝૂર ﷺએ ફર્માવ્યું, તે વખતે એમને બર્બાદી તકલીફ તથા શર્મિંદગી ઘેરી લેશે અને તેઓ દરેક પ્રકારની ભલાઈથી નિરાશ થઈ જશે.

હઝરત અબૂ અમામા رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર ﷺએ આ ફર્માને ઈલાહી : **ویسقٰی من ماء صدید یتجرعه ولا یکاد یسیغه** ''અને તેને પરુના પાણી વડે તૃપ્ત કરવામાં આવશે, તે તેનો ઘૂટડો ઘૂટડો લેશે પણ ગળાથી ઉતરશે નહીં'' *(પારા–૧૩, સૂ. ઈબ્રાહીમ, આયત : ૧૬, ૧૭)*ની તશરીહ (સ્પષ્ટતા)માં ફર્માવ્યું, જ્યારે એ પાણી એની નજરોની સામે આવશે તો એ તેને બુરુ સમજશે, જ્યારે હોઠોની નજીક આવશે તો ચહેરાઓને બાળી મૂકશે અને માથાની ચામડી વાળો સહિત સળગાવી દેશે. જ્યારે તે એને પીશે તો તેનાં આંતરડાં કાપીને બહાર કાઢી નાખશે. ફર્માને ઈલાહી છે : **وسقوا ماء حمیما فقطع امعائھم** ''અને તેમને ગરમ પાણી પીવડાવવામાં આવશે જે એમનાં આંતરડાં કાપી નાખશે.'' *(પારા–૨૬, સૂ. મુહમ્મદ, આયત–૧૫)*

વધુમાં ફર્માવ્યું, **ان یستغیثوا یغاثوا بماء کالمھل یشوی الوجوہ** ''અને જ્યારે તે પાણી માગશે તો તેમને પરુ જેવું પાણી આપવામાં આવશે જે ચહેરાઓને શેકી કાઢશે.'' આ ભૂખના સમયે તેમનું ખાવા પીવા હશે. *(સુનને તિર્મિઝી–૨/૮૫, અત્તરગીબ વત્તરહીબ–૪/૨૬૦, સૂ. કહફ, આયત–૨૯, )*

હવે દોઝખના સાપ, વીંછી તેમની જાડાઈ (શરીરના ભવ્યતા), તીવ્ર ઝહેર અને દોઝખીઓની બેઈજ્જતી પર વિચારણા કરો. સાપ વીંછી જે એમના પર લાગુ કરી દેવામાં આવશે તે તેમના સખત દુશ્મન હશે, એક પળ માટે પણ કરડવા કે ડંખ મારવાથી અલિપ્ત નહીં રહે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું,

જે શખ્સને અલ્લાહ તઆલાએ માલ આપ્યો અને તેણે ઝકાત અદા ન કરી તો કયામતના દિવસે તેનો માલ ગંજા સાપની શકલમાં આવશે જેની પેશાની પર બે કાળાં ટપકાં હશે. તે એના ગળાથી લપેટાઈને તેનાં જડબાંઓને પકડી લેશે અને કહેશે, હું તારો માલ અને તારો ખજાનો છું, પછી આપે આ આયત પઢી : ولا تحسبن الذين يبخلون بمآاتٰهم الله من فضله ''અને જે અમારા આપેલા માલમાં કંજૂસાઈ કરે છે તેઓ એવું ન સમજે કે એ એમના માટે સારું છે.'' *(પારા–૪, સૂ. આલે ઈમરાન, આયત–૧૮૦, સહીહ બુખારી–૧/૧૮૮, સુનને નિસાઈ–૧/૩૪૩, મુસ્નદે અહમદ બિન હંબલ–૩/૩૬)*

ફર્માને નબવી છે, જહન્નમમાં બુખ્તી ઊંટોની ગરદનો જેવા (મોટા તથા લાંબા) સાપ હશે. જ્યારે તેઓ ફૂંફાડા મારશે તો તેમની ગરમી ચાલીસ વરસના અંતરેથી મેહસૂસ કરવામાં આવશે અને ભયંકર વીછીઓ હશે જેમના શ્વાસની ગરમી ચાલીસ વરસના અંતરેથી મેહસૂસ થશે. એ સાપ તથા વીછી એ માણસ પાછળ લાગુ થશે જેના પર દુનિયામાં કંજૂસાઈ, બદઅખ્લાકી અને લોકોને સતાવવાનો જુલ્મ લાગુ હશે. અને જેમાં આ બુરાઈઓ નથી જોવા મળતી તેને કોઈ તકલીફ આપવામાં નહીં આવે. *(અલમુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૬૩૫, મુસ્નદે અહમદ ઈબ્ને હંબલ, ૫/૨૧૨, અત્તરગીબ વત્તરહીબ–૪/૨૫૮)*

ત્યારબાદ દોઝખીઓના લાંબા ચોળા શરીરો પર વિચાર કરો. અલ્લાહ તઆલા તેમના શરીરોની લંબાઈ પહોળાઈમાં વધારો કરશે જેથી તેમને વધુમાં વધુ અઝાબ થાય, જેથી તે દોઝખી સતત પોતાના શરીરો પર જહન્નમની ગરમી તથા સાપો, વીછીઓના ડંખો સહન કરતા રહેશે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે. હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે જહન્નમમાં કાફિરની દાઢ ઓહદ પહાડના બરાબર હશે, અને તેની ચામડીની જાડાઈ ત્રણ દિવસના સફરની બરાબર હશે. *(સહીહ મુસ્લિમ, ૨/૩૮૨, અલ મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૬૩૭, સુનને તિર્મિઝી, ૨/૮૫, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૬૩)*

વધુમાં ફર્માવ્યું કે તેનો નીચલો હોઠ છાતી પર પડેલો હશે. અને ઉપરવાળો હોઠ એટલા પ્રમાણમાં ઉપર ઉઠેલો હશે જેનાથી આખો ચહેરો

છુપાયેલો હશે. *(સુનને તિર્મિઝી, ૨/૧૫૧, અહયાઉલ ઉલૂમ, ૪/૪૬૫)*

ફર્માને નબવી છે કે કાફિર જહન્નમમાં પોતાની જીભ ઘસેડી રહ્યો હશે અને લોકો એની જીભને કચડતા કચડતા ચાલશે. *(સુનને તિર્મિઝી, ૨/૮૫, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૬૪, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૫૨૮)*

તેમનાં આ મોટાં શરીરો છતાં આગ તેમને સળગાવતી રહેશે અને કેટ કેટલીવાર તેમનાં ચામડાં તથા ગોશતને તબદીલ કરવામાં આવશે. જનાબ હસન رحمۃ اللہ علیہ આ ઈર્શાદે ઈલાહીના બારામાં કેમ કે :–

**كلما نضجت جلودهم بد لنهم جلودا غيرها** ''જયારે તેમનાં ચામડાં ખરી જશે અમે અન્ય ચામડાં બદલી દઈશું'' *(પારા–૫, સૂ. નિસાઅ, આયત–૫૬)* કહે છે કે આગ એમનાં શરીરોને દિવસમાં સિત્તેર હજારવાર સળગાવશે પણ જેવાં એમનાં ચામડાં સળગશે અલ્લાહ ફરીવાર તેમનાં શરીરોને સરખાં કરી આપશે.

વળી દોઝખીઓનો રૂદન કકળાટ, ફરિયાદ તથા આહો તથા હલાકત તેમજ મૌતની વિનવણીઓના વિશે વિચાર કરો જે કયામતના શરૂથી જ તેમનું મુકદ્દર બની જશે.

ફર્માને નબવી છે, કયામતના દિવસે જહન્નમને સિત્તેર હજાર લગામો લગાડીને લાવવામાં આવશે અને દરેક લગામની સાથે સિત્તેર હજાર ફરિશ્તા હશે. *(સહીહ મુસ્લિમ–૨/૩૮૧, સુનને તિર્મિઝી–૨/૮૫, અલ મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૬૩૭, સબલુલહુદા વર્રશાદ–૧૨/૪૫૮)*

હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે, હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે જહન્નમીઓ પર રૂદન તથા આક્રંદ મોકલવામાં આવશે, તેઓ રડતા રહેશે ત્યાં સુધી કે આંસૂ ખત્મ થઈ જશે. પછી તેઓ લોહીનાં આંસૂ રડશે, ત્યાં સુધી કે તેમના ચહેરાઓ પર ખાડા પડી જશે, જો તેમાં નાવડીઓ ચલાવવામાં આવે તો તે પણ ચાલવા લાગે. તેમને રૂદન કાકલૂદી, આહ તથા ફરિયાદ અને મૌતની દુઆ માગવાની ઈજાઝત હશે જેનાથી તેઓ દિલનો બોજ હલકો કરશે, પણ બાદમાં તેમને એનાથી પણ મના કરી દેવામાં આવશે. *(સુનને ઈબ્ને માજહ, અબ્વાબુઝ્ઝુહદ, પેજ–૩૨૧)*

## ★ દોઝખીઓની વિનવણીઓ રદ કરી દેવામાં આવશે ★

જનાબ મુહમ્મદ બિન કઅબ رحمۃ اللہ علیہથી મરવી છે કે, અલ્લાહ તઆલા દોઝખીઓની પાંચ વાતોમાંથી ચારનો જવાબ આપશે પણ પાંચમા જવાબ બાદ ફરી કદી કલામ કરશે નહીં. તેઓ કહેશે,

**ربنا امتنا اثنتين و احييتنا اثنتين فاعتر فنا بذنوبنا فهل الیٰ خروج من سبيل**

''હે રબ ! તેં અમને બે વાર માર્યા અને બે વાર જીવતા કર્યા. અમે અમારા ગુનાહોને માની લીધા છે, તો કોઈ નીકળવાનો રસ્તો છે ?'' *(પારા–૨૪, સૂ. ગાફિર, આયત–૧૧)* રબ ફર્માવશે :–

**ذٰلكم بانهٗ اذا دعی الله وحده كفر تم وان يشرك به تؤمنوا فالحكم لله العلی الكبير**

''આ એટલા માટે છે કે જ્યારે તમને અલ્લાહની વહદાનિયત માટે બોલાવવામાં આવતા હતા તો તમે કુફ્ર કરતા હતા. જો તેનો શરીક લાવવામાં આવતો હતો તો તમે માની લેતા હતા. હુકમ કેવળ અલ્લાહ બુઝુર્ગો બરતરના માટે છે.'' *(આયત–૧૨)* પછી તેઓ કહેશે, **ربنا ابصرنا و سمعنا فار جعنا نعمل صالحاً** ''હે રબ ! અમે જોયું અને સાંભળ્યું, અમને પાછા મોકલ કે જેથી અમે નેક અમલો કરીએ.'' રબ ફર્માવશે, **اولم تكونوا اقسمتم من قبل مالكم من زوال** ''શું તમે આનાથી પહેલાં કસમો ન ખાતા હતા કે તમને કાંઈ ઝવાલ (પડતી) નહીં આવે ?!'' *(પારા– ૧૩, સૂ. ઈબ્રાહીમ, આયત–૪૪)* પછી કાફિર કહેશે :–

**ربنآ اخرجنا نعمل صالحاً غير الذی كنا نعمل او لم نعمر كم ما يتذكر فيه**
**من تذكر وجآئم النذير فذو قو افما للظلمين من نصير**

''હે રબ ! અમને જહન્નમથી કાઢ ! અમે પહેલાં કરતાં સારા અમલો કરીશું.'' *(પારા : ૨૨, સૂરએ ફાતિર, આ. ૩૭)*

રબ ફર્માવશે, ''શું અમે તમને ઉમર ન આપી હતી ? જેમાં તમે નસીહત કરવાવાળાની નસીહતને યાદ કરતા. અને તમારી પાસે ડરાવનારો આવ્યો હતો, હવે તમે અઝાબ ચાખો ! જાલિમોનો કોઈ મદદગાર નથી.'' *(પારા– ૧૮, સૂ. મુઅમિનૂન, આયત–૧૦૮)*

ત્યારે તેઓ કહેશે :–

**رَبَّنَا غلبت علينا شقوتنا وكنا قوما ضآلين ربنآ اخر جنا منها فان عدنا فانا ظلمون قال اخسٔوا فيها ولا تكلمون**

"હે રબ ! અમારા પર બદબખ્તી સવાર થઈ ગઈ અને અમે ગુમરાહ થઈ ગયા હતા, હે રબ ! અમને એમાંથી કાઢ ! જો અમે ફરી એ રસ્તે વળ્યા તો અમે જાલિમ હોઈશું." *(પારા : ૧૮, સૂરએ મુઅમિનૂન, આ. ૧૦૮)*

અને અલ્લાહ તઆલા એમને ફર્માવશે, "જહન્નમમાં રહો અને હવે ન બોલો !" આ એમના માટે અતિશય કક્ષાનો અઝાબ હશે, અને પછી તેઓ કદી અલ્લાહ તઆલાથી વાત કરી શકશે નહીં.

જનાબ માલિક બિન અનસ رحمۃ اللہ علیہથી મરવી છે. હઝરત ઝયદ બિન અસ્લમે આ ફર્માને ઈલાહી : **سوآء علينا اجزعنا ام صبر نا مالنا من محيص** "બરાબર છે અમારા માટે કે અમે હાય વોય કરીએ કે સબ્ર કરીએ, અમારા માટે ભાગવાની જગા નથી" *(સૂ. ઈબ્રાહીમ, આયત–૨૧)*ની તશરીહમાં ફર્માવ્યું, તેઓ સો વરસ સબ્ર કરશે, પછી સો વરસ હાયવોય કરશે. પછી સો વરસ સબ્ર કર્યા બાદ કહેશે, અમારા માટે સબ્ર કરવું અને હાયવોય કરવું બંને બરાબર છે." *(અહયાઉલ ઉલૂમ–૪/૪૬૫)*

ફર્માને નબવી છે કે કયામતના દિવસે મૌતને એક મોટા ઘેટાના રૂપમાં લાવીને જન્નત તથા જહન્નમના વચ્ચે ઝબહ કરવામાં આવશે, અને કહેવામાં આવશે, હે જન્નતવાળાઓ ! હવે મૌતનો ભય રાખ્યા વિના હમેશાં માટે જન્નતમાં રહો. અને જહન્નમવાળાઓને કહેવામાં આવશે કે તમને મૌત નહીં આવે, હમેશાં માટે જહન્નમમાં રહો. *(સહીહુલ બુખારી–૨/૬૯૧, સહીહ મુસ્લિમ–૨/૩૮૧, સુનને તિર્મિઝી, ૨/૧૪૮, સુનને ઈબ્ને માજહ, પેજ–૩૨૧, મુસ્નદે અહમદ બિન હંબલ–૩/૭૪ અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૧૫૬, હિલ્યતુલ અવલિયા–૮/૧૯૭, અત્તરગીબ વત્તરહીબ–૪/૩૧૭)*

હઝરત હસન رضی اللہ عنہ ફર્માવ્યા કરતા હતા કે, "એક માણસ

જહન્નમથી હજાર વરસો બાદ નીકળશે, કાશ ! તે હસન હોય !'' કોઈએ હઝરત હસન رضی اللہ عنہ ને એક ખૂણામાં રડતાં જોઈને પૂછયું, શા માટે રડો છો ? ! આપે ફર્માવ્યું, ''કયાંક બેનિયાઝ પરવરદિગાર મને જહન્નમમાં ન નાખી દે !'' *(અહયાઉલ ઉલુમ–૪/૪૬૬)*

આ સંક્ષિપ્ત રૂપે જહન્નમના અઝાબના પ્રકારો હતા, ત્યાં ગમ, તકલીફો અને અફસોસની વિગત ઘણી લાંબી છે. તેમના માટે બદતરીન અઝાબ એ હશે કે તેઓ જન્નતની નેઅમતો, રઝાએ ઈલાહી અને દીદારે ઈલાહીથી મેહરૂમ રહેશે. કેમ કે દુનિયામાં ખોટા સિક્કા ખરીદયા અને પછી એના બદલામાં થોડા દિવસોની જિંદગીમાં અતિશય બેઈજ્જત કરનારી નફસાની ખ્વાહિશો ખરીદી લીધી, તેઓ પોતાના વેડફાય ગયેલા અમલો અને બર્બાદ કરેલા દિવસો પર અફસોસ કરતાં કહેશે, હાય ! અફસોસ ! અમે અમારાં શરીરોને રબની નાફર્માનીમાં તબાહ કરી નાખ્યાં, અમે જિંદગીના થોડાક દિવસોમાં અમારા નફસને સબ્ર માટે કેમ મજબૂર ન કર્યો ? ! જો અમે તે ગુજરનારા દિવસોમાં સબ્ર કરી લેતા તો રબ્બુલ આલમીનના રહમતના કુર્બમાં જગ્યા પામત. જન્નત અને રઝાએ ઈલાહી હાંસલ કરતા.

હાય અફસોસ ! એમની જિંદગી ગુનાહોમાં તબાહ થઈ ગઈ, મુસીબતોમાં ઘેરાય ગયા. દુનિયવી નેઅમતો અને લિજ્જતોનો કોઈ હિસ્સો તેમના માટે બાકી ન રહયો. જો તેઓ આ મુસીબતો છતાં જન્નતની નેઅમતોનો નઝારો ન કરતા તો એમનો અફસોસ અધિક ન વધતો, પણ તેમને જન્નત દેખાડવામાં આવશે. જેમ કે ફર્માને નબવી છે કે કયામતના દિવસે કેટલાક લોકોને જન્નતની તરફ લાવવામાં આવશે, જયારે તેઓ જન્નતની નજીક પહોંચશે તો તેની ખુશ્બુ સુંઘશે, જન્નતીઓના મહેલો જોશે. ત્યારે અલ્લાહ તઆલા ફર્માવશે, તેમને પાછા લઈ જાવ ! તેમનો જન્નતમાં કોઈ હિસ્સો નથી. તેઓ એવા અફસોસ સાથે પરત થશે કે અવ્વલો આખિર એનું દષ્ટાંત નહીં મળે, અને કહેશે, હે રબ ! અમને જો જન્નત અને તેમાં રહેનારાઓ માટે જે ઈનામો તૈયાર છે તે દેખાડતા પહેલાં જ જહન્નમમાં

મોકલી આપત તો અમને કાંઈક આસની રહેતી ! રબ તઆલા ફર્માવશે, આવું તમારી સાથે એટલા માટે કરવામાં આવ્યું છે કે જ્યારે તમે મારી બારગાહમાં પોતાના દિલોમાં છુપાયેલ વાતોથી બેખબર રાખતા અને રિયકારીથી કામ લેતા હતા. તમે લોકોથી ડરતા હતા પણ મારાથી ડરતા ન હતા, તમો લોકોને મહાન સમજતા હતા અને મને નહીં ! તમો અંગત સ્વાર્થ ખાતર, લોકોના માટે તો સંબંધો ખત્મ કરી દેતા હતા, પણ માટે નહીં. આજે હું તમને ક઼ાયમની નેઅમતોથી મેહરૂમ કરીને દર્દનાક અઝાબની મજા ચખાડીશ. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની–૧૭/૮૬, હિલ્યતુલ અવલિયા–૪/૧૩૫)*

હઝરત અહમદ ઈબ્ને હર્બ ﷺનો કૌલ છે, આપણે તડકા પર છાંયડાને અગ્રતા આપીએ છીએ પણ જહન્નમ પર જન્નતને અગ્રતા નથી આપતા.

હઝરત ઈસા علیہ السلامનો ઈર્શાદ છે કે કેટલાંય તંદુરસ્ત શરીરો, ખૂબસૂરત ચહેરાઓ અને શીરીં કલામ (મધુવાણીથી) વાત કરનારી જીભોવાળા કાલે જહન્નમના તબક઼ાઓમાં પડીને ચીસો પાડી રહયા હશે.

## ★ હઝરત દાઊદ علیہ السلامની બારગાહે રબમાં વિનવણી ★

હઝરત દાઊદ علیہ السلامએ બારગાહે ઈલાહીમાં અરજ કરી, ઈલાહી ! જ્યારે હું સૂરજના તાપ પર સબ્ર નથી કરી શકતો તો તારી જહન્નમની આગ પર કેવી રીતે સબ્ર કરીશ ! હું કે તારી રહમતનો અવાજ સાંભળવાની હિંમત નથી ધરાવતો તો તારા અઝાબનો અવાજ કેવી રીતે સાંભળીશ ?!

હે કમજોર ઈન્સાન ! આ ભયાનકતાઓ પર વિચાર કર અને સમજી લે કે અલ્લાહ તઆલાએ આગને તેની સર્વ ભયાનકતાઓની સાથે પેદા કરી છે અને એમાં રહેનારાઓને પેદા કરી આપ્યા છે. જેઓ ન ઘટશે ન વધશે. અલ્લાહ તઆલા એનો ફેંસલો ફર્માવી ચૂકયો છે. ફર્માને ઈલાહી છે :–

وانذرهم يوم الحسرة اذ قضى الامر وهم فى غفلة وهم لا يؤمنون

''અને તેમને અફસોસના દિવસથી ડરાવો ! જ્યારે કામ સંપૂર્ણ કરવામાં આવશે, અને તેઓ ગફલતમાં છે અને ઈમાન નથી લાવતા.'' *(પારા–૧૬, સૂ. મરયમ, આયત–૩૯)*

મારી જાનની કસમ ! એમાં કયામતની તરફ નિર્દેશ છે બલ્કે યૌમે અઝલ મુરાદ છે. પરંતુ કેમ કે એ ફેંસલાઓની જાહેરાત કયામતના દિવસે થશે એટલા માટે એને ક઼યામતથી સંબંધિત કરવામાં આવેલ છે.

તારા પર આશ્ચર્ય છે કે એ વાતને જાણવા છતાં પણ કે જાણે મારા બારામાં શો ફેંસલો થઈ ચૂકયો છે, તું દુનિયવી બુરાઈઓ તથા ખેલકૂદમાં મશગૂલ છે અને ગફલતમાં પડેલો છે ! જો તારી તમન્ના એ છે કે કાશ ! તને તારાં ઠેકાણા અને અંજામની જાણ થઈ જાય તો એની કેટલીક નિશાનીઓ છે એના પર નજર કર અને પછી તારી ઉમ્મીદો ક઼ાયમ રાખ. પહેલાં તું તારી હાલતો અને અમલોને જો, જો તું દરેક તે અમલ પર કાર્યરત છે જેના માટે અલ્લાહ તઆલાએ તને દુનિયામાં મોકલ્યો છે, અને તને નેકીઓથી મહોબ્બત છે તો સમજી લે કે તું જહન્નમથી દૂર છે. અને જો તું નેકીનો ઈરાદો કરે છે પણ એવી આડો સામે આવી જાય છે કે તું નેકી નથી કરી શકતો. પણ જ્યારે બુરાઈનો ઈરાદો તો તેને આસાનીપૂર્વક કરી લે છે, તો સમજી લે કે તારા માટે ફેંસલો થઈ ચૂકયો છે, કેમ કે જેવી રીતે વરસાદનું અસ્તિત્વ લીલોતરીના ઉછેર અને ધૂમાડો આગ માટે દલીલ પૂરી પાડે છે, તો એ જ પ્રમાણે આ કાર્યો પણ તને અંજામની જાણ કરે છે.

ફર્માને ઈલાહી છે : **ان الا برار لفی نعیم وان الفجار لفی جحیم** ''નેક નેઅમતોમાં અને બદકાર જહન્નમમાં હશે.'' *(પારા–૩૦, સૂરએ અન્ફિતાર, આયત–૧૩)*

તારા અમલોને આ આયતોના આઈનામાં જો, ત્યારે તું તારું સ્થાન ઓળખી લઈશ. વલ્લાહુ અઅ્લમ.

(પ્રકરણ : ૪૦)

# ઈતાઅતની ફઝીલત

ખુદા તઆલાની ઈતાઅતનો અર્થ તમામ નેકીઓને મેળવી લેવું છે. અલ્લાહ તઆલાએ કુરઆન મજીદની વિવિધ આયતોમાં લોકોને એવી વાત તરફ આકર્ષ્યા છે અને એટલા જ માટે અંબિયાએ કિરામને ઉતારવામાં આવ્યા જેથી લોકોને નફસના અંધકારોમાંથી કાઢીને અલ્લાહ તઆલાની મઅરેફતની રોશનીમાં લાવે અને તેઓ તે જન્નતથી લાભ પ્રાપ્ત કરે જે નેકી કરનારાઓ માટે તૈયાર કરવામાં આવી છે કે તેના જેવી જન્નત કોઈ આંખે નથી જોઈ, કોઈ કાને નથી સાંભળી અને કોઈ દિલમાં તેની કલ્પના પણ નથી આવી. લોકોને નિરર્થક પેદા નથી કરવામાં આવ્યા બલ્કે એટલા માટે પેદા કરવામાં આવ્યા છે કે બુરાઓને તેઓની બુરાઈઓની સજા મળે અને નેકોને તેઓની નેકીઓનો બદલો અતા થાય.

અલ્લાહ તઆલા ઈબાદતથી બેનિયાઝ છે. લોકોની બુરાઈઓ ન તેને નુકસાન પહોંચાડે છે અને ન તો તેના કમાલ (ખૂબી)માં કોઈ ખામી આવે છે. જો મખ્લૂક અલ્લાહ તઆલાની ઈબાદત ન કરે તો પણ અલ્લાહ તઆલાની બારગાહમાં એવા ફરિશ્તાઓ છે જેઓ સવાર સાંજ રબની હમ્દ કરતા રહે છે અને કદી પણ થાકતા નથી.

જે શખ્સે નેકી કરી તેણે પોતાના માટે કરી અને જેણે ગુનોહ કર્યો તેનો અઝાબ તેના જ શિરે હશે. અલ્લાહ તઆલા ગની છે અને તમે ફકીર છો.

આશ્ચર્યની વાત તો એ છે કે અમે જો કોઈ ગુલામ ખરીદીએ છીએ તો એ વાત ઈચ્છીએ છીએ કે તે દરેક સમયે તેને સોંપેલું કામ જલ્દીથી અંજામ આપતો રહે, અમારો આજ્ઞાંકિત રહે, જો કે તેને મામૂલી કિંમત વડે ખરીદવામાં આવ્યો છે. તેની એક ભૂલને કારણે તેને દુશ્મન સમજી લઈએ છીએ, અતિશય ગુસ્સો કરીએ છીએ, તેનો ખોરાક બંધ કરી દઈએ છીએ, તેને નજરોથી દૂર કરી દઈએ છીએ અથવા તો તેને વેચી દઈએ છીએ. પરંતુ આપણે તે હકીકી માલિકની ઈતાઅત નથી કરતા જેણે

આપણને બેહતરીન રૂપમાં પેદા કર્યા છે. આપણે વરસાદના ટીપાંઓના જેટલા ગુનાહો કરીએ છીએ પણ તે પોતાની નેઅમતો આપણાથી નથી રોકતો, પોતાની રહમતની મદદ નથી રોકતો જેના વિના આપણા માટે એક ડગ પણ ભરવાનો મુશ્કેલ થઈ જાય. જો તે ધારે તો આપણને એક ગુનાહના બદલે પકડવા માટે કાદિર (શકિતમાન) છે પણ તે આપણને મોહલત આપે છે જેથી કે આપણે તૌબા કરીએ અને તે તૌબા કબૂલ ફરમાવીને આપણા ગુનાહોને બખ્શી દે અને આપણી ખામીઓને ઢાંકી લે.

દરેક બુદ્ધિશાળી સારી રીતે જાણે છે કે ઈતાઅત અને ફરમાંબરદારી ને લાયક કોણ છે ? તે તે ઝાતની તરફ જ ધ્યાનિત થાય છે, તેના જ રહમતના દામનમાં પનાહ શોધે છે. જયારે તેનાથી કોઈ ગુનોહ થઈ જાય છે તો તે પોતાના ખાલિકની તરફ રૂજૂઅ કરે છે (માફી માંગે છે) તેની રહમતથી નિરાશ નથી થતો અને તેના ઈનામોનો શુક્ર અદા કરતો રહે છે. એટલે સુધી કે તે અલ્લાહ તઆલાના દોસ્તોમાં ગણવા લાગે છે. જયારે તેને મૌત આવે છે તો તે દીદારે ઈલાહીના માટે આતુર હોય છે અને બેનિયાઝ ખુદા તેનાથી મુલાકાતનો ખ્વાહિશમંદ હોય છે.

તે હઝરત અબૂદરદા رضی اللہ عنہએ હઝરત કઅબ رضی اللہ عنہથી કહ્યું કે મને તૌરાતની એક ખાસ આયત સંભળાવો. તેમણે જવાબમાં આ આયત સંભળાવી, ‘‘રબ ફરમાવે છે કે નેકોને મારા દીદારનો શોખ છે અને હું તેઓની મુલાકાતનો તેઓથી પણ અધિક ખ્વાહિશમંદ છું.’’ હઝરત કઅબે કહ્યું કે આ આયતના હાશિયામાં લખેલું હતું કે જેણે મને શોધ્યો, (તેણે) પામી લીધો અને જેણે કોઈ અન્યને શોધ્યો તે મારા દીદારથી વંચિત રહ્યો. હઝરત અબૂદરદા ફરમાવવા લાગ્યા કે ખુદાની કસમ ! મેં હુઝૂર صلی اللہ علیہ وسلمથી એવું જ સાંભળ્યું છે. *(અહયાઉલ ઉલૈમ–૪/૨૮૩)*

## ★ દુનિયાવાળાઓને હઝરત દાઊદ علیہ السلامની ઝબાની ખુદાનો પૈગામ ★

હઝરત દાઊદ علیہ السلامની તરફ અલ્લાહ તઆલાએ વહી મોકલી કે હે દાઊદ ! મારો આ પૈગામ દુનિયાવાળાઓ સુધી પહોંચાડી દો. હું તેનો દોસ્ત છું જે મને દોસ્ત રાખે છે. મારી મજલિસમાં આવનારાઓનો

હમમજલિસ છું, જે મારા ઝિક્રથી પ્રેમ રાખે છે હું તેનાથી મહોબ્બત રાખું છું, જે મારાથી દોસ્તી રાખે છે હું તેનાથી દોસ્તી રાખું છું. જે મને પસંદ કરે છે તેને હું પસંદ કરું છું. જે મારો ફરમાંબરદાર (આજ્ઞાંકિત) બની જાય છે તેનું કહેવું કબૂલ કરી લઉં છું. જે શખ્સ પણ દિલની ગહરાઈ (ઊંડાણપૂર્ણક)ઓથી મને મહબૂબ સમજે છે હું તેને મારા માટે પસંદ કરૂં છું અને તેની સાથે બેમિષાલ મહોબ્બત કરૂં છું. જેણે ખરેખર મને તલબ કર્યો તેણે મને પામી લીધો અને જેણે મારા ગૈરને તલબ કર્યો તે મારાથી મેહરૂમ રહ્યો. પછી હે દુનિયાવાળાઓ ! તમે કયાં સુધી દુનિયાના ધોકામાં રહેશો ? મારી કરામત, દોસ્તી અને હમ મજલિસની તરફ આવો અને મારાથી દોસ્તી રાખો. હું તમને મારી મહોબ્બતથી માલામાલ કરી દઈશ. કેમ કે મેં મારા દોસ્તોની ફિતરતને ઈબ્રાહીમ ખલીલુલ્લાહ, મૂસા નજિયુલ્લાહ અને મુહમ્મદ સફિયુલ્લાહ عَلَيْهِمُ السَّلَام ના ખમીર વડે બનાવી છે. તેઓની આત્માઓ મારા નૂરથી અને તેઓની નેઅમતો પોતાના જમાલ વડે પેદા કરી છે.

## ★ એક સિદ્દીક પર ઈલ્હામનું નુઝૂલ અને સિદ્દીકોના ગુણો ★

એક નેક મર્દથી મરવી છે કે હઝરત રબ્બુલ ઈઝઝતે એક સિદ્દીક પર ઈલ્હામ ફરમાવ્યો કે મારા બંદાઓમાં કેટલાક એવા બંદાઓ પણ છે જેઓ મને મહબૂબ રાખે છે, હું તેઓને મહબૂબ રાખું છું. તેઓ મારા દીદારના માટે આતુર છે અને હું તેઓના દીદારનો મુશ્તાક છું. તેઓ મને યાદ કરે છે અને હું તેઓને યાદ ફરમાવું છું. જો તું તેઓના માર્ગે ચાલીશ તો હું તને મહબૂબ બનાવીશ અને જો તેં તે માર્ગ ન અપનાવ્યો તો હું તારાથી દુશ્મની રાખીશ. તે સિદ્દીકે પૂછયું કે યા અલ્લાહ ! તેઓની અલામતો (નિશાનીઓ) શું છે ? તો રબ્બે ઝુલ જલાલે ફરમાવ્યું કે તેઓ દિવસ આથમવાનો એવો ખયાલ રાખે છે જેવી રીતે મહેરબાન ભરવાડ પોતાની બકરીઓનો ખયાલ રાખે છે. તેઓ સૂર્ય ડૂબવાના એવા આતુર રહે છે જાણે કે સૂરજ ડૂબ્યા પછી પક્ષી પોતાના માળામાં જવા માટે તલપાપડ હોય છે.

જયારે રાત થઈ જાય છે અને અંધકાર વધી જાય છે અને પથારીઓ

પાથરી દેવામાં આવે છે. લોકો ઉઠી જાય છે અને મિત્ર મિત્રમંડળમાં આનંદથી ગપ્પાં મારવા લાગે છે ત્યારે તેઓ મારા માટે ઉભા થઈ જાય છે. મારા માટે ચહેરાઓનું ફર્શ પાથરી દે છે (સિજદાઓ કરે છે). મારા કામમાં મારી સાથે વાતચીત કરે છે, મારાં ઈનામોની આરઝૂ કરે છે. તેઓની આખી રાત રૂદન કાકલૂદી (આજિઝી) કરવામાં, રહમતની ઉમ્મીદ રાખવામાં અને અઝાબના ભયથી ડરની સાથે કયામ તથા કાઈદા, રૂકૂઅ તથા સિજદાઓમાં પસાર થઈ જાય છે. મને મારી રહમતની નજરની કસમ ! તેઓ મારા લીધે ગુનાહોનો બોજ નથી ઉઠાવતા અને મને મારી સમાઅત (શ્રવણ શકિત)ની કસમ ! તેઓ મારી મહોબ્બતની ફરિયાદ નથી કરતા. હું શરૂ શરૂમાં તેઓને ત્રણ ચીજો અતા કરૂ છું, તેઓના દિલોમાં મારું નૂર મૂકી દઉં છું જેનાથી તેઓ મારી ખબર પામી લે છે જેવી રીતે હું તેઓની ખબર પામી લઉં છું. બીજુ એ કે જો જમીન તથા આસમાન પોતાની સર્વસ્વ ચીજોની સાથે તેના અમલના ત્રાજવામાં રાખી દેવામાં આવે તો પણ તેના પલ્લાંઓ હલકાં થશે અને હું તેની નેકીઓ ભારે કરી દઈશ. ત્રીજુ એ કે હું મારી રહમતને તેની તરફ ધ્યાનિત કરી દઉં છું અને તે એ વાતને જાણી લે છે કે તે જે કાંઈ માંગશે હું તેને આપી દઈશ.

## ★ ખુદાના મુશ્તાક બંદાઓના ગુણો ★

અલ્લાહ તઆલાએ હઝરત દાઊદ علیہ السلامની તરફ વહી મોકલી કે હે દાઊદ ! તમે જન્નતનું વર્ણન કરો છો પણ મારાથી મારા મુશ્તાકોમાં (ખ્વાહિશ રાખનાર) સમાવાની દુઆ કેમ નથી કરતા ? આપે અર્ઝ કરી, યા અલ્લાહ ! તારા મુશ્તાક કોણ છે ? રબ્બે ઝુલજલાલે ફરમાવ્યું કે મારા મુશ્તાક તે છે જેઓનાં દિલોને મેં દરેક મેલાશથી પાક કરી દીધાં છે, તેઓને બુરાઈઓથી બચવા સાવચેત કરી દીધાં છે. તેઓ પોતાના દિલના ખૂણાઓથી મને જુએ છે અને મારી રહમતના ઉમ્મીદવાર રહે છે. હું તેઓના દિલોને દસ્તે રહમતમાં લઈને આસમાનો પર રાખુ છું અને મારા મુકર્રબ ફરિશ્તાઓને બોલાવું છું. ફરિશ્તાઓ ભેગા થઈને મને સિજદો કરે છે અને હું ફરમાવું છું કે મેં સિજદો કરવા માટે તમને નથી બોલાવ્યા બલ્કે તમને મારા દીદારના મુશ્તાકો (આતુર)ના દિલ દેખાડવા માટે બોલાવ્યા

છે. આ એહલે શૌક઼ (શોખવાળાઓ) ગર્વ લેવા સમાન છે ! તેઓના દિલો આસમાન પર એવાં ચમકે છે જેવી રીતે જમીન પર સૂરજ ચમકે છે.

હે દાઊદ ! મેં મુશ્તાકોના દિલ મારી રઝામંદીથી (ખુશીથી), તેઓની જિંદગી પોતાના નૂર વડે પેદા કરેલ છે. મેં તેઓને મારા હમરાઝ બનાવ્યા છે. તેઓનાં વજૂદ દુનિયામાં મારી રહમતની નિગાહના ઠેકાણાં છે અને મેં તેઓના દિલોમાં એક માર્ગ બનાવ્યો છે જેનાથી તેઓ મારો દીદાર કરે છે અને તેઓનો શોખ પ્રગતિ કરતો જ જાય છે.

હઝરત દાઊદ عليه السلام એ અર્ઝ કરી, યા અલ્લાહ ! મને તારા કોઈ મુશ્તાકનો દીદાર કરાવી દે. રબ તઆલાએ ફરમાવ્યું કે દાઊદ લબનાનના પહાડ પર જાવ ત્યાં મારા ૧૪ મુહિબ (આશિકો) રહે છે જેઓમાં યુવાન તથા વૃદ્ધ બધા સામેલ છે. તેઓને મારા સલામ કહો અને કહેશો કે અલ્લાહ તઆલા ફરમાવે છે કે તમે મારા દોસ્ત અને મહબૂબ છો, તે તમારી ખુશીમાં ખુશ થાય છે અને તમને ખૂબ જ મહબૂબ રાખે છે અને ફરમાવે છે તમે મારાથી કોઈ હાજત કેમ બયાન કરતા નથી ? હઝરત દાઊદ عليه السلام તેઓથી મુલાકાત કાજે રવાના થયા અને તેઓને એક ઝરણાની નજીક જોયા, તેઓ અલ્લાહ તઆલાની અઝમત તથા જલાલ (મહાનતા) પર વિચારવિમર્શ (ચિંતન મનન) કરી રહ્યા હતા.

જયારે તેઓએ હઝરત દાઊદ عليه السلام ને જોયા તો તેઓ આમ તેમ છુપાઈ જવા માટે ઉભા થઈ ગયા. હઝરત દાઊદ عليه السلام એ ફરમાવ્યું કે હું અલ્લાહનો રસૂલ છું અને તમારી પાસે અલ્લાહનો પૈગામ પહોંચાડવા માટે આવ્યો છું. તો તેઓ નીચી નજરે પગથી માથા સુધી (સરાપા) આતુર બની તેનું ફરમાન સાંભળવા માટે પાછા આવી ગયા. હઝરત દાઉદ عليه السلام એ ફરમાવ્યું કે હું તમારી તરફ અલ્લાહનો રસૂલ બનીને આવ્યો છું. અલ્લાહ તઆલા તમને સલામ કહે છે અને ફરમાવે છે કે તમે મારાથી હાજત કેમ તલબ નથી કરતા ? મને પોતાની જરૂરતોના માટે કેમ પોકારતા નથી ? જેથી હું તમારી વાત સાંભળું, તમે મારા દોસ્ત અને મહબૂબ છો. હું તમારી ખુશીથી ખુશ થાઉં છું. તમારી મહોબ્બતને બેહતર સમજુ છું અને દરેક સમયે મહેરબાન અને હેતાળ માની દષ્ટિ વડે જોઉં છું.

જયારે તેઓએ આ સાંભળ્યું તો તેઓના ચહેરાઓ પર આંસૂ વહેવા લાગ્યાં. તેઓનો શયખ પોકારી ઉઠયો, હે રબ ! તું પાક છે, તું પાક છે, અમે તારા ગુલામ અને ગુલામોની ઔલાદ છીએ. અમારી વીતેલી ઉમરોની તે ઘડીઓ જે તારા ઝિક્રથી ગફલતમાં રહીને ગુઝરી તેને માફ ફરમાવી દે. બીજો બોલ્યો, તું પાક છે, તું પાક છે. અમે તારા ગુલામ અને ગુલામોના પુત્ર છીએ. જે મામલાઓ અમારી અને તારી વચ્ચે છે અમને તેમાં સારા ખયાલ અતા ફરમાવ. ત્રીજાએ કહ્યું કે હે અલ્લાહ ! તું પાક છે, હે અલ્લાહ ! તું પાક છે. અમે તારા ગુલામ અને તારા ગુલામોની ઔલાદ છીએ. હે રબ ! તેં અમને દુઆ માટે તરગીબ (આકર્ષવું) આપી છે અને તને ખબર છે કે અમને અમારા કાજે કોઈ ચીજની જરૂરત નથી. અમારા પર સંપૂર્ણતઃ એહસાન ફરમાવ અને તારા રસ્તા પર કાયમ અડગ રાખ.

એક અન્ય મોહિબ એવું કહેવા લાગ્યો કે ઈલાહી ! અમે તારી રઝામંદી (રાજીપા)ને પૂરેપૂરી નથી પામી શકતા, અમારી ઈમદાદ ફરમાવ જેથી કરીને અમે તેને પામી લઈએ. એક અન્ય મોહિબે કહ્યું કે તેં અમને વિર્યથી પેદા કર્યા અને અમારી ઝાતમાં વિચારવાની દૌલત બખ્શી છે. હે અલ્લાહ ! તેં અમને કલામ માટે નિમંત્ર્યા (તરગીબ આપી) છે. જે તારી મહાન શાનના વિચારોમાં વ્યસ્ત છે અને તારા જલાલમાં ચિંતન મનન કરે છે અને અમે તારાથી તારા કુર્બ (નઝદીકી)ની દરખાસ્ત કરીએ છીએ. એક બીજો મોહિબ પોકારી ઉઠો કે તારી શાનની અઝમત, દોસ્તોના અતિશય કુર્બ અને મોહિબ્બો પર અગણિત નેઅમતોના લીધે અમારી જીભો દુઆ માંગવાથી અટકી ગઈ છે. એક અન્ય બોલ્યો કે તેં અમારા દિલોને તારા ઝિક્રની તૌફીક બખ્શી, પોતાની રહમતમાં વ્યસ્ત ફરમાવીને આખી દુનિયાથી બેનિયાઝ (બેપરવા) કરી દીધો. જેવો કે હક છે તેવો પૂરેપૂરો શુક્ર અદા ન કરી શકવાના અમારા કુસૂરને માફ ફરમાવી દે.

એક અન્યએ કહ્યું કે હે અલ્લાહ ! તું જાણે છે કે અમારી તમન્ના તારા દીદારના સિવાય અન્ય કાંઈ પણ નથી. એક અન્યએ કહ્યું કે માલિક ગુલામને માગવા માટે ફરમાવે છે પણ ગુલામ પોતે માગવાની હિમ્મત નથી કરી શકતો. અમને નૂર એનાયત ફરમાવ જેથી અમે આસમાનના અંધકારોથી નીકળીને તારી બારગાહમાં આવીએ.

એક જણે કહ્યું કે અમે એ દુઆ માંગીએ છીએ અમારી આ ઈબાદત કબૂલ ફરમાવી લે અને અમને હમેશાં તેના પર કાયમ રાખ.એક અન્ય મોહિબે કહ્યું કે દુનિયામાં અમને કોઈ ચીજની જરૂરત નથી, અમને તારું જમાલે જહાંઆરા બતાવી દે.

એક અન્ય મોહિબે કહ્યું કે મારી આંખો દુનિયા અને તેના ઝાકઝમાળથી બંધ કરી દે અને મારા દિલને આખેરતના ખયાલોથી પાક ફરમાવી દે.

એક અન્ય મોહિબે કહ્યું કે મેં તારી રફઅત અને પાકીને જાણી લીધી અને દોસ્તોથી તને જે મહોબ્બત છે તેને ઓળખી લીધી. અમારા પર એ એહસાન વધુ ફરમાવ કે અમને એવા કરી દે કે અમે તારા સિવાય કોઈ અન્ય ચીજનો દિલમાં વિચાર સુદ્ધાં ન લાવીએ.

પછી અલ્લાહ તઆલાએ હઝરત દાઊદ علیہ السلام ની તરફ વહી ફર્માવી કે હે દાઊદ ! તેઓને કહી દો કે મેં તમારી વાતો સાંભળીને તેને કબૂલ કરી લીધી છે. તમે એકબીજાથી અલગ અલગ થઈ જાવ અને પોતાને દીદાર માટે તૈયાર કરી લો કે તમારા અને મારા દરમ્યાન આવેલા પર્દાઓ ઉઠાવનારો છું કે જેથી તમે મારા નૂર અને જલાલને જોઈ શકો.

હઝરત દાઊદ علیہ السلام એ અર્ઝ કરી, યા અલ્લાહ ! તેઓને આ મકામ કઈ રીતે મળ્યો ? રબ્બે ઝુલ જલાલે ફરમાવ્યું કે નેક ગુમાન, દુનિયા અને તેની ચીજાથી અલિપ્તતા, મારી હુઝૂર માત્ર દુઆઓ અને એકાંતમાં હાજર થવાના કારણે તેઓને આ મકામ મળ્યો છે અને આ મકામને તે જ પામે છે જે દુનિયા અને દુનિયાની ચીજોને છોડીને તેનાથી બિલકુલ સંબંધ ન રાખે, દિલને મારી યાદથી પુર કરી દે, તમામ મખ્લૂકને છોડીને મને પસંદ કરી લે ત્યારે હું તેના પર રહમત નાઝિલ કરૂં છું. તેને દુનિયવી બખેડાઓથી મુકત કરી દઉં છું.

તેની અને મારી દરમ્યાન પર્દાઓ ઉઠાવી લઉં છું. તે મને એવી રીતે જુએ છે જેવી રીતે કોઈ માણસ પોતાની સમક્ષ કોઈ ચીજને જુએ છે. દરેક ક્ષણે તેને પોતાની ઈજ્જત તથા કરામતોના નઝારા દેખાડુ છું, તેને નૂરે મઅરેફતથી સરફરાઝ કરૂં છું. જયારે તે બીમાર થઈ જાય છે તો હું મહેરબાન માની જેમ તેની દેખભાળ કરૂં છું. જો તે તરસ્મયો થાય છે તો હું તેને તૃપ્ત

કરૂં છું અને તેને પોતાના ઝિક્રથી ખોરાક પૂરો પાડુ છું.

હે દાઊદ ! عليه السلام જયારે હું તેની સાથે આ સુલૂક કરૂં છું ત્યારે તે દુનિયા અને તેના બખેડાઓથી નાબીના થઈ જાય છે. તેને દુનિયાથી કોઈ મહોબ્બત નથી રહેતી. તે મારા સિવાય કોઈના તરફ ધ્યાન નથી કરતો. તે જલ્દી મરવાને પસંદ કરે છે પણ હું તેની મૌત નાપસંદ કરૂં છું કેમ કે આખી મખ્લૂકમાં તે જ તો મારી રહમતનું ઠેકાણુ હોય છે. તે મારા સિવાય કોઈને નથી જોતો અને હું તેના સિવાય કોઈ અન્યને પસંદ નથી કરતો.

હે દાઊદ ! જો તું તેને એ હાલતમાં જુએ કે તેનું શરીર અયબોથી ભરપૂર હોય, દુબળુ હોય, તેના અંગો તૂટી ચૂકયાં હોય અને તેનું દિલ નિયંત્રણથી અસંગત થઈ ચૂકયું હોય તો જયારે હું ફરિશ્તાઓમાં તેના પર ફખ્ર કરૂં છું અને આસમાનવાળાઓમાં તેનો ઉલ્લેખ કરૂં છું તો તે એને સાંભળીને પોતાની ઈબાદત અને ખૌફને વધારી દે છે.

હે દાઊદ ! મને પોતાની ઈજ્જત તથા જલાલની કસમ ! હું તેને જન્નતુલ ફિરદૌસમાં જગા આપીશ અને તેના દિલને પોતાના દીદારથી ભરી દઈશ એટલે સુધી કે તે રાજી થઈ જાય.

## ★ ખુદાના મુશ્તાક (તાલિબ) નુકસાનથી સલામત છે ★

અલ્લાહ તઆલાએ હઝરત દાઊદ عليه السلامથી ફરમાવ્યું કે મારી મહોબ્બતના આરઝૂમંદ બંદાઓને કહી દો કે તમને તે સમયે કોઈ મહરૂમી (વંચિતપણુ) નડશે નહીં જયારે કે હું મખ્લૂકની સામે હિજાબાત (પડદાઓ) નાખી દઈશ તો તમે બેપરવા દિલની આંખો વડે મારો દીદાર કરતા રહેશો અને તમને કાંઈ નુકસાન નહી થાય. જયારે કે મેં દુનિયાના બદલે તમને દીન આપી દીધો અને તમને મારી રઝા (રાજીપા)ની ઉમેદવારીના કારણે દુનિયા પરની મારી નારાઝગી કોઈ નુકસાન નહીં પહોંચાડે.

## ★ અલ્લાહ અને દુનિયાની મહોબ્બત દિલમાં એક સાથે નથી હોઈ શકતી ★

હઝરત દાઊદ عليه السلامની ખબરોમાં એમ લખાયેલ હતું કે, અલ્લાહ તઆલાએ હઝરત દાઊદ عليه السلامની તરફ વહી કરી કે જો તમે મારી

મહોબ્બતનો દાવો કરતા હોય તો દિલથી દુનિયાની મહોબ્બત કાઢી નાખો કેમ કે મારી અને દુનિયાની મહોબ્બત એક દિલમાં નથી સમાઈ શકતી.

હે દાઊદ ! દુનિયાથી મેલજોલ રાખો પણ મહોબ્બત ખાલિસપણે મારાથી રાખો. તમે મારા દીનની પયરવી કરો, લોકોના દીનોની પયરવી ન કરો. જે ચીજ તમને મારી મહોબ્બતને લાયક જણાય તેને હાંસલ કરો, જે ચીજમાં તમને મુશ્કેલી જણાય તો તેમાં મારી પૈરવી કરો. હું તમારી હાલતો અને જરૂરતોની સુધારણા કરીશ. હું તમારો રહબર અને રહનુમા (માર્ગદર્શક) બનીશ. સવાલથી પહેલાં અતા કરી દઈશ, મુસીબતોમાં તમારી મદદ કરીશ. મેં પોતાની ઝાતની કસમ ખાધી છે કે હું મારા તે બંદાને બદલો આપીશ જે સાચી તલબ અને મજબૂત ઈરાદાઓની સાથે મારી સમક્ષ ગરદન ઝુકાવીને આવે છે અને તે એવું સમજે છે કે મારાથી બેનિયાઝી અને બેપરવાઈ શકય નથી. જયારે તું આ મકામ પર પહોંચી જઈશ તો હું તારાથી રૂસ્વાઈ અને વહશત (ભય)ને દૂર કરી દઈશ, તમારા દિલમાં લોકોની બેપરવાઈ નાખી દઈશ. કેમ કે મેં પોતાની ઝાતની કસમ ખાધી છે કે જયારે કોઈ બંદો દુનિયાથી સંબંધ તોડીને મારી જાત પર ભરોસો કરીને સંતોષી થઈ જાય છે તો હું તેને દુનિયાથી માલામાલ કરી દઉં છું. આમાલમાં વિરુદ્ધતા પેદા ન કરો, લોકોથી બેપરવા થઈ જાવ, તમને તમારો સાથી કોઈ ફાયદો આપી શકશે નહીં. પોતાનું ધ્યાન મારા સુધી સીમિત રાખો, મારી મઅરેફતની કોઈ હદ નથી તેને સીમિત ન સમજો. મારાથી જેટલું વધારે માંગશો તેટલું અતા કરીશ. મારા આપવાની કોઈ હદ નથી અને બની ઈસ્રાઈલને બતાવો કે મારા અને મારી કોઈ મખ્લૂકની વચ્ચે રિશ્તેદારી નથી. મારા બારામાં તેઓના ઈરાદાઓને અને તેઓના આકર્ષણને વધારો. તેઓને તે જન્નતની ખુશખબરી સંભળાવો જેને કોઈ આંખે નથી જોઈ, કોઈ કાને નથી સાંભળી અને કોઈના દિલમાં તેની કલ્પના નથી આવી. મને દરેક સમયે નજરો સમક્ષ સમજો ! મને માથાની આંખ વડે નહીં દિલની આંખ વડે જુઓ.

મેં મારી ઈજ્જત તથા જલાલની કસમ ખાધી છે કે, જે બંદો જાણી બુઝીને મોડુ કરીને મારી ઈબાદત કરશે તેને હું સવાબ દઈશ નહીં. શીખનારાઓ સાથે નમ્રતાથી વર્તો અને અનુયાયીઓ પર જબરદસ્તી ન

કરો. મારા મુહિબ જો આ મકામ જાણતા હોત જે મેં અનુયાયીઓના માટે નિશ્ચત કર્યો છે તો તેઓ પણ એ જ રસ્તા પર ચાલવાનું પસંદ કરત.

હે દાઊદ ! કોઈ મુરીદ (અનુયાયી)ને તેની મદહોશીથી સાવધાન ન કરો. તેને મારી જાતમાં મગ્ન રહેવા દો, હું તમને જહીદ (અત્યંત કોશિશ કરનાર) લખીશ અને જેને હું પોતાને ત્યાં જહીદ લખી દઉં છું તેના પર મખ્લૂકાત તરફથી કોઈ ડર અને મોહતાજી બાકી નથી રહેતી.

હે દાઊદ ! મારૂ કલામ સારી રીતે સમજો ! અને મજબૂતીથી પકડી લો અને પોતાની જાતના માટે પોતાના નફસથી નેકીઓ લો. દુનિયામાં મશગૂલ ન થાવ જેથી મારાથી તમારી મહોબ્બત પડદા પાછળ ન ચાલી જાય. મારા બંદાઓને મારી રહમતથી નિરાશ ન કરો. મારા માટે પોતાની ખ્વાહિશોને ખત્મ કરી દો કેમ કે મેં ઈચ્છાઓને કમજોર બંદાઓ માટે બનાવી છે. મજબૂત મર્દોનું નફસાની ખ્વાહિશાતથી શું કામ ? કેમ કે તે મારી બારગાહમાં દુઆઓની મિઠાશને નષ્ટ કરી દે છે. મારે ત્યાં શકિતવાળાઓનો અઝાબ એ છે કે જયારે તેઓ મારા દીદારની લિજ્જત પામી લેવાની નજીક હોય છે તો હું તેઓની બુદ્ધિઓ પર પડદો પાડી દઉં છું અને તેઓ વંચિત રહે છે. હું મારા દોસ્તના માટે દુનિયા અને દુનિયાના કારણે પોતાની દૂરી પસંદ નથી કરતો.

હે દાઊદ ! મારા અને તમારા વચ્ચે મખ્લૂકને ન લાવો કે કયાંક તેની બેહોશી તમને મારી મહોબ્બતથી દૂર ન કરી દે, કેમ કે આ મખ્લૂક મારા તલબગારોના માટે ચોરોની જેમ છે. હમેશાં રોઝા રાખો, વાસનાઓને ત્યજી શકશો. ખુદને રોઝા વિનાના થવાથી બચાવો કેમ કે મને હમેશાં રોઝા રાખનારા ખૂબ જ પસંદ છે.

(પ્રકરણ : ૪૧)

## શુક્ર

રબ્બે ઝુલજલાલે કુર્આન મજીદમાં ઝિક્રની સાથે શુક્રને પણ સામેલ ફરમાવેલ છે. ઈરશાદે ઈલાહી છે, **وَلَذِكْرُ اللّٰهِ اَكْبَرُ** ''અને બેશક ! અલ્લાહનો ઝિક્ર ખૂબ જ મોટો છે.'' *(પારા–૨૧, સૂ. અન્કબૂત, આયત–૪૫)* આ આયતમાં અલ્લાહ તઆલાએ ઝિક્રની અઝમતની ચર્ચા કરી છે. ઈરશાદે ઈલાહી છે, **فاذكرونى اذكر كم و اشكر والى ولا تكفرون** ''પછી તમે મારું ઝિક્ર કરો હું તમારૂં ઝિક્ર કરીશ અને મારો શુક્ર કરો અને કુફ્ર ન કરો.'' *(સૂ. બક્રહ, આયત–૧૫૨)*

વધુમાં ફરમાવ્યું, **مايفعل الله بعذا بكم ان شكرتم وامنتم** ''જો તમે ઈમાન લાવ્યા અને શુક્ર ગુઝાર બની ગયા તો અલ્લાહ તઆલા તમને અઝાબ આપશે નહીં.'' *(સૂ. નિસાઅ, આયત–૧૪૭)*

અને ફરમાવ્યું, **وَسَنَجْزِى الشّٰكِرِيْنَ** ''અમે નજીકમાં જ શુક્ર કરનારાઓને બદલો (અજ્ર) આપીશું.'' *(પારા–૪, સૂ. આલે ઈમરાન, આયત–૧૪૫)*

અને અલ્લાહ તઆલાએ શયતાન મરદૂદનો કિસ્સો બયાન કરતાં ઈરશાદ ફરમાવ્યો કે, શૈતાને બારગાહે ખુદાવંદીમાં કહ્યું, **لا تقعد لهم صراطك المستقيم** ''હું તેઓને બહેકાવવાના માટે તારા સીધા રસ્તા પર બેસી જઈશ.'' *(પારા–૮, સૂ. અઅરાફ, આયત–૧૬)* કેટલાક ઉલમાનો ખયાલ છે કે અહીં સિરાતે મુસ્તકીમથી મુરાદ શુક્રનો માર્ગ છે. શૈતાને અલ્લાહ તઆલાની મખ્લૂક પર કટાક્ષ કરતાં કહ્યું હતું, **وَلَا تَجِدُ اَكْثَرَهُمْ شٰكِرِيْنَ** ''તું તેઓમાંથી મોટા ભાગનાઓને શુક્ર ગુઝાર પામીશ નહીં.'' *(પારા–૮, સૂ. અઅરાફ, આયત–૧૭)*

અને ફરમાને ઈલાહી છે, **وقليل من عبادى الشكور** ''મારા બંદાઓમાં થોડાક છે જેઓ શુક્ર અદા કરે છે.'' *(પારા– ૨૨, સૂ. સબા, આયત–૧૩)* અને અલ્લાહ તઆલાએ શુક્ર કરવાથી નેઅમતોમાં વધારો કરવાનું વર્ણન ફરમાવ્યું. જેમ કે ઈરશાદે ઈલાહી છે,

لئن شكر تم لا زيد نكم ''જો તમે શુક્ર કર્યો તો હું નેઅમતોને વધારે કરીશ.'' *(સૂ. ઈબ્રાહીમ, આયત–૭)* અને આ ફરમાનમાં કોઈને અલગ નથી ફરમાવ્યા.

અને પાંચ ચીજો એવી છે જેનામાં અલ્લાહ તઆલાએ અલગ (વિવિધતા) ફરમાવેલ છે. તે છે માલદારી, કબૂલિયત, રોજી, બક્ષિશ અને તૌબા. જેમ કે ફરમાને ઈલાહી છે :–

فسوف يغنيكم الله من فضله ان شآء ''જો અલ્લાહે ચાહ્યું તો નજીકમાં જ તમને માલદાર કરી દેશે.'' *(સૂ. તૌબા, આયત–૨૮)* અને ઈરશાદ ફરમાવ્યો છે, ''જો તે ચાહશે તો તમારી તમન્નાઓ પૂરી કરી દેશે.''

અને ઈરશાદ ફરમાવ્યું, والله يرزق من يشآء بغير حساب ''તે જેને ચાહે છે બેહિસાબ રોજી આપે છે.'' *(સૂ. બકરહ, આયત–૨૧૨)* અને ફરમાવ્યું ''અને અલ્લાહ તઆલા શિર્કના સિવાય જે ગુનાહ ચાહે બખ્શી દેશે.'' *(સૂ. નિસાઅ, આયત–૪૮)*

આગળ ફરમાવ્યું, ''અલ્લાહ તઆલા જેની તૌબા ચાહે છે કબૂલ કરી લે છે.'' *(સૂ. તૌબા, આયત–૧૫)*

શુક્ર અલ્લાહ તઆલાની સિફતો (ગુણો)માંથી એક સિફત છે. જેમ કે ઈરશાદે ઈલાહી છે : والله شكور حليم ''અને અલ્લાહ તઆલા શકૂર તથા હલીમ છે.''

અલ્લાહ તઆલાએ શુક્રને જન્નતીઓની વાતનો પ્રારંભ ઠરાવેલ છે અને ફરમાવ્યું કે જન્નતમાં દાખલ થતાં જ કહેશે, وقالوا الحمد لله الذى صدقنا وعده ''હમ્દ અને શુક્ર છે અલ્લાહના માટે જેણે પોતાનો વાયદો સાચો ફરમાવ્યો.'' *(સૂ. ઝુમર, આયત–૭૪)* અને ફરમાવ્યું, واخر دعواهم ان الحمد لله رب العلمين ''તેઓનો આખરી પોકાર એ હશે કે હમ્દ છે અલ્લાહ રબ્બુલ આલમીનના માટે.'' *(પારા–૧૧, સૂ.યૂનુસ, આયત–૧૦)*

શુક્રની ફઝીલતમાં ઘણી જ હદીષો પણ આવેલી છે જેમ કે ફરમાને નબવી છે, ''ખાઈને શુક્ર અદા કરવાવાળા સાબિર (સબ્ર

કરનાર) રોઝાદારની જેમ છે.'' *(સુનને ઈબ્ને માજહ, પેજ–૧૨૬, સુનને તિર્મિઝી–૨/૭૫, સુનને કુબરા લિલ્બયહકી–૪/૫૦૪, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન–૪/૧૫૧, મુસ્નદે અહમદ બિન હંબલ–૫/૪૫૩, સુનને દારમી–૨/૮૨, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૭/૧૦૦, સહીહ ઈબ્ને હબ્બાન, ૧/૩૧૭, હિલ્યતુલ અવલિયા, ૭/૧૬૨ મુસન્નફ અબ્દુર્રઝ્ઝાક, ૧૦/૩૮, કન્ઝુલ ઉમ્માલ, ૩/૨૫૪)*

## ★ હુઝૂરની શુક્રગુઝારી ★

હઝરત અતાઅ્ رضی اللہ عنہથી મરવી છે કે અમે હઝરત આઈશા رضی اللہ عنہاની ખિદમતમાં હાજર થઈને અર્ઝ કરી કે આપ અમને હુઝૂર ﷺની કોઈ અજીબ વાત સંભળાવો. હઝરત આઈશા رضی اللہ عنہا આંસૂ સારતાં થઈ ગયાં અને ફરમાવ્યું કે હુઝૂર ﷺની કઈ વાત અજબની ન હતી ? સાંભળો ! હુઝૂર ﷺ એક રાત્રે તશરીફ લાવ્યા અને મારા બિસ્તર કે મારી રજાઈમાં મારી સાથે સૂઈ ગયા એટલે સુધી કે આપનું શરીર મુબારક મારા શરીર સાથે સ્પર્શવા લાગ્યું. ત્યારે આપે ફરમાવ્યું કે હે અબૂબક્રની પુત્રી ! મને ઈજાઝત આપો જેથી હું રબની ઈબાદત કરૂં. મેં અર્ઝ કરી, જો કે હું આપના સહવાસને અત્યંત પસંદ કરૂં છું પણ આપની ઈચ્છાને અગ્રિમતા આપું છું જેથી હું આપને રજા આપું છું. આપ જરૂર ઈબાદત કરો.

આપ ઉઠીને પાણીના મશકની તરફ ગયા અને થોડા પાણીથી વઝૂ કર્યું. આપે નમાઝ શરૂ કરી દીધી અને આપ રડવા લાગ્યા એટલે સુધી કેઆપનાં આંસૂ છાતી પર વહેવા લાગ્યાં. પછી આપ રૂકૂઅમાં, સિજદામાં અને સિજદામાંથી ઉઠીને પણ રડતા રહ્યા એટલે સુધી કે હઝરત બિલાલ رضی اللہ عنہએ હાજર થઈને ફજરની નમાઝ વિશે અર્ઝ કરી. મેં પૂછયું કે આપ તો બખ્શાયેલા છો તો આપ શા માટે રડો છો ? આપે ફરમાવ્યું કે, શું હું અલ્લાહનો શુક્રગુઝાર બંદો ન બનું ? અને હું કેમ ન રડું જયારે કે અલ્લાહે આ આયત નાઝિલ ફરમાવી છે,

**ان فی خلق السموات والرض واختلاف الیل۔ والنھار لاٰیٰت لا ولی الالباب۔**

''બેશક ! આસમાનો અને જમીનોની પેદાઈશ અને રાત તથા દિવસના

પરસ્પર ચક્રમાં નિશાનીઓ છે બુદ્ધિશાળીઓ માટે.'' *(સહીહ ઈબ્ને હબ્બાન–૨/૧૦, પારા–૪, સૂ. આલે ઈમરાન, આયત–૧૯૦)*

## ★ એક પથ્થરની આજિઝી ★

આ હદીષ એ વાત માટે દલીલરૂપ છે કે માણસ કદી પણ બારગાહે રબ્બુલ ઈઝઝતમાં રડવાનું બંધ ન કરે અને એ રહસ્યની તરફ આ રિવાયત પણ નિર્દેશ કરે છે કે અલ્લાહ તઆલાના એક નબી એવા પથ્થર પાસેથી પસાર થયા જે પોતે તો નાનો હતો પણ તેમાંથી પાણી ખૂબ જ નીકળી રહ્યું હતું. અલ્લાહ તઆલાના નબીને ખૂબ જ આશ્ચર્ય થયું. અલ્લાહ તઆલાએ પથ્થરને વાણી શકિત અતા ફરમાવી અને તેણે કહ્યું કે મેં અલ્લાહ તઆલાનું આ ફરમાન સાંભળ્યું છે કે, وقودها الناس والحجارة ''ઈન્સાન અને પથ્થર જહન્નમનાં બળતણ થશે'' *(સૂ. બક્રહ, આયત–૨૪)* જેથી હું સતત અલ્લાહના ખૌફથી રડી રહ્યો છું.

અલ્લાહના નબીએ અલ્લાહથી દુઆ માગી કે આ પથ્થરને જહન્નમની આગથી બચાવી લે તો અલ્લાહે દુઆ કબૂલ ફરમાવી. કેટલોક સમય પસાર થયા બાદ તેમને ફરી તે તરફ જવાનું થયું, જોયું તો પથ્થર સતત રડયે જતો હતો. પૂછયું કે હવે શા માટે રડયે જાય છે ? પથ્થરે જવાબ આપ્યો કે તે વખતે ખૌફના લીધે રડતો હતો અને હવે ખુશી અને ઉમંગમાં રડી રહ્યો છું. *(અહયાઉલ ઉલૂમ–૪/૧૭)* ઈન્સાનનું દિલ પણ પથ્થરની જેમ અથવા એથી પણ વિશેષ કઠણ છે, તેની કઠણાઈ ખૌફ અને શુક્ર બંને હાલતોમાં આજિઝી સાથે રૂદન કરવાથી ખત્મ થઈ જાય છે.

નબી અકરમ ﷺ ફરમાવે છે કે કિયામતના દિવસે કહેવામાં આવશે કે હમ્દ કરનારા ઉભા થઈ જાય. લોકોની એક ટોળી ઉભી થઈ જશે. તેઓના માટે ઝંડો લગાડવામાં આવશે અને તેઓ તમામ જન્નતમાં જશે. પૂછવામાં આવ્યું કે યા રસૂલલ્લાહ ! ﷺ હમ્દ કરનારા કોણ છે ? આપે ફરમાવ્યું કે જે લોકો દરેક હાલતમાં અલ્લાહનો શુક્ર અદા કરે છે. બીજી રિવાયતના શબ્દો આ પ્રમાણે છે, ''જે દરેક સુખ દુઃખમાં અલ્લાહનો શુક્ર અદા કરે છે.'' *(અલમોઅજમુલ કબીર–૧૨/૧૫, હિલ્યતુલ અવલિયા–૧૦/૮)*

ફરમાને નબવી છે કે **શુક્ર રહમાન રબ્બની ચાદર છે.** *(અહયાઉલ ઉલૂમ–૪/૭૧)*

અલ્લાહ તઆલાએ હઝરત ઐયૂબ عليه السلامની તરફ વહી મોકલી કે હું લાંબી વાતોના બદલે મારા દોસ્તો થકી શુક્ર કરવા પર રાજી થઈ ગયો છું અને સાબિરીન (સબ્ર કરનારાઓ)ની પ્રશંસામાં ફરમાવ્યું કે તેઓનું ઘર જન્નતમાં છે, જયારે તેઓ જન્નતમાં જશે તો હું તેઓને શુક્ર કરવાનું શીખવાડીશ કેમ કે શુક્ર બેહતરીન વાત છે અને તેનાથી હું નેઅમતો વધારી દઈશ અને તેઓની દીદારની મુદ્દત લાંબી કરતો જઈશ.

જયારે માલ એકત્ર કરવાના સિલસિલામાં ખુદાની વહીનું નુઝૂલ થયું તો હઝરત ઉમર رضى الله عنهએ રસૂલે અકરમ صلى الله عليه وسلمને પૂછયું કે **અમે કયો માલ એકત્ર કરીએ ?** આપે ફરમાવ્યું કે **ઝિક્ર કરનારી જીભ અને શુક્ર કરનારું દિલ.** *(હિલ્યતુલ અવલિયા–૧/૨૩૯)*

આ હદીષથી જણાયું કે આપણે માલના બદલે શુક્ર ગુઝાર દિલને પસંદ કરવું જોઈએ. હઝરત ઈબ્ને મસ્ઊદ رضى الله عنهનો કૌલ છે કે શુક્ર અડધું ઈમાન છે. *(અહયઉલ ઉલૂમ–૪/૭૨)*

## ★ શુક્ર અદા કરવાના તરીકા ★

શુક્ર જીભ, દિલ અને શરીરના અંગો વડે થાય છે. દિલનો શુક્ર નેકીઓનો ઈરાદો કરવો અને મખ્લૂકથી તેને ગુપ્ત રાખવો. જીભનો શુક્ર એ છે કે તે શબ્દોને ઉચ્ચારે જે શુક્ર પ્રદર્શિત કરવામાં વ્યસ્ત રાખે અને બુરા કામોમાં તેનો ઉપયોગ ન કરે. **આંખોનો શુક્ર** એ છે કે **તે જે મુસલમાનનો ઐબ જુએ તો તેને ઢાંકી દે.** કાનોનો શુક્ર એ છે કે તે **કોઈ મુસલમાનની બુરાઈ સાંભળે તો તેને છુપાવે.** જીભનો શુક્ર એ છે કે તે તકદીરે ઈલાહી પર પોતાના રાજીપાને પ્રદર્શિત કરે, અને તેને એ જ હુકમ આપવામાં આવ્યો છે. જેમ કે હુઝૂર صلى الله عليه وسلمએ એક શખ્સને પૂછયું કે કેમ છો ? તેણે કહ્યું, સારો છું. આપે ફરી પૂછયું, એટલે સુધી કે ત્રીજીવાર પૂછતાં તે શખ્સે કહ્યું કે, સારો છું, અલ્લાહની હમ્દ અને શુક્ર કરૂં છું. ત્યારે હુઝૂર صلى الله عليه وسلمએ ફરમાવ્યું કે એવું જ કાંઈક તમારી પાસેથી સાંભળવા માંગતો હતો. *(અહયાઉલ ઉલૂમ–૪/૭૪)*

## ★ પૂર્વજ બુઝુર્ગોનો શુક્રનો તરીકો ★

બુઝુર્ગાને સલફનો તરીકો એ હતો કે તેઓ અન્યોને પૂછયા કરતા હતા કે કેમ છો ? તેઓની નિયત એ રહેતી હતી કે લોકો જવાબમાં અલ્લાહનો શુક્ર કરે અને જવાબ દેનાર અને પૂછનાર બંનેની ગણત્રી શુક્ર કરનારાઓમાં થઈ જાય. તેઓની આ વાતમાં રિયાકારીની તદન દખલ ન હોતી.

જે શખ્સને પણ તેની હાલત પૂછવામાં આવે તો તે ત્રણ વાતોમાંથી એક વાત કરશે : શુક્ર અદા કરશે, શિકાયત કરશે કે પછી ચૂપ રહેશે. **અલ્લાહનો શુક્ર અદા કરવો ઈબાદત છે, શિકાયત કરવી ગુનોહ છે જે દીનદારોની નજીક સખત નાપસંદ કૃત્ય છે.** અલ્લાહ તઆલાને ત્યાં તેની બુરાઈ વિશે કહેવાનું જ શું ! જે બાદશાહોનો બાદશાહ છે, જેના દસ્તે કુદરતમાં નાચીઝ બંદાની તમામ ચીજો છે. જેથી માણસના માટે જરૂરી છે કે જો તે મુસીબતો પર ધીરજ નથી કરી શકતો, કઝાએ ઈલાહી પર રાજી નથી રહી શકતો અને તે ખરેખર પોતાની ગરીબી (કંગાળતા)ની ફરિયાદ કરવા ઈચ્છે છે, તો તે લોકો સમક્ષ શિકાયતો કરવાને બદલે અલ્લાહ રબ્બુલ ઈઝઝતની સમક્ષ પોતાની ગુઝારિશોને રજૂ કરે. તે જ મુસીબતમાં ફેંકનાર અને તે જ તેનાથી છૂટકારો આપનાર છે. અને એ હકીકત છે કે નાચીઝ બંદાનું અલ્લાહની બારગાહમાં પોતાની ઝિલ્લતને પ્રદર્શિત કરવું એ હક઼ીક઼ી ઈજ્જત છે. પણ પોતાના જેવા બંદાઓ સમક્ષ ફરિયાદ કરવી અને ઝિલ્લત ઉઠાવવી એ અત્યંત બેઈજ્જત કરનાર ચીજ છે.

ફરમાને ઈલાહી છે, **ان الذين تدعون من دون الله عباد امثالكم** "તેહક઼ીક તમે અલ્લાહના સિવાય જેમને પુકારો છો તેઓ તમારા જેવા અલ્લાહના બંદા છે." *(પારા–૯, સૂ. અઅરાફ, આયત–૧૯૪)*

તેમજ ફર્માવ્યું :–

**ان الذين تعبدون من دون الله لا يملكون لكم رزقاً فابتغوا**

**عند الله الرزق واعبدوه واشكروا له**

"તેહક઼ીક઼ (જાણી લો કે) તમે અલ્લાહ સિવાય જેની **ઈબાદત** કરો

છો તે તમારી રોજીના માલિક નથી. અલ્લાહને ત્યાં રોજી શોધો અને તેની ઈબાદત કરો અને તેનો શુક્ર અદા કરો.'' *(સૂ. અન્કબૂત, આયત–૧૭)*

## ★ શુક્રના પ્રકારોમાંથી જીભ વડે શુક્ર અદા કરવું પણ છે ★

જેમ કે મરવી છે કે હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضي الله عنه ની ખિદમતમાં એક પ્રતિનિધિમંડળ આવ્યું તો તેમાંથી એક યુવાન ઉભો થઈને વાત કરવાની તૈયાર કરવા લાગ્યો. આપે ફરમાવ્યું કે મોટેરાંઓની ઈજ્જત કરો એટલે કે મોટેરાંઓને મારી સાથે વાતચીત કરવા દો. તો તે યુવાન બોલ્યો કે હે અમીરૂલ મોમિનીન ! જો સરદારીનો આધાર ઉમર (વય) પર હોત તો મુસલમાનોમાં એવા વૃદ્ધોની અઢળક સંખ્યા મૌજૂદ છે જેઓ આપથી ઉમરમાં મોટા છે. આપે એ સાંભળીને ફરમાવ્યું કે, ચાલો વાત કરો. તો તેણે કહ્યું કે અમે કાંઈ લેવા નથી આવ્યા કેમ કે આપની મહેરબાનીઓથી અમને ઘણુ બધુ મળી ચૂકયું છે. કોઈનાથી ભયભીત થઈને નથી આવ્યા કેમ કે આપના અદલો ઈન્સાફે તમામ ભય દૂર કરીને (સલામતી)ની જિંદગી બખ્શી છે. અમે કેવળ એટલા માટે આવ્યા છીએ કે અમારી જીભો વડે આપનો શુક્ર અદા કરીએ અને પાછા જતા રહીએ.

*–(અહયાઉલ ઉલૂમ, ૪/૭૪)*

(પ્રકરણ : ૪૨)

## ઘમંડ તથા ફખ્રની બુરાઈ

અલ્લાહ તઆલાએ કુર્આન મજીદની વિવિધ આયતોમાં તકબ્બુર (ઘમંડ)ની બુરાઈ વર્ણન કરી છે. અને દરેક જિદ્દી ઘમંડીને બુરો દર્શાવ્યો છે. જેમ કે ઈર્શાદે ઈલાહી છે :–

سَاَصْرِفُ عَنْ اٰيَاتِىَ الَّذِيْنَ يَتَكَبَّرُوْنَ فِى الْاَرْضِ بِغَيْرِا الْحَقِّ۔

**તર્જુમો** : "અલબત્ત હું તે લોકોને મારી આયતોથી ફેરવી દઈશ જેઓ જમીનમાં નાહક્ક તકબ્બુર કરે છે." *(પારા : ૯, સૂ.અઅરાફ, આયત : ૧૪૬)*

અને ફર્માવે છે : كَذٰلِكَ يَطْبَعُ اللّٰهُ علٰى كُلِّ طَبِ مُتَكَبِّرٍ جَبَّارٍ

**તર્જુમો** : "એ જ પ્રમાણે અલ્લાહ ﷻ દરેક સરકસ (નાફર્માન) ઘમંડીના દિલ પર મોહર લગાડી આપે છે." *(પારા : ૨૪, સૂ.ગાફિર, આયત : ૩૫)*

આગળ ફર્માવે છે, "અને તેમણે ફતહ માંગી અને દરેક સરકસ (નાફર્માન) ઘમંડ રાખનારા નામુરાદ થયા." *(પારા : ૧૩, સૂ.ઈબ્રાહીમ, આયત : ૧૫)*

એક અન્ય આયતમાં ઈર્શાદ ફર્માવ્યો :– اِنَّهٗ لَايُحِبُّ الْمُتَكَبِّرِيْنَ

**તર્જુમો** : "તે તકબ્બુર કરનારાઓ (ઘમંડીઓ)ને દોસ્ત નથી રાખતો." *(સૂ.નહલ, આયત–૨૩)* આગળ ફર્માવ્યું, "બેશક ! તેઓએ પોતાની જિંદગીઓમાં તકબ્બુર કર્યો અને ઘણી મોટી સરકશી કરી." *(પારા : ૧૮, સૂ. ફુર્કાન, આ. : ૨૧)*

ફર્માને ઈલાહી છે :–

اِنَّ الَّذِيْنَ يَسْتَكْبِرُوْنَ عَنْ عِبَادَتِىْ سَيَدْ خُلُوْنَ جَهَنَّمَ دَاخِرِيْنَ

"જે લોકો મારી ઈબાદતથી તકબ્બુર કરે છે, ઘણા જ જલ્દી જહન્નમમાં ઝલીલ (બેઈજ્જત) થઈને દાખલ થશે." *(પારા : ૨૪, સૂ. ગાફિર, આ. : ૬૦)*

અન્ય પણ ઘણા ઠેકાણે અલ્લાહ તઆલાએ તકબ્બુર (ઘમંડ)ની બુરાઈ વર્ણન કરી છે.

અને ફર્માને નબવી છે : "જે શખ્સના દિલમાં રાઈના દાણા બરાબર ઘમંડ હશે તે જન્નતમાં દાખલ થશે નહીં અને જે શખ્સના દિલમાં રાઈના બરાબર ઈમાન હશે તે જહન્નમમાં જશે નહીં." *(સહીહ મુસ્લિમ, ૧/૬૫, સુનને અબૂ દાઊદ, ૨/૫૬૬, સુનને ઈબ્ને માજહ, અબ્વાબુઝ્ઝુહદ, પેજ : ૩૦૮, મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૬૫૯, મિશ્કાતુલ મસાબીહ, પેજ : ૪૩૩, મોઅજમે કબીર લિત્તબરાની, ૧૦/૭૫, અલ્મુસ્તદરક, અલસ્સહીહૈન, ૩/૪૭૦, સહીહ ઈબ્ને હબ્બાન, ૧/૨૬૨, સબલુલ હુદા વર્રશાદ, ૧૧/૩૭૧, અલ્કબાઈર, પેજ : ૭૭)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત થયેલ છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "અલ્લાહ ફર્માવે છે કે મહાનતા અને કિબ્રીયાઈ મારી ચાદરો છે જે એનામાંથી કોઈ ચીજનો દાવો કરશે તેને હું જહન્નમમાં નાખીશ, મને કોઈની પરવા નથી." *(સહીહ મુસ્લિમ : ૨/૩૨૯, સુનને અબૂ દાઊદ, ૨/૫૬૬, સુનને ઈબ્ને માજહ, પેજ : ૩૦૮, મિશ્કાતુલ મસાબીહ, ૨/૪૩૩, અલ મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૨૨૯, મૂસ્નદે અહમદ બિન હંબલ, ૩/૧૩૮, કન્ઝુલ ઉમ્માલ, ૩/૫૨૭)*

હઝરત અબૂ સલ્મા ઈબ્ને અબ્દુર્રહ્માન رضی اللہ عنہ થી રિવાયત છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہની સફા પર્વત પર મુલાકાત થઈ. થોડીકવાર રોકાયા બાદ અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ ચાલ્યા ગયા અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ રડવા લાગ્યા. લોકોએ રડવાનું કારણ પૂછયું તો આપે ફર્માવ્યું, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہનું કહેવું છે કે તેમણે હઝરત રસૂલે અકરમ صلی اللہ علیہ وسلم ને એવું કહેતાં સાંભળ્યા છે કે, "જે માણસના દિલમાં રાઈના દાણા બરાબર પણ ઘમંડ હશે તેને અલ્લાહ તઆલા ઊંધે મોઢે જહન્નમમાં નાખશે." *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૪૩૩, અત્તરગીબ વત્તરહીબ, ૩/૩૫૫)*

ફર્માને નબવી છે કે માણસ પોતાના નફ્સની પયરવી (અનુસરણ)માં બરાબર આગળ વધતો જાય છે ત્યાં સુધી કે તેને "મુતકબ્બિરીન" (ઘમંડીઓ)માં લખવામાં આવે છે અને તેને તેઓના જ અઝાબમાં સપડાવવામાં આવે છે. *(સુનને તિર્મિઝી, ૨/૨૦, મિશ્કાતુલ મસાબીહ, ૨/૪૩૩, કન્ઝુલ ઉમ્માલ, ૩/૫૨૮)*

હઝરત સુલૈમાન ઈબ્ને સઊદ عليه السلام એ એકવાર પક્ષીઓ, માણસો, જિન્નાતો અને ફાડી ખાનાર જાનવરોને ફર્માવ્યું, કે મારી સાથે ચાલો ! જેથી આપ બે લાખ માણસો અને બે લાખ જિન્નાતની સાથે તખ્ત પર બિરાજ્યા અને એટલી ઊંચાઈએ જઈને પહોંચ્યા કે ત્યાંથી ફરિશ્તાઓની તસ્બીહ પઢવાનો અવાજ સંભળાઈ રહ્યો હતો. પછી ત્યાંથી નીચે ઉતર્યા, એટલે સુધી કે તેમના પગો સમુદ્રને સ્પર્શવા લાગ્યા. તો આપે અવાજ સાંભળ્યો કે, જો તમારા કોઈ સાથીના દિલમાં રજકણ બરાબર પણ ઘમંડ હશે તો જેટલી ઊંચાઈ સુધી હું તમને લઈ ગયો છું એનાથી પણ વિશેષ ઊંડાણમાં તેને ધસાવી દઈશ.

## ★ ત્રણ વ્યક્તિઓ પર જહન્નમનો ખાસ અઝાબ ★

નબી કરીમ صلى الله عليه وسلم ફર્માવે છે કે જહન્નમથી એક ગરદન (ડોક) નીકળશે જેના બે કાન, બે આંખો અને બોલવાની શક્તિવાળી જીભ હશે. તે કહેશે કે મને ત્રણ શખ્સો માટે નિયુક્ત કરવામાં આવેલી છે. દરેક સરકશ (નાફર્માન) ઘમંડીના માટે, અલ્લાહની સાથે શરીક ઠરાવનારાના માટે અને તસ્વીરો બનાવનારા (ફોટોગ્રાફરો) માટે. *(સુનને તિર્મિઝી, ૨/૮૫, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૪૩૧, કન્ઝુલ ઉમ્માલ, ૪/૩૬)*

ફર્માને નબવી છે કે કંજૂસ, ઘમંડી અને મોટાઈની આદતવાળો જન્નતમાં જશે નહીં. *(સુનને તિર્મિઝી, ૨/૧૭, કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૬૪, મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૯, હિલ્યતુલ અવલિયા, ૪/૧૮૦)*

ફર્માને નબવી છે કે જન્નત અને જહન્નમે આપસમાં વાતચીત કરી, જહન્નમ બોલી કે મેં સરકશો (નાફર્માનો) અને ઘમંડીઓને પોતાના માટે પસંદ કરેલ છે. જન્નતે કહ્યું, મારી અંદર કમજોર, ઝઈફ અને આજીજીવાળા લોકો આવે છે.

અલ્લાહ તઆલાએ જન્નતને ફર્માવ્યું, તું મારી રહમત છે, હું જે બંદાને ચાહીશ તેને તને સુપ્રત કરીશ. અને જહન્નમને ફર્માવ્યું, તું મારો અઝાબ છે, હું જેને ઈચ્છીશ તેને તારા અઝાબમાં ઝોંકી દઈશ અને તમને બંનેને ભરી દઈશ. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૫૩૯, અલ્કબાઈર, પેજ : ૭૭)*

## ★ ઘણો જ બુરો બંદો ★

નબી કરીમ ﷺ ફર્માવે છે કે તે બંદો ઘણો જ બુરો છે જેણે ઘમંડ કર્યો, સરકશી અપનાવી અને કાદિરે મુત્લક ખુદાને ભૂલી ગયો. તે બંદો ઘણો જ બુરો છે જેણે ઘમંડ કર્યો, પોતે પોતાને ઘણો મહાન સમજ્યો અને ઘણા મહાન, બુલંદ તથા બાઈઝ્ઝત ખુદાને ભૂલી ગયો. તે બંદો ઘણો જ બુરો છે જે જીવન ધ્યેયથી ગાફિલ થઈ ગયો, તેને ભૂલી ગયો અને કબરો તથા મુસીબતોને ભૂલી બેઠો. તે બંદો ઘણો જ બુરો છે જેણે બગાવત અને સરકશી કરી અને પોતાના આરંભ તથા અંજામને ભૂલી ગયો. *(સુનને તિર્મિઝી, ૨/૭૧, મિશ્કાતુલ મસાબીહ, ૨/૪૩૪, અલ મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૩૫૧, અત્તરગીબ વત્તરહીબ, ૩/૩૫૮, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૨૪/૧૫૬, કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૯૭)*

હઝરત ષાબિત رضی اللہ عنہ થી મરવી છે. અમને જાણવા મળ્યું છે કે હુઝૂર ﷺ ને કહેવામાં આવ્યું કે ફલાણામાં કેટલો ઘમંડ છે ! આપે ફર્માવ્યું, શું તેના માટે મૌત નથી ? (એટલે કે શું તે મૌતથી નથી ડરતો ?) *(અહયાઉલ ઉલૂમ, ૩/૨૯૭)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ થી રિવાયત છે. હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે, હઝરત નૂહ علیہ السلام એ વફાતના સમયે પોતાના પુત્રોને બોલાવીને ફર્માવ્યું કે, હું તમને બે વાતો કરવાનો હુકમ આપુ છું અને બે વાતોથી રોકું છું. હું તમને તકબ્બુર (ઘમંડ, અભિમાન) અને શિર્કથી મના કરું છું અને **લાઈલાહ ઈલ્લલ્લાહુ વ સુબ્હાનલ્લાહિ વબિહમ્દિહી** પર જામેલા રહેવાનો હુકમ આપુ છું, કેમ કે એક પલ્લામાં આસમાન તથા જમીનને પોતાની તમામ ચીજો એકત્ર કરીને રાખી દેવામાં આવે અને બીજા પલ્લામાં **લાઈલાહ ઈલ્લલ્લાહ** રાખી દેવામાં આવે તો એ પલ્લુ ભારે થઈ જશે. જો આસમાન તથા જમીન પોતાની તમામ વસ્તુઓ સહિત એક વર્તુળ સમાન થઈ જાય અને તેમાં **લાઈલાહ ઈલ્લલ્લાહ** રાખી દેવામાં આવે તો તે વર્તુળ તૂટી જશે. અને હું તમને **સુબ્હાનલ્લાહિ વબિહમ્દિહી** પઢવાનો હુકમ આપુ છું, કેમ કે એ દરેક ચીજની તસ્બીહ છે અને તેના સબબે દરેક ચીજને રિઝ્ક (રોજી) આપવામાં આવે છે. *(અલ મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૧૧૩, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૪૫૦, કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૧૦૭)*

હઝરત ઈસા عليه السلامએ ફર્માવ્યું, તેને બશારત (ખુશખબરી) થાય જેને અલ્લાહે પોતાની કિતાબનો ઈલ્મ આપ્યો અને ઘમંડી (થઈને) નથી મર્યો.

ફર્માને નબવી છે કે દરેક સંગદિલ, ઈતરાઈને (ઘમંડમાં) ચાલનાર ઘમંડી, માલ ભેગો કરનાર અને કોઈને રાહે ખુદાથી રોકનારો જહન્નમી છે અને દરેક મુફલિસ, ઝઈફ જન્નતી છે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૬૧૧, અલ મુસ્તદરક અલસ્સહીહૈન, ૨/૫૪૨, અલમોઅજમુલ કબીર લિત્તબરાની, ૭/૧૨૯)*

ફર્માને નબવી છે કે મને સૌથી વધુ પ્રિય, મારો સૌથી અધિક નજીકવાળો કિયામતમાં તે શખ્સ હશે જે તમારામાંથી બેહતરીન અખ્લાકવાળો છે અને કિયામતના દિવસે મને સૌથી વિશેષ નાપસંદ અને મારાથી સૌથી અધિક દૂર લોકોની ઠેકડી ઉડાડનારા, બેહૂદા બકવાસ કરનારા અને ઘમંડીઓ હશે. પૂછવામાં આવ્યું કે એ કોણ લોકો છે ? આપે ફર્માવ્યું કે તેઓ ઘમંડીઓ હશે. *(કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૫, મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૨૧૫, અલમોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૦/૧૯૦, સુબલુલ હુદા વર્રશાદ, ૨/૯૬)*

ફર્માને નબવી છે કે કિયામતના દિવસે ઘમંડીઓને કીડીઓની જેમ ઉઠાવવામાં આવશે, લોકો તેમને કચડશે અને રજ રજ (રજકણો) કરી નાખશે અને તેઓ અતિશય ઝિલ્લત (બેઈઝ્ઝતી)માં હશે. પછી તેમને જહન્નમના કેદખાનાની તરફ લઈ જવામાં આવશે જેનું નામ બૂલસ છે, તેમના ઉપર જહન્નમની આગ ભડકશે, તેમને દોઝખીઓના શરીરોએથી નીકળતું પરુ પીવડાવવામાં આવશે. *(સુનને તિર્મિઝી, ૨/૭૬, મિશ્કાતુલ મસાબીહ, ૨/૪૩૩, કન્ઝુલ ઉમ્માલ, ૩/૫૨૮, હિલ્યતુલ અવલિયા, ૫/૪૦૫)*

હઝરત અબૂ હુરૈરહ رضى الله عنهથી રિવાયત છે. ફર્માવ્યું હુઝૂર صلى الله عليه وسلم એ કે સરકશ અને ઘમંડીને કિયામતના દિવસે કીડીઓ જેવા શરીરોમાં પેદા કરવામાં આવશે, અલ્લાહ તઆલાને ત્યાં તેમની નાકદરીના કારણે લોકો તેમને કચડી રહ્યા હશે. *(અહયાઉલ ઉલૂમ, ૩/૨૯૮, અલ્કબાઈર,૭૭)*

જનાબ મુહમ્મદ ઈબ્ને વાસિઅ رضى الله عنهથી રિવાયત છે કે હું બિલાલ ઈબ્ને અબૂ બુરદહ્‌ના ત્યાં ગયો અને તેમને કહ્યું કે તમારા પિતાએ મને હુઝૂર صلى الله عليه وسلمની આ હદીષ સંભળાવી હતી કે જહન્નમમાં એક વાદી (બે

પહાડો વચ્ચે મેદાનને વાદી કહે છે) છે જેનું નામ "હબહબ" છે, તે વાદીમાં અલ્લાહ તઆલા દરેક ઘમંડીને દાખલ કરશે. હે બિલાલ ! ખયાલ રાખશો ! ક્યાંક તે વાદીમાં વસનારાઓમાંથી ન થઈ જાવ ! *(મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૬૩૯, કન્ઝુલ ઉમ્માલ, ૩/૫૦૭)*

ફર્માને નબવી છે કે જહન્નમમાં એક મહેલ છે જેમાં તમામ ઘમંડીઓને ભેગા કરવામાં આવશે અને પછી તે મહેલ તેમના પર ફેંકી દેવામાં આવશે. *(અહયાઉલ ઉલૂમ, ૩/૨૯૮)*

ફર્માને નબવી છે, હે અલ્લાહ ! હું ઘમંડની બુરાઈથી તારી પનાહ માંગુ છું. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૪૪૯)* અને ફર્માવ્યું કે જે શખ્સ દુનિયાથી એ હાલતમાં જશે કે તે ત્રણ ચીજોથી અલિપ્ત હોય તે જન્નતમાં જશે : (૧) ઘમંડ (૨) કરજ (૩) ખયાનત. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૩૭૪, સુનને તિર્મિઝી, પેજ :૧૭૪, સુનને દારમી, ૨/૨૧૦)*

હઝરત અબૂબક્ર رضی اللہ عنہનો ઈર્શાદ છે કે **તમારામાંથી કોઈપણ કોઈ મુસલમાનને તુચ્છ ન સમજે કેમ કે તુચ્છ મુસલમાન પણ અલ્લાહ તઆલાની નજીક ઘણો ઈજ્જતદાર હોય છે.** *(અહયાઉલ ઉલૂમ, ૩/૨૯૮)*

જનાબ વહબ رضی اللہ عنہનો કૌલ (કથન) છે કે અલ્લાહ તઆલાએ જન્નતે અદનને પેદા ફર્માવીને કહ્યું, "તું દરેક ઘમંડી પર હરામ છે."

જનાબ અહનફ ઈબ્ને કૈસ رضی اللہ عنہ જનાબ મુસ્અબ ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہની સાથે ચારપાઈ પર બેસતા રહેતા હતા. એક દિવસે અહનફ તશરીફ લાવ્યા તો હઝરત મુસ્અબ પગો લાંબા કરેલ સ્થિતિમાં લાંબા થયેલા હતા. તેમને જોઈને તેમણે પગોને સમેટયા નહીં. હઝરત અહનફ બેસી ગયા અને તેમને ઘણુ દુઃખ થયું, એટલે સુધી કે તેમના ચેહરા પર નારાજગીના ભાવો પ્રદશિત થઈ ગયા, ત્યારે તેમણે કહ્યું કે આશ્ચર્ય છે કે માનવ ઘમંડ કરે છે ! જ્યારે કે તે મુત્ર દ્વારેથી નીકળેલો છે.

જનાબ હસન رضی اللہ عنہ ફર્માવે છે કે આશ્ચર્ય છે કે માણસ દરરોજ એક અથવા બે વાર પાખાનુ (મળ) ધૂએ છે અને છતાં પણ અલ્લાહ તઆલાથી મુકાબલો (ઘમંડ) કરે છે.

આયતે કરીમા وَفِىۡۤ اَنۡفُسِكُمۡ‌ؕ اَفَلَا تُبۡصِرُوۡنَ "અને તમારી પોતાના અંદર તો શું તમને દેખાતું નથી ?" *(પારા : ૬, સૂ.ઝારિયાત, આ. : ૨૧)*ના વિશે કેટલાક ઉલમાએ કહ્યું છે કે એનાથી મુરાદ માણસની શર્મગાહો (ગુપ્તાંગો) છે. *(અહયાઉલ ઉલૂમ, ૩/૨૯૮)*

હઝરત મુહમ્મદ ઈબ્ને હુસૈન ઈબ્ને અલી رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَનો કૌલ છે કે ઈન્સાનના દિલમાં જેટલો ઘમંડ પ્રવેશે છે એટલી જ તેની બુદ્ધિ ઘટતી જાય છે. ઘમંડ વધારે હોય તો અક્કલ ખૂબ જ ઓછી હોય છે અને જો તકબ્બુર (ઘમંડ) થોડો હોય તો એના પ્રમાણમાં અક્કલમાં કમી આવી જાય છે. *(અહયાઉલ ઉલૂમ, ૩/૨૯૮)*

જનાબ સુલૈમાન رحمۃ اللہ علیہને એ ગુનાહના વિશે પૂછવામાં આવ્યું જેની મૌજૂદગીમાં નેકી કોઈ ફાયદો નથી આપતી, તો તેમણે કહ્યું, તે ઘમંડ છે.

હઝરત નોઅમાન ઈબ્ને બશીર رضی اللہ عنہએ મિમ્બર પર ઊભા રહીને ફર્માવ્યું, શૈતાનની અમુક જાળો છે એ જાળોમાંથી એ જાળ પણ છે કે અલ્લાહની નેઅમતો પર ઘમંડ કરવો, તેની અતાઓ પર ફખ્ર કરવો, ખુદાના બંદાઓથી ઘમંડ કરવો અને અલ્લાહ તઆલાની નાપસંદીદા ઈચ્છાઓની પયરવી (અનુસરણ) કરવું. હે અલ્લાહ ! તારી મન્નત અને એહસાનના તુફૈલથી દુનિયા તથા આખેરતમાં અમને ભલાઈ તથા સલામતી અતા ફર્માવ ! આમીન. *(કન્ઝુલ ઉમ્માલ, ૧/૨૪૬)*

ફર્માને નબવી છે કે જે શખ્સ તકબ્બુર (ઘમંડ)ના કારણે પોતાના તેહબંદ (લુંગી)ને ઘસેડે છે તેને અલ્લાહ તઆલા રહમતની નજરે નથી જોતો. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૧૦૮, હિલ્યતુલ અવલિયા, ૭/૨૨૫, કન્ઝુલ ઉમ્માલ, ૩/૫૩૦, સહીહ બુખારી, ૨/૮૬૧, સહીહ મુસ્લિમ, ૨/૧૯૪, સુનને ઈબ્ને માજહ, પેજ : ૨૫૫)* વધુમાં ફર્માવ્યું કે એક શખ્સ પોતાની ચાદર પર ફખ્ર કરી રહ્યો હતો, તેનો નફ્સ ખૂબ જ ઈતરાઈ (ઘમંડ કરી) રહ્યો હતો તેને અલ્લાહ તઆલાએ જમીનમાં ધસાવી દીધો અને કિયામતના દિવસ સુધી તે એ જ પ્રમાણે ધસતો જ રહેશે. *(સુનને નિસાઈ, ૨/૨૯૮, અત્તરગીબ વત્તરહીબ, ૩/૩૫૬, અલ્કબાઈર, પેજ : ૭૭, કન્ઝુલ ઉમ્માલ, ૩/૫૨૯, સહીહ બુખારી, ૨/૮૬૧, સહીહ મુસ્લિમ, ૨/૧૯૫, સુનને દારમી, ૧/૭૯)*

ફર્માને નબવી છે કે જે તકબ્બુરથી પોતાનાં કપડાં ઘસેડીને ચાલે છે તેના પર અલ્લાહ તઆલા કિયામતમાં રહમતની નિગાહ નહીં ફર્માવે. *(સહીહ બુખારી, ૨/૮૬૦, સહીહ મુસ્લિમ, ૨/૧૯૫, સુનને ઈબ્ને માજહ, પેજ, ૨૫૫, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૧૫૬, સુનને કુબરા લિલ બયહકી, ૨/૩૪૫, સુનને નિસાઈ, ૨/૨૯૮, હિલ્યતુલ અવલિયા, ૭/૨૨૩)*

હઝરત ઝૈદ ઈબ્ને અસ્લમથી રિવાયત છે કે હું હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہની ખિદમતમાં હાજર થયો તો અબ્દુલ્લાહ ઈબ્ને વાકિદ ત્યાંથી પસાર થયો જેણે નવાં કપડાં પહેર્યા હતાં. મેં સાંભળ્યું કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ કહી રહ્યા હતા, હે બેટા ! તેહબંદને ઊંચુ કરી લો ! કેમ કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને ફર્માવતાં સાંભળ્યા છે કે જે પોતાના તેહબંદને ઘમંડમાં ઘસેડીને ચાલે છે તેની તરફ અલ્લાહ તઆલા રહમતની નિગાહ નથી કરતો. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૧૮૨, અહયાઉલ ઉલૂમ, ૩/૨૯૯)*

રિવાયત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ એક વખત પોતાની હથેળી પર થૂંક મુબારક (લુઆબે દહન) લગાડીને ફર્માવ્યું, અલ્લાહ તઆલા ફર્માવે છે, હે ઈન્સાન ! તુ ઘમંડ તથા ગુરૂર કરી રહ્યો છે ! જ્યારે કે મેં તને એના જેવા પાણી વડે પેદા કર્યો છે, એટલે સુધી કે જ્યારે મેં તને મુકમ્મલ (સંપૂર્ણ) કરી આપ્યો તો તુ રંગબેરંગી કપડાં પહેરીને જમીનને કચડતો ફરે છે, જો કે તારે આ જ જમીનમાં જવાનુ છે, તેં માલ એકત્ર કરીને તેને રોકી લીધો પણ જ્યારે મૌત તારી સમક્ષ આવી જાય છે તો વહેંચવાની (સદકો કરવાની) ઈજાઝત માંગે છે પણ હવે સદકો કરવાનો સમય ક્યાં છે ? *(મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૩૫૯, સુનને ઈબ્ને માજહ, પેજ : ૧૯૪, મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૨૪૧)*

ફર્માને નબવી છે કે જ્યારે મારો ઉમ્મતી ઘમંડમાં ચાલશે અને ફારસ તથા રોમવાળા તેમના ખિદમતગુઝાર હશે તો અલ્લાહ તઆલા તેમના પર અન્યોને સવાર કરી દેશે. *(સુનને તિર્મિઝી, ૨/૫૨, કન્ઝુલ ઉમ્માલ, ૧૧/૧૨૩)*

ફર્માને નબવી છે, જે પોતે પોતાને મહાન સમજે છે અને ઘમંડભેર

ચાલે છે તે અલ્લાહ તઆલાથી એ હાલતમાં મુલાકાત કરશે કે અલ્લાહ તઆલા તેના પર નારાજ હશે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૨૬૭, કન્ઝુલ ઉમ્માલ, ૩/૫૨૭)*

જનાબ અબૂબક્ર અલ હુઝલી رضی اللہ عنہથી રિવાયત છે. અમે હઝરત હસન رضی اللہ عنہની સાથે બેઠેલા હતા એવામાં ઈબ્ને હૈષમ પસાર થયો જે પોતાના મહેલની તરફ જઈ રહ્યો હતો, તેણે વિવિધ રેશમી જભ્ભાઓ એકબીજા ઉપર પહેરી રાખ્યા હતા, જેના કારણે તેની સિરવાની ખુલેલી હતી. તે એકદમ ગર્વભેર એક એક ડગલુ ભરી રહ્યો હતો. હઝરત હસને એક નજર તેને જોયો અને ફર્માવ્યું, અફસોસ ! અફસોસ ! નાક ચઢાવનાર, ગર્વભેર ચાલનાર મોઢું ફેલાવીને પોતાના બંને પાસાંઓને જોતો જઈ રહ્યો છે ! હે બેવકૂફ ! તુ તારા પાસાંઓમાં તારી નેઅમતોને જોઈ રહ્યો છે જેનો શુક્ર નથી અદા કરવામાં આવ્યો, જે અલ્લાહ તઆલાના હુકમથી બનાવવામાં આવી અને ન તો તેં અલ્લાહ તઆલાના હક્કોને અદા કર્યા છે, તારા શરીરની અંદર એક અંગમાં અલ્લાહની નેઅમત છે અને શૈતાન દરેક અંગ પર કબજાની ફિકરમાં છે. ખુદાની કસમ ! પોતાની ફિતરત પ્રમાણે ચાલવું અથવા દીવાનાની જેમ લડખડાઈને ચાલવું એ આ ચાલવાથી બેહતર છે.

ઈબ્ને હૈષમે જ્યારે આ સાંભળ્યું તો કરગરવા લાગ્યો. આપે ફર્માવ્યું કે મારાથી માફી ન માંગ ! અલ્લાહ તઆલાથી તૌબા કર ! શું તેં આ ફર્માને ઈલાહી નથી સાંભળ્યું કે :–

**ولا تمش فی الارض مرحا انك لن تخرق الارض ولن تبلغ الجبال طولا۔**

"અને જમીન પર ઘમંડભેર ન ચાલ ! બેશક ! તું ન તો જમીનને ફાડશે અને ન તો પહાડો જેટલો લાંબો થઈ જશે." *(પારા : ૧૫, સૂ.ઈસ્રા, આ. :૩૭)*

## ★ જવાની પર ફખ્ર ન કરવો જોઈએ ★

હઝરત હસન رحمۃ اللہ علیہની પાસે થઈને એક યુવાન પસાર થયો જેણે ખૂબસૂરત કપડાં પહેરેલાં હતાં. આપે તેને બોલાવીને ફર્માવ્યું, હે ઈન્સાન ! તારી યુવાની પર ફખ્ર કરે છે ? તારી આદતોથી મહોબ્બત કરે છે ? જાણે કે

કબરે તારા વજૂદને છુપાવી લીધું છે અને તેં તારા અમલો જોઈ લીધા છે ? તારા પર અફસોસ સદ્ અફસોસ ! જા અને તારા દિલનો ઈલાજ કર ! કેમ કે અલ્લાહ તઆલાને બંદાઓના ઉમદા દિલોની જરૂરત છે.

રિવાયત છે કે હઝરત ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہએ ખિલાફત સંભાળી લેતાં પહેલાં હજ્જ કરી. હઝરત તાઊસ رحمۃ اللہ علیہએ તેમને જોયા કે તે ઈતરાઈ ઈતરાઈને ચાલી રહ્યા છે. તાઊસ رحمۃ اللہ علیہએ તેમના પડખાને આંગળી વડે દબાવીને કહ્યું કે આ તેની ચાલ નથી જેના પેટમાં ગંદકી ભરી હોય. જનાબ ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہએ માફીના લહેજામાં કહ્યું, હે અમ્મે મોહતરમ ! મારા શરીરના દરેક અંગે મને આ ચાલ પર મજબૂર કર્યો અને હું આ ચાલ શીખી ગયો.

હઝરત મુહમ્મદ ઈબ્ને વાસિઅ رحمۃ اللہ علیہએ પોતાના પુત્રને નાઝ તથા ફખ્રથી ચાલતાં જોઈને બોલાવ્યો અને કહ્યું, જાણે છે તું કોણ છે ?! તારી માને મેં સો દિરહમમાં ખરીદી હતી અને તારો બાપ ખુદાની મખ્લૂકમાં ઘણાયે લોકોથી કમ મર્તબાવાળો છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہએ એક માણસને તેહબંદ ઘસેટીને ચાલતાં જોઈને ફર્માવ્યું કે, શૈતાનના પણ ભાઈ છે. આપે બે કે ત્રણ વખત આ શબ્દો દોહરાવ્યા. *(અહયાઉલ ઉલૂમ, ૩/૨૯૯)*

રિવાયત છે કે મુતરફ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને શખીર رحمۃ اللہ علیہએ મુહલબને રેશમી ઝભ્ભો પહેરીને ગર્વભેર ચાલતાં જોઈને કહ્યું કે હે ખુદાના બંદા ! આ ચાલ તે લોકોની છે જેમને અલ્લાહ તઆલા નાપસંદ કરે છે અને જેઓ રસૂલે ખુદા صلی اللہ علیہ وسلمના દુશ્મન છે. મુહલબે કહ્યું કે મને ઓળખો છો, હું કોણ છું ? જનાબ મુતરફ رحمۃ اللہ علیہ બોલ્યા કે, સારી રીતે ઓળખું છું ! તારી શરૂઆત નાપાક વિર્યથી થઈ અને તારો અંજામ ગંદા મુર્દારના રૂપે છે અને વચ્ચેના સમયમાં તુ ગંદકી ઉપાડીને ફરે છે. મુહલબે આ સાંભળીને ઘમંડી ચાલ ત્યજી દીધી અને આગળ રવાના થઈ ગયો.

આ વિષયમાં મોટા ભાગના શાયરોએ ઘણા શેઅરો કહ્યા છે, એમાંથી કેટલાક આ પ્રમાણે છે (અર્થ) :–

૧. હું પોતાના ચહેરા પર ફખ્ર કરનારથી આશ્ચર્યમય છું, કેમ કે તે કાલ સુધી એક નાપાક વિર્ય બિંદુ હતો.

૨. અને પોતે ખૂબસૂરતી ધરાવતો હોવા છતાં કાલે કબરમાં એક દુર્ગંધમય મુરદાર બની જશે.

ખલફે અહમર કહે છે :–

૧. મારો એક વિવાદ પ્રિય દોસ્ત છે જેની ભૂલો વધારે અને અચ્છાઈઓ ઓછી છે.

૨. તે છાણાના કીડા કરતાંય અધિક જીદ્દી છે અને કાગડા કરતાં પણ વધુ અક્ડાઈને ચાલે છે.

અને એક શાયર કહે છે :–

૧. મેં તકબ્બુરથી કહ્યું જ્યારે એણે કહ્યું કે મારા જેવા પલ્ટા નથી કરતા.

૨. હે ઘણા જ જલ્દી દુનિયાથી કૂચ કરનારા ! તું નમ્રતા કેમ નથી કરતો ?

હઝરત ઝુન્નૂન મિસરી رحمۃ اللہ علیہ એ વિષયમાં ફર્માવે છે :–

૧. હે મૌતને ન ચાહનાર ઘમંડી ! તારા પર સલામતી હજો, અમે માટીથી છીએ.

૨. આ દુનિયાની જિંદગી થોડાક દિવસોની છે, મૌતની સાથે જ પગો બરાબર થઈ જશે.

મુજાહિદે ફર્માને ઈલાહી ثم ذهب الى اهله يتمطى નો મતલબ એ બયાન કર્યો છે કે તે પોતાના ઘરવાળાઓની તરફ ઘમંડભેર ગયો. *(પારા : ૨૯, સૂ.ક઼િયામહ, આયત : ૩૩)* વલ્લાહુ અઅ્લમ.

(પ્રકરણ : ૪૩)

# જિંદગીના બારામાં ચિંતન મનન

અલ્લાહ તઆલાએ કુર્આન મજીદમાં ઘણા સ્થાનોએ ઈન્સાનને ચિંતન મનન કરવાનો હુકમ આપ્યો છે. જેમ કે ફર્માને ઈલાહી છે :–

إِنَّ فِى خَلْقِ السَّمٰوٰتِ وَ الْاَرْضِ وَاخْتِلَافِ الَّيْلِ وَالنَّهَارِ۔ الآية

**તર્જુમો** : "બેશક ! જમીન તથા આસ્માનની પેદાઈશ અને રાત દિવસના ચક્રમાં સમજદારો માટે નિશાનીઓ છે." *(સૂ.બક઼રહ, આ.–૧૬૪)*

એટલે કે રાત દિવસના એક બીજાની પાછળ આવવા જવામાં બુદ્ધિશાળીઓ માટે ચિંતન મનનનું નિમંત્રણ છે, કેમ કે જેવું એક જાય છે બીજુ આવી જાય છે. જેમ કે ઈર્શાદે ઈલાહી છે :–

هُوَ الَّذِىْ جَعَلَ الَّيْلَ وَالنَّهَارَ خِلْفَةً۔الآية "અલ્લાહ તઆલા તે છે જેણે રાત તથા દિવસને એકબીજાની પાછળ આવનાર કરી દીધાં છે." *(પારા : ૧૯, સૂ. ફુર્કાન, આ. : ૬૨)*

જનાબ અતાઅ્ رحمۃ اللہ علیہ નો કૌલ છે કે, "પ્રથમ આયતમાં ઈખ્તેલાફ (ચક્ર)થી મુરાદ પ્રકાશ તથા અંધકાર, કમી તથા વધારો છે." કોઈએ શું સરસ કહ્યું છે :–

**૧.** હે રાતના પ્રારંભિક ભાગમાં ખુશી ખુશી સૂવાવાળા ! કદીક ક્યારેક સવારે મુસીબતો પણ નાઝિલ થઈ જતી હોય છે.

**૨.** રાતના પ્રથમ પહોરની પાકીઝગીથી ખુશ ન થા ! રાતના ઘણા આખરી હિસ્સા જહન્નમના શોલાઓને ભડકાવી આપે છે.

બીજો શાયર કહે છે :–

**૧.** બેશક ! રાતો લોકોની મંઝિલ છે.

**૨.** નાની રાતો ગમના કારણે લાંબી થઈ જાય છે અને લાંબી રાતો ખુશીના કારણે નાની જણાય છે.

## ★"ઊલૂલ્ અલ્બાબ" કોણ છે ? ★

અને અલ્લાહ તઆલાએ ગૌરો ફિક્ર (ચિંતન) કરવાવાળાઓની પ્રશંસા કરી. જેમ કે ફર્માને ઈલાહી છે :–

اَلَّذِيۡنَ يَذۡكُرُوۡنَ اللّٰهَ قِيَامًا وَّ قُعُوۡدًا وَّعَلٰى جُنُوۡبِهِمۡ وَيَتَفَكَّرُوۡنَ فِىۡ خَلۡقِ السَّمٰوٰتِ وَ الۡاَرۡضِ رَبَّنَا مَا خَلَقۡتَ هٰذَا بَاطِلاً۔

**તર્જુમો** : "આ તે લોકો છે જેઓ ઊભા ઊભા, બેઠા બેઠા તથા પડખાભેર સૂતા સૂતા અલ્લાહને યાદ કરે છે અને જમીન તથા આસમાનની પેદાઈશમાં ચિંતન મનન કરે છે (અને કહે છે) હે અમારા પરવરદિગાર ! તેં તેમને નિરર્થક પેદા નથી કર્યા." *(સૂ. આલે ઈમરાન, આ. : ૧૯૧, પારા : ૪)*

## ★ ખુદાની ઝાતમાં ચિંતન કરવાની મનાઈ ★

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે કેટલાક લોકોએ અલ્લાહ તઆલાની ઝાત તથા સિફતમાં વિચારણા, ચિંતન કર્યું તો હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, ખુદાના મખ્લૂકની હાલતોમાં વિચારણા કરો, અલ્લાહની ઝાતમાં વિચારણા ચિંતન ન કરો, કેમ કે તમે તેની અજોડ કુદરત પર શક્તિમાન નથી થઈ શકતા. *(કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૦૬)*

હુઝૂર صلی اللہ علیہ وسلم થી મરવી છે કે એક દિવસે આપ એક એવી જમાઅત (ગિરોહ)ની પાસે ગયા જે ચિંતનમાં ડૂબેલી હતી. આપે પૂછયું, શું વાત છે ? તમે બોલતા કેમ નથી ? તેમણે જવાબ આપ્યો, અમે અલ્લાહ તઆલાના બારામાં ચિંતન (વિચારણા) કરી રહ્યા છીએ. આપે ફર્માવ્યું, અચ્છા ! પરંતુ ખુદાની મખ્લૂકના બારામાં ચિંતન કરો, ખાલિકે કાયનાતની ઝાતમાં ચિંતન ન કરો. પછી આપે ફર્માવ્યું, પશ્ચિમમાં એક સફેદ ચમકદાર નૂરાની જમીન છે ત્યાં પહોંચતા સૂરજને ૪૦ દિવસ થાય છે, ત્યાં અલ્લાહ તઆલાએ એક મખ્લૂક પેદા ફર્માવી છે. તે જ્યારથી પેદા થઈ છે ત્યારથી તેમણે એક ક્ષણભર માટે પણ અલ્લાહ તઆલાની નાફર્માની નથી કરી. લોકોએ પૂછયું, હુઝૂર ! ત્યાં શૈતાન નથી પહોંચતો ? આપે ફર્માવ્યું, તેમને શૈતાનની પેદાઈશની ખબર જ નથી. પૂછવામાં આવ્યું કે તે આદમ علیہ السلام ની ઔલાદમાંથી છે ? આપે ફર્માવ્યું નહીં, તેમને તો આદમ علیہ السلام ની પેદાઈશની પણ ખબર નથી. *(અહયાઉલ ઉલૂમ, ૪/૩૬૮)*

હઝરત અતાઅ્ رحمۃ اللہ علیہથી રિવાયત છે કે એક દિવસે હું અને ઓબૈદ ઈબ્ને ઉમૈર હઝરત આઈશા رضی اللہ عنہاની ખિદમતમાં હાજર થયા. તેમના તથા અમારા વચ્ચે પદડો પડેલો હતો. તેમણે પૂછયું, ઓબૈદ ! તમે મારી મુલાકાતે શા માટે નથી આવતા ? ઓબૈદે કહ્યું, હું હુઝૂર صلی اللہ علیہ وسلمના આ ફર્માનના કારણે મોડેથી હાજર થાઉં છું કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું છે, "મોડેથી મુલાકાત કરો તો મહોબ્બત વધશે." *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૩/૩૯૦, સહીહ ઈબ્ને હબ્બાન, ૨/૧૦, કન્ઝુલ ઉમ્માલ, ૧/૫૭૦, તફસીરે કબીર,૩/૪૫૮)*

ઈબ્ને ઉમૈર બોલ્યા કે આપ અમને હુઝૂર صلی اللہ علیہ وسلمથી અનુભવેલી અજીબ વાતોમાંથી કોઈ અજીબ વાત જણાવો ! હઝરત આઈશા رضی اللہ عنہا રડી પડયાં અને ફર્માવ્યું કે હુઝૂર صلی اللہ علیہ وسلمની દરેક વાત અજીબ હતી.

એક વખત હુઝૂર صلی اللہ علیہ وسلم રાત્રે મારે ત્યાં તશરીફ લાવ્યા અને મારી સાથે આરામ ફર્માવવા લાગ્યા. થોડીવાર પછી મને કહ્યું કે મને ઈજાઝત આપો જેથી હું અલ્લાહ તઆલાની ઈબાદત કરું. જેથી આપ એક મશ્કીઝા (મશક)ની તરફ ગયા, વુઝૂ કર્યું અને નમાઝમાં ઊભા થઈ ગયા. નમાઝ શરૂ કરતાં જ આપે રડવાનુ શરૂ કર્યું, એટલે સુધી કે આપની મુબારક દાઢી આંસૂઓથી તર થઈ ગઈ. પછી સિજદો કર્યો એટલે સુધી કે રડતાં રડતાં જમીન ભીની થઈ ગઈ. સલામ પછી આપ પડખાભેર સૂઈ ગયા એટલે સુધી કે હઝરત બિલાલ رضی اللہ عنہએ સવારની અઝાન આપી દીધી અને આપને નમાઝ માટે બોલાવ્યા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આપ શા માટે રડો છો જ્યારે કે અલ્લાહ તઆલાએ આપના સબબથી આપના આગલાઓ તથા પાછલાઓથી ખતાઓ માફ ફર્માવી. આપે ફર્માવ્યું, અફસોસ ! બિલાલ ! તમે મને રડવાથી રોકો છો ! જ્યારે અલ્લાહ તઆલાએ આજની રાતે મારા પર આ આયત નાઝિલ ફર્માવે છે :–

اِنَّ فِیْ خَلْقِ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَاخْتِلَافِ الَّیْلِ وَالنَّهَارِ لَاٰیٰتٍ لِّاُولِی الْاَلْبَابِ۔

**તર્જુમો** :"બેશક ! જમીન તથા આસમાનની પેદાઈશ અને રાત દિવસના ચક્રમાં બુદ્ધિશાળીઓ માટે નિશાનીઓ છે." *(પારા : ૪, સૂ. આલે ઈમરાન, આ. : ૧૯)*

પછી ઈર્શાદ ફર્માવ્યો, તે શખ્સ પર અફસોસ છે જેણે આ આયત પઢી અને તેમાં ચિંતન મનન ન કર્યું.''

ઈમામ અવઝાઈ رضی اللہ عنہ ને પૂછવામાં આવ્યું કે આ આયતોમાં ચિંતન મનન કરવાથી શું મકસદ છે ? તો તેમણે જવાબ આપ્યો કે આ આયતોને પઢો અને પછી તેને સમજવાની કોશિશ કરો.

મુહમ્મદ ઈબ્ને વાસિઅ رحمۃ اللہ علیہ થી રિવાયત છે કે બસરાનો એક શખ્સ હઝરત અબૂઝર رضی اللہ عنہ ની વફાત પછી તેમનાં પત્ની સાહેબાની ખિદમતમાં હાજર થયો અને તેણીને હઝરત અબૂઝર رضی اللہ عنہ ની ઈબાદતના વિશે પૂછયું. તેમનાં પત્ની સાહેબાએ જવાબ આપ્યો કે તેઓ આખો દિવસ ઘરના ખૂણામાં બેસીને ચિંતન મનન કર્યા કરતા હતા.

જનાબ હસન رحمۃ اللہ علیہ નો કૌલ છે કે એક ક્ષણનું ચિંતન રાતભરની ઈબાદતથી બેહતર છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૦૭)* હઝરત ફુઝૈલનો કૌલ છે કે ચિંતન મનન એક આઈનો છે જે તને તારી નેકીઓ તથા બુરાઈઓ દર્શાવે છે. *(હિલ્યતુલ અવલિયા, ૮/૧૧૧)*

જનાબ ઈબ્રાહીમ رحمۃ اللہ علیہ ને કહેવામાં આવ્યું કે આપ ખૂબ જ અધિક ચિંતન કર્યા કરો છો ! તો તેમણે કહ્યું કે, ચિંતન મનન બુદ્ધિનુ મગ્ઝ (મીજ) છે.

જનાબ સુફયાન ઈબ્ને ઐનિયહ્ رحمۃ اللہ علیہ શાયરના આ શેઅરને મોટા ભાગે દષ્ટાંતરૂપે રજૂ કર્યા કરતા હતા :–

''જયારે માણસમાં ચિંતન મનન કરવાનો માદ્દો હોય છે તો તેને દરેક ચીજમાં ઈબ્રતો (બોધપાઠો) દેખાય છે.''

## ★ હઝરત ઈસા علیہ السلام નો સાથીઓને જવાબ ★

જનાબ તાઊસ رحمۃ اللہ علیہ થી રિવાયત છે. હવ્વારીઓ (સાથીઓ)એ હઝરત ઈસા علیہ السلام ને કહ્યું કે, આજે પૃથ્વીના પટ પર તમારા જેવા અન્ય પણ છે ? આપે ફર્માવ્યું, જેની વાણી ઝિક્રે ઈલાહી હોય, જેની ખામોશી ચિંતન મનનમાં હોય અને જેની દષ્ટિ બોધગ્રહણ કરતી દષ્ટિ હોય તે મારા જેવો છે.

જનાબ હસન رحمۃ اللہ علیہ નો કૌલ છે કે જે શખ્સની વાતચીત હિકમતપૂર્ણ નથી તે નિરર્થક છે, જેની ખામોશી ચિંતન મનનવાળી ખામોશી નથી તે ભૂલ છે અને જેની દૃષ્ટિ ઈબ્રતવાળી નથી તે કઢંગી છે.

ફર્માને ઈલાહી છે :–

سَاَصْرِفُ عَنْ اٰیَاتِیَ الَّذِیْنَ یَتَکَبَّرُوْنَ فِی الْاَرْضِ بِغَیْرِ الْحَقِّ۔

**તર્જુમો** : "અલ્બત્ત, હું મારી નિશાનીઓ વડે જમીન પર નાહક્ક તકબ્બુર (ગર્વ) કરનારાઓને ફેરવી દઈશ." *(પારા : ૪, સૂ. આલે ઈમરાન, આ. ૧૪૬)*

જનાબ હસન رحمۃ اللہ علیہ કહે છે કે આ આયતનો અર્થ એ છે કે હું તેમના દિલોમાં ચિંતન મનન કરવાની સલાહિયત (ક્ષમત) જ નહીં રહેવા દઉં.

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે તમારી આંખોને ઈબાદતનો હિસ્સો આપો ! અર્ઝ કરવામાં આવી કે હુઝૂર તેનો ઈબાદતથી શો હિસ્સો છે ? આપે ઈર્શાદ ફર્માવ્યું, કુર્આન મજીદને જોવું, તેમાં ચિંતન મનન કરવું અને તેની અજાયબીઓમાં બોધગ્રહણ કરનારી નિગાહ વડે વિચારણા કરવી. *(અહયાઉલ ઉલૂમ, ૪/૩૬૯)*

મક્કા મુઅઝ્ઝમાની પાસે જંગલમાં રહેનારી ઔરતથી રિવાયત છે. તેણીએ કહ્યું કે જે નેક લોકોના દિલ ચિંતન મનનમાં ડૂબીને ગયબના પર્દાઓમાં છુપાએલ તે ઈનામોને જોઈ લે જેને અલ્લાહ તઆલાએ તેમના માટે તૈયાર કરેલાં છે તો તેમની દુનિયાવી જિંદગી તેમના માટે ભારરૂપ થઈ જાય અને દુનિયા તેમની નજરોમાં તદ્દન તુચ્છ થઈ જાય.

હઝરત લુકમાન એકાંતમાં બેસીને ઘણીવાર સુધી ચિંતન મનનમાં ડૂબેલા રહ્યા. તેમનો ખાદિમ ત્યાંથી પસાર થતો અને કહેતો કે, આપ હમેશાં એકલા બેઠેલા રહો છો, જો લોકોની સાથે બેસતા રહો તો આપ તેમનો પ્રેમ પામો. આપે જવાબ આપ્યો કે લાંબુ એકાંત હમેશાંનું ચિંતન મનન અર્પણ કરે છે અને લાંબુ ચિંતન જન્નતનો માર્ગ છે.

જનાબ વહબ ઈબ્ને મુનબ્બિહ رضی اللہ عنہ નો કૌલ છે કે અલ્લાહ

તઆલાની નેઅમતોમાં ચિંતન મનન કરવું સૌથી અફઝલ ઈબાદત છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رضی اللہ عنہએ એક દિવસે સહલ ઈબ્ને અલી رضی اللہ عنہને ખામોશ અને વિચારમય જોઈને પૂછયું, ક્યાં સુધી પહોંચ્યા છો ?! તેઓ બોલ્યા કે પુલસિરાતના વિશે ચિંતન કરું છું.

જનાબ બિશ્ર رحمۃ اللہ علیہનો કૌલ છે કે જો લોકો અલ્લાહ તઆલાની અઝમત (મહાનતામાં) ચિંતન મનન કરે તો કદાપિ અલ્લાહ તઆલાની નાફર્માની ન કરે.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہનો કૌલ છે કે એવી બે રકાતો જે હુઝૂરે કલ્બ (દિલપૂર્વક) અને એકાંતમાં ચિંતન મનન સાથે પઢવામાં આવે તે આખી રાતની હુઝૂરે કલ્બ વિનાની ઈબાદતથી અફઝલ છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૮/૨૦૧, કિતાબુઝ્ઝુહદ વર્રિકાક, પેજ : ૯૭)*

જનાબ અબૂ શરીહ رحمۃ اللہ علیہ ચાલતા જઈ રહ્યા હતા એવામાં અચાનક ચાદર લપેટીને બેસી ગયા અને રડવાનુ શરૂ કર્યું. રડવાનું કારણ પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું, હું મારી વહી ગયેલી જિંદગી અને ઓછી નેકીઓ અને મૌતના જલ્દી આવવા પર વિચાર કરીને રડી રહ્યો છું.

અબૂ સુલૈમાન رحمۃ اللہ علیہનો કૌલ છે કે આંખોને રડવા તથા દિલોને ચિંતન મનન કરવાનાં આદી બનાવો. આગળ ફર્માવ્યું, દુનિયાના માટે ચિંતન એ આખેરતના માટે એક પર્દો છે અને નેક લોકોના માટે અઝાબ છે, પરંતુ આખેરતના વિશે ચિંતન મનન ઈલ્મનો વારસ બનાવે છે અને દિલોને જીવંત કરે છે.

જનાબ હાતિમ رحمۃ اللہ علیہનો કૌલ છે કે ઈબ્રત હાંસલ કરવાથી ઈલ્મ વધે છે, ઝિક્રથી મહોબ્બત વધે છે અને ચિંતન મનનથી ખૌફે ખુદા વધે છે.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہનો કૌલ છે કે નેકીઓમાં ચિંતન મનન નેકીઓ પ્રતિ આકર્ષે છે અને ગુનાહો પર પશ્ચાતાપ ગનાહ છોડવા માટે તૈયાર કરે છે.

રિવાયત છે, અલ્લાહ તઆલાએ પોતાની કેટલીક કિતાબોમાં ફર્માવ્યું છે કે હું દરેક આલિમ તથા દાનિશમંદની વાણી નહીં તેની નિય્યત અને મહોબ્બતને જોઉં છું. જો તેની નિય્યત તથા મહોબ્બત મારા માટે હોય છે તો

હું તેની ખામોશીને ચિંતન મનનની ખામોશી, તેની વાતચીતને હમ્દ ઠરાવુ છું, ભલે તે ચુપ બેઠો હોય.

જનાબ હસન رحمۃ اللہ علیہનો કૌલ છે કે બુદ્ધિશાળી હમેશાં ઝિકથી ફિક્ર (ચિંતન) પ્રતિ અને ચિંતન મનનથી ઝિક્રે ખુદાની પ્રતિ પલ્ટે છે એટલે સુધી કે તેમનાં દિલ બોલે છે અને ઈલ્મ તથા હિકમતની વાતો કરે છે.

ઈસ્હાક ઈબ્ને ખલફ رحمۃ اللہ علیہ કહે છે કે જનાબ દાઊદ તાઈ એક ચાંદની રાતે છત પર બેસીને અલ્લાહ તઆલાની જમીન તથા આસમાનની અજાયબીઓમાં ચિંતન કરી રહ્યા હતા અને આપ આસમાનની પ્રતિ જોઈને રડી રહ્યા હતા, એટલે સુધી કે બેખૂદીની હાલતમાં પડોશીના ઘરમાં ગબડી પડયા. મકાનનો માલિક પોતાની પથારીએથી નગ્ન તલ્વાર લઈને ઝપટયો, તે સમજ્યો કે કદાચ કોઈ ચોર આવી ગયો છે. પરંતુ જ્યારે તેણે આપને જોયા તો તલ્વાર મ્યાનમાં મૂકીને પૂછયું, શું તમને કોઈએ છત પરથી ધક્કો માર્યો છે ? આપે ફર્માવ્યું કે, મને ખબર નથી.

જનાબ જુનૈદ رحمۃ اللہ علیہનો કૌલ છે કે બેહતરીન અને ઉમદા મજલિસ એ ચિંતન મનનની મજલિસ છે જે તૌહીદના મેદાનમાં અંજામ આપવામાં આવે અને મહોબ્બતના સમંદરથી મહોબ્બતના જામ પીવા બેહતરીન શરાબ અને મઅરફેતની ખુશબોદાર હવાઓથી લુત્ફ પામવો સૌ હવાઓથી બેહતર છે અને અલ્લાહ તઆલાથી સારા બદલાની ઉમ્મીદ રાખવી ઉમદાપણામાં અજોડ છે. પછી ફર્માવ્યું, તે દિલ કેવું બેહતરીન છે જે આ મેહફિલોનો ભોમિયો છે અને તેને ખુશખબરી થાય જે મહોબ્બતના આ અતિ સ્વાદિષ્ટ જામોથી મોઢાંને લિજ્જત પહોંચાડે છે.

ઈમામ શાફઈ رحمۃ اللہ علیہનો કૌલ છે કે વાતચીત પર ખામોશી વડે અને ઈલ્મ પ્રાપ્તિ માટે ચિંતન મનન કરવાથી ઈમદાદ તલબ કરો. આગળ ફર્માવ્યું, કામોના બારામાં સારા પ્રમાણમાં સમજી વિચારી લેવું ધોકાથી બચાવે છે અને ઉમદા રાય (મતંવ્ય) શરમિંદગી અને હદથી અધિક વધી જવાથી બચાવી લે છે. કામોમાં ચિંતન અને વિચારણા હોશિયારી પેદા કરે છે. શાણા લોકોના મશ્વરા અને ઝહાનત (દિમાગી શક્તિ) નફ્સની મજબૂતી અને બસીરત(દુરંદેશી)ની શક્તિ છે, જેથી ઈરાદો કરતાં પહેલાં વિચાર,

કામ કરતાં પહેલાં ચિંતન મનન કર અને સમય પહેલાં મશ્વરો પ્રાપ્ત કર.

આગળ ફર્માવ્યું કે ફઝાઈલ ચાર છે : પ્રથમ **હિકમત** : જેનો દારોમદાર ચિંતન મનન પર હોય. **પાકબાઝી** : જેનો દારોમદાર વાસનાથી બચવું છે. **શક્તિ** : જેનો દારોમદાર ગુસ્સા પર છે. ચોથુ **અદ્લ** : જેનો દારોમદાર કવાએ નફ્સાની (તે શક્તિઓ જે દિમાગથી સંબંધિત છે) સમતોલવા પર છે.

*(પ્રકરણ : ૪૪)*

## મૌતની તકલીફો

હઝરત હસન رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ મૌત, તેની પીડા તથા દર્દ અને તેની ખુવારીનું વર્ણન કરતાં ફર્માવ્યું કે (મૃત્યુ વેળા) તલ્વારના ત્રણસો ઝટકાના બરાબર દુ:ખ થાય છે. *(અહયાઉલ ઉલૂમ, ૪/૪૦૨)*

હુઝૂર صلی اللہ علیہ وسلمને મૌતની તકલીફના વિશે પૂછવામાં આવ્યું તો આપે ઈર્શાદ ફર્માવ્યો કે આસાનતરીન મૌત ઊનમાં કાંટાદાર ડાળખીની જેમ છે કે તેને જ્યારે ખેંચવામાં આવશે તો તેની સાથે જરૂર કાંઈ ન કાંઈ ઊન પણ ખેંચાઈ આવશે. *(અહયાઉલ ઉલૂમ, ૪/૪૦૨)*

હુઝૂર صلی اللہ علیہ وسلم એક બીમારની પાસે તશરીફ લાવ્યા અને ફર્માવ્યું કે હું જાણું છું કે તે કઈ હાલતમાં છે અને તેને શા માટે પરસેવો આવી રહ્યો છે ? દર્દ તથા મૌતની કઠણાઈ તથા ગભરાહટના કારણે છે. *(અહયાઉલ ઉલૂમ, ૪/૪૦૨)*

હઝરત અલી رضی اللہ عنہ લોકોને જેહાદ માટે પ્રોત્સાહિત કરતા અને ફર્માવતા કે જો તમે જેહાદમાં ભાગ લેશો તો પણ મરવાનું જરૂર છે. ખુદાની કસમ ! મને તલ્વારોના એક હજાર વાર પથારી પર મરવા કરતાં વધુ આસાન જણાય છે. *(અહયાઉલ ઉલૂમ, ૪/૪૦૨)*

ઈમામ અવઝાઈ رحمۃ اللہ علیہનો કૌલ છે, અમારી જાણમાં એ વાત આવી કે

મુડદુ કબ્રથી ઉઠવાના સમય સુધી મૌતની કડવાશ (કટુતા) મેહસૂસ કરતુ રહેશે.

## ★ મૌતની તકલીફો વિશે વિગતે વર્ણન ★

જનાબ શદાદ ઈબ્ને અવસ رحمۃ اللہ علیہનો કૌલ છે કે મૌત મો'મિનના માટે દુનિયા તથા આખેરતના ડરો (ભયો)માં સૌથી વિશેષ હિમ્મત તોડી નાખનાર ભય છે. તે આરીઓ વડે ચીરવામાં આવે, કાતરો વડે અંગો કાપવામાં આવે અને દેગોમાં ઉકળવાથી પણ અધિક સખ્ત (તકલીફદાયક) છે. જો કોઈ મુડદુ જીવંત થઈને દુનિયાવાળાઓને મૌતની તકલીફની ખબર આપી દે તો તે જિંદગીની મજા ભૂલી જાય અને કદી ચૈનથી ન સૂઈ શકે.

ઝયદ ઈબ્ને અસ્લમ رحمۃ اللہ علیہ પોતાના પિતાથી રિવાયત કરે છે કે જ્યારે મો'મિન પોતાના કોઈ અમલોને કારણે કોઈ દરજા પર નથી પહોંચી શક્તો તો મૌતના સમયે તેને સકરાત અને તેની પીડા વેઠવી પડે છે જેથી કરીને તે એ રીતે જન્નતના તે આખરી દરજાને પણ પામી લે છે જેને તે અમલો વડે હાંસલ કરી શક્યો ન હતો. જો કોઈ કાફિરના કોઈ સારા અમલો હોય અને દુનિયામાં તેને તેનો બદલો હાંસલ ન થઈ શક્યો તો તેના પર મૌતની તકલીફને આસાન કરી દેવામાં આવે છે જેથી તે એ સારાં કામોનો બદલો પામી લે અને મૃત્યુ બાદ સીધો જહન્નમમાં જાય.

એક ભાઈ હમેશાં બીમારો સાથે મૌતની તકલીફના વિશે ચર્ચા કર્યા કરતા હતા. જ્યારે તે પોતે મૃત્યુવેળાની બીમારીમાં પથારીવશ થયા તો લોકોએ તેમને મૌતની સખ્તીના વિશે પ્રશ્ન કર્યો. તે કહેવા લાગ્યા, એવું મેહસૂસ થાય છે કે જાણે આસમાન તથા જમીન ભેગાં થઈ ગયાં છે અને મારી રૂહ સોયના નાકામાંથી નીકળી રહી છે !

ફર્માને નબવી છે કે અચાનક મૌત મો'મિનના માટે રાહત અને ગુનેહગારના માટે જેહમત (તકલીફ)નો સબબ છે. *(સુનને અબૂ દાઊદ, ૨/૪૪૨, મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૨૫૫, કન્ઝુલ ઉમ્માલ, ૧૫/અલ મોઅજમુલ કબીર લિત્તબરાની, ૯/૧૭૫)*

જનાબ મકહૂલ رحمۃ اللہ علیہથી મરવી છે, હુઝૂર ﷺએ ફર્માવ્યું, જો મૈયતના વાળોમાંથી એક વાળ જમીન તથા આસમાનમાં રહેવાવાળાઓ

ઉપર રાખી દેવામાં આવે તો સૌ મરી જાય. કેમ કે મૈયતના દરેક વાળમાં મૌત હોય છે અને મૌત જ્યારે કોઈ ચીજ પર છવાઈ જાય છે તો એ ચીજ ફના થઈ જાય છે. *(અહયાઉલ ઉલૂમ, ૪/૪૦૩)*

રિવાયત છે કે જો મૌતના દર્દનું એક ટીપુ દુનિયાના પહાડો પર રાખી દેવામાં આવે તો સર્વ પહાડો પીળગી જાય. *(અહયાઉલ ઉલૂમ, ૪/૪૦૩)*

**★ અંબિયા عليه السلام પર મૌત ખૂબ આસાન કરી દેવામાં આવે છે ★**

રિવાયત છે કે જ્યારે હઝરત ઈબ્રાહીમ عليه السلامનો ઈન્તેકાલ થયો તો અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, મારા ખલીલ ! તમે મૌતને કેવું પામ્યું ? તેમણે અર્ઝ કરી, જાણે સીખને (જેના પર કબાબ ભુનવામાં આવે છે તે) ભીના ઊનમાં નાખીને ખેંચવામાં આવે. રબ તઆલાએ ફર્માવ્યું, અમે તમારા માટે મૌતને ખૂબ જ આસાન કરી આપેલ છે. (ત્યારે તમે એની આટલી સખ્તી મેહસૂસ કરી.)

રિવાયત છે કે હઝરત મૂસા عليه السلامની રૂહ બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં હાજર થઈ તો રબ્બે જલીલે ફર્માવ્યું, મૂસા ! તમે મૌતને કેવું પામ્યું ? હઝરત મૂસા عليه السلامએ અર્ઝ કરી, જેમ કે પક્ષી જાળમાં ફસાઈ જાય છે અને તે મરતી નથી બલ્કે રાહત તલબ કરે છે અને ન છૂટકારો પામે છે કે જેથી ઉડી જાય. (એ જ હાલ નઝઅ વખતે માણસનો થાય છે) *(અહયાઉલ ઉલૂમ, ૪/૪૦૩)* એ પણ રિવાયત છે કે તેમણે કહ્યું, મેં એવું અનુભવ્યું કે જાણે જીવતી બકરીની કસાઈ ખાલ ઉતારી રહ્યો છે. *(અહયાઉલ ઉલૂમ, ૪/૪૦૩)*

રિવાયત છે કે મૌતના સમયે હુઝૂર صلى الله عليه وسلمની પાસે પાણીનો પ્યાલો રાખેલો હતો. આપ તેમાં હાથ મુબારક ડૂબાડીને પેશાની પર લગાડતા અને ફર્માવતા, હે અલ્લાહ ! મારા પર મૌતની તકલીફોને આસાન ફર્માવ. અને હઝરત ખાતૂને જન્નત رضی اللہ عنہا ઊભાં રહી રડી રહ્યાં હતાં કે હે મારા અબ્બાની તકલીફ ! અને આપ ફર્માવી રહ્યા હતા કે તારા વાલિદ પર આજ પછી કોઈ દુ:ખ આવશે નહીં. (صلى الله عليه وسلم) *(સહીહ બુખારી, ૨/૯૬૪, સુનને ઈબ્ને માજહ–૧૧૭, સુનને તિર્મિઝી, ૧/૧૯૨, સુનને અહમદ બિન હંબલ, ૭/૯૫, મિશ્કાતુલ મસાબીહ, ૧/૧૩૬, અસદુલ ગાબા, ૨/૧૦૭)*

હઝરત ઉમર رضی اللہ عنہ એ હઝરત કઅબ رضی اللہ عنہ ને કહ્યું, અમને મૌતની તકલીફના વિશે જણાવો. હઝરત કઅબ رضی اللہ عنہ એ કહ્યું, અમીરુલ મો'મિનીન ! મૌત એવી ડાળખીની જેમ છે જેમાં ઘણા બધા કાંટાઓ હોય અને તે માણસના શરીરમાં દાખલ કરી દેવામાં આવે અને તેને એક માણસ ખૂબ જ સખ્તીની સાથે ખેંચે, જે થોડીક બહાર આવી જાય અને થોડીક અંદર રહી જાય. *(અહયાઉલ ઉલૂમ, ૪/૪૦૩)*

ફર્માને નબી ﷺ છે કે બંદો મૌતની તકલીફોને બીમારી સમજીને તેનો ઈલાજ કરે છે પણ તેના શરીરનાં અંગો એકબીજાથી વિદાય લે છે અને કહે છે કે તારા પર સલામતી થાય હવે આપણે કિયામત સુધીના માટે એકબીજાથી અલગ થઈએ છીએ. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૫/૫૬૩)*

ઉપરોક્ત હાલતો તે મુકદ્દસ હસ્તીઓની હતી જેઓ અલ્લાહ તઆલાના દોસ્ત અને મહબૂબ છે, જ્યારે આપણે તો ગુનાહોથી ખરડાએલા છીએ તો આપણી શી હાલત થશે ? આપણા માટે તો મૌતની સખ્તીઓ ઉપરાંત અન્ય પણ આફતો હશે.

મૌતની ત્રણ મુસીબતો હોય છે, પ્રથમ : નઝઅ (સકરાત)ની તકલીફ જે હમણાં વર્ણન થઈ ચૂકી છે. બીજી : ઈઝરાઈલની સૂરતને જોવી, અને જોઈને દિલમાં અતિશય ખૌફ તથા ભયનું પેદા થવું. જો એકદમ હિંમતવાળો પણ મલકુલ મૌતની સૂરતને જોઈ લે જે તેઓ ફાસિક તથા ફાજિરની મૌતના સમયે (ભયાનક સૂરત) બનાવીને આવે છે તો તે પણ સહન કરવાની હામ રાખી શક્શે નહીં.

રિવાયત છે કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام એ મૌતના ફરિશ્તાને કહ્યું કે શું તમે મને તમારી તે સૂરત દેખાડી શકો છો જેમાં તમો ગુનેહગારોની રૂહ કબજે કરવા જાવ છો ? મલકુલ મૌત બોલ્યા, તમારામાં જોવાની તાકાત નથી ! આપે ફર્માવ્યું, જોઈ લઈશ ! જેથી મલકુલ મૌત બોલ્યા કે થોડીવાર માટે બીજી બાજુ ફરી જાવ.

જ્યારે આપે થોડીવાર પછી જોયું તો એક કાળો સિયાહ (અતિ કાળો) માણસ જેનાં રૂવાંટાં ઊભાં હતાં, બદબૂની લહેરો ઉઠી રહી હતી. કાળાં કપડાં પહેરલાં હતાં અને તેના મોંઢા તથા નાકમાંથી આગના ભડકા નીકળી

રહ્યા હતા અને ધુમાડા નીકળી રહ્યા હતા, એવો માણસ સામે જોવા મળ્યો. હઝરત ઈબ્રાહીમ علیہ السلام આ દશ્ય જોઈને બેહોશ થઈ ગયા. જ્યારે આપ હોશમાં આવ્યા તો જોયું કે મલકુલ મૌત અગાઉની જેવી સૂરતમાં બેઠેલા હતા. આપે ફર્માવ્યું, જો ફાસિક તથા ફાજિરના માટે મૌતની અન્ય કોઈ તકલીફ ન હોય તો પણ કેવળ તમારી સૂરત જોવું જ તેમના માટે મહાન અઝાબ છે. *(અહયાઉલ ઉલૂમ, ૪/૪૦૩)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની રિવાયત છે. હઝરત દાઊદ علیہ السلام અતિશય ગૈરતમંદ (શર્મવાળા) જવાન હતા. જ્યારે આપ બહાર તશરીફ લઈ જતા તો દરવાજા બંધ કરીને જતા. એક દિવસે આપ ઘરના દરવાજા બંધ કરીને બહાર ગયા. આપની પત્ની સાહેબાએ જોયું કે વરંડામાં એક માણસ ઉભેલો હતો. તેણી બોલી, ન જાણે તેને કોણે ઘરમાં પ્રવેશવા દીધો છે ! જો દાઊદ علیہ السلام આવશે તો જરૂર તેમને દુ:ખ પહોંચશે. પછી હઝરત દાઊદ علیہ السلام તશરીફ લાવ્યા અને તેને ઉભેલો જોઈને પૂછયુ કે કોણ છે ? તેણે કહ્યું, હું તે છું કે જે બાદશાહોથી પણ નથી ડરતો ! ન કોઈ પર્દો મારા માર્ગે આડ બને છે. હઝરત દાઊદ علیہ السلام ચુપચાપ ઉભા રહી ગયા કે ત્યારે તો તમે મલકુલ મૌત છો ! *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૧૪૭)*

### ★ એક માનવ ખોપડી સાથે હઝરત ઈસા علیہ السلامની વાતચીત ★

રિવાયત છે કે હઝરત ઈસા علیہ السلام માનવ ખોપડીની પાસેથી પસાર થયા. આપે તેને પગો વડે ઠોકર મારી અને ફર્માવ્યું કે ખુદાના હુકમથી મારી સાથે વાત કર ! ખોપડી બોલી, હે રૂહુલ્લાહ ! હું ફલાણા ફલાણા સમયનો બાદશાહ હતો. એકવાર હું મારા દેશમાં માથા પર તાજ રાખીને લશ્કરના ઘેરાવ વચ્ચે તખ્ત પર બેઠો હતો. એવામાં અચાનક મલકુલ મૌત મારી સમક્ષ આવી ગયા જેમને જોઈને મારું અંગેઅંગ ઢીલુ થઈ ગયું અને મારી રૂહી ઉડી ગઈ. તો એ મજલિસમાં શું રાખ્યું હતું કે જુદાઈ તો નજરો સમક્ષ હતી અને તે મોહ તથા મહોબ્બતમાં શું હતું ભય જ ભય અને એકાંત જ એકાંત હતું. એ ધોકો છે જે નાફર્માનોએ નાખી દીધો જે ફર્માંબરદારોના માટે નસીહત છે.

આ તે આફત છે જેને દરેક ગુનેહગાર અને ફર્માંબરદાર જુએ છે.

અંબિયાએ કિરામે મૃત્યુ વેળા કેવળ નઝઅની તકલીફોને વર્ણવી છે, તે ભય તથા ગભરામણનું વર્ણન નથી કર્યું જે મલકુલ મૌતની સૂરત જોઈને માણસ પર છવાઈ જાય છે. જો મલકુલ મૌતના ચેહરાને કોઈ રાત્રે ખ્વાબમાં જોઈ લે તો તેણે બાકીની જિંદગી પસાર કરવી મુશ્કેલ થઈ જાય, એવું નથી કે તેને મૌતની સખ્તીના સમયે આવી ભયાનક શક્કલમાં જુએ. (ત્યારે જ એ હાલત થાય બલ્કે ખ્વાબમાં જુએ તો પણ એ હાલત થાય !)

અલ્લાહ તઆલાના ફર્માંબરદાર નેક લોકો મૌતના ફરિશ્તાને અતિશય હસીનો જમીલ (ખૂબસૂરત) રૂપમાં જુએ છે. જેમ કે હઝરત અકરમા હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام અતિશય ગૈરતમંદ માણસ હતા. આપનું એક ઈબાદતખાનુ હતું. જ્યારે આપ બહાર જતા તો તેને બંધ કરીને જતા. એક દિવસે બહારથી તશરીફ લાવ્યા તો જોયું કે ઈબાદત ખાનામાં એક માણસ ઊભેલો છે. આપે પૂછયું, તને કોણે મારા ઘરમાં દાખલ કર્યો છે ? તે બોલ્યો, એના માલિકે ! આપે ફર્માવ્યું, એનો માલિક તો હું છું ! તેણે કહ્યું, મને તેણે દાખલ કર્યો છે જે આ મકાનનો આપથી અને મારાથી અધિક માલિક છે. આપે પૂછયું, શું તમે ફરિશ્તામાંથી છો ? તો બોલ્યો, હા ! હું મલકુલ મૌત છું. આપે ફર્માવ્યું, શું તમે તમારી તે સૂરત દેખાડી શકો છો જે શક્કલમાં તમો મો'મિનોની રૂહને કબજે કરો છો ? મલકુલ મૌતે કહ્યું, હા ! આપ જરા બીજી બાજુ ધ્યાન કરો.

થોડીવાર બીજી બાજુ જોયા બાદ આપે ફરી તેના પ્રતિ જોયું તો તેમને એક હસીનો જમીલ યુવાન જોવા મળ્યો જેના ચહેરા પર નૂર વરસી રહ્યું હતું, લિબાસ અતિશય પાકીઝા પહેરેલો હતો અને તેનાથી ખુશ્બુની લહેરો ઉઠી રહી હતી. આપે એ દશ્ય જોઈને ફર્માવ્યું, હે ઈઝરાઈલ ! જો મો'મિનના મૌત વખતે અન્ય કોઈ ઈનામ ન મળે અને કેવળ તમારી સૂરત જ જોવાની મળી જાય તો એ જ પૂરતુ છે અને મહાન ઈનામ છે.

## ★ આમાલનામા લખનાર ફરિશ્તા અને મૌત ★

મૌતના સમયે એક મુસીબત હિસાબ કિતાબ લખનાર ફરિશ્તા વિશેની છે.

જનાબ વહીબ رحمۃ اللہ علیہ થી રિવાયત છે કે અમને ખબર મળી છે કે

જ્યારે પણ કોઈ માણસ મરે છે તો તે મૃત્યુ પહેલાં આમાલનામુ લખનાર ફરિશ્તાઓનો અનુભવ મેળવે છે. જો તે માણસ નેક હોય છે તો તે કહે છે કે અલ્લાહ તઆલા તને અમારા તરફથી ભલો બદલો આપે કે તેં અમને ઘણી જ બેહતરીન મજલિસોમાં બેસાડયા અને ઘણા જ નેક કામો લખવા આપ્યાં.

અને જો મરનાર ગુનેહગાર હોય છે તો તેઓ કહે છે કે અલ્લાહ તને અમારા તરફથી સારો બદલો ન આપે કે તેં અમને ઘણી બુરી મજલિસોમાં બેસાડયા અને ગુનાહો તથા ગંદી વાણી સાંભળવા મજબૂર કર્યા, અલ્લાહ તને બેહતર બદલો ન આપે. તે વખતે માણસની આંખો ખુલીને ખુલી રહી જાય છે અને તે અલ્લાહ તઆલાના ફરિશ્તાઓ સિવાય કોઈ ચીજને નથી જોઈ શક્તો.

ત્રીજી આફત ગુનેહગારોનું જહન્નમમાં પોતાના ઠેકાણાને જોવું અને ત્યાં જતાં પહેલાં જ અતિશય ભયથી ડરી જવું છે. એ સમયે તે નઝઅના આલમમાં હોય છે, તેના શરીરનાં અંગો ઢીલાં પડી જાય છે અને તેની રૂહ નીકળવા તૈયાર થાય છે, પણ તે મલકુલ મૌતના અવાજ વિના (જે બે બશારતોમાંથી એક પર આધારિત હોય છે) નથી નીકળી શક્તી. ક્યાં તો એ કે હે ખુદાના દુશ્મન ! તને જહન્નમની બશારત થાય ! અથવા તો એ કે હે અલ્લાહના દોસ્ત ! તને જન્નતની બશારત થાય. એટલા માટે બુદ્ધિશાળીઓ મૌતના સમયથી ખૂબ જ ડરેલા રહે છે.

નબી અકરમ ﷺનુ ફર્માન છે કે તમારામાંથી કોઈ પણ વ્યક્તિ ત્યાં સુધી દુનિયામાંથી નથી જતો જ્યાં સુધી પોતાનુ ઠેકાણુ ક્યાં તે જન્નતમાં હોય કે જહન્નમમાં હોય તેને જોઈ ન લે. *(મિશ્કાતુલ મસાબીહ, ૧/૨૫)*

(પ્રકરણ : ૪૫)

# કબરની હાલતો તથા સવાલો

ફર્માને નબવી છે, જ્યારે મૈયતને કબરમાં રાખવામાં આવે છે તો કબર કહે છે કે, હે ઈન્સાન ! તારા પર અફસોસ છે ! તને મારા વિશે કઈ ચીજે ધોકામાં રાખ્યો હતો ? શું તને ખબર ન હતી કે હું આજમાઈશો, અંધારાંઓ, એકાંત અને કીડા મકોડાઓનું ઘર છું ? જ્યારે તું મારા પર થઈને આગળ પાછળ ડગલાં ભરીને પસાર થયા કરતો હતો તો તને કયા ઘમંડે ઘેરી રાખ્યો હતો ? જો મૈયત નેક હોય છે તો તેના તરફથી કોઈ જવાબ દેનાર કબરને જવાબ આપે છે કે, શું તને ખબર નથી કે આ શખ્સ નેકીઓનો હુકમ આપતો અને બુરાઈઓથી રોકતો હતો ? તો કબર કહે છે કે ત્યારે તો હું તેના માટે બાગમાં ફેરવાઈ જઈશ, તેનું શરીર નૂરાની બની જશે અને તેની રૂહ અલ્લાહ તઆલાની રહમતના કુર્બમાં જશે. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૨૨/૩૭૭, કન્ઝુલ ઉમ્માલ, ૧૫/૬૪૪)*

## ★ દફન થવાની જગાનો પુકાર ! ★

ઓબૈદ ઈબ્ને ઉમેર લયષી رحمۃ اللہ علیہ થી રિવાયત છે કે જ્યારે કોઈ શખ્સ મૃત્યુ પામે છે તો જમીનનો તે ટુકડો જેમાં તેણે દફન થવાનું હોય છે તે પોકાર કરે છે કે, હું અંધકાર અને એકાંતનું ઘર છું, જો તું તારી જિંદગીમાં નેક અમલો કરતો રહ્યો હશે તો આજે હું તારા પર સરાપા રહમત બની જઈશ અને જો તું નાફર્માન હતો તો હું આજે તારા માટે સજા બની જઈશ. હું તે છું કે જે મારી અંદર હક્ક તઆલાનો ફર્માબરદાર બનીને આવે છે તે ખુશ થઈને બહાર નીકળે છે અને જે નાફર્માન બનીને આવે છે તે ઝલીલ જઈને બહાર નીકળે છે.

જનાબ મુહમ્મદ ઈબ્ને સબીહ رحمۃ اللہ علیہ કહે છે કે મારા સુધી એ રિવાયત પહોંચી છે કે જ્યારે માણસને કબરમાં રાખવામાં આવે છે અને તેને અઝાબ આપવામાં આવે છે તો તેના નજીકવાળાં મુડદાં કહે છે કે, હે પોતાના ભાઈઓ તથા પડોશીઓ પછી દુનિયામાં રહેનારા ! શું તેં અમારા

જવાથી કોઈ નસીહત હાંસલ ન કરી અને તારા સમક્ષ અમારું મરીને કબ્રમાં દફન થઈ જવું કોઈ વિચારને પાત્ર વાત ન હતી ? તેં અમારા મૃત્યુથી અમારા અમલો ખત્મ થતા જોયા પરંતુ તુ જીવંત રહ્યો અને તને અમલ કરવાની મોહલત આપવામાં આવી પણ તેં એ મોહલતને ગનીમત ન જાણી અને નેક અમલો ન કર્યા ?! અને તેને જમીનનો તે ટુકડો કહે છે, હે દુનિયાની જાહેરી પર ફખ્ર કરનારા ! તેં તારા તે સગા સંબંધીઓથી બોધ કેમ ન ગ્રહણ કર્યો જેઓ દુનિયાવી નેઅમતો પર ઘમંડ કર્યા કરતા હતા પણ તે તારી સામે જ મારા પેટમાં ગુમ થઈ ગયા ?! તેમનું મૃત્યુ તેમને કબરોમાં લઈ આવ્યું અને તેં તેઓને કાંધાઓ પર સવાર થઈને એ મંઝિલની તરફ આવતા જોયા કે જ્યાંથી ભાગવાનો કોઈ જ માર્ગ નથી.

## ★ અમલો પણ મૈયતને પ્રશ્ન કરે છે ! ★

યઝીદ રક્કાશી رحمۃ اللہ علیہનો કૌલ છે કે મને એ રિવાયત મળી છે કે જ્યારે મૈયતને કબરમાં રાખવામાં આવે છે તો તેના અમલો ભેગા થઈ જાય છે, પછી અલ્લાહ તઆલા તેમને બોલવાની શક્તિ આપે છે અને તે કહે છે, હે કબરના એકલા ઈન્સાન ! તારા સર્વ દોસ્તો અને સગાં સંબંધીઓ તારાથી અલગ થઈ ગયાં ! આજે અમારા સિવાય અન્ય કોઈ સાથી હશે નહીં.

હઝરત કઅબ رضی اللہ عنہથી રિવાયત છે કે જ્યારે નેક માણસને કબરમાં રાખવામાં આવે છે તો તેના નેક અમલો નમાઝ, રોઝા, હજ્જ, જેહાદ અને સદકા વગેરે તેની પાસે ભેગા થઈ જાય છે. જ્યારે અઝાબના ફરિશ્તા એના પગો તરફથી આવે છે તો નમાઝ કહે છે કે એનાથી દૂર થઈ જાવ ! તમારું અહીં કોઈ કામ નથી. આ માણસ આ પગો પર ઊભો રહીને અલ્લાહ તઆલાની લાંબી લાંબી ઈબાદત કરતો હતો. પછી તે ફરિશ્તા માથાની તરફથી આવે છે તો રોઝા કહે છે કે તમારા માટે આ બાજુ કોઈ રસ્તો નથી, કેમ કે દુનિયામાં અલ્લાહ તઆલાની ખુશી હાંસલ કરવાને માટે એણે ઘણા રોઝા રાખ્યા હતા, અને લાંબો સમય ભૂખ તરસ સહન કરી. ફરિશ્તાઓ તેના શરીરના અન્ય હિસ્સાઓ તરફથી આવે છે તો હજ્જ અને જેહાદ કહે છે, ખસી જાવ ! એણે પોતાના શરીરને દુઃખમાં નાખી અલ્લાહ તઆલાને રાજી કરવા માટે હજ્જ અને જેહાદ કરી હતી, જેથી તમારા માટે અહીં કોઈ

સ્થાન નથી. પછી તેઓ હાથોની તરફથી આવે છે તો સદક઼ો કહે છે, મારા મિત્ર પાસેથી ખસી જાવ ! આ હાથો વડે કેટલાયે સદક઼ાઓ નીકળ્યા છે જે કેવળ ખુદાને રાજી કરવાને માટે આપવામાં આવ્યા અને આ હાથો વડે થઈને બારગાહે ઈલાહીમાં (તે સદક઼ાઓ) મકબૂલિયતના દરજ્જે બિરાજમાન થયા, જેથી અહીં તમારું કોઈ કામ નથી. પછી તે મૈયતને કહેવામાં આવે છે કે તારી જિંદગી અને મૌત બંને બેહતરીન છે, અને રહમતના ફરિશ્તા તેની કબરમાં જન્નતનું બિછૌનુ બિછાવે છે, તેના માટે જન્નતી લિબાસ લાવે છે, નજરો પહોંચે ત્યાં સુધી તેની કબરને વિસ્તારી દેવામાં આવે છે અને જન્નતની એક કન્દીલ (ફાનસ) તેની કબરમાં રોશન કરી દેવામાં આવે છે જેના થકી તે કયામતના દિવસ સુધી રોશની હાંસલ કરતો રહેશે.

જનાબ ઓબૈદ ઈબ્ને ઉમૈરે એક જનાઝાના જુલૂસમાં કહ્યું, મને એ રિવાયત પહોંચી છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, મૈયતને કબરમાં બેઠી કરવામાં આવે છે તે એ હાલતમાં કે તે ચાલનારાઓનો પગરવ સાંભળી રહ્યો હોય છે. તો તેની સાથે કબર વાતચીત કરે છે અને કહે છે કે, હે ઈન્સાન ! તારા પર અફસોસ છે ! શું તને મારાથી, મારી સંકડાશથી, બદબૂથી, ગભરામણ અને કીડાઓથી નથી ડરાવવામાં આવ્યો ? તું મારા માટે શું તૈયારી કરીને લાવ્યો છે ?! *(અહયાઉલ ઉલૂમ, ૪/૪૬૪)*

## ★ મો'મિનના મૃત્યુ પર ફરિશ્તાઓનું આગમન ★

હઝરત બરાઅ્ ઈબ્ને આઝિબ رضی اللہ عنہથી રિવાયત છે કે અમે હુઝૂર ﷺની સાથે એક અન્સારી યુવાનના જનાઝામાં ગયા. હુઝૂર ﷺ તેની કબર પર માથુ ઝુકાવીને બેસી ગયા.

પછી ત્રણ વખત اَللّٰهُمَّ اِنِّیۡ اَعُوۡذُبِكَ مِنۡ عَذَابِ الْقَبْرِ "હે અલ્લાહ ! હું તારાથી કબરના અઝાબથી પનાહ માગું છું." કહીને ફર્માવ્યું કે જ્યારે મો'મિનની મૌતનો સમય નજીક આવે છે તો અલ્લાહ તઆલા તેની તરફ એવા ફરિશ્તા મોકલે છે જેમના ચેહરા સૂરજની જેમ રોશન હોય છે, તેઓ તેના માટે ખુશ્બુઓ તથા કફન સાથે લાવે છે અને નજર પહોંચે ત્યાં સુધી બેસી જાય છે. જ્યારે તે મો'મિનની રૂહ પરવાઝ કરે છે તો આસમાન તથા

જમીનની દરમિયાન રહેનારા તમામ ફરિશ્તા તેના દરજ્જાઓની બુલંદીના માટે દુઆ કરે છે, તેના માટે આસ્માનોના દરવાજા ખોલી દેવામાં આવે છે અને આસ્માનના દરેક દરવાજાની ખ્વાહિશ હોય છે કે આ રૂહ મારે ત્યાં થઈને પ્રવેશ પામે. જ્યારે તેની રૂહ ઉપરની તરફ જાય છે તો કહેવામાં આવે છે કે, હે અલ્લાહ ! તારો ફલાણો બંદો આવી ગયો છે. રબ તઆલા ઈર્શાદ ફર્માવે છે, ''તેને લઈ જાવ અને તે ઈનામો દેખાડો જે મેં તેના માટે તૈયાર કર્યાં છે, કેમ કે મેં વાયદો કર્યો છે કે તેને માટીથી મેં પેદા કર્યો છે અને તેમાં જ તેને પાછો ફેરવીશ.'' *(પારા : ૧૬, સૂ. તાહા, આ. : ૫૫)*

મુડદુ કબરમાં લોકોના જોડાઓના અવાજોને સાંભળે છે જ્યારે તેઓ દફન કરીને પાછા જઈ રહ્યા હોય છે ત્યારે તેને કહેવામાં આવે છે કે હે ઈન્સાન ! તારો રબ કોણ છે ? તારો દીન કયો છે ? અને તારો નબી કોણ છે ? તે જવાબમાં કહે છે, મારો રબ અલ્લાહ, મારો દીન ઈસ્લામ અને મારા નબી મુહમ્મદ ﷺ છે.

પછી ફર્માવ્યું, કબરમાં ફરિશ્તા સખત ધમકાવે છે અને એ અંતિમ મુસીબત છે જે મૈયત પર કબરમાં આવે છે. જ્યારે તે આ સવાલોના જવાબથી પરવારે છે તો મુનાદી (અવાજ આપનાર) નિદા કરે (પોકારે) છે કે, તેં સાચુ કહ્યું અને એ જ ફર્માને ઈલાહી છે :–

**يُثَبِّتُ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا بِالْقَوْلِ الثَّابِتِ** ''અલ્લાહ તઆલા મો'મિનોને મજબૂત વાતની સાથે અડગ રાખે છે.'' *(પારા : ૧૩, સૂ. ઈબ્રાહીમ, આ. : ૨૭)*

પછી તેની પાસે એક ખૂબસૂરત શખ્સ આવે છે જેના શરીરથી ખુશ્બુની લહેરો આવે છે અને તે અતિશય આકર્ષક પોશાકથી સજ્જ હોય છે, તે આવીને કહે છે કે તને રહમતે ખુદાવંદી અને હમેશાં રહેનારી નેઅમતોની અમીન ''જન્નત''ની ખુશખબરી થાય. મો'મિન જવાબમાં કહે છે, અલ્લાહ તઆલા તને ભલાઈથી સરફરાઝ ફર્માવે ! તું કોણ છે ? જવાબ મળે છે, હું તારો નેક અમલ છું, તું નેકીઓમાં આગળ વધીને હિસ્સો લેતો હતો અને બુરાઈઓથી રોકાઈ જતો હતો એટલા માટે અલ્લાહ તઆલાએ તને બેહતરીન બદલો (જઝા) આપી છે. પછી પોકાર કરનાર પોકારે છે કે આ

મો'મિનના માટે જન્નતની ફર્શ બિછાવી દો અને એના માટે જન્નતની તરફ એક દરવાજો ખોલી આપો. જેથી એના માટે જન્નતી ફર્શ (કારપેટ) બિછાવી દેવામાં આવે છે અને જન્નતની તરફ એક દરવાજો ખોલી દેવામાં આવે છે અને તે દુઆ માંગે છે, હે અલ્લાહ ! કિયામતને જલ્દી કાયમ કર કે જેથી હું મારાં બીવી બચ્ચાં અને માલથી મુલાકાત કરું.

હુઝૂર ﷺએ ફર્માવ્યું, જ્યારે કાફિરનો અંતિમ સમય નજીક આવે છે અને રૂહ દુનિયાથી વિદાય લેવા ઈચ્છે છે તો સખત નિર્દયી ફરિશ્તા આગ અને દોઝખના તાર કોલનો લિબાસ લઈને આવે છે અને તેને અતિ ભયાવહ કરી નાખે છે. જ્યારે તેની રૂહ નીકળે છે તો આસ્માન અને જમીનની વચ્ચે રહેનારા તમામ ફરિશ્તા તેના પર લઅ્નત મોકલે છે, આસ્માનોના દરવાજા બંધ કરી દેવામાં આવે છે અને દરેક દરવાજો એવું ઈચ્છે છે કે એ રૂહ અહીંથી પસાર ન થાય. જ્યારે તેની રૂહ ઉપર ચઢે છે તો તેને નીચે ફેંકી દેવામાં આવે છે અને કહેવામાં આવે છે, હે અલ્લાહ ! તારો ફલાણો બંદો આવ્યો છે જેને જમીન તથા આસ્માને સ્વીકાર્યો નથી. રબ તઆલા ફર્માવે છે, તેને પાછો વાળો અને તેને તે અઝાબ દેખાડો જે મેં તેના માટે કબરમાં તૈયાર કર્યો છે, કેમ કે માણસથી મારો વાયદો છે કે "તમને મેં માટીથી પેદા કર્યા અને હું તમને એમાં પાછા ફેરવીશ." અને તે મુડદુ કબરમાં દફન કરીને પાછા જનારાઓના જોડાઓનો અવાજ સાંભળે છે ત્યારે તેને કહેવામાં આવે છે કે હે ઈન્સાન ! તારો રબ કોણ છે ? તારો નબી કોણ છે ? અને તારો દીન ક્યો છે ? તે કહે છે, હું નથી જાણતો ! અને તેને કહેવામાં આવે છે, તું ન જાણે ! પછી તેની પાસે એક બદ્સૂરત, બદ્બૂદાર અને અતિ ગંદાં કપડાંવાળો આવીને કહે છે, તને ખુદાવંદી કહેર અને હમેશાંના દર્દનાક અઝાબની ખુશખબરી થાય ! કાફિર મુડદુ કહે છે, અલ્લાહ તને બુરી ખબર સંભળાવે ! તું કોણ છે ? તે કહે છે, હું તારા બુરા અમલો છું, ખુદાની કસમ ! તું બુરાઈઓમાં ખૂબ જ પાવરધો હતો અને નેકીઓમાં પાછળ પડતો હતો જેથી અલ્લાહ તઆલાએ તને બુરો બદલો આપ્યો. કાફિર કહે છે, અલ્લાહ તઆલા તને પણ બદલો આપે. પછી તેના માટે એક ગુંગો, આંધળો એક અન્ય ફરિશ્તો મુકર્રર કરવામાં આવે છે જેની પાસે લોખંડનો હથોડો હોય

છે જેને જો માણસો તથા ઈન્સાનો ભેગા મળીને ઉઠાવવા ચાહે તો ન ઉઠાવી શકે, જો તે પહાડ પર મારવામાં આવે તો તે માટી બની જાય. તે ફરિશ્તો તે માણસને હથોડો મારે છે જેનાથી તે ટુકટે ટુકડા થઈ જાય છે. પછી તે જીવતો થાય છે અને ફરિશ્તો તેને આંખોની વચ્ચે મારે છે જેનો અવાજ જિન તથા ઈન્સાન સિવાય જમીનની તમામ મખ્લૂક સાંભળે છે. પછી મુનાદી નિદા (પોકારનાર પોકાર) કરે છે, એના માટે જહન્નમની બે તખ્તીઓ બિછાવો અને એના માટે જહન્નમ તરફ એક દરવાજો ખોલી દો ! જેથી એના માટે જહન્નમના બે તખ્તા બિછાવી દેવામાં આવે છે અને જહન્નમની તરફ દરવાજો ખોલી દેવામાં આવે છે.

હઝરત મુહમ્મદ ઈબ્ને અલી رحمۃ اللہ علیہથી રિવાયત છે કે દરેક મરનાર સમક્ષ તેના મૃત્યુના  સમયે તેના સારા તથા બુરા અમલો પેશ કરવામાં આવે છે તો તે નેકીઓ તરફ એકધારો જોયા કરે છે અને ગુનાહોને જોવાથી આંખોને ફેરવી લે છે. *(અલમુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૯૩, અહયાઉલ ઉલૂમ, ૪/૪૩૪, સુનને નિસાઈ, ૧/૨૮૨, મુખ્તસરન)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, મો'મિન પર જ્યારે મૌતનો સમય નજીક આવે છે તો ફરિશ્તા રેશમના એક કપડામાં મુશ્ક અને નાઝબૂની ડાળીઓ લાવે છે. એ જન્નતી ચીજોને જોઈને મો'મિનની રૂહ એટલી આસાનીથી નીકળી જાય છે જેવી રીતે કે આટામાંથી વાળ નીકળે છે, અને કહેવામાં આવે છે કે હે મુત્મઈન નફ્સ ! તારા રબની તરફ ખુશ અને પસંદીદા થઈને પલ્ટી જા ! અલ્લાહ તઆલાની તૈયાર કરેલ સુખ સગવડો અને ઈજ્જતની તરફ જા, અને જ્યારે રૂહ નીકળી આવે છે તો તેને મુશ્ક તથા કાળી તુલસીમાં રાખીને ઉપરથી રેશમ લપેટીને જન્નતની તરફ લઈ જમામાં આવે છે. *(અલ મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૫૦૪)*

## ★ કાફિર પર અઝાબ ★

જ્યારે કાફિર પર મૌતનો સમય નજીક આવે છે તો ફરિશ્તા એક ટાટ પર જહન્નમની ચિન્ગારીઓ રાખીને આવે છે જેના કારણે એની રૂહ સખત

અઝાબ સાથે ખેંચવામાં આવે છે અને તેને કહેવામાં આવે છે કે હે ખબીષ (નાપાક) નફ્સ ! મુસીબતમાં સપડાઈને કહેરમાં પડીને અલ્લાહ તઆલાના અઝાબ અને ઝિલ્લત તથા રુસ્વાઈની તરફ નીકળી જા ! જ્યારે તેની રૂહ નીકળી જાય છે તો તેને અંગારાંઓ પર રાખવામાં આવે છે જેનાથી તે ઊકળ વા લાગે છે અને તેના પર ટાટ લપેટીને પછી જહન્નમની તરફ લઈ જવામાં આવે છે.

જનાબ મુહમ્મદ ઈબ્ને કઅબ કરઝી رضی اللہ عنہ થી રિવાયત છે. તેમણે આ ફર્માને ઈલાહી :–

حَتّٰۤى اِذَا جَآءَ اَحَدَهُمُ الْمَوْتُ قَالَ رَبِّ ارْجِعُوْنِ لَعَلِّیْۤ اَعْمَلُ صَالِحًا فِیْمَا تَرَكْتُ ۔

"એટલે સુધી કે જ્યારે તેઓમાંથી કોઈ એકના ઉપર મૌત આવે તો તે કહે છે, હે મારા રબ ! મને પાછો મોકલ, જેથી હું નેક અમલ કરું એ જગાએ જેને હું છોડીને આવ્યો છું." *(પારા : ૧૮, મુઅમિનૂન, આ. : ૯૯,૧૦૦)*

....પઢીને કહ્યું, આ સાંભળીને રબ તઆલા ફર્માવશે, તું શું ઈચ્છે છે અને તને કોઈ ચીજની ખ્વાહિશ છે ? શું તું એટલા માટે જવા માંગે છે કે જેથી માલ ભેગો કરે ? ઝાડો વાવે, ઈમારતો બાંધે અને નહેરો ખોદાવે ? તે કહેશે, નહીં ! બલ્કે એટલા માટે કે મેં છોડી દીધેલા નેક અમલો કરી લઈશ. રબ તઆલા ફર્માવે છે કે, તેહકીક એ વાત છે કે જેને તે કહેનારો છે. એટલે કે દરેક કાફિર મૌત વખતે આ જ શબ્દ જરૂર કહે છે.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે મો'મિનની કબર એક હર્યો ભર્યો બાગ હોય છે, તેની કબર સિત્તેર હાથ પહોળી કરી દેવામાં આવે છે અને તે ૧૪મી રાતના ચાંદની જેમ ચમકશે. પછી ફર્માવ્યું કે (આ આયતે મુબારકહ) : **فان له معيشة ضنكا** "બેશક ! એના માટે જિંદગી તંગ હોય છે." *(પારા : ૧૬, સૂ. તાહા, આ. : ૧૨૪)* જાણો છો (આ આયત) કોના માટે નાઝિલ થઈ ? સહાબાએ કિરામે અર્ઝ કરી કે અલ્લાહ અને તેના રસૂલ બેહતર જાણનાર છે. આપે ફર્માવ્યું, આ કાફિરોના અઝાબના વિશે છે. તેની કબરમાં તેના માટે ૯૯ સાપો નિયુક્ત કરી દેવામાં

આવે છે. દરેક સાપનાં સાત માથાં હોય છે જે તેના વજૂદ (શરીર)ને ચૂંથે છે, ખાય છે અને કિયામતના દિવસ સુધી તેના પર ગરમ ગરમ ફૂંકો મારતા રહે છે. *(રવાહુ ઈબ્ને હબ્બાન, અહયાઉલ ઉલૂમ, ૪/૪૩૬)*

અને એ વાત પણ સમજી લો કે આ નિશ્ચિત સંખ્યા પર આશ્ચર્ય ન કરશો, કેમ કે આ સાપોની સંખ્યા બુરાઈઓની સંખ્યાના બરાબર છે, જેમ કે તકબ્બુર, બાહ્ય આડંબર (રિયાકારી), હસદ, કીનો અને કોઈના પ્રત્યે દિલમાં મેલ રાખવો વગેરે. જો કે મૂળ બુરાઈઓ અમુક જ છે પણ તેની શાખાઓની શાખાઓ ઘણી બધી છે જે તમામે તમામ વિનાશક છે અને કબરમાં આ બુરી સિફતો સાપોનું રૂપ ધારણ કરીને આવશે. જે બુરાઈ તે કાફિરની અંદર વધારે સમાએલી હશે તે અજગરની જેમ દંશ આપશે અને જે જરા થોડી હશે તે વીંછીની જેમ ડંખ મારશે અને જે તે બેની વચ્ચેની હશે તે સાપનારૂપે જાહેર થશે.

મઅરેફતવાળાઓ અને સાહિબે દિલ હઝરાત (વલીઓ) પોતાની દષ્ટિના નૂર વડે આ વિનાશક બુરાઈઓ અને તેની શાખાઓને જાણે છે પણ તેની સંખ્યાથી માહિતગાર થવું એ નૂરે નબુવ્વતનું કામ છે. એના જેવી હદીષોના જાહેરી સહીહ ભાવાર્થો તથા છુપા (આંત્રિક) મતલબો પણ છે જેને અહલે મઅરેફત સારી પેઠે સમજે છે. જેથી જો કોઈ જાહેરને જોનારા પર તેની હકીકતો જાહેર ન થાય તો તેણે ઈન્કારને બદલે તસ્દીક તથા તસ્લીમ (સમર્થન તથા કબૂલાત) વડે કામ લેવું જોઈએ કેમ કે ઈમાનનો કમસે કમ દરજજો એ જ છે.

(પ્રકરણ : ૪૬)

# ઈલ્મુલ્ યકીન, અયનુલ્ યકીન અને કિયામતના સવાલો

ફર્માને ઈલાહી છે : كَلَّا لَوۡ تَعۡلَمُوۡنَ عِلۡمَ الۡيَقِيۡنِ ''કદાપિ નહીં, જો તમે યકીની તૌર પણ જાણતા.'' *(પારા : ૩૦, સૂ. તકાષુર, આ. : ૫)* એટલે કે જો તમે કયામતના અહેવાલ તથા પ્રસંગોને યકીની તૌર જાણતા હોઉ. પણ તમને માલનો વધારો અને એકબીજા પર ફખ્ર મારવો એણે આ વાતથી ગાફેલ કરી નાખ્યા છે. જો તમે એ વાત જાણી લેત તો તમે તે કામો કરત જે તમારા માટે લાભદાયી હોત અને તે કામોથી બચત જે તમારા માટે નુકસાનકારક છે. જેથી ફર્માવવામાં આવ્યું, જો તમે સાચા અર્થમાં ''ઈલ્મે યકીન'' હાંસલ કરી લેત જેમ કે અંબિયાએ કિરામ عَلَيۡهِمُ السَّلَامُએ તમને સમજાવ્યું કે માલ અને તમારાં ગર્વ લેવાં જેવાં કારનામાંઓની ગણત્રી તમને કિયામતમાં કોઈ ફાયદો નહીં આપે, તમે જે માલની અધિકતા અને વિપુલતા પર ગર્વ કર્યો છે તેના કારણે તમે ચોક્કસ જહન્નમની આગને જોશો. જેમ કે ખાલિકે કાયનાતે કસમ ફર્માવી કે :–

''તમે ચોક્કસ પોતાની આંખો વડે તમારી રૂબરૂ જહન્નમ અને તેની સખ્તીને જોશો.''

ثُمَّ لَتَرَوُنَّهَا عَيۡنَ الۡيَقِيۡنِ ''પછી તમે તેને જરૂર યકીનની આંખો વડે જોશો.'' *(સૂ. તકાષૂર, આ. : ૭)*

## ★ યકીનના મર્તબાઓનો ફરક ★

જો ઈલ્મુલ યકીન તથા અયૂનુલ યકીનનો ફરક પૂછવામાં આવે તો તે એ છે કે ઈલ્મુલ યકીન અંબિયાએ કિરામને પોતાની નબુવ્વતના વિશે હાંસલ હતો અને અયનુલ્ યકીન ફરિશ્તાઓને હાંસલ છે જેઓ જન્નત, દોઝખ, લોહ તથા કલમ અને અર્શ તથા કુર્સીને પોતાની આંખો વડે જુએ છે અને એનુ નામ 'અયનુલ્ યકીન' છે.

એમ પણ કહી શકાય છે કે ઈલ્મુલ યકીન જીવતાંઓનું મૃત્યુ અને કબ્રોના

વિશેનો ઈલ્મ છે. કેમ કે તેઓ જાણે છે કે મરણ પામેલાં કબરોમાં છે પરંતુ તેઓ એ સમજવાથી લાચાર છે કે તેમની સાથે શો વર્તાવ થઈ રહ્યો છે. અને 'અયનુલ્ યકીન' મરણ પામેલને હાંસલ છે કેમ કે તે કબરને જન્નતનો એક બગીચો અથવા તો જહન્નમનો એક ખાડો પોતે જોઈ ચૂક્યા છે.

એમ પણ કહી શકો છો કે "ઈલ્મુલ યકીન" એટલે કિયામતનો ઈલ્મ અને "અયનુલ્ યકીન"એ કિયામત અને તેની ભયાનકતાઓને જોઈ લેવું છે.

એમ પણ કહી શકો છો કે, "ઈલ્મુલ્ યકીન" જન્નત તથા દોઝખનો ઈલ્મ અને "અયનુલ્ યકીન" તેને જોઈ લેવું છે. ફર્માને ઈલાહી છે, "તો તમને તે દિવસે નેઅમતોના બારામાં જરૂર પૂછાશે." એટલે કે કિયામતના દિવસે તમને દુનિયાવી નેઅમતો જેમ કે તંદુરસ્તી, શ્રવણ શક્તિ, જોવાની શક્તિ, રોજી પામવાના તરીકા અને ખાવા પીવાની તમામ ચીજોના વિશે પૂછવામાં આવશે કે તમે આ ચીજોને પામીને અલ્લાહ તઆલાનો શુક્ર પણ અદા કર્યો હતો ? તેની મઅરેફત હાંસલ કરી હતી કે ઈન્કાર તથા કુફ્રમાં પડયા હતા.

ઈબ્ને અબી હાતિમ અને ઈબ્ને મુરદુવિયહ્ની રિવાયત છે કે હઝરત ઝયદ ઈબ્ને અસ્લમે પોતાના વાલિદથી રિવાયત કરી છે. હુઝૂર ﷺ એ પઢયું કે "તમને માલની વિપુલતાના મુકાબલાએ હલાક કરી નાખ્યા." એટલે તમે ઈબાદતથી ગાફેલ થયા. "એટલે સુધી કે તમે કબરોને જોઈ." એટલે કે તમને મૃત્યુ આવી ગયું. "હરગિઝ નહીં ! અલ્બત્ત તમે જાણી લેશો." એટલે કે જ્યારે તમે કબરોમાં દાખલ થશો. "તો બેશક ! તમે ખૂબ જ નજીકમાં જાણી લેશો." એટલે કે જ્યારે તમે કબરોએથી નીકળીને મેહશરના મેદાનમાં આવશો. "હરગિઝ નહીં ! જો તમે 'અયનુલ યકીન'ના રૂપે જાણી લેત." એટલે કે તમે તે સમયને જાણશો જ્યારે તમે તમારા અમલો સાથે અલ્લાહ તઆલાની બારગાહમાં ઊભા થશો અને જહન્નમને જોઈ રહ્યા હશો." આ એ રીતે બનશે કે પુલસિરાતને જહન્નમની વચ્ચે રાખવામાં આવશે, તો કેટલાક મુસલમાન નજાત પામનારા હશે, કેટલાક ઝખ્મી થશે અને કેટલાકને જહન્નમમાં ફેંકવામાં આવશે. પછી તે દિવસે તમને જરૂર નેઅમતોના વિશે સવાલ કરવામાં આવશે." *(સૂ. તકાષુર, આ. : ૧)* એટલે કે ધરાઈને જમવું, ઠંડા પીણાં, મકાનોની છત્ર છાયા, તમારું મખ્લૂકમાં ઉત્તમ સર્જન અને ઊંઘની આરામદાયક્તાના બારામાં સવાલ કરવામાં આવશે. *(દુર્રે મન્સૂર, ૬/૬૫૯)*

હઝરત અલી كرم الله تعالى وجهه الكريم નો કૌલ છે કે નેઅમતથી મુરાદ તંદુરસ્તી છે. વધુમાં ફર્માવ્યું કે જેણે ઘઉંની રોટલી ખાધી, ફુરાતનું ઠંડુ પાણી પીધું અને તેને રહેવા માટે ઘર પણ છે, આ જ તે નેઅમત છે જેના બારામાં સવાલ કરવામાં આવશે. *(કન્ઝુલ ઉમ્માલ, ૨/૫૫૫, દુર્રે મન્સૂર, ૬/૬૬૦)*

હઝરત અબૂ કુલાબા رضى الله عنه થી મરવી છે, હુઝૂર صلى الله عليه وسلم એ આ આયત પઢીને ફર્માવ્યું મારી ઉમ્મતના લોકોમાં શુધ્ધ મધ મિલાવીને ખાશે, જેના સંબંધે તેમને સવાલ કરવામાં આવશે. *(દુર્રે મન્સૂર, ૬/૬૬૦)*

## ★ ઠંડુ પાણી પણ એક નેઅમત છે ★

હઝરત અકરમા رضى الله عنه થી રિવાયત છે કે જ્યારે આ આયત નાઝિલ થઈ તો સહાબાએ કિરામ رضوان الله تعالى عليهم اجمعين એ હુઝૂર صلى الله عليه وسلم ને પૂછયું, અમને કઈ નેઅમત મળી છે ? અમે તો કદી પેટ ભરીને જવની રોટી પણ નથી ખાધી ! અલ્લાહ તઆલાએ નબી કરીમ صلى الله عليه وسلم ની તરફ વહી ફર્માવી, તેમને કહો કે તમે જોડા પહેરો છો અને ઠંડુ પાણી પીઓ છો શું એ નેઅમતો નથી ? *(દુર્રે મન્સૂર, ૬/૬૬૦)*

તિર્મિઝી વગેરેની રિવાયત છે કે જ્યારે આ સૂરત (તકાષુર) નાઝિલ થઈ તો સહાબાએ કિરામ رضوان الله تعالى عليهم اجمعين એ પૂછયું, અમારાથી કઈ નેઅમતો વિશે સવાલ થશે ? અમને તો પાણી તથા ખજૂરો સિવાય કોઈ ખોરાક જ મયસ્સર નથી થતો ! દરેક સમયે તલ્વારો અમારી ગરદનો પર લટકતી રહે છે અને દુશ્મનો સાથે લડાઈઓમાં વ્યસ્ત રહેવું પડે છે ! તે કઈ નેઅમત હશે જેના વિશે સવાલ થશે ? આપે ફર્માવ્યું, નજીકમાં જ તમને નેઅમતો મળશે. *(સુનને તિર્મિઝી, ૨/૧૭૩, મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૫૯૭, તફસીરે કબીર, ૧૧/૨૭૪, અસદુલ ગાબા ફી મઅરિફતિસ્સહાબા, ૨/૨૯૭)*

હઝરત અબૂ હુરૈરહ્ رضى الله عنه થી રિવાયત છે કે હુઝૂર صلى الله عليه وسلم એ ફર્માવ્યું, સૌ પ્રથમ માણસને જે નેઅમતો વિશે સવાલ થશે તે એ હશે કે અલ્લાહ તઆલા ફર્માવશે, મેં તમને તંદુરસ્તી ન આપી હતી ? અને તમને પીવા માટે ઠંડુ પાણી ન આપ્યું હતું ? *(સુનને તિર્મિઝી, ૨/૧૭૩, તફસીરે કબીર, ૧૧/૨૭૪, તફસીરે રૂહુલ બયાન, ૧૦/૫૦૪)*

## ★ માંસ, ખજૂર અને ઠંડા પાણી વિશે કિયામતમાં સવાલ થશે ★

મુસ્લિમ વગેરેમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم એકવાર કાશાનએ નબુવ્વતથી (ઘરે)થી બહાર તશરીફ લાવ્યા તો આપને અચાનક હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર رضی اللہ عنہમળી ગયા. આપે પૂછયું, અત્યારે ઘરની બહાર શા માટે આવવાનુ થયું ? અર્ઝ કરી, હુઝૂર ! ભૂખે અમને ઘરોથી બહાર કાઢયા છે. આપે ફર્માવ્યું, ખુદાની કસમ ! હું પણ ભૂખના કારણે ઘરેથી નીકળ્યો છું. થોડાક સમય પછી સર્વ એક અન્સારીના ઘરે પહોંચ્યા પણ તે ઘરે મૌજૂદ ન હતા. તેમની પત્નીએ આપને જોઈને આવકાર આપ્યો. આપે તે અન્સારીના વિશે પૂછયું તો તેની પત્નીએ અર્ઝ કરી, હુઝૂર ! તે અમારા માટે ઠંડુ પાણી લેવા ગયા છે. એ જ વખતે અન્સારી સહાબી પણ આવી પહોંચ્યા. તેમણે હુઝૂર صلی اللہ علیہ وسلم અને હઝરત અબૂબક્ર તથા હઝરત ઉમર رضی اللہ عنہماને જોઈને કહ્યું, અલ્હમ્દુલિલ્લાહ ! આજે હું અતિશય બાઈઝ્ઝત મહેમાનોની મિજબાનીનો શરફ હાંસલ કરી રહ્યો છું ! પછી તે ગયા અને ખજૂરોનો એક લૂમ લાવ્યા જેમાં કાચી પાકી ઘણી ખજૂરો હતી, તે પેશ કરી અર્ઝ કરી કે તનાવુલ ફર્માવો (ખાવ) ! પછી છરી ઉઠાવી તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું દૂધ દેવાવાળીનો ખયાલ કરજો. જેથી તેણે બકરી ઝબહ કરી અને આપ સૌએ બકરીનો ગોશ્ત તથા ખજૂરો ખાધી, પાણી પીધું. જયારે ખાવા પીવાથી તૃપ્ત થઈ ચૂક્યા તો આપે ફર્માવ્યું, ખુદાની કસમ ! હે અબૂબક્ર તથા ઉમર ! તમને કયામતના દિવસે આ નેઅમતોના વિશે જરૂર સવાલ થશે ? *(સહીહ મુસ્લિમ, ભાગ, ૨, કિતાબુલ અશ્રબા, તફસીરે કબીર, ૧૧/૨૭૪)*

(પ્રકરણ : ૪૭)

# ઝિક્રે ઈલાહીની ફઝીલત

ફર્માને ઈલાહી છે : فَاذْكُرُوْنِىْ اَذْكُرْكُمْ "તમે મને યાદ કરો, હું તમારી ચર્ચા કરીશ." *(સૂ. બક્રહ, આ. : ૧૫૨)*

જનાબ ષાબિત બિનાની رحمة الله عليه એ ફર્માવ્યું, હું જાણુ છું કે જ્યારે મારો રબ મને યાદ ફર્માવે છે તો મને જાણ થઈ જાય છે. એ સાંભળીને લોકો થોડાક વિમાસણમાં મૂકાઈ ગયા અને પૂછયું કે, તમને એની કેવી રીતે ખબર થઈ જાય છે ? આપે કહ્યું, જ્યારે હું તેને યાદ કરું છું તો તે પણ મને યાદ ફર્માવે છે.

ફર્માને ઈલાહી છે : اُذْكُرُوا اللّٰهَ ذِكْرًا كَثِيْرًا "અલ્લાહની ખૂબ યાદ કરો." *(પારા : ૨૨, સૂ. અહઝાબ, આ.૪૧)*

આગળ ફર્માવ્યું :–

فَاِذَآ اَفَضْتُمْ مِّنْ عَرَفَاتٍ فَاذْكُرُوا اللّٰهَ عِنْدَ الْمَشْعَرِ الْحَرَامِ وَاذْكُرُوْهُ كَمَا هَدٰىكُمْ۔

**તર્જુમો :** "તો જ્યારે તમે અરફાતથી પલટો મશ્અરે હરામની નજીક અલ્લાહ તઆલાને યાદ કરો અને જે પ્રમાણે તમને હિદાયત આપવામાં આવી છે એ પ્રમાણે તેને યાદ કરો." *(સૂ. બક્રહ, આ. : ૧૯૮)*

અન્ય પારામાં ઈર્શાદે રબ્બાની છે :–

فَاِذَا قَضَيْتُمْ مَّنَاسِكَكُمْ فَاذْكُرُوا اللّٰهَ كَذِكْرِكُمْ اٰبَآءَكُمْ اَوْ اَشَدَّ ذِكْرًا۔

**તર્જુમો :** "જ્યારે તમે હજ્જના મનાસિક પૂર્ણ કરી ચૂકો તો અલ્લાહ તઆલાને યાદ કરો જેમ કે તમે તમારા બાપદાદાને યાદ કરો છો, કે તેનાથી પણ અધિક યાદ કરો." *(સૂ. બક્રહ, આ. ૨૦૦)*

ઈર્શાદે ઈલાહી છે : اَلَّذِيْنَ يَذْكُرُوْنَ اللّٰهَ قِيَامًا وَّقُعُوْدًا وَّعَلٰى جُنُوْبِهِمْ۔

**તર્જુમો :** "તે લોકો અલ્લાહ તઆલાને ઊભા રહી, બેસીને અને પડખાભેર સૂતા રહીને યાદ કરે છે." *(સૂ. આલે ઈમરાન, આ. ૧૯૧)*

ફર્માને ઈલાહી છે :–

فَاِذَا قَضَيْتُمُ الصَّلٰوةَ فَاذْكُرُوا اللّٰهَ قِيَامًا وَّ قُعُوْدًا وَّ عَلٰى جُنُوْبِكُمْ۔

**તર્જુમો** : "તો જ્યારે તમે નમાઝો પૂરી કરી લો તો અલ્લાહ તઆલાને ઊભા રહી, બેસેલા રહીને અથવા પડખાભેર સૂઈને યાદ કરો." *(પારા : ૫, સૂ. નિસાઅ્, આ. : ૧૦૩)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ આ આયતની તફસીરમાં ફર્માવે છે, એટલે કે અલ્લાહ તઆલાને રાત દિવસ, તરી, ખુશ્કી, સફરમાં કે મંઝિલે, ગરીબી કે માલદારી, બીમારી કે તંદુરસ્તી, જાહેર તથા છુપી રીતે મતલબ દરેક હાલતમાં યાદ કર્યા કરો.

અલ્લાહ તઆલાનો મુનાફિકોની બુરાઈ દર્શાવતો ઈર્શાદ છે :–

لَا يَذْكُرُوْنَ اللّٰهَ اِلَّا قَلِيْلًا "તેઓ અલ્લાહને ખૂબ જ ઓછો યાદ કરે છે." *(પારા : ૫, સૂ. નિસાઅ્, આ. : ૧૪૨)*

ફર્માને ઈલાહી છે :–

اُذْكُرْ رَّبَّكَ فِىْ نَفْسِكَ تَضَرُّعًا وَّخِيْفَةً وَّ دُوْنَ الْجَهْرِ مِنَ الْقَوْلِ بِالْغُدُوِّ وَالْاٰصَالِ وَلَا تكن مِّنَ الْغٰفِلِيْنَ۔

**તર્જુમો** : "અને તમારા રબને તમારા દિલમાં આજીજીપૂર્વક અને છુપી રીતે યાદ કરો અને સવાર તથા સાંજ અવાજ સાથે યાદ કરો અને ગાફિલોમાંથી ન બનો."

અને ફર્માને ઈલાહી છે :–

وَلَذِكْرُ اللّٰهِ اَكْبَرُ "અને બેશક ! ઝિક્રે ખુદા ઘણો મહાન છે." *(પારા : ૨૧, સૂ. અન્કબૂત, આ. : ૪૫)*

હઝરત ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنۡہُمَاથી રિવાયત છે, કે આ આયતના બે અર્થો થઈ શકે છે, પ્રથમ એ કે અલ્લાહ તઆલાનું તમને યાદ ફર્માવવું તમારા ઝિક્રથી ઘણી જ મોટી ચીજ છે, બીજુ એ કે ખુદાનો ઝિક્ર દરેક ઈબાદતથી વધીને તથા ઉચ્ચ છે. એના અનુસંધાનમાં અન્ય પણ ઘણી આયતો આવેલી છે.

હુઝૂર ﷺનો ઈર્શાદ છે કે ગાફિલોમાં ઝિક્રે ખુદા કરનારનું દષ્ટાંત સૂકા ઘાસમાં લીલા છોડવાઓ સમાન છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૧/૪૨૬, હિલ્યતુલ અવલિયા, ૬/૧૯૫)*

આગળ ફર્માવ્યું કે ગાફિલોમાં ઝિક્રે ખુદા કરનારનુ દષ્ટાંત ભાગનારાઓની વચ્ચે જેહાદ કરવાવાળાની જેમ છે. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૦/૧૬, હિલ્યતુલ અવલિયા, ૪/૨૬૯, કન્ઝુલ ઉમ્માલ, ૧/૪૩૦)*

ફર્માને નબવી છે, રબ્બે ઝુલ જલાલ ફર્માવે છે કે જ્યારે મારો બંદો મને યાદ કરે છે અને મારી યાદમાં તેના હોઠ ખુલ્લા થાય છે તો હું તેની સાથે હોઉં છું. *(સુનને ઈબ્ને માજહ, પેજ : ૨૬૮, મિશ્કાતુલ મસાબીહ, પેજ : ૧૧૯, સહીહ ઈબ્ને હબ્બાન, ૨/૧૩૦, મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૬૭૩, અત્તરગીબ વત્તરહીબ, ૨/૨૫૩)*

## ★ ઝિક્રે ખુદાથી વધીને કોઈ અમલ નથી ★

હુઝૂર ﷺનો ઈર્શાદ છે, ઈન્સાનના માટે ખુદાના ઝિક્રથી વિશેષ કોઈ એવો અમલ નથી જે અઝાબે ઈલાહીથી ઝટ છૂટકારો અપાવનાર હોય. અર્ઝ કરવામાં આવી કે જેહાદ ફી સબીલિલ્લાહ પણ નહીં ? આપે ફર્માવ્યું, જેહાદ ફી સબીલિલ્લાહ પણ નહીં, પણ એ કે તું તારી તલ્વારથી જેહાદ કરે અને તે તૂટી જાય. (વારંવારના જેહાદથી પણ અફઝલ છે.) *(સુનને ઈબ્ને માજહ, પેજ : ૨૬૮, કન્ઝુલ ઉમ્માલ,૧/૪૨૯)*

ફર્માને નબવી છે કે જે શખ્સ જન્નતના બાગોથી સૈર થવા ચાહે તે અલ્લાહને ખૂબ યાદ કરે. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૨/૧૫૭)*

હુઝૂર ﷺને પૂછવામાં આવ્યું કે કયો અમલ અફઝલ છે ? આપે ફર્માવ્યું, જ્યારે તું મૃત્યુ પામે તો તારી જીભ ખુદાના ઝિક્રથી મીઠી હોય. *(મિશ્કાતુલ મસાબીહ, પેજ : ૧૯૮, સહીહ ઈબ્ને હબ્બાન, ૨/૧૩૧, અત્તરગીબ વત્તરહીબ, ૨/૨૫૩, કન્ઝુલ ઉમ્માલ,૧/૨૭૮)*

ફર્માને નબવી છે કે ઝિક્રે ખુદામાં સવાર સાંજ પસાર કર, તું એ હાલતમાં દિવસ રાત પસાર કરીશ કે તારા પર કોઈ ગુનોહ બાકી નહીં હોય. *(અહયાઉલ ઉલૂમ, ૧/૪૨૮)*

ફર્માને નબવી છે કે સવાર તથા સાંજ યાદે ઈલાહી, એ ખુદાની રાહમાં જેહાદમાં તલ્વારો તોડવા અને બેધડક ખુદાની રાહમાં માલ લૂટાવવાથી બેહતર છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૧/૪૨૮)*

હુઝૂર ﷺ ફર્માવે છે, અલ્લાહ તઆલા ફર્માવે છે કે જ્યારે મારો બંદો મને એકાંતમાં યાદ કરે છે તો હું તેને તન્હાઈમાં યાદ ફર્માવું છું અને જ્યારે તે મને જમાઅત (લોકોના સમુહ)માં યાદ કરે છે તો હું તેને તેની જમાઅતથી બેહતર જમાઅતમાં યાદ કરું છું. જ્યારે તે મારાથી એક વેંત નજીક થાય તો હું તેનાથી એક હાથ નજીક થઈ જાઉં છું. જ્યારે તે એક હાથ મારી નજીક થાય છે તો હું બંને હાથોની વિશાળતા બરાબર તેની નજીક થઈ જાઉં છું અને જ્યારે તે મારા તરફ ચાલી નીકળે છે તો મારી રહમત આગળ વધીને તેને ભલાઈના સાયામાં લઈ લે છે. એટલે કે હું તેની દુઆઓને ખૂબ જ જલ્દી કબૂલ ફર્માવી લઉં છું. *(સહીહ મુસ્લિમ, ૨/૩૪૩, સુનને તિર્મિઝી, ૨/૨૦૦, સુનને ઈબ્ને માજહ, પેજ : ૨૭૧, સહીહ ઈબ્ને હબ્બાન, ૨/૧૨૬, મુસ્નદે અહમદ બિન હંબલ : ૨/૪૯૬)*

ફર્માને નબવી છે, સાત શખ્સો એવા છે જેમને અલ્લાહ તઆલા પોતાની રહમતના સાયામાં એ દિવસે જગા આપશે જે દિવસે કોઈ સાયો નહીં હોય. એમાંથી એક તે છે જેણે એકાંતમાં ખુદાને યાદ કર્યો અને ખુદાના ડરના કારણે તેની આંખોએથી આંસૂ વહી નીકળ્યાં. *(સુનને તિર્મિઝી, ૨/૧૭૫, સુનને ઈબ્ને માજહ, પેજ : ૨૬૮, મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૩૧૭, મિશ્કાતુલ મસાબીહ, પેજ : ૧૯૮, અલ્મુસ્તદરક અલ્સ્સહીહૈન–૧/૬૭૩, મોઅત્તા ઈમામ માલિક, ૧/૨૧૧, કન્ઝુલ ઉમ્માલ, ૧/૪૧૬, અત્તરગીબ વત્તરહીબ, ૨/૨૫૩)*

## ★ બેહતરીન અમલ ★

હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે શું હું તમને તમારા અમલોમાંથી શ્રેષ્ઠ અમલની ખુશખબરી ન આપુ ? જે અલ્લાહની નજીક સૌ અમલોથી પાકીઝા સૌ અમલોમાં ઉચ્ચ મર્તબાવાળા, સોના ચાંદીની બખ્શિશથી બેહતર, દુશ્મનો સાથે તમારા જેહાદથી જેમાં તમે તેમને કતલ કરી નાખો, તે તમને શહીદ કરી નાખે એનાથી અફઝલ તથા ઉચ્ચ હોય ? સહાબાએ કિરામે رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ પૂછયું, હુઝૂર !

એ કયો અમલ છે ? આપે ફર્માવ્યું, હમેશાંનો ઝિક્રે ઈલાહી. *(કન્ઝુલ ઉમ્માલ, ૧/૪૩૪)*

હુઝૂર ﷺ ફર્માવે છે કે અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે, જે શખ્સને મારા ઝિક્રએ સવાલ કરવાથી રોકેલો રાખ્યો તેને હું માગ્યા વિના સર્વ માંગનારાઓથી બેહતર આપીશ.

જનાબ ફુઝૈલ رضی اللہ عنہ ફર્માવે છે, અમને એ ખબર મળી કે અલ્લાહ તઆલા ફર્માવે છે, હે મારા બંદા ! તું મને સવાર પછી અને અસર પછી થોડી વાર યાદ કરી લીધા કર ! આ અમલ તને આખા દિવસના માટે પૂરતો થશે.

કેટલાક ઉલમાનું કહેવું છે કે અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે, જ્યારે હું કોઈ શખ્સના દિલને મારી યાદમાં સક્રિય જોઉં છું તો હું તેના તમામ કામોનો મુતવલ્લી (વ્યવસ્થાપક) થઈ જાઉં છું અને હું તેનો સાથી, તેનો હમનશીં અને હમસુખન બની જાઉં છું.

જનાબ હસન رحمۃ اللہ علیہનો કૌલ છે કે ઝિક્ર બે છે, એક એકાંતમાં અલ્લાહને યાદ કરવું જે ઘણુ જ ઉમદા અને મહાન અજ્રનો સબબ છે. અને એનાથી પણ બેહતર ઝિક્ર તે છે કે ઈન્સાન અલ્લાહ તઆલાની હરામ કરેલી ચીજોમાં અલ્લાહને યાદ રાખે. અને એવાં કામોથી દૂર રહે.

રિવાયત છે કે ઝિક્રે ઈલાહીમાં જિંદગી પસાર કરનારા સિવાય દરેક માણસ મૃત્યુ વેળા તરસ્યો જાય છે.

હઝરત મઆઝ ઈબ્ને જબલ નું ફર્માન છે કે જન્નતી (જન્નતમાં) દુનિયામાં તેની જે ઘડી યાદે ઈલાહીમાં ગુજારી ન હતી તેના સિવાય કોઈ ચીજ માટે પસ્તાવો (રંજ) કરશે નહીં. *(અત્તરગીબ વત્તરહીબ, ૨/૨૫૮, કન્ઝુલ ઉમ્માલ, ૧/૪૨૨)*

હુઝૂર ﷺનો ઈર્શાદ છે કે કોઈ જમાઅત (ગિરોહ) પણ એવી નથી જે યાદ ઈલાહીના માટે બેઠી હોય પણ ફરિશ્તા તેને ઘેરી લે છે અને ખુદા તઆલાની રહમત તેમને ઢાંકી લેતી હોય, અલ્લાહ તઆલા પોતાના મુકર્રિબીન (ચહીતા) બંદાઓમાં તેમને યાદ કરે છે. *(સુનને તિર્મિઝી, ૨/૧૭૫, સુનને ઈબ્ને માજહ, પેજ : ૨૬૮, મિશ્કાતુલ મસાબીહ, પેજ : ૧૯૬, સહીહ ઈબ્ને હબ્બાન, ૨/૧૫૩)*

## ★ ઝિક્રે ખુદા માટે એકત્ર થનારાઓ પર અલ્લાહનાં ઈનામો ★

ફર્માને નબવી છે કે કેટલાક લોકો કેવળ અલ્લાહની રઝામંદીના માટે ખુદાના ઝિક્રના માટે ભેગા થાય છે તો આસ્માનથી મુનાદી (પોકારનાર) પોકાર કરે છે કે ઊભા થઈ જાવ ! તમારા ગુનાહોને માફ કરી દેવામાં આવ્યા છે અને તમારા ગુનાહોને નેકીઓમાં બદલી દેવામાં આવ્યા છે. *(મુસ્નદે અહમદ બિન હંબલ–૩/૬૦૬, અત્તરગીબ વત્તરહીબ–૨/૨૬૦, અસદુલ ગાબા મઅરિફતિસ્સહાબા–૨/૮૬, કન્ઝુલ, ૧/૪૩૮)*

નબી કરીમ ﷺનું ફર્માન છે કે કોઈ કૌમ એવી નથી જે ક્યાંક બેસે અને અલ્લાહ તઆલાનો ઝિક્ર અને નબી ﷺપર દુરૂદ ન મોકલે અને કિયામતના દિવસે તે પસ્તાવામાં ન પડે. *(સુનને તિર્મિઝી, ૨/૧૭૫, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૨૨૫, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૬૬૮, અત્તરગીબ વત્તરહીબ, ૨/૨૬૩, અલમજમઉલ કબીર લિત્તબરાની, ૮/૧૮૧)*

હઝરત દાઊદ علیہ السلامએ બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી, ઈલાહુલ્ આલમીન ! જ્યારે તું મને જુએ કે હું ઝિક્ર કરનારાઓની મજલિસેથી ઉઠીને ગાફિલોની મજલિસમાં જઈ રહ્યો છું તો તું મારો પગોને તોડી નાખ, બેશક ! મારા ઉપર એ તારું ઈનામ હશે.

ફર્માને નબવી છે કે નેક મેહફિલ મો'મિનના માટે બે લાખ બુરી મજલિસોનો કફ્ફારો છે. *(અહયાઉલ ઉલૂમ, ૧/૨૭૯)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہનો કૌલ છે કે આસમાનમાં રહેનારા તે ઘરોને એવી રીતે જુએ છે જે ઘરોમાં યાદે ઈલાહી થાય છે, જેવી રીતે તમે તારાઓને જુઓ છો. (ઉત્સાહપૂર્ણ નજરો વડે)

જનાબ સુફ્યાન ઈબ્ને અય્નિયહ્ رضی اللہ عنہનુ કથન છે કે, જ્યારે કોઈ જમાઅત ઝિક્રે ખુદાના માટે એકત્ર થાય છે તો શૈતાન તથા દુનિયા અલગ થઈ જાય છે, પછી શૈતાન દુનિયાને કહે છે, શું તેં નથી જોયું કે આ લોકો શું કરી રહ્યા છે ? દુનિયા કહે છે, તેમને છોડી દે ! જેવા તેઓ ખુદાના ઝિક્રથી પરવારશે તેવી જ હું તેમને ગરદનોએથી પકડીને તારા હવાલે કરી દઈશ.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એકવાર બજારમાં તશરીફ લાવ્યા અને

ફર્માવ્યું, હે લોકો ! હું તમને અહીં જોઈ રહ્યો છું ! જ્યારે કે મસ્જિદમાં હુઝૂર ﷺનો વારસો વહેંચાઈ રહ્યો છે. લોકો બજાર છોડીને મસ્જિદની તરફ ગયા પણ તેમને કોઈ વારસો વહેંચાતો જોવા ન મળ્યો. તો તેમણે હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنهને કહ્યું, અમે તો મસ્જિદમાં કોઈ વારસો વહેંચાતો નથી જોયો ! આપે પૂછયું, તમે ત્યાં શું જોયું ? બોલ્યા, અમે ત્યાં એવી જમાઅત જોઈ છે જેઓ ઝિક્રે ખુદા કરી રહ્યા છે અને કુર્આન મજીદ પઢી રહ્યા છે. આપે ફર્માવ્યું, એ જ તો નબી કરીમ ﷺનો વારસો છે ! *(અહયાઉલ ઉલૂમ, ૧/૨૭૯)*

## ★ ઝિક્ર કરનારાઓ ઉપર અલ્લાહની રહમત ★

અઅ્‌મશે અબૂ સાલેહથી, તેમણે હઝરત અબૂ હુરૈરહ્ અને અબૂ સઈદ ખુદરી رضي الله عنهماથી રિવાયત કરી છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ નામએ આમાલ લખનાર ફરિશ્તા સિવાય એવા સૈર કરનારા ફરિશ્તા પેદા ફર્માવ્યા જેઓ જમીનમાં સતત ફરતા રહે છે. જ્યારે તેઓ કોઈ જમાઅતને ઝિક્રમાં મશ્ગૂલ જુએ છે તો બીજાઓને કહે છે કે, આ બાજુ આપણે જોઈતી ચીજના તરફ આવો ! જેથી તે સર્વ ફરિશ્તાઓ ભેગા થઈ જાય છે અને તેમને આસમાન સુધી ઘેરી લે છે. અલ્લાહ તઆલા ફર્માવે છે, મારા બંદાઓને તમે કઈ સ્થિતિમાં પામ્યા ? તેઓ શું કરી રહ્યા હતા ? ફરિશ્તા કહે છે, હે અલ્લાહ ! તેઓ તારી હમ્દ, તારી બુઝુર્ગી અને તારી તસ્બીહ બયાન કરી રહ્યા હતા. રબ્બે જલીલ ફર્માવે છે, શું તેમણે મને જોયો છે ? ફરિશ્તા અર્ઝ કરે છે, નહીં ! રબ્બે જલીલ ફર્માવે છે, જો તેઓ મને જોઈ લે તો તેમની શું હાલત થશે ? ફરિશ્તા અર્ઝ કરે છે, જો તેઓ તને જોઈ લે તો એનાથી પણ વધીને તારી તસ્બીહ તથા પ્રશંસા કરે. રબ ફર્માવે છે, તેઓ કઈ ચીજથી પનાહ માંગતા હતા ? ફરિશ્તા કહે છે, જહન્નમથી પનાહ માંગી રહ્યા હતા. રબ ફર્માવે છે, તેમણે જહન્નમને જોઈ છે ? ફરિશ્તા અર્ઝ કરે છે, નહીં ! રબ ફર્માવે છે, જો તેઓ જહન્નમને જોઈ લે તો તેમની શું હાલત થશે ? ફરિશ્તા અર્ઝ કરે છે કે જો તેઓ જહન્નમને જોઈ લે તો તેનાથી અધિક વધારે ભાગે અને નફરત કરે. રબ તઆલા ફર્માવે છે, તેઓ કઈ ચીજ માંગી રહ્યા હતા ? ફરિશ્તા અર્ઝ કરે છે, તેઓ જન્નત માંગી રહ્યા હતા. રબ ફર્માવે છે, શું તેમણે જન્નત જોઈ છે ? ફરિશ્તા કહે છે, નહીં ! રબ

ફર્માવે છે કે જો તેઓ જન્નતને જોઈ લે તો તેમની શું હાલત થશે ? ફરિશ્તા કહે છે, તેઓ તેને અધિક વધુ ચાહશે. રબ તઆલા ફર્માવે છે કે હું તમને ગવાહ બનાવું છું કે મેં તે સૌને બખ્શી દીધા. ફરિશ્તા અર્ઝ કરે છે કે તેમાં ફલાણાનો પુત્ર ફલાણો પણ હતો જે પોતાની કોઈ જરૂરતના માટે આવ્યો હતો ! રબ્બે જલીલ ફર્માવે છે, આ એવી જમાઅત છે જેની મજલિસમાં આવનાર, સાથે બેસનાર પણ મેહરૂમ નથી રહેતો. *(સહીહ બુખારી, ૨/૯૪૨, સહીહ મુસ્લિમ, ૨/૩૪૪, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૬૭૨, સહીહ મુસ્લિમ, ૨/૩૪૪, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૪૯૭, અત્તરગીબ વત્તરહીબ, ૨/૨૫૯)*

હુઝૂર ﷺનો ઈર્શાદ છે કે સૌથી અફઝલ કલમો જે મેં અને તમામ અંબિયાએ કિરામે જીભથી અદા કર્યો તે છે : **લાઈલાહ ઈલ્લલ્લાહુ વહ્દહુ લાશરીકલહૂ.** *(અત્તરગીબ વત્તરહીબ, ૨/૨૭૧)*

ફર્માને નબવી છે કે જેણે દરરોજ એકસો મર્તબા **લાઈલાહ ઈલ્લલ્લાહુ વહ્દહુ લા'શરીકલહૂ લહુલ્મુલ્કુ વ લહુલ્ હમ્દુ વહુવ અલા કુલ્લિ શય્ઈન કદીર** જીભથી અદા કર્યું તેને દસ ગુલામોને આઝાદ કરવાના બરાબર સવાબ મળે છે. તેના આમાલનામામાં સો (૧૦૦) નેકીઓ લખવામાં આવે છે અને તેના સો ગુનાહો મિટાવી દેવામાં આવે છે અને તે દિવસે રાત સુધી તે શૈતાનથી મેહફૂઝ રહે છે. અને તેનાથી વિશેષ કોઈ અમલ નથી હોતો પણ એ કે કોઈ વ્યક્તિ તેના કરતાં અધિકવાર આ કલમો પઢે. *(સહીહ બુખારી, ૨/૯૪૭, સહીહ મુસ્લિમ, ૨/૩૪૪, સુનને ઈબ્ને માજહ, પેજ : ૨૬૯, સુનને તિર્મિઝી, ૨/૧૮૫, મોઅત્તા ઈમામ માલિક, ૧/૨૧૦, સહીહ ઈબ્ને હબ્બાન, ૨/૧૪૯, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૬૮, મિશ્કાતુલ મસાબીહ, પેજ : ૨૦૧, અત્તરગીબ વત્તરહીબ, ૨–૨૯૫)*

ફર્માને નબવી છે, એવો કોઈ બંદો નથી જે બેહતરીન તરીકાથી વુઝૂ કરે, પછી આસમાનની તરફ નજર ઉઠાવીને કહે, **અશ્હદુ અલ્ લાઈલાહ ઈલ્લલ્લાહુ વહદહૂ લાશરીક લહૂ વ અશ્હદૂ અન્ન મુહમ્મદન્ વરસૂલુહ.** અને તેના માટે જન્નતના દરવાજા ન ખોલી દેવામાં આવતા હોય, પછી તે જે દરવાજાથી ચાહે દાખલ થઈ જાય. *(અલ્મોઅજમે કબીર લિત્તબરાની, ૧૭/૩૩૨, મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૩૪)*

(પ્રકરણ : ૪૮)

# નમાઝના ફઝાઈલ

ફર્માને ઈલાહી છે : اِنَّ الصَّلٰوةَ كَانَتْ عَلَى الْمُؤْمِنِيْنَ كِتٰبًا مَّوْقُوْتًا

**તર્જુમો :** "તેહકીક ! નમાઝ મુસલમાનો માટે નિશ્ચિત સમયે લખવામાં આવેલી છે." *(પારા : ૧૨, સૂ. હૂદ, આ. : ૧૦૩)*

અને ફર્માને નબવી છે, અલ્લાહ તઆલાએ બંદાઓ પર પાંચ નમાઝો ફર્ઝ કરી. જે શખ્સ તેમને અઝમતવાળી જાણીને પૂરેપૂરી શરતોની સાથે અદા કરે છે. તેના માટે અલ્લાહ તઆલાનો વાયદો છે કે તે એ શખ્સને જન્નતમાં દાખલ ફર્માવશે, અને તેમને અદા નથી કરતો તેના માટે અલ્લાહ તઆલા કોઈ વાયદો નથી ફર્માવતો, ચાહે તે તેને અઝાબ આપે અને જો ચાહે તો જન્નતમાં દાખલ ફર્માવે. *(સુનને અબૂ દાઊદ, ૧/૨૦૧, સુનને નિસાઈ, ૧/૮૧, સુનને દારમી, ૧/૨૮૩, મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૪૩૦, મોઅત્તા ઈમામ માલિક, ૧/૨૨૩, અત્તરગીબ વત્તરહીબ, ૧/૧૪૮, કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૭૭)*

ફર્માને નબવી છે કે પાંચ નમાઝોનું દષ્ટાંત તમારામાં એવું છે કે કોઈ એકના ઘરની સાથે વહેતી વિશાળ, સુંદર પાણીની નહેર કે જેમાં તે દિવસમાં પાંચ વખત નહાય છે તો શું તેના શરીર પર મેલ બાકી રહેશે ? સહાબાએ કિરામે અર્ઝ કરી, નહીં ! આપે ફર્માવ્યું, જેવી રીતે પાણી મેલ તથા ગંદવાડને વહાવીને લઈ જાય છે એવી રીતે પાંચ નમાઝો પણ ગુનાહોને વહાવીને લઈ જાય છે. *(મિશ્કાતુલ મસાબીહ, ૧/૫૭, કિતાબુસ્સલાત, સહીહ મુસ્લિમ, ૧/૨૩૫, સુનને નિસાઈ, ૧/૮૧, મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૨૮૯, અસ્સુનનુલ કુબરા લિલ બયહકી, ૩/૮૯, અલ મોઅજમુલ કબીર લિત્તબરાની, ૮/૧૬૪, મોઅત્તા ઈમામ માલિક, ૧/૧૭૪, સુનને દારમી, ૧/૧૮૪, સહીહ ઈબ્ને હબ્બાન, ૩/૧૬૯, હિલ્યતુલ અવલિયા, ૯/૨૬૦)*

## ★ નમાઝ ગુનાહોનો કફ્ફારો છે ★

હુઝૂર ﷺનો ઈર્શાદે ગિરામી છે કે નમાઝો તેના સમયો વચ્ચે ઉપસ્થિત થનારા ગુનાહોનો કફ્ફારો છે, શરત એ કે કબીરા ગુનાહોથી

પરહેઝ કરવામાં આવે. જેમ કે ફર્માને ઈલાહી છે : اِنَّ الْحَسَنَاتِ يُذْهِبْنَ السَّيِّئَاتِ "બેશક ! નેકીઓ બુરાઈઓને ખાઈ જાય છે." *(સૂ. હૂદ, આ. : ૧૧૪)* મતલબ એ કે તે ગુનાહોનો કફ્ફારો બની જાય છે, જાણે કે ગુનાહ હતા જ નહીં. *(સહીહ મુસ્લિમ, ૧/૧૨૨, સુનને તિર્મિઝી, ૧/૫૨, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૪૪, સહીહ ઈબ્ને હંબલ, ૩/૧૭૫, અસ્સુનનુલ કુબરા લિલ બયહકી, ૧૦/૩૧૫, અલમોઅજમુલ કબીર લિત્તબરાની, ૯/૧૪૮, અત્તરગીબ વત્તરહીબ, ૧/૧૪૩, કન્ઝુલ ઉમ્માલ, ૮/૧૦)*

બુખારી તથા મુસ્લિમ અને અન્ય અસ્હાબે સુનન વગેરેએ હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે એક શખ્સે કોઈ સ્ત્રીને ચુંબન કરી લીધું અને હુઝૂર صلی اللہ علیہ وسلمની ખિદમતમાં હાજર થઈને એ બનાવી કહી સંભળાવ્યો. મતલબ તે તેનો કફ્ફારો પૂછવા ચાહતો હતો. જ્યારે હુઝૂર صلی اللہ علیہ وسلم પર આ આયત નાઝિલ થઈ : اَقِمِ الصَّلٰوةَ طَرَفَىِ النَّهَارِ "અને કાયમ કર નમાઝ દિવસના બંને છેડાઓમાં." *(પારા : ૧૨, સૂ. હૂદ, આ. : ૧૧૪)* તો તે શખ્સે અર્ઝ કરી કે આ મારા માટે છે ? આપે ફર્માવ્યું, મારા તે દરેક ઉમ્મતી માટે જેણે આવું કામ કર્યું. *(સહીહ બુખારી, ૧/૭૫, સહીહ મુસ્લિમ, ૨૩૫૮, સુનને અબૂ દાઊદ, ૨/૬૧૪, સુનને ઈબ્ને માજહ, પેજ : ૩૧૪, સુનને તિર્મિઝી, ૨/૪૩, અસ્સુનનુલ કુબરા લિલ્બયહકી, ૮/૪૨૦, મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૭૧૦, સહીહ ઈબ્ને હબ્બાન, ૩/૧૭૨)*

## ★ નમાઝની તાકીદમાં નબવી ઈર્શાદો ★

મુસ્નદે અહમદ અને મુસ્લિમ શરીફમાં હઝરત અબૂ અમામા رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلمની રિવાયત છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلمની ખિદમતમાં એક માણસ હાજર થયો અને અર્ઝ કરી કે મારા પર હદ જારી કરો (શિક્ષા લાગુ પાડો) ! તેણે એક અથવા બે વખત એ જ વાત કહી પણ હુઝૂર صلی اللہ علیہ وسلمએ ધ્યાન ન આપ્યું. પછી નમાઝ પઢવામાં આવી. જ્યારે આપ નમાઝથી ફારિગ થયા તો ફર્માવ્યું, પેલો માણસ ક્યાં છે ? તેણે અર્ઝ કરી કે હું હાજર છું યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આપે ફર્માવ્યું, તેં મુકમ્મલ વુઝૂ કરીને હમણાં અમારી સાથે નમાઝ પઢી છે ? તેણે અર્ઝ કરી, જી હા ! આપે ફર્માવ્યું, તું ગુનાહોથી એવો પાક છે જેવો કે તારી માંએ તને જણ્યો

હતો. હવેથી આવું (ગુનોહ) કરીશ નહીં ! તે વખતે હુઝૂર ﷺ પર એ આયત નાઝિલ થઈ કે, "નેકીઓ ગુનાહોને લઈ જાય છે." *(સહીહ મુસ્લિમ, ૨/૩૫૯, મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૩૩૫, સહીહ ઈબ્ને હબ્બાન, ૩/૧૭૦)* અને આપનો ઈર્શાદ છે કે આપણા અને મુનાફિકોની વચ્ચે ફરક 'ઈશા' અને 'ફજર'ની નમાઝ છે, તેઓ એમાં આવવાની શક્તિ નથી ધરાવતા. *(મોઅત્તા ઈમામ માલિક, ૧/૧૩૦, સુનને કુબરા લિલ્બયહકી, ૩/૮૩)*

હુઝૂર સરવરે કાયનાત ﷺનો ઈર્શાદ છે : જે શખ્સ અલ્લાહ તઆલાથી એ હાલતમાં મુલાકાત કરે કે તેણે નમાઝો ખોઈ હોય તો અલ્લાહ તઆલા તેની નેકીઓની પરવા કરશે નહીં. *(કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૮૦, અલ્કબાઈર, પેજ : ૨૦)*

ફર્માને નબવી છે કે નમાઝ દીનનો સુતૂન (સ્તંભ) છે, જેણે તેને છોડી દીધી તેણે દીનની ઈમારતને પાડી નાખી. *(અલ્કબાઈર, પેજ : ૨૦, અહયાઉલ ઉલૂમ, ૧/૧૪૧)*

હુઝૂર ﷺને પૂછવામાં આવ્યું કે કયો અમલ અફઝલ છે ? તો આપે ફર્માવ્યું કે નમાઝને તેના સમયોમાં અદા કરવામાં આવે. *(સહીહ મુસ્લિમ, ૧/૬૨, સુનને નિસાઈ, ૧/૧૦૦, સુનને અબૂ દાઊદ, ૧/૬૧, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૩૦૧, અસ્સુનનુલ કુબરા લિલ્બયહકી, ૧/૩૫૪, સહીહ ઈબ્ને હબ્બાન, ૩/૨૬, અલ્મોઅજમુસ્સગીર લિત્તબરાની, ૧/૧૬૪, હિલ્યતુલ અવલિયા, ૨/૮૭, અત્તરગીબ વત્તરહીબ, ૧/૧૫૬)*

ફર્માને નબવી છે, જેણે મુકમ્મલ પાકીઝગીની સાથે સહીહ સમયોમાં હમેશાં પાંચ નમાઝોને અદા કરી તેના માટે કિયામતના દિવસે નૂર અને હુજ્જત (દલીલ) હશે અને જેણે તેને ખોઈ નાખી તેને ફિરઔન તથા હામાનની સાથે ઉઠાડવામાં આવશે. *(સહીહ ઈબ્ને હબ્બાન, ૩/૧૪)*

હુઝૂર ﷺનો ઈર્શાદ છે કે નમાઝ જન્નતની કુંજી છે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૪/૨૯૮, અલ્મોઅજમુસ્સગીર લિત્તબરાની, ૧/૨૧૪, કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૯૧)* વધુમાં ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ તૌહીદ પછી નમાઝથી અધિક પસંદીદા કોઈ અમલ ફર્ઝ નથી કર્યો અને અલ્લાહ તઆલાએ પસંદીદા હોવાને કારણે ફરિશ્તાઓને એ ઈબાદતમાં વ્યસ્ત કર્યા છે, જેથી તેમનામાંના

કેટલાક રુકૂઅમાં, કેટલાક સિજદામાં, અમુક કિયામમાં અને અમુક કાયદાની હાલતમાં ઈબાદત કરી રહ્યા છે.

ફર્માને નબવી છે, "જેણે જાણીબુઝીને નમાઝ છોડી દીધી તે કુફ્રની હદ નજીક સુધી પહોંચી ગયો." *(અહયાઉલ ઉલૂમ, ૧/૧૪૨)* એટલે કે તે ઈમાનને નીકળવાના નજીક સુધી પહોંચી ગયો, કેમ કે તેણે અલ્લાહની મજબૂત રસ્સીને છોડી દીધી અને દીનના સુતૂનને પાડી નાખ્યો, જેમ કે તે શખ્સના વિશે કે જે શહેરની નજીક પહોંચી જાય તો કહેવામાં આવે છે કે શહેરમાં પહોંચી ગયો, દાખલ થઈ ગયો, એ જ પ્રમાણે આ હદીષમાં પણ ફર્માવવામાં આવ્યું છે. *(અલમોઅજમુલ કબીર લિત્તબરાની, ૯/૧૯૧, કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૮૦)*

અને હુઝૂર ﷺએ ફર્માવ્યું કે જેણે જાણી બુઝીને નમાઝ છોડી દીધી તે મુહમ્મદ ﷺની ઝિમ્મેદારીમાંથી નીકળી ગયો. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૭/૫૭૨, અલમોઅજમુલ લિત્તબરાની, ૧૨/૧૯૬)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہનું ફર્માન છે કે જણે બેહતરીન વુઝૂ કર્યું, પછી નમાઝના ઈરાદે નીકળ્યો તો નમાઝમાં છે. જ્યાં સુધી કે તે નમાઝના ઈરાદાથી મસ્જિદની તરફ ચાલે છે, તેના એક ડગલાના બદલામાં એક નેકી લખવામાં આવે છે અને બીજા ડગલાના બદલામાં એક ગુનોહ મિટાવી દેવામાં આવે છે. જ્યારે તમારામાંથી કોઈ માણસ ઈકામત સાંભળે તો તેના માટે મોડુ કરવું યોગ્ય નથી. તમારામાંથી અધિક સવાબ તે પામે છે જેનું ઘર દૂર હોય છે. પૂછવામાં આવ્યું કે અબૂ હુરૈરહ્ ! તેનું શું કારણ છે ? આપે ફર્માવ્યું, વધુ ડગલાં ચાલવાને કારણે તેને આ ફઝીલત હાંસલ છે. *(સુનને ઈબ્ને માજહ, પેજ : ૫૬, સહીહ ઈબ્ને હબ્બાન, ૩/૨૭૬)*

અને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એકાંતની ઈબાદતથી અફઝલ કોઈ ઈબાદત નથી, જેના કારણે અલ્લાહ તઆલાનો કુર્બ જલ્દી હાંસલ થઈ જાય. *(કન્ઝુલ ઉમ્માલ, ૩/૨૪)*

હુઝૂર નબી કરીમ ﷺનો ઈર્શાદ છે કે, એવો કોઈ મુસલમાન નથી જે રઝાએ ઈલાહી (અલ્લાહને રાજી કરવા) માટે સિજદો કરે છે અને તેના દરેક સિજદાના બદલામાં તેનો એક દરજો બુલંદ ન થતો હોય અને અલ્લાહ

તઆલા તેનો એક ગુનોહ મિટાવી દેતો હોય. *(સહીહ ઈબ્ને હબ્બાન, ૩/૧૭૬, કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૯૧)*

રિવાયત છે કે એક શખ્સે હુઝૂર ﷺને અર્ઝ કરી કે મારા માટે દુઆ ફર્માવો કે અલ્લાહ તઆલા મને આપની શફાઅતના હક્કદારોમાંથી બનાવે અને જન્નતમાં આપની સોહબત નસીબ કરે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, સિજદાઓની અધિક્તા વડે મારી મદદ કરો ! (એટલે કે પુષ્કળ પ્રમાણમાં ઈબાદત કરો.) *(સહીહ મુસ્લિમ, ૧/૧૯૩, મુસ્નદે અહમદ બિન હંબલ, ૪/૬૫૬)*

તેમજ કહેવામાં આવ્યું છે કે ઈન્સાન સિજદામાં રબની ખૂબ જ નિકટ હોય છે. જેમ કે ફર્માને ઈલાહી છે : **وَاسۡجُدۡ وَاقۡتَرِبۡ** ''અને સિજદો કર અને નજીક થઈ જા.'' *(પારા : ૩૦, સૂ. અલક઼, આ. : ૧૯)*

ફર્માને ઈલાહી છે : **سِيۡمَاهُمۡ فِىۡ وُجُوۡهِهِمۡ مِّنۡ اَثَرِ السُّجُوۡدِ** ''તેમની નિશાની તેમના ચહેરાઓ પર સિજદાઓની અસરો છે.'' *(પારા : ૨૬, સૂ. ફતહ, આ. : ૨૯)*

આ આયતની તફસીરમાં વિવિધ કથનો છે. એ કે એનાથી મુરાદ ચહેરાનો તે હિસ્સો છે જે સજદા વખતે જમીન સાથે સ્પર્શે છે અથવા એ કે એનાથી મુરાદ ખુશૂઅ તથા ખુઝૂઅનું નૂર છે જે બાતિન(અંતર)થી જાહેર પર ચમકે છે અને તેના કિરણો ચહેરાઓ પર પ્રદર્શિત થાય છે અને એ જ વાત અધિક સહીહ છે. (આ મુદ્દાની વિસ્તૃત ચર્ચા માટે વાંચો ''અવારિફુલ્ મઆરિફ, અઝ : શૈખુલ મશાઈખ હઝરત સુહરવર્દી)

અથવા એ કે એનાથી મતલબ નૂર છે જે વુઝૂના નિશાનો પર કિયામતના દિવસે તેમના ચહેરાઓ પર ચમકશે.

ફર્માને નબવી છે, જ્યારે માણસ સિજદાની આયત પઢીને સિજદો કરે છે તો શૈતાન રડતાં રડતાં અલગ થઈ જાય છે અને કહે છે, હાય ! અફસોસ ! એને સિજદાઓનો હુકમ આપવામાં આવ્યો અને એને સિજદા કરીને જન્નત મેળવી અને મને સિજદાનો હુકમ આપવામાં આવ્યો હતો પણ મેં નાફર્માની કરી અને મારા માટે જહન્નમ બનાવવામાં આવી. *(સહીહ મુસિલમ, ૧/૬૧, સુનને ઈબ્ને માજઅ, પેજ : ૭૩, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૧૮૯, અસ્સુનનુલ કુબરા લિલ્બયહક઼ી, ૨/૪૪૩)*

## ★ નમાઝ વિશે બુઝુર્ગોના ઈર્શાદો ★

હઝરત અલી ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنۡہُمَا થી રિવાયત છે. આપ દરરોજ હજાર સિજદા કરતા હતા એટલા માટે લોકો તેમને "સજ્જાદ" કહ્યા કરતા હતા.

રિવાયત છે કે હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رَضِیَ اللّٰہُ عَنۡہُمَا હમેશાં માટી પર સિજદો કર્યા કરતા હતા. જનાબ યૂસુફ ઈબ્ને અસ્બાત رَضِیَ اللّٰہُ عَنۡہُم ફર્માવ્યા કરતા હતા કે, હે યુવાનો ! બીમારી પહેલાં તંદુરસ્તીને ગનીમત જાણીને આગળ વધો. એક માણસ સિવાય કોઈ એવો નથી જેના પર હું રશ્ક કરું છું તે છે રુકૂઅ તથા સિજદા મુકમ્મલ કરવાવાળો, એ જ મારી અને તેની વચ્ચે આડ બની ગયેલ છે. (રશ્ક : અન્યને મળેલ નેઅમત આપણને પણ મળે તેવી ઝંખના)

હઝરત સઈદ ઈબ્ને જુબૈર رَضِیَ اللّٰہُ عَنۡہ ફર્માવે છે કે મને સિજદાઓ સિવાય દુનિયાની અન્ય કોઈ ચીજ સાથે લગાવ (પ્રેમ) નથી. *(અહયાઉલ ઉલૂમ, ૧/૧૪૪)*

હઝરત ઉકબા ઈબ્ને મુસ્લિમ رحمۃ اللہ علیہ એ કહ્યું છે, અલ્લાહ તઆલાને બંદાની એ આદતથી વધીને કોઈ અન્ય ચીજ પસંદ નથી જેમાં તે અલ્લાહ તઆલાની મુલાકાતને પસંદ કરે છે અને એવી કોઈ પળ નથી જેમાં ઈન્સાન અલ્લાહની અધિક નજીક થઈ જાય છે જ્યારે કે તું માથાને સિજદામાં રાખી દે છે.

હઝરત અબૂ હુરૈરહ્ رَضِیَ اللّٰہُ عَنۡہ નું ફર્માન છે કે ઈન્સાન સિજદાની હાલતમાં રબથી ઘણો જ નજીક થઈ જાય છે જેથી સિજદાઓમાં ખૂબ જ પ્રમાણમાં દુઆઓ માંગ્યા કરો. *(મુસ્નદે અહમદ બિન હંબલ. ૩/૧૫૦, અલમોજમુલ કબીર લિત્તબરાની, ૧૦/૭૯, અસ્સુનને કુબરા લિલ્બયહકી, ૨/૧૫૯, હિલ્યતુલ અવલિયા, ૨/૧૧૨)*

(પ્રકરણ : ૪૯)

# નમાઝ ત્યજનાર પર અઝાબ

## ★ નમાઝ છોડનારાને ચેતવણીઓ ★

દોઝખીઓના વિશે ખબર આપતાં રબ્બે જલીલે ફર્માવ્યું કે તેઓને જહન્નમમાં એવું પૂછવામાં આવશે કે, "તમને જહન્નમમાં કઈ ચીજ લઈ આવી ?" તો તેઓ કહેશે કે અમે નમાઝ પઢનારાઓમાંથી ન હતા અને ન મિસ્કીનોને ખાણુ ખવડાવનારાઓમાંથી હતા બલ્કે બહષ કરનારાઓ સાથે બહષ કર્યા કરતા હતા. *(પારા : ૧, સૂ. મુદષ્ષિર, આ. : ૪૨–૪૫)*

જનાબ અહમદ رضی اللہ عنہથી રિવાયત છે કે માણસ અને કુફ્રની વચ્ચે ફરક નમાઝનું છોડી દેવું છે. *(સહીહ મુસ્લિમ, ૧/૬૧, મુસ્નદે અહમદ બિન હંબલ, ૪/૩૮૦, કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૭૮, મુસ્નદે અહમદ બિન હંબલ, ૪/૩૮૦, કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૭૮,અસ્સુનનુલ કુબરા લિલ્બયહકી, ૩/૫૧૧)*

## ★ સિહાહ સિત્તાની અમુક હદીષો ★

મુસ્લિમની રિવાયત છે કે માણસ અને શિર્ક તથા કુફ્રના વચ્ચે ફરક નમાઝનુ છોડી દેવું છે. *(સહીહ મુસ્લિમ, ૧/૬૧, સુનને તિર્મિઝી, ૨/૯૦, મુસ્નદે અહમદ બિન હંબલ, ૪/૩૮૦, અસ્સુનનુલ કુબરા લિલ્બયહકી, ૩/૫૧૧)*

અબૂ દાઊદ અને નિસાઈની રિવાયત છે કે બંદા અને કુફ્રની વચ્ચે નમાઝ છોડી દેવાના સિવાય અન્ય કોઈ ફર્ક નથી. *(સુનને નિસાઈ, ૧/૮૧, સુનને તિર્મિઝી, ૨/૯૦, અસ્સુનનુલ કુબરા લિલ્બયહકી, ૩/૫૧૦, કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૭૯, અસ્સુનનુદ્દારમી, ૧/૧૯૭, સહીહ ઈબ્ને હબ્બાન, ૩/૯, અલમોઅજમુસ્સગીર લિત્તબરાની, ૧/૧૩૪)*

તિર્મિઝીની રિવાયત છે કે કુફ્ર અને ઈમાનની વચ્ચે ફર્ક નમાઝ ત્યજવું છે. *(સુનને તિર્મિઝી, ૨/૯૦, અત્તરગીબ વત્તરહીબ, ૧/૨૧૩, કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૭૯)*

ઈબ્ને માજહની રિવાયત છે કે બંદા અને કુફ્રની વચ્ચે ફરક નમાઝને ત્યજવું છે. *(સુનને ઈબ્ને માજહ પેજ : ૭૫, સુનને તિર્મિઝી, ૨/૯૦, મુસ્નદે અહમદ બિન હંબલ, ૪/૩૪૮, અસ્સુનને કુબરા લિલ્બયહકી, ૩/૫૧૧)*

તિર્મિઝી વગેરેની રિવાયત છે, હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, અમારી તથા તેમની વચ્ચે ફરક નમાઝનો છે, જેણે નમાઝ છોડી દીધી તેણે કાફિરો જેવું કામ કર્યું. *(સુનને તિર્મિઝી, ૨/૯૦, સુનને ઈબ્ને માજહ, પેજ : ૭૫, સુનને નિસાઈ, ૧/૮૧, સહીહ ઈબ્ને હબ્બાન, ૩/૧૦, સુનને કુબરા લિલ્બયહકી, ૩/૫૧૧, અલ મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૪૮, અલ્કામિલ ફી દુઅફાઈર્રિજાલ, ૩/૪૪૮)*

તિબ્રાનીની રિવાયત છે કે જેણે જાણી જોઈને નમાઝ છોડી દીધી તેણે ઉઘાડેછોગે કાફિરો જેવું કામ કર્યું છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૮૦)*

એક રિવાયતમાં છે કે બંદા તથા શિર્ક અને કુફ્રની વચ્ચે ફરક નમાઝને ત્યજવું છે, જ્યારે તેણે નમાઝ છોડી દીધી તો કાફિરો જેવું કામ કર્યું. *(સુનને ઈબ્ને માજહ, પેજ : ૭૫, અત્તરગીબ વત્તરહીબ, ૧/૨૧૫)*

બીજી રિવાયતમાં છે કે બંદા અને શિર્ક તથા કુફ્રની વચ્ચે નમાઝ છોડવાના સિવાય અન્ય કોઈ તફાવત નથી, જેણે નમાઝ છોડી દીધી તેણે મુશ્રિકો જેવું કામ કર્યું. *(અત્તરગીબ વત્તરહીબ, ૧/૨૧૫, સુનને ઈબ્ને માજહ, પેજ : ૭૫, કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૭૯, હિલ્યતુલ અવલિયા, ૮/૧૨૬)* એક અન્ય રિવાયતમાં છે કે, તેણે (નમાઝ છોડનારે) ઈસ્લામને નગ્ન કરી નાખ્યો. અને ઈસ્લામના ત્રણ પાયાઓ છે જેના પર ઈસ્લામની ઈમારત ખડી થયેલી છે. જેણે એમાથી એકને છોડી દીધી તે કાફિર છે અને તેની કત્લ કરી દેવી હલાલ છે. કલ્મએ શહાદત પઢવું એટલે કે અલ્લાહ તઆલાની વહદાનિયત (એક હોવા)ની ગવાહી આપવી, ફર્ઝ નમાઝ અદા કરવી અને માહે રમઝાનના રોઝા રાખવા.

બીજી રિવાયત જેને હસન સનદો વડે નકલ કરવામાં આવેલ છે તે એ છે કે, જેણે એમાંથી કોઈ એકને છોડી દીધી તે અલ્લાહ તઆલાનો મુન્કિર છે, તેની પાસેથી કોઈ હીલો (બહાનુ) કે બદલો કબૂલ કરવામાં નહીં આવે અને તેનું ખૂન તથા માલ લોકોના માટે હલાલ છે.

તિબ્રાની વગેરેમાં તે હસન તરીકાથી રિવાયત થયેલી છે. હઝરત ઓબાદા ઈબ્ને સામત رضی اللہ عنہએ કહ્યું છે કે મને રસૂલુલ્લાહ ﷺએ સાત વાતોની વસિયત ફર્માવી, કોઈને અલ્લાહ તઆલાની સાથે શરીક (ભાગીદાર) ન ઠરાવ, ચાહે તને ટુકડે ટુકડા કરી દેવામાં આવે કે સળગાવી

દેવામાં આવે કે ફાંસી પર લટકાવી દેવામાં આવે. જાણીબુઝીને નમાઝ ન છોડ, કેમ કે જેણે જાણીબુઝીને નમાઝ છોડી દીધી તે દીનથી નીકળી ગયો. ગુનાહ અને નાફર્માની ન કરો કે એ અલ્લાહ તઆલાના કહેરના સબબો છે. અને શરાબ ન પીઓ કેમ કે એ ગુનાહોનો શ્રોત છે. *(અત્તરગીબ વત્તરહીબ, ૧/૪૧૭)*

તિર્મિઝીની રિવાયત છે કે હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺના સહાબીઓ رضوان الله تعالى عليهم اجمعين નમાઝ ત્યજવા સિવાય કોઈ અન્ય અમલને છોડવાને કુફ્ર સમજતા ન હતા. *(મિશ્કાતુલ મસાબીહ, પેજ : ૫૯, અત્તરગીબ વત્તરહીબ, ૧/૨૧૪)*

સહીહ હદીષમાં છે કે બંદા અને કુફ્ર તથા ઈમાનની વચ્ચે તફાવત નમાઝ છે. જ્યારે તેણે નમાઝ છોડી દીધી તો જાણે તેણે શિર્ક કર્યું. *(સુનને ઈબ્ને માજહ, પેજ, ૬૫, સુનને તિર્મિઝી, ૨/૯૦)*

બઝ્ઝાઝની રિવાયત છે કે જે નમાઝ નથી અદા કરતો તેનો ઈસ્લામમાં કોઈ હિસ્સો નથી અને જેનુ વુઝૂ સહીહ નથી તેની નમાઝ નથી. *(અસ્સુનનુલ કુબરા લિલ્બયહકી, ૩/૫૧૪, કન્ઝુલ ઉમ્માલ, ૭/૩૨૭, અત્તરગીબ વત્તરહીબ, ૧/૧૪)*

તિબ્રાનીની રિવાયત છે કે જે શખ્સમાં અમાનત નથી તેનું ઈમાન નથી, જેનું વુઝૂ સહીહ નથી તેની નમાઝ નથી અને જેણે નમાઝ ન પઢી તેનો દીન નથી રહ્યો. જેવી રીતે શરીરમાં માથાનું સ્થાન છે એવી રીતે દીનમાં નમાઝનું સ્થાન છે. *(અલ્મોઅજમુસ્સગીર લિત્તબરાની, ૧/૬૧, અત્તરગીબ વત્તરહીબ, ૧/૧૫૦)*

ઈબ્ને માજહ્ અને બયહકીમાં હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત છે કે મને મારા હબીબ ﷺએ વસિયત ફર્માવી, અલ્લાહ તઆલાની સાથે શિર્ક ન કર ભલે તને કાપી નાખવામાં આવે અને સળગાવી દેવામાં આવે. ફર્ઝ નમાઝ જાણી જોઈને ન છોડ કેમ કે જેણે જાણી જોઈને નમાઝ છોડી તે અમારી જિમ્મેદારીમાંથી નીકળી ગયો. અને શરાબ ન પી, કેમ કે એ દરેક બુરાઈની કૂંચી છે. *(મિશ્કાતુલ મસાબીહ, ૧/૫૯, અત્તરગીબ વત્તરહીબ, ૧/૨૧૪)*

મુસ્નદે બઝ્ઝાઝમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે. આપે ફર્માવ્યું કે મારી કીકીઓ સલામત હોવા છતાં મારી બીનાઈ (દષ્ટિ

શક્તિ) ખતમ થઈ ગઈ તો મને કહેવામાં આવ્યું કે તમે અમુક નમાઝો છોડી દો તો અમે તમારો ઈલાજ કરીશું. મેં કહ્યું, એવું નહીં થાય ! કેમ કે મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું છે, આપે ફર્માવ્યું કે, "જેણે નમાઝ છોડી દીધી તે અલ્લાહ તઆલાની એ હાલતમાં મુલાકાત કરશે કે અલ્લાહ તઆલા તેના પર નારાજ હશે." *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૧/૨૩૪, ૨૦/૮૨, અત્તરગીબ વત્તરહીબ, ૧/૨૧૪)*

તિબ્રાનીની એક રિવાયત છે, હુઝૂર ﷺની ખિદમતમાં એક શખ્સે હાજર થઈને અર્ઝ કરી કે મને એવો અમલ બતાવો જેને કરીને હું જન્નતમાં ચાલ્યા જાઉં. આપે ફર્માવ્યું, અલ્લાહ તઆલાની સાથે શિર્ક ન કર, ભલે તને અઝાબ આપવામાં આવે અને જીવતો સળગાવી દેવામાં આવે વાલિદૈન (મા બાપ)નો આજ્ઞાંકિત બન, ભલે તેઓ તને તારા તમામ માલ તથા અસબાબથી બાકાત કરી દે, અને જાણી જોઈને નમાઝ ન છોડ, કેમ કે જેણે જાણી જોઈને નમાઝ છોડી દીધી તે અલ્લાહ તઆલાની જિમ્મેદારીમાંથી નીકળી ગયો. *(અત્તરગીબ વત્તરહીબ, ૧/૨૧૫, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૨૦/૮૨, કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૪૦)*

એક અન્ય રિવાયતમાં છે, અલ્લાહ તઆલાની સાથે શિર્ક ન કર ભલે તને કત્લ કરી દેવામાં આવે અને સળગાવી દેવામાં આવે, મા બાપની નાફર્માની ન કર, ભલે તેઓ તને તારા બીવી બચ્ચાં અને માલથી કાઢી નાખે. ફર્ઝ નમાઝને જાણે બુઝીને ન છોડ, કેમ કે જેણે જાણી બુઝીને નમાઝ છોડી દીધી તે અલ્લાહ તઆલાની જિમ્મેદારીમાંથી નીકળી ગયો. શરાબ કદી ન પી, કેમ કે તેને પીવું દરેક બુરાઈનું મૂળ છે. પોતાની જાતને નાફર્માનોથી બચાવ, કેમ કે તેમનાથી અલ્લાહ તઆલા નારાજ થઈ જાય છે. પોતે પોતાને જંગના દિવસે ભાગેડુ બનાવવાથી બચ, ભલે લોકો હલાક થઈ જાય અને લોકો મરી જાય પણ તું અડગ રહે. પોતાની શક્તિ પ્રમાણે પોતાનાં બીવી બચ્ચાં પર ખર્ચ કર, તેમની (ઈલ્મ તથા અદબની) કેળવણી બાબતે કદાપિ ગાફેલ ન બન, અને તેમને ખુદાનો ખૌફ અપાવતો રહે. *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૪૪, મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૩૧૬, અલ્મો અજમુલ કબીર લિત્તબરાની, ૨૪/૧૯૦, અત્તરગીબ વત્તરહીબ, ૧/૮૩)*

સહીહ ઈબ્ને હબ્બાનમાં રિવાયત છે કે વાદળવાળા દિવસે નમાઝ જલ્દી પઢી લીધા કરો, કેમ કે જેણે નમાઝ છોડી દીધી તેણે કુફ્ર કર્યું. *(સહીહ બુખારી, ૧/૭૮, સુનને નિસાઈ, ૧/૮૩, સુનને ઈબ્ને માજહ, પેજ : ૫૦, સહીહ ઈબ્ને હબ્બાન, ૩/૧૮, અત્તરગીબ વત્તરહીબ, ૧/૧૮૩)*

તિબ્રાનીમાં હુઝૂર ﷺની કનીઝ હઝરત ઉમૈમા رضی اللہ عنہاથી રિવાયત છે કે હું એકવાર હુઝૂર ﷺના માથા પર પાણી રેડી રહી હતી એવામાં એક માણસે આવીને કહ્યું કે વસિયત ફર્માવવામાં આવે, હુઝૂર ﷺએ ફર્માવ્યું, અલ્લાહ તઆલાની સાથે કોઈને શરીક ન બનાવ, ભલે તને કાપી નાખવામાં આવે અને સળગાવી દેવામાં આવે, મા બાપની નાફર્માની ન કર ભલે તેઓ તને તારા ઘર અને માલો દૌલતને ત્યજી દેવાનું કહે તો સૌ કાંઈ છોડી દે, શરાબ કદી ન પી, કેમ કે એ બુરાઈની કૂંચી છે, અને ફર્ઝ નમાઝ કદાપિ જાણીબુઝીને ન છોડ, કેમ કે જેણે એવું કર્યું તે અલ્લાહ અને તેના રસૂલની જિમ્મેદારીમાંથી નીકળી ગયો. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૨૪/૧૯૦, અત્તરગીબ વત્તરહીબ, ૧/૧૬)*

અબૂ નુઈમની રિવાયત છે કે જે શખ્સે જાણીબુઝીને નમાઝ છોડી દીધી તેનું નામ અલ્લાહ તઆલાએ જહન્નમના તે દરવાજા પર લખી દીધું છે જેમાંથી તેણે દાખલ થવાનું હોય છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૭/૩૨૫, હિલ્યતુલ અવલિયા, ૭/૨૯૯)*

તિબ્રાની અને બયહકીની રિવાયત છે કે જેણે નમાઝ છોડી દીધી જાણે તેનો માલ તથા બીવી બચ્ચાં (સર્વ કાંઈ) ખત્મ થઈ ગયું. *(કન્ઝુલ ઉમ્માલ, ૭/૩૨૫)*

હાકિમે હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત કરી છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, હે કુરૈશના ગિરોહ ! તમે નમાઝ જરૂર અદા કરો અને ઝકાત અદા કરો, નહીં તો અલ્લાહ તઆલા તમારી તરફ એવા માણસને મોકલશે જે દીનના માટે તમારી ગરદનો ઉડાડી દેશે. *(મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૩૩૨, કિતાબુલ ઈમાન વન્નઝર)*

બઝ્ઝાઝની રિવાયત છે કે જે શખ્સ નમાઝ અદા નથી કરતો તેનો દીનમાં કોઈ હિસ્સો નથી અને જેનુ વુઝૂ સહીહ નથી તેની નમાઝ સહીહ

નથી. *(સુનને કુબરા લિલ્બયહકી, ૩/૫૧૧, કન્ઝુલ ઉમ્માલ, ૭/૩૨૭)*

મુસ્નદે અહમદની એક મુરસલ રિવાયત છે કે અલ્લાહ તઆલાએ ઈસ્લામમાં ચાર ચીજો ફર્ઝ કરી છે, જે શખ્સ એમાંથી ત્રણને પૂરી કરે છે પણ એકને છોડી દે છે તેને અઝાબથી કોઈ ચીજ બચાવશે નહીં એટલે સુધી કે તે ચારેવ પર અમલ કરે : નમાઝ, ઝકાત, રોઝા અને હજ્જ. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૨૨૬, કન્ઝુલ ઉમ્માલ, ૧/૩૦)*

અસ્બહાનીની રિવાયત છે કે જેણે જાણીબુઝીને નમાઝ છોડી તેના અમલોને અલ્લાહ તઆલા બર્બાદ કરી નાખે છે અને તેને પોતાની જિમ્મેદારીમાંથી કાઢી નાખે છે ત્યાં સુધી કે તે અલ્લાહની બારગાહમાં તૌબા કરે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૭/૫૭૨)*

તિબ્રાનીની રિવાયત છે કે જેણે નમાઝ છોડી દીધી તેણે ખુલ્લમ ખુલ્લા કુફ્ર કર્યુ. *(કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૮૦)*

મુસ્નદે અહમદમાં રિવાયત છે કે જાણીબુઝીને નમાઝ ન છોડો, કેમ કે જેણે જાણીબુઝીને નમાઝ છોડી દીધી તેનાથી અલ્લાહ તથા રસૂલની જિમ્મેદારી ખત્મ થઈ ગઈ. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૩૧૬, અલ મોઅજમુલ કબીર લિત્તબરાની, ૨૦/૮૨, અત્તરગીબ વત્તરહીબ, ૧/૨૧૬)*

ઈબ્ને અબી શયબા અને તારીખુલ્ બુખારીમાં હઝરત અલી رضی اللہ عنہ પર મૌકૂફ રિવાયત છે કે જેણે નમાઝ ન પઢી તે કાફિર છે. *(સુનને કુબરા લિલ્બયહકી, ૩/૧૧, અત્તરગીબ વત્તરહીબ, ૧/૨૧૭, અલ્કબાઈર, પેજ : ૨૦)*

મુહમ્મદ ઈબ્ને નસર અને ઈબ્ને અબ્દુલ્બર رضی اللہ عنہم પોતાની મુસ્નદોમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہથી મૌકૂફ રિવાયત કરે છે કે જેણે નમાઝ છોડી દીધી તેણે કુફ્ર કર્યુ. *(અત્તરબગીબ વત્તરહીબ, ૧/૨૧૭)*

ઈબ્ને નસ્ર رحمۃ اللہ علیہએ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી મૌકૂફ રિવાયત કરી છે કે જેણે નમાઝ છોડી દીધી તેનો દીન નથી. *(કન્ઝુલ ઉમ્માલ, ૮/૪, અત્તરગીબ વત્તરહીબ, ૧/૨૧૭)*

ઈબ્ને અબ્દુલબરએ હઝરત જાબિર رضی اللہ عنہ સુધી રિવાયત કરી છે કે જેણે નમાઝ ન પઢી તે કાફિર છે. *(અત્તરગીબ વત્તરહીબ, ૧/૨૧૭, અલ કબાઈર, ૨૦)*

એક અન્ય રિવાયતમાં જે અબૂ દરદા رضی اللہ عنہ સુધી મૌકૂફ છે કે, જે નમાઝ અદા નથી કરતો તેનું ઈમાન નથી અને જેનું વુઝૂ નથી તેની નમાઝ નથી. *(અલ્મોઅજમુસ્સગીર લિત્તબરાની, ૧/૬૧, કન્ઝુલ ઉમ્માલ, ૮/૧૧)*

ઈબ્ને અબી શયબાની રિવાયત છે, હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જેણે નમાઝ છોડી દીધી તેણે કુફ્ર કર્યું. *(અત્તરગીબ વત્તરહીબ, ૧/૨૧૫)*

મુહમ્મદ ઈબ્ને નસ્ર رضی اللہ عنہથી રિવાયત છે કે, મેં ઈસ્હાકથી સાંભળ્યું, તે કહેતા હતા કે હુઝૂર صلی اللہ علیہ وسلمથી આ હદીષ સહીહ સાબિત છે કે આપે ફર્માવ્યું, નમાઝને ત્યજનાર કાફિર છે. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૯/૧૯૧)*

હુઝૂર صلی اللہ علیہ وسلمના મુકદસ જમાનાથી લઈને આજ સુધી તમામ ઉલમાની એ રાય રહી છે કે નમાઝને ત્યજનાર જે કોઈ શરઈ ઉઝ્ર (મજબૂરી) વિના નમાઝ નથી પઢતો ત્યાં સુધી કે નમાઝનો સમય નીકળી જાય છે તો તે કાફિર છે. *(અત્તરગીબ વત્તરહીબ, ૧/૨૧૭)*

જનાબ ઐયૂબ رضی اللہ عنہ ફર્માવે છે કે નમાઝને ત્યજવું કુફ્ર છે જેમાં કોઈને મતભેદ નથી. ફર્માને ઈલાહી છે :–

**فَخَلَفَ مِنْ م بَعْدِهِمْ خَلْفٌ اَضَاعُوا الصَّلٰوةَ وَاتَّبَعُوا الشَّهَوٰتِ فَسَوْفَ يَلْقَوْنَ غَيًّا اِلَّامَنْ تَابَ ۔**

**તર્જુમો** : "પછી તેમના પછી બુરા લોકો જાનશીન બન્યા જેમણે નમાઝને ખોઈ નાખી અને નફ્સની ઈચ્છાઓને અનુસર્યા, તો નજીકમાં જ તેઓ ગય્યમાં જશે, પણ જેણે તૌબા કરી (તે મેહફૂઝ રહેશે.) *(પારા : ૧૬, સૂ. મરયમ, આ. : ૫૯)*

હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ફર્માવે છે કે ખોઈ નાખવાનો મતલબ એ નથી કે તદ્દન નમાઝ પઢતા જ નથી બલ્કે તેને લેટ કરીને પઢે છે. *(અત્તરગીબ વત્તરહીબ, ૧/૨૧૭)*

## ★ નમાઝને ખોવાનો (વેડફવાનો) મતલબ શું ? ★

ઈમામુત્તાબઈન હઝરત સઈદ ઈબ્ને મુસૈયિબ رضی اللہ عنہ ફર્માવે છે કે આ આયતમાં ઝિયાઅ (ખોવું, વેડફવું)થી એ ભાવાર્થ છે કે ઝહોરની અસરના

વખતે, અસરની મગરિબના વખતે અને મગરિબની ઈશાના વખતે અને ઈશાની ફજરના વખતે અને ફજરની સૂરજ ઉગવાની તૈયારીમાં પઢવામાં આવે. જે શખ્સ આ પ્રમાણે નમાઝો પઢતો હોય અને તૌબા કર્યા વિના મરી જાય તો અલ્લાહ તઆલાએ તેના માટે "ગય્ય"નો વાયદો ફર્માવ્યો છે જે જહન્નમની એક ઊંડી અને અઝાબથી ભરપુર વાદી છે.

ફર્માને ઈલાહી છે :–

**يَآاَيُّهَا الَّـذِيْـنَ امَنُوْ الاتُلْهِكُمْ اَمْوَالُكُمْ وَلَااَوْلَادُكُمْ عَنْ ذِكْرِاللّٰهِ وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ فَاُولٰٓئِكَ هُمُ الْخٰسِرُوْنَ۔**

**તર્જુમો** : "હે ઈમાનવાળાઓ ! તમને તમારા માલ અને તમારી ઔલાદ અલ્લાહના ઝિક્રથી ગાફિલ ન કરે, અને જેણે એવું કર્યું તો તે લોકો નુકસાન પામનારા છે." *(સૂ. મુનાફિકૂન, આ. : ૯, પા : ૨૮)*

મુફસ્સિરોની એક જમાઅતનો કૌલ છે કે, અહીં ઝિક્રથી મુરાદ નમાઝો છે, જેથી જે શખ્સ નમાઝના સમયે પોતાના માલના કારણે જેમ કે પોતાના ખરીદ વેચાણ વગેરેમાં વ્યસ્ત રહીને. નમાઝથી ગાફેલ થઈ ગયો અથવા પોતાની ઔલાદમાં મશગૂલ થઈને ભૂલી ગયો તો તે નુકસાન પામનારાઓમાંથી છે, એટલા માટે હુઝૂર ﷺનું ફર્માન છે કે કિયામતના દિવસે ઈન્સાનના સર્વ અમલોથી પહેલાં નમાઝનો હિસાબ કિતાબ થશે, જો તેની નમાઝો સંપૂર્ણ થઈ તો ભલાઈ તથા કામરાની (કામયાબી) પામશે અને જો તેની નમાઝો ઓછી નીકળશે તો તે નુકસાનમાં રહેશે. *(સુનને નિસાઈ ૧/૮૧, સુનને તિર્મિઝી, ૨/૯૪, મફાતિહુલ જિનાન શરહે શરઅતુલ ઈસ્લામ, પેજ : ૧૨૯, કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૮૦)*

અને ફર્માને ઈલાહી છે : **فَوَيْلٌ لِّلْمُصَلِّيْنَ الَّذِيْنَ هُمْ عَنْ صَلوٰتِهِمْ سَاهُوْنَ**

**તર્જુમો** : "તો 'વેલ' છે તે નમાઝીઓના માટે જેઓ પોતાની નમાઝોથી બેખબર છે." *(પારા : ૩૦, સૂ. માઊન, આ. : ૪–૫)*

હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ તે લોકો છે જેઓ નમાઝોને તેઓના સમયોને લેટ કરીને પઢે છે. *(અત્તરગીબ વત્તરહીબ, ૧/૨૧૮)*

મુસ્નદે અહમદની સહીહ સનદ સાથે તિબ્રાની તથા સહીહ ઈબ્ને

હબ્બાનની રિવાયત છે કે હુઝૂર ﷺએ એક દિવસ નમાઝની ચર્ચા કરી અને ફર્માવ્યું, જેણે એ નમાઝોને પાબંદીથી અદા કરી, તે નમાઝ એ શખ્સના કિયામતના દિવસે તેના માટે નૂર, હુજ્જત અને નજાત બનશે અને જેણે નમાઝોને અદા ન કરી તેના માટે કિયામતના દિવસે નમાઝ નૂર, હુજ્જત અને નજાત બનશે નહીં અને કિયામતના દિવસે કારૂન, ફિરઔન, હામાન અને ઉબય ઈબ્ને ખલફની સાથે હશે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૩૫૭, સહીહ ઈબ્ને હબ્બાન, ૩/૧૪–૨૧, મિશ્કાતુલ મસાબીહ, પેજ : ૫૮)*

કેટલાક ઉલમાનુ કહેવું છે કે, તે લોકોની સાથે નમાઝને ત્યજનારને એટલા માટે ઉઠાવવામાં આવશે કે જો તેણે પોતાના માલ તથા સામાનમાં મશગૂલિયતના કારણે નમાઝ નથી પઢી તો તે કારૂનની જેમ થઈ ગયો અને તેને તેની સાથે ઉઠાડવામાં આવશે. જો મુલ્ક (રાજ્ય સત્તા)ની વ્યસ્તતાને કારણે નમાઝ નથી પઢી તો ફિરઔનની જેમ છે અને તેની સાથે ઉઠાડવામાં આવેશે. અને જો વઝીરપણા (પ્રધાનપણા)ની વ્યસ્તતા નમાઝને આડે આવી તો હામાનની જેમ છે અને તેની સાથે ઉઠશે. જો વેપારના કારણે નમાઝો નથી પઢી તો તે ઉબય ઈબ્ને ખલફ મક્કાના વેપારીની જેમ છે અને તેની સાથે ઉઠાડવામાં આવશે.

બઝ્ઝાઝે હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે મેં હુઝૂર ﷺને આ આયતનો અર્થ પૂછયો, "જે લોકો પોતાની નમાઝોથી બેખબર છે....." *(પારા : ૩૦, સૂ. માઊન, આ. : ૫)* તો આપે ફર્માવ્યું, આ તે લોકો છે જેઓ નમાઝોને તેના સમયથી લેટ કરીને પઢે છે. *(અત્તરગીબ વત્તરહીબ, ૧/૨૧૮)* અબૂ યઅ્લાએ હસન સનદ સાથે મુસ્અબ ઈબ્ને સઅદ (رضی اللہ عنہ)નો કૌલ પોતાની મુસ્નદમાં નકલ કર્યો છે. મુસ્અબ رضی اللہ عنہ ફર્માવે છે, મેં મારા વાલિદ (પિતા)ને અર્ઝ કરી કે, અબ્બાજાન ! આપે અલ્લાહ તઆલાના આ ફર્માન પર વિચાર કર્યો છે ? "જે લોકો પોતાની નમાઝોથી બેખબર છે." *(અત્તરગીબ વત્તરહીબ, ૧/૨૧૮)* આપણામાંથી કોણ છે જે નથી ભૂલતો અને તેના ખયાલો વેરવિખેર નથી થતા ? તેમણે જવાબ આપ્યો કે એનો મતલબ એ નથી બલ્કે એનો મતલબ એ છે કે "નમાઝોનો સમય ગુમાવી દેવું" છે. *(અત્તરગીબ વત્તરહીબ, ૧/૨૧૮)*

"વેલ"નો મતલબ સખત અઝાબ છે. એક કથન એ પણ છે કે વૈલ જહન્નમની એક વાદીનુ નામ છે. જો તેમાં દુનિયાના પહાડો નાખવામાં આવે તો પણ તેની સખત ગરમીના કારણે પીગળી જાય અને એ વાદી તે લોકોનું રહેઠાણ છે જેઓ નમાઝોમાં સુસ્તી કરે છે અને તેને તેના સમયોથી લેટ કરીને પઢે છે. હા ! જો તેઓ અલ્લાહ તઆલા તરફ વળે અને તૌબા કરી લે અને પાછલા અમલ (કૃત્યો) પર પસ્તાવો કરે તો અલગ વાત છે.

## ★ નમાઝ કઝા કરવા પર ચેતવણીઓ ★

સહીહ ઈબ્ને હબ્બાનની રિવાયત છે કે જેની નમાઝ કઝા થઈ ગઈ તો જાણે કે તેનો માલ તથા કુટુંબ તબાહ થઈ ગયું. *(સહીહ મુસ્લિમ, ૧/૨૨૬, સુનને ઈબ્ને માજહ, પેજ : ૨૫૦, સહીહ ઈબ્ને હબ્બાન, ૩/૨૧)*

હાકિમની રિવાયત છે કે જેણે કોઈપણ શરઈ ઉઝ્ર (મજબૂરી) વિના બે નમાઝોને ભેગી કરી તો તે કબીરા ગુનાહોના દરવાજામાં દાખલ થઈ ગયો. *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૪૧૦)*

સિહાહ સિત્તાહની રિવાયત છે કે જેની અસરની નમાઝ કઝા થઈ ગઈ તો જાણે તેનાં બીવી બચ્ચાં તથા સંપત્તિ તબાહ થઈ ગયાં. *(સહીહ મુસ્લિમ, ૧/૨૨૬, સહીહ ઈબ્ને હબ્બાન, ૩/૨૨, કન્ઝુલ ઉમ્માલ, ૭/૩૮૦)*

ઈબ્ને ખુઝૈમહ્ رحمۃ اللہ علیہએ પોતાની સહીહમાં આ શબ્દોમાં ઉમેરો કર્યો છે કે ઈમામ માલિકનો કૌલ છે કે, એનાથી મતલબ સમયનું વહી જવું છે.

નિસાઈની રિવાયત છે કે નમાઝોમાં એક નમાઝ એવી છે કે જેની તે નમાઝ કઝા થઈ ગઈ તો જાણે બીવી બચ્ચાં અને માલ સંપત્તિ સૌ તબાહ થઈ ગયાં, અને તે અસરની નમાઝ છે. *(સુનને નિસાઈ, ૧/૮૩, કન્ઝુલ ઉમ્માલ, ૭/૩૮૦)*

મુસ્લિમ અને નિસાઈની રિવાયત છે કે આ અસરની નમાઝ તમારાથી પહેલાં લોકો પર પેશ કરવામાં આવી પરંતુ તેમણે તેને ખોઈ નાખી, તો તમારામાંથી જે શખ્સ તેને પાબંદી સાથે પઢે છે તેને બમણો સવાબ મળે છે અને તે નમાઝ પઢી તારા દેખાતા સુધી કોઈ નમાઝ નથી. (મગરિબનો જ્યારે પ્રારંભિક સમય આવે છે તો અમુક સિતારા ચમકવા લાગે છે.) *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૭/૫૪૪, સુનને નિસાઈ, ૧/૯૦, કન્ઝુલ ઉમ્માલ, ૭/૩૮૦)*

અહમદ, બુખારી અને નિસાઈમાં રિવાયત છે કે જેણે અસરની નમાઝ છોડી દીધી તેનો અમલ બર્બાદ થઈ ગયો. *(સહીહ બુખારી, ૧/૭૮, સુનને નિસાઈ, ૧/૮૩, મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૪૯૬, સુનનુન કુબરા લિલ્બયહક઼ી,૧/૬૫૨, અત્તરગીબ વત્તરહીબ, ૧/૧૮૩, કન્ઝુલ ઉમ્માલ, ૭/૩૮૧)*

મુસ્નદે અહમદ અને ઈબ્ને અબી શયબાની રિવાયત છે કે જેણે અસરની નમાઝ છોડી દીધી, જાણી જોઈને બેસી રહ્યો ત્યાં સુધી કે નમાઝ કઝા થઈ ગઈ તો બેશક ! તેનો અમલ તબાહ થઈ ગયો. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૭/૫૯૫, કન્ઝુલ ઉમ્માલ, ૭/૩૮૩)*

ઈબ્ને અબી શયબાની મુરસલ રિવાયત છે કે જેણે અસરની નમાઝ છોડી દીધી ત્યાં સુધી સૂર્ય આથમી ગયો અને તેના માટે કોઈ બહાનું પણ (શરઈ મજબૂરી પણ) ન હતું તો જાણે કે તેનો અમલ બર્બાદ થઈ ગયો. *(કન્ઝુલ ઉમ્માલ, ૭/૩૮૩)*

અબ્દુર્રઝ્ઝાકની રિવાયત છે કે તમારામાંથી કોઈ એકનું બીવી બચ્ચાંઓની માલ સંપત્તિથી વંચિત થઈ જવું અસરની નમાઝ કઝા થઈ જવાથી બેહતર છે. *(મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક઼, ૧/૪૨૮)*

તિબ્રાની અને અહમદની રિવાયત છે કે જેણે જાણી બુઝીને અસરની નમાઝ છોડી દીધી ત્યાં સુધી કે સૂરજ આથમી ગયો તો જાણે કે તેનાં બીવી બચ્ચાં અને માલ બર્બાદ થઈ ગયો. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૭/૧૯૪, કન્ઝુલ ઉમ્માલ, ૭/૩૮૩)*

શાફઈ અને બયહકીની રિવાયત છે કે જેની એક નમાઝ જતી રહી, જાણે કે તેનું કુટુંબ અને સંપત્તિ તબાહ થઈ ગઈ. *(સહીહ બુખારી, ૧/૭૮, સહીહ મુસ્લિમ, ૧/૨૨૬, સુનને દારમી, ૧/૧૯૬, કન્ઝુલ ઉમ્માલ, ૭/૩૨૫, અસ્સુનનુલ કુબરા લિલ્બયહક઼ી, ૧/૬૫૩, અત્તરગીબ વત્તરહીબ, ૧/૧૮૩)*

બુખારીમાં હઝરત સુમરહ્ ઈબ્ને જુન્દુબ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم મોટા ભાગે પોતાના સહાબાએ કિરામને ફર્માવ્યા કરતા હતા કે તમારામાંથી કોઈએ ખ્વાબ જોયો હોય તો વર્ણન કરો. લોકો પોતાના ખ્વાબ આપને સંભળાવ્યા કરતા. એક સવારે હુઝૂર صلی اللہ علیہ وسلم એ અમને જણાવ્યું કે મારી પાસે બે આવનારા આવ્યા અને તેમણે મને જગાડીને કહ્યું કે અમારી

સાથે ચાલો ! હું તેમની સાથે ચાલી નીકળ્યો, એટલે સુધી કે અમે એવા માણસને જોયો જે આડો પડેલો હતો અને બીજો ભારે પથ્થર લઈને ઉભેલો હતો. જ્યારે તે ભારે પથ્થર એના માથા પર મારતો તો તે સૂવાવાળાનું માથુ કુચ્ચો થઈ જતું. પછી તે પથ્થર ઉઠાવી લાવે છે અને એટલીવારમાં તે માણસનું માથુ પહેલાં જેમ ઠીક થઈ જાય છે. તે ફરીથી પથ્થર મારે છે અને એની પહેલાં જેવી હાલત થઈ જાય છે, મેં તે બંનેવ જણને કહ્યું કે, સુબ્હાનલ્લાહ ! આ શું છે ? તેમણે મને કહ્યું, હજી આગળ ચાલો ! પછી અમે એક એવા માણસની પાસે પહોંચ્યા જે પીઠના બળે સૂતેલો હતો અને બીજો હાથમાં લોઢાની સાણસો લઈને ઊભો હતો અને સૂતેલાના ચહેરાની એક બાજુ સાણસી વડે તેના હોઠના ખૂણા પકડીને બોચી તરફ ખેંચે છે અને તેનાં નસકોરાં અને આંખોની સાથે પણ એ જ પ્રમાણે વર્તાવ કરે છે અને તેનાં આ શરીરનાં અંગો બોચી તરફ વળી જાય છે. પછી તે ચેહરાની બીજી બાજુથી આવે છે અને તેની સાથે આ જ પ્રમાણે વર્તાવ કરે છે જે પહેલાં કરી ચૂક્યો છે.

જ્યારે તે બીજી તરફથી આવે છે તો પ્રથમ બાજુ ચહેરો બરાબર થઈ જાય છે. પછી તે પાછો આવે છે અને પહેલી બાજુથી તેના ચહેરા પર એ જ પ્રમાણે ઈજા આપે છે. મેં કહ્યું, સુબ્હાનલ્લાહ ! આ શું છે ? તેમણે કહ્યું, હજી આગળ ચાલો ! આગળ ચાલો ! અમે ચાલી નીકળ્યા અને ભટ્ટી જેવી એક ચીજ જોઈ. રાવી કહે છે કે મને એવું યાદ આવે છે કે શાયદ હુઝૂર ﷺએ એવું ફર્માવ્યું, એમાંથી વિવિધ ભળતા અવાજો અને શોર ઉઠી રહ્યો હતો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, અમે જોયું તેમાં નગ્ન પુરૂષો તથા સ્ત્રીઓ હતી. અચાનક તેમની નીચેથી આગનો ભડકો નીકળ્યો. જેવો તે ભડકો નીકળ તો તેઓ સખત ગભરાહટના આલમમાં આહો ચીચીયારીઓ શરૂ કરી દેતા. મેં પૂછયું, આ કોણ છે ? તેમણે મને કહ્યું, હજી આગળ ચાલો ! આગળ ચાલો ! અને પછી રવાના થઈ ગયા અને એક એવી નહેર પર પહોંચ્યા જે હું સમજુ છું કે લોહીની જેમ લાલ હતી તેમાં એક માણસ તરી રહ્યો છે અને નહેરના કિનારા પર એક માણસ ઘણા પથ્થરો લઈને ઊભો છે. તે તેને પથ્થરો મારે છે, અને તે તરવા લાગે છે. જ્યારે પણ તે એની નજીક આવે છે

તો તે તેને પથ્થર મારે છે. મેં તેમને પૂછયું, આ કોણ છે ? તેમણે કહ્યું, હજી આગળ ચાલો ! આગળ ચાલો ! તો અમે ચાલ્યા અને એક એવા બદ્સૂરત માણસની પાસે પહોંચ્યા કે તમે એના જેવો કદરૂપો જોયો નહીં હોય ! તે આગ ભડકાવે છે અને પછી તેની આસપાસ દોડવા લાગે છે. મેં તેમને પૂછયું કે આ શું છે ? તેમણે કહ્યું, ચાલો ! હજી ચાલો ! અમે ફરી ચાલી નીકળ્યા અને એવા બાગની નજીક પહોંચ્યા જેમાં લાંબા વિસ્તાર સુધી લીલોતરી અને દરેક પ્રકારના છોડવા, ફૂલ વગેરે લાગેલાં હતાં અને બાગની પાછળ એક મજબૂત બાંધાનો (કદાવર) માણસ છે જેનું માથુ આસમાનને અડી રહ્યું છે અને તેની ચારેવ બાજુ નાનાં નાનાં બાળકો એકત્ર થયેલાં છે. મેં પૂછયું, આ શું છે ? અને આ બધા કોણ છે ? આ બંને ફરિશ્તાઓએ મને કહ્યું, હજી આગળ ચાલો ! આગળ ચાલો ! પછી અમે એક મહાન ઝાડ જોયું, મેં આજ સુધી એના જેવુ વિશાળ અને હસીન ઝાડ જોયું નથી. તેમણે મને કહ્યું કે એના પર ચઢો ! જેથી એના પર ચઢીને એક એવા શહેરમાં પહોંચ્યા જે સોના ચાંદીની ઊંટો વડે બનેલું હતું. અમે દરવાજો ખોલવા માટે કહ્યું તો અમારા માટે દરવાજો ખોલી દેવામાં આવ્યો. ત્યાં અમને કેટલાક અતિ હસીનો જમીલ અને કેટલાક અતિ બદ્સૂરત માણસો મળ્યા. તે બે ફરિશ્તાઓએ તે માણસોને કહ્યું કે તમે જાવ ! અને આ નહેરમાં ઘુસી જાવ ! આપે ફર્માવ્યું, ત્યારે મેં જોયું, એક સફેદ બુર્રાક નહેર વહી રહી છે. તેઓ નહેરની તરફ ચાલી પડયા, જયારે પાછા આવ્યા તો અમે જોયું તેમની બદ્સૂરતી દૂર થઈ ગઈ હતી અને તેઓ ખૂબ જ ખૂબસૂરત બની ગયા હતા.

મને તે બંને ફરિશ્તાઓએ કહ્યું કે આ જન્નતે અદન છે અને આ આપની મંઝિલ છે. આપે ફર્માવ્યું, પછી મેં નિગાહ ઉઠાવીને ઉપર જોયું તો મને સફેદ વાદળની જેમ એક મહેલ નજર આવ્યો. તેમણે કહ્યું, આ તમારું ઘર છે. મેં તેમને કહ્યું, અલ્લાહ તઆલા તમોને બરકતોથી નવાઝે, મને ઈજાઝત આપો જેથી હું તેમાં પ્રવેશું ! તેમણે કહ્યું, હમણાં નહીં, પરંતુ જશો તમે જ !

પછી મેં તેમને કહ્યું, આજે રાત્રે મેં ઘણી અજાયબીઓ જોઈ છે, આ જે કાંઈ મેં જોયું છે તે શું છે ? તેમણે કહ્યું કે અમે હમણા તમને જણાવીએ છીએ. પ્રથમ જે માણસને તમે જોયો કે તેનુ માથુ પથ્થરો વડે કચુંડવામાં

આવી રહ્યું છે તે એવો શખ્સ છે જે કુર્આન મજીદ પઢીને એના પર અમલ નથી કરતો અને ફર્ઝ નમાઝોના સમયે સૂઈ જાય છે અને તેને અદા નથી કરતો. તે માણસ જેના હોઠના ખૂણા, નસકોરાં અને આંખો સાણસા વડે બોચીની તરફ વાળવામાં આવી રહી છે તે એવો માણસ છે જે જૂઠ ઘડે છે અને જૂઠી વાતો ફેલાવે છે. અને આપે ભટ્ટી જેવી ઈમારતમાં જે નગ્ન પુરૂષો તથા સ્ત્રીઓ જોઈ છે તે ઝાની (વ્યભિચારી) પુરૂષ તથા વ્યભિચારીણી સ્ત્રીઓ છે. અને જે માણસને તમે લોહીની નહેરોમાં તરતો અને પથ્થર ખાતો જોયો છે તે વ્યાજખોર છે. અને જે માણસને તમે આગ ભડકાવતાં અને તેની આસપાસ દોડતાં જોયો છે તે "માલિક" છે જે જહન્નમનો દરવાન છે. આપે જે લાંબા માણસને બાગમાં જોયો છે તે હઝરત ઈબ્રાહીમ علیہ السلام છે અને તેમની આસપાસ જે બાળકો હતાં તેઓ એવાં બાળકો છે જેઓ બચપણમાં જ દીને ફિતરત પર મૃત્યુ પામ્યાં છે.

કેટલાક મુસલમાનોએ પૂછયું, યા રસૂલુલ્લાહ ! મુશ્રિકોના નાનાં નાનાં મૃત્યુ પામનારાં બાળકો પણ ત્યાં હશે ? આપે ફર્માવ્યું, હા !

અને જે જમાઅતના લોકોના એક પાસાને ખૂબસૂરત અને બીજા પાસાને બદ્સૂરત જોયું છે, એ તે લોકો છે જેઓ પોતાના આમાલમાં નેકીઓ બુરાઈઓ બંને સાથે લાવ્યા છે, અને અલ્લાહ તઆલા તેમની ગલતીઓને દરગુઝર ફર્માવે છે.

બઝ્ઝાઝની રિવાયતમાં એ પ્રમાણે છે કે, પછી હુઝૂર صلی اللہ علیہ وسلم એવી કૌમ પાસે તશરીફ લાવ્યા જેમનાં માથાં પથ્થરો વડે ફોડવામાં આવી રહ્યાં હતાં, જ્યારે તે છુંદો થઈ જતાં તો ફરી અસલી હાલતમાં આવી જતાં અને એ જ અઝાબ તેમને સતત આપવામાં આવી રહ્યો છે. આપે પૂછયું, જિબ્રઈલ ! એ કોણ લોકો છે ? જિબ્રઈલે કહ્યું, આ તે લોકો છે જેમનાં માથાં નમાઝ પઢવાથી ભારે થઈ જાય છે, એટલે કે તેઓ નમાઝ નથી પઢતા. *(સહીહ બુખારી, ૨/૧૦૪૩, અત્તરગીબ વત્તરહીબ, ૧/૨૧૮)*

## ★ મર્દે મો'મિનનની નમાઝ ★

ખતીબ અને ઈબ્ને નજારની રિવાયત છે કે નમાઝ ઈસ્લામની અલામત (નિશાની) છે, જેનું દિલ નમાઝની પ્રતિ ધ્યાનિત રહ્યું અને તેણે

તમામ શરતોની સાથે સહીહ (ઠીક) સમયે સહીહ તરીકાથી નમાઝ પઢી તે મો'મિન છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૭૯, હદીષ, ૧૮૮૭૦)*

ઈબ્ને માજહ્‌ની રિવાયત છે, હુઝૂર ﷺએ ફર્માવ્યું કે રબ્બે ઝુલ જલાલનો ઈર્શાદ છે, મેં આપની ઉમ્મત પર પાંચ નમાઝો ફર્ઝ કરી છે અને મેં મારા માટે વાયદો કરી લીધો છે કે જે શખ્સ એ નમાઝોને તેના સમયોમાં અદા કરશે તેને જન્નતમાં દાખલ કરીશ અને જે એની પાબંદી નહીં કરે તે શખ્સના માટે મારો કોઈ વાયદો નથી. *(કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૭૯)*

અહમદ અને હાકિમની રિવાયત છે કે જે માણસે એ જાણી લીધું કે નમાઝ તેના પર વાજિબ છે અને જરૂરી છે અને તેણે તેને અદા કરી તે જન્નતમાં જશે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૭/૯૭, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૧૪૪, અત્તરગીબ વત્તરહીબ, ૧/૧૫૧)*

તિર્મિઝી, નિસાઈ અને ઈબ્ને માજહ્‌ની હદીષ છે કે કિયામતમાં સૌથી પહેલો અમલ જેના વિશે બંદાની પકડ (પૂછતાછ) થશે તે નમાઝ છે, જો નમાઝો સહીહ નીકળી તો તે કામયાબ તથા સફળ થયો અને જો નમાઝોમાં નુકસાન નીકળ્યું તો તે નુકસાનમાં પડયો. જો તેના ફર્ઝો ઓછા થઈ જશે તો અલ્લાહ તઆલા ફર્માવશે, જુઓ ! મારા બંદાની નફ્લ ઈબાદતો છે ? અને નફ્લો વડે તેના ફર્ઝોને પૂરા કરવામાં આવશે. વળી સર્વ અમલોનો આધાર નમાઝના મામલામાં કામયાબી તથા નાકામી પર હશે. *(સુનને તિર્મિઝી, ૧/૯૪, સુનને નિસાઈ, ૧/૮૧, કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૭૮)*

નિસાઈની હદીષમાં છે કે કિયામતના દિવસે સૌ પ્રથમ માણસને નમાઝના વિશે પ્રશ્નો કરવામાં આવશે અને સૌ પ્રથમ લોકોમાં ખૂનનો ફેંસલો કરવામાં આવશે. *(અસ્સનનુલ કુબરા લિલ્બયહકી, ૮/૩૯, મુસ્નદે અહમદ બિન હંબલ, ૭/૫૨૧, સુનને દારમી, ૧/૨૨૯, કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૭૮)*

અહમદ, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ અને હાકિમમાં આ હદીષ છે કે કિયામતમાં સૌ પ્રથમ માણસની નમાઝની પૂછતાછ થશે, જો તે પૂરી ઉતરશે તો તેને સંપૂર્ણ લખી દેવામાં આવશે અને જો ઓછી નીકળી તો અલ્લાહ તઆલા ફરિશ્તાઓને ફર્માવશે, જુઓ ! મારા બંદાની નફ્લ ઈબાદતો છે ? અને તેનાથી ફર્ઝને મુકમ્મલ કરવામાં આવશે. પછી ઝકાતનો

હિસાબ કિતાબ થશે, અને આ રીતે પછી સર્વ અમલોનું થશે. *(સુનને નિસાઈ, ૧/૮૨, અસ્સુનનુલ કુબરા લિલ્બયહક્રી, ૨/૫૪૦, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૩૯૪, મુસ્નદે અહમદ બિન બિન હંબલ, ૩/૧૫૮, કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૮૦)*

ઈબ્ને અસાકિરની હદીષ છે કે પ્રથમ તે ચીજ જેનો કિયામતમાં બંદાને પ્રથમ સવાલ થશે, તે તેની નમાઝ જોવામાં આવશે. જો નમાઝ સહીહ થશે તો સર્વ અમલો સહીહ થઈ ગયા અને જો નમાઝમાં નુકસાન થયું તો સર્વ અમલોમાં નુકસાન જોવા મળશે. પછી અલ્લાહ તઆલા ફરિશ્તાઓને ફર્માવશે, જુઓ ! મારા બંદાની નફ્લી ઈબાદત છે ? જો નફ્લી ઈબાદત હશે તો તેનાથી ફર્ઝો પૂરા કરવામાં આવશે પછી તેના બાકી ફર્ઝોના વિશે સવાલ થશે. એ જ અલ્લાહ તઆલાની રહમત તથા બખ્શિશનો તરીકો છે. *(અલમોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૦/૧૯૧, કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૭૮)*

તિબ્રાનીની હદીષ છે કે કિયામતમાં સૌ પ્રથમ માણસની નમાઝોનો સવાલ થશે, જો તેની નમાઝો બરાબર થઈ તો સર્વ અમલો બરાબર થશે અને તે નજાત પામી ગયો. જો તેની નમાઝ સહીહ ન થઈ તો નિષ્ફળ તથા નાકામ થયો. *(કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૮૩)*

અહમદ, અબૂ દાઊદ, હાકિમ અને નિસાઈની હદીષ છે કે કિયામતના દિવસે સૌ પ્રથમ માણસના સર્વ અમલોમાં નમાઝની પૂછતાછ થશે, અલ્લાહ તઆલા ફરિશ્તાઓને ફર્માવશે, જો કે તે સર્વ કાંઈ જાણે છે, કે મારા બંદાની નમાઝો તપાસો ! સંપૂર્ણ છે કે અપૂર્ણ ? જો સંપૂર્ણ થઈ તો સંપૂર્ણ લખી દેવામાં આવશે અને જો કાંઈ ઓછી નીકળી તો ફર્માન થશે કે શું મારા બંદાની નફ્લ ઈબાદત છે ? જો તેની નફ્લ ઈબાદત હશે તો હુકમ થશે કે એના વડે ફર્ઝોને સંપૂર્ણ કરો, પછી એ પ્રમાણે અન્ય અમલોનો હિસાબ થશે. *(અલ મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૩૯૪, હદીષ, ૯૬૫, સુનને દારમી, ૧/૨૨૯, અસ્સુનનુલ કુબરા લિલ્બયહક્રી, ૨/૫૪૦)*

તયાલસી, તિબ્રાની અને અલ્ ઝિયાઅ ફિલ્ મુખ્તારાની હદીષ છે કે, મારી પાસે રબ તઆલાનો પયગામ લઈને જિબ્રઈલે અમીન આવ્યા અને કહ્યું, રબ તઆલા ફર્માવે છે, હે મુહમ્મદ ! ﷺ મેં આપની ઉમ્મત પર પાંચ નમાઝો ફર્ઝ કરી છે, જે શખ્સ તેને સહીહ વુઝૂ સાથે સહી સમયમાં

સહીહ રુકૂઅ અને સજદાથી અદા કરશે, તે નમાઝોના સબબે મારો તેનાથી વાયદો છે કે હું તેને જન્નતમાં દાખલ કરીશ અને જેણે મારાથી એ હાલતમાં મુલાકાત કરી કે તેની કેટલીક નમાઝો ઓછી છે તો મારો તેની સાથે વાયદો નથી, ચાહું તો તેને અઝાબ આપું અને ચાહું તો તેના પર રહમ કરું. *(કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૮૧)*

બયહકીની હદીષ છે કે નમાઝ ત્રાજવુ છે, જેણે એને ભર્યું તે કામયાબ છે. *(અસ્સુનનુલ કુબરા લિલ્બયહક઼ી, ૨/૪૧૩)*

દયલમીની હદીષ છે કે નમાઝ શૈતાનનું મોઢું કાળુ કરે છે, સદકા તેની કમ્મર તોડે છે, અલ્લાહ તઆલાના ખાતર લોકો સાથે મહોબ્બત અને ઈલ્મથી મિત્રતા (લગાવ) તેને સખત હાર આપી દે છે, જયારે તમે આ અમલો કરો છો તો શૈતાન તમારાથી એટલો દૂર થઈ જાય છે કે જેટલો કે સૂરજ ઉગવાની જગા કરતાં આથમવાની જગાએથી દૂર છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૮૪)*

તિર્મિઝી, ઈબ્ને હબ્બાન અને હાકિમની રિવાયત છે કે અલ્લાહ તઆલાથી ડરો અને પાંચ નમાઝો પઢો, રમઝાન મહીનાના રોઝા રાખો, માલની ઝકાત આપો, તમારા હાકિમોની ઈતાઅત (આજ્ઞાપાલાન) કરો તો તમે તમારા રબની જન્નતને મેળવી લેશો. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૩૩૪, કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૮૫)*

અહમદ, બુખારી, મુસ્લિમ, અબૂ દાઊદ અને નિસાઈમાં હદીષ છે કે અલ્લાહ તઆલાને ત્યાં સૌથી પસંદીદા અમલ નમાઝને તેના સહીહ સમયમાં અદા કરવી છે, પછી મા બાપ સાથે સારો વર્તાવ અને પછી ખુદાના માર્ગે જેહાદ કરવો છે. *(સહીહ બુખારી, ૧/૭૬, સહીહ ઈબ્ને હબ્બાન, ૧/૨૭, કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૭૫)*

## ★ યોગ્ય સમયે નમાઝ અદા થવી અલ્લાહ તઆલાને સૌથી અધિક પ્રિય છે ★

બયહકીએ હઝરત ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمની ખિદમતમાં એક માણસે હાજર થઈને અર્ઝ કરી, મને જણાવો અલ્લાહ

તઆલાને કયો અમલ સૌથી વિશેષ પસંદ છે ? આપે ફર્માવ્યું, નમાઝને યોગ્ય સમયે અદા કરવું, અને જેણે નમાઝને છોડી દીધી તેનો દીન નથી અને નમાઝ દીનનો સ્તંભ છે. એટલા માટે જ્યારે હઝરત ઉમર رضی اللہ عنہ ને સખત ઝખ્મી કરી દેવામાં આવ્યા તો કોઈકે આપને કહ્યું, અમીરુલ્ મો'મિનીન! નમાઝ ! આપે કહ્યું, બહું સારું ! નિઃશંક ! તે શખ્સનો દીનમાં કોઈ હિસ્સો નથી જેણે નમાઝને ખોઈ નાખી અને આપે નમાઝ પઢી, જ્યારે કે આપના શરીરેથી લોહી વહી રહ્યું હતું. *(સહીહ ઈબ્ને હબ્બાન, ૩/૨૬, અલ કબાઈર, પેજ : ૨૦)*

ઝહબીની રિવાયત છે કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું, જ્યારે બંદો શરૂ સમયમાં નમાઝ પઢે છે તો તેની નમાઝ આસ્માનો તરફ જાય છે અને તે નૂરાની શક્કલમાં હોય છે એટલે સુધી કે અર્શે ઈલાહી સુધી પહોંચી જાય છે. અને નમાઝીના માટે કિયામત સુધી દુઆ કરતી રહે છે કે અલ્લાહ તારી હિફાઝત ફર્માવે જેવી રીતે કે તેં મારી હિફાઝત ફર્માવી અને જ્યારે માણસ સમય ખોઈને નમાઝ પઢે છે તો તેની નમાઝ કાળા રૂપમાં ઉપર આસમાનો તરફ ચઢે છે. જ્યારે તે આસ્માન સુધી પહોંચી જાય છે તો તેને જૂના કહોવાએલા કપડાની જેમ લપેટીને પઢનારના મોંઢા પર મારવામાં આવે છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૭/૩૬૧)*

અબૂ દાઊદની રિવાયત છે, હુઝૂર ﷺ એ ફર્માવ્યું, ત્રણ માણસો એવા છે કે અલ્લાહ તઆલા જેમની નમાઝ અને ઝિક્ર કબૂલ નથી કરતો. એમાંથી એક તે છે જે સમય વહી ગયા પછી નમાઝ પઢે છે. *(સુનનુલ કુબરા લિલ્બયહકી, ૩/૧૮૩, કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૨૩)*

કેટલાક ઉલમા કહે છે અને હદીષ શરીફમાં છે કે જે શખ્સ નમાઝની પાબંદી કરે છે તેને અલ્લાહ તઆલા પાંચ ચીજો વડે સરફરાઝ ફર્માવે છે : તેનાથી તંગદસ્તી દૂર કરી દેવામાં આવે છે, તેને કબરનો અઝાબ નહીં થાય, આમાલનામુ તેને જમણા હાથમાં આપવામાં આવશે, પુલસિરાત પર વીજળી વેગે પસાર થઈ જશે અને જન્નતમાં વિના હિસાબે દાખલ થશે.

## ★ નમાઝમાં સુસ્તી પર મુસીબતો ★

જે શખ્સ નમાઝોમાં સુસ્તી કરે છે તેને અલ્લાહ તઆલા પંદર

મુસીબતોમાં સપડાવી દે છે : પાંચ દુનિયામાં, ત્રણ મૃત્યુ વેળા, ત્રણ કબરમાં અને ત્રણ કબરેથી નીકળતી વખતે.

દુનિયાવી મુસીબતો એ છે કે તેની ઉમરમાંથી બરકત છીનવી લેવામાં આવે છે, તેના ચહેરાએથી સાલેહીનની નિશાની નષ્ટ થઈ જાય છે, તેના કોઈપણ અમલનો અલ્લાહ તઆલા અજ્ર નથી આપતો, તેની દુઆ આસમાનો તરફ બુલંદ નથી થતી, નેક લોકોની દુઆઓમાં તેનો કોઈ હિસ્સો નથી.

અને જે મુસીબતો તેને મૃત્યુવેળા વેઠવી પડે છે તે એ છે કે તે ઝલીલ થઈને મરશે, ભૂખ્યો મરશે અને તરસ્યો મરશે, જો તેને દુનિયાના તમામ સમુદ્રો પીવડાવી દેવામાં આવે તો પણ તેની તરસ બુઝાશે નહીં.

કબ્રની મુસીબતો આ પ્રમાણે છે કે તેના માટે કબર સાંકડી થશે, એટલે સુધી કે તેની પાંસળીઓ એક બીજામાં પ્રવેશી જશે, તેની કબરમાં આગ ભડકાવવામાં આવશે જેના અંગારાઓ પર તે રાત દિવસ આળોટતો રહેશે, તેની કબરમાં એક અજગર નિયુક્ત કરવામાં આવશે જેનું નામ શુજાઅ એટલે ગંજો (વાળ વિનાનો) હશે. તેની આંખો આગની હશે અને તેના નખો લોખંડના હશે જેની લંબાઈ એક દિવસના સફરના સમાન હશે, તે કડાકાવાળા વીજળી જેવા અવાજમાં મૈયતથી વાત કરશે અને કહેશે, હું ગંજો અજગર છું ! મારા રબે હુકમ આપ્યો છે કે હું તને નમાઝો વેડફવાના કારણે સવારથી સાંજ સુધી દંશ મારતો રહું, સવારની નમાઝના માટે સૂરજ નીકળતા સુધી, ઝહોરની નમાઝ ખોવાને માટે તને ઝહોરથી અસર સુધી, અસરની નમાઝ ખોવાને માટે મગરિબ સુધી, મગરિબની નમાઝ ખોવા પર ઈશા સુધી અને ઈશાની નમાઝ ખોવાને કારણે તને સવાર સુધી દંશ ભરતો રહું. અને જ્યારે તે તેને દંશ મારશે તો તે સિત્તેર હાથ જમીનમાં ધસી જશે, અને કિયામત સુધી આ પ્રમાણે તેને અઝાબ થતો રહેશે.

અને જે મુસીબતો તેને કબરોથી નીકળતી વખતે હશ્રના મેદાનમાં વેઠવી પડશે તે છે, હિસાબ કડકાઈથી લેવામાં આવશે, અલ્લાહ તેનાથી નારાજ હશે અને જહન્નમમાં ફેંકવામાં આવશે.

એક રિવાયતમાં છે કે તે કિયામતમાં એ હાલતમાં આવશે કે તેના ચહેરા પર ત્રણ લીટીઓ લખેલી હશે : પ્રથમ લીટી આ પ્રમાણે હશે, હે અલ્લાહના હક્કોને વેડફી નાખનાર ! બીજી લીટીમાં હશે, હે અલ્લાહની નારાજગી માટે ખાસ બનેલ ! અને ત્રીજી લીટીમાં હશે કે જેવી રીતે તેં અલ્લાહના હક્કો દુનિયામાં વેડફી નાખ્યા છે એ જ પ્રમાણે તું આજે અલ્લાહની રહમતથી નાઉમેદ થઈશ. આ હદીષમાં સામુહિક સંખ્યા તો ૧૫ દર્શાવી છે પણ વિગતે વર્ણન ૧૪નું છે, કદાચ રિવાયત કરનાર ૧૫મી વાત ભૂલી ગયા હોય.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہથી રિવાયત છે કે કિયામતના દિવસે એક શખ્સને અલ્લાહની બારગાહમાં ઉભો કરવામાં આવશે અને અલ્લાહ તઆલા તેને જહન્નમમાં જવાનો હુકમ આપશે. તે પૂછશે, હે અલ્લાહ ! મને શા માટે જહન્નમમાં મોકલવામાં આવી રહ્યો છે ? રબ તઆલા ફર્માવશે કે નમાઝોને તેના સમયો કરતાં મોડુ કરીને પઢવાને કારણે અને મારા નામની જૂઠી કસમો ખાવાના કારણે આ થઈ રહ્યું છે.

કેટલાક મુહદ્દિષોથી રિવાયત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ એક દિવસ સહાબાએ કિરામ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَને કહ્યું કે તમે આ પ્રમાણે દુઆ કરો, ''હે અલ્લાહ ! અમારામાંથી કોઈને બદ્‌બખ્ત તથા મેહરૂમ ન બનાવતો.'' પછી ફર્માવ્યું, જાણો છો ! બદ્‌બખ્ત, મેહરૂમ કોણ હોય છે ? કહેવામાં આવ્યું, કોણ હોય છે ? યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આપે ફર્માવ્યું, ''જે માણસ નમાઝને છોડનાર હોય છે.''

તદ્‌ઉપરાંત ફર્માવ્યું, હુઝૂર صلی اللہ علیہ وسلمથી રિવાયત છે, આપે ફર્માવ્યું કે કિયામતના દિવસે સૌ પ્રથમ નમાઝને તર્ક કરનારનાં મોઢાં કાળાં કરવામાં આવશે અને જહન્નમમાં એક વાદી છે જેને ''લમલમ'' કહેવામાં આવે છે, તેમાં સાપો રહે છે. દરેક સાપ ઊંટ જેટલો મોટો (જાડો) અને એક મહિનાની સફર જેટલો લાંબો હશે, તે બેનમાઝીને દંશ મારશે અને તેનું ઝહેર ૭૦ વરસ સુધી બેનમાઝીના શરીરમાં જોશ મારતું રહેશે પછી તેનો ગોશ્ત ખરી જશે.

### ★ જાણીબુઝીને નમાઝ છોડનાર વ્યભિચારીથી પણ બદ્તર ! ★

તેમજ એ પણ રિવાયત છે કે બની ઈસ્રાઈલની એક સ્ત્રી હઝરત

મૂસા عليه السلام ની ખિદમતમાં આવી અને અર્ઝ કરી, હે અલ્લાહના નબી ! મેં ઘણો જ મહાન ગુનોહ કર્યો છે અને તૌબા પણ કરી છે, અલ્લાહ તઆલાથી દુઆ કરો કે તે મારા ગુનાહને બખ્શી આપે અને મારી તૌબા કબૂલ ફર્માવે.

હઝરત મૂસા عليه السلام એ પૂછયું, તેં કયો ગુનોહ કર્યો છે ? તેણી કહેવા લાગી કે મેં ઝિના કર્યો અને જે બાળક પેદા થયું તેને મેં કત્લ કરી નાખ્યું ! આ સાંભળીને મૂસા عليه السلام બોલ્યા, હે બદ્‌બખ્ત ! ચાલી જા ! ક્યાંક તારી નહૂસતના કારણે આસમાનેથી આગ વરસીને અમને ન સળગાવી નાખે !

જેથી તેણી ઉદાસ વદને ત્યાંથી ચાલી નીકળી. ત્યારે જિબ્રઈલ عليه السلام નાઝિલ થયા અને કહ્યું, હે મૂસા ! عليه السلام અલ્લાહ તઆલા ફર્માવે છે કે તેં ગુનાહથી તૌબા કરવાવાળીને શા માટે પાછી મોકલી આપી ? શું તેં એનાથી પણ વિશેષ બુરો માણસ નથી જોયો ? મૂસા عليه السلام એ પૂછયું, હે જિબ્રઈલ ! એ સ્ત્રીથી અધિક બુરો કોણ છે ? જિબ્રઈલ عليه السلام બોલ્યા કે એનાથી બુરો તે છે જે જાણીબુઝીને નમાઝ છોડી આપે.

કેટલાક સાલેહીનથી રિવાયત છે કે એક માણસે પોતાની મૃત્યુ પામેલી બહેનને દફન કરી તો તેની થેલી અજાણતામાં કબરમાં પડી ગઈ. જ્યારે સૌ લોકો તેણીને દફન કરીને જતા રહ્યા તો તેને પોતાની થેલી યાદ આવી. જેથી તે માણસ લોકોના જતા રહ્યા પછી બહેનની કબરે પહોંચ્યો અને તેને ખોદી જેથી થેલી કાઢી લે. તેણે જોયું કે તેણીની કબરમાં આગના ભડકા ઉઠી રહ્યા છે, જેથી તેણે કબર પર માટી ઢાંકી દીધી અને ખૂબ જ ગમગીન હાલતમાં રડતો રડતો માંની પાસે પહોંચ્યો, અને પૂછયું, માં ! એ બતાવો કે મારી બહેન શું કરતી હતી ? માંએ પૂછયું, તુ શા માટે પૂછી રહ્યો છે ? તે બોલ્યો, મેં મારી બહેનની કબરમાં આગના શોલા ભડકતા જોયા છે ! તેની માં રડવા લાગી અને કહ્યું, તારી બહેન નમાઝમાં સુસ્તી કર્યા કરતી હતી અને નમાઝોને તેના સમયોથી મોડુ કરીને પઢયા કરતી હતી.

આ રીતે તેનો હાલ છે જે નમાઝોને તેના સમયોથી લેટ કરીને પઢયા કરતી હતી ! તો તે લોકોની શું હાલત થશે જેઓ ધડમૂળથી નમાઝ પઢતા જ નથી ?!

હે અલ્લાહ ! અમે તારાથી નમાઝોને તેના સમયોમાં અદા કરવાની પાબંદીથી નમાઝ પઢવાની તૌફીક તલબ કરીએ છીએ. બેશક ! હે રબ ! તું મહેરબાન, કરીમ, રઊફ, તથા રહીમ છે.

*(પ્રકરણ : ૫૦)*

## જહન્નમના તબકા અને તેના અઝાબો

ફર્માને ઈલાહી છે : لَهَا سَبْعَةُ اَبْوَابٍ لِكُلِّ بَابٍ مِّنْهُمْ جُزْءٌ مَّقْسُوْمٌ

**તર્જુમો :** ''એ (જહન્નમ)ના સાત દરવાજા છે અને દરેક દરવાજાનો જુઝ મુકર્રર છે.'' *(પારા : ૧૪, સૂ. હજર, આ. : ૪૪)*

અહીં ''જુઝ''થી મુરાદ ગિરોહ (ગૃપ), જમાઅત, ટોળી છે, અને દરવાજાથી મુરાદ તબકાઓ છે જે ઉપર નીચે બનેલા છે.

### ★ જહન્નમનો દરેક તબકો (વિભાગ) એક ગિરોહ માટે નિશ્ચિત છે ★

ઈબ્ને જરીહનો કૌલ છે કે જહન્નમના સાત તબકા છે :–

જહન્નમ, લઝા, હતમા, સઈર, સકર, જહીમ અને હાવિયહ્. પ્રથમ તબકો મુવહ્હિદીનના માટે, બીજો યહૂદના માટે, ત્રીજો નસારાના માટે, ચોથો સાઈબીનના માટે, પાંચમો અગ્નિપૂજકો માટે, છઠ્ઠો મુશ્રિકોના માટે અને સાતમો મુનાફિકોના માટે. જહન્નમ સૌથી ઉપલો તબકો છે અને બાકી સૌ ક્રમાનુસાર નીચલા તબકા છે.

અને આ એ અર્થમાં છે કે અલ્લાહ તઆલા ઈબ્લીસની પયરવી કરનારાઓને સાત ગિરોહોમાં વહેંચશે અને દરેક ગિરોહ અને ગૃપ જહન્નમના એક તબકામાં રહેશે. એનો સબબ એ છે કે કુફ્ર અને ગુનાહોના મર્તબા વિવિધ છે એટલા માટે જહન્નમમાં પ્રવેશવાના તેમના દરજ્જા પણ વિવિધ છે. અને એ પણ કહેવામાં આવે છે એ સાત તબકાઓને શરીરના

સાત અંગોના પ્રમાણે બનાવવામાં આવ્યા છે. અંગો આ પ્રમાણે છે : આંખ, કાન, જીભ, પેટ, શર્મગાહ અને પગ. કેમ કે આ અંગો ગુનાહોનું મર્કઝ છે એટલા માટે તેના લાગુ પડવાના દરવાજા પણ સાત છે.

હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત છે કે જહન્નમની ઉપર નીચે (એક પછી એક) સાત તબકાઓ છે, જેથી પ્રથમ પહેલો ભરવામાં આવશે પછી બીજો પછી ત્રીજો...... એ પ્રમાણે સૌ તબકા ભરવામાં આવશે.

બુખારીએ પોતાની તારીખમાં અને તિર્મિઝીએ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જહન્નમના સાત દરવાજા છે તેમાંનો એક દરવાજો તે માણસ માટે છે જેણે મારી ઉમ્મત પર તલ્વાર ખેંચી. *(સુનને તિર્મિઝી : ૨/૧૪૪, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૨૨૫)*

## ★ જહન્નમની આગની ભયાનક્તાઓ ★

તિબ્રાનીએ અવસતમાં રિવાયત કરી છે કે એકવાર હઝરત જિબ્રઈલ علیہ السلام એવા સમયે તશરીફ લાવ્યા કે એ સમયે એનાથી પહેલાં કદાપિ તશરીફ લાવ્યા ન હતા. હુઝૂર صلی اللہ علیہ وسلم ઊભા થઈ ગયા અને ફર્માવ્યું, જિબ્રઈલ! શું વાત છે ? હું તમને બદલાએલા જોઈ રહ્યો છું ? જિબ્રઈલે અર્ઝ કરી, હું એ સમયે તમારી પાસે આવ્યો છું જ્યારે કે અલ્લાહ તઆલાએ જહન્નમને ભડકાવી દેવાનો હુકમ આપ્યો છે. આપે ફર્માવ્યું, જિબ્રઈલ ! મને આગ અથવા જહન્નમના બારામાં જણાવો ! જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી કે, અલ્લાહ તઆલાએ જહન્નમને હુકમ આપ્યો અને તેમાં એક હજાર વરસ સુધી આગ ભડકાવવામાં આવી એટલે સુધી કે તે સફેદ થઈ ગઈ, પછી તેને ખુદાના હુકમથી હજાર વરસ સુધી ફરી ભડકાવવામાં આવી ત્યાં સુધી કે તે તદ્દન કાળી થઈ ગઈ. અત્યારે તે સિયાહ તથા અંધકારમય છે, ને તેમાં ચિન્ગારી રોશન થાય છે અને ન તો તેનું ભડકવું ખત્મ થાય છે અને ન તો તેના ભડકા બુઝાઈ છે. તે જાતની કસમ ! જેણે તમને સાચા નબી બનાવીને મોકલ્યા છે, જો સોયના નાકા બરાબર પણ જહન્નમને ખોલી દેવામાં આવે તો તમામ જમીનવાળાઓ વિનાશ પામે અને કસમ છે તે જાતની જેણે તમને હક્કની સાથે મોકલ્યા, જો જહન્નમના ફરિશ્તાઓમાંથી એક ફરિશ્તો

દુનિયાવાળાઓ પર જાહેર થઈ જાય તો જમીનની તમામ મખ્લૂક તેની બદ્સૂરતી અને બદબૂના કારણે હલાક થઈ જાય, અને કસમ છે તે જાતની જેણે આપને હક્કની સાથે મોકલ્યા, જો જહન્નમની જંઝીરોની એક કડી જેનો ઉલ્લેખ અલ્લાહ તઆલાએ કુર્આને કરીમમાં કર્યો છે તે દુનિયાના પહાડો પર રાખવામાં તો તે રજ રજ બની જાય અને તે કડી તહતુષ્ષિરામાં જઈને અટકે ! હુઝૂર ﷺએ એ સાંભળીને ફર્માવ્યું, બસ ! જિબ્રઈલ બસ ! આટલુ વર્ણન જ પૂરતુ છે, મારા માટે આ વાત અતિશય પરેશાન કરનારી છે.

રિવાયત કરનાર કહે છે કે ત્યારે હુઝૂર ﷺએ જિબ્રઈલને જોયા, તે રડી રહ્યા છે. આપે ફર્માવ્યું, જિબ્રઈલ ! તમે શા માટે રડો છો ? જ્યારે કે તમારો તો અલ્લાહ તઆલાને ત્યાં ઘણો મહાન મકામ છે. જિબ્રઈલે કહ્યું, હું શા માટે ન રડું ?! હું જ રડવાનો અધિક હક્કદાર છું ! શું ખબર કે ખુદાના ઈલ્મમાં મારો આ મકામ સિવાય અન્ય કોઈ મકામ હોય ?! શું ખબર ! મને ક્યાંક ઈબ્લીસની જેમ અજમાવવામાં ન આવે ?! તે પણ ફરિશ્તાઓમાં રહેતો હતો, અને શું ખબર મને હારૂત મારૂતની જેમ આજમાઈશમાં ન નાખવામાં આવે ? ત્યારે હુઝૂર ﷺ અને જિબ્રઈલ عليه السلام બંને અશ્રુમય થઈ ગયા અને એ સ્થિતિ સતત ચાલુ રહી ત્યાં સુધી કે અવાજ આવ્યો, હે જિબ્રઈલ ! હે મુહમ્મદ ! અલ્લાહ તઆલાએ તમને બંનેને પોતાની નાફર્માનીથી મેહફૂઝ કરી લીધા છે. પછી ત્યારબાદ જિબ્રઈલ عليه السلام આસ્માનોની તરફ પરવાઝ કરી ગયા.

હુઝૂર ﷺ અન્સારની એક જમાઅત પાસેથી પસાર થયા જેઓ હસી રહ્યા હતા અને ફુઝૂલ વાતોમાં વ્યસ્ત હતા. આપે ફર્માવ્યું, તમે હસો છો ! જ્યારે તમારી પાછળ જહન્નમ છે ! જેને હું જાણું છું જો તમે તે જાણત તો હસતે થોડુ અને રડતે વધારે, તમે ખાવા પીવા છોડી આપત અને પહાડોની તરફ ચાલી જાત અને અતિશય મુસીબતો વેઠીને અલ્લાહની ઈબાદત કરત.

તે વખતે અલ્લાહ તઆલા તરફથી નિદા આવી કે હે મુહમ્મદ ! ﷺ મારા બંદાઓને નિરાશ ન કરો, તમે ખુશખબરી સંભળાવનાર બનાવીને મોકલવામાં આવેલ છો, લોકોને મુસીબતોમાં નાખનાર બનાવીને નથી મોકલવામાં આવ્યા. પછી હુઝૂર ﷺએ ફર્માવ્યું કે સીધા માર્ગ પર ચાલતા

રહો અને ખુદાની રહમતથી ઉમ્મીદ રાખો. *(અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૪૮, વ અખ્રજહુત્તબરાની ફીલ્અવસત)*

અહમદની રિવાયત છે, હુઝૂર ﷺએ જિબ્રઈલથી કહ્યું, મેં કદી પણ મિકાઈલને હસતા નથી જોયા, તેનું શું કારણ છે ? જિબ્રઈલે કહ્યું કે જ્યારથી જહન્નમ પેદા કરવામાં આવી છે ત્યારથી મિકાઈલ علیہ السلام કદાપિ હસ્યા નથી. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૪/૯૭)*

મુસ્લિમ શરીફમાં રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે કિયામતના દિવસે જહન્નમને સિત્તેર હજાર લગામ આપીને લાવવામાં આવશે અને દરેક લગામની સાથે સિત્તેર હજાર ફરિશ્તા તેને ખેંચી રહ્યા હશે. *(સહીહ મુસ્લિમ, ૨/૩૮૧, સુનને તિર્મિઝી, ૨/૮૫, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૫૨૨, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૬૩૭)*

**(પ્રકરણ : ૫૧)**

## જહન્નમનો અઝાબ

અબૂ દાઊદ, નિસાઈ અને તિર્મિઝીની રિવાયત છે, જ્યારે અલ્લાહ તઆલાએ જન્નત અને જહન્નમને પેદા ફર્માવી તો જિબ્રઈલ علیہ السلامને મોકલ્યા કે જન્નત અને તેમાં જે કાંઈ છે તેને મેં જન્નતનીઓ માટે તૈયાર કરેલ છે, તેને જોઈ આવો. જિબ્રઈલ علیہ السلامએ આવીને જન્નત અને તેમાં રહેનારાઓ માટે તૈયાર કરેલ નેઅમતોને જોઈ અને બારગાહે ઈલાહીમાં જઈને અર્ઝ કરી, તારી ઈજ્જત તથા જલાલની કસમ ! જે પણ તેનો ઉલ્લેખ સાંભળશે તે તેમાં આવવાની કોશિશ કરશે. અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો અને જન્નત પર મુસીબતો લાગુ કરી દીધી. પછી અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, જાવ અને જુઓ કે મેં જન્નતમાં આવનારાઓ માટે શી વ્યવસ્થા રાખી છે ? જિબ્રઈલ જન્નતની તરફ આવ્યા તો જોયું કે તેને મુસીબતોમાં

છુપાવી દેવામાં આવી છે. જેથી હઝરત જિબ્રઈલ પાછા આવ્યા અને કહ્યું, મને તારી ઈજ્જતની કસમ ! મને ડર છે કે એમાં કોઈ આવશે નહીં. *(સુનને તિર્મિઝી, ૨/૮૩, સુનને અબૂ દાઊદ, ૨/૬૫૨, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૩૩૩, અલ્મુસ્તદરક અલસ્સહીહૈનન, ૧/૭૯, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૫૪૫, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૫૦)*

પછી અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, જાવ ! જહન્નમ અને તેમાં પહોંચનારાઓ માટે મેં જે કાંઈ તૈયાર કર્યું છે તેને જુઓ. જિબ્રઈલે જહન્નમને જોઈ, તેની એક આગ બીજી આગને કચડી રહી હતી. જિબ્રઈલ علیہ السلام પાછા આવી ગયા અને બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી, તારી ઈજ્જતની કસમ ! જે એનો ઉલ્લેખ સાંભળશે તે એમાં આવશે નહીં. અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો અને જહન્નમને વાસનાઓ વડે ઢાંકી દેવામાં આવી. રબ તઆલાએ જિબ્રઈલને હુકમ આપ્યો, હવે જાવ ! અને તેને જુઓ. જિબ્રઈલ આવ્યા અને જહન્નમને જોઈ અને પાછા જઈને બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી, તારી ઈજ્જતની કસમ ! મને ડર છે કે કોઈપણ એમાં ગુઝરવાથી બચશે નહીં !

બયહકીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہماથી રિવાયત કરી છે. તેમણે ફર્માને ઈલાહી : **اِنَّهَا تَرۡمِیۡ بِشَرَرٍ کَالۡقَصۡرِ** ''બેશક ! જહન્નમ મહેલો જેવી ચિન્ગારીઓ ફેંકે છે.'' *(પારા : ૩૦, સૂ. મુરસિલાત, આ. : ૩૨)* ની તસ્રીહ (ખુલાસા)માં ફર્માવ્યું, ''એવું નથી કહેતો કે તે ઝાડો જેટલી મોટી ચિન્ગારીઓ ફેંકે છે બલ્કે કિલ્લાઓ અને શહેરો જેટલી મોટી ચિન્ગારીઓ ફેંકે છે.'' *(સુનને તિર્મિઝી, ૨/૧૪૯, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૪૯૦, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૫૨, અલમુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૬૩૯)*

અહમદ ઈબ્ને માજહ, સહીહ ઈબ્ને હબ્બાન અને હાકિમની રિવાયત છે કે ''વેલ'' જહન્નમની એક વાદી છે, કાફિર તેમાં ૭૦ વરસ સુધી સતત પડતો જશે છતાં તેના તળિયે પહોંચી શકશે નહીં. *(કન્ઝુલ ઉમ્માલ, ૨/૧૨ અલમુસ્તદરક અલસ્સહીહૈન, ૩/૧૫૫, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૫૨)*

(બંને રિવાયતોમાં તળિયા સુધી પહોંચવાની મુદ્દતનો તફાવત છે, બંનેનો મકસદ એ છે કે તેની ઊંડાઈ ખૂબ જ અધિક છે તે વરસોમાં કાપી શકાય.)

## ★ 'જુબ્બુલ હુઝ્ન'નો અઝાબ ★

ઈબ્ને માજહ્ અને તિર્મિઝીની હદીષ છે, આપે ફર્માવ્યું કે 'જુબ્બુલ હુઝ્ન'થી અલ્લાહની પનાહ માંગો. સહાબાએ કિરામે પૂછયું, યા રસૂલલ્લાહ ! ﷺ 'જુબ્બુલ હુઝ્ન' શું છે ? આપે ફર્માવ્યું, જહન્નમની એક વાદી છે જેનાથી જહન્નમ પણ દિવસમાં ૪૦૦ વખત પનાહ માંગે છે. પૂછવામાં આવ્યું, હુઝૂર ! એમાં કોણ જશે ? આપે ફર્માવ્યું, તે રિયાકાર કારીઓ માટે તૈયાર કરવામાં આવી છે જેઓ પોતાના અમલોનું પ્રદર્શન કરે છે અને અલ્લાહ તઆલાને ત્યાં સૌથી અધિક નાપસંદ એવા કારીઓ છે જેઓ જાલિમ હાકિમો સાથે મેલેજોલ રાખે છે. *(સુનને તિર્મિઝી, અબ્વાબુઝ્ઝુહદ, ૪૮, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૫૩, કન્ઝુલ ઉમ્માલ, ૩/૪૭૯)*

તિબ્રાનીની રિવાયત છે કે જહન્નમમાં એક એવી વાદી છે કે જહન્નમ તે વાદીથી દિવસમાં ૪૦૦ વખત પનાહ માંગે છે અને એ હુઝૂર ﷺની ઉમ્મતના રિયાકારોના માટે તૈયાર કરવામાં આવી છે. *(અલમુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૬૩૯, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૫૩, કન્ઝુલ ઉમ્માલ, ૩/૪૭૯, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૨/૧૩૬)*

ઈબ્ને અબીદ્ દુન્યા رحمۃ اللہ علیہની રિવાયત છે કે જહન્નમમાં સિત્તેર હજાર વાદીઓ છે, દરેક વાદીમાં સિત્તેર હજાર ઘાટીઓ છે, દરેક ઘાટીમાં સિત્તેર હજાર દરો (કાણાંઓ) છે અને દરેક દરમાં એક એક સાપ છે જે દોઝખીઓના ચહેરાને દંશે છે. *(અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૫૪)*

બુખારીએ પોતાની તારીખમાં મુન્કરુસ્સનદ હદીષ નકલ કરી છે કે જહન્નમમાં સિત્તેર હજાર વાદીઓ છે, દરેક વાદીમાં સિત્તેર હજાર ઘાટીઓ છે, દરેક ઘાટીમાં સિત્તેર હજાર ઘર છે, દરેક ઘરમાં સિત્તેર હજાર મકાન છે, દરેક મકાનમાં સિત્તેર હજાર કૂવાઓ છે, દરેક કૂવામાં સિત્તેર હજાર અજગરો છે, દરેક અજગરની મૂંછોમાં સિત્તેર હજાર વીંછીઓ છે, કાફિર તથા મુનાફિક આ તમામનો અઝાબ પામ્યા વગર રહેશે નહીં. *(અત્તરગીબ વત્તરહીબ, ૪/૬૫૪)*

તિર્મિઝીમાં મુન્કતઉસ્સનદ રિવાયત છે કે જહન્નમના કિનારેથી મહાન

ચટ્ટાન ગબડાવવામાં આવે છે અને સિત્તેર વરસો ગુજરી જવાં છતાં પણ તે જહન્નમની ગહરાઈ (તળિયા) સુધી પહોંચી નથી શક્તી. *(સુનને તિર્મિઝી, ૨/૮૫, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૫૨૦, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૫૪)*

હઝરત ઉમર رضی اللہ عنہ ફર્માવ્યા કરતા કે જહન્નમને મોટા ભાગે યાદ કર્યા કરો, કેમ કે તેની ગરમી સખત છે, તેની ઊંડાઈ બેહદ છે અને તેમાં લોખંડના હથોડા છે. *(અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૫૫, સુનને તિર્મિઝી, ૨/૮૫)*

બઝ્ઝાઝ, અબૂ યઅલા, સહીહ ઈબ્ને હબ્બાન અને બયહકીની રિવાયત છે કે જો જહન્નમમાં પથ્થર ફેંકવામાં આવે અને તેને નીચે જતાં સિત્તેર વરસો થઈ જાય તો પણ તેના તળિયા સુધી પહોંચી શક્શે નહીં. *(કન્ઝુલ ઉમ્માલ, ૪/૫૨૪, અલમોઅજમુલ કબીર લિત્તબરાની, ૪/૧૭૫, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૫૫)*

મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે અમે હુઝૂર صلی اللہ علیہ وسلمની સાથે હતા કે એવામાં અમે ધમાકો સાંભળ્યો. હુઝૂરે ફર્માવ્યું, જાણો છો આ શું હતું ?! અમે અર્ઝ કરી, અલ્લાહ અને તેના રસૂલ صلی اللہ علیہ وسلم અધિક જાણનાર છે. આપે ફર્માવ્યું, આ પથ્થર હતો જેને અલ્લાહ તઆલાએ સિત્તેર વરસો પહેલાં જહન્નમમાં નાખ્યો હતો, અત્યારે તે તેના તળિયે પહોંચી શક્યો છે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૬૪, સહીહ મુસ્લિમ કિતાબુલ જન્નહ, હદીષ, ૩૧)*

તિબ્રાનીમાં હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે : હુઝૂર صلی اللہ علیہ وسلمએ એક ભયાનક અવાજ સાંભળ્યો. જિબ્રઈલ علیہ السلام હુઝૂર صلی اللہ علیہ وسلمની પાસે આવ્યા, તો આપે પૂછયું, જિબ્રઈલ ! આ કેવો અવાજ હતો ? જિબ્રઈલે અર્ઝ કરી, આ ચટ્ટાન હતી જેને સિત્તેર વરસો પહેલાં જહન્નમના કિનારેથી ગબડાવવામાં આવી હતી, તે અત્યારે જહન્નમના તળિયે પહોંચી છે. અલ્લાહ તઆલાએ ચાહ્યું કે તમને પણ તેનો અવાજ સંભળાવવામાં આવે. ત્યાર પછી વિસાલ સુધી કોઈએ આપને હસતા નથી જોયા. *(અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૫૫)*

અહમદ અને તિર્મિઝીની રિવાયત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ માથાની પ્રતિ ઈશારો કરીને ફર્માવ્યું કે જો એના જેટલુ સીસુ આસમાનેથી જમીન તરફ

ફેંકવામાં આવે તો જમીન તથા આસ્માનની પાંચસો વરસની મુસાફરીનું અંતર હોવા છતાં રાત થતાં આગળ આગળ એ જમીન પર આવી જાય અને જો તેને જહન્નમના કિનારેથી જહન્નમમાં ફેંકવામાં આવે તો ૪૦ વરસો પૂરા થતાં પહેલાં તેના તળિયે પહોંચી શકે નહીં. *(સુનને તિર્મિઝી, ૨/૮૬, અલ મુસ્તદરક અલસ્સહીહૈન, ૨/૪૭૬, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૪૦૪, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૫૨૦)*

અહમદ અને અબૂ યઅ્લા અને હાકિમની રિવાયત છે કે જહન્નમનો હથોડો જે લોખંડ વડે તૈયાર કરેલો છે તે જો જમીન પર મૂકી દેવામાં આવે અને જિન્નાત તથા માણસો ભેગા મળીને તેને ઉઠાવવા ચાહે તો ઉઠાવી નહીં શકે. *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૬૪૨, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૪૧૨, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૫૨૩, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૫૬)*

હાકિમની રિવાયત છે કે જો પહાડ પર હથોડોનો એક ઘા લગાડવામાં આવે તો તે ભુક્કો થઈને રેતી બની જાય. *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૬૪૪, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૫૦૩)*

ઈબ્ને અબી દુન્યાની રિવાયત છે કે જો જહન્નમનો એક પથ્થર દુનિયાના પહાડો પર રાખી દેવામાં આવે તો તે તેની ગરમીથી ઓગળી જાય.

હાકિમની એક રિવાયત છે કે જમીનો સાત છે અને દરેક જમીનનો બીજી જમીન વચ્ચે પાંચસો વરસ મુસાફરી જેટલો ફાસલો છે. સૌથી ઉપરવાળી જમીન માછલીની પીઠ પર છે જેણે પોતાની બંને આંખો આસ્માન સાથે મિલાવેલી છે. માછલી ચટ્ટાન પર છે અને ચટ્ટાન ફરિશ્તાના હાથમાં છે. બીજી જમીન હવાનું કેદખાનુ છે, જ્યારે અલ્લાહ તઆલાએ કૌમે આદની હલાકત (વિનાશ)નો ઈરાદો ફર્માવ્યો તો હવાના ખજાનચીને ફર્માવ્યું કે તેમના પર હવા મોકલ જે તેમને હલાક કરી નાખે. ખાઝિને (ખઝાનચીએ) અર્ઝ કરી, યા અલ્લાહ ! હું તેમના પર બળદોના નસકોરાં જેટલી હવા મોકલીશ. રબ્બેઝુલ જલાલે ફર્માવ્યું, ત્યારે તો દુનિયાની સર્વ મખ્લૂક હલાક થઈ જશે અને સૌના માટે પૂરતી થઈ પડશે. તેમના પર વીંટીના કાણા બરાબર હવા મોકલો, અને આ જ તે હવા છે જેના વિશે ઈર્શાદ ઈલાહી છે :–

مَاتَذَرُمِنْ شَیءٍ اَتَتْ عَلَيْهِ اِلَّا جَعَلَتْهُ كَالرَّمِيْمِ "તેણે કોઈ ચીજને ન

છોડી જેના પર તે આવી, પણ તેને કહોવાયેલ હાડકા જેમ કરી નાખ્યું.'' *(પારા : ૩૦, સૂ. ઝારિયાત, આ. : ૪૨)*

ત્રીજી જમીનમાં જહન્નમના પથ્થરો છે, ચોથી જમીનમાં જહન્નમનું ગંધક છે. સહાબાએ કિરામે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ જહન્નમના માટે પણ ગંધક છે ?! આપે ફર્માવ્યું, ખુદાની કસમ ! તેમાં ગંધકની કેટલીયે વાદીઓ છે કે જો તેમાં મોટા ઊંચા મજબૂત પહાડોને નાખવામાં આવે તો નરમ બનીને રજકણ રજકણ બની જાય. પાંચમીમાં જહન્નમના સાપો છે જેમનાં મોઢાં ગુફાઓ જેવાં છે, જ્યારે તેઓ કાફિરને એકવાર દંશ મારશે તો તેમનાં હાડકાંઓ પર માંસ રહેવા પામશે નહીં.

છઠ્ઠીમાં જહન્નમના વીંછીઓ છે જેમાં સૌથી નાનો વીંછી પણ પહાડી ખચ્ચરના જેટલો છે, તે જ્યારે કાફિરને દંશ મારશે તો કાફિર જહન્નમની સખ્તી અને ગરમીને ભૂલી જશે.

સાતમીમાં ઈબ્લીસ લોખંડ વડે જકડાયેલો છે, તેનો એક હાથ આગળ અને એક હાથ પાછળ છે. જ્યારે અલ્લાહ તઆલાા ચાહે છે કે તેને કોઈ બંદાને માટે છોડી મૂકે તો તેને છોડી મૂકવામાં આવે છે. *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૬૩૬, કન્ઝુલ ઉમ્માલ, ૬/૧૫૭)*

અહમદ, તિબ્રાની, સહીહ ઈબ્ને હબ્બાન અને હાકિમની રિવાયત છે કે જહન્નમમાં બુખ્તી ઊંટોની ગરદનો જેવા સાપો છે, જ્યારે એમનામાંથી કોઈ એક દંશે છે તો તેની ગરમી ૭૦ વરસના માર્ગની દૂરીથી મહસૂસ કરવામાં આવે છે અને જહન્નમમાં પહાડી ખચ્ચરો જેવા વીંછીઓ છે, જ્યારે તેઓ દંશે છે તો તેમની ગરમી ૪૦ સાલના માર્ગની દૂરીથી મેહસૂસ કરવામાં આવે છે. *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૬૩૫, મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૨૧૨, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૫૨૬, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૫૮)*

તિર્મિઝી, સહીહ ઈબ્ને હબ્બાન અને હાકિમની રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માને ઈલાહી ''કલ્મુહ્લિ''ના બારામાં ફર્માવ્યું છે કે તે ઝૈતૂનના તેલની તલછટની જેમ હશે, જ્યારે તે તેમના ચહેરાઓની નજીક આવશે તો તેમના ચહેરાની ખાલ વાળો સમેટ ખરીને તેમાં પડી જશે. *(સુનને તિર્મિઝી, ૨/૫૮, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૪૮૩, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૫૯)*

તિર્મિઝીની રિવાયત છે કે ગરમ પાણી તેમનાં માથાં પર નાખવામાં આવશે. તો તે સખત ગરમ પાણી તેમનાં માથાંઓ પર થઈને તેમના પેટમાં અસર કરશે અને જે કાંઈ તેમનાં પેટોમાં હશે તેને બહાર કાઢી નાખશે, એટલે સુધી કે એ જ તકલીફ સાથે તેમના પગોએ થઈને વહી નીકળશે અને તેમના શરીરની ચરબીને ખત્મ કરી નાખશે. પછી ફરીથી પાછુ તેને એ જ રીતે નાખવામાં આવશે અને વારંવાર માણસોને પણ અગાઉ જેવી સ્થિતિમાં મૂકવામાં આવશે. *(સુનને તિર્મિઝી, ૨/૮૫, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૫૨૯, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૫૯)*

ઝહાકનો કૌલ છે કે હમીમ તે ગરમ પાણી છે જે જમીન તથા આસ્માનની પેદાઈશના સમયે જહન્નમીઓને પીવડાવવાના સમય સુધી સતત ગરમ થતુ રહેશે અને પછી તેમને પીવડાવવાની સાથે તેમનાં માથાંઓ પર પણ રેડવામાં આવશે.

એક કથન એ છે કે તે જહન્નમના ઘરોમાં ભેગા થનારા જહન્નમીઓનાં આંસૂ હશે જે તેમને પીવડાવવામાં આવશે. અન્ય પણ વિવિધ કથનો છે.

કુર્આને પાકમાં એ જ પાણીનું વર્ણન છે. ઈર્શાદે ઈલાહી છે :– **وَسُقُوْا مَآءً حَمِيْمًا فَقَطَّعَ اَمْعَآئَهُمْ** "અને તેઓ ગરમ પાણી પીશે જે તેમની આંતરડીઓ કાપી નાખશે." *(પારા : ૨૬, સૂ. મુહમ્મદ, આ. : ૧૫)*

અહમદ, તિર્મિઝી અને હાકિમની રિવાયત છે, હુઝૂર ﷺ ફર્માને ઈલાહી : **وَيُسْقٰى مِنْ مَّآءٍ صَدِيْدٍ يَّتَجَرَّعُهٗ وَلَا يَكَادُ يُسِيْغُهٗ** "અને તેને પીપ (ઘાનુ કે ગુમડાનું પાક)નું પાણી પીવડાવવામાં આવશે જેને તે ઘૂંટડે ઘૂંટડે પીશે અને તેને ગળેથી ઉતારી નહીં શકે." *(પારા : ૧૩, સૂ. ઈબ્રાહીમ, આ. : ૧૫)*ના વિશે ફર્માવ્યું કે, દોઝખી તેને પોતાના મોંઢાની નજીક લાવશે તો તેની દુર્ગંધના કારણે તેને સખત નાપસંદ કરશે, પણ જ્યારે તરસના માર્યા મોઢાની અધિક નજીક લાવશે તો તેનું મોંઢુ શેકાઈ જશે અને તેના માથાની ખાલ (ચામડી) વાળો સહિત તેમાં પડી જશે અને જ્યારે તે તેને ઘૂંટડે ઘૂંટડે પીશે તો તે તેનાં આંતરડાં કાપીને બહાર કાઢી નાખશે. જેમ કે ફર્માને ઈલાહી છે :–

**وَاِنْ يَّسْتَغِيْثُوْا يُغَاثُوْا بِمَآءٍ كَالْمُهْلِ يَشْوِى الْوُجُوْهَ ۔ الاٰية** "અને જ્યારે

તેઓ ફરિયાદ કરશે તો તેમની ફરિયાદ રસી કરવામાં આવશે એવા પાણીની સાથે જે પીગળેલા તાંબા જેવું હશે જે તેમનાં મોઢાંને શેકી નાખશે, તે ઘણુ બુરુ પીણુ છે." *(સૂ. કહ્ફ, આ. : ૨૯) (સુનને તિર્મિઝી, ૨/૮૫, મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૩૫૫, અલ્મુસ્તદરસક અલસ્સહીહૈન, ૨/૩૮૨, કન્ઝુલ ઉમ્માલ, ૨/૨૮, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૬૦)*

## ★ જહન્નમનું બદ્બૂદાર પાણી ★

અહમદ અને હાકિમની રિવાયત છે કે જો જહન્નમના દુર્ગંધમય પાણીની ડોલ દુનિયામાં ફેંકી દેવામાં આવે તો તમામ મખ્લૂક તેની દુર્ગંધથી પરેશાન થઈ જાય. તે પાણીનુ નામ 'ગસ્સાક' છે જેનું ફર્માને ઈલાહીમાં પણ વર્ણન છે. જેમ કે ઈર્શાદ થાય છે કે, "તો ચાખો ગરમ પાણી અને ગસ્સાકને." *(પારા : ૨૩, સૂ. સાદ, આ. : ૫૭)* અને જહન્નમીઓનાં પીણાં વિશે ઈર્શાદ ફર્માવ્યો, "પણ ગરમ પાણી અને ગસ્સાક હશે." *(સૂ. સાદ, આ. : ૫૭)* ગસ્સાકના અર્થમાં અમુક મતભેદ છે. *(સુનને તિર્મિઝી, ૨/૮૬, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૫૨૩, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૫૦૩, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૬૪૪, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૬૦)*

હઝરત ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنۡہُمَا નું કથન છે કે એનાથી મુરાદ તે માવો છે જે જહન્નમીઓની ચામડીઓએથી વહેશે. અને કેટલાક મુફસ્સિરોનું કહેવું છે કે એનાથી મુરાદ તેમનું પાક (પરૂ) છે. હઝરત કઅબ رَضِیَ اللّٰہُ عَنۡہُ નો કૌલ છે કે તે જહન્નમનો એક કૂવો છે તેમાં દરેક ઝેરીલી ચીજ જેમ કે સાપ, વીંછી વગેરેનું ઝહેર વહીને આવશે અને ત્યાં ભેગુ થતુ રહેશે. પછી કાફિરને ત્યાં લાવવામાં આવશે અને તેમાં તેને ડૂબકી ખવડાવવામાં આવશે. જ્યારે તે નીકળશે તો તેની ચામડી અને ગોશ્ત ખરી ચૂક્યો હશે અને તે તેના પગો અને ટાંગોની નીચે તેને ઘસેડતો ઘસેડતો આવશે, જાણે કે માણસ પોતાના કોઈ કપડાને ઘસેડીને લાવે છે. *(સુનને તિર્મિઝી, ૨/૮૬, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૫૨૩, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૫૦૩, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૬૪૪, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૬૦)*

તિર્મિઝીની રિવાયત છે. હુઝૂર صَلَّی اللّٰہُ عَلَیۡہِ وَسَلَّم એ આ આયત પઢી :–

وَاتَّقُوا اللّٰہَ حَقَّ تُقٰتِہٖ وَلَا تَمُوۡتُنَّ اِلَّا وَاَنۡتُمۡ مُّسۡلِمُوۡنَ "અલ્લાહથી હક્ક

પ્રમાણે ડરો અને તમે કદાપિ ન મરો પણ મુસલમાન થઈને મરો." *(સૂ. આલે ઈમરાન, ૧૦૨)* અને ફર્માવ્યું કે "ઝકૂમ"નું જો એક ટીપુ જમીન પર નાખી દેવામાં આવે તો મખ્લૂક માટે જીવન જીવવું મુશ્કેલ થઈ જાય. એ શખ્સનો શો હાલ થશે જેનો ખોરાક જ "ઝકૂમ" છે ?! બીજી રિવાયતમાં છે કે, તેનો શો હાલ થશે જેનો "ઝકૂમ" સિવાય કોઈ ખોરાક નહીં હોય. *(સુનને તિર્મિઝી, ૨/૮૬, સુનને ઈબ્ને માજહ, પેજ : ૩૨૧, કન્ઝુલ ઉમ્માલ : ૧૪/૫૨૩, અલ્મોઅજમુલ કબીર, લિત્તબરાની, ૧૧/૫૭)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી સહીહ રિવાયત સાથે રિવાયત થયેલ છે. તેમણે ફર્માને ઈલાહી : وَطَعَامًا ذَا غُصَّةٍ "અને ખોરાક ગળામાં ફસાઈ જનારો" *(પારા : ૨૯, સૂ. મુઝ્ઝમ્મિલ, આ. : ૧૩)* ની તફસીરમાં ફર્માવ્યું કે, એમાં કાંટા હશે જે ગળુ પકડી લેશે, ન ઉપર આવશે ન નીચે પેટમાં ઉતરશે. *(અલમુસ્તદરક અલસ્સહીહૈન, ૨/૫૪૯)*

બુખારી અને મુસ્લિમની રિવાયત છે કે કાફિરના ખભાઓના વચ્ચેનું અંતર તેજ રફતાર સવારના ત્રણ દિવસના અંતર જેટલો હશે. *(સહીહ બુખારી, ૨/૯૭૦, સહીહ મુસ્લિમ, ૨/૩૮૨)*

અહમદની રિવાયત છે કે કાફિરની દાઢ ઓહદ પહાડ જેટલી હશે અને તેની જાંગ બયઝા પહાડની બરાબર હશે એટલે કે ત્રણ દિવસની મુસાફરી જેટલી તેની ચામડીની જાડાઈ ૪૨ યમની હાથો અથવા ૪૨ અજમી હાથો જેટલી હશે. ઈબ્ને હબ્બાને પ્રથમ કૌલને પ્રાધાન્ય આપ્યું છે. *(સહીહ મુસ્લિમ, ૨/૩૮૨, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૬૩૮)*

મુસ્લિમની રિવાયત છે કે કાફિરની દાઢ કે દાંત ઓહદ પહાડ જેટલો હશે અને તેની ચામડીની જાડાઈ ત્રણ દિવસની સફરના અંતર જેટલી હશે. *(સહીહ મુસ્લિમ, ૨/૩૮૨)*

તિર્મિઝીની રિવાયત છે, હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે કિયામતના દિવસે કાફિરની દાઢ ઓહડ પહાડના જેટલી હશે, તેની જાંગ બયઝાની જેટલી અને જહન્નમમાં તેની બેઠક ત્રણ દિવસની મુસાફરી જેટલી હશે, જેમ કે ઝુબ્દા તથા મદીનાની વચ્ચેનું અંતર છે. *(સુનને તિર્મિઝી, ૨/૮૫, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૬૨૮, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૫૩૦, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૬૩૭)*

અહમદની રિવાયત છે, કિયામતના દિવસે કાફિરની દાઢ ઓહડ પહાડ જેટલી હશે, તેની ચામડીની જાડાઈ ૭૦ (સિત્તેર) હાથ હશે, તેના હાથનું બાવડુ બયઝા પહાડ જેટલુ અને તેની જાંગ દરકાન જેટલી અને જહન્નમમાં તેની બેઠક મારા અને ઝુબ્દાના વચ્ચેના અંતર જેટલી હશે. એક રિવાયત છે કે જહન્નમમાં તેની બેઠક ત્રણ દિવસના સફર જેટલી હશે, જેમ કે ઝુબ્દા છે. *(સુનને તિર્મિઝી, ૨/૮૫, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૬૪, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૫૩૦)*

અહમદ, તિર્મિઝી અને તિબ્રાનીની રિવાયત છે, જેને હાફિઝ મુન્ઝરીએ સારી સનદવાળી હદીષ કહી છે અને તિર્મિઝીએ તેને ફુઝૈલ ઈબ્ને યઝીદથી નકલ કરી છે કે કાફિર જહન્નમમાં એક અથવા બે 'ફરસખ' બરાબર જીભને જહન્નમમાં ખેંચતો ફરશે અને લોકો તેને કચડતા હશે. એક 'ફરસખ' ત્રણ માઈલ જેટલો લગભગ હોય છે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૨૨૨, સુનને તિર્મિઝી, ૨/૮૫, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૫૨૮,અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૬૪)*

ફુઝૈલ ઈબ્ને યઝીદે અબી ઉજલાનથી રિવાયત કરી છે કે, કાફિર કિયામતમાં બે 'ફરસખ' લાંબી જીભ ખેંચી રહ્યો હશે અને લોકો તેને કચડી રહ્યા હશે. *(અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૬૪)*

બયહકી વગેરેની રિવાયત છે કે જહન્નમીઓનાં શરીરો જહન્નમમાં ખૂબ જ મોટાં કરી દેવામાં આવશે, એટલે સુધી કે તેના કાનની બુટ્ટીથી ખભા સુધી સાતસો વરસની સફરનું અંતર હશે, તેની ચામડીની જાડાઈ ૭૦ હાથ અને તેની દાઢ ઓહડ પહાડ જેટલી હશે. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૫૩૪, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૬૪)*

અહમદ અને હાકિમે સહીહ સનદ સાથે મુજાહિદથી રિવાયત કરી છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, જાણો છો જહન્નમીઓનાં શરીરો કેટલાં મોટાં હશે ?! મેં અર્ઝ કરી, નહીં ! ત્યારે તેમણે કહ્યું, ખુદાની કસમ ! તમે નથી જાણતા કે તેમના કાનની બુટ (કાનપટ્ટી) અને તેમના ખભા વચ્ચે સિત્તેર વરસની મુસાફરી જેટલુ અંતર હશે, તેની વાદીઓમાં લોહી તથા પરુ વહેશે. મેં કહ્યું, નહેરો હશે ? તો તેમણે ફર્માવ્યું, નહીં ! બલ્કે વાદીઓ હશે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૭/૧૬૮, અલ્મુસ્તદરક, અલસ્સહીહૈન, ૨/૪૭૩)*

(પ્રકરણ : પર)

## ગુનાહોથી ભયાવહ થવાની ફઝીલત

એ વાત સારી પેઠે દિમાગમાં બેસાડી લો કે ગુનાહોથી ચેતવનારી વાતોમાં ખુદાનો ડર, તેના બદલાનો અંદેશો, તેની ધાક અને શાનો શૌકત, તેના અઝાબનો ડર અને તેની પકડ ખૂબ જ ઉપર તરી આવતી હૈસિયત ધરાવે છે. ફર્માને ઈલાહી છે કે, "જે લોકો અલ્લાહના હુકમોની વિરૂધ્ધ ચાલે છે તેઓ એ બાબતથી ડરે કે તેમને ફિત્નો અથવા દર્દનાક અઝાબ પહોંચે." *(પારા : ૧૮, સૂ. નૂર, આ. : ૬૩)*

રિવાયત છે કે હુઝૂર ﷺ એક યુવાનની પાસે તશરીફ લાવ્યા જે નઝઅ (સકરાત)ના આલમમાં હતો. આપે ફર્માવ્યું, "પોતે પોતાને કઈ સ્થિતિમાં અનુભવી રહ્યો છે ?" અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું અલ્લાહની રહમતનો ઉમેદવાર છું અને મારા ગુનાહોથી ડરી રહ્યો છું. હુઝૂર ﷺએ આ સાંભળીને ફર્માવ્યું કે કોઈ બંદાના દિલમાં એવી બે વાતો એકત્ર નથી થતી પણ અલ્લાહ તઆલા તે બંદાની ઉમ્મીદ પૂરી કરી આપે છે અને ગુનાહોના ડરથી તેને બેનિયાઝ (બેપરવા) કરી આપે છે. *(સુનને તિર્મિઝી, ૧/૧૯૨, સુનને ઈબ્ને માજહ, પેજ : ૩૧૪, અત્તરગીબ વત્તરહીબ, ૪/૧૩૫)*

વહબ ઈબ્ને વરદથી રિવાયત છે, હઝરત ઈસા علیہ السلام ફર્માવ્યા કરતા હતા કે જન્નતની મહોબ્બત અને જહન્નમનો ખૌફ મુસીબતના સમયે સબ્ર આપે છે. અને આ બે ચીજો દુનિયાવી મજાઓ, ખ્વાહિશો અને નાફર્માનીઓથી દૂર કરી આપે છે.

જનાબ હસન رضی اللہ عنہનો કૌલ છે, ખુદાની કસમ ! તમારામાંથી અગાઉ એવા લોકો પણ ગુજર્યા છે કે જેઓ ગુનાહોને એટલા મોટા સમજતા હતા કે બેહદ તથા બેહિસાબ સોના ચાંદીને બખ્શિશ કરવાને પણ પોતાના એક ગુનાહથી છૂટકારાનો ઝરીયો સમજતા ન હતા.

ફર્માને નબવી છે કે જે કાંઈ હું સાંભળું છું તે શું તમે સાંભળો છો ? આસમાન ચર ચર અવાજ કરે છે અને તેનો હક્ક છે કે તે ચર ચર કરે. રબ્બે ઝુલ જલાલની કસમ ! આસ્માનમાં ચાર આંગળી જેટલી જગા નથી જેમાં

ફરિશ્તા ખુદાની બારગાહમાં સિજદામાં, કિયામમાં કે રુકૂઅ કરવાવાળા ન હોય. જે કાંઈ હું જાણુ છું તે જો તમે જાણતે તો હસતા, થોડુ અને રડતા વધારે અને નીકળી જઈને પહાડો પર ચઢી જાત અને અલ્લાહ તઆલાના સખત બદલા અને ધાક તથા જલાલના ડરથી અલ્લાહ તઆલાની પનાહ શોધત. *(મુસ્નદે અહમદ બિન હંબલ–૬/૨૧૯, સુનને તિર્મિઝી, ૨/૫૭, કન્ઝુલ ઉમ્માલ, ૧/૩૬૮)*

એક રિવાયતમાં જનાબ બક્ર ઈબ્ને અબ્દુલ્લાહ મઝની رحمۃ اللہ علیہનો કૌલ છે, **જે લોકો હસતા હસતા ગુનોહ કરે છે તે લોકો રડતા રડતા જહન્નમમાં જશે.** *(કન્ઝુલ ઉમ્માલ, ૪/૨૧૮)*

હદીષ શરીફમાં છે કે જો મો'મિન અલ્લાહ તઆલાના તૈયાર કરેલા તમામ અઝાબોને જાણી લેત તો ક્યારેય પણ જહન્નમથી નીડર ન થાત. *(કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૩૯)*

સહીહૈનમાં છે. જ્યારે આ આયત : **وَاَنْذِرْ عَشِيْرَتَكَ الْاَقْرَبِيْنَ** ''અને આપના નજીકનાં સગાંઓને ડરાવો !'' *(પારા : ૧૯, સૂ. શુઅરા, અ. : ૨૧૪)* તો આપ ઊભા થઈ ગયા અને ફર્માવ્યું, હું તમને અલ્લાહ તઆલાના મામલામાં કોઈ ચીજથી બેપરવા કરીશ નહીં. હે બની અબ્દેમુનાફ (હુઝૂર ﷺના સંબંધી) હું તમને ખુદાના હુકમોમાંથી કોઈ ચીજથી બેપરવા કરીશ નહીં ! હે અબ્બાસ ! (રસૂલે ખુદા ﷺના કાકા) હું તમને અલ્લાહ તઆલાના અઝાબમાંથી કોઈ ચીજથી બેપરવા કરીશ નહીં ! હે સફિય્યહ ! (રસૂલે ખુદા ﷺના ફોઈ) હું તમને અલ્લાહની સામે કોઈ ચીજથી બેપરવા થવા દઈશ નહીં. હે ફાતિમા (હુઝૂર ﷺના પુત્રી) મારા માલમાંથી જે ચાહો માંગી લો ! પણ હું અલ્લાહની સમક્ષ તમને કોઈ ચીજથી બેપરવા કરીશ નહીં. *(સહીહ બુખારી, ૧/૩૮૫, સુનને નિસાઈ, ૨/૧૩૧, સુનને દારમી, ૨/૨૪૨, મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૩૩૯)*

હઝરત આઈશા رضی اللہ عنہاએ આ આયત પઢી :–

**وَالَّذِيْنَ يُؤْتُوْنَ مَآ اٰتَوْا وَّقُلُوْبُهُمْ وَجِلَةٌ اَنَّهُمْ اِلٰى رَبِّهِمْ رٰجِعُوْنَ**

**તર્જુમો** : ''અને જે લોકો અલ્લાહની અતા કરેલ ચીજોમાંથી આપે છે અને તેમનાં દિલો એ વાતથી ડરે છે કે તે અલ્લાહ તઆલાની તરફ પલટનાર

છે.'' *(પારા : ૧૮, મુઅમિનૂન, આ. : ૬૦)* અને પૂછયું, યા રસૂલલ્લાહ ! ﷺ શું આ તે શખ્સ છે જે ઝિના કરે છે, ચોરી કરે છે, શરાબ પીએ છે પણ ખૌફે ખુદા પણ ધરાવે છે ?! આપે ફર્માવ્યું, હે અબૂબક્રની બેટી ! એવું નથી ! બલ્કે એનાથી મુરાદ તે શખ્સ છે જે નમાઝો પઢે છે, રોઝા રાખે છે, સદકા આપે છે પણ એ વાતથી ડરે છે કે ક્યાંક તે નામકબૂલ ન થઈ જાય. એને અહમદે રિવાયત કરી છે. *(સુનને ઈબ્ને માજહ, પેજ : ૩૦૯)*

જનાબ હસન બસરી رضی اللہ عنہને કહેવામાં આવ્યું, હે અબૂ સઈદ ! આ બારામાં આપનું શું મંતવ્ય છે કે અમે એવા લોકોની મજલિસમાં બેઠા છીએ જેઓ અમને ખુદાની રહમતથી ઉમ્મીદો બાંધવાની એવી એવી વાતો સંભળાવે છે કે અમારાં દિલો ખુશીથી ઉડવા લાગે છે ! આપે ફર્માવ્યું, ખુદાની કસમ ! જો તમે એવી કૌમમાં બેસતે જેઓ તમને ખુદાના ખૌફની વાતો સંભળાવતે અને તમને અલ્લાહના અઝાબથી ડરાવત, એટલે સુધી કે તમે અમ્ન પામી લો, તે તમારા માટે બેહતર છે એ ચીજના કરતાં કે તમે એવા લોકોમાં બેસો જેઓ તમને બેખૌફી અને ઉમ્મીદમાં રાખે ત્યાં સુધી કે તમને ખૌફ આવીને ઘેરી લે.

## ★ ફારૂકે આ'ઝમ અને ખુદાનો ડર ★

હઝરત ફારૂકે આઝમ ઈબ્ને ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہને જ્યારે ભાલા વડે ઝખ્મી કરી દેવામાં આવ્યા અને તેમના મૃત્યુનો સમય નજીક આવ્યો તો તેમણે પોતાના પુત્રને કહ્યું કે બેટા ! મારો ચેહરો જમીન પર રાખી દો. અફસોસ અને સખત અફસોસ ! જો અલ્લાહે મારા પર રહમ ન ફર્માવી ! હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ કહ્યું, અમીરુલ મો'મિનીન ! તમને કઈ ચીજનો ડર છે ?! અલ્લાહ તઆલાએ તમારા હાથો વડે વિજયો કરાવ્યા, શહેરો આબાદ કરાવ્યાં. તેમણે કહ્યું, હું એ વાતને પસંદ કરું છું કે મને બરાબરમાં જ છોડી દેવામાં આવે, એટલે કે ન નુકસાન અને ન નફો આપવામાં આવે.

હઝરત ઝૈનુલ આબેદીન ઈબ્ને અલી ઈબ્ને હસન رضوان اللہ تعالیٰ علیہم اجمعین જ્યારે વુઝૂથી ફારિગ થયા તો કાંપવા લાગ્યા. લોકોએ સબબ પૂછયો તો આપે ફર્માવ્યું, તમારા પર અફસોસ છે ! તમને

ખબર નથી કે હું કોની બારગાહમાં જઈ રહ્યો છું અને કોનાથી મુનાજાત (દુઆ)નો ઈરાદો કરી રહ્યો છું.

હઝરત અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہએ ફર્માવ્યું, ખુદાના ખૌફે મને ખાવા પીવાથી રોકી દીધો, હવે મને ખાવા પીવાની ઈચ્છાઓ નથી થતી.

સહીહૈનની રિવાયત છે, હુઝૂર صلی اللہ علیہ وسلمએ એ સાત માણસોનો ઉલ્લેખ કર્યો કે જે દિવસે કોઈ સાયો નહીં હોય તો તેમને પોતાના અર્શના સાયામાં રબ તઆલા જગા આપશે. એમાંથી એક માણસ તે છે જેણે એકાંતમાં અલ્લાહ તઆલાના અઝાબ અને ચેતવણીને યાદ કરી અને પોતાના કુસૂરને યાદ કરીને ખુદાના ડરથી તેની આંખોએથી આંસૂ વહી નીકળ્યાં અને ખુદાના ખૌફથી તે નાફર્માની અને ગુનાહોથી દૂર થઈ ગયો. *(સહીહ બુખારી, ૧/૯૧, સુનને નિસાઈ, ૨/૩૦૨, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૧૮૨)*

## ★ જહન્નમના અઝાબથી મેહફૂઝ બે આંખો ★

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે. હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, બે આંખો એવી છે જેને આગ સ્પર્શશે નહીં. એક તે આંખ જે અડધી રાત્રે અલ્લાહના ડરથી રડી, અને બીજી તે આંખ જેણે ખુદાની રાહમાં નિગેહબાની કરવામાં રાત પસાર કરી. *(સુનને તિર્મિઝી, ૧/૨૯૩, અત્તરગીબ વત્તરહીબ, ૪/૧૧૩, હિલ્યતુલ અવલિયા, ૫/૨૦૫, કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૪૧)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, કિયામતના દિવસે દરેક આંખ રડશે પણ જે આંખ અલ્લાહની હરામ કરેલી ચીજોથી રોકાઈ ગઈ, જે આંખ રાહે ખુદામાં જાગતી રહી અને જે આંખેથી ખુદાના ખૌફના કારણે માખીના માથાના બરાબર આંસૂ નીકળ્યું તે રડવાથી મેહફૂઝ રહેશે. *(અત્તરગીબ વત્તરહીબ, ૪/૧૧૫, કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૩૭)*

## ★ ખૌફે ઈલાહીથી રડનાર જહન્નમથી આઝાદ છે ★

તિર્મિઝીએ હસન અને સહીહ કરીને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે રસૂલે ખુદા صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, તે શખ્સ કદાપિ જહન્નમમાં જશે નહીં જે ખુદાના ડરથી રડયો ત્યાં સુધી કે દૂધ ફરીવાર થાનોમાં પાછુ

આવે અને રાહે ખુદાની ધૂળ અને ધુમાડો એક જગાએ ભેગા થશે નહીં.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضي الله عنه નો કૌલ છે કે હજાર દીનાર રાહે ખુદામાં ખર્ચ કરવા કરતાં અને ખુદાના ડરથી એક આંસૂં વહાવી લેવું અધિક પસંદ છે. *(સુનને તિર્મિઝી, ૧/૨૯૨, અત્તરગીબ વત્તરહીબ, ૪/૧૧૪, કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૪૩)*

જનાબ ઔન ઈબ્ને અબ્દુલ્લાહ رضي الله عنه કહે છે, મને એ રિવાયત મળી છે કે ઈન્સાનનાં ખૌફે ખુદાથી વહેનાર આંસૂં માણસના શરીરના જે ભાગ પર વહી નીકળે છે તે હિસ્સાને અલ્લાહ તઆલા જહન્નમ માટે હરામ કરી આપે છે. અને હુઝૂર صلى الله عليه وسلم નો પાક સીનો રડવાના કારણે એવો જોશ મારતો હતો, જાણે હાંડલી ઉકળે અને જોશ મારે છે. (એટલે કે ભડકતી આગ પર હાંડલી જોશ મારે છે.) *(સહીહ ઈબ્ને હબ્બાન, ૨/૯૨)*

કિન્દીનો કૌલ છે કે ખૌફે ખુદાથી રડનારનુ એક આંસૂં સમુદ્રો જેવી લાંબી વિશાળ આગને બુઝાવી આપે છે.

## ★ ઈબ્ને સિમાકનુ પોતાના નફ્સને ધમકાવવું ★

જનાબ ઈબ્ને સિમાક رحمة الله عليه પોતાના નફ્સને તતડાવતા અને કહેતા કે તમે ઝાહિદો જેવી વાતો કરો છો અને અમલ મુનાફિકો જેવો કરો છો અને આ ગલત રવિશ છતાં જન્નતમાં જવાનો સવાલ કરો છો ?! દૂર થાવ! દૂર થાવ ! જન્નતના માટે બીજા લોકો છે જેમના અમલો આપણા અમલોથી તદ્દન વિમુખ છે.

## ★ હઝરત જાફરની નસીહતો ★

હઝરત સુફિયાન ષૌરી رحمة الله عليه કહે છે કે હઝરત જાફર સાદિક رضي الله عنه ની ખિદમતમાં હું હાજર થયો અને અર્ઝ કરી, હે રસૂલે ખુદા صلى الله عليه وسلم ના લખ્તે જિગર ! મને વસિયત કરો ! આપે ફર્માવ્યું, સુફિયાન ! જૂઠામાં મુરવ્વત નથી હોતી, હસદખોરમાં ખુશી નથી હોતી, ગમગીનમાં ભાઈચારો નથી હોતો અને બદ્‌ખુલ્ક (અશિસ્તવાળા)ના માટે સરદારી નથી હોતી. મેં કહ્યું, હે રસૂલે ખુદાના ફરઝંદ ! કાંઈક અધિક નસીહત ફર્માવો ! આપે ફર્માવ્યું, સુફિયાન ! અલ્લાહ તઆલાની મના કરેલી ચીજોથી રોકાઈ જા તો આબિદ

બનીશ, અલ્લાહની વહેંચણી પર રાજી રહે તો મુસલમાન બનીશ, જેવી તમે લોકો સાથે દોસ્તી ઈચ્છો છો તેવી તમે પણ લોકો સાથે દોસ્તી રાખો ત્યારે મો'મિન થશો. બુરાઓ સાથે દોસ્તી ન રાખ, નહીં તો તું પણ બુરા અમલ કરવા લાગીશ !

જેમ કે હદીષમાં છે કે, ''માણસ પોતાના મિત્રના તરીકા પર હોય છે, જેથી તમે એ જુઓ કે તમારી મિત્રતા કોની સાથે છે.'' અને તમારા કામોમાં એ લોકોથી મશ્વરો લો જેઓ ખૌફે ખુદા ધરાવતા હોય. મેં અર્ઝ કરી, હે રસૂલે ખુદાના ફરઝંદ ! કંઈક અધિક નસીહત કરો ! આપે ફર્માવ્યું, જે કબીલા વિના ઈજ્જત અને હુકૂમત વિના પ્રભાવ ચાહે તેને જોઈએ કે ખુદાની નાફર્માનીની ઝિલ્લતથી (બેઈજ્જતીથી) નીકળીને અલ્લાહની ફર્માંબરદારીમાં આવી જાય.

મેં કહ્યું, હે રસૂલે ખુદાના ફરઝંદ ! કાંઈક ઓર નસીહત ફર્માવો ! આપે ફર્માવ્યું, મને મારા વાલિદે ત્રણ બેહતરીન અદબની વાતો શીખવાડી અને ફર્માવ્યું, હે બેટા ! જે બુરાઓની સોહબત અપનાવે છે તે સલામત નથી રહેતો, જે બુરી જગાએ જાય છે તે આરોપી થાય છે અને જે પોતાની જીભની રક્ષા નથી કરતો તેણે શર્મિંદગી (નીચા જોવુ) ઉઠાવવી પડે છે. *(હિલ્યતુલ અવલિયા, ૩/૧૯૪, કન્ઝુલ ઉમ્માલ, ૯/૨૧)*

ઈબ્ને મુબારક رضی اللہ عنہ નુ કહેવું છે કે મેં વહીબ ઈબ્ને વરદ رضی اللہ عنہ ને પૂછયું કે જે શખ્સ અલ્લાહની નાફર્માની કરે છે, તે શું ઈબાદતની મજા પામે છે ? તેમણે કહ્યું, નહીં ! અને ગુનાહનો ઈરાદો કરનાર પણ નહીં.

ઈમામ અબૂ ફરજ ઈબ્ને જવઝી رحمۃ اللہ علیہ નુ કથન છે કે ખૌફ (ખુદાનો ડર) નફ્સની ઈચ્છાઓને બાળી નાખનાર આગ છે, જેટલા પ્રમાણમાં આગ વાંછનાઓને જલાવશે અને ગુનાહોથી રોકશે એટલા પ્રમાણમાં તે બેહતરીન થશે. અને ખૌફ સાહિબે ઈઝ્ઝત કેવી રીતે નહીં થાય ? એનાથી જ તો પાકદામની, તકવો, પરહેઝગારી, મુજાહિદાત અને એવા ઉમદા અમલો પ્રદર્શિત થાય છે જેનાથી અલ્લાહ તઆલાની નિકટતા (કુર્બ) પ્રાપ્ત થાય છે. જેમ કે આયતો તથા હદીષોથી સાબિત થાય છે.

જેમ કે ઈર્શાદે ઈલાહી છે :–

هُدًى وَّرَحْمَةٌ لِّلَّذِيْنَ هُمْ لِرَبِّهِمْ يَرْهَبُوْنَ "તે લોકોના માટે હિદાયત અને રહમત છે જે પોતાના રબથી ડરે છે." *(સૂ. અઅરાફ, આ. : ૧૫૪)*

અને ફર્માને ઈલાહી છે :–

رَضِىَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ ذٰلِكَ لِمَنْ خَشِىَ رَبَّهٗ "અલ્લાહ તેમનાથી રાજી થયો અને તેઓ અલ્લાહથી રાજી થયા, એ તેના માટે છે જે પોતાના રબથી ડરે." *(પારા : ૩૦, સૂ. બૈયિનહ, આ. : ૮)*

તેમજ ફર્માને ઈલાહી છે :–

خَافُوْنِ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ "અને મારાથી ડરો જો તમે ઈમાનદાર હોઉ."

વધુમાં ઈર્શાદ થયો :– *(સૂ. આલે ઈમરાન, આ. : ૧૭૫)*

وَلِمَنْ خَافَ مَقَامَ رَبِّهٖ جَنَّتٰنِ "અને જે શખ્સ પોતાના રબની સમક્ષ ઊભા થવાથી ડરે છે, તેના માટે બે જન્નતો છે." *(સૂ. રહમાન, આ. : ૪૬)*

અને ઈર્શાદ ફર્માવ્યો :–

سَيَذَّكَّرُ مَنْ يَّخْشٰى "અલબત્ત, નસીહત હાંસલ કરશે જે શખ્સ ડરે છે." *(સૂ. આ'લા, આ. : ૧૦, પારા : ૩૦)*

ફર્માને ઈલાહી છે :–

اِنَّمَا يَخْشَى اللّٰهَ مِنْ عِبَادِهِ الْعُلَمٰٓؤُا "તેમના સિવાય નહીં કે અલ્લાહના બંદાઓમાંથી આલિમ ડરે છે." *(પારા : ૨૨, સૂ. ફાતિર, આ. : ૨૮)*

અને દરેક તે આયત તથા હદીષ જે ઈલ્મની ફઝીલત માટે દલીલ પૂરી પાડે છે તે ખૌફની ફઝીલત માટે પણ દલીલ પૂરી પાડે છે કેમ કે ખૌફ ઈલ્મનું જ પરિણામ છે.

ઈબ્ને અબી દુન્યાની રિવાયત છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, જ્યારે ખુદાના ખૌફથી બંદાનુ શરીર કાંપે છે અને તેનાં રુવાંટાં ઉભાં થઈ જાય છે તો તેના ગુનાહો એવી રીતે ખરી પડે છે જેવી રીતે સૂકા ઝાડેથી પાંદડાં ખરે છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૪૧, અત્તરગીબ વત્તરહીબ, ૪/૧૩૪)*

હુઝૂર ﷺએ ફર્માવ્યું, મને ઈજ્જત તથા જલાલની કસમ ! હું મારા

બંદાઓ માટે બે ખૌફ અને બે અમ્ન એકત્ર નથી કરતો. જો તે દુનિયામાં મારાથી અમ્નમાં (નીડર) હોય છે તો હું કિયામતના દિવસે તેને ભયભીત કરીશ અને જો તે દુનિયામાં મારાથી ડરે છે તો હું કિયામતના દિવસે તેને બેખૌફ કરી દઈશ. *(સહીહ ઈબ્ને હબ્બાન, ૨/૨૧, કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૫૦)*

અબૂ સુલૈમાન દરાની رحمۃ اللہ علیہ નું કથન છે કે દરેક તે દિલ જેમાં ખુદાનો ખૌફ નથી તે વિરાન છે.

અને ફર્માને ઈલાહી છે :– **اِنَّهٗ لَا يَأْمَنُ مَكْرَ اللّٰهِ اِلَّا الْقَوْمُ الْخٰسِرُوْنَ**

**તર્જુમો** : "તો ખુદાની તદબીરથી નીડર નથી થતી પણ નુકસાન પામનારી કૌમ જ નીડર થાય છે."

*(પ્રકરણ : ૫૩)*

## તૌબાની ફઝીલત

તૌબાની ફઝીલતમાં ઘણી આયતો આવેલી છે. ફર્માને ઈલાહી છે :–

**وَتُوْبُوْٓا اِلَى اللّٰهِ جَمِيْعًا اَيُّهَا الْمُؤْمِنُوْنَ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ۔**

"અને તૌબા કરો અલ્લાહની તરફ હે મો'મિનો ! જેથી તમે ભલાઈ પામો." *(પારા, ૧૮, સૂ. નૂર, આ. : ૩૧)*

અને ફર્માવ્યું :–

**وَالَّذِيْنَ لَا يَدْعُوْنَ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ وَلَا يَقْتُلُوْنَ النَّفْسَ الَّتِىْ حَرَّمَ اللّٰهُ اِلَّا بِالْحَقِّ ولا يزنون۔ وَمَنْ يَّفْعَلْ--------فَاِنَّهٗ يَتُوْبُ اِلَى اللّٰهِ مَتَابًا۔**

**તર્જુમો** : "અને જે લોકો અલ્લાહની સાથે કોઈ અન્ય મઅબૂદને નથી પુકારતા અને નાહક્ક કોઈ માણસને કત્લ નથી કરતા જેના કત્લને અલ્લાહે હરામ કરી આપ્યું છે, અને ઝિના નથી કરતા. અને જે કોઈ આ કામ કરશે તે સખ્ત મુસીબતથી મુલાકાત કરશે, કિયામતના દિવસે તેને બમણો અઝાબ આપવામાં આવશે અને બેઈજ્જતીની સાથે હમેશાં તેમાં

રહેશે. પણ જેણે તૌબા કરી અને ઈમાન લાવ્યો અને સારાં કામો કર્યાં તો અલ્લાહ તઆલા તેમની બુરાઈઓને નેકીઓમાં બદલી નાખે છે અને અલ્લાહ તઆલા બખ્શવાવાળો મેહરબાન છે. અને જો કોઈ તૌબા કરે અને સારા અમલ કરે તો બેશક ! તે પાછો વળે છે અલ્લાહ તઆલા તરફ પાછા વળવું.'' *(પારા : ૧૯, સૂ. ફુર્કાન, આ. : ૬૧)*

તૌબાના વિશે ઘણી હદીષો છે. મુસ્લિમની એક હદીષ છે કે બેશક ! અલ્લાહ તઆલા પોતાની રહમતને રાતમાં વિશાળ કરે છે જેથી કરીને દિવસમાં ગુનાહ કરનારા તૌબા કરે અને તે તેમની તૌબા કબૂલ ફર્માવે અને તે પ્રમાણે દિવસે પોતાનો દસ્તે રહમત લાંબો કરે છે જેથી કરીને રાતના ગુનેહગારોની તૌબા કબૂલ ફર્માવે, ત્યાં સુધી કે પશ્ચિમથી સૂરજ ઉગશે (એટલે કિયામત સુધી). *(સહીહ મુસ્લિમ, ૨/૩૫૮, અસ્સુનનુલ કુબરા લિલ બયહકી, ૮/૨૩૫, મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૫૫૨, અત્તરગીબ વત્તરહીબ, ૪/૪૫, કન્ઝુલ ઉમ્માલ, ૪/૨૦૯)*

તિર્મિઝીની હદીષ છે. પશ્ચિમની તરફ એક દરવાજો છે જેની પહોળાઈ ૪૦ કે ૭૦ વરસની મુસાફરી જેટલી છે. અલ્લાહ તઆલાએ તેને આસ્માન તથા જમીનની પેદાઈશના સમયથી તૌબાના માટે ખોલ્યો છે અને તેને બંધ નહીં કરે ત્યાં સુધી કે પશ્ચિમથી સૂરજ નીકળે. (કિયામત સુધી બંધ નહીં કરે.) *(અલ મોઅજમુલ કબીર લિત્તબરાની, ૮/૫૭, મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૨૮૯, કન્ઝુલ ઉમ્માલ, ૪/૨૨૨)*

તિર્મિઝીની સહીહ હદીષ છે કે અલ્લાહ તઆલાએ પશ્ચિમમાં તૌબાના માટે એક દરવાજો બનાવ્યો છે જેની પહોળાઈ ૭૦ વરસની સફરના બરાબર છે. અલ્લાહ તઆલા તેને ત્યાં સુધી બંધ નહીં કરે જ્યાં સુધી કે એનાથી પહેલાં સૂરજને પશ્ચિમથી ન ઉગાડે. જેમ કે ફર્માને ઈલાહી છે :–

يَوْمَ يَأْتِيْ بَعْضُ اٰيَاتِ رَبِّكَ لَايَنْفَعُ نَفْسًا اِيْمَانُهَا ''જે દિવસે તારા રબની અમુક નિશાનીઓ આવશે, કોઈને તેનું ઈમાન લાભ આપશે નહીં જે તેનાથી પહેલાં ઈમાન ન લાવ્યો હતો.'' *(પારા : ૮, સૂ. અન્આમ, આ. : ૧૫૮)* *(અત્તરગીબ વત્તરહીબ : ૪/૪૫, અલ્મોઅજમુજમુલ કબીર લિત્તબરાની : ૮/૫૯)*

એવું કહેવામાં આવ્યું છે કે આ રિવાયત અને પહેલાંની રિવાયત

મરફૂઅ હોવાની સ્પષ્ટતા નથી મળતી, જેમ કે બયહકીએ તેની તસ્રીહ (સ્પષ્ટતા) કરી છે. જેનો જવાબ એ છે કે આવી વાતો આપણી બુદ્ધિ કે સમજ વડે નથી કહેવામાં આવતી જેથી આ હદીષ મરફૂઅના હુકમમાં ગણાશે.

તિબ્રાનીએ જય્યદ સનદથી નકલ કર્યું છે કે જન્નતના આઠ દરવાજા છે, તેમાંથી સાત દરવાજા બંધ છે અને એક દરવાજો તૌબાના માટે ખુલ્લો છે ત્યાં સુધી કે સૂરજ પશ્ચિમમાંથી ઉગશે. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૦/૨૦૬, કન્ઝુલ ઉમ્માલ, ૪/૨૧૧, અત્તરગીબ વત્તહીબ, ૪/૪૫)*

ઈબ્ને માજહ્એ જય્યદ સનદથી એ હદીષ રિવાયત કરી છે કે, **તમે જો એટલા ગુનાહ કરો કે તમારા ગુનાહો આસ્માન સુધી પહોંચી જાય, પછી તમે તૌબા કરી લો તો અલ્લાહ તઆલા તમારી તૌબા કબૂલ ફર્માવશે.** *(સુનને ઈબ્ને માજહ, પેજ : ૩૧૩, અત્તરગીબ વત્તરહીબ, ૪/૪૬, કન્ઝુલ ઉમ્માલ, ૪/૨૧૫)*

હાકિમની સહીહ રિવાયત છે કે, આ વાત માણસની સદનસીબીની નિશાની છે કે તેની જિંદગી લાંબી હોય અને અલ્લાહ તઆલા તેને તૌબાની તૌફીક અતા ફર્માવે. *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૨૬૮, મુસ્નદે અહમદ બિન હંબલ, ૪/૨૮૫, કન્ઝુલ ઉમ્માલ, ૪/૨૧૨, અત્તરગીબ વત્તરહીબ, ૪/૪૬)*

તિર્મિઝી, ઈબ્ને માજહ્ તથા હાકિમની રિવાયત છે કે દરેક ઈન્સાન ખતાકાર છે, અને બેહતરીન ખતાકાર તૌબા કરવાવળો છે. *(સુનને ઈબ્ને માજહ, પેજ : ૩૧૩, કન્ઝુલ ઉમ્માલ, ૪/૨૧૫, મુસ્નદે અહમદ બિન હંબલ, ૪/૪૫)*

## ★ એક ખતાકાર અને તેની માફી ★

બુખારી તથા મુસ્લિમની હદીષ છે કે એક બંદાએ ગુનોહ કર્યો. પછી અલ્લાહની બારગાહમાં અર્ઝ કરી, હે અલ્લાહ ! મેં ઘણો જ મોટો ગુનોહ કર્યો છે ! મારો ગુનોહ માફ કરી દે ! રબ તઆલાએ ફર્માવ્યું, મારો બંદો જાણે છે કે, તેનો ખુદા છે જે ગુનાહો પર પૂછતાછ (પકડ) કરે છે અને ગુનાહોને માફ કરે છે, જેથી તેનો ગુનોહ માફ કરી આપ્યો. પછી તે માણસ જેટલો સમય અલ્લાહે ચાહ્યું ગુનાહોથી બચેલો રહ્યો. ફરી તેણે બીજો ગુનોહ

કરી લીધો અને કહ્યું, હે અલ્લાહ ! મેં ફરી ગુનોહ કરી નાખ્યો ! તેને માફ કરી દે ! ત્યારે રબ્બે જલીલે ફર્માવ્યું, મારો બંદો જાણે છે કે તેનો ખુદા ગુનાહોને બખ્શી આપે છે અને ગુનાહોના કારણે પકડી લે છે, જેથી અલ્લાહે તેનો ગુનોહ માફ કરી આપ્યો. પછી જેટલા દિવસ અલ્લાહે ચાહ્યું તે ગુનાહોથી રોકાએલો રહ્યો ત્યાં સુધી કે તેણે ફરી ગુનોહ કરી નાખ્યો અને અર્ઝ કરી, હે અલ્લાહ ! મેં ફરી ગુનોહ કર્યો છે ! મારા આ ગુનાહને માફ કરી આપ ! રબ તઆલાએ ફર્માવ્યું, મારો બંદો જાણે છે કે તેનો ખુદા ગુનાહોને માફ ફર્માવી આપે છે અને તેના માટે પકડ પણ કરે છે, જેના સબબે તેના ગુનાહોને માફ કરી દેવામાં આવે છે. અને રબ તઆલા ફર્માવે છે મેં મારા બંદાને બખ્શી આપ્યો, તે જે ચાહે અમલ કરે. *(સહીહ બુખારી, ૨/૧૧૧૯, સહીહ મુસ્લિમ, ૨/૩૫૭, સહીહ ઈબ્ને હબ્બાન, ૨/૧૧, કન્ઝુલ ઉમ્માલ, ૪/૨૦૭)*

મુન્ઝરી رحمۃ اللہ علیہનું કથન છે, "જે ચાહે અમલ કરે"નો મતલબ એ છે કે અલ્લાહ અલીમ તથા ખબીર છે, તેને ઈલ્મ છે કે જ્યારે પણ મારો આ બંદો ગુનોહ કરશે તો તરત જ તૌબા કરી લેશે અને તેની દલીલ એ છે કે તે જેવો ગુનોહ કરે છે તેવો જ તૌબા કરી લે અને જ્યારે તેનો એ તરીકો હોય કે ગુનોહ કરતાં જ દિલની ગહરાઈથી તૌબા કરી લે તો એવી સ્થિતિમાં એવા ગુનાહ નુકસાન નહીં કરે. એનો અર્થ એ નથી કે તે **જીભથી તૌબા કરે પણ દિલથી ગુનાહોથી નફરત પ્રદર્શિત ન કરે અને વાંરવાર ગુનાહ કરવા મંડી પડે ! કેમ કે એ જૂઠાઓની તૌબા છે.**

મુહદ્દિષોની એક જમાઅતે એ સહીહ રિવાયત નકલ કરી છે કે મો'મિન જ્યારે કોઈ ગુનોહ કરે છે તો તેના દિલ પર એક કાળુ ટપકુ પડી જાય છે. જો તે તૌબા કરી લે, ગુનાહોથી રોકાઈ જાય અને ઈસ્તિગફાર કરે તો તે ટપકુ સાફ થઈ જાય છે, અને જો તે ગુનાહ કરતો રહે છે તો તેનું દિલ કાળાં ટપકાંઓમાં છુપાઈ જાય છે. તેનું વર્ણન અલ્લાહ તઆલાએ મુકદ્દસ કિતાબમાં ફર્માવ્યું છે. ઈર્શાદે રબ્બાની છે :–

كَلَّا بَلْ رَانَ عَلٰى قُلُوْبِهِمْ مَّا كَانُوْا يَكْسِبُوْنَ "હરગિઝ નહીં એ, બલ્કે તેમનાં દિલો પર તેમના અમલોએ કાટ ચઢાવી દીધો છે." *(પારા : ૩૦, સૂ. મતફ્ફિફીન, આ. : ૧૪) (સુનને ઈબ્ને માજહ, પેજ : ૩૧૩, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૫૭૫, કન્ઝુલ ઉમ્માલ, ૪/૨૧૦, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૨/૫૬૨)*

તિર્મિઝીની રિવાયત છે કે, "અલ્લાહ તઆલા બંદાની તૌબા કબૂલ ફર્માવે છે જ્યાં સુધી કે તેની રૂહ ગળા સુધી ન પહોંચી જાય." *(સહીહ ઈબ્ને હબ્બાન, ૨/૧૫, અત્તરગીબ વત્તરહીબ, ૪/૪૮)*

## ★ રસૂલે અકરમ ﷺની હઝરત મઆઝને નસીહત ★

તિબ્રાની અને બયહકીએ હઝરત મઆઝ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે હુઝૂર ﷺએ મારો હાથ પકડયો અને થોડેક દૂર ચાલ્યા બાદ ફર્માવ્યું, હે મુઆઝ ! હું તને અલ્લાહથી ડરવાની, સાચી વાત કરવાની, વાયદો પૂરો કરવાની, અમાનતની અદાયગીની, ખયાનતથી બચવાની, યતીમ પર રહમ કરવાની, પડોશીની હિફાઝતની, ગુસ્સાને અંકુશમાં રાખવાની, નમ્ર વાણી, અધિક સલામ કરવાની, હાકિમની ફર્માંબરદારીની, કુર્આનમાં ચિંતન મનનની, આખેરતને મહબૂબ રાખવાની, હિસાબથી ડરવાની, થોડી ઉમ્મીદો અને બેહતરીન અમલની વસિયત કરું છું, અને મુસલમાનોને ગાળ આપવાથી, જૂઠુ સમર્થન કરવાથી, સાચાને જૂઠલાવવાથી, ન્યાયી હાકિમની નાફર્માની કરવાથી અને જમીન ફિત્ના ફસાદ (લડાઈ, ઝઘડા) ફેલાવવાથી તને રોકુ છું. હે મઆઝ ! અલ્લાહ તઆલાનો દરેક ઝાડ અને પથ્થરની પાસે ઝિક્ર કર અને દરેક છુપા ગુનાહની છુપી રીતે તૌબા કર અને દરેક જાહેરી ગુનાહની જાહેરમાં તૌબા કર ! *(અલ્મોઅજમુલ કબીર, લિત્તબરાની, ૨૦/૧૯૫, અત્તરગીબ વત્તરહીબ, ૪/૫૪)*

## ★ તૌબા કરનારનો ગુનોહ દરેક જગાએ મિટાવી દેવામાં આવે છે ★

અસ્બહાનીની રિવાયત છે કે જ્યારે બંદો પોતાના ગુનાહોથી તૌબા કરી લે છે તો અલ્લાહ તઆલા તેના રક્ષક ફરિશ્તાઓને, તેના શરીરના અંગોને અને જમીનના તે ટુકડાને જેના પર તેણે ગુનોહ કર્યો છે, (દરેક સ્થળેથી) તે બંદાના ગુનાહને મિટાવી દે છે, એટલે સુધી કે તે કિયામતમાં અલ્લાહ તઆલાની બારગાહમાં રજૂ થશે અને તેના ગુનાહોની કોઈ ગવાહી આપનાર હશે નહીં. *(અત્તરગીબ વત્તરહીબ, ૪/૪૮, કન્ઝુલ ઉમ્માલ, ૪/૨૦૯)* અસ્બહાનીની એક રિવાયત છે કે ગુનાહો પર શર્મિંદો થનાર અલ્લાહ

તઆલાની રહમતનો ઈન્તેઝાર કરનાર હોય છે અને ઘમંડી અલ્લાહ તઆલાની નારાજગીની રાહ જોનાર હોય છે. હે અલ્લાહના બંદાઓ ! જાણી લો કે દરેક અમલ કરનારો પોતાના અમલને પામશે અને દુનિયાથી જશે નહીં ત્યાં સુધી કે તે પોતાના સારા તથા બુરા અમલોને જોઈ લેશે. અને અમલોનો દારોમદાર તેના ખાત્મા પર છે, અને રાત દિવસ તમારી સવારીઓ છે તેના પર સવાર થઈને આખેરતની તરફ સારી સફર કરો, તૌબામાં મોડુ કરવાથી બચો, કેમ કે મૌત અચાનક આવે છે ! તમારામાંનો કોઈ અલ્લાહના હુકમને કારણે સુસ્ત ન થઈ જાય કેમ કે આગ તમારાથી તમારા પગરખાંઓ કરતાં પણ નજીક છે. પછી હુઝૂર ﷺએ આયત પઢી :–

فَمَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ خَيْرًا يَّرَهٗ وَمَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ شَرًّا يَّرَهٗ

**તર્જુમો** : "તો જે કોઈ રજકણ જેટલી પણ નેકી કરશે તેને જોશે અને જે કોઈ રજકણ બરાબર ગુનોહ કરશે તેને જોશે." *(પારા : ૩૦, સૂ. મિલઝાબ, આ. : ૭–૮) (અત્તરગીબ વત્તરહીબ, ૪/૪૮, અલ્કામિલ ફી દુઆઉર્રિજાલ, ૮/૧૮૦)*

તિબ્રાની એ હદીષ નકલ કરે છે કે ગુનાહોથી તૌબા કરનાર એ શખ્સની જેમ છે જેનો કોઈ ગુનોહ ન હોય. *(સુનને ઈબ્ને માજહ, ૩૧૩, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૦/૧૫૦, કન્ઝુલ ઉમ્માલ, ૪/૨૦૭, સુનને કુબરા લિલ્બયહકી, ૧૦/૨૫૯)*

બયહકીએ આ હદીષ એક બીજા તરીકાથી રજૂ કરી છે, એમાં આ શબ્દ અધિક છે, ગુનાહોથી ઈસ્તિગફાર કરનાર જે સતત ગુનાહ પણ કર્યે જાય છે તે એવો છે જાણે કે રબ તઆલાથી મઝાક કરી રહ્યો છે. *(અત્તરગીબ વત્તરહીબ, ૪/૪૯, કન્ઝુલ ઉમ્માલ, ૪/૨૦૮)*

સહીહ ઈબ્ને હબ્બાન અને હાકિમની રિવાયત છે કે ગુનાહો પર શર્મિંદા થવું તૌબા છે, એટલે કે શર્મિંદગી તૌબાનું મહત્વનું અંગ છે જેમ કે હજ્જમાં વકૂફે અરફાત (અરફાતમાં રોકાણ). *(સુનને ઈબ્ને માજહ,પેજ : ૩૧૩, અલ્મોઅજમુસ્સગીર લિત્તબરાની, ૧/૬૯, સહીહ ઈબ્ને હબ્બાન, ૨/૬, કન્ઝુલ ઉમ્માલ, ૪/૩૩૨, અસ્સુનનુલ કુબરા લિલ બયહકી, ૧૦/૨૫૯, અલ્મોઅજમુલ કબીર લિત્તરબાની, ૨૨/૩૦૬, અલ્મુસ્દરક અલસ્સહીહૈન, ૪/૨૭૨)*

તૌબાના માટે જરૂરી છે કે તે કેવળ ગુનાહોનું ખરાબ હોવું (સમજીને) અને અલ્લાહ તઆલાના અઝાબથી ડરતા રહીને કરવામાં આવે. પોતાની બેઈજ્જતીના ડરથી અથવા રૂપિયા પૈસા વેડફાઈ જવાને કારણે ન હોય.

હાકિમે સહીહ સનદ સાથે આ હદીષ નકલ કરી છે પરંતુ એમાં એક રાવી છૂટેલો છે, કે **અલ્લાહ તઆલા કોઈ બંદાઓનું ગુનાહો પર પસ્તાવાને તથા શરમાવાને જુએ છે તો તેને બખ્શિશ માંગતા પહેલાં બખ્શી આપે છે.** *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૨૮૨, કન્ઝુલ ઉમ્માલ, ૪/૨૧૬)*

મુસ્લિમ વગેરેની હદીષ છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, તે જાતની કસમ જેની કુદરતના તાબા હેઠળ મારી જાન છે ! જો તમે ગુનાહ કરો અને માફી તલબ ન કરો તો અલ્લાહ તઆલા તમને નાબૂદ કરી આપે અને તમારા બદલામાં એવી કૌમને લાવે જે ગુનાહ કરે અને અલ્લાહથી બખ્શિશ તલબ કરે પછી અલ્લાહ તઆલા તેમને માફ ફર્માવી આપે. *(સહીહ મુસ્લિમ, ૨/૩૫૫, કન્ઝુલ ઉમ્માલ, ૪/૨૧૬, સહીહ ઈબ્ને હબ્બાન, ૧/૩૦૪)*

મુસ્લિમની હદીષ છે, કોઈ એવો નથી જેને અલ્લાહ તઆલા કરતાં પોતાની તારીફ અધિક પસંદ હોય એટલા માટે અલ્લાહ તઆલાએ પોતાની તારીફ ફર્માવી છે અને કોઈ પણ અલ્લાહ તઆલા કરતાં ઈજ્જતદાર નથી એટલા માટે અલ્લાહ તઆલાએ બદ્કારીઓને હરામ કરી દીધી છે અને કોઈ એક એવો નથી જે અલ્લાહ તઆલાથી અધિક ઉઝ્ર પસંદ કરનારો હોય એટલા માટે અલ્લાહ તઆલાએ કિતાબો નાઝિલ કરી અને રસૂલોને મોકલ્યા. *(સહીહ મુસ્લિમ, ૨/૬૮, અત્તરગીબ વત્તરહીબ, ૪/૪૯)*

## ★ એક વ્યભિચારણીની તૌબા ★

મુસ્લિમની રિવાયત છે કે એક ઔરત "જહીના" જે વ્યભિચારથી સગર્ભા બની હતી. તેણી હુઝૂર ﷺની ખિદમતમાં આવી અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું હદ (શિક્ષા)ને પાત્ર છું મારા પર હદ લાગુ ફર્માવો ! હુઝૂર ﷺએ તેના વાલીને બોલાવીને ફર્માવ્યું કે તેણીની સાથે સદ્વર્તાવ કરજો અને જ્યારે તેને બાળક પેદા થઈ જાય તો તેણીને મારી પાસે લઈ

આવજો. જેથી તે શખ્સે એ જ પ્રમાણે કર્યું અને હુઝૂર ﷺએ હુકમ ફર્માવ્યો કે, આ સ્ત્રીનાં કપડાં સારી રીતે બાંધી દેવામાં આવે. પછી આપે તેણીને સંગસાર કરવાનો હુકમ આપ્યો અને બાદમાં આપે તેણીની નમાઝે જનાઝા પઢાવી.

હઝરત ઉમર رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપે તે ઝાનિયહ્ (વ્યભિચારણી)ની નમાઝે જનાઝા પઢાવી ?! આપે ફર્માવ્યું, તેણીએ એવી તૌબા કરી છે કે જો તે મદીનાના સિત્તેર (૭૦) માણસોમાં વહેંચી દેવામાં આવે તો સૌને પૂર્ણ થઈ રહે. શું તમે કોઈ તેણી કરતાં અફઝલ શખ્સ જોયો છે કે તેણી જાતે પોતાને અલ્લાહની હદોને લાગુ પાડવાના માટે લઈ આવી છે. *(સહીહ મુસ્લિમ, ૨/૬૮, અત્તરગીબ વત્તરહીબ, ૪/૪૯)*

## ★ હવેથી કદાપિ ગુનાહ કરીશ નહીં ! ★

તિર્મિઝીએ હસન સહીહ સનદ સાથે ઈબ્ને હબ્બાન અને સહીહ સનદ સાથે હાકિમે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી છે. તેમણે કહ્યું, હું હુઝૂર ﷺની વાતચીત સાંભળતો હતો, આપ એક કે બે વાર (અને તેમણે સાત વાર ગણ્યું)થી અધિક કોઈ વાતને દોહરાવ્યા કરતા ન હતા. પણ આ વાત મેં આપનાથી એનાથીયે અધિક વાર સાંભળી છે. આપ ફર્માવતા હતા કે બની ઈસ્રાઈલમાં એક કફલ નામનો શખ્સ હતો તે ગુનાહોથી બચતો ન હતો. એકવાર તે એક સ્ત્રીની પાસે ગયો અને તેણીને ૬૦ દીનાર આપીને ગુનાહ માટે રાજી કરી લીધી. તો જ્યારે તે ગુનાહને અંતિમ હદે પહોંચવા આવ્યો તો તે સ્ત્રી કાંપવા લાગી અને રડવા લાગી. તેણે સ્ત્રીને કહ્યું કે શું હું તને પસંદ નથી પડતો ? તેણી બોલી, નહીં ! બલ્કે વાત એમ છે કે મેં આવો ગુનોહ કદાપિ નથી કર્યો, અને આજે હું કાંઈક જરૂરતથી મજબૂર થઈને આ કરી રહી છું. તેણે આ વાત સાંભળીને કહ્યું, ખરેખર તેં આ હાલતમાં પણ આવી બુરાઈ નથી કરી ! આ દીનાર લઈ જા ! મેં તને બખ્શિશ પેટે આપ્યા અને ખુદાની કસમ ! હું હવેથી કદાપિ ગુનાહ કરીશ નહીં ! પછી તે એ જ રાત્રે મૃત્યુ પામ્યો. સવારે તેના દરવાજા પર લખેલ હતું કે અલ્લાહ તઆલાએ કફલને બખ્શી આપ્યો છે. *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૨૮૩, અત્તરગીબ વત્તરહીબ, ૪/૫૦, કન્ઝુલ ઉમ્માલ, ૪/૨૪૨)*

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી સહીહ હદીષ રિવાયત થયેલ છે. હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, બે વસ્તીઓ હતી એક નેક લોકોની અને બીજી બુરા લોકોની. એકવાર બુરાઓની વસ્તીમાંથી નીકળીને એક માણસ નેક લોકોની વસ્તીમાં જવાના ઈરાદે નીકળ્યો, પણ માર્ગમાં અલ્લાહનું કરવું ને તેની મૌત આવી ગઈ જેથી તે શખ્સના બારામાં શૈતાન અને રહમતના ફરિશ્તા વચ્ચે ઝઘડો થઈ ગયો. શૈતાન બોલ્યો, તેણે કદાપિ મારી નાફર્માની નથી કરી ! જેથી એ મારો છે. રહમતના ફરિશ્તાએ કહ્યું કે એ તો તૌબાના ઈરાદાથી જઈ રહ્યો હતો. અલ્લાહ તઆલાએ ફેંસલો ફર્માવ્યો કે તમે જુઓ કે કઈ વસ્તીથી અધિક નજીક છે ? તો તેમણે વેંત જેટલો નેકીઓની વસ્તી તરફ નજીક પામ્યો. મુઅમરની રિવાયત છે કે મેં કહેવાવાળાથી સાંભળ્યું છે કે અલ્લાહ તઆલાએ નેક લોકોની વસ્તીને તેની નજીક કરી આપી. *(સુનને ઈબ્ને માજહ, પેજ : ૧૮૮, અત્તરગીબ વત્તરહીબ, ૪/૫૦)*

## ★ ખૂની તૌબાના ઈરાદાના કારણે નજાત પામી ગયો ★

બુખારી તથા મુસ્લિમની હદીષ છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, તમારાથી પહેલાંના લોકોમાંથી એક શખ્સ હતો જેણે ૯૯ ખૂનો કર્યાં હતાં. તેણે દુનિયાના સૌથી મોટા આલિમ વિશે પૂછતાછ કરી તે લોકોએ તેને એક રાહિબ(પાદરી)નું સરનામુ આપ્યું. જેથી તે રાહિબ પાસે આવ્યો અને કહ્યું, મેં ૯૯ ખૂનો કર્યાં છે તો શું મારી તૌબા કબૂલ થઈ શકે છે ? રાહિબ બોલ્યો, નહીં ! અને તે માણસે રાહિબને પણ કત્લ કરીને ૧૦૦ ખૂનો પૂરાં કરી લીધાં. પછી તેણે ફરીથી દુનિયાના સૌથી મોટા આલિમની તલાશ શરૂ કરી તો તેને એક આલિમની ભાળ મળી ગઈ. તે આલિમની પાસે ગયો અને કહ્યું કે તેણે સો ખૂનો કર્યાં છે તો શું તેના માટે તૌબા શક્ય છે ? આલિમે કહ્યું, હા ! તારા અને તારી તૌબાની વચ્ચે કોણ આડ બની શકે છે ?! ફલાણી ફલાણી જગ્યાએ જા અને ત્યાં અલ્લાહ તઆલાના નેક ઈબાદતગુઝાર લોકો રહે છે તો તું પણ ત્યાં જઈને તેમની સાથે ઈબાદત કર અને ફરી તારા વતન પાછો ન ફરતો કેમ કે એ ઘણી જ બુરી જગા છે.

જેથી તે માણસ તે રસ્તે ચાલી નીકળ્યો. જ્યારે તે અડધા રસ્તે પહોંચ્યો તો તેનું મૃત્યુ થઈ ગયું. જેથી તેના વિશે રહમત તથા અઝાબના ફરિશ્તાઓનો

આપસમાં ઝઘડો થઈ ગયો. રહમતના ફરિશ્તાઓએ કહ્યું, તે તૌબા કરીને પોતાનું દિલ ખુદાની રહમત પ્રતિ લગાડીને આવી રહ્યો હતો. અઝાબના ફરિશ્તાઓએ કહ્યું, તેણે કદાપિ કોઈ નેકી નથી કરી. ત્યારે તેમની પાસે માણસના રૂપમાં એક ફરિશ્તો આવ્યો જેને તેમણે પોતાનો હુકમ (ફેંસલો) સ્વીકારી લીધો. તે ફરિશ્તાએ કહ્યું કે તમે જમીન માપી લો તે જે વસ્તીની નજીક હોય તેઓમાં ગણવામાં આવશે. જેથી તેમણે જમીન માપી અને તે નેક લોકોની વસ્તીની નજીક નીકળ્યો જેથી તેને રહમતના ફરિશ્તા લઈ ગયા.

એક રિવાયતમાં છે કે તે એક વેંત નેક લોકોની વસ્તીની નજીક હતો જેથી તેને પણ નેક લોકોમાં કરી દેવામાં આવ્યો. બીજી રિવાયત છે કે અલ્લાહ તઆલાએ બુરાઓની વસ્તીની જમીન પ્રતિ વહી કરી તેને કહ્યું, દૂર થઈ જા ! અને નેક લોકોની વસ્તીની જમીનને કહ્યું, તું નજીક થઈ જા ! અને ફર્માવ્યું, આ વસ્તીઓનું અંતર માપો ! તો ફરિશ્તાઓએ તેને એક વેંત જેટલો નેક લોકોની વસ્તીની નજીક પામ્યો અને તેને બખ્શી દેવામાં આવ્યો.

જનાબ કતાદા رضی اللہ عنہનો કૌલ છે કે હસન رضی اللہ عنہએ અમને એ જણાવ્યું હતું કે જ્યારે ઈઝરાઈલ علیہ السلام આવ્યા તો તે શખ્સે પોતાનો સીનો નેકોની તરફ કરી આપ્યો. *(સહીહ બુખારી, ૪/૪૯૩, સહીહ મુસ્લિમ, ૨/૩૫૯, સુનને ઈબ્ને માજહ, પેજ : ૧૮૮, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૪૮૫, સહીહ ઈબ્ને હબ્બાન, ૨/૫, કન્ઝુલ ઉમ્માલ, ૪/૨૨૯, અત્તરગીબ વત્તરહીબ, ૪/૫૦)*

તિબ્રાનીએ જય્યદ સનદની સાથે એ રિવાયત નકલ કરી છે કે એક માણસે ખૂબ જ અધિક પ્રમાણમાં ગુનાહ કર્યા અને તે એક શખ્સની પાસે આવ્યો અને કહ્યું, મેં ૯૯ નિર્દોષોને મારી નાખ્યા છે તો શું તમે મારા માટે તૌબાનો કોઈ માર્ગ જુઓ છો ? તે માણસે કહ્યું, નહીં ! જેથી તે માણસે તેને પણ મારી નાખ્યો અને બીજા માણસને કહ્યું, મેં ૧૦૦ નિર્દોષોને મારી નાખ્યા છે તો શું મારા માટે તૌબાનો કોઈ તરીકો છે ? તેણે કહ્યું, જો હું એવું કહું કે અલ્લાહ તઆલા તૌબા કરવાવાળાઓની તૌબા કબૂલ નથી કરતો, તો એ સરાસર જૂઠુ છે. જુઓ ફલાણા સ્થળે એક ઈબાદતગુઝાર જમાઅત રહે છે તો તમે પણ ત્યાં જાવ અને તેમની સાથે રહીને ઈબાદત કરો. જેથી તે તેમની તરફ ચાલી નીકળ્યો અને રસ્તામાં જ તેનું મૃત્યુ થઈ ગયું. તેના માટે અઝાબ

તથા રહમતના ફરિશ્તાઓએ ઝઘડો કર્યો. અલ્લાહ તઆલાએ તેમની પાસે ફરિશ્તો મોકલ્યો જેણે કહ્યું કે, તમે આ બંને જગાઓની જમીન માપી લો, એ જે જમીનથી નજીક હશે તેમાંનો થશે. જ્યારે જમીન માપવામાં આવી તો કીડી જેટલી નેક લોકોની તરફ નીકળી જેથી તેને બખ્શી દેવામાં આવ્યો. *(કન્ઝુલ ઉમ્માલ, ૪/૨૩૦, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૯/૩૬૯, અત્તરગીબ વત્તરહીબ, ૪/૫૧)*

તિબ્રાનીની એક અન્ય રિવાયતમાં છે કે પછી તે બીજા રાહિબની પાસે આવ્યો અને કહ્યું, મેં ૧૦૦ ખૂનો કર્યા છે તો શું મારા માટે તૌબાનો કોઈ માર્ગ છે ? તેં પોતે પોતાના ઉપર ખૂબ જ જુલ્મ કર્યો છે, હું કાંઈ નથી જાણતો પરંતુ નજીકમાં જ બે વસ્તીઓ છે, એકને નસ્રા બીજીને કફરા કહેવામાં આવે છે. નસ્રાવાળા હમેશાં અલ્લાહની ઈબાદત કરતા રહે છે એમાં કોઈ ગુનેગાર નથી રહી શક્તો અને કફરાવાળા હમેશાં ગુનાહોમાં મગ્ન રહે છે. ત્યાં એમના સિવાય અન્ય કોઈ નથી રહેતુ. તો તમે નસરામાં જતા રહો જો તમે ત્યાં મક્કમતાથી રહી નેક અમલ કરતા રહેશો તો તમારી તૌબાની કબૂલિયતમાં કોઈ શંકાને સ્થાન નથી. જેથી તે નસ્રાનો ઈરાદો કરીને રવાના થઈ ગયો.

જ્યારે તે બંને વસ્તીઓની વચ્ચે પહોંચ્યો તો તેને મૌતે આવીને ઝડપી લીધો. ફરિશ્તાઓએ એ શખ્સના બારામાં અલ્લાહ તઆલાથી સવાલ કર્યો તો રબ્બે જલીલે ફર્માવ્યું કે, જુઓ ! એ કઈ વસ્તીની નજીક છે ? જે વસ્તીની નજીક હોય તેને તે જ લોકોમાંથી લખી દો. જ્યારે ફરિશ્તાઓએ તેને કીડીના બરાબર નસ્રાની નજીક પામ્યો તો તેને નસ્રાવાળાઓમાંથી લખી દેવામાં આવ્યો. *(અત્તરગીબ વત્તરહીબ, ૪/૫૧)*

(પ્રકરણ : ૫૪)

# જુલ્મની મનાઈ

ફર્માને નબવી છે :– وَسَيَعْلَمُ الَّذِيْنَ ظَلَمُوْا اَىَّ مُنْقَلَبٍ يَّنْقَلِبُوْنَ

**તર્જુમો** : "અને નજીકમાં જ જાલિમ જાણી લેશે કે કઈ ફેરવવાની જગાએ (પાછા) ફેરવવામાં આવશે." *(પારા : ૧૯, સૂ. શુઅરા, આ. : ૨૨૭)*

ફર્માને નબવી છે કે જુલ્મ કિયામતના દિવસે અંધકાર હશે. *(સહીહ બુખારી, ૧/૩૩૧, સહીહ મુસ્લિમ, ૨/૩૨૦, સુનને તિર્મિઝી, ૨/૨૩, સુનનુલ કુબરા લિલ્બયહકી, ૬/૧૫૪, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૨૯૯, સુબ્લુલ હુદા વર્રશાદ, ૨/૯૭)* હુઝૂર ﷺ એ વધુમાં ફર્માવ્યું, **જે શખ્સ એક વેંત બરાબર જમીન જુલ્મ વડે મેળવી લે છે તેના ગળામાં અલ્લાહ તઆલા સાતેવ જમીનોનો તોક (હાર) નાખશે.** *(સહીહ બુખારી, ૧/૩૩૨, સહીહ મુસ્લિમ, ૨/૩૩, મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૩૦૬–૭/૯૫, સુનનુલ કુબરા, લિલબયહકી, ૬/૧૬૨, સુનનુદ્દારમી, ૨/૩, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૭/૯૨, સબબલુલ હુદા વર્રશાદ, ૯/૧૬૭, હિલ્યતુલ અવલિયા, ૧/૧૪૦, અસદુલ ગાબા ફી મઅરિફતિસ્સહાબા, ૨/૪૫૭)*

કેટલીક કિતાબોમાં નોંધાયેલ છે કે અલ્લાહ તઆલા ફર્માવે છે, "તે માણસ પર જુલ્મ મારા ગઝબને ભડકાવી દે છે જેનો મારા સિવાય કોઈ મદદગાર નથી."

કોઈ શાયરે શું સરસ કહ્યું છે :–

"જ્યારે તમે સત્તાવાળા હોઉ તો કોઈના ઉપર જુલ્મ ન કરો, કેમ કે જુલ્મનું પરિણામ શર્મિંદગી છે. તારી આંખો સૂઈ જશે પણ મઝલૂમ (જુલ્મ પામેલ)ની આંખો જાગીને તારા માટે અલ્લાહ તઆલાથી બદ્દુઆ કરશે અને અલ્લાહ તઆલા કદી સૂતો નથી.

બીજો શાયર કહે છે :–

જ્યારે મઝલૂમ (જુલ્મ પામેલ) જમીન પર ચાલે અને જાલિમ કુકર્મોમાં હદથી વધી જાય તો તું જમાનાની મુસીબતો તેને સોંપી દે કેમ કે

જમાનો તેને એ સબક આપશે જે તેના વહેમ તથા ગુમાનમાં નહીં હોય.

પૂર્વજ બુઝુર્ગોમાંથી અમુકનું કથન છે કે કમજોરો પર જુલ્મ ન કર, નહીં તો તું બદ્તરીન શક્તિશાળીઓમાંથી થઈ જઈશ.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہનો કૌલ છે કે જાલિમના જુલ્મના કારણે બટેર (તેતર જેવું પક્ષી) પોતાના આશિયાનામાં મરી જાય છે.

કહેવાય છે કે તૌરાતમાં લખેલુ હતું કે પુલસિરાતની આ તરફ મુનાદી (પોકારનાર) નિદા કરશે, હે સરકશ જાલિમો ! હે બદ્બખ્ત જાલિમો ! બેશક ! અલ્લાહ તઆલાએ પોતાની ઈજ્જતની કસમ ફર્માવી છે કે આજે જાલિમનો જુલ્મ પુલસિરાત પરથી પસાર થશે નહીં. (જાલિમો પુલસિરાત પાર કરી શકશે નહીં.)

હઝરત જાબિર رضی اللہ عنہથી મરવી છે કે જ્યારે હબ્શાના મુહાજિરો હુઝૂર صلی اللہ علیہ وسلمની સેવામાં પાછા આવી ગયા તો આપે તેમને ફર્માવ્યું કે તમે હબ્શામાં કોઈ વિચિત્ર વાત જોઈ હોય તો મને જણાવો. હઝરતે કતીબા رضی اللہ عنہ એ જ મુહાજિરોમાંથી હતા તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મારી તરફ તવજ્જોહ ફર્માવો, હું જણાવુ છું. અમે એક દિવસે બેઠેલા હતા એવામાં એક વૃદ્ધા સ્ત્રી માથા પર પાણીનું વાસણ લઈને જઈ રહી હતી. જ્યારે તે એક હબ્શી યુવાનની પાસેથી પસાર થઈ તો તેણે ઊભા થઈને વૃદ્ધાના બંને ખભાઓ પર હાથ મૂકીને તેણીને ધક્કો માર્યો જેથી વૃદ્ધ ગુથણોભેર ગબડી પડી અને તેનું માટલુ ફૂટી ગયું. તે ઉઠી અને યુવાનની તરફ ફરીને કહેવા લાગી, હે ! ગદ્દાર ! તું નજીકમાં જ જાણી લઈશ જ્યારે કે અલ્લાહ તઆલા અદાલત ફર્માવશે અને આગલા પાછલા સર્વ લોકોને એકત્ર કરશે અને હાથ પગો માણસના અમલોની ગવાહી આપશે. અલ્લાહને ત્યાં તું પણ તારો અને મારો ફેંસલો કાલે સાંભળી લઈશ. રિવાયત કરનાર કહે છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ આ સાંભળીને ફર્માવ્યું કે અલ્લાહ તઆલા એવી કોમને કેવી રીતે ભલાઈ આપશે જે શક્તિશાળીઓ પાસેથી કમજોરોને બદલો નથી અપાવી શકતી.

હુઝૂર صلی اللہ علیہ وسلمથી રિવાયત છે. આપે ફર્માવ્યું, પાંચ માણસો એવા છે જેના પર અલ્લાહ તઆલા ગઝબનાક થાય છે, તે જો ચાહશે તો દુનિયામાં

તેમને પોતાના ગઝબનો નિશાનો બનાવશે નહીં તો (આખેરતમાં) તેમને જહન્નમમાં નાખશે. કૌમના હાકિમ ખૂદ તો લોકો પાસેથી પોતાના હક્કો લઈ લે છે પણ તેમને તેમના હક્કો નથી આપતા અને તેમનાથી જુલ્મને દૂર નથી કરતા.

કૌમનો લીડર જેને લોકો અનુસરે છે અને તે શક્તિવાન અને કમજોરની વચ્ચે ફેંસલો નથી કરી શક્તો અને નફ્સની ઈચ્છાઓ પ્રમાણે વાત કરે છે.

ઘરનો આગેવાન જે પોતાનાં ઘરવાળાંઓ અને ઔલાદને અલ્લાહની ફર્માબરદારીનો હુકમ નથી આપતો અને તેમને દીની બાબતોની તા'લીમ નથી આપતો.

એવો માણસ જે મજૂરીએ મજૂર લાવે છે અને કામ પૂરું કરાવીને તેની પૂરી મજૂરી નથી આપતો અને તે માણસ જે પોતાની પત્નીની મહેરનો હક્ક દબાવીને તેના પર જુલ્મ કરે છે.

## ★ એક વૃદ્ધા પર જુલ્મના કારણે તબાહી ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ رضی اللہ عنہથી રિવાયત છે. આપે ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ જ્યારે મખ્લૂકને પેદા ફર્માવી અને તેઓ ઊભા થઈ ગયા તો તેમણે અલ્લાહની તરફ માથુ ઉઠાવીને જોયું અને કહ્યું, હે અલ્લાહ ! તું કોની સાથે હશે ? રબ્બે જલીલે ફર્માવ્યું, મઝલૂમ (જુલ્મ પામેલા)ની સાથે ત્યાં સુધી કે તેને તેનો હક્ક આપવામાં આવે.

વહબ ઈબ્ને મુનબ્બિહ رضی اللہ عنہ કહે છે કે, કોઈ જાલિમ બાદશાહે શાનદાર મહેલ બનાવ્યો. એક મુફલિસ વૃદ્ધા આવી અને તેણીએ મહેલની બાજુમાં પોતાની ઝુપડી બનાવી લીધી જેમાં તે સુકૂનથી રહેતી હતી. એકવાર જાલિમ બાદશાહે સવાર થઈને મહેલની આસપાસ ચક્કર લગાડયો તો તેને વૃદ્ધાની ઝુપડી જોવા મળી. તેણે પૂછયું, આ કોની છે ? કહેવામાં આવ્યું કે એક વૃદ્ધા છે તે એમાં રહે છે. તો તેણે હુકમ આપ્યો કે એને તોડી નાખો ! જેથી તેને તોડી નાખવામાં આવી. જ્યારે વૃદ્ધા ડોશી પાછી આવી તો તેણે પોતાની તોડી પાડેલી ઝુપડી જોઈને પૂછયું કે એને કોણે તોડી પાડી છે ? લોકોએ કહ્યું, બાદશાહે જોઈ અને તોડી પાડી. ત્યારે વૃદ્ધા આસ્માન તરફ

માથુ ઉઠાવીને બોલી, હે અલ્લાહ ! જો હુ ંહાજર ન હતી તો તુ ક્યાં હતો ? અલ્લાહ તઆલાએ જિબ્રઈલ علیہ السلامને હુકમ આપ્યો, મહેલને તેના રહેવાવાળાઓ ઉપર પલટાવી દો ! અને એવું જ કરવામાં આવ્યું.

કહે છે કે એક બરમક્કી અમીર તથા તેના પુત્રને જ્યારે એક અબ્બાસી અમીરુલ મો'મિનીને કૈદ કરી દીધો તો બેટાએ કહ્યું, હે અબ્બાજાન ! આપણે ઈજ્જતવાન હોવા છતાં કૈદ કરી દેવામાં આવ્યા છીએ ?! બાપે કહ્યું, બેટા ! મઝલૂમોની ફરિયાદ રાત્રે સફર કરે છે, આપણે ભલે તેનાથી ગાફિલ છીએ પણ અલ્લાહ તઆલા તેમનાથી ગાફેલ નથી.

યઝીદ ઈબ્ને હકીમ કહ્યા કરતા હતા, હું કદી કોઈનાથી ડર્યો નથી, અલ્બત્ત મને એક શખ્સે ડરાવી દીધો. એટલે કે મેં તેના પર એ જાણતા પહેલાં જુલ્મ કર્યો કે અલ્લાહ સિવાય તેનો કોઈ મદદગાર નથી, તે મને કહેતો હતો કે મને અલ્લાહ પૂરતો છે. અલ્લાહ તારી અને મારી વચ્ચે ફૈંસલો કરશે.

હઝરત અબી અમામા رضی اللہ عنہથી રિવાયત છે. જાલિમ કિયામતના દિવસે આવશે. જયારે તે પુલસિરાત પર પહોંચશે તો તેને મઝલૂમ (જેના પર જુલ્મ કર્યો હતો તે) મળી જશે અને તે પોતાના જુલ્મને સારી રીતે ઓળખી કાઢશે. જેથી જાલિમ મઝલૂમોથી છૂટકારો પામશે નહીં ત્યાં સુધી કે જુલ્મના બદલામાં તેમની નેકીઓ લઈ લેશે, અને તેમની નેકીઓ નહીં હોય તો તેમના જુલ્મના જેટલા તેમના ગુનાહ જાલિમો પર નાખી દેશે જેથી કરીને જાલિમને જહન્નમના સૌથી નીચલા તબકામાં પહોંચાડવામાં આવશે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અનીસ رضی اللہ عنہથી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને ફર્માવતાં સાંભળ્યું છે, કિયામતના દિવસે લોકો નગ્ન શરીરે, ઉઘાડે પગે, ખત્ના વિહોણા, સિયાહ સૂરતોમાં ઉઠશે.

પછી પોકાર કરનાર (મુનાદી) પોકાર (નિદા) કરશે જેનો અવાજ એવો હશે જે દૂર તથા નજીક એક સમાન સંભળાઈ દેશે. હું બદલો આપનાર માલિક છું ! કોઈ જન્નતીના માટે મુનાસિબ નથી કે તે જન્નતમાં જાય ત્યાં

સુધી કે તેના પર કોઈ જહન્નમીની ફરિયાદ બાકી રહેતી હોય, ચાહે તે એક પથ્થર પણ કેમ ન હોય કે તેનાથી વધારે હોય. અને કોઈ જહન્નમી જહન્નમમાં જશે નહીં એ હાલતમાં કે તેના પર કોઈનો હક્ક રહેતો હોય, ચાહે તે એક પથ્થર હોય અથવા એનાથી વિશેષ હોય, અને તારો રબ કોઈ એકના ઉપર પણ જુલ્મ નહીં કરે. અમે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ એ કેવી રીતે થઈ શકશે ? જ્યારે કે અમે તો એ દિવસે નગ્ન શરીરે, ઉઘાડે પગે હોઈશું ! આપે ફર્માવ્યું, નેકીઓ અને બુરાઈઓની સાથે સંપૂર્ણ બદલો આપવામાં આવશે અને તમારો રબ કોઈ એકના પર જુલ્મ નહીં કરે. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૬૪)*

હુઝૂર ﷺ થી રિવાયત છે. જે નાહક્ક એક ચાબુક મારે છે કિયામતના દિવસે તેનો બદલો લેવામાં આવશે. *(હિલ્યતુલ અવલિયા, ૪/૪૨૦, કન્ઝુલ ઉમ્મલ, ૯/૭૪)*

**હિકાયત** : કિસ્રાએ પોતાના પુત્રના માટે એક ઉસ્તાદ નક્કી કર્યો જે તેને તા'લીમ આપતો હતો અને અદબ શીખવાડતો હતો. જ્યારે તે બાળ ક સંપૂર્ણપણે ઈલ્મથી સમૃદ્ધ થઈ ગયો તો ઉસ્તાદે બોલાવ્યો અને કશાય જુર્મ તથા કારણ વિના તેને અતિ દર્દનાક શિક્ષા આપી. તે છોકરાએ પોતાના ઉસ્તાદના આ વર્તનને ઘણુ જ બુરુ જાણ્યું અને દિલમાં તેના પ્રત્યે અદાવત પેદા થઈ ગઈ, ત્યાં સુધી કે તે યુવાન થઈ ગયો, તેનો બાપ મૃત્યુ પામ્યો અને બાપના પછી તે બાદશાહ બની ગયો. બાદશાહી સંભાળતાં જ તેણે ઉસ્તાદને બોલાવીને પૂછયું, તમે ફલાણા દિવસે કશાયે વાંક કે કારણ વિના મને એટલી દર્દનાક સજા શા માટે આપી હતી ? ઉસ્તાદે કહ્યું, હે બાદશાહ ! જ્યારે તું ઈલ્મ તથા ફઝલના કમાલ સુધી પહોંચી ગયો તો મને ખબર થઈ કે બાદશાહ પછી તું બાદશાહ બનીશ. મેં વિચાર્યું કે તને સજાનો સ્વાદ અને જુલ્મની તકલીફથી વાકેફ કરી દઉં જેથી તું ત્યાર બાદ કોઈના પર જુલ્મ ન કરે. બાદશાહે કહ્યું, અલ્લાહ તઆલા તમને જઝાએ ખૈર (સારો બદલો) આપે. અને પછી તેણે તેમનો વઝીફો નક્કી કરી આપ્યો અને તેમના ખર્ચાઓની અદાયગીનો હુકમ કરી આપ્યો.

(પ્રકરણ : ૫૫)

# યતીમો પર જુલ્મથી મનાઈ

ફર્માને ઈલાહી છે :–

اِنَّ الَّذِيْنَ يَاْكُلُوْنَ اَمْوَالَ الْيَتٰمٰى ظُلْمًا اِنَّمَا يَاْكُلُوْنَ فِىْ بُطُوْنِهِمْ نَارًاؕ وَ سَيَصْلَوْنَ سَعِيْرًا

**તર્જુમો** :''બેશક ! જે લોકો નાહક્ક યતીમોનો માલ ખાય છે એ સિવાય નહીં કે તેઓ પોતાના પેટોમાં આગ ખાય છે અને અલબત્ત તેઓ જહન્નમમાં જશે.'' *(પારા : ૪, સૂ. નિસાઅ, આ. : ૧૦)*

હઝરત કતાદા رضی اللہ عنہનો કૌલ છે કે આ આયત બની ગુતફાનના એક શખ્સના હક્કમાં નાઝિલ થઈ. તે પોતાના નાના યતીમ ભત્રીજાનો વાલી (સરપરસ્ત) બન્યો અને તેનો તમામ માલ ખાઈ ગયો.

નાહક્ક અને જુલ્મથી એ આશય છે કે તેઓ આવુ કરવાને લીધે હકીકતમાં યતીમો પર જુલ્મ કરે છે. આ ધમકીમાં તે લોકો સામેલ નથી જેઓ ફિકહની કિતાબોમાં નીચે મુજબની શરતો પ્રમાણે તેમના માલમાં હેરફેર કરે છે અને ખાતા રહે છે.

ફર્માને ઈલાહી છે :–

وَمَنْ كَانَ غَنِيًّا فَلْيَسْتَعْفِفْ وَمَنْ كَانَ فَقِيْرًا فَلْيَاْكُلْ بِالْمَعْرُوْفِ

''અને જે માલદાર હોય તેણે જોઈએ કે તે બચે (યતીમોના માલમાંથી કાંઈ ન લે) અને જે ગરીબ હોય તેણે જોઈએ કે ઈન્સાફની સાથે ખાય.'' *(પારા : ૪, સૂ. નિસાઅ, આ. : ૦૬)*

એટલે કે તે પોતાની લાઝમી જરૂરતના પ્રમાણે લઈ લે અથવા પોતાના કામની મજૂરીના પ્રમાણે ખાય અથવા તે ઘણો જ તંગદસ્ત હોય જેથી જો બાદમાં તે માલવાળો થઈ જાય તો યતીમનો ખાધેલો માલ પાછો આપે, નહીં તો એ તેના માટે હલાલ છે.

અને અલ્લાહ તઆલાએ યતીમોના હક્કો પર તાકીદ ફર્માવીને અને

તેમનાથી વધુ પ્રમાણમાં પ્રેમભાવ રાખવાનો ઉલ્લેખ કરીને લોકોનું ધ્યાન દોર્યું છે અને આ શરૂની આયતથી આગળની આયતમાં ઈર્શાદ ફર્માવ્યો છે :

وَلْيَخْشَ الَّذِيْنَ لَوْتَرَكُوْا مِنْ خَلْفِهِمْ ذُرِيَّةً ضِعَا فًا خَافُوْا عَلَيْهِمْ فَلْيَتَّقُو اللّٰهَ وَلْيَقُوْلُوْا قَوْلًا سَدِيْدًا

"અને બેશક ! ડરે તે લોકો એ વાતથી કે જો તેઓ પોતાની પાછળ કમજોર ઔલાદ છોડી જાય, તે એના માટે ડરે અને જોઈએ કે અલ્લાહથી ડરે અને જોઈએ કે મજબૂત વાત કરે." *(પારા : ૪, સૂ. નિસાઅ, આ. : ૧૦)*

આ આયતે કરીમામાં તે લોકોના કથનોથી વિરૂધ્ધ જેઓ તેને ૧/૩થી વધુ વસીયત કરવા અને એના જેવી બીજી વાતો પર ધારણા કરે છે, આવનારી આયતથી જોડતાં એ મુરાદ છે કે જે શખ્સની સરપરસ્તીમાં યતીમ હોય તે તેની સાથે બેહતર સુલૂક કરે ત્યાં સુધી કે તેને એવી રીતે બોલાવે જેવી રીતે તે પોતાની ઔલાદને બોલાવે છે. એટલે કે તેને હે બેટા ! કહીને બોલાવે અને તેમનાથી એવી ભલાઈ, એહસાન અને નેક વર્તાવ કરે અને એના માલને એવી રીતે ખર્ચ કરે જેવી રીતે કે તે પોતાના મૃત્યુ બાદ પોતાની ઔલાદ અને પોતાના માલ સાથે સુલૂકની આરઝૂ ધરાવે છે, કેમ કે કિયામતના દિવસનો માલિક રબ્બેઝુલ જલાલ અમલો પ્રમાણે બદલો આપે છે એટલે "જેવું કરશો તેવું ભરશો." જેવી રીતે તમે બીજાઓની સાથે વર્તાવ કરશો એ જ વર્તાવ તમારી સાથે કરવામાં આવશે.

કેટલીકવાર માણસ માણસ નીડર બનીને અન્યના માલ અને ઔલાદમાં ખયાનત કરે છે અને એવામાં અચાનક મૃત્યુ તેને પકડી છે અને અલ્લાહ તઆલા તેને તેના માલ, ઔલાદ, ખાનદાન અને તમામ સંબંધોની તેવી જ જઝા (બદલો) આપે છે જેવો તેણે અન્ય લોકોની સાથે કર્યો હોય છે. જો સારો વર્તાવ કર્યો હોય છે તો સારો બદલો અને જો બુરો વર્તાવ કર્યો હોય તો બુરો બદલો મળે છે.

જેથી દરેક બુદ્ધિમાને જોઈએ કે જો તેના દિલમાં દીનનો ડર ન હોય તો પણ તેણે પોતાની ઔલદ અને માલની ખાતર ખૌફ કરવો જોઈએ અને યતીમોના માલને જે તેની સરપરસ્તીમાં છે તેને એ રીતે ખર્ચે જેવી રીતે તે પોતાની ઔલાદના માલમાં તેમના યતીમ થવાની અને સરપરસ્ત થકી ખર્ચ

કરવાની ઉમ્મીદ રાખે છે.

અલ્લાહ તઆલાએ હઝરત દાઊદ عليه السلامની તરફ વહી કરી કે, હે દાઊદ! યતીમના માટે મહેરબાન બાપની જેમ અને મુફલિસ બેવાના માટે મહેરબાન પતિની જેમ થઈ જા ! અને જાણી લે કે જેવું વાવીશ તેવુ લણીશ એટલે કે તું જેવું કરીશ તેવું તારી સાથે કરવામાં આવશે, કેમ કે છેવટે એક દિવસ મરવાનુ છે, તારી ઔલદે યતીમ અને પત્નીએ વિધવા થવાનું છે.

યતીમોનો માલ ખાવા અને તેમના જુલ્મ કરવાના સંબંધે ઘણી હદીષો સખત ચેતવણીઓ આવેલી છે. જેમ કે ઉપરોક્ત આયતમાં લોકોને આ બર્બાદ કરનાર, બેહૂદા અને ઝલીલ (નીચી) હરકતથી બચવા માટે સખત ચેતવણી કરવામાં આવી છે.

મુસ્લિમ વગેરેમાં રિવાયત છે, હુઝૂર صلى الله عليه وسلمએ ફર્માવ્યું, ''હે અબૂઝર ! હું તને કમજોર સમજુ છું અને હું તારા માટે તે જ સર્વ કાંઈ પસંદ કરું છું જે મારા માટે પસંદ કરું છું કદી બે પર હુકમરાં ન બન અને યતીમના માલને સારો ન સમજ.'' *(સહીહ મુસ્લિમ, ૨/૧૨૧, સુનને નિસાઈ, ૨/૧૩૪, સુનને અબૂ દાઊદ, ૨/૩૯૬, સુનનુલ કુબરા લિલ્બયહક઼ી, ૩/૧૮૪, સબબુલ હુદા વર્શાદ, ૧૦/૧૦૩, કન્ઝુલ ઉમ્માલ, ૬/૧૮, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૧૦૩)*

બુખારી તથા મુસ્લિમ વગેરેમાં છે. હુઝૂર صلى الله عليه وسلمએ ફર્માવ્યું છે કે સાત હલાક કરનારી વાતોથી બચો. સહાબાએ કિરામે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم તે કઈ છે ? આપે ફર્માવ્યું, અલ્લાહ સાથે ભાગીદાર બનાવવું, જાદૂ, નાહક્ક કોઈનું ખૂન, વ્યાજ ખાવું અને યતીમનો માલ ખાવો વગેરે. *(સહીહ બુખારી, ૧/૩૮૮, સહીહ મુસ્લિમ, ૧/૬૪, સુનને અબૂ દાઊદ, ૨/૩૯૭, સુનનુલ કુબરા લિલબયહક઼ી, ૯/૧૨૯, કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૪૫)*

હાકિમે સહીહ સનદ સાથે રિવાયત કરી છે. હુઝૂર صلى الله عليه وسلمએ ફર્માવ્યું, ચાર શખ્સ એવા છે કે એ અલ્લાહનો ન્યાય હશે કે તેમને જન્નતમાં દાખલ ન કરે અને ન તો તેમને જન્નતની નેઅમતોથી લાભ ઉઠાવવા દે. શરાબી, વ્યાજખોર, નાહક્ક યતીમોનો માલ ખાનાર અને મા બાપનો નાફર્માન. *(અલ મુસ્તદરક અલસ્સહીહૈન, ૨/૪૩, કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૬૭)*

સહીહ ઈબ્ને હબ્બાનમાં રિવાયત છે કે આ વાતોમાં જે આપ صلى الله عليه وسلمએ

હઝરત અમ્ર ઈબ્ને હઝમ رضی اللہ عنہના થકી યમનવાળાઓને જે હુકમો મોકલતા હતા એમાં એ પણ હતુ કે કિયામતના દિવસે અલ્લાહ તઆલાની બારગાહમાં સૌથી મોટો ગુનોહ અલ્લાહનો શરીક (ભાગીદાર, પાર્ટનર) ઠરાવવું, નાહક્ક કોઈ મો'મિનનુ ખૂન કરવું, જંગના દિવસે મેદાનેથી જેહાદ ફી સબીલિલ્લાહથી ભાગવું, માબાપની નાફર્માની કરવી, પાકબાઝ સ્ત્રીઓ પર આક્ષેપ લગાડવો, જાદૂ શીખવો, વ્યાજ ખાવું અને યતીમનો માલ ખાવો છે. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૨૫/૩૧૩, કન્ઝુલ ઉમ્માલ, ૩/૫૪૧)*

નબીએ રહમત ﷺએ ફર્માવ્યું કે કબીરા ગુનાહ સાત છે : અલ્લાહ તઆલાનો શરીક ઠરાવવું, નાહક્ કોઈ મુસલમાનને કત્લ કરવો, વ્યાજ ખાવું, અને શરઈ ઈજાઝત વિના યતીમનો માલ ખાવો. *(સહીહ બુખારી, ૧/૮૮૪, સુનને તિર્મિઝી, ૨/૧૩૧, સુનનુલ કુબરા લિલ્બયહકી, ૩/૫૭૩, સુનને દારમી, ૨/૧૫૮, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૪૩૨, કન્ઝુલ ઉમ્માલ, ૩/૫૪૧)*

## ★ યતીમોનો નાહક્ક માલ ખાવો અને તેનો બદલો ★

અબૂ યઅ્લા رحمۃ اللہ علیہની રિવાયત છે કે કિયામતના દિવસે કબરોએથી એક એવી કૌમ ઉઠાડવામાં આવશે જેમના મોઢેથી આગ ભડકી રહી હશે. અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! ﷺ તે કોણ છે ? આપે ફર્માવ્યું, શું તમે આ ફર્માને ઈલાહી નથી જોયું ?

اِنَّ الَّذِیۡنَ یَاۡکُلُوۡنَ اَمۡوَالَ الۡیَتٰمٰی ظُلۡمًا اِنَّمَا یَاۡکُلُوۡنَ فِیۡ بُطُوۡنِہِمۡ نَارًا

**તર્જુમો** :''બેશક ! જે લોકો જુલ્મના તૌર પર યતીમોનો માલ ખાય છે સિવાય એના નહીં કે તે લોકો પોતાના પેટમાં આગ ખાય છે.'' *(સૂ. નિસાઅ, આ. : ૧૦) (કન્ઝુલ ઉમ્માલ, ૪/૧૮, તફસીરે ખાઝિન, ૧/૩૪૫, તફસીરે રૂહુલ બયાન, ૨/૧૭૦)*

મુસ્લિમની રિવાયતથી મેઅરાજ શરીફની હદીષમાં છે : ''પછી હું અચાનક એવા માણસોની પાસે આવ્યો જેમના માટે કેટલાક લોકો નિયુક્ત હતા જેઓ તેમની દાઢીઓ ખેંચી રહ્યા હતા અને કેટલાક લોકો જહન્નમના પથ્થર લાવીને તેમના મોઢામાં નાખી રહ્યા હતા જે એમની પાછળથી નીકળી રહ્યા હતા. મેં કહ્યું, હે જિબ્રઈલ ! આ કોણ લોકો છે ? જિબ્રઈલે કહ્યું, જે

લોકો નાહક્ક યતીમોનો માલ ખાય છે તેઓ પોતાના પેટમાં આગ ખાઈ રહ્યા છે, બસ એ સિવાય બીજુ કાંઈ નથી. (આ તે જ લોકો છે.)" *(અત્તફસીરુલ કુર્આનુલ અઝીમ લિ ઈબ્નિ કષીર, ૧/૪૯૬)*

## ★ શબે મેઅરાજ નબી અકરમ ﷺનું નાહક્ક઼ માલ ખાનાર લોકો પાસેથી પસાર થવું ★

કરતબીની તફસીરમાં હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે નબી કરીમ ﷺથી રિવાયત કરી છે. આપે ફર્માવ્યું, મેઅરાજની રાત્રે મેં એવી કૌમને જોઈ જેમના હોઠો ઊંટના હોઠો જેવા હતા અને તેમના માટે કેટલાક લોકો નિયુક્ત હતા જેઓ તેમના હોઠો પકડીને તેમના મોઢામાં જહન્નમના પથ્થર નાખી રહ્યા છે જે તેમની નીચેથી નીકળી રહ્યા છે. ત્યારે મેં પૂછયું, જિબ્રઈલ ! આ કોણ લોકો છે ? જિબ્રઈલ બોલ્યા, આ તેઓ છે જેઓ નાહક્ક યતીમોનો માલ ખાયા કરતા હતા. *(તફસીરે ખાઝિન, ૧/૩૪૫, તફસીરે રૂહુલ બયાન, ૨/૧૭૦, તફસીરે કબીર, ૩/૫૦૬)*

(પ્રકરણ : ૫૬)

# ઘમંડની બુરાઈ

ઘમંડના વિશે આ અગાઉ જે કાંઈ લખવામાં આવ્યું તેમાં હજી કાંઈ વધારો કરવામાં આવે છે.

તકબ્બુર (ઘમંડ) તે પ્રથમ ગુનોહ છે જે ઈબ્લીસથી અમલમાં આવ્યો, પછી અલ્લાહ તઆલાએ તેના પર લઅ્નત કરી, તેને તે જન્નતથી જેની પહોળાઈ આસ્માનો અને જમીનોના બરાબર છે ત્યાંથી કાઢીને જહન્નમના અઝાબમાં ફેંકી દેવામાં આવ્યો.

હદીષે કુદ્સીમાં છે, રબ તઆલા ફર્માવે છે કે તકબ્બુર મારી ચાદર અને મોટાઈ મારું તેહબંદ છે, જે શખ્સ એ બંનેમાંથી કોઈ એકના બારામાં મારાથી ઝઘડો કરશે તેના દાંત હું તોડી પાડીશ, અને મને કોઈની પરવા નથી. *(સુનને ઈબ્ને માજહ, પેજ : ૩૦૮, સુનને અબૂ દાઊદ, ૨/૫૬૬, કન્ઝુલ ઉમ્માલ, ૩/૫૨૬, અત્તરગીબ વત્તરગીબ, ૩/૩૫૩, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૧૩૮)*

હદીષમાં આવેલ છે કે ઘમંડીઓ માણસોના રૂપમાં કીડીઓની જેમ (નાના નાના શરીરવાળા) કબરોએથી ઉઠશે, ચોતરફથી ઝિલ્લત તથા બેઈજ્જતી તેમને ઢાંકી દેશે અને તેમને દોઝખીઓના પરુની માટી પીવડાવવામાં આવશે. *(સુનને તિર્મિઝી, ૨/૭૬, અત્તરગીબ વત્તરહીબ, ૩/૩૫૫, કન્ઝુલ ઉમ્માલ, ૩/૫૨૮)*

હુઝૂર ﷺએ ફર્માવ્યું, ત્રણ શખ્સો એવા છે કે અલ્લાહ તઆલા તેમની સાથે કયામતના દિવસે કલામ ફર્માવશે નહીં, તેમના પ્રતિ જોશે નહીં અને તેમના માટે દર્દનાક અઝાબ છે : વૃદ્ધ ઝાની (વ્યભિચારી), જાલિમ બાદશાહ અને નાફર્માન ઘમંડી. *(સહીહ મુસ્લિમ, ૧/૭૧, સુનને નિસાઈ, ૧/૩૫૭, અત્તરગીબ વત્તરહીબ, ૩/૩૫૪, કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૩૪)*

હઝરત ઉમર رضی اللہ عنہથી રિવાયત છે, તેમણે આ આયત પઢી :–

وَاِذَا قِيْلَ لَهُ اتَّقِ اللّٰهَ اَخَذَتْهُ الْعِزَّةُ بِالْاِثْمِ "અને જ્યારે તેને કહેવામાં આવે છે કે અલ્લાહથી ડર ! તો તેની ઈજ્જતને ગુનાહની સાથે પકડયો."

*(પારા–૨, સૂ. બક્રહ, આ. ૨૦૯)* પછી ફર્માવ્યું, બેશક ! આપણે અલ્લાહના માટે છીએ અને બેશક ! આપણે તેના તરફ પલટવાના છીએ.

એક ઘમંડીએ એક એવા શખ્સને જે નેકી અને સારી વાતોનો હુકમ આપતો હતો તેને કત્લ કરી આપ્યો તો બીજો શખ્સ ઊભો થઈ ગયો અને તેણે કહ્યું, તમે એવા લોકોને કત્લ કરો છો જેઓ તમને સારી વાતો અને નેક અમલ કરવાનો હુકમ આપે છે. ત્યારે ઘમંડીએ તેને પણ કત્લ કરી આપ્યો જેણે તેનો વિરોધ કર્યો અને તેને પણ જેણે તેને નેકીનો હુકમ આપ્યો હતો.

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہماનો કૌલ છે, ઈન્સાનના ગુનેહગાર હોવાના માટે એટલુ પૂરતુ છે કે જયારે તેને અલ્લાહથી ડરવા માટે કહેવામાં આવે તો તે કહે, ''તમે તમારો ખયાલ રાખો !'' *(અહયાઉલ ઉલૂમ, ૩/૩૦૬)*

હુઝૂર ﷺએ એક શખ્સને ફર્માવ્યું કે, ''જમણા હાથ વડે ખાવ !'' તેણે કહ્યું, હું જમણા હાથે ખાવાની શક્તિ નથી ધરાવતો. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, તું તાકાત ધરાવીશ નહીં ! તે વ્યક્તિને જમણા હાથ વડે ખાવાથી ઘમંડે રોકી દીધો હતો. રિવાયત કરનાર (રાવી) કહે છે કે ત્યારબાદ તે શખ્સે તે હાથને ન ઉઠાવ્યો એટલે કે તે સુન મારી ગયો. (અને હુઝૂર ﷺએ તેના વિશે જે કહ્યું હતું તે થઈને રહ્યું.) *(સહીહ મુસ્લિમ, ૨/૧૭૨, સુનને ઈબ્ને માજહ, પેજ : ૨૩૫, મુસ્નદે અહમદ બિન હંબલ, ૪/૬૩૬, સુનને દારમી, ૨/૮૩, અલદુલગાબા ફી મઅરિફતિસ્સહાબા, ૧/૨૭૧)*

રિવાયત છે કે હઝરત ષાબિત ઈબ્ને કૈસ ઈબ્ને શમાસ رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું એવો માણસ છું કે ખૂબસૂરત લિબાસ (સુંદર પોશાક) અને સાફ સુથરો (સ્વચ્છ) રહેવાનું પસંદ કરું છું, તો શું આ ઘમંડ છે ? આપે ફર્માવ્યું, નહીં ! બલ્કે ''ઘમંડ'' એ સત્યથી આંખ આડા કાન કરવા અને લોકોને નીચ સમજવા તે છે; જયારે તેઓ અલ્લાહના બંદા છે. *(સુનને અબૂ દાઊદ, ૨/૫૬૬, સુનને તિર્મિઝી, ૨/૨૦)*

વહબ ઈબ્ને મુનબ્બિહ رضی اللہ عنہનો કૌલ છે કે જયારે હઝરત મૂસા علیہ السلامએ ફિરઔનને કહ્યું કે, ઈમાન લાવ ! તારો મુલ્ક તારી પાસે જ રહેશે. તો ફિરઔનને કહ્યું, હું હામાન સાથે મશ્વરો કરી લઉં. જેથી જયારે તેણે હામાન સાથે મશ્વરો કર્યો તો તેણે કહ્યું, અત્યાર સુધી તો તું રબ રહ્યો છે,

લોકો તારી ઈબાદત કરી રહ્યા છે અને હવે તું ઈબાદત કરનાર બંદો બનવા ચાહે છે ?! ફિરઔને આ મશ્વરો સાંભળ્યો તો ઘમંડના કારણે અલ્લાહનો બંદો બનવા અને હઝરત મૂસા عليه السلامની પયરવી કરવાથી ઈન્કાર કરી આપ્યો, તો અલ્લાહ તઆલાએ તેને ગર્ક કરી દીધો.

અલ્લાહ તઆલાએ કુરૈશના બારામાં ફર્માવ્યું છે કે જ્યારે તેમને ઈસ્લામની દા'વત આપવામાં આવી તો તેઓ કહેવા લાગ્યા :–

لَوْلَا نُزِّلَ هٰذَا الْقُرْاٰنُ عَلٰی رَجُلٍ مِّنَ الْقَرْيَتَيْنِ عَظِيْمٍ **તર્જુમો** : "આ કુર્આન મજીદ એ બે વસ્તીઓ (મક્કા તથા તાઈફ)ના મોટા લોકો પર કેમ ન ઉતારવામાં આવ્યું." *(પારા : ૨૫, સૂ. ઝુખરફ, આ. : ૩૧)*

કતાદા رضى الله عنهનો કૌલ છે કે બે વસ્તીઓના મોટા લોકોથી મુરાદ વલીદ ઈબ્ને મુગીરહ્ અને અબૂ સઈદ ષકફી હતા. મક્કાના કુરૈશીઓએ તેનો ઉલ્લેખ એટલા માટે કર્યો હતો કે તેઓ જાહેરી માલ તથા મિલ્કતમાં નબી કરીમ صلى الله عليه وسلمથી આગળ વધેલા હતા. અને તેમણે કહ્યું, મુહમ્મદ صلى الله عليه وسلم તો યતીમ માણસ છે, અલ્લાહ તઆલાએ તેમને કેવી રીતે અમારા માટે મોકલ્યા છે ? અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : اَهُمْ يَقْسِمُوْنَ رَحْمَةَ رَبِّكَ "શું તેઓ તારા રબની રહમત વહેંચે છે ?" *(પારા : ૨૫, સૂ. ઝુખરફ, આ. : ૨૩)* પછી અલ્લાહ તઆલાએ તેમના જહન્નમમાં પ્રવેશવાના સમયે તેમના વિશેની ખબર આપી છે જ્યારે તેમણે સુફ્ફાવાળાઓને જેમને તેઓ હલકા (નીચ) સમજતા હતા તેમને જહન્નમમાં ન જોયા તો પછી કહેશે :–

مَا لَنَا لَا نَرٰی رِجَالًا كُنَّا نَعُدُّهُمْ مِّنَ الْاَشْرَارِ "અને અમને શું થઈ ગયું છે કે અમે તે લોકોને નથી જોતા જેમને અમે બુરાઓમાં ગણતા રહેતા હતા !" *(સૂ. સાદ, આ. : ૬૨, પારા : ૨૩)*

રિવાયત કે "અશ્રાર"થી તેમનો આશય હઝરત અમ્માર, બિલાલ, સોહૈબ અને મિકદાદ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ હશે.

હઝરત વહબ رضى الله عنهનુ કહેવું છે કે ઈલ્મ એ આસ્માનથી નાઝિલ થનાર સાફ, સુથરી, મીઠી વાર્તાની જેમ છે જેને છોડવાઓ પોતાનાં મૂળો વડે પીને પોતાના સ્વાદો બદલતા રહે છે. જેમ કે કડવાની કડવાશ અને મીઠાની મધુરતા વધે છે, એ જ પ્રમાણે લોકો ઈલ્મને પોતાના ધ્યાન અને

ઈચ્છાઓના પ્રમાણે હાંસલ કરે છે અને એનાથી ઘમંડીનો ઘમંડ અને નમ્રતાવાળાની નમ્રતા વધે છે અને એવું એટલા માટે થાય છે કે જે જાહિલનો ઉસૂલ તથા મૂળ હેતુ ઘમંડ હોય છે, તે જ્યારે ઈલ્મ હાંસલ કરી લે છે તો તેને એક એવી ચીજ મળી જાય છે જેના કારણે તે ઓર અધિક ઘમંડ કરી શકે છે અને તે ઘમંડમાં જ વધતો જાય છે, અને જ્યારે કોઈ શખ્સ બેઈલ્મી હોવા છતાં અલ્લાહથી ડરતો રહે છે તો જ્યારે તે ઈલ્મ હાંસલ કરે છે તો તેને જાણ થઈ જાય છે કે તેના માટે ખુદાથી ડરવા માટેની મુકમ્મલ દલીલો લાવવામાં આવી છે જેથી તેનો ડર, નરમી તથા આજીજી વધે છે.

જેમ કે હઝરત અબ્બાસ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, એક કૌમ થશે જે કુર્આન પઢશે પણ તે તેમના હલક (ગળા)ની નીચે જશે નહીં, કહેશે કે અમે કુર્આન પઢયું છે, અમારાથી સારો કારી અને આલિમ કોણ છે ? પછી આપે સહાબાએ કિરામની તરફ ધ્યાનિત થઈને ફર્માવ્યું, હે ઉમ્મત ! તેઓ તમારામાંથી થશે ! તેઓ જહન્નમનું બળતણ થશે. *(અહયાઉલ ઉલૂમ, ૩/૩૦૭)*

હઝરત ઉમર رضی اللہ عنہનુ કથન છે કે ઘમંડી આલિમો ન બનો કે જેથી તમારી જેહાલત તમારા ઈલ્મથી આગળ ન વધે.

**હિકાયત** : બની ઈસરાઈલમાં એક માણસ હતો જેના અશિતય ગુનાહ અને ફિત્ના તથા ફસાદના કારણે તેને બની ઈસ્રાઈલનો ખલીઅ કહેવામાં આવતો હતો જેનો અર્થ છે કે પોતાના ગુનાહોથી બની ઈસ્રાઈલને આજિઝ કરનાર. એકવાર તે એવા શખ્સ પાસેથી પસાર થયો જેને બની ઈસ્રાઈલનો આબિદ કહેવામાં આવતો હતો. આબિદના માથા પર વાદળના ટુકડાએ છાંયડો કરેલો હતો. જ્યારે તે ગુનેહગારે આબિદને જોયો તો તેના દિલમાં ખયાલ આવ્યો કે હું બની ઈસ્રાઈલનો બદ્‌બખ્ત માણસ છું અને આ બની ઈસ્રાઈલનો આબિદ છે જેથી જો હું તેની પાસે બેસી જાઉં તો શાયદ અલ્લાહ તઆલા મારા પર રહમત ફર્માવી દે. એમ વિચારીને તે આબિદની પાસે જઈને બેસી ગયો. આબિદના દિલમાં ખયાલ આવ્યો કે, હું બની ઈસ્રાઈલનો આબિદ છું અને આ બની ઈસ્રાઈલનો બદ્‌બખ્ત માણસ છે, આ મારી સાથે ક્યાં બેસી ગયો ! તેને ઘણી જ શરમ આવી અને તે બદ્‌બખ્તને

કહ્યું, અહીંથી ઉઠી જા ! તે વખતે અલ્લાહ તઆલાએ તે વખતના બની ઈસ્રાઈલના નબી પર વહી મોકલી કે આ બંનેને નવેસરથી ઈબાદત શરૂ કરવાનો હુકમ આપો કેમ કે મેં બદ્‌બખ્તને બખ્શી આપ્યો છે અને આબિદના અમલોને બર્બાદ કરી આપ્યા છે.

બીજી રિવાયતમાં છે કે વાદળનો ટુકડો તે આબિદના માથા પરથી ખસીને તે બદ્‌બખ્તના માથા પર આવી ગયો. આ વાત તમારા સમક્ષ એ હકીકતને સારી રીતે ઉઘાડી કરી આપશે કે અલ્લાહ તઆલા બંદાઓનાં દિલોને જુએ છે.

રિવાયત છેકે હુઝૂર ﷺની ખિદમતમાં એક શખ્સની ચર્ચા સારા શબ્દોમાં કરવામાં આવી. એક વખતે તે જ શખ્સ જોવામાં આવ્યો તો સહાબાએ કિરામે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આ તે જ શખ્સ છે જેની આપની સમક્ષ અમે ચર્ચા કરી હતી. હુઝૂર ﷺએ ફર્માવ્યું, મને તેના ચહેરા પર શૈતાનની અસરો જોવા મળે છે. તે શખ્સે આવીને સલામ કરી અને હુઝૂર ﷺની સમક્ષ આવીને બેસી ગયો. આપે તે શખ્સને ફર્માવ્યું કે હું તને ખુદાની કસમ આપીને પૂછુ છું કે તારા નફ્સે તને કદી એવું કહ્યું છે કે કૌમમાં મારાથી શ્રેષ્ઠ કોઈ નથી ? તેણે કહ્યું, ખુદાની કસમ ! એવું થયું છે. અને હુઝૂર ﷺએ નૂરે નબુવ્વત વડે તેના દિલમાં સમાએલ ઘમંડની અસરને તેના ચહેરા પર જોઈ લીધી.

## ★ સહાબીઓના ઈર્શાદો ★

હઝરત હારિષ ઈબ્ને ખરાઅ્ ઝુબેદી સહાબી رضی اللہ عنہનો ઈર્શાદ છે કે મને દરેક તે હંસી કરનાર ક઼ારી આશ્ચર્યમાં નાખે છે કે જેનાથી તું તો હસતે ચહેરે મળે છે અને તે તને નાક તથા ભવાં ચઢાવીને મળે છે અને તારા પર પોતાના ઈલ્મનું એહસાન જતાવે છે. મૌલા તઆલા મુસલમાનોમાંથી આવા ક઼ારીઓને ખત્મ કરે.

હઝરત અબૂ ઝર رضی اللہ عنہથી રિવાયત છે કે મેં હુઝૂર ﷺની મૌજૂદગીમાં એક માણસ સાથે કટુતાભરી વાત કરી અને તેને કહ્યું કે, હે હબ્શીના પુત્ર ! હુઝૂર ﷺએ એ સાંભળીને ફર્માવ્યું, હે અબૂઝર ! જીભને

સંભાળો ! જીભને સંભાળો ! કોઈ ગોરાને કાળા પર ફઝીલત નથી.

હઝરત અબૂઝર رضی اللہ عنہ કહે છે કે આ સાંભળતાં જ હું સૂઈ ગયો અને તે શખ્સને કહ્યું કે, ઉઠો ! અને મારો ચહેરો (પગોથી) રગડી નાખો. *(અહયાઉલ ઉલૂમ, ૩/૩૧૦)*

હઝરત અલી رضی اللہ عنہ નું ફર્માન છે કે, **"જે શખ્સ કોઈ જહન્નમીને જોવા ઈચ્છે છે તે એવા માણસને જુએ જે પોતે બેઠો હોય અને લોકો તેની સમક્ષ ઉભેલા હોય."**

હઝરત અનસ رضی اللہ عنہ નું ફર્માન છે કે સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ ને કોઈ શખ્સ હુઝૂર صلی اللہ علیہ وسلم થી વધારે મહબૂબ ન હતો. જ્યારે તે હુઝૂરને જોતા તો ઊભા ન થતા કેમ કે તેમને ખબર હતી કે આપ એ ચીજને સારી જાણતા ન હતા. *(અહયાઉલ ઉલૂમ, ૩/૩૧૨)*

હુઝૂર صلی اللہ علیہ وسلم અમુક વાર પોતાના સહાબીઓની સાથે ચાલતા તો તેમને આગળ ચાલવાનો હુકમ ફર્માવતા અને ખૂદ તેમની વચ્ચે ચાલતા. એવું એટલા માટે કરતા હતા કે જેથી બીજા લોકોને બોધ મળે, અથવા તો કલ્બે અન્વરથી (દિલેથી) તકબ્બુર તથા મોટાઈના શૈતાની વસવસાઓને કાઢ વાના માટે એવું કરતા, જેમ કે નમાઝમાં નવુ કપડુ પહેરીને પછી જૂનુ પહેરી લેતા, એમાં પણ એ જ હિકમત છે. *(અહયાઉલ ઉલૈમ, ૩/૩૧૨)*

(પ્રકરણ : ૫૭)

# તવાઝોઅ તથા કનાઅત (નમ્રતા, આજીજી તથા થોડામાં રાજી રહેવા)ની ફઝીલત

નબી કરીમ ﷺનુ ફર્માન છે કે અલ્લાહ તઆલા માફી તથા દરગુઝર થકી બંદાની ઈજ્જત વધારે છે અને જે અલ્લાહ તઆલાને રાજી કરવાના માટે આજીજી અપનાવે છે તેને અલ્લાહ તઆલા બુલંદ ફર્માવે છે. *(સહીહ મુસ્લિમ, ૨/૩૨૧, સુનને તિર્મિઝી, ૨/૨૩, અત્તરગીબ વત્તરહીબ, ૩/૩૫૦, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૮૯, સુનને દારમી, ૧/૩૦૮)*

ફર્માને નબવી છે કે, કોઈ માણસ એવો નથી પણ તેની સાથે બે ફરિશ્તા હોય છે અને ઈન્સાન પર સમજ તથા દિર્ઘદષ્ટિ (ફરાસત)નું નૂર હોય છે જેનાથી તે ફરિશ્તા તેની પાસે રહે છે. જો તે માણસ ઘમંડ કરે છે તો તેઓ તેનાથી હિકમત છીનવી લે છે અને કહે છે, હે અલ્લાહ ! એને નીચો પાડ ! અને જો તે નમ્રતા તથા આજીજી કરે છે તો ફરિશ્તા કહે છે, હે અલ્લાહ ! એને સરબુલંદી અતા કર. *(અલ્કામિલ ફી દુઅફાઉલર્રિજાલ, ૮/૪૧, અહયાઉલ ઉલૂમ, ૩/૩૦૦)*

હુઝૂર ﷺ ફર્માવે છે કે તેના માટે ખુશખબરી છે જેણે માલદારીમાં નમ્રતા કેળવી, જમા કરેલ માલને સારા માર્ગે વાપર્યો, તંગદસ્ત તથા મુફલિસો પર મહેરબાની અને ઉલમા તથા શાણા લોકો સાથે મેલજોલ રાખી. *(અસ્સુનનુલ કુબરા લિલ્બયહકી, ૪/૩૦૬, અત્તરગીબ વત્તરહીબ, ૩/૩૫૦, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૫/૭૧)*

રિવાયત છે કે હુઝૂર ﷺ સહાબાઓની એક જમાઅત (ટુકડી)ની સાથે ઘરમાં જમી રહ્યા હતા એવામાં દરવાજા પર સાઈલ (માંગનાર) આવ્યો જેને એક એવી બીમારી હતી કે જેના કારણે લોકો તેનાથી નફરત કરતા હતા. હુઝૂર ﷺ એ તેને અંદર આવવાની ઈજાઝત આપી. જ્યારે તે અંદર આવ્યો તો આપે તેને પોતાની મુબારક જાંગ પર બેસાડયો અને ફર્માવ્યું, ખાવા ખાવ ! કુરૈશના એક માણસે તેને ઘણુ નાપસંદ કર્યું અને પછી તે કુરૈશી

જવાન તેના જેવી બીમારીમાં સપડાઈને મૃત્યુ પામ્યો. *(લમ અજદહૂ અસદા)*

ફર્માને નબવી છે કે રબ તઆલાએ મને બે વાતોનો ઈખ્તિયાર (અધિકાર) આપ્યો, એક એ કે રસૂલ અબ્દ બનું કે નબી ફરિશ્તા બનું. હું સમજી રહ્યો ન હતો હું કઈ વાત પસંદ કરું. ફરિશ્તાઓમાં જિબ્રઈલે અમીન عليه السلام મારા દોસ્ત હતા. મેં માથુ ઉઠાવીને તેમની તરફ જોયું તો તેમણે કહ્યું કે રબને ત્યાં નમ્રતા આજીજી અપનાવો. તો મેં અર્ઝ કરી કે હું રસૂલે અબ્દ બનવા ઈચ્છુ છું. *(અહયાઉલ ઉલૂમ, ૩/૩૦૦)*

અલ્લાહ તઆલાએ હઝરત મૂસા عليه السلامની તરફ વહી ફર્માવી કે હું તે વ્યક્તિની નમાઝ કબૂલ ફર્માવું છું જે મારી મહાનતા (અઝમત)ની સામે આજીજી કરે છે, મારી મખ્લૂક પર ઘમંડ નથી કરતો અને તેનું દિલ મારાથી ભયાવહ રહે છે.

ફર્માને નબવી છે કે હરમ તકવાનું, ઈજ્જત તવાઝોઅ (આજીજી)નું અને યકીન બેનિયાઝીનું નામ છે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૬૩૫, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૭/૨૧૯)*

હઝરત ઈસા عليه السلامનુ ફર્માન છે કે દુનિયામાં નમ્રતા (આજીજી) કરનારના માટે ખુશખબરી છે કે તેઓ કિયામતના દિવસે મિમ્બરો પર હશે. લોકોમાં ઈસ્લાહ (સુધારણા) કરવાવાળાઓને ખુશખબરી થાય કે એ તે લોકો છે જેઓ કિયામતના દિવસે જન્નતુલ ફિરદૌસમાં વારસ હશે અને દુનિયામાં પોતાનાં દિલોને પાક કરનારાઓને બશારત (ખુશખબરી) થાય કે એ જ લોકો કિયામતના દિવસે અલ્લાહના દીદારથી મુશર્રફ થશે.

કેટલાક મુહદ્દિષીને કિરામથી રિવાયત છે. હુઝૂર صلى الله عليه وسلمએ ફર્માવ્યું, જ્યારે અલ્લાહ કોઈ બંદાને ઈસ્લામની હિદાયત કરી તેને બેહતરીન સૂરત આપી અને તેને તેના ગૈરપસંદીદા સ્થાનેથી દૂર રાખ્યો અને આ સર્વ નવાઝિશો પછી તેને આજીજીવાળો બનાવ્યો. એનાથી સાબિત થયું કે નમ્રતા આજીજી અલ્લાહની પસંદીદગીની નિશાની છે. *(અહયાઉલ ઉલૂમ, ૩/૩૦૦)*

## ★ અલ્લાહ તઆલા પોતાના મહબૂબ બંદાઓને ચાર ચીજો અતા ફર્માવે છે ★

ફર્માને નબવી છે કે ચાર ચીજો એવી છે જે અલ્લાહ પોતાના મહબૂબ

બંદાઓ સિવાય કોઈને અતા નથી ફર્માવતો; ખામોશી અને એ પહેલી ઈબાદત છે, (એ ઉપરાંત) તવક્કુલ (અલ્લાહ પર ભરોસો), નમ્રતા (આજીજી) અને દુનિયાથી દૂરી. *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૩૪૬, કન્ઝુલ ઉમ્માલ, ૧૫/૮૫૯)*

રિવાયત છે કે રસૂલે ખુદા ﷺ ખાવા ખવડાવી રહ્યા હતા એવામાં એક હબ્શી આવ્યો જે શિતળામાં સપડાયેલો હતો અને ઠેકઠેકાણેથી તેની ચામડી ખરી પડેલી હતી. તે જેની સાથે બેઠો તે તેની બાજુમાંથી ઉઠી જતો. હુઝૂર ﷺએ પોતાની બાજુમાં બેસાડયો અને ઈર્શાદ ફર્માવ્યો, મને તે માણસ આશ્ચર્યમાં નાખે છે જે પોતાના હાથમાં એવો ઝખ્મ લઈને ફરે છે જે લોકોના માટે તકલીફનો સબબ છે અને તેનાથી તેનો ઘમંડ નષ્ટ થયો છે. *(લમ અજદહૂહા કઝા વલ્મઅરૂફ અકલહુ મગ મજમૂન, રવાહુ અબૂ દાઊદ, વત્તિર્મિઝી વ ઈબ્ને માજહ)*

એક દિવસે હુઝૂર ﷺએ પોતાના સહાબીઓને ફર્માવ્યું કે શું વાત છે કે હું તમારામાં ઈબાદતની મીઠાશ નથી જોતો ? સહાબાએ કિરામે અર્ઝ કરી કે, હુઝૂર ! ઈબાદતની મીઠાશ શું છે ? આપે ફર્માવ્યું, આજીજી ! *(અહયાઉલ ઉલૂમ, ૩/૩૦૧)*

ફર્માને નબવી છે કે જ્યારે તમે મારી ઉમ્મતના નમ્રતા વર્તનારાઓને જુઓ તો તેમનાથી નમ્રતાપૂર્વક વર્તો અને ઘમંડીઓને જુઓ તો તેમની સાથે ઘમંડ કરો, કેમ કે એ તેમના માટે તુચ્છકાર અને બેઈજ્જતી છે. *(અહયાઉલ ઉલૂમ, ૩/૩૦૧)*

એ જ વિષયમાં આ થોડાક શેઅરો છે : **(અર્થ)** : આજીજી (નમ્રતા) કરે જે એ તારાની જેમ હોય જે જોનારને પાણીની સપાટી પર નજર આવે છે, જો કે તે ઘણી જ બુલંદી પર હોય છે. ધુમાડાની જેમ ન થઈ જા જે વાતાવરણમાં પોતાને ઊંચો કરે છે જો કે તેની કોઈ ઈજ્જત નથી હોતી અને તે એક બેકાર ચીજ છે.

## ★ કનાઅત (થોડામાં સંતોષ)ની ફઝીલત ★

કનાઅત વિશે જે કાંઈ અગાઉ બયાન કરવામાં આવી ચૂક્યું છે એનાથી પણ અધિક હદીષો તથા કથનો કનાઅતની ફઝીલતના બારામાં આવેલ છે.

જેમ કે ફર્માને નબવી છે કે મો'મિનની ઈજ્જત લોકોથી બેપરવાઈમાં છે, કનાઅતમાં આઝીદી છે અને ઈજ્જત છે એટલા માટે કહેવામાં આવ્યું છે કે એનાથી બેનિયાઝ થઈ જા જેને તું ઈચ્છે છે, એના જેવો થઈ જા. જેની તરફ હાજત લઈને જઈશ તેનો તુ કૈદી થઈશ અને જેના પર ચાહે એહસાન કર તો તેનો સરદાર બનીશ. **થોડો માલ જે તારું પોષણ કરે એ તે અધિક માલથી બેહતર છે જે તને ગુમરાહ કરી નાખે.** *(હિલ્યતુલ અવલિયા, ૮/૩૮૦)*

એક બુઝુર્ગનો કૌલ છે કે મેં કનાઅતથી વધીને કોઈ માલદારી નથી જોઈ અને લાલચથી વધીને તંગદસ્તી નથી જોઈ. અને આ શેઅર પઢયા :–

૧. કનાઅતે જ્યારે મને ઈજ્જતનો લિબાસ આપ્યો અને કઈ માલદારી છે જે કનાઅત (થોડામાં સંતોષ, જે મળે તેમાં રાજી રહેવું)થી અધિક ઈજ્જતવાન છે.

૨. તું બમણો નફો પામીશ, દોસ્તથી કાંઈ તલબ કરવાથી બેનિયાઝ (બેપરવા) થઈ જા અને એક પળ સબ્ર કરવાના બદલામાં જન્નતમાં ઈનામો ઈકરામ મેળવીશ.

એક અન્ય શાયર કહે છે :–

૧. પોતાના શરીરને મામૂલી નિર્વાહની ચીજો પર સબ્ર કરનાર બનાવ, નહીં તો તે તારી પાસેથી જરૂરતથી વધીને માલ તથા દૌલત માંગશે.

૨. તારા જીવનની મુદ્દત એટલી જ છે જેટલી આ પળની મુદ્દત છે જેમાં તું શ્વાસ લઈ રહ્યો છે.

એક અન્ય શાયર કહે છે :–

૧. જો રિઝ્ક (રોજી) તારાથી દૂર છે તો સબ્ર કર અને જે કાંઈ મળી જાય છે તેના પર સંતોષ (કનાઅત) કર.

૨. તારા નફ્સને એને (રોજીને) પ્રાપ્ત કરવામાં તકલીફ ન આપે, જો તારું મુકદ્દર છે તો તે શું મને મળી જશે ?

એક અન્ય શાયર કહે છે :–

૧. જ્યારે તને કંજૂસોને માલદારી લાલચુ બનાવે તો તે વખતે કનાઅત તને તૃપ્ત કરવા માટે પૂરતી થશે.

૨. એવો યુવાન બન જેનો પગ તહતુષ્ષિરામાં હોય અને તેના ઈરાદાઓની ટોચ સુરૈયાને અડકી રહી હોય.

બીજો શાયર કહે છે :–

૧. હે આસાની હાંસલ થનારી રોજીને મહેનતથી પ્રાપ્ત કરનાર ! અફસોસ ! તુ જૂઠી મહોબ્બતમાં સપડાયો છે, ગલત ચીજમાં દિલ લગાડી રહ્યો છે.

૨. સિંહ તમામતર શક્તિ હોવા છતાં જંગલનું મુરદાર ખાય છે અને માખીઓ પોતાની કમજોરી છતાં મધ ખાય છે.

હુઝૂર ﷺનો તરીકો એ હતો કે જ્યારે તમે ભૂખ અનુભવતા તો અહલે બયૂતે કિરામથી ફર્માવતા કે નમાઝના માટે ઊભા થઈ જાવ ! અને ફર્માવતા, મને આ જ હુકમ આપવામાં આવ્યો છે અને આ આયત પઢતા, "તારાં ઘરવાળાંને નમાઝનો હુકમ કર અને એના પર સબ્ર કર." *(અત્તફસીરુલ કુર્આનિલ અઝીમ, લિ ઈબ્ને કષીર, ૩/૧૯૦)*

૧. દુનિયાના શણગાર અને તેની માયાજાળને ત્યજી દે અને તને બહુ માલદાર થવાની લાલચ ધોકામાં ન નાખી દે.

૨. અલ્લાહની વહેંચણી પર કનાઅત (સંતોષ) કર અને એના પર રાજી થઈ જા, કેમ કે કનાઅત એવી દૌલત છે જે કદી ખત્મ નથી થતી.

૩. તું એ તમામ બેહૂદા ઐશને ત્યજી દે, કેમ કે જ્યારે તું એને ધ્યાનપૂર્વક જોઈશ તો એમાં કોઈ લાભ જણાશે નહીં.

અમુક શાયરોનુ કહેવું છે કે :–

૧. જે કાંઈ તને કોશિશ વિના મળી જાય છે તેના પર કનાઅત કરી લે કેમ કે રબ્બે ઝુલ જલાલ તો હશ્રાતુલ અર્દમાંથી કોઈને પણ નથી ભૂલતો. (રોજી પહોંચાડે છે.)

૨. જો જમાનો તને ઈનામોથી નવાઝે તો ઊભો થઈ જા અને જો સમય તારાથી પીઠ ફેરવી લે તો સૂઈ જા.

શાણા પુરૂષોનો કૌલ છે કે ઈજ્જત ખૂબસૂરત કપડાંઓ નથી, કેમ કે માલદારીમાં બેહતરીન લિબાસ પહેરવો અને ખૂબસૂરત કપડાં વડે સજવુ માણસને એટલો વ્યસ્ત કરી નાખે છે ત્યાં સુધી કે દુનિયાવી મહોબ્બતના

કારણે તે દીની બાબતોની પરવા નથી કરતો અને એવો માણસ ખૂબ જ ઓછો ઘમંડ તથા મોટાયથી ખાલી હોય છે.

કેટલાક શાયરોનુ કહેવું છે :–

**૧.** હું દુનિયાથી સૂકો રોટલો અને જાડા કપડાં પર રાજી છું અને મને એ સિવાય કાંઈ ન જોઈએ.

**૨.** કેમ કે મેં જમાનાને ફાની (નાશવંત) જોયો છે જેવી મારી ઉમર અને જમાનો બંને ફના થનાર છે.

*(પ્રકરણ : ૫૮)*

# દુનિયાના ધોકાઓ !

દુનિયાની સર્વ હાલતો ખુશી તથા ગમની આસપાસ ભ્રમણ કતી રહે છે, દુનિયા પોતાના ચાહનારાઓની ઈચ્છાઓ અનુસાર નથી રહેતી, બલ્કે હકીમે મુત્લક અલ્લાહ તઆલાની હિકમત પ્રમાણે રંગ બદલતી રહે છે.

ફર્માને ઈલાહી છે : وَلَايَزَالُوْنَ مُخْتَلِفِيْنَ اِلَّا مَنْ رَّحِمَ رَبُّكَ

**તર્જુમો** : "તેઓ હમેશાં વિવિધતામાં રહેશે પણ તે જેના પર તારા રબે રહમ કરી. (તે એનાથી મેહફૂઝ રહેશે)." *(પારા : ૧૨, સૂ. હૂદ, આ. : ૧૧૯)*

કેટલાક મુફસ્સિરોનું કહેવું છે કે અહીં "મુખ્તલિફ" (વિવિધત)થી મુરાદ રોજીમાં વિવિધતા છે. એટલે કેઅમુક માલદાર છે અને અમુક ગરીબ છે જેથી દરેક શખ્સ માટે જરૂરી છે કે જેને દુનિયાનો માલ મળી જાય અને રબ્બે ઝુલ જલાલ દુનિયાને તેની ખાદિમ બનાવી દે તો તે શુક્ર અદા કરતો રહે અને નેક કામોમાં તેને વાપરે કેમ કે સારા અમલો બુરાઈઓને (ગુનાહોને) દબાવી દે છે અને પોતાની દુનિયા (માલ) પર ઘમંડ કરે અને આ ફર્માને ઈલાહી એ વાતને સમજવાને માટે પૂરતુ છે :–

وَلَايَغُرَّنَّكُمُ الْحَيٰوةُ الدُّنْيَا وَلَا يَغُرَّنَّكُمْ بِاللّٰهِ الْغَرُوْرُ

**તર્જુમો** :"તમને દુનિયાની જિંદગી ધોકો ન આપે અને ને તમને કોઈ ધોકો આપનાર અલ્લાહથી ધોકો આપે. *(પારા–૨૧,સૂ. લુકમાન, આ. ૩૩)*

અને ફર્માને ઈલાહી છે કે, "પરંતુ તમે પોતે પોતાને ફિત્નામાં નાખ્યા અને તમે ઈન્તેઝારમાં રહ્યા અને તમે શંકા કરી અને તમને આરઝૂઓએ ધોકામાં નાખ્યા." *(પારા : ૨૭, સુ. હ઼દીદ, આ. : ૧૪)*

દુનિયાના ધોકાથી બચવાના માટે આ આયતો બુદ્ધિશાળી માણસને ઘણી બધી દૃષ્ટિ તથા સમજ શીખવાડે છે. એ બુદ્ધિમાનોની ઊંઘ તથા જાગરણ કેવું છે જે બેવકૂફોની શબબેદારી અને કોશિશો પર રશ્ક કરે છે જ્યારે કે પોતે કાંઈપણ નથી કરી શકતા.

## ★ દાનિશમંદ (બુદ્ધિશાળી) કોણ ? ★

ફર્માને નબવી છે કે બુદ્ધિમાન તે છે જેણે પોતાના નફ્સની ચકાસણી કરી અને મૃત્યુ પછીના માટે અમલ કર્યા અને મૂર્ખ તે છે જેણે નફ્સની ઈચ્છાઓની પૈરવી (અનુસરણ) કરી અને અલ્લાહ તઆલાથી અગણિત દુનિયાવી તમન્નાઓ રાખી. *(અહયાઉલ ઉલૂમ : ૩/૩૩૫)*

શાયર કહે છે :–

**૧.** અને જે શખ્સ કોઈ પસંદીદા ચીજના કારણે દુનિયાની તારીફ કરે છે મને જિંદગીની કસમ ! ટૂંક સમયમાં જ તે તેને બુરુ ભલું કહેશે.

**૨.** જ્યારે દુનિયા ચાલી જાય છે તો ઈન્સાનના દિલમાં અફસોસ છોડી જાય છે અને આવે છે તો અસંખ્ય દુઃખો લઈને આવે છે.

એક શાયર કહે છે :–

**૧.** ખુદાની કસમ ! જો દુનિયા પોતાની સર્વ માલ સંપત્તિ છતાં આપણા માટે પરહેઝગારીનુ નિશાન હોત અને લગાતર એનું રિઝ્ક આવતુ રહેત.

**૨.** તો પણ કોઈ આઝાદ મર્દના માટે એના તરફ પલટવું મુનાસિબ ન હોત, જ્યારે એ માલ જ એવો બનાવેલો હોય જે કાલે ખત્મ થઈ જશે.

ઈબ્ને બુસ્તામ કહે છે :–

૧. દુનિયા અને તેના દિવસો પર ફિટકાર છે, બેશક ! તે દુઃખોના માટે પેદા કરવામાં આવી છે.

૨. એનાં દુઃખો એક પળ પણ ખત્મ નથી થતાં.

૩. એના પર અને એની અજબની હાલતો પર આશ્ચર્ય છે, એ લોકોની જીવલેણ માશૂકા છે.

એક અન્ય શાયર કહે છે :–

૧. હું જોઉં છું કે જમાનો અતિ કંજૂસ લોકોને અઢળક માલ આપવા માટે તૈયાર રહે છે.

૨. અને ઈજ્જત તથા ફઝીલતવાળાથી જમાનો દુનિયાને રોકી દે છે. મેં તેને કહ્યું, તમે અસલ વાતમાં વિચાર કરો.

૩. ખબીષ હરામ કમાઈથી માલ ભેગો કરે છે જેથી ખબીષ માલ અને ખબીષ લોકોમાં એકત્ર થાય છે. (ખબીષ–ગંદો, ખરાબ)

બીજો શાયર કહે છે :–

૧. જમાનાને પૂછ કે તેં કિસ્રા, કૈસર, તેના મહેલો અને તેમાં રહેનારાઓ સાથે શું કર્યું ?

૨. શું તે સૌએ તારાથી જુદા થવાની દરખાસ્ત કરી હતી કે તેં કોઈ બુદ્ધિશાળી તથા કોઈ બેવકૂફને નથી છોડયો ?

કહે છે કે એક બદવી (ગામડિયો) એક કબીલામાં આવ્યો, લોકોએ તેને ખાવા ખવડાવ્યું અને તે ખાવા ખાઈને તેમના તંબુના છાંયડામાં સૂઈ ગયો. પછી તેમણે તંબુ ઉખેડી લીધો અને બદવીને જ્યારે ભૂખ લાગી તો તેની આંખ ખુલી ગઈ અને તે એવું કહેતો કહેતો ત્યાંથી ચાલી નીકળ્યો :–

૧. સાવધાન થઈ જાવ ! આ દુનિયા ઈમારતના સાયા જેમ છે અને ગમે તેમ પણ એક દિવસ તેનો સાયો નાશ પામશે.

૨. નિઃશંક ! દુનિયા મુસાફરના માટે કૈલૂલા (બપોરના ભોજન બાદ થોડીક ઊંઘ જે સુન્નત છે) કરવાની જગા છે, તેણે પોતાની હાજત પૂરી કરી અને પછી તેને છોડી દીધી.

કોઈ શાણા માણસે પોતાના મિત્રને કહ્યું, નિમંત્રકે સર્વ કાંઈ સંભળાવી દીધું અને બોલાવનારે સર્વ કાંઈ સ્પષ્ટ કરી આપ્યું. તે શખ્સથી વધીને અન્ય કોઈ મુસીબતમાં સપડાયેલો નથી જેણે કામિલ યકીન ગુમાવી દીધું અને ગલતકારીઓમાં વ્યસ્ત થઈ ગયો. *(હિલ્યતુલ અવલિયા, ૧૦/૨૧)*

હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہનો કૌલ છે કે ખૌફે ઈલાહીના માટે ઈલ્મ, અને તકબ્બુર તથા ગુરૂરના માટે જેહાલત પૂરતી છે. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૯/૧૮૯, કન્ઝુલ ઉમ્માલ, ૧૦/૩૦૮, હિલ્યતુલ અવલિયા, ૨/૧૧૧)*

ફર્માને નબવી છે કે જેણે દુનિયાથી મહોબ્બત રાખી અને તેના શણગારથી ખુશ થયો તેના દિલથી આખેરતનો ડર નીકળી ગયો. *(હિલ્યતુલ અવલિયા, ૧૦/૨૧)*

કેટલાક ઉલમાનું કથન છે કે બંદા પાસે માલ તથા દૌલત ચાલ્યા જવા પર રંજ તથા ગમ કરવા પર અને માલ તથા દૌલતની છૂટછાટમાં ખુશ થવા પર પકડ કરવામાં આવશે.

કેટલાક સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો) જેમને અલ્લાહ તઆલાએ દુનિયા આપી હતી તેઓ હરામ કરેલી વાતોથી તમારા કરતાં અધિક બચનારા હતા અને જે કામ કરવું તમને અયોગ્ય નથી જણાતું તે તેમની દષ્ટિએ અતિશય વિનાશક હતું.

હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ ઘણીવાર મસ્અર ઈબ્ને કદામ رضی اللہ عنہના આ શેઅરો પઢયા કરતા હતા :–

**૧.** હે ફરેબ ખોર ! (ધોકાબાઝ !) તારો દિવસ સૂવામાં અને ગફલતમાં અને તારી રાત સૂવામાં પૂરી થાય છે અને મૌત તારા માટે નિશ્ચિત છે.

**૨.** બર્બાદ થયેલો માલ તને ધોકામાં નાખે છે અને ઉમ્મીદો પામીને તું ખૂબ ખુશ થાય છે જેવી રીતે સ્વપ્ન જોનાર સ્વપ્નમાં મજા માણે છે.

**૩.** નજીકમાં જ તું તારી આ દુનિયાની મશગૂલિયતને બુરી સમજીશ, એવી જિંદગી દુનિયામાં જાનવરોની હોય છે.

(પ્રકરણ : ૫૯)

# દુનિયાની બુરાઈ તથા ડર

હઝરત અબૂ અમામા બાહલી رضی اللہ عنہથી રિવાયત છે કે ષઅલ્બા ઈબ્ને હાતિબ رضی اللہ عنہએ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની ખિદમતમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારા માટે દુઆ કરો કે અલ્લાહ તઆલા મને માલ આપે. આપે ફર્માવ્યું, હે ષઅલ્બા ! થોડો માલ જેનો તું શુક્ર અદા કરે છે તે એ અઢળક માલથી બેહતર છે જેનો તું શુક્ર અદા નથી કરી શક્તો. ષઅલ્બાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારા માટે અલ્લાહ તઆલાથી માલની દુઆ કરો ! આપે ફર્માવ્યું, હે ષઅલ્બા ! શું તારી નજરો સામે મારી જિંદગી નથી, શું તું એ વાત પર રાજી નથી કે તારી જિંદગી નબીની જિંદગી જેવી હોય ! ખુદાની કસમ ! હું જો ચાહું તો મારી સાથે સોના અને ચાંદીના પહાડ ચાલે તો ચાલવા લાગે. ષઅલ્બાએ અર્ઝ કરી, તે જાતની કસમ ! જેણે તમને સાચા નબી બનાવીને મોકલ્યા છે, જો તમે મારા માટે અલ્લાહથી માલની દુઆ કરો તો હું તે માલથી દરેક હક્કદારનો હક્ક પૂરો કરીશ અને હું જરૂર કરીશ, જરૂર હક્કો અદા કરીશ. હુઝૂર صلی اللہ علیہ وسلمએ દુઆ કરી કે, હે અલ્લાહ ! ષઅલ્બાને માલ અતા કર !

જેથી તેણે બકરીઓ લીધી અને તે એવી રીતે વધી કે જેવી રીતે કે વરસાદી કીડીઓ વધે છે અને તેના માટે મદીનામાં રહેવું મુશ્કેલ થઈ ગયું, માટે ષઅલ્બા મદીનાથી નીકળીને મદીના પાસે એક મેદાનમાં આવી ગયા, અને ત્રણ નમાઝો છોડીને કેવળ બે નમાઝો ઝોહર તથા અસ્ર જમાઅત સાથે પઢવા લાગ્યા. બકરીઓ ઓર વધી જેથી કાંઈ અધિક દૂર થઈ ગયા એટલે સુધી કે તે કેવળ જુમ્આની નમાઝમાં શરીક થતો અને બકરીઓ સતત વધતી રહી ત્યાં સુધી કે તેની વ્યસ્તતાના કારણે જુમ્આની જમાઅત પણ છૂટી ગઈ! અને તે જુમ્આના દિવસે મદીનાથી આવનારા વેપારીઓને મદીનાની ખબરો પૂછી લેતો. અને હુઝૂર صلی اللہ علیہ وسلمએ તેના વિશે પૂછયું કે ષઅલ્બા ઈબ્ને હાતિબનો શો હાલ થયો ? અર્ઝ કરવામાં આવી કે, યા રસૂલલ્લાહ ! તેણે બકરીઓ લીધી અને એટલી વધી કે તેનું મદીનામાં રહેવું મુશ્કેલ થઈ ગયું. અને તેની

તમામ વિગતો જણાવવામાં આવી. આપે સાંભળીને ફર્માવ્યું, ષઅલ્બા ! અફસોસ ! હે ષઅલ્બા ! અફસોસ ! અફસોસ ! હે ષઅલ્બા !

રાવી કહે છે કે ત્યારે કુર્આન મજીદની આ આયત નાઝિલ થઈ :–

**خُذْ مِنْ اَمْوَالِهِمْ صَدَقَةً تُطَهِّرُ هُمْ وَ تُزَكِّيْهِمْ بِهَا وَصَلِّ عَلَيْهِمْ اِنَّ صَلَاتَكَ سَكَنٌ لَهُمْ**

**તર્જુમો** : ''તેમના માલથી સદકો લો તેમના જાહેર તથા બાતિન (અંતર)ને પાક કરો, તેમના સદકાઓ અને તેમના માટે દુઆ કરો, બેશક ! આપની દુઆ તેમના માટે તસલ્લી છે.'' અને અલ્લાહ તઆલાએ ઝકાતની ફર્ઝો નાઝિલ કર્યા.

હુઝૂર ﷺએ જહીના અને બની સુલૈમના બે માણસોને સદકાઓની (ઝકાતની) વસૂલાત માટે નિયુક્ત કર્યા અને તેમને ઝકાતના હુકમો અને ઝકાત વસૂલ કરવાનો પરવાનો લખીને રવાના કર્યા કે જાવ ! મુસલમાનો પાસેથી ઝકાત વસૂલ કરી લાવો. અને ફર્માવ્યું કે ષઅલ્બા ઈબ્ને હાતિબ તથા ફલાણા માણસની પાસે જજો જે બની સુલૈમથી સંબંધ ધરાવે છે અને તેમનાથી પણ ઝકાત વસૂલ કરજો.

જેથી આ બંને જણ ષઅલ્બાની પાસે આવ્યા અને તેને હુઝૂર ﷺનુ ફર્માન વંચાવીને બકરીઓની ઝકાતની માંગણી કરી. ષઅલ્બાએ કહ્યું, આ ટેક્ષ છે ! આ તો ટેક્ષ છે ! આ તો ટેક્ષનો જ એક પ્રકાર છે. તમે જાવ ! જ્યારે તમે ફારિગ થઈ જાવ ત્યારે મારી પાસે આવજો.

પછી તે હઝરાત બનૂ સુલૈમના તે માણસની પાસે આવ્યા જેના વિશે હુઝૂર ﷺએ ફર્માવ્યું હતું. જ્યારે તેણે સાંભળ્યું તો તે પોતાના ઉચ્ચ કક્ષાના ઊંટોની પાસે ગયો અને તેમાંથી ઝકાતના માટે અલગ કર્યા અને તેમને લઈને તે હઝરાતની ખિદમતમાં આવ્યો. તેમણે જ્યારે ઊંટોને જોયાં તો બોલ્યા, તમારા માટે આ ઊંટો આપવાં જરૂરી નથી અને ન તો અમે તમારાથી ઉમદા ઊંટા લેવા આવ્યા છીએ. તે શખ્સે કહ્યું, એને લઈ લો ! મારુ દિલ એમનાથી ખુશ થાય છે અને હું તમને જ આપવા માટે લાવ્યો છું.

જ્યારે આ લોકો ઝકાતની વસૂલાતથી ફારિગ થઈ ચૂક્યા તો

ષઅલ્બાની પાસે આવ્યા અને તેની પાસે ફરીથી ઝકાતનો સવાલ કર્યો. ષઅલ્બાએ કહ્યું, મને પત્ર બતાવો ! અને તેણે પત્ર જોઈને કહ્યું, આ ટેક્ષનો જ એક પ્રકાર છે, તમે જાવ કે જેથી એના બારામાં હું કાંઈક વિચારી શકું ! જેથી તે હઝરાત રવાના થઈ ગયા અને હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થઈ ગયા. હુઝૂર ﷺએ તેમની સાથે વાતચીત કરતા પહેલાં તેમને જોતાં જ ફર્માવ્યું, હે ષઅલ્બા અફસોસ ! એને બનૂ સુલૈમના તે શખ્સ માટે દુઆ કરી. પછી તે હઝરાતે આપને ષઅલ્બા અને સુલૈમની સંપૂર્ણ વિગતો વર્ણવી. અલ્લાહ તઆલાએ ષઅલ્બાના બારામાં આ આયત નાઝિલ ફર્માવી :–

وَمِنْهُمْ مَّنْ عٰهَدَ اللّٰهَ لَئِنْ اٰتٰنَا مِنْ فَضْلِهٖ لَنَصَّدَّقَنَّ وَلَنَكُوْنَنَّ مِنَ الصّٰلِحِيْنَ ----- وَعَدُوْهُ وَبِمَا كَانُوْا يَكْذِبُوْنَ۔

"અને કેટલાક એમાંથી તે છે જેમણે અલ્લાહથી વાયદો કર્યો કે જો અલ્લાહ અમને પોતાના ફઝ્લથી અતા ફર્માવશે તો અલ્બત્ત અમે સદકો આપીશું અને સાલેહીન (નેક લોકો)માંથી થઈશું. પછી જ્યારે તેમને અલ્લાહ તઆલાએ પોતાના ફઝ્લથી અતા કર્યું તો તેમણે માલની સાથે કંજૂસાઈ કરી અને ફરી ગયા અને મોઢું ફેરવનારા છે. તો નિફાક તેમના દિલોમાં કિયામતના દિવસ સુધી અસર આપશે એ સબબે કે તેમણે અલ્લાહ તઆલાને કરેલા વાયદાની વિરૂધ્ધ કર્યું અને એ સબબે કે તેઓ જૂઠુ બોલતા હતા."

હુઝૂર ﷺની ખિદમતમાં તે સમયે ષઅલ્બાનો એક સંબંધી બેઠો હતો તેણે ષઅલ્બાના વિશે ઉતરનારી આયત સાંભળી તો ઉઠીને ષઅલ્બાની પાસે ગયો અને તેને કહ્યું કે તારી મા મરે ! અલ્લાહ તઆલાએ તારા વિશે ફલાણી ફલાણી આયત ઉતારી છે ! ષઅલ્બાએ એ સાંભળ્યું તો હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયો અને સદકો કબૂલ કરવાની દરખાસ્ત કરી. હુઝૂર ﷺએ ફર્માવ્યું, મને અલ્લાહ તઆલાએ તારો સદકો લેવાથી મના કરી દીધું છે.

ષઅલ્બા આ સાંભળતાં જ પોતાના માથામાં ધૂળ નાખવા લાગ્યો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, તારાં આ કરતૂત ! મેં તને પહેલેથી જ કહી આપ્યું હતું પણ તેં મારી વાત માની નહીં !

જ્યારે હુઝૂર ﷺએ સદકો (ઝકાત) લેવાથી તદ્દન ઈન્કાર કરી દીધો

તો તે પોતાને ઠેકાણે પાછો આવી ગયો. જ્યારે હુઝૂર ﷺ વિસાલ ફર્માવી ગયા તો તે પોતાના સદકાઓ (ઝકાત) લઈને હઝરત અબૂબક્ર رضی اللہ عنہની ખિદમતમાં હાજર થયો પણ તેમણે પણ સ્વીકારવાથી ઈન્કાર કરી આપ્યો. પછી હઝરત ઉમર رضی اللہ عنہના ખિલાફતકાળમાં હાજર થયો, તેમણે પણ લેવાથી ઈન્કાર કરી દીધો. ત્યાં સુધી કે હઝરત ઉષ્માન رضی اللہ عنہના ખલીફા બન્યા બાદ ષઅલ્બાનો ઈન્તેકાલ થયો. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૮/૨૧૮, અત્તફસીરુલ કુર્આનિલ અમીન લિઈબ્ને કષીર, ૨/૪૧૧, અત્તફસીરુલ કબીર, ૬/૧૦૫, અહયાઉલ ઉલૂમ, ૩/૨૪૧)*

## ★ એક બોધદાયક પ્રસંગ ★

જરીરે લય્ષથી રિવાયત કરી છે કે એક શખ્સ હઝરત ઈસા علیہ السلامની સોહબતમાં આવ્યો અને કહેવા લાગ્યો, હું આપની સોહબતમાં હમેશાં આપની સાથે રહીશ. જેથી હઝરત ઈસા علیہ السلام અને તે માણસ સાથે રવાના થયા. જ્યારે એક નદીના કિનારે પહોંચ્યા તો ખાણુ ખાવા માટે બેસી ગયા. તેમની પાસે ત્રણ રોટીઓ હતી. જ્યારે બે રોટીઓ ખાઈ ચૂક્યા અને એક રોટી બાકી રહી ગઈ તો હઝરત ઈસા علیہ السلام નદી પર પાણી પીવા તશરીફ લઈ ગયા. જ્યારે આપ પાણી પીને પાછા આવ્યા તો રોટી મૌજૂદ ન હતી. આપે પૂછયું, રોટી કોણે લીધી ? તે માણસ બોલ્યો કે મને ખબર નથી.

રિવાયત કરનાર (રાવી) કહે છે કે હઝરત ઈસા علیہ السلام તેને લઈને આગળ ચાલી નીકળ્યા અને આપે હરણીને જોઈ જે બે બચ્ચાં સાથે લઈને જઈ રહી હતી. આપે તેના એક બચ્ચાને બોલાવ્યું. જ્યારે તે આવ્યું તો આપે તેને ઝબહ કર્યું અને ગોશ્ત શેકીને ખૂદ પણ ખાધો અને તે માણસને પણ ખવડાવ્યો. પછી બચ્ચાને કહ્યું કે અલ્લાહના હુકમથી ઊભુ થઈ જા ! જેથી તે હરણીનું બચ્ચુ ઊભુ થઈ ગયું અને જંગલની તરફ ચાલી નીકળ્યું. ત્યારે આપે તે માણસને કહ્યું, હું તારાથી તે જાતના નામ પર સવાલ કરું છું જેણે તને આ મો'જિઝો દેખાડયો, રોટી કોણે લીધી ? તે માણસ બોલ્યો મને ખબર નથી.

પછી આપ એક ઝરણા પર પહોંચ્યા અને તે શખ્સનો હાથ પકડયો અને બંને પાણીની સપાટી પર ચાલવા લાગ્યા. જ્યારે પાણી પાર કરી લીધું

તો આપે તે શખ્સને પૂછયું કે તને એ જાતની કસમ ! જેણે તને આ મો'જિઝો દેખાડયો, કહે એ રોટી કોણે લીધી હતી ? એ માણસે ફરી જવાબ આપ્યો, હું નથી જાણતો.

પછી આપ રવાના થઈ ગયા અને એક જંગલમાં પહોંચ્યા. જ્યારે બંને બેસી ગયા તો હઝરત ઈસા علیہ السلام એ માટી અને રેતીની ઢગલી બનાવીને ફર્માવ્યું કે અલ્લાહના હુકમથી સોનુ બની જા ! જેથી તે સોનુ બની ગઈ. અને આપે તેના જેવી ત્રણ ઢગલીઓ બનાવી અને ફર્માવ્યું ત્રીજા ભાગની મારી, ત્રીજા ભાગની તારી અને ત્રીજા ભાગની તે શખ્સની છે જેણે તે રોટી લીધી હતી. ત્યારે એ માણસ બોલ્યો, તે રોટી મેં લીધી હતી ! આપે તેને ફર્માવ્યું, આ સોનુ તમામે તમામ તારું છે અને તેને ત્યાં છોડીને આપ રવાના થઈ ગયા.

તે માણસની પાસે બે શખ્સો આવી ગયા. તેમણે જ્યારે જંગલમાં એક માણસને આટલી બધી માલ મતા સાથે જોયો તો તેમની નિય્યત બદલાઈ ગઈ અને તેમણે ઈરાદો કર્યો કે તેને કત્લ કરીને માલ સમેટી લઈએ. તે માણસે જ્યારે તેમની નિય્યત ભાંપી લીધી તો પોતે જ બોલી ઉઠયો કે આ માલ આપણે ત્રણેવ જ આપસમાં સરખા ભાગે વહેંચી લઈએ. પછી તેમણે પોતાનામાંથી એક શખ્સને શહેરની તરફ રવાના કર્યો જેથી તે ખાવા ખરીદી લાવે.

જે માણસને તેમણે શહેરની તરફ ખાવા લેવા મોકલ્યો હતો તેના દિલમાં ખયાલ આવ્યો કે હું આ માલમાં તેમને ભાગીદાર શા માટે થવા દઉં ?! હું ખાવામાં ઝહેર ભેળવી દઉં છું જેથી તે બંનેવ જણા મરી જાય અને માલ હું જ એકલો લઉં. જેથી તેણે એવું જ કર્યું.

રાવી કહે છે કે આ તરફ જે માણસો જંગલમાં બેઠા હતા તેમણે ઈરાદો કર્યો કે આપણે તેને ત્રીજો ભાગ શા માટે આપીએ ? જેવો તે આવે તેવો તેને કત્લ કરી દઈએ અને દૌલત આપણે બંને વહેંચી લઈએ. જેથી જ્યારે તે માણસ ખાવા લઈને આવ્યો તો તેમણે તેને મારી નાખ્યો અને બાદમાં તે ખાવા ખાધું, જેને ખાતાં જ તે બંને પણ મરી ગયા અને સોનાની ઢગલીઓ એ જ પ્રમાણે પડી રહી અને જંગલમાં ત્રણ લાશો રહી ગઈ.

હઝરત ઈસા علیہ السلام ફરીવાર ત્યાંથી પસાર થયા અને તેમની આ હાલત જોઈને પોતાના સાથીઓને ફર્માવ્યું, જુઓ ! આ દુનિયા છે ! એનાથી બચતા રહો.

**હિકાયત** : ઝુલ્કરનૈન એવા લોકો પાસે પહોંચ્યા જેમની દુનિયાવી માલ સંપત્તિ કાંઈ ન હતી. તેમણે પોતાની કબરો તૈયાર કરી રાખી હતી. જ્યારે સવાર થઈ તો તે કબરોની તરફ આવ્યા, તેની યાદ તાજી કરતા, તેને સાફ કરતા અને તેની નજીક નમાઝો પઢતા અને જાનવરોની જેમ કાંઈ ઘાસ પાંદડાં ખાઈ લેતા અને તેમણે કેવળ જમીન ઉપર ઉગનાર વનસ્પતિ વગેરે પર જ ગુજારો કરવાનું રાખ્યુ હતું. ઝુલ્કરનૈને એક માણસને મોકલીને તેમના સરદારને બોલાવવા મોકલ્યો, પણ સરદારે કહ્યું કે ઝુલકરનૈનને જવાબ આપજો કે મારે તમારું કોઈ કામ નથી, જો તમારે કાંઈ કામ હોય તો મારી પાસે આવી જાવ ! ઝુલ્કરનૈને આ જવાબ સાંભળીને કહ્યું કે, ખરેખર ! તેણે સાચુ કહ્યું છે. જેથી ઝુલ્કરનૈન તેની પાસે આવ્યો અને તેણે કહ્યું, મેં તમારી પાસે માણસ મોકલીને તમને બોલાવ્યા પણ તમે ઈન્કાર કરી દીધો જેથી હું ખૂદ આવ્યો છું. સરદારે કહ્યું, જો મારે તમારાથી કોઈ કામ હોત તો જરૂર આવત. ઝુલ્કરનૈને કહ્યું મેં તમને એવી હાલતમાં જોયા છે કે કોઈ અન્ય કૌમને આવી હાલતમાં નથી જોઈ. સરદારે કહ્યું, તમે કઈ હાલતની વાત કરો છો ? ઝુલ્કરનૈને કહ્યું, એ જ કે તમારી પાસે દુનિયવી માલ સંપત્તિ કાંઈ જ નથી જેનાથી તમે ખુશહાલ રહી શકો. સરદારે કહ્યું, અમે સોના ચાંદીને જમા કરવાને ઘણુ જ બુરુ સમજીએ છીએ, કેમ કે જે શખ્સને આ ચીજો મળે છે તે તેમાં મગ્ન થઈ જાય છે અને એ ચીજને જે એનાથી ઘણી બેહતર છે તેને ભૂલી જાય છે. ઝુલકરનૈને કહ્યું, તમે કબરો શા માટે તૈયાર કરી રાખી છે ? અને દરેક સવારે તેની મુલાકાત (ઝિયારત) કરો છો ? તેને સાફ કરો છો અને તેની પાસે ઊભા રહીને નમાઝ પઢો છો ! સરદારે કહ્યું, એ એટલા માટે કે જ્યારે અમે કબરોને જોઈશું અને દુનિયાની આરઝૂ કરીશું તો કબરો અમને દુનિયાથી બેનિયાઝ (બેપરવા) કરી દેશે અને અમને લોભ લાલચથી રોકી દેશે. ઝુલ્કરનૈને પૂછયું, મેં જોયું છે કે જમીનની વનસ્પતિ સિવાય તમારો કોઈ ખોરાક નથી. તમે જાનવર શા માટે નથી રાખતા જેથી તેનુ દૂધ દોહી

લો, તેના પર સવારી કરો અને તેનાથી ફાયદો ઉઠાવી શકો. સરદારે કહ્યું, અમે એ ચીજને સારી નથી સમજતા કે અમે તેમનાં પેટોને તેમની કબરો બનાવીએ અને અમે જમીનની વનસ્પતિથી પૂરતો ખોરાક મેળવી લઈએ છીએ અને એ માણસને સમય વિતાવવા માટે પૂરતુ છે. જ્યારે ખાવા ગળા નીચે ઉતરી જાય છે (અને તે ભલે ગમે તેવુ હોય) પછી તેની કોઈ લિજ્જત બાકી નથી રહેતી.

પછી તે સરદારે ઝુલ્કરનૈનની પાછળ હાથ લંબાવીને એક થેલી ઉઠાવી અને કહ્યું, ઝુલ્કરનૈન ! જાણો છો આ કોણ છે ?! ઝુલ્કરનૈને કહ્યું, નહીં ! આ કોણ છે ? સરદારે કહ્યું, આ દુનિયાના બાદશાહોમાંથી એક બાદશાહ હતો, અલ્લાહ તઆલાએ તેને દુનિયાવાળાઓ પર બાદશાહી આપી હતી. પરંતુ તેણે જુલ્મો સિતમ કર્યો અને નાફર્માન બની ગયો. જ્યારે અલ્લાહ તઆલાએ તેની આ હાલત જોઈ તો તેને મૌત આપી દીધી અને તે એક રઝળતા પથ્થરની જેમ કિંમત વિનાનો થઈ ગયો. અલ્લાહ તઆલાએ તેના અમલોની ગણત્રી કરી લીધી છે જેથી તેને આખેરતમાં સજા આપે.

પછી તેણે એક બીજી કોથળી ઉઠાવી કે જે કહોવાએલી હતી અને કહ્યું, ઝુલ્કરનૈન ! જાણો છો આ કોણ છે ? ઝુલ્કનૈને કહ્યું, નહીં ! જણાવો એ કોણ છે ? સરદારે કહ્યું, આ એક બાદશાહ છે જેને પહેલા બાદશાહ પછી હુકૂમત મળી. તે પોતાની પહેલાંના બાદશાહનો પ્રજા પર જુલ્મો સિતમ જોઈ ચૂક્યો હતો, જેથી તેણે નમ્રતા રાખી, અલ્લાહનો ડર કર્યો અને મુલ્કમાં અદ્લો ઈન્સાફ કરવાનો હુકમ આપ્યો પછી એ પણ મરી ગયો જેમ કે તમે જોઈ રહ્યા છો. અને અલ્લાહ તઆલાએ તેના અમલોની ગણત્રી કરી લીધી એટલે સુધી કે તેને આખેરતમાં એનો બદલો આપશે. પછી તે ઝુલ્કરનૈનની ખોપડીની તરફ ધ્યાનિત થયો અને કહ્યું, આ પણ તેમની જેમ જ છે ! ઝુલ્કરનૈન ! ખયાલ રાખશો કે તમે કેવા અમલો કરી રહ્યા છો ?! ઝુલ્કરનૈને તેની વાતો સાંભળીને કહ્યું, શું તમે મારી મિત્રતામાં રહેવા ચાહો છ ? હું તમને મારો ભાઈ અને વઝીર અને જે કાંઈ અલ્લાહ તઆલાએ મને માલ દોલત આપી છે એમાં મારો ભાગીદાર બનાવીશ. સરદારે કહ્યું, તમે અને હું સુલહ નથી કરી શક્તા અને ન તો આપણે ભેગા રહી શકીએ છીએ ! ઝુલ્કરનૈને કહ્યું, એવું કેવી રીતે ? સરદારે કહ્યું, એટલા માટે કે લોકો તમારા

દુશ્મન અને મારા દોસ્ત છે. ઝુલ્કરનૈને પૂછયું, એ કેવી રીતે ? સરદારે કહ્યું, એ તમારાથી તમારો મુલ્ક, માલ અને દુનિયાના કારણે દુશ્મની રાખે છે. અને મેં આ ચીજોને ત્યજી દીધી છે જેથી કોઈ એક પણ મારો દુશ્મન નથી, અને એટલા માટે મારે કોઈ ચીજની જરૂરત નથી અને ન મારી પાસે કોઈ ચીજની કમી છે. રાવી કહે છે કે ઝુલ્કરનૈન આ વાતો સાંભળીને ખૂબ જ પ્રભાવિત થયો અને આશ્ચર્યસહ ત્યાંથી પાછો આવ્યો. કોઈ શાયરે શું સરસ કહ્યું છે :–

૧. હે તે શખ્સ ! જે દુનિયા અને તેની ચીજોથી લાભ પામે છે, અને દુનિયવી લિજ્જતોથી તેની આંખો નથી સૂતી.

૨. તને નામુમ્કિન (અશક્ય) ચીજોની પ્રાપ્તિમાં મશગૂલ કરી દીધો છે જ્યારે તું અલ્લાહની બારગાહમાં હાજર થઈશ તો શું જવાબ આપીશ ?

બીજા શાયરે કહ્યું કે :–

૧. મેં દુનિયાના જાહિલોને ઘણીવાર અતા કરવા અને અહલે ફઝ્લથી દૂર રહેવા પર મલામત કરી તો તેણે કહ્યું, મારી મજબૂરી સાંભળો !

૨. જાહિલ મારા પુત્રો છે જેથી તેમને હું ઉચ્ચતા આપુ છું અને ફઝલવાળા મુત્તકી મારા અને આખેરતના ફરઝંદ છે. (જેથી હું તેમનાથી અલિપ્ત રહુ છું.)

જનાબ મહમૂદ બાહિલીનો કૌલ છે :–

૧. બેશક ! દુનિયા આવે કે જાય ઈન્સાનના માટે દરેક હાલમાં ફિત્નો તથા આજમાઈશ છે.

૨. જ્યારે દુનિયા આવે છે તો કાયમી શુક્ર સાથે લાવે છે (તો શુક્ર અદા કર) અને જ્યારે જાય તો સબ્ર અને સંયમ (અડગતા)ને પ્રદર્શિત કર.

(પ્રકરણ : ૬૦)

# સદક઼ાની ફઝીલત

નબી અકરમ ﷺનો ઈર્શાદ છે કે જે શખ્સ હલાલની કમાઈથી એક ખજૂરના બરાબર સદક઼ો કરે છે(અને અલ્લાહ તઆલા હલાલની કમાઈનો જ સદકો કબૂલ કરે છે.) તો અલ્લાહ તઆલા તેને પોતાની બરકતથી કબૂલ ફર્માવી લે છે. પછી તેને સદક઼ો કરનાર માટે ઉછેર કરે છે જેવી રીતે તમે તમારા વાછરડાનો ઉછેર કરો છો ત્યાં સુધી કે એ સદક઼ો પહાડના જેટલો થઈ જાય છે. બીજી હદીષમાં છે કે (જેમ કે તમારામાંથી કોઈ પોતાના એક વાછરડાનો ઉછેર કરે છે) ત્યાં સુધી કે એક કોળિયો ઓહડ પહાડ જેટલો થઈ જાય છે. *(સહીહ બુખારી, ૧/૧૮૯, સુનને તિર્મિઝી, ૧/૧૪૪, મિશ્કાતુલ મસાબીહ, ૧/૧૬૪, કન્ઝુલ ઉમ્માલ, ૬/૩૫૨)*

આ હદીષે પાકનું સમર્થન આ ફર્માને ઈલાહીથી થાય છે :–

اَلَمْ يَعْلَمُوْٓا اَنَّ اللّٰهَ هُوَ يَقْبَلُ التَّوْبَةَ عَنْ عِبَادِهٖ وَيَاْ خُذُ الصَّدَقَاتِ

**તર્જુમો** : "શું તમે નથી જાણ્યું કે અલ્લાહ તે જ છે જે પોતાના બંદાઓથી તૌબા કબૂલ ફર્માવે છે અને સદક઼ા લે છે." *(પારા : ૧૧, સૂ. તૌબા, આ. : ૧૦૪)*

અને ઈર્શાદ ફર્માવ્યો :– يَمْحَقُ اللّٰهُ الرِّبٰوا وَيُرْبِى الصَّدَقَاتِ "અલ્લાહ તઆલા વ્યાજને મિટાવે છે અને સદક઼ાને વધારે છે." *(પારા : ૩, સૂ. બક઼રહ આ. ૨૭૬)*

## ★ સદક઼ાના ફઝાઈલ ★

સદકો માલને ઘટાડતો નથી અને અલ્લાહ તઆલા આ બખ્શિશના બદલામાં ઈન્સાનની ઈજ્જત તથા વકારને વધારે છે અને **જે શખ્સ અલ્લાહને રાજી કરવા ખાતર નમ્રતા–આજીજી કરે છે તેને અલ્લાહ તઆલા ઊંચો મર્તબો આપે છે.** *(મોઅત્તા ઈમામ માલિક, ૨/૧૦૦૦, મિશ્કાતુલ મસાબીહ, આ. : ૧/૧૬૭)*

તિબ્રાનીની રિવાયત છે કે સદક઼ો માલને ઘટાડતો નથી અને ન તો

બંદો સદકો આપવાના માટે પોતાનો હાથ લંબાવે છે પણ તે અલ્લાહ તઆલાના હાથમાં જાય છે, એટલે કે તેને માંગનારના હાથમાં જતાં પહેલાં કબૂલ ફર્માવી લે છે. અને કોઈ બંદો બેપરવાઈ છતાં સવાલનો દરવાજો નથી ખોલતો પણ અલ્લાહ તઆલા તેના પર ફકીરીને લાગુ પાડી દે છે. *(અલ્મો અજમુલ કબીર લિત્તબરાની, ૧૧/૩૨૦, અત્તરગીબ વત્તરહીબ, ૨/૪)*

બંદો કહે છે મારો માલ છે, મારો માલ છે ! પણ તેના માલના ત્રણ હિસ્સા છે, જે ખાધુ તે ફના થઈ ગયું જે પહેર્યું તે પૂરાણુ થઈ ગયું અને જે રાહે ખુદામાં આપ્યું તે હાંસલ કરી લીધું. અને જે એના સિવાય છે તે તેને લોકોના માટે છોડી જવાનો છે. *(સહીહ મુસ્લિમ, ૨/૭, અત્તરગીબ વત્તરહીબ, ૨/૫)*

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમારામાંથી કોઈ એક એવો નથી પણ અલ્લાહ તઆલા કોઈ તર્જુમાન (પ્રવાક્તા) વિના એની સાથે વાતચીત ફર્માવશે. માણસ પોતાની જમણી બાજુ જોશે તો એને એ જ જોવા મળશે જે એણે આગળ મોકલ્યું છે, અને ડાબી બાજુ જોશે તો એ જ જોવા મળશે જે એણે આગળ મોકલ્યું છે, અને પોતાની સામે જોશે તો તેને સામે આગ જોવા મળશે. તો તમે એનાથી બચો ભલે ખજૂરતો એક ટુકડો પણ રાહે ખુદામાં આપીને બચી શકો. *(સહીહ બખારી, ૨/૯૬૮, સહીહ મુસ્લિમ, ૧/૩૨૭, અલમોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૭/૮૨)*

હદીષ શરીફમાં છે કે તમારા ચહેરાઓને આગથી બચાવો ભલે ખજૂરના એક ટુકડાથી જ કેમ ન હોય ! *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૬૪૧, કન્ઝુલ ઉમ્માલ, ૬/૩૩૯)* હુઝૂર ﷺ ફર્માવે છે કે સદકો ગુનાહોને એવી રીતે મિટાવી દે છે જેવી રીતે પાણી આગને બુઝાવી દે છે. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૯/૧૦૬, અત્તરગીબ વત્તરહીબ, ૨/૬૨, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૧૪૧)* આપે ફર્માવ્યું, હે કઅબ ઈબ્ને ઉજઝહ્ ! જન્નતમાં તે લોહી અને ગોશ્ત જશે નહીં જે હરામ ઝરીયાથી હાંસલ કરેલ માલથી ફુલ્યુ ફાલ્યુ (ઉછર્યું) હોય. હે કઅબ ઈબ્ને ઉજઝહ્ ! લોકો જવાવાળા છે, કેટલાક જવાવાળા પોતાના નફસને છૂટકારો આપનારા છે અને કેટલાક તેને હલાક કરનારા છે. હે કઅબ ઈબ્ને ઉજઝહ્ ! નમાઝ નઝદીકી છે, રોઝા ઢાલ છે, સદકો ગુનાહોને એવી રીતે દૂર કરે છે જેવી રીતે ચીકણા પથ્થરથી લીલ

ઉતરી જાય છે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૪/૩૯૭, અલ્મોઅજમુલ કૂબીર લિત્તબરાની, ૧૯/૧૪૫)* એક રિવાયતમાં છે કે જેવી રીતે પાણી આગને ઓલવી નાખે છે. *(અલમોઅજમુલ કૂબીર લિત્તબરાની, ૧૯/૧૪૫, કન્ઝુલ ઉમ્માલ, ૬/૩૪૮)*

ફર્માવ્યું, સદકો અલ્લાહ તઆલાના ગઝબને ઠંડો કરી નાખે છે અને મૌતની તકલીફોને દૂર કરી આપે છે. એક રિવાયતમાં છે કે અલ્લાહ તઆલા સદકાના બદલે નાપસંદીદા મૌતના સિત્તેર દરવાજા બંધ કરી આપે છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૬/૩૭૦)*

હદીષ શરીફમાં છે કે લોકોના ફેંસલા થતા સુધી લોકો પોતાના સદકાઓના સાયામાં રહેશે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૧૪૩, અલ્મોઅજમુલ કૂબીર લિત્તબરાની, ૧૭/૨૮૦)* બીજી રિવાયતમાં છે કે કોઈ માણસ સદકાની ચીજ નથી કાઢતો પણ તેને સિત્તેર શૈતાનોના જડભાએથી જુદો કરે છે. *(સુનને અબૂ દાઉદ, ૧/૨૩૬, કન્ઝુલ ઉમ્માલ, ૨/૩૬૩)*

હુઝૂર ﷺને પૂછવામાં આવ્યું કે કયો સદકો અફઝલ છે ? તો આપે ફર્માવ્યું કે, ઓછી હૈસિયતવાળા શખ્સનુ કોશિશ વડે ખર્ચ કરવું અને પોતાનાં બીબી બચ્ચાંથી તેની શરૂઆત કરવી. *(કન્ઝુલ ઉમ્માલ, ૨/૩૮૫)*

હુઝૂર ﷺએ ફર્માવ્યું, એક દિરહમ સો દિરહમ પર અગ્રિમતા પામી ગયો. એક શખ્સે અર્ઝ કરી, એવું કેવી રીતે ? આપે ફર્માવ્યું, એક શખ્સની ઘણી જ માલ દૌલત હતી અને તેણે તેની પાસેથી એક લાખ દિરહમ કાઢીને સદકો કરી આપ્યો. અને બીજાની પાસે કેવળ બે દિરહમ હતા, તેણે તેમાંથી એક ખુદાની રાહમાં આપી દીધો. *(સુનને નિસાઈ, ૧/૩૫૦, કન્ઝુલ ઉમ્માલ, ૬/૩૬૦)*

ફર્માને નબવી છે કે, માંગનારને ખાલી હાથે પાછો ન મોકલો, ભલે તેને ગાય, ભેંસની ચીરેલી ખરી જ કેમ ન આપી દો ! *(કન્ઝુલ ઉમ્માલ, ૬/૩૮૫, અહમદ બિન હંબલ, ૭/૫૮૭)* હદીષ શરીફમાં છે કે સાત શખ્સો એવા છે જેઓ રહમતે ઈલાહીના સાયામાં હશે જે દિવસે રહમતે ઈલાહીના સિવાય કોઈ સાયો નહીં હોય. એમાંથી એક તે છે જેણે અતિ ચુપકીદીથી (છુપાવીને) ખુદાની રાહમાં ખર્ચ કર્યો ત્યાં સુધી કે તેના ડાબા હાથને ખબર ન પડી કે

જમણા હાથે શું ખર્ચ કર્યો છે. *(સહીહ બુખારી, ૨/૩૦૨, સહીહ મુસ્લિમ, ૧/૩૩૧, સુનને નિસાઈ, ૨/૩૦૨, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૧૮૨, કન્ઝુલ ઉમ્માલ, ૧૫/૯૦૪, અત્તરગીબ વત્તરહીબ, ૨/૧૫)*

નેકીના માર્ગો આ છે : બુરી જગાઓએથી બચો, છુપો સદકો અલ્લાહના ગઝબને ઠંડો કરી આપે છે અને સગાંથી સદ્‌વર્તાવ જિંદગીને લાંબી કરે છે. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૮/૨૮૧, કન્ઝુલ ઉમ્માલ, ૬/૩૪૪, અત્તરગીબ વત્તરહીબ, ૨/૧૫)*

તિબ્રાનીની રિવાયતમાં છે કે નેક કામ, બુરી જગાઓએથી બચવું અને છુપાવીને સદકો અલ્લાહના ગઝબને ઠંડો કરી આપે છે અને સગાંથી સદ્‌વર્તાવ (સિલએ રહમી) જિંદગી વધારે છે અને સારું કામ સદકો છે. દુનિયામાં સારાં કામો કરનારા આખેરતમાં સારાં કામો કરનારા સાથે હશે, દુનિયામાં બુરાઈઓ કરનારા આખેરતમાં બુરાઈઓ કરનારા સાથે હશે અને જન્નતમાં સૌ પ્રથમ ભલાઈ કરનારાઓ દાખલ થશે. *(કન્ઝુલ ઉમ્માલ, ૨/૩૪૩, અત્તરગીબ વત્તરહીબ, ૨/૧૬)*

તિબ્રાની અને અહમદની બીજી રિવાયતમાં છે, રસૂલુલ્લાહ ﷺને પૂછવામાં આવ્યું કે સદકો શું છે ? તો આપે ફર્માવ્યું, આપો તેનું બમણુ અને અલ્લાહને ત્યાં એનાથી પણ અધિક છે. પછી આપે આ આયત પઢી :–

مَنْ ذَا الَّذِیْ یُقْرِضُ اللّٰهَ قَرْضًا حَسَنًا فَیُضٰعِفَهٗ لَهٗ اَضْعَافًا كَثِیْرَةً

**તર્જુમો** : "કોણ શખ્સ છે જે અલ્લાહને સારુ કર્ઝ આપે પછી તે બમણુ કરી આપે તેને તેના માટે ઘણુ જ બમણુ." *(સૂ. બકરહ, અ. : ૨૭૫)*

તેમ જ પૂછવામાં આવ્યું, યા રસૂલલ્લાહ ! કયો સદકો અફઝલ છે ? આપે ફર્માવ્યું, ફકીર (ગરીબ)ને છુપી રીતે આપવું અને ઓછા માલવાળાનુ કોશિશ વડે ખર્ચ કરવું. પછી આપે આ આયત *(પારા : ૨, સૂ. બકરહ, આ. ૨૭૧)* પઢી :–

اِنْ تُبْدُوا الصَّدَقٰتِ فَنِعِمَّا هِیَ ۚ وَاِنْ تُخْفُوْهَا وَتُؤْتُوْهَا الْفُقَرَآءَ فَهُوَ خَیْرٌ لَّكُمْ

**તર્જુમો** : "જો તમે સદકાઓને જાહેર કરો તો સારુ છે અને જો તમે

તેને છુપાવો અને ગરીબને આપો તો તમારા માટે ઘણુ સારુ છે." *(સુનને નિસાઈ, ૧/૩૪૯, મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૨૨૭, કન્ઝુલ ઉમ્માલ, ૬/૪૦૦, અત્તરગીબ વત્તરહીબ, ૨/૧૬)*

**જેણે કોઈ મુસલમાનને કપડુ પહેરાવ્યું તો જ્યાં સુધી તેના શરીર પર કપડાનો એક દોરો પણ મૌજૂદ રહેશે ત્યાં સુધી અલ્લાહ તઆલા તે સદક઼ો આપનાર માણસના અયબોને ઢાંકતો રહેશે.** *(સુનને તિર્મિઝી, ૨/૭૧, કન્ઝુલ ઉમ્માલ, ૧૫/૮૨૬)*

બીજી રિવાયતમાં છે કે જે મુસલમાને કોઈ નગ્ન મુસલમાનને કપડુ પહેરાવ્યું તેને અલ્લાહ તઆલા જન્નતનો લિબાસ પહેરાવશે. જે મુસલમાને કોઈ ભૂખ્યા મુસલમાનને ખાવા ખવડાવ્યું તેને અલ્લાહ તઆલા જન્નતમાં ફળ ખવડાવશે. અને જે મુસલમાને કોઈ તરસ્યા મુસલમાનને તૃપ્ત કર્યો અલ્લાહ તઆલા તેને જન્નતમાં મોહરવાળુ શરાબે તહૂર પીવડાવશે. *(સુનને અબૂ દાઊદ, ૧/૨૩૬, અત્તરગીબ વત્તરહીબ, ૨/૩૬)* ગરીબને સદક઼ો, ખૈરાત છે અને રિશ્તેદાર પર સદક઼ો કરવામાં બમણો સવાબ છે, એક સદક઼ાનો બીજા સિલએ રહમી (સગાં સાથે સદ્‌વર્તાવ)નો. *(સુનને તિર્મિઝી, ૧/૧૪૨, સુનને નિસાઈ, ૧/૩૬૧, અત્તરગીબ વત્તરહીબ, ૨/૧૭, કન્ઝુલ ઉમ્માલ, ૬/૩૪૬)*

પૂછવામાં આવ્યું, કયો સદક઼ો અફઝલ છે ? આપે ફર્માવ્યું, **દરેક તે રિશ્તેદાર (સંબંધી)ને આપવું જે તારા માટે દિલમાં બુગ્ઝ (કીનો) તથા અદાવત ધરાવતો હોય.** *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૪/૪૦૪, કન્ઝુલ ઉમ્માલ, ૬/૩૯૫, અત્તરગીબ વત્તરહીબ, ૨/૧૭)* આપે ફર્માવ્યું, જેણે કોઈ શખ્સને દૂધ પીવાના માટે બકરી વગેરે આપી જેથી તે એનુ દૂધ પીને તેને પાછી આપી દે. અથવા કર્ઝ આપ્યું અથવા સફરનો સાથી આપ્યો તેને ગુલામ આઝાદ કરવા બરાબર સવાબ મળે છે. *(મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક઼, ૨/૩૨૦, અત્તરગીબ વત્તરહીબ, ૨/૧૯)* વધુમાં ફર્માવ્યું કે દરેક કર્ઝ સદક઼ો છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૬/૨૧૦)* એક રિવાયતમાં છે કે ફર્માવ્યું, મેં મેઅરાજની રાત્રે જન્નતના દરવાજા પર લખેલુ જોયું કે સદક઼ાનો દસ ગણો અને કર્ઝનો અઢાર ગણો સવાબ છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૬/૨૧૦)*

ફર્માવ્યું, **જે કોઈ તંગદસ્તની મુશ્કેલી આસાન કરી આપે છે**

**તેના માટે અલ્લાહ તઆલા દુનિયા અને આખેરતમાં આસાની કરી આપે છે.** *(સહીહ મસ્લિમ, ૨/૩૪૫, સુનને તિર્મિઝી, ૨/૧૪, સુનને ઈબ્ને માજહ, પેજ : ૧૭૪, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૪૯૭)*

પૂછવામાં આવ્યું, યા રસૂલલ્લાહ ! ક્યો ઈસ્લામ બેહતર છે ? આપે ફર્માવ્યું, ખાવા ખવડાવવું અને ઓળખીતા તથા અજનબી પર તમારું સલામ કહેવું ! *(અલ મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૧૪૪, મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૬૩૧ અત્તરગીબ વત્તરહીબ, ૨/૩૩, સહીહ ઈબ્ને હબ્બાન, ૧/૪૪૨)* પૂછનારે અર્ઝ કરી કે મને દરેક ચીજની હકીકત બતાવો ! આપે ફર્માવ્યું કે દરેક ચીજને પાણી વડે પેદા કરવામાં આવી છે. પછી મેં કહ્યું, મને એવા અમલના વિશે બતાવો જેના સબબે જન્નતમાં જાઉં. આપે ફર્માવ્યું, **ખાવા ખવડાવ, સલામ કર્યા કર, સગાં સાથે સદ્‌વર્તાવ કર અને રાતે જ્યારે લોકો સૂતેલો હોય ત્યારે નમાઝ પઢ તો તું જન્નતમાં સલામતીની સાથે પહોંચી જઈશ.** *(સુનને તિર્મિઝી, ૨/૭, સહીહ ઈબ્ને હબ્બાન, ૧/૪૩૩)*

ફર્માને નબવી છે કે અલ્લાહ તઆલાની ઈબાદત કરો, મિસ્કીનોને ખાવા ખવડાવો અને સલામ કરો સહી સલામત જન્નતમાં જતા રહેશો. *(સુનને તિર્મિઝી, ૨/૭, સહીહ ઈબ્ને હબ્બાન, ૧/૪૩૩)* ફર્માને નબવી છે કે રહમતના નુઝૂલના સબબોમાંથી મુસલમાન મિસ્કીનને ખાવા ખવડાવવું છે. *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૨/૫૭૦, અત્તરગીબ વત્તરહીબ, ૨/૩૫)* જેણે પોતાના મુસલમાન ભાઈને ખાવા પીવાથી તૃપ્ત કરી દીધો અલ્લાહ તઆલા તેની અને દોઝખની વચ્ચે ૭૦ ખાઈઓનો ફાસલો કરી આપશે. જેમાંથી દરેક ખંદક (ખાઈ) ૫૦૦ વરસની મુસાફરી જેટલુ અંતર ધરાવે છે. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૨૦/૮૫, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૧૪૪)*

ફર્માને નબવી છે, અલ્લાહ તઆલા કિયામતના દિવસે ઈર્શાદ ફર્માવશે હે ઈન્સાન ! હું બીમાર થયો હતો પણ તેં મારી ખબર ન લીધી (અયાદત ન કરી) હતી. ઈન્સાન કહેશે, હું તારી કેવી રીતે ખબર લઉં ? તું તો રબ્બુલ આલમીન છે ! રબ ફર્માવશે, તને ખબર નથી મારો ફલાણો બંદો બીમાર હતો પણ તું તેની ખબર પૂછવા ન આવ્યો. શું તને ખબર ન હતી કે જો તુ તેની ખબર પૂછવા આવત (અયાદત કરત) તો મને તેની નિકટ પામત ! હે

ઈન્સાન ! મેં તને ખાવા ખવડાવવા માટે કહ્યું પણ તેં મને ખાવા આપ્યું ન હતું. ઈન્સાન કહેશે કે, હે અલ્લાહ ! હું તને કેવી રીતે ખાવા ખવડાવાતો ? તું તો રબ્બુલ આલમીન છે ! રબ ફર્માવશે, તને ઈલ્મ ન હતો કે જો તું તેને ખાવા ખવડાવત તો તેને તું મારે ત્યાં પામત ? હે ઈન્સાન ! મેં તારી પાસે પાણી માંગ્યું હતું પણ તેં મને તૃપ્ત ન કર્યો ! ઈન્સાન કહેશે કે હું તને કેમ કરીને તૃપ્ત કરું ? તું તો રબ્બુલ આલમીન છે. રબ તઆલા ફર્માવશે, મારા ફલાણા બંદાએ તારી પાસે પાણી માંગ્યુ હતું પણ તેં તેને પાણી પીવડાવ્યું ન હતું. શું તને ખબર ન હતી કે જો એને પાણી પીવડાવત તો મારે ત્યાં તેનો બદલો પામત. *(સહીહ મુસ્લિમ, ૨/૩૧૮, અત્તરગીબ વત્તરહીબ, ૨/૩૭)*

*(પ્રકરણ : ૬૧)*

# મુસલમાનની હાજત પૂરી કરવી

ફર્માને ઈલાહી છે :– وَتَعَاوَنُوا عَلَى الْبِرِّ وَ التَّقْوٰى ''નેકી તથા પરહેઝગારીમાં એક બીજાની મદદ કરો.'' *(પારા : ૬, સૂ. માઈદા, આ : ૨)*

હુઝૂર ﷺએ ફર્માવ્યું કે **જે શખ્સ કોઈ ભાઈની ઈમદાદ અને ફાયદાના માટે કદમ ઉઠાવે છે, તેને ખુદાની રાહમાં જેહાદ કરનારાઓ જેવો સવાબ મળે છે.** *(કન્ઝુલ ઉમ્માલ, ૬/૪૪૫)*

ફર્માને નબવી છે કે અલ્લાહ તઆલાએ એવી મખ્લૂકને પેદા ફર્માવી છે જેમનું કામ લોકોની જરૂરતોને પૂરી કરવાનું છે અને અલ્લાહ તઆલાએ પોતાની ઝાતની કસમ ફર્માવી છે કે તેમને અઝાબ કરશે નહીં. જ્યારે કિયામતનો દિવસ હશે તો તેમના માટે નૂરના મિમ્બર રાખવામાં આવશે તેઓ અલ્લાહ તઆલાથી વાતચીત કરી રહ્યા હશે જ્યારે કે લોકો હજી હિસાબમાં હશે. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૨/૧૧૨, હિલ્યતુલ અવલિયા, ૧૦/૨૨૭, કન્ઝુલ ઉમ્માલ, ૬/૪૪૪, ૩૫૦)*

ફર્માને નબવી છે કે **જે કોઈ મુસલમાન ભાઈની હાજત રવાઈના માટે (મદદ કાજે) કોશિશ કરે છે, ચાહે તેની હાજત પૂરી થાય કે ન થાય પણ અલ્લાહ તઆલા તે કોશિશ કરવાવાળાના આગલા પાછલા ગુનાહોને બખ્શી આપે છે અને તેના માટે બે છૂટકારા લખી આપવામાં આવે છે, જહન્નમની મુક્તિ અને મુનાફિક્તથી છૂટકારો.**

ફર્માને નબવી છે કે જે શખ્સ કોઈ મુસલમાન ભાઈની હાજત રવાઈ કરે છે, હું તેના મીઝાનની નજીક ઊભો હોઈશ. જો તેની નેકીઓ વધી ગઈ તો ઠીક, નહીં તો હું તેની શફાઅત કરીશ. આ રિવાયત હિલયહમાં અબૂ નુઈમથી નકલ કરવામાં આવી છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૬/૪૪૮)*

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે, હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **જે શખ્સ કોઈ મુસલમાન ભાઈની હાજત રવાઈના માટે ચાલે છે તેના દરેક કદમના બદલામાં અલ્લાહ તઆલા ૭૦ નેકીઓ તેના આમાલનામામાં લખી આપે છે, અને સિત્તેર ગુનાહ તેના મિટાવી દેવામાં આવે છે અને જો તે હાજત તેના હાથે પૂરી થઈ જાય તો તે ગુનાહોથી એવો પાક થઈ જાય છે જેવી રીતે માંના પેટેથી આવ્યો હતો. અને જો તે એ દરમ્યાન મરી જાય તો વિના હિસાબે જન્નતમાં જશે.** *(કન્ઝુલ ઉમ્માલ, ૬/૪૪૭, અત્તરગીબ વત્તરહીબ, ૩/૨૬૪, અલ્કામિલ ફી દુઅફાઈરિર્જાલ, ૪/૧૫૦)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે શખ્સ પોતાના મુસલમાન ભાઈની હાજત રવાઈના માટે તેની સાથે જાય છે અને તેની હાજત પૂરી કરી આપે છે, તો અલ્લાહ તઆલા તેની તથા જહન્નમની વચ્ચે સાત ખાઈઓ બનાવી આપે છે અને બે ખાઈઓ વચ્ચેનું અંતર જમીન તથા આસ્માનના વચ્ચેના અંતર જેટલુ હોય છે. *(હિલ્યતુલ અવલિયા, ૮/૨૧૮, કન્ઝુલ ઉમ્માલ, ૬/૪૪૬)*

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી મરવી છે, હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાના કેટલાંક એવાં નામો છે જે એ લોકોના માટે ખાસ છે જેઓ લોકોની હાજતો પૂરી કરતા રહે છે, અને જ્યારે તેઓ આ તરીકો

છોડી દે છે તો અલ્લાહ તઆલા તે ઈનામો બીજાઓ તરફ તબદીલ કરી આપે છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૬/૩૫૦)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જાણો છો કે સિંહ પોતાની સખત જરૂરતમાં શું કહે છે ? સહાબાએ અર્ઝ કરી કે અલ્લાહ અને તેના રસૂલ બેહતર જાણે છે. આપે ફર્માવ્યું, તે કહે છે કે હે અલ્લાહ ! મને કોઈ ભલાઈ કરનારા પર મુસલ્લત (લાગુ) ન કરતો. *(લમઅજદહુ અસલા)*

હઝરત અલી ઈબ્ને અબી તાલિબ رضی اللہ عنہ આ હદીષ મરફૂઅ બયાન કરતા હતા કે જ્યારે તમે કોઈ જરૂરત અથવા કામનો ઈરાદો કરો તો તેને જુમેરાતના દિવસે શરૂ કરો અને જ્યારે તમારા ઘરેથી નીકળો તો સૂરએ આલે ઈમરાનનો આખરી હિસ્સો, આયતુલ કુર્સી, સૂરએ કદ્ર અને સૂરએ ફાતિહા પઢો, કેમ કે એમાં દુનિયા તથા આખેરતની ઘણી હાજતો છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને હસન ઈબ્ને હુસૈન رضی اللہ عنہماકહે છે કે હું કોઈક જરૂરતના માટે હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہની પાસે ગયો. તેમણે મને કહ્યું, જ્યારે પણ તમને કોઈ જરૂરત ઉભી થાય તો મારી તરફ કોઈ કાસિદ મોકલી આપજો અથવા પત્ર લખી આપજો, કેમ કે મને અલ્લાહ તઆલાથી હયા આવે છે કે આપ મારા દરવાજા પર તશરીફ લાવો.

હઝરત અલી ઈબ્ને અબી તાલિબ رضی اللہ عنہનો કૌલ છે : રબ્બે ઝુલ જલાલની કસમ ! જે દરેક અવાજને સાંભળે છે, કોઈ શખ્સ એવો નથી જે પોતાના દિલમાં ખુશીને જગા આપે છે પણ અલ્લાહ તઆલા આ સુરૂરથી લુત્ફ અતા ફર્માવે છે. પછી જ્યારે કોઈ મુસીબત નાઝિલ થાય છે તો તે આ સુરૂર (ખુશી)ને એવી રીતે વહાવીને લઈ જાય છે જેવી રીતે પાણી નીચાણવાળા ભાગે વહે છે એટલે સુધી કે તેને અજનબી ઊંટની જેમ હંકારી કાઢવામાં આવે છે. તેમ જ આપે ફર્માવ્યું કે કમીના લોકોથી હાજત તલબ કરવાથી હાજતનું પૂરું ન થવું બેહતર છે. આપે આગળ ફર્માવ્યું, તમારા ભાઈની પાસે બહુ જ અધિક જરૂરતો લઈને ન જાવ, કેમ કે વાછરડુ જ્યારે આંચળોને ખૂબ જ વધારે ચૂસવા લાગે છે તો તેની માં તેને શિંગ મારે છે.

કોઈ શાયરે શું સરસ કહ્યું છે :–

૧. જ્યાં સુધી તારી મકદૂરમાં હોય કોઈ એહસાન કરી શકવાનું તો પાછી પાની ન કર અને આ જિંદગી ગુજરનારી છે.

૨. અને અલ્લાહ તઆલાની એ નવાઝિશને યાદ રાખ કે એણે તને લોકોની હાજતો દૂર કરનારો બનાવ્યો છે પણ તું કોઈની પાસે તારી હાજત લઈને નથી જતો.

એક શાયર કહે છે :–

૧. જ્યાં સુધી તારાથી શક્ય હોય ત્યાં સુધી લોકોની જરૂરતો પૂરી કર અને તેમનો હાજતરવાઈ ભાઈ બન.

૨. બેશક ! કોઈ યુવાનનો ઉમદા દિવસ તે છે જેમાં તે લોકોની હાજત રવાઈ કરે છે.

અને હુઝૂર ﷺનું ફર્માન છે કે તે શખ્સના માટે ખુશખબરી છે જેના હાથો વડે ભલાઈ થતી રહે છે અને તે શખ્સના માટે હલાકત છે જેના હાથે બુરાઈઓનો ઉછેર પામે છે. *(મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક઼, ૧૦/૧૪૮, અલ્મોઅજમુલ ક઼બીર, લિત્તબરાની, ૬/૧૫૦, ૧૮૯)*

(પ્રકરણ : ૬૨)

## વુઝૂના ફઝાઈલ

રસૂલુલ્લાહ ﷺનો ઈર્શાદ છે કે જેણે વુઝૂ કર્યું અને બેહતરીન તરીકાથી કર્યું પછી બે રકાતો અદા કરી અને તેના દિલમાં દુનિયવી ખયાલો ન આવ્યા. તો તે ગુનાહોથી એ દિવસની જેમ નીકળી ગયો જે દિવસે એની માએ તેને જન્મ આપ્યો હતો. *(સહીહ બુખારી, ૧/૨૮, સહીહ મુસ્લિમ,૧/૧૨૦, કન્ઝુલ ઉમ્માલ, ૭/૩૦૨, અલ્મોઅજમુલ કબીર, લિત્તબરાની, ૧૭/૩૩૧, હિલ્યતુલ અવલિયા, ૫/૯ મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક, ૧/૩૫, અત્તરગીબ વત્તરહીબ, ૧/૧૦૬)* બીજી રિવાયતના શબ્દો છે અને તેણે એ બે રકાતોમાં કોઈ અયોગ્ય હરકત ન કરી તો તેના ગુનાહો બખ્શી દેવામાં આવે છે. *(અસ્સુનને કુબરા લિલ્બયહકી, ૧/૯૨, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૫/૨૪૯, સુનને દારમી, ૧/૧૧૮, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૨૨૨, કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૭૩)*

ફર્માને નબવી છે, શું હું તમને એવાં કામોની ખબર ન આપું જેનાથી દરજાઓ બુલંદ થાય છે અને જે ગુનાહોનો કફ્ફારો બને છે ?! તકલીફવાળા સમયે મુકમ્મલ વુઝૂ કરવું, મસ્જિદોની તરફ ચાલવું અને એક નમાઝ પછી બીજી નમાઝનો ઈન્તેઝાર કરવો અને આ પનાહગાહો છે. આ શબ્દ આપે ત્રણ વાર દોહરાવ્યો. *(સહીહ મુસ્લિમ, ૧/૧૨૭, સુનને નિસાઈ, ૧/૩૪, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૫૪૧, સુનને કુબરા લિલ્બયહકી, ૧/૧૩૩)*

હુઝૂર ﷺએ એક વખતે વુઝૂનાં અંગોને ધોઈને ફર્માવ્યું, આ વુઝૂ છે જેના વિના અલ્લાહ તઆલા નમાઝ કબૂલ કરતો નથી. અને આપે બે બે વખતે વુઝૂના અંગોને ધોઈને ફર્માવ્યું કે જેણે બે બે વખત વુઝૂનાં અંગોને ધોયાં તેને બમણો સવાબ મળશે, અને આપે ત્રણ ત્રણવાર વુઝૂનાં અંગોને ધોયાં. અને ફર્માવ્યું, આ મારું વુઝૂ છે, મારાથી પહેલાં આવનારા તમામ અંબિયાનું તથા ઈબ્રાહીમ عليه السلامનું વુઝૂ છે જે એ ખલીલુલ્લાહ છે. *(સુનને ઈબ્ને માજહ, પેજ–૩૩, સુનને કુબરા લિલ્બયહકી, ૧/૧૩૦)*

હુઝૂર ﷺનો ઈર્શાદ છે, જે વુઝૂ વખતે અલ્લાહને યાદ કરે છે તેના

તમામ શરીરને અલ્લાહ તઆલા પાક કરી આપે છે અને જે શખ્સ વુઝૂ કરતી વખતે અલ્લાહને યાદ નથી કરતો તેનો તે જ હિસ્સો પાક થાય છે જેના પર પાણી લાગે છે. *(અખરજહુ દારકુત્ની, કન્ઝુલ ઉમ્માલ, ૯/૪૯૪)*

ફર્માને નબવી છે કે જે વુઝૂની હાલતમાં વુઝૂ કરે છે તેના આમાલનામામાં અલ્લાહ તઆલા દસ નેકીઓ લખે છે. *(સુનને તિર્મિઝી, ૧/૧૯, સુનને ઈબ્ને માજહ, પેજ–૩૯, સુનને અબૂ દાઊદ, ૧/૯)*

ફર્માને નબવી છે કે વુઝૂ પર વુઝૂ નૂરુન્ આ'લા નૂર છે. આ તમામ રિવાયતોમાં આપે નવા વુઝૂની ફઝીલતની પ્રતિ ઈશારો ફર્માવતાં એના પ્રતિ આકર્ષિત કર્યા છે. *(અહયાઉલ ઉલૂમ, ૧/૧૩૦)*

ફર્માને નબવી છે કે જ્યારે મુસલમાન બંદો વુઝૂ કરતી વેળા કુલ્લી કરે છે તો તેના મોઢેથી ગુનાહ નીકળી જાય છે અને જ્યારે તે નાક સાફ કરે છે તો તેના નાકના ગુનાહો નીકળી જાય છે. જ્યારે તે મોઢું ધુએ છે તો તેના ચહેરાના ગુનાહો ધોવાઈ જાય છે ત્યાં સુધી કે તેની આંખોની કીકીઓના નીચેથી ગુનાહ નીકળી જાય છે. જ્યારે તે હાથ ધૂએ છે તો તેના નખોના નીચે સુધીના તમામ ગુનાહો નીકળી જાય છે. જ્યારે તે માથાનો મસહ કરે છે તો તેના માથાના ગુનાહો નીકળી જાય છે ત્યાં સુધી કે કાનોના નીચે સુધીના ગુનાહો ખરી પડે છે. જ્યારે તે પગો ધૂએ છે તો તેના પગોના નખોની નીચે સુધીના તમામ ગુનાહો નીકળી જાય છે. પછી તેનું મસ્જિદની તરફ ચાલવું અને નમાઝ પઢવું તેની ઈબાદતમાં ગણાઈ જાય છે. *(સુનને ઈબ્ને માજહ, પેજ–૨૪, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૨૨૦, અસ્સુનનુલ કુબરા લિલ્બયહકી, ૧/૧૩૨, મિશ્કાતુલ મસાબીહ, ૧/૩૯, મોઅત્તા ઈમામ માલિક, ૧/૩૧, અત્તરગીબ વત્તરહીબ, ૧/૯૩)* અને રિવાયત છે કે બાવુઝૂ આદમી રોઝાદારની જેમ છે. *(અખરજ હુદયલમી, અહયાઉલ ઉલૂમ, ૧/૧૩૦)*

હુઝૂર ﷺનો ઈર્શાદે ગિરામી છે કે જે શખ્સે બેહતરીન વુઝૂ કર્યું પછી પરવારીને આસ્માન તરફ નજર ઉઠાવીને કહ્યું :–

اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَاشَرِيْكَ لَهٗ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَ رَسُوْلُهٗ

તેના માટે જન્નતના આઠેવ દરવાજા ખોલી નાખવામાં આવે છે, તે જે

દરવાજામાંથી ચાહે જન્નતમાં દાખલ થઈ જાય. *(સુનને તિર્મિઝી, ૧/૧૮, સુનને નિસાઈ, ૧/૩૫, સુનને ઈબ્ને માજહ, પેજ–૩૩) કન્ઝુલ ઉમ્માલ, ૯/૨૯૫, સુનને દારમી, ૧/૧૨૪, અલ્મો અજમુલ કબીર લિત્તબરાની ૧૭/૩૩૨)*

હઝરત ઉમર رضی اللہ عنہનો કૌલ છે કે બેહતરીન વુઝૂ શૈતાનને તારાથી દૂર ભગાડી મૂકે છે. મુજાહિદ رضی اللہ عنہનો કૌલ છે કે, જે શખ્સ એ વાતની શક્તિ ધરાવે છે તે બાવુઝૂ ઝિક્ર અને ઈસ્તિગફાર કરતો રહીને રાત વિતાવે તો તેણે એવું કરવું જોઈએ. કેમ કે રૂહો જે હાલતમાં કબજે કરવામાં આવશે એ જ હાલતમાં ઉઠાડવામાં આવશે. *(અહયાઉલ ઉલૂમ, ૧/૧૩૦)*

રિવાયત છે કે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہએ એક સહાબી رضی اللہ عنہને કા'બાનો ગિલાફ લાવવા માટે મિસર મોકલ્યા. તે સહાબી શામ (સીરિયા)ના એક એવા વિસ્તારમાં રોકાયા જેની નજીક અહલે કિતાબના એક એવા મોટા આલિમનું ઈબાદતખાનુ હતું કે કોઈ અન્ય આલિમ તેનાથી વિશેષ બાઅમલ ન હતો. હઝરત ઉમર رضی اللہ عنہના કાસિદના દિલમાં તે આલિમને મળવાની અને તેની ઈલ્મી વાતો સાંભળવાની ઈચ્છા જન્મી. જેથી તે તેની ઈબાદતગાહના દરવાજે આવ્યા અને દરવાજો ખટખટાવ્યો પણ ઘણીવાર પછી દરવાજો ખોલવામાં આવ્યો. પછી તે આલિમની પાસે ગયા અને તેનાથી ઈલ્મી ચર્ચા કરવાની ફર્માઈ કરી અને તેમને તે આલિમની ઈલ્મી સમૃદ્ધતાથી ઘણુ જ આશ્ચર્ય થયું. છેવટે તેમણે દરવાજો મોડેથી ખોલવાની શિકાયત કરી તો તે આલિમ બોલ્યા કે જ્યારે તમે આવ્યા તો મેં તમારા પર બાદશાહો જેવો દબદબો જોયો જેથી હું ભયાવહ્ થઈ ગયો અને મેં તમને દરવાજા પર એટલા માટે રોકી દીધા કે, **અલ્લાહ તઆલાએ હઝરત મૂસા** علیہ السلام**ને ફર્માવ્યું, મૂસા ! જ્યારે તને કોઈ બાદશાહ ભયભીત કરી મૂકે તો વુઝૂ કર અને તારાં ઘરવાળાંઓને પણ વુઝૂનો હુકમ આપ, તો તું જેનાથી ડરી રહ્યો છે તેનાથી મારી અમાનમાં આવી જઈશ.** જેથી અમે દરવાજો બંધ કરી દીધો ત્યાં સુધી કે મેં તથા રહેનારા તમામ માણસોએ વુઝૂ કરી લીધું. પછી અમે નમાઝ પઢી જેથી અમે બેખૌફ થઈ ગયા અને અમે દરવાજો ખોલ્યો.

(પ્રકરણ : ૬૩)

# નમાઝની ફઝીલત

અફઝલતરીન (સર્વ શ્રેષ્ઠ) ઈબાદત નમાઝ છે જેથી અમે કિતાબુલ્લાહની પયરવી કરતાં એના પ્રતિ આકર્ષવા માટે બીજીવાર એનો ઉલ્લેખ કરી રહ્યા છીએ, કેમ કે જે કાંઈ અમે વર્ણન કરી ચૂક્યા છીએ એનાથી કેટલાયે ઘણી આયતો તથા હદીષ નમાઝના ફઝાઈલમાં આવેલી છે. જેમ કે ઈર્શાદે નબવી છે કે બંદાના માટે એનાથી વધીને કોઈ ઈનામ નથી કે એને બે રકાત નમાઝ પઢવાની ઈજાઝત આપવામાં આવે.

હઝરત મુહમ્મદ ઈબ્ને સીરીં رضی اللہ عنہનો કૌલ છે કે જો મને "જન્નત" અને "બે રકાત નમાઝ"માંથી કોઈ એકની પસંદગી કરવાનું કહેવામાં આવે તો જન્નત કરતાં બે રકાત નમાઝને અગ્રિમતા આપુ, કેમ કે બે રકાતોમાં અલ્લાહની રઝા છે અને જન્નતમાં મારી રઝા છે.

કહેવામાં આવે છે કે અલ્લાહ તઆલાએ જ્યારે સાત આસ્માનોને પેદા ફર્માવ્યા તો તેને ફરિશ્તાઓથી ઢાંકી લીધાં. તેઓ તેની ઈબાદતમાં એક ક્ષણ પણ ગાફેલ નથી થતા અને અલ્લાહ તઆલાએ દરેક આસ્માનના ફરિશ્તાઓ માટે ઈબાદતનો એક પ્રકાર નક્કી કર્યો છે જેથી એક આસ્માનવાળા કિયામત સુધીના માટે કિયામમાં છે. કોઈ આસમાનવાળા રુકૂઅમાં, કોઈ આસ્માનવાળા ફરિશ્તા સજદામાં અને કોઈ આસ્માનવાળા અલ્લાહ તઆલાની હયબત અને જલાલથી પોતાના બાઝુઓને ઝુકાવેલ સ્થિતિમાં છે. ઈલ્લીયીન અને અર્શે ઈલાહીના ફરિશ્તા સફબંધીથી અર્શે ઈલાહીનો તવાફ કરી રહ્યા છે, અલ્લાહ તઆલાની હમ્દ કરે છે અને જમીનવાળાઓ માટે મગફેરત તલબ કરે છે. પણ અલ્લાહ તઆલાએ આ તમામ ઈબાદતો એક નમાઝમાં એકત્ર કરી દીધી છે જેથી મો'મિનોને આસ્માની ઈબાદતોનો દરેક હિસ્સો ઈનાયત કરીને તેમને ઈજ્જત તથા મહાનતા બખ્શે. એમાં કુર્આન મજીદની તિલાવતની ઈજ્જત બખ્શી અને મો'મિનોને ઈબાદતનો શુક્ર અદા કરવાની ફર્માઈશ કરી. નમાઝનો શુક્ર તેની મુકમ્મલ શરતો તથા કાનૂનોની અદાયગીમાં છે. ફર્માને ઈલાહી છે :–

وَالَّذِيۡنَ يُؤۡمِنُوۡنَ بِالۡغَيۡبِ وَيُقِيۡمُوۡنَ الصَّلٰوۃَ وَمِمَّا رَزَقۡنٰهُمۡ يُنۡفِقُوۡنَ

**તર્જુમો** :"જે લોકો ગયબ પર ઈમાન લાવે છે અને નમાઝ કાયમ કરે છે અને અમારી આપેલી રોજીમાંથી ખર્ચ કરે છે." *(સૂ. બકરહ, પારા : ૧, આ. :૪)*

અને ઈર્શાદ ફર્માવ્યો : وَاَقِيۡمُوا الصَّلٰوۃَ "અને તમે નમાઝ કાયમ કરો." *(સૂ. મુઝઝમ્મિલ, પારા : ૨૯, આ. : ૨૦)*

અને ઈર્શાદે ખુદાવંદી થયો : اَقِمِ الصَّلٰوۃَ "અને નમાઝ કાયમ કરો." *(સૂ. હૂદ, પારા : ૧૨, આ. : ૧૪)*

એક જગાએ ઈર્શાદ છે : وَالۡمُقِيۡمِيۡنَ الصَّلٰوۃَ "અને જેઓ નમાઝોને કાયમ કરનારા છે." *(સૂ. નિસાઅ, પારા : ૬, આ. : ૨૦)*

કુર્આને મજીદમાં જ્યાં ક્યાંક પણ નમાઝનું વર્ણન છે ત્યાં કાયમ કરવાનો પણ હુકમ છે. અને અલ્લાહ તઆલાએ જ્યારે મુનાફિકોનો ઉલ્લેખ કર્યો તો ફર્માવ્યું : فَوَيۡلٌ لِّلۡمُصَلِّيۡنَ الَّذِيۡنَ هُمۡ عَنۡ صَلٰوتِهِمۡ سَاهُوۡنَ

**તર્જુમો** : "તો હલાકત (વિનાશ) છે તે નમાઝીઓના માટે જેઓ પોતાની નમાઝથી સુસ્તી કરનારા છે." *(સૂ. માઊન, પારા : ૩૦, આ. : ૪–૫)*

અલ્લાહ તઆલાએ આ આયતમાં મુનાફિકોને મુસલ્લીન કહ્યા છે, અને મો'મિનોનો ઉલ્લેખ કરતાં ફર્માવ્યું : وَالۡمُقِيۡمِيۡنَ الصَّلٰوۃَ "જેઓ નમાઝોને કાયમ કરનારા છે." *(સૂ. નિસાઅ, આ. : ૧૬૨)*

અને આ એટલા માટે ફર્માવ્યું કે જેથી માલૂમ થઈ જાય છે કે નમાઝી તો ઘણા છે પણ સહીહ (સાચા) અર્થમાં નમાઝ કાયમ કરનારા ઓછા છે. ગાફેલ લોકો તો બસ રિવાજ પ્રમાણે અમલ કરે છે અને તેમને તે દિવસની યાદ નથી આવતી જે દિવસે અમલો પેશ કરવામાં આવશે. શું ખબર તેમની નમાઝો મકબૂલ થશે કે મરદૂદ ?

હઝરત નબી કરીમ ﷺથી રિવાયત છે. આપે ફર્માવ્યું, બેશક ! તમારામાંથી કેટલાક તેઓ છે જેઓ નમાઝ પઢે છે પણ તેમની નમાઝમાંથી ત્રીજો કે ચોથો કે પાંચમો કે છઠ્ઠો ભાગ, ત્યાં સુધી કે આપે દસમા ભાગ સુધી ગણાવ્યું અને ફર્માવ્યું, સવાબ લખવામાં આવે છે. એટલે કે નમાઝમાંથી

તેટલા ભાગનો સવાબ મળે છે જેને તે સંપૂર્ણ એકાગ્રતાથી પઢે છે.

હુઝૂર ﷺથી રિવાયત છે, આપે ફર્માવ્યું, જે શખ્સે અલ્લાહ તઆલા તરફ ધ્યાનિત થઈને સંપૂર્ણ એકાગ્રતાથી બે રકાત નમાઝ અદા કરી તે ગુનાહોથી એ દિવસની જેમ પાક થઈ ગયો જે દિવસે તેની માંએ તેને પેદા કર્યો હતો.

હકીકત એ છે કે બંદાની નમાઝ બાઅઝમત ત્યારે થાય છે જ્યારે તેની સંપૂર્ણ તવજ્જોહ અલ્લાહ તઆલા પ્રતિ હોય અને જ્યારે તેની તવજ્જોહ અલ્લાહ તરફ ન હોય અને તે નફસાની ખયાલાતમાં મશગૂલ હોય તો તેનું દષ્ટાંત એવું છે જેમ કે કોઈ શખ્સ પોતાની ગલતીઓ અને લગઝિશો પર માફી તલબ કરવા માટે બાદશાહના દરબારમાં જઈ રહ્યો હોય અને જ્યારે તે બાદશાહ સમક્ષ પહોંચી ગયો અને બાદશાહ તેને સામે ઊભેલો જોઈને તેના પ્રતિ ધ્યાનિત થયો તો તે જમણે ડાબે જોવા માંડે, જેથી બાદશાહ તેની જરૂરત પૂરી નહીં કરે અને બાદશાહ તેની તવજ્જોહના (તેના ધ્યાનના) પ્રમાણે તેના પર ઈનાયત (નવાઝિશ) કરશે અને તેની વાત સાંભળશે. એ જ પ્રમાણે જ્યારે બંદો નમાઝમાં દાખલ થઈ જાય છે અને બીજી વાતોના ખયાલોમાં ગુમ થઈ જાય છે તો તેની નમાઝ પણ કબૂલ નથી થતી.

જાણી લો કે નમાઝનું દષ્ટાંત તે વલીમાની દા'વતની જેમ છે જેને બાદશાહે ગોઠવેલ હોય અને એમાં વિવિધ પ્રકારનાં ભોજનો તૈયાર કરેલાં હોય, ખાવા પીવાની દરેક ચીજની અલગ અલગ લિજ્જત અને સ્વાદ હોય. પછી તે લોકોને ખાવાની દા'વત આપે. એ જ પ્રમાણે નમાઝનું છે. અલ્લાહ તઆલાએ લોકોને પોતાની તરફ બોલાવ્યા છે અને તેમાં વિવિધ કાર્યો અને વિવિધ ઝિક્રો રાખ્યાં છે જેથી બંદો તેની ઈબાદત કરે અને અબૂદિયત (બંદાપણા)ની રંગબેરંગી મજા માણે. એમાં કાર્યો (ફેઅલો) ખાણાની જેમ અને ઝિક્રો પીણાની જેમ છે.

એ પણ કહેવામાં આવે છે કે નમાઝમાં બાર હજાર ફેઅલો હતા પછી તે બાર હજાર કેવળ બારમાં મખસૂસ (ખાસ) કરી દેવામાં આવ્યા, જેથી જે શખ્સ પણ નમાઝ પઢવા ચાહે તેણે આ બાર ચીજોનો ખયાલ રાખવો જોઈએ જેથી તેની નમાઝ કામિલ થઈ જાય. જેમાંથી છ નમાઝની બહારની અને છ

નમાઝની અંદરની છે. પ્રથમ ઈલ્મ છે કેમ કે ફર્માને નબવી છે કે તે થોડો અમલ જેને માણસ સંપૂર્ણ ઈલ્મ (જ્ઞાન) વડે અદા કરે તે એ અધિક અમલથી બેહતર છે જેને બેખબરી અને જેહાલતમાં અદા કરવામાં આવે. *(મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક, ૧૦/૨૬૩, કન્ઝુલ ઉમ્માલ, ૧/૨૧૯)* બીજુ વુઝૂ છે, કેમ કે ફર્માને નબવી છે કે તહારત (પાકી) વિના નમાઝ થતી જ નથી. *(અલ મોઅજમુલ કબીર લિત્તબરાની, ૨૨/૨૯૬, હિલ્યતુલ અવલિયા, ૭/૨૦૫)* ત્રીજો લિબાસ છે, જેમ કે ફર્માને ઈલાહી છે : خُذُوْا زِيْنَتَكُمْ عِنْدَ كُلِّ مَسْجِدٍ ''તમે દરેક નમાઝના સમયે ઝીનત હાંસલ કરો.'' એટલે કે નમાઝના સમયે કપડાં પહેરો. *(સૂ. અઅરાફ, આ. : ૩૧, પારા : ૮)*

ચોથુ સમયની પાબંદી છે. ફર્માને ઈલાહી છે :–

اِنَّ الصَّلٰوةَ كَانَتْ عَلَى الْمُؤْمِنِيْنَ كِتَابًا مَّوْقُوْتًا ''બેશક ! નમાઝ નિશ્ચિત સમયે મો'મિનો પર ફર્ઝ છે.'' *(સૂ. નિસાઅ, આ. : ૧૦૩)*

પાંચમુ, કિબ્લા તરફ મોઢું કરવું. ફર્માને ઈલાહી છે :–

فَوَلِّ وَجْهَكَ شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ وَحَيْثُمَا كُنْتُمْ فَوَلُّوْا وُجُوْهَكُمْ شَطْرَهٗ

''તો તમારા ચેહરાને મસ્જિદે હરામની તરફ ફેરવી દો અને જ્યાં ક્યાંય પણ હોઉ તમારા ચેહરાઓને મસ્જિદે હરામ (કા'બા)ની તરફ ફેરવો.'' *(સૂ. બક્રહ, આ. ૨૩૮)*

છઠ્ઠી નિય્યત છે, જેમ કે ફર્માને નબવી છે :–

اِنَّمَا الْاَعْمَالُ بِالنِّيَّاتِ وَاِنَّمَا لِكُلِّ امْرِءٍ مَا نَوٰى ''અમલોનો આધાર નિય્યતો પર છે અને દરેક શખ્સના માટે તે જ છે જેની તેણે નિય્યત કરી.'' *(સહીહ બુખારી, ૧/૨, સહીહ મુસ્લિમ, ૨/૧૪૦, સુનને ઈબ્ને માજહ, પેજ : ૩૧૧, સુનને નિસાઈ, ૧/૨૪, સુનનુલ કુબરા, લિલ્બયહકી, ૧/૬૮,૫૩૯, ૪૪૫, મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૨૫, વગેરે)*

સાતમી ''તકબીરે તહરીમા'' છે. ફર્માને નબવી છે :–

تَحْرِيْمُهَا التَّكْبِيْرُ وَتَحْلِيْلُهَا التَّسْلِيْمُ ''એમાં દુનિયવી કાર્યોને હરામ કરનારી ''તકબીરે તહરીમા'' અને હલાલ કરનારી સલામ ફેરવવું છે.'' *(મિશ્કાતુલ મસાબીહ, ૧/૪૦, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૯/૨૫૭, સુનને દારમી, ૧૧/૧૭, હિલ્યતુલ અવલિયા, ૭/૧૩૮)*

આઠમો કિયામ છે. કેમ કે ફર્માને ઈલાહી છે : وَقُوْمُوْالِلّٰهِ قٰنِتِيْنَ ''અને ઊભા થઈ જાવ અલ્લાહના માટે ઈતાઅત કરનારા.'' એટલે કે ઊભા રહીને નમાઝ પઢો. *(સૂ. બક્રહ, ૨૩૮)*

નવમુ સૂરએ ફાતિહા પઢવું છે, કેમ કે ફર્માને ઈલાહી છે :–

فَاقْرَءُوْا مَاتَيَسَّرَ مِنَ الْقُرْاٰنِ ''પછી પઢો તમે કુર્આનથી જે તમને મયસ્સર થાય.'' *(સૂ. મુઝ્ઝમ્મિલ, પારા : ૨૯, આ. : ૨૦)*

દસમો રુકૂઅ છે. ઈર્શાદ ઈલાહી છે : وَارْكَعُوْا مَعَ الرّٰكِعِيْنَ ''અને રુકૂઅ કરનારાઓની સાથે રુકૂઅ કરો.'' *(સૂ. બક્રહ, આ. : ૪૩)*

અગ્યારમો સિજદો છે. ઈર્શાદે ઈલાહી છે : وَاسْجُدُوْا ''અને સિજદો કરો.''

બારમો કાએદો છે. ઈર્શાદે નબવી છે કે જ્યારે કોઈ માણસે આખરી સિજદાથી માથુ ઉઠાવ્યું અને તશહહુદ (અત્તહિય્યાત) પઢવા જેટલો બેસી ગયો તો તેની નમાઝ મુકમ્મલ થઈ ગઈ. *(કન્ઝુલ ઉમ્માલ, ૭/૪૮૭, મુસન્નફે અબ્દુર્રઝાક, ૨/૨૩૨)*

જ્યારે આ બાર ચીજો જોવા મળે તો તેની પરિપૂર્ણતા માટે એક અન્ય ચીજની જરૂરત હોય છે અને તે છે ''ખુલૂસે કલ્બ'' (દિલની નિખાલસતા) જેથી તારી નમાઝ સાચા અર્થમાં અદા થઈ જાય. અને ફર્માને ઈલાહી છે :– فَاعْبُدُوْا اللّٰهَ مُخْلِصِيْنَ لَهُ الدِّيْنَ ''તો અલ્લાહની ઈબાદત કરો તેના દીનને ખાલિસ કરીને.'' *(સૂ. ઝુમર, આ. : ૨, પારા : ૨૩)*

અમે સૌ પ્રથમ ઈલ્મનો ઉલ્લેખ કર્યો હતો. ઈલ્મના ત્રણ પ્રકારો છે : એક એ કે તે ફર્ઝો તથા સુન્નતોને અલગ અલગ સમજે છે. તેને જાણતો હોય કે આ નમાઝને મુકમ્મલ કરવાનો એક વાસ્તો છે અને શૈતાનના ધોકાઓને જાણતો હોય અને તેનાથી બચવા માટે પોતે કોશિશો કરે.

વુઝૂ ત્રણ ચીજોથી મુકમ્મલ થાય છે, પ્રથમ એ કે તું તારા દિલને કીનો, હસદ તથા અદાવતથી પાક કરે, બીજુ એ કે પોતાના શરીરને ગુનાહોથી પાક કરે, ત્રીજુ એ કે પાણીને ન વેડફતાં પોતાનાં વુઝૂનાં અંગોને ખૂબ સારી રીતે ધૂએ.

લિબાસ ત્રણ ચીજો મુકમ્મલ થાય છે : પ્રથમ એ કે તે હલાલ કમાઈથી હાંસલ થયેલો હોય, બીજુ એ કે ગંદકી (નાપાકી)થી પાક હોય, ત્રીજુ એ કે તેનો દેખાવ સુન્નત પ્રમાણે હોય અને ઘમંડ તથા બડાઈ મારવા માટે એ લિબાસને ન પહેર્યો હોય.

સમયની પાબંદી ત્રણ ચીજો પર નિર્ભર છે : પ્રથમ એ કે તું એટલો ઈલ્મ ધરાવતો હોય સૂરજ, ચાંદ અને તારાઓ વડે તું સમયને નિયત કરવા માટે મદદ લઈ શકે. બીજુ એ કે તારા કાનો અઝાનના અવાજ પ્રતિ લાગેલા રહે. ત્રીજુ એ કે તારું દિલ નમાઝના સમયની પાબંદીના વિશે ચિંતિત હોય.

"ઈસ્તિકબાલે કિબ્લા" (કિબ્લા પ્રતિ ચેહરો) : ત્રણ ચીજો વડે મુકમ્મલ થાય છે, પ્રથમ એ કે તારું મોઢું કા'બાની દિશામાં હોય, બીજુ એ કે તારું દિલ અલ્લાહની તરફ ધ્યાનિત હોય અને ત્રીજુ એ કે તું અતિશય ઈન્કેસારી (આજીજીપૂર્વક) હાજર હોય.

નિય્યત ત્રણ ચીજો વડે મુકમ્મલ થાય છે : પ્રથમ એ કે તને ઈલ્મ હોય કે તું કઈ નમાઝ પઢી રહ્યો છે. બીજુ એ કે તને એ વાતનો ઈલ્મ હોય કે તું અલ્લાહની બારગાહમાં ઊભો થઈ રહ્યો છે અને તે તને જોઈ રહ્યો છે અને તું ભયભીત બનીને હાજર થાય. ત્રીજુ એ કે તને ખબર હોય કે અલ્લાહ તઆલા તારા દિલના ભેદોને જાણે છે, જેથી તું તારા દિલેથી દુનિયવી ખયાલોને તદ્દન ખત્મ કરી આપે.

"તકબીરે તહરીમા" પણ ત્રણ ચીજો વડે મુકમ્મલ થઈ શકે છે : પ્રથમ એ કે સાચા અર્થમાં અલ્લાહ તઆલાની બડાઈ બયાન કરો અને સહીહ રીતે "અલ્લાહુ અકબર" કહો, બીજુ એ કે પોતાના હાથોને બરાબર કાનો સુધી ઉઠાવો, ત્રીજુ એ કે તકબીર કહેતાં તમારુ દિલ પણ હાજર થાય અને ખૂબ જ તા'ઝીમપૂર્વક તકબીર કહો.

કિયામ પણ ત્રણ ચીજો વડે મુકમ્મલ થાય છે : પ્રથમ એ કે તારી નિગાહ સજદાની જગા પર હોય, બીજુ એ કે તારું દિલ અલ્લાહ તરફ ધ્યાનિત હોય, ત્રીજુ એ કે તું જમણી ડાબી બાજુ ધ્યાન ન કરે.

કિર્અત પણ ત્રણ ચીજોથી મુકમ્મલ થાય છે : પ્રથમ એ કે તું સૂરએ ફાતિહાને સહીહ ઉચ્ચારની સાથે અટકી અટકીને, ગીતની ધુનથી બચી પઢે. બીજુ એ

કે તેને ચિંતન મનન સાથે પઢે અને તેના અર્થોમાં સોચ વિચાર કરે. ત્રીજુ એ કે જે કાંઈ પઢે તેના પર અમલ પણ કરે.

રુકૂઅ પણ ત્રણ ચીજોથી સંપૂર્ણ થાય છે : પ્રથમ એ કે પીઠને સીધી રાખો, ઊંચી કે નીચી ન રાખો, બીજુ એ કે તમારા હાથોને ઘૂંટણો પર રાખો અને આંગળીઓ ખુલેલી હોય, ત્રીજુ એ કે સંપૂર્ણ ઈત્મિનાનથી રુકૂઅ કરો અને તા'ઝીમ તથા વકારની સાથે તસ્બીહ પૂર્ણ કરો.

સિજદો પણ ત્રણ વાતોથી મુકમ્મલ થાય છે : પ્રથમ એ કે તું તારા હાથ કાનો જેટલે રાખ, બીજુ એ કે કોણીઓ ખુલ્લી રાખ, ત્રીજુ એ કે મુકમ્મલ (સંપૂર્ણ) સુકૂન સાથે સિજદાની તસ્બીહો પૂર્ણ કર.

કાયદો પણ ત્રણ ચીજો વડે પૂર્ણતાએ પહોંચે છે : પ્રથમ એ કે જમણો પગ ઊભો રાખ અને ડાબા પર બેસ. બીજુ એ કે તશહહ્હુદ (અત્તહિય્યાત) પૂરી તા'ઝીમની સાથે પઢ અને પોતાના તથા મુસલમાનોના માટે દુઆ માંગ, ત્રીજુ એ કે તેના અંતમાં સલામ ફેરવ.

સલામ એ તરીકાથી પૂર્ણતાએ પહોંચે છે કે જમણી બાજુ સલામ ફેરવતી વેળા તારી એ સાચી નિય્યત હોય કે હું જમણી તરફના ફરિશ્તા, મર્દો તથા ઔરતોને સલામ કરી રહ્યો છું. અને એ જ પ્રમાણે ડાબી તરફ સલામ ફેરવતી વેળા નિય્યત કર અને પોતાની નજરોને પોતાના બંને ખભાઓથી અલગ ન કર.

એ જ પ્રમાણે ઈખ્લાસ (નિખાલસતા) પણ ત્રણ ચીજોથી પૂર્ણ થાય છે : એક એ કે નમાઝથી તારો હેતુ રઝાએ ઈલાહીની પ્રાપ્તિ હોય, લોકોની રઝામંદીનો હેતુ ન હોય. બીજુ એ કે નમાઝની તૌફીક અલ્લાહના તરફથી જાણ. ત્રીજુ એ કે તું એની હિફાઝત કર જેથી તેને કિયામતના દિવસે અલ્લાહની બારગાહમાં પેશ કરી શકે, કેમ કે ફર્માને ઈલાહી છે, **من جآء بالحسنة** "જે શખ્સ નેકીઓ લઈને આવ્યો" એવું નથી ફર્માવ્યું કે **من عمل بالحسنة** "જેણે નેકીઓ કરી." જેથી તારી નેકીઓને બુરા અમલોથી બરબાદ કરીને તેની બારગાહમાં ન જા. *(સૂ. કસસ, આ. ૮૪, પારા : ૨૦)*

(પ્રકરણ : ૬૪)

# કિયામતની આફતો

રિવાયત છે કે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا એ હુઝૂર ﷺ થી પૂછયું કે, યા રસૂલલ્લાહ ! શું કિયામતના દિવસે દોસ્ત દોસ્તને યાદ કરશે ? આપે ફર્માવ્યું, ત્રણ જગાએ કોઈ કોઈને યાદ નહીં કરે, મીઝાને અમલના સમયે ત્યાં સુધી કે તે પોતાનું હલકુ કે ભારે પલ્લુ જોઈ ન લે. આમાલનામુ આપવામાં આવશે તે વખતે અથવા તો તેને જમણા હાથમાં કે ડાબા હાથમાં આપવામાં આવે અને એ વખતે જ્યારે જહન્નમથી આગની ગરદન બહાર નીકળશે અને લોકોની તરફ વધતી જશે અને કહેશે હું દરેક મુશ્રિક, સરકશ (નાફર્માન), ઘમંડી અને તે શખ્સ માટે નિયુક્ત થઈ છું જે કિયામતના દિવસ પર ઈમાન રાખતો ન હતો. પછી તે તેમને પોતાના ભડકાઓમાં લપેટીને જહન્નમની ઘાટીઓમાં નાખી દેશે અને જહન્નમ પર બાલથી બારિક અને તલ્વારની ધારથી વધુ તેજ પુલ છે અને તેના પર કાંટા હશે, લોકો તેના પર વીજળીની ચમક અને તેજ હવાની જેમ પસાર થશે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૭/૧૫૯)*

### ★ ઈસ્રાફીલના સૂરની હકીકત ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે હુઝૂર ﷺ એ ફર્માવ્યું, જ્યારે અલ્લાહ તઆલાએ જમીન તથા આસ્માનને પેદા ફર્માવ્યું તો પછી સૂરને પેદા ફર્માવ્યું અને તે ઈસ્રાફીલ علیہ السلام ને આપ્યું. તે તેને મોઢામાં રાખીને અર્શ તરફ નજર જમાવીને ઉભા છે કે ક્યારે ફૂંકવાનો હુકમ મળે છે. અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ કહે છે, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ સૂર ક્યાં છે ? આપે ફર્માવ્યું, તે બળદનું એક શિંગડુ છે. મેં કહ્યું, તે કેવું છે ? આપે ફર્માવ્યું, ખૂબ જ મોટા વર્તુળવાળુ છે. કસમ છે એ જાતની જેણે મને હક્કની સાથે મોકલ્યો છે ! તેના વર્તુળનું ટીપુ જમીન તથા આસ્માનની પહોળાઈ જેટલુ છે. તેને ત્રણ વખત ફૂંકવામાં આવશે, પ્રથમ ગભરાહટના માટે, બીજુ મૃત્યુના માટે અને ત્રીજીવાર કબરોએથી ઉઠાવાના માટે. પછી રૂહો એવી રીતે નીકળશે

જેવી રીતે મધમાખીઓ. તે જમીન તથા આસ્માનના અવકાશોને પૂરી દેશે અને નાકના માર્ગે શરીરોમાં પ્રવેશી જશે. પછી ફર્માવ્યું, સૌ પ્રથમ મારી કબર ફાટશે. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૧/૪૩૨, મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૪૬૪, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૩૯)*

બીજી રિવાયતમાં છે કે, ત્યારે અલ્લાહ તઆલા જિબ્રઈલ, મીકાઈલ અને ઈસ્રાફીલને જીવતા કરશે તેઓ હુઝૂરે અન્વર ﷺની કબ્રે પાકની તરફ આવશે. તેમની સાથે બુર્રાક અને જન્નતી લિબાસ હશે. પછી હુઝૂર ﷺની કબ્રે અન્વર ફાટશે અને આપ જિબ્રઈલ علیہ السلامને જોઈને ફર્માવશે કે, આ કયો દિવસ છે ? જિબ્રઈલ અર્ઝ કરશે, આ કિયામતનો દિવસ છે, આ મુસીબતનો દિવસ છે, આ તકલીફોનો દિવસ છે. આપ ફર્માવશે, હે જિબ્રઈલ ! અલ્લાહ તઆલાએ મારી ઉમ્મતની સાથે શો વર્તાવ કર્યો છે ? જિબ્રઈલ અર્ઝ કરશે કે, તમને બશારત હજો ! કે સૌ પ્રથમ વ્યક્તિ તમે છો કે જેમની કબર ફાટી છે.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, અલ્લાહ તઆલા ફર્માવશે, હે જિન તથા ઈન્સાન ! મેં તમને નસીહત કરી હતી, લો ! તમારાં આમાલનામામાં તમારા અમલો લખેલા છે, જે પોતાનું લખાણ સારું પામે તે અલ્લાહની હમ્દ કરે અને જે તેને બેહતર ન પામે તે પોતાની જાતને ફિટકાર કરે !

જનાબ યહ્યા ઈબ્ને મઆઝ રાઝી رضی اللہ عنہથી નકલ થયેલ છે કે તેમણે પોતાની મજલિસમાં આ આયત સાંભળી :–

**يَوْمَ نَحْشُرُ الْمُتَّقِيْنَ اِلَى الرَّحْمٰنِ وَفْدًا وَنَسُوْقُ الْمُجْرِمِيْنَ اِلٰى جَهَنَّمَ وِرْدًا**

''તે દિવસે અમે પરહેઝગારોને રહમાનની તરફ એકત્ર કરીશું મંડળના રૂપમાં.'' *(સૂ. મરયમ, આ. : ૮૬–૮૭, પારા : ૧)*

એટલે કે તેઓ સવાર થઈને અલ્લાહની બારગાહમાં હાજર થશે અને અમે મુજરિમોને જહન્નમની તરફ તરસ્યા હાંકીશું, એટલે કે તેઓ પગપાળા અને તરસ્યા અલ્લાહની બારગાહમાં જશે. તો આપે ફર્માવ્યું, હે લોકો નેકી તથા ભલાઈમાં આગળ આગળ રહો. કાલે તમો હશ્રના દિવસે કબરોએથી ઉઠાડવામાં આવશો અને વિવિધ દિશાઓએથી ટોળાંને ટોળાં આવશો,

અલ્લાહની સમક્ષ એકલા એકલા ઉભા રહેશો અને તમને એક એક હઈનો સવાલ કરવામાં આવશે. નેક લોકો અલ્લાહની બારગાહમાં સવાર થઈને ટોળેને ટોળે આવશે, બદ્કારો (કુકર્મીઓ)ને પગપાળા તથા તરસ્યા લાવવામાં આવશે અને લોકો ટોળાબદ્ધ જહન્નમમાં દાખલ થશે. હે ભાઈઓ ! તમારી સમક્ષ એક એવો દિવસ છે જે તમારા સાલો તથા મહીનાઓના અંદાજ પ્રમાણે પચાસ હજાર વરસનો છે જે હલચલ મચાવનારો અને ભાગદોડનો દિવસ છે, જે દિવસે લોકો ખાલિકે કાએનાતની બારગાહમાં ઉભા થશે, જે અફસોસ, નુક્તાચીની, પકડ, ચીખો પુકાર, મુસીબત, કઠિનાઈ અને બીજીવાર જીવતા થવાનો દિવસ છે. જે દિવસે માણસ પોતાના કરેલા અમલો જોશે, અફસોસ તથા પસ્તાવાનો દિવસ, જે દિવસે અમુક ચેહરા સફેદ અને અમુક કાળા હશે, જે દિવસે કોઈને માલ તથા ઔલાદ ફાયદો આપશે નહીં પણ જે કલ્બે સલીમ લઈને આવશે તે જ ફાયદો પામશે, જે દિવસે જાલિમોનું માફી માંગવું કોઈ ફાયદો આપશે નહીં અને તેમના માટે લઅ્નત અને બુરુ ઠેકાણુ હશે.

જનાબ મકાતિલ ઈબ્ને સુલૈમાન رضی اللہ عنہનો કૌલ છે કે કિયામતના દિવસે મખ્લૂક સો વરસ સંપૂર્ણ ખામોશ રહેશે અને લોકો સો વરસ સુધી અંધકારમાં હેરાન તથા પરેશાન રહેશે અને સો વરસ સુધી લોકો એકબીજા પર ચઢ ઉતર કરશે, રબને ત્યાં ઝઘડા કરશે. કિયામતના દિવસની લંબાઈ પચાસ હજાર વરસની હશે પણ મુખ્લિસ મો'મિન પર એવી રીતે પસાર થશે જેટલો હલકી (આસાન) ફર્ઝ નમાઝ પઢવામાં સમય જાય છે.

ફર્માને નબવી છે કે **બંદાના કદમો તે સમય સુધી હાલશે નહીં જ્યાં સુધી તેને ચાર ચીજોને સવાલ ન કરી લેવામાં આવે, તેણે તેની ઉમર કેવી રીતે ગુજારી ? પોતે પોતાને કઈ ચીજમાં વ્યસ્ત રાખ્યો ? પોતાના ઈલ્મ પર કેટલો અમલ કર્યો ? અને દૌલત કેવી રીતે કમાઈ અને કેવી રીતે વાપરી ?** *(સુનને તિર્મિઝી, ૨/૬૭, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૧૩, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૭૨, હદીષ નં. ૩૮૯૮૨)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે. હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ દરેક નબીને કબૂલ થવાવાળી એક એક દુઆ

અતા ફર્માવી હતી. તે સૌએ પોત પોતાની દુઆ દુનિયામાં માંગી લીધી પણ મેં મારી દુઆને કિયામતના દિવસે મારી ઉમ્મતની શફાઅતના માટે મેહફૂઝ રાખી લીધી છે. *(સુનને દારમી, ૨/૨૫૮)*

હે રબ્બે ઝુલ જલાલ ! રસૂલલ્લાહ ﷺની હુર્મત તથા તૌકીરના તુફૈલ અમને પણ તેમની શફાઅતથી મેહરૂમ ન ફર્માવ. વ સલ્લલ્લાહુ અલૈહિ વ આલિહી વસહ્બિહી વસલ્લિમ.

*(પ્રકરણ : ૬૫)*

## જહન્નમ તથા મીઝાન

જો કે જહન્નમ તથા મીઝાનની ચર્ચા અમે અગાઉ પણ કરી ચૂક્યા છીએ હવે ફરીથી તેની ચર્ચા એટલા માટે કરી રહ્યા છીએ કે શાયદ ગાફેલ તથા બેકાર દિલ આ ફરીની ચર્ચાથી કાંઈક વધુ ફાયદો ઉઠાવી શકે. અને વારંવાર ચર્ચા કરવાની જરૂરત એટલા માટે પણ પડી કે અલ્લાહ તઆલાના ફર્માનની પયરવી થઈ જાય કેમ કે અલ્લાહ તઆલાએ પણ કુર્આન મજીદમાં વિવિધ સ્થળોએ તેનો ઉલ્લેખ કર્યો છે. અને જહન્નમ તથા મીઝાનના અહવાલની ભયાનક્તાઓને ખૂબ જ મહાન ઠરાવી છે જેથી કરીને બુદ્ધિશાળીઓનાં દિલો તેની ચર્ચાથી સાવધાની હાંસલ કરે અને જાણી લે કે દુનિયાનું કોઈ દુઃખ દર્દ જહન્નમના મુકાબલામાં કાંઈ હૈસિયત નથી ધરાવતું અને આખેરત જ ઉમદા અને હમેશાં રહેનારી છે.

હવે અમે જહન્નમની હાલતોનું વર્ણન કરીએ છીએ. અલ્લાહ તઆલા આપણને તેના લુત્ફો અતાના તુફૈલ એનાથી સલામતી બખ્શે.

હદીષ શરીફમાં છે કે જહન્નમ સખત અંધારી છે જેમાં કોઈ રોશની અને ભડકો નથી. તેના સાત દરવાજા છે, દરેક દરવાજા પર સિત્તેર હજાર પહાડ છે, દરેક પહાડ પર સિત્તેર હજાર આગની ઘાટીઓ છે, દરેક

ઘાટીઓમાં સિત્તેર હજાર દરવાજા છે, દરેક દરવાજામાં આગની સિત્તેર હજાર વાદીઓ છે, દરેક વાદીમાં આગનાં ૭૦ હજાર મકાનો છે, દરેક મકાનમાં આગનાં સિત્તેર હજાર ઘર છે, દરેક ઘરમાં સિત્તેર હજાર સાપ અને સિત્તેર હજાર વિંછી છે. દરેક વિંછીની સિત્તેર હજાર પૂછડીઓ છે, દરેક પૂછડીમાં સિત્તેર હજાર મોહરાં છે, દરેક મોહરામાં ઝહેરનાં સિત્તેર હજાર માટલાં છે. જ્યારે કિયામતનો દિવસ થશે તો તેમના પરથી પડદો ઉઠાવી લેવામાં આવશે ત્યારે જિન તથા ઈન્સાનની ડાબે જમણે ધૂળ ધુમાડાનો તંબુ તણાઈ જશે, આગળ પણ ધૂળ, પાછળ પણ ધૂળ અને તેમના ઉપર પણ જહન્નમના ધુમાડા અને ધૂળ હશે. જ્યારે તેઓ તેને જોશે તો ઘુટણો ભેર પડીને પોકારશે કે હે રબ્બે ઝુલ જલાલ ! અમને એનાથી બચાવ ! *(સહીહ મુસ્લિમ, ૨/૩૮૧, સુનને તિર્મિઝી, ૨/૮૫, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૬૩૭)*

મુસ્લિમ શરીફની રિવાયત છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, કિયામતના દિવસે જહન્નમને સિત્તેર હજાર લગામો નાખીને લાવવામાં આવશે અને દરેક લગામને સિત્તેર હજાર ફરિશ્તા પકડીને ખેંચી રહ્યા હશે.

હદીષ શરીફમાં છે. હુઝૂર ﷺએ જહન્નમના ફરિશ્તાઓની અઝમતને બયાન કરતાં ફર્માવ્યું, *(સૂ. તહરીમ, આ. : ૬, પારા : ૨૮)* ઈર્શાદે રબ્બાની છે : غِلَاظٌ شِدَادٌ "તેઓ સખત અને અતિશય મજબૂત હશે. ફર્માવ્યું, દરેક ફરિશ્તાના બે ખભાઓ વચ્ચેનું અંતર એક વરસની સફર જેટલુ હશે અને તેમનામાં એટલી તાકાત હશે કે જો તે હથોડા વડે જે તેમના હાથોમાં હશે કોઈ પહાડ પર એક ઘા કરશે તો તે રજ રજ બની જશે અને તે દરેક ઘા વડે ૭૦,૦૦૦ જહન્નમીઓને જહન્નમની ગહરાઈઓમાં ફેંકશે.

ફર્માને ઈલાહી છે : عَلَيْهَا تِسْعَةَ عَشَرَ "એમના પર ઓગણીસ ફરિશ્તા નિશ્ચિત થયેલા છે. *(સૂ. મુદ્દષ્ષિર, આ. : ૩૦, પારા : ૨૯)*

આ ઈર્શાદથી મુરાદ જહન્નમીઓ પર નિયુક્ત ફરિશ્તાઓના સરદાર છે, નહીં તો જહન્નમના ફરિશ્તાઓની સંખ્યા અલ્લાહ તઆલા સિવાય કોઈ નથી જાણતું. ફર્માને ઈલાહી છે : وما يعلم جنود ربك الاهو "તારા રબના લશ્કરોને એના સિવાય કોઈ નથી જાણતું." *(સૂ. તહરીમ, આ. ૬, પારા : ૨૮, આ. ૩૧)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી જહન્નમની વિશાળતાના વિશે સવાલ કરવામાં આવ્યો તો તેમણે ફર્માવ્યું, ખુદાની કસમ ! હું નથી જાણતો કે જહન્નમ કેટલી વિશાળ તથા લાંબી છે પરંતુ એટલુ જાણુ છું કે જહન્નમ પર નિયુક્ત ફરિશ્તાઓમાંથી દરેક એટલો મોટો છે કે તેમના કાનની બુટ્ટી અને ખભા વચ્ચેનુ અંતર ૭૦ વરસની સફર જેટલુ છે, અને જહન્નમમાં પરુ તથા લોહીની વાદીઓ વહે છે.

તિર્મિઝી શરીફની હદીષ છે કે જહન્નમની દીવાલોની પહોળાઈ ચાલીસ સાલની સફરના બરાબર છે. *(૨/૮૫)* મુસ્લિમ શરીફની રિવાયત છે. હુઝૂર ﷺ એ ફર્માવ્યું, તમારી આ આગ જહન્નમની ૭૦ ગણી ગરમીની બરાબર ગરમ છે. સહાબાએ કિરામે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આ પણ ગરમ છે ! હુઝૂર ﷺ એ ફર્માવ્યું, જહન્નમની આગ તેની ગરમી કરતાં ૬૯ હિસ્સા વધારે ગરમ છે. *(સહીહ મુસ્લિમ, ૨/૩૮૧, સુનને તિર્મિઝી, ૨/૮૬, સુનને ઈબ્ને માજહ, પેજ : ૩૨૧, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૨૫૩, અલમુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૬૩૫, મિશ્કાતુલ મસાબીહ, ૨/૫૦૨)*

ફર્માને નબવી છે કે **જો જહન્નમીઓમાંથી કોઈ જહન્નમી પોતાની હથેળી દુનિયામાં કાઢી નાખે છે તો તેની ગરમીથી દુનિયા સળગી જાય અને જો જહન્નમના ફરિશ્તાઓમાંથી કોઈ ફરિશ્તો દુનિયામાં જાહેર થાય અને લોકો તેને જોઈ લે તો તેના શરીર પર અલ્લાહના ગઝબની અતિશય (ભયાનક) અસરો જોઈને દુનિયાના સર્વ લોકો હલાક થઈ જાય.**

મુસ્લિમ વગેરેની હદીષ છે કે હુઝૂર ﷺ સહાબાની સાથે બેઠેલા હતા એવામાં આપે ધમાકો સાંભળ્યો. હુઝૂર ﷺ એ ફર્માવ્યું, જાણો છો આ શું છે ? અમે અર્ઝ કરી, અલ્લાહ અને તેના રસૂલ બેહતર જાણ છે. આપે ફર્માવ્યું, આ તે પથ્થરના જહન્નમની ઊંડાઈમાં પડવાનો અવાજ છે જે આજથી ૭૦ વરસ પહેલાં જહન્નમમાં ફેંકવામાં આવ્યો હતો અને તે હવે તેના તળિયે પહોંચ્યો છે. *(સહીહ મુસ્લિમ, ૨/૩૮૧, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૬૪, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૫૫)*

હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ ફર્માવ્યા કરતા કે જહન્નમને

ખૂબ યાદ કર્યા કરો, કેમ કે તેની ગરમી સખત છે, તેની ઊંડાઈ ખૂબ જ ગહરી અને તેના હથોડા લોઢાના છે. *(સુનને તિર્મિઝી, ૨/૮૫, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૫૫)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ ફર્માવ્યા કરતા હતા કે જહન્નમ પોતાના રહેવાસીઓને એવી રીતે ઊંચકી લેશે જેવી રીતે પક્ષીઓ દાણાઓને ઊંચકી લે છે. અને આપનાથી આ ફર્માને ઈલાહી :–

**اِذَا رَأَتْهُمْ مِّنْ مَّكَانٍۢ بَعِيْدٍ سَمِعُوْا لَهَا تَغَيُّظًا وَّزَفِيْرًا** ''અને જયારે તે તેમને દૂરથી જોશે તો તેઓ તેનાથી ગુસ્સાભર્યો અવાજ સાંભળશે. *(સૂ. ફુર્કાન, આ. : ૧૨, પારા : ૧૯)* ''નો ભાવાર્થ પૂછવામાં આવ્યો કે શું જહન્નમની પણ આંખો છે ? તો આપે ફર્માવ્યું, હા ! તમે રસૂલલ્લાહ ﷺનું એ ફર્માન નથી સાંભળ્યું કે જે જાણીબુઝીને કોઈ જૂઠી વાતને મારા પ્રતિ મન્સૂબ સંબંધિત કરે છે તે પોતાનું ઠેકાણુ જહન્નમની બે આંખોની વચ્ચે સમજે. હુઝૂર ﷺને અર્ઝ કરવામાં આવી કે શું જહન્નમની પણ આંખો છે ? તો આપે ફર્માવ્યું, શું તમે આ ફર્માને ઈલાહી નથી સાંભળ્યું ?! *( સૂ. ફુર્કાન, આ. : ૧૨, પારા : ૧૯, તફસીરે ઈબ્ને કષીર, ૩/૩૪૨)*

આ રિવાયતને તે હદીષ પણ સમર્થન કરે છે જેમાં છે કે જહન્નમની ગરદન નીકળશે જેની બે આંખો જોવા માટે અને બોલવા માટે જીભ હશે. તે કહેશે કે આજે હું દરેક તે શખ્સ માટે મુકર્રર કરવામાં આવેલ છું જે અલ્લાહ તઆલાની સાથે શરીક ઠરાવતો હતો અને તે તેમને તે પક્ષી કરતાં પણ ઝડપથી જોઈ લેશે જે તલ પસંદ કરે છે અને જમીન પરથી તેને ઢુંઢી લે છે.

''મીઝાન'' જેમાં લોકોના અમલો તોલવામાં આવશે તેના વિશે નબી અકરમ ﷺએ ફર્માવ્યું કે તેનું નેકીઓનું પલ્લુ નૂરવાળુ અને બુરાઈઓવાળુ પલ્લુ અંધાર્યુ છે. *(૨/૮૫, કન્ઝુલ ઉમ્માલ, ૪/૩૬)*

તિર્મિઝીની રિવાયત છે, હુઝૂર ﷺએ ફર્માવ્યું કે જન્નત અર્શે ઈલાહીની જમણી તરફ અને જહન્નમ ડાબી તરફ રાખવામાં આવશે. નેકીઓનું પલ્લુ જમણી તરફ અને બુરાઈઓનું પલ્લુ તેની ડાબુ બાજુ હશે, જેથી નેકીઓનું પલ્લુ જન્નતની સામેની બાજુએ અને બુરાઈઓનું પલ્લુ જહન્નમની સામે હશે. *(અખરજહૂ તિર્મિઝી)*

હઝરત ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنْہُمَا ફર્માવ્યા કરતા હતા કે નેકીઓ અને બુરાઈઓ એવાં ત્રાજવામાં તોલવામાં આવશે જેનાં બે પલ્લાં અને જીભ હશે. આપ ફર્માવ્યા કરતા હતા, જ્યારે અલ્લાહ તઆલા બંદાઓના અમલો તોલવાનો ઈરાદો કરશે તો તેમને શરીરોમાં તબદીલ કરી નાખશે અને પછી કિયામતના દિવસે તેમને તોલવામાં આવશે.

*(પ્રકરણ : ૬૬)*

## તકબ્બુર તથા આપવડાઈની બુરાઈ

અલ્લાહ તઆલા તમને તથા મને દુનિયા તથા આખેરતમાં ભલાઈની તૌફીક આપે, ખૂબ જ વિચારી લો કે ઘમંડ તથા આપવડાઈ ફઝીલતોથી દૂર કરી આપે છે અને નીચતા હાંસલ કરવાનો ઝરીયો બને છે અને તારી બેઈજ્જતીના માટે એટલુ જ પૂરતુ છે કે તકબ્બુર અને નસીહત નથી સાંભળવા દેતો, અને તું સારી આદતો સ્વીકારવામાં પાછી પાની કરે છે. એટલા માટે શાણા પુરૂષોએ કહ્યું છે કે, **હયા તથા ઘમંડથી ઈલ્મ વેડફાઈ જાય છે, ઈલ્મ તકબ્બુરના માટે મુસીબત છે જેમ કે બુલંદો બાલા (ઊંચી ઊંચી) ઈમારતોના માટે પાણીનું પુર મુસીબત હોય છે.**

ફર્માને નબવી છે. **તે શખ્સ જન્નતમાં જશે નહીં જેના દિલમાં એક દાણા બરાબર પણ ઘમંડ હશે.** *(સહીહ મુસ્લિમ, ૧/૬૫, સુનને તિર્મિઝી, ૨/૨૦, ઈબ્ને માજહ, પેજ : ૭, અબૂ દાઊદ, ૨/૫૬૬, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૩/૪૭૦, મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૬૫૯)* ફર્માને નબવી છે કે જે ઘમંડના કારણે પોતાનું કપડુ ઘસેડીને ચાલે છે તેની તરફ અલ્લાહ તઆલા રહમતની નજર નથી કરતો. *(સહીહ બુખારી, ૨/૮૬૦, સહીહ મુસ્લિમ, ૨/૧૯૪, સુનને તિર્મિઝી, ૧/૩૦૩, ઈબ્ને માજહ, પેજ : ૨૫૫, અબૂ દાઉદ, ૨/૫૬૬, અસ્સુનનુલ કુબરા લિલ્બયહકી, ૨/૩૪૫, અલમોઅજમુલ કબીર લિત્તબરાની, ૧/૨૧૧, અત્તરગીબ વત્તરહીબ, ૩/૩૫૭, મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક, ૧૦/૧૨૪, હિલ્યતુલ અવલિયા, ૭/૨૨૩)*

શાણા પુરૂષોનું કથન છે કે ઘમંડ તથા મોટાઈના કારણે મુલ્ક હમેશાં નથી રહેતો. અને અલ્લાહ તઆલાએ પણ તકબ્બુરનું ફસાદની સાથે વર્ણન કર્યું છે :–

تِلْكَ الدَّارُ الْاٰخِرَةُ نَجْعَلُهَا لِلَّذِيْنَ لَايُرِيْدُوْنَ عُلُوًّا فِى الْاَرْضِ وَلَا فَسَادًا

**તર્જુમો** : "આ આખેરતનું ઘર અમે તે લોકોને અતા કરીએ છીએ જેઓ જમીનમાં તકબ્બુર અને ફસાદ નથી ચાહતા." *(સૂ. કસસ, આ. : ૮૩, પારા : ૨૦)* અને ફર્માને ઈલાહી છે :–

سَاَصْرِفُ عَنْ اٰيٰتِىَ الَّذِيْنَ يَتَكَبَّرُوْنَ فِى الْاَرْضِ بِغَيْرِ الْحَقِّ

**તર્જુમો** : "અલ્બત્ત, હું તે લોકોથી જુઓ જમીનમાં તકબ્બુર અને ફસાદ કરે છે, મારી નિશાનીઓને ફેરવી લઈશ." *(સૂ. અઅરાફ, આ. : ૧૪૬, પારા : ૯)*

એક ડાહ્યા પુરૂષનું કથન છે કે, જ્યારે હું કોઈ ઘમંડીને જોઉં છું તો તેના ઘમંડનો જવાબ ઘમંડથી આપુ છું.

કહે છે કે ઈબ્ને અવાનહ્ અતિશય ઘમંડી માણસ હતો તેણે એક વખતે પોતાના ગુલામને કહ્યું, મને પાણી પીવડાવ ! ગુલામે કહ્યું, હા ! ઈબ્ને અવાનહ્ ચિલ્લાયો કે, "હા ! તો તે કહે જેને ના કહેવાનો ઈખ્તિયાર હોય !" આમ કહીને તેને તમાચા માર્યા, અને તેણે ખેડૂતને બોલાવીને તેની સાથે વાતચીત કરી. જ્યારે વાતચીતથી પરવાર્યો તો પાણી મંગાવીને કુલ્લી કરી જેથી તેની સાથે વાતચીત કરવાની ગંદકી દૂર થઈ જાય ! અને કહેવામાં આવ્યું છે કે ફલાણાએ પોતાને ઘમંડની તે સીડી પર પહોંચાડી આપ્યો છે કે જો તે પડી જાય તો પછી તૂટી ફૂટી જશે.

"હાફિઝ"નો કૌલ છે કે કુરૈશમાં બનૂ મખ્ઝૂમ તથા બનૂ ઉમૈયાનો ઘમંડ મશહૂર હતો, જ્યારે અરબમાં બનૂ જા'ફર ઈબ્ને કલાબ અને બનૂ ઝરારા ઈબ્ને અદીનો તકબ્બુર પ્રખ્યાત હતો અને અકાસિરા (ઈરાનના કિસ્રાથી ઓળખાતા સુલ્તાનો) લોકોને ગુલામ સમજતા હતા અને પોતાને તેમના માલિક સમજતા હતા.

બનૂ અબ્દુદ્દાર કબીલાના એક માણસને કહેવામાં આવ્યું કે તમે

ખલીફાની પાસે શા માટે નથી આવતા ? હું એ વાતથી ડરું છું કે તે પુલ મારી ઈજ્જત તથા માન મર્યાદાને નહીં ઉઠાવી શકે !

હજ્જાજ ઈબ્ને અર્તાહને કહેવામાં આવ્યું કે, તમે જમાઅતમાં શરીક નથી થતા ? તેણે જવાબ આપ્યો કે હું દુકાનદારોના સહવાસ (નજદીકી)થી ગભરાઉં છું.

અને એ પણ કહેવામાં આવ્યું છે કે વાઈલ ઈબ્ને હજર હુઝૂર ﷺને ત્યાં આવ્યો અને આપે તેને જમીનનો એક ટુકડો આપ્યો અને હુઝૂર ﷺએ હઝરત અમીર મુઆવિયહ્ رضی اللہ عنہને ફર્માવ્યું, એને તે જમીન દેખાડી દો અને લખી પણ આપો. જેથી હઝરત મુઆવિયહ્ સખત ગરમીના આલમમાં તેની સાથે રવાના થયા. તે ઊંટણી પર સવાર થઈ ગયો અને આપ પગપાળા ચાલવા લાગ્યા. જ્યારે તેમને ગરમીએ ખૂબજ તંગ કર્યા તો આપે તેને કહ્યું કે મને તારી પાછળ ઊંટણી પર બેસાડી લે. તો તેણે કહ્યું, હું તમને મારી ઊંટણી પર બેસાડીશ નહીં ! કેમ કે હું તે બાદશાહોમાંથી નથી જેઓ લોકોને પોતાની પાછળ ઊંટો પર સવાર કરી લે છે. આપે ફર્માવ્યું, હું ઉઘાડા પગે છું તો મને તારા જોડા તો આપી દે. વાઈલ બોલ્યો, હે અબૂ સુફયાનના પુત્ર ! હું કંજૂસાઈને લીધે નહીં બલ્કે એ કારણે તને મારા જોડા નથી આપતો કે હું એ વાતને સારી નથી સમજતો કે યમનના બાદશાહોને એ ખબર મળે કે તમે મારા જોડા પહેર્યા છે ! અલ્બત્ત તમારા માન ખાતર એટલુ કરી શકુ છું કે મારી ઊંટણીના સાયામાં ચાલતા રહો ! કહે છે કે તેણે અમીર મુઆવિયહ્ رضی اللہ عنہનો દૌર પામ્યો અને તે આપની હુકૂમત દરમ્યાન એક વખત આવ્યો તો આપે તેને પોતાની સાથે તખ્ત પર બેસાડયો અને વાતચીત કરી.

મસ્રૂર ઈબ્ને હિંદે એક માણસને કહ્યું કે તમે મને ઓળખો છો ? તો બોલ્યો કે નહીં, મસ્રૂરે કહ્યું, હું મસ્રૂર ઈબ્ને હિંદ છું. તે માણસે કહ્યું, હું તને નથી ઓળખતો. મસ્રૂર ચિલ્લાઈને બોલ્યો, ખુદા તેને ગારત કરે જે ચાંદને નથી ઓળખતો !

એવા જ ઘમંડીઓના બારામાં એક શાયરે કહ્યું છે :–

૧. તે બેવકૂફને કહી આપો કે જે ઘમંડથી પોતાની સીટ મચકોડીને ચાલી રહ્યો છે કે જો તેને ખબર થઈ જાય કે એમાં શું છે તો તું આશ્ચર્યમાં ન

પડતો !

**૨.** તેનું આવું વર્તન દીનનો ફસાદ, અક્કલની કમીના કારણે અને ઈજ્જતની હલાકત (તબાહી) છે, એનાથી સાવધાન રહે !

અને કહેવામાં આવ્યું છે કે દરેક કમીનો માણસ ઘમંડ કરે છે અને દરેક ઉચ્ચ મર્તબાવાળો માણસ આજીજી નમ્રતાને અપનાવે છે.

ફર્માને નબવી છે કે ત્રણ ચીજો હલાક કરનારી છે, કાયમની કંજૂસાઈ, નફસાની ઈચ્છાઓનું અનુસરણ અને પોતાને ખૂબ મોટો સમજવો. *(ઈબ્ને માજહ, પેજ : ૨૯૦, અત્તરગીબ વત્તરહીબ, ૩/૨૫૮, કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૪૫, હિલ્યતુલ અવલિયા, ૩/૨૫૪, અલ્કામિલ ફી દુઅફાઈર્રિજાલ, ૬/૪૨૧)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જયારે હઝરત નૂહ علیہ السلامના વિસાલનો સમય નજીક આવ્યો તો તેમણે પોતાના પુત્રોને બોલાવીને ફર્માવ્યું, હું તમને બે ચીજોનો હુકમ આપુ છું અને બે ચીજોથી રોકું છું. હું તમને શિર્ક અને તકબ્બુરથી રોકું છું અને **લાઈલાહ ઈલ્લલ્લાહ** પઢવાનો હુકમ આપુ છું. કેમ કે જમીન તથા આસમાન અને એમાં હાજર બધી ચીજો એક પલ્લામાં અને આ કલ્મો બીજા પલ્લામાં મૂકી દેવામાં આવે તો પણ આ કલ્મો વજનદાર રહેશે. અને જો આસમાન તથા જમીન એક વર્તુળમાં મૂકી દેવામાં આવે અને આ કલ્મો એમના ઉપર મૂકી દેવામાં આવે તો તે એમને બે ટુકડા કરી દેશે. અને તમને **સુબ્હનલ્લાહિ વબિહમ્દિહિ** પઢવાનો હુકમ આપુ છું, કેમ કે આ કલ્મો દરેક ચીજની નમાઝ છે અને એના કારણથી દરેક ચીજને રોજી દેવામાં આવે છે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૪૫૦, અલ્મુસ્તદરક અલ સહીહૈન, ૧/૧૧૩)*

હઝરત ઈસા علیہ السلامનું ફર્માન છે કે એ વ્યક્તિના માટે ખુશખબર છે જેને અલ્લાહ તઆલાએ કિતાબનું ઈલ્મ આપ્યું અને તે તકબ્બુર કરવાવાળો બનીને ન મર્યો.

હઝરત અબ્દુલ્લાહ બિન સલામ رضی اللہ عنہ એક વાર લાકડાનો ભારો માથા પર ઊંચકીને બજારમાંથી પસાર થયા. આપને કોઈએ કહ્યું કે તમારે લાકડાનો ભારો ઊંચકવાની શું જરૂરત પડી છે ? કેમ કે આપને એની જરૂરત નથી. આપે ફર્માવ્યું કે **મેં ઈચ્છયું કે લાકડાનો ભારો માથા પર**

**ઊંચકીને બજારમાંથી પસાર થાઉં જેથી મારા દિલમાંથી તકબ્બુર (અભિમાન) નીકળી જાય.**

તફસીરે કુર્તબીમાં ફર્માને ઈલાહી છે : **وَلَا يَضْرِبْنَ بِاَرْجُلِهِنَّ تَبَرُّجًا** "અને તે સ્ત્રીઓ પોતાના પગો જમીન પર ન મારે." *(સૂ. નૂર, આ. : ૩૧, પારા : ૧૮)*નો એ મતલબ છે કે તે ખૂબસૂરતીની જાહેરાત અને લોકોને પોતાની તરફ ધ્યાનિષ્ઠ કરવાના માટે જો એવું કરે તો એ એમના માટે હરામ છે. એવી જ રીતે જે વ્યક્તિ તકબ્બુરની રીતે પોતાના પગરખાં જમીન પર જોર જોરથી મારીને ચાલે છે તો એ પણ હરામ છે કેમ કે એમાં સરાસર તકબ્બુર જ તકબ્બુર છે.

*(પ્રકરણ : ૬૭)*

## યતીમ સાથે ભલાઈ કરવી અને જુલ્મથી બચવું

બુખારી શરીફની હદીષ છે કે **હું અને યતીમની દેખભાળ કરવાવાળો જન્નતમાં આવા હશે,** અને પછી આપે શહાદતની આંગળી અને વચલી આંગળીને થોડીક ખોલીને એમની તરફ ઈશારો ફર્માવ્યો. *(સહીહ બુખારી, ૨/૮૮૮, તિર્મિઝી, ૨/૧૩, અબૂ દાઊદ, ૨/૭૦૧, અસ્સુનનુલ કુબરા લિલ્બયહકી, પેજ : ૪૬૩, મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૪૫૫, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૮/૨૯૨, મિશ્કાતુલ મસાબીહ, ૨/૪૨૨, હિલ્યતુલ અવલિયા, ૬/૩૮૫, અત્તરગીબ વત્તરહીબ, ૩/૨૩૪, અસદુલ ગાબા ફી મઅરિફતિસ્સહાબા, ૭/૩૫૬, કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૭૪)*

મુસ્લિમ શરીફની હદીષ છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, હું અને યતીમની પરવરિશ કરવાવાળો ભલે એ યતીમ એનો સગો સંબંધી હોય કે કોઈ બીજો હોય છતાં જન્નતમાં એવા હશે જેવા આ બે આંગળીઓ. અને આપે શહાદતની આંગળી અને વચલી આંગળીની તરફ ઈશારો કર્યો. *(સહીહ મુસ્લિમ, ૨/૪૧૧, મોઅત્તા ઈમામ માલિક, ૨/૯૪૮, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૭૧, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૨૦/૩૨૧, અત્તરગીબ વત્તરહીબ, ૩/૨૩૫, અસદુલ ગાબા, ૭/૧૧૬)*

બઝ્ઝાઝની હદીષ છે કે **જેણે કોઈ યતીમની પરવરિશ કરી ચાહે યતીમ એનો સંબંધી જ કેમ ન હોય તો તે અને હું જન્નતમાં એવો હોઈશું જેવી આ બે આંગળીઓ મળેલી છે** *(કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૭૫, અસકુલ ગાબા, ૭/૩૭૦)* અને જેણે ત્રણ પુત્રીઓની પરવરિશ કરી તે જન્નતમાં હશે અને તેને ખુદાની રાહમાં રોઝાદાર અને નમાઝી મુજાહિદની બરાબર સવાબ મળશે. *(અત્તરગીબ વત્તરહીબ, ૩/૨૩૫)*

ઈબ્ને માજહ્ શરીફની હદીષ છે કે જે વ્યક્તિએ ત્રણ યતીમોની પરવરિશની જવાબદારી ઉઠાવી લીધી તે એ વ્યક્તિની જેમ સવાબ મેળવશે જે રાત્રે ઈબાદત કરે છે અને દિવસે રોઝા રાખે છે અને ખુદાની રાહમાં જેહાદ કરવાના માટે તલવાર લઈને નીકળી પડે છે. હું અને તે જન્નતમાં એવા બે ભાઈઓ હોઈશું જેવી આ બે આંગળીઓ મળેલી છે. પછી આપે શહાદતની આંગળી અને વચલી આંગળીને મિલાવી. *(ઈબ્ને માજહ, પેજ : ૨૬૨)*

તિર્મિઝીએ સહીહ સનદ સાથે રિવાયત કરી છે કે જે વ્યક્તિએ કોઈ મુસલમાન યતીમની ખાવા પીવાના મામલામાં દેખભાળ કરી તો અલ્લાહ તઆલા તેને જન્નતમાં મોકલશે પણ એ કે તે કોઈ એવો ગુનોહ કરે જે બખ્શિશના લાયક ન હોય. *(તિર્મિઝી, ૨/૧૩, મિશ્કાતુલ મસાબીહ, ૨/૪૨૩, કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૭૫, મસ્નદે અહમદ બિન હંબલ, ૫/૪૫૬, અલમોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૯/૩૦૦)*

તિર્મિઝીની હ્સન સનદ સાથે રિવાયત છે કે **જે કોઈએ યતીમની પરવરિશ કરી ત્યાં સુધી કે તે પોતાના પગો પર ઊભો રહેવાને લાયક થઈ ગયો તો અલ્લાહ તઆલા તેના માટે જન્નત વાજિબ કરી દે છે.** *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૯/૩૦૦, વઅખ્રજહુત્તિર્મિઝી)*

ઈબ્ને માજહ્ની હદીષ છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે મુસલમાનોનું બધાથી **શ્રેષ્ઠ ઘર** તે છે જેમાં કોઈ યતીમ સાથે સારો વર્તાવ કરવામાં આવે છે. અને મુસલમાનનું **બુરુ ઘર** તે છે જેમાં કોઈ યતીમને દુઃખ અને તકલીફ આપવામાં આવે છે. *(ઈબ્ને માજહ, પેજ : ૨૬૨, મિસ્કાતુલ મસાબીહ, ૨/૪૨૩, કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૭૬)*

અબૂ યઅ્લાએ બસનદે હસન રિવાયત કરી છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, હું પહેલો વ્યક્તિ હોઈશ જેના માટે જન્નતનો દરવાજો ખુલશે પણ હું એક સ્ત્રીને મારાથી આગળ જોઈને પૂછીશ કે તમે કોણ છો ? અને મારાથી પહેલાં કેમ જઈ રહી છો ? તેણી કહેશે કે હું એવી સ્ત્રી છું જે પોતાના યતીમ બાળકોની પરવરિશના માટે ઘરે બેઠેલી રહી. *(અત્તરગીબ વત્તરહીબ, ૩/૨૩૬)*

તિબ્રાનીની રિવાયત છે જેમાં એકના સિવાય બધા રાવી ષિકહ છે અને તેમ છતાં આ રિવાયત તર્ક કરેલી નથી. કસમ છે એ ઝાતની જેણે મને સચ્ચાઈની સાથે પૈદા ફમાવ્યો છે ! અલ્લાહ તઆલા કિયામતના દિવસે એ વ્યક્તિ પર અઝાબ નહીં કરશે જેણે યતીમ પર રહમ કરી અને એનાથી નરમ વાતચીત કરી અને એની યતીમી અને કમજોરી પર રહમ કરતાં અને અલ્લાહ તઆલાના આપેલ માલના કારણે તેને પોતાના આશરામાં લઈ લીધો અને એના પર જુલ્મ ન કર્યો. *(અત્તરગીબ વત્તરહીબ, ૩/૨૩૭)*

ઈમામ અહમદ رضی اللہ عنہ વગેરેની હદીષ છે કે જે વ્યક્તિએ અલ્લાહની ખુશનુદીના માટે કોઈ યતીમના માથા પર હાથ ફેરવ્યો તો તેને તે દરેક વાળના બદલામાં જે એના હાથની નીચે આવ્યા નેકીઓ મળશે. અને જે વ્યક્તિએ કોઈ યતીમથી નેકી કરી અથવા તેની પરવરિશ કરી તો હું અને તે જન્નતમાં બે આંગળીઓની જેમ હોઈશું. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૮/૨૦૨, કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૭૬, મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૩૩૨)*

મુહદ્દિષીનની એક જમાઅતે આ હદીષ રિવાયત કરી છે અને હાકિમે એને સહીહ કહી છે કે અલ્લાહ તઆલાએ હઝરત યાકૂબ علیہ السلامને ફર્માવ્યું કે તારી આંખોની રોશની ચાલી જવાનું કમર વળી જવાનું અને યૂસુફ علیہ السلامની સાથે ભાઈઓના ખરાબ વર્તન કરવાનું કારણ એ છે કે એમને ત્યાં એકવાર ભૂખ્યો રોઝદાર યતીમ આવ્યો, તેમણે ઘરવાળાંઓની મદદથી બકરી ઝબહ કરીને ખાધી પણ યતીમને ખાવા ન ખવડાવ્યું માટે અલ્લાહ તઆલાએ તેમને ખબર આપી કે હું મારી મખ્લૂકમાંથી એને બધાથી વધારે મહબૂબ રાખું છું જે યતીમો અને મિસ્કીનોથી મહબ્બત રાખે છે અને એમને હુકમ આપ્યો કે ખાવા તૈયાર કરો અને મિસ્કીનો યતીમોને બોલાવીને ખવડાવો જેથી એમણે એવું જ કર્યું. *(અત્તરગીબ વત્તરહીબ, ૩/૨૩૭)*

સહીહૈનએ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે વિધવા, યતીમ અને મિસ્કીનની પરવરિશ કરવાવાળો એવો છે જેવો ખુદાની રાહમાં જેહાદ કરવાવાળો હોય છે. રાવી કહે છે કે લગભગ આપે એ પણ ફર્માવ્યું કે, તે એ વ્યક્તિની જેમ સવાબ મેળવે છે જે રાતોમાં ઈબાદત કરે છે અને દિવસમાં રોઝાથી રહે છે. *(સહીહ બુખારી, ૨/૮૮૮, સહીહ મુસ્લિમ, ૨/૪૧૧, મિશ્કાતુલ મસાબીહ, ૨/૪૨૨, સુનને કુબરા લિલ્બયહકી, ૬/૪૬૪)*

ઈબ્ને માજહની હદીષ છે કે વિધવા અને મિસ્કીનની દેખભાળ કરવાવાળો મુજાહિદ ફી સબીલિલ્લાહ છે અને એ વ્યક્તિની જેમ છે જે રાતોમાં ઈબાદત કરે છે અને દિવસમાં રોઝા રાખે છે. *(સહીહ બુખારી, ૨/૮૮૮, અસ્સુનનુલ કુબરા લિલ્બયહકી, ૬/૪૬૩, કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૭૩, અસદુગાબા, ૭/૧૧૬)*

બુઝુર્ગાને સલફમાંથી એકથી મનકૂલ છે કે હું શરૂઆતની જિંદગીમાં શરાબની ટેવવાળો અને બદ્કાર હતો. મેં એક દિવસે કોઈ યતીમને જોયો તો એનાથી ઘણો જ સારો વર્તાવ કર્યો જેવો બાપ પોતાના પુત્રથી કરે છે, બલ્કે એનાથી પણ સારો વર્તાવ કર્યો. જ્યારે હું સૂતો તો ખ્વાબમાં જોયું કે જહન્નમના ફરિશ્તા ઘણા જ બેદર્દીથી મને ઘસેડતા ઘસેડતા જહન્નમની તરફ લઈ જઈ રહ્યા છે અને અચાનક તે યતીમ વચમાં આવી ગયો અને કહેવા લાગ્યો, એને છોડી દો ! જેથી હું રબથી એના વિશે વાતચીત કરી લઉં ! પણ તેમણે ના કહી દીધું. ત્યારે નિદા આવી, એને છોડી દો ! અમે આ યતીમ પર રહમ કરવાના કારણથી એને બખ્શી દીધો છે. પછી હું જાગી ગયો અને એ દિવસથી હું યતીમોની સાથે ઘણો જ ઈજ્જત સાથે વર્તાવ કરું છું.

સાદાતના ખાધે પીધે સુખી એવા ઘરોમાંથી એક ઘરમાં સૈયદઝાદીઓ રહેતી હતી. ખુદાનું કરવું ને એમના પિતા ગુજરી ગયા અને તે નાનાં જીવો યતીમ અને ગરીબીના શિકાર થઈ ગયા, એટલે સુધી કે તેમણે શરમને કારણે પોતાનું વતન છોડી દીધું. વતનથી નીકળીને કોઈ શહેરની સુની મસ્જિદમાં રોકાઈ ગયાં. એમની માંએ તેમને ત્યાં બેસાડયાં અને પોતે ખાવા લેવાના માટે બહાર નીકળી પડી.

જેથી તે શહેરના એક માલદાર વ્યક્તિના પાસે પહોંચી જે મુસલમાન હતો અને તેને પોતાની બધી વિતક કથા સંભળાવી પણ તે ન માન્યો અને કહેવા લાગ્યો, તમે એવા ગવાહ લાવો જે તમારી વાતની સચ્ચાઈ જણાવે ત્યારે હું તમારી મદદ કરીશ. અને તે સ્ત્રી આમ કહીને ત્યાંથી ચાલી ગઈ કે હું ગરીબુલ વતન (પરદેશી) ગવાહ ક્યાંથી લાઉં ? પછી તે એક અગ્નિપૂજકની પાસે આવી અને તેને પોતાની કહાની સંભળાવી, જેથી તે અગ્નિપૂજકે તેણીની વાતને સાચી સમજીને પોતાને ત્યાંની એક સ્ત્રીને મોકલી કે તેણીને તથા તેની પુત્રીઓને મારા ઘરે મોકલી આપો. તે વ્યક્તિએ તેમની ઈજ્જત અને અદબમાં કોઈ કસર બાકી ન રાખી. જ્યારે અડધી રાત પસાર થઈ તો તે મુસલમાન માલદારે ખ્વાબમાં જોયું કે કિયામત કાયમ થઈ ગઈ છે અને નબી કરીમ ﷺએ પોતાના સર મુબારક પર લિવાઉલ હમ્દ બાંધ્યો છે અને એક અઝીમુશ્શાન મહેલના નજીક ઊભા છે. તે માલદારે આગળ વધીને પૂછયું, યા રસૂલલ્લાહ ! ﷺ આ મહેલ કોનો છે ? આપે ફર્માવ્યું, એક મુસલમાન આદમીના માટે છે. માલદારે કહ્યું, હું ખુદાને એક માનવાવાળો મુસલમાન છું. હુઝૂર ﷺએ આ સાંભળીને ફર્માવ્યું, કે તમે એ વાતના ગવાહ લાવો કે સાચે જ તમે મુસલમાન છો ! તે ઘણો જ પરેશાન થયો તો હુઝૂર ﷺ એ તે સૈયદા સ્ત્રીની વાત યાદ અપાવી જેની પાસે તેણે ગવાહ માંગ્યા હતા.

અમીર આ સાંભળતાં જ અચાનક જાગીને ઊભો થઈ ગયો અને તેને સખત ગમ તથા રંજે ઘેરી લીધો. તે તેણી સૈયદા સ્ત્રી અને તેમની પુત્રીઓની શોધમાં નીકળી પડયો અને શોધ કરતાં તે અગ્નિપૂજકના ઘરે જઈને પહોંચ્યો અને તેને કહ્યું કે આ સૈયદઝાદી અને તેમની પુત્રીઓ મને આપી દો ! પણ અગ્નિપૂજકે મના કરી આપ્યું અને બોલ્યો, મેં એમના કારણે મહાન બરકતો મેળવી છે. અમીરે કહ્યું, મારી પાસેથી હજાર દીનાર લઈ લો અને એમને મને સોંપી દો ! પરંતુ તેણે તો પણ ના કહી દીધું. ત્યારે તે અમીરના દિલમાં તેને તંગ કરવાનો ખ્યાલ આવ્યો. અગ્નિપૂજક તેની બુરી નિયત જોઈને બોલ્યો, જેને તમે લેવા માટે આવ્યો છો તેમનો હું તમારાથી વધારે હક્કદાર છું અને તેં ખ્વાબમાં જે મહેલ જોયો છે તે મારા માટે બનાવવામાં આવ્યો છે ! શું તને પોતાને મુસલમાન હોવાનો ફખ્ર છે ?! ખુદા જાણે છે કે હું અને મારા

ઘરવાળાં એ સમય સુધી નથી સૂતાં જ્યાં સુધી કે અમે બધાં તે સૈયદાના હાથ પર ઈસ્લામ નથી લાવ્યાં ! અને મેં પણ તારી જેમ જ ખ્વાબમાં રસૂલુલ્લાહ ﷺની ઝિયારત કરી છે અને આપે મારાથી ફર્માવ્યું, શું સૈયદઝાદી અને તેમની પુત્રીઓ તારી પાસે છે ? મેં અર્ઝ કરી, જી હા ! યા રસૂલલ્લાહ ! ﷺ આપે ફર્માવ્યું, આ મહેલ તારા અને તારા ઘરવાળાઓના માટે છે. મુસલમાન અમીર આ વાત સાંભળતાં જ પાછો ફરી ગયો અને અલ્લાહ તઆલા બેહતર જાણે છે કે તે કેટલી ઉદાસીની સાથે પાછો ફર્યો હશે. *(સૂ. નિસાઅ, આ. ૨૯)*

*(પ્રકરણ : ૬૮)*

## હરામ લુકમાની બુરાઈ

ફર્માને ઈલાહી છે : **يَآاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا لَا تَاۡكُلُوۡۤا اَمۡوَالَـكُمۡ بَيۡنَكُمۡ بِالۡبَاطِلِ**

**તર્જુમો** : "અને તમે એકબીજાનો માલ હક્ક વગર ન ખાઓ." *(સૂ. નિસાઅ્, આ. ૨૯)*

આ આયતના અર્થમાં મતભેદ છે જેથી તેને વ્યાજ, જૂગાર, પચાવી પાડવું, ચોરી, ખયાનત, જૂઠી ગવાહી અને જૂઠી કસમ ખાઈને માલ પચાવી પાડવાના અર્થોમાં લેવામાં આવી છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہનો કૌલ છે કે એનાથી મુરાદ તે ચીજો છે જે ઈન્સાન હક્ક વગર મેળવી લે છે. કહે છે કે જ્યારે આ આયત નાઝિલ થઈ તો લોકોએ એકબીજાના ત્યાં કાંઈ ખાવું પીવું પણ મના સમજી લીધું. ત્યારે સૂરએ નૂરની આ આયત નાઝિલ થઈ, **ولا علی انفسکم ان تاکلو من بیو تکم او بیوت ابائکم** "તમારા પર કોઈ વાંધો નથી કે તમે પોતાના ઘરોથી અને પોતાના મા બાપનાં ઘરોથી ખાઓ!" *(સૂ. નૂર, આ. : ૬૧, પારા : ૨)* અને અમુકે કહ્યું છે કે એનાથી મતલબ ગલત વેચાણ છે. અને હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہના કૌલથી કે, "આ આયત મોહકમાતમાંથી છે જેનો હુકમ કિયામત સુધી બાકી રહેશે."

એનાથી એ મતલબ છે કે, "ખોટી રીતથી ખાવું" દરેક તે ચીજને સમાવી લે છે જે ખોટી રીતથી મેળવવામાં આવે, ચાહે તે જુલ્મ કરીને લેવામાં આવે જેવી રીતે કે પચાવી પાડવું, ખયાનત અને ચોરી વગેરે, અથવા રમત ગમતથી મેળવવામાં આવે જેવી રીતે જુગાર અથવા ખેલકૂદથી મેળવવામાં આવે. અથવા ફરેબ અને ધોકાથી મેળવવામાં આવે જેમ કે નાજાઈઝ રીતે ખરીદ તથા વેચાણ કરવામાં આવે. અને મારા આ કૌલના સમર્થનમાં અમુક આલિમોનો કૌલ પણ છે કે આ આયત ઈન્સાનના પોતાના માલને પણ નાજાઈઝ રીતોથી ખર્ચ કરવાની મના માટે દલીલ પૂરી પાડે છે. અને બીજાઓના માલને ઉપરની સ્થિતિઓમાંથી કોઈ એક સ્થિતિમાં મેળવવાની પણ મનાઈ કરે છે.

અને ફર્માને ઈલાહી, **الا ان تكون تجارة** "પણ એ કે વેપાર હોય" *(સૂ. નિસાઅ, આ. : ૨૯)* આમાં ઈસ્તિષ્નાએ મુન્ફઝઅ છે એટલે વેપારના ઝરીએ તમે માલ લઈ શકો છો કેમ કે વેપાર એ જાતિમાંથી નથી જેની મનાઈ કરી આપવામાં આવી છે, ભલે એને બીજા કોઈ અર્થ પર ધારવામાં આવે અને એની તાવીલ સબબથી કરવી જેથી ઈસ્તિષ્નાએ મુત્તસિલ બની જાય, એ બરાબર નથી. જો કે વેપાર વિનિમયના કરાર સાથે ખાસ છે. પણ અન્ય દલીલોની રોશનીમાં એ કરજ તથા ભેટ પર પણ લાગુ પડે છે. અને ફર્માને ઈલાહી **عَنْ تَرَاضٍ مِّنْكُمْ** *(સૂ. નિસાઅ, આ. : ૨૯)*થી અર્થ એ છે કે ખુશદિલી અને જાઈઝ તરીકા પર હોય. ખાવાનો ખાસ ઉલ્લેખ કરવો એ કૈદ (પાબંદી) લગાડવાના માટે નથી પરંતુ માત્ર એટલા માટે છે કે સામાન્યતઃ ખાવાનું જ ખાસ હોય છે. આ તદ્દન એ પ્રમાણે છે જેમ કે **اِنَّ الَّذِيْنَ يَاْكُلُوْنَ اَمْوَالَ الْيَتٰمٰى** الاية *(સૂ. નિસાઅ, આ. : ૧૦)* એના અનુસંધાનમાં અઢળક દલીલો અને હદીષોમાં એના વિશે બેશુમાર ચેતવણીઓ આવેલી છે, જેમાંથી અમે અમુકની ઉલ્લેખ કરી આપીએ છીએ.

મુસ્લિમ વગેરેમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, અલ્લાહ તઆલા પાક છે તે પાક ચીજોને કબૂલ ફર્માવે છે અને તેણે મો'મિનોને એ જ હુકમ આપ્યો છે જે તેણે રસૂલોને આપ્યો છે.

જેમ કે ફર્માને ઈલાહી છે :–

يَاَيُّهَا الرُّسُلُ كُلُوْا مِنَ الطَّيِّبٰتِ وَاعْمَلُوْا صَالِحًا ''અય રસૂલો ! પાકીઝા ચીજોમાંથી ખાઓ અને સારા અમલ કરો.'' *(સૂ. મુઅમિનૂન, આ. : ૫૧)* અને બીજી આયતમાં ફર્માવ્યું :–

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُلُوْا مِنْ طَيِّبٰتِ مَا رَزَقْنٰكُمْ ''અય મો'મિનો ! અમારી આપેલી રોજીમાંથી પાકીઝા ચીજો ખાવ.'' *(સૂ. બક઼રહ, આ. : ૧૭૨)*

પછી આપે એવા માણસનો ઉલ્લેખ કર્યો જે લાંબી સફર પછી વિખરાયલ વાળો અને ધૂળમાં રગદોરાયેલ ચેહરાની સાથે આવે છે, અને આસમાનની તરફ હાથ ઉઠાવીને, અય અલ્લાહ ! અય અલ્લાહ ! કહે છે, જ્યારે કે એનું ખાવું, પીવું, પહેરવેશ અને ખોરાક બધું હરામ હોય છે. આ હાલતમાં એની દુઆ રબ્બે જલીલ કેવી રીતે કબૂલ ફર્માવશે ?! *(તિર્મિઝી, ૨/૨૨૮, મિશ્કાતેલ મસીબહ, ૧/૨૪૧, દારમી, ૨/૨૩૯, તફસીરે ઈબ્ને કષીર, ૩/૨૭૩)*

તિબ્રાનીએ હસન સનદથી રિવાયત કરી છે કે હલાલ રોજીની શોધ કરવી દરેક મુસલમાન પર વાજિબ છે. તિબ્રાની અને બયહકીની રિવાયત છે કે ફર્ઝ નમાઝો પછી હલાલ રોજી મેળવવી પણ ફર્ઝ છે. તિર્મિઝી અને હાકિમની હદીષ છે કે જેણે હલાલ ખાધુ યા સુન્નતના પ્રમાણે અમલ કર્યો અને લોકો એની બુરાઈથી બચેલા રહ્યા તે જન્નતમાં જશે. સહાબાએ કિરામે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આ ચીજ તો આપની ઉમ્મતમાં ઘણી જ છે ! આપે ફર્માવ્યું, મારા પછી કેટલોક સમય એવો જ હશે. *(સુનને તિર્મિઝી, ૨/૭૮, અલ્મુસ્તદરક, અલસ્સહીહૈન, ૪/૧૧૭)*

અહમદ વગેરેએ ઈસ્નાદે હસનની સાથે રિવાયત કરી છે કે **જ્યારે તારી અંદર ચાર ચીજો હોય તો દુનિયાની ઉણપો તને નુકસાન નહીં આપે, અમાનતની દેખભાળ, સાચા બોલી, સદ્‌વર્તાવ અને હલાલ રોજી.** *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૩૭૦, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૩૪૯)*

તિબ્રાનીની હદીષ છે, એના માટે ખુશખબરી છે જેનો ધંધો ઉમદા, બાતિન સાચું, ઝાહિર ઈજ્જતવાળુ અને લોકો એની બુરાઈથી બચેલા હોય. એને ખુશખબરી થાય જેણે ઈલ્મની સાથે અમલ કર્યો, વધારાનો માલ ખુદાની

રાહમાં ખર્ચ કર્યો અને જરૂરત વગરની વાતો કરવાથી બચેલો રહ્યો. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૫/૭૨, અત્તરગીબ વત્તરહીબ, ૨/૩૪૫)*

તિબ્રાનીમાં છે, હુઝૂર ﷺએ ફમાવ્યું, અય સઅદ ! હલાલનું ખાવા ખા ! તારી દુઆઓ કબૂલ થશે. કસમ છે કે એ ઝાતની જેની કુદરતના કબ્જામાં મુહમ્મદ ﷺની જાન છે કે **જ્યારે આદમી પોતાના પેટમાં હરામનો કોળિયો નાખે છે તો એના કારણથી એની ચાળીસ દિવસની ઈબાદત કબૂલ નથી થતી.** જે બંદો હરામથી પોતાનો ગોશ્ત વધારે છે (જહન્નમની) આગ એની ઘણી જ નજીક હોય છે. *(તફસીરે ઈબ્ને કષીર, ૧/૨૧૭, અલ્મોઅજમુલ કબીર, લિત્તબરાની)*

મુસ્નદે બઝ્ઝાઝમાં બસનદે મુન્કર રિવાયત છે કે, એનો દીન નથી જેમાં અમાનત નથી અને ન એ વ્યક્તિની નમાઝ અને ઝકાત છે જેણે હરામનો માલ મેળવ્યો અને એમાંથી કમીઝ પહેરી લીધું એની નમાઝ કબૂલ થશે નહીં જ્યાં સુધી કે તે એને ઉતારી નથી દેતો. કેમ કે શાને ઈલાહી એ ચીજથી અતિ ઉચ્ચ છે કે તે એવી વ્યક્તિની નમાઝ કબૂલ કરે અથવા બીજો કોઈ અમલ કબૂલ કરે કે જેના શરીર પર હરામનો લિબાસ હોય. *(અત્તરગીબ વત્તરહીબ, ૨/૩૪૬)*

અહમદ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે. તેમણે ફર્માવ્યું, **જે વ્યક્તિએ દસ દિરહમનું કાપડ ખરીદયું અને તેમાં એક દિરહમ હરામનો હતો તો જ્યાં સુધી તે કાપડ એના શરીર પર રહે છે અલ્લાહ તઆલા એની નમાઝ કબૂલ નથી ફર્માવતો.** પછી તેમણે પોતાના બંને કાનોમાં બે આંગળીઓ દાખલ કરીને ફર્માવ્યું કે જો મેં નબી કરીમ ﷺને ફર્માવતાં ન સાંભળ્યા હોય તો આ બંનેવ બેહરા થઈ જાય. *(મિશ્કાતુલ મસાબીહ, ૧/૨૪૩, મુસ્તદે અહમદ બિન હંબલ, ૨/૨૩૧, કન્ઝુલ ઉમ્માલ, ૪/૧૪)*

બયહકીની રિવાયત છે કે જેણે ચોરીનો માલ ખરીદયો તે છતાં કે તે જાણે છે કે આ ચોરીનો માલ છે, તો એ પણ એની બેઈજ્જતી અને ગુનાહમાં સામેલ ગણાશે. *(અસ્સુનનુલ કુબરા લિલ્બયહકી, ૫/૫૪૮, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૨/૪૧, કન્ઝુલ ઉમ્માલ, ૪/૧૩)*

હાફિઝ મુન્ઝરીએ કાબિલે હસન ઈસ્નાદ અથવા મૌકૂફ સનદની સાથે અને અહમદે બસનદે જૈદિયહ્ આ હદીષ નકલ કરી છે કે, **હુઝૂર ﷺ એ ફર્માવ્યું, કસમ એની જેના દસ્તે કુદરતમાં મારી જાન છે ! કે તમારામાંથી કોઈ પોતાનું દોરડુ લઈને પહાડની તરફ નીકળી જાય અને લાકડાંઓ ભેગાં કરીને પીઠ પર ઊંચકી લઈ આવે છે અને તેને વેચીને ખાઈ તે એનાથી શ્રેષ્ઠ છે કે તે પોતાના મોઢામાં હરામનો કોળિયો નાખે.** *(સહીહ બુખારી, ૧/૧૯૯, સુનને નિસાઈ, ૧/૩૬૨, મુસ્નનદે અહમદ બિન હંબલ, ૨/૫૦૬, કન્ઝુલ ઉમ્માલ, ૬/૪૯૭)*

ઈબ્ને ખુઝૈમા અને ઈબ્ને હબ્બાને પોતાની સહીહમાં અને હાકિમે આ હદીષ નકલ કરી છે કે જેણે હરામનો માલ ભેગો કર્યો પછી તેનો સદકો કરી આપ્યો તો તેને કોઈ બીજો સવાબ નહીં મળશે અને તેનો ગુનોહ તેના પર રહેશે. *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૫૯૮, કન્ઝુલ ઉમ્માલ, ૪/૧૫)*

તિબ્રાનીની હદીષ છે કે જેણે હરામનો માલ મેળવીને એનાથી કોઈને આઝાદ કર્યો અને સગા સંબંધીઓ સાથે સદ્વર્તાવ કર્યો, તે એના માટે સવાબની જગ્યાએ અઝાબ અને ગુનાહનો સબબ હશે. *(કન્ઝુલ ઉમ્માલ,૪/૧૫)*

અહમદ વગેરેએ આ હદીષ નકલ કરી છે જેની સનદને અમુક મુહદ્દિષોએ હસન કહી છે કે અલ્લાહ તઆલાએ જેવી રીતે તમારી વચ્ચે રિઝ્ક વહેંચી આપ્યું છે એવી જ રીતે આદતો વહેંચી આપી છે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૬૪૦, કન્ઝુલ ઉમ્માલ, ૧૫/૮૬૨)*

અલ્લાહ તઆલા દરેક ઈન્સાનને ચાહે તે દુનિયાને સારી સમજતો હોય કે બુરી પણ દુનિયા આપે છે અને દીન એને આપે છે જે દીનને પસંદ કરે છે. અને અલ્લાહ તઆલા જેને દીન આપે છે તેને મહબૂબ રાખે છે. બખુદા બંદો એ સમય સુધી સંપૂર્ણ મુસલમાન નથી બનતો જ્યાં સુધી કે એની જીભ અને દિલ ઈસ્લામ ન લાવે, અને એની જીભ અને દિલથી લોકો સલામત ન રહે. અને એ સમય સુધી બંદો મો'મિન નથી બનતો જ્યાં સુધી એના પાડોશીઓ એના કીના અને જુલ્મથી બચેલ ન હોય. અને બંદો હરામની કમાઈથી જે કાંઈ મેળવે છે એમાંથી એનો સદકો કબૂલ નથી થતો અને ન ખુદાની રાહમાં તેને આપવાથી એના માલમાં બરકત થાય છે. અને જે માલ

તે પોતાની પાછળ છોડી જાય છે તે તેના માટે જહન્નમનો સામાન હોય છે. બેશક ! અલ્લાહ તઆલા બુરાઈથી બુરાઈઓને નથી મિટાવતો પરંતુ નેકીઓથી બુરાઈઓને મિટાવે છે. બેશક ! નાપાક ચીજથી નાપાક નથી મિટતી.

તિર્મિઝીએ હસન સહીહ અને ગરીબ ઠરાવીને આ હદીષ નકલ કરી છે કે હુઝૂર ﷺથી એ ચીજોના વિશે પૂછવામાં આવ્યું **જેના કારણે વધારે પડતા લોકો જહન્નમમાં જશે.** આપે ફર્માવ્યું, **મોઢું અને શર્મગાહ** ! અને એ ચીજોના વિશે સવાલ કરવામાં આવ્યો જેના કારણે વધારે પડતા લોકો જન્નતમાં જશે. આપે ફર્માવ્યું, ખુદાનો ખૌફ અને સદ્‌વર્તન. *(સુનને તિર્મિઝી, ૨/૨૧)*

તિર્મિઝીએ બસનદે સહીહ આ હદીષ રિવાયત કરી છે કે બંદો એ સમય સુધી કિયામતના દિવસે નહીં હાલશે જ્યાં સુધી કે એનાથી ચાર ચીજોનો સવાલ નહીં થઈ જાય. તેણે પોતાની ઉમ્ર કેવી રીતે પૂરી કરી ? પોતાની જવાની કયા કામોમાં પસાર કરી ? માલ કેવી રીતે મેળવ્યો ? અને ક્યાં ખર્ચ કર્યો ? અને પોતાના ઈલ્મ પર કેટલો અમલ કર્યો ? *(સુનને તિર્મિઝી, ૨/૬૭)*

બયહકીની હદીષ છે કે દુનિયા તરોતાઝી અને મીઠી છે, જે વ્યક્તિએ એમાં હલાલ રીતે માલ કમાયો અને તેને સહી માર્ગે ખર્ચ કર્યો તેને અલ્લાહ તઆલા તેનો સવાબ આપશે અને તેને જન્નતમાં દાખલ ફર્માવશે અને જેણે તેમાં નાજાઈઝ રીતોથી માલ કમાયો અને નાજાઈઝ રીતોથી તેને ખર્ચ કર્યો તો અલ્લાહ તઆલા તેને જહન્નમમાં મોકલશે. અને તે ઘણા લોકોના માટે જેઓ માલની મહોબ્બતમાં અલ્લાહ અને તેના રસૂલને ભૂલી જાય છે તેઓ કિયામતના દિવસે જહન્નમમાં હશે. અલ્લાહ તઆલા *(સૂ. અસ્રા, આ. : ૯૭, પારા : ૧૫માં)* ફર્માવે છે : كُلَّمَا خَبَتْ زِدْنٰهُمْ سَعِيْرًا ''જ્યારે તે રોકવા લાગશે તો અમે તેની ગરમીને ઔર વધારી દઈશું.'' *(અત્તરગીબ વત્તરહીબ, ૨/૩૪૮, કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૮૪)*

ઈબ્ને હબ્બાને પોતાની સહીહમાં આ હદીષ નકલ કરી છે કે, **જે ગોશ્ત અને લોહી હરામના માલથી પૈદા થયું એના પર જન્નત**

**હરામ છે અને જહન્નમ તેની વધારે હક્કદાર છે.** *(મિશ્કાતુલ મસાબીહ, ૧/૨૪૨, અલ્મોઅજમુસ્સગીર લિત્તબરાની, ૧/૧૫૪, કન્ઝુલ ઉમ્માલ, ૪/૧૬)*

તિર્મિઝીની રિવાયત છે કે જે ગોશ્ત હરામના માલથી પોષણ મેળવે છે તેના માટે આગ વધારે લાયક છે. *(અત્તરગીબ વત્તરહીબ, ૨/૩૪૯)* એક રિવાયતમાં છે કે જે ગોશ્ત નાજાઈઝ રીતોથી મેળવેલ માલથી પોષણ પામે તેના માટે આગ વધારે લાયક (જરૂરી) છે. એક બીજી રિવાયતમાં હસન સનદ સાથે નકલ કરવામાં આવ્યું છે કે તે શરીર જન્નતમાં નહીં જશે જેણે હરામ માલથી ખોરાક મેળવ્યો હોય. *(મિશ્કાતુલ મસાબીહ, ૧/૨૪૩, કન્ઝુલ ઉમ્માલ, ૪/૧૬)*

*(પ્રકરણ : ૬૯)*

## વ્યાજ ખાવાની મનાઈ

વ્યાજ ખાવાની મનાઈમાં ઘણી આયતો નાઝિલ થઈ છે અને કેટલીક અહાદીષ પણ એના અનુસંધાનમાં છે, જેમ કે બુખારી તથા અબૂ દાઊદની હદીષ છે કે હુઝૂર ﷺએ શરીર પર ચિતરામણ કરવાવાળા અને ચિતરામણ કરવાવાળા, વ્યાજ આપવાવાળા અને વ્યાજ લેવાવાળા પર લા'નત કરી છે. અને કૂતરાની કિંમત લેવાથી અને બદ્કારીઓથી મના ફર્માવ્યું અને ચિત્ર બનાવવાવાળા પર લા'નત ફર્માવી છે. *(સહીહ બુખારી, ૧/૨૮૦, અબૂ દાઊદ, ૨/૪૭૩, ઈબ્ને માજહ, પેજ : ૧૬૫, મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૬૭૫, મિશ્કાતુલ મસાબીહ, ૧/૨૪૧, કન્ઝુલ ઉમ્માલ, ૪/૧૦૬, અત્તરગીબ વત્તરહીબ, ૩/૪)*

અહમદ, અબૂ યઅલા, સહીહ ઈબ્ને ખુઝૈમા અને સહીહ ઈબ્ને હબ્બાને હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત કરી છે. તેમણે ફર્માવ્યું, વ્યાજ લેવાવાળો, વ્યાજ દેવાવાળો એના પર ગવાહ બનવાવાળા, એનું લખાણ લખવાવાળા પર જ્યારે કે તેને ખબર હોય કે આ લખાણ વ્યાજના માટે થઈ રહ્યું છે, શરીર પર ફૂલ ચિતરનારા તથા ચિતરાવનારા પર જે પોતાની

ખૂબસૂરતીના માટે એવું કરે છે, સદકાથી ઈન્કાર કરવાવાળા અને બદવી જે હિજરતના પછી પાછો મુર્તદ થયો બધા મુહમ્મદ ﷺની જબાન મુબારકથી **મલઊન** કહેવામાં આવ્યા છે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૧૪૧, હદીષ, ૬૬૨, પેજ : ૧૭૨, હદીષ : ૮૪૬)*

હાકિમે બસનદે સહીહ રિવાયત કરી છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે ચાર વ્યક્તિઓ એવી છે જેના માટે અલ્લાહ તઆલાએ જરૂરી કરી આપ્યું છે કે તેમને જન્નતમાં દાખલ નહીં કરશે અને ન તો તેઓ તેની નેઅમતોથી લુત્ફ (મજા) ઉઠાવશે : શરાબી, વ્યાજ ખાવાવાળો, હક્ક વગર યતીમનો માલ ખાવાવાળો અને વાલિદૈનનો (મા બાપનો) નાફર્માન. *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૨/૪૩, કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૬૭)*

હાકિમની એક રિવાયત છે જેને સહીહ ઠરાવવામાં આવી છે કે વ્યાજના બોત્તેર દરવાજા છે, જેમાંથી બધાથી કમતર એ છે કે જેવી રીતે કોઈ વ્યક્તિ પોતાની માંથી નિકાહ કરી લે. *(અલમુસ્તદરક અલસ્સહીહૈન, ૨/૪૩, કન્ઝુલ ઉમ્માલ, ૪/૧૦૪)*

બઝ્ઝાઝે બસનદે સહીહ રિવાયત કરી છે કે વ્યાજના કાંઈક ઉપર સિત્તેર પ્રકારો છે, એવી રીતે શિર્ક પણ છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૪/૧૦૫, અત્તરગીબ વત્તરહીબ, ૩/૫)* બયહકીની રિવાયત છે કે વ્યાજના સિત્તેર દરવાજા છે અને બધામાં સૌથી મામૂલી એ છે કે ઈન્સાન પોતાની માં સાથે બદ્કારી કરે. *(અત્તરગીબ વત્તરહીબ, ૩/૫, કન્ઝુલ ઉમ્માલ, ૪/૧૦૮)*

તિબ્રાનીએ કબીરમાં હઝરત અબ્દુલ્લાહ બિન સલામ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે રસુલૂલ્લાહ ﷺએ રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તે દિરહમ જે ઈન્સાન વ્યાજમાં લે છે તે અલ્લાહની નજીક ઈસ્લામની હાલતમાં ૩૩ તેત્રીસ ઝિના કરવાથી પણ બદ્તર છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૪/૧૦૯)* આ રિવાયતની સનદમાં (ઈન્કેતાઅ) થયેલ છે. અને ઈબ્ને અબી દુન્યા અને બગવીએ તેને મૌકૂફના સ્થાને હઝરત અબ્દુલ્લાહ બિન સલામ رضی اللہ عنہથી રિવાયત કરી છે અને એ જ સહીહ છે. અને આ હદીષે મૌકૂફ પણ હદીષે મરફૂઅના હુકમમાં છે કેમ કે એક વ્યાજી દિરહમના ઉપર જણાવેલ સંખ્યામાં ઝિના કરવાથી પણ અલ્લાહ તઆલાને ત્યાં ઘણો

જ મોટો ગુનોહ થવો એનું વહીના વગર ખબર પડવું બની શકે તેવું નથી, જેવું કે તેમણે આ હદીષ હુઝૂર ﷺથી સાંભળી હશે :–

હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہનું કહેવું છે, વ્યાજના ૭૨ ગુનાહ છે, એનો સૌથી નાનો ગુનોહ ઈસ્લામની હાલતમાં કોઈનું પોતાની માં સાથે ઝિના કરવાની બરાબર છે. અને એક વ્યાજનો દિરહમ (કાંઈક ઉપર) ત્રીસ વખત ઝિના કરવાથી વધારે ખરાબ છે. અને તેમણે એ પણ કહ્યું કે અલ્લાહ તઆલા કિયામતના દિવસે દરેક નેક અને બુરાના ઊભા થવાની રજા આપશે, પણ વ્યાજ ખાવાવાળો ઊભો નહીં થાય, પરંતુ એવી રીતે કે જેવી રીતે તે શખ્સ ઉભો થાય છે જેને શૈતાને ભૂત બલા વડે બાવરો બનાવી દીધો હોય. *(અત્તરગીબ વત્તરહીબ, ૩/૫, કન્ઝુલ ઉમ્માલ, ૪/૧૦૫)*

અહમદે બસનદે જય્યદ હઝરત કઅબ અહબાર رضی اللہ عنہથી રિવાયત કરી છે કે હું ૩૩ તેત્રીસ વખત ઝિના કરવાને એક દિરહમ વ્યાજ ખાવાથી સારું સમજું છું. જયારે હું વ્યાજ કમાઉં તો અલ્લાહ જ જાણે છે કે શું ખાઈ રહ્યો છું.

અહમદે બસનદે સહીહ અને તિબ્રાનીએ આ હદીષ નકલ કરી છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, **ઈન્સાનનું જાણી સમજીને એક દિરહમ વ્યાજ ખાવું ૩૩ (તેત્રીસ)વાર ઝિના કરવાથી ખરાબ છે.** *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૨૯૬, મિસ્કાતુલ મસાબીહ, ૧/૨૪૬, કન્ઝુલ ઉમ્માલ, ૪/૧૦૬, હિલ્યતુલ અવલિયા, ૫/૮૭)*

ઈબ્ને અબી દુન્યા અને બયહકીની રિવાયત છે કે હુઝૂર ﷺએ સહાબાએ કિરામને ખુત્બો આપ્યો અને વ્યાજ અને તેની બુરાઈઓ બયાન કરતાં કરતાં ફર્માવ્યું કે એવો એક દિરહમ જેને આદમી વ્યાજ તરીકે લે છે તે અલ્લાહ તઆલાને ત્યાં ઈન્સાનના તેત્રીસ (૩૩)વાર ઝિના કરવાથી વધારે બુરું છે અને બધાથી બુરું વ્યાજ મુસલમાનના માલમાંથી કાંઈક લેવું છે. *(અત્તરગીબ વત્તરહીબ, ૩/૬)*

તિબ્રાનીએ સગીર અને અવસતમાં રિવાયત કરી છે : હુઝૂર ﷺએ ફર્માવ્યું કે જે વ્યક્તિએ નાજાઈઝ રીતે કોઈ જાલિમની મદદ કરી જેથી તે કોઈનો માલ દબાવી લે, તો એવો વ્યક્તિ અલ્લાહ અને તેના રસૂલની

જિમ્મેદારીથી દૂર છે, અને જેણે એક દિરહમ વ્યાજ ખાધું તે ૩૩ (તેત્રીસ)વાર ઝિના કરવાના બરાબર છે, અને જેનો ગોશ્ત હરામનો માલ ખાઈને વધ્યો જહન્નમ એવા વ્યક્તિની વધારે હક્કદાર છે. *(અલ્મોઅજમુસ્સગીર લિત્તબરાની, ૧/૮૨, અત્તરગીબ વત્તરહીબ, ૩/૬)*

બૈહકીની રિવાયત છે કે વ્યાજની કાંઈક ઉપર સિત્તેર દરવાજા છે એનો બધાથી નાનો ગુનોહ ઈસ્લામની હાલતમાં માંની સાથે ઝિના કરવાના બરાબર છે અને વ્યાજનો એક દિરહમ ૫૩ (ત્રેપન) વાર ઝિના કરવાથી વધારે બુરો છે.

તિબ્રાનીએ અવસતમાં અમ્ર બિન રાશિદ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે વ્યાજના ૭૨ દરવાજામાં સૌથી નાનો દરવાજો (ગુનો) આદમીનું પોતાની માં સાથે ઝિના કરવાના બરાબર છે અને બધાથી બુરુ વ્યાજ એ છે કે ઈન્સાન પોતાના ભાઈના માલની તરફ હાથ લાંબો કરે (વ્યાજમાં મુસલમાન ભાઈનો માલ લે).

ઈબ્ને માજહ્ અને બૈહકીએ અબી મઅશરથી તેમણે અબૂ સઈદ મકબરીથી અને તેમણે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, વ્યાજમાં સિત્તેર ગુના છે, બધાથી નાનો ગુનો એ છે કે જેવું કે આદમી પોતાની માતાથી નિકાહ કરી લે. *(સુનને ઈબ્ને માજહ, પેજ : ૧૬૪, મિશ્કાતુલ મસાબીહ, ૧/૨૪૬, કન્ઝુલ ઉમ્માલ, ૪/૧૦૫)*

## ★ ઝિના અને વ્યાજનું સામાન્ય ફેલાઈ જવું અલ્લાહના અઝાબને દા'વત આપે છે ★

હાકિમે સહીહ સનદથી હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી છે કે હુઝૂર ﷺએ ફળોને મોટાં થતાં પહેલાં વેચવાને મના ફર્માવ્યું છે. અને ફર્માવ્યું, જ્યારે કોઈ શહેરમાં ઝિના અને વ્યાજ આમ થઈ જાય તો તેમણે જાણે કે પોતે જ અલ્લાહના અઝાબને દા'વત આપી છે. *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૨/૪૩)*

અબૂ યઅ્લાએ સનદે જૈયદની સાથે હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہماથી રિવાયત કરી છે. તેમણે હુઝૂર ﷺની હદીષ સંભળાવતાં

ફર્માવ્યું કે કોઈ કૌમમાં ઝિના અને વ્યાજ ખાવાનું આમ નથી થતું પણ તે લોકો અલ્લાહના અઝાબને પોતાના માટે હલાલ કરી લે છે. (એટલે જે કૌમ ઝિના અને વ્યાજ ખાવામાં લાગેલ છે તેણે જાણે કે અલ્લાહના અઝાબને દા'વત આપ્યું છે.) *(કન્ઝુલ ઉમ્માલ, ૪/૧૦૭)*

અહમદે આ હદીષ નકલ કરી છે, એવી કોઈ કૌમ નથી જેમાં વ્યાજ ચાલી નીકળે પણ તે દુષ્કાળમાં સપડાય જાય છે અને જે કૌમમાં ઝિનાનું પ્રમાણ વધી જાય છે તેને અલ્લાહ તઆલા ભય અને આમ દુષ્કાળમાં સપડાવી દે છે ત્યાં સુધી કે વરસાદ પણ કેમ ન થઈ જાય. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૨૩૩)*

અહમદે એક લાંબી હદીષમાં, ઈબ્ને માજહએ સંક્ષિપ્તમાં અને અસ્બહાનીએ એ હદીષને સંભળાવી છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે જ્યારે મને મેઅરાજમાં સફર કરાવવામાં આવી અને અમે સાતેય આસમાનની ઉપર પહોંચ્યા તો મેં ઉપર જોયું તો મને વીજળીનો કડાકો અને ગર્જનાની ચમક જોવામાં આવી પછી **મેં એવી કૌમને જોઈ જેમનાં પેટ મકાનોની જેમ હતાં અને બહારથી તેમનાં પેટોમાં ચાલતા ફરતા સાપ જોવામાં આવતા હતા ! મેં પૂછ્યું, જિબ્રઈલ ! આ કોણ છે ? તેમણે જવાબ આપ્યો કે આ વ્યાજખાવાવાળા છે !** *(સુનને ઈબ્ને માજહ, પેજ : ૧૬૪, મિશ્કાતુલ મસાબીહ, ૧/૨૪૬, કન્ઝુલ ઉમ્માલ, ૪/૧૦૭, તફસીરે ઈબ્ને કષીર, ૧/૩૫૦)*

અસ્બહાનીએ હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત કરી છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે જ્યારે મને આસમાનોની તરફ મેઅરાજ કરવામાં આવી તો મેં આસમાનની દુનિયામાં એવા આદમીઓને જોયા જેમના પેટ મોટા મોટા ઘડાઓ જેવાં હતાં, તેમનાં પેટો નમી ગયેલાં હતાં અને તેઓ ફિરઔનના દોસ્તદારોના રસ્તાઓમાં પડેલા હતા. અને તેઓ દરેક સવાર સાંજ જહન્નમના કિનારા પર ઊભા રહીને કહેતા, અય અલ્લાહ ! કિયામત કદી પણ કાઈમ ન કરતો. મેં પૂછ્યું, જિબ્રઈલ ! આ કોણ છે ? જિબ્રઈલે કહ્યું કે આ આપની ઉમ્મતના વ્યાજખાવાવાળા છે, તેઓ ઊભા નહીં થાય પણ એવી રીતે કે તે વ્યક્તિ ઊભો થાય છે જેવી રીતે શૈતાન જેને

ભૂત પ્રેતથી પાગલ કરી દે છે. અસ્બહાનીનો કૌલ છે કે ફિરઔનની કૌમ જે સવાર સાંજ આગ સામે રજૂ કરવામાં આવે છે તેમને રગદોળતાં રગદોળતાં પસાર થશે. *(અત્તરગીબ વત્તરહીબ, ૩/૭)* તિબ્રાનીએ સહીહ સનદ સાથે રિવાયત નકલ કરી છે. આપે ફર્માવ્યું, કિયામતની પહેલાં ઝિના, વ્યાજ અને શરાબ આમ થઈ જશે. *(અત્તરગીબ વત્તરહીબ, ૩/૭)*

તિબ્રાનીએ કાસિમ બિન અબ્દુલ્લાહ અવરાક رضی اللہ عنہથી રિવાયત કરી છે કે મેં હઝરત અબ્દુલ્લાહ બિન અબી અવફા رضی اللہ عنہને સયારફા (જ્યાં વ્યાજ વગેરેનો ધંધો થાય છે)ના બજારમાં જોયા. તેઓ બજારવાળાઓને કહી રહ્યા હતા, અય વ્યાજનો ધંધો કરવાવાળા ! તમને ખુશખબરી થાય ! તેમણે કહ્યું, અલ્લાહ આપને જન્નતની ખુશખબરી આપે, અય અબૂ મુહમ્મદ ! આપ અમને કઈ ચીઝની ખુશખબરી આપી રહ્યા છો ?! આપે કહ્યું, મેં રસૂલલ્લાહ ﷺને સયારફાના માટે ફર્માવતાં સાંભળ્યું છે કે તેમને આગની બશારત આપી દો ! *(અત્તરગીબ વત્તરહીબ, ૩/૭)*

તિબ્રાનીની હદીષ છે કે, પોતાની જાતને તે ગુનાહોથી બચાવ જેની મગફેરત (બખ્શિશ) નથી થતી, ખયાનત એવો જ એક ગુનોહ છે. જે જે વસ્તુમાં ખયાનત કરે છે તેને કિયામતના દિવસે તેની સાથે લાવવામાં આવશે. (એ જ પ્રમાણે) વ્યાજ ખાવું કે જે વ્યાજ ખાય છે તે કિયામતના દિવસે ભૂત પ્રેતથી પાગલ બનેલ ઉઠાવવામાં આવશે. પછી આપે આ આયત પઢી, "જે વ્યાજ ખાય છે તે એ વ્યક્તિની જેમ ઊભા થશે જેને શૈતાન આસેબ (ભૂત પ્રેત)થી પાગલ કરી દે છે. *(અત્તરગીબ વત્તરહીબ, ૩/૭)*

અસ્બહાનીની હદીષ છે કે કિયામતના દિવસે વ્યાજખાવાવાળો પાગલની જેમ પોતાના બંને પાસાંઓ ખેંચતો ખેંચતો આવશે. પછી આપે આ આયત *(સૂ. બકરહ, ૨૭૫)* પઢી, "તે એ વ્યક્તિની જેમ ઊભા હશે જેને શૈતાન આસેબથી પાગલ કરી દે છે." *(સૂ. બકરહ, ૨૭૫)* ઈબ્ને માજહ અને હાકિમની હદીષ છે, હુઝૂર ﷺએ ફર્માવ્યું કે જે પણ વ્યાજથી પોતાનો માલ વધારી લે છે છેવટે તે ગરીબીનો શિકાર બને છે. *(ઈબ્ને માજહ, પેજ : ૧૬૫, કન્ઝુલ ઉમ્માલ, ૪/૧૦૫)*

હાકિમે સહીહ સનદ સાથે આ હદીષ નકલ કરી છે કે વ્યાજ ગમે

તેટલું વધી જાય પણ છેવટે તેમાં ઓછાપણુ જ રહે છે. (તેમાં બરકત નથી રહેતી) *(નિસાઈ, ૨/૨૧૦, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૨/૧૩, ઈબ્ને માજહ, પેજ : ૧૬૫, મિશ્કાતુલ મસાબીહ, ૧/૨૪૫)* અબૂ દાઊદ અને ઈબ્ને માજહએ હસન رضی اللہ عنہથી તેમણે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી છે (મોહદ્દિષોએ હઝરત અબૂ હુરૈરહ્થી હસનના સમાએ હદીષ (સાંભળવામાં) મતભેદ કર્યો છે. જમહૂરનો કૌલ છે કે સમાઅ સાબિત નથી) હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, લોકો પર એવો જમાનો આવશે કે એમનામાં કોઈ પણ એવું નહીં હોય જે વ્યાજ ન ખાતુ હોય અને જે વ્યાજ નહીં ખાશે તેમના સુધી વ્યાજની ધૂળ જરૂર પહોંચી જશે.

અબ્દુલ્લાહ બિન અહમદે ઝવાઈદુલ મુસ્નદમાં આ હદીષ નકલ કરી છે કે, કસમ છે એ જાતની જેના દસ્તે કુદરતમાં મારી જાન છે ! **અલ્બત્ત, મારી ઉમ્મતના લોકો બુરાઈઓમાં રાત પસાર કરશે, મોજ મજા કરશે અને રમત ગમતમાં મશ્ગૂલ હશે. જ્યારે સવાર થશે તો અલ્લાહની હરામ કરેલ ચીજોને હલાલ કરવા, સ્ત્રીઓથી ગાવા વગાડવાનું સાંભળવા, શરાબ પીવા, વ્યાજ ખાવા અને રેશમ પહેરવાના કારણે સુવ્વર અને વાંદરાઓ બની જશે.** *(અત્તરગીબ વત્તરહીબ, ૩/૮)*

અહમદ અને બૈહકીની હદીષ છે. હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, આ ઉમ્મતનો એક ગિરોહ (જમાઅત) ખાવા પીવા અને રમતગમતમાં રાત પસાર કરશે. જ્યારે સવાર કરશે તો તેમની સૂરતો કાળી થઈ ગઈ હશે, તેઓ વાંદરા અને સુવ્વર હશે. અને તેઓ જમીનમાં ધસતા જશે અને તેમના પર પથ્થર વરસાવવામાં આવશે, ત્યાં સુધી કે લોકો કહેશે ફલાણું ઘર અને ફલાણા લોકો જમીનમાં ધસી ગયા છે. અને બેશક ! તેમના પર પથ્થરોની વર્ષા કરવામાં આવશે, જેવી રીતે લૂતની કૌમ પર કરવામાં આવી હતી. તેમના કબીલાઓ પર કુટુંબો પર અને તેમના ઘરો પર આ બલા તેમના શરાબ પીવા, રેશમી લિબાસ પહેરવા, ગાવા વગાડવાની મેહફિલો સજાવવા, વ્યાજ ખાવા અને ગર્ભપાત કરાવવાળાના કારણે હશે. અને એક આદતને કહેવાનું રાવી ભૂલી ગયા. *(રવાહુ ફી મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૩૪૬, મુખ્તસરન મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૧૪૧, હદીષ, ૬૬૨, પેજ : ૧૭૨, હદીષ, ૮૪૬)*

(પ્રકરણ : ૭૦)

## બંદાઓના હક્કો

દરેક ઈન્સાન પર એ જરૂરી છે કે જ્યારે તે બીજાથી મળે તો તેને સલામ કહે, જ્યારે તે તેને દા'વત આપે તો તેની દા'વત કબૂલ કરે, જ્યારે તેને છીંક આવે તો એનો જવાબ આપે, જ્યારે તે બીમાર થાય તો તેની ખબર પૂછવા જાય, જ્યારે તે મરણ પામે તો તેના જનાઝામાં હાજર થાય, જ્યારે તે કસમ અપાવે તો તેની કસમને પૂરી કરે, જ્યારે તે નસીહત સાંભળવાની ઈચ્છા કરે તો તેને નસીહત કરે, અને ગીબત ન કરે અને તેના માટે એ જ કાંઈ પસંદ કરે જે પોતાના માટે પસંદ કરે છે, અને દરેક તે ચીજ જેને તે પોતાના માટે નાપસંદ સમજે છે તેને તેમના માટે પણ નાપસંદ સમજે.

આ બધા કાયદાઓ હદીષોમાં લખેલ છે. જેમ કે હઝરત અનસ رضی اللہ عنہ હુઝૂર ﷺથી રિવાયત કરે છે. આપે ફર્માવ્યું, તારા પર મુસલમાનોના ચાર હક્ક છે : તેમના નેકોની મદદ કર, બુરાઓના માટે મગફેરત માંગ, એમનામાંથી જવાવાળા (મરણ પામવાવાળા)ના માટે દુઆ માંગ અને તેમનામાંથી તૌબા કરવાવાળાની સાથે મહોબ્બત રાખ. *(અહયાઉલ ઉલૂમુદ્દીન, ૨/૧૭૫)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما આ ફર્માને ઈલાહી, "તે અંદરો અંદર રહમ કરવાવાળા છે" *(સૂ. ફતહ, આ. : ૨૯, પારા : ૨૬)*ની તફસીરમાં ફર્માવે છે કે તેમના નેકો બુરાઓના માટે અને બુરાઓ નેકોના માટે દુઆ કરે છે. જ્યારે કોઈ બદ્‌કાર ઉમ્મતે મુહમ્મદ ﷺના નેક મર્દને જુએ છે તો કહે છે, અય અલ્લાહ ! તેં એને જે ભલાઈ આપી છે એમાં બરકત આપ, તેને અડગ રાખ અને અમને તેની બરકતોથી નવાઝ. અને જ્યારે કોઈ નેક કોઈ બદ્‌કારને જુએ છે તો કહે છે, અય અલ્લાહ ! એને હિદાયત આપ, એની તૌબા કબૂલ ફર્માવ અને એની ભૂલોને માફ કરી દે.

મુસલમાન પર મુસલમાનનો એ પણ હક્ક છે કે તે જે કાંઈ પોતાના માટે પસંદ કરે છે તે જ બીજા ભાઈના માટે પણ પસંદ કરે, અને જે ચીજ પોતાના માટે બુરી સમજે છે તેને બીજા મુસલમાનના માટે પણ બુરી સમજે.

હઝરત નોઅમાન બિન બશીર رضی اللہ عنہ કહે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને એ ફર્માવતાં સાંભળ્યા છે કે, એકબીજાથી મહોબ્બત કરવામાં અને આપસમાં તકલીફ ઉઠાવવામાં મુસલમાનોનું દષ્ટાંત એક શરીર જેવું છે. જ્યારે શરીરનું કોઈ અંગ તકલીફમાં હોય છે તો આખુ શરીર એના એહસાસ અને તાવમાં સપડાય છે. *(સહીહ બુખારી, ૨/૮૮૮, સહીહ મુસ્લિમ, ૨/૩૨૧, મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૨૩૬, સુનને બયહકી, ૩/૪૯૩, અલ્મોઅમજુલ કબીર લિત્તબરાની, ૨૫/૩૪૪)*

હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ હુઝૂર ﷺથી રિવાયત કરે છે. આપે ફર્માવ્યું કે મુસલમાન મુસલમાનના માટે દીવાલની જેમ છે જેનો એક ભાગ બીજાને મજબૂતાઈ આપે છે.

મુસલમાનોના હક્કોમાંથી એ પણ છે કે તે પોતાની જીભ અને કોઈ કામથી બીજા મુસલમાનને દુઃખ ન પહોંચાડે.

ફર્માને નબવી છે કે મુસલમાન તે છે જેના હાથ અને જીભથી મુસલમાન સલામત રહે. *(સહીહ બુખારી , ૧/૬, સહીહ મુસ્લિમ, ૧/૪૮, સુનને અબૂ દાઊદ, પેજ : ૩૩૬, નિસાઈ, ૨/૨૬૬, તિર્મિઝી, ૨/૭૭, દારમી, ૨/૨૩૮, બયહકી, ૧૦/૩૧૫, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૩૪૭, ઈબ્ને હબ્બાન, ૧/૨૩૧, અલમુસ્તદરક અલસ્સગીર લિત્તબરાની, ૧/૨૫૩, હિલ્યતુલ અવલિયા, ૩/૨૬)* એક લાંબી હદીષ છે જેમાં હુઝૂર ﷺએ લોકોને સારી આદતો અપનાવી લેવાના વિશે હુકમ આપ્યો છે. ફર્માવ્યું, જો તમે એ ન કરી શકો તો લોકોને પોતાની બુરાઈથી સલામત રાખો એ તમારા માટે સદકો છે જે તમે પોતાની જાતના માટે આપ્યો છે. *(અહયાઉલ ઉલૂમ, ૨/૧૭૪)* અને ફર્માવ્યું, અફઝલ (શ્રેષ્ઠ) મુસલમાન તે છે જેના હાથ અને જીભથી મુસલમાન મેહફૂઝ (સલામત) છે. *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૫૪, દારમી, ૨/૨૩૯, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૪૨૪, કન્ઝુલ ઉમ્માલ, ૧/૧૫૧)*

હુઝૂર ﷺએ ફર્માવ્યું, જાણો છો મુસલમાન કોણ છે ? સહાબાએ કિરામે કહ્યું કે અલ્લાહ અને તેનો રસૂલ બેહતર જાણે છે. આપે ફર્માવ્યું, મુસલમાન તે છે જેના હાથ અને જીભથી બીજા મુસલમાન બચેલા રહે. સહાબાએ કહ્યું, મો'મિન કોણ છે ? આપે ફર્માવ્યું, જેણે પોતાના તરફથી

મુસલમાનને એમના માલ અને જીવોમાં બીક વગરના કરી દીધા. પૂછવામાં આવ્યું, મુહાજિરો કોણ છે ? આપે ફર્માવ્યું, જેણે બુરાઈઓને છોડી દીધી અને એમનાથી દૂર રહ્યા. એક વ્યક્તિએ કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ ઈસ્લામ શું છે ? આપે ફર્માવ્યું કે તું દિલથી અલ્લાહને કબૂલ કરી લે અને તારા હાથ અને જીભથી બીજા મુસલમાન બચેલા રહે. *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૫૪, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૮/૩૦૯, મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૮૯)*

મુજાહિદ رضی اللہ عنہનો કૌલ છે કે **જહન્નમીઓ પર ખુજલી ચાલુ કરી દેવામાં આવશે જે ઝડપથી એમનો ગોશ્ત ખતમ કરીને તેમના હાડકાંઓ જાહેર કરી દેશે. ત્યારે નિદા થશે, અય ફલાણા ! શું આ ખુજલી તને તકલીફ આપે છે ? તેઓ કહેશે, હા ! અવાજ આવશે, આ મુસલમાનોને તકલીફ આપવાનો તારા માટે બદલો છે.**

ફર્માને નબવી છે, **મેં એક એવા વ્યક્તિને જન્નતમાં ચાલતાં ફરતાં જોયો છે જેણે મુસલમાનોના રસ્તામાંથી એક એવા ઝાડને કાપી નાખ્યું હતું જે તેમને તકલીફ આપ્યા કરતું હતું.** *(સહીહ મુસ્લિમ, ૨/૩૨૮)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ મને એવો અમલ બતાવો જેનાથી હું ફાયદો મેળવું. આપે ફર્માવ્યું, **મુસલમાનોના રસ્તામાંથી તકલીફ આપવાવાળી ચીજોને દૂર કર્યા કરો.** *(સહીહ મુસ્લિમ, ૨/૩૨૮, ઈબ્ને માજહ, પેજ : ૨૬૨, કન્ઝુલ ઉમ્માલ, ૧૫/૭૬૮, મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૫૮૭)*

ફર્માને નબવી છે કે **જે વ્યક્તિ મુસલમાનોના રસ્તામાંથી એવી કોઈ ચીજને દૂર કરી દે છે જે તેમને તકલીફ આપે છે,** તો અલ્લાહ તઆલા એના બદલામાં એના માટે નેકી લખી આપે છે. અને જેના માટે અલ્લાહ તઆલા નેકી લખી આપે છે **એના માટે જન્નતને વાજિબ કરી દે છે.** *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૭/૫૯૩, કન્ઝુલ ઉમ્માલ, ૬/૪૩૦)*

ફર્માને નબવી છે કોઈ મુસલમાનના માટે જાઈઝ નથી કે તે પોતાના

મુસલમાન ભાઈની તરફ એવો ઈશારો કરે જેને તે પસંદ કરતો નથી. *(અહયાઉલ ઉલૂમ, ૨/૧૭૫)* ફર્માને નબવી છે, કોઈ મુસલમાનના માટે એ જાઈઝ નથી કે તે કોઈ મુસલમાનને ધમકાવે. *(તિર્મિઝી, ૨/૩૯, અબૂ દાઊદ, ૨/૬૮૩, કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૧૧, મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૪૯૮)* તેમજ ઈર્શાદ ફર્માવ્યો કે અલ્લાહ તઆલા મો'મિનની તકલીફને પસંદ ફર્માવતો નથી. *(અહયાઉલ ઉલૂમ, ૨/૧૭૫,)*

રબીઅ બિન ખૈષમ رضی اللہ عنہનો કૌલ છે કે લોકોની બે જાતો છે, જો તારો વિરોધી મો'મિન છે તો એને દુઃખ ન આપ અને જો જાહિલ છે તો તેની જેહાલતમાં ન પડ અને બંદા પર મુસલમાનનો એ પણ હક્ક છે કે તે દરેક મુસલમાન સાથે નરમીથી વર્તાવ કરે અને અભિમાની વર્તાવ ન કરે, કેમ કે અલ્લાહ તઆલા દરેક અભિમાન કરવાવાળા ઘમંડીને પસંદ કરતો નથી. *(અહયાઉલ ઉલૂમ, ૨/૧૭૫)*

ફર્માને નબવી છે, અલ્લાહ તઆલાએ મને વહી ફર્માવી છે કે તમે નમ્રતા કરો અને એકબીજા પર ફખ્ર (અભિમાન) ન કરો. જો કોઈ બીજો તમારાથી અભિમાનથી વર્તે તો સહન કરો. જેથી અલ્લાહ તઆલાએ પોતાના નબી صلی اللہ علیہ وسلمથી ઈર્શાદ *(સૂ. અઅરાફ, આ. ૧૯૯, પારા : ૯)* ફર્માવ્યો છે : خُذِ الْعَفْوَ وَاْمُرْ بِالْعُرْفِ وَاَعْرِضْ عَنِ الْجَاهِلِيْنَ "દરગુઝરને અપનાવો, નેકીનો હુકમ કરો અને જાહિલોથી મોં ફેરવી લો." *(સહીહી મુસ્લિમ, ૨/૩૮૫, અબૂ દાઊદ, ૨/૬૭૧, ઈબ્ને માજહ, ૩૦૮)*

હઝરત ઈબ્ને અબી અવફા رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم દરેક મુસલમાન સાથે નમ્રતાથી વર્તાવ કરતા અને વિધવા અને મિસ્કીનની સાથે ચાલીને તેમની હાજત રવાઈ કરવામાં શરમ ન અનુભવતા અને ન અભિમાનથી કામ લેતા. *(દારમી, ૧/૨૯)*

બંદાઓના હક્કોમાં એ વાત પણ સામેલ છે કે લોકોની વાતો એકબીજાને ન બતાવવામાં આવે, અને કોઈની વાત સાંભળીને કોઈ બીજાને ન કહેવામાં આવે. ફર્માને નબવી છે કે ચુગલખોર જન્નતમાં જશે નહીં. *(સહીહ મુસ્લિમ, ૧/૭૦, બયહક઼ી, ૮/૨૮૭, અલ્મોઅજમુલ ક઼બીર લિત્તબરાની, ૩/૧૬૮, અલ મોઅજમુસ્સગીર લિત્તબરાની, ૧/૨૦૩)*

ખલીલ બિન અહમદ رضی اللہ عنہનો કૌલ છે કે, જે તારી સામે બીજા લોકોની ચુગલી કરે છે તે તારી ચુગલી બીજા લોકોની સામે કરતો હશે, અને જે તને બીજા લોકોની વાતો બતાવે છે તે તારી વાતો બીજા લોકોને બતાવતો હશે. એક હક્ક એ પણ છે કે ગુસ્સાની હાલતમાં પોતાના કોઈ ઓળખીતાથી ત્રણ દિવસથી વધારે સંબંધ કાપી ન નાખે.

હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہથી મરવી છે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, કોઈ મુસલમાનના માટે એ જાઈઝ નથી કે તે પોતાના ભાઈ સાથે ત્રણ દિવસથી વધારે સંબંધ કટ રાખે. બંને એકબીજાની સામે આવે તો આ એક તરફ મોઢું ફેરવીને પસાર થઈ જાય અને તે બીજી બાજુ મોઢું ફેરવીને ચાલ્યો જાય. એમનામાંથી શ્રેષ્ઠ તે છે જે સલામ કરવામાં પહેલ કરે. *(સહીહ મુસ્લિમ, ૨/૮૯૭, ઈબ્ને માજહ, પેજ : ૭, મોઅત્તા ઈમામ માલિક, ૨/૯૦૭, મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૫૮૭, મુસન્નફે અબ્દુર્રઝઝાક, ૧૦/૧૮૨, હિલ્યતુલ અવલિયા, ૩/૪૨૮)*

ફર્માને નબવી છે, જેણે કોઈ મુસલમાન ભાઈને એની ભૂલના કારણે છોડી દીધો તો અલ્લાહ તઆલા તેને કિયામતમાં છોડી દેશે. *(અબૂ દાઉદ, ૨/૪૯૦, ઈબ્ને માજહ, પેજ : ૧૫૯, બયહકી, ૬/૪૪, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૨/૫૨)*

અકરમાથી મરવી છે અલ્લાહ તઆલાએ યૂસુફ علیہ السلامને ફર્માવ્યું, ભાઈઓથી તારી રહમ અને દરગુઝરના કારણે મેં બંને જહાનમાં તારો ઝિક્ર બુલંદ કરી દીધો છે.

હઝરત આઈશા رضی اللہ عنہاથી મરવી છે. હુઝૂર صلی اللہ علیہ وسلمએ પોતાની જાતના માટે ક્યારેય કોઈની પાસેથી બદલો નથી લીધો. હા ! જ્યારે અલ્લાહની હદ લગાવવા (શરઈ શિક્ષા)ની વાત થતી હતી તો આપ અલ્લાહની રઝામંદીના માટે બદલો લઈ લેતા હતા.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماનો કૌલ છે. કોઈ વ્યક્તિ કોઈ ભૂલથી દરગુઝર નથી કરતી પણ એના બદલામાં અલ્લાહ તેની ઈજ્જત વધારે છે. *(અલ્મોઅજમુસ્સગીર લિત્તબરાની, ૧/૫૪)* (એટલે જે વ્યક્તિ કોઈ ભૂલ બાબતે દરગુઝર કરે છે તો અલ્લાહ તઆલા તેની ઈજ્જત વધારે છે.)

ફર્માને નબવી છે કે સદકાથી માલ ઓછો થતો નથી, રહમ અને માફીથી અલ્લાહ તઆલા ઈન્સાનની ઈજ્જત વધારે છે, અને જે વ્યક્તિ અલ્લાહની રઝા ખાતર નમ્રતાથી વર્તે છે તેને અલ્લાહ તઆલા મહાન મર્તબો આપે છે. *(સહીહ મુસ્લિમ, ૨/૩૨૧, તિર્મિઝી, ૨/૨૩, દારમી, ૧/૩૦૮, બયહકી, ૧૦/૩૯૮, મોઅત્તા ઈમામ માલિક, ૨/૧૦૦૦, મિશ્કાતુલ મસાબીહ, ૧/૧૬૭)*

*(પ્રકરણ : ૭૧)*

## મનેચ્છાઓની બુરાઈ અને ઝોહદો તકવાની ખૂબીઓ

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

اَرَأَيْتَ مَنِ اتَّخَذَ اِلٰهَهٗ هَوَاهُ وَاَضَلَّهُ اللّٰهُ عَلٰى عِلْمٍ

**તર્જુમો** : "શું તેં એ નથી જોયું કે જેણે પોતાની ઈચ્છાને મા'બૂદ બનાવી લીધી છે. અને તેને અલ્લાહે ઈલ્મ પર ગુમરાહ બનાવી દીધો છે." *(સૂ. જાષિયા, આ. : ૨૩, પારા : ૨૫)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ નો કૌલ છે કે એનાથી મતલબ તે કાફિર છે જેણે અલ્લાહ તઆલાની તરફથી આપેલ કોઈ હિદાયત અને દલીલ વગર ઈચ્છાઓને પોતાનો દીન ધર્મ બનાવી દીધો છે. એનો મતલબ એ છે કે તે નફ્સની ઈચ્છાઓને પૂરી કરવાવાળો છે. અને તે દરેક એવું કામ કરવા માટે તૈયાર થઈ જાય છે જેની તરફ તેની ઈચ્છા ઈશારો કરે છે. અને અલ્લાહ તઆલાની કિતાબના પ્રમાણે અમલ નથી કરતો જેવી રીતે તે પોતાની ઈચ્છાઓની ઈબાદત કરે છે.

ફર્માને ઈલાહી છે : وَلَا تَتَّبِعْ اَهْوَآءَهُمْ "અને તેની ઈચ્છાઓનું અનુસરણ ન કર." *(સૂ. માઈદા, આ. : ૪૮, પારા : ૪)* અને ઈર્શાદ રબ્બાની છે : "અને ઈચ્છાની પેરવી ન કર એ તને અલ્લાહના રસ્તાથી હટાવી દેશે." *(પારા : ૨૩, સૂ. સાદ, આ. ૨૬)*

એટલા માટે હુઝૂર ﷺ આ શબ્દોમાં અલ્લાહથી દુઆ માંગ્યા કરતા હતા : **اَللّٰهُمَّ اِنِّىْ اَعُوْذُبِكَ مِنْ هَوًى مُّطَاعٍ وَّشُحٍّ مُّتَّبَعٍ** "અય અલ્લાહ ! હું તારાથી પનાહ માગું છું તે ઈચ્છાથી જેની પૈરવી કરવામાં આવે છે અને તે કંજૂસાઈથી જેની પૈરવી કરવામાં આવે છે." *(હિલ્યતુલ અવલિયા, ૩/૨૫૪, કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૪૫)*

અને આપે ફર્માવ્યું કે ત્રણ વાતો ઈન્સાનના માટે બરબાદી છે : પાલન કરેલી ઈચ્છાઓ, પૈરવી પામેલી કંજૂસાઈ અને ઈન્સાનનું પોતાની જાતને ઘણી જ મોટી સમજવું. અને આ એટલા માટે છે કે દરેક ગુનાહનું પરિણામ નફ્સની ઈચ્છાઓ છે અને એ જ ઈન્સાનને જહન્નમની તરફ લઈ જાય છે. અલ્લાહ તઆલા આપણને એમનાથી પનાહ આપે. (આમીન) *(હિલ્યતુલ અવલિયા, ૩/૨૫૪, અત્તરગીબ વત્તરહીબ, ૩/૨૫૮)*

એક આરિફનો કૌલ છે કે જ્યારે બે વાતો તારી સામે હોય અને તને ખબર ન પડે કે તેમનામાંથી કઈ વાત સારી હશે તો એ જોઈ લે કે તે બંનેમાંથી કઈ વાત તારી ઈચ્છાની નજીક છે, અને તેને છોડી દે અને બીજીને સંપૂર્ણતા સુધી પહોંચાડ. આ બારીકાઈની તરફ ઈશારો કરતાં ઈમામ શાફઈ رحمة الله عليهએ ફર્માવ્યું છે :–

જ્યારે તારું કામ બે વાતોની વચમાં અટવાયેલ હોય અને તને તેમનામાંથી સારી અને ખરાબની ખબર ન પડે.

તું એ વાત પ્રમાણે કામ કર જે તારી ઈચ્છાની વિરૂધ્ધ હોય કેમ કે ઈચ્છાઓ ઈન્સાનને બુરાં કામોની તરફ લઈ જાય છે.

જનાબ અબ્બાસ رضي الله عنهનો કૌલ છે કે જ્યારે તું બે વિચારોમાં પડી જાય તો જે વિચાર તને વધારે પસંદ હોય એને છોડી દે અને જે નાપસંદ હોય તેને પસંદ કરી લે. એનું કારણ એ છે કે મામૂલી નાનુ કામ સરળતાથી થઈ જશે, તેમાં મહેનત નથી કરવી પડતી, કોઈને મદદની અપીલ નથી કરવી પડતી. એટલા માટે ઈન્સાનનો નફ્સ તેને કરવાનો હુકમ આપે છે અને તેની તરફ તેને પ્રોત્સાહિત કરે છે. પણ મુશ્કેલ કામ મુશ્કેલીથી જ પાર પડે છે, પાડી શકાય છે, તકલીફ ઉઠાવવી પડે છે. કોઈ મદદ નથી કરતું, પોતે ઘણી જ મુશ્કેલી વેઠીને ઈન્સાન તેને પૂરું કરે છે એટલા માટે ઈન્સાનનો નફ્સ

તેને કરવામાં આનાકાની કરે છે અને મહેનતને બુરી સમજે છે. (જેથી તારે એ જ કામ કરવું જોઈએ.)

હઝરત ઉમર رضی اللہ عنہ નો ઈર્શાદ છે કે તમે તમારા નફ્સોને રોકો, કેમ કે એ એવા લશ્કરનો આગલો ગિરોહ છે જે તમને બુરાઈની છેલ્લી સીમા સુધી લઈ જાય છે. હક્ક કડવું મુશ્કેલ છે. બાતિલ નીચ અને નુકસાનકર્તા છે. તૌબાના ઈલાજથી બેહતર શ્રેષ્ઠ એ જ છે કે ઈન્સાન ગુનાહોને છોડી દે. કેટલીએ નજરોએ શહવતની ખેતીવાડી કરી અને એક સેકન્ડની લિઝઝત તેમને લાંબા ગમનો વારસો આપી ગઈ.

હઝરત લુકમાન علیہ السلام એ પોતાના પુત્રને કહ્યું કે, અય પુત્ર ! હું બધાથી પહેલાં તને તારા નફ્સથી ડરાવું છું કેમ કે દરેક નફ્સની ઈચ્છા અને તમન્નાઓ છે જો તું તેમને પૂરી કરી આપીશ તો તે પોતાની ઈચ્છાઓને લાંબી કરી દેશે અને તારાથી દરેક ઈચ્છાઓને પૂરી કરવાની માંગણી કરશે. બેશક ! શહવત (મનોકામના) દિલમાં એવી રીતે છુપાયેલ હોય છે જેવી રીતે પથ્થરમાં આગ ! જો તું પથ્થર પર ચકમક મારીશ તો આગ નીકળશે, નહીં તો નહીં.

''જ્યારે તેં નફ્સની દરેક પુકાર પર લબ્બૈક કહ્યું તો તે તને જેને કરવાની મનાઈ છે તેની તરફ બોલાવશે.''

એક બીજો શાયર કહે છે : ''જ્યારે તું નફ્સની ઈચ્છાઓનો વિરોધ નહીં કરે તો એ તને દરેક તે કામના માટે કહેશે જે તારા માટે શરમનો સબબ છે.''

એક બીજો શાયર કહે છે : ''જો તેં પોતાની ઈચ્છાઓને પૂર્ણ કરી તો ન તને સીધો રસ્તો મળશે અને ન તો તું સરદારી મેળવી શકીશ.''

એક બીજો શાયર કહે છે :–

૧. જ્યારે તું દરેક વખાણાયેલ ખૂબીઓનો ફાયદો અને અલ્લાહની રહમતથી પોતાની મુરાદો પૂરી થવાનું ઈચ્છે છે.

૨. તું તે બુરા નફ્સની ઈચ્છાઓનો વિરોધ કર કેમ કે તે ઈશ્કથી પણ વધારે દુશ્મન અને બરબાદ કરવાવાળો છે.

૩. તે બંનેવ ઈચ્છાઓને બર્બાદ કરવાનું કારણ છે જેથી આશિક જ્યારે પાકદામન હોય તો ગુનાહથી બચી જાય છે.

**૪.** અને નફ્સની ઈચ્છાઓ પૂરી થવાની તમન્નાઓને છોડી દે, જો તું અક્લમંદ છે તો એ કામ કર જે તારા નફ્સની ઈચ્છાઓની વિરુધ્ધ છે.

એક બીજો શાયર કહે છે :– ઈચ્છાઓની પેરવીમાં અક્કલનું નૂર છુપાઈ જાય છે અને ઈચ્છાઓનો વિરોધ કરવાવાળાની અક્કલની નૂરાનિયત એકધારી વધતી રહે છે.

ફઝલ બિન અબ્બાસ رضی اللہ عنہ નું કહેવું છે :–

જમાનો જાહિલને ઊંચો મકામ આપી દે છે અને ઈચ્છાઓની પેરવી અક્લમંદ અને શાણા પુરૂષને તેની જગ્યાએથી નીચો પાડી દે છે. ક્યારેક લોકો એવા જવાનનાં વખાણ કરે છે જે ખતાકાર હોય છે અને એહસાન કરવાવાળા વ્યક્તિને ભલુ બુરુ કહેવામાં આવે છે તેમ છતાં કે તે મુરાદવાળો હોય છે.

નબીએ અકરમ ﷺ નું ફર્માન છે કે અલ્લાહ તઆલાએ અક્કલને પૈદા કરી અને તેને કહ્યું, સામે આવ ! તો તે સામે આવી. પછી ફર્માવ્યું, પાછળ ખસ ! તો તે પાછળ ખસી ગઈ. રબ તઆલાએ ફર્માવ્યું, મને પોતાની ઈજ્જત તથા જલાલની કસમ ! હું તને મારી બધાથી વધારે પસંદીદા મખ્લૂકમાં રાખીશ. પછી અલ્લાહ તઆલાએ મૂર્ખતાને પૈદા ફર્માવી અને આગળ આવવાનો હુકમ આપ્યો, જેથી તે આગળ થઈ. પછી ફર્માવ્યું, પાછળ ખસ ! તો તે પાછળ ખસી ગઈ. ત્યારે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, મને પોતાની ઈજ્જત અને જલાલની કસમ ! હું તને મારી સૌથી નીચી મખ્લૂકમાં રાખીશ. આ તિર્મિઝીની રિવાયત છે :–

કોઈએ કેટલું સરસ કહ્યું છે :–

**૧.** તે વ્યક્તિની સલાહ જે દરેક હાલતમાં અક્કલથી સલાહ સૂચન આપે છે, સવાબને મેળવી લે છે.

**૨.** અને તેણે જોયું કે જ્યારે પણ ઈચ્છાઓની પૈરવી કરવામાં આવે તે બુરા પરિણામ અને મુશ્કેલીમાં મૂકી દે છે.

એક બીજો શાયર કહે છે :–

**૧.** જ્યારે તું ઈચ્છે છે કે ઉમ્મીદોથી ફાયદો મેળવવાવાળો બને તો નફ્સને ઈચ્છાઓની પૈરવીથી બચાવ.

૨. અને તેની ઈચ્છાઓ પૂરી ન કર અને ગુમરાહ અને નાફર્માનોની રૌનક ન બન.

૩. નફ્સ અને તેની ઈચ્છાઓને છોડી દે કેમ કે તે દરેક તે વ્યક્તિને જે તેની તરફ આવે છે તેને બુરાઈઓનો હુકમ આપે છે.

૪. કદાચ કે તું એવી રીતે જહન્નમથી છૂટકારો મેળવી લે જે આંતરડાં કાપવાવાળી અને ચામડું ઉતારવાવાળી છે.

અક્લમંદ લોકોનો કૌલ છે કે, ઈચ્છા એક બુરી સવારી છે જે તને મુસીબતોના અંધકારમાં લઈ જાય છે, અને માફક ન આવે તેવી ચરાગાહ છે, જે તને દુ:ખોની વારિસ બનાવે છે. જેથી ખબરદાર થઈ જા કે તને નફ્સની ઈચ્છાઓ બુરાઈઓ પર સવાર ન કરે અને ગુનાહો અંધેરી નગરીમાં તંબુ ન તાણે, પડાવ ન નાખે. કોઈ શાણા પુરૂષને કહેવામાં આવ્યું કે જો તમે શાદી કરી લેત તો ઘણુ સારું હતું ! તો તેણે તરત જ જવાબ આપ્યો, જો હું તલાક આપી શકું તો મારા નફ્સને તલાક આપી દેતો, અને આ શેઅર પઢયો :–

"દુનિયાથી એકલો થઈ જા, કેમ કે તું એકલો જ દુનિયામાં મોકલવામાં આવ્યો હતો."

દુનિયા ઊંઘ અને આખેરત જાગૃતિ છે અને તેની વચ્ચેનું અંતર મૌત છે અને અમે બેકાર ખ્વાબોમાં છીએ. જેણે મનેચ્છાની આંખથી જોયું તે ઔર વધી ગયો, જેણે મનેચ્છાની પૈરવી કરવી તેણે જુલ્મ કર્યો અને જેણે લાંબી ઉમ્મીદો રાખી તેણે પૂર્ણતાને ન પામી અને ન તો કોઈ જોવાવાળાના માટે પૂર્ણતા છે. (લાંબી ઉમ્મીદોની કોઈ હદ નથી.)

કોઈ શાણા પુરૂષે એક વ્યક્તિને વસિયત કરી કે હું તને મનેચ્છાઓથી લડવાનો હુકમ આપું છું, કેમ કે મનેચ્છાઓ બુરાઈઓની ચાવી અને નેકીઓની દુશ્મન છે. તારી દરેક મનેચ્છા તારી દુશ્મન છે અને બધાથી બુરી મનેચ્છા એ છે જે ગુનાહોને તારી સામે નેકીના રૂપે પેશ કરે છે. જ્યારે આ દુશ્મનો તારાથી ઝઘડા કરશે તો તું તેમના પંજાથી સુસ્તીથી પાક, હોશિયારી, જૂઠથી પાક, સત્ય, ગફલતથી પાક મશ્ગૂલિયત, બેસબરી ઘભરાહટ અને ડરથી પાક સબર અને એવી નિય્યત જે બેકારીથી ખરડાયેલ ન હોયની હાજરીમાં જ છૂટકારો મેળવી શકીશ.

અય રબ્બે ઝુલજલાલ ! અમારી અક્કલને અમારી મનેચ્છાઓ પર પ્રભુત્વ આપ ! અમને નુકસાન અને બેઈજ્જતીથી બચાવ. અમને આખેરતના બદલે દુનિયામાં મશ્ગૂલ ન કર અને અમને તારો ઝિક્ર કરવાવાળા અને તારી નેઅમોતોનો શુક્ર કરવાવાળા બનાવી દે. સૈયદના વ મૌલાના મુહમ્મદ ﷺની નબુવ્વતના સદકામાં અમને બંને જહાનની ખુશીઓ અતા ફર્માવ. વલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન.

ફર્માને નબવી છે કે તમારું સર્વથી શ્રેષ્ઠ પરહેઝગારી છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૩/૪૨૭)* અને ફર્માવ્યું, પરહેઝગારી અમલોની સરદારી છે. અને ફર્માવ્યું, પરહેઝગાર બન, બધા લોકોથી વધારે ઈબાદત કરવાવાળો બની જઈશ. અને સંતોષ વ્યક્ત કરીને બધા લોકોથી વધારે શુક્રગુઝાર બની જઈશ. *(ઈબ્ને માજહ, પેજ : ૩૧૧, કન્ઝુલ ઉમ્માલ, ૧૫/૮૮૨)*

ફર્માને નબવી છે કે **જેમાં પરહેઝગારી મૌજૂદ નથી (જે તેને અલ્લાહ તઆલાની નાફર્માનીથી રોકે તો) એના કોઈ અમલની અલ્લાહ તઆલાને પરવા નથી.**

હઝરત ઈબ્રાહીમ બિન અદહમ رضي الله عنهનું ફર્માન છે કે તકવા (ઝહુદ)ના ત્રણ મકામો છે : એક તકવો ફર્ઝ છે અને તે છે અલ્લાહ તઆલાની હરામ કરેલ ચીજોથી રોકાવું. બીજો તકવો સલામતીના માટે છે અને તે છે જેમાં શક હોય તે ચીજોને છોડી દેવી. ત્રીજો તકવો ફઝીલતની પ્રાપ્તિ માટે છે અને તે છે અલ્લાહની હલાલ કરેલ ચીજોને પણ છોડી આપવી, અને આ તકવાનો ઘણો જ ઉચ્ચ મર્તબો છે.

ઈબ્ને મુબારક رضي الله عنهનો કૌલ છે કે તકવો તકવાને છુપાવવાનું નામ છે. જ્યારે ઝાહિદ (પોતે) લોકોથી દૂર રહે તો તેની તમન્ના રાખો અને જ્યારે ઝાહિદ લોકોને શોધમાં ફરતો ફરે તો તેનાથી દૂર રહો.

કોઈએ કેટલું સારું કહ્યું છે :–

**૧.** મેં એ ભેદને જાણી લીધો છે તેના સિવાય બીજું કાંઈ નથી કે પરહેઝગારી દુનિયા અને દુનિયાની દૌલતને છોડી દેવાનું નામ છે.

**૨.** જ્યારે તું દૌલત પ્રાપ્ત કરીને તેને છોડી દે તો સમજી લે કે તારો તકવો

એવો છે જેવો એક મુસલમાનનો તકવો છે. ઝાહિદ તે નથી જે દુનિયા (માલ દૌલત) ન હોવાથી તેનાથી દૂર થાય, ઝાહિદ તે છે કે જેની પાસે દુનિયા પોતાની બધી જ રંગબેરંગીઓની સાથે આવી પણ તેણે એનાથી મોઢું ફેરવી લીધું અને નાસી છૂટયો. જેવું કે અબૂતમામ કહે છે :–

જ્યારે આદમીએ ઝહદ ઈખ્તિયાર ન કર્યો અને દુનિયા પોતાની બધી જ રંગીનીઓની સાથે આવી તો તે ઝાહિદ નહીં કહેવાશે.

અમુક હાકિમોનો કૌલ છે કે, શું કારણ છે કે આપણે દુનિયાથી છેડો નથી ફાડતા જ્યારે કે તેની ઉમર ગણત્રીની, તેની ભલાઈ મામૂલી, તેની સફાઈ ઉપર ઉપરની, તેની ઉમ્મીદો ફરેબ છે કે આવે છે તો દુઃખ લઈને આવે છે અને જ્યારે જાય છે તો ગમોનો બોજ છોડી જાય છે. શાયર કહે છે :

૧. દુનિયાને મેળવવાવાળા માટે બરબાદી છે, તે નાશવંત છે, અને તેનું સમયચક્ર ખ્વાબો ખયાલ છે.

૨. તેનું સ્વચ્છ મેલું (ઉપર ઉપર સાફ લાગે તેવું) તેની ખુશી નુકસાન, તેની ઉમ્મીદો ફરેબથી ભરપુર અને તેનો પ્રકાશ અંધકાર છે.

૩. તેની જવાની ઘડપણ, તેનો આરામ બીમારી, તેની મજાઓમાં શર્મિંદગી અને તેને મેળવવું ન મેળવવા બરાબર છે.

૪. દુનિયાદાર તેમ છતાં શદ્દાદની જન્નત (આરામવાળી જગા) જેટલી નેઅમતો મેળવી લે તો પણ તેની મુસીબતોથી છૂટકારો નહીં મેળવી શકશે.

૫. તેનાથી વિમુખ થા, તેની રોનકને ઈજ્જતવાળી ન સમજ ! કેમ કે તેની નેઅમતો એવી છે જેમાં ધમકી છુપાયેલી (અનિશ્ચિત) છે.

૬. આ કાયમી ઈનામોવાળા ઘરના માટે અમલ કર જેની નેઅમતો કદી પણ નહીં દૂર થાય અને જેમાં મૌત અને ઘડપણનો કોઈ ડર હશે નહીં.

યહ્યા બિન મઆઝ رضی اللہ عنہ નો એક શાણપણ ભર્યો કૌલ છે કે, દુનિયાને ઈબ્રતની નિગાહથી જો ! તેને પોતાની પસંદથી છોડ, તેને પામવામાં લાચારીથી પ્રયત્ન કર અને આખેરતને ધ્યાનપૂર્વક મેળવ.

(પ્રકરણ : ૭૨)

## જન્નત અને જન્નતવાળાઓના દરજાઓ

આનાથી પહેલાં તમે જે ઘરના ગમ અને મહેનત તથા રંજનો હાલ વાંચી ચૂક્યા છો તે ઘરની સરખામણીમાં એક બીજુ ઘર છે. પહેલા ઘરને જહન્નમનું નામ આપવામાં આવ્યું હતું અને તે બીજા ઘરનું નામ જન્નત છે. હવે જરા તે ઘરની નેઅમતો અને ખુશીઓ પર નજર નાખીએ કેમ કે એ વાત તો નક્કી જ છે કે જે એક ઘરથી વંચિત થશે તેને બીજા ઘરમાં જવું પડશે, પછી તે જન્નત હોય કે જહન્નમ. જરૂરી છે કે જહન્નમની બર્બાદીઓથી બચવા માટે પોતાના દિલમાં લાંબી સોચ વિચાર કરજો જેથી કોઈપણ રીતે તેનાથી છૂટકારો મેળવી શકાય. અને દિલને ખુદાના ખૌફનું સ્થાન બનાવો અને જન્નતની કાયમી નેઅમતોના વિશે લાંબો વિચાર કરતાં અલ્લાહ તઆલાની રહમતથી આશા રાખીએ કે તે આપણને પણ તેમાં રહેવાવાળા બનાવશે જેનો તેણે પોતાના નેક બંદાઓથી વાયદો ફર્માવ્યો છે.

પોતાના નફસને ખુદાના ખૌફની ચાબુક મારો અને ઉમ્મીદની લગામ નાખીને સીધા રસ્તા પર રાખો. આ હાલતમાં જ તો આપ મુલ્કે અઝીમ (જન્નત)ને મેળવશો અને દર્દનાક અઝાબથી બચેલા રહેશો.

હવે જરા જન્નતવાળાઓના વિશે વિચાર કરજો ! તેમના ચેહરાઓ પર રબની અતાઓની તાજગી અને ચમક હશે, મહોર લગાડેલ શરાબે તહૂરના જામ તેમના હાથોમાં હશે અને તેઓ લાલ યાકૂતના મિમ્બરો પર બિરાજેલ હશે જેના ઉપર સફેદ બુર્રાક મોતીઓના તંબુઓ તાણેલ હશે. નીચે અનોખુ લીલા રેશમનું ફર્શ હશે. તેઓ મધ તથા શરાબની નહેરોના કિનારે ઊભી કરેલી ગાદીઓ પર ટેકો લગાડીને બેસેલા હશે, જેમને ગિલમાન તથા જન્નતના નૌનિહાલો અને અતિખૂબસૂરત જન્નતની હૂરો જે મોતીઓ તથા મરજાનની જેમ હશે, જેમને આથી પહેલાં કોઈ ઈન્સાન અને જિન્નાતે હાથ નહીં લગાડયો હોય એ સૌ તેમની આસપાસ હશે. જે હૂરો જન્નતના દરજાઓમાં તેજ ગતિએ ચાલી રહી હશે. જ્યારે એમનામાંથી કોઈ એક ચાલવા તૈયાર થશે તો સિત્તેર હજાર જન્નતી બાળકો તેના પોશાક ઉઠાવેલ

હશે, તેમના પર સફેદ રેશમી પોશાક હશે જેને જોઈને દંગ રહી જશે. મોતીઓ જડેલ તાજ તેમના માથાઓ પર હશે, તેઓ ઘણી જ નાઝ નખરાવાળી, મધુરતાવાળી અદાઓવાળી, સુગંધિત અને ઘડપણ તથા દુ:ખથી પર હશે. તેઓ યાકૂતથી તૈયાર કરેલ મહેલોમાં વસવાટ કરતી હશે અને જન્નતના બગીચાઓની વચમાં આંખો નીચી કરેલ આરામ કરી રહી હશે. પછી તે જન્નતીઓ અને હૂરો સામે સૂર્યની જેમ પ્રકાશિત કૂજાઓ અને શરાબે તહૂરના પ્યાલા લઈને ગિલમાન ફરશે, જેમાં અતિશય સફેદ સ્વાદવાળુ પીણુ હશે અને તેમની આજુબાજુ જન્નતી ખાદિમ અને અમરદ (દાઢી મૂંછ ફૂટી ન હોય તેવા છોકરા) મોતીઓની જેમ ફરી રહ્યા હશે. આ તેમના અમલોનો બદલો હશે કે તેઓ શાંતિવાળા ઘરોમાં ઝરણાંઓ, બગીચાઓ અને નહેરોની વચમાં રબ્બે કદીરના નજીક સાચી જગામાં હશે, તેઓ તેમાં બેસીને રબ્બે કરીમનો દીદાર કરશે, તેમના ચેહરાઓ પર અલ્લાહની નેઅમતોની તાજગીની નિશાનીઓ જાહેર હશે, તેમના ચેહરાઓ બેઈજ્જતીથી ખરડાયેલ હશે નહીં, પરંતુ તેઓ અલ્લાહના ઈજ્જતવાળા બંદાઓ હશે. રબ્બે કરીમની તરફથી તેમને ઈનામો મળશે, તેઓ પોતાની આ મનપસંદ જગામાં હમેશાં રહેવાવાળા હશે, ન તેમાં તેમને કોઈ ડર હશે ન ગમ, તેઓ મૌતની તકલીફથી બેખૌફ હશે, તેઓ જન્નતમાં નેઅમતો મેળવશે. જન્નતના સ્વાદવાળા ખાણાં ખાશે, દૂધ, શરાબ, મધ અને ચોખ્ખા પાણીની એવી નેહરોથી પોતાની તરસ છીપાવશે જે નહેરોની જમીન ચાંદીની, કાંકરીઓ મોતીઓની અને માટી મુશ્કની હશે જેમાંથી તીવ્ર સુગંધ આવશે. ત્યાંની લીલોતરી ઝાફરાનની હશે, તેઓ કપૂરની ટેકરીઓ પર બેસશે અને તેમના પર ફૂલોના અત્તરની વર્ષા થશે અને તેમની સેવામાં ચાંદીના પ્યાલા જેના પર મોતી જડેલ હશે, અને જે યાકૂત તથા મરજાનથી જડેલ હશે તે લાવવામાં આવશે. કોઈ પ્યાલામાં જન્નતી શરાબના ઠંડા અને મીઠા પાણીમાં મહોર લગાડેલ શરાબ મેળવેલ હશે અને એવો પ્યાલો જેની સફાઈના કારણે તેમાં રાખેલ શરાબનો રંગ રૂપ બહારથી દેખાઈ આવશે. આદમી તેના જેવું જડીત તથા ચોખ્ખાઈવાળુ વાસણ બનાવવાની કલ્પના જ નથી કરી શક્તા. તે પ્યાલો એવા ખાદિમના હાથમાં હશે કે આદમી તેના ચહેરાના ચળકાટને યાદ કરશે, પરંતુ સૂરજમાં તેની મનોહર સૂરત ખૂબસૂરત ચહેરા અને અજોડ આંખો ક્યાંથી ?

આશ્ચર્ય છે એવી વ્યક્તિ પર જે આ ઘર પર ઈમાન રાખે છે તેનાં વખાણોને સાચાં જાણે છે અને તે વાતનું કામિલ યકીન રાખે છે કે તેમાં રહેવાવાળાને ક્યારે પણ મૌત નથી આવવાનું, જે તેમાં આવી જશે તેને દુઃખ દર્દ તકલીફ નહીં સતાવે, તેમાં રહેવાવાળાઓ પર કદી ફેરફાર નહીં થાય. અને તેઓ હમેશાં ચૈન અને શાંતિથી રહેશે, આ બધું જાણવા છતાં પણ તે એવા ઘરમાં દિલ લગાડે છે જે છેવટે ઉજડી જનાર છે જેનો આરામ નષ્ટ થનાર છે, ખુદાની કસમ ! જો જન્નતમાં માત્ર મૌતથી બેખૌફ રહેવાનું હોત, ઈન્સાન ભૂખ, તરસ અને બધી મનેચ્છાઓથી બેખૌફ જ રહી શકત અને બીજાં ઈનામો ન હોત તો પણ જન્નત એના લાયક હતી કે તેના માટે દુનિયાને છોડી દેવામાં આવે અને તેના પર એવી ચીજને અગ્રિમતા ન આપવામાં આવત જે લૂટાઈ જવાવાળી અને નષ્ટ થવાવાળી છે. જરૂર નથી કે જન્નતમાં રહેવાવાળા બેખૌફ બાદશાહોની જેમ હોય, જાતજાતની ખુશીઓ, આરામોથી સુસજ્જ હોય, દરેક મનેચ્છાને પૂર્ણ કરવાવાળા હોય, દરરોજ અર્શે આ'ઝમની નજીક જવાવાળા હોય, રબ તઆલાનો દીદાર કરવાવાળા હોય, અલ્લાહ તઆલાને એવી અજોડ નજરોથી જોવાવાળા હોય કે જે નજરોથી તેઓ જન્નતની નેઅમતોને ન જોયા કરતા હતા, તેઓ આ નેઅમતોથી પાછા ફરવાવાળા ન હોય, હમેશાં તે નેઅમતોમાં રહે અને તેમના નષ્ટ થવાથી અમનમાં હોય.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મરવી છે હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, મુનાદી પુકારશે કે અય જન્નતના રહેવાવાળાઓ ! તમે હમેશાં તંદુરસ્ત રહેશો ! કદી પણ બીમાર નહીં થાવ ! હમેશાં જીવંત રહેશો, પરંતુ મૌત નહીં આવે ! હમેશાં જવાન રહેશો, કદી પણ ઘડપણ નહીં આવે અને તમે હમેશાં ઈનામો ઈકરામમાં રહેશો, કદી પણ નાઉમ્મીદ નહીં થાવ ! અને એ જ ફર્માને ઈલાહી છે : **وَنُوْدُوْا اَنْ تِلْكُمُ الْجَنَّةُ اُوْرِثْتُمُوْهَا بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ** "અને પોકારવામાં આવશે કે આ જન્નત છે જેના તમે પોતાના અમલોના કારણે વારસદાર થયા છો." *(સૂ. અઅ્રાફ, આ. ૪૩, પારા : ૮)*

અને તમે જ્યારે જન્નતની ખૂબીઓ જાણવા ઈચ્છો તો કુર્આન મજીદ પઢો કેમ કે અલ્લાહ તઆલાના બયાનથી શ્રેષ્ઠ કોઈનું બયાન નથી. અને

અલ્લાહ તઆલાના આ ફર્માનથી કે : وَلِمَنْ خَافَ مَقَامَ رَبِّهٖ جَنَّتٰنِ "જે પોતાના રબની સામે ઊભા થવાથી ડરે છે તેના માટે બે જન્નતો છે." *(સૂ. રહમાન, આ. : ૪૬, સહીહ મુસ્લિમ, ૨/૩૮૦, તિર્મિઝી, ૨/૧૬૦, દારમી, ૨/૨૬૩, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૬૧૪)*

સૂરએ રહમાનના છેવટ સુધી પઢો, સૂરએ વાકિઆ અને બીજી સૂરતોનો અભ્યાસ કરો. (તેમાં જન્નતની નેઅમતોની વાતો છે.)

અને જો તમે અહાદીષે મુકદસાથી જન્નતની વિસ્તૃતતા જાણવા ઈચ્છતા હોઉ તો ઉપરોક્ત સંક્ષિપ્ત વર્ણન પછી હવે તેની વિગત પર વિચાર કરો. સૌ પ્રથમ જન્નતોની સંખ્યા ધ્યાનમાં રાખી લો. હુઝૂર ﷺએ ફર્માને ઈલાહી "અને તે વ્યક્તિના માટે જે પોતાના રબની સામે ઊભો થવાથી ડર્યો બે જન્નતો છે."ની વિગતમાં ફર્માવ્યું, બે જન્નતો ચાંદીની છે, તેમાંની બધી ચીજો, વાસણો વગેરે સોનાનાં છે અને જન્નતે અદનમાં લોકો અને તજલ્લીએ ઈલાહીની વચમાં માત્ર રબની કિબ્રીયાઈનો પર્દો હશે.

રહ્યા જન્નતના દરવાજાઓ તો તે ઘણા જ ગણત્રી વગરના હશે, જેવી રીતે ગુનાહોની રીતોના પ્રમાણે જહન્નમના જુદા જુદા દરવાજાઓ છે એવી રીતે ઈબાદતોની રીતોના પ્રમાણે જન્નતના અલગ અલગ દરવાજાઓ હશે. *(બુખારી, ૨/૧૧૦૯, સહીહ મુસ્લિમ, ૧/૧૦૦, તિર્મિઝી, ૨/૭૯, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૧૫૮, મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૫૬૨, તફસીરે ઈબ્ને કષીર, ૧/૨૯૧)*

જેમ કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે : હુઝૂર ﷺએ ફર્માવ્યું કે જેણે પોતાના માલમાંથી ખુદાની રાહમાં ખર્ચ કર્યું તેને જન્નતના તમામ દરવાજાઓથી બોલાવવામાં આવશે અને જન્નતના આઠ દરવાજાઓ છે. જે વ્યક્તિ નમાઝી હશે તેને નમાઝના દરવાજાથી બોલાવવામાં આવશે, રોઝાદાર રોઝાવાળા દરવાજાથી, સદકો કરવાવાળો સદકાના દરવાજાથી અને મુજાહિદને જેહાદના દરવાજાથી બોલાવવામાં આવશે. *(બુખારી, ૧/૨૫૪, મુસ્લિમ, ૧/૨૩૦, નિસાઈ, ૧/૩૩૩, દારમી, ૨/૧૬૮, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૫૨૫)*

હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ

બખુદા ! અલ્લાહ પર મુશ્કેલ નથી કે બંદાને ક્યા દરવાજા પર બોલાવવામાં આવે, શું મખ્લૂકમાંથી કોઈ વ્યક્તિ એવો પણ હશે જેને તમામ દરવાજાઓથી બોલાવવામાં આવે ? આપે ફર્માવ્યું, હા ! અને મને ઉમ્મીદ છે કે તમે તેમનામાંથી હશો. *(બુખારી, ૧/૨૫૪, નિસાઈ, ૧/૩૩૩, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૫૨૫)*

હઝરત આસિમ બિન ઝમુરહ, હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત કરે છે તેમણે જહન્નમની ઘણી બધી ચર્ચા કરી જેને હું ભૂલી ગયો છું. પછી તેમણે કહ્યું : وَسِيقَ الَّذِينَ اتَّقَوْا رَبَّهُمْ إِلَى الْجَنَّةِ زُمَرًا ''અને જે લોકો પોતાના રબથી ડરે તેઓને જન્નતની તરફ ટોળાબંધ લઈ જવામાં આવશે.'' *(સૂ. ઝુમર, આ. : ૭૩, પારા : ૨૪)*

જ્યારે તેઓ જન્નતના દરવાજાઓમાંથી એક દરવાજા પર પહોંચશે તો તેઓ એવું ઝાડ મેળવશે જેની નીચે પાણીનાં બે ઝરણાં વહેતાં હશે. તેઓ હુકમના પ્રમાણે એક ઝરણાં પર જશે અને પાણી પીશે, જેને પીતાં જ તેમના શરીરમાંથી તમામ દુ:ખ દર્દ અને તકલીફો દૂર થઈ જશે. પછી તેઓ બીજા ઝરણાં પર જઈને તેનાથી પાકી મેળવશે ત્યારે તેમના પર અલ્લાહ તઆલાની નેઅમતોની તાજગી આવી જશે. તેના પછી કદી પણ તેમના વાળ વિખેરાશે નહીં, અને ન તો તેમનાં માથાં કદી દુ:ખશે જાણે તેમણે તેલ લગાડેલ હોય. પછી તેઓ જન્નતના દરવાજા પર પહોંચશે તો જન્નતના દરવાન તેમને કહેશે, તમારા પર સલામતી થાય ! તમે ખુશહાલ થયા જેથી એમાં હમેશાં રહેવા માટે દાખલ થઈ જાવ ! *(સૂ. ઝુમર, આ. : ૭૩, પારા : ૨૪)*

જન્નતમાં દાખલ થતાં જ તેમને વિલદાન (બાળકો, ગિલ્માન) ઘેરી લેશે જેવી રીતે દુનિયામાં પોતાના કોઈ દૂરથી આવવાવાળા પ્યારા બાળકને ઘેરી લે છે. અને તેઓ તેને કહેશે, તને ખુશખબર થાય ! અલ્લાહ તઆલાએ તારા માટે ફલાણી ફલાણી ઈજ્જત તથા કરામત રાખી છે. તે વિલદાનમાંથી એક અમરદ તે જન્નતીની પત્નીઓમાંથી કોઈ પત્નીની તરફ કે જે જન્નતની હૂર હશે જશે, અને તેને કહેશે કે ફલાણો આદમી જે દુનિયામાં ફલાણા નામથી બોલાવવામાં આવતો હતો તે આવ્યો છે. હૂર કહેશે, તેં તેને જોયો છે ? તે અમરદ કહેશે, હા ! હું તેને જોઈને આવ્યો છું ! અને તે પણ મારી પાછળ

આવી રહ્યો છે. ત્યારે તે ખુશીથી ઝડપભેર દરવાજાની દહેલીઝ પર મહોબ્બતની સાથે ઊભી થઈ જશે.

જ્યારે તે જન્નતી ત્યાં પહોંચશે અને તે ઘરની બુનિયાદો જોશે જે મોતીઓની હશે અને દીવાલો લાલ, લીલાં અને પીળાં દરેક રંગના મોતીઓથી બનેલ હશે. ત્યારે તે છતને જોશે તે વીજળીની જેમ એવી આંખોને આંજી દે એવી હશે કે જો અલ્લાહ તઆલા તેને કુદરત ન આપતો તો તેની આંખો આંધળી થઈ જતી. પછી માથુ નમાવીને નીચે નજર કરશે તો તેને હૂરો લાઈનબંધ પાણીના કૂજા લઈને લાઈનમાં ઊભી રહેલી તથા તકીયાઓ અને પાથરેલ ગાદીઓ જોવામાં આવશે અને તે તેના પર ટેકો લગાડીને કહેશે, બધા વખાણ અલ્લાહ તઆલાના માટે છે જેણે અમને તેની હિદાયત કરી. જો અલ્લાહ અમને આ રાહ ન બતાવ તો અમે હિદાયત ન મેળવત. પછી પુકારવાવાળો પુકારશે કે, તમે જીવંત રહો ! કદી પણ નહીં મરણ પામો ! આમાં હમેશાં રહો, કદી પણ ચાલ્યા જવાનું કહેવામાં આવશે નહીં અને સલામત અને તંદુરસ્ત રહો, કદી બીમાર નહીં થાઓ ! *(અહયાઉલ ઉલૂમિદ્દીન, ૪/૪૬૮, ઈબ્ને કશીર, ૪/૮૨)* અને હુઝૂર ﷺએ ફર્માવ્યું, હું કિયામતના દિવસે જન્નતના દરવાજા પર આવીને તેને ખોલવા ઈચ્છીશ તો જન્નતનો દરવાન (રિઝવાન) પૂછશે, કોણ છે ? હું કહીશ, મુહમ્મદ ! (ﷺ) દરવાન કહેશે, મને એ જ હુકમ આપવામાં આવ્યો છે કે આપનાથી પહેલાં કોઈના માટે દરવાજો ન ખોલું. *(મુસ્લિમ, ૧/૧૧૨, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૫૯૭, કન્ઝુલ ઉમ્માલ, ૧૧/૪૦૫,સબલુલ હુદા વર્રશાદ, ૧૨/૪૬૮)*

પછી જન્નતના ઉપરના મકાનો અને ઊંચા ઊંચા જુદા જુદા તબકાઓના વિશે વિચારો ! બેશક ! છેવટે ઘણા મોટા દરજાઓ અને ઘણી મોટી ઈજ્જત દેવાવાળી છે. જેવું કે લોકોની જાહેરી ઈબાદત અને તેમની છુપી સિફતો જાહેરમાં અલગ છે, એવી રીતે દારુલ ખઝાઅમાં જન્નતના પણ જુદા જુદા દરજાઓ છે. જો તમે જન્નતનો આ'લા દરજો મેળવવાનું ચાહતા હોઉ તો પ્રયત્ન કરો કે કોઈ બીજો ઈબાદત કરવામાં તમારાથી આગળ ન વધી જાય. અલ્લાહ તઆલાએ પણ પોતાની ઈતાઅતમાં હરીફાઈઓ અને એકબીજાથી આગળ વધી જવાનો હુકમ ફર્માવ્યો છે.

જેથી ફર્માને ઈલાહી છે : سَابِقُوْآ اِلٰى مَغْفِرَةٍ مِّنْ رَّبِّكُمْ "તમારા રબની બખ્શિશની તરફ અગ્રતા અપનાવો." *(સૂ. હદીદ, આ. : ૨૧, પારા : ૨૭)*

એક બીજી જગા પર ઈર્શાદ ફર્માવ્યો : وَفِىْ ذٰلِكَ فَلْيَتَنَافَسِ الْمُتَنَافِسُوْنَ "અને તેમાં જોઈએ કે આકર્ષવાવાળા આકર્ષાયા." *(સૂ. મુતફ્ફિફીન, આ. : ૨૬, પારા : ૩૦)*

નવાઈ પામવાની વાત તો એ છે કે જો તમારા મિત્રો કે પડોશીઓ તમારાથી રૂપિયા, પૈસા કે મકાનોની બાંધણીમાં તમારાથી આગળ વધી જાય તો તમને ઘણો જ અફસોસ થાય છે ! તમારું દિલ દુઃખાય છે અને અદેખાઈના કારણે જિંદગીમાં બેમજા પૈદા થાય છે. પણ તમે કદી જન્નતની પ્રાપ્તિ વિશે નથી વિચાર્યું ! બસ ! પોતાની સ્થિતિઓને જન્નતની પ્રાપ્તિ માટે બેહતર બનાવો અને તમે જન્નતમાં એવા લોકોને મળશો જે તમારાથી આગળ નીકળી ગયા હશે, એવી જગ્યાઓ પર બિરાજેલ હશે કે તમામ દુનિયા પણ જેના બરાબર નથી થઈ શક્તી.

હઝરત અબૂ સઈદ رضى الله عنه થી મરવી છે કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું, બેશક ! જન્નતી પોતાની ઉપર બુલંદોબાલા ઉપલા માળોમાં રહેવાવાળાઓને એ રીતે જોશે, જેવું કે તમે દૂર પૂર્વ પશ્ચિમના ક્ષિતિજમાં ખૂબ જ નીચે કોઈ ચમકદાર તારાને જોતા હોય ! આવું તેમની વચમાં બુલંદીઓના કારણે હશે.

સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું આ અંબિયાએ કિરામના મકામાત (દરજાઓ) હશે જ્યાં બીજા લોકો પહોંચી નહીં શકે ? આપે ફર્માવ્યું, હાં ! કસમ છે તે ઝાતની જેની કુદરતના તાબામાં મારો જીવ છે, ત્યાં તે લોકો હશે જે અલ્લાહ પર ઈમાન લાવ્યા અને જેમણે રસૂલોની સચ્ચાઈની ગવાહી આપી. *(સહીહ બુખારી, ૧/૪૬૧, સહીહ મુસ્લિમ, ૨/૩૭૮, તિર્મિઝી, ૨/૮૨, મોઅજમે કબીર લિત્તબરાની, ૬/૧૪૧, તફસીરે કુર્આનિલ અઝીમ, ૨/૪૦૭)* અને આપે ઈર્શાદ ફર્માવ્યો, જન્નતના ઊંચા દરજાઓવાળા નીચેથી એવા દેખાશે જેવું તમે દૂર પૂર્વ કે પશ્ચિમ આસમાનના ક્ષિતિજ પર ઉગવાવાળા તારાને જુઓ છો, અને અબૂબક્ર તથા ઉમર رَضِىَ اللهُ عَنْهُمَا તે જ જન્નતીઓમાંથી છે. અને બંનેવ ઘણા જ સારા છે. *(ઈબ્ને માજહ, પેજ : ૧૦, તિર્મિઝી, ૨/૮૨, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૪૦૮)*

હઝરત જાબિર رضی اللہ عنہ કહે છે, હુઝૂર ﷺએ અમને ફર્માવ્યું કે શું હું તમને જન્નતના બાલાખાનાઓના (ઉપલા માળો) વિશે ન જણાવું ? મેં અર્ઝ કરી, આપના પર અમારાં માં બાપ કુર્બાન થાય યા રસૂલલ્લાહ ! ﷺ જરૂર યાદ ફર્માવો ! આપે ફર્માવ્યું, જન્નતમાં મોતીઓ જેવા માળવાળા મકાન છે, જેની અંદરવાળો ભાગ બહારથી અને બહારનો ભાગ અંદરથી જોઈ શકાય છે. અને તેમાં એવી નેઅમતો, લિજ્જતો તથા ખુશીઓ છે જેને ન કોઈ આંખે જોઈ ન કોઈ કાને સાંભળી અને ન કોઈ આદમીના દિલમાં તેની કલ્પના આવી ! મેં પૂછયું, યા રસૂલલ્લાહ ! ﷺ આ બાલાખાનાઓ કયા લોકો માટે હશે ? આપે ફર્માવ્યું, તે વ્યક્તિના માટે જે સલામને (સલામતીને) ફેલાવે છે, ખાવા ખવડાવે છે, હમેશાં રોઝાથી રહે છે અને રાતમાં જ્યારે કે લોકો સૂએ છે તેઓ નમાઝ પઢે છે. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આ અમલોને પૂરા કરવાની તાકાત કોણ રાખે છે ? આપે ફર્માવ્યું, મારા ઉમ્મતી તેની તાકાત રાખે છે અને હું તમને તેની વિગત જણાવું છું. જે વ્યક્તિ પોતાના મુસલમાન ભાઈની મળ્યો અને તેને સલામ કરી તો જેવું કે તેને સલામને (સલામતીને) ફેલાવી, જેણે પોતાના બાળ બચ્ચાંઓને ધરાઈને ખાવા ખવડાવ્યું તો તેણે ખાવા ખવડાવ્યું, જેણે માહે રમઝાનના સંપૂર્ણ અને દરેક મહીનામાં ત્રણ રોઝા રાખ્યા તેણે કાયમી રોઝા રાખ્યા, જે ઈશાની નમાઝ પઢીને સૂતો અને તેણે સવારની નમાઝ જમાઅતથી અદા કરી તો જાણે તેણે આખી રાત ઈબાદત કરી, અને બીજા લોકો એટલે યહૂદી, ખ્રિસ્તી અને અગ્નિપૂજક સૂતા રહ્યા. *(અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૮૧, અહયાઉલ ઉલૂમિદ્દીન, ૪/૪૬૮)*

હુઝૂર ﷺથી આ ફર્માને ઈલાહી : وَمَسَاكِنَ طَيِّبَةً فِىْ جَنّٰتِ عَدْنٍ "અદનના બગીચામાં પાકીઝા રહેવાની જગાઓ છે." *(સૂ. તૌબા, આ. : ૭૨, પારા : ૧૦)*ની વિગત પૂછવામાં આવી તો આપે ફર્માવ્યું કે, તે મોતીઓના મહેલો હશે, દરેક મહેલમાં લાલ યાકૂતના સિત્તેર ઘરો હશે, દરેક ઘરમાં લીલા ઝમરુદના સિત્તેર મકાનો હશે, દરેક મકાનમાં એક તખ્ત હશે, દરેક તખ્ત પર જાતજાતનાં સિત્તેર પાથરણાં હશે, દરેક પાથરણા પર તેની પત્નીઓ હૂરો હશે. દરેક મકાનમાં સિત્તેર સિત્તેર ખાણાંઓ હશે, દરેક

દસ્તરખાન પર સિત્તેર જાતનાં ખાણાંઓ હશે, દરેક મકાનમાં સિત્તેર ખાદિમ હશે અને મો'મિનની દરેક સવાર આ બધા દસ્તરખાનો પર બેસીને ખાશે. *(અત્તફસીરુલ કબીર લિ ઈમામિ ફખ્રુદ્દીન રાઝી, ૬/૧૦૧)*

*(પ્રકરણ : ૭૩)*

## સબર, રઝા અને કનાઅત (થોડામાં સંતોષ)

રઝા (રાજી રહેવા)ની ફઝીલત કુર્આનની આયતોથી સાબિત છે, જેમ કે ઈર્શાદ ઈલાહી છે : رَضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ ''અલ્લાહ તઆલા તેનાથી રાજી થયો અને તેઓ અલ્લાહથી રાજી થયા.'' *(સૂ. માઈદા, આ. : ૧૧૯)*

બીજો ઈર્શાદ થાય છે : هَلْ جَزَآءُ الْاِحْسَانِ اِلَّا الْاِحْسَانُ ''નથી બદલો એહસાનનો પણ એહસાન.'' *(સૂ. રહમાન, આ. ૬૦)*

એહસાનની સીમા એ છે કે અલ્લાહ તઆલા પોતાના બંદાથી રાજી હોય અને આ મકામ બંદાને અલ્લાહની રઝામાં રાજી થવાથી મળે છે.''

બીજો ઈર્શાદે ઈલાહી થાય છે :–

وَمَسٰكِنَ طَيِّبَةً فِي جَنّٰتِ عَدْنٍ وَ رِضْوَانٌ مِّنَ اللّٰهِ اَكْبَرُ ''અદનના બગીચાઓમાં પાકીઝા રહેવાની જગાઓ છે અને અલ્લાહની તરફથી ઘણી જ મોટી રઝામંદી છે.'' *(સૂ.. તૌબા, આ. : ૭૨, પારા : ૧૦)* અલ્લાહ તઆલાએ આ આયતમાં રઝાને અદનથી વધીને વર્ણવેલ છે.

જેવું કે ઝિક્રને નમાઝ પર અગ્રતા આપી છે. જેથી ફર્માવ્યું :–

اِنَّ الصَّلٰوةَ تَنْهٰى عَنِ الْفَحْشَاءِ وَالْمُنْكَرِ وَلَذِكْرُ اللّٰهِ اَكْبَرُ

''બેશક ! નમાઝ બેહયાઈ અને બુરી વાતોથી રોકે છે. અને અલ્લાહની યાદ ઘણી જ મોટી ચીજ છે.'' *(સૂ. અન્કબૂત, આ. : ૪૫, પારા : ૨૧)*

તો જેમ કે નમાઝ કરતાં મા'બૂદે હકીકી (અલ્લાહ તઆલા)ની શાન ઘણી જ મોટી છે એવી રીતે જન્નત કરતાં જન્નતનો રબ આ'લા તથા ઘણો

મહાન છે, બલ્કે આ જ ચીજ દરેક જન્નતીનો મકસદ તથા અસલી મકસદ હશે. જેથી હદીષ શરીફમાં છે કે અલ્લાહ તઆલા મો'મિન પર તજલ્લી ફર્માવશે અને કહેશે કે મારાથી માંગો ! તો મો'મિન કહેશે અય અલ્લાહ ! અમે તારાથી તારી રઝા ચાહીએ છીએ. તો જાણો કે ફઝીલતના કમાલને મેળવીને પણ તેઓ રબની રઝા ઈચ્છશે. *(અખ્રજહુ બઝઝાર વત્તબરાની ફીલ્અવસત મિન હદીષે અનસ વક્દ નકલિ ઈમામિલ ગિઝાલી ફી અહયાઉલ ઉલૂમિદ્દીન, ૪/૫૪)*

બંદાની રઝાની તલબની હકીકતનું વર્ણન અમે કરીએ છીએ. બંદાથી અલ્લાહ તઆલાની ખૂશ્નૂદીનો મતલબ છે તે એ અર્થની વધારે નજીક છે જેનો ઉલ્લેખ અમે બંદાઓના માટે ખુદાની મહોબ્બતના હેઠળ કરી ચૂક્યા છીએ કેમ કે લોકોની સમજ આ અર્થની હકીકતને નથી પામી શક્તી. એટલા માટે આ હકીકતના વર્ણનનો કોઈ માર્ગ નથી. અને કોણ છે જે પોતાના નફ્સની અક્કલથી આ હકીકતને જાણી લે !

હકીકત તો એ છે કે અલ્લાહના દીદારથી વધીને કોઈ બીજી ચીજ નથી પણ મો'મિનોનું દીદારના સમયે અલ્લાહની રઝાની તમન્ના તે કારણથી હશે કે આ જ ચીજ કાયમી દીદારનો સબબ છે. વળી જેવું કે જ્યારે તેમણે ઘણા જ ઉચ્ચ મર્તબાઓ અને ઉમ્મીદોની છેલ્લી હદોને આંબી લીધી અને દીદારની લિજ્જતથી મજા ઉઠાવવા લાગ્યા તો તેમણે બીજો કાંઈ સવાલ કરવાના જવાબમાં કાયમી દીદારને જ માંગી લીધો. અને એ જાણી ગયા કે રઝાએ ઈલાહી કાયમી રીતે પડદાઓનું ઉઠી જવાનો સબબ છે. અને ફર્માને ઈલાહી છે : وَلَدَيْنَا مَزِيْدٌ "અમારી નજીક તેનાથી પણ વધારે છે." *(સૂ. કાફ, આ. : ૩૫, પારા–૨૬)*

અમુક મુફસ્સિરોનું કહેવું છે, "તેનાથી વધારેનો અર્થ છે કે જન્નતીઓને રબ્બુલ આલમીનની તરફથી ત્રણ તોહફાઓ મળશે." પહેલો એ કે તેમને જન્નતમાં એવો તોહફો આપવામાં આવશે જે પહેલાથી તેમની પાસે હાજર હશે નહીં, જેમ કે ફર્માને ઈલાહી છે :–

فَلَا تَعْلَمُ نَفْسٌ مَّآ اُخْفِىَ لَهُمْ مِّنْ قُرَّةِ اَعْيُنٍ "તો કોઈ નફ્સ નથી જાણતો કે એના માટે કઈ આંખોની ઠંડક છુપાવવામાં આવેલી છે." *(સૂ. સજદા, આ. : ૧૮)*

બીજુ એ કે તેમને તેમના રબની તરફથી સલામ થશે જે આ તોહફાથી વધીને હશે. જેમ કે અલ્લાહનો ઈર્શાદ છે : سَلَامٌ قَوْلًا مِّن رَّبٍّ رَّحِيمٍ "રબ્બે રહીમની તરફથી તેમને સલામ કહેવામાં આવશે." *(સૂ. યાસીન, આ. ૭૨)*

ત્રીજુ એ કે અલ્લાહ તઆલા ફર્માવશે, "હું તમારાથી રાજી છું." અને આ વાત સલામ અને તોહફાથી પણ બેહતર અને આ'લા છે. જેમ કે ફર્માને ઈલાહી છે : وَرِضْوَانٌ مِّنَ اللّٰهِ أَكْبَرُ "અને અલ્લાહની તરફથી ઘણી જ મોટી ખુશનુદી છે." *(સૂ. તૌબા, આ. : ૫૭, પારા : ૧૦)* એટલે તે નેઅમતોથી પણ શ્રેષ્ઠ છે જેને તેમણે મેળવી લીધી છે : તો આ જ અલ્લાહ તઆલાની મુકદસ રઝા છે જે બંદાની રઝા જોઈ (રાજીપા)નું ફળ છે.

હવે રહી અહાદીષે મુકદસાથી રઝાની ફઝીલત, તો આ વિષયમાં ઘણી હદીષો આવેલી છે. જેમ કે હુઝૂર ﷺથી મરવી છે કે આપે સહાબાની એક જમાઅતથી પૂછયું, તમે કોણ છો ? તેમણે કહ્યું, મો'મિન ! આપે ફર્માવ્યું, તમારા **ઈમાનની શું નિશાની છે ?** તેમણે કહ્યું, અમે **મુસીબતો પર સબર** કરીએ છીએ, **ખુશીમાં શુક્ર અદા** કરીએ છીએ અને **અલ્લાહની કઝા પર** રાજી છીએ. આપે ફર્માવ્યું, "રબ્બે કા'બાની કસમ ! તમે મો'મિન છે." *(અખ્રજહુત્તબરાની ફીલ્અવસત, અહયાઉલ ઉલૂમ, ૪/૫૪)*

ફર્માને નબવી છે કે હકીમો અને આલિમો પોતાની ફિકહ (દીની સમજ)ના કારણથી એ બાબતની નજીક થયા કે નબી થઈ જાય. હદીષ શરીફમાં છે કે **તે વ્યક્તિના માટે ખુશખબર છે જેને ઈસ્લામની હિદાયત મળી અને તે પોતાની સામાન્ય પરિસ્થિતિ પર રાજી રહ્યો.** *(મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૯૦, મુસ્નદે અહમદ બિન હંબલ, ૭/૩૩, અલ મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૮/૩૦૫, કન્ઝુલ ઉમ્માલ, ૩/૩૯૨)*

ફર્માને નબવી છે કે જે વ્યક્તિ અલ્લાહથી મામૂલી રોજી પર રાજી થઈ ગયો, અલ્લાહ તઆલા તેના અમલો પર રાજી થઈ જાય છે. અને ફર્માવ્યું, જ્યારે અલ્લાહ તઆલા કોઈ બંદાથી રાજી થઈ જાય છે તો તેને આજમાઈશમાં નાખી દે છે. જો તે સબર કરે તો અલ્લાહ તઆલા તે બંદાને પસંદ કરી લે છે અને જો તે આજમાઈશ પર રાજી થઈ જાય તો અલ્લાહ તઆલા તેને (પોતાના ખાસ બંદાઓમાં) ચૂંટી લે છે. *(લમ અજદહુ બિલ્ફાઝહુ વ લકદ રવાહુલ ઈમામિ અહમદ બિન હંબલ ફી મુસ્નદે અહમદ બિન હંબલ, ૭/૫૯૮)*

ફર્માને નબવી છે, જ્યારે કિયામતનો દિવસ હશે ત્યારે અલ્લાહ તઆલા મારી ઉમ્મતના એક ગિરોહની પાંખો પૈદા ફર્માવશે અને તે પાંખોથી ઉડીને કબરોથી નીકળતાં સીધા જ જન્નતમાં જઈ પહોંચશે. તેઓ જન્નતની નેઅમતોથી મજાઓ માણશે અને મન ફાવે ત્યાં આરામ કરશે. ફરિશ્તાઓ તેમને કહેશે, શું તમે હિસાબ જોઈને આવ્યા છો ? તેઓ કહેશે, અમે હિસાબ નથી જોયો ! ફરિશ્તાઓ પૂછશે, શું તમે પુલસિરાત પસાર કરીને આવ્યા છો ? તેઓ કહેશે, અમે પુલસિરાતને નથી જોયો, ફરિશ્તાઓ કહેશે, શું તમે જહન્નમને જોઈ છે ? તેઓ કહેશે, અમે કોઈ ચીજને નથી જોઈ ! ત્યારે ફરિશ્તાઓ કહેશે, તમે કોની ઉમ્મતમાંથી છો ? તેઓ કહેશે, અમે મુહમ્મદ ﷺની ઉમ્મતમાં છીએ. ફરિશ્તાઓ કહેશે, અમે તમને અલ્લાહની કસમ આપીએ છીએ ! એ જણાવો કે તમે દુનિયામાં ક્યા અમલો કર્યા કરતા હતા ? તેઓ કહેશે કે અમારામાં બે આદતો હતી જેણે અમને આ ઘર સુધી પહોંચાડયા છે અને અલ્લાહનો ફઝલ તથા રહમત અમારી સાથે સાથે છે. ફરિશ્તાઓ કહેશે, તે **બે આદતો** કઈ હતી ? તો તેઓ કહેશે, અમે જ્યારે એકાંતમાં હોતા તો ગુનાહ કરતાં અમને શરમ આવતી હતી તો કઈ રીતે અમે જાહેરમાં ગુનાહ કરતા ! અને **અલ્લાહ તઆલાની આપેલ મામૂલી રોજી પર રાજી થઈ ગયા હતા.** ફરિશ્તાઓ આ સાંભળીને કહેશે, ત્યારે તો તમને આ જ બદલો મળવો જોઈતો હતો ! *(અહયાઉલ ઉલૂમિદ્દીન, ૪/૩૦૦)*

હુઝૂર ﷺએ ફર્માવ્યું, અય ફકીરોના ગિરોહ ! તમે દિલના ઊંડાણથી અલ્લાહની આપેલ ચીજ પર રાજી થઈ જાઓ તો તમારા ફક્રનો સવાબ મેળવી લેશો, નહીં તો નહીં. *(કન્ઝુલ ઉમ્માલ, ૬/૪૮૫)*

મૂસા عليه السلامના બનાવોમાં છે કે બની ઈસ્રાઈલે તેમને કહ્યું, અલ્લાહ તઆલાથી અમારા માટે કોઈ એવો અમલ માંગો જેને કારણે તે અમારાથી રાજી થઈ જાય ! મૂસા عليه السلامએ બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી, અય અલ્લાહ ! તેં તેમની માંગણી સાંભળી લીધી કે તેમણે શું કહ્યું છે ? રબ તઆલાએ ફર્માવ્યું, અય મૂસા ! તેમને કહી દો કે તેઓ મારાથી રાજી થઈ જાય, એટલે કે મારા આપેલ થોડા કે વધારે પર રાજી થઈ જાય તો હું તેમનાથી રાજી થઈ જઈશ.

રહી સબ્રની ફઝીલતો, તો રબ તઆલાએ કુર્આને મજીદમાં નેવુંથી વધારે જગ્યાઓ પર સબરની વાત ફર્માવેલ છે. અને વધારે પડતા દરજાઓ અને ભલાઈઓની સબ્રથી નિસ્બત કરી છે અને તેમને સબ્રનું ફળ જણાવ્યું છે. અને સાબિરોના માટે એવાં ઈનામો રાખ્યાં છે જે બીજા કોઈના માટે નથી રાખ્યાં. જેમ કે ઈર્શાદે ઈલાહી છે :–

اُولٰٓئِکَ عَلَیۡہِمۡ صَلَوٰتٌ مِّنۡ رَّبِّہِمۡ وَرَحۡمَۃٌ ط وَ اُولٰٓئِکَ ھُمُ الۡمُہۡتَدُوۡنَ

**તર્જુમો** : "તે લોકો પર તેમના રબની તરફથી દુરૂદ (સલામત) છે અને રહમત છે અને એ જ લોકો હિદાયત પામવાવાળા છે." *(સૂ. બકરહ, આ. : ૧૫૮)* જેથી સાબિત થયું કે હિદાયત, રહમત અને સલામતી ત્રણેવ ચીજો સાબિરોના માટે ખાસ છે.

અહીં તમામ રબ્બાની આયતોને વર્ણવવું શક્ય નથી જેથી તેના પર માત્ર નજર કરીને કેવળ થોડીક હદીષો લખવામાં આવે છે.

ફર્માને નબવી છે કે **સબ્ર અડધુ ઈમાન** છે. *(હિલ્યતુલ અવલિયા, ૫/૩૮)* વધુમાં ફર્માવ્યું કે જરાક જેટલી તે ચીજ જે તમને યકીન અને મજબૂત સબ્રથી મળી જાય અને જે વ્યક્તિને તેમાંથી થોડોક ભાગ આપી દેવામાં આવે, તેનાથી જો રાતની ઈબાદત અને દિવસના રોઝા છૂટી જાય તો કોઈ પરવા નથી.

યાદ રાખશો કે અહીંયા ઈબાદત અને રોઝાથી મતલબ નફ્લ ઈબાદત અને રોઝા છે અને તમારું મામૂલી રોજી પર સબ્ર કરવું મને એ વાતથી વધારે પસંદ છે કે તમારામાંથી દરેક તમામના અમલો પર કાર્યરત થઈને આવે. પરંતુ હું તમારા વિશે ખૌફ કરું છું કે મારા પછી તમારા પર દુનિયા ખોલી દેવામાં આવશે જેથી તમે એકબીજાને સારા ન સમજવા લાગો અને તે કારણથી ફરિશ્તાઓ તમને સારા ન સમજવા લાગે. જેણે સબ્ર કરી અને સવાબની ઉમ્મીદ રાખી તેણે સવાબના કમાલને મેળવી લીધો. પછી આપે આ આયત પઢી :–

مَاعِنۡدَکُمۡ یَنۡفَدُ وَمَاعِنۡدَاللّٰہِ بَاقٍ وَلَنَجۡزِیَنَّ الَّذِیۡنَ صَبَرُوۡٓا اَجۡرَھُمۡ الاٰیۃ

**તર્જુમો** : "જે કાંઈ તમારી પાસે છે ખત્મ થઈ જાય છે અને જે કાંઈ અલ્લાહને ત્યાં છે તે બાકી રહેવાવાળુ છે અને અલ્બત્ત અમે સબ્ર

કરવાવાળાઓને બદલો આપીશું.'' *(સૂ. નહલ, આ. ૯૬, પારા : ૧૪)*

હઝરત જાબિર رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمથી ઈમાનના વિશે પૂછવામાં આવ્યું. આપે ફર્માવ્યું, **ઈમાન સબ્ર અને સખાવતનું નામ છે** *(કન્ઝુલ ઉમ્માલ, ૩/૬૬૫)* અને ફર્માવ્યું, સબ્ર જન્નતના ખજાનામાંથી એક ખજાનો છે.

એકવાર આપને પૂછવામાં આવ્યું કે ઈમાન શું છે ? આપે ફર્માવ્યું, સબ્ર ! અને આ વાત હુઝૂર صلی اللہ علیہ وسلمના આ ફર્માનની જેમ છે જેમાં હુઝૂર صلی اللہ علیہ وسلمથી પૂછવામાં આવ્યું હતું કે હજ્જ શું છે ? તો આપે ફર્માવ્યું, વુકૂફે અરફા. એટલે કે જરૂરી રુકન વુકૂફે અરફાત છે. *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૨/૩૦૫, મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૪૦૧, બયહકી, ૫/૧૮૮, કન્ઝુલ ઉમ્માલ, ૫/૬૩)*

ફર્માને નબવી છે કે **બધાથી શ્રેષ્ઠ અમલ તે છે જેને નફ્સ બુરો સમજે** છે. *(અહયાઉલ ઉલૂમિદ્દીન, ૪/૫૪)*

મરવી છે કે અલ્લાહ તઆલાએ હઝરત દાઊદ علیہ السلام પર વહી ફર્માવી કે મારા અખ્લાક (સદ્‌ગુણો) જેવા તમારા સદ્‌ગુણો બનાવો અને મારા સદ્‌ગુણોમાંથી એ છે કે હું સબ્ર કરનાર છું.

અતાઅ رضی اللہ عنہએ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم જ્યારે અન્સારમાં તશરીફ લાવ્યા તો ફર્માવ્યું, શું તમે મો'મિન છો ? તેઓ ચૂપ રહ્યા. હઝરત ઉમર બોલ્યા, હા ! યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આપે ફર્માવ્યું, **તમારા ઈમાનની નિશાની** શું છે ? તેમણે અર્ઝ કરી, **માલદારીમાં અલ્લાહનો શુક્ર** અદા કરીએ છીએ, **મુસીબતોમાં સબર** કરીએ છીએ અને **કઝાએ ઈલાહી પર રાજી** રહીએ છીએ. આપે આ સાંભળીને ફર્માવ્યું, રબ્બે કા'બાની કસમ ! તમે મો'મિન છો. *(અહયાઉલ ઉલૂમિદ્દીન, ૪/૫૪)*

ફર્માને નબવી છે, પોતાની નાપસંદ હોય તેવી ચીજો પર તમારી સબ્ર ઘણી જ શ્રેષ્ઠ ચીજ છે. હઝરત ઈસા علیہ السلامએ ફર્માવ્યું, તમે તમારી પસંદ આવતી ચીજોને નથી મેળવી શક્તા જ્યાં સુધી કે નાપસંદ ચીજો પર સબ્ર ન કરો. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૫૦૬)* તે જ પ્રમાણે ઈર્શાદ ફર્માવ્યો

કે જો સબ્ર આદમી હોત તો મહેરબાન આદમી હોત અને અલ્લાહ સબ્ર કરવાવાળાઓને દોસ્ત રાખે છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૩/૨૭૧)*

સબ્રના વિષય પર અસંખ્ય હદીષો છે જેને અમે લંબાણની બીકે છોડી રહ્યા છીએ. હવે **કનાઅત (થોડામાં રાજી)**ના વિશે બે હદીષો બયાન કરવામાં આવે છે :–

હુઝૂર ﷺએ ફર્માવ્યું, જેણે થોડામાં સંતોષ વ્યક્ત કર્યો તે ઈજ્જતદાર થયો અને જેણે લાલચ કરી તે બેઈજ્જત થયો. તેમ જ ફર્માવ્યું કે થોડામાં સંતોષ એક એવો ખજાનો છે જે નષ્ટ નથી થતો. *(કન્ઝુલ ઉમ્માલ, ૩/૩૮૯)*

આ વિષય પર પહેલાં પણ કાંઈક લખવામાં આવી ગયેલ છે. વલ્લાહુ અઅ્લમ.

*(પ્રકરણ : ૭૪)*

## તવક્કુલની ફઝીલત

ફર્માને ઈલાહી છે : إِنَّ اللّٰهَ يُحِبُّ الْمُتَوَكِّلِينَ ''બેશક ! અલ્લાહ તઆલા તવક્કુલ કરવાવાળાઓને મહબૂબ રાખે છે.'' *(પારા : ૪, સૂ. આલે ઈમરાન, આ. ૧૫૯)*

અને તેનાથી ઊંચો મકામ જેનો કરવાવાળો અલ્લાહ તઆલાની મહોબ્બતથી સંબંધિત થયેલ છે અને જેનો પોશાક વગેરે અલ્લાહ તઆલાની કિફાયતથી સજ્જ છે તે કોણ છે ? બસ ! તે વ્યક્તિ જેને અલ્લાહ નિગેહબાની કરવાવાળો કાફી હોય, અલ્બત્ત, તે મહાન સફળતા પર બિરાજમાન થયો, કેમ કે મહબૂબને ન તો સજા આપવામાં આવે છે અને ન તેને તિરસ્કૃત કરવામાં આવે છે અને ન તેને દૂર કરવામાં આવે છે.

હદીષોમાં પણ તવક્કુલ અને તવક્કુલ કરવાવાળાની ફઝીલત રિવાયત થયેલી છે. જેથી હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર

ﷺએ ફર્માવ્યું, મેં બધી ઉમ્મતોને મક્કામાં હજ્જના સમય પર ભેગા થવાની જગ્યાએ જોઈ અને મેં મારી ઉમ્મતને જોઈ તેણે દરેક ઊંચાઈ અને નીચાઈને ઘેરી રાખેલ હતી. મને તેમની વધારે સંખ્યા અને સૂરતોએ ઘણો જ નવાઈ પમાડયો. ત્યારે મને કહેવામાં આવ્યું, શું હવે તમે રાજી છો ? મેં કહ્યું, હા ! પછી કહેવામાં આવ્યું, તેમની સાથે **સિત્તેર હજાર લોકો હિસાબ વગર જન્નતમાં જશે.** આપને કહેવામાં આવ્યું કે, યા રસૂલલ્લાહ ! ﷺ તે કોણ લોકો છે જે હિસાબ વગર જન્નતમાં દાખલ થશે ? આપે ફર્માવ્યું, **તે લોકો જે શરીરોને ચિત્રામણ નથી કરાવતા, ફાલ નથી લેતા, ચોરી છૂપેથી લોકોની વાતો નથી સાંભળતા અને પોતાના રબ પર ભરોસો (તવક્કલ) કરે છે.** હઝરત અકાશહ رضی اللہ عنہ ઊભા થઈ ગયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અલ્લાહથી દુઆ કરશો કે અલ્લાહ તઆલા મને તેમનામાંથી કરી દે. આપે ફર્માવ્યું, અય અલ્લાહ! અકાશહને તેમનામાંથી કરી દે ! પછી બીજા એક સહાબીએ ઊભા થઈને અર્ઝ કરી, અય અલ્લાહના નબી ! મારા માટે પણ દુઆ કરશો કે અલ્લાહ તઆલા મને પણ તેમનામાંથી કરી દે. આપે ફર્માવ્યું, અકાશહ તમારાથી આગળ નીકળી ગયા. *(સહીહ બુખારી, ૨/૯૫૮, ૮૫૦, સહીહ મુસ્લિમ, ૧/૧૧૭, તિર્મિઝી, ૨/૭૧, મિશ્કાતુલ મસાબીહ, ૨/૪૫૨, મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૪૪૮, કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૦૦)*

હુઝૂર ﷺનું ફર્માન છે કે જો તમે સાચી રીતે અલ્લાહ પર ભરોસો (તવક્કુલ) કરતા તો અલ્લાહ તઆલા તમને પક્ષીઓની જેમ રોજી આપતો જે સવારે ભૂખ્યાં નીકળે છે અને સાંજે ધરાઈને આવે છે. ફર્માને નબવી છે જે બધાથી સંબંધ કાપીને અલ્લાહ તઆલાથી સંબંધ બાંધે છે *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૩૫૪, મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૫૧, મિશ્કાતુલ મસાબીહ, ૧/૪૫૨, સહીહ ઈબ્ને હબ્બાન, ૨/૨૨૬)* અલ્લાહ તઆલા દરેક મુશ્કેલીમાં તેને પૂરતો હોય છે અને તેને એવી રીતે રોજી આપે છે જે તેના વહેમ તથા ધારણામાં પણ નથી હોતું. અને જે વ્યક્તિ દુનિયાનો થઈ જાય છે અલ્લાહ તઆલા તેને દુનિયાને સોંપી દે છે. *(અલ્મોઅજમુસ્સગીર લિત્તબરાની, ૧/૧૧૬, કન્ઝુલ ઉમ્માલ, ૩/૨૨૬)*

ફર્માને નબવી છે જે વ્યક્તિ તે ચીજને પસંદ કરે છે કે તે બધા લોકોથી વધારે માલદાર હોય તેને જોઈએ કે મૌજૂદ રોજી કરતાં વધારે ભરોસો તે રોજી પર કરે જે અલ્લાહને ત્યાં મૌજૂદ છે કે જ્યારે હુઝૂર ﷺના ઘરવાળા જ્યારે ફાકામાં હોતા તો આપ ફર્માવતા કે નમાઝના માટે ઊભા થઈ જાવ અને મારા રબે મને આ જ હુકમ આપ્યો છે :–

وَأْمُرْ اَهْلَكَ بِالصَّلٰوةِ وَاصْطَبِرْ عَلَيْهَا "અને પોતાના ઘરવાળાઓને નમાઝનો હુકમ કરો અને તેના પર સબ્ર કરો." *(સૂ. તાહા, આ. : ૧૩૨, કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૦૧)*

ફર્માને નબવી છે કે જે વ્યક્તિએ જંતર મંતર કર્યું અને શરીરને ડામ આપ્યા તેણે ભરોસો (તવક્કુલ) ન કર્યો. મરવી છે કે જ્યારે હઝરત જિબ્રઈલ علیہ السلامએ હઝરત ઈબ્રાહીમ علیہ السلامને ગોફણથી આગમાં ફેંકવામાં આવેલ તે સમયે કહ્યું, શું તમારી કોઈ જરૂરત છે ? આપે ફર્માવ્યું કે તમારી સાથે મારી કોઈ જરૂરત સંબંધિત નથી. આપ પોતાના આ વાયદાને પૂરો કરી રહ્યા હતા જે તેમણે આગમાં ફેંકવાના માટે પકડના સમયે કહ્યું હતું કે મને મારો રબ કાફી છે અને તે સારો કારસાઝ છે. અને અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ ફર્માવી : وَاِبْرٰهِيْمَ الَّذِىْ وَفّٰى "અને ઈબ્રાહીમ علیہ السلام જેણે પોતાનું વચન પાળ્યું." *(સૂ. નજમ, આ. : ૩૭, પારા : ૨૭)*

અલ્લાહ તઆલાએ હઝરત દાઊદ علیہ السلام પર વહી નાઝિલ ફર્માવી, અય દાઊદ ! મારો એવો કોઈ બંદો નથી જે મખ્લૂકને છોડીને મારું રહમતનું દામન પકડી લે છે અને જમીન તથા આકાશ તેના પર કઠણાઈઓ લાવે છે, પણ હું તેની બધી મુશ્કેલીઓ દૂર કરી આપું છું અને તેના માટે રસ્તો કાઢી આપું છું.

હઝરત સઈદ બિન જુબૈર رضی اللہ عنہ કહે છે કે મને વીછીંએ ડંખ માર્યો તો મારી માતાએ મને કસમ આપી કે હું કોઈ ઝાળ ફૂંક કરવાવાળાની પાસે જઈને દમ કરાવું. જેથી મંતર પઢવાવાળાએ મારો તે હાથ પકડયો જેને ડંખવામાં આવ્યો ન હતો અને આ આયત પઢી :–

وَتَوَكَّلْ عَلَى الْحَيِّ الَّذِىْ لَايَمُوْتُ "અને તે જીવંત પર ભરોસો કર જેને મૌત નહીં આવશે." *(પારા : ૧૯, સૂઉ ફુર્કાન, આ. : ૫૮)* અને કહ્યું કે આ

આયતને સાંભળ્યા પછી કોઈ વ્યક્તિના માટે એ જરૂરી નથી કે તે અલ્લાહ તઆલાના સિવાય બીજા કોઈની પનાહ શોધે. *(સુનને તિર્મિઝી, પેજ : ૨૫, ઈબ્ને માજહ, પેજ : ૨૪૯, મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૩૦૭)*

એક આલિમથી ખ્વાબમાં કહેવામાં આવ્યું કે જેણે અલ્લાહ પર ભરોસો કર્યો તેણે પોતાની રોજી જમા કરી લીધી. અમુક ઉલમાનો કૌલ છે કે નિશ્ચિત કરેલ રોજીની પ્રાપ્તિ તને ફર્ઝ કરેલ અમલોથી ગાફિલ ન કરી દે કેમ કે એવી રીતે તારો અંજામ ખરાબ થઈ જશે અને તને તે જ રોજી મળશે જે તારા નસીબમાં લખાયેલ છે.

યહ્યા બિન મઆઝ رضی اللہ عنہનો કૌલ છે કે બંદાનું માંગ્યા વગર રોજી મેળવી લેવું એ એ વાતની દલીલ છે કે રોજીને બંદાની શોધનો હુકમ આપવામાં આવ્યો છે.

ઈબ્રાહીમ બિન અદહમ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં એક પાદરીને પૂછ્યું, તમે ક્યાંથી ખાવો છો ? તેણે કહ્યું, મને તેની ખબર નથી ? રબ્બે જલીલથી પૂછ કે, તે મને ક્યાંથી ખવડાવે છે.

જનાબ હરમ બિન હયાને હઝરત ઉવૈસ કરની رضی اللہ عنہને કહ્યું, આપ મને ક્યાં જવાનો હુકમ આપો છો ? તેમણે શામની તરફ ઈશારો કર્યો. હરમ બોલ્યા, ત્યાં સમય કેવી રીતે પસાર થશે ? હઝરત ઉવૈસે ફર્માવ્યું, બરબાદ થઈ જાય તે દિલ જેનામાં ખુદા પર ભરોસો નથી અને તેઓ શકમાં પડી ગયાં છે, એવા દિલોને નસીહત કોઈ લાભ આપતી નથી.

એક બુઝુર્ગનો કૌલ છે કે જયારથી હું અલ્લાહ તઆલાને પોતાનો કાર (કામ) બનાવવા પર રાજી થયો છું ત્યારથી મને દરેક ભલાઈનો રસ્તો મળી ગયો છે. અય અલ્લાહ ! અમને પણ સારી રીત ભાત અતા ફર્માવી દે.

(પ્રકરણ : ૭૫)

# મસ્જિદની ફઝીલત

ફર્માને ઈલાહી છે :–

**اِنَّمَا يَعْمُرُ مَسٰجِدَ اللّٰهِ مَنْ اٰمَنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ** ''અલ્લાહની મસ્જિદોને માત્ર એ જ લોકો આબાદ કરે છે જે અલ્લાહ અને આખેરતના દિવસ પર ઈમાન લાવે છે.'' *(સૂ. તૌબા, આ. : ૧૮)*

ફર્માને નબવી છે કે **જે વ્યક્તિએ અલ્લાહના રાજીપણાના માટે મસ્જિદ બનાવી ભલેને તે મસ્જિદ એક પ્રકારના તેતરના છિદ્રના જેટલી જ કેમ ન હોય પણ અલ્લાહ તઆલા તે વ્યક્તિના માટે જન્નતમાં મહેલ બનાવી દે છે.** *(સહીહ બુખારી, ૧/૬૪, સહીહ મુસ્લિમ, ૧/૨૦૧, તિર્મિઝી, ૧/૭૩, નિસાઈ, ૧/૧૧૨, બયહકી, ૬/૨૭૬, ઈબ્ને માજહ, પેજ : ૫૩, દારમી, ૧/૨૩૮, મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૧૧૨, કન્ઝુલ ઉમ્માલ, ૭/૬૫૦, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૩/૧૯, હિલ્યતુલ અવલિયા, ૪/૨૪૨, અલ્મોઅજમુસ્સગીર લિત્તબરાની, ૧/૩૦, અસહુલ ગાબા, ૪/૧૯૯, અલ્કામિલ ફી દુઅફાઈર્રિજાલ, ૨/૭૨, અત્તરગીબ વત્તરહીબ, ૧/૧૨૦)*

ફર્માને નબવી છે, જ્યારે તમારામાંથી કોઈ મસ્જિદથી મહોબ્બત રાખે છે તો અલ્લાહ તઆલા તેનાથી મહોબ્બત રાખે છે. *(રવાહુત્તબરાની ફિલ્અવસત, અત્તરગીબ વત્તરહીબ, પેજ : ૧૩૭, કન્ઝુલ ઉમ્માલ, ૭/૨૪૯)*

ફર્માને નબવી છે કે જ્યારે તમારામાંથી કોઈ વ્યક્તિ મસ્જિદમાં દાખલ થાય તો બેસતાં પહેલાં બે રકાત નમાઝ અદા કરે. *(મુસ્લિમ, ૧/૨૪૮, સુનને અબૂ દાઊદ, ૧/૬૭, કન્ઝુલ ઉમ્માલ, ૭/૬૫૭)* ફર્માને નબવી છે કે મસ્જિદના પાડોશીની નમાઝ મસ્જિદના સિવાય જાઈઝ નથી. *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૩૭૩, કન્ઝુલ ઉમ્માલ, ૭/૬૫૦)*

એક બીજો ઈર્શાદે નબવી છે કે **તમારામાંથી કોઈ વ્યક્તિ જ્યાં સુધી મુસલ્લા પર રહે છે ફરિશ્તાઓ તેના માટે મગફેરત તથા બખ્શિશની દુઆઓ કરે છે** અને કહે છે, અય અલ્લાહ ! એના પર

સલામતી નાઝિલ ફર્માવ. અય અલ્લાહ ! આ વ્યક્તિ પર રહમ ફર્માવ અને અય અલ્લાહ ! એને બખ્શી દે. આ દુઆઓ તે સમય સુધી ચાલુ રહે છે જ્યાં સુધી કે તે કોઈનાથી વાત ન કરે કે મસ્જિદથી બહાર નીકળી ન જાય. *(બુખારી, ૧/૯૦, અબૂ દાઊદ, ૧/૬૭, ઈબ્ને માજહ, ૫૮, તિર્મિઝી, ૧/૭૫, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૪૯૮)*

ફર્માને નબવી છે કે આખરી જમાનામાં મારી ઉમ્મતના થોડાક એવા લોકો હશે જે મસ્જિદોમાં આવશે અને ટોળુ બનાવીને દુનિયાની વાતો કરતા રહેશે અને દુનિયાની મહોબ્બતની વાતો કર્યા કરશે. તેમની સાથે ન બેસશો, અલ્લાહ તઆલાને તેમની કોઈ જરૂરત નથી. *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૩૫૯, હિલ્યતુલ અવલિયા, ૪/૧૧૬)*

ફર્માને નબવી છે કે અલ્લાહ તઆલાનો આ ઈર્શાદ અમુક ઈલ્હામી કિતાબોમાં હાજર છે કે જમીન પર મસ્જિદો મારું ઘર છે અને તેમનું બાંધકામ અને આબાદ કરવામાં ભાગ લેવાવાળા મારા મુલાકાતી છે, ઝિયારત માટે આવનાર છે. જેથી ખુશખબર છે મારા તે બંદાના માટે જે પોતાના ઘરમાં પાકી મેળવીને મારા ઘરમાં મારી મુલાકાતે આવે છે, જેથી મારા પર હક્ક છે કે હું આવવાવાળા મુલાકાતીને ઈજ્જત તથા વકાર આપું.'' *(અખ્રજહૂ સાહિબિ કન્ઝુલ ઉમ્માલ, ફીહિ મુખ્તસરન, ૬/૬૫૧)*

સરવરે કાઈનાત ﷺનો ઈર્શાદ છે કે જ્યાં સુધી તમે કોઈ એવા આદમીને જુઓ કે મસ્જિદમાં આવવાની ટેવવાળો છે તો તેના ઈમાનની ગવાહી આપો. *(તિર્મિઝી, ૨/૧૪૦, ઈબ્ને માજહ, પેજ, ૫૮, કન્ઝુલ ઉમ્માલ, ૭/૬૫૧)*

જનાબ સઈદ બિન મુસૈયબ رضی اللہ عنہનો કૌલ છે, **જે વ્યક્તિ મસ્જિદમાં બેઠો છે જાણે કે તે અલ્લાહની મજલિસમાં બેઠો છે જેથી તેણે ભલાઈ સિવાય કોઈ બીજી વાત ન કરવી જોઈએ.**

એક હદીષમાં એ પણ આવ્યું છે કે મસ્જિદમાં દુનિયાવી વાતો નેકીઓને એવી રીતે ખાઈ જાય છે જેવી રીતે જાનવર ઘાસ ખાઈ જાય છે. *(અહયાઉલ ઉલૂમિદ્દીન, ૧/૧૪૬)*

ઈમામ નખઈ رضی اللہ عنہનો કૌલ છે, સલફે સાલેહીને ફર્માવ્યું કે **રાતના**

**અંધકારમાં મસ્જિદમાં આવવાવાળાના માટે જન્નત વાજિબ થઈ જાય છે.**

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہનું ફર્માન છે કે **જે વ્યક્તિ મસ્જિદમાં દીવો સળગાવે છે અને જ્યાં સુધી તે દીવાના પ્રકાશથી મસ્જિદ પ્રકાશિત રહે છે ત્યાં સુધી અર્શને ઉઠાવનારા અને તમામ ફરિશ્તાઓ તેનામાટે મગફેરતની દુઆ કરતા રહે છે.**

હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે કે જ્યારે આદમી મરી જાય છે તો તેની નમાઝ પઢવાની જગા અને આકાશની જગા જ્યાંથી તેના અમલો (ઉપર) ચઢયા કરતા હતા તે તેના પર રડે છે. પછી આપે આયત પઢી :– **فما بكت عليهم السماء و الارض وماكانوا منظرين** "તો તેમના પર ન જમીન તથા આકાશ રડે અને ન જ તેમને ઢીલ આપવામાં આવે." *(સૂ. દુખાન, આ. : ૨૯, પારા : ૨૫)* (એટલે કે જ્યારે એવો વ્યક્તિ મરે છે જેની નમાઝ પઢવાની જગા નથી હોતી તો તેના પર જમીન તથા આકાશ નથી રડતાં.)

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماનો કૌલ છે કે નમાઝી પર ચાલીસ સવારો સુધી જમીન રડે છે. હઝરત અતાઉલ ખુરાસાની رضی اللہ عنہનો કૌલ છે કે બંદો જ્યારે જમીનના કોઈ ટુકડા પર સિજદો કરે છે તો તે ટુકડો કિયામતના દિવસે તેના અમલની ગવાહી આપશે અને તે બંદાના મૌતના દિવસે તે ટુકડો રડે છે.

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہનો કૌલ છે કે જમીનનો દરેક તે ટુકડો જેના પર નમાઝ અદા કરવામાં આવે છે અથવા તો ખુદાનો ઝિક્ર કરવામાં આવે છે, તે આસપાસના બધા ભાગો પર ગર્વ કરે છે અને ઉપરથી નીચે સાતમી જમીન સુધી તે ખુશી જ ખુશી અનુભવે છે. અને જ્યારે બંદો કોઈ જમીન પર નમાઝ પઢે છે તે જમીન તેના પર ગર્વ અનુભવે છે.

અને એ પણ કહેવામાં આવ્યું છે કે કોઈ જમાઅત એવી નથી જે ક્યાંક જઈને રોકાઈ પણ જમીનનો તે ટુકડો જે તેમની રોકાવાની જગા છે ક્યાં તો તેમના પર સલામતી મોકલે છે ક્યાં તો તેમના પર લાઅનત કરે છે.

(પ્રકરણ : ૭૬)

# કરામતવાળાઓની રિયાઝત તથા ફઝીલત

આ વાત સારી રીતે સમજી લેવી જોઈએ કે **અલ્લાહ તઆલા જ્યારે કોઈ બંદાની ભલાઈ ઈચ્છે છે તો તે બંદો પોતાની ઐબો બુરાઈઓ પર નજર નાંખે છે.** જેની જોવાની શક્તિ સંપૂર્ણ થઈ જાય છે તેનાથી કોઈ ગુનોહ છુપો નથી રહેતો. જેથી તે જેવો પોતાની બુરાઈઓ પર માહિતગાર થાય છે તેના માટે તેમનો ઈલાજ જરૂરી થઈ જાય છે પરંતુ વધારે પડતા જાહિલ પોતાની બુરાઈઓથી અજાણ હોય છે, તેઓ બીજાની આંખનું તાતણું તો જોઈ લે છે પણ તેમને પોતાની આંખનું તીર નજરમાં નથી આવતુ. જે વ્યક્તિ પોતાના ઐબો પર જાણકારી ઈચ્છે તેના માટે ચાર રીતો છે :–

**પહેલી રીત** : એવા શૈખે કામિલની દોસ્તી રાખે જે પોતાની ઐબોથી ખબરદાર હોય અને છુપી નફ્સની ખ્વાહિશો તથા નાપાકીઓથી સાચા સંપૂર્ણપણે માહિતગાર હોય. તેને તે પોતાના નફ્સનો હાકિમ બનાવે, ઈબાદતોમાં તેના ઈશારાઓ પર ચાલે. આ સર્વ શેખના હુકમ પર અને શાર્ગિદોએ ઉસ્તાદના હુકમ પર કરવું જોઈએ, જેથી તેનો શૈખ અને ઉસ્તાદ તેના છુપા ઐબો અને તેમના ઈલાજને વર્ણવી શકે. આપણા જમાનામાં આ પ્રકારની ઘણી જ ઈજ્જત છે.

**બીજી રીત** : એવા દોસ્તની સાથે બેસવાવાળો બને જે સાચો દષ્ટિવાળો અને દીનદાર હોય. આદમી તેને પોતાના નફ્સને સાચવનાર બનાવે જેથી તે દોસ્ત તેના એહવાલો અને કામો પર નજર રાખે અને તેમનામાંથી જે આદત અને જાહેરી અને છુપી ઐબ નજર આવે તે તેને તેના પર ચેતવણી આપે. અક્કલમંદ અને મહાન આલિમે દીનનો આ જ તરીકો હતો. હઝરત ઉમર رضی اللہ عنہ ફર્માવ્યા કરતા હતા કે અલ્લાહ તઆલા તે જવાન પર રહમ ફર્માવે જે મને મારી ઐબોની જાણ કરાવે અને આપ હઝરત સલ્માન رضی اللہ عنہથી પોતાના ઐબો પૂછયા કરતા હતા. તેઓ જ્યારે પણ આવતા આપ તેમને ફર્માવતા, શું આપે મારી અંદર કોઈ એવી ચીજ જોઈ છે જેને આપ બુરી સમજો છો ? હઝરત સલમાન رضی اللہ عنہએ માફી

ચાહી પણ હઝરત ઉમર رضی اللہ عنہએ જ્યારે ખૂબ જ જીદ કરી તો તેમણે કહ્યું, મને ખબર પડી કે તમે એક દસ્તરખ્વાન પર બે શાક ભેગાં કરો છો અને તમારો રાતનો જુદો જુદો પોશાક છે. હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું, શું આપે એના સિવાય બીજી કોઈ વાત પણ સાંભળી છે ? તેમણે કહ્યું, ના ! ત્યારે આપે ફર્માવ્યું કે મેં તેમને છોડી દીધું.

અને હઝરત હુઝૈફા رضی اللہ عنہથી ફર્માવ્યા કરતા (આપ મુનાફિક઼ોના બારામાં નબી કરીમ ﷺના રાઝ જાણનાર હતા) ફર્માવો ! ક્યાંક મારી અંદર આપને મુનાફિક઼તની નિશાનીઓ તો નથી જોવામાં આવી ? આપ પોતાના જલીલુલ કદર અને અઝીમુશ્શાન મર્તબાના હોવા છતાં પોતાના નફ્સની દેખભાળ અને સાવચેતીથી ગાફિલ ન થતા.

જે કોઈનામાં ભરપૂર બુદ્ધિ અને ઊંચો મકામ હોય છે તે અભિમાનથી દૂર થઈ જાય છે અને પોતાના નફ્સને બુરુભલુ કહેવાથી ગાફિલ નથી થતો અને તે કારણથી ઊંચા મર્તબા પર સરફરાઝ થયો.

એવા વ્યક્તિને દોસ્ત ન બનાવો જે આંખ આડા કાન કરવાથી કામ લેતો રહે અને તમને તમારી ઐબો ન બતાવે અને એક નિશ્ચિત હદથી વધવાની કોશિશ ન કરતાં તમને તમારા વિશે અંધારામાં રાખે. જેથી એવા લોકોને દોસ્ત બનાવો જે ઈર્ષાળુ અને સ્વાર્થી હોય જેથી તે તમારી નેકીઓ પણ ઐબોની શક્કલમાં બતાવે અને તમે તેમનાથી બોધ મેળવો, અને એવા ઐબો છુપાવવાળા દોસ્તથી બચો જે તમારી બુરાઈઓને ખૂબીઓ કહે.

એટલા માટે કહે છે કે જ્યારે દાઊદ તાઈ رحمۃ اللہ علیہએ લોકોથી અલિપ્ત રહેવાનું શરૂ કર્યું તો કોઈએ પૂછયું, આપ લોકોથી મેળમિલાપ કેમ નથી રાખતા ? આપે ફર્માવ્યું, હું એવી કૌમથી કેવી રીતે સંબંધો રાખું જે મારાથી ઐબો છુપાવે છે.

દીનદાર લોકો શરૂઆતથી જ એ વાતના ઈચ્છુક રહેતા હતા કે લોકો તેમને તેમના ઐબો પર જાણકારી કરે અને તેઓ પોતાની સુધારણા કરી લે, પરંતુ **આપણી પરિસ્થિતિ એવી છે કે જે અમને નસીહત કરે છે અને આપણને આપણી ખામીઓ બતાવે તેને આપણે આપણો**

**બધાથી મોટો દુશ્મન સમજીએ છીએ અને આજ વાત ઈન્સાનના ઈમાનને કમજોર કરી દે છે.** કેમ કે કુટેવો સાપ વીંછીની જેમ ડંખવાવાળી છે. **જો આપણને કોઈ વ્યક્તિ એવું કહી દે કે તમારાં કપડાંઓમાં વીંછીઓ છે તો આપણે તેના એહસાનમંદ થઈએ છીએ, તેનો શુક્ર અદા કરીએ છીએ અને વીંછીથી બચવાની યુક્તિ અને તેને મારવાની કોશિશો કરવા લાગીએ છીએ. જો કે તેની તકલીફ માત્ર શરીર અનુભવે છે, અને એક બે દિવસથી વધારે તેનું દુઃખ પણ બાકી રહેતું નથી. પણ કુટેવોની તકલીફ દિલના ઊંડાણમાં અનુભવાય છે અને મને બીક છે કે આ દુઃખ મૌતના પછી પણ બાકી રહેશે, જો કાયમ બાકી ન રહ્યું તો પણ હજાર વર્ષો તેની સજામાં દુઃખદર્દ સહન કરવા પડશે.**

બીજી વાત એ છે કે તે આપણે શીખામણ આપવાવાળાની શીખામણ સાંભળીને પોતાના તે એબોના નિવારણની ચિંતા કરીએ તથા આપણા પર એહસાન કરવાવાળાનો શુક્ર અદા કરીએ, તેના બદલે તેનો સામનો કરવા મંડી જઈએ છીએ. આ પ્રમાણે કહીએ છીએ કે તમે પણ આવાં આવાં કામો કરી ચૂકેલા છો ! આપણને તેની દુશ્મની સાચી વાતો પર અમલ કરવાથી રોકી દે છે. અને આ જે કાંઈ છે તે દિલની કઠણતાના કારણે હોય છે જે વધારે પડતા ગુનાહોથી પથ્થરથી પણ વધારે સખત થઈ જાય છે. તેનું કેન્દ્ર ઈમાનની કમજોરી છે. જેથી આપણે અલ્લાહ તઆલાથી દુઆ કરીએ છીએ કે અય રબ્બે ઝુલજલાલ ! અમને સીધા રસ્તા પર ચાલવાની તૌફીક આપ ! અમને અમારા ઐબો જોવાની તથા તેનો ઈલાજ કરવાની હિમ્મત આપ અને અમને તારી રહમતના સદકામાં દરેક વ્યક્તિનો શુક્રિયા અદા કરવાની તૌફીક આપ જે અમને અમારા ઐબોથી જાણકારી આપે.

**ત્રીજી રીત :** પોતાના દુશ્મનોથી પોતાની ખામીઓ સાંભળે કેમ કે દુશ્મનની આંખ દરેક ખામીને જાહેર કરી દે છે. શાણો પુરૂષ કીનાખોર દુશ્મનથી પોતાની ખામીઓ સાંભળીને એવી ભૂલો છુપાવવાળા દોસ્તથી વધારે નફો મેળવી શકે છે જે તેની પ્રશંસા કરતો રહે છે અને તેની ખામીઓ છુપાવતો રહે છે. પણ મુસીબતો એ છે કે ઈન્સાની તબિયત દુશ્મનની

વાતને જૂઠી અને અદેખાઈ પર બનેલ વિચારે છે, પરંતુ અક્કલવાળો દુશ્મનની વાતોથી પણ બોધ મેળવે છે અને પોતાની ખામીઓની સુધારણા કરે કે છેવટે કોઈ ખામી તો જરૂર છે જે તેના દુશ્મનોની નજરમાં છે.

**ચોથી રીત** : લોકોથી હળીમળી જાય, તેમની જે આદત તેને સારી લાગે તેને અપનાવી લે અને જે કામ તેને ખરાબ લાગે તેમાં ધ્યાનથી વિચારે કે ક્યાંક એવું તો નથી કે તેને પોતાની ખામીઓ બીજાના અરીસામાં દેખાઈ રહી છે. કેમ કે મો'મિન મો'મિનનો અરીસો હોય છે જેથી બીજાઓની ખામીઓના અરીસામાં પોતાની ખામીઓ શોધે. અને તે જાણે છે કે નફ્સાની ખ્વાહિશમાં તબિયતો એકબીજાની નજીક છે, જે ચીજ એક સમયના લોકોમાં હશે તે બીજા સમયના લોકોમાં પણ હશે જેથી તેને પોતાના નફ્સમાં શોધ કરવી જોઈએ અને પોતાના નફ્સને બુરી ચીજોથી પાક કરવો જોઈએ. હું સમજુ છું કે અદબ શીખવાડવા માટે આ કાફી છે. જો લોકો તે દરેક ચીજોને છોડી દે જેને તેઓ બીજાઓથી મહબૂબ સમજતા હતા તો તેમને કોઈ બીજી અદબ શીખવાડવાની જરૂરત જ ન પડે.

હઝરત ઈસા علیہ السلامથી પૂછવામાં આવ્યું કે આપને અદબ કોણે શીખવાડી? આપે ફર્માવ્યું, મને કોઈએ અદબ નથી શીખવાડી પરંતુ મેં જાહિલની જેહાલતને બુરી સમજતાં તેનાથી અલગ થઈ ગયો.

ઉપરોક્ત બધી રીતો તે લોકોના માટે છે જેને કામિલ પીર અક્કલવાળો, દિર્ઘ દષ્ટિવાળો, નફ્સની ખામીઓ પર ઘણા જ પ્રેમભર્યા તરીકાથી નસીહત કરવાવાળો, દીનના મામલાઓને સમજવાવાળો, પોતાના નફ્સની સુધારણાની કોશિશ કરવાવાળો અને ખુદાના બંદાઓની સુધારણાનો બોજ ઉઠાવવાવાળો રેહબર ન મળે. પણ જેણે એવા કામિલ શૈખને મેળવી લીધો તેણે કામિલ તબીબને મેળવી લીધો, જેથી તેને તેની સંગત કરવી જોઈએ કેમ કે એ જ તે શખ્સિયત છે જે તેને તેની બીમારીથી છૂટકારો અપાવશે અને તે વિનાશક બીમારીથી છૂટકારો આપશે જે તેને ક્રમે ક્રમે તબાહીની તરફ લઈ જઈ રહી છે.

સમજી લો કે અમે જે કાંઈ વાતો કરી છે જો તમે તેને ઈબ્રતની નજરથી જુઓ તો તમારી જોવાની શક્તિ ખૂબી પર પહોંચશે અને ઈલ્મ તથા યકીનના કારણે તમારા પર દિલની બધી જ બીમારીઓ, તકલીફો અને તેમના ઈલાજ

જાહેર થઈ જશે. જો તમે તે કમાલના દરજાને ન મેળવી શક્યા તો પણ જરૂરી છે કે તમારું ઈમાન અને દિલનું યકીન મૃત થવા ન પામે અને દરેક તે વ્યક્તિનું અનુસરણ કરો જે અનુસરણના લાયક હોય, કેમ કે ઈલ્મની જેમ ઈમાનના પણ દરજાઓ છે અને ઈલ્મ ઈમાનના પછી પ્રાપ્ત થાય છે, જેમ કે ફર્માને ઈલાહી છે :–

يَرْفَعُ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا مِنْكُمْ وَالَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ دَرَجٰتٍ ؕ وَكُلًّا وَّعَدَ اللّٰهُ الْحُسْنٰى

**તર્જુમો** : ''અલ્લાહ તઆલા તે લોકોને જે તમારામાંથી ઈમાન લાવ્યા ઊંચો મર્તબો આપશે અને જેમને ઈલ્મ આપવામાં આવ્યું છે તેમને દરજાઓ આપવામાં આવશે.'' *(સૂ. મુજાદિલા, આ. ૧૧, પારા, ૨૮)*

જેથી જે વ્યક્તિએ એ જાણી લીધું કે નફ્સ તથા મનેચ્છાનો વિરોધ જ અલ્લાહ તઆલાની તરફ જવાનો રસ્તો છે અને તે તેમના સબબો તથા કારણો સુધી સંપૂર્ણપણે પહોંચ ન પામી શક્યો તે ઈમાનદારોમાંથી છે. અને જ્યારે કોઈ વ્યક્તિ વાસનાઓના આ સહાયકોથી માહિતગાર થઈ ગયો જેની અમે વાતચીત કરી છે, તે એ લોકોમાંથી છે જેમને અલ્લાહ તઆલાએ ઈલ્મ આપ્યો છે અને જેમનાથી અલ્લાહ તઆલાએ ભલાઈનો વાયદો કર્યો છે.

અને જે વ્યક્તિ આ બાબતોને નજર સમક્ષ રાખવાની સાથે કુર્આન તથા સુન્નત અને ઉલ્માએ કિરામના કથનોથી દીનની હકીકતને સમજે છે અને ઈમાનની મજબૂતાઈ ચાહે છે તેનો મર્તબો ઊંચામાં ઊંચો છે.

ફર્માને ઈલાહી છે : وَنَهَى النَّفْسَ عَنِ الْهَوٰى فَاِنَّ الْجَنَّةَ هِىَ الْمَاْوٰى ''અને જેણે નફ્સને ઈચ્છાઓથી રોકી લીધો તો બેશક ! જન્નત જ તેનું રહેઠાણ છે.'' *(સૂ. નાઝિઆત, આ. ૪૦–૪૧, પારા : ૩૦)*

અને આગળ ઈર્શાદ ફર્માવ્યો :–

اُولٰٓئِكَ الَّذِيْنَ امْتَحَنَ اللّٰهُ قُلُوْبَهُمْ لِلتَّقْوٰى ''આ જ તે લોકો છે કે અલ્લાહ તઆલાએ જેમનાં દિલોને તકવાના માટે ખાસ કરી દીધાં છે.'' *(સૂ. હુજુરાત, આ. : ૩, પારા : ૨૬)*

કહેવામાં આવ્યું છે કે તેનાથી મતલબ એ છે કે અલ્લાહ તઆલાએ તેમનાં દિલોએથી મનેચ્છાઓની મહોબ્બત કાઢી લીધી છે.

ફર્માને નબવી છે કે મો'મિન પાંચ મુસીબતોમાં ઘેરાયેલ હોય છે :–

મો'મિન તેનાથી અદેખાઈ કરે છે, મુનાફિક તેનાથી દુશ્મની રાખે છે, કાફિર તેને કતલ કરવાની કોશિશમાં હોય છે, શૈતાન તેને ગુમરાહ કરે છે અને નફ્સ તેનાથી ઝઘડો કરે છે. જેથી સાબિત થયું કે નફ્સ ઝઘડાળુ દુશ્મન છે જેનો સામનો કરવો અત્યંત જરૂરી છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૧/૧૬૧)*

મરવી છે કે અલ્લાહ તઆલાએ હઝરત દાઊદ عليه السلامની તરફ વહી ફર્માવી, અય દાઊદ ! પોતે બચો અને મિત્રોને પણ વાસનાઓની પૈરવી કરવાથી ડરાવો ! કેમ કે દિલ દુનિયાવી વાસનાઓમાં મગ્ન હોય છે, તેમની અક્કલ મારાથી દૂર થઈ જાય છે. *(અહયાઉલ ઉલૂમ, ૩/૬૦)*

હઝરત ઈસા عليه السلامએ ફર્માવ્યું, તે વ્યક્તિના માટે ખુશખબર છે જેણે તે વાયદો કરેલ ઈનામોની ખાતર જે અત્યારે નજરોથી ઓજલ છે, જાહેરી ચીજોની ઈચ્છાઓ છોડી દીધી છે.

હુઝૂર صلى الله عليه وسلمએ સહાબાઓની એવી જમાઅતથી જે જેહાદથી આવી રહી હતી તેમને ફર્માવ્યું, ભલે પધારો ! તમે નાના જેહાદથી મોટા જેહાદની તરફ પાછા ફર્યા છો. અર્ઝ કરવામાં આવ્યું, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم **મોટો જેહાદ** શું છે ? આપે ફર્માવ્યું, **"નફ્સથી જેહાદ !"**

ફર્માને નબવી છે કે મુજાહિદ તે છે જે અલ્લાહ તઆલાની ઈબાદતમાં નફ્સથી લડાઈ કરે છે. *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૫૪, મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૩૫, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૮/૩૦૯, કન્ઝુલ ઉમ્માલ, ૪/૪૩૦, અત્તરગીબ વત્તરહીબ, ૨/૧૫૫)* ફર્માને નબવી છે કે પોતાના નફ્સની મુસીબતોને રોક ! તેની ઈચ્છાઓની પૈરવીમાં અલ્લાહ તઆલાની નાફર્માની ન કર ! જ્યારે કિયામતના દિવસે તારો નફ્સ તારાથી ઝઘડો કરશે તો તારા વજૂદનો એક ભાગ બીજા પર લા'નત કરશે. અલ્લાહ તઆલા જો તને બખ્શી દે અને તારી બુરાઈઓને ઢાંકી દે તો એ અલગ વાત છે. *(અહયાઉલ ઉલૂમ, ૩/૬૦)*

જનાબ સુફયાન થૌરી رضی اللہ عنہ નો કૌલ છે કે, મેં નફ્સથી વધીને કોઈ ચીજનો મુશ્કેલ ઈલાજ નથી કર્યો જેમાં ક્યારેક મને લાભ અને ક્યારેક નુકસાન થયું.

જનાબ અબૂ અબ્બાસ અલમૂસલી رضی اللہ عنہ ફર્માવ્યા કરતા હતા, અય નફ્સ ! ન તો તૂં દુનિયાદારોની સાથે રહીને એશ આરામની મજા લૂટે છે અને ન તો આખેરતને મેળવવા માટે નેકીઓની સાથે રહીને ઈબાદત તથા રિયાઝત કરે છે. જાણે કે તું મને જન્નત અને દોઝખની વચમાં રોકી રહ્યો છે ! તને શરમ નથી આવતી !

જનાબ હસન رضی اللہ عنہ નો કૌલ છે કે નફ્સ તોફાની જાનવરથી પણ વધારે લગામનો મોહતાજ છે. જનાબ યહ્યા બિન મઆઝ رضی اللہ عنہ નો કૌલ છે કે નફ્સનો રિયાઝતની તલ્વારોથી મુકાબલો કર, રિયાઝતના ચાર પ્રકાર છે : મામૂલી ખાવું, મામૂલી સૂવું, જરૂરતના સમયે બોલવું અને બધા લોકોથી દુઃખ વેઠવું. ઓછુ ખાવાથી વાસના મરી જાય છે, ઓછુ સૂવાથી વિચારો પાકીઝા થાય છે, ઓછુ બોલવાથી સલામતી મળે છે અને લોકોથી દુઃખ વેઠવાથી ઈન્સાન ઊંચા મર્તબા સુધી પહોંચી જાય છે. કોઈ ઈન્સાનના માટે જુલ્મના સમયે હોસલાથી વધીને શ્રેષ્ઠ ચીજ બીજી કોઈ નથી. તકલીફમાં સબ્ર કરવું પણ એની જેમ છે. જ્યારે પણ નફ્સ ગુનાહો અને વાસનાઓની તરફ વળે, અર્થહીન વાતચીત કરવાને સારું સમજવા લાગે, તેના પર ઓછુ ખાવા, ઓછુ સૂવા અને અને બેદારી (જાગરણ)ની તલ્વારો ખેંચીને તેને ઓછું બોલવાની સજા આપ. છુપી રીતે તેની ઉપર વાર કર ! ત્યાં સુધી કે, તું જુલ્મ અને બદલાથી સલામત થઈ જાય. બધા લોકોને તેની આફતોથી ચૈન મળે, તેની વાસનાઓના અંધકારને દૂર કર જેથી તેની ગુમરાહીની મુસીબતથી છૂટકારો મેળવી લે, ત્યારે તું પાકીઝા અને રૂહાની તથા નૂરાની રહસ્યોનો માલિક બની જશે. પછી તું તે ઝડપથી દોડનાર ઘોડાની જેમ જે મેદાનમાં પોતાની તેજ ઝડપના પરાક્રમ દેખાડે છે, તેમ નેકીઓ અને ઈબાદતની રાહોમાં પોતાની અગ્રતા તથા તેજ ઝડપના પરાક્રમ દેખાડજે અને બગીચાના માલિકની જેમ બગીચાની નહેરના કિનારે ટહેલજે.

આપે આગળ ફર્માવ્યું કે ઈન્સાનના ત્રણ દુશ્મન છે : દુનિયા, શૈતાન

અને નફ્સ. દુનિયાને છોડીને તેનાથી બચેલો રહે, શૈતાનનો વિરોધ કર અને વાસનાઓ છોડીને નફ્સની બુરાઈઓથી બચી જા.

કોઈ હકીમનો કૌલ છે કે જે વ્યક્તિ પર તેના નફ્સનો પ્રભાવ આવી જાય છે તે વાસનાની મહોબ્બતનો ગુલામ થઈ જાય છે, અને વાસનાઓની જેલનો કેદી બની જાય છે. નફ્સના હાથમાં તેની લગામો હોય છે, તે તેના પર જોર જુલ્મ કરે છે અને જ્યાં ઈચ્છે છે તેને ઘસેડીને લઈ જાય છે. જેથી તેનું દિલ દરેક દીની ફાયદાઓથી વંચિત કરી દેવામાં આવે છે.

હઝરત જાફર બિન હમીદ رضی اللہ عنہ ફર્માવે છે કે **મેં આલિમો અને હકીમોને તે બાબત પર એકમત જોયા છે કે દુનિયાની નેઅમતો છોડયા વગર આખેરતની નેઅમતો મળતી નથી.**

હઝરત અબૂ યહ્યા અલવરાક رضی اللہ عنہનો કૌલ છે કે જે વ્યક્તિએ પોતાના અંગોની વાંછનાઓને પૂરી કરી તેણે જાણે કે દિલમાં પસ્તાવાના બીજ રોપ્યાં. હઝરત વહબ બિન અલવરદ رضی اللہ عنہનો કૌલ છે કે જે કાંઈ જીવવા પૂરતા ખોરાકથી વધારે છે તે વાસના છે. આગળ ફર્માવ્યું કે, જેણે દુનિયાવી વાસનાઓને મહબૂબ રાખી તે બેઈજ્જતીના માટે તૈયાર થયો.

**હિકાયત** : અઝીઝે મિસરની પત્નીએ હઝરત યૂસુફ علیہ السلامને જ્યારે મિસરની સલ્તનત પર નિમણૂંક જોયા અને પોતે યૂસુફ علیہ السلامની પસાર થવાની જગા પર એક ઊંચા ટેકરા પર બેઠેલ હતી. હઝરત યૂસુફ علیہ السلام લગભગ બાર હજાર ઉમરાવોની સાથે ત્યાંથી પસાર થઈ રહ્યા હતા તો તેણે કહ્યું, પાક છે તે જાત જે ગુનાહોના કારણે બાદશાહોને ગુલામ બનાવી દે છે ! બેશક ! લાલચ અને મનેચ્છાઓ બાદશાહોને ગુલામ બનાવી દે છે. અને આ જ બાગીઓનો બદલો છે અને સબ્ર તથા તકવાએ ગુલામોને બાદશાહ બનાવી દીધા. હઝરત યૂસુફ علیہ السلامને અલ્લાહ તઆલાએ જ્યારે અઝીઝે મિસરની પત્નીની ચાલીસ વાતો જણાવી તો તેઓ એકાએક કહી ઉઠયા, જેવું કે ફર્માને ઈલાહી છે : **انه من يتق و يصبر فان الله لا يضيع اجر المحسنين** ''બેશક ! જે તકવો અને સબ્ર પ્રાપ્ત કરી લે છે ! અલ્લાહ તઆલા નેકીઓ કરાવાવાળાના સવાબને રદ નથી કરતો.'' *(સૂ. યૂસુફ, આ. : ૯, પારા : ૧૩)*

હઝરત જુનૈદ رضی اللہ عنہ નું કહેવું છે કે એકવાર હું રાત્રે જાગીને ઈબાદતમાં મગ્ન થયો પણ મને ઈબાદતમાં મજા ન આવી, ત્યારે મને વિચાર આવ્યો કે જઈને સૂઈ જાઉં પણ ઊંઘ મારાથી લાખો ઘણી દૂર હતી. હું ઉઠીને બેસી ગયો તો પણ મને ચૈન ન આવ્યું જેથી હું બહાર નીકળી ગયો. રસ્તામાં મેં એક વ્યક્તિને ચાદરમાં લપેટાયેલ જોયો. જ્યારે તેણે મારો પગરવ સાંભળ્યો તો કહ્યું, અય અબુલ કસિમ ! જરા મારી તરફ તશરીફ લાવો ! મેં કહ્યું, આકા ! કોઈના બોલાવ્યા વગર આવી જાઉં ! તે કહેવા લાગ્યો, હા ! મેં અલ્લાહ તઆલાથી સવાલ કર્યો હતો કે આપના દિલમાં મારા માટે હલચલ પૈદા કરે. મેં કહ્યું, અલ્લાહ તઆલાએ એવું જ કર્યું છે, જણાવો આપની જરૂરત શું છે ? તે વ્યક્તિ કહેવા લાગ્યો, નફ્સની બીમારી તેના માટે ઈલાજ ક્યારે બને છે ? મેં કહ્યું, જ્યારે આપ પોતાના નફ્સની વાસનાની વિરુધ્ધ કરો ત્યારે. તે પોતાની જાતને કહેવા લાગ્યા, સાંભળી લીધું ! મેં તને સાત વાર આ જ વાત બતાવી હતી પણ તે જુનૈદના સિવાય કોઈની વાત સાંભળવાથી મના કરી દીધું ! હવે સાંભળી લીધું કે જુનૈદ શું કહે છે ! પછી તે ચાલ્યો ગયો અને જાણે ક્યાં અદશ્ય થઈ ગયો ?

જનાબ યઝીદ રક્કાશી رضی اللہ عنہ એ કહ્યું કે તમે મને દુનિયામાં ઠંડા પાણીથી બચાવો ! ક્યાંક આખેરતમાં હું તેનાથી વંચિત ન થઈ જાઉં.

કોઈએ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ ને પૂછયું, હું ક્યારે બોલું ? તેમણે કહ્યું, જ્યારે તને ચુપ રહેવાની ઈચ્છા થાય. તેણે કહ્યું અને ચુપ ક્યારે રહું ? આપે ફર્માવ્યું, જ્યારે તને વાતચીત કરવાની ઈચ્છા થાય.

હઝરત અલી رضی اللہ عنہ નું ફર્માન છે કે જે જન્નતનો મુશ્તાક હોય તે દુનિયાવી ખ્વાહિશાતથી દૂર થઈ જાય.

(પ્રકરણ : ૭૭)

## ઈમાનની તારીફ તથા મુનાફિક઼તપણાનો વિરોધ

જાણી લો કે ઈમાન અલ્લાહ તઆલાની વહદાનિયતની ગવાહી અને રસૂલોના લાવેલા હુકમોનુ સમર્થન અને અમલોના ખજાનાનું નામ છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

**اِنَّمَا الْمُؤْمِنُوْنَ الَّذِيْنَ اٰمَنُوْا بِاللّٰهِ وَرُسُوْلِهٖ ثُمَّ لَمْ يَرْتَابُوْا وَجٰهَدُوْ بِاَمْوَا لِهِمْ وَاَنْفُسِهِمْ فِیْ سَبِيْلِ اللّٰهِ اُولٰٓئِكَ هُمُ الصّٰدِقُوْنَ**

**તર્જુમો** : "ઈમાનદાર લોકો તે જ છે જેઓ અલ્લાહ અને તેના રસૂલ ﷺ પર ઈમાન લાવ્યા અને પછી તેમાં શક કર્યો અને રાહે ખુદામાં પોતાના માલો અને પોતાની જાનો સાથે જેહાદ કરી, આ જ લોકો સાચા છે." *(સૂ. હુજુરાત, આ. ૧૫, પારા : ૨૬)*

એક બીજી આયતમાં ઈર્શાદ ફર્માવ્યો છે :–

**وَلٰكِنَّ الْبِرَّ مَنْ اٰمَنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَالْمَلٰٓئِكَةِ وَالْكِتٰبِ وَا لنَّبِيِّيْنَ**

**તર્જુમો** : "પરંતુ ભલાઈ તેના માટે છે જે અલ્લાહ અને કિયામતના દિવસ અને ફરિશ્તાઓ અને કિતાબો અને નબીઓ પર ઈમાન લાવ્યો." *(સૂ. બકરહ, આ. : ૧૭૭)*

એ રીતે અલ્લાહ તઆલાએ વીસ ખૂબીઓ (ગુણો)ને કામિલ ઈમાનની શરતો ઠરાવી છે, જેમ કે વાયદો પૂરો કરવો, તકલીફોમાં સબર કરવી વગેરે. બીજી એક આયતમાં ફર્માને ઈલાહી છે : "અલ્લાહ તઆલા તે લોકોને બુલંદ કરશે જેઓ તમારામાંથી ઈમાન લાવ્યા અને જેમને ઈલ્મ આપવામાં આવ્યો તેમને દરજાઓ." *(સૂ. મુજાદિલા, આ. : ૧૧)* બીજી એક જગાએ ફર્માને ઈલાહી છે : તમારામાંથી તે આદમી બરાબર નથી જેણે ફતહે મક્કા પહેલાં ખર્ચ કર્યો અને લડાઈ કરી." *(સૂ. હદીદ, આ. : ૧૦)* ફર્માને ઈલાહી છે, "આ લોકો અલ્લાહ તઆલાની નજીક મર્તબાઓ પર બિરાજેલ છે." *(સૂ. આલે ઈમરાન, આ. : ૧૬૩)*

ફર્માને નબવી છે કે ઈમાન ઉઘાડુ છે અને તેનો લિબાસ તકવો છે. *(અહયાઉલ ઉલૂમ, ૧/૪૪)* અને ઈર્શાદ ફર્માવ્યો કે ઈમાનથી સહેજ ઉપર ૭૦ દરજ્જાઓ છે અને કમતરીન દરજ્જો માર્ગમાંથી તકલીફ આપનાર ચીજને દૂર કરવું છે. *(નિસાઈ, ૨/૬૨૮, અબૂ દાઊદ, ૨/૬૪૩, ઈબ્ને માજહ, પેજ : ૭, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૧૩૯,૧૯૪, કન્ઝુલ ઉમ્માલ્, ૧/૩૬)*

આ જ હદીષ એ બાબત માટે દલીલ પૂરી પાડે છે કે કામિલ ઈમાન અમલ સાથે સંકળાયેલ છે. અને ઈમાનનું નિફાકથી અલિપ્ત અને શિર્કે ખફીથી વિમુખ હોવું હુઝૂર ﷺના ફર્માનથી સાબિત છે.

ઈર્શાદ થાય છે : ''ચાર ચીજો જેનામાં હોય તે નમાઝી તથા રોઝાદાર હોવા છતાં **તદ્દન મુનાફિક્** છે ભલે તે પોતાને મો'મિન જ જાણતો હોય :–

**જ્યારે તે વાત કરે તો જૂઠુ બોલે, વાયદો કરીને વાયદાભંગ કરે, તેને ત્યાં અમાનત રાખવામાં આવે તો ખયાનત કરે અને જ્યારે ઝઘડો કરે તો બેહૂદાપણા પર ઉતરી આવે.** કેટલીક રિવાયતોમાં છે કે જ્યારે વાયદો (ક્રાર) કરે તો તેને તોડી નાખે.

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત થયેલ હદીષમાં છે :

''દિલ ચાર છે : દુનિયવી ખ્વાહિશોથી સજ્જ દિલ જેમાં મઅ્રેફતનો ચિરાગ રોશન છે અને એ જ મો'મિનનુ દિલ છે. એવું દિલ જેમાં ઈમાન તથા નિફાક્ બંને હોય, એવા દિલમાં ઈમાન હરિયાળી (લીલોતરી)ની જેમ છે જે મીઠા પાણીથી ઉછેર પામે છે અને નિફાક્ એવા ઝખ્મની જેમ છે જે પરુ તથા ગંદા લોહીથી ફેલાતુ જાય છે. એમાંથી જે ચીજ સવાર થઈ જાય છે દિલ પર તેનો હુકમ ચાલે છે. બીજી રિવાયતના શબ્દો છે કે જે એમાંથી સવાર થઈ જાય છે તે બીજાને લઈ જાય છે. *(બુખારી, ૧/૧૦, મુસ્લિમ, ૧/૫૬, તિર્મિઝી, ૨/૯૧, નિસાઈ, ૨/૨૭૦, બયહકી, ૯/૩૮૫, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૩૯૦, હિલ્યતુલ અવલિયા, ૭/૨૪૦)* ફર્માને ઈલાહી છે કે મારી ઉમ્મતના મોટાભાગના મુનાફિક્ ક્ારી છે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૩૬૭, અલ મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૭/૧૭૯)*

એક હદીષમાં છે કે મારી ઉમ્મતમાં શિર્ક સફા પહાડ પર ચાલનારી

કીડીથી પણ અધિક છુપુ છે. *(અલ્કામિલ ફી દુઅફા ઉર્રિજાલ, ૯/૧૮, કન્ઝુલ ઉમ્માલ, ૩/૮૧૬)*

હઝરત હુઝૈફા رضی اللہ عنہ ફર્માવ્યા કરતા હતા કે હુઝૂર ﷺના મુબારક યુગમાં (જાહેરી હયાતમાં) માણસ એક વાત એવી કરે છે કે જેના કારણે મૃત્યુ વેળા સુધી તે મુનાફિક થઈ જાય છે અને હું તમારા થકી એવી દસ વાતો દરરોજ સાંભળુ છું.

કેટલાક ઉલમાનુ કહેવું છે કે તે શખ્સ નિફાક઼ની ખૂબ જ નજીક છે જે પોતાને નિફાક઼થી અલિપ્ત સમજે છે.

હુઝૈફહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે આજે હુઝૂર ﷺના મુબારક સમય કરતાં અધિક મુનાફિક઼ છે. ત્યારે મુનાફિક઼ો પોતાનો નિફાક છુપો રાખતા હતા અને હવે જાહેર કરે છે. આ જ નિફાક઼ ઈમાની કમાલ અને ઈમાની સચ્ચાઈના વિરૂધ્ધ (વિરોધાભાસી) છે, કેમ કે એ છુપુ છે. જે તેનાથી ડરે છે તે એનાથી દૂર થાય છે અને એની નજીક તે જ થાય છે જે પોતાને તેનાથી બચેલો (અલિપ્ત) સમજે છે.

જેમ કે હઝરત હસન رضی اللہ عنہને કહેવામાં આવ્યું કે, લોકો કહે છે કે આજ કાલ નિફાક બાકી નથી રહ્યો. આપે ફર્માવ્યું, હે ભાઈ ! જો મુનાફિક઼ો નાશ પામી જાય તો તમે રસ્તાઓ પર ભયભીત બની જાવ. અને આપે અથવા કોઈ બીજાએ કહ્યું કે જો મુનાફિક઼ોનું ઝહેર પૈદા થઈ જાય તો આપણે જમીન પર કદમો વડે ચાલી શકીશુ નહીં. (એની અધિક્તાને કારણે માર્ગે ચાલવું કઠીન થઈ જાય.)

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماએ એક માણસને હજ્જાજને બુરુ ભલુ કહેતો સાંભળીને ફર્માવ્યું કે જો હજ્જાજ મૌજૂદ હોત તો તમે આ વાતો ન કરત ! તેણે કહ્યું, નહીં ! આપે એ સાંભળીને ફર્માવ્યું કે અમે આ ચીજને હુઝૂર ﷺના જમાનામાં નિફાક઼માં ગણતા હતા.

નબી કરીમ ﷺ ફર્માવે છે કે જે શખ્સ દુનિયામાં બે જીભોવાળો હોય છે આખેરતમાં અલ્લાહ તઆલા તેને બે જીભોવાળો બનાવશે. *(અબૂ દાઊદ, ૨/૬૬૮, અત્તરગીબ વત્તરહીબ, ૩/૩૭૧, અલ્મોઅજમુલ ક઼બીર લિત્તબરાની, ૨/ ૧૭૦, હિલ્યતુલ અવલિયા, ૨/૧૮૩)*

વધુમાં ફર્માવ્યું, **બદ્તરીન માણસ બે ચહેરાવાળો હોય છે** જે એકની પાસે એક ચેહરાથી અને બીજાની પાસે બીજા ચેહરાથી જાય છે. (એટલે કે મુનાફિકત કરે છે.) *(બુખારી, ૨/૮૯૫, તિર્મિઝી, ૨/૧૨, અબૂ દાઊદ, ૨/૬૬૮, અહયાઉલ ઉલૂમ, ૧/૧૧૯)*

જનાબ હસન બસરી رضی اللہ عنہ ને કહેવામાં આવ્યું કે, કેટલાક લોકો કહે છે કે તમને નિફાક્નો ડર નથી. આપે ફર્માવ્યું કે, ખુદાના સોગંદ ! મને જમીનની દરેક ઊંચાઈના બરાબર સોનાનો માલિક થવા કરતાં એ વાત અધિક પસંદ છે કે મને જાણ થઈ કે હું નિફાક્થી અલિપ્ત છું.

જનાબ હસન رضی اللہ عنہ નો કૌલ છે, નિફાકના કારણે જીભ તથા દિલ અલગ પડી જાય છે, છુપા તથા જાહેરમાં મતભેદ પડી જાય છે અને આવવા જવામાં ફરક પડી જાય છે. પ્રવેશવાનો તથા નીકળવાનો રસ્તો અલગ હોય છે. કોઈકે હઝરત હુઝૈફહ્ رضی اللہ عنہ ને કહ્યું કે, હું નિફાકથી ડરું છું. આપે ફર્માવ્યું, જો તમે મુનાફિક હોત તો તમને નિફાકનો ડર ન હોત, કેમ કે મુનાફિક નિફાકથી બેપરવા હોય છે.

જનાબ ઈબ્ને અબી મલૈકહ્ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે, મેં એકસો ત્રીસ અને એક રિવાયતમાં એકસો પચાસ સહાબાએ કિરામને જોયા છે કે તેઓ તમામે તમામ નિફાકથી ડરતા હતા.

રિવાયત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم સહાબાની એક જમાઅતમાં રોનક અફરોઝ હતા. સહાબાએ કિરામે એક માણસનો ઉલ્લેખ કર્યો અને તેની ખૂબ જ અધિક પ્રમાણમાં પ્રશંસા કરી. સૌ હઝરાત એ જ પ્રમાણે બેઠેલા હતા, (એવામાં તે શખ્સ ઉપસ્થિત થયો) તેના ચેહરેથી વુઝૂનું પાણી ટપકી રહ્યું હતું, પગરખાં તેના હાથમાં હતાં અને તેની આંખોની વચ્ચે સિજદાઓનું નિશાન હતું. સહાબાએ કિરામે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આ તે જ વ્યક્તિ છે જેની અમે તમારી સમક્ષ પ્રશંસા કરી છે ! હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, મને તેના ચેહરા પર શૈતાનની અસર જણાય છે ! તે માણસ આવીને સહાબાઓની સાથે બેસી ગયો અને હુઝૂર صلی اللہ علیہ وسلم ને સલામ કરી. આપે તેને જોઈને ફર્માવ્યું, હું તને અલ્લાહની કસમ આપુ છું કે જણાવ કે જ્યારે તેં આ લોકોને જોયા તો તારા દિલમાં એવો ખયાલ આવ્યો હતો કે તું એમનાથી

સારો છે ?! બોલ્યો, હે અલ્લાહના રસૂલ ! હા ! ત્યારે આપે આપની દુઆમાં ફર્માવ્યું, હે અલ્લાહ ! હું તારાથી દરેક તે વાતથી જેને જાણુ છું કે નથી જાણતો બખ્શિશ ચાહું છું. અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! ﷺ તમે પણ ડરો છો ?! આપે ફર્માવ્યું કે હું કેમ કરીને નીડર થઈ જાઉં જ્યારે કે મખ્લૂકનાં દિલ અલ્લાહ તઆલાની બે આંગળીની વચ્ચે છે. (નોંધ: આ હદીષે પાકમાં અલ્લાહ તઆલાની આંગળીઓનો ઉલ્લેખ છે, એનાથી માણસની આંગળીઓ જેમ અર્થ કરવામાં ન આવે કેમ કે અલ્લાહ આંગળીઓથી બલ્કે શરીરથી પાક છે. એનું દષ્ટાંત એવું છે જેમ કે કુર્આનમાં યદુલ્લાહ યાને "અલ્લાહનો હાથ" આવેલ છે. તેનો મતલબ અલ્લાહ અને તેનો હબીબ જાણે. આ મુતશાબેહાતમાંથી છે. ***-અનુવાદક***) તે જેવી રીતે ચાહે છે તેમને ફેરવતો રહે છે. *(અહયાઉલ ઉલૂમ, ૧/૧૧૯)*

ફર્માને ખુદા તઆલા છે : **وَبَدَا لَهُمْ مِّنَ اللّٰهِ مَا لَمْ يَكُوْنُوْا يَحْتَسِبُوْنَ**

**તર્જુમો** :"અને જાહેર થઈ જશે તેમના વાસ્તે અલ્લાહની તરફથી જેમને તેઓ ગુમાન કરતા ન હતા." *(સૂ. ઝુમર, આ. ૪૭, પારા : ૨૪)*

એની તફસીરમાં કહેવામાં આવ્યું છે કે **તેમણે એવા અમલો કર્યા જેને તેઓ પોતાના ગુમાન પ્રમાણે નેકીઓ સમજતા હતા પણ તે ગુનાહોના પલ્લામાં જઈને પડયા.**

હઝરત સર્રી સકતી رضی اللہ عنہનો કૌલ છે કે જો કોઈ માણસ એવા બાગમાં જાય જેમાં દરેક પ્રકારનાં ઝાડો હોય અને તે ઝાડો પર દરેક પ્રકારનાં પક્ષીઓ હોય જે તેને જોઈને એક અવાજે કહે, હે અલ્લાહના વલી ! તારા પર સલામ હજો ! અને તેનું દિલ એ વાત સાંભળી સંતોષ અનુભવે તો જાણે કે તે, તે પક્ષીઓનો ગુલામ છે.

આ તમામ કથનો (અકવાલ) તથા હદીષો તને તે ખતરાઓથી આગાહ કરશે જે છુપા નિફાક અને શિર્કે ખફી પર અવલંબિત હોય છે. અને કોઈ પણ બુદ્ધિશાળી એનાથી ગાફેલ નથી રહેતો, ત્યાં સુધી કે હઝરત ઉમર رضی اللہ عنہ હઝરત હુઝૈફહ્ رضی اللہ عنہને પોતાના વિશે પૂછયા કરતા હતા. (આ રિવાયત અગાઉ પણ આવી ચૂકી છે.)

જનાબ સુલૈમાન દારાની رضی اللہ عنہનો કૌલ છે કે મેં એક અમીર પાસેથી એવી વાત સાંભળી જે મને નાપસંદ થઈ અને મેં તેને ટોકવાનો ઈરાદો કર્યો પણ મને અંદેશો થયો કે ક્યાંક તે મને કત્લ કરવાનો હુકમ ન કરી આપે. હું મૌતથી નહીં પણ એ વાતથી ડર્યો કે કત્લના સમયે લોકો સમક્ષ મારા દિલમાં એ વાત ન આવી જાય કે મેં કેવું ઉમદા કામ કર્યું છે ! જેથી હું તે ટોકવાથી અટકી ગયો.

આ નિફાકનો તે પ્રકાર છે જે મૂળ ઈમાનને નહીં પણ તેની સફાઈ, કમાલ, હકીકત અને સચ્ચાઈની વિરૂધ્ધ છે. નિફાકના બે પ્રકારો છે : એક પ્રકાર તે છે જે દીનમાંથી કાઢીને કાફિરોમાં સામેલ કરી આપે છે, અને તે લોકોની સાથે જોડી આપે છે જેઓ હમેશાં હમેશાંના માટે જહન્નમમાં રહેશે. બીજો પ્રકાર તે છે જે તેને ધરાવનારને કેટલાક સમય માટે જહન્નમમાં પહોંચાડશે અથવા તેના બુલંદ મર્તબાઓને ઘટાડી દેશે અને તેને સિદ્દીકોના ઉચ્ચતમ સ્થાનેથી નીચે ફેંકી દેશે.

*(પ્રકરણ : ૭૮)*

# ગીબત તથા ચુગલખોરીની બુરાઈ

કુર્આન મજીદમાં અલ્લાહ તઆલાએ ગીબતની બુરાઈ બયાન ફર્માવી છે અને ગીબત કરવાવાળાને મુરદારનો ગોશ્ત ખાનારના જેવો ઠરાવ્યો છે. જેમ કે ફર્માને ઈલાહી છે :–

وَلَا يَغْتَبْ بَعْضُكُمْ بَعْضًا اَيُحِبُّ اَحَدُكُمْ اَنْ يَّاْكُلَ لَحْمَ اَخِيْهِ مَيْتًا فَكَرِهْتُمُوْهُ

"અને તમે એકબીજાની ગીબત ન કરો ! શું તમારામાંથી કોઈ એક એ વાત પસંદ કરે છે કે તે પોતાના મરેલા ભાઈનો ગોશ્ત ખાય ? તો તેને તમે બુરુ જાણો." *(સૂ. હુજુરાત, આ. ૧૨, પારા : ૨૬)*

ફર્માને નબવી છે કે દરેક મુસલમાન પર મુસલમાનનું ખૂન, માલ તથા ઈજ્જત હરામ છે. ગીબત ઈજ્જતને ખાય જાય છે અને અલ્લાહ તઆલાએ તેને માલ તથા ખૂનની સાથે એક સ્થળે વર્ણવેલ છે. *(મુસ્લિમ, ૨/૩૧૭, તિર્મિઝી, ૨/૧૪, અબૂ દાઊદ, ૨/૬૬૯, અત્તગીબ વત્તરહીબ, ૩/૩૨૬, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૫૪, કન્ઝુલ ઉમ્માલ, ૧/૯૩)*

હઝરત અબૂ બરઝહ્ رضی اللہ عنہથી મરવી છે, હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે એકબીજા પર ઈર્ષા ન કરો ! અદાવત ન કરો, ધોકો ન કરો, પીઠ પાછળ બુરાઈઓ ન કરો અને એકબીજાની ગીબત ન કરો. અલ્લાહ તઆલાના બંદાઓ ભાઈ ભાઈ બની જાવ ! *(બુખારી, ૨/૮૯૬, મુસ્લિમ, ૨/૩૧૫, તિર્મિઝી, ૨/૧૫, મુસ્નદે અહમદ બિન હંબલ,૨/૫૪૧)*

હઝરત જાબિર અને અબૂ સઈદ رضی اللہ عنہથી મરવી છે. હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે ગીબતથી બચો કેમ કે ગીબત ઝિના (વ્યભિચાર)થી પણ બુરી છે એટલા માટે કે માણસ ઝિના કરે છે પછી તૌબા કરે છે તો અલ્લહ તઆલા તેની તૌબા કબૂલ ફર્માવી લે છે, પણ ગીબત કરનારની તૌબા ત્યાં સુધી કબૂલ નથી થતી જ્યાં સુધી કે તે વ્યક્તિ માફ ન કરી આપે જેની ગીબત કરવામાં આવી છે. *(મિશ્કાતુલ મસાબીહ, ૨/૫૪૧, કન્ઝુલ ઉમ્માલ, ભાગ : ૩*

હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે. હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે મેઅરાજની રાત્રે મારે એવી કૌમ પાસે થઈને પસાર થવાનું થયું જેમના ચેહરા તેમના નખોની સાથે બાંધવામાં આવતા હતા. મેં કહ્યું, જિબ્રઈલ ! આ કોણ લોકો છે ? જિબ્રઈલે કહ્યું, આ તે લોકો છે કે જેઓ લોકોની ગીબત કરતા હતા અને તેમની ઈજ્જતને પાયમાલ કરતા હતા. *(અબૂ દાઊદ, ૨/૬૬૯, મુસ્નદે અહમદ બિન હંબલ, ૪/૯૭, કન્ઝુલ ઉમ્માલ, ૩/૫૮૭, અત્તરગીબ વત્તરહીબ, ૩/૩૩૦)*

હઝરત સુલૈમાન ઈબ્ને જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે મેં હુઝૂર صلی اللہ علیہ وسلمની ખિદમતમાં હાજર થઈને અર્ઝ કરી, મને એવું નેક કામ બતાવો જેનાથી હું લાભ પામી શકું. આપે ફર્માવ્યું કે ભલાઈના કોઈ કામને તુચ્છ ન સમજ અને ભલે તારે તારી ડોલનું પાણી તરસ્યાની ડોલમાં જ રેડવું પડે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૫૫, ૫૬, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૭/૬૪, ૬૫, કન્ઝુલ ઉમ્માલ, ૬/૪૪૦)*

હઝરત બરાઅ્ رضی اللہ عنہથી રિવાયત છે. હુઝૂર ﷺને અમે કહેતાં સાંભળ્યા જેને પર્દાનશીન ઔરતોએ પોતાના ઘરોમાં સાંભળ્યું. આપે ફર્માવ્યું, હે તે લોકો ! જેઓ જીભથી ઈમાન લાવ્યા હોય પણ દિલોમાં ઈમાન ન ધરાવતા હોય ! મુસલમાનોની ગીબત ન કરો અને તેમની બેઈજ્જતીની તલાશમાં ન રહો ! કેમ કે જે કોઈ ભાઈની બેઈજ્જતીના લાગમાં રહે છે અલ્લાહ તઆલા તેની બેઈજ્જતીના પાછળ લાગે છે, તેને તેના ઘરમાં બેઈજ્જત અને રુસ્વા કરી દે છે. *(અબૂ દાઊદ, ૨/૬૬૯, બયહકી, ૧૦/૪૧૮, મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૫૮૪, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૧/૧૪૯)*

કહેવામાં આવ્યું છે કે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા علیہ السلامની તરફ વહી ફર્માવી કે **જે ગીબતથી તૌબા કરીને મર્યો તે છેલ્લો શખ્સ હશે જે જન્નતમાં જશે અને જે ગીબત કરતાં કરતાં મર્યો તે પ્રથમ શખ્સ હશે જે જહન્નમમાં જશે.**

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺએ લોકોને એક દિવસના રોઝાનો હુકમ આપ્યો અને ફર્માવ્યું કે મારી પરવાનગી વિના કોઈ પણ રોઝો ઈફતાર ન કરે ત્યાં સુધી કે જ્યારે સાંજ થઈ ગઈ તો લોકો આવવાના શરૂ થયા. અને દરેક શખ્સ કહેતો કે યા રસૂલલ્લાહ ! ﷺ મેં દિવસના રોઝો રાખ્યો મને ઈજાઝત આપો કે હું તેને ઈફતાર કરું. આપ તેને ઈજાઝત આપી દેતા, એ જ પ્રમાણે લોકો આવતા ગયા અને ઈજાઝત લેતા ગયા, ત્યાં સુધી કે એક માણસે આવીને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ મારા ઘરની બે જુવાન ઔરતોએ રોઝો રાખ્યો છે અને તેણીઓ આપની ખિદમતમાં આવતાં શરમાય છે, ઈજાઝત આપો જેથી તેણીઓ રોઝો ઈફતાર કરે. હુઝૂર ﷺએ મોઢું ફેરવી લીધું. તેણે ફરી અર્ઝ કરી, આપે મોઢું ફેરવી લીધું. તેણે ફરી અર્ઝ કરી તો આપે ફર્માવ્યું, તેમણે રોઝો નથી રાખ્યો ! તે શખ્સ કેવી રીતે રોઝાદાર હોઈ શકે છે જેનો દિવસ લોકોનો ગોશ્ત ખાવામાં પસાર થઈ જાય ?! તમે જાવ ! અને તેમને જઈને કહો કે જો તમે રોઝાદાર હોઉ તો ગમે તેમ કરીને ઉલ્ટી કરો ! જેથી તે તેણીઓ પાસે ગયો અને તેમને આખી વાત જણાવીને તેમને ઉલ્ટી કરવા કહ્યું. જેથી

તેણીઓએ ઉલ્ટી કરી અને દરેકે લોહીના લોઠળાની ઉલ્ટી કરી. તે શખ્સ હુઝૂરની ખિદમતમાં હાજર થયો અને સર્વ બિના કહી સંભળાવી. આપે તેની વાત સાંભળીને ફર્માવ્યું, ખુદાના સોગંદ ! જો આ ચીજ તેમના પેટમાં મૌજૂદ રહેત તો તેમને આગ સળગાવત. *(અહયાઉલ ઉલૂમ, ૩/૧૨૮)*

એક રિવાયતના શબ્દો આ પ્રમાણે છે કે જ્યારે હુઝૂર ﷺએ મોઢું ફેરવી લીધું તો તે થોડી વાર બાદ ફરી હાજર થયો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તે બંને મરી ચૂકી છે કે મરવાની નજીક છે ! હુઝૂર ﷺએ ફર્માવ્યું, તેણીઓને મારી પાસે લાવો ! જ્યારે તેમને લાવવામાં આવી તો આપે પ્યાલો મંગાવીને તેમનામાંથી દરેકને ફર્માવ્યું કે એમાં ઉલ્ટો કરો ! જેથી એ કે પરુ, લોહી અને બદ્‌બૂદાર લોચા વડે પ્યાલો ભરી દીધો. પછી આપે બીજીને પણ ઉલ્ટી કરવા કહ્યું તો તેણે પણ એવી જ ઉલ્ટી કરી. આપે ફર્માવ્યું, આ બંનેએ અલ્લાહના હલાલ કરેલ રિઝ્ક વડે રોઝો રાખ્યો અને અલ્લાહ તઆલાની હરામ કરેલી ચીજથી ઈફતાર કર્યો. એમનાથી એક બીજીની પાસે જઈને બેઠી અને તે બંનેવ મળીને લોકોનો ગોશ્ત ખાતી રહી. (એટલે ગીબત કરતી રહી). *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૬૦૦)*

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺએ અમને સંબોધન કર્યું અને તેમાં વ્યાજની બુરાઈઓ અને ખરાબીઓનુ વર્ણન કરતાં ફર્માવ્યું કે **એક વ્યાજનો દિરહમ ઈન્સાનના માટે તેત્રીસ (33) વાર ઝિના કરવાથીય બદ્‌તર છે અને સૌથી મોટુ વ્યાજ કોઈ મુસલમાનની ઈજ્જત પર હુમલો કરવું છે.** *(અત્તરગીબ વત્તરહીબ, ૩/૬)*

## ★ ચુગલખોરી (ચુગલી) ★

આ એક અતિ બુરો અવગુણ છે. ફર્માને ઈલાહી છે : "ગીબત કરનાર લોકોની સાથે ચુગલી કરવાવાળો છે." *(સૂ. કલમ, આ. : ૧૧)* પછી ફર્માવ્યું : "ઘમંડી અને ત્યારબાદ બદ્‌નસીબ." *(સૂ. કલમ, આ. : ૧૩, પારા : ૨૯)* જનાબ અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رضی اللہ عنہનો કૌલ છે કે "ઝનીમ" એવા વલદુઝ્ઝિના (વ્યભિચારથી થયેલ બાળક)ને કહે છે જે વાતો છુપી નથી રાખતો. અને તેમણે આ તરફ નિર્દેશ કયો છે કે જે શખ્સ વાત છુપી નથી

રાખતો અને ચુગલખોરી કરે છે તેનું આ કાર્ય એ બાબતની દલીલ પૂરી પાડે છે કે તે વ્યભિચારથી જન્મેલ (વલદુઝ્ ઝિના) છે. કેમ કે ફર્માને ઈલાહીમાં એના પ્રતિ નિર્દેશ મળે છે, "ગરદન ટટ્ટાર રાખીને ચાલવાવાળો અને ત્યારબાદ વ્યભિચારનુ બાળક." અહીં ઝનીમથી મુરાદ જૂઠા નસબના દાવેદાર છે.

અને ફર્માને ઈલાહી છે : وَيۡلٌ لِّكُلِّ هُمَزَةٍ "વેલ (હલાકત) છે દરેક ગીબત કરવાવાળા હુમઝાના માટે." *(સૂ. હુમઝા, આ. : ૧, પારા : ૩૦)*

એક તશ્રીહ (ખુલાસા)ના પ્રમાણે "હુમઝહ્"નો અર્થ ચુગલખોર બતાવવામાં આવ્યો છે. અને ઈર્શાદે ઈલાહી છે : "જે લાકડીઓને ઉઠાવનારી છે." *(સૂ. મસદ, આ. ૪૦, પારા : ૩૦)* કહે છે કે અહીં લાકડીઓથી મસકદ ચુગલીઓ છે કેમ કે તે વાતો લઈને (ઉઠાવીને) ચુગલીઓ કરતી રહે છે.

એક અન્ય ઠેકાણે ઈર્શાદે ઈલાહી છે, "પછી તે ઔરતોએ તેની ખ્યાનત કરી અને તેમણે અલ્લાહની તરફ તે બંનેની કિફાયત ન કરી." *(સૂ. તહરીમ, આ. : ૧૦)*

કહે છે કે આ આયતમાં બે ઔરતોનો ઉલ્લેખ છે, એક હઝરત લૂત علیہ السلامની બીવી જે કૌમને હઝરત લૂત علیہ السلام ના મહેમાનથી વાકેફ કર્યા કરતી હતી અને નૂહ علیہ السلامની બીવી જે પાગલ કહ્યા કરતી હતી.

ફર્માને નબવી છે કે ચુગલખોર જન્નતમાં નહીં જાય. *(મુસ્લિમ, ૧/૧૦, બયહકી, ૧૦/૪૭, મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૫૪૮)* બીજી હદીષ છે કે, કેત્તાત જન્નતમાં નહીં જાય. કેત્તાત ચુગલખોરને કહે છે. *(બુખારી, ૨/૮૯૫, અબૂ દાઊદ, ૨/૨૬૮, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૩/૧૬૮, મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૫૨૮)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે તમારામાંથી અલ્લાહ તઆલાને સૌથી અધિક મહબૂબ તે લોકો છે જેઓ દુનિયામાં રહે છે, તેઓ લોકો સાથે મહોબ્બત કરે છે અને લોકો તેમને મહબૂબ સમજે છે. અને અલ્લાહ તઆલાના ત્યાં સૌથી બદ્તરીન તે લોકો

છે જે ચુગલખોરીઓ કરે છે, ભાઈઓને આપસમાં લડાવે છે અને નેક લોકોની લગ્ઝિશોના ઈચ્છુક રહે છે. *(અલ્મોઅજમુસ્સગીર લિત્તબરાની, ૨/૨૫, કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૩)*

હુઝૂર ﷺએ ફર્માવ્યું, શું હું તમને બદ્તરીન માણસોના વિશે ન બતાવું ? સહાબાએ અર્ઝ કરી, બતાવો ! યા રસૂલલ્લાહ ! ﷺ આપે ફર્માવ્યું, તેઓ ચુગલખોરી કરનારા, દોસ્તોમાં લડાઈ ઉભી કરનારા અને નેક લોકો પર જૂઠા આક્ષેપો લગાડનારા છે. (એટલે આવું કરનારા બદ્તરીન લોકો છે.) *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૬૦, ૬/૫૬૪, કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૫૩)*

હઝરત અબૂઝર رضي الله عنهથી નકલ થયેલ છે, હુઝૂર ﷺએ ફર્માવ્યું જે શખ્સ મુસલમાનના માટે કોઈ એવી વાતને ફેલાવે જે તદ્દન ગલત હોય અને તે એનાથી તે મુસલમાનને દુનિયામાં બદનામ કરવા ચાહે છે તો અલ્લાહ તઆલા પર વાજિબ છે કે તે તેને કિયામતના દિવસે જહન્નમમાં બેઈજ્જત કરશે. *(અહયાઉલ ઉલૂમ, ૩/૧૩૯)*

હઝરત અબૂ દરદા رضي الله عنهથી મરવી છે હુઝૂર ﷺએ ફર્માવ્યું, જે શખ્સ મુસલમાનના માટે કોઈ એવી વાતને ફેલાવે છે જે બિલ્કુલ ગલત હોય અને તે એના થકી એ મુસલમાનને દુનિયામાં બેઈજ્જત કરવા ચાહે છે, અલ્લાહ તઆલા પર વાજિબ છે કે તે તેને કયામતના દિવસે જહન્નમમાં બેઈજ્જત કરશે. *(અહયાઉલ ઉલૂમ, ૩/૧૩૯)*

હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنهથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, **જે કોઈ મુસલમાન પર જૂઠી ગવાહી આપે છે તે પોતાનુ ઠેકાણુ જહન્નમમાં સમજે.** અને એ પણ કહેવામાં આવ્યું છે કે કબરમાં ૧/૩ અઝાબ કેવળ ચુગલખોરોના કારણે થાય છે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૩૦૯)*

હઝરત ઈબ્ને ઉમર رضي الله عنهથી રિવાયત છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે જ્યારે અલ્લાહ તઆલાએ જન્નતને પેદા ફર્માવી તો તેને હુકમ આપ્યો કે મારી સાથે વાત કર ! તે બોલી કે જે મારી અંદર આવી ગયો તે નસીબદાર થયો. ત્યારે રબ્બે જબ્બાર જલ્લ જલાલુહૂએ ફર્માવ્યું, મને મારી ઈજ્જત

તથા જલાલની કસમ ! હું તારી અંદર આઠ પ્રકારના લોકોને દાખલ કરીશ નહીં; આદી શરાબી, ઝાની, ચુગલખોર, બેશરમ, નીચ, હિજડા, ગર્ભનો નાશ કરનાર અને તે શખ્સ જે એવું કહે છે કે મારો ખુદાથી વાયદો છે કે ફલાણો ફલાણો બુરો અમલ નહીં કરું, પણ એ વાયદો પૂરો નથી કરતો.

**હિકાયત** : હઝરત કઅબ અહ્બાર رضی اللہ عنہથી રિવાયત છે કે એકવાર બની ઈસ્રાઈલ દુકાળમાં સપડાય ગયા. મૂસા علیہ السلامએ કેટલીયેવાર વરસાદની દુઆ કરી પણ વરસાદ ન થયો ત્યારે અલ્લાહ તઆલાએ મૂસા علیہ السلام તરફ વહી મોકલી કે હું તારી અને તારા સાથીઓની દુઆ કેવી રીતે કબૂલ કરું, જ્યારે કે તમારામાં આદી ચુગલખોર મૌજૂદ છે ! હઝરત મૂસા علیہ السلامએ અર્ઝ કરી, હે ઈલાહી ! મને ચુગલખોર બતાવ જેથી કરીને હું તેને (અમારી જમાઅતથી) બહાર કરી દઉં. રબ તઆલાએ ફર્માવ્યું, હે મૂસા ! હું તમને ચુગલખોરીથી મના કરી રહ્યો છું અને પછી ખૂદ ચુગલખોરી કરું ?! જેથી તે સૌએ તૌબા કરી અને વરસાદ વરસવા લાગ્યો.

અને કહેવામાં આવ્યું છે કે એક માણસે સાતસો ફરસખની લાંબી મુસાફરી કરીને એક દાના (ડાહ્યા પુરૂષ)ની મજલિસમાં હાજરી આપી, અને તેને કહ્યું કે હું આટલી લાંબી મુસાફરી પાર પાડીને આપને સાત વાતો પૂછવા આવ્યો છું. અલ્લાહ તઆલાએ તમને ઈલ્મ આપ્યો છે તો મને એ બતાવો કે આસમાન અને આસમાનથી ભારે ચીજ કઈ છે ? જમીન અને જમીનથી વિશાળ ચીજ કઈ છે ? પહાડ અને પહાડથી સખત ચીજ કઈ છે ? આગ અને આગથી અધિક ગરમ ચીજ, સખત ઠંડો શિયાળો અને એનાથી પણ ઠંડી ચીજ, સમુદ્ર અને તેનાથી પણ અધિક બેપરવા, યતીમ અને તેનાથી પણ અધિક ઝલીલ ચીજ શું છે ?

તે દાનાએ જવાબ આપ્યો કે પાક દામન પર આક્ષેપ એ આસમાનથી પણ ભારી છે. હક્ક જમીનથી પણ વિશેષ વિશાળ છે, કનાઅત પસંદ (જે મળે તેમાં રાજી) દિલ સમુદ્રથી પણ અધિક બેનિયાઝ (બેપરવા) છે, હસદ અને લાલચ આગથીયે અધિક ગરમ છે, કોઈ અઝીઝથી કામ જ્યારે કે પૂરું ન કરે સખત શિયાળાથી પણ અધિક ઠંડુ છે, **કાફિરનું દિલ ચટ્ટાનથી**

**પણ અધિક સખત** અને ચુગલખોર કે જ્યારે તેનો કિરદાર જાહેર થઈ જાય તો યતીમ કરતાંય વિશેષ બેઈજ્જત તથા રુસ્વા થાય છે.

કોઈ શાયરે શું સરસ કહ્યું છે :–

૧. જે ચુગલખોર લોકોમાં ચુગલખોરીઓ કરે છે, તું તેના દોસ્તને પણ તેના સાપો અને વિછીઓથી બેખૌફ ન સમજ. (એટલે કે તે દોસ્તોની પણ ચુગલીઓ કરે છે.)

૨. રાત્રે આવનારા પુરની જેમ જેના વિશે કોઈ નથી જાણતું કે ક્યાંથી આવ્યો છે અને કોના કોના સુધી પહોંચ્યો છે.

૩. તેના વાયદાને માટે તબાહી છે કે તે તેને કેવી રીતે પૂરો કરશે અને તેની દોસ્તીના માટે હલાકત છે કે તે કેવી રીતે તેનો ઈન્કાર કરશે.

બીજો શાયર કહે છે :–

એ ચુગલખોર જેવી રીતે તારી હિમાયત (તરફદારી) કરે છે તેવી રીતે તારી બુરાઈઓ પણ બયાન કરશે, બે ચેહરાવાળાના પ્રપંચોથી ગાફેલ ન થા.

*(પ્રકરણ : ૭૯)*

## શૈતાનની અદાવત

હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, દિલમાં ઉતરવાની બે જગાઓ છે, એક જગા ફરિશ્તાને ઉતારવાની તે છે જે નેકી માટે સાવચેત કરે છે અને હક્કના સમર્થન પ્રતિ આકર્ષિત કરે છે, જેથી જે માણસ પોતાનામાં એ વાત મેહસૂસ કરે તે તેને અલ્લાહ તઆલાની રહમત સમજે અને ખુદાવંદ જલ્લ વ અલાની તારીફ તથા તૌસીફ કરે. બીજી જગા દુશ્મનની છે જે ફિત્ના ફસાદ (લડાઈ, ઝઘડા)ની પ્રતિ ખેંચાણ પેદા કરે છે, સત્યને સમર્થન અને નેકીઓથી મના કરે છે. જે શખ્સ પોતાના દિલમાં આ વાત અનુભવે તે અલ્લાહ તઆલાથી રજીમ શૈતાનની શરારતોથી પનાહ માંગે. પછી આપે

આ આયત *(સૂ. બકરહ, આ. ૨૬૮)* તિલાવત ફર્માવી : اَلشَّيْطٰنُ يَعِدُكُمُ الْفَقْرَ وَيَاْمُرُكُمْ بِالْفَحْشَآءِ الآية "શૈતાન તમને ફક્ર (ગરીબી)નો વાયદો આપે છે અને બુરુ કામ કરવાનો હુકમ આપે છે." *(સુનને તિર્મિઝી, ૨/૨૮, કન્ઝુલ ઉમ્માલ, ૧/૨૪૬)*

જનાબ હસન બસરી رضى الله عنه નો કૌલ છે કે બે ફિકરો છે જે માણસના દિલની આસપાસ ઘુમરાતી રહે છે, એક હક્કની ફિકર અને બીજી દુશ્મનીની ફિકર હોય છે. અલ્લાહ તઆલા તે બંદા પર રહમ કરે જે પોતાના ઈરાદાઓની કોશિશ કરે છે, જે કામ તેને અલ્લાહ તઆલાની તરફથી નજર આવે છે તેને પૂરું કરે છે અને જે તેને દુશ્મનની તરફથી નજર આવે છે તેને છોડી દે છે.

જનાબ જાબિર ઈબ્ને ઓબૈદા અદવી કહે છે, મેં જનાબ અલાઅ્ બિન ઝિયાદને મારા દિલમાં પેદા થનારા વસવસાઓની શિકાયત કરી તો તેમણે ફર્માવ્યું, દિલનું દષ્ટાંત એ ઘરના જેવું છે જેમાં ચોરોની આવજા હોય છે. જો એમાં કાંઈક મૌજૂદ હોય તો તે તેને કાઢીને લઈ જવાના બારામાં વિચારે છે, નહીં તો તેને છોડી દે છે. એટલે કે જે દિલ ખ્વાહિશોથી ખાલી હોય છે તેમાં શૈતાન દાખલ નથી થતો. એટલા માટે ફર્માને ઈલાહી છે :–

اِنَّ عِبَادِىْ لَيْسَ لَكَ عَلَيْهِمْ سُلْطٰنٌ "બેશક ! મારા બંદાઓ પર તારા માટે કોઈ ગલબો (સરસાઈ) નથી." *(સૂ. હજર, આ. ૪૨, પારા : ૧૪)*

જેથી દરેક **તે ઈન્સાન જે મનેચ્છાઓની પૈરવી કરે છે તે અલ્લાહનો નહીં બલ્કે શહવત (મનેચછાઓ)નો બંદો છે.** એટલા માટે અલ્લાહ તઆલા તેના પર શૈતાનને મુસલ્લત (સવાર) કરી દે છે. ઈર્શાદે બારી તઆલા છે : اَفَرَأَيْتَ مَنِ اتَّخَذَ اِلٰهَهٗ هَوَاهُ "શું તેં તેને નથી જોયો જેણે પોતાની મનેચ્છાને મઅબૂદ બનાવ્યો." *(સૂ. જાષિયહ, આ.૨૩)*

આ આયતમાં એ બાબત પ્રતિ નિર્દેશ છે કે જે મઅબૂદ અને ખુદા તેની ખ્વાહિશ હોય તે અલ્લાહનો બંદો નથી હોતો.

એટલા માટે હઝરત અમ્ર ઈબ્ને આસ رضى الله عنه એ નબી કરીમ ﷺ ને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શૈતાન મારી અને મારી નમાઝ તથા કિરાઅતની

દરમિયાન આડ બની જાય છે. આપે ફર્માવ્યું, એ શૈતાન છે જેને ખત્રબ કહેવામાં આવે છે. તમે જ્યારે પણ તેના વસવસા મેહસૂસ કરો તો અલ્લાહ તઆલા પાસે તેનાથી પનાહ માંગો અને ત્રણવાર ડાબી બાજુ થૂંકો. રાવી કહે છે જેથી એ જ પ્રમાણે કર્યું અને અલ્લાહ તઆલાએ મને તેનાથી દૂર કરી આપ્યો. *(સહીહ મુસ્લિમ, કિતાબુસ્સલામ, ૨/૨૨૪)*

હદીષ શરીફમાં છે, વુઝૂમાં ખામી (પેદા કરવા) માટે એક શૈતાન છે જેનુ નામ ''દલહાન'' છે, અલ્લાહ તઆલાની રહમતથી એનાથી બચવાનો સવાલ કરો. *(સુનને તિર્મિઝી , ૧/૧૯, ઈબ્ને માજહ, પેજ : ૩૪, બયહકી, ૧/૩૦૩, મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૧૬૩, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૨૬૮)*

દિલથી શૈતાની વસવસાઓ એ સંજોગોમાં દૂર થઈ શકે છે કે ઈન્સાન તે વસવસાઓની વિરૂધ્ધ વાતો વિચારે, એટલે કે ઝિક્રે ઈલાહી કરીને. કેમ કે દિલમાં કોઈ ચીજનો ખયાલ આવે છે તો પ્રથમવાળી ચીજનો ખયાલ નષ્ટ થઈ જાય છે. પરંતુ દરેક તે ચીજનો ખયાલ જે અલ્લાહ તઆલાની ઝાત કે તેના ફર્માનોની વિરૂધ્ધ હોય તે શૈતાનને ખુશ કરનાર બની શકે છે પણ ઝિક્રે ખુદા એવી ચીજ છે જેના કારણે મો'મિનનુ દિલ સંતુષ્ઠ (મુત્મઈન) થઈ જાય છે. અને તે જાણી લે છે કે શૈતાનની તાકત નથી કે જે એમાં જોર લગાડે, કેમ કે દરેક ચીજનો ઈલાજ તેના વિરોધાભાસથી કરવામાં આવે છે. જેથી જાણી લો કે તમામ શૈતાની વસવસાઓનું વિરોધાભાસી અલ્લાહનો ઝિક્ર છે. શૈતાનથી પનાહ જોઈએ છીએ અને **લાહૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ્ અલીય્યિલ અઝીમ**થી મુક્તિ જોઈએ છે ! અને તમારા એ કથન કે હું શૈતાન રજીમથી પનાહ ચાહું છું અને **લાહૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ્ અલીય્યિલ અઝીમ**નો એ જ મકસદ છે. આ સ્થાને તે જ લોકો સરફરાઝ થાય છે જેઓ મુત્તકી હોય અને ઝિક્રે ખુદા જેમની રગ રગમાં રચી વસી ગયો હોય અને શૈતાન આવા લોકો પર બેખબરીના આલમમાં અચાનક હુમલાઓ કર્યા કરે છે. ફર્માને ઈલાહી છે :

**اِنَّ الَّذِیۡنَ اتَّقَوۡا اِذَا مَسَّهُمۡ طٰٓئِفٌ مِّنَ الشَّیۡطٰنِ تَذَکَّرُوۡا فَاِذَا هُمۡ مُّبۡصِرُوۡنَ**

''તેહકીક (ખબરદાર !) તે લોકો જેઓ પરહેઝગાર છે જ્યારે તેમને

શૈતાનની તરફથી વસવસો લાગે છે તો તેઓ ઝિક્ર કરે છે પછી અચાનક તેઓ જોવા લાગે છે.'' *(સૂ. અઅરાફ, આ. : ૨૦૧, પારા : ૯)*

મુજાહિદ رضی اللہ عنہ આ ફર્માને ઈલાહી : **مِنۡ شَرِّ الۡوَسۡوَاسِ الۡخَنَّاسِ** ''ખન્નાસના વસવસાઓના શર (બુરાઈ)થી'' *(સૂ. નાસ, આ. : ૪)* ની તફસીરમાં કહે છે કે તે દિલ પર ફેલાએલ હોય છે, જ્યારે માણસ ઝિક્રે ઈલાહી કરે છે તો તે પાછળ ખસી જાય છે અને સંકોચાઈ જાય છે અને જ્યારે માણસ ઝિક્રથી ગાફેલ થાય છે તો તે અગાઉની જેમ દિલ પર પ્રભાવ જમાવી લે છે.

ઝિક્રે ઈલાહી અને શૈતાનના વસવસાનો મુકાબલો એવી રીતે છે જેવી રીતે કે પ્રકાશ તથા અંધકાર, રાત અને દિવસ. અને જેવી રીતે આ બંને એકબીજાના વિરોધાભાસી છે.

જેમ કે ફર્માને ઈલાહી છે : **اِسۡتَحۡوَذَ عَلَيۡهِمُ الشَّيۡطٰنُ فَاَنۡسٰهُمۡ ذِكۡرَ اللّٰهِ**

**તર્જુમો** : ''તેમના પર શૈતાન ગાલિબ આવ્યો (સવાર થયો) અને તેમને યાદે ઈલાહીથી ગાફેલ કર્યા.'' *(સૂ. મુજાદિલા, આ. : ૧૯, પારા : ૨૮)*

હઝરત અનસ رضی اللہ عنہથી નકલ થયેલ છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે શૈતાન ઈન્સાનના દિલ પર પોતાની તાક લગાડીને બેઠો છે. જ્યારે ઈન્સાન અલ્લાહ તઆલાને યાદ કરે છે તો તે પાછળ ખસી જાય છે અને જ્યારે તે યાદે ઈલાહીથી ગાફેલ થઈ જાય છે તો શૈતાન તેના દિલને ગળી જાય છે.'' *(કન્ઝુલ ઉમ્માલ, ૧/૪૧૮, અહયાઉલ ઉલૂમ, ૩/૨૭)*

ઈબ્ને વઝાહ رضی اللہ عنہએ એક હદીષ નકલ કરી છે જેમાં કહેવામાં આવ્યું છે કે **જ્યારે આદમી ચાલીસ સાલનો થાય છે અને તૌબા નથી કરી શક્તો તો શૈતાન તેના મોઢા પર હાથ ફેરવે છે અને કહે છે કે મને મારા બાપની કસમ ! આ તેનો ચેહરો છે જે ભલાઈ પામશે નહીં.**

અને જેવી રીતે ઈન્સાની ખ્વાહિશો અને વાસનાઓ માણસના લોહી અને ગોશ્ત પોશ્ત સાથેથી અલગ નથી થતી, એ જ પ્રમાણે શૈતાની સલ્તનત પણ ઈન્સાની દિલ પર છવાએલી છે અને માણસના લોહી તથા માંસ,

ચામડી ઉપર છવાએલી છે.

જેમ કે ફર્માને નબવી છે, **શૈતાન માણસના શરીરમાં લોહીની જેમ ભ્રમણ કરે છે જેથી તેના ભ્રમણના માર્ગોને ભૂખ વડે બંધ કરો ! આપે ભૂખનો ઉલ્લેખ એટલા માટે કર્યો છે કે તે વાસનાઓને ખત્મ કરી દે છે અને શૈતાનનાં માર્ગો પણ વાસનાઓ છે.** *(બુખારી, ૧/૪૬૪, મુસ્લિમ, ૨/૨૧૬, અબૂ દાઊદ, ૨/૬૪૯, સુનને ઈબ્ને માજહ, પેજ : ૧૨૭, દારમી, ૨/૨૫૨, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૬૨૯, અસફુલ ગાબા, ૭/૧૮૬)*

મનેચ્છાઓના દિલ પર ઘેરાવ કરવાના વિશે ઈર્શાદે ઈલાહી છે જેમાં શૈતાનના કથનની ખબર આપવામાં આવી છે કે તેણે કહ્યું, ''તો અલબત્ત હું તેમની પાસે તેમના આગળથી, તેમની પાછળથી, તેમની જમણી બાજુએથી અને તેમની ડાબી તરફથી આવીશ ! *(સૂ. અઅરાફ, આ. : ૧૬)* એનાથી આગલી આયતમાં છે કે શૈતાને કહ્યું કે, ''હું અલબત્ત, તારા સીધા માર્ગ પર તેમના માટે બેસીશ.''

ફર્માને નબવી છે કે શૈતાન ઈન્સાનના માર્ગો પર બેસી ગયો, તેના ઈસ્લામના માર્ગમાં બેસીને તેને કહ્યા કર્યો કે તું ઈસ્લામ કબૂલ કરે છે ! અને તારા અને તારા બાપદાદાઓના દીનને છોડી રહ્યો છે ! પણ ઈન્સાને તેનું કહ્યું માનવાથી ઈન્કાર કરી દીધો અને ઈસ્લામ લઈ આવ્યો. પછી તે હિજરતના માર્ગમાં બેસી ગયો અને બોલ્યો, શું તે હિજરત કરે છે ?! અને તારા વતનને તેની જમીન તથા આસ્માનને છોડે છે ?! પણ તે ઈન્સાને તેની વાત માનવાથી ઈન્કાર કરી દીધો અને હિજરત કરી ગયો. પછી તેના જેહાદના માર્ગમાં બેસીને બોલ્યો, શું તું જેહાદ કરવા ચાહે છે ? જ્યારે કે તેમાં જાન તથા માલની બર્બાદી છે ! જ્યારે તું જંગમાં જઈશ તો કત્લ થઈ જઈશ અને તારી પત્નીઓ સાથે લોકો નિકાહ કરી લેશે, તારો માલ આપસમાં વહેંચી લેશે ! પણ તે ખુદાના બંદાએ શૈતાનની વાત માનવાથી ઈન્કાર કરી આપ્યો અને જેહાદમાં શરીક થયો. અને હુઝૂર ﷺ એ ફર્માવ્યું, જે કોઈએ આવો કિરદાર પ્રદર્શિત કર્યો પછી તેને મૌત આવી ગઈ તો અલ્લાહ તઆલા પર વાજિબ થશે કે તે તેને જન્નતમાં દાખલ કરે. *(સુનને નિસાઈ, ૨/૫૭, મુસ્નદે અહમદ બિન હંબલ, ૪/૫૩૩, કન્ઝુલ ઉમ્માલ, ૪/૨૯૬, અસફુલ ગાબા, ૨/૩૮૮)*

(પ્રકરણ : ૮૦)

# મહોબ્બત અને નફ્સનો ઘેરાવ

હઝરત સુફિયાન رضی اللہ عنہનો કૌલ છે. મહોબ્બત રસૂલ ﷺની પૈરવી છે. એક અન્ય બુઝુર્ગનો કૌલ છે કે મહોબ્બત દાઈમી (કાયમી) ઝિક્રનું નામ છે. એક અન્ય કૌલ છે કે મહોબ્બત મેહબૂબને પોતાથી વિશેષ સમજવાનુ નામ છે. અને અમુકનો કૌલ છે કે મહોબ્બત નામ છે દુનિયાના રોકાણને બુરું સમજવું. ઉપરોક્ત કથનો મહોબ્બતના પરિણામો પ્રતિ નિર્દેશ કરે છે. નફ્સે મહોબ્બત (મૂળ મહોબ્બત)ને કોઈએ નથી દર્શાવી ! કેટલાકે એવું કહ્યું કે મહોબ્બત નામ મહબૂબના તે કમાલોનું છે જેના સુધી પહોંચવાથી દિલ મજબૂર છે અને જેની અદાયગીથી જીભો ખામોશ છે.

હઝરત જુનૈદ رضی اللہ عنہનો કૌલ છે કે અલ્લાહ તઆલાએ દુનિયાથી તઅલ્લુક રાખવાવાળાઓ પર મહોબ્બતને હરામ કરી દીધી છે અને ફર્માવ્યું, દરેક મહોબ્બત કોઈ બદલાના જવાબમાં હોય છે. જ્યારે બદલો ખત્મ થઈ જાય છે તો મહોબ્બત જતી રહે છે. હઝરત ઝુન્નુન رضی اللہ عنہનો કૌલ છે કે તે શખ્સ પાસે જે શખ્સ અલ્લાહની મહોબ્બતનો ઈઝહાર કરે તો કહી દો કે ગૈરની સમક્ષ ઝલીલ (બેઈજ્જત) થવાથી બચતો રહેજે.

હઝરત શિબ્લી رضی اللہ عنہને કહેવામાં આવ્યું કે અમને "આરિફ" અને "મોહિબ"ની વ્યાખ્યા દર્શાવો. તેમણે કહ્યું, આરિફ જો વાત કરે છે તો હલાક થઈ જાય છે અને મોહિબ જો ચુપ રહે છે તો હલાક થઈ જાય છે. અને આપે શેઅરો પઢયા :–

**૧.** હે મહેરબાન સરદાર ! તારી મહોબ્બત મારા દિલની ગહરાઈઓમાં બેઠેલી છે.

**૨.** હે મારી પલકોથી ઊંઘ ઉડાડનાર ! જે કાંઈ મારા પર વિતી છે તેને તું જાણે છે.

કોઈ અન્ય શાયરે કહ્યું છે :–

**૧.** મને એના પર અતિ આશ્ચર્ય થાય છે જે મને કહે છે કે તેં મારી

મહોબ્બતને યાદ કરી છે. શું હું તેની મહોબ્બતને ભૂલી ગયો છું કે તેને યાદ કરું ?

૨. જ્યારે તું મને યાદ કરે છે તો મરી જાઉં છું ફરી જીવંત થાઉં છું ! જો મારું સદ્ ગુમાન ન હોત તો હું ફરી ક્યારેય જીવતો ન થાત.

૩. વળી હું મૌતમાં જિંદગી પામુ છું અને તારા શૌખમાં મૌત પામું છું. કેટલીયે વાર હું તારા માટે જીવતો થાઉં છું અને મરું છું.

૪. મેં મહોબ્બતનો જામ પછી જામ પીધો પણ મહોબ્બતની શરાબ ઓછી ન થઈ અને ન તો હું તૃપ્ત થયો.

૫. હે કાશ ! એનો ખયાલ મુખ્ય ધ્યેય બને, જ્યારે પણ તે મારી નજરોથી દૂર થાય હું આંધળો થઈ જાઉં.

હઝરત રાબિઆ અદવિય્યહ્ رضی اللہ عنہاએ એક દિવસે કહ્યું કે કોણ છે જે મને મારા મહબૂબનો પતો બતાવે ?! તેમની ખાદિમા બોલી કે આપણો મહબૂબ આપણી સાથે છે પરંતુ દુનિયાએ આપણને તેનાથી અલગ કરી રાખેલ છે.

ઈબ્નુલ જિલા رضی اللہ عنہથી નકલ થયેલ છે. અલ્લાહ તઆલાએ હઝરત ઈસા علیہ السلامની તરફ વહી મોકલી કે જ્યારે હું બંદાના દિલને દુનિયા તથા આખેરતની મહોબ્બતથી ખાલી જોઉં છું તો તેના દિલને મારી મહોબ્બતથી ભરી દઉં છું અને તેને મારી હિફાઝતમાં લઈ લઉં છું.

કહે છે કે જનાબ સમ્નૂન رحمۃ اللہ علیہએ એક દિવસ મહોબ્બતના વિશે ચર્ચા કરી તો તેમની સમક્ષ એક પક્ષી ઉતર્યું અને તે પોતાની ચાંચ જમીન પર મારવા લાગ્યું ત્યાં સધી કે તેમાંથી લોહી વહેવા માંડયું અને તે મૃત્યુ પામ્યું.

હઝરત ઈબ્રાહીમ ઈબ્ને અદ્હમ رضی اللہ عنہએ કહ્યું, હે અલ્લાહ ! તું જાણે છે કે જન્નત તારા તે ઈનામોના મુકાબલામાં જે મને સુપરત થયાં છે, મારી નજીક મચ્છરની પાંખ બરાબર વજન નથી ધરાવતી. તેં મને તારી મહોબ્બતથી સરફરાઝ કર્યો છે, તારા ઝિક્રની ઉલ્ફત (મહોબ્બત) બખ્શી છે અને તારી મહાનતામાં ચિંતન મનન કરવા માટે ફરાગત આપી છે.

હઝરત સર્રી સકતી رحمۃ اللہ علیہનો કૌલ છે કે જેણે અલ્લાહથી મહોબ્બત કરી તે ઝિંદા જાવેદ (જીવંત) થયો અને જેણે દુનિયાથી મહોબ્બત કરી તે બેઆબરૂ થયો. મૂર્ખ સવાર સાંજ ઝિલ્લત તથા રુસ્વાઈ (બેઈજ્જતી) સાથે પસાર કરે છે અને બુદ્ધિશાળી પોતાના અયબો શોધતો રહે છે.

## ★ નફ્સનો ઘેરાવ ★

અલ્લાહ તઆલાએ કુર્આન મજીદમાં નફ્સનો ઘેરાવ કરવાનો હુકમ આપ્યો છે. ફર્માને ઈલાહી છે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَلْتَنْظُرْ نَفْسٌ مَّا قَدَّمَتْ لِغَدٍ

"હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો અને દરેક નફ્સ એ જુએ કે તેણે કાલના માટે શું મોકલ્યું છે." *(સૂ. હશ્ર, આ. : ૧૮, પારા : ૨૮)*

આ આયતે કરીમામાં એ વાતની તરફ ઈશારો છે કે ઈન્સાન પોતાના ભૂતકાળના અમલોનું ચેકીંગ કરે. એટલા માટે હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું, **"એ પહેલાં કે તમારી છાનબીન થાય તમે જાતે જ છાનબીન કરો અને એ પહેલાં કે તમારા અમલો તોલવામાં આવે તમે જાતે જ તમારા અમલો તોલી લો."**

હદીષ શરીફમાં છે કે એક માણસે હુઝૂર صلی اللہ علیہ وسلمને અર્ઝ કરી, મને નસીહત કરો ! આપે ફર્માવ્યું, શું તમે નસીહતની તલબમાં આવ્યા છો ? અર્ઝ કરી, જી, હા ! આપે ફર્માવ્યું, જ્યારે કોઈ કામનો ઈરાદો કરો તો તેનું પરિણામ વિચારી લો. જો તેનું પરિણામ સારું હોય તો કરો અને જો તેનું પરિણામ બુરુ હોય તો રોકાઈ જાવ. હદીષ શરીફમાં છે, **બુદ્ધિશાળીના માટે મુનાસિબ છે કે તે ચાર ઘડીઓમાં એક ઘડી પોતાના નફ્સની છાનબીનમાં ખર્ચ કરે.** *(કન્ઝુલ ઉમ્માલ, ૧૫/૭૯૪)*

ફર્માને ઈલાહી છે :

وَتُوْبُوْۤا اِلَى اللّٰهِ جَمِيْعًا اَيُّهَا الْمُؤْمِنُوْنَ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ "અને તૌબા કરો અલ્લાહની તરફ મુકમ્મલ તૌબા, હે મો'મિનો ! જેથી તમે ફલાહ પામો." *(પારા : ૧૮, સૂ. નૂર, આ. : ૩૧)*

અને તૌબા એવું કૃત્ય છે જે કામ કરી ચૂક્યા બાદ શર્મિંદગી અને પસ્તાવાથી સંબંધિત હોય છે.

ફર્માને નબવી છે કે **હું દિવસમાં સો વખત તૌબા કરું છું અને અલ્લાહથી માફી તલબ કરું છું.** ફર્માને ઈલાહી છે, બેશક ! તે લોકો જેઓ પરહેઝગાર છે, તેમને જ્યારે શેતાનના તરફથી વસવસો આવે છે તો તેઓ ઝિક્ર કરે છે, પછી અચાનક તેઓ જોવાવાળા હોય છે.'' *(સૂ. અઅરાફ, આ. : ૨૦૧, પારા : ૯) (મુસ્નદે અમહમદ બિન હંબલ, ૬/૫૪૫, કન્ઝુલ ઉમ્માલ, ૧/૪૮૩) અલ મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧/૩૦૧)*

હઝરત ઉમર رضی اللہ عنہ જ્યારે રાત અંધારી થતી તો પોતાના કદમો પર ચાબુક મારતા અને પોતાના નફ્સને કહેતા કે તેં આજે શું અમલ કર્યો ? જનાબ મૈમૂન ઈબ્ને મહરાન رضی اللہ عنہ નો કૌલ છે કે આદમી ત્યાં સુધી મુત્તકી નથી બની શક્તો જ્યાં સુધી તે કામ પછી પોતાના સાથી અથવા સાથીઓની છાનબીન કરતાંય પોતાના નફ્સની સખત છાનબીન ન કરે.

હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ મને વિસાલના સમયે ફર્માવ્યું કે મને લોકોમાંથી કોઈપણ ઉમર رضی اللہ عنہ થી અધિક મહબૂબ નથી. પછી આપે મને પૂછયું કે, મેં શું કહ્યું છે ? તો મેં આપનુ ફર્માન દોહરાવ્યું. તો આપે ફર્માવ્યું કે મારી નજીક ઉમરથી વિશેષ બાઈઝ્ઝત કોઈ વ્યક્તિ નથી. તો જાણે આપે એક વાત કહીને તેના પર વિચાર કર્યો અને તેને બીજા વાક્યમાં ફેરવી દીધું. *(અહયાઉલ ઉલૂમ, ૪/૩૫૨)*

હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہ થી નકલ થયેલ છે કે જ્યારે તેમને તેમના બાગના પક્ષીએ નમાઝથી તેમનું ધ્યાન હટાવી દીધું તો તેમણે એ ઉણપના બદલામાં ખૂબ જ પસ્તાવાની સ્થિતિમાં તે આખો બાગ અલ્લાહના માર્ગમાં વકફ કરી દીધો.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ رضی اللہ عنہ ની હદીષમાં છે કે તેમણે લાકડીઓનો એક ભારો ઉઠાવ્યો તો લોકોએ કહ્યું, હે અબૂ યૂસુફ ! તારા ઘરમાં લાકડીઓ મૌજૂદ હતી અને તારા ગુલામ પણ આ કામ માટે મૌજૂદ હતા છતાં તેં આ કામ શા માટે કર્યું ? તો તેમણે જવાબ આપ્યો કે હું મારા

નફ્સની પરીક્ષા લઈ રહ્યો હતો કે ક્યાંક તે આ કામને બુરુ તો નથી જાણતો.

જનાબ હસન رحمۃ اللہ علیہનો કૌલ છે કે મો'મિન પોતાના નફ્સનો હાકિમ હોય છે અને તેની ચેકીંગ (છાનબીન) કરતો રહે છે. તે લોકોનો કિયામતમાં હિસાબ આસાન અને હલકો હશે જેઓ દુનિયામાં પોતાના નફ્સોની છાનબીન કરતા રહે છે. અને કિયામતમાં તે લોકોની સખત છાનબીન થશે જેઓ દુનિયામાં નફ્સોની ચકાસણી નથી કરતા. પછી મુહાસિબા (છાનબીન)ની તફસીરમાં ફર્માવ્યું કે અચાનક મો'મિનને કોઈ ચીજ પસંદ આવી જાય છે અને તે તેને જોઈને કહે છે, ખુદાની કસમ ! તું મને પસંદ છે, તું મારી જરૂરત છે, પરંતુ અફસોસ ! એ છે કે તારી અને મારી વચ્ચે હિસાબ આડે આવે છે. આ અમલ પહેલાં હિસાબનું દષ્ટાંત છે અને જ્યારે મો'મિનથી કોઈ લગઝિશ થઈ જાય છે તો તે ખૂદને કહે છે, તારે આ કામ કરવાથી શો મતલબ હતો ? ખુદાની કસમ ! હું એના માટે બહાનુ રજૂ કરીશ નહીં ! અને ખુદાની કસમ ! જો અલ્લાહ તઆલાએ ચાહ્યું તો હું કદાપિ આવું કામ ફરી કરીશ નહીં !

હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે એક દિવસ હઝરત ઉમર رضی اللہ عنہ અને હું મદીના મુનવ્વરાથી બહાર નીકળ્યા. ત્યાં સુધી કે તે એક દીવારની પાસે પહોંચ્યા. મેં સાંભળ્યું છે કે તે કહી રહ્યા હતા અને મારી તથા તેમની વચ્ચે એક દીવાલ આડી હતી, ''વાહ ! વાહ ! ઉમર ઈબ્ને ખત્તાબ અમીરુલ મો'મિનીન છે ! ખુદાની કસમ ! હે નફ્સ ! અલ્લાહથી ડર ! નહીં તો તે તને અઝાબ આપશે.''

જનાબ હસન رحمۃ اللہ علیہ આ ફર્માને ઈલાહી કે :–

وَلَآ اُقْسِمُ بِالنَّفْسِ اللَّوَّامَةِ ''અને હું મલામત કરનાર (ભલુબુરું કહેનાર) નફ્સની કસમ ખાઉં છું.'' *(સૂ. કિયામહ, આ. : ૨, પારા : ૪)*ની તફસીરમાં ફર્માવે છે કે મો'મિનથી જ્યારે કોઈ ગલતી થઈ જાય છે તો તે પોતાના નફ્સનો પીછો કરે છે કે તારો આ વાતથી શો ઈરાદો હતો ? તારો મારા ખાવા તથા પીવાથી ઈરાદો શો હતો ? અને બદ્કાર (કુકર્મી) ડગલેને પગલે આગળ વધતો રહે છે પણ ગુનાહો માટે નફ્સનો પીછો નથી કરતો.

જનાબ માલિક ઈબ્ને દીનાર رضی اللہ عنہનો કૌલ છે કે **અલ્લાહ તઆલા તે બંદા પર રહમ કરે જેણે પોતાના નફ્સને એવું કહ્યું કે તેં આવું આવું કામ નથી કર્યું ?** પછી તેની ખિદમત કરી. તેના નાકમાં લગામ પરોવીને કિતાબુલ્લાહની પૈરવીને તેના માટે લાઝિમ ઠરાવી દીધી. એવો શખ્સ પોતાનો નફ્સનો રેહબર થશે અને હકીકતમાં એ જ નફ્સનો ઘેરાવ છે. જનાબ મૈમૂન ઈબ્ને મહરાન رضی اللہ عنہનો કૌલ છે કે મુત્તકી શખ્સ પોતાના નફ્સનો જાલિમ બાદશાહ અને બખીલ ભાગીદારથી પણ અધિક ઘેરાવ કરે છે.

જનાબ ઈબ્રાહીમ તયમી رضی اللہ عنہનો કૌલ છે કે મેં મારા નફ્સની સમક્ષ દષ્ટાંત રજૂ કર્યું. તેનાં ફળ ખાવાં, તેની નહેરોથી પાણી પીવું અને તેની પાકીઝા ઔરતોથી મેળમેળાપ રાખવાની તફસીલ બયાન કરી. પછી મેં મારા નફ્સને જહન્નમની વિગત સંભળાવી. એટલે કે તેનુ ખાણુ થોર, પીણુ પરુ અને તેના ગળામાં પહેરવાની ભારે જંઝીરો તથા તોક વિશે વર્ણવીને કહ્યું કે તને આ બંનેમાંથી કઈ ચીજ પસંદ છે ? નફ્સ બોલ્યું, મારો ઈર્શાદ છે કે દુનિયામાં જઈને નેક અમલ કરી લે. જનાબ માલિક બિન દીનાર رضی اللہ عنہ કહે છે કે મેં હજ્જાજને સંબોધન કરતાં સાંભળ્યો, તે કહી રહ્યો હતો, અલ્લાહ તઆલા તે બંદા પર રહમ ફર્માવે જેણે પોતાનો હિસાબ બીજાની પાસે જતાં પહેલાં પોતે જ પોતાના નફ્સનો હિસાબ કરી લીધો, **અલ્લાહ તઆલા તે બંદા પર રહમ ફર્માવે જેણે અમલની લગામ પકડીને વિચાર્યું કે હું આવું કામ શા માટે કરી રહ્યો છું !** અલ્લાહ તઆલા તે બંદા પર રહમ ફર્માવે જેણે પોતાની ભરતીને જોઈ, અલ્લાહ તઆલા તે બંદા પર રહમ ફર્માવે જેણે પોતાના અમલોના ત્રાજવાને જોયું, તે આ પ્રમાણે કહેતો રહ્યો ત્યાં સુધી કે હું રડી પડયો. (પરંતુ હજ્જાજના જુલ્મો અને સુલહા તથા અબરાર (નેક લોકો) સાથે તેના ખરાબ વર્તને ખૂદ તેને કદી પોતાના નફ્સની ચકાસણી કરવાનો મોકો નથી આપ્યો.)

જનાબ અહમદ ઈબ્ને કૈસ رحمۃ اللہ علیہના એક સાથીની રિવાયત છે કે, હું તેમની સાથે રહેતો હતો. તેમની રાતની ઈબાદત સામાન્ય રીતે દુઆઓ પર આધારિત રહેતી હતી અને તે ચિરાગની તરફ આવતા અને તેની

જ્યોતમાં આંગળી રાખી દેતા ત્યાં સુધી કે તેના પર આગની અસર થતી. પછી પોતાના નફ્સને સંબોધીને કહેતા, હે હનીફ ! તને ફલાણા ફલાણા દિવસે કઈ ચીજે આવાં આવાં કામો કરવા પ્રેર્યો હતો ? તને ફલાણા દિવસે કઈ ચીજે આવાં બુરાં કામો માટે તૈયાર કર્યો હતો ?!

*(પ્રકરણ : ૮૧)*

## હક્ક તથા બાતિલમાં ભેળસેળ

ફર્માને નબવી છે : જેને હઝરત મઅકલ્ ઈબ્ને યસાર رضی اللہ عنہ એ રિવાયત કરેલ છે કે લોકો પર એવો જમાનો આવશે જ્યારે લોકોનાં દિલોમાં કુર્આન મજીદ શરીરના કપડાંની જેમ પૂરાણુ થઈ જશે. તેમના તમામ હુકમો લાલચ પર આધારિત હશે, કોઈના દિલમાં ખુદા તઆલાનો ખૌફ નહીં હોય. જો તેમનામાંથી કોઈ એક નેકી કરશે તો કહેશે, આ મારાથી કબૂલ કરી લેવામાં આવે અને જો બુરાઈ કરશે તો કહેશે તેને માફ કરી દેવામાં આવે. *(કન્ઝુલ ઉમ્માલ, ૧/૨૭૩)*

હુઝૂર صلی اللہ علیہ وسلم એ જણાવ્યું કે, તેઓ ખુદાના ખૌફના બદલે લોભ રાખશે કેમ કે કુર્આને કરીમની તે ચેતવણીઓથી જેમાં ઈન્સાનોને અઝાબથી ડરાવવામાં આવ્યા છે તેનો તેમને તદ્દન ઈલ્મ નહીં હોય. એ જ આદત અને એના જેવી બીજી આદતોના કારણે અલ્લાહ તઆલાએ નસારાઓ (ઈસાઈઓ) વિશે આ શબ્દોમાં ખબર આપી :–

فَخَلَفَ مِنْۢ بَعْدِهِمْ خَلْفٌ وَّرِثُوا الْكِتٰبَ يَاْخُذُوْنَ عَرَضَ هٰذَا الْاَدْنٰى وَيَقُوْلُوْنَ سَيُغْفَرُ لَنَا

**તર્જુમો** :"તો તેમની જગાએ તેમના માટે જાનશીન બેઠા જેઓ કિતાબના વારસ થયા. તેઓ નાકિસ એટલે હરામ સબબોને લે છે અને કહે છે, અલબત્ત ! અમને બખ્શી દેવામાં આવે." *(પારા : ૯, સૂ. અઅરાફ, આ. : ૧૬૯)*

એની તફસીર એ છે કે તેમના ઉલમા અલ્લાહની કિતાબના વારસ થયા પણ તેમણે દુનિયાની ખ્વાહિશોથી મહામૂલો માલ કમાવવાનું શરૂ કરી દીધું, ચાહે તો હલાલ હોય કે હરામ. અને એવું કહ્યું કે અમને અલ્લાહ બખ્શી દેશે ! જ્યારે કે ફર્માને ઈલાહી છે : **"અને તે શખ્સના માટે જે પોતાના રબની સમક્ષ ઉભો થવાથી ડર્યો, બે જન્નતો છે !"** *(સૂ. રહમાન, આ. : ૪૬, પારા : ૨૭)* વધુમાં ફર્માવ્યું, **"આ (જન્નત) તે શખ્સના માટે છે જે મારી સમક્ષ ઉભો રહેવાથી ડર્યો અને મારી ચેતવણીઓથી ભયભીત થયો છે."** *(સૂ. ઈબ્રાહીમ, આ. : ૧૪, પારા : ૧૩)*

કુર્આન મજીદમાં શરૂથી અંત સુધી લોકોને ખૌફ અપાવવામાં આવ્યો છે, તેમને ડરાવવામાં આવ્યા છે. તેમાં જ્યારે કોઈ ચિંતક ચિંતન મનન કરે છે તો તેની ચિંતા વધે છે. જો તે મો'મિન છે તો તેમાં ચિંતન–વિચાર કરવાથી તેનો ખૌફ વધતો જાય છે. પણ તમે લોકોને જુઓ છો કે તેને જલ્દી જલ્દી પઢે છે ! તેના શબ્દોના ઉચ્ચારો કાઢે છે, તેના ઝબર, ઝેર કે પેશમાં ટકરાવ કરે છે, જાણે કે તે અરબીના શેઅરો પઢી રહ્યા હોય ! તેઓ તેના અર્થોમાં ચિંતન મનન નથી કરતા અને ન તો તેના હુકમો પર અમલની કોશિશ કરે છે. અને એના જેવો કે એનાથી વધીને કોઈ ધોકો છે કે લોકો નેકીઓ અને ગુનાહો કરે છે ! તેમની બુરાઈઓ નેકીઓથી વધારે હોય છે પણ તેઓ તેમ છતાં બખ્શિશની તમન્ના કરે છે અને ગુનાહોના પલ્લાને ભારે સમજવા છતાં પણ તેની નેકીઓના પલ્લાને ભારે થવાની આશાઓ લગાડીને બેઠા છે ! આ તેમની જેહાલતની અતિશયતા નથી તો બીજું શું છે ?

તમે જુઓ છો કે કેટલાક હલાલ તથા હરામની ભેળસેળવાળા રૂપિયા આદમી ખુદાની રાહમાં આપે છે અને મુસલમાનોના માલ અને શંકાસ્પદ માલથી તેના બમણા ચોગુના રૂપિયા ઉભા કરી લે છે. અને એ પણ બની શકે છે કે તેનો રાહે ખુદામાં ખર્ચ કરેલો માલ પણ મુસલમાનોના માલથી છીનવેલો હોય ! ખાધેલા હજાર રૂપિયાના આ હરામ કે હલાલથી કમાએલા દસ રૂપિયા જેને મેં ખુદાની રાહમાં આપ્યા છે તે બદલો બની જશે ! એવા માણસનું દષ્ટાંત કાંઈક આ પ્રમાણે છે કે એક માણસ ત્રાજવાના એક પલ્લામાં દસ રૂપિયા અને બીજામાં એક હજાર રૂપિયા રાખીને એવી આશા

સેવે કે દસ રૂપિયાવાળુ ઈલ્મ ભારે અને હજારવાળુ હલકુ થઈ જશે ! અને એ તેની જેહાલતની સીમા હશે. તમને કેટલાક એવા માણસો પણ જોવા મળશે જેમાંથી દરેક એવું સમજશે કે એની નેકીઓ ગુનાહો કરતાં વિશેષ છે ! એવો શખ્સ નફ્સની છાનબીન નથી કરતો અને પોતાના ગુનાહોને નથી શોધતો, પરંતુ જ્યારે તે કોઈ નેકી કરે છે તો તેના પર ભરોસો કરે છે, તેને ગણી લે છે. એવા શખ્સનું દષ્ટાંત એવું છે જે જીભથી ઈસ્તિગફાર કરે છે અથવા દિવસમાં ૧૦૦ વાર અલ્લાહની તસ્બીહ કરે છે પછી મુસલમાનોની ગીબત કરે છે, તેમની ઈજ્જતો પાયમાલ કરે છે અને આખો દિવસ અગણિત એવી વાતો કરે છે જેનાથી અલ્લાહ તઆલા નારાજ થાય છે. પરંતુ તેની નજરમાં તો તે ૧૦૦ તસ્બીહો ચકરાતી રહે છે અને ૧૦૦ વારનું ઈસ્ગિતફાર કરવું ઘુમતુ રહે છે ! અને આખા દિવસની નકામી વાતોથી ગાફેલ થઈ જાય છે જેને જો તે લખતે તો તે દરેક તસ્બીહથી સો ગણુ કે હજાર ગણુ અધિક થશે જેને મુહાફિઝ ફરિશ્તાઓએ લખી દીધું છે. અને અલ્લાહ તઆલાએ પણ દરેક એવા બોલ પર અઝાબનો વાયદો કર્યો છે. જેમ કે ઈર્શાદે ઈલાહી છે : **ما يلفظ من قول الا لديه رقيب عتيد** "તે શખ્સ તસ્બીહ તથા તહલીલના ફઝાઈલમાં તો વિચાર કરે છે પણ વઈદો (ચેતવણીઓ)થી પોતાની આંખો બંધ કરી લે છે જે ગીબત કરનારાઓ, જૂઠાઓ, ચુગલખોરો અને એવા લોકોના વિશે આવેલ છે. જે જીભથી કાંઈક જૂદુ કહે છે અને દિલમાં કાંઈક જૂદુ કહે છે." *(સૂ. ક઼ાફ, અ. : ૧૮, પારા : ૨૬)* એના સિવાય પણ તરહ તરહની એવી ઘણી વાતો છે જેના માટે પકડ થશે અને આ દુનિયા તો કેવળ ધોકો અને ધોકો જ છે.

મને જિંદગીની કસમ ! જો મુહાફિઝ (નેક બદી લખનાર ફરિશ્તા) તેની પાસેથી જો એ નકામી વાતો લખવાની મજૂરી માંગતે કે જે તેની તસ્બીહો કરતાં વધારે છે તો તે પોતાની જીભને બંધ કરી લેત અને એવી મહત્વની વાતો પણ ન કરત જે તેની જરૂરતમાં સામેલ થાત, અને ન તો તે અશક્તિમાં કોઈ વાત કરત, તે દરેક વાતને ગણત, તેની ચકાસણી કરત અને પોતાની તસ્બીહો સાથે તેને સરખાવત કે ક્યાંક મારી વાતોની મજૂરી મારી તસ્બીહોથી અધિક ન થઈ જાય ! અફસોસ તો એ વાતનો છે કે ઈન્સાન લખાણની મજૂરીના સબબે તો પોતાના નફ્સની છાનબીન કરે અને

બોલવામાં અતિશય સવાધાનીને ધ્યાનમાં રાખે ! પણ ફિરદૌસે આ'લાને ન પામવાને તથા તેની નેઅમતો ગુમાવવાને કોઈ મહત્વ ન આપે !

હકીકત તો એ છે કે આ ચીજ દરેક તે માણસના માટે મહાન મુસીબત છે જે ગૌરો ફિક્ર (ચિંતન મનન) કરવાનો આદી હોય. આપણને અલ્લાહ તઆલા તરફથી એવાં કામો સોંપવામાં આવ્યાં છે કે જો આપણે તેનો ઈન્કાર કરી દઈએ તો નાફર્માન કાફિરોમાંથી થઈ જઈએ અને જો તેને સમર્થન કરીએ તે છતાં કે અમલોનું નામોનિશાન ન હોય તો આપણે ધોકાબાઝ બેવકૂફ કહેવાઈશું, કેમ કે આપણા અમલો એવા નથી જેવા અમલો એક એવા શખ્સના હોવા જોઈએ જે કુર્આન મજીદના હુકમોને સમર્થન કરે છે. (અને આપણે અલ્લાહ તઆલાથી કાફિરોમાંથી થવાથી છૂટકારો ચાહીએ છીએ.)

*(પ્રકરણ : ૮૨)*

## નમાઝ બાજમાઅતની ફઝીલત

નબી કરીમ ﷺ ફર્માવે છે કે એકલા નમાઝ પઢવા કરતાં નમાઝ બાજમાઅતની ૨૭ ગણી ફઝીલત પ્રાપ્ય છે. *(બુખારી, ૧/૮૯, મુસ્લિમ, ૧/૨૩૧, અબૂ દાઊદ, ૧/૮૩, તિર્મિઝી, ૧/૫૨, ઈબ્ને માજહ, પેજ, ૭, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૪૩૦, ઈબ્ને હબ્બાન, ૩/૩૮૧, મોઅત્તા ઈમામ માલિક, ૧/૧૨૯, તિબ્રાની સગીર, ૨/૨૪, અન મુહમ્મદ બિન રૂહ)*

હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه થી રિવાયત છે કે હુઝૂર ﷺ એ કેટલાક લોકોને અમુક નમાઝોમાં ન જોતાં ફર્માવ્યું, મારો એવો ઈરાદો થયો કે હું કોઈ માણસને નમાઝ પઢાવવાનો હુકમ આપું અને **હું તે લોકોને ત્યાં જઉં જેઓ જમાઅતથી રહી ગયા છે અને તેમને તથા તેમનાં ઘરોને સળગાવી દઉં.** *(મુસ્લિમ, ૧/૨૩૨, મોઅત્તા ઈમામ માલિક, ૧/૧૨૯, બયહકી, ૩/૨૪૫, ઈબ્ને હબ્બાન, ૩/૪૦૮, અલ મોઅજમુસ્સગીર લિત્તબરાની, ૧/૧૭૨)*

બીજી રિવાયતમાં છે કે પછી હું તે લોકોનાં ઘરોને લાકડીઓના ભારાઓની સાથે તેમના પર સળગાવવાનો હુકમ આપું જેઓ જમાઅતમાં શરીક નથી થતા. જો તેમનામાંથી કોઈને ઈલ્મ હોત કે મોટુ હાડકુ અથવા જાનવરના બે હાથ (જમાઅતમાં શરીક થવાથી) મળશે તો તેઓ જરૂર જમાઅતમાં સામેલ થાત. *(સહીહ મુસ્લિમ, ૧/૨૩૨, બયહકી, ૩/૭૯, સહીહ ઈબ્ને હબ્બાન, ૩/૪૦૭)*

હઝરત ઉષ્માન رضی اللہ عنہ થી મરફુઅન મરવી છે કે **જે ઈશાની જમાઅતમાં હાજર થયો તો જાણે તેણે અડધી રાત ઈબાદતમાં પસાર કરી અને જે શખ્સ સવારની જમાઅતમાં પણ સામેલ થયો તેણે જાણે કે આખી રાત ઈબાદતમાં પસાર કરી.** *(મુસ્લિમ, ૧/૩૨, અબૂ દાઊદ, ૧/૮૨, તિર્મિઝી, ૧/૫૩, ઈબ્ને હબ્બાન, ૩/૩૮૫)*

રસૂલે અકરમ صلی اللہ علیہ وسلم નો ઈર્શાદ છે કે **જેણે બાજમાઅત નમાઝ અદા કરી તો જાણે તેણે પોતાના સીનાને ઈબાદતથી ભરી લીધો.**

હઝરત સઈદ ઈબ્ને મુસૈયિબ رضی اللہ عنہ નો કૌલ છે કે વીસ વરસથી સતત એ સમયે મસ્જિદમાં હોઉં છું જ્યારે મોઅઝ્ઝિન અઝાન આપે છે. જનાબ મુહમ્મદ ઈબ્ને વાસેઅ رضی اللہ عنہ ફર્માવે છે કે હું દુનિયાથી ત્રણ ચીજોની ખ્વાહિશ ધરાવું છું, એવો ભાઈ કે જો હું વાંકો જાઉં તો તે મને સીધો કરી આપે, વગર કોશિશે અલ્પ રોજી જેની પૂછતાછ ન થાય, અને નમાઝ બાજમાઅત જેની ગલતીઓ મારા માટે માફ કરી દેવામાં આવે, અને જેની ફઝીલત મને બખ્શી દેવામાં આવે. *(અહયાઉલ ઉલૂમ, ૧/૧૪૩)*

હઝરત અબૂ ઓબૈદા બિન જર્રાહ رضی اللہ عنہ એ એક વાર કેટલાક લોકોની ઈમામત કરી. જ્યારે નમાઝથી ફારિગ થયા તો શૈતાનના વિશે ફર્માવ્યું કે તે મને બહેકાવતો રહ્યો ત્યાં સુધી કે મેં પણ પોતાને અન્યથી અફઝલ સમજી લીધો ! હું આજ પછી ઈમામત કરીશ નહીં.

જનાબ હસન رضی اللہ عنہ નો કૌલ છે કે **એવા માણસની પાછળ નમાઝ ન પઢો જે ઉલમાની મજલિસમાં ન જતો હોય.** જનાબ નખઈ رضی اللہ عنہ નો કૌલ છે કે **જે કશાય ઈલ્મ વિના લોકોની ઈમામત કરે છે તે એવા શખ્સની જેમ છે જે સમુદ્રમાં રહીને તેનું પાણી માપે છે**

**અને તેના વધારા કે ઘટાડાને નથી જાણતો.**

જનાબ હાતિમ અસમ رضی اللہ عنہ નો કૌલ છે કે **મારી એક નમાઝની જમાઅત છૂટી ગઈ તો કેવળ અબૂ ઈસ્હાક બુખારી મારી તઅઝિયતના (આશ્વાસન) માટે આવ્યા. જો મારો પુત્ર મરી જાત તો દસ હજારથી પણ વધુ લોકો તઅઝિયતના માટે આવત, કેમ કે લોકો દીનના નુકસાનને દુનિયાના નુકસાન કરતાં ખૂબ જ હલકુ જાણે છે.**

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો કૌલ છે કે **જે શખ્સે અઝાન સાંભળીને તેનો જવાબ ન આપ્યો તેણે ભલાઈનો ઈરાદો નથી કર્યો અને ન તો તેને ભલાઈ નસીબ થશે.**

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ નો કૌલ છે કે ઓગળેલા સીસાથી માણસના કાનોને ભરી દેવામાં આવે એ એનાથી બેહતર છે કે તે અઝાન સાંભળે અને જવાબ ન આપે.

નકલ થયેલ છે કે હઝરત મૈમૂન ઈબ્ને મહરાન મસ્જિદમાં આવ્યા તો આપને કહેવામાં આવ્યું કે લોકો તો પાછા જતા રહ્યા ! (એટલે કે નમાઝ થઈ ગઈ.) આપે એ સાંભળીને ફર્માવ્યું, **ઈન્નાલિલ્લાહિ વઈન્ના ઈલૈહિ રાજિઊન** અને કહ્યું કે **આ નમાઝને મેળવી લેવાની ફઝીલત મને ઈરાકની હુકૂમત કરતાંય વધુ પસંદ છે.**

### ★ ૪૦ નમાઝો બાજમાઅત અદા કરવા પર અલ્લાહનુ ઈનામ ★

ફર્માને નબવી છે કે **જેણે ૪૦ દિવસ તમામ નમાઝો બાજમાઅત અદા કરી અને તેની તકબીરે તહરીમા ન છૂટી તેના માટે અલ્લાહ તઆલા છૂટકારો લખી આપે છે,** એક નિફાકથી છૂટકારો અને બીજો છૂટકારો જહન્નમથી. *(તિર્મિઝી, ૧/૫૬, ઈબ્ને માજહ, પેજ : ૫૮, અત્તરગીબ વત્તરહીમ, ૧/૧૬૦)*

એ પણ કહેવામાં આવ્યું છે કે **જ્યારે કિયામતનો દિવસ થશે તો કબરોએથી એક જમાઅત એવી ઉઠશે જેમના ચહેરા ચમકદાર સિતારાઓની જેમ ચમકતા હશે, ફરિશ્તા તેમને કેહશે કે તમારા**

શું અમલો હતા ? તેઓ જવાબ આપશે કે જ્યારે અમે અઝાન સાંભળતાં હતા તો વુઝૂના માટે ઉભા થઈ જતા હતા અને બીજા કોઈ અન્ય કામમાં રજમાત્ર મશ્ગૂલ થતા ન હતા. પછી એક એવી જમાઅત આવશે જેમના ચહેરા ચાંદની જેવા રોશન હશે. તેઓ ફરિશ્તાઓના પૂછવા પર કહેશે કે અમે સમયથી પહેલાં વુઝૂ કર્યા કરતા હતા. પછી એક એવી જમાઅત આવશે જેમના ચહેરા સૂર્યની જેમ પ્રકાશિત હશે અને તેઓ કહેશે કે અમે મસ્જિદમાં અઝાન સાંભળ્યા કરતા હતા. (એટલે કે અઝાન પહેલાં મસ્જિદમાં પહોંચી જતા હતા.)

નકલ થયેલ છે કે **સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો) તકબીરે ઉલા છૂટી જવા પર ત્રણ દિવસ સુધી પોતાની તઅઝિયત કર્યા કરતા હતા.**

*(પ્રકરણ : ૮૩)*

## તહજજુદની નમાઝની ફઝીલત

કુર્આન મજીદની વિવિધ આયતોથી તે નમાઝની ફઝીલત સાબિત છે.

ઈર્શાદે ઈલાહી છે : اِنَّ رَبَّكَ يَعْلَمُ اَنَّكَ تَقُوْمُ اَدْنىٰ مِنْ ثُلُثَيِ الَّيْلِ

**તર્જુમો** : "બેશક ! તારો રબ જાણે છે કે તું ૨/૩ રાતની વચ્ચે ઉભો થાય છે." *(સૂ. મુઝ્ઝમ્મિલ, આ. : ૨૦, પારા : ૨૯)*

ફર્માને ઈલાહી છે : اِنَّ نَاشِئَةَ الَّيْلِ هِىَ اَشَدُّ وَطْأً وَّاَقْوَمُ قِيْلًا

**તર્જુમો** : "તેહકીક, રાતનું ઉઠવું નફ્સને કચડવા માટે ઘણુ સખ્ત છે અને કામને ખૂબ જ દુરુસ્ત કરનારું છે." *(સૂ. મુઝ્ઝમ્મિલ, આ. : ૨૦, પારા : ૨૯)*

ફર્માને ઈલાહી છે : تَتَجَافىٰ جُنُوْبُهُمْ عَنِ الْمَضَاجِعِ

**તર્જુમો** : "તેમની કરવટો (પડખાં) પાથરણાઓથી દૂર થાય છે." *(સૂ. સજદા, આ. ૧૬, પારા : ૨૩)*

વધુમાં ફર્માન થાય છે : اَمَّنۡ هُوَقَانِتٌ اٰنَآءَ الَّيۡلِ

**તર્જુમો** : "શું જે શખ્સ કે તે રાતના સમયે બંદગી કરે છે." *(સૂ. ઝુમર, આ. : ૯, પારા : ૨૩)*

ઈર્શાદે ઈલાહી છે : وَالَّذِيۡنَ يَبِيۡتُوۡنَ لِرَبِّهِمۡ سُجَّدًا وَّقِيَامًا

**તર્જુમો** : "અને તે લોકો જેઓ પોતાના રબના માટે રાતને સિજદા કરતાં અને કિયામ કરતાં ગુઝારે છે." *(સૂ. ફુર્કાન, આ. ૬૪, પારા : ૨૯)*

વધુમાં ઈર્શાદ થાય છે : يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوا اسۡتَعِيۡنُوۡا بِالصَّبۡرِوَالصَّلٰوةِ "હે ઈમાનવાળાઓ ! સબ્ર અને નમાઝથી મદદ ચાહો." *(સૂ. બકરહ, આ. : ૪૫)*

કહેવામાં આવ્યું છે કે આ નમાઝથી મુરાદ રાતની નમાઝ છે જેના પર હમેશગી અપનાવીને નફ્સ સાથે જેહાદ કરવામાં આવી શકે છે.

## ★ શૈતાનની ત્રણ ગાંઠો ! ★

હદીષોમાં પણ આ નમાઝની ફઝીલત આવેલી છે, જેમ કે ફર્માને નબવી છે કે જ્યારે તમારામાંથી કોઈ એક સૂઈ જાય છે તો શૈતાન તેને બોચીમાં ત્રણ ગાંઠો મારે છે અને દરેક ગાંઠમાં તે કહે છે કે ઘણી લાંબી રાત બાકી છે હજી થોડીવાર અધિક સૂઈ જા. પછી જો ઈન્સાન જાગૃત થઈને ખુદાનો ઝિક્ર કરે છે તો એક ગાંઠ ખુલી જાય છે. જ્યારે વુઝૂ કરે છે તો બીજી ગાંઠ ખુલી જાય છે અને જ્યારે ઈન્સાન નમાઝમાં વ્યસ્ત થઈ જાય છે તો ત્રીજી ગાંઠ પણ ખુલી જાય છે. અને ઈન્સાન એ હાલમાં સવાર કરે છે કે તે ખુશી તથા મસર્રતને પામનાર અને હલકો ફુલકો હોય છે, નહીં તો તે સુસ્ત અને બદ્‌મિઝાજ થઈને ઉઠે છે. *(સહીહ બુખારી, ૧/૧૫૩, મુસ્લિમ, ૧/૨૬૫, નિસાઈ, ૧/૩૯, ઈબ્ને માજહ, પેજ : ૪૯, બયહકી, ૩/૨૩, મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૨૬૦)*

હદીષ શરીફમાં છે કે હુઝૂર ﷺની ખિદમતમાં એવા શખ્સની ચર્ચા થઈ **જે આખી રાત સૂએ છે, ત્યાં છે ત્યાં સુધી કે સવાર થઈ જાય છે. આપે ફર્માવ્યું, આ એવો શખ્સ છે જેના કાનમાં શૈતાન પેશાબ કરી આપે છે.** *(સહીહ બુખારી, ૧/૪૬૪, નિસાઈ, ૧/૨૩૯, ઈબ્ને માજહ, પેજ : ૯૪, મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૬૨૦, ૨/૫૧૨)*

હદીષ શરીફમાં છે કે શૈતાનની પાસે નાકની દવા, ચાટવાની ચીજ અને છાંટવાની ચીજો છે. જ્યારે કોઈ માણસના નાકમાં દવા નાખે છે તો તે કુટેવવાળો બની જાય છે. જ્યારે કોઈ ઈન્સાનને ચાટવાની દવા આપે છે તો તે ઈન્સાન બદ્ઝબાન થઈ જાય છે અને જ્યારે કોઈ માણસ પર દવા છાંટે છે તો તે સવાર સુધી સૂતો રહે છે. *(હિલ્યતુલ અવલિયા, ૬/૩૩૬, અલ્કામિલ ફી દુઅફાઈર્રિઝાલ, ૪/૪૧૯, કન્ઝુલ ઉમ્માલ, ૧૩/૨૪૫)*

હુઝૂર ﷺનો ઈર્શાદ છે કે **અડધી રાત્રે બંદાનું બે રકાત નમાઝ પઢવું દુનિયા અને તેની તમામ ચીજોથી બેહતર છે. જો મારી ઉમ્મત પર કઠીન ન હોત તો હું આ બે રકાતો તેમના પર ફર્ઝ કરી આપત.** *(કન્ઝુલ ઉમ્માલ, ૭/૭૮૫)*

સહીહ બુખારીમાં હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે **રાતમાં એક એવી ઘડી છે કે જ્યારે તેમાં બંદો અલ્લાહ તઆલાથી ભલાઈનો સવાલ કરે છે તો અલ્લાહ તઆલ તેને અતા કરી દે છે.** એક રિવાયતમાં છે કે તે દુનિયા અને આખેરતની જે ભલાઈ માંગે છે, અને તે ઘડી દરેક રાતમાં હોય છે. *(સહીહ બુખારી, ૧/૧૨૮, મુસ્લિમ, ૧/૧૨૮, નિસાઈ, ૧/૨૧૧, તિર્મિઝી, ૧/૧૧૧, દારમી, ૧/૨૮૧, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૪૫૯, અલ્મોઅજમુસ્સગીર લિત્તબરાની, ૨/૨૯, મોઅત્તા, ઈમામ માલિક, ૧/૧૦૮)*

હઝરત મુગીરહ્ ઈબ્ને શઅબહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺ નમાઝ માટે (રાતમાં) ઉભા થયા ત્યાં સુધી કે આપના મુબારક પગો રાતમાં ઉભા રહીને ઈબાદત કરવાને કારણે સુજી (ફુલી) ગયા. આપને કહેવામાં આવ્યું, યા રસૂલલ્લાહ ! શું અલ્લાહ તઆલાએ તમને પહેલાં પણ અને બાદમાં પણ ખતાઓથી નથી મેહફૂઝ રાખ્યા ? એ સાંભળીને આપે ઈર્શાદ ફર્માવ્યો કે શું હું અલ્લાહ તઆલાનો શુક્ર ગુઝરાત બંદો ન બનું ?! *(સહીહ બુખારી, ૧/૧૫૨, મુસ્લિમ, ૨/૩૭૭, મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૩૦૭, અલ્મોઅજમુસ્સગીર લિત્તબરાની, ૧/૧૧૮)*

આ હદીષ શરીફથી એ મતલબ નીકળે છે કે એનાથી આપનો હેતુ અલ્લાહની અધિક નેઅમતોની તલબ હતી કેમ કે શુક્ર નેઅમતો

વધવાનો સબબ છે.

ફર્માને ઈલાહી છે : لَئِنۡ شَكَرۡتُمۡ لَاَزِيۡدَنَّكُمۡ "જો તમે શુક્ર કરો તો અલબત્ત હું તમને અધિક આપીશ."

હુઝૂર ﷺએ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہને ફર્માવ્યું કે શું તમે એ વાતને પસંદ કરો છો કે તમારા પર જિંદગી, મૌત, કબ્ર અને હશ્રમાં અલ્લાહ તઆલાની રહમતનો નુઝૂલ થાય ? રાતનો અમુક હિસ્સો બાકી હોય અને તમે રબની રઝાના માટે ઉઠીને ઈબાદત કરો ! **હે અબૂ હુરૈરહ્ ! ઘરના ખૂણાઓમાં નમાઝો પઢયા કરો તમારું ઘર આસ્માનેથી એવું ચમકતુ નજર આવશે જેવી રીતે કે જમીનવાળાઓને ચમકદાર સિતારા નજર આવ્યા કરે છે.** *(અહયાઉલ ઉલૂમ, ૧/૩૩૪)*

ફર્માને નબવી છે, તમારા માટે લાઝિમ છે કે **રાત્રે ઈબાદત કર્યા કરો, કેમ કે એ આગલા નેક લોકોનો તરીકો છે.** બેશક ! રાતનો કિયામત અલ્લાહ તઆલાની નિકટતાનો સબબ, ગુનાહોના કફ્ફારો, શારીરિક બીમારીઓને દૂર કરનાર અને ગુનાહોથી રોકનાર છે. *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૪૫૧, બયહકી, ૨/૭૦૭, કન્ઝુલ ઉમ્માલ, ૭/૭૮૬, અલ્કામિલ ફી દુઅફાઈર્રિજાલ, ૫/૪૬૮)*

હુઝૂર ﷺનો ઈર્શાદે ગિરામી છે કે દરેક તે શખ્સ જે રાત્રે ઈબાદતનો આદી હોય અને તેને ઊંઘ આવી જાય તો તેના આમાલામામાં રાતની ઈબાદતનો સવાબ લખી દેવામાં આવે છે અને ઊંઘને તેના માટે બખ્શી દેવામાં આવે છે. *(સુનને નિસાઈ, ૧/૨૫૫, અબૂ દાઊદ, ૧/૧૮૬, કન્ઝુલ ઉમ્માલ, ૭/૭૮૩, બયહકી, ૩/૨૨)*

હુઝૂર ﷺએ હઝરત અબૂ ઝર رضی اللہ عنہને ફર્માવ્યું, હે અબૂ ઝર ! જ્યારે તમે સફરનો ઈરાદો કરો છો તો ઝાદે રાહ (વાટનુ ભાથુ) તૈયાર કરો છો ? અર્ઝ કરી, હા ! આપે ફર્માવ્યું, કિયામતના લાંબા માર્ગની સફર કેવી રીતે કરશો ? હે અબૂ ઝર ! હું તમને એવી ચીજ બતાવું જે તમને કિયામતના દિવસે ફાયદો આપે ? અબૂ ઝરે અર્ઝ કરી, મારાં માં બાપ આપ પર કુર્બાન ! જરૂર બતાવો ! આપે ફર્માવ્યું, કિયામતના દિવસના માટે સખત ગરમીના દિવસે રોઝા રાખ ! કબ્રની ભયાનક્તા દૂર કરવા માટે અંધારી રાતમાં નફ્લ

બે રકાત પઢ ! કિયામતના મહત્વની બાબતોની હુજ્જત માટે હજ્જ કર, મિસ્કીન પર સદકો કર અથવા હક્ક વાત કહે અને બુરી વાત કહેવાથી ખામોશ રહે. *(અહયાઉલૂમિદ્દીન, ૧/૩૩૪)*

રિવાયત છે કે હુઝૂર ﷺના મુબારક જમાનામાં (જાહેરી જમાનામાં) એક માણસ હતો. જ્યારે લોકો પોતાના બિસ્તરો પર સૂઈ જતા અને આંખો સુકૂન પામવા માટે મીંચાઈ જતી, તો તે ઉભો થઈને નમાઝ પઢતો, કુર્આન મજીદની તિલાવત કરતો અને કહેતો, હે જહન્નમના ખાલિક ! મને જહન્નમથી બચાવ ! હુઝૂર ﷺની બારગાહમાં તે શખ્સની ચર્ચા ચાલી તો આપે ફર્માવ્યું, જ્યારે તે એવી હાલતમાં હોય તો મને ખબર કરી દે જો. જેથી એ પ્રસંગ બનતાં આપ ત્યાં તશરીફ લાવ્યા અને તેની તિલાવત તથા દુઆઓ સાંભળી. સવાર પડી તો આપે તેને ફર્માવ્યું, હે ફલાણા ! તેં અલ્લાહ તઆલા પાસે જન્નતનો સવાલ કેમ ન કર્યો ? તે માણસ બોલ્યો, યા રસૂલલ્લાહ ! હું જન્નતનો સવાલ કેમ કરીને કરું ! હજી તો મારા અમલ તેની તલબને લાયક નથી થયા. આ વાતચીતને થોડીક જ વાર થઈ હતી એવામાં જિબ્રઈલે અમીન નાઝિલ થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ફલાણા માણસને જણાવી દો કે અલ્લાહ તઆલાએ તેને જહન્નમથી મેહફૂઝ ફર્માવી લીધો અને તેને જન્નતમાં દાખલ કરી દીધો. *(અહયાઉલ ઉલૂમમિદ્દીન)*

રિવાયત છે કે જનાબ જિબ્રઈલે અમીને હુઝૂર علیہ السلامને અર્ઝ કરી કે ઈબ્ને ઉમર ઉમદા માણસ છે, કાશ ! તે રાત્રે ઈબાદત કરતા. હુઝૂર ﷺએ ઈબ્ને ઉમર رضی اللہ عنہને આ વાતની ખબર આપી. ત્યારબાદ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ હમેશાં રાત્રે ઈબાદત કર્યા કરતા.

હઝરત નાફેઅ رضی اللہ عنہનો કૌલ છે કે આપ રાત્રે ઈબાદત કરતાં મને કહ્યા કરતા કે જુઓ ક્યાંક સવાર તો નથી થઈ ગઈ ને ! હું કહેતો, નહીં, તો આપ ફરી ઈબાદતમાં મશ્ગૂલ થઈ જતા. પછી ફર્માવતા, હે નાફેઅ ! જુઓ સવાર થઈ ? હું કહેતો, હા ! તો આપ બેસી જતા અને ઈસ્તિગફાર ફર્માવતા, ત્યાં સુધી કે સવાર ખૂબ ઉજાસવાળી થઈ જતી.

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત છે કે હઝરત યહ્યા બિન

ઝકરિયા عليه السلام એ એક રાત્રે જવની રોટી પેટ ભરીને ખાઈ લીધી. રાત્રે તેમની આંખ લાગી ગઈ અને આપ સવાર સુધી સૂતેલા રહ્યા, પોતના વઝીફા તથા ઈબાદતમાં મશગૂલ ન થઈ શક્યા. ત્યારે અલ્લાહ તઆલાએ આપની તરફ વહી ફર્માવી, હે યહ્યા ! શું તેં મારા તૈયાર કરેલા ઘરથી ઉમદા ઘર અથવા મારા પડોશ કરતાં ઉમદા પડોશ મેળવી લીધો છે ? મને મારી ઈજ્જત તથા જલાલની કસમ ! હે યહ્યા ! જો તેં જન્નતુલ ફિરદૌસને જોઈ લીધું હોત તો તેના શોખમાં તારી ચરબી ઓગળી જાત ! અને જો તું જહન્નમને જોઈ લેતે તો તારી ચરબી ઓગળી જાત અને આંખોએથી પરુ વહેત.

હુઝૂર صلى الله عليه وسلم ને અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم ફલાણો માણસ રાત્રે નમાઝ પઢે છે, સવાર થઈ તો તેણે ચોરી કરી લીધી ! આપે ફર્માવ્યું, નજીકમાં જ તેનો નેક અમલ તેને બુરાઈઓથી રોકી દેશે. *(અહયાઉલ ઉલૂમિદ્દીન, ૧/૩૩૫)* આગળ ઈર્શાદ ફર્માવ્યો કે અલ્લાહ તઆલા તે બંદા પર રહમ ફર્માવે જે રાત્રે ઉભો રહીને ઈબાદત કરતો રહ્યો. પછી તેણે પોતાની પત્નીને જગાડી અને તેણીએ પણ તેની સાથે ઉભા રહીને ઈબાદત કરી. જો પત્નીએ ઈન્કાર કર્યો તો તે બંદાએ તેણીના મોઢા પર પાણીનાં છાંટા માર્યા. અને આપે ફર્માવ્યું, અલ્લાહ તે ઔરત પર રહમ ફર્માવે જે રાત્રે ઉભી રહીને ઈબાદત કરતી રહી. પછી તેણીએ પોતાના પતિને જગાડયો અને તે પણ તેણીની સાથે ઈબાદતમાં મશગૂલ થઈ ગયો, નહીં તો સ્ત્રીએ પોતાના પતિના મોઢા પર પાણીના છાંટા માર્યા. *(સુનને ઈબ્ને માજહ, ૯૪, નિસાઈ, ૧/૨૩૯, અબૂ દાઊદ, ૧/૨૦૫, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૪૫૩, કન્ઝુલ ઉમ્માલ, ૭/૭૮૫, બયહકી, ૨/૭૦૬)*

ફર્માને નબવી છે, જે રાત્રે ખૂદ બેદાર થયો (જાગ્યો) અને પોતાની ઔરતને પણ જગાડી. પછી બંનેએ ઉભા રહીને બે રકાત નમાઝ પઢી તો અલ્લાહ તઆલા તેમને ઝિક્ર કરનાર મર્દો અને ઔરતોમાંથી લખી નાખે છે. *(સુનને અબૂ દાઊદ, ૧/૨૦૫, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૪૬૧, બયહકી, ૨/૭૦૬)* ફર્માને નબવી છે કે ફર્ઝો પછી સૌથી અફઝલ નમાઝ રાતની છે. *(સહીહ મુસ્લિમ, ૧/૩૬૮, નિસાઈ, ૧/૨૪૦, દારમી, ૧/૨૬૦, બયહકી, ૪/૪૮૧, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૪૫૧, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૧૪, અલ્મોઅજમુલ કબીર, લિત્તબરાની, ૨/૧૭૦, કન્ઝુલ ઉમ્માલ, ૭/૭૯૨)*

હઝરત ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે પોતાના વઝાઈફ કે ઈબાદત કરવા માટે જેની રાત્રે આંખ ન ખુલી અને તેણે તે વઝીફાઓ તથા ઈબાદત સવારની નમાઝ અને ઝોહરની નમાઝ દરમિયાનમાં અદા કરી તો તેના માટે આખી રાતની ઈબાદતનો સવાબ લખી દેવામાં આવે છે.

કહે છે કે ઈમામ બુખારી رحمۃ اللہ علیہ મોટા ભાગે આ શેઅરો પઢયા કરતા હતા :–

**૧.** ફરાગતના (નવરાશના) સમયમાં રુકૂઅ તથા સિજદાઓને ગનીમત જાણ કે નજીકમાં જ તને મૌત આવી જશે.

**૨.** મેં કેટલાય એવા તંદુરસ્તો જોયા છે જેમને કોઈ બીમારી ન હતી અને અચાનક તેમની રૂહો પરવાઝ કરી ગઈ.

*(પ્રકરણ : ૮૪)*

## ઉલમાએ સૂ ની સજા

"ઉલમાએ સૂ"નો મસકદ **તે ઉલમા જે ઈલ્મ મેળવવા પાછળ દુનિયવી નેઅમતો કમાવાનો ઈરાદો ધરાવે છે, દુનિયવી માન મર્તબા ચાહે છે અને દુનિયાદારોના સમકક્ષ બનવા ચાહે છે.**

સૈયદે દો આલમ ﷺ નો ઈર્શાદ છે કે કિયામતના દિવસે સખ્તતરીન અઝાબ તે આલિમને થશે જેને અલ્લાહ તઆલાએ પોતાના ઈલ્મથી ફાયદો મેળવવા નથી દીધો. *(અત્તરગીબ વત્તરહીબ, ૧/૭૫, કન્ઝુલ ઉમ્માલ, ૧૦/૨૦૮)*

ફર્માને નબવી છે કે માણસ ત્યાં સુધી આલિમ નથી થતો જ્યાં સુધી પોતાના ઈલ્મના પ્રમાણે અમલ ન કરે. ફર્માને નબવી છે, ઈલ્મના બે પ્રકાર છે; ઝબાની ઈલ્મ : જે લોકો પર અલ્લાહની હુજ્જત છે. કલ્બી ઈલ્મી : અને આ જ ઈલ્મ લોકોને ફાયદો આપનાર છે. ફર્માને નબવી છે કે આખર જમાનમાં જાહિલ ઈબાદતગુઝાર અને ફાસિક આલિમ હશે.

ફર્માને નબવી છે કે **ઉલમા સામે ગર્વ કરવા, બેવકૂફો સાથે જંગ કરવા અને લોકોને પોતાના પ્રતિ આકર્ષવાના માટે ઈલ્મ હાંસલ ન કરો. જે પણ આવું કરશે તે જહન્નમમાં જશે.**

ફર્માને નબવી છે કે જે પોતાનો ઈલ્મ છુપાવે છે તેને અલ્લાહ તઆલા આગની લગામ આપશે. તેમ જ ઈર્શાદ ફર્માવ્યો કે હું દજ્જાલથી વધારે અન્ય લોકો માટે તમારા માટે ડરું છું ! પૂછવામાં આવ્યું, તે કોણ લોકો છે ? આપે ફર્માવ્યું, ગુમરાહ કરનાર ઈમામ. આગળ ફર્માન થાય છે કે જે શખ્સ ઈલ્મમાં વધારે છે પણ હિદાયતમાં નથી વધતો તેની અલ્લાહ તઆલાથી દૂરી વધે છે.

હઝરત ઈસા علیہ السلامએ ફર્માવ્યું, તમે જો હેરાન પરેશાન લોકો સાથે બેસનારા છો તો અંધારી રાતમાં આવનારાઓ માટે ઈલ્મ તથા હિકમતના માર્ગો કેવી રીતે સાફ કરશો.

આ અને એના જેવી ઘણી બધી હદીષો છે જે ઈલ્મના ભયોથી આગાહી કરે છે. કેમ કે આલિમ ક્યાં તો કાયમની હલાકત પામે છે અથવા તો પછી કાયમી સઆદત (નેકબખ્તી)થી સરફરાઝ થાય છે. અને જો આલિમ ઈલ્મની શોધમાં સલામતીથી મેહરૂમ થઈ જાય તો સઆદતને કદી નથી પામી શક્તો.

હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું, હું આ ઉમ્મત પર સૌથી વિશેષ મુનાફિક આલિમથી ડરું છું. લોકોએ કહ્યું, મુનાફિક આલિમ કેવો હોય છે ? આપે ફર્માવ્યું, તેની જીભ આલિમ હોય છે પણ તેનું દિલ અને અમલ જાહિલ હોય છે.

જનાબ હસન رضی اللہ عنہનો કૌલ છે કે તે લોકોમાંથી ન થઈ જાવ જેઓ ઉલમાનો ઈલ્મ અને દાનિશમંદો (શાણા પુરૂષો)ની હિકમતભરી વાતો જમા કરે છે પણ અમલ બેવકૂફો જેવો કરે છે.

કોઈ શખ્સે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہને કહ્યું કે હું ઈલ્મ શીખવા ચાહુ છું અને એ વાતથી ડરું છું કે ક્યાંક તેને વેડફી ન નાખું. આપે કહ્યું કે ઈલ્મને ત્યજી દેવું જ ઘણો મોટો વ્યય છે. *(અહયાઉલ ઉલૂમિદ્દીન, ૧/૬૦)*

જનાબ ઈબ્રાહીમ ઈબ્ને ઐનિયહ્ رضی اللہ عنہને કહેવામાં આવ્યું કે

લોકોમાં લાંબી શર્મિંદગી પામનારો શખ્સ કોણ છે ? તેમણે ફર્માવ્યું, દુનિયામાં તો એવા શખ્સ સાથે ભલાઈ કરનારો જે નેઅમતનો શુક્ર ન કરવાનો (એહસાન ફરામોશીનો) આદી છે, અને મૌતના સમયે ગુનેહગાર આલિમ.

જનાબ ખલીલ ઈબ્ને અહમદ رضی اللہ عنہનો કૌલ છે કે ચાર પ્રકારના માણસો છે : એક તે જે જાણે છે અને એ પણ જાણે છે કે તે ઈલ્મ ધરાવે છે, તે આલિમ છે, તેની પૈરવી કરો. બીજો તે જે ઈલ્મ ધરાવે છે પણ તેને ખબર નથી કે તે ઈલ્મ ધરાવે છે, તે સૂતેલો છે તેને જગાડો. ત્રીજો તે જે નથી જાણતો અને તે એવું સમજે છે કે તે કાંઈ નથી જાણતો તે રહનુમાઈ ચાહનારો છે, તેની રહનુમાઈ કરો. ચોથો તે જે નથી જાણતો અને સમજે છે એમ કે પોતે ખૂબ જ જાણે છે, તે જાહિલ છે તેનાથી દૂર રહો. જનાબ સુફયાન رضی اللہ عنہનો કૌલ છે કે ઈલ્મ અમલથી બોલે છે, જો માણસ અમલ કરે તો ઠીક, નહીં તો ઈલ્મ ચાલ્યો જાય છે.

જનાબ ઈબ્ને મુબારક رضی اللہ عنہનો કૌલ છે કે માણસ જ્યાં સુધી ઈલ્મની તલવારમાં રહે છે તે આલિમ હોય છે અને જેવો તે પોતાને આલિમ સમજવા લાગે છે તેવો તે જેહાલતના અંધકારોમાં ચાલ્યો જાય છે.

જનાબ ફુઝૈલ ઈબ્ને અયાઝ رضی اللہ عنہનો કૌલ છે કે મને ત્રણ વ્યક્તિની ખૂબ જ દયા આવે છે, કૌમનો સરદાર જે બેઈજ્જત થાય છે, કૌમનો માલદાર જે મોહતાજ થઈ જાય છે અને તે આલિમ જેને દુનિયાદારીથી ફુરસદ નથી મળતી.

જનાબ હસન رضی اللہ عنہનો કૌલ છે, ઉલમાનો અઝાબ દિલની મૌત છે અને દિલની મૌત આખેરતના બદલામાં દુનિયા પ્રાપ્તિ છે. કોઈ શાયરે શું સરસ કહ્યું છે :–

૧. મને હિદાયતના બદલે ઝલાલત (અંધકાર) ખરીદનારા પર આશ્ચર્ય થયું અને જે દીનના બદલામાં દુનિયા ખરીદે છે તે એથી પણ વિશેષ આશ્ચર્યજનક વાત છે.

૨. અને એનાથીયે વિશેષ આશ્ચર્યજનક વાત એ છે કે ઈન્સાન ગલત દીનના બદલામાં સાચો દીન વેચી કાઢે છે.

ફર્માને નબવી છે કે આલિમને જહન્નમમાં એવો અઝાબ આપવામાં આવશે જેની સખ્તીથી તે જહન્નમીઓમાં ઘુમતો રહેશે. અહીં હુઝૂર ﷺની મુરાદ એવા આલિમ છે જે ફાસિક તથા ફાજિર છે અને આલિમ પણ છે. *(અહયાઉલ ઉલૂમુદ્દીન, ૧/૬૧)*

## ★ બેઅમલ આલિમનો અંજામ ★

હઝરત ઓસામા બિન ઝૈદ رضی اللہ عنہથી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું, આપ ફર્માવી રહ્યા હતા કે કિયામતના દિવસે એક આલિમને લાવવામાં આવશે અને તેને જહન્નમમાં નાખવામાં આવશે. તેનાં આંતરડાં નીકળી આવશે અને જહન્નમમાં આંતરડાભેર એવી રીતે ઘુમશે જેવી રીતે ગધેડો ઘંટીની આસપાસ ઘુમે છે. જહન્નમવાળાઓ તેને પોતાની આસપાસ ઘુમતો જોઈને તેને તેના અમલ વિશે પૂછશે ત્યારે તે આલિમ કહેશે કે હું અન્યોને તો નેકીનો હુકમ આપતો હતો પણ જાતે તેના પર અમલ કરતો ન હતો. લોકોને બુરાઈઓથી રોકતો હતો પણ જાતે રોકાતો ન હતો. *(સહીહ બુખારી, ૧/૪૬૨, મુસ્લિમ, ૨/૪૧૨, કન્ઝુલ ઉમ્માલ, ૧૦/૨૦૮, મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૨૬૯, બયહકી, ૧૦/૧૬૨)*

આલિમને ગુનાહોના કારણે ડબલ અઝાબ એટલા માટે આપવામાં આવશે કે તે ઈલ્મ હોવા છતાં ગુનાહ કરતો રહ્યો. એટલા માટે ફર્માને ઈલાહી છે : **اِنَّ الْمُنٰفِقِيْنَ فِى الدَّرْكِ الْاَسْفَلِ مِنَ النَّارِ** "મુનાફિકો બેશક ! જહન્નમના નીચલા તબકામાં હશે." *(સૂ. નિસાઅ, આ. : ૧૪૫)*

એટલા માટે કે તેમણે ઈલ્મ હોવા છતાં હુઝૂર ﷺની નબુવ્વત તથા સચ્ચાઈનો ઈન્કાર કર્યો.

અલ્લાહ તઆલાએ નસારા (ઈસાઈ)ના "અલ્લાહના બેટા" અને તેમને "ત્રણમાંથી ત્રીજો" કહેવા છતાં યહૂદીઓને તેમનાથી બદ્તર ઠરાવ્યા, કેમ કે યહૂદીઓએ ઈલ્મ હોવા છતાં હુઝૂર ﷺની નબુવ્વતનો ઈન્કાર કરી દીધો હતો.

જેમ કે ફર્માને ઈલાહી છે : **يَعْرِفُوْنَهٗ كَمَا يَعْرِفُوْنَ اَبْنَآءَهُمْ** "તેઓ (યહૂદી) આપને ઓળખે છે જેવી રીતે પોતાના પુત્રોને ઓળખે છે." *(સૂ. બકરહ, આ. : ૧૪૬)*

વધુમાં ઈર્શાદ ફર્માવ્યો :–

فَلَمَّا جَآءَ هُمْ مَّا عَرَفُوْا كَفَرُوْا بِهٖ فَلَعْنَةُ اللّٰهِ عَلَى الْكٰفِرِيْنَ

**તર્જુમો :** "પછી જ્યારે તેમની પાસે તે કાંઈ આવ્યું જેને તેઓ પિછાણતા હતા તો તેમણે તેનાથી કુફ્ર (ઈન્કાર) કર્યો. તો કાફિરો પર અલ્લાહની લઅનત છે." *(સૂ. બકરહ, આ. : ૮૯)*

અલ્લાહ તઆલાએ બલ્અમ ઈબ્ને બાઊરના કિસ્સામાં ઈર્શાદ ફર્માવ્યો :–

وَاتْلُ عَلَيْهِمْ نَبَا الَّذِیْٓ اٰتَيْنٰهُ اٰيٰتِنَا فَا نْسَلَخَ مِنْهَا فَاَتْبَعَهُ الشَّيْطٰنُ فَكَانَ مِنَ الْغٰوِيْنَ

**તર્જુમો :** "અને તે લોકો પર તે શખ્સનો કિસ્સો બયાન કર જેને અમે અમારી નિશાનીઓ આપી પછી તે તેમાંથી નીકળી ગયો અને શૈતાને તેને પાછળ લગાડયો, પછી તે ગુમરાહોમાંથી થઈ ગયો. *(સૂ. અઅરાફ, આ. ૧૭૫, પારા : ૯)*

અને એ પણ ઈર્શાદ ફર્માવ્યો કે :–

مَثَلُهٗ كَمَثَلِ الْكَلْبِ اِنْ تَحْمِلْ عَلَيْهِ يَلْهَثْ اَوْتَتْرُكْهُ يَلْهَثْ

**તર્જુમો :** "તો તેની મિષાલ (ઉદા.) કૂતરા જેવી છે, જો તું તેના પર બોજો નાખી દે તો તે જીભ લટકાવે છે અને જો તેને છોડી દે તો પણ જીભ લટકાવે છે."

આ પ્રમાણે ફાસિક તથા ફાજિર આલિમનો અંજામ થાય છે, કેમ કે "બલ્અમ"ને કિતાબુલ્લાહનો ઈલ્મ આપવામાં આવ્યો હતો પણ તેણે નફ્સાની ખ્વાહિશોને અપનાવી લીધી જેથી તેના વિશે કૂતરાનું દૃષ્ટાંત આપવામાં આવ્યું. એટલે કે તેને ચાહે હિકમતનો ઈલ્મ આપવામાં આવ્યો કે ન આપવામાં આવ્યો તે દરેક હાલતમાં મનો વાસનાઓની પ્રતિ જીભ લટકાવતો રહે છે.

હઝરત ઈસા علیہ السلام એ ફર્માવ્યું, બુરા ઉલમાનું દૃષ્ટાંત એવી ચટ્ટાન (પહાડ)ની જેમ છે જે નહેરના મુખ દ્વાર પર પડી ગઈ હોય, ન તો તે પોતે સૈરાબ (તૃપ્ત) થાય છે અને ન તો તે પાણીને માર્ગ આપે છે કે તેનાથી ખેતીઓમાં સિંચાઈ થાય.

(પ્રકરણ : ૮૫)

# સુસંસ્કારની ફઝીલત

અલ્લાહ તઆલાએ પોતાના નબી તથા હબીબ ﷺની પ્રશંસા કરતાં અને પોતાની નેઅમતોનો તેમના માટે ઈઝહાર કરતાં ઈર્શાદ ફર્માવ્યો :–

**اِنَّكَ لَعَلٰى خُلُقٍ عَظِيْمٍ** "બેશક ! ઉચ્ચ આદતો (સંસ્કાર)વાળા છે." *(સૂ. કલમ આ. : ૪, પારા : ૨૯)*

હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺનો ખુલ્ક (આદતો, સંસ્કાર) કુર્આન હતો. *(સહીહ મુસ્લિમ, ૧/૨૫૬, નિસાઈ, ૧/૨૩૭, દારમી, ૧/૨૬૦, ઈબ્ને માજહ, પેજ : ૧૬૮, મુસ્નદે અહમદ બિન હંબલ, ૭/૧૩૨)*

એક શખ્સે હુઝૂર ﷺને સારી આદતો વિશે પ્રશ્ન કર્યો તો આપે આયતે મુબારકા પઢી : **خُذِ الْعَفْوَ وَاْمُرْ بِالْعُرْفِ وَاَعْرِضْ عَنِ الْجٰهِلِيْنَ** "દર ગુઝર કરવાનું ઈખ્તિયાર કરો, નેકીનો હુકમ કરો અને જાહિલોથી મોઢું ફેરવી લો." *(સૂ. અઅરાફ, આ. : ૧૯૯, પારા : ૯) (તફસીરે ઈબ્ને કબીર, ૨/૩૦૮)*

પછી હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, મને એટલા માટે મોકલવામાં આવ્યો છે કે ઉમદા અખ્લાક (સુસંસ્કારો)ને પરિપૂર્ણતાએ પહોંચાડુ. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૮૦, બયહકી, ૧૦/૩૨૩, કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૬, મોઅત્તા ઈમામ માલિક, ૨/૯૦૪)* આગળ ઈર્શાદ ફર્માવ્યો કે કિયામતના દિવસે મીઝાને આમાલમાં સૌથી વજનદાર ચીજ "ખૌફે ખુદા" અને "સુસંસ્કાર" હશે. *(અબૂ દાઊદ, ૨/૬૬૧, તિર્મિઝી, ૨/૨૧, ઈબ્ને હબ્બાન, ૧/૪૨૮, મુસ્નદે અહમદ બિન હંબલ, ૭/૫૯૬)*

એક શખ્સ હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! દીન શું છે ? આપે ફર્માવ્યું, સુસંસ્કાર ! પછી જમણી બાજુથી આવ્યો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ દીન શું છે ? આપે ફર્માવ્યું, સુસંસ્કાર ! પછી તે ડાબી બાજુથી આવ્યો અને અર્ઝ કરી, યા રસૂલ્લાહ ! ﷺ દીન શું છે ? આપે ફર્માવ્યું, સુસંસ્કાર ! પછી તે આપની

પીઠ પાછળથી આવ્યો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! દીન શું છે ? આપે તેના પ્રતિ ધ્યાન કરીને ફર્માવ્યું : اَمَا تَفْقَهُ هُوَاَنِ لَا تَغْضَبَ *(અત્તરગીબ વત્તરહીબ, ૩/૨૭૨)*

સરકારે દો આલમ ﷺને પૂછવામાં આવ્યું કે નહૂસત શું છે ? આપે ફર્માવ્યું, કુસંસ્કાર (કુટેવો) !

એક શખ્સે હુઝૂર ﷺને અર્ઝ કરી, કે મને વસિય્યત કરો ! આપે ફર્માવ્યું, જ્યાં પણ રહો અલ્લાહ તઆલાથી ડરતા રહો. તેણે અર્ઝ કરી અધિક કહો ! આપે ફર્માવ્યું, દરેક બુરાઈ પછી નેકીઓ કરો, તે તેને મિટાવી દેશે. તેણે ફરી અર્ઝ કરી, કાંઈક અધિક ફર્માવો ! આપે ફર્માવ્યું, લોકો સાથે સદ્ વર્તાવ કરો અને સુસંસ્કાર સાથ રહો. *(સુનને તિર્મિઝી, ૨/૧૯, દારમી, ૨/૨૫૪, મિશ્કાતુલ મસાબીહ, ૨/૪૩૨)*

હુઝૂર ﷺને પૂછવામાં આવ્યું કે, કયો અમલ અફઝલ છે ? આપે ફર્માવ્યું, સુસંસ્કાર ! *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧/૧૮૦)*

ફર્માને નબવી છે કે અલ્લાહ તઆલાએ જે બંદાની પેદાઈશ અને આદતોને બેહતરીન બનાવી છે તેને તે જહન્નમમાં નહીં નાખે. *(અત્તરગીબ વત્તરહીબ, ૩/૨૭૪, કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૧)*

હઝરત ફુઝૈલ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺને અર્ઝ કરવામાં આવી કે ફલાણી ઔરત રાત્રે ઈબાદત કરે છે, દિવસે રોઝા રાખે છે પણ તે ખરાબ સ્વભાવની છે, પોતાની વાતોથી પડોશીઓને તકલીફ આપે છે. આપે ફર્માવ્યું, તેમાં ભલાઈ નથી તે જહન્નમીઓમાંથી છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૯/૧૮૬)*

હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત છે કે, મેં રસૂલલ્લાહ ! ﷺને એવું ફર્માવતાં સાંભળ્યા કે સૌથી પહેલાં અમલના ત્રાજવા (મીઝાન)માં "સુસંસ્કાર" તથા "સખાવત"ને રાખવામાં આવશે, જ્યારે અલ્લાહ તઆલાએ ઈમાનને પેદા કર્યું તો તેણે (ઈમાને) અર્ઝ કરી, હે અલ્લાહ ! મને કુવ્વત (શક્તિ) અતા ફર્માવ ! તો અલ્લાહ તઆલાએ તેનામાં હુસ્ને ખુલ્ક (સુસંસ્કાર) તથા સખાવત વડે શક્તિસંચાર કર્યો. અને જ્યારે અલ્લાહ તઆલાએ કુફ્રને પેદા કર્યું તો તેણે અર્ઝ કરી, હે અલ્લાહ ! મને

કુવ્વત આપ! તો તેણે તેનામાં બખીલી (કંજૂસાઈ) અને બદ્‌ખુલ્કી (કુસંસ્કાર) વડે શક્તિસંચાર કર્યો. *(કન્ઝુલ ઉમ્માલ, ૩/૭)*

ફર્માને નબવી છે કે અલ્લાહ તઆલાએ આ દીનને પોતાના માટે પસંદ ફર્માવી લીધો છે. તમારો આ દીન સખાવત અને સુસંસ્કાર વિના સહીહ નથી થતો, સાવધાન! તમારા અમલોને આ બે ચીજો વડે શણગાર આપો. *(કન્ઝુલ ઉમ્માલ, ૬/૩૬૭)* અઝીમતરીન (શ્રેષ્ઠ) મખ્લૂક છે. *(અત્તરગીબ વત્તરહીબ, ૩/૨૭૩)*

હુઝૂર ﷺને અર્ઝ કરવામાં આવી કે કયા મો'મિનનુ ઈમાન અફઝલ છે? આપે ફર્માવ્યું, જેની આદતો (સંસ્કાર) સૌથી સારી હોય. *(સુનને અબૂ દાઊદ, ૨/૨૪૩, તિર્મિઝી, ૨/૨૧૯, કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૩, દારમી, ૨/૨૫૪, ઈબ્ને હબ્બાન, ૧/૪૨૭, અલ્મોઅજમુસ્સગીર, લિત્તબરાની, ૧/૨૧૮)*

હુઝૂર પુરનૂર ﷺનો ઈર્શાદ છે કે, **નિઃશંક ! તમે લોકોની માલ તથા દૌલત વડે મદદ નથી કરી શક્તા જેથી તેમની ખુશ ચહેરે અને સુસંસ્કાર વડે મદદ કરો.** *((કન્ઝુલ ઉમ્માલ, ૩/૬)* ફર્માને નબવી છે કે **બદ્‌ખુલ્કી (ગૈરવર્તણૂક) અમલોને એવી રીતે બર્બાદ કરી દે છે જેવી રીતે સિરકો મધને ખરાબ કરી દે છે.** *(કન્ઝુલ ઉમ્માલ, ૩/૪૪૦)*

હઝરત જરીર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, બેશક ! તમે એવા યુવાન છો કે અલ્લાહ તઆલાએ તમારી ખલ્કત (સર્જન)ને બેહતરીન કરેલ છે જેથી તમે તમારા ખુલ્ક (આદતો)ને બેહતરીન કરો. *(કન્ઝુલ ઉમ્માલ, ૩/૬)*

હઝરત બરાઅ્ ઈબ્ને આઝિબ رضی اللہ عنہથી રિવાયત છે. હુઝૂર ﷺ લોકોથી વિશેષ ખૂબસૂરત અને બેહતરીન આદતો (સંસ્કાર)વાળા હતા.

હઝરત અબૂ સઈદ બદરી رضی اللہ عنہથી રિવાયત છે. હુઝૂર ﷺ પોતાની દુઆમાં આ પ્રમાણે અર્ઝ કરતા, "હે અલ્લાહ ! જેવી રીતે મારા સર્જનને શ્રેષ્ઠ કર્યું છે એવી જ રીતે મારી ખુલ્કને (સંસ્કાર, આદતો)ને બેહતરીન કર." *(મિશ્કાતુલ મસાબીહ, ૨/૪૩૨, ઈબ્ને હબ્બાન, ૨/૨૨૧, અન અહમદ બિન અલી મુષન્ના)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. હુઝૂર ﷺ મોટા ભાગે આ પ્રમાણે દુઆ કરતા :–

اَللّٰھُمَّ اَسْئَلُكَ الصِّحَّةَ الْعَافِيَةَ وَحُسْنَ الْخُلُقِ "હે અલ્લાહ ! હું તારાથી તંદુરસ્તી, સલામતી અને સુસંસ્કારનો સવાલ કરું છું." *(કન્ઝુલ ઉમ્માલ, ૨/૧૮૩)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે, હુઝૂર ﷺએ ફર્માવ્યું, ઈન્સાનની શરાફત તેનો દીન છે, તેની નેકી સુસંસ્કાર છે અને તેની મુરવ્વત તેની બુદ્ધિ છે. *(સુનને બયહકી, ૧૦/૩૨૮, ઈબ્ને હબ્બાન, ૧/૪૨૯)*

હઝરત ઓસામા ઈબ્ને શરીક رضی اللہ عنہથી રિવાયત છે કે હું ગામડિયાઓની મેહફિલમાં હાજર થયો, તેઓ હુઝૂર ﷺને પૂછી રહ્યા હતા કે ઈન્સાનને અર્પણ થયેલ ભલાઈઓમાંથી કઈ ભલાઈ ઉમદા છે ? આપે ફર્માવ્યું, હુસ્ને ખુલ્ક (સુસંસ્કાર, સુટેવો).

ફર્માને નબવી છે કે કિયામતના દિવસે મને સૌથી અધિક પ્રિય અને મારી અધિક નજીક તે લોકો હશે જેઓ તમારામાંથી બેહતરીન ખુલ્ક (સંસ્કાર)વાળા છે. *(સુનને તિર્મિઝી, ૨/૨૨, મિશ્કાતુલ મસાબીહ, ૨/૪૩૧, સહીહ ઈબ્ને હબ્બાન, ૧/૪૨૯, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૩૯૦, કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૦)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, ત્રણ આદતો એવી છે જે કોઈ વ્યક્તિમાં જોવા મળે અથવા તેમાંથી કોઈ એક જોવા મળે તેના કોઈ અમલને ગણત્રીમાં ન લાવો. પરહેઝગારી જે તેને અલ્લાહની નાફર્માનીથી દૂર રાખે છે. સહનશક્તિ જેના થકી તે બેવકૂફને રોકી દે છે. સુટેવ (સુસંસ્કાર) જેનાથી સંકળાયેલ રહીને તે જિંદગી વિતાવે છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૫/૮૩૫)*

હુઝૂર ﷺ નમાઝની શરૂઆતમાં આ દુઆ ફર્માવ્યા કરતા હતા કે, હે અલ્લાહ ! મને શ્રેષ્ઠ સંસ્કાર (સુટેવો)ની હિદાયત ફર્માવ, તારા સિવાય કોણ છે જે સુસંસ્કારની હિદાયત આપે, મને બદ્‌મિજાઝી (કુટેવો)થી નજાત આપ, બદ્‌મિજાઝીથી બચાવનાર તારા સિવાય કોણ છે ? *(સુનને નિસાઈ, ૧/૧૪૨, તિર્મિઝી, ૨/૧૭૯)*

આપને પૂછવામાં આવ્યું કે ઈન્સાનનો શણગાર કઈ વાતમાં છે ? આપે ફર્માવ્યું, વાતચીતમાં નમ્રતા, ઉદાર દિલીભર્યો વર્તાવ અને ખુશ મિજાઝીનો ઈઝહાર. જે શખ્સ લોકો સાથે એહસાન કરે છે અને સુસંસ્કારથી વર્તે છે, એવો માણસ લોકોને પસંદ હોય છે અને લોકો તેની પ્રશંસા કરે છે જેમ કે એક શાયરે કહ્યું છે :–

**૧.** જ્યારે તેણે ભલાઈની તમામ આદતોને એકત્ર કરી લીધી અને સર્વ સાથે સુવર્તાવ રાખ્યો.

**૨.** તો તું સાહિબે અર્શ છે, તારી જમા કરેલી નેકીને ગુમ થયેલી જોઈશ નહીં અને ન તો અલ્લાહ તઆલાની મખ્લૂકથી રૂબરૂ તથા પીઠ પાછળ તારી પ્રશંસાઓને ગુમ થયેલી જોઈશ.

*(પ્રકરણ : ૮૬)*

## હંસી તથા રૂદન કાકલૂદી

ફર્માને ઈલાહી છે :–

**اَفَمِنْ هٰذَا الْحَدِيْثِ تَعْجَبُوْنَ وَتَضْحَكُوْنَ وَلَا تَبْكُوْنَ** ''શું તો આ વાત (કુર્આન)થી આશ્ચર્ય કરો છો ! (જૂઠલાવો છો !) અને હસો છો (મઝાક કરો છો કે અલ્લાહના તરફથી ગાફેલ થયો) અને રડતા નથી (ખૌફ તથા ધમકીઓની આ ચેતવણીઓને સાંભળીને જે એમાં આવેલી છે) અને તમે ગફલતમાં છો, તે અમલોથી ગાફેલ છો જેનો તમારી પાસે તકાઝો કરવામાં આવ્યો છે.'' *(સૂ. નજમ, આ. ૫૯, પારા : ૨૭)*

આ આયતના નુઝૂલ પછી હુઝૂર ﷺ કદાપિ હસ્યા નથી, કેવળ સ્મિત કરતા હતા. એક રિવાયતમાં છે કે આ આયતના નુઝૂલ પછી હુઝૂર ﷺને હસતાં અને મુસ્કુરાતાં નથી જોવામાં આવ્યા, ત્યાં સુધી કે આપ દુનિયાથી તશરીફ લઈ ગયા. *(તફસીરે રૂહુલ મઆની, ૧૫/૧૧૧)*

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી મરવી છે. એક દિવસ હુઝૂર ﷺ

મસ્જિદની બહાર તશરીફ લાવ્યા તો આપે લોકોની એવી જમાઅત જોઈ જેઓ હસી હસીને વાતો કરી રહ્યા હતા. આપ તેમની પાસે અટકી ગયા અને તેમને સલામ કરીને કહ્યું, દુનિયાવી મજાઓને ખતમ કરવાવાળી (મૌત)ને મોટા ભાગે યાદ કર્યા કરો. ફરી એક વાર આપ એક એવી જમાઅત પાસેથી પસાર થયા જેઓ હસી રહ્યા હતા. આપે તેમને જોઈને ફર્માવ્યું કે ખુદાની કસમ ! જે હું જાણું છું તે તમે જાણત તો થોડુ હસત અને વધારે રડત. *(હિલ્યતુલ અવલિયા, ૯/૨૬૩, હદીષ, ૧૩૮૨૮)*

જ્યારે હઝરત ખિઝ્ર علیہ السلامથી હઝરત મૂસા علیہ السلامએ અલગ થવા ઈચ્છયું તો તેમણે કહ્યું, મને નસીહત કરો ! હઝરત ખિઝર علیہ السلامએ કહ્યું, હે મૂસા ! ખૂદને ઝઘડાઓથી બચાવો, જરૂરત વિના કદમ ન ઉઠાવો, આશ્ચર્ય વિના હસો નહીં, ગુનેહગારોને તેમની ખતાઓના સબબે શર્મિંદા ન કરો અને તારા તરફથી રબની હુઝૂર રડતા રહો.

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, અધિક હસવું દિલને મૌતથી નજીક (દિલને મુર્દા) કરી દે છે. *(સુનને ઈબ્ને માજહ, પેજ : ૩૦૯)* વધુમાં ઈર્શાદ ફર્માવ્યું કે, ''જે શખ્સ યુવાનીમાં હસે છે તે ઘડપણમાં રડે છે. જે માલદારીમાં હસે છે તે ગરીબીમાં રડે છે અને જે જિંદગીમાં હસે છે તે મૃત્યુ સમયે રડે છે.''

ઈર્શાદે નબવી છે કે, કુર્આન પઢો અને રડો ! જો રડવુ ન આવે તો રડતા માણસ જેવો ચહેરો બનાવો.

જનાબ હસન رضی اللہ عنہ આ ફર્માને ઈલાહી :-

فَلْيَضْحَكُوا قَلِيلًا وَّلْيَبْكُوا كَثِيرًا ''તો જોઈએ કે થોડુ હસો અને વધારે રડો.''ની તફસીરમાં ફર્માવે છે કે **દુનિયામાં ઓછુ હસો, નહીં તો આખેરતમાં ખૂબ રડવુ પડશે** અને એ તમારા અમલોનો બદલો હશે. વધુમાં ફર્માવ્યું કે મને એ હસવાવાળા પર આશ્ચર્ય થાય છે જેની પાછળ જહન્નમ છે અને તે ખુશહાલ પર આશ્ચર્ય થાય છે જેની પાછળ મૌત લાગેલી છે. *(સુનને ઈબ્ને માજહ, પેજ : ૩૦૯)*

આપને એક એવા યુવાન પાસેથી પસાર થવાનુ થયું જે હસી રહ્યો હતો. આપે પૂછયું, હે બેટા ! શું તેં પુલસિરાતને પાર કરી લીધો છે ? તેણ

કહ્યું, નહીં ! આપે ફર્માવ્યું, શું તને એ ખબર પડી ગઈ છે કે તું જન્નતમાં જઈશ ? આપે ફરી પૂછયું પણ તે યુવાન ન બોલ્યો. આપે ફર્માવ્યું, તો પછી શા માટે હસી રહ્યો છે ? ત્યારબાદ તે યુવાનને કદી પણ હસતો જોવામાં નથી આવ્યો.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નુ ફર્માન છે કે **જે હસતાં હસતાં ગુનોહ કરે છે તે રડતાં રડતાં જહન્નમમાં જશે.** *(કન્ઝુલ ઉમ્માલ, ૪/૨૧૯, હદીષ, ૧૦૨૩૭)*

અલ્લાહ તઆલાએ રડવાવાળાઓની પ્રશંસા કરી છે. જેમ કે ઈર્શાદે ઈલાહી છે : **وَيَخِرُّوْنَ لِلْاَذْقَانِ يَبْكُوْنَ** ''અને તેઓ રડતા રડતા હડપચીભેર ગબડી પડે છે.'' *(સૂ. તૌબા, આ. : ૮૨, પારા : ૧૦) (સૂ. ઈસ્રા, આ. ૧૦૯, પારા : ૧૫)*

જનાબ અવઝાઈ رضی اللہ عنہ આ આયત :–

**مَالِ هٰذَا الْكِتَابِ لَا يُغَادِرُ صَغِيْرَةً وَّلَا كَبِيْرَةً اِلَّا اَحْصٰهَا**

''શું છે આ કિતાબને કે નથી છોડતી નાની વાત ન મોટી વાત પણ તેને ગણી લીધા કરે છે.'' *(સૂ. કહફ, આ. : ૪૯)*ની તશ્રીહમાં ફર્માવે છે કે નાની વાતથી મુરાદ તબસ્સુમ (સ્મિત) અને મોટી વાતથી મુરાદ અટ્ટહાસ્ય છે.

હુઝૂર ﷺ ફર્માવે છે કે કિયામતના દિવસે સર્વ આંખો રડવાવાળી હશે પણ ત્રણ આંખો રડશે નહીં : (૧) જે ખુદાના ખૌફથી રડી (૨) જે અલ્લાહની હરામ કરેલ ચીજોથી બંધ રહી (૩) જે ખુદાની રાહમાં જાગતી રહી.

કહેવામાં આવ્યું છે કે, ત્રણ ચીજો દિલને સખ્ત કરી દે છે : કશાય આશ્ચર્ય વિના હસવું, ભૂખ વગર ખાવું અને કશીય જરૂરત વિના વાતો કરવી. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૫, ૮૪૪, હદીષ, ૪૩૩૫૭)*

## ★ લિબાસ ★

હુઝૂર ﷺને તેહબંદ, ચાદર, કમીસ કે જભ્ભો વગેરેમાંથી જે કપડુ મયસ્સર થઈ જતું તે પહેરી લેતા હતા અને આપને લીલો લિબાસ પસંદ

હતો પણ આપ મોટા ભાગે સફેદ પોશાક પહેરતા હતા. અને ફર્માવતા કે, આજ લિબાસ તમારા જીવતાઓને પહેરાવો અને એમાં જ તમારાં મુડદાંઓને કફન આપો. હુઝૂર ﷺની રેશમી સિરવાની (કબા) હતી. આપના શરીર મુબારક પર તેનો લીલો રંગ ખૂબ જ ભલો લાગતો હતો. આપનાં તમામ કપડાં ઘુંટીની ઉપર રહેતાં હતાં અને આપનુ તેહબંદ તેનાથી ઉપર અડધી પિંડલી સુધીનું રહેતુ હતું. *(સુનને નિસાઈ, ૨/૨૯૭)*

આપની પાસે એક કાળી કમ્બલ હતી જે આપે કોઈને બખ્શી આપી. હઝરત ઉમ્મે સલ્મહ્ رضی اللہ عنہاએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારાં માંબાપ આપના પર કુર્બાન થાય ! કાળી કમ્બલનું શું થયું ? આપે ફર્માવ્યું, તે મેં પહેરાવી દીધી. હઝરત ઉમ્મે સલ્મહ્ رضی اللہ عنہا બોલી, યા રસૂલલ્લાહ ! ﷺ મેં આપના સફેદ શરીર પર આ કાળા કમ્બલથી અધિક હસીન ચીજ નથી જોઈ.

હુઝૂર ﷺ લિબાસને જમણી બાજુથી પહેરવાનું શરૂ કરતા અને પઢતા :

**اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ کَسَانِیْ مَآاُوَارِیْ بِهٖ عَوْرَتِیْ وَاَتَجَمَّلُ بِهٖ فِی النَّاسِ**

**તર્જુમો** : ''હમ્દ છે તે અલ્લાહ માટે જેણે મને લિબાસ આપ્યો જેનાથી હું મારું શરીર ઢાંકુ છું અને લોકોમાં સજીને જાઉં છું.'' *(સુનને તિર્મિઝી, ૧/૩૦૬, અબ્વાબુલ્લિબાસ, કન્ઝુલ ઉમ્માલ, ૭/૧૧૯, હદીષ, ૮૨૭૧)*

આપ આપનો લિબાસ હમેશાં ડાબી તરફથી ઉતારતા હતા. જ્યારે નવુ કપડુ પહેરતા તો પૂરાણુ, કપડુ કોઈ મિસ્કીનને આપી દેતા, અને ફર્માવતા **જે કોઈ મુસલમાનને પોતાનું પૂરાણુ કપડુ અલ્લાહની રઝા હાંસલ કરવા માટે પેહરાવે છે તે પોતાના અમલના કારણે જિંદગી તથા મૌત બંનેમાં અલ્લાહ તઆલાની અમાન, પનાહ અને રહમતમાં હોય છે.**

હુઝૂર ﷺનો જભ્ભા મુબારક હતો. આપ જ્યાં આરામ ફર્માવતા તેની નીચે બે ગડીમાં બિછાવી દેતા. આપ ચટાઈ પર આરામ ફર્માવ્યા કરતા હતા. ચટાઈ સિવાય અન્ય કોઈ પણ ચીજ આપના પવિત્ર શરીર મુબારકની નીચે ન હોતી રહેતી.

(પ્રકરણ : ૮૭)

# કુર્આન, ઈલ્મ તથા ઉલમા

નબી અકરમ ﷺનો ઈર્શાદ છે કે જેણે કુર્આન મજીદની તિલાવત કરી પછી એ સમજ્યા કે કોઈને એનાથી પણ ઉમદા ચીજ આપવામાં આવી છે તો જાણે તેણે અલ્લાહની અઝમતને મામૂલી સમજી છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૧/૫૨૫)*

ઈર્શાદે નબવી છે કે અલ્લાહ તઆલાની પાસે કુર્આન મજીદથી અધિક મર્તબાવાળો કોઈ શફીઅ નથી. એક અન્ય ફર્માન છે કે મારી ઉમ્મતની બેહતરીન ઈબાદત કુર્આન મજીદની તિલાવત છે. એક અન્ય ઈર્શાદ છે કે તમારામાં અધિક બેહતર તે છે જે કુર્આન મજીદ પઢે અને પઢાવે. *(બુખારી, ૨/૭૫૨, ઈબ્ને માજહ, પેજ : ૧૯, સહીહ ઈબ્ને હબ્બાન, ૧/૧૮૪, મિશ્કાતુલ મસાબીહ, ૧/૧૮૩, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧/૧૩૬, કન્ઝુલ ઉમ્માલ, ૧/૫૨૫)* વધુમાં ફર્માવ્યું કે દિલોને કાટ લાગી જાય છે જેમ કે લોખંડને કાટ લાગે છે. અર્ઝ કરવામાં આવી, તેની ચમક દમક કેવી રીતે પાછી ફરે છે ? આપે ફર્માવ્યું, કુર્આનની તિલાવત અને મૌતને યાદ કરવાથી. *(મિશ્કાતુલ મસાબીહ, ૧/૧૮૯, કન્ઝુલ ઉમ્માલ, ૨/૨૪૦)*

જનાબ ફુઝૈલ ઈબ્ને અયાઝ رضی اللہ عنہનો કૌલ છે કે **કુર્આને કરીમનો ઈલ્મ ધરાવનાર ઈસ્લામનો ઝંડો ઉઠાવનાર છે, જેથી તેના માટે એ મુનાસિબ નથી કે તે ખેલકૂદમાં લોકોની સાથે મળીને ખેલકૂદમાં મશ્ગૂલ થઈ જાય, ભૂલવાવાળાની સાથે ભૂલે નહીં અને બેહૂદા લોકોની સાથે મળીને બેહૂદગી ન કરે, કેમ કે એ કુર્આન મજીદની તા'લીમની વિરૂધ્ધ છે.** આપે આગળ ફર્માવ્યું કે **જે સવાર થતાં જ સૂરએ હશ્રની છેવટની આયતોની તિલાવત કરે છે તે જો તે જ દિવસે મૃત્યુ પામે તો તેને શહીદોમાં લખવામાં આવે છે અને તેના પર શહીદોની મોહર લગાડવામાં આવે છે. અને જે શખ્સ તેમને રાતના પ્રારંભમાં તિલાવત કરે છે અને જો તે તે જ રાત્રે મરી જાય તો તેના પર શહીદોની મોહર લગાડવામાં આવે છે.**

## ★ ઈલ્મ તથા ઉલમાની ફઝીલત ★

એના બારામાં ખૂબ જ અધિક પ્રમાણમાં હદીષો આવેલી છે. જેમ કે હુઝૂર ﷺ ફર્માવે છે કે, "અલ્લાહ તઆલા જે શખ્સ સાથે ભલાઈનો ઈરાદો ફર્માવે છે તેને દીનની સમજ આપે છે અને તેને સીધા માર્ગની હિદાયત ફર્માવે છે." *(સુનને ઈબ્ને માજહ, પેજ : ૨૦, સહીહ બુખારી, ૧/૧૬, સુનને દારમી, ૧/૫૨, મિશ્કાતુલ મસાબીહ, ૧/૩૨, ઈબ્ને હબ્બાન, ૧/૧૬૬, કન્ઝુલ ઉમ્માલ, ૧૦/૧૪૯, મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૫૫, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૯/૧૫૦, હિલ્યતુલ અવલિયા, ૪/૧૧૪)*

તેમજ ઈર્શાદે ગિરામી છે કે ઉલમા (આલિમો) અંબિયાએ કિરામ عَلَيۡهِمُ السَّلَام ના વારિસ છે અને એ ઉઘાડી વાત છે કે અંબિયાએ કિરામથી વધીને કોઈનો રુત્બો નથી અને અંબિયાએ કિરામના વારસોથી વધીને કોઈ વારસનો મર્તબો નથી. *(સુનને ઈબ્ને માજહ, પેજ : ૨૦, સહીહ ઈબ્ને હબ્બાન, ૧/૧૬૬)*

ફર્માને નબવી છે કે સૌ લોકોથી અફઝલ તે મો'મિન આલિમ છે કે જ્યારે તેના તરફ રજૂ થઈએ તો તે નફો આપે અને જ્યારે તેનાથી બેપરવાઈ વર્તવામાં આવે તો તે પણ બેપરવા થઈ જાય.

તેમજ ઈર્શાદ ફર્માવ્યો કે **નબુવ્વતના મર્તબાથી સૌથી અધિક નજીક આલિમ તથા મુજાહિદ છે.** *(કન્ઝુલ ઉમ્માલ, ૪/૩૧૦)* આલિમો એટલા માટે કે તેમણે રસૂલોના પૈગામો લોકો સુધી પહોંચાડયા અને મુજાહિદ એટલા માટે કે તેમણે અંબિયાએ કિરામના હુકમોને તલવારના જોરે પૂરા કર્યા અને તેમના હુકમોની પૈરવી કરી.

વધુમાં ઈર્શાદ છે કે પૂરા કબીલાની મૌત એક આલિમના મૌત કરતા આસાન છે. અને ફર્માવ્યું કે કિયામતના દિવસે ઉલમાની સ્યાહીના ખડિયાઓ શહીદોના લોહીની સાથે તોલવામાં આવશે. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૦/૧૪૧)*

હુઝૂર ﷺનું ફર્માન છે કે **આલિમ ઈલ્મથી કદાપિ ધરાતો નથી ત્યાં સુધી કે જન્નતમાં પહોંચી જાય છે.** વધુમાં ફર્માવ્યું કે મારી ઉમ્મતની તબાહી બે ચીજોમાં છે, ઈલ્મનુ છોડી દેવું અને માલને ભેગો કરવું.

એક અન્ય ઈર્શાદમાં છે કે, આલિમ બન અથવા તાલિબે ઈલ્મ અથવા ઈલ્મી વાતો સાંભળનારો અથવા ઈલ્મથી મહોબ્બત રાખનારો બન. અને પાચમો એટલે કે ઈલ્મથી અદાવત રાખનારો ન બન, નહીં તો હલાક થઈ જઈશ. *(અલ્મોઅજમુસ્સગીર લિત્તરાની, ૨/૯, કન્ઝુલ ઉમ્માલ, ૧૦/૧૪૩)* અને ફર્માવ્યું કે તકબ્બુર (ઘમંડ) ઈલ્મના માટે ઘણી મહાન મુસીબત છે.

હકીમોનું કથન છે કે જે સરદારી (નેતાગીરી)ની પ્રાપ્તિ માટે ઈલ્મ હાંસલ કરે છે તે તૌફીક અને રઈય્યતદારી (પ્રજાપણા)ના ગુણો ખોઈ બેસે છે.

ફર્માને ઈલાહી છે :–

سَاَصۡرِفُ عَنۡ اٰيٰتِىَ الَّذِيۡنَ يَتَكَبَّرُوۡنَ فِى الۡاَرۡضِ بِغَيۡرِالۡحَقِّ

**તર્જુમો** : "અલબત્ત ! હું મારી નિશાનીઓથી એવા લોકોને ફેરવી દઈશ જેઓ દુનિયામાં ઘમંડ કરતા હતા." *(સૂ. અઅરાફ, આ. : ૧૪૫, પારા : ૯)*

હઝરત શાફઈ رضی اللہ عنہનો કૌલ છે કે જેણે કુર્આનનો ઈલ્મ શીખ્યો તેની કિંમત વધી ગઈ, જેણે ફિકહનો ઈલ્મ શીખ્યો તેની કદર વધી ગઈ, જેણે હદીષ શીખી તેની દલીલ મજબૂત થઈ, જેણે હિસાબ શીખ્યો તેની બુદ્ધિ પુખ્ત બની, જેણે દુર્લભ વાતો શીખી તેની તબીઅત નમ્ર બની અને જે શખ્સે પોતાની ઈજ્જત ન કરી તેને ઈલ્મે કોઈ ફાયદો ન આપ્યો.

હઝરત હસન ઈબ્ને અલી رضی اللہ عنہનો ઈર્શાદ છે કે જે શખ્સ આલિમોની મેહફિલમાં મોટા ભાગે હાજર થાય છે તેની જીભની રુકાવટ દૂર થાય છે, ઝહન (દિમાગ)ની ઉલ્ઝનો સુલઝી જાય છે, અને જે કાંઈ તે પ્રાપ્ત કરે છે તેના માટે ખુશીનો સબબ બને છે. તેનો ઈલ્મ તેના માટે એક વિલાયત છે અને ફાયદામંદ હોય છે.

ફર્માને નબવી છે કે અલ્લાહ તઆલા જે બંદાને રદ કરી આપે છે તેનાથી ઈલ્મને દૂર કરી દે છે. એક અન્ય ઈર્શાદમાં છે કે **જહાલતથી વધીને કોઈ ગરીબી નથી.** *(કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૨૧૬)*

(પ્રકરણ : ૮૮)

# ઝકાત તથા નમાઝની ફઝીલત

એ વાત સમજી લો કે અલ્લાહ તઆલાએ ઝકાતને ઈસ્લામની બુનિયાદોમાંથી ગણાવેલ છે. અને તેનો ઉલ્લેખ નમાઝના ઉલ્લેખની સાથે છે, નમાઝ કે જે ઈસ્લામની સૌથી ઉચ્ચ નિશાની છે.

જેમ કે ફર્માને ઈલાહી છે : وَاَقِيۡمُوا الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ "અને નમાઝ કાઈમ કરો અને ઝકાત આપો." *(સૂ. બકરહ, આ. : ૪૩)*

ફર્માને નબવી છે કે ઈસ્લામની બુનિયાદ (પાયો) પાંચ ચીજો પર છે : અલ્લાહની વહદાનિયત (અલ્લાહને એક માનવો), મુહમ્મદ ﷺની રિસાલતની શહાદત (ગવાહી), નમાઝ કાઈમ કરવી અને ઝકાત અદા કરવી. (ઈલા આખિરુલ્ હદીષ) *(સહીહ બુખારી કિતાબુલ ઈમાન, ૧/૬, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૧૦૪, હદીષ, ૪૭૮૩, અસ્સુનનુલ કુબરા લિલ્બયહકી, ૪/૧૩૬, હદીષ, ૭૨૨૧)*

અને અલ્લાહ તઆલાએ આ બંને ઉણપ વર્તનારાઓ માટે સખત ધમકીઓ ફર્માવી છે. જેમ કે અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

فَوَيۡلٌ لِّلۡمُصَلِّيۡنَ الَّذِيۡنَ هُمۡ عَنۡ صَلٰوتِهِمۡ سَاهُوۡنَ "તો હલાકત (તબાહી) છે તે નમાઝીઓ માટે જેઓ પોતાની નમાઝથી બેખબર છે." *((સૂ. માઊન, આ. : ૪–૫, પારા : ૩૦)*

એના અનુસંધાનમાં પહેલાં પણ મુકમ્મલ ચર્ચા આવી ગઈ છે અને અલ્લાહ તઆલાએ પોતાના કલામમાં ઈર્શાદ ફર્માવ્યો છે :–

وَالَّذِيۡنَ يَكۡنِزُوۡنَ الذَّهَبَ وَالۡفِضَّةَ وَلَا يُنۡفِقُوۡنَهَا فِيۡ سَبِيۡلِ اللّٰهِ فَبَشِّرۡهُمۡ بِعَذَابٍ اَلِيۡمٍ

**"અને જે લોકો સોનુ ચાંદી એકત્ર કરે છે અને તેને અલ્લાહના માર્ગમાં નથી વાપરતા, તો તેમને દર્દનાક અઝાબની ખુશખબરી આપો."** *(સૂ. તૌબા, આ. ૩૪, પારા : ૧૦)*

આ આયતે કરીમામાં રાહે ખુદામાં ખર્ચ કરવાથી મુરાદ ઝકાત

અદા કરવું છે.

## ★ સદકો કોને આપવામાં આવે ? ★

**સદકો આપતી વખતે એવા નેક લોકો, ગરીબો તલાશ કરવામાં આવે જેઓ દુનિયાથી સંબંધ તોડી ચૂક્યા હોય અને આખેરતની લગની લગાડીને બેઠા હોય, કેમ કે એવા ફકીરોને સદકો આપવું માલને વધારવું છે.** ફર્માને નબવી છે કે **"પરહેઝગારનુ ખાવા ખા અને પરહેઝગારને ખાણુ ખવડાવ."** આપે આ વાત એટલા માટે ફર્માવી કે પરહેઝગાર એ ખોરાકથી પરહેઝગારીમાં વધશે જેથી તું પણ આ મદદના કારણે તેની ઈબાદત તથા રિયાઝતમાં શરીક ગણાઈશ. *(સુનને તિર્મિઝી, ૨/૬૫, અબૂ દાઊદ, ૨/૬૬૪, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૪૨૮)*

એક આલિમનો કૌલ છે કે **સદકો આપતી વખતે સૂફી ફકીરોને અગ્રતા આપો.** કોઈએ તે આલિમને કહ્યું કે જો તમે તમામ ગરીબો વિશે કહેત તો બેહતર હતું. આલિમે કહ્યું, નહીં ! આ સૂફી ફકીર એક એવો ગિરોહ છે જેમની તમામતર તવજ્જોહ (ધ્યાન) અલ્લાહ તઆલાની તરફ લાગેલી રહે છે. જ્યારે તેમનામાંથી કોઈને ફાકાથી વાસ્તો પડે છે તો તેમની હિંમતો ભાંગી પડે છે. મને તેમાંથી **કોઈ ફકીરની તવજ્જોહ ફાકાથી હટાવીને અલ્લાહ તઆલાની તરફ કરી દેવી તે હજાર ફકીરોને આપવા કરતાં અધિક પસંદ છે જેમની દિલચસ્પીનુ કેન્દ્ર દુનિયા છે.**

કોઈકે હઝરત જુનૈદ رضی اللہ عنہ ને આ વાત સંભળાવી તો આપે તેને ખબૂ જ પસંદ કરી અને કહ્યું, આ શખ્સ અલ્લાહના ઔલિયામાંથી એક વલી છે. મેં ઘણા સમયથી આના જેવી બેહતરીન વાત સાંભળી ન હતી. કેટલાક સમય બાદ હઝરત જુનૈદને અર્ઝ કરવામાં આવી કે તે શખ્સની હાલત બદલાઈ છે અને હવે તે દુકાન છોડવાનો વિચાર કરે છે. જનાબ જુનૈદે તે શખ્સની તરફ થોડોક માલ મોકલ્યો અને કહેવડાવ્યું કે એને તમારા ઉપયોગમાં લાવો અને દુકાન ન છોડો, કેમ કે તમારા જેવા લોકોને વેપાર નુકસાન નથી કરતો. આ માણસ જેની ચર્ચા થઈ છે તે દુકાનદાર હતો અને ફકીરો તેની પાસેથી જે કાંઈ ખરીદતા તે તેમની પાસેથી તે ચીજોની કિંમત લેતો ન હતો.

## ★ હઝરત ઈબ્ને મુબારક પોતાના તોહફા કેવળ ઉલમાને જ આપતા ★

હઝરત ઈબ્ને મુબારક رضی اللہ عنہ પોતાના **તોહફાઓને આલિમો માટે ખાસ કરી દેતા હતા.** કોઈએ કહ્યું કે, જો તમે તમારી ખૈરાત તથા સદકા આમ કરી આપત તો વધુ સારું થાત ! તેમણે કહ્યું, **હું નબુવ્વતના મર્તબા પછી ઉલમા (આલિમો)ના મર્તબાથી અફઝલ કોઈ મર્તબો નથી.** તેમનામાંથી કોઈનુ દિલ પોતાની જરૂરતોની પ્રતિ ધ્યાનિત થઈ જાય તો તેમની ઈલ્મી વ્યસ્તતામાં ખલેલ પડી જાય છે, પછી તા'લીમ આપવા લેવા પ્રતિ જોઈએ એટલું ધ્યાન આપી શકશે નહીં ! જેથી તેમના માટે ઈલ્મ પ્રાપ્તિના માર્ગોને આસાન કરવું અફઝલ તથા આ'લા છે.

તમારા સદકાઓમાં મુસીબતમાં સપડાએલા લોકો ખાસ કરીને સગાં વહાલાંને અગ્રતા આપવી જોઈએ. કેમ કે એ સદકો પણ છે અને સગાં સાથે સદ્વર્તાવ પણ છે અને સગાંનો હક્ક અદા કરવાનો બદલો અમાપ છે. જેમ કે સગાં સંબંધી સાથે સદ્વર્તાવના પ્રકરણમાં તેની ફઝીલત જણાવેલી છે.

એ પણ જરૂરી છે કે માણસ છુપી રીતે સદકો કરે જેથી રિયા (બાહ્ય આડંબર)ની નહૂસતથી પાક રહે અને લોકોની સામે લેનારો બેઈજ્જતીથી બચે.

ફર્માને નબવી છે કે છુપો સદકો અલ્લાહ તઆલાના ગઝબને ઓલવી નાખે છે. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૮/૨૬૧, અલ્કામિલ ફી દુઅફાઈર્રિજાલ, ૫/૪૧૨)* અને એ હદીષમાં જેમાં સાત માણસોનો ઉલ્લેખ છે કે જેમને કિયામતના દિવસે અર્શના સાયામાં અલ્લાહ તઆલા જગા આપશે, જ્યારે કે અર્શના સાયા સિવાય કોઈ સાયો નહીં હોય, તેમાં એ પણ ઈર્શાદ છે કે, ''તે આદમી જેણે સદકો આપ્યો એટલે સુધી કે તેનો ડાબો હાથ ન જાણી શક્યો કે જમણા હાથે શું આપ્યું !'' *(બુખારી, ૧/૯૧, સુનને નિસાઈ, ૨/૩૦૨, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૧૮૨, બયહકી, ૮/૨૮૦)*

હા ! જો સદકાની જાહેરાતમાં એ ફાયદો હોય કે અન્ય લોકો પણ સદકો આપે તો તેના ઈઝહારમાં કાંઈ વાંધો નથી, શરત એ કે રિયા અને

એહસાન જતાવવાને એમાં દખલ ન હોય. જેમ કે ફર્માને ખુદાવંદી છે :–

لَاتُبْطِلُوا صَدَقٰتِكُمْ بِالْمَنِّ وَالْاَذٰى ''તમારા સદકાઓને એહસાન અને રિયાથી બાતિલ (બેકાર) ન કરો.'' *(સૂ. બકરહ, આ. : ૨૬૪)*

સદકો આપીને એહસાન જતાવવું ઘણી મોટી મુસીબત છે એટલા માટે સદકાને છુપો રાખવાને અગ્રિમતા આપવામાં આવી છે, અને પોતાની નેકીને ભૂલી જવાનું કહેવામાં આવ્યું છે. જેમ કે તે શખ્સના માટે શુક્ર અને નેક જઝબાત (ભાવનાઓ)ના ઈઝહારને જરૂરી ઠરાવવામાં આવેલ છે, જેના પર કોઈએ એહસાન તથા ભલાઈ કરી હોય. જેમ કે હદીષ શરીફમાં છે : لَا يَشْكُرُ اللّٰهَ مَنْ لَّا يَشْكُرُ النَّاسَ **''જે લોકોનો શુક્ર અદા નથી કરતો તે અલ્લાહનો શુક્ર પણ અદા નથી કરતો.''** *(અબૂ દાઊદ, ૨/૬૬૨, તિર્મિઝી, ૨/૧૭, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૫૦૮, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧/૧૯૫, અસદુલ ગાબા ફી મઅરિફતિસ્સહાબા, ૪/૪૨૬, હિલ્યતુલ અવલિયા, ૭/૧૯૦)*

કોઈકે શું સરસ કહ્યું છે :–

**૧.** નેકી અને સદકાઓનો હાથ જ્યાં પણ હોય ગનીમત છે, ચાહે તેને શાકિર (શુક્ર કરનાર) બંદો ઉઠાવે છે અથા નાશુકરો ઉઠાવે છે.

**૨.** શુક્ર ગુઝારના શુક્રમાં (આભાર માનવામાં) તેના માટે બદલો છે અને અલ્લાહ તઆલાના ત્યાં કાફિરના કુફ્રનો બદલો છે.

(પ્રકરણ : ૮૯)

# ઔલાદ તથા મા બાપના હક્કો

એ વાત યાદ રાખવી જોઈએ કે જેવી રીતે સગાં વહાલાંના હક્કોની તાકીદ ફર્માવવામાં આવી છે તેવી જ રીતે માં તરફનાં રિશ્તેદારોનું ખાસ વર્ણન કરવામાં આવેલ છે.

ફર્માને નબવી છે કે કોઈ પુત્ર પોતાના બાપનો હક્ક અદા નથી કરી શક્તો ત્યાં સુધી કે તે બાપને (કોઈનો) ગુલામ જુએ અને પછી તેને ખરીદીને આઝાદ કરી આપે. *(સહીહ મુસ્લિમ, ૧/૪૯૫, ઈબ્ને માજહ, પેજ : ૨૬૦, તિર્મિઝી, ૨/૧૨, અબૂ દાઊદ, ૨/૬૯૯, ઈબ્ને હબ્બાન, ૧/૩૯૭)*

ફર્માને નબવી છે કે **વાલિદૈન (મા બાપ) સાથે ભલાઈ એ નમાઝ, રોઝા, સદકા, હજ્જ, ઉમરા અને ખુદાની રાહમાં જેહાદ કરવાથી અફઝલ છે.** *(અહયાઉલ ઉલૂમ, ૨/૧૯૫)*

હુઝૂર ﷺનો ઈર્શાદ છે કે, **"જે શખ્સે એ હાલમાં સવાર કરી કે તેનાં માં બાપ તેનાથી રાજી હોય તેના માટે જન્નતના બે દરવાજા ખોલી દેવામાં આવે છે અને જે આવી હાલતમાં રાત કરે છે તેના માટે પણ એ જ પ્રમાણે બે દરવાજા ખોલી દેવામાં આવે છે.** જો માં બાપમાંથી એક જીવંત હોય તો એક દરવાજો ખોલવામાં આવે છે, **ભલે માં બાપ સખ્તી કરે, ભલે માં બાપ સખ્તી કરે, ભલે માં બાપ સખ્તી કરે !** અને જેણે એ હાલતમાં સવાર કરી કે તેનાં માં બાપ તેના પર નારાજ હોય તો તેના માટે જહન્નમના બે દરવાજા ખુલી જાય છે. અને જે રાત એ રીતે કરે છે તેના માટે પણ જહન્નમના બે દરવાજા ખુલી જાય છે. જો મા બાપમાંથી એક હોય તો એક દરવાજો ખુલે છે, ભલે તેઓ સખ્તી કરે, ભલે તેઓ સખ્તી કરે, ભલે તેઓ સખ્તી કરે !" *(કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૪૭૮)*

ફર્માને નબવી છે કે **જન્નતની ખુશ્બુ પાંચસો સાલની સફરની દૂરીથી પામી શકાય છે, પણ માં બાપનો નાફર્માન અને ગર્ભનો**

**નાશ (ગર્ભપાત) કરનાર આ ખુશ્બુને પામશે નહીં.** *(અત્તરગીબ વત્તરહીબ, ૩/૧૭૮, અલ્મોઅજમુલસ્સગીર લિત્તબરાની, ૧/૧૪૬)*

ફર્માને નબવી છે કે, તારાં મા, બાપ, બહેન, ભાઈ સાથે એહસાન કર! પછી નિકટનાં સગાં (તેનાં હક્કદાર) છે. *(અબૂ દાઊદ, ૨/૭૦૦, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૧૬૭, કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૫૯૦)*

રિવાયત છે કે અલ્લાહ તઆલાએ મૂસા علیہ السلامને ફર્માવ્યું, હે મૂસા! જેણે માંબાપની ફર્માંબરદારી (આજ્ઞાપાલન) કરી અને મારી નાફર્માની કરી તેને મેં નેક લોકોમાં લખ્યો છે અને જે માં બાપની નાફર્માની કરે છે પણ મારો ફર્માંબરદાર હોય છે તેને મેં નાફર્માનોમાં લખી દીધો છે. *(અહયાઉલ ઉલૂમ, ૨/૧૯૫)*

રિવાયત છે કે જ્યારે હઝરત યાકૂબ علیہ السلام હઝરત યૂસુફ علیہ السلامને ત્યાં તશરીફ લાવ્યા તો તે તેમના સ્વાગત માટે ઉભા ન થયા. જેથી અલ્લાહ તઆલાએ હઝરત યૂસુફ علیہ السلام તરફ વહી મોકલી કે શું તમે તમારા પિતાના માટે ઉભા થવાને ઘણી મોટી વાત સમજો છો ?! મને મારી ઈજ્જત તથા જલાલની કસમ ! હું તમારી નસલમાંથી નબી પેદા કરીશ નહીં.

ફર્માને નબવી છે કે જ્યારે કોઈ શખ્સ પોતાનાં મુસલમાન માં બાપની તરફથી સદકો કરે છે તો તેનાં માં બાપને તેનો બદલો મળે છે અને તેના બદલામાં કમી કર્યા વગર તે માણસને પણ તેમના જેટલો બદલો (સવાબ) મળે છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૬/૩૯૯)*

હઝરત માલિક ઈબ્ને રબીઅહ رضی اللہ عنہથી રિવાયત છે કે અમે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની સાથે બેઠેલા હતા એવામાં બનૂ સલ્મહ્ના એક માણસે આવીને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم કોઈ એવી નેકી છે જે હું મારાં માં બાપ માટે તેમની વફાત પછી કરું ? આપે ફર્માવ્યું, હા ! તેમના માટે દુઆ કરો, બખ્શિશ તલબ કરો, તેમના કરેલા વાયદાઓને પૂરા કરો, તેમના દોસ્તોની ઈજ્જત કરો અને તેમનાં સગાંઓ સાથે સદ્ વર્તાવ કરો. *(અબૂ દાઊદ, ૨/૭૦૦, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૧૭૧, ઈબ્ને હબ્બાન, ૧/૩૯૪)*

ફર્માને નબવી છે કે સૌથી મહાન ચીજ એ છે કે ઈન્સાન પોતાના

બાપના મૃત્યુ પછી તેના મિત્ર સાથે સદ્ વર્તાવ કરે. *(સહીહ મુસ્લિમ, ૨/૩૧૪, તિર્મિઝી, ૨/૧૨, અબૂ દાઊદ, ૨/૭૦૦)* વધુમાં ફર્માવ્યું, કે બેટાનું મા સાથે ભલાઈથી વર્તવુ બમણો સવાબ ધરાવે છે. *(અહયાઉલ ઉલૂમ, ૨/૧૯૫)* એક અન્ય ઈર્શાદ છે કે માંની દુઆ જલ્દી કબૂલ થાય છે. પૂછવામાં આવ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ એવું શા માટે છે ? આપે ફર્માવ્યું કે એટલા માટે કે માં એ બાપ કરતાં અધિક મહેરબાન હોય છે, માની દુઆ કદી બેકાર નથી જતી. *(લમ અફ્ફ, બિહાઝલ હદીષ)*

એક શખ્સે હુઝૂર ﷺને સવાલ કર્યો કે હું કોની સાથે ભલાઈ કરું ? આપે ફર્માવ્યું, તારાં માં બાપ સાથે ભલાઈ કર ! તેણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારાં મા બાપ નથી. આપે ફર્માવ્યું, તારી ઔલાદ સાથે ભલાઈ કર કેમ કે જેવી રીતે મા બાપનો તારા પર હક્ક છે એવી રીતે ઔલાદનો પણ તારા પર હક્ક છે.

નબી ﷺનું ફર્માન છે કે અલ્લાહ તઆલા તે બાપ પર રહમ કરે જેણે પોતાના પુત્રને નેક અમલ કરવામાં મદદ કરી (તેને નેક અમલ કરવા પ્રોત્સાહિત કર્યો) અને બુરા અમલોની સ્થિતિઓમાં હક્કની અદાયગીનો ભાર તેના પર નથી. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૪૫૭)*

હુઝૂર ﷺ ફર્માવે છે કે ઔલાદને તોહફાઓ આપવામાં સમાન ભાગીદાર રાખો. અને એ પણ કહેવામાં આવ્યું છે કે તારા માટે તારો પુત્ર ગુલે નાઝ બૂ (ખીલેલુ ફૂલ) છે, સાત વરસ સુધી તે તારો ખાદિમ છે તેની ખુશ્બુ સુંઘ, પછી તે તારો ભાગીદાર છે અથવા તારો દુશ્મન છે. *(કન્ઝુલ ઈમાન, ૧૬/૪૪૪)*

## ★ બાળકનો અકીકો સાતમા દિવસે કરવો જોઈએ ★

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, સાતમા દિવસે બાળકનો અકીકો કરવામાં આવે, તેનું નામ રાખવામાં આવે અને તેના વાળ વગેરે દૂર કરવામાં આવે. અને જ્યારે તે છ વરસનો થાય તો બાપ તેને અદબ શીખવાડે. જ્યારે તે નવ વરસનો થાય તો તેનું પાથરણુ અલગ કરી આપે. જ્યારે તેર વરસનો થાય તો તેને નમાઝ માટે મારે અને

જ્યારે તે સોળ વરસનો થાય તો બાપ તેની શાદી કરી આપે. પછી આપે હઝરત અનસ رضی اللہ عنہ નો હાથ પકડીને ફર્માવ્યું કે મેં તને અદબ શીખવાડી, તા'લીમ આપી અને તારી શાદી કરાવી દીધી. હું દુનિયાના ફિત્ના અને આખેરતના અઝાબથી તારા માટે અલ્લાહની પનાહ માંગુ છું. *(અહયાઉલ ઉલૂમ, ૨/૧૯૬)*

નબી અકરમ ﷺ નો ઈર્શાદ છે કે બાપ પર ઔલાદનો હક્ક એ છે કે તે તેને બેહતરીન અદબ શીખવાડે અને તેમનાં સારાં નામ રાખે. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૨૫/૧૯૮)* એક અન્ય ફર્માન છે કે છોકરો અને છોકરી અકીકાથી ગિરવી છે, સાતમા દિવસે તેમના માટે કોઈ જાનવર ઝબહ કરવામાં આવે અને તેનું માથુ મુંડાવવામાં આવે. *(તિર્મિઝી, ૧/૨૭૮, નિસાઈ, ૨/૧૮૮, ઈબ્ને માજહ, ૨૨૮, અલમોઅજમુલ કબીર લિત્તબરાની, ૭/૨૦૧, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૨૬૪)* જનાબ કતાદા رضی اللہ عنہ નો કૌલ છે કે જ્યારે અકીકાનુ જાનવર ઝબહ કરવામાં આવે.

એક માણસે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رضی اللہ عنہ સમક્ષ પોતાના કોઈ પુત્રની શિકાયત કરી. આપે ફર્માવ્યું, શું તેં એના માટે બદ્દુઆ કરી છે ? તેણે કહ્યું, હા ! આપે ફર્માવ્યું, તેં તેને બર્બાદ કરી દીધો છે !

**ઔલાદની સાથે ભલો વર્તાવ અને નમ્રતા કરવી જોઈએ.**

જનાબ અકરઅ ઈબ્ને હાબિસ رضی اللہ عنہ એ હુઝૂર ﷺ ને પોતાના નવાસા હઝરત હસન رضی اللہ عنہ ને ચૂમતાં જોયા તો કહ્યું કે મારા દસ પુત્રો છે પણ મેં કદી કોઈને ચૂમ્યો નથી. હુઝૂર ﷺ એ ફર્માવ્યું, **બેશક ! જે રહમ નથી કરતો તેના પર રહમ કરવામાં નથી આવતી.** *(સુનને તિર્મિઝી, ૨/૧૩, અબૂ દાઊદ, ૨/૭૦૮, સહીહ ઈબ્ને હબ્બાન, ૧/૪૧૪)*

હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે એક દિવસ હુઝૂર ﷺ એ મને ફર્માવ્યું કે ઓસામાનું મોઢું ધોઈ નાખો. મેં કરાહત સાથે તેનું મોઢું ધોવાનું શરૂ કર્યું તો હુઝૂર ﷺ એ મારા હાથ પર હાથ માર્યો અને ઓસામાને પકડીને તેનુ મોઢું ધોયું પછી તેને ચૂમ્યો.

હઝરત હસન رضی اللہ عنہ (કમસીનીમાં) લથડતા પગે મસ્જિદમાં

દાખલ થયા અને હુઝૂર ﷺ મિમ્બર પર હતા. આપે મિમ્બરથી ઉતરીને તેમને ઉઠાવ્યા અને આ આયતે મુબારક તિલાવત ફર્માવી :–

إِنَّمَآ أَمۡوَٰلُكُمۡ وَأَوۡلَٰدُكُمۡ فِتۡنَةٌ "સિવાય એના નહીં કે તમારા માલ અને ઔલાદ ફિત્ના છે." *(સૂ. તગાબુન, આ. : ૧૫, પારા : ૨૮, તફસીરે રૂહુલ મઆની, ૧૫/૧૮૭)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને શદાદ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺ લોકોને નમાઝ પઢાવી રહ્યા હતા કે એવામાં અચાનક હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ સિજદાની હાલતમાં આપની ગરદન પર સવાર થઈ ગયા. આપે સિજદો લંબાવી દીધો. લોકો સમજયા કે શાયદ કોઈ વાત બની છે. જયારે આપે નમાઝ પૂરી કરી લીધી તો સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપે ઘણો લાંબો સિજદો કર્યો ત્યાં સુધી કે અમે સમજી બેઠા કે કોઈક વાત બની છે ?! આપે ફર્માવ્યું, મારો બેટો મારા પર સવાર થઈ ગયો તો મેં જલ્દી કરવાનું યોગ્ય ન જાણ્યું જેથી તે તેની ખુશી પૂરી કરી લે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૪/૫૫૦, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૩/૭૨૬)*

આ હદીષમાં કેટલાયે ફાયદાઓ છે. એક એ કે જ્યાં સુધી માણસ સિજદામાં રહે છે તેને અલ્લાહ તઆલાનો કુર્બ હાંસલ રહે છે. આ હદીષથી ઔલાદ સાથે નરમી અને ભલાઈ અને ઉમ્મતની તા'લીમ સર્વ વાતો સાબિત છે.

હુઝૂર ﷺનો ઈર્શાદ છે કે ઔલાદની ખુશ્બુ જન્નતની ખુશ્બુ છે.

હઝરત અમીર મુઆવિયહ્ رضی اللہ عنہના પુત્ર યઝીદે કે મને મારા બાપે જનાબ અહનફ ઈબ્ને કૈસને બોલાવવાના માટે મોકલ્યો. જ્યારે તે આવી ગયા તો મારા બાપે કહ્યું, હે અબૂ બહર ! ઔલાદના બારામાં શું ખયાલ છે ? તેમણે કહ્યું, હે અમીરુલ મો'મિનીન ! એ આપણા દિલોનું ફળ અને પીઠનાં થાંભલા છે, આપણે એમના માટે ખ્વાર જમીન અને સાયાદાર આસ્માન છીએ. આપણે એમના જ સબબે દરેક ઊંચી ચીજ સુધી પહોંચીએ છીએ. **જો તે કાંઈ માગે તો તેમને આપો અને જો એ નારાજ હોય તો તેમને રાજી કરો.** *(અલ્મોઅજમુસ્સગીર લિત્તબરાની, ૨/૨૧, કન્ઝુલ ઉમ્માલ, ૨/૨૭૪, અલ્કામીલ ફી દુઅફાઈરિર્જાલ, ૭/૩૫૦)*

**તેમના પર એટલા ભારરૂપ ન બનો કે તે તમારી જિંદગીને નાપસંદ કરવા લાગે અને તમારી મૌતની આરઝૂ કરવા લાગે. આપની નિકટતા (સહવાસ)ને બુરી સમજવા લાગે.** હઝરત મુઆવિયહ્ رضی اللہ عنہ એ આ સાંભળીને ફર્માવ્યું, ખુદાની કસમ ! હે અહ્નફ ! જ્યારે તમે આવ્યા ત્યારે હું યઝીદ પર ગુસ્સે ભરાઈને બેઠો હતો ! જેથી જ્યારે અહ્નફ ચાલ્યા ગયા તો હઝરત મુઆવિયહ્ رضی اللہ عنہ યઝીદથી રાજી થઈ ગયા અને યઝીદને બે હજાર દિરહમ અને બસો કપડાં મોકલ્યાં. યઝીદે એમાંથી એક હજાર દિરહમ અને એકસો કપડાં જનાબ અહ્નફને ત્યાં મોકલી દીધાં એટલે કે તેણે તેને અડધાં અડધાં વહેંચી કાઢયાં.

*(પ્રકરણ : ૯૦)*

## પડોશીઓના હક્કો અને મિસ્કીનો સાથે એહસાન

પડોશ એ ઈસ્લામી ભાઈચારગીથી કાંઈક વિશેષ હક્કોનો તકાદો ધરાવે છે જેથી દરેક મુસલમાનના પડોશીના ઈસ્લામી ભાઈચારાના વહેવાર ઉપરાંત અધિક પણ હક્કો હશે. જેમ કે નબી કરીમ صلی اللہ علیہ وسلم નુ ફર્માન છે કે પડોશી ત્રણ છે : એક પડોશીનો એક હક્ક, બીજાના બે હક્ક અને ત્રીજાના ત્રણ હક્કો છે. જે પડોશીના ત્રણ હક્કો છે તે સગા સંબંધી મુસલમાન પડોશી છે. તેનો પડોશી હોવાનો હક્ક, ઈસ્લામનો હક્ક અને રિશ્તેદારીનો હક્ક છે. જે પડોશીના બે હક્કો છે તે મુસલમાન પડોશી છે કે તેના માટે પડોશીનો હક્ક તથા ઈસ્લામનો હક્ક છે. અને જે પડોશીનો એક હક્ક છે તે મુશ્રિક પડોશી છે. વિચાર કરો કે ઈસ્લામે મુશ્રિક પડોશીને માટે પણ પડોશી હોવાનો હક્ક રાખ્યો છે. *(હિલ્યતુલ અવલિયા, ૫/૨૩૫, કન્ઝુલ, ૯/૫૧)*

ફર્માને નબી કરીમ صلی اللہ علیہ وسلم છે કે પોતાના પડોશીઓની સાથે સારો વર્તાવ કર ! ત્યારે તું મુસલમાન થઈશ. *(અહયાઉલ ઉલૂમ, ૨/૧૯૧)* અને

ફર્માવ્યું કે હઝરત જિબ્રઈલ عليه السلام મને હમેશાં પડોશીઓના વિશે વસિય્યત કરતા રહ્યા ત્યાં સુધી કે હું સમજ્યો કે નજીકમાં જ (હવે) પડોશીને વારસ બનાવી દેવામાં આવશે. *(સહીહ બુખારી, ૨/૮૮૯, મુસ્લિમ, ૨/૩૨૯, તિર્મિઝી, ૨/૧૬, અબૂ દાઊદ, ૨/૧૭૦, ઈબ્ને માજહ, પેજ : ૨૬૧, સહીહ ઈબ્ને હબ્બાન, ૧/૪૪૫)* હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, **"જે શખ્સ અલ્લાહ અને કિયામત પર ઈમાન ધરાવે છે તે પોતાના પડોશીની ઈજ્જત કરે."** *(બુખારી, ૨/૮૮૯, મુસ્લિમ, ૧/૫૦, અબૂ દાઊદ, ૨/૭૦૧, બયહકી, ૮/૨૮૪, ઈબ્ને હબ્બાન, ૧/૪૪૬, કન્ઝુલ ઉમ્માલ, ૯/૫૫)* વધુમાં ફર્માવ્યું કે, **"બંદો ત્યાં સુધી મુસલમાન નથી થતો જ્યાં સુધી કે તેનો પડોશી તેની આફતો સુરક્ષિત ન હોય."** *(સહીહ બુખારી, ૨/૮૮૯)*

એક અન્ય ફર્માન છે કે, કિયામતના દિવસે સૌ પ્રથમ ઝઘડો કરનાર બે પડોશીઓ હશે. અને ઈર્શાદ ફર્માવ્યો કે જ્યારે તેં પડોશીના કૂતરાને માર્યો તો જાણે કે તેં પડોશીને તકલીફ આપી. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૧૪૯, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૭/૩૦૩*

રિવાયત છે કે એક માણસે હઝરત ઈબ્ને મસ્ઊદ رضي الله عنهને આવીને કહ્યું, મારો એક પડોશી છે જે મને તકલીફ આપે છે, ગાળો આપે છે અને તંગ કરે છે. આપે એ સાંભળી ફર્માવ્યું, જાવ ! જો તે તમારા વિશે અલ્લાહની નાફર્માની કરે છે તો તમે તેના બારામાં અલ્લાહની ફર્માંબરદારી કરો. *(અહયાઉલ ઉલૂમ, ૨/૧૯૧)* હુઝૂર ﷺને અર્ઝ કરવામાં આવી, **યા રસૂલલ્લાહ ! ફલાણી સ્ત્રી દિવસે રોઝા રાખે છે અને રાત્રે ઈબાદત કરે છે પણ પોતાના પડોશીઓને દુઃખ આપે છે.** આપે એ સાંભળીને ફર્માવ્યું, **"તે જહન્નમી છે."** *(અલમુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૧૮૪, મુસ્નદે અહમદ, ૩/૧૮૪)*

એક શખ્સે હુઝૂર ﷺની ખિદમતમાં પોતાના પડોશીઓની શિકાયત કરી. હુઝૂર ﷺએ તેને ફર્માવ્યું કે, સબ્ર કર ! ત્રીજી કે ચોથી વાર આપે ફર્માવ્યું, "તારો સામાન રસ્તામાં ફેંકી દે ! રાવી કહે છે કે લોકોએ જ્યારે તેના સામાનને બહાર રસ્તા પર જોયો તો પૂછયું, શું વાત છે ? તેણે કહ્યું, મને પડોશી સતાવે છે. લોકો ત્યાં પસાર થતા રહ્યા, પૂછતા રહ્યા અને તે

કહેતા રહ્યા કે અલ્લાહ તઆલા એ પડોશી પર લાનત કરે ! જ્યારે પડોશીએ એ વાત સાંભળી તો આવ્યો અને કહ્યું કે તમારો સામાન પાછો લઈ લો ! ખુદાની કસમ ! હવે ફરી હું તમને તકલીફ નહીં આપુ. *(સુનને અબૂ દાઊદ, ૨/૭૦૧, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૧૮૩)*

ઝહરીએ રિવાયત કરી છે કે એક શખ્સે હુઝૂર ﷺની ખિદમતમાં પડોશીની ફરિયાદ કરી. હુઝૂર ﷺએ હુકમ ફર્માવ્યો કે મસ્જિદના દરવાજા પર ઉભા રહીને એલાન કરી દો કે સાથેના ચાલીશ ઘરો પડોશમાં દાખલ છે. ઝહરીએ કહ્યું કે ચાલીસ આ તરફ અને ચાલીસ પેલી તરફ, ચાલીસ આ તરફ અને ચાલીસ પેલી તરફ, અને ચારેવ બાજુ ઈશારો કર્યો. *(કન્ઝુલ ઉમ્માલ, ૯/૫૫)*

ફર્માને નબવી છે કે ઔરત, ઘર અને ઘોડામાં બરકત તથા નહૂસત છે. ઔરતની બરકત ઓછી મહેર, આસાન નિકાહ અને તેણીનું સારા સ્વભાવવાળી (સંસ્કારી) હોવું. તેણીની નહૂસત ભારે મહેર, મુશ્કેલ નિકાહ અને બદ્‌મિજાઝ હોવું છે. ઘરની બરકત તેનું પહોળુ હોવું અને તેના પડોશીઓનું સારા હોવું છે, અને તેની નહૂસત તેનું સાંકડા હોવું અને તેના પડોશીનું બુરા હોવું છે. ઘોડાની બરકત તેનું આજ્ઞાપાલન અને સારી આદતો છે અને તેની નહૂસત તેની બુરી આદતો અને સવાર ન થવા દેવું છે. *(સહીહ મુસ્લિમ, ૨/૨૩૨, નિસાઈ, ૨/૧૩૨, અબૂ દાઊદ, ૨/૫૪૭, ઈબ્ને માજહ, પેજ : ૧૪૩)*

## ★ પડોશીના હક્કો ★

પડોશીનો હક્ક કેવળ એ નથી કે આપ તેનાથી તેની તકલીફો દૂર કરો, બલ્કે એવી ચીજો પણ એનાથી દૂર કરવી જોઈએ જેનાથી તેને દુઃખ પહોંચવાનો ભય હોય. પડોશીથી દુઃખ દૂર કરવું, તેને દુઃખ આપનાર ચીજો દૂર રાખવા ઉપરાંત કેટલાક અન્ય પણ હક્ક છે. તેની સાથે નમ્રતા અને સદ્‌વર્તાવથી વર્તે, તેની સાથે ભલાઈ તથા નેકી કરતો રહે. એટલા માટે કહેવામાં આવ્યું છે કે કિયામતના દિવસે ગરીબ પડોશી માલદાર પડોશીને પકડીને અલ્લાહને કહેશે, હે અલ્લાહ ! એને પૂછ કે તેણે પોતાના તોહફા મારા માટે શા કારણે રોક્યા હતા અને પોતાનો દરવાજો મારા માટે કેમ બંધ કર્યો હતો ?

ઈબ્ને મુકફ્અ رحمة الله عليهને કોઈકે કહ્યું કે તમારો પડોશી સવારીના

કરજના કારણે પોતાનું ઘર વેચી રહ્યો છે. ઈબ્ને મકફઅ તે શખ્સની દીવાલના સાયામાં બેઠા હતા. તેમણે આ સાંભળીને કહ્યું કે જો તેણે તંગદસ્તીના કારણે પોતાનું ઘર વેચી દીધું તો જાણે મેં તેની દીવાલના સાયાની ઈજ્જત ન કરી. જેથી તેની પાસે રકમ મોકલી અને કહેવડાવ્યું કે ઘર ન વેચે.

કોઈ શખ્સે ઘરમાં ઉંદરોની અધિકતાની ફરિયાદ કરી તો સાંભળનારાએ કહ્યું કે તમે એક બિલાડી રાખી લો. તો તે શખ્સે જવાબ આપ્યો કે મને એ વાતનો ડર છે કે ઉંદરો બિલાડીનો અવાજ સાંભળીને પડોશીઓના ઘરોમાં ચાલ્યા જશે ! તો જાણે કે હું એવો માણસ બની જઈશ જે પોતે તો એક તકલીફને પસંદ નથી કરતો પણ બીજાઓને તે જ દુઃખ પહોંચાડવા ચાહું છું.

પડોશીઓના હક્કોમાંથી એ પણ છે કે તેને જોતાં જ સલામ કરે, તેની સાથે લાંબી વાતચીત ન કરે, તેની પાસે મોટા ભાગે માંગતો ન રહે, બીમાર પડે તો ખબર કાઢવા જાય, મુસીબતમાં તેને તસલ્લી આપે, જો તમારે ત્યાં મૌત થઈ જાય તો તેની સાથે રહે, ખુશીમાં તેને મુબારકબાદ કહે અને તેની ખુશીમાં બરાબર શરીક રહે, તેની ગલતીઓથી દરગુઝર કરે, છત પરથી તેના ઘરમાં ન ઝાંકે, પોતાના ઘરની દીવાલ પર વજન વગેરે રાખવાથી ન રોકે, તેના પરનાલામાં પાણીને ન ઉલેચે, તેના ઘરના વરંડામાં માટી ન નાખે, તેના ઘરના માર્ગોને સાંકડા ન કરે, તે ઘરના તરફ જે કાંઈ લઈને જઈ રહ્યો હોય તેને ઘૂરીને ન જુએ, તેની ખામીઓની પર્દાપોશી કરે, જ્યારે તે મુસીબતમાં સપડાઈ તો તે તેની મદદ કરે, તેની ગેરહાજરીમાં તેના ઘરની દેખભાળથી ગાફેલ ન થાય, તેની ગીબત ન સાંભળે, તેની ઈજ્જતથી આંખ બંધ કરે, તેની લોંડીને મોટા ભાગે ન જોતો રહે, તેની ઔલાદ સાથે નમ્રતાથી વાતચીત કરે, જે દીની તથા દુનિયવી બાબતોમાં તે અજાણ હોય તેમાં તેને માર્ગદર્શન આપે. આ તે હક્કો છે જે આમ તથા ખાસ દરેક મુસલમાન માટે જરૂરી છે.

હુઝૂર ﷺએ ફર્માવ્યું, જાણો છો ! પડોશીનો હક્ક શું છે ? જ્યારે તે તારાથી મદદ માંગે તો તેની મદદ કર, જો તે તારી ઈમદાદનો તાલિબ હોય તો તેની ઈમદાદ કર, જો તે તારાથી કરજ માંગે તો તેને કરજ આપ,

જો તે મુફલિસ (ગરીબ) થઈ જાય તો તેની મદદ કર, જો તે બીમાર થઈ જાય તો તેની ખબર પૂછવા જા, જો મરી જાય તો તેનો જનાઝો ઉઠાવ, જો તેને ખુશી નસીબ થાય તો તેને મુબારકબાદ આપ, જો તેને મુસીબત આવી પડે તો તેને સબ્રની હિદાયત કર, તેના મકાનથી તારા મકાનને ઊંચુ ન બનાવ જેથી તેની હવા ન રોકાય, પણ જો તે ઈજાઝત આપી દે તો કાંઈ વાંધો નથી, તેને તકલીફ ન આપ, જ્યારે મેવા ખરીદીને લાવે તો તેના ઘરે તોહફારૂપે મોકલ નહીં તો છુપાવી લાવ. મેવા તારી ઔલાદના હાથમાં આપીને તેમને બહાર ન મોકલ કે જેથી તેનાં બાળકો તે જોઈને નારાજ ન થાય, હાંડલીની સોડમ વડે તારા પડોશીને તકલીફ ન આપ પણ એ કે એક ખોબો રસો તેને પણ મોકલી આપ. *(કન્ઝુલ ઉમ્માલ, ૭/૫૮)*

પછી આપે ફર્માવ્યું, જાણો છો પડોશીનો હક્ક શું છે ?! ખુદાની કસમ ! પડોશીના હક્કોને કોઈ પૂરા નથી કરી શક્તું પણ જેના પર અલ્લાહ તઆલાએ રહમત કરી હોય. એ જ પ્રમાણે અમ્ર ઈબ્ને શોઐબ رحمۃ اللہ علیہએ પોતાના બાપ અને દાદાથી અને તેમણે નબી કરીમ ﷺથી રિવાયત કરી છે.

જનાબ મુજાહિદ رضی اللہ عنہનું કહેવું છે કે હું હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہની પાસે બેઠો હતો અને આપનો ગુલામ બકરીની ખાલ ઉતારી રહ્યો હતો. આપે કહ્યું, હે ગુલામ ! જ્યારે બકરીની ખાલ ઉતારે તો સૌ પ્રથમ આપણા યહૂદી પડોશીને ગોશ્ત આપજે. આપે એ જ વાત વારંવાર કહી તો ગુલામે કહ્યું, હજી અધિક કેટલી વખત કહેશો ! હુઝૂર ﷺ આપણને સતત પડોશીઓના વિશે વસિય્યત કર્યા કરતા હતા, ત્યાં સુધી કે અમને દહેશત થઈ કે ક્યાંક પડોશીઓને વારસ ન ઠરાવી દેવામાં આવે ! *(તિર્મિઝી, ૨/૧૬, અબૂ દાઊદ, ૨/૭૦૧, ઈબ્ને હબ્બાન, ૧/૪૪૪)*

જનાબ હેશામ رضی اللہ عنہનો કૌલ છે કે જનાબ હસન رضی اللہ عنہ એ વાતમાં કોઈ ખરાબી ન સમજતા હતા કે તમે પોતાની કુર્બાનીનો ગોશ્ત યહૂદી કે નસ્રાની પડોશીને ખવડાવો. (**ખુલાસો** : સાચા અર્થમાં અલ્લાહને એક માનનારા અહલે કિતાબ ત્યારે હતા તેમને કુર્બાનીનો ગોશ્ત ખવડાવવામાં વાંધો ન હતો. પણ હવેના યહૂદી, ઈસાઈ સાચા અહલે કિતાબ નથી, બલ્કે શિર્ક કરનારા છે માટે હવે તેમને ખવડાવવો જાઈઝ નથી. બલ્કે

કોઈ પણ કાફિર, મુર્તદને ખવડાવવો જાઈઝ નથી.)

હઝરત અબૂઝર رضی اللہ عنہએ ફર્માવ્યું, મને મારા હબીબ صلی اللہ علیہ وسلمએ વસિય્યત ફર્માવી કે જ્યારે તમે હાંડલી પકાવો તો એમાં વધારે પાણી નાખી દો, પછી પડોશીઓના ઘર પર નિગાહ દોડાવો અને તેમને ખોબા જેટલો રસો મોકલતા રહો. *(સહીહ મુસ્લિમ, ૨/૩૨૯, દારમી, ૨/૯૨, સહીહ ઈબ્ને હબ્બાન, પેજ : ૪૪૫)*

*(પ્રકરણ : ૯૧)*

## શરાબી પર અઝાબ

અલ્લાહ તઆલાએ શરાબના બારામાં જે આયત નાઝિલ ફર્માવી તેમાંથી પ્રથમ એ છે કે :–

يَسْئَلُوْنَكَ عَنِ الْخَمْرِ وَ الْمَيْسِرِ قُلْ فِيْهِمَا اِثْمٌ كَبِيْرٌ وَّمَنَا فِعُ لِنَّاسِ

**તર્જુમો** : "આપનાથી શરાબ અને જૂગારના બારામાં સવાલ કરે છે, ફર્માવી દો એ બંનેમાં મહાન ગુનોહ છે અને (જાહેરમાં) લોકોના વાસ્તે ફાયદા છે." *(સૂ. બક્રહ, આ. ૨૧૯)*

આ આયત સાંભળીને કેટલાક લોકોએ શરાબ પીવાની છોડી દીધી અને કેટલાક તે જ પ્રમાણે પીતા રહ્યા, એટલે સુધી કે એક માણસ શરાબ પીને નમાઝ પઢવા લાગ્યો તો તેની જીભેથી અયોગ્ય વાક્યો નીકળ્યાં, ત્યારે આ આયત નાઝિલ ફર્માવી :

يَآاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَاتَقْرَبُوا الصَّلٰوةَ وَ اَنْتُمْ سُكَارٰى

**તર્જુમો** :"હે મો'મિનો ! નમાઝની નજીક ન જાવ ! એ હાલતમાં કે તમે નશામાં હોઉં." *(સૂ. નિસાઅ, આ. : ૪૩, પારા : ૫)*

આ આયત સાંભળીને જેણે શરાબ પીધી તેણે પીધી અને જેણે તેને છોડી તેણે છોડી, ત્યાં સુધી કે હઝરત ઉમર رضی اللہ عنہએ એકવાર શરાબ પીધી અને ઊંટની હોજરી ઉઠાવીને હઝરત અબ્દુર્રહ્માન ઈબ્ને ઔફ

رضی اللہ عنہના માથા પર માર્યું અને તેમનું માથુ ફોડી નાખ્યું. પછી બેસીને બદરના કત્લ થનારાઓ પર રડવા લાગ્યા. હુઝૂર ﷺને જ્યારે આ ખબર મળી તો આપ ગુસ્સાની હાલતમાં ઘસડાતી ચાદર સાથે બહાર તશરીફ લાવ્યા અને પોતાની પાસે જે ચીજ હતી તેના વડે તેમને માર્યા. ત્યારે હઝરત ઉમર બોલ્યા કે હું અલ્લાહ અને તેના રસૂલના ગઝબથી પનાહ માંગુ છું અને અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ ફર્માવી :–

**اِنَّمَا يُرِيْدُ الشَّيْطَانُ اَنْ يُّوْقِعَ بَيْنَكُمُ الْعَدَاوَةَ وَالْبَغْضَآءَ فِى الْخَمْرِ وَ الْمَيْسِرِ**

**તર્જુમો** : "એના સિવાય નથી કે શૈતાન ઈરાદો કરે છે કે તમારા દરમિયાન શરાબ અને જૂગારના કારણે અદાવત નાખે." *(સૂ. માઈદા, આ. : ૯૧, પારા : ૭)*

હઝરત ઉમર رضی اللہ عنہએ આ આયત સાંભળીને કહ્યું, "અમે રોકાઈ ગયા! અમે રોકાઈ ગયા !"

શરાબની હુર્મતમાં (હરામ હોવાના બારામાં) વિવિધ હદીષો છે. જેમ કે ફર્માને નબવી છે કે, "શરાબ પીવાનો આદી જન્નતમાં જશે નહીં." *(સુનને નિસાઈ, ૨/૩૩૧, દારમી, ૨/૯૬, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૨૮૪, મિશ્કાતુલ મસાબીહ, ૨/૩૧૮, કન્ઝુલ ઉમ્માલ, ૫/૩૫, અત્તરગીબ વત્તરહીબ, ૩/૭૭)*

નબી અકરમ ﷺએ ફર્માવ્યું કે મૂર્તિઓની ઈબાદત (પૂજા)ની મનાઈ પછી અલ્લાહ તઆલાએ મને સૌ પ્રથમ શરાબ પીવા અને લોકો પર લઅનતો મોકલવાથી રોક્યો છે. *(સુનને બયહકી, ૧૦/૩૨૮, હિલ્યતુલ અવલિયા, ૯/૩૧૫)*

ફર્માને નબવી છે કે કોઈ જમાઅત એવી નથી જે દુનિયામાં કોઈ નશાકારક ચીજ પર એકત્ર થતી હોય, પણ અલ્લાહ તઆલા તેમને જહન્નમમાં ભેગા કરશે અને તેઓ એકબીજાને ભલુ બુરુ કહેવાનું શરૂ કરશે. એક બીજાને કહેશે, હે ફલાણા ! અલ્લાહ તઆલા તને મારા તરફથી બુરો બદલો આપે કે તેં જ મને આ સ્થાને પહોંચાડયો છે અને બીજો તેને એ જ પ્રમાણે કહેશે. *(કિતાબુલ કબાઈર, બાબુ શરબ, પેજ : ૮૫)*

હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, જેણે દુનિયામાં શરાબ પીધી અલ્લાહ

તઆલા તેને જહન્નમી સાપોનું ઝેર પીવડાવશે જેને પીતાં પહેલાં જ તેના ચહેરાનો ગોશ્ત ખરી જઈને વાસણમાં પડી જશે અને જ્યારે તે તેને પીશે તો તેનો ગોશ્ત અને ચામડી ઉખડી જશે જેનાથી જહન્નમી તકલીફ પામશે. **શરાબ પીનારા, અર્ક કાઢનારા, નીચોવનારા, ઉઠાવનારા, જેના માટે લાવવામાં આવી હોય અને તેની કિંમત ખાનારા તમામે તમામ ગુનાહમાં સમાન ભાગીદાર છે.** અલ્લાહ તઆલા તેમનામાંથી કોઈની નમાઝ, રોઝા અને હજ્જ કબૂલ નથી કરતો, ત્યાં સુધી કે તે તૌબા ન કરી લે. વળી જો તેઓ તૌબા કર્યા વગર મરી ગયા તો અલ્લાહ તઆલા પર હક્ક છે તેમને શરાબના દરેક ઘૂંટડાના બદલામાં જહન્નમનું પરુ પીવડાવે. યાદ રાખો ! દરેક નશાકારક ચીજ હરામ છે અને દરેક શરાબ હરામ છે. (ભલે તે ગમે તે પ્રકારની હોય)

ઈબ્ને અબી દુન્યા رضی اللہ عنہથી નકલ થયેલ છે કે તેમની નશામાં ચૂર એવા એક શખ્સથી મુલાકાત થઈ જે હાથ પર પેશાબ કરી રહ્યો હતો અને વુઝૂ કરનારની જેમ પેશાબથી હાથ ધોઈ રહ્યો હતો અને આ દુઆ પઢી રહ્યો હતો : اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ جَعَلَ الْاِسْلَامَ نُوْرًا وَّالْمَآءَ طُهُوْرًا "હમ્દ છે અલ્લાહ તઆલાની જેણે ઈસ્લામને નૂર બખ્શયું અને પાણીને પાક ફર્માવ્યું."

અબ્બાસ ઈબ્ને મરદાસને જાહિલિયતના જમાનામાં કહેવામાં આવ્યું કે તમે શરાબ કેમ નથી પીતા ? એનાથી તમારામાં તેજી વધી જશે ! તેમણે જવાબ આપ્યો, હું મારા હાથો વડે જેહાલતને પકડીને ખૂદ મારા પેટમાં દાખલ કરવાવાળો નથી અને ન તો હું એ વાત પર રાજી છું કે હું સવાર મારી કૌમના સરદાર હોવાની હૈસિયતથી કરું એ રાત તેમનામાં બેવકૂફ હોવાના દુર્ગણ સાથે સંકલિત થઈને કરું.

બયહકીએ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, શરાબથી બચો ! કે તમારાથી પહેલાં લોકોમાં એક ઈબાદતગુઝર શખ્સ હતો જે લોકોથી અલગ રહેતો હતો. એક ઔરતે તેનો પીછો કર્યો અને પોતાનો એક ખાદિમ મોકલીને એને બોલાવ્યો અને કહ્યું કે અમે તને ગવાહીના માટે બોલાવવા આવ્યા છીએ. જેથી આબિદ

તેમના ઘરમાં દાખલ થઈ ગયો. તે જેવો કોઈ દરવાજાથી આગળ વધતો તે સ્ત્રી તે દરવાજાને બંધ કરી દેતી ત્યાં સુધી કે તે ઔરતની પાસે પહોંચી ગયો. તે બદ્કાર સ્ત્રી બેઠેલી હતી તેની પાસે એક છોકરો હતો અને એક પાત્ર હતું જેમાં શરાબ રાખેલી હતી. તે સ્ત્રીએ કહ્યું, મેં તને કોઈ ગવાહી માટે નથી બોલાવ્યો બલ્કે આ છોકરાને કત્લ કરવા તથા મારી સાથે સંભોગ કરવા માટે બોલાવ્યો છે, અથવા તો પછી શરાબનો પ્યાલો પી લે ! જો તેં ઈન્કાર કર્યો તો હું ચીસો પાડીશ અને તને બેઈજ્જત કરીશ.

જ્યારે તે આબિદે કોઈ ચારો ન જોયો તો કહ્યું, સારું ! મને શરાબ પીવડાવી દે ! જેથી તેણીએ શરાબનો પ્યાલો પીવડાવી દીધો. આબિદ પ્યાલો પીને બોલ્યો, ઔર આપી દે ! ત્યાં સુધી કે શરાબથી બદ્મસ્ત થઈને તેણે સ્ત્રી સાથે ઝિના કર્યો અને તે છોકરાને પણ કત્લ કરી દીધો. જેથી શરાબથી બચો. તો ખુદાની કસમ ! ઈમાન અને શરાબની કાયમની આદત કોઈ શખ્સના સીનામાં કદાપિ ભેગાં નથી થઈ શક્તાં, અલ્બત્ત ! તેમાંથી એક બીજાને કાઢી નાખે છે. *(સુનને ઈબ્ને માજહ, ૨/૩૩૦, સુનને બયહકી, ૮/૫૦૦, અત્તરગીબ વત્તરહીબ, ૩/૧૭૯, મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક, ૯/૧૪૭, તફસીરે ઈબ્ને કષીર, ૨/૧૦૯)*

## ★ હારૂત તથા મારૂતનો કિસ્સો ★

અહમદ ઈબ્ને હબ્બાને પોતાની સહીહમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી છે કે તેમણે હુઝૂર صلی اللہ علیہ وسلمને એવું ફર્માવતાં સાંભળ્યા કે જ્યારે આદમ علیہ السلامને જમીન પર ઉતારવામાં આવ્યા તો ફરિશ્તઓએ કહ્યું, "હે રબ ! તું જમીન પર તે શખ્સને તારો ખલીફા બનાવીને મોકલી રહ્યો છે જે ઝઘડા ફસાદ કરશે અને ખૂન વહેવડાવશે ?! અને અમે તારી પ્રશંસાની સાથે પાકી બયાન કરીએ છીએ." *(સૂ. બકરહ, આ. : ૩૦)* (જેથી અમે એ મન્સબના અધિક હક્કદાર છીએ.) રબ્બે ઝુલ જલાલે ફર્માવ્યું, "બેશક ! હું જાણુ છું જે તમે નથી જાણતા." તેમણે અર્ઝ કરી, હે અલ્લાહ ! અમે તારા નબી આદમ કરતાં અધિક ફર્માંબરદારી કરીએ છીએ. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, તમારામાંથી બે ફરિશ્તા આવે જેથી હું અજમાવું કે તે કેવો અમલ કરે છે ? તેમણે અર્ઝ કરી હારૂત તથા મારૂત હાજર છે. રબ

તઆલાએ તેમને હુકમ આપ્યો કે તમે જમીન પર જાવ ! અને અલ્લાહ તઆલાએ ઝોહરા સિતારાને તેમની સમક્ષ હસીનો જમીલ સ્ત્રીના રૂપમાં મોકલ્યો. તે બંનેવ તેને ત્યાં આવ્યા અને તેની સાથે સંભોગ માટે સવાલ કર્યો પણ તેણે ઈન્કાર કરી દીધો. અને કહ્યું, ખુદાની કસમ ! ત્યાં સુધી નહીં જ્યાં સુધી તમે બંને આ શિર્કનો બોલ ન બોલો. તેમણે કહ્યું કે ખુદાના સોગંદ ! અમે કદાપિ અલ્લાહ તઆલાને શરીક ઠરાવીશું નહીં.

જેથી સ્ત્રી તેમની પાસેથી ઉઠીને ચાલી ગઈ અને જ્યારે પાછી ફરી તો તે બાળકને ઉઠાવીને આવી. તેમણે તેણીને ફરી તે જ સવાલ કર્યો પણ તેણે કહ્યું, બખુદા ! ત્યાં સુધી નહીં જ્યાં સુધી તમે બંનેવ આ બાળકને કત્લ ન કરો. તેમણે કહ્યું, બખુદા ! અમે કદાપિ તેને કત્લ કરીશુ નહીં. પછી તે શરાબનો પ્યાલો લઈને પાછી આવી અને તે બંનેવે તેને જોઈને ફરી તે જ માંગણી કરી. સ્ત્રીએ કહ્યું, બખુદા ! ત્યાં સુધી જ્યાં સુધી તમે આ શરાબ ન પી લો.

જેથી તેમણે શરાબ પીધી અને નશાની હાલતમાં તેણીની સાથે સંભોગ કર્યો અને બાળકને કત્લ કરી નાખ્યો. જ્યારે તેમનો નશો ઉતર્યો તો ઔરતે કહ્યું કે, બખુદા ! તમે કોઈ કામ એવું નથી છોડયું જેને કરવાથી તમે ઈન્કાર કરી દીધો હતો. નશાની હાલતમાં તમે સૌ કામ કરી ચૂક્યા.

ત્યારે તેમને દુનિયવી અઝાબ કે આખેરતના અઝાબમાંથી કોઈ એકને ઈખ્તિયાર કરવાનો હુકમ આપવામાં આવ્યો તો તેમણે દુનિયવી અઝાબને પસંદ કરી લીધો. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૨૯૪, અત્તરગીબ વત્તરહીબ, ૩/૧૭૯)*

હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا ફર્માવે છે કે મારી પુત્રી બીમાર થઈ તો મેં પ્યાલામાં નબીઝ બનાવી. હુઝૂર ﷺ મારે ત્યાં તશરીફ લાવ્યા ત્યારે તે ઉકળી રહી હતી. આપે ફર્માવ્યું, ઉમ્મે સલમા ! આ શું છે ? મેં અર્ઝ કરી કે મારી પુત્રી બીમાર છે તેની દવા બનાવી રહી છું ! આપે ફર્માવ્યું કે **અલ્લાહ તઆલાએ હરામ કરેલી ચીજોમાં મારી ઉમ્મતના માટે શિફા નથી રાખી.** *(મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક, ૯/૧૬૦, અલ્મોઅજમુલ કબીર, લિત્તબરાની, ૪૨/૩૨૭)*

એક રિવાયયત છે કે જ્યારે અલ્લાહ તઆલાએ શરાબને હરામ ફર્માવી દીધી તો તેમાં જેટલા પણ ફાયદા હતા તે સૌ છીનવી લીધા. *(અલ્કામિલ ફી દુઅફાઈર્રિજાલ, ૮/૨૪૬)*

(પ્રકરણ : ૯૨)

# મેઅરાજ શરીફ

બુખારીએ કતાદાથી તેમણે અનસ બિન માલિક رضی اللہ عنہથી તેમણે માલિક બિન સઅસઅહ્ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે હુઝૂર ﷺએ તેમને મેઅરાજની રાતનો વાકિઓ સંભળાવ્યો અને ફર્માવ્યું કે હું હતીમે કા'બામાં હતો અને એ પણ ફર્માવ્યું કે હું મકામે હજરમાં સૂતેલો હતો કે એકાએક મારી પાસે એક આવનાર આવ્યો તેણે કાંઈક કહ્યું, મેં સાંભળ્યું કે તે કહી રહ્યો હતો. પછી આ જગ્યા અને આ જગ્યાની વચ્ચે ચીરો પાડવામાં આવ્યો (રાવી કહે છે કે મેં જારૂદ رضی اللہ عنہને પૂછયું કે તે મારી નજીક બેઠેલા હતા કે આ જગા અને આ જગાનો મકસદ શું ? તેમણે કહ્યું ગળાથી લઈને દુંટી સુધી) પછી તેમણે મારું દિલ કાઢયું અને મારી પાસે એક સોનાની થાળી લાવવામાં આવી જે ઈમાનથી છલોછલ હતી. ત્યારબાદ મારું દિલ ધોવામાં આવ્યું, પછી તેને ઈલ્મ તથા ઈમાનથી લબરેઝ કરીને પાછુ રાખી દેવામાં આવ્યું. પછી મારી પાસે એક સફેદ જાનવર લાવવામાં આવ્યું જે ખચ્ચરથી નીચુ અને ગધેડાથી ઊંચુ હતું. (જારૂદે હઝરત અનસ رضی اللہ عنہને પૂછયું કે હે અબૂ હમ્ઝા ! શું તે બુર્રાક હતો ? હઝરત અનસ رضی اللہ عنہએ જવાબ આપ્યો કે, હા ! તે પોતાનું ડગલુ નજરની સીમા પર રાખતો હતો.) હું તેના પર સવાર થયો અને જિબ્રઈલ મને લઈને ચાલ્યા, ત્યાં સુધી કે આસ્માનની દુનિયા સુધી પહોંચ્યા. જિબ્રઈલે તેનો દરવાજો ખોલાવ્યો. પૂછવામાં આવ્યું, કૌન છે ? તેમણે કહ્યું, મુહમ્મદ ! ﷺ પૂછવામાં આવ્યું તેમને બોલાવવામાં આવ્યા છે ? જિબ્રઈલે કહ્યું, હા ! કહેવામાં આવ્યું, તેમને ખુશ આમદેદ થજો, તેમનુ આવવું મુબારક હજો. પછી દરવાજો ખોલી દેવામાં આવ્યો. જ્યારે હું ત્યાં પહોંચ્યો તો ત્યાં **આદમ** علیہ السلام મૌજૂદ હતા. જિબ્રઈલે કહ્યું, આ તમારા બાપ આદમ છે તેમને સલામ કરો ! જેથી મેં સલામ કરી, તેમણે સલામનો જવાબ આપ્યો અને કહ્યું, સાલેહ બેટા ! અને સાલેહ નબીને ખુશ આમદેદ થજો.

પછી જિબ્રઈલ મારી સાથે ઔર ઉપર ચઢયા ત્યાં સુધી કે બીજા

આસ્માન પર પહોંચ્યા અને જિબ્રઈલે દરવાજો ખોલાવ્યો. પૂછવામાં આવ્યું, કોણ ? કહેવામાં આવ્યું, જિબ્રઈલ ! પૂછવામાં આવ્યું, તમારી સાથે કોણ છે ? તેમણે કહ્યું, મુહમ્મદ ! ﷺ પૂછવામાં આવ્યું, શું તેમને બોલાવવામાં આવ્યા છે ? જિબ્રઈલ બોલ્યા, હા ! કહેવામાં આવ્યું, તેમનું આગમન મુબારક હજો ! અને દરવાજા ખોલી દેવામાં આવ્યો. જ્યારે હું ત્યાં પહોંચ્યો તો મેં ત્યાં હઝરત ઈસા અને હઝરત યહ્યા عَلَیْہِمَا الصَّلٰوۃُ وَالسَّلَامُને જોયા અને બંને આપસમાં કાકા મોટાના દિકારા છે. જિબ્રઈલે કહ્યું કે આ **યહ્યા** અને **ઈસા** عَلَیْہِمَا الصَّلٰوۃُ وَالسَّلَامُ છે તેમને સલામ કરો. મેં તેમને સલામ કરી તેમણે સલામનો જવાબ આપ્યો અને કહ્યું, સાલેહ ભાઈ અને સાલેહ નબી ! ભલે પધાર્યા !

પછી જિબ્રઈલ મને ત્રીજા આસ્માન પર લઈ ગયા અને દરવાજો ખોલવવા ચાહ્યું તો પૂછવામાં આવ્યું કોણ ? કહ્યું, જિબ્રઈલ ! પૂછવામાં આવ્યું, તમારી સાથે બીજુ કોણ છે ? કહ્યું, મુહમ્મદ ! ﷺ કહેવામાં આવ્યું, તેમને બોલાવવામાં આવ્યા છે ? જિબ્રઈલે કહ્યું, હા ! કહેવામાં આવ્યું, ભલે પધારો ! તેમનું આવવું ઘણુ જ સારું તથા મુબારક છે અને દરવાજો ખોલી દેવામાં આવ્યો. જ્યારે હું ત્યાં પહોંચ્યો તો મને **યૂસુફ** علیہ السلام મળ્યા. જિબ્રઈલ علیہ السلامએ કહ્યું, આ યૂસુફ علیہ السلامછે તેમને સલામ કરો. મેં તેમને સલામ કરી. તેમણે સલામનો જવાબ આપ્યો અને કહ્યું, સાલેહભાઈ અને સાલેહ નબી ! ભલે પધારો ! પછી જિબ્રઈલ મને ચોથા આસ્માન પર લઈ ગયા અને દરવાજો ખોલવવા ચાહ્યું, તો પૂછવામાં આવ્યું કે કોણ છે ? તેમણે કહ્યું, જિબ્રઈલ ! પૂછવામાં આવ્યું, તમારી સાથે કોણ છે ? જિબ્રઈલ બોલ્યા, મુહમ્મદ ! ﷺ શું તેમને બોલાવવામાં આવ્યા છે ? જિબ્રઈલે કહ્યું, હા ! દરબાને કહ્યું, ભલે પધારો ! તેમનુ આગમન ખૂબ જ મુબારક છે ! અને દરવાજો ખોલી દેવામાં આવ્યો. જ્યારે હું ત્યાં પહોંચ્યો તો મેં હઝરત **ઈદરીસ** علیہ السلامને જોયા. જિબ્રઈલે કહ્યું, આ ઈદરીસ علیہ السلام છે તેમને સલામ કરો. મેં તેમને સલામ કરી તો તેમણે સલામનો જવાબ આપ્યો અને કહ્યું, સાલેહ ભાઈ અને સાલેહ નબી ! ભલે પધારો !

પછી મને જિબ્રઈલ સાથે લઈને ઉપર ચઢયા ત્યાં સુધી કે પાંચમા

આસ્માન પર પહોંચ્યા. તેમણે દરવાજો ખોલાવ્યો. પૂછવામાં આવ્યું, કોણ છે ? કહેવામાં આવ્યું, જિબ્રઈલ ! પૂછવામાં આવ્યું, તમારી સાથે કોણ છે ? કહ્યું, મુહમ્મદ ! ﷺ પૂછવામાં આવ્યું, તેમને બોલાવવામાં આવ્યા છે ? જિબ્રઈલે કહ્યું, હા ! કહેવામાં આવ્યું, ભલે પધારો ! તેમનું આવવું મુબારક હજો ! જ્યારે હું ત્યાં પહોંચ્યો તો હઝરત હારૂન علیہ السلام મળ્યા. જિબ્રઈલે કહ્યું, આ હારૂન علیہ السلام છે, તેમને સલામ કરો. મેં સલામ કરી તેમણે સલામનો જવાબ આપ્યો અને કહ્યું, સાલેહભાઈ અને સાલેહ નબી ! ભલે પધાર્યા !

પછી જિબ્રઈલ મને ઉપર લઈ ગયા ત્યાં સુધી કે અમે છટ્ઠા આસ્માન પર પહોંચ્યા. તેમણે દરવાજો ખોલાવ્યો. પૂછવામાં આવ્યું, કોણ છે ? કહ્યું, જિબ્રઈલ ! પૂછવામાં આવ્યું, તમારી સાથે અન્ય કોણ છે ? કહ્યું, મુહમ્મદ ! ﷺ કહેવામાં આવ્યું, શું તેમને બોલાવવામાં આવ્યા છે ? જિબ્રઈલે કહ્યું, હા ! તે ફરિશ્તાએ કહ્યું, ભલે પધાર્યા ! તેમનું આગમાન મુબારક છે. જ્યારે હું ત્યાં પહોંચ્યો તો હઝરત **મૂસા** علیہ السلام સાથે મુલાકત થઈ. જિબ્રઈલે કહ્યું, આ મૂસા علیہ السلام છે તેમને સલામ કરો. મેં તેમને સલામ કરી, તેમણે સલામનો જવાબ આપ્યો અને કહ્યું, સાલેહ ભાઈ અને સાલેહ નબી ! ભલે પધાર્યા ! પછી અમે જ્યારે આગળ વધ્યા તો તે રડયા. તેમને કહેવામાં આવ્યું કે તમે શા માટે રડો છો ? તો તેમણે કહ્યું કે હું એટલા માટે રડુ છું કે મારા પછી એક નવજવાનને મોકલવામાં આવ્યા છે જેની ઉમ્મતના લોકો મારી ઉમ્મતથી વધારે જન્નતમાં જશે.

પછી જિબ્રઈલ મને સાતમા આસ્માન પર લઈ ગયા અને તેનો દરવાજો ખોલાવ્યો. પૂછવામાં આવ્યું, કોણ ? કહેવામાં આવ્યું, જિબ્રઈલ ! પૂછવામાં આવ્યું, તમારી સાથે બીજુ કોણ છે ? કહ્યું, મુહમ્મદ ! ﷺ પૂછવામાં આવ્યું તેમને બોલાવવામાં આવ્યા છે ? કહ્યું, હા ! કહ્યું, ભલે પધાર્યા ! તેમનું આગમન મુબારક છે ! જ્યારે હું ત્યાં પહોંચ્યો તો હઝરત **ઈબ્રાહીમ** علیہ السلام મળ્યા. જિબ્રઈલે કહ્યું, આ તમારા વાલિદે ગિરામી ઈબ્રાહીમ છે તેમને સલામ કરો. મેં તેમને સલામ કરી, તેમણે સલામનો જવાબ આપ્યો અને કહ્યું, સાલેહ બેટા અને સાલેહ નબી ! ભલે પધારો !

## ★ સિદ્રતુલ્ મુન્તહાની કૈફિયત ★

પછી મને સિદરતુલ્ મુન્તહા સુધી લઈ જવામાં આવ્યો. તેનાં ફળ મકામે હિજ્રના માટલાંની જેટલાં અને તેનાં પાંદડાં હાથીના કાનો જેવડાં હતાં. ત્યાં ચાર નહેરો હતી બે જાહેર અને બે છુપી. મેં જિબ્રઈલને પૂછયું, આ નહેરો કેવી છે ? તેમણે કહ્યું, જે બે છુપી છે તે જન્નતની નહેરો છે અને જે બે જાહેર છે તે "નીલ" અને "ફુરાત" છે. પછી બૈતુલ મઅ્મૂર મારી સમક્ષ જાહેર કરવામાં આવ્યું જેમાં સિત્તેર હજાર ફરિશ્તા દરરોજ દાખલ થાય છે. પછી મને એક શરાબ (શરબત)નું પાત્ર, એક દૂધનું અને એક મધનું પાત્ર આપવામાં આવ્યું. મેં દૂધને પસંદ કરી લીધું. જિબ્રઈલે કહ્યું, આ જ ફિતરત છે, આપ તથા આપની ઉમ્મત એના પર કાયમ રહેશે. ત્યાર બાદ મારા પર દરરોજની ૫૦–૫૦ નમાઝો ફર્ઝ ઠરાવી દેવામાં આવી.

પછી હું જ્યારે પાછો ફર્યો તો મૂસા علیہ السلامએ કહ્યું, તમને કઈ વાતનો હુકમ આપવામાં આવ્યો છે ? મેં કહ્યું, દરરોજ ૫૦ નમાઝનો. મૂસા علیہ السلامએ કહ્યું, તમારી ઉમ્મત દરરોજ ૫૦ નમાઝો નહીં પઢી શકે ! હું તમારાથી આગલા લોકોને અજમાવી ચૂક્યો છું અને બની ઈસ્રાઈલ સાથે સખ્ત વર્તાવ કરેલો છે. જેથી તમારા રબ પાસે પાછા જાવ અને તમારી ઉમ્મતના માટે કમી કરાવો. જેથી હું પાછો ગયો અને (બે વાર થઈને) ૧૦ નમાઝો માફ કરી આપવામાં આવી. પછી હું મૂસા علیہ السلامની પાસે આવ્યો. તેમણે પહેલાંની જેમ કહ્યું, તો હું ફરી પાછો વળ્યો અને ફરી દસ નમાઝો માફ કરી દેવામાં આવી. હું ફરી પાછો મૂસા علیہ السلامની પાસે આવ્યો તો તેમણે અગાઉ જેમ જ કહ્યું. હું ફરી પાછો ગયો અને ફરી દસ નમાઝો માફ કરી દેવામાં આવી. હું મૂસા علیہ السلام પાસે આવ્યો તો તેમણે અગાઉની જેમ જ કહ્યું. તો હું ફરી પાછો ગયો અને મને દરરોજ પાંચ નમાઝોનો હુકમ મળ્યો. હું જ્યારે મૂસા علیہ السلام પાસે પાછો વળીને આવ્યો તો તેમણે પૂછયું કે તમને શું હુકમ મળ્યો ? મેં કહ્યું, રોજ પાંચ નમાઝોનો હુકમ મળ્યો છે. તેમણે કહ્યું, તમારી ઉમ્મત દરરોજ પાંચ નમાઝો પણ પઢી શકશે નહીં ! મેં તમારાથી આગલા લોકોનો અનુભવ કરેલો અને બની ઈસ્રાઈલ સાથે સખ્ત વર્તાવ કરી ચૂક્યો છું. જેથી તમો પાછા તમારા રબની હુઝૂર જાવ અને

તમારી ઉમ્મતના માટે કમીની દરખાસ્ત કરો ! હુઝૂર ﷺએ કહ્યું, હું મારા રબની હુઝૂર કેટલીયે વાર દરખાસ્ત કરી ચૂક્યો છું ! હવે મને શરમ આવે છે, જેથી હવે હું રાજી છું અને રબના હુકમને તસ્લીમ કરું છું. હુઝૂર ﷺ ફર્માવે છે કે જ્યારે હું આગળ વધ્યો તો કોઈ પોકારનારે અવાજ આપ્યો કે મેં મારો હુકમ જારી કરી દીધો અને મારા બંદાઓને કમી કરી આપી છે. *(સહીહ ઈબ્ને હબ્બાન, ૧/૧૩૫)*

*(પ્રકરણ : ૯૩)*

## જુમ્આના ફઝાઈલ

જુમ્આનો દિવસ એક મહાન દિવસ છે. અલ્લાહ તઆલાએ તેની સાથે ઈસ્લામને મહાનતા આપી અને આ દિવસ મુસલમાનોના માટે ખાસ કરી આપ્યો. ફર્માને ઈલાહી છે :–

**اِذَا نُوْدِیَ لِلصَّلٰوةِ مِنْ یَّوْمِ الْجُمُعَةِ فَاسْعَوْا اِلٰی ذِکْرِاللّٰهِ وَذَرُوا الْبَیْعَ**

"જ્યારે જુમ્આના દિવસે નમાઝના માટે પુકારવામાં આવે તો જલ્દી કરો અલ્લાહના ઝિક્રની તરફ અને ખરીદ વેચાણ છોડી દો." *(સૂ. જુમ્આ, આ. : ૯, પારા : ૨૮)*

આ આયતથી જાણવા મળ્યું કે **અલ્લાહ તઆલાએ જુમ્આના સમયે દુનિયવી કામો હરામ ઠરાવ્યાં છે.** અને દરેક તે ચીજ જે જુમ્આના માટે રુકાવટ બને મના ઠરાવી દેવામાં આવી છે.

હુઝૂર ﷺનુ ફર્માન છે કે, તેહકીક ! અલ્લાહ તઆલાએ તમારા પર મારા આ દિવસ અને આ મકામમાં જુમ્આને ફર્ઝ ઠરાવી દીધી છે. *(સુનને ઈબ્ને માજહ, ૧/૭૫)* એક અન્ય ઈર્શાદ એ છે કે, **"જે શખ્સ કશીય મજબૂરી વિના ત્રણ જુમ્આ છોડી દે છે તેના દિલ પર અલ્લાહ તઆલા મોહર મારી આપે છે."** એક રિવાયતના શબ્દો આ પ્રમાણે છે

કે, **"તેણે ઈસ્લામને પીઠ પાછળ રાખી દીધો."** *(તિર્મિઝી, ૧/૧૧૨, બયહક઼, ૩/૩૫૧, નિસાઈ, ૧/૨૦૨, ઈબ્ને માજહ, ૧/૭૯, અબૂ દાઊદ, ૧/૧૫૧, મુસ્નદે અહમદ બિન હંબલ, ૪/૨૮૪, અત્તરગીબ વત્તરહીબ, ૧/૨૯૬)*

એક શખ્સ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની પાસે વારંવાર આવતો રહ્યો અને એક એવા શખ્સના માટે પૂછતો રહ્યો જે મૃત્યુ પામ્યો અને જુમ્આની નમાઝ અને જમાઅતોમાં શરીક થતો ન હતો. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, "તે જહન્નમમાં છે !" તે શખ્સ પૂરા એક મહીના સુધી પૂછતો જ રહ્યો આપ એ જ કહેતા રહ્યા કે, તે જહન્નમમાં છે !

હદીષ શરીફમાં છે અહલે કિતાબને જુમ્આનો દિવસ આપવામાં આવ્યો પણ તેમણે તેમાં મતભેદ કર્યો જેથી એ દિવસ તેમની પાસેથી પાછો લઈ લેવામાં આવ્યો. અલ્લાહ તઆલાએ આપણને તેની હિદાયત કરી. તેને આ ઉમ્મતના માટે આખરી કરવામાં આવ્યો અને તેમના માટે તેને ઈદનો દિવસ બનાવ્યો જેથી આ લોકો સૌ લોકોમાં અગ્રતા પામી જનારા છે અને અહલે કિતાબ તેમના તાબા હેઠળ છે. *(મુત્તફ઼િક઼, અલૈહ અહયાઉલ ઉલૂમ, ૧/૧૭૦)*

હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, મારી પાસે જિબ્રઈલ આવ્યા, તેમના હાથમાં સફેદ આયનો હતો. તેમણે કહ્યું, આ જુમ્આ છે તેને અલ્લાહ તઆલા આપના પર ફર્ઝ કરે છે જેથી તે આપના તથા આપના બાદ આવનારા લોકોના માટે ઈદ બને. મેં પૂછયું તેમાં શું બરકત છે ? જિબ્રઈલે કહ્યું, **એમાં એક ઉમદા ઘડી છે એમાં જે શખ્સ ભલાઈની દુઆ માંગે છે, તે ચીજ જો તેના મુકદ્દરમાં હોય તો અલ્લાહ તઆલા તેને અતા ફર્માવે છે નહીં તો તેનાથી બેહતર ચીજનો તેના માટે ઝખીરો કરી દેવામાં આવે છે.** અથવા **કોઈ શખ્સ આ ઘડીમાં એવી મુસીબતથી પનાહ માંગે છે જે તેનું મુકદ્દર બની ચૂકી છે તો અલ્લાહ તઆલા એ મુસીબતથી પણ મોટી મુસીબતને ટાળી દે છે.** અને તે (જુમ્આ) અમારી નજીક સર્વ દિવસોનો સરદાર છે, અને અમે આખેરતમાં એક દિવસ અધિક માંગીએ છીએ. મેં કહ્યું, તે શા માટે ? જિબ્રઈલે અર્ઝ કરી, આપના રબે જન્નતમાં એક એવી વાદી બનાવી

છે જે સફેદ છે અને મુશ્ક તથા ખુશ્બુથી લબરેઝ છે. જ્યારે જુમ્આનો દિવસ આવે છે તો અલ્લાહ તઆલા ઈલ્લિય્યીનથી કુર્સી પર નુઝૂલે ઈજલાલ ફર્માવે છે ત્યાં સુધી કે સૌ તેના દીદારથી મુશર્રફ થાય છે. *(અત્તરગીબ વત્તરહીબ, ૧/૨૮૦, કન્ઝુલ ઉમ્માલ, ૭/૭૧૪)*

હુઝૂર ﷺ ફર્માવે છે કે સૌથી ઉમદા દિવસ જેમાં સૂરજ તુલૂઅ થાય છે તે જુમ્આનો દિવસ છે. એ દિવસે આદમ علیہ السلامની પેદાઈશ થઈ, તે જ દિવસે તેમને જન્નતમાં દાખલ કરવામાં આવ્યા, તે જ દિવસે તેમને જન્નતથી જમીનની તરફ ઉતારવામાં આવ્યા, તે દિવસે તેમની તૌબા કબૂલ થઈ, તે દિવસે તેમનો વિસાલ થયો, તે દિવસે કિયામત કાયમ થશે અને તે અલ્લાહની નજીક યૌમે મઝીદ છે. આસ્માની ફરિશ્તાઓમાં એ દિવસનું એ જ નામ છે અને એ જ જન્નતમાં અલ્લાહ તઆલાના દીદારનો દિવસ છે. *(મુસ્લિમ, ૧/૨૮૨, તિર્મિઝી, ૧/૧૧૦, નિસાઈ, ૧/૨૦૩, સુનને દારમી, ૧/૨૮૨, બયહક઼ી, ૩/૩૫૫, અબૂ દાઊદ, ૧/૧૫૦, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૧૧૬, મોઅત્તા ઈમામ માલિક, ૧/૧૦૮)*

## ★ જુમ્આના દિવસે જહન્નમથી આઝાદી ★

હદીષ શરીફમાં છે કે **અલ્લાહ તઆલા દરેક જુમ્આના દિવસે છ લાખ ઈન્સાનોને જહન્નમથી આઝાદ કરે છે.** *(કન્ઝુલ ઉમ્માલ, ૭/૭૦૭)*

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે જ્યારે તેં જુમ્આને સારો કરી લીધો તો જાણે સર્વ દિવસોને સારા કરી લીધા. *(હિલ્યતુલ અવલિયા, ૭/૧૬૦, કન્ઝુલ ઉમ્માલ, ૭/૭૧૦)*

હુઝૂર ﷺએ ફર્માવ્યું કે જહન્નમ દરરોજ મધ્યાન્હના સમયે ઝવાલથી પહેલાં ભડકાવવામાં આવે છે. એટલે કે સૂરજ જ્યારે બરાબર આસ્માનના દિલમાં હોય છે. જેથી એ ઘડીએ નમાઝ ન પઢો પણ જુમ્આના દિવસે એ કૈદ નથી કેમ કે જુમ્આ પૂરેપૂરો નમાઝ છે અને એ દિવસે જહન્નમ નથી ભડકાવવામાં આવતી. (શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી ''અશ્અતુલ્ લમ્આત''માં ફર્માવે છે કે આ હદીષના બે રાવીઓ અબુલ

ખલીલ અને અબૂ કતાદાની મુલાકાત સાબિત છે.) *(અખ્રજહુ અબૂ દાઊદ, અહયાઉલ ઉલૂમ, ૧/૧૭૦)*

હઝરત કઅબ رضی اللہ عنہ નું ફર્માન છે કે અલ્લાહ તઆલાએ સર્વ શહેરોથી મક્કા મોઅઝ્ઝમાને ફઝીલત અતા કરી છે, સર્વ દિવસોમાં જુમ્આના દિવસને ફઝીલત આપી છે. અને સર્વ રાતોમાં લૈલતુલ્ કદ્રને ફઝીલત અતા કરી છે.

કહેવામાં આવ્યું છે કે જુમ્આના દિવસે હશ્રાતુલ અર્દ (કીડા, મકોડા, સાપ વગેરે) અને પક્ષીઓ એકબીજાને મળે છે અને કહે છે કે આ નેક દિવસમાં સલામતી હજો ! સલામતી હજો !

નબી અકરમ صلی اللہ علیہ وسلم ફર્માવે છે કે **જે શખ્સ જુમ્આના દિવસે અને જુમ્આની રાત્રે મરી ગયો તેના માટે અલ્લાહ તઆલા સો શહીદોનો સવાબ લખે છે અને તેને કબ્રના ફિત્નાથી બચાવી લે છે.** *(હિલ્યતુલ અવલિયા, ૩/૧૮૧)*

*(પ્રકરણ : ૯૪)*

## પતિ પર પત્નીના હક્કો

પત્નીઓના પતિઓ પર ઘણાયે હક્કો છે, એમાંથી એક એ પણ છે કે તે તેણીની સાથે સુવર્તાવથી વર્તે. તેણીની અકલી કમજોરીને ધ્યાનમાં લઈને તેની સાથે મહેરબાનીથી વર્તે અને તેના દુઃખ દર્દને દૂર કરે. અને અલ્લાહ તઆલાએ તેણીઓના હક્કોની અઝમતમાં ફર્માવ્યું છે :–

وَاَخَذْنَ مِنْكُمْ مِّيْثَاقًا غَلِيْظًا "અને લીધો છે તેમણે તારી પાસેથી મજબૂત વાયદો (કૌલ)." *(સૂ. નિસાઅ, આ. : ૧૯, પારા : ૪)*

અને વધુમાં ફર્માવ્યું કે, "અને પડખાના સાથી પર." *(આ. : ૨૧)* કહેવામાં આવ્યું છે કે આ સાથીથી મકસદ ઔરત છે.

હુઝૂર صلی اللہ علیہ وسلم એ આ ત્રણ વાતોની તે સમયે વસિય્યત ફર્માવી જ્યારે કે

આપની ઝબાને અકદસ વિસાલ શરીફના સમયે લડખડાઈ રહી હતી અને કલામે પાક મંદ (ધીમુ) પડતુ જઈ રહ્યું હતું. આપે ફર્માવ્યું, નમાઝ, નમાઝ અને તે તમારા હાથે જેના માલિક થયા તેમને તે તકલીફ ન આપો જેને વેઠવાની તેઓ તાકાત નથી ધરાવતા, **ઔરતોની બાબતે અલ્લાહ તઆલાથી ડરો ! અલ્લાહથી ડરો !** તેણીઓ તમારા હાથોમાં કૈદ છે. એટલે તેણીઓ એવી કૈદ છે જેને તમે અલ્લાહ તઆલાની અમાનતના રૂપે લીધેલ છે અને અલ્લાહના કલામથી તેમની શર્મગાહો તમારા માટે હલાલ કરી દેવામાં આવી છે. *(સુનને ઈબ્ને માજહ, ૨/૧૯૩, મુસ્નદે અહમદ બિન હંબલ, ૭/૪૧૨)*

હુઝૂર ﷺનો ઈર્શાદ છે કે, **જે શખ્સે પોતાની પત્નીની કુટેવો પર સબ્ર કરી તેને અલ્લાહ તઆલા તે મુસીબત પર હઝરત ઐયૂબ علیہ السلامના સબ્રના બદલા બરાબર બદલો આપશે.** અને **જે સ્ત્રીએ પતિની કુટેવો (બદ્‌મિજાઝી) પર સબ્ર કરી તો અલ્લાહ તઆલા તેણીને ફિરઔનની પત્ની આસિયહ્‌ના સવાબના જેવો સવાબ અતા ફર્માવશે.** *(અહયાઉલ ઉલૂમ, ૨/૪૧)*

પત્ની સાથે સદ્‌વર્તાવ એ નથી કે તેણીની તકલીફને દૂર કરવામાં આવે બલ્કે દરેક એવી ચીજને તેણીથી દૂર કરવાનું પણ સામેલ છે જેનાથી તકલીફ પહોંચવાનો ખતરો હોય અને **તેણીના ગુસ્સા તથા નારાજગીના સમયે સહનશક્તિ પ્રદર્શિત કરવી.** અને આ મામલામાં હુઝૂર ﷺના ઉત્તમ નમૂનાને નજરો સમક્ષ રાખવો. હુઝૂર ﷺની અમુક પાક પત્નીઓ આપની વાતને (કુદરતના તકાઝા હેઠળ) (જાહેરી રીતે) ન પણ માનતી અને તેમાંથી કોઈક રાત સુધી વાત ન કર્યા કરતી હતી પણ આપ તેમના સાથે સદ્‌વર્તાવથી જ પેશ આવતા હતા.

એકવાર હઝરત ઉમર رضی اللہ عنہની પત્નીએ આપની વાતને ન માની તો આપે ફર્માવ્યું કે, હે લોંડી ! તું મારા સામે થઈને વાત કરે છે ?! તેમણે કહ્યું, હુઝૂર ﷺની પાક બીવીઓ તેમને કાંઈક કહી લીધા કરતી હતી ! જ્યારે કે તે તો તમારાથી બેહતર હતા ! હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું,

હફ્સહ્ નુકસાનમાં પડી જો તેણે હુઝૂર ﷺની વાત રદ કરી દીધી. પછી આપે હઝરત હફ્સહ્ને ફર્માવ્યું, ઈબ્ને અબી કહાફા (હઝરત સિદ્દીક)ની બેટી પર ગૈરત ન કરતી ! કેમ કે તે તો હુઝૂર ﷺની મહબૂબા છે અને પછી આપે તેમને હુઝૂર ﷺની વાતને રદ કરવાથી ડરાવ્યાં. *(બુખારી, ૨/૭૮૧, ૭૩૦, બુખારી, મઝાલિમ, ૧/૩૩૪)*

રિવાયત છે કે તે પાક બીવીઓમાંથી કોઈએ હુઝૂર ﷺના સીના મુબારક પર હાથ મૂકીને આપને પાછા હટાવ્યા, તો તે પાક બીવીની વાલિદાએ તેમને ધમકાવ્યાં. હુઝૂર ﷺએ તેમની માંની વાત સાંભળીને ફર્માવ્યું કે તેમને દરગુઝર કરો, એ તો અથીયે કાંઈ વધારે કરે છે ! *(અખ્રજહુ ત્તિબરાની ફિલ્અવસાત, અહયાઉલ ઉલૂમ, ૨/૪૧)*

એકવાર હઝરત આઈશા رضی اللہ عنہا અને હુઝૂર ﷺની વચ્ચે કાંઈક વાત બની ગઈ ત્યાં સુધી કે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ દાખલ થયા અને તેમને ફૈસલ બનાવવામાં આવ્યા. જ્યારે તેમણે વાત સાંભળવા ચાહી તો હુઝૂર ﷺએ હઝરત આઈશા رضی اللہ عنہاને ફર્માવ્યું, તું વાત કરીશ કે હું ? હઝરત આઈશા બોલ્યાં કે, વાત તમે જ કરો પણ દુરુસ્ત ! આ સાંભળીને હઝરત અબૂબક્ર સિદ્દીકે તેમના મોઢા પર એવો તમાચો માર્યો કે તેમના મોઢેથી લોહી વહેવા લાગ્યું ! અને આપે કહ્યું, હે પોતાના જાનની દુશ્મન ! શું હુઝૂર ﷺ નાહક્ક વાત કહેશે ?! હઝરત આઈશા رضی اللہ عنہاએ હુઝૂર ﷺની પનાહ માંગી અને આપની પીઠ મુબારક પાછળ બેસી ગયાં. હુઝૂર ﷺએ હઝરત અબૂબક્ર رضی اللہ عنہને ફર્માવ્યું કે અમે તમને આટલા માટે ન બોલાવ્યા હતા અને ન તો આવો અમારો ઈરાદો હતો કે અમે તમારી પાસેથી આવી વાત ચાહીએ.

એકવાર હઝરત આઈશા رضی اللہ عنہاકોઈક વાતમાં હુઝૂર ﷺથી ખફા થઈ ગયાં અને કહ્યું કે શું તમે તે જ છે જે સમજે છે કે હું અલ્લાહનો નબી છું ?! આપ આ વાત સાંભળીને મુસ્કુરાઈ પડયા, સંયમ અને રહમના કારણે વાત સહન કરી ગયા. *(અખ્રજહુ અબૂયઅ્લા ફી મુસ્નદહુ વ અબુશ્શયખ, ફિલ્કિતાબિલ્ઈલ્મિષાલ મિન હદીષે આઈશા)*

હુઝૂર ﷺ હઝરત આઈશા رضی اللہ عنہاને ફર્માવ્યા કરતા કે હું તમારી

નારાજગી અને ખુશી ઓળખુ છું. હઝરત આઈશા رضی اللہ عنہاએ અર્ઝ કરી, હુઝૂર ! તે કેવી રીતે ? આપે ફર્માવ્યું, જ્યારે તમે રાજી હોઉ છો તો કહો મુહમ્મદના રબની કસમ ! (ﷺ) હઝરત આઈશા رضی اللہ عنہاએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપે સાચુ ફર્માવ્યું, હું કેવળ તમારું નામ જ છોડુ છું ! *(સહીહ બુખારી, ૨/૮૯૭)*

એ પણ કહેવામાં આવ્યું છે કે ઈસ્લામમાં સૌ પ્રથમ મહોબ્બત હુઝૂર ﷺની હઝરત આઈશા رضی اللہ عنہاસાથેની મહોબ્બત હતી. અને હુઝૂર ﷺ હઝરત આઈશા رضی اللہ عنہاને ફર્માવ્યા કરતા હતા કે હું તમારા માટે એવો છું જેવા અબૂ ઝરઅહ્ ઉમ્મે ઝરઅહ્ માટે હતા, પણ હું તમને તલાક આપીશ નહીં ! અને આપ આપની પાક બીવીઓને એ પણ ફર્માવતા કે આઈશાના બારામાં તકલીફ ન આપો, ખુદાની કસમ ! એના સિવાય તમારામાંથી કોઈના પણ બિસ્તર પર મારા પર વહી નાઝિલ નથી થતી. *(બુખારી, ૧/૫૩૨, તિર્મિઝી, ૨/૨૨૬, મુસ્નદે અહમદ બિન હંબલ, ૭/૩૧૬, અહયાઉલ ઉલૂમ, ૨/૪૨)*

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺ ઔરતો અને બાળકો ઉપર સૌ લોકો કરતાં અધિક મહેરબાન હતા. *(મુસ્લિમ, ૨/૨૫૪, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૫૫૪)*

દરેક ઈન્સાનના માટે મુનાસિબ એ છે કે તે ખુશમિજાઝ અને હસતે ચહેરે પોતાની ઔરતોથી તેમની તકલીફોને દૂર કરે, કેમ કે એ ચીજોથી ઔરતોનાં દિલ ખુશ થતાં રહે છે.

હુઝૂર ﷺ પોતાની પાક બીવીઓ સાથે ગમ્મત પણ કર્યા કરતા હતા અને તેમની સાથે તેમની બુદ્ધિ અનુસાર વાણી તથા વર્તન રજૂ કરતા રહેતા એટલે સુધી કે હુઝૂર ﷺ હઝરત આઈશા رضی اللہ عنہا સાથે દોડવામાં હરિફાઈ કરતા. ક્યારેક હઝરત આઈશા આપનાથી આગળ નીકળી જતાં અને ક્યારેક આપ આગળ થઈ જતા અને ફર્માવતા કે આ તે દિવસનો બદલો છે ! *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૭/૩૭૭, હદીષ, ૨૫૭૪૫)*

હદીષ શરીફમાં છે કે હુઝૂર ﷺ પોતાની અજવાઝે મુતહ્હરાત (પાક બીવીઓ) સાથે સૌથી વિશેષ ખુશમિજાઝી પ્રદર્શિત કરનારા હતા. *(અલ મોઅજમુસ્સગીર લિત્તબરાની, ૨/૩૯)*

હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે મેં હબ્શી અને બીજા લોકોનો અવાજ સાંભળ્યો જેઓ આશૂરાના દિવસે ખેલી રહ્યા હતા. હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, હે આઈશા ! શું તું તેમનો ખેલ જોવા ઈચ્છે છે ? મેં અર્ઝ કરી, હા ! આપે તેમના તરફ માણસ મોકલ્યો. જ્યારે તેઓ આવી ગયા તો હુઝૂર صلی اللہ علیہ وسلم બે દરવાજાની વચ્ચે ઉભા થઈ ગયા અને પોતાનો હાથ મુબારક દરવાજા પર રાખી દીધો અને હાથ લાંબો કરી લીધો મેં મારી હડપચી આપના હાથ પર જમાવી દીધી. તે લોકો ખેલતા રહ્યા અને હું જોતી રહી. રસૂલે અકરમ صلی اللہ علیہ وسلم મને પૂછતા, બસ ! થઈ ગયું હવે ? હું અર્ઝ કરતી, જરા ઉભા થઈ રહો ! આપે બે કે ત્રણવાર પૂછયું, પછી ફર્માવ્યું, આઈશા ! હવે બસ કરો ! મેં અર્ઝ કરી, સારું ! ત્યારે હુઝૂર صلی اللہ علیہ وسلم એ તેમને ઈશારો ફર્માવ્યો તો તેઓ પાછા ચાલ્યા ગયા. *(અહયાઉલ ઉલૂમ, ૨/૪૨, મુત્તફિક્ અલૈ હ)* અને હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, **મો'મિનોમાં કામિલતરીન ઈમાનવાળો તે છે જેનો સ્વભાવ સારો હોય અને જે પોતાનાં ઘરવાળાંઓ પર અતિશય મહેરબાન હોય.** *(સુનને તિર્મિઝી, ૧/૨૧૯, ૨/૮૯, દારમી રિક઼ાક, ૨/૨૫૪, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૪૯૩, સહીહ ઈબ્ને હબ્બાન, ૧/૪૨૭)*

નબી અકરમ صلی اللہ علیہ وسلم નો ઈર્શાદ છે : **તમારામાંથી બેહતર તે છે જે પોતાની ઔરતો સાથે બેહતર છે,** અને હું મારી પાક બીવીઓ સાથે તમારા સૌ કરતાં બેહતર સુલૂક કરવાવાળો છું. *(સુનને ઈબ્ને માજહ, ૧/૧૪૨)*

હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે ગુસ્સો હોવા છતાં માણસના માટે મુનાસિબ કે તે પોતાનાં ઘરવાળાંઓની સાથે બાળક જેવો હોય અને જ્યારે ઘરવાળાં તેની પાસે કાંઈક માંગણી કરે જે તેની પાસે મૌજૂદ હોય તેઓ તેને મર્દ પામે. (એટલે કે તે માંગેલી ચીજ આપવામાં કંજૂસી ન કરે.)

જનાબ લુકમાને ફર્માવ્યું, બુદ્ધિશાળી માટે મુનાસિબ છે કે તે પોતાનાં ઘરવાળાંઓ સાથે બાળકની જેમ રહે અને જ્યારે કૌમમાં હોય તો જવાનોની જેમ રહે.

આ હદીષની તફસીરમાં જેમાં હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું છે કે **અલ્લાહ તઆલા દરેક તુંડમિજાઝી સખ્ત દિલવાળાને નાપસંદ કરે છે.** કહેવામાં આવ્યું છે કે એનાથી મુરાદ પોતાનાં ઘરવાળાંઓ સાથે સખ્તી

કરનાર અને આપ બડાઈમાં ડૂબેલો રહેનાર છે. અને તે એ જ અર્થોમાંથી એક અર્થ છે જે ફર્માને ઈલાહી "ઉતુલિન્"ની તફસીરમાં કહેવામાં આવ્યું છે કે એનાથી મુરાદ બદ્મિજાઝ, ઝબાન દરાઝ, પોતાનાં ઘરવાળાંઓ સાથે કડકાઈથી વર્તનાર છે. *(સહીહ બુખારી, ૨/૮૯૭, મુસ્લિમ, ૧/૨૮૨, તિર્મિઝી, ૨/૮૮, ઈબ્ને માજહ, ૨/૩૦૩, કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૪)*

હુઝૂર ﷺએ હઝરત જાબિર رضی اللہ عنہને ફર્માવ્યું કે તમે બાકિરા (ઓછી વયની કુંવારી છોકરી) સાથે શાદી કેમ ન કરી ? તેણી તમારી સાથે ખેલતી અને તમે તેણીની ગમ્મત કરતે. *(બુખારી, ૨/૭૬૦, મુસ્લિમ, ૧/૨૭૪, નિસાઈ, ૨/૭૦, દારમી, ૨/૧૨૨, ઈબ્ને માજહ, ૧/૧૩૪, અબૂ દાઊદ, ૧/૨૮૦, મુસ્નદે અહમદ બિન હંબલ, ૪/૨૪૩)*

એક ગામડિયણે પોતાના મૃત્યુ પામેલા પતિની આ શબ્દોમાં પ્રશંસા કરી, બખુદા ! તે જ્યારે ઘરમાં પ્રવેશતો તો સદા હસતો રહેતો, જ્યારે તે બહાર નીકળતો તો ચુપ રહેતો. જે કાંઈ મળતુ ખાઈ લેતો અને જે કાંઈ હાજર ન હોય તેના વિશે સવાલ ન કરતો.

**ઈન્સાનના માટે એ પણ જરૂરી છે કે તે હસમુખાપણામાં, સદ્વર્તાવમાં અને તેણીની ખ્વાહિશો પૂરી કરવામાં એટલી હદે ન વધી જાય કે તેણીની આદતો બગડી જાય અને તેના દિલથી મર્દની ધાક તદ્દન જતી રહે.** સંપૂર્ણ દરેક મામલામાં મધ્યમાર્ગી રહે અને પોતાનો પ્રભાવ તથા રુઆબ સંપૂર્ણ પણે ખત્મ ન કરે. મર્દ પર લાઝિમ છે કે તેણીની કોઈ અયોગ્ય વાત ન સાંભળે અને તેણીને બુરાં કામોમાં રસ લેવા ન દે બલ્કે **જ્યારે પણ શરીઅત તથા મુરવ્વતના વિરૂઘ્ધ ચાલતી જુએ તો તેને ધમકાવે અને તેને સીધા માર્ગે લાવે.**

આદમી એવો ન બને કે તેની ઔરતની નફ્સાની ખ્વાહિશો તેને જહન્નમમાં ઊંધો નાખે. ઔરતોની વિરૂઘ્ધ કરો કેમ કે તેમના વિરુધ્ધમાં બરકત છે. અને એ પણ કહેવામાં આવ્યું છે કે તેણીઓ સાથે મશવરો કરો અને એની વિરૂઘ્ધ કરો.

હુઝૂર ﷺએ ફર્માવ્યું, **"ઔરતનો ગુલામ બર્બાદ થયો."** *(સુનને બયહક઼ી, ૧/૪૧૪, કન્ઝુલ ઉમ્માલ, ૩/૨૦૨)* અને આ આપે એટલા માટે ફર્માવ્યું

કે મર્દ જ્યારે ઔરતની નફ્સાની ખ્વાહિશોનું અનુસરણ કરે છે તો તે તેણીનો ગુલામ અને બંદો બની જાય છે, કેમ કે અલ્લાહ તઆલાએ તેને ઔરતનો માલિક બનાવ્યો પણ તેણે પોતાને ઔરતનો માલિક બનાવી દીધો, જાણે કે તેણે ઉલ્ટુ કામ કર્યું અને ખુદાઈ ફેંસલાની વિરૂધ્ધ શૈતાનની ઈતાઅત કરી. જેમ કે રબ તઆલાએ ફર્માવ્યું, "અને અલ્બત્ત, હુકમ કરીશ તેમને પછી ફેરવી દેશે ખુદાની પેદાઈશને." અને મર્દનો હક્ક એ છે કે તે તાબેદાર બને તાબામાં રહેનાર ન બને. જેમ કે અલ્લાહ તઆલાએ મર્દોને એ નામ આપ્યું છે કે : اَلرِّجَالُ قَوَّامُوْنَ عَلَى النِّسَآءِ "મર્દ ઔરતો પર હાકિમ છે." *(સૂ. નિસાઅ, આ. : ૧૧૯)*

અને પતિને સરદારનું નામ આપવામાં આવ્યું છે, જેમ કે ફર્માને ઈલાહી છે : وَاَلْفَيَا سَيِّدَهَا لَدَى الْبَابِ "તે બંનેએ તેના સરદાર (પતિ)ને દરવાજાની પાસે જોયો." *(સૂ. યૂસુફ, આ. : ૨૫, પારા : ૧૨)* અને જ્યારે સરદાર ફર્માનના તાબે થઈ જાય તો જાણે કે તેણે અલ્લાહની નેઅમતનો ઈન્કાર કર્યો છે.

**સ્ત્રીનો નફ્સ પણ તારા નફ્સની જેમ છે, જો તું તેને મામૂલી સરખી પણ ઢીલ આપી દઈશ તો તે ઘણી વધારે નાફર્માન બની જાય છે. જો તું તેને ભરપુર ઢીલ આપી દઈશ તો તે તદ્દન તારા હાથથી નીકળી જશે.**

ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ નો કૌલ છે કે ત્રણ હસ્તીઓ એવી છે કે જો તું તેમની ઈજ્જત કરીશ તો તે તને ઝલીલ કરશે અને જો તું તેમની તૌહીન કરીશ તો તે તારી ઈજ્જત કરશે, ઔરત, ખાદિમ અને ઘોડો. તેમનો મકસદ એ છે કે જો તેં તેમની સાથે ફક્ત નરમીનો જ વર્તાવ કર્યો અને સખ્તી ન વર્તી અને મહેરબાનીમાં ધમકીને ન મિલાવી તો એ તને નુકસાન આપશે.

(પ્રકરણ : ૯૫)

# પત્નીના સાથે પતિના હક્કો

નિકાહ ઈતાઅત (ફર્માંબરદારી)નો એક પ્રકાર છે, જેથી પત્ની પતિની આજ્ઞાપાલક છે અને તેણી પર લાઝિમ છે કે પતિ તેણી પાસે જે કાંઈ માંગે તે તેની આજ્ઞાનું પાલન કરે, શરત એ કે તેને અલ્લાહ તઆલાની નાફર્માનીનો હુકમ ન આપે. પત્ની પર પતિના હક્કોના વિશે ઘણી હદીષો આવેલી છે. ઈર્શાદે નબવી છે કે, **"જે ઔરત એ હાલતમાં મરે કે તેનો પતિ તેનાથી રાજી હોય તે જન્નતમાં જશે."** *(સુનને ઈબ્ને માજહ, ૧/૧૩૩, તિર્મિઝી, ૧/૨૧૯, મોઅજમે કબીર લિત્તબરાની, ૨૩/૩૭૪, અલમુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૧૯૧, અત્તરગીબ વત્તરહીબ, ૩/૩૩)*

એક શખ્સ મુસાફરી માટે રવાના થયો અને તેણે પોતાની પત્નીથી વચન લીધું કે તે ઉપરથી નીચે નહીં ઉતરે. તેનો બાપ નીચે રહેતો હતો તે બીમાર થઈ ગયો. તો તે ઔરતે હુઝૂર ﷺની ખિદમતમાં માણસ મોકલીને બાપની પાસે જવાની ઈજાઝત માંગી. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે તારા ખાવિંદ (પતિ)ની ફર્માંબરદારી કર ! પછી તે મૃત્યુ પામ્યો અને તે ઔરતે ફરી ઈજાઝત માંગી તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, તારા પતિની આજ્ઞાપાલન કર ! તેના બાપને દફનાવી દેવામાં આવ્યો. અને હુઝૂર ﷺ એ ખબર આપી કે તેણીના પતિના આજ્ઞાપાલનને કારણે તેણીના બાપને બખ્શી દેવામાં આવ્યો છે. *(અહયાઉલ ઉલૂમ : ૩/૫૪)*

નબી કરીમ ﷺનું ફર્માન છે કે જ્યારે ઔરતે પાંચ નમાઝો પઢી, માહે રમઝાનના રોઝા રાખ્યા, પોતાના ચારિત્ર્યની રક્ષા કરી અને પોતાના પતિના આજ્ઞાપાલનને ઈસ્લામની બુનિયાદોમાં સામેલ કર્યું. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૩૧૩, અત્તરગીબ વત્તરહીબ, ૩/૩૪, કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૪૦૬, હિલ્યતુલ અવલિયા, ૬/૩૩૬, અલ્કામિલ ફી દુઅફાઈર્રિજાલ, ૪/૧૧૫)*

હુઝૂર ﷺની ખિદમતમાં ઔરતોની ચર્ચા ચાલી તો આપે ફર્માવ્યું, સગર્ભા, બાળજન્મ આપનારી તથા દૂધ પીવડાવનારી, પોતાની ઔલાદો પર મહેરબાની કરનારી ઔરતો જો પોતાના પતિની નાફર્માની ન કરે તો

તેમનામાં જે નમાઝ પઢનારી છે તે તેણીઓ જન્નતમાં દાખલ થશે. *(સુનને ઈબ્ને માજહ, ૧/૧૪૫, મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૩૪૪, કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૪૦૭, મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક, ૧૦/૩૭૦, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૮/૨૫૨)*

રસૂલે અકરમ ﷺનો ઈર્શાદ છે કે મેં જહન્નમને જોઈ તેમાં રહેનારી મોટા ભાગે ઔરતો હતી. તો સ્ત્રીઓમાંથી અમુકે કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ શાના કારણે ? આપે ફર્માવ્યું, પુષ્કળ લઅનત કરે છે અને પતિની નાફર્માની કરે છે. એટલે કે જે તેમને જિંદગી ગુઝારવામાં સહાય આપે છે તેનો શુક્ર કરવાને બદલે નાશુક્રી કરે છે. *(સહીહ બુખારી, ૨/૭૮૩, તિર્મિઝી, ૨/૮૭, મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૩૮૮, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૨/૧૨૬)*

બીજી હદીષમાં આવ્યું છે કે, **મેં જન્નતને જોઈ તેમાં સૌથી ઓછી ઔરતો છે.** મેં કહ્યું, ઔરતો ક્યાં છે ? જિબ્રઈલે કહ્યું, તેમને બે લાલ ચીજોએ મશ્ગૂલ કરી દીધી છે સોના અને ગુફરાને, એટલે કે **ઘરેણાં અને રંગીન કપડાંઓએ.** *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૬૦૪)*

હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે કે હુઝૂર ﷺની ખિદમતમાં એક યુવાન ઔરતે આવીને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું યુવાન સ્ત્રી છું મને નિકાહના પૈગામ આવે છે પણ હું શાદીને મકરૂહ સમજુ છું ! તમે બતાવો કે પત્ની ઉપર પતિનો શો હક્ક છે ? આપે ફર્માવ્યું, જો પતિની ચોટીથી એડી સુધી (માથાથી પગ સુધી) પરુ હોય અને તેણી તેને ચાટે તો પણ પતિનો હક્ક અદા કરી શકશે નહીં. તો તેણીએ પૂછયું કે હું શાદી ન કરું ? આપે ફર્માવ્યું કે, તમે શાદી કરો કેમ કે એમાં ભલાઈ છે. *(અત્તરગીબ વત્તરહીબ, ૩/૩૪,૩૫, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૬૩૩)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે બનૂ ખષ્અમની એક સ્ત્રી હુઝૂર ﷺની ખિદમતમાં આવી અને કહ્યું, હું અપરિણત સ્ત્રી છું અને શાદી કરવા ચાહુ છું તો પતિના શું હક્કો છે ? આપે ફર્માવ્યું, પત્ની પર પતિનો એ હક્ક છે કે જ્યારે તે તેણીનો ઈરાદો કરે છે અને તે ઈરાદાના સમયે તેણી ઊંટની પીઠ પર હોય તો પણ તેને ન રોકે. પતિનો એ પણ હક્ક છે કે પત્ની તેના ઘરથી તેની ઈજાઝત વિના કોઈ ચીજ ન

આપે, જો તેણીએ રજા વિના કાંઈ આપી દીધું તો ગુનેહગાર થશે અને પતિને સવાબ મળશે. પત્ની ઉપર એ પણ હક્ક છે કે પતિની રજા વિના નફલી રોઝા ન રાખે, જો તેણીએ એવું કર્યું તો તેણી ભૂખી તરસી રહી અને તેણીનો રોઝો કબૂલ નહીં થાય. અને ઘરેથી પતિની ઈજાઝત વિના બહાર નીકળી તો જ્યાં સુધી તે પાછી ન ફરી જાય અથવા તૌબા ન કરે ત્યાં સુધી ફરિશ્તા તેણીની ઉપર લઅનત કરતા રહે છે. *(અત્તરગીબ વત્તરહીબ, ૩/૩૭)*

## ★ પતિનો મર્તબો ★

હુઝૂર ﷺ ફર્માવે છે કે જો **હું કોઈને કોઈના માટે સિજદાનો હુકમ આપત તો ઔરતને હુકમ આપત કે તેણી પોતાના પતિને સિજદો કરે, કેમ કે પતિના પત્ની ઉપર ઘણા હક્કો છે.** *(અબૂ દાઊદ, ૧/૨૯૧, ઈબ્ને માજહ, ૧/૧૩૩, તિર્મિઝી, ૧/૨૧૯, મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૫૧૫, અત્તરગીબ વત્તરહીબ, ૩/૩૬)*

ફર્માને નબવી છે, **ઔરત તે સમયે અલ્લાહ તઆલાથી અધિક નજીક થાય છે જ્યારે તેણી ઘરની અંદર હોય, અને ઔરતનું ઘરના વરંડામાં નમાઝ પઢવું. મસ્જિદમાં નમાઝ પઢવાથી અફઝલ છે અને ઘરની અંદરવાળા ઘરમાં (અંદરના કમરામાં) તેની નમાઝ ઘરમાં નમાઝ કરતાં અફઝલ છે.** આવું આપણે અધિક પર્દાનશીની માટે ફર્માવ્યું. *(સુનને અબૂ દાઊદ, ૧/૮૪, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૯/૨૯૫)* એટલા માટે ફર્માને નબવી છે કે ઔરત સરાસર નગ્નતા છે, જ્યારે તેણી નીકળે છે તો શૈતાન તેને ઝાંકે છે. *(તિર્મિઝી, ૧/૨૨૨, કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૩૯૮, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૦/૧૦૮)* વધુમાં ફર્માવ્યું કે, સ્ત્રી માટે દસ નગ્નતાઓ છે, જ્યારે તે શાદી કરે છે તો શૌહર (પતિ) એક નગ્નતાને ઢાંકી લે છે અને જ્યારે તેણી મૃત્યુ પામે છે તો કબ્ર તેની તમામ નગ્નતાઓ છુપાવી લે છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૪૦૮, અલ્કામિલિ ફી દુઅફાઈર્રિજાલ, ૩/૪૩૨)*

ઔરત પર પતિના ઘણા હક્કો છે તેમાંથી બે વાતો મહત્વની છે : તેમાંથી એક નિગેહબાની અને પર્દો છે. બીજી એ કે જરૂરત વિના અન્ય ચીજોની માંગણી ન કરવી અને મર્દની હરામની કમાઈ પ્રાપ્ત કરેલ રોજીથી

પરહેઝ કરવું. ભૂતકાળમાં ઔરતોનો આવો જ કિરદાર હતો. જેથી આદમી જ્યારે ઘરથી બહાર નીકળતો તો તો તેની પત્ની કે પુત્રી તેને કહેતી કે, **"હરામની કમાઈથી બચશો ! કેમ કે અમે દુ:ખ, તકલીફ અને ભૂખ વેઠી શકીએ છીએ પણ જહન્નમની આગ સહન કરી શકીશું નહીં."**

ભૂતકાળના લોકોમાંથી એક માણસે સફરનો ઈરાદો કર્યો તો તેના પડોશીઓએ તેના સફરમાં જવાને સારું ન જાણ્યું અને તેમણે તેની પત્નીને કહ્યું, તું તેના સફરમાં જવા બાબતે કેવી રાજી થઈ ! જ્યારે કે તેણે તારા માટે ખર્ચ વગેરે છોડયો નથી ? તો ઔરતે કહ્યું, મારો પતિ કે જ્યારથી હું એને જાણુ છું તેને ખૂબ ખાવાવાળો જોયો છે, રોજી આપવાવાળો નથી જોયો ! મારો રબ રઝ્ઝાક છે. ખાનારો જતો રહેશે અને રિઝ્ક આપવાવાળો બાકી રહેશે.

મોહતરમા રાબિઆ બિન્તે ઈસ્માઈલે હઝરત અહમદ ઈબ્ને અબી હવારીને નિકાહનો પૈગામ આપ્યો પણ તેમણે પોતાની ઈબાદત ગુઝારીના કારણે શાદી ન કરી અને તેમને જવાબમાં કહ્યું, બખુદા ! ઈબાદતની મશ્ગૂલિયતના કારણે મને ઔરતો પ્રતિ મહોબ્બતને આકર્ષણ નથી રહ્યું. રાબિઆએ કહ્યું કે હું તમને તમારી મશગૂલિયતથી હટાવવા અને ખ્વાહિશાતની પરિપૂર્ણતાના માટે નિકાહનો પૈગામ નથી આપી રહી, બલ્કે મેં મારા માજી પતિના વારસામાંથી પુષ્કળ માલ મેળવ્યો છે તો હું ચાહુ છું કે તે માલ આપના નેક ભાઈઓ પાછળ ખર્ચ કરું અને આપના સબબે મને આપના ભાઈઓની ભાળ મળી જાય અને હું નેક લોકોની ખિદમત કરીને અલ્લાહની રાહ મેળવી લઈશ.

જનાબ અહમદ رحمۃ اللہ علیہ એ કહ્યું, હું મારા પીરથી રજા મેળવી લઉં. જેથી આપ શૈખ હઝરત અબૂ સુલૈમાન દારાની رحمۃ اللہ علیہ ની ખિદમતમાં આવ્યા. કહે છે કે જનાબ અબૂ સુલૈમાન પોતાના મુરીદોને શાદીથી મના કર્યા કરતા હતા અને કહેતા હતા કે અમારા સાથીઓમાંથી જેણે પણ શાદી કરી છે તેની હાલત બગડી છે. જ્યારે તેમણે રાબિઆની વાતો સાંભળી તો મને ફર્માવ્યું, તેણી સાથે નિકાહ કરી લો કેમ કે તેણી વલિય્યહ્ છે. બખુદા !

આવી વાતો સિદ્દીકોની હોય છે. જનાબ અહમદ رحمۃاللہ علیہ કહે છે કે મેં રાબિઆ સાથે નિકાહ કરી લીધા. અમારા ઘરમાં માટીનું કેવળ એક કુંડુ હતું જે ખાણુ ખાધા પછી જલ્દીથી હાથ ધોઈને બહાર જનારાઓના કારણે તૂટી ગયું. અશ્નાન (એક બોટી જે સાબુનુ કામ આપ છે)થી હાથ ધોનાર એના સિવાય રહેતાં હતાં. જનાબ અહમદ કહે છે કે મેં ત્યાર બાદ ત્રણ અન્ય ઔરતો સાથે નિકાહ કર્યા. રાબિઆ મને ખૂબ ખવડાવતી અને ખુશ્બુઓ વગેરે લગાડતી અને કહ્યા કરતી કે તમારી ખુશી અને કુવ્વતની સાથે તમારી બીવીઓ પાસે જાવ ! અને આ રાબિઆ એમાં એવી રીતે પ્રખ્યાત હતી જેવી રીતે બસરામાં રાબિઆ અદવિય્યહ્ પ્રખ્યાત હતી.

પત્ની માટે એ પણ જરૂરી છે કે તે પતિના માલને વેડફે નહીં બલ્કે તેની હિફાઝત કરે. ફર્માને નબવી છે, ઔરતના માટે હલાલ નથી કે પતિના ઘરેથી તેની રજા વિના કાંઈ ખાય, હા ! ખાવા ખાઈ શકે છે જેને ખરાબ થવાનો ભય હોય. જો પત્ની પતિની રઝામંદીથી ખાશે તો તેને પતિના બરાબર સવાબ મળશે, નહીં તો પતિની રજા વિના કાંઈ ખાશે તો પતિને સવાબ મળશે પણ પત્નીને ગુનોહ થશે. *(સુનને બયહકી, ૪/૩૨૪, ૩૨૫, અખ્રજહુ અબૂ દાઊદ અલ્તયાલ્સી)*

મા બાપો પર હક્ક છે કે તેઓ છોકરીની ઉચ્ચ કેળવણી કરે, તેણીને તા'લીમ આપે જેનાથી તે ઉમદા રહેણી કરણી અને પતિ સાથે બેહતર વર્તાવના નિયમો શીખી લે. જેમ કે રિવાયત છે કે અસ્મા બિન્તે ખારિજહ્ ફઝારીએ પોતાની પુત્રીની શાદીના સમયે તેણીને કહ્યું, હવે તું એ નશૈમનથી નીકળી રહી છે જે તારું રહેઠાણ હતું. હવે તું એવા બિસ્તર પર જઈ રહી છે જેની સાથે તેં કદાપિ ઉલ્ફત નથી કરી. તું એની જમીન બની જા તે તારો આસ્માન બનશે, તું તેનું બિછાનું બની જા તે તારી ઈમારત બની જશે, તું તેની બાંદી બની જા તે તારો ખાદિમ બનશે, તેનાથી અળગી ન રહેતી નહીં તો તે તારાથી દૂર થઈ જશે, તેનાથી દૂર ન રહેતી નહીં તો તે તને ભૂલી જશે, જો તે તારો સહવાસ ચાહે તો તેની નજીક થઈ જા, જો તે તારાથી દૂર થવા ચાહે તો તું પણ દૂર થઈ જા, તેના નાક, કાન અને આંખની હિફાઝત કરજે જેથી તે તારાથી ઉમદા ખુશ્બુ સિવાય અન્ય કાંઈ ન સુંઘે, ઉમદા વાત સિવાય અન્ય કાંઈ ન સાંભળે અને તે તને હમેશાં ખૂબસૂરત જ જુએ.

એક શખ્સે કહ્યું, બુખારી તથા મુસ્લિમમાં છે, હઝરત મૈમૂના رضی اللہ عنہا થી મરવી છે. તેમણે હુઝૂર ﷺની રજા લીધા વિના ગુલામ છોકરીને આઝાદ કરી દીધી. જ્યારે હુઝૂર ﷺ તેમની વારી પર તેમની પાસે તશરીફ લાવ્યા તો તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તમને ખબર છે કે મેં આપણી લોંડી આઝાદ કરી દીધી ? ઈર્શાદ ફર્માવ્યો કે શું તેં આઝાદ કરી દીધી ! અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, જો તું ભાઈ બહેનોને આપી દેત તો તને વધારે સવાબ મળતે.

*(પ્રકરણ : ૯૬)*

## જેહાદની ફઝીલત

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

**اِنَّمَا الْمومنون الذين اٰمَنُوْ بِاللّٰهِ وَرَسُوْلِهٖ ثُمَّ لَمْ يَرْتَابُوْا وَجٰهد و بِاَمْوٰلِهِم وانْفُسِهِمْ فِیْ سَبِيْلِ اللّٰهِؕ اُولٰئِكَ هُمُ الصّٰدِقُوْن۔**

**તર્જુમો** : "બેશક ! મો'મિન તે જ લોકો છે જેઓ અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લાવ્યા અને પોતાના માલો અને જાનો સાથે અલ્લાહની રાહમાં જેહાદ કર્યો. આ જ લોકો સાચા છે." *(સૂ. હુજુરાત, આ. : ૧૫, પારા : ૨૬)*

હઝરત નોઅ્માન ઈબ્ને બશીર رضی اللہ عنہ નું કહેવું છે કે હું મિમ્બરે રસૂલની નજીક હતો. એવામાં એક માણસને એ કહેતાં સાંભળ્યો કે મને ઈસ્લામ પછી હવે કોઈ અમલની તમન્ના નથી પણ એ કે હું હાજીઓને પાણી પીવડાવું. બીજાએ કહ્યું કે મને ઈસ્લામ લાવ્યા બાદ બૈતુલ્લાહની ખિદમત સિવાય કોઈ અન્ય અમલની તમન્ના નથી. એક અન્ય બોલ્યો, તમારાં આ કામો કરતાં જેહાદ અફઝલ છે. હઝરત ઉમર رضی اللہ عنہ એ તેમને તતડાવ્યા કે મિમ્બરે રસૂલની પાસે મોટા અવાજે ન બોલો. તે જુમ્આનો દિવસ હતો. જ્યારે મેં જુમ્આની નમાઝ અદા કરી લીધી તો હું હુઝૂર ﷺની

ખિદમતમાં હાજર થયો અને આ વાતના વિશે પૂછયું જેમાં તેઓ મતભેદ કરી રહ્યા હતા. ત્યારે અલ્લાહ તઆલાએ પોતાનું આ ફર્માન નાઝિલ કર્યું :–

**اَجَعَلْتُمْ سِقَايَةَ الْحَآجِّ وَعِمَارَةَ الْمَسْجِدِ الْحَرَامِ كَمَنْ اٰمَنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَجَاهَدَ فِىْ سَبِيْلِ اللّٰهِ لَا يَسْتَوٗنَ عِنْدَاللّٰهِ وَاللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ الظّٰلِمِيْنَ**

**તર્જુમો :** "શું હાજીઓને પાણી પીવડાવવું અને મસ્જિદે હરામની ખિદમત કરવું એ શખ્સના અમલોની જેમ છે જે અલ્લાહ અને આખેરતના દિવસ પર ઈમાન લાવે છે અને તે રાહે ખુદામાં જેહાદ કરે છે ? આ લોકો અલ્લાહની નજીક સમાન નથી થઈ શકતા. અને અલ્લાહ તઆલા જાલિમોની કૌમને હિદાયત નથી આપતો." *(સૂ. તૌબા, આ. : ૧૯, પારા : ૧૦) (મુસ્લિમ, ૨/૧૩૪, મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૩૩૫)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ رضی اللہ عنہથી રિવાયત છે કે અમે કેટલાક સાથીઓ ભેગા બેઠા હતા. અમે કહ્યું કે જો આપણે જાણતા હોત કે કયો અમલ અફઝલ છે અને અલ્લાહ તઆલાને વિશેષ પસંદ છે તો આપણે તે જ અમલ કરત. એના પર આયતે કરીમા નાઝિલ થઈ :–

**سَبَّحَ لِلّٰهِ مَافِى السَّمٰوٰتِ وَمَافِى الْاَرْضِ وَهُوَا الْعَزِيْزُ الْحَكِيْمُ**

**તર્જુમો** : "અલ્લાહની પાકી બયાન કરે છે જે ચીજ પણ આસ્માનો અને જમીનોમાં છે અને તે ગાલિબ હિકમતવાળો છે."

**يٰاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لِمَ تَقُوْلُوْنَ مَالَا تَفْعَلُوْنَ كَبُرَ مَقْتًا عِنْدَ اللّٰهِ اَنْ تَقُوْلُوْ مَالَا تَفْعَلُوْنَ اِنَّ اللّٰهَ يُحِبُّ الَّذِيْنَ يُقَاتِلُوْنَ فِىْ سَبِيْلِهٖ صَفًّا كَاَنَّهُمْ بُنْيَانٌ مَّرْصُوْصٌ** الاية

**તર્જુમો** : "હે ઈમાનવાળાઓ ! એ વાત શા માટે કહો છો જે નથી કરતા ? અલ્લાહની નજીક એ વાત ખૂબ જ નાપસંદીદા છે કે તમે તે કાંઈ કહો જે નથી કરતા. તેહકીક ! અલ્લાહ તઆલા તે લોકોને મહબૂબ રાખે છે જેઓ તેની રાહમાં સફ બાંધીને લડે છે જેમ કે તેઓ સીસુ પીવડાવેલી દીવાલ છે." *(સૂ. સફ, આ. : ૧–૪, પારા : ૨૮)* અને હુઝૂર صلی اللہ علیہ وسلمએ અમને

આ આયત સંભળાવી. *(સહીહ બુખારી, ૧/૩૯૧, નિસાઈ, ૨/૫૬, અત્તરગીબ વત્તરહીબ, ૨/૧૮૫)*

એક રિવાયતમાં છે કે એક શખ્સે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મને એવો અમલ બતાવો જે જેહાદના સમાન હોય. આપે ફર્માવ્યું, હું કોઈ એવો અમલ જોતો નથી. પછી ફર્માવ્યું, શું તમે એ વાતની તાકાત ધરાવો છો કે જ્યારે મુજાહિદ જેહાદના માટે રવાના થાય તો તમે મસ્જિદમાં દાખલ થઈ જાવ અને હમેશાં ઈબાદતમાં રહો, કદી ગાળો ન પાડો, હમેશાં રોઝામાં રહો ને કદી ઈફતાર ન કરો ?! તેણે કહ્યું, યા રસૂલલ્લાહ ! કોણ છે જે આવી તાકાત ધરાવતો હોય ?!

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺના એક સહાબીને એવી ઘાટીમાંથી પસાર થવાનુ થયું જેમાં મીઠા પાણીનું ઝરણુ હતું. હું લોકોથી ગોશાનશીની અપનાવીને આ ઘાટીમાં ઈબાદત કરીશ અને અહીં જ રહીશ પરંતુ હુઝૂર ﷺની ઈજાઝત વિના એવું કદાપિ કરીશ નહીં. જેથી તેમણે હૂઝૂર ﷺની ખિદમતમાં આવીને આ વાત અર્ઝ કરી તો આપે ફર્માવ્યું, એવું ન કરો કેમ કે **તમારું રાહે ખુદામાં જેહાદના માટે ઉભા રહેવું ઘરમાં સિત્તેર સાલની ઈબાદતથી અફઝલ છે.** શું તમે એ વાતને પસંદ નથી કરતા કે અલ્લાહ તમને બખ્શી આપે અને તમને જન્નતમાં દાખલ કરે ? **રાહે ખુદામાં જેહાદ કરો ! જે શખ્સ ઊંટડીનું દૂધ દોહવાના સમય જેટલો જેહાદ કરે છે તેના માટે જન્નત વાજિબ થઈ જાય છે.** *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૩૨૪)*

જ્યારે હુઝૂર ﷺએ પોતાના સહાબીને ઈબાદતના માટે ગોશાનશીનીની ઈજાઝત ન આપી કે જ્યારે કે તેમનો ઈબાદતનો શોખ સાબિત થઈ ચૂકેલો હતો અને નેકીઓ પ્રતિ તેમનુ આકર્ષણ શંકા રહિત હતું છતાં હુઝૂરે તેમને જેહાદના માટે પ્રોત્સાહિત કર્યા. તો આપણે કે જ્યારે આપણી નેકીઓ ઓછી છે અને ગુનાહ વધારે, આપણે હરામ અને શંકાસ્પદ ખોરાક ખાઈએ છીએ અને આપણા ઈરાદાઓ તથા નિય્યતો બુરી છે તો આપણા માટે જેહાદને તર્ક કરવું (ત્યજવું) કઈ રીતે યોગ્ય થઈ શકે છે !

રસૂલે અકરમ ﷺનો ઈર્શાદ છે કે રાહે ખુદામાં જેહાદ કરનારનું દષ્ટાંત રોઝાદાર, ખુશૂઅ તથા ખુઝૂઅથી ઈબાદત કરવાવાળા, કિયામ કરવાવાળા, રુકૂઅ કરવાવાળા અને સિજદા કરવાવાળાઓ જેવું છે એ અલ્લાહ તઆલા જાણે છે કે કોણ તેના માર્ગમાં જેહાદ કરવાવાળો છે. *(સહીહ બુખારી, ૧/૩૯૧, મુસ્લિમ, ૨/૧૪૩, નિસાઈ, ૨/૫૬, અત્તરગીબ ત્તરહીબ, ૨/૧૯૧)*

ફર્માને નબવી છે કે જે અલ્લાહના રબ હોવા પર ઈસ્લામના દીન હોવા પર અને મુહમ્મદ ﷺના રસૂલ હોવા પર રાજી થયો તેના માટે જન્નત વાજિબ થઈ ગઈ. હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہને આ વાત પસંદ આવી. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ એકવાર ફરી આ વાત મને ઈર્શાદ ફર્માવી દો ! જેથી આપે તે પ્રમાણે કર્યું. પછી ફર્માવ્યું, પણ એક અન્ય અમલ છે જેના સબબથી અલ્લાહ તઆલા બંદાના સો દરજાઓ બુલંદ ફર્માવે છે અને દરેક બે દરજાઓની વચ્ચે જમીન તથા આસમાન જેટલો ફાસલો છે. અબૂ સઈદ رضی اللہ عنہએ અર્ઝ કરે, યા રસૂલલ્લાહ ! ﷺ તે કયો અમલ છે ? આપે ફર્માવ્યું, રાહે ખુદામાં જેહાદ કરવો. *(સહીહ મુસ્લિમ, ૨/૧૩૫, સુનને નિસાઈ, ૨/૫૬, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૨/૧૦૨, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૩૮૭, કન્ઝુલ ઉમ્માલ, ૧/૭૯)*

(પ્રકરણ : ૯૭)

# પ્રપંચી શયૃતાન

કોઈ શખ્સે જનાબ હસન رحمۃ اللہ علیہ ને અર્ઝ કરી કે શું શૈતાન સૂએ પણ છે ? તે મુસ્કુરાયા અને કહ્યું, જો તે સૂતો હોત તો આપણે રાહત મેળવત ! જાણવા મળ્યું કે મો'મિને શૈતાનથી છૂટકારો મેળવવો કઠીન છે. હા ! તેને પોતાનાથી દૂર કરવાના તથા તેને કમજોર કરવાના માર્ગો છે.

ફર્માને નબવી છે કે મો'મિન શૈતાનને દુબળો કરી નાખે છે જેવી રીતે કે તમારામાંથી કોઈ (લાંબી) સફરમાં ઊંટને દૂબળુ કરી નાખે છે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૭૯)*

## ★ શૈતાનને દુબળો કરી દો ! ★

હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ નો કૌલ છે કે મો'મિનનો શૈતાન દૂબળો (પાતળો) હોય છે. હઝરત કૈસ ઈબ્ને હજ્જાજ رحمۃ اللہ علیہ નો કૌલ છે કે મને મારા શૈતાને કહ્યું, જ્યારે હું તારી અંદર દાખલ થયો તો ઊંટની જેમ હતો અને હવે હું પક્ષીની જેમ છું ! મેં કહ્યું, એવું શાથી ? શૈતાને કહ્યું, તેં મને ઝિક્રે ખુદા કરીને દૂબળો કરી નાખ્યો છે.

જેથી ખુદાથી ડરનારા (મુત્તકી) લોકો માટે શૈતાનના જાહેરી માર્ગો બંધ કરવા અને તે માર્ગોની દેખરેખ રાખવી જે ગુનાહો પ્રતિ લઈ જાય છે કાંઈ મુશ્કેલ ન હતું. તેમના માટે લગઝિશનો સબબ તે છુપો માર્ગ બનતો હતો જેની ખિડકીઓ દિલમાં ખુલે છે. તેઓ એ માર્ગની સંભાળ રાખવાથી લાચાર હતા, કેમ કે દિલમાં શૈતાનના ઘણા માર્ગો છે અને ફરિશ્તાનો કેવળ એક દરવાજો છે અને આ એક દરવાજો પણ તે ઘણા બધા દરવાજાઓમાં ભેળસેળ થઈ ગયો છે. અને બંદાનું દૃષ્ટાંત એવું છે જેમ કે કોઈ મુસાફર એવા જંગલમાં ભટકી જાય જેમાં ઘણા માર્ગો છે અને રાતના અંધકારે તે સર્વ માર્ગો પર કાળી ચાદર ઢાંકી દીધી હોય તો તે બસીરતવાળી આંખ અને ચમકદાર સૂરજ વિના માર્ગ નથી મેળવી શક્તો. અહીં બસીરતવાળી આંખ એટલે તકવાથી સાફ થયેલ દિલ અને ચમકદાર સૂરજ એટલે તે મુકદ્દસ ઈલ્મ મુરાદ છે જે કિતાબુલ્લાહ અને સુન્નતે રસૂલ صلی اللہ علیہ وسلم થકી હાંસલ

કરવામાં આવ્યો હોય. તેનાથી જ ઈન્સાન તે અંધાર્યા માર્ગો ઉપર ચાલી શકે છે, નહીં તો રાત અંધારી અને રસ્તા ઘણા છે !

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہماથી રિવાયત છે કે એક દિવસે હુઝૂર ﷺએ અમારી સમક્ષ એક લીટી દોરી અને ફર્માવ્યું આ અલ્લાહનો માર્ગ છે, પછી તે લીટીની જમણે ડાબે ઘણી લીટીઓ ખેંચી અને ફર્માવ્યું, આ તે રસ્તાઓ છે જેનામાંથી દરેક પર શૈતાન છે જે પોતાની પ્રતિ બોલાવે છે. પછી હુઝૂર ﷺએ આ આયત પઢી :–

اِنَّ هٰذَا صِرَاطِىْ مُسْتَقِيْمًا فَاتَّبِعُوْهُ وَلَا تَتَّبِعُوا السُّبُلَ فَتَفَرَّقَ بِكُمْ عَنْ سَبِيْلِهٖ

**તર્જુમો** : "તેહકીક ! આ મારો સીધો માર્ગ છે તો તેની પયરવી કરો અને અન્ય માર્ગોની પૈરવી ન કરો, પછી તે તમને તેના માર્ગેથી અલગ કરી નાખશે." *(સૂ. અન્આમ, આ. : ૧૫૩, પારા : ૮) (ઈબ્ને માજહ, ૧/૩, અલ મુસ્તદરક અલસ્સહીહૈન, ૨/૩૪૯, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૫, સહીહ, ઈબ્ને હબ્બાન, ૧/૧૦૬, ૧૦૮)*

અને નિઃશંક ! અમે વિવિધ માર્ગોમાં જે છુપાએલા માર્ગનું દૃષ્ટાંત આપી ચૂક્યા છીએ, એ જ તે માર્ગ છે જેના પર ઉલમા અને તે બંદાઓ જે ગુનાહોથી રોકાઈ જનારા છે અને પોતાની ખ્વાહિશોની દેખભાલ (ચકાસણી) કરનારા છે તેઓ ધોકો નથી ખાતા.

હવે અમે એવા સ્પષ્ટ માર્ગનું દૃષ્ટાંત વર્ણન કરી રહ્યા છીએ જેના પર ચાલવાના માટે કેટલીકવાર માણસ તૈયાર થઈ જાય છે અને એનું દૃષ્ટાંત એ છે જે નબી કરીમ ﷺએ વર્ણન કર્યું કે બની ઈસ્રાઈલમાં એક રાહિબ (પાદરી) હતો. શૈતાને એક છોકરીનો ઈરાદો કર્યો અને તેને જિનની સતામણીમાં સપડાવી દીધી અને તેના દિલમાં એ વાત નાખી દીધી કે એનો ઈલાજ રાહિબની પાસે છે. જેથી તે છોકરીને રાહિબની પાસે લાવવામાં આવી પણ તે છોકરીને સાથે રાખવા રાજી ન થયો. પણ તે લોકોએ ખૂબ જ આગ્રહ કર્યો જેના કારણે રાહિબ છોકરીને સાથે રાખવા રાજી થઈ ગયો. જ્યારે તે છોકરી ઈલાજના માટે રાહિબની પાસે રોકાઈ તો શૈતાન રાહિબની પાસે છોકરીની નિકટતાને હસીન અંદાઝમાં પેશ કરી રહ્યા હતો, ત્યાં સુધી

કે રાહિબે છોકરી સાથે સંભોગ કરી નાખ્યો ! અને તે સગર્ભા થઈ થઈ. ત્યારે શૈતાને રાહિબના દિલમાં વસવસો નાખ્યો કે, હવે જ્યારે તેણીના ઘરવાળાં આવશે તો તું ખૂબ જ શરમિંદો અને બેઈજ્જત થઈશ માટે તેણીને કત્લ કરી નાખ ! જો તેઓ તને પૂછે તો કહી આપજે કે તેણી તો મૃત્યુ પામી ! જેથી તેણે તેણીને કત્લ કરીને દફનાવી દીધી.

પેલી બાજુ શૈતાને છોકરીનાં ઘરવાળાંઓનાં દિલમાં એવો વસવસો નાખ્યો કે છોકરી રાહિબ થકી સગર્ભા થઈ ગઈ પછી તેને રાહિબે મારી નાખીને દાટી દીધી છે. જેથી તે લોકો રાહિબની પાસે આવ્યા અને તેને છોકરીના વિશે પૂછયું. રાહિબે કહ્યું, તેણી મૃત્યુ પામી છે. જેથી તેમણે રાહિબને પકડી લીધો જેથી તેઓ તેને છોકરીના બદલામાં મારી નાખે. તે ઘડીએ શૈતાને રાહિબની પાસે આવીને કહ્યું. હું જ તે છું જેણે છોકરીને જિનની સતામણીમાં સપડાવી હતી અને મેં જ છોકરીનાં ઘરવાળાંના દિલમાં એ વાત નાખી કે તારી પાસે લાવે. હવે બચવું હોય તો તું મારી સૂચનાનુસાર ચાલ તો હું તને તેમનાથી છૂટકારો અપાવીશ ! રાહિબ બોલ્યો, શું કરું ? શૈતાન બોલ્યો, મને બે સિજદા કરી લે ! જેથી રાહિબે તેને બે સિજદા કરી લીધા. શૈતાને સિજદા કરાવતાં જ કહ્યું, હવે હું તારાથી મુક્ત છું ! આ તે જ વાત છે જેના વિશે ફર્માને ઈલાહી *(સૂ. હશ્ર, આ. : ૧૬, પારા : ૨૮)* છે : "શૈતાનની જેમ જે વખતે તેણે માણસને કહ્યું, કુફ્ર કર ! પછી જ્યારે તેણે કુફ્ર કર્યું તો શૈતાને કહ્યું કે તેહકીક ! (જાણી લે !) હું તારાથી મુક્ત છું !" *(કન્ઝુલ ઉમ્માલ, ૨/૫૨૨)*

રિવાયત છે કે શૈતાને ઈમામ શાફઈ رضی اللہ عنہ ને પૂછયું, તમારો એ ઝાતના બારામાં શો અભિપ્રાય છે જેણે મને પોતાની પસંદ પ્રમાણે પેદા કર્યો, જેવું ચાહ્યું ઈસ્તેમાલ કર્યો અને ત્યાર બાદ જો ચાહે તો જન્નતમાં દાખલ કરે અને ચાહે તો જહન્નમમાં દાખલ કરે. શું તે પોતાના આ અમલમાં અદ્લ (ન્યાય) કરનાર છે કે જુલ્મ કરનાર જાલિમ છે ? ઈમામ શાફઈ رضی اللہ عنہ એ તેની વાતમાં વિચાર કર્યો અને કહ્યું, હે શખ્સ ! જો તેણે તને તારી મરજી મુજબ પેદા કર્યો છે તો ખરેખર તારા પર જુલ્મ કર્યો છે અને જો તેણે તને પોતાની મરજી પર પેદા કર્યો છે તો તે એ ચીજના બારામાં નથી પૂછવામાં આવતું જે તે કરે છે અને ન તેને સવાલ કરી શકાય છે. આ

કહેતાં જ શૈતાન ઢીલો પડવા માંડયો ત્યાં સુધી કે તદ્દન નરમ થઈ ગયો. પછી કહ્યું, ખુદાની કસમ! હે શાફઈ ! મેં આ જ સવાલ કરીને સિત્તેર હજાર આબિદોને આબિદોના દફતરથી કઢાવીને બેદીનીના માર્ગોમાં ધકેલી દીધા છે.

એ પણ રિવાયત છે કે શૈતાન મલઊન હઝરત ઈસા علیہ السلامની સમક્ષ આવ્યો અને આપને કલ્મએ તૈયેબહ્ પઢવા કહ્યું. આપે કહ્યું, આ કલમો બર હક્ક છે પણ હું તારા કહેવાથી પઢીશ નહીં ! કેમ કે બુરાઈઓની જેમ નેકીઓમાં પણ શૈતાન ભેળસેળ કરતો રહે છે અને એ જ ટ્રીકો વડે તે આબિદ, ઝાહિદ, ગની અને તમામ પ્રકારના લોકોને હલાકતમાં નાખતો રહે છે. અને બુરાઈઓથી તે જ મેહફૂઝ રહે છે જેને અલ્લાહ તઆલા મેહફૂઝ રાખે. *(અહયાઉલ ઉલૂમ, ૩/૨૮)*

હે રબ્બે ઝુલ જલાલ ! અમને શૈતાનના પ્રપંચોથી મેહફૂઝ રાખ જેથી અમે હિદાયત પામેલા લોકોથી મુલાકાત કરીએ. આમીન

*(પ્રકરણ : ૯૮)*

## સમાઅ (વાજિંત્રો વિના)

કાઝી અબૂ તૈયિબ તિબ્રી رضی اللہ عنہએ ઈમામ શાફઈ, ઈમામ અબૂ હનીફ, ઈમામ માલિક અને હઝરત સુફયાન رضوان اللہ تعالیٰ علیہم اجمعین અને ઉલમાએ કિરામની એક જમાઅતને એવા શબ્દો નકલ કર્યા છે જે એ વાતને પુરાવો આપે છે કે એ હઝરાત સમાઅ જાઈઝ ન હોવાના કાઈલ હતા.

ઈમામ શાફઈ رضی اللہ عنہ પોતાની કિતાબ ''આદાબુલ કુઝા''માં કહે છે કે ગીત એક નામુનાસિબ અને મકરૂહ ચીજ છે જે એક નિરર્થક ચીજની જેમ છે. જે ખૂબ જ વધારે પ્રમાણમાં એમાં મશગૂલ થાય તે બેસમજ છે અને તેની ગવાહી રોકી દેવામાં આવે છે.

કાઝી અબૂ તૈયિબ رحمۃ اللہ علیہએ કહ્યું છે કે શાફઈ હઝરાત કહે છે કે ગૈર મેહરમ ઔરત પાસેથી કાંઈ સાંભળવું ભલે તે પર્દામાં હોય કે સામે, તેણી આઝાદ હોય કે બાંદી દરેક સ્થિતિમાં નાજાઈઝ છે.

કાઝી સાહબે ઈમામ શાફઈ رضی اللہ عنہનો એ કૌલ પણ નકલ કર્યો છે કે બાંદીનો માલિક જ્યારે લોકોને કાંઈક સંભળાવવા માટે ભેગા કરે તો તે બેવકૂફ છે, તેની ગવાહી અમાન્ય છે.

વધુમાં કહ્યું કે ઈમામ શાફઈ رضی اللہ عنہથી નકલ કરવામાં આવ્યું છે કે આપ બે ડાળીઓને એકબીજા સાથે ટકરાવીને પણ સાઝ (સંગીત) જેવો અવાજ કાઢવાને મકરૂહ જાણતા હતા અને ફર્માવતા હતા કે **એને બેદીનોએ ઉપસ્થિત કરેલ છે**, જેથી કરીને તેના થકી લોકોનું ધ્યાન કુર્આન મજીદથી હટી જાય.

ઈમામ શાફઈ رضی اللہ عنہનો કૌલ છે કે હદીષ શરીફમાં નેહી (મનાઈ) આવવાના કારણે હું તમામ ખુશી ઉપજાવનાર ગીત કરતાં ચોસરની ગોટીને વધારે મકરૂહ સમજુ છું, હું શતરંજ રમવાને મકરૂહ સમજુ છું અને હું દરેક ખેલને મકરૂહ સમજુ છું કેમ કે આ ખેલ વગેરે દીનદાર અને તકવાવાળા લોકોનું કામ નથી.

ઈમામ માલિક رضی اللہ عنہએ ગીતથી મના ફર્માવ્યું છે અને તેમનો કૌલ છે કે જ્યારે કોઈકે લોંડી ખરીદી અને તેને ખબર પડી કે તે ગાયિકા છે તો તેને લોંડી પરત કરવાનો હક્ક હાંસલ છે. અને ઈબ્રાહીમ ઈબ્ને સઅદ رضی اللہ عنہمના સિવાય તમામ મદીનાવાળાઓનો એ જ મઝહબ છે.

ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ પણ ગીતને મકરૂહ જાણતા હતા અને ગીત સાંભળવાને ગુનાહોમાં શુમાર કરતા હતા અને તમામ કૂફાવાળાઓ હઝરત સુફયાન ષૌરી, શૈખ હમ્માદ, ઈબ્રાહીમ શઅબી رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ વગેરેનો આ જ મસ્લક છે.

ઉપરોક્ત સર્વ રિવાયતો કાઝી અબૂ તૈયિબ તિબ્રીએ નકલ કરી છે.

## ★ સમાઅ જાઈઝની દલીલો ★

જનાબ અબૂ તાલિબ મક્કીએ એક જમાઅતથી સમાઅ જાઈઝ હોવાનું નકલ કર્યું છે. અને તેમનો કૌલ એ છે કે સહાબામાંથી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને જા'ફર, અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર, મુગીરહ્ ઈબ્ને શઅબહ્ અને મુઆવિયહ્ رضی اللہ عنہથી સમાઅ નકલ થયેલ છે.

અબૂ તાલિબ મક્કી رضی اللہ عنہએ એ પણ કહ્યું છે કે સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો)માં સહાબા તથા તાબઈનની વિશાળ જમાઅતે એને સારો સમજેલો છે અને અમારે ત્યાં અહલે હિજાઝ મક્કા મોઅઝ્ઝમામાં વરસના બેહતરીન દિવસોમાં સમાઅ સાંભળતા હતા. બેહતરીન દિવસો એટલે જેમાં અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓને ઈબાદત અને ઝિક્રનો હુકમ આપ્યો છે. જેમ કે ઐયામે તશ્રીક વગેરે. અને અમારા જમાના સુધી મદીનાવાળાઓ પણ મક્કાવાસીઓ જેમ હમેશાં પાબંદીથી સમાઅ સાંભળ્યા કરતા હતા.

અમે અબૂ મરવાન કાઝીને એ સ્થિતિમાં જોયા કે તેમની પાસે કેટલીક બાળકીઓ હતી જે લોકોને ખુશ અવાજથી ગાઈને સંભળાવતી હતી. કાઝી સાહબે સૂફિયાએ કિરામને માટે તૈયાર કરી હતી. વધુમાં ફર્માવ્યું કે જનાબ અતાઅ્ رحمۃ اللہ علیہને ત્યાં બે બાળકીઓ હતો અને આપના ભાઈ તેમનાથી સમાઅ કર્યા કરતા હતા.

જનાબ અબૂ તાલિબ મક્કી رحمۃ اللہ علیہએ એ કૌલ પણ નકલ કરેલ છે કે અબુલ હસન ઈબ્ને સાલિમ رحمۃ اللہ علیہને કહેવામાં આવ્યું કે તમે સમાઅનો કેવી રીતે ઈન્કાર કરો છો ? જ્યારે કે હઝરત જુનૈદ, સર્રી સકતી અને ઝુન્નૂન رحمۃ اللہ علیہ તેને સાંભળ્યા કરતા હતા. તેમણે કહ્યું કે હું સમાઅનો કેવી રીતે ઈન્કાર કરીશ, જ્યારે કે મારાથી બેહતર શખ્સે તેને સાંભળ્યો અને તેની ઈજાઝત આપી છે. જેથી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને જા'ફર તય્યાર رضی اللہ عنہ સમાઅ સાંભળ્યા કરતા હતા. તેમણે સમાઅમાં કેવળ ખેલકૂદને મના ફર્માવી છે.

હઝરત યહ્યા ઈબ્ને મઆઝ رحمۃ اللہ علیہથી રિવાયત છે. તેમણે કહ્યું કે અમે ત્રણ ચીજોને ગુમ કરી છે ફરી તેને અમે નથી જોઈ, અને જેમ જેમ દિવસો પસાર થતા જાય છે તેમ તેમ તેના ઘટાડામાં વૃદ્ધિ આવી રહી છે. હસીન ચહેરા જે પાકબાઝ હોય, સાચી વાત જેમાં દિયાનતની ઝલક જોવા મળે અને બેહતરીન ભાઈચારો જેમાં વફા જ વફા હોય. અને મેં કેટલીક કિતાબોમાં બિલકુલ બેઠો જ આ કૌલ જનાબ હારિષ મુહાસિબીથી નકલ થયેલો જોયો છે અને એમાં એવી વાત જોવા મળે છે જે તેમના ઝોહદ, પાકબાઝી અને દીની મા'લૂમાતમાં તેમની જદ્દો જેહદ (કોશિશ) અને સાવચેતી હોવા છતાં એ વાતની દલીલ પૂરી પાડે છે કે તેઓ સમાઅના

જાઈઝ હોવાના કાઈલ (માનનાર) હતા.

## ★ ઈબ્ને મુજાહિદનું સમાઅ પર દબાણ ★

જનાબ ઈબ્ને મુજાહિદ رضی اللہ عنہનો તરીકો હતો કે આપ કદી એવી દા'વત કબૂલ ન કરતા જેમાં સમાઅ ન હોય અને વળી એક વધારે લોકોએ એ વાત બયાન કરી છે કે તે કોઈ દા'વતમાં ભેગા થયા અને અમારી સાથે અબુલ કાસિમ ઈબ્ને બિન્તે મુનીઅ, અબૂબક્ર, ઈબ્ને દાઊદ અને ઈબ્ને મુજાહિદ رحمہم اللہ تعالےٰ પોતાના હમ મશ્રબ (એક મસ્લક, તરીકાના) લોકો સાથે મૌજૂદ હતા. ત્યારે મેહફિલે સમાઅ ગોઠવાઈ. ઈબ્ને બિન્તે મુનીઅને એ વાત પર ઉશ્કેરવા લાગ્યા કે તે ઈબ્ને દાઊદને એ સાંભળવા માટે તૈયાર કરે. ઈબ્ને દાઊદ બોલ્યા, મને મારા બાપે હઝરત અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہનું આ ફર્માન જણાવ્યું છે કે આપ સમાઅને મકરૂહ જાણતા હતા, મારા વાલિદ પણ તેને મકરૂહ સમજતા હતા અને હું પણ મારા બાપના મઝહબ પર છું. અને અબુલ કાસિમ ઈબ્ને બિન્ત મુનીએ કહ્યું, મારા દાદા અહમદ ઈબ્ને બિન્ત મુનીએ મને જનાબ ઈબ્ને સાલેહ ઈબ્ને અહમદના બારામાં જણાવ્યું કે તેમના વાલિદ ઈબ્ને ખબાઝાનો કૌલ સંભળાવ્યા કરતા હતા. આ સાંભળીને ઈબ્ને મુજાહિદે ઈબ્ને દાઊદને કહ્યું, મને છોડી દો ! તમે તમારા દાદાની વાતો કરો છો ! હે અબૂબક્ર ! તમે એટલી જ વાત જણાવો કે જો કોઈએ શેઅર પઢયો અથવા શેઅર કહ્યો તો શું એ નાજાઈઝ છે ? ઈબ્ને દાઊદ બોલ્યા, નહીં ! ઈબ્ને મુજાહિદ બોલ્યા કે જો શેઅર કહેનારો હસીન અવાજવાળો હોય તો તેણે શેઅર કહેવું હરામ છે ? તે બોલ્યા, નહીં ! ઈબ્ને મુજાહિદે કહ્યું, જો તે એ રીતે શેઅરને પઢે છે કે મમ્દૂદ હર્ફને મકસૂદ અને મકસૂદને મમ્દૂદ કરી દે છે (ખેંચીને પઢે કે સીધે સીધુ પઢે) તો શું એ હરામ છે ? ઈબ્ને દાઊદે કહ્યું કે હું એક શૈતાન પર કાબૂ નથી મેળવી શક્તો તો બે શૈતાનોનો સામનો કેવી રીતે કરું ?

## ★ હઝરત ઈમામ અસ્કલાનીનો સમાઅનો શોખ ★

હઝરત અબુલ હસન અસ્કલાની رحمۃ اللہ علیہ જે ઔલિયાના સરદાર હતા. સમાઅનો શોખ કર્યા કરતા અને સમાઅના સમયે જઝ્બ અને શૌક

અનુભવતા હતા. તેમણે એના બારામાં એક કિતાબ પણ લખી છે જેમાં તેમણે સમાઅના મુન્કિરોની રદ કરી છે. એ જ પ્રમાણે એક જમાઅતે સમાઅના મુન્કિરોની રદમાં કિતાબ લખી છે.

મશાઈખમાંથી કોઈ શૈખથી રિવાયત છે કે તેમણે અબુલ અબ્બાસ ખિઝૂર عليه السلامને જોયા અને તેમને પૂછયું કે તમારો સમાઅના વિશે શો ખયાલ છે ? જેના બારામાં સાથીઓમાં મતભેદ પ્રવર્તે છે. હઝરત ખિઝર عليه السلامએ ફર્માવ્યું, તે શીરીં (મધુર) અને સાફ તથા ખુશગવાર (પસંદીદા) છે. એના પર ઉલમા સિવાય કોઈના કદમ જામી નથી શક્તા.

જનાબ મમ્શાદ દીનવરી رضی اللہ عنہથી નકલ થએલ છે કે મેં ખ્વાબમાં નબી કરીમ صلی اللہ علیہ وسلمની ઝિયારત કરી અને આપને પૂછયું, યા રસૂલલ્લાહ ! શું આપ આ સમાઅમાંથી કોઈ ચીજને નાપસંદ કરો છો ? આપે ફર્માવ્યું કે હું એમાંથી કોઈ ચીજને નાપસંદ નથી કરતો પરંતુ તેમને કહી દો કે સમાઅની શરૂઆત કુર્આન મજીદથી કરે અને અંત પણ કુર્આન મજીદ પર જ કરે.

જનાબ તાહિર ઈબ્ને બિલાલ સમદાની વરાક رحمۃ اللہ علیہથી નકલ થએલ છે જે અકાબિર ઉલમામાંથી હતા કે હું સમુદ્રના કિનારે જિદ્દાની જામેઅ મસ્જિદમાં મોઅ્તકિફ (એ'તેકાફમાં બેઠો) હતો કે એક દિવસે મેં એવી જમાઅતને જોઈ જેઓ મસ્જિદમાં કાંઈક શેઅરો પઢી રહ્યા હતા અને બીજા લોકો સાંભળી રહ્યા હતા. મને એ વાત સખ્ત નાપસંદ પડી અને મેં મારા દિલમાં કહ્યું કે આ લોકો અલ્લાહના ઘરોમાંથી એક ઘરમાં અશ્આર પઢી રહ્યા છે. જનાબ તાહિર ફર્માવે છે કે મેં તે જ રાત્રે ખ્વાબમાં હુઝૂર صلی اللہ علیہ وسلمની ઝિયારત કરી. આપ એ જ ખૂણામાં બેઠેલા હતા, આપની બાજુમાં હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ હતા. અચાનક હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ કહેવા લાગ્યા અને હુઝૂર صلی اللہ علیہ وسلم સાંભળવા લાગ્યા. અને આપે વજદ કરવાવાળાની જેમ દસ્તે મુબારક સીનાએ અન્વર (હાથ મુબાક છાતી) પર રાખેલો હતો. મેં મારા દિલમાં કહ્યું કે, મારા માટે એ યોગ્ય ન હતું કે હું એ જમાઅતને નાપસંદ કરું જેમાં મેહફિલે સમાઅ ગોઠવેલો હતો, જ્યારે કે તેને હુઝૂર صلی اللہ علیہ وسلم સાંભળી રહ્યા છે અને હઝરત અબૂબક્ર સિદ્દીક પઢી

રહ્યા છે. હુઝૂર ﷺ મારી તરફ ધ્યાનિત થયા અને ફર્માવ્યું, આ હક્કની સાથે હક્ક છે અથવા હક્કથી હક્ક છે. હું ભૂલી ગયો છું કે આપે આ બે વાતોમાંથી કઈ વાત ઈર્શાદ ફર્માવી હતી.

હઝરત જુનૈદ رضی اللہ عنہ નો કૌલ છે કે એ ગિરોહ પર ત્રણ પ્રસંગે રહમતે ઈલાહીની વર્ષા થાય છે, ખાતી વખતે કેમ કે ફાકો કર્યા વિના કાંઈ ખાતા નથી, બોલતી વખતે, કેમ કે તે સિદ્દીકોના મકામોના સિવાય અન્ય કોઈ વાતચીત નથી કરતા અને સમાઅના વખતે કેમ કે તેઓ જઝ્બ તથા શૌક વડે સાંભળે છે અને હક્કની ગવાહી આપે છે.

હઝરત ઈબ્ને જરીહ رضی اللہ عنہ સમાઅની ઈજાઝત આપતા હતા. તેમને કહેવામાં આવ્યું કે આ કાર્ય કિયામતના દિવસે નેકીઓમાં ગણાશે કે બુરાઈઓમાં ? તેમણે કહ્યું કે ન નેકીઓમાં અને ન બુરાઈઓમાં કેમ કે એ નિરર્થક બાબતની જેમ છે.

અને ફર્માને ઈલાહી છે : لَا يُؤَاخِذُكُمُ اللّٰهُ بِاللَّغْوِ فِىٓ اَيْمَانِكُمْ "પૂછતાછ કરશે નહીં અલ્લાહ તઆલા તમારી ફુઝૂલ કસમો પર." *(સૂ. બકરહ, આ. : ૨૨૫)*

ઉપર અમે જે કાંઈ નકલ કર્યું છે એ વિવિધ કથનોનો સમૂહ છે જે શખ્સ તકલીદમાં રહીને હક્કને તલાશ કરશે તો તે કથનોમાં ટકરાવ જોશે જેના કારણે તે આશ્ચર્યમાં પડશે અથવા પોતાની ખ્વાહિશોના પ્રભાવ હેઠળ કોઈ કૌલ (કથન)ને પસંદ કરી લેશે. જ્યારે કે એ બંને વાતો ગલત છે બલ્કે હક્કને યોગ્ય તરીકાથી તલાશ કરે અને એ ખતરો એબાહત (ખતરા તથા જાઈઝ હોવાના) પ્રકરણોની તલાશ કરવાથી જ માલૂમ થઈ શકે છે.

(પ્રકરણ : ૯૯)

# મનેચ્છાઓ તથા બિદઅતની પૈરવી

નબી કરીમ ﷺનું ફર્માન છે કે પોતે પોતાને નવી ચીજો, બાબતોથી બચાવો કેમ કે દરેક નવુ કામ બિદઅત છે, અને દરેક બિદઅત ગુમરાહી છે અને દરેક ગુમરાહી જહન્નમમાં પડવાનો સબબ છે. *(અબૂ દાઊદ, ૨/૬૩૫, ઈબ્ને માજહ, ૧/૬, સુનને નિસાઈ, ૧/૨૩૪, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૧૭૫, બયહકી, ૧૦/૧૯૫, મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૧૧૦, અલ્મદઅજમુલ કબીર લિત્તબરાની, ૧૮/૨૪૯)*

ફર્માને નબવી છે કે જેણે અમારા આ દીનમાં કોઈ એવી વાત કાઢી જે દીનમાંથી નથી તો તે વાત મરદૂદ છે. *(બુખારી, ૧/૩૭૧, મુસ્લિમ, ૨/૩૭૧, મુસ્લિમ, ૨/૭૭, ઈબ્ને માજહ, ૧/૩, મુસ્નદે અહમદ બિન હંબલ, ૭/૩૮૫)*

એક અન્ય ઈર્શાદમાં છે કે તમારા પર મારા તરીકા અને મારા પછી આવનારા ખુલફાએ રાશિદીનના તરીકાની પયરવી લાઝિમ છે. *(સુનને અબૂ દાઊદ, ૨/૬૩૫, સુનને ઈબ્ને માજહ, ૧/૫, તિર્મિઝી, પેજ : ૯૬, દારમી, ૧/૩૪, બયહકી, ૧૦/૧૯૫, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૧૮૮, મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૧૧૦, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૮/૨૪૮)*

આ હદીષોથી એ વાત જાણવા મળી કે **દરેક તે વાત જે કિતાબ તથા સુન્નત અને ઉમ્મતના ઈજમાઅની વિરૂધ્ધ હોય તે રદને પાત્ર બિદઅત છે.** (એટલે કે બિદઅતે સૈયેઅહ્ યાને બુરી બિદઅત)

હુઝૂર ﷺનો ઈર્શાદ છે કે જેણે સારો તરીકો શરૂ કર્યો તેને તેનો સવાબ મળશે અને કિયામત સુધી જે પણ એના પર અમલ કરશે તેનો સવાબ તે તરીકો શરૂ કરનારાને મળશે. અને જેણે બુરો તરીકો શરૂ કર્યો તેને તેનો અને કિયામત સુધી તેના પર અમલ કરનારાઓનો ગુનોહ થશે. *(અબૂ દાઊદ, ૨/૬૩૫, અખ્વાબુસ્સુન્નહ, તિર્મિઝી, ૨/૯૬, બયહકી, ૪/૨૯૪, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૨/૫૬૧, મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૪૮૪, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૨/૩૨૯)*

હઝરત કતાદા رضی اللہ عنہ આ ફર્માને ઈલાહી :–

اِنَّ هٰذَا صِرَاطِى مُسْتَقِيمًا فَاتَّبِعُوهُ "અને તેહકીક કે આ મારો સીધો રસ્તો છે તો તેની પૈરવી કરો."... *(સૂ. અન્આમ, આ. : ૧૫૪)* ના બારામાં કહ્યું કે જાણી લો ! રસ્તો કેવળ એક જ રસ્તો છે જેની જડ હિદાયત અને જેના પર રહેવું જન્નતની તરફ છે અને શૈતાને વિવિધ માર્ગો બનાવ્યા છે જેનું મૂળ ગુમરાહી છે અને જેના પર ચાલવું જહન્નમની તરફ છે.

હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ પોતાના દસ્તે મુબારક વડે એક લીટી તાણી અને ફર્માવ્યું, આ અલ્લાહની સીધી રાહ છે. પછી આપે તે લેટીની ડાબી તથા જમણી તરફ અન્ય ઘણી લીટીઓ તાણી અને ફર્માવ્યું, આ રસ્તાઓ છે જેમાંથી કોઈ રસ્તો નથી પણ દરેક રસ્તા પર શૈતાન છે જે પોતાની તરફ બોલાવે છે. પછી આપે ઉપરોક્ત આયત તિલાવત ફર્માવી. *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૨/૨૬૧, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૫૫)* હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہનો કૌલ છે કે આ ગુમરાહીના માર્ગો છે.

હઝરત ઈબ્ને અતિય્યહ رضی اللہ عنہનો કૌલ છે, આ જ રસ્તાઓ જેનો હુઝૂર صلی اللہ علیہ وسلمએ નિર્દેશ કર્યો છે. એમાં યહૂદિયત, નસરાનિયત, મજૂસિયત અને તમામ બાતિલ મઝહબના પર ચાલનારા, બિદઅતી, નફ્સાની ખ્વાહિશોની પૈરવી કરનારા, ગુમરાહ, પોતાની અલગ રાહ નિશ્ચિત કરનારા વગેરે સર્વ સામેલ છે, ચાહે ઝઘડાઓ તથા ફિત્ના ફસાદમાં રસ લેવાવાળા હોય કે વાતચીતમાં બાલની ખાલ ઉતારનારા (ચાવીને ચીકણુ કરનારા) હોય આ તમામ લગઝિશનાં મેદાન અને બદ્એતેકાદીના મન્ઝરો છે.

ફર્માને નબવી છે કે, જેણે મારી સુન્નતથી મુખ મોડયું તે મારામાંથી નથી. *(સહીહ બુખારી, નિકાહ, ૨/૭૫૭, મુસ્લિમ, ૧/૪૪૯, નિસાઈ, અખ્વાબબુન્નિકાહ, ૨/૬૯, દારમી, ૨/૧૧૧, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૩૯)* તે ઉપરાંત ફર્માને નબવી છે કે એવી કોઈ ઉમ્મત નથી જે પોતાના નબીના દીનમાં બિદઅતોને ઉભી કરે છે અને તે બિદઅતના બરાબર તેની સુન્નત નષ્ટ થઈ જાય છે. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાનીપ ૧૧/૩૭, કન્ઝુલ ઉમ્માલ, ૩/૨૧૯)*

ફર્માને નબવી છે કે સૌથી ઉમદા વાત અલ્લાહની કિતાબ છે અને

સૌથી ઉમદા હિદાયત મુહમ્મદ ﷺની હિદાયત છે અને સૌથી બદ્તરીન બાબતો બિદઅતો છે અને દરેક બિદઅત ગુમરાહી છે. હું તમારા પર તમારી પીઠો, શર્મગાહો અને ગુમરાહ કરનાર ખ્વાહિશોની વાસનાઓથી ડરું છું ! તમે દરેક બિદઅતથી બચો કેમ કે દરેક બુરી બિદઅત ગુમરાહી છે. *(સહીહ મુસ્લિમ, ૧/૪૮૪, ઈબ્ને માજહ, ૧/૬, કન્ઝુલ ઉમ્માલ, ૩/૮૧૮)*

ફર્માને નબવી છે કે અલ્લાહ તઆલાની નજીક આસ્માનની નીચે એવો કોઈ મઅ્બૂદ નથી જેની ઈબાદત કરવામાં આવતી હોય અને જે આ નફ્સાની ખ્વાહિશ (મનોવાંછના)ની સમાન હોય જેની બંદો પૈરવી કરે છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૩/૫૪૮, હિલ્યતુલ અવલિયા, ૬/૧૨૭, અલમોઅજમુલ કબીર લિત્તબરાની, ૮/૧૦૩)*

ફર્માને નબવી છે કે અલ્લાહ તઆલા દરેક બિદઅતીથી તૌબાને છુપાવી દે છે ત્યાં સુધી કે તે બિદઅતને ત્યજી ન દે. *(કન્ઝુલ ઉમ્માલ, ૧/૨૨૦)*

ફર્માને નબવી છે કે અલ્લાહ તઆલા કોઈ બિઅદતવાળાના રોઝા, હજ્જ, ઉમરા, જેહાદ, હિલો તથા ઈન્સાફ કાંઈ પણ કબૂલ નથી કરતો. તે ઈસ્લામથી એવી રીતે નીકળી જાય છે જેવી રીતે લોટમાંથી વાળ નીકળે છે. હું તમને સફેદ અને સ્પષ્ટ દીન પર છોડી રહ્યો છું તેનો દિવસ અને રાત બરાબર છે તેનાથી તે જ ફરશે જે હલાક થશે. દરેક જિંદગીના માટે એક હિંમત છે અને દરેક હિંમતના માટે એક સુસ્તી છે, જેની હિંમત મારી સુન્નતની તરફ છે તે હિદાયત પામી ગયો અને જેની હિંમત બીજી તરફ વળી તે હલાક થયો. હું મારી ઉમ્મત પર ત્રણ ચીજોથી ડરું છું : આલિમની લગઝિશ, અનુસરણિય ખ્વાહિશો અને જાલિમ હાકિમ. (મારી ઉમ્મતના માટે આ ત્રણ ચીજો ઘણી જ ખતરનાક છે.) *(સુનને ઈબ્ને માજહ, ૧/૨૦૬, કન્ઝુલ ઉમ્માલ, ૧/૨૨૦)*

## ★ ખેલકૂદના સાધનોની બુરાઈ ★

બુખારી શરીફમાં રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, "જે શખ્સે પોતાના સાથીને કહ્યું કે, આવો ! જૂગાર રમીએ ! તેણે જોઈએ સદકો આપે." *(સહીહ બુખારી તફસીરે સૂરએ, ૫૩, પેજ : ૮૮૧, મુસ્લિમ, ઈમાન, ૨/૪૬, અબૂ દાઊદ, ૨/૬૬૩, તિર્મિઝી, ૧/૨૮૨, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૫૯૬)*

મુસ્લિમ, અબૂ દાઊદ અને ઈબ્ને માજહ્ની રિવાયત છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, જે શતરંજ રમ્યો તો જાણે કે સુવ્વરના માંસ તથા લોહીમાં હાથને ડૂબાડયા.

અહમદ વગેરેની રિવાયત છે, હુઝૂર ﷺએ ફર્માવ્યું, એવા શખ્સનું દૃષ્ટાંત જે શતરંજ રમે છે પછી નમાઝના માટે ઉભો થાય છે એવું છે જેમ કે કોઈ પરુ અને સુવ્વરના લોહી વડે વુઝૂ કરે છે અને પછી નમાઝના માટે ઉભો થાય છે. એટલે કે તેની નમાઝ કબૂલ નથી થતી. જેમ કે બીજી રિવાયતમાં તેનો ખુલાસો મૌજૂદ છે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૫૧૦, કન્ઝુલ ઉમ્માલ, ૧૫/૨૧૭)*

બયહકીએ યહ્યા ઈબ્ને કષીર رضی اللہ عنہથી રિવાયત કરી છે કે હુઝૂર ﷺ એવા લોકો નજીકથી પસાર થયા જેઓ શતરંજ રમી રહ્યા હતા. આપે ફર્માવ્યું, (તેઓનું) "દિલ ગાફેલ" છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૫/૨૧૭)* હુઝૂર ﷺ એ ફર્માવ્યું, જ્યારે તમે એવા લોકો પાસેથી પસાર થાવ જેઓ ફાલનાં તીરો, શતરંજ અને તેનાથી મળતી દરેક તે ચીજમાં જે હરામ કરી દેવામાં આવેલી છે, તેમાં લાગેલા હોય તો તેમને સલામ ન કરો, તેઓ તમને સલામ કરે તો તેમના સલામનો જવાબ ન આપો. (બાવન પત્તાની રમત, કેરમ વગેરે આમાં દાખલ છે.) *(કન્ઝુલ ઉમ્માલ, ૧૫/૨૧૬)*

ફર્માને નબવી છે કે ત્રણ ચીજો જૂગાર છે, શરતવાળી રમત, નાનાં નાનાં તીરોને ફેંકીને જૂગાર રમવો અને સીટીઓ વગાડી વગાડીને કબૂતર ઉડાડવાં. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૫/૨૧૬)*

હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને એવા લોકો પાસેથી પસાર થવાનું થયું જેઓ શતરંજ ખેલી રહ્યા. આપે ફર્માવ્યું, શું આ તે સૂરતો છે જેમના માટે તમે એ'તેકાફ કરનારા છો? **તમારામાંથી કોઈ એકના હાથમાં અંગારા ઉઠાવી લેવા ત્યાં સુધી કે તે ઓલવાઈ જાય, તે એને સ્પર્શવા કરતાં બેહતર છે.** પછી ફર્માવ્યું **ખુદાની કસમ ! તમે એના સિવાય કોઈ અન્ય કામના માટે પેદા કરવામાં આવ્યા છો !** *(કન્ઝુલ ઉમ્માલ, ૧૫/૨૨૫)* વધુમાં ઈર્શાદે નબવી છે કે શતરંજ રમનારા ઘણા જ જૂઠા હોય છે. એમનામાંથી એક કહે છે કે મેં કત્લ કરી નાખ્યો ! અને મારી નાખ્યો !

જ્યારે કે તેણે ન કોઈને કત્લ કર્યો હોય છે ન તો માર્યો હોય છે.

હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ એ ફર્માવ્યું કે, શતરંજ હમેશાં ખતાકાર જ રમે છે.

અને એ વાત દિમાગમાં બેસાડી લો કે સંગીતનાં સાધનો ક્યાં તો હરામ છે જેમ કે સારંગી, તંબૂરો, રબાબ (એક પ્રકારની સારંગી), તબલા, વાંસળી અને દરેક તે સંગીતનું સાધન જે અલગ અલગ રીતે ગાનારાના અવાજની સાથે તાલ મિલાવે, અથવા તો મકરૂહ છે અને એવાં સંગીતના સાધનો છે જેઓ ગીતમાં ખુશીની કૈફિયતને જાહેર કરે છે, પણ અલગ અલગ રીતે તેનાથી ગીતનું કામ ન લેવામાં આવી શકે. જેમ કે નરકૂલ (જેમાંથી સીટી જેવો અવાજ નીકળે છે) વગેરે, તેમનું ગીતની સાથે સાંભળવું મકરૂહ છે અને ગીત વિના નહીં. અને જે સાધનો જાઈઝ છે તે એવાં છે જે ગીતના માટે નહીં બલ્કે ખબર કરવા માટે વગાડવામાં આવે છે, જેમ કે બ્યૂગલ, જંગનું નગારું અથવા મજમો એકત્ર કરવાનુ નગારું અથવા નિકાહના એલાનના માટે દફ વગાડવી વગેરે.

*(પ્રકરણ : ૧૦૦)*

## માહે રજબના ફઝાઈલ

રજબ તરજીબથી નીકળેલો છે જેનો અર્થ તા'ઝીમથી છે. તેને અસબ પણ કહેવામાં આવ્યો છે કેમ કે તેમાં તૌબા કરવાવાળાઓ પર રહમત વરસાવવામાં આવે છે અને નેક અમલ કરનારાઓ પર કુબૂલિયતના અન્વારનો ફય્ઝાન થાય છે. તેને અસમ પણ કહેવામાં આવ્યો છે કેમ કે તેમાં જંગ તથા લડાઈ મહસૂસ નથી કરવામાં આવતી. એક કૌલ એ છે કે રજબ જન્નતની એક નહેરનું નામ છે જેનું પાણી દૂધથી વધુ સફેદ, મધથી વધુ મીઠુ અને બરફથી વધારે ઠંડુ છે, એનું પાણી તે જ પીશે જે રજબમાં રોઝો રાખે.

ફર્માને નબવી છે કે રજબ અલ્લાહનો મહીનો, શાબાન મારો મહીનો

અને રમઝાન મારી ઉમ્મતનો મહીનો છે. ગૈબના જાણનારા લોકોનું કહેવું છે કે રજબના ત્રણ અક્ષરો છે **રે, જીમ** અને **બે**. **રે** થી રહમતે ઈલાહી, **જીમ**થી બંદાના જુર્મ અને ગલતીઓ અને **બે** થી અલ્લાહ તઆલાની મહેરબાનીઓ મુરાદ છે. જાણે અલ્લાહ ફર્માવે છે કે હું મારા બંદાઓના ગુનાહોને મારી રહમત અને મહેરબાનીમાં સમાવી લઉં છું. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૨/૩૧૦, દુર્રતુન્નાસિહીન, પેજ : ૪૧)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે જેણે રજબની સત્તાવીસ (૨૭) મીનો રોઝો રાખ્યો તેને માટે સાઈઠ મહીનાઓના રોઝાનો સવાબ લખવામાં આવે છે. આ પ્રથમ દિવસ છે જેમાં હઝરત જિબ્રઈલ علیہ السلام હુઝૂર صلی اللہ علیہ وسلمના માટે પૈગામે ઈલાહી લઈને નાઝિલ થયા અને તે જ મહીનામાં હુઝૂર صلی اللہ علیہ وسلمને મેઅરાજ નસીબ થઈ.

ફર્માને નબવી છે કે ખબરદાર થઈ જાવ ! રજબ અલ્લાહ તઆલાનો માહે અસમ છે, જેણે રજબમાં એક દિવસ ઈમાન અને સવાબ પામવાની નિય્યતથી રોઝો રાખ્યો તેણે અલ્લાહ તઆલાની મહાન રઝામંદીને પોતાના માટે વાજિબ કરી લીધી. *(દુર્રતુન્નાસિહીન, પેજ : ૪૦)*

કહેવામાં આવ્યું છે કે, અલ્લાહ તઆલાએ મહીનાઓમાં ચાર મહીનાઓને ઝીનત બખ્શી છે : ઝીલ કઅદહ્, ઝીલ હજ્જ, રમઝાન અને રજબ. એટલા માટે ફર્માને ઈલાહી છે કે, "એમાંથી ચાર મહીના હરામ છે." *(સૂ. તૌબા, આ. : ૩૬, પારા : ૧૦)* એમાંથી ત્રણ મહીના સાથે સાથે છે અને એક અલગ છે અને તે છે માહે રજબ.

**હિકાયત** : બૈતુલ મુકદસમાં એક ઔરત રજબના દરેક દિવસે બાર હજાર વખત **કુલ હુવલ્લાહુ અહદ** પઢયા કરતી હતી અને માહે રજબુલ મુરજ્જબમાં અદના લિબાસ પહેરતી હતી. એકવાર તેણી બીમાર પડી ગઈ અને તેણે પોતાના પુત્રને વસિય્યત કરી કે તેણીને બકરીના બાલના (તુચ્છ) લિબાસ સાથે દફન કરવામાં આવે. જ્યારે તેણી મૃત્યુ પામી તો તેના ફરઝંદે તેણીને ઉમદા કપડાંઓનું કફન પહેરાવ્યું. રાત્રે તેણે ખ્વાબમાં માંને જોઈ, તેણી કહી રહી હતી, હું તારાથી રાજી નથી કેમ કે તેં મારી વસિય્યતની વિરુધ્ધ કર્યું છે. તે ગભરાઈને બેઠો થઈ ગયો અને પોતાની

માંનો તે લિબાસ ઉઠાવ્યો જેથી તેને પણ કબરમાં દફન કરી આવે. તેણે જઈને માંની કબર ખોદી પણ તેને કબરમાં કાંઈ ન મળ્યું. તે ઘણો જ આશ્ચર્યમાં પડી ગયો ત્યારે તેણે એ અવાજ સાંભળ્યો કે શું તને ખબર નથી કે જેણે રજબમાં અમારી ફર્માંબરદારી (ઈતાઅત) કરી તેને અમે તનહા અને એકલા નથી છોડતા.

રિવાયત છે કે **જ્યારે રજબના પ્રથમ જુમ્આની ૧/૩ રાત ગુઝરે છે તો કોઈ ફરિશ્તો બાકી નથી રહેતો પણ સૌ રજબના રોઝાદારો માટે દુઆ કરે છે.**

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જેણે માહે હરામ (રજબ)માં ત્રણ રોઝા રાખ્યા તેના માટે નવ વરસની ઈબાદતનો સવાબ લખવામાં આવે છે. હઝરત અનસ رضی اللہ عنہએ ફર્માવ્યું, મારા બંને કાન બહેરા થાય જો મેં હુઝૂર صلی اللہ علیہ وسلمથી આ વાત ન સાંભળી હોય. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૧૭૯, કન્ઝુલ ઉમ્માલ, ૮/૫૭૩,૫૬૪)*

**નુક્તો** : માહે હરામ ચાર છે, અફઝલતરીન ફરિશ્તા ચાર છે, નાઝિલ કરેલ કિતાબોમાંથી અફઝલ ચાર છે, વુઝૂના અંગો ચાર છે, અફઝલતરીન તસ્બીહના કલેમા ચાર છે (એટલે કે **સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુલિલ્લાહિ વલાઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર**) હિસાબના મહત્વના અરકાન ચાર છે : એકમ, દશક, શતક, હજાર. સમયો ચાર છે : ઘડી, દિવસ, મહીનો અને સાલ. વરસની ઋતુઓ ચાર છે : વસંત, શિયાળો, ઉનાળો, પાનખર. સ્વભાવ ચાર છે : ગરમ, ઠંડો, લૂખો, ખુશમિજાઝ. શરીરના હાકિમો ચાર છે : સફરા, સવ્દા, લોહી અને બલગમ. અને ખુલફાએ રાશિદીન પણ ચાર છે : હઝરત અબૂબક્ર, હઝરત ઉમર, હઝરત ઉષ્માન અને હઝરત અલી رضوان اللہ تعالیٰ علیہم اجمعین.

દયલમીએ હઝરત આઈશા رضی اللہ عنہاથી એક રિવાયત નકલ કરી છે કે નબી અકરમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, અલ્લાહ તઆલા ચાર રાતોમાં ખૈરો બરકતની વર્ષા કરે છે, ઈદે અદહાની રાત, ઈદુલ ફિત્રની રાત, પંદર શાબાનની રાત અને રજબુલ મુરજ્જબની પહેલી રાત.

દયલમીએ હઝરત અબી ઉમામા رضی اللہ عنہથી એ પણ રિવાયત કરી

છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, **પાંચ રાતો એવી છે જેમાં કોઈ દુઆ રદ નથી કરવામાં આવતી, રજબની પ્રથમ રાત, ૧૫મી શાબાનની રાત, જુમ્આની રાત અને બે રાતો ઈદૈનની.** *(મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક, ૪/૨૪૬)*

*(પ્રકરણ : ૧૦૧)*

## ફઝાઈલે શાબાનુલ મુબારક

શાબાન શોઅબથી નીકળેલ છે જેનો અર્થ છે, ઘાટી વગેરે. કેમ કે આ મહીનામાં ખૈરો બરકતનું આમ ઉતરાણ થાય છે, એટલા માટે તેને શાબાન કહે છે. જેવી રીતે ઘાટી પહાડનો માર્ગ હોય છે એવી રીતે આ મહીનો ખૈરો બરકતનો માર્ગ છે.

હઝરત અબૂ ઉમામા બાહિલી رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺ ફર્માવ્યા કરતા હતા કે જ્યારે માહે શા'બાન આવી જાય તો તમારાં શરીરોને પાકીઝા રાખો અને આ મહીનામાં તમારી નિય્યતો સારી રાખો, તેને હસીન બનાવો.

### ★ હુઝૂર ﷺ નો નિયમ ★

હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે કે હુઝૂર ﷺ રોઝા રાખતા ત્યાં સુધી કે અમે કહેતાં કે હવે હુઝૂર ﷺ રોઝા વિના રહેશે નહીં, અને પછી આપ રોઝા રાખવાનું ત્યજી દેતા, ત્યાં સુધી કે અમે કહેતાં કે હવે આપ કદી રોઝા નહીં રાખે, અને **આપ શાબાનમાં મોટા ભાગે બહું જ રોઝા રાખતા.** *(સહીહ બુખારી, અબ્વાબુસ્સોમ, ૧/૨૬૪, અબૂ દાઊદ, ૧/૩૩૦, સુનને ઈબ્ને માજહ, ૧/૧૨૨, અબ્વાબુસ્સિયામ, નિસાઈ, ૧/૩૨૧, મુસ્લિમ, ૧/૩૬૫, મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૩૭૫)*

નિસાઈની હદીષમાં હઝરત ઓસામા رضی اللہ عنہથી રિવાયત છે કે મેં હુઝૂર ﷺને અર્ઝ કરી કે, મેં તમને સાલના કોઈ મહીનામાં (રમઝાનના

ફર્ઝ રોઝા સિવાય) શાબાનથી વધુ રોઝા રાખતાં નથી જાયા. આપે ફર્માવ્યું, લોકો રજબ અને રમઝાનના આ દરમ્યાની મહીનાથી ગાફેલ હોય છે, જ્યારે કે આ એવો મહીનો છે જેમાં અલ્લાહની હુઝૂરમાં અમલો લાવવામાં આવે છે જેથી હું એ વાતને પસંદ કરું છું કે જ્યારે મારો અમલ અલ્લાહની બારગાહમાં લાવવામાં આવે તો હું રોઝાની હાલતમાં હોઉં. *(નિસાઈ, ૧/૩૨૨, મુસ્નદે અહમદ બિન હંબલ, ૬/૨૬૧, અત્તરગીબ વત્તરહીબ, ૨/૭૧)*

સહીહૈનમાં હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે કે મેં માહે રમઝાન સિવાય અન્ય કોઈ મહીનાના પૂરા રોઝા રાખતાં હુઝૂર ﷺને નથી જોયા, અને આપને શાબાન સિવાય કોઈ અન્ય મહીનામાં ખૂબ જ વધારે રોઝા રાખતાં નથી જોયા. એક રિવાયતમાં છે કે આપ શાબાનના પૂરા રોઝા રાખ્યા કરતા હતા. *(સહીહ બુખારી, સોમ, ૧/૨૬૪, મુસ્લિમ, અખ્વાબુસ્સિયામ, ૧/૩૬૫, અબૂ દાઊદ, ૧/૩૩૦, નિસાઈ, ૧/૩૨૨, મુસ્નદે અહમદ બિન હંબલ, ૭/૧૫૪)* મુસ્લિમોની એક રિવાયત છે કે હુઝૂર ﷺ શાબાનના અમુક દિવસો છોડીને આખો મહીનો રોઝા રાખ્યા કરતા હતા. આ રિવાયત આગલી રિવાયતની તફસીર છે, પૂરા શાબાનથી મકસદ મોટા ભાગનો શાબાન મહીનો છે. *(સહીહ મુસ્લિમ, ૧/૩૬૫, અત્તરગીબ વત્તરહીબ, ૨/૭૨, નિસાઈ, ૧/૩૨૨)*

કહેવામાં આવ્યું છે કે આસ્માનના ફરિશ્તાઓના માટે બે રાતો ઈદ તથા મસર્રત (ખુશી)ની છે જેમ કે દુનિયામાં મુસલમાનોના માટે બે ઈદોની રાતો ઈદ તથા મસર્રતની છે. ફરિશ્તાઓની ઈદ રાતે બર્અતની રાત એટલે કે ૧૫મી શાબાનની રાત અને લૈલતુલ કદ્ર છે અને મો'મિનોની ઈદ ઈદુલ ફિત્ર અને ઈદુદ્દોહાની રાતો છે. એટલા માટે ૧૫ શાબાનની રાત્રે ફરિશ્તાઓની ઈદ રાતનું નામ આપવામાં આવ્યું છે, અલ્લામા સુબકી رحمۃ اللہ علیہએ આ કૌલની તફસીરમાં કહ્યું છે કે **આ રાત સાલભરના ગુનાહોનો કફ્ફારો બને છે, જુમેરાત અઠવાડિયાના ગુનાહોનો કફ્ફારો અને લૈલતુલ કદ્ર જીવનભરના ગુનાહોનો કફ્ફારો બને છે.** એટલે કે આ રાતોમાં અલ્લાહ તઆલાની ઈબાદત કરવું અને યાદે ઈલાહીમાં આખી રાત જાગીને ગુઝારી દેવી ગુનાહોના કફ્ફારોનો સબબ

બને છે, એટલા માટે આ રાતને કફ્ફારાની રાત પણ કહેવામાં આવે છે અને એને જિંદગીની રાત પણ કહેવામાં આવે છે, એટલા માટે કે અલ્ મુન્ઝરીએ મરફુઅન્ આ હદીષ નકલ કરી છે કે **જેણે બે ઈદ રાતો અને ૧૫મી શાબાનની રાત જાગીને ગુઝારી તો એવા દિવસમાં કે જ્યારે તમામ દિલ મરી જશે તે માણસનું દિલ નહીં મરે.** *(કન્ઝુલ ઉમ્માલ, ૨/૫૪૮, દુરસ્તુન્ના સિહીન, પારા : ૨૦૮)*

એને શફાઅતની રાત પણ કહે છે કેમ કે હુઝૂર ﷺથી રિવાયત છે કે આપે ૧૩મીની રાત્રે પોતાની ઉમ્મતની શફાઅતની દુઆ માંગી. અલ્લાહ તઆલાએ ૧/૩ ઉમ્મતની શફાઅત અતા ફર્માવી, ૧૪મીની રાત ભર ઉમ્મતની શફાઅતની દુઆ કરી તો અલ્લાહ તઆલાએ ૨/૩ ઉમ્મતની શફાઅતની ઈજાઝત અતા કરી. ફરી આપે ૧૫મીની રાત્રે પોતાની ઉમ્મતની શફાઅતની દરખાસ્ત કરી તો અલ્લાહ તઆલાએ તમામ ઉમ્મતની શફાઅત મંઝૂર ફર્માવી, પણ **તે શખ્સ જે અલ્લાહની રહમતથી ઊંટની જેમ દૂર ભાગી ગયો અને ગુનાહો પર અડી રહીને પોતે જ અધિકથી અધિક દૂર થતો ગયો. (તે આ શફાઅતથી વંચિત રહેશે.)**

અને બખ્શિશની રાત પણ કહે છે ઈમામ અહમદ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, અલ્લાહ તઆલા ૧૫ શા'બાનની રાત્રે પોતાના બંદાઓ પર ઝહૂર ફર્માવે છે અને બે શખ્સો સિવાય દુનિયામાં રહેનારા તમામ ઈન્સાનોને બખ્શી આપે છે, એ બેમાંથી એક મુશ્રિક અને બીજો અદાવતખોર છે. *(સુનને ઈબ્ને માજહ, ૧/૯૯, અત્તરગીબ વત્તરહીબ, ૨/૭૩, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૨૦/૧૦૯, કન્ઝુલ ઉમ્માલ, ૧૨/૩૧૫)*

એને આઝાદીની રાત પણ કહે છે, જેમ કે ઈબ્ને ઈસ્હાકે હઝરત ઈબ્ને માલિક رضی اللہ عنہથી રિવાયત નકલ કરી છે કે અને હુઝૂર ﷺએ હઝરત આઈશા رضی اللہ عنہાને અર્ઝ કરી, જલ્દી કરો ! હું હુઝૂર ﷺને એ હાલતમાં છોડી આવી છું કે આપ ૧૫ મી શાબાનની રાતના બારામાં ચર્ચા કરી રહ્યા હતા. હઝરત આઈશા رضی اللہ عنہاએ મને ફર્માવ્યું, હે અનીસ ! બેસ! હું તને શાબાનની ૧૫મી રાતની વાત સંભળાવું ! એકવાર આ રાત

મારી વારીની રાત હતી. હુઝૂર ﷺ તશરીફ લાવ્યા અને મારી સાથે ગોદડામાં સૂઈ ગયા. રાત્રે હું જાગી તો મેં આપને જોયા નહીં. મેં મારા દિલમાં કહ્યું, શાયદ હુઝૂર ﷺ પોતાની લોંડી કિબ્તિયહ્‌ની તરફ તશરીફ લઈ ગયા હોય. હું મારા ઘરમાંથી બહાર નીકળી, જ્યારે મસ્જિદમાં પસાર થઈ તો મારો પગ આપના ઉપર પડયો, આપ ફર્માવી રહ્યા હતા કે, મારા જિસ્મ અને ખયાલે તને સજદો કર્યો, મારું દિલ તારા પર ઈમાન લાવ્યું અને આ મારો હાથ છે, મેં મારા આ હાથ વડે કદાપિ મારા જિસ્મને ગુનાહથી ગંદુ નથી કર્યું, હે રબ્બે અઝીમ ! તારાથી જ દરેક મહાન કાયમી ઉમ્મીદ કરવામાં આવે છે, મારા આ ચહેરાએ તને સિજદો કર્યો જેને તેં પેદા ફર્માવ્યો, તેને સૂરત બખ્શી, તેમાં કાન તથા આંખ પેદા કરી. પછી આપે સર ઉઠાવ્યું અને કહ્યું, હે અલ્લાહ ! મને ડરવાવાળુ દિલ અતા કર જે શિર્કથી પાક અને સાફ હોય, કાફિર અને બદ્‌બખ્ત ન હોય. પછી આપ સજદામાં જતા રહ્યા અને મેં સાંભળ્યું કે તે વખતે ફર્માવી રહ્યા હતા, હે અલ્લાહ ! હું તારી રઝાની સાથે તારી નારાઝગીથી પનાહ માંગું છું, તારા અફ્‌વના (માફીના) તુફૈલ તારા અઝાબથી અને તારા તુફૈલ તારી પકડથી પનાહ માંગું છું, હું તારી સંપૂર્ણપણે તારીફ નથી કરી શક્તો જેવી કે તેં તારી તારીફ કરી છે. હું તે જ કાંઈ કહું છું જે મારા ભાઈ દાઊદ علیہ السلامએ કહ્યું, "હું મારો ચહેરો મારા આકાને માટે ધૂળમાં મેળવું છું અને મારો આકા એના લાયક છે કે એની આગળ ચહેરો ખાકમાં મેળવવામાં આવે.

પછી આપે માથુ ઉઠાવ્યું તો મેં અર્ઝ કરી, મારાં માં બાપ આપના પર કુર્બાન ! આપ અહીં આવેલા છો અને હું ત્યાં હતી ! આપે ફર્માવ્યું, હે હમીરા ! શું તું નથી જાણતી કે **આજે ૧૫ મી શાબાનની રાત છે, આ રાતમાં અલ્લાહ તઆલા બનૂ કલ્બના બકરીઓના વાળોના બરાબર લોકોને આગથી આઝાદ ફર્માવે છે. પણ છ માણસો આ રાત્રે પણ મેહરૂમ રહે છે : શરાબખોર, માંબાપનો નાફર્માન, આદી વ્યભિચારી (ઝાની), ગર્ભનો નાશ કરનાર, શંખ તથા સિતાર વગાડનાર અને ચુગલખોર.** એક રિવાયતમાં સિતાર વગાડનારની જગાએ ફોટોગ્રાફરનો શબ્દ આવેલો છે.

અને કિસ્મત તથા તકદીરની રાતનું પણ નામ આપવામાં આવ્યું છે, કેમ કે અતાઅ્ ઈબ્ને યસારથી રિવાયત છે કે જ્યારે શાબાનની ૧૫મી રાત આવે છે તો મલકુલ મૌતને દરેક તે શખ્સનું નામ લખાવી દેવામાં આવે છે જે આ શાબાનથી આવતા શાબાન સુધીમાં મરનાર હોય છે. માણસ છોડો લગાડે છે, ઔરતોની નિકાહ કરે છે, ઈમારતો બનાવે છે જ્યારે કે તેનું નામ મુડદાંઓમાં હોય છે, અને મલકુલ મૌત એક ઈન્તેઝારમાં હોય છે કે એને ક્યારે હુકમ મળે અને તે તેની રૂહ કબ્ઝ કરી લે.

*(પ્રકરણ : ૧૦૨)*

## ફઝાઈલે રમઝાનુલ મુઅઝ્ઝમ

يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُتِبَ عَلَيْكُمُ الصِّيَامُ كَمَا كُتِبَ عَلَى الَّذِيْنَ مِنْ قَبْلِكُمْ

**તર્જુમો** : ''હે લોકો ! જેઓ ઈમાન લાવ્યા છો, તમારા પર રોઝા ફર્ઝ કરવામાં આવ્યા છે, જેવી રીતે તમારાથી આગળવાળા લોકો ફર્ઝ કરવામાં આવ્યા હતા.'' *(સૂ. બક઼રહ, આ. : ૧૮૩)*

હઝરત સઈદ ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہ નો કૌલ છે કે આપણાથી અગાઉના લોકો ઉપર ઈશાથી લઈને બીજી રાત આવતાં સુધીનો રોઝો હતો. જેમ કે ઈસ્લામના પ્રારંભમાં પણ એ જ દસ્તૂર હતો.

અહલે ઈલ્મની એક જમાઅતનો કૌલ છે કે નસારા (ઈસાઈઓ) પર આ જ પ્રમાણે રોઝા ફર્ઝ કરવામાં આવ્યા હતા. ક્યારેક તો રોઝાનો મહીનો સખત ગરમી અને ક્યારેક તો સખત ઠંડીમાં આવી જતો જેના કારણે તેમને સફર તથા પોતાના કારોબારમાં સખત અગવડ પડતી. જેથી કરીને તેમના મોટેરાંઓ ભેગા થયા અને આપસમાં મળીને એવું નક્કી કરવામાં આવ્યું કે રોઝા ઠંડી તથા ગરમીઓના સિવાયની વરસની અન્ય ઋતુમાં રાખવામાં આવે. જેથી તેમણે રોઝાના માટે વસંત ઋતુને નક્કી કરી અને પોતાની આ હેરફેરના કફ્ફારા રૂપે દસ રોઝાઓનો વધારો કરી આપ્યો.

પછી તેમનો એક બાદશાહ બીમાર પડી ગયો તેણે નઝર માની કે જો તે આ બીમારીથી તંદુરસ્ત થઈ ગયો તો એક અઠવાડિયાના રોઝાઓનો વધારો કરશે, જેથી જેવો તે તંદુરસ્ત થયો કે તેણે લોકોના માટે એક અઠવાડિયાના રોઝા વધારી આપ્યા. જ્યારે તે બાદશાહ મૃત્યુ પામ્યો અને બીજો બાદશાહ આવ્યો તો તેણે લોકોને હુકમ આપ્યો કે તમે પૂરા પચાસ રોઝા પૂરા કરો. પછી તેને બે મૌતો પહોંચી અને તે જાનવરોની મૌત હતી તો તે બાદશાહે કહ્યું, તમારા રોઝાઓમાં ઉમેરો કરો ! જેથી દસ રોઝા તે રોઝાઓ પહેલાં અને દસ બાદમાં વધારી દેવામાં આવ્યા.

તેમજ કહેવામાં આવ્યું છે કે કોઈ ઉમ્મત એવી નથી પણ અલ્લાહ તઆલાએ તેમના ઉપર રમઝાનના રોઝા ફર્ઝ કર્યા હતા પણ તેઓ તેનાથી ફરી બેઠા.

બગ્વીનો કૌલ છે અને સહીહ પણ એ જ છે કે રમઝાન મહીનાનું નામ છે અને તે "રમ્ઝાઅ્"થી નીકળેલો છે જેનો અર્થ ગરમ પથ્થર થાય છે. કેમ કે સખત ગરમીની ઋતુમાં રોઝા રાખ્યા કરતા હતા. અરબ કબીલાઓએ જ્યારે મહીનાઓનાં નામ રાખવા ચાહ્યું તો એ દિવસોમાં આ મહીનો સખત ગરમીઓના દિવસોની ઋતુમાં આવ્યો જેથી તેનુ નામ રમઝાન રાખવામાં આવ્યું. કેટલાક હઝરાતનું કહેવું છે કે આ મહીનાને રમઝાન એટલા માટે કહે છે કે આ મુકદસ મહીનો ગુનાહોને બાળી મૂકે છે.

## ★ રોઝાની ફર્ઝિયત ★

રોઝા હિજરતના બીજા વરસે ફર્ઝ કરવામાં આવ્યા. આ દીનનો એક મહત્વનો રુકન છે. તેના ફર્ઝ હોવાનો ઈન્કાર કરનારને કાફિર ઠરાવવામાં આવ્યો છે. મુબારક હદીષોમાં આ મહીનાના ઘણાયે ફઝાઈલ નકલ થએલા છે, જેમાંથી એક હદીષ એ છે કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું, **જ્યારે રમઝાનુલ મુબારકની પહેલી રાત આવે છે તો જન્નતના તમામ દરવાજા ખોલી નાખવામાં આવે છે અને આખા રમઝાન મહીના સુધી તેમાંથી કોઈ દરવાજા બંધ કરવામાં નથી આવતો. અને અલ્લાહ તઆલા પોકાર કરનારને હુકમ આપે છે કે જે પોકાર કરે છે, હે નેકીની તલબ કરનાર ! ધ્યાન કર ! અને હે ગુનાહના**

**તલબગાર ! રોકાઈ જા ! પછી તે કહે છે કે, છે કોઈ બખ્શિશ તલબ કરનાર ! જેને બખ્શી દેવામાં આવે ! કોઈ માંગનાર છે જેને અતા કરવામાં આવે ! કોઈ તૌબા કરનાર છે જેની તૌબા કબૂલ કરવામાં આવે ! અને સવાર થતાં સુધી આ પોકાર ચાલુ રહે છે. અને અલ્લાહ તઆલા દરેક ઈદુલ ફિત્રની રાત્રે દસ લાખ એવા બંદાઓને બખ્શે છે જેમના પર અઝાબ વાજિબ થઈ ચૂક્યો હોય છે.** *(સુનને તિર્મિઝી, ૧/૧૪૭, અબ્વાબુસ્સોમ, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૫૮૨, અલ્મોઅજમુસ્સગીર લિત્તબરાની, ૧/૧૭૭, કન્ઝુલ ઉમ્માલ, ૮/૪૬૯)*

હઝરત સલમાન ફારસી رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ અમને શાબાનના છેલ્લા દિવસે ખુત્બો આપ્યો અને ફર્માવ્યું, હે લોકો ! તમારા પર એક મહાન મહીનો આવી રહ્યો છે જેમાં **લૈલતુલ કદ્ર** છે જે **હજાર મહીનાઓથી બેહતર છે.** અલ્લાહ તઆલાએ તેના રોઝાઓને ફર્ઝ અને તેની રાતોમાં ઈબાદતને સુન્નત ઠરાવી દીધી છે. **જે શખ્સ આ મહીનામાં કોઈ (નફ્લ) નેકી કરે છે તો તેને અન્ય મહીનાઓમાં ફર્ઝ અદા કરે એટલો સવાબ મળે છે, અને જેણે ફર્ઝ અદા કર્યો તે એવો છે કે તે અન્ય મહીનામાં ૭૦ ફર્ઝો અદા કર્યા (૭૦ ગણો સવાબ મળે છે). આ સબ્રનો મહીનો છે અને સબ્રનો બદલો જન્નત છે, આ ભાઈચારા અને હમદર્દીનો મહીનો છે, આ એવો મહીનો છે કે જેમાં મો'મિનનું રિઝ્ક વધી જાય છે. જે શખ્સે આ મહીનામાં કોઈ રોઝાદારનો રોઝો ઈફતાર કરાવ્યો તેને ગુલામ આઝાદ કરવાનો સવાબ મળે છે અને તેના ગુનાહો બખ્શી દેવામાં આવે છે.**

અમે અર્ઝ કરી યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم અમારામાંથી દરેક માણસ એવી શક્તિ નથી ધરાવતો કે રોઝાદારનો રોઝો ઈફતાર કરાવે. આપે ફર્માવ્યું, અલ્લાહ તઆલા આ સવાબ દરેક તે શખ્સને અતા કરે છે જે કોઈ રોઝાદારનો રોઝો દૂધના ઘૂંટડા કે પાણીના ઘૂંટડા કે ખજૂર વડે ઈફતાર કરાવે છે. અને જેણે કોઈ રોઝાદારને ધરાવી દીધો તો એ તેના ગુનાહોની બખ્શિશ બનશે અને અલ્લાહ તઆલા તેને મારા હોઝ વડે એવો સૈર કરશે

(ધરાવી દેશે) કે તે એના પછી કદી પ્યાસો (તરસ્યો) નહીં થાય અને તેને પણ રોઝાદારના જેટલો સવાબ મળશે, છતાં રોઝાદારના સવાબમાંથી કોઈ કમી કરવામાં નહીં આવે. અને આ તે મહીનો છે જેનો અવ્વલ રહમત, દરમિયાન મગફેરત અને આખર જહન્નમથી આઝાદી છે. જેણે આ મહીનામાં પોતાના નોકરથી ઓછુ કામ લીધું તેને અલ્લાહ તઆલા જહન્નમથી મુક્તિ આપશે. એમાં ચાર કામો ખૂબ જ અધિક પ્રમાણમાં કરો, બે કામો થકી તમે તમારા રબને રાજી કરશો અને બે કામોથી તમારે બેપરવાહી નથી વર્તવાની. તે બે કામો જેનાથી તમે તમારા રબને રાજી કરશો તે **લાઈલાહ ઈલ્લલ્લાહ**ની ગવાહી અને ઈસ્તિગફાર (ગુનાહોની તૌબા) કરવું. અને તે બે કામો જેનાથી તમારા માટે ચારો નથી તે તમારા રબથી જન્નતનો સવાલ અને જહન્નમથી પનાહ માંગવાની છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૮/૪૭૭)*

આ ફઝીલતોની હદીષોમાં એક હદીષ એ પણ છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, જેણે ઈમાન અને સવાબ પ્રાપ્તિ માટે માહે રમઝાનના રોઝા રાખ્યા તેના આગલા પાછલા તમામ ગુનાહો બખ્શી દેવામાં આવે છે. *(સહીહ બુખારી, અબ્વાબુલ ઈમાન, ૧/૧૦, અબૂ દાઊદ સિયામ, ૧/૩૦૮, તિર્મિઝી, ૧/૧૪૭, બયહકી, ૪/૫૦૦, મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૪૬૨)*

નબી કરીમ ﷺ ફર્માવે છે કે રબ તઆલા ફર્માવે છે કે ઈન્સાનનો દરેક અમલ પોતાના માટે છે સિવાય રોઝાના કે ખરેખર રોઝો મારા માટે છે અને હું જ તેનો બદલો છું અને તારા માટે એવી ઈબાદત પૂરતી છે જેને અલ્લાહ તઆલાએ પોતાની સાથે મન્સૂબ કરેલી છે. *(સુનને બયહકી, ૪/૫૦૦)*

## ★ રોઝાદારના મોઢાની બૂ મુશ્કથી વધીને ! ★

હુઝૂર ﷺ ઈર્શાદ ફર્માવે છે કે રમઝાન મહીનામાં મારી ઉમ્મતને પાંચ ચીજો આપવામાં આવી છે જે એથી પહેલાં કોઈ ઉમ્મતને આપવામાં નથી આવી : (૧) રોઝાદારના મોઢાની બૂ અલ્લાહને ત્યાં મુશ્કથી પણ અધિક ઉમદા છે. (૨) તેના ઈફતાર સુધી ફરિશ્તા તેના માટે બખ્શિશની દુઆ કરે છે. (૩) આ મહીનામાં સરકશ શૈતાન કૈદ કરી દેવામાં આવે છે.

(૪) અલ્લાહ તઆલા દરરોજ જન્નતને શણગારે છે અને ઈર્શાદ ફર્માવે છે કે નજીકમાં જ મારા નેક બંદાઓ એમાં દાખલ થશે. (૫) એમનાથી તકલીફ તથા મુસીબતો દૂર કરી દેવામાં આવે છે.

અને આ મહીનાની અંતિમ રાતમાં તેમને બખ્શવામાં આવે છે. અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! શું એનાથી મુરાદ લૈલતુલ કદ્ર છે ? આપે ફર્માવ્યું, નહીં ! પરંતુ કામ કરનારો કામ પૂર્ણ કરીને પોતાનો બદલો પામે છે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૨/૫૬૭, કન્ઝુલ ઉમ્માલ, ૮/૪૭૧)*

(અહીં રોઝાદારના મોઢાની બૂ વિશે વર્ણન છે તેનો મતલબ એ હરગિઝ ન લેવામાં આવે કે મોઢુ અને દાંત સાફ કરવાથી સુસ્તી વર્તવામાં આવે, બલ્કે **રમઝાનમાં મિસ્વાક કરવું એ અન્ય દિવસો કરતાં દસ ગણુ વધારે સવાબનો સબબ છે.**)

***(પ્રકરણ : ૧૦૩)***

## લૈલતુલ કદ્રની ફઝીલત

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની રિવાયત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم ની સમક્ષ બની ઈસ્રાઈલના એવા શખ્સની ચર્ચા કરવામાં આવી જેણે હજાર મહીનાઓ ખુદાની રાહમાં પોતાના ખભા પર હથિયાર ઉઠાવ્યાં હતાં. હુઝૂર صلی اللہ علیہ وسلم એ એના પર આશ્ચર્ય વ્યક્ત કર્યું અને પોતાની ઉમ્મતના માટે એવી નેકીની તમન્ના ફર્માવી, અને કહ્યું, હે રબ ! તેં મારી ઉમ્મતને સર્વ ઉમ્મતોથી ઓછી ઉંમરવાળી અને અમલોમાં સર્વ ઉમ્મતોથી કમ રાખેલ છે. ત્યારે અલ્લાહ તઆલાએ આપને લૈલતુલ કદ્ર અતા ફર્માવી જે હજાર મહીનાઓની ઈબાદતથી અફઝલ છે. જેટલો સમય બની ઈસ્રાઈલના તે માણસે રાહે ખુદામાં હથિયાર ઉઠાવ્યાં હતાં એ લાંબી મુદ્દતના મુકાબલામાં આપને તથા આપની ઉમ્મતને એક રાત બખ્શવામાં આવી. આ મહાન નેઅમત (લૈલતુલ કદ્ર) આ ઉમ્મતની વિશિષ્ટતાઓમાંથી છે. *(તફસીરે અઝીઝ)*

એક રિવાયત છે કે તે શખ્સનું નામ શમ્ઊન હતું. તેણે એક હજાર મહીનાઓ દુશ્મનોથી જેહાદ કર્યો અને કદી પણ તેના ઘોડાની ઝીન નીચેનું કપડુ (પસીનાથી) સૂકાવા ન પામ્યું. તેને અલ્લાહ તઆલાએ જે શક્તિ તથા દિલેરી અતા કરી હતી તેના જોરે તેને દુશ્મનોને દબાવી દીધા. ત્યાં સુધી કે તેમનાં દિલો તંગ આવી ગયાં અને તેમણે તેની પત્ની પાસે એક કાસિદ મોકલ્યો અને તેઓ એ વાતના જામિન બની ગયા કે જો તેણી પોતાના પતિને કૈદ કરી લે તો તેઓ તેને સોનાનો ભરલો થાળ આપશે. જેથી તે આ મર્દે મુજાહિદને પોતાના તૈયાર કરેલો મકાનમાં કૈદ કરી દે અને સૌ લોકો રાહત તથા સુકૂન પામે. જેથી જ્યારે તે સૂઈ ગયો તો તેની પત્નીએ તેને ખજૂરની છાલથી બનેલ મજબૂત દોરડાં વડે બાંધી દીધો. જ્યારે તે જાગ્યો તો તેણે પોતાના શરીરને હરકત આપી જેનાથી તેણે દોરડાઓનાં ટુકડે ટુકડા કરી નાખ્યા અને ઔરતને પૂછયું, તેં આવું શા માટે કર્યું ? ઔરત બોલી હું તમારી શક્તિનો અંદાઝો લગાડવા માંગતી હતી !

જ્યારે કાફિરોને એની ખબર મળી તો તેમણે તે ઔરતની પાસે એક મોટી સાંકળ મોકલી તો ઔરતે ફરી તેને બાંધી દીધો અને તે મર્દે મુજાહિદે અગાઉની જેમ તેને પણ તોડી નાખી. ત્યારે ઈબ્લીસ કાફિરોની પાસે આવ્યો અને તેમને એ વાત સમજાવી કે તેઓ ઔરતને કહે કે તે મર્દને જ પૂછે કે કઈ ચીજ એવી છે જેને તોડવાની તે શક્તિ નથી ધરાવતો. જેથી તેમણે ઔરતની તરફ માણસ મોકલ્યો અને તેણીને એ જ કહેવડાવ્યું. જેથી તે ઔરતે તેને સવાલ કર્યો અને તે મર્દે મુજાહિદે કહ્યું, મારા વાળ ! તેના અઢાર લાંબા વાળ હતા જે જમીન પર ઘસડાતા રહેતા હતા. જ્યારે તે સૂઈ ગયો તો ઔરતે ચાર વાળો વડે તેના પગોને ચાર વડે તેના હાથોને બાંધી દીધા. પછી કાફિર આવી ગયા અને તેમણે તેને પકડી લીધો અને તેને પોતાની કુરબાનગાહની તરફ લઈ ગયા. તે ચારસો હાથ ઊંચી હતી પણ આટલી ઊંચાઈ અને પહોળાઈ છતાં તેમાં એક થાંભલો હતો. કાફિરોએ તેના કાન અને હોઠ કાપી લીધા અને તેઓ સૌ ત્યાં એકત્ર હતા. ત્યારે તે મર્દે મુજાહિદે અલ્લાહથી સવાલ કર્યો કે તેને આ બંધનોને તોડવાની શક્તિ આપે અને તે કાફિરો પર આ થાંભલો છતની સાથે પાડી દે અને તેને તેમના ચુંગાલમાંથી

છૂટકારો આપે. જેથી અલ્લાહ તઆલાએ તેને શક્તિ આપી અને તે હાલ્યો તો તેના તમામ બંધન તૂટી ગયાં, ત્યારે તેણે થાંભલાને હલાવ્યો જેના કારણે છત કાફિરો પર આવીને પડી અને અલ્લાહ તઆલાએ તે સૌને હલાક કરી દીધા અને તેને છૂટકારો આપ્યો.

જ્યારે રસૂલે પાક ﷺના સહાબીઓએ આ વાત સાંભળી તો તેમણે કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ શું અમે પણ એના જેવો સવાબ પામી શકીએ છીએ ? તો આપે આપના રબને સવાલ કર્યો તો અલ્લાહ તઆલાએ લૈલતુલ કદ્ર અતા કરી જેમ કે અગાઉ વર્ણન થઈ ચૂક્યું છે.

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, જ્યારે લૈલતુલ કદ્ર આવે છે તો જિબ્રઈલ علیہ السلام ફરિશ્તાઓની એક જમાઅત સાથે નાઝિલ થાય છે અને દરેક તે બંદા પર રહમત મોકલે છે અને બખ્શિશની દુઆ કરે છે જે ઉભો રહીને અથવા બેસીને અલ્લાહ તઆલાના ઝિક્રમાં મશ્ગૂલ થાય છે. *(દુર્રે મન્થૂર, ૬/૬૩૯)*

## ★ લૈલતુલ કદ્રમાં અગણિત રહમતોનું ઉતરાણ ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ કહે છે કે લૈલતુલ કદ્રમાં જમીન પર અસંખ્ય ફરિશ્તા ઉતરે છે અને તેમના ઉતરવાના માટે આસ્માનના દરવાજા ખોલી દેવામાં આવે છે. જેમ કે હદીષ શરીફમાં આવેલું છે. ત્યારે અન્વાર ચમકે છે, અઝીમ તજલ્લી થાય છે, જેમાં મુલ્કે અઝીમ બહાર પડે છે, લોકો તેમાં વિવિધ દરજાઓ પર બીરાજમાન થાય છે. કેટલાક એવા હોય છે જેમના પર જમીન તથા આસ્માનના ફરિશ્તા જાહેર થાય છે તો તેઓ આસ્માનોમાં ફરિશ્તાઓને એવી સૂરતોમાં જુએ છે જેમાં તેઓ મશ્ગૂલ હોય છે. કેટલાક કયામમાં, કેટલાક કાએદામાં, કેટલાક રુકૂઅમાં, કેટલાક સિજદામાં, કેટલાક ઝિક્રમાં, કેટલાક શુક્રમાં અને કેટલાક તસ્બીહ તથા તહલીલમાં મશગૂલ છે.

કેટલાક લોકો પર જન્નતની હાલતો જાહેર થાય છે અને તેઓ જન્નતના મહેલો હૂરો, નહેરો, ઝાડ અને જન્નતનાં ફળ વગેરે જુએ છે અને અર્શે અઝીમનો નઝારો કરે છે કે જે જન્નતની છત છે; અંબિયા,

ઔલિયા, સિદ્દીકોના મકામો જુએ છે. કેટલાક એવા લોકો પણ હોય છે જેમની આંખોથી હિજાબ (પર્દા) ઉઠી જાય છે અને તે રબ્બે ઝુલ જલાલના જમાલ સિવાય અન્ય કાંઈ નથી જોઈ શક્તા.

હઝરત ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, જે શખ્સે માહે રમઝાનની સત્તાવીસમી રાત સવાર થતાં સુધી ઈબાદતમાં ગુઝારી તે મને રમઝાનની તમામ રાતોની ઈબાદતથી અધિક પસંદ છે. હઝરત ફાતિમા ઝોહરા رضی اللہ عنہاએ અર્ઝ કરી, હે અબ્બાજાન ! તે વૃદ્ધ પુરૂષો તથા સ્ત્રીઓ શું કરે જેઓ ઉભા રહેવાની શક્તિ નથી ધરાવતાં ? આપે ફર્માવ્યું, શું તેઓ તકીઆ નથી રાખી શક્તાં જેનો સહારો લે અને તે રાતની ઘડીઓમાંથી અમુક ઘડીઓ બેસીને ગુઝારે અને અલ્લાહ તઆલાથી દુઆ માંગે ? પણ આ વાત મને મારી ઉમ્મતની આખા રમઝાન મહીનામાં ઉભા રહીને (નમાઝમાં) ગુઝારવા કરતાં અધિક પસંદ છે. *(દુર્રે મન્થૂર, ૨/૬૩૯)*

હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, જેણે લૈલતુલ કદ્ર જાગીને (ઈબાદતમાં) પસાર કરી અને એમાં બે રકાત નમાઝ અદા કરી અને અલ્લાહ તઆલાથી બખ્શિશ તલબ કરી તો અલ્લાહ તઆલાએ તેને બખ્શી દીધો અને તેને પોતાની રહમતમાં જગા આપી, અને જિબ્રઈલ علیہ السلامએ તેના પર પોતાની પાંખો ફેરવી અને જેના પર જિબ્રઈલ પોતાની પાંખો ફેરવે તે જન્નતમાં દાખલ થયો. *(દુર્રે મન્થૂર, ૬/૬૩૯)*

(પ્રકરણ : ૧૦૪)

# ફઝાઈલે ઈદુલ ફિત્ર

ઈદ નામ છે માહે શવ્વાલના પ્રથમ દિવસ અને ઝીલ હજજના દસમા દિવસનું. આ દિવસોને ઈદ એટલા માટે કહે છે કે એમાં લોકો અલ્લાહની ફર્માંબરદારી એટલે કે રમઝાન મહીનાના ફર્ઝ રોઝા અને હજજથી ફારિગ થયા અને રસૂલુલ્લાહ ﷺની ફર્માંબરદારી પ્રતિ વળ્યા એટલે કે તેમણે શવ્વાલના છ રોઝા રાખ્યા અને હુઝૂર ﷺની ઝિયારતની (મદીનાની) તૈયારી કરી.

અથવા એને ઈદ એટલા માટે કહેવામાં આવે છે કે આ દિવસ દર વરસે પાછો આવે છે.

અથવા એટલા માટે કે એમાં અલ્લાહ તઆલા વારંવાર ફઝલો કરમ કરે છે અથવા એટલા માટે કે તેના આવવાથી ખુશી પાછી આવે છે. તમામ ખુલાસાઓ "અવદ" (પાછા વળવા)નો અર્થ જોવા મળે છે.

## ★ પ્રથમ ઈદની નમાઝ ★

હુઝૂર ﷺએ ઈદની પ્રથમ નમાઝ હિ.સ. ૨માં "નમાઝે ઈદુલ ફિત્ર" અદા કરી અને પછી તેને કદી છોડી નથી, જેથી એ "સુન્નતે મોઅક્કદા" છે.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે તમારી ઈદોને તકબીરો વડે ઝીનત બખ્શો (શોભાવો). *(કન્ઝુલ ઉમ્માલ, ૮/૫૪૬, હદીષ : ૨૪૦૯૪, અત્તરગીબ વત્તરહીબ, ૨/૯૮, અલ્મોઅજમુસ્સગીર લિત્તબરાની, ૧/૨૧૫)* હુઝૂર ﷺ ફર્માવે છે કે જે શખ્સે ઈદના દિવસે **૩૦૦** વખત **સુબ્હાનલ્લાહિ વબિહમ્દિહી** પઢયું અને મુસલમાન મુડદાંની રૂહોને તેનો સવાબ હદિયો કર્યો તો દરેક મુસલમાનની કબરમાં એક હજાર અન્વાર દાખલ થાય છે, અને જ્યારે તે મરશે તો અલ્લાહ તઆલાની તેની કબરમાં એક હજાર અન્વાર દાખલ કરશે.

જનાબ વહબ ઈબ્ને મુનબ્બિહ رضی اللہ عنہથી એ પણ રિવાયત છે કે

અલ્લાહ તઆલાએ ઈદુલ ફિત્રના દિવસે જન્નતને પેદા ફર્માવી અને તૂબા ઝાડ ઈદુલ ફિત્રના દિવસે જ રોપ્યું. જિબ્રઈલની વહીના માટે ઈદુલ ફિત્રના દિવસે જ પસંદગી કરી અને ફિરઔનના જાદૂગરોની તૌબા પણ અલ્લાહ તઆલાએ ઈદુલ ફિત્રના દિવસે જ કબૂલ ફર્માવી.

ફર્માને નબવી છે કે જેણે ઈદની રાતે સવાબ મેળવવાના હેતુથી કિયામ કર્યો (નમાઝ પઢી) તો તે દિવસે તેનું દિલ નહીં મરે જે દિવસે તમામ દિલો મરી જશે. *(સુનને ઈબ્ને માજહ, ૧/૧૨૭, અત્તરગીબ વત્તરહીબ, ૨/૯૮, કન્ઝુલ ઉમ્માલ, ૮/૫૪૮, હદીષ નં. : ૨૪૧૦૫)*

### ★ ઈદ અને હઝરત ઉમર رضی اللہ عنہ ★

**હિકાયત** : હઝરત ઉમર رضی اللہ عنہએ ઈદના દિવસે પોતાના પુત્રને પૂરાણી કમીઝ પહેરેલ જોયો તો રડી પડયા. પુત્રએ કહ્યું, અબ્બાજાન ! તમે શા માટે રડો છો ? આપે ફર્માવ્યું, હે બેટા ! મને ડર છે કે આજે ઈદના દિવસે જ્યારે છોકરા તને જોશે તો ફાટેલા પૂરાણા કમીઝમાં જોશે તો તારું દિલ તૂટી જશે ! બેટાએ જવાબ આપ્યો, દિલ તો તેનું તૂટે જે રઝાએ ઈલાહીને ન મેળવી શક્યો અથવા તેણે માં કે બાપની નાફર્માની કરી હોય. અને મને ઉમ્મીદ છે કે આપની રઝામંદીના તુફૈલ અલ્લાહ તઆલા પણ મારાથી રાજી હશે. આ સાંભળીને હઝરત ઉમર رضی اللہ عنہ રડી પડયા, બેટાને ગળે લગાડયો અને તેના માટે દુઆ કરી.

કોઈ શાયરે શું સરસ કહ્યું છે :–

**૧.** તેમણે કહ્યું કાલે ઈદ છે તમે શું પહેરશો ? મેં કહ્યું, એવો પોશાક જેણે બંદાને ક્રમે ક્રમે ઘણો મોટો કરી આપ્યો.

**૨.** ગરીબી અને સબ્ર બે કપડાં છે અને તેમની વચ્ચે દિલ છે જેને તેનો માલિક ઈદો અને જુમ્આમાં જુએ છે.

**૩.** ત્યારે મારી ઈદ નહીં થાય હે ઉમ્મીદ ! જો તું ગાયબ થઈ જાય અને જો તું મારી સામે અને કાનોની પાસે હોય છે તો પછી મારી ઈદ છે.

એ વાત પણ આવેલી છે કે જ્યારે ઈદની સવાર થાય છે તો અલ્લાહ તઆલા ફરિશ્તાઓને મોકલે છે જેઓ જમીન પર ઉતરે છે અને તેઓ ગલી કૂચાઓ અને માર્ગોમાં ઉભા રહી જાય છે અને મોટા અવાજથી કહે

છે કે જેને જિન તથા ઈન્સાન સિવાય મખ્લૂક સાંભળે છે. તેઓ કહે છે :–

હે મુહમ્મદ ! ﷺની ઉમ્મત ! તારા રબ્બે કરીમની તરફ આવ ! તે તમને અતાએ અઝીમ આપશે અને તમારા ઘણા જ મહાન ગુનાહ ફર્માવી દેશે. અને જ્યારે લોકો ઈદગાહોમાં આવી જાય છે તો અલ્લાહ તઆલા ફરિશ્તાઓને ફર્માવે છે, મજદૂરીનો બદલો શું છે જ્યારે કે તે કામ સંપૂર્ણ કરી લે ?! ફરિશ્તો કહે છે, એનો બદલો એ છે કે તેનો પૂરો બદલો આપવામાં આવે. ત્યારે અલ્લાહ તઆલા ફર્માવે છે કે હું તમને ગવાહ બનાવું છું, મેં તે લોકોના માટે મારી બખ્શિશ અને રઝાને તેનો બદલો બનાવ્યો છે.

(પ્રકરણ : ૧૦૫)

## ઝીલ હજજના દસ દિવસની ફઝીલત

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, અન્ય દિવસો એવા નથી જેમાંના અમલ અલ્લાહ તઆલાને એ દિવસો એટલે કે ઝીલ હજજના દસ દિવસોના અમલથી વિશેષ પસંદ હોય. સહાબાએ કિરામે અર્ઝ કરી, શું રાહે ખુદામાં જેહાદ પણ એવો નથી ? આપે ફર્માવ્યું, હા ! રાહે ખુદામાં જેહાદ પણ. પણ એ કે પોતાનો માલ તથા જાન લઈને રાહે ખુદામાં નીકળ્યો અને તેમાંથી કાંઈપણ સલામત ન લાવ્યો. *(સુનને અબૂ દાઊદ, ૧/૩૩૧, સુનને તિર્મિઝી, સિયામ, ૧/૧૫૮, મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૫૬૯, હદીષ, ૩૨૧૮, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૨/૧૧, હદીષ–૧૨૩૨૭)*

હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہથી રિવાયત છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાને આ દિવસો કરતાં વધુ મહબૂબ અન્ય કોઈ દિવસ નથી અને આ દસ દિવસોથી અફઝલ અલ્લાહ તઆલાને ત્યાં કોઈ દિવસ નથી. કહેવામાં આવ્યું કે રાહે ખુદામાં જેહાદનો દિવસ પણ એવો નથી ? આપે ફર્માવ્યું કે રાહે ખુદામાં જેહાદનો દિવસ પણ એના

જેવો નથી પણ જે શખ્સે રાહે ખુદામાં પોતાના ઘોડાને ઝખ્મી કરી નાખ્યો અને પોતે પણ ઝખ્મી થયો. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૨/૩૧૮, હદીષ, ૩૫૧૯૫, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની,૧૨/૧૧, હદીષ, ૧૨૩૨૮)*

હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે કે એક યુવાન જે નબી પાક صلی اللہ علیہ وسلمની હદીષો સાંભળ્યા કરતો હતો, જ્યારે ઝીલ હજ્જનો ચાંદ નજર આવ્યો તો તેણે રોઝો રાખી લીધો. જ્યારે હુઝૂર صلی اللہ علیہ وسلمને આ ખબર મળી તો આપે તેને બોલાવ્યો અને પૂછયું કે તને કોણે એ વાત માટે તૈયાર કર્યો કે તેં રોઝો રાખી લીધો ? તેણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મારાં મા બાપ આપના પર કુર્બાન થાય ! આ હજ્જ તથા કુર્બાનીના દિવસો છે, બની શકે કે અલ્લાહ તઆલા મને પણ તેમની દુઆઓમાં સામેલ કરી લે. આપે ફર્માવ્યું, તારા દરેક દિવસના રોઝાનો બદલો સો ગુલામ આઝાદ કરવા જેટલો, સો ઊંટની કુર્બાનીઓ અને રાહે ખુદામાં આપવામાં આવેલા સો ઘોડાઓના બદલા જેટલો છે. જ્યારે આઠમી ઝીલ હજ્જનો દિવસ થશે તો તને તે દિવસના રોઝાનો સવાબ હજાર ગુલામ આઝાદ કરવા અને હજાર ઊંટની કુર્બાની કરવાનો અને ખુદાની રાહમાં સવારીના માટે હજાર ઘોડા આપવા જેટલો મળશે. જ્યારે નવમીનો દિવસ થશે તો તને રોઝાનો સવાબ બે હજાર ગુલામ આઝાદ કરવાનો, બે હજાર ઊંટોની કુર્બાની અને રાહે ખુદામાં સવારીના માટે બે હજાર ઘોડા આપવા જેટલો સવાબ મળશે.

નબી કરીમ صلی اللہ علیہ وسلمનો ઈર્શાદ છે કે નવમી ઝીલ હજ્જનો રોઝો બે વરસના રોઝા સમાન અને આશૂરાનો રોઝો એક વરસના રોઝા જેટલો છે. *(સહીહ મુસ્લિમ, સિયામ, ૧/૩૬૭, મિશ્કાતુલ મસાબીહ, ૧/૧૭૯, અલ્મોઅજમુસ્સગીર લિત્તબરાની, ૨/૭૧, બરિયાવત મુહમ્મદ બિન રઝીન)*

મુફસ્સિરીને કિરામ આ ફર્માને ઈલાહી :–

وَ وٰعَدْنَا مُوْسٰى ثَلٰثِیْنَ لَیْلَةً وَّ اَتْمَمْنٰهَا بِعَشْرٍ "અને અમે મૂસા علیہ السلامને ત્રીસ રાતોનો વાયદો આપ્યો અને તેને દસથી પૂરો કર્યો." *(સૂ. અઅરાફ, આ. : ૧૪૨)* ની તફસીરમાં લખે છે કે આ દસ રાતોથી મકસદ ઝીલ હજ્જની પ્રથમ દસ રાતો છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما થી મરવી છે કે, અલ્લાહ તઆલાએ દિવસોમાંથી ચાર દિવસ, મહીનાઓમાંથી ચાર મહીના, ઔરતોમાંથી ચાર ઔરતો પસંદ ફર્માવી, ચાર પુરૂષ જન્નતમાં સૌ પ્રથમ જશે અને ચાર આદમીઓની જન્નત મુશ્તાક (આતુર) છે. દિવસોમાં પ્રથમ દિવસ જુમ્આનો દિવસ છે, એમાં એવી ઘડી છે કે જ્યારે કોઈ બંદો તે ઘડીમાં દુનિયા કે આખેરતની કોઈ નેઅમતનો સવાલ કરે છે તો અલ્લાહ તઆલા તેને અતા કરે છે. બીજો નવમી ઝીલ હજ્જ (અરફા)નો દિવસ છે. જ્યારે અરફાનો દિવસ થાય છે તો અલ્લાહ તઆલા ફરિશ્તાઓમાં ફખ્ર કરે છે અને ફર્માવે છે, હે ફરિશ્તાઓ ! મારા બંદાઓને જુઓ જેઓ વિખેરાએલા વાળ, ધૂળવાળા ચહેરા સાથે માલ ખર્ચ કરીને અને શરીરોને તકલીફમાં નાખીને હાજર થયા છે ! તમે ગવાહ થઈ જાવ મેં તેમને બખ્શી દીધા ! ત્રીજો કુર્બાનીનો દિવસ છે. જ્યારે કુર્બાનીનો દિવસ આવે છે અને બંદો કુર્બાની વડે કુર્બે ઈલાહી તલબ કરે છે તો જેવું કુર્બાનીના લોહીનું પ્રથમ ટીપુ જમીન પર પડે છે, તો તે બંદાના દરેક ગુનાહનો તે કફ્ફારો બની જાય છે. ચોથો ઈદુલ ફિત્રનો દિવસ છે. જ્યારે બંદાઓ માહે રમઝાનના રોઝા રાખી લે છે અને ઈદની નમાઝ પઢવા બહાર નીકળે છે તો અલ્લાહ તઆલા ફરિશ્તાઓને ફર્માવે છે કે, દરેક કામ કરવાવાળો મજૂરી માંગે છે, મારા બંદાઓએ આખો મહીનો રોઝો રાખ્યા અને હવે ઈદના માટે આવ્યા છે અને પોતાની મજૂરી માંગી રહ્યા છે, હું તમને ગવાહ બનાવું છું કે મેં તેઓની બખ્શી દીધા છે. અને પુકારનારો પોકારીને કહે છે, હે ઉમ્મતે મુહમ્મદ ! صلی اللہ علیہ وسلم તમે પાછા વળી જાવ ! અલ્લાહ તઆલાએ તમારી બુરાઈઓને નેકીઓમાં બદલી નાખી.

## ★ ચાર પસંદ પામેલા મહીના ★

ચાર પસંદ પામેલા મહીના આ છે : રજબુલ ફર્દ, ઝીલ કઅદહ્, ઝીલ હજ્જ અને મુહર્રમુલ હરામ.

ઔરતો આ છે : મરયમ બિન્તે ઈમરાન, ખદીજા બિન્તે ખુવૈલદ જે વિશ્વની ઔરતોમાં સૌ પ્રથમ અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લાવી, ફિરઔનની પત્ની આસિયા બિન્તે મઝાહિમ અને જન્નતી ઔરતોની

સરદાર ફાતેમા બિન્તે મુહમ્મદ (ﷺ) વ (رضی اللہ عنہن)

સૌમાં અગ્રતા મેળવી જનાર : દરેક કૌમથી એક અગ્રતા પામનાર છે, અરબમાં અગ્રતા મેળવનાર આપણા આકા તથા મૌલા મુહમ્મદ ﷺ છે. ફારસમાંથી હઝરત સલ્માન, રોમથી હઝરત સુહૈબ અને હબ્શાથી હઝરત બિલાલ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ.

અને તે ચાર જન્નત જેના માટે આતુર છે : હઝરત અલી ઈબ્ને અબી તાલિબ, હઝરત સલમાન ફારસી, હઝરત અમ્માર ઈબ્ને યાસર અને હઝરત મિકદાદ ઈબ્ને અસ્વદ (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ)છે.

નબી કરીમ ﷺ થી રિવાયત છે, આપે ફર્માવ્યું, જેણે આઠમી ઝીલ હજજનો રોઝો રાખ્યો તેને અલ્લાહ તઆલા હઝરત ઐયૂબ علیہ السلامનો મુસીબતો પર સબ્ર કરવા જેટલો સવાબ અતા ફર્માવે છે અને જેણે અરફાના દિવસ (ઝીલ હજજની નવમી)નો રોઝો રાખ્યો તેને અલ્લાહ તઆલા હઝરત ઈસા علیہ السلامના જેટલો સવાબ અતા કરશે. *(અલ્મોઅજમુલ કબીર, લિત્તબરાની, ૧૧/૬૦, ૧૯/૫, હદીષ, ૮)*

આપ એ પણ રિવાયત કરે છે કે જ્યારે અરફાનો દિવસ થાય છે તો અલ્લાહ તઆલા પોતાની રહમતને ફેલાવે છે, તે દિવસ કરતાં વધારે કોઈ દિવસમાં પણ લોકો આગથી મુક્ત નથી થયા. અને જેણે અરફાના દિવસે અલ્લાહ તઆલા પાસે દુનિયા કે આખેરતની હાજત તલબ કરી તો અલ્લાહ તઆલા તેની હાજત પૂરી કરી આપે છે. અને અરફાના દિવસનો રોઝો એક સાલ પાછળ અને એક સાલ આગામીના ગુનાહોનો કફ્ફારો બને છે અને એમાં એ હિકમત છે વલ્લાહુ અઅ્લમ કે આ દિવસ બે ઈદોની વચ્ચે છે અને ઈદો મો'મિનોના માટે ખુશીના દિવસો હોય છે અને એનાથી વધીને કોઈ ખુશી નથી કે તે લોકોના ગુનાહો બખ્શી દેવામાં આવે.

આશૂરાનો દિવસ ઈદોના પછી હોય છે જેથી એનો રોઝો એક વરસના ગુનાહોનો કફ્ફારો છે. બીજુ કારણ એ છે કે યૌમે આશૂરા (આશૂરાનો દિવસ) મૂસા علیہ السلامના માટે હતો અને યૌમે અરફા હુઝૂર ﷺના માટે છે અને આપની ઈજ્જત તથા મહાનતા અન્ય અંબિયા علیہ السلام કરતાં ઉચ્ચ તથા આ'લા છે.

(પ્રકરણ : ૧૦૬)

# આશૂરાની ફઝીલત

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم મદીના મુનવ્વરા તશરીફ લાવ્યા તો આપે યહૂદીઓને આશૂરાના દિવસે રોઝો રાખતાં જોઈને પૂછયું કે તમે આ દિવસે રોઝો શા માટે રાખો છો ? તેમણે કહ્યું, આ એવો દિવસ છે જેમાં અલ્લાહ તઆલાએ મૂસા علیہ السلام અને બની ઈસ્રાઈલને ફિરઔન અને તેની કૌમ પર સરસાઈ આપી હતી, જેથી અમે તા'ઝીમના લીધે આ દિવસનો રોઝો રાખીએ છીએ. એના પર હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે અમે મૂસા علیہ السلامથી તમારાં કરતાં વધુ નજીક છીએ, જેથી આપે પણ તે દિવસનો રોઝો રાખવાનો હુકમ ફર્માવ્યો. *(મુસ્લિમ, સિયામ, ૧/૩૫૯, સુનને અબૂ દાઉદ, ૧/૩૩૧, કન્ઝુલ ઉમ્માલ, ૧૧/૫૦૭, હદીષ : ૩૨૩૭૩, બયહકી, ૪/૪૭૩, હદીષ : ૮૩૯૭)*

## ★ યૌમે આશૂરાની વિશિષ્ટતા ★

આશૂરાના દિવસની સાથે ઘણી વાત ખાસ છે, એમાંથી એક એ છે કે તે દિવસે હઝરત આદમ علیہ السلامની તૌબા કબૂલ કરવામાં આવી, તે દિવસે તેમને પેદા કરવામાં આવ્યા, તે દિવસે તેમને જન્નતમાં દાખલ કરવામાં આવ્યા, તે દિવસે અર્શ, કુર્સી, આસ્માન, જમીન, સૂરજ, ચાંદ, તારાઓ અને જન્નત પેદા કરવામાં આવ્યાં. તે દિવસે હઝરત ઈબ્રાહીમ علیہ السلام પેદા થયા, તે જ દિવસે તેમને આગથી નજાત મળી, તે દિવસે હઝરત મૂસા علیہ السلام અને આપની ઉમ્મતને નજાત મળી અને ફિરઔન તેની કૌમ સહિત ગર્ક થયો, એ જ દિવસે હઝરત ઈસા علیہ السلامને પેદા કરવામાં આવ્યા, તે જ દિવસે તેમને આસ્માનોની તરફ ઉઠાવવામાં આવ્યા, તે દિવસે હઝરત ઈદરીસ علیہ السلامને બુલંદ મકામની તરફ ઉઠાવવામાં આવ્યા, તે જ દિવસે હઝરત નૂહ علیہ السلامની કશ્તી કોહે જૂદી પર રોકાઈ, તે જ દિવસે હઝરત સુલૈમાન علیہ السلامને મહાન મુલ્ક આપવામાં આવ્યો, તે જ દિવસે હઝરત યૂનુસ علیہ السلامને માછલીના પેટથી કાઢવામાં આવ્યા, તે જ દિવસે હઝરત

યાકૂબ عليه السلامની બીનાઈ પાછી ફેરવવામાં આવી, તે જ દિવસે હઝરત યૂસુફ عليه السلامને ઊંડા કૂવામાંથી કાઢવામાં આવ્યા, તે જ દિવસે હઝરત ઐયૂબ عليه السلامની તકલીફ દૂર કરવામાં આવી, આસ્માનથી જમીન પર સૌ પ્રથમ વર્ષા તે જ દિવસે નાઝિલ થઈ, અને એ દિવસનો રોઝો ઉમ્મતીઓમાં મશહૂર હતો ત્યાં સુધી કે એ પણ કહેવામાં આવ્યું છે કે એ દિવસનો રોઝો રમઝાન મહીના પહેલાં ફર્ઝ હતો, પછી મન્સૂખ (રદ) કરી દેવામાં આવ્યો, અને હુઝૂર عليه السلامએ હિજરતથી પહેલાં એ દિવસનો રોઝો રાખ્યો.

જ્યારે આપ મદીના મુનવ્વરા તશરીફ લાવ્યા તો આપે તે દિવસની શોધ કરવાની તાકીદ કરી ત્યાં સુધી કે આપે આખર ઉમ્ર શરીફમાં ફર્માવ્યું કે જો હું આવતા વરસ સુધી જીવતો રહ્યો તો આવતી નવમી અને દસમી મોહર્રમનો રોઝો રાખીશ પણ આપે એ જ વરસે વિસાલ ફર્માવ્યો અને નવમીના સિવાય દસમીનો રોઝો ન રાખી શક્યા, પણ આપે તે દિવસે એટલે કે નવમી અને દસમી અને ૧૧મી મુહર્રમના દિવસોમાં રોઝા રાખવાને પસંદ ફર્માવ્યું, *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૩૯૦, હદીષ : ૨૧૦૭, સુનને બયહક઼ી, ૪/૪૭૫, હદીષ : ૮૪૦૨)* જેમ કે ફર્માને નબવી છે, એ દિવસથી એક દિવસ પહેલાં અને એક દિવસ પછી રોઝા રાખો અને યહૂદીના તરીકાના વિરૂધ્ધ કરો, કેમ કે તે એક દિવસનો જ રોઝો રાખતા હતા. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૩૯૯, હદીષ : ૨૧૫૫, સુનને બયહક઼ી, ૪/૪૭૫, હદીષ : ૮૪૦૬, કન્ઝુલ ઉમ્માલ, ૮/૫૭૦, હદીષ : ૨૪૨૨૧)*

બયહકીએ શોઅબુલ ઈમાનમાં રિવાયત નકલ કરી છે કે જેણે આશૂરાના દિવસે પોતાનાં ઘરવાળાઓ અને બાળબચ્ચાંઓ પર ખર્ચમાં વધારો કર્યો (સારાં ભોજન વગેરે થકી) તો અલ્લાહ તઆલા તેના આખા વરસમાં વિશાળતા અને બરકત અતા ફર્માવે છે. *(અત્તરગીબ વત્તરહીબ, ૨/૭૧, કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૩૨૦, હદીષ : ૩૫૨૦૦, મવાહિબે લદુન્નિયા, ૧૧/૨૮૦)*

### ★ મૌઝૂઅ (બનાવટી) હદીષ ! ★

તિબ્રાનીની એક મુન્કર રિવાયતમાં છે કે તે દિવસે એક દિરહમનો સદકો સાત લાખ દિરહમના બરાબર છે અને **તે હદીષ** જેમાં છે જેણે આ દિવસે સુરમો લગાડયો તો એ વરસે આંખો દુઃખવાથી મેહફૂઝ રહેશે અને

જેણે એ દિવસે ગુસ્લ કર્યું તે બીમાર નહીં થાય તે **મૌઝૂઅ** છે. હાકિમે એની સ્પષ્ટતા કરી છે કે આ દિવસે સુરમો લગાડવો બિદઅત છે. ઈબ્ને કૈયિમે કહ્યું છે કે સુરમો લગાડવો, દાણા ફોડવા, તેલ લગાડવું અને આશૂરાના દિવસે ખૂશ્બુ વગેરે લગાડવાની **હદીષ જૂઠાઓની પેદાશ** છે.

સ્પષ્ટ થયું કે આશૂરાના દિવસે હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہની સાથે જે કાંઈ વિત્યું તે તે દિવસની અઝમત, ઉચ્ચતા, અલ્લાહની નજીક તે દિવસની ઉચ્ચતા તથા મહાનતાની ઉઘાડી ગવાહી છે, જેથી જે શખ્સ તે દિવસે આપની મુસીબતોનો ઝિક્ર કરે તેના માટે એ યોગ્ય નથી કે **ઈન્નાલિલ્લાહિ વઈન્ના ઈલૈહિ રાજિઊન** સિવાય અન્ય કાંઈ કહે, કેમ કે એ રીતે જ ઈલાહીના હુકમની મુતાબિકત તથા મુહાફિઝત થશે, જેમાં ઈર્શાદ થાય છે : **اُولٰٓئِكَ عَلَيۡهِمۡ صَلَوٰتٌ مِّنۡ رَّبِّهِمۡ وَرَحۡمَةٌ وَاُولٰٓئِكَ هُمُ الۡمُهۡتَدُوۡنَ** ''આ જ જેમના પર અલ્લાહ તઆલાના તરફથી દુરૂદ અને રહમત છે અને આ જ લોકો હિદાયત પામેલા છે.'' *(સૂ. બક્રહ, આ. : ૧૫૭)*

## ★ રાફઝીઓની બિદઅતોથી બચો ! ★

ખાસ કરીને ખયાલ કરો કે ક્યાંક રાફઝીઓની બિદઅતોમાં મશગૂલ ન થઈ જાવ, જેમ કે તે લોકો અને તેમના જેવા લોકો રડવા, પીટવા અને ગમનો ઈઝહાર કરે છે. કેમ કે આ કામ મો'મિનોના અખ્લાકથી અલિપ્ત છે. **જો આ ચીજો સારી હોત તો તેમના નાના صلی اللہ علیہ وسلمનો વિસાલનો દિવસ આવા કૃત્યો માટે એથીયે વિશેષ હક્કદાર હોત** અને આપણા માટે અલ્લાહ કાફી છે અને તે જ મદદગાર છે.

(પ્રકરણ : ૧૦૭)

# ગરીબોની મહેમાનીની ફઝીલત

નબી અકરમ ﷺનુ ફર્માન છે કે મહેમાનના માટે ખચકાટ ન કરો, તમે એને દુશ્મન સમજશો અને જેણે તેને દુશ્મન સમજ્યો તેણે અલ્લાહને દુશ્મન સમજ્યો અને જેણે અલ્લાહ તઆલાને દુશ્મન સમજ્યો, અલ્લાહ તઆલાએ તેને દુશ્મન સમજ્યો. *(કન્ઝુલ ઉમ્માલ, ૯/૨૪૮, હદીષ : ૨૫૮૭૫)*

ફર્માને નબવી છે કે તે શખ્સની પાસે ખૈરો બરકત નથી જેમાં મહેમાન નવાઝી નથી. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૫/૧૫૬, હદીષ : ૧૬૯૬૬)* હુઝૂર ﷺને એવા શખ્સ પાસે થઈને પસાર થવાનું થયું જેની પાસે ઘણાં ઊંટો તથા ગાયો હતી પણ તેણે મહેમાની ન કરી. અને હુઝૂર ﷺને એવી ઔરત પાસેથી પસાર થવાનું થયું જેની પાસે નાની બકરીઓ હતી તો તેણીએ તેમાંથી હુઝૂર ﷺના માટે એક બકરી ઝબહ કરી. ત્યારે આપે ફર્માવ્યું, આ બંનેને જુઓ ! અલ્લાહ તઆલાના હાથમાં અખ્લાક છે. *(અહયાઉલ ઉલૂમ, ૨/૧૨)*

હઝરત અબૂ રાફેઅ رضی اللہ عنہ જેઓ હુઝૂર ﷺના ગુલામ હતા. તેઓ ફર્માવે છે કે આપને ત્યાં એક મહેમાન ઉતર્યો. હુઝૂરે ફર્માવ્યું કે જાવ ! ફલાણા યહૂદીને કહો કે મારે ત્યાં મહેમાન આવેલ છે તો મને રજબના મહીના સુધી થોડોક આટો મોકલી દો. યહૂદી આ પૈગામ સાંભળીને બોલ્યો, બખુદા ! હું તેમને કાંઈ જ આપીશ નહીં પણ એ રીતે કે કાંઈક ગીરો મૂકવામાં આવે. મેં જઈને હુઝૂર ﷺને ખબર આપી. આપે ફર્માવ્યું, બખુદા ! હું આસ્માનમાં અમીન છું, જમીનમાં અમીન છું, જો તે મને ઉધાર આપત તો હું જરૂર અદા કરી આપત. જાવ ! મારું બખ્તર લઈ જાવ અને તેની પાસે ગીરો મૂકી દો. *(અહયાઉલ ઉલૂમ,૨/૧૨)*

હઝરત ઈબ્રાહીમ علیہ السلام જ્યારે ખાણુ ખાવાનો ઈરાદો કરતા તો માઈલ બે માઈલ સુધી મહેમાનની તલાશમાં ચાલી નીકળતા હતા. આપની કુન્નિયત અબૂ ઝયફાન હતી અને આપની સાચી નિય્યતના કારણે આજ

સુધી આપની ચાલુ કરેલી ઝિયાફત મૌજૂદ છે. કોઈ રાત એવી ન ગુઝરતી કે આપને ત્યાં ત્રણથી લઈને દસ અને સો સુધીની જમાઅત ખાણુ ન ખાતી હોય. તેમના ઘરના નિગેહબાને કહ્યું કે તેમની કોઈ રાત મહેમાનથી ખાલી ન રહી.

હુઝૂર ﷺને પૂછવામાં આવ્યું, ઈમાન શું છે ? આપે ફર્માવ્યું કે ખાવા ખવડાવવું અને સલામ કરવું. *(સહીહ બુખારી–ઈમાન, ૧/૬, સહીહ મુસ્લિમ, ૧/૪૮, નિસાઈ–ઈમાન, ૨/૨૬૭, ઈબ્ને માજહ, ૨/૨૩૪)* હુઝૂર ﷺએ કફ્ફારાઓ અને દરજ્જાઓના વિશે ઈર્શાદ ફર્માવ્યો કે ખાવા ખવડાવવું અને રાત્રે નમાઝ પઢવી એ હાલતમાં કે લોકો સૂતેલા હોય. *(સુનને તિર્મિઝી, તફસીરે સૂ. ૩૭, ૨/૧૫૯, મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૬૦૭, હદીષ : ૩૪૭૪)*

હુઝૂર ﷺને હજ્જે મબરૂરના વિશે પૂછવામાં આવ્યું તો આપે ફર્માવ્યું કે, ખાવા ખવડાવવું અને મધુર વાણી. *(અલમુસ્તદરક અલસ્સહીહૈન, ૯/૬૫૮, અસ્સુનનુલ કુબરા, ૫/૪૩૦, હદીષ : ૧૦૩૯૦, મુસ્નદે અહમદ બિન હંબલ, ૪/૨૮૭, હદીષ : ૧૪૧૭૨)*

હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે જે ઘરમાં મહેમાન નથી પ્રવેશતા તે ઘરમાં ફરિશ્તા પણ દાખલ નથી થતા. *(અહયાઉલ ઉલૂમ, ૨/૧૨)*

મહેમાનની ફઝીલત અને ખાવા ખવડાવવાની ફઝીલતના બારામાં અસંખ્ય હદીષો આવેલી છે. કોઈકે શું સરસ કહ્યું છે :–

**૧.** હું મહેમાનને કેમ મહબૂબ ન સમજું અને તેની ખુશીથી કેમ રાહત ન અનુભવું ?

**૨.** તે મારી પાસે પોતાનું રિઝ્ક ખાય છે અને તેના પર મારો આભાર માને છે !

હકીમોનો કૌલ છે કે કોઈ ભલાઈ ખુશ ચહેરા, મધુરવાણી અને હસમુખા સ્વભાવ વગર પૂર્ણતાએ પહોંચતી નથી.

એક અન્ય શાયર કહે છે :–

**૧.** મારો મહેમાન સવારીએથી ઉતરતાં પહેલાં મને ખુશ કરી આપે છે અને દુષ્કાળને બદલે મારામાં હરીયાળી આવી જાય છે.

**૨.** અકસર મહેમાનીમાં ખુશાલી નથી હોતી પરંતુ કરીમનો ચહેરો તો પણ ખુશહાલ રહે છે.

**દા'વત કરવાવાળા માટે મુનાસિબ એ છે કે પોતાના ખાણામાં પરહેઝગારોને બોલાવે અને ફાસિકોથી બચે.** જેમ કે હુઝૂર ﷺ ફર્માવે છે કે, **જ્યારે તમે અમુક લોકોને ખાવાની દા'વત આપો તો નેક લોકોને તમારા ખાણમાં બોલાવો.** *(અબૂ દાઊદ, ૨/૫૩૮, ઈબ્ને માજહ–સિયામ, ૧/૧૨૫)*

ફર્માને નબવી છે કે, **નેકના ખાણા સિવાય કોઈનું ખાવા ન ખાવ અને નેક પરહેઝગારને ખવડાવવા સિવાય કોઈ બીજાને ન ખવડાવો.** *(તિર્મિઝી, બાબુઝ્ઝુહદ, ૨/૬૪, અબૂ દાઊદ–અદબ, ૨/૬૬૪, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૪૨૮, હદીષ : ૧૦૯૪૪, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૧૪૩, હદીષ : ૭૧૬૯)*

**દા'વતમાં માલદારોના બદલે ગરીબોને બોલાવો.** જેમ કે નબી કરીમ ﷺનો ઈર્શાદ છે કે **બદ્તરીન ખાવા તે વલીમો છે જેમાં ગરીબોને બદલે અમીરોને બોલાવવામાં આવે.** *(બુખારી–નિકાહ, ૨/૭૭૮, મુસ્લિમ–નિકાહ, ૧/૪૬૨, અબૂ દાઊદ, ૨/૫૨૫, ઈબ્ને માજહ–નિકાહ, ૧/૧૩૬, દારમી, ૨/૯૦, મોઅત્તા ઈમામ માલિક, નિકાહ, ૨/૨૮)*

તેમ જ દા'વત કરવાવાળા માટે એ પણ જરૂરી છે કે તે ઝિયાફતમાં પોતાનાં સગાંઓને ન ભૂલે, કેમ કે તેમને નઝર અંદાઝ કરવા વિરાની અને સગાંથી સંબંધ કટ કરવું છે. એ જ પ્રમાણે પોતાના દોસ્તો અને જાન પહેચાનવાળાનો ક્રમસર ખયાલ રાખે. કેમ કે એમાંથી અમુકને ખાસ કરવા અન્યોના દિલોના માટે ગભરાવનારું છે.

તેમ જ એ પણ જરૂરી છે કે દા'વત કરનાર પોતાની દા'વત ફખ્ર અને મોટાઈ માણવા જેવી બુરાઈઓના માટે ન કરે બલ્કે તેનાથી પોતાના ભાઈઓના દિલોનું આકર્ષણ અને ખાવા ખવડાવવા અને મો'મિન ભાઈઓના દિલોમાં ખુશી તથા મસર્રત ઉપજાવવાના માટે નબી કરીમ ﷺની પૈરવી કરે. એવા માણસને દા'વત ન આપે જેના વિશે ખબર હોય કે તેનું આવવું તકલીફનો સબબ બનશે અથવા તેનું આગમન આમંત્રિતોને આવવા બાબતમાં કોઈ સબબે રંજનું કારણ બનશે.

અને એ પણ મુનાસિબ છે કે તે એ વ્યક્તિને દા'વત આપે જેના વિશે માલૂમ હોય કે તે એને કબૂલ કરશે.

જનાબ સુફયાન رحمۃ اللہ علیہ નો કૌલ છે કે જેણે કોઈ એવા શખ્સને દા'વતમાં બોલાવ્યો જે તેને નાપસંદ કરે છે તો તેના પર ગુનોહ છે અને જો આમંત્રિતે તેની દા'વત કબૂલ કરી લીધી તો તેના પર બમણો ગુનોહ છે કેમ કે એ દા'વત કરનારાએ નાપસંદ હોવા છતાં તેને ઘસડી આણ્યો છે, જો તેને એ વાતની ખબર હોત તો તે કદાપિ તેને ખાવા ન ખવડાવત. મુત્તકી (ખુદાથી ડરનાર)ને ખવડાવવું તેની ફર્માંબરદારીમાં મદદ અને બદ્કારને ખવડાવવું તેની બદ્કારીને મજબૂત કરવું છે.

જનાબ ઈબ્ને મુબારક رضی اللہ عنہ ને એક દરજીએ કહ્યું, હું બાદશાહોનાં કપડાં સીવું છું તો શું તમને મારા વિશે ખતરો છે કે હું જાલિમ તથા બદ્ખ્વાહોના મદદગારોમાં ગણવામાં આવીશ ? આપે ફર્માવ્યું, નહીં ! જુલ્મના મદદગાર તો તેઓ છે જેઓ તારા હાથે કપડુ વેચે છે અને સોઈ વગેરે, છતાં પણ તું તૌબા કર !

## ★ દા'વત સ્વીકારવી સુન્નતે મોઅક્કદા છે ★

દા'વતને કબૂલ કરવી સુન્નતે મોઅક્કદા છે, કેટલાક પ્રસંગે તેને વાજિબ પણ કહેવામાં આવી છે.

નબી અકરમ ﷺ ફર્માવે છે કે જો મને ગાય કે બકરીની પાતળી સરખી પિંડલીની પણ દા'વત આપવામાં આવે તો હું તેને કબૂલ કરીશ અને જો મને જાનવરોનો પાયો હદિયો કરવામાં આવે તો હું તેને કબૂલ કરીશ. *(બુખારી–નિકાહ, ૨/૭૭૮, મુસ્લિમ, ૧/૪૬૨, મુસ્નદને અહમદ બિન હંબલ, ૩/૧૫૬, કન્ઝુલ ઉમ્માલ, ૯/૨૫૭, હદીષ : ૨૫૯૨૯, અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૧/૯૮, હદીષ : ૧૧૨૩૬)*

દા'વત કબૂલ કરવાના માટે પાંચ નિયમો છે જે "અહ્યાઉલ ઉલૂમ" વગેરેમાં દર્શાવેલ છે.

(પ્રકરણ : ૧૦૮)

## જનાઝો અને કબર

જનાઝા જોવાવાળાઓ માટે ઈબ્રતનો (બોધ લેવાનો) સામાન હોય છે. એમાં બુદ્ધિશાળીઓ માટે યાદ અપાવવાનું તથા ચેતવણી હોય છે પણ ગાફેલ તેનાથી ગાફેલ જ હોય છે. તેમનો અનુભવ તેમના દિલોની સખ્તીને વધારે છે કેમ કે તેઓ સમજે છે કે અમે હમેશાં અન્યોના જનાઝા જોતા રહીશું અને એવું નથી સમજતા કે તેમને પણ એક દિવસ અવશ્ય એ જ રીતે ઉઠાવવામાં આવશે અથવા તેઓ તેમાં ચિંતન મનન કરે પરંતુ તેઓ નજીક રહેવા છતાં ચિંતન મનન નથી કરતા અને ન તો એવું વિચારે છે કે આજે જે લોકો જનાઝાઓમાં ઉઠાવાઈને જઈ રહ્યા છે તેઓ પણ તેમની જેમ ગણત્રીમાં જ લાગેલા રહ્યા કરતા હતા પણ તેમના સર્વ હિસાબો ખોટા નિવડયા ! અને નજીકમાં જ તેમનો નિશ્ચિત સમય ખત્મ થશે જેથી કોઈ બંદો જનાઝાને ન જુએ પણ પોતાની જાતને એ હાલતમાં જુએ, કેમ કે નજીકમાં તેને પણ આ રીતે ઉઠાવીને લઈ જવામાં આવશે, તે ઉઠી ગયો અને આ કાલે કે પરમ દહાડે આ દુનિયાથી ઉઠી જશે. *(અહયાઉલ ઉલૂમ, ૪/૪૨૧)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે આપ જ્યારે જનાઝો જોતા તો ફર્માવતા, ચાલો ! અમે પણ તમારી પછવાડે આવવાના છીએ.

જનાબ મકહૂલ દમિશ્કી رضی اللہ عنہ જ્યારે જનાઝો જોતા તો ફર્માવતા, તમે સવારે જાવ અને અમે આવનારી સાંજે આવનારા છીએ ! આ જબરદસ્ત નસીહત અને તીવ્ર ગફલત છે કે પહેલો ચાલ્યો જાય છે અને બીજો એ હાલમાં રહે છે કે એનામાં અક્કલ નથી હોતી.

હઝરત અસીદ ઈબ્ને હઝીર رضی اللہ عنہ નું કહેવું છે કે હું કોઈ જનાઝામાં હાજર ન થયો પણ મારા નફ્સે મને એવી વાતોમાં લગાડેલો રાખ્યો જે તેના પરિણામ અને જે કાંઈ મારી સાથે થશે તેનાથી અલાયદી હતી.

જ્યારે જનાબ માલિક ઈબ્ને દીનાર رضی اللہ عنہ ના ભાઈ મૃત્યુ પામ્યા

તો આપ રડતાં રડતાં તેમના જનાઝામાં નીકળ્યા અને ફર્માવ્યું, ખુદાની કસમ! ત્યાં સુધી મારી આંખો ઠંડી નહીં થાય જ્યાં સુધી મને જાણ ન થઈ જાય કે મારું ઠેકાણું કયું છે ? અને હું જિંદગીભર તેને જાણી શકીશ નહીં.

જનાબ અઅમશ رضی اللہ عنہ નો કૌલ છે કે અમે જનાઝાઓમાં જતા અને તમામને ગમગીન જોઈને એવું ન જાણતા કે અમે કોનાથી તઅઝિયત કરીએ.(આશ્વાસન આપીએ).

જનાબ ષાબિત બિનાની رضی اللہ عنہ ફર્માવે છે કે અમે જનાઝાઓમાં જતા તો દરેક શખ્સને કપડુ લપેટીને રડતો જોતા. ખરેખર તે લોકો મૌતથી ખૂબ જ ડરી ગએલા હતા. પણ આજે અમે એવા લોકોને જોઈએ છીએ જેઓ જનાઝાઓમાં સામેલ થાય છે પણ તેમાંથી મોટા ભાગના હસતા રહે છે, ખેલકૂદમાં મશ્ગૂલ હોય છે અને તેના વારસાની વાતો કરે છે અને મરનારના સગાં વહાલાં એવા માર્ગની તલાશમાં હોય છે કે જેના થકી તેઓ તેના છોડેલા માલ વડે કાંઈક મેળવી શકે અને તેમનામાંથી કોઈ પણ પોતાના જનાઝાના વિશે નથી વિચારતો ! અને જ્યારે તેને પણ આ રીતે ઉઠાવવામાં આવશે એના બારામાં ચિંતન મનન નથી કરતો.

આ ગફલતનું કારણ તે દિલોની સખ્તી છે જે ગુનાહો અને નાફર્માનીઓની અધિક્તાથી પેદા થઈ છે, ત્યાં સુધી કે આપણે અલ્લાહ તઆલા, કિયામત અને તે ભયાનક્તાઓને પણ ભૂલી ગયા છીએ જે આપણી સામે ઉપસ્થિત થનાર છે. આપણે ખેલકૂદમાં મશ્ગૂલ થઈ ગયા જે આપણા માટે બેકાર છે. જેથી આપણે અલ્લાહ પાસે આ ગફલતથી બેદારીનો (જાગવાનો) સવાલ કરીએ છીએ, કેમ કે જનાઝાઓમાં હાજરજનોની સૌથી ઉમદા ખૂબી એ છે કે તેઓ જનાઝામાંના મૈયત પર રડે છે ! જો કે તેમનામાં અક્કલ હોત તો મૈયતને બદલે પોતાની હાલત પર રડત.

જનાબ ઈબ્રાહીમ ઝિયાત رضی اللہ عنہ એ એવા લોકોને જોયા જેઓ મુડદા પર રહમ પ્રદર્શિત કરતા હતા. આપે ફર્માવ્યું, જો તમે મૈયતને બદલે તમારા પોતાના પર રહમ કરત તો તમારા માટે બેહતર હતું ! કેમ કે તે તો ત્રણ ભયાનક્તાઓથી છૂટકારો મેળવી ગયો છે, તેણે ઈઝરાઈલનો ચહેરો જોઈ

લીધો છે, મૌતના સ્વાદની કડવાશ ચાખી ચૂક્યો છે અને ખાતમાના ખૌફથી અમ્નમાં આવી ગયો છે.

જનાબ અબૂ અમ્ર ઈબ્ને અલાનો કૌલ છે કે હું જરીરને ત્યાં બેઠો હતો અને તેઓ પોતાના કાતિબ પાસે શેઅર લખાવી રહ્યા હતા ત્યારે જનાઝો આવ્યો તો રોકાઈ ગયા અને કહ્યું, ખુદાની કસમ ! મને આ જનાઝાઓએ વૃદ્ધ કરી નાખ્યો છે. અને તેમણે આ શેઅર પઢયા :–

૧. જનાઝો આવતાં જ અમને ખૌફઝદા કરી નાખે છે. અને જ્યારે ચાલ્યા જાય છે તો અમે તેના પાછા ફરતાં જ ખેલકૂદમાં લાગી જઈએ છીએ.

૨. ઘેટાંઓના ટોળાંની જેમ જે વરૂની ગુફામાં ભયાવહ થઈ જાય છે અને જ્યારે વરૂ ગાયબ થઈ જાય છે તો ચરવા લાગે છે.

## ★ જનાઝાના આદાબ ★

જનાઝાના આદાબમાં છે કે ચિંતન, તાકીદ, તૈયારી અને નમ્રતા (આજિઝી) સાથે તેના સાથે ચાલવાનુ છે. જેમ કે ફિકહમાં એના આદાબ તથા તરીકા વર્ણન થએલ છે.

આ આદાબમાંથી એ પણ છે કે માણસ દરેકથી સારું ગુમાન રાખે ભલે તે ફાસિક પણ કેમ ન હોય અને બુરા ખયાલતને પોતાની તરફથી સમજે ભલે તે જાહેરી તૌર પર સારો કેમ ન હોય. ખાતમો એવી ચીજ છે જેનો ખતરો સતત ચાલુ રહેવાનો છે. એટલા માટે જનાબ ઉમર ઈબ્ને ઝર رضی اللہ عنہથી મરવી છે કે તેમનો એક પડોશી ગુજરી ગયો જે બદ્કિરદાર હતો તો ઘણા લોકો તેના જનાઝાથી અટકી ગયા પણ આપ તેના જનાઝામાં શરીક થયા અને તેની નમાઝે જનાઝા પઢી. જ્યારે તેને કબ્રમાં ઉતારવામાં આવી રહ્યો હતો ત્યારે આપે તેની કબ્ર પર ઉભા રહીને કહ્યું, હે ફલાણાના બાપ ! અલ્લાહ તારા પર રહમ કરે, યકીનન ! તેં પોતાની જિંદગી તૌહીદમાં પસાર કરી અને તારા ચહેરાને સજદાઓ વડે ધૂળમય કર્યો અને જો લોકોએ તને ગુનેહગાર અને બદ્કાર કહ્યો તો અમારામાંથી એવો કોણ છે જે ગુનેહગાર અને બદ્કાર ન હોય.

## ★ એક ગુનેહગારનો વિચિત્ર બનાવ ★

એક માણસ જે ગુનાહોમાં ડૂબેલો રહેતો હતો તે મરી ગયો. તે બસરાની પાસે રહેતો પણ જ્યારે તે મરી ગયો તો તેની પત્નીએ એવો કોઈ માણસ ન જોયો જે જનાઝો ઉઠાવવામાં તેણીને સાથ આપનાર હોય, કેમ કે તેના પડોશીઓ તેના અતિપ્રમાણમાં ગુનાહને કારણે તેનાથી દૂર થઈ ગયા હતા. જેથી તેણીએ બે મજૂર કર્યા અને તેઓ તેને જનાઝાગાહમાં લઈ ગયા પણ કોઈએ તેની જનાઝાની નમાઝ ન પઢી અને તેઓ તેને રણમાં દફન કરવા માટે લઈ ગયા. તે ઈલાકાની નજીક પહાડમાં એક ઘણો જ મોટો ઝાહિદ રહેતો હતો. ઔરત જ્યારે પોતાના પતિનો જનાઝો ઊંચકાવીને લઈ ગઈ તો ઝાહિદને રાહ જોતો જોયો. જેથી ઝાહિદે તેની નમાઝે જનાઝા પઢાવવાનો ઈરાદો કર્યો. તો શહેરમાં એવી ખબર ફેલાઈ ગઈ કે ઝાહિદ પહાડ પરથી ઉતર્યો છે કે જેથી ફલાણા શખ્સની જનાઝાની નમાઝ પઢે. જેથી શહેરના સર્વ લોકો ત્યાં રવાના થઈ ગયા અને તેમણે ઝાહિદની ઈક્તેદામાં તેની જનાઝાની નમાઝ પઢી.

લોકોને ઝાહિદના આ કાર્યથી ખૂબ જ આશ્ચર્ય થયું. ઝાહિદે કહ્યું કે મને ખ્વાબમાં કહેવામાં આવ્યું છે કે ફલાણા સ્થળે જાવ ત્યાંથી તમને એક જનાઝો જોવા મળશે જેની સાથે કેવળ એક સ્ત્રી હશે, તમે તે શખ્સની જનાઝાની નમાઝ પઢો કેમ કે તે મગફૂર (મગફિરત પામેલ) છે. આ વાત સાંભળીને લોકોના આશ્ચર્યમાં ઔર ઉમેરો થઈ ગયો.

ઝાહિદે સ્ત્રીને તે મર્દની હાલતો વિશે પૂછતાછ કરી અને તેની બખ્શિશના માટે સબબોની તેહકીક કરવા ચાહ્યું. તો ઔરતે કહ્યું કે જેમ કે મશહૂર છે, તેમ તેનો આખો દિવસ શરાબખાનામાં ગુજરતો હતો અને શરાબમાં મસ્ત રહીને ગુજરતો હતો. ઝાહિદે કહ્યું, શું તું તેની કોઈ નેક આદતને પણ જાણતી હતી ? ઔરતે કહ્યું, હા ! ત્રણ ચીજો જાણું છું. જ્યારે તે સવારના સમયે મદહોશીથી હોશમાં આવતો તો કપડાં બદલતો વુઝૂ કરતો અને સવારની નમાઝ જમાઅત સાથે પઢયા કરતો હતો, પછી શરાબખાને જતો અને બદ્‌કારીઓમાં મશગૂલ રહેતો. બીજુ એ કે તેના ઘરમાં હમેશાં એક કે બે યતીમ રહ્યા કરતા હતા તેમની સાથે ઔલાદથી

પણ વધારે મહોબ્બતથી વર્તતો હતો. ત્રીજુ એ કે જ્યારે તે રાતના અંધકારમાં નશામાંથી મુક્ત થતો તો રડતો અને કહેતો, હે રબ્બે કરીમ ! જહન્નમના ખૂણાઓમાંથી કયા ખૂણે તું મારા આ ખબીષ (ગંદા) નફ્સને પોકારીશ ? ઝાહિદ આ સાંભળતાં જ પાછો ફરી ગયો અને તેણે બખ્શિશનું રાઝ જાણી લીધું.

હઝરત ઝહાક رضی اللہ عنہ નો કૌલ છે કે એક શખ્સે હુઝૂર صلی اللہ علیہ وسلم ને પૂછયું કે સૌથી મોટો ઝાહિદ કોણ છે ? આપે ફર્માવ્યું, જે કબ્ર તથા મુસીબતોને ન ભૂલ્યો, દુનિયવી સાઝ શણગારની ઉમદા ચીજોને ત્યજી દીધી, નાશવંત (ફાની) ચીજો પર કાયમી ચીજોને અગ્રિમતા આપી, આવનારી કાલને પોતાના જીવનમાં ન ગણી અને પોતાને કબ્રવાળાઓમાં ગણ્યો. *(અહયાઉલ ઉલૂમ, ૪/૪૨૨)*

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને પૂછવામાં આવ્યું કે શું કારણ છે કે તમે કબ્રસ્તાનની નજીક રહો છો ? આપે ફર્માવ્યું, મેં તેને ઉમદા પડોશી પામ્યું છે, સાચા પડોશીઓ જેઓ જીભો બંધ રાખે છે અને આખેરતની યાદ અપાવે છે.

હઝરત ઉષ્માન ઈબ્ને અફ્ફાન رضی اللہ عنہ જ્યારે કબરો પર ઉભા થતા તો રડયા કરતા ત્યાં સુધી કે આપની દાઢી આંસૂઓથી તર થઈ જતી. આપને એના વિશે પૂછવામાં આવ્યું અને કહેવામાં આવ્યું કે આપ જન્નત તથા જહન્નમની ચર્ચા કરો છો ત્યારે નથી રડતા પરંતુ કબ્ર પર શા માટે રડો છો ? આપે ફર્માવ્યું, મેં હુઝૂર صلی اللہ علیہ وسلم ને એવું ફર્માવતાં સાંભળ્યા છે કે કબર આખેરતની મંઝિલોમાંથી પ્રથમ મંઝિલ છે. જો સાહિબે કબ્ર (કબરવાસી) તેનાથી છૂટકારો મેળવી લે છે તો બાદની મંઝિલો તેના માટે આસાન થઈ જાય છે અને જો તેનાથી નજાત નથી પામતો તો બાદની મંઝિલો અધિક વધારે કઠીન બને છે. *(તિર્મિઝી–ઝુહદ, ૨/૫૭, ઈબ્ને માજહ–ઝુહદ, ૨/૩૧૫, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૫૨૬, હદીષ : ૧૩૭૩, મુસ્નદે અહમદ બિન હંબલ, ૧/૧૦૨, હદીષ : ૪૫૬)*

કહેવામાં આવ્યું છે કે હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ એ કબ્રસ્તાનને જોયું તો સવારી પરથી ઉતરી પડયા અને બે રકાત નમાઝ અદા કરી. પછી તેમને કહેવામાં આવ્યું કે પહેલાં તો તમે આવું કરતા ન

હતા ?! આપે ફર્માવ્યું, મેં કબ્રસ્તાનવાળાઓને અને તે ચીજને યાદ કરી જે તેમની અને મારી વચ્ચે આડી રાખેલી છે, તો મેં એ વાતને પસંદ કરી કે બે રકાત પઢીને હું રબની નિકટતા ચાહું.

હઝરત મુજાહિદ رضی اللہ عنہ ફર્માવે છે કે સૌ પ્રથમ કબ્ર માણસને એ વાત કરે છે કે હું કીડીઓ, એકલાપણુ, ગરીબી અને અંધાર્યુ ઘર છું, મેં તારા માટે આજ બધુ તૈયાર કર્યુ છે, તું મારા માટે શું તૈયાર કરી લાવ્યો છે?

હઝરત અબૂઝર رضی اللہ عنہનો કૌલ છે કે, શું હું તમને મારી ગરીબીનો દિવસ ન બતાવું ?! એ તે દિવસ હશે જ્યારે મને કબ્રમાં રાખવામાં આવશે.

*(પ્રકરણ : ૧૦૯)*

## જહન્નમના અઝાબનો ડર

બુખારી શરીફની હદીષ છે કે હુઝૂર ﷺ મોટા ભાગે આ દુઆ ફર્માવ્યા કરતા હતા :–

رَبَّنَا اٰتِنَا فِی الدُّنْیَا حَسَنَةً وَّفِی الْاٰخِرَةِ حَسَنَةً وَّقِنَا عَذَابَ النَّارِ

**તર્જુમો** : "હે અમારા રબ ! અમને દુનિયામાં નેકી અને આખેરતમાં નેકી અતા ફર્માવ અને અમને આગના અઝાબથી બચાવ." *(બુખારી, દઅવાત, ૨/૯૪૫)*

અબૂ યઅ્લાની રિવાયત છે કે હુઝૂર ﷺએ એક દિવસ ખુત્બો આપ્યો અને ફર્માવ્યું, બે મહાન ચીજો જન્નત અને જહન્નમને ન ભૂલો. પછી આપ રડયા ત્યાં સુધી કે આંસૂ વહેવા માંડયાં અથવા આપના મુબારક આંસૂઓએ આપની દાઢી મુબારકના બંને પાસાંઓને તર કરી દીધાં અને આપે ફર્માવ્યું, જો તમે જાણત જે કાંઈ આખેરતના બારામાં હું જાણું છું તો તમે માટી પર ચાલત અને તમારાં માથાંઓ પર માટી ફેંકત. *(અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૯૮)*

તિબ્રાનીએ અવસતમાં આ રિવાયત નકલ કરી છે કે જિબ્રઈલ عليه السلام એવા સમયમાં હુઝૂર ﷺની પાસે આવ્યા જે સમયમાં તે કદી આવતા ન હતા. જેથી હુઝૂર ﷺ જિબ્રઈલના માટે ઉભા થયા અને પૂછયું, શું વાત છે કે હું તમારો રંગ ઉડેલો જોઉં છું ?! જિબ્રઈલે કહ્યું, હું આપની પાસે એટલા માટે આવ્યો છું કે અલ્લાહ તઆલાએ જહન્નમને ઔર ભડકાવવાનો હુકમ આપ્યો છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, હે જિબ્રઈલ ! મને જહન્નમની હકીકત બતાવો ? અથવા જહન્નમની ખાસિયતો વર્ણવો. જિબ્રઈલ عليه السلام એ કહ્યું, અલ્લાહ તઆલાએ જહન્નમને હુકમ આપ્યો અને તેને એક હજાર વરસ તેજ કરવામાં આવી અને પછી ફરી ભડકાવવામાં આવી ત્યાં સુધી કે તે સફેદ થઈ ગઈ. પછી હુકમ થયો અને તેને ફરી એક હજાર વરસ સુધી ભડકાવવામાં આવી ત્યાં સુધી કે તે લાલ થઈ ગઈ. પછી વધુ એક હજાર વરસ સુધી ભડકાવવાનો હુકમ મળ્યો ત્યાં સુધી કે તે કાળી થઈ ગઈ, હવે સિયાહ તથા અંધાર્યી (તારીક, કાળી) છે. તેમાં કોઈ ચિન્ગારી પણ રોશન નથી જણાતી અને ન તો કદી તેનું ભડકવાનું ખત્મ થાય છે. કસમ છે રબ્બે ઝુલ જલાલની ! જેણે આપને હક્કની સાથે નબી બનાવી મોકલ્યા છે, **જો જહન્નમને સોઈના નાકા બરાબર ખોલી દેવામાં આવે તો તેની ગરમીથી દુનિયાની તમામ મખ્લૂક મૃત્યુ પામે.** બખુદા ! જેણે તમને હક્કની સાથે મોકલ્યા છે, જો જહન્નમની ઝંજીરોની એક કડી જેનો અલ્લાહ તઆલાએ પોતાની મુકદસ કિતાબમાં ઉલ્લેખ કર્યો છે તેને દુનિયાના પહાડો પર રાખી દેવામાં આવે તો તે પીગળી જાય અને તે કડી સૌથી નીચીલી જમીન પર જઈને અટકે.

હુઝૂર ﷺએ એ સાંભળીને ફર્માવ્યું, હે જિબ્રઈલ ! મારા માટે આટલુ બસ છે ! મારું જિગર ટુકડે ટુકડા ન કરો કે હું ઈન્તેકાલ કરી જાઉં ! ત્યારે આપે જિબ્રઈલ عليه السلامને જોયા કે તે રડી રહ્યા હતા. આપે ફર્માવ્યું, હે જિબ્રઈલ ! તમે રડો છો ! જ્યારે કે તમારો તો અલ્લાહને ત્યાં એક ખાસ મર્તબો છે. જિબ્રઈલે કહ્યું, હું કેમ ન રડું જ્યારે કે હું રડવાનો અધિક હક્કદાર છું. શાયદ કે હું અલ્લાહ તઆલાના ઈલ્મમાં આ હાલથી કાંઈ અન્ય હાલમાં લખવામાં આવ્યો હોઉં ! અને હું નથી જાણતો કે ક્યાંક મને પણ

આજમાઈશમાં ન નાખવામાં આવે જેવી રીતે કે ઈબ્લીસને આજમાઈશમાં નાખીને ઝલીલ રુસ્વા (બેઈજ્જત) કરી દેવામાં આવ્યો, તે પણ ફરિશ્તાઓ સાથે હતો ! અને હું નથી જાણતો કે મને પણ હારૂત મારૂતની જેમ મુસીબતોમાં સપડાવી દેવામાં ન આવે.

રાવી (રિવાયત કર્તા) કહે છે કે હુઝૂર ﷺ આ સાંભળીને રડવા લાગ્યા! ત્યાં સુધી કે નિદા (પોકાર) કરવામાં આવી, હે જિબ્રઈલ ! અને હે મુહમ્મદ ! અલ્લાહ તઆલાએ તમને મામૂન (સલામત, બેખૌફ) કરી આપ્યા છે કે તમે તેની નાફર્માની નહીં કરો. જિબ્રઈલ علیہ السلام આ સાંભળતાં જ પરવાઝ કરી ગયા અને હુઝૂર ﷺ અન્સારના એવા લોકો પાસે થઈને પસાર થયા જેઓ જોક્સ કરવામાં મશ્ગૂલ હતા અને હસી રહ્યા હતા. આપે ફર્માવ્યું, **શું તમે હસો છો ! અને તમારી પાછળ જહન્નમ છે.** વળી જો તમે જાણી લેત જે હું જાણું છું તો તમે હસતે કમ અને વધારે રડતે, ખાવા પીવા છોડી આપત અને ઊંચા પહાડોની તરફ નીકળી જાત કે જેથી અલ્લાહની રઝામંદીના માટે પોતાના ઉપર રિયાઝત (ઈબાદત) તથા મહેનતને લાગુ કરી શકો. ત્યારે નિદા (પોકાર) કરવામાં આવ્યો કે, હે મુહમ્મદ ﷺ મારા બંદાઓને નાઉમ્મીદ (નિરાશ) ન કરો, મેં તમને ખુશ ખબરી આપનાર બનાવીને મોકલ્યા છે, તમને તકલીફોમાં નાખનાર બનાવીને નથી મોકલ્યા, ત્યારે હુઝૂર ﷺએ ફર્માવ્યું, **તમારા અમલો સુધારો અને અલ્લાહનો કુર્બ (નિકટતા) હાંસલ કરો.** *(અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૪૮)*

રિવાયત છે કે હુઝૂર ﷺએ જિબ્રઈલ علیہ السلامને ફર્માવ્યું, શું વાત છે કે મેં મીકાઈલને કદી હસતા નથી ! જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, જ્યારથી આગને પેદા કરવામાં આવી છે ત્યારથી મીકાઈલ કદી નથી હસ્યા ! *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૪/૯૭, હદીષ :૧૨૯૩)*

ઈબ્ને માજહ્ અને હાકિમની હદીષ છે કે જેને તેણે સહીહ કહ્યું છે કે **તમારી આ આગ જહન્નમની આગના ૭૦ (સિત્તેર)મો ભાગ છે અને જો તેને બે વખત રહમતના પાણી વડે ન ઓલવવામાં આવત તો તમે તેનાથી ફાયદો ઉઠાવી ન શકત. અને આ આગ અલ્લાહ**

**તઆલાથી દુઆ માંગે છે કે મને બીજી વાર જહન્નમમાં ન મોકલતો.**

બયહકીએ રિવાયત કરી છે કે હઝરત ઉમર رضی اللہ عنہ એ આ આયત પઢી : **كُلَّمَا نَضِجَتْ جُلُوْدُ هُمْ بَدَّ لْنٰهُمْ جُلُوْدًا غَيْرَهَا لِيَذُوْقُوْ الْعَذَابَ** ''જ્યારે સડી જશે તેમનાં ચામડાં તો અમે બદલી દઈશું તેમના માટે બીજા ચામડાં જેથી તેઓ અઝાબ ચાખે.'' *(સૂ. નિસાઅ, આ. : ૫૬, પારા : ૫)*

અને હઝરત કઅબ رضی اللہ عنہ ને કહ્યું કે મને એની તફસીર જણાવો. જો તમે સાચુ કહ્યું તો હું તેને તસ્દીક (સમર્થન) કરીશ, નહીં તો તમારી વાત રદ કરી દઈશ. હઝરત કઅબ બોલ્યા કે ઈન્સાનનું ચામડુ બળશે અને તે જ ક્ષણે નવુ થઈ જશે અથવા દરરોજ છ હજાર વખત નવુ થશે. હઝરત ઉમરે કહ્યું, ખરેખર ! તમે સાચુ કહ્યું.

બયહકીએ આ આયત હેઠળ હઝરત હસન બસરી رضی اللہ عنہ નો કૌલ નકલ કર્યો છે કે **તેમને દરરોજ ૭૦ હજાર વખત આગ ખાશે અને દરેક વખતે જ્યારે તેમને આગ સળગાવી દેશે તો ફરી અગાઉની જેમ થઈ જશે.** *(ઈબ્ને માજહ–ઝુહદ, ૨/૩૨૦, અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૬૩૫, હદીષ : ૮૭૫૩)*

મુસ્લિમ શરીફની એક હદીષમાં છે કે **દુનિયામાં સૌથી વધારે દુનિયાવી નેઅમતો પામનાર જહન્નમીને લાવવામાં આવશે અને તેને જહન્નમમાં એક ડૂબકી મરાવીને પૂછવામાં આવશે, હે ઈન્સાન! તેં કદી એશ (આરામ) પણ જોયો છે ? અથવા તારા પર કદી ઈનામોની વર્ષા થઈ હતી ? તે કહેશે નહીં ! ખુદાની કસમ ! હે અલ્લાહ ! કદી પણ નહીં ! પછી દુનિયામાં સૌથી અધિક મુસીબતો વેઠનારા જહન્નમીને લાવવામાં આવશે અને તેને જન્નતનો ચક્કર લગાવડાવીને પૂછવામાં આવશે, હે ઈન્સાન ! તે કદી તંગદસ્તી (ગરીબી) જોઈ છે ? કે તારા પર કદી મુસીબતો પણ આવી હતી ? તે કહેશે, નહીં ! બખુદા ! હે અલ્લાહ ! ક્યારેય પણ મેં તંગદસ્તી અને દુઃખ તથા તકલીફ નથી જોઈ.** *(મુસ્લિમ–મુનાફિકીન, ૨/૩૭૪)*

### ★ દોઝખીઓ પર રૂદન લાગુ કરી અપાશે ★

ઈબ્ને માજહની રિવાયત છે કે **જહન્નમીઓ પર રડવું (રૂદન) લાગુ પાડી દેવાશે, તેઓ રડશે ત્યાં સુધી કે તેમનાં આંસૂંઓ ખત્મ થઈ જશે ! પછી તેઓ લોહી (નાં આંસૂં) રડશે ત્યાં સુધી કે તેમના ચહેરાઓમાં ખાડાઓ જેવા ખાડા હશે કે જો તેમાં નાવડીઓ છોડી મૂકવામાં આવે તો તે ચાલવા લાગે !** *(સુનને ઈબ્ને માજહ, ૨/૩૨૧)*

અબૂ યઅ્લાની હદીષ છે કે, હે લોકો ! રડો ! જો તમને રડવું ન આવે તો રડમશ ચહેરો બનાવો ! કેમ કે જહન્નમીઓ જહન્નમમાં રડશે ત્યાં સુધી કે તેમનાં આંસૂં ગાલો પરથી એવી રીતે વહેશે જાણે કે તેમના ગાલો નહેરો હોય પછી આંસૂં ખત્મ થઈ જશે અને તેઓ લોહી રડશે જેથી તેમની આંખો ઝખ્મોથી લોહી લુહાણ થઈ જશે ! *(ઈબ્ને માજહ–ઝુહદ, ૨/૩૦૯, અત્તરગીબ વત્તહીબ, ૪/૨૭૦)*

**(પ્રકરણ : ૧૧૦)**

## મીઝાન તથા સિરાત

અબૂ દાઊદ હઝરત હસનથી તેમણે હઝરત આઈશા رضی اللہ عنہاથી નકલ કર્યું છે કે, તે રડયાં તો હુઝૂર ﷺએ પૂછયું કે, આઈશા ! શા માટે રડો છો ?! તેમણે અર્ઝ કરી કે હું જહન્નમને યાદ કરીને રડી છું ! શું તમે કિયામતના દિવસે તમારાં ઘરવાળાંઓને યાદ રાખશો ? હુઝૂર ﷺએ ફર્માવ્યું કે ત્રણ સ્થળોએ કોઈ કોઈને યાદ નહીં કરે, મીઝાને અમલ (અમલ તોલવાના ત્રાજવા) પાસે, ત્યાં સુધી કે એ જાણી લે કે તેનું મીઝાન હલકુ થયું કે ભારે. આમાલનામુ ઉડતી વખતે ત્યાં સુધી કે તે જાણી લે કે તેનું આમાલનામુ જમણા હાથમાં આવે છે કે ડાબા હાથમાં આવે છે કે પછી પીઠની પાછળ. અને જ્યારે પુલસિરાતને જહન્નમ પર રાખવામાં આવશે

ત્યાં સુધી કે તે એવું ન જાણી લે કે તે તેને પાર કરી શકે છે કે નહીં ! *(અબૂ દાઊદ–સુન્નહ, ૨/૬૫૪, અત્તરગીબ વત્તરહીબ, કિતાબુલ બઅ્ષ, ૪/૨૨૯)*

**★ હુઝૂર ﷺ ઉમ્મતની મદદ માટે પુલસિરાત પર હશે ! ★**

તિર્મિઝી શરીફમાં છે કે હઝરત અનસ رضی اللہ عنہએ કહ્યું, મેં નબી કરીમ ﷺને સવાલ કર્યો કે તમે કિયામતના દિવસે મારી શફાઅત ફર્માવશો ? આપે ફર્માવ્યું, હું ઈન્શાઅલ્લાહ ! એવું કરીશ. મેં અર્ઝ કરી, હું તમને ક્યાં શોધું ? આપે ફર્માવ્યું, પ્રથમ મને પુલસિરાત પર તલાશ કરજો. મેં અર્ઝ કરી, જો હું પુલસિરાત પર તમને ન પામી શકું તો ક્યાં શોધું ? આપે ફર્માવ્યું, તો મને મીઝાનની નજીક શોધજો. મેં અર્ઝ કરી કે જો હું તમને મીઝાનની પાસે પણ ન જોઉં તો ક્યાં શોધું ? આપે ફર્માવ્યું તો પછી મને હૌઝની નજીક તલાશ કરજો, કેમ કે હું આ ત્રણ સ્થળો સિવાય ક્યાંય હોઈશ નહીં. *(તિર્મિઝી, ક઼િયામહ, ૨/૬૯)*

હાકિમની રિવાયત છે કે કિયામતના દિવસે મીઝાન રાખવામાં આવશે, જો તેમાં વજન કરવામાં આવે અથવા જમીન તથા આસ્માન તેમાં રાખી દેવામાં આવે તો તે રાખવામાં આવી શકાશે. ત્યારે ફરિશ્તા અર્ઝ કરશે, હે અલ્લાહ! એમાં કોના અમલોનું વજન કરવામાં આવશે ? રબ તઆલા ફર્માવશે, મારી મખ્લૂકમાંથી જેના માટે ચાહીશ ! ફરિશ્તા અર્ઝ કરશે, **سُبۡحٰنَكَ مَاعَبَدۡنٰكَ حَقَّ عِبَادَتِكَ** ''પાક છે તું, અમે તારી હક્ક પ્રમાણેની ઈબાદત નથી કરી શક્યો.''

અને પુલસિરાત રાખવામાં આવશે જે અસ્તરાની ધારની જેમ હશે. ફરિશ્તા અર્ઝ કરશે, એને કોણ પાર પાડશે ? રબ તઆલા ફર્માવશે કે મારી મખ્લૂકમાંથી જેને હું ચાહીશ ! ફરિશ્તા અર્ઝ કરશે :–

**سُبۡحٰنَكَ مَاعَبَدۡنٰكَ حَقَّ عِبَادَتِكَ** ''હે રબ ! પાક છે તું, અમે હક્ક પ્રમાણેની તારી ઈબાદત નથી કરી શક્યા !'' *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૬૨૯, હદીષ, ૮૭૩૯)*

**★ પુલ સિરાત જહન્નમની ઉપર રાખવામાં આવશે ! ★**

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે પુલ

સિરાતને જહન્નમની ઉપર રાખવામાં આવશે જે પાતળી તલ્વારની ધારની જેમ હશે, જે સરકી પડવાની જગા હશે, એના પર આગના કાંટા હશે જેના વડે તે લોકોને ઊંચકી લેશે. તેના પર અટકનારો તેમાં પડશે. અને કેટલાક તેજ ચાલનાર હશે, જેમાં કેટલાક વીજળીની જેમ પસાર થશે અને તેઓ તેના પરથી પસાર થઈને અટકશે. કેટલાક તેના પરથી હવાની જેમ પસાર થશે ત્યાં સુધી કે તેઓ નજાત પામી જશે. અમુક ઘોડે સવારની જેમ હશે પછી કેટલાક દોડતા માણસની જેમ પસાર થશે. પછી સૌથી છેલ્લો એવો માણસ પસાર થશે કે જેને આગે દઝાડી દીધો હશે અને તકલીફ વેઠીને આવ્યો હશે. ત્યારે અલ્લાહ તઆલા તેને પોતાની રહમત અને ફઝ્લો કરમના તુફૈલ જન્નતમાં દાખલ કરશે અને તેને કહેવામાં આવશે કે આરઝૂ કર અને માંગ ! તે શખ્સ કહેશે, તું રબ્બુલ ઈઝ્ઝત થઈને મારી સાથે મઝાહ (હંસી) કરે છે ! ફરી તેને કહેવામાં આવશે કે તમન્ના કર અને માંગ ! તારા માટે તે પણ છે જે તેં માંગ્યું અને એના સમાન ઔર પણ તેની સાથે છે. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૯/૨૦૩, અત્તરગીબ વત્તરહીબ, ૪/૨૩૦)*

મુસ્લિમ શરીફની રિવાયત છે, હઝરત ઉમ્મે બિશ્ર અન્સારિયહ્ رضی اللہ عنہا ફર્માવે છે કે મેં હઝરત હફ્સહ્ رضی اللہ عنہاને ત્યાં હુઝૂર صلی اللہ علیہ وسلمથી સાંભળ્યું. આપ ફર્માવી રહ્યા હતા, ઈન્શાઅલ્લાહુ તઆલા ! તે લોકોમાંથી જેમણે ઝાડની નીચે બયઅત કરી હતી કોઈપણ જહન્નમમાં જશે નહીં. હઝરત હફ્સહ્ رضی اللہ عنہએ અર્ઝ કરી, હા ! યા રસૂલલ્લાહ ! તમે તેમને ધમકાવી કાઢયા તો ! તે બોલ્યાં, وَاِنۡ مِّنۡكُمۡ اِلَّا وَارِدُهَا "તમારામાંથી કોઈ નથી પણ તેના પર આવનાર છે." *(સૂ. મરયમ, આ. : ૭૧)* એના પર હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે : ثُمَّ نُنَجِّى الَّذِيۡنَ اتَّقَوْا وَّنَذَرُ الظّٰلِمِيۡنَ فِيۡهَا جِثِيًّا

**તર્જુમો** : "પછી નજાત આપીશું અમે તેમને જેઓ પરેહઝગારી કરે છે, અને છોડી મૂકીશું તે જાલિમોને પડેલા." *(આ. : ૭૨, (મુસ્લિમ–ફઝાઈલ, ૨/૩)*

જનાબ અહમદ رضی اللہ عنہથી રિવાયત છે કે એક જમાઅતે "વિર્દ"ના અર્થમાં મતભેદ કર્યો છે. અમુકનું કહેવું છે કે એમાં મો'મિન દાખલ નહીં

થાય. અમુકનું કહેવું છે કે તમામ લોકો એમાં વારિદ થશે (સમાશે). પછી અલ્લાહ તઆલા તે લોકોને નજાત આપશે જેઓ તકવો ધરાવે છે.

કેટલાક લોકોએ હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہને પૂછયું તો તેમણે કહ્યું કે તમામ લોકો એમાં આવશે.

પછી આંગળીઓને કાનની નજીક લઈ જઈને કહ્યું કે આ બંનેવ બેહરા થાય જો મેં હુઝૂર صلی اللہ علیہ وسلمને એવું ફર્માવતાં ન સાંભળ્યા હોય કે વિર્દથી મુરાદ દાખલ થવું છે. કોઈ નેક તથા બુરો બાકી ન રહેશે પણ સૌ તેમાં દાખલ થશે. ત્યારે તે જહન્નમ મો'મિનો પર હઝરત ઈબ્રાહીમ علیہ السلامની જેમ ઠંડી અને સલામતીવાળી થઈ જશે, ત્યાં સુધી કે એ આગ અથવા જહન્નમના માટે આપે ફર્માવ્યું, મો'મિનોની ઠંડકના કારણે ફરિયાદ નીકળ શે પછી અલ્લાહ તઆલા તે લોકોને નજાત આપશે જેઓ પરહેઝગારી કરે છે, અને જાલિમોને જહન્નમમાં પડેલા છોડી મૂકશે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ૪/૨૭૮, હદીષ, ૧૪૧૧૧)*

હાકિમની રિવાયત છે કે લોકો જહન્નમમાં દાખલ થશે અને પોતાના અમલોના કારણે તેમાંથી નીકળશે. પ્રથમ વીજળીની ચમકની જેમ પછી હવાની જેમ પછી ઘોડે સવારની જેમ પછી ઊંટ સવારની જેમ પછી દોડતા માણસની જેમ અને પછી પગપાળા માણસની જેમ નીકળશે. *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન, ૪/૬૨૯, હદીષ, ૮૭૪૧)*

(પ્રકરણ : ૧૧૧)

## હુઝૂર ﷺનો વિસાલ મુબારક

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે અમે આપણી માં આઈશા رضی اللہ عنہاના ઘરે એ વખતે હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયા જયારે જુદાઈની ઘડી નજીક હતી. હુઝૂર ﷺએ અમને જોયા, આપની આંખો ભીની થઈ ગઈ. પછી ફર્માવ્યું, તમને ખુશખબરી થાય કે તમને અલ્લાહ તઆલાએ જિંદગી આપી, અલ્લાહે તમને પનાહ આપી, અલ્લાહ તઆલાએ તમારી મદદ ફર્માવી, હું તમને અલ્લાહ તઆલાથી ડરતાં રહેવાની વસિય્યત કરું છું અને તમને અલ્લાહ તઆલાના હવાલે કરું છું. બેશક ! હું તમારા માટે અલ્લાહ તઆલાની તરફથી ઉઘાડુ દષ્ટાંત છું. એ કે અલ્લાહ તઆલાના શહેરો અને બંદાઓમાં અલ્લાહ તઆલાથી સરકશી (નાફર્માની) ન કરો ! મૌત નજીક આવી અને અલ્લાહ તઆલાના સિદરતુલ મુન્તહા, જન્નતુલ માવા અને છલકતા જામોની તરફ પલટવાનુ છે. તો તમે તમારા નફ્સો પર અને તે શખ્સ પર જે મારા બાદ તમારા દીનમાં દાખલ થાય તેને મારા તરફથી સલામ કહો. *(દુર્રતુન્નાસિહીન, પેજ : ૮૫)*

### ★ હુઝૂર ﷺ ના વિસાલ બાદ પણ અલ્લાહ તઆલા ઉમ્મતે હબીબનો વાલી છે ★

રિવાયત છે કે હુઝૂર ﷺએ વિસાલના સમયે જિબ્રઈલ علیہ السلامને ફર્માવ્યું, મારા પછી ઉમ્મતનો કોણ છે ? અલ્લાહ તઆલાએ હઝરત જિબ્રઈલ તરફ વહી ફર્માવી કે મારા હબીબ ﷺને ખુશખબરી આપી દો કે હું તેમને ઉમ્મતના બારામાં શર્મિંદો કરીશ નહીં અને તેમને એ વાતની પણ ખુશખબરી આપી દઈશ કે જયારે લોકોને મેહશરના માટે ઉઠાડવામાં આવશે તો સૌથી જલ્દી ઉઠશે. જયારે તેઓ ભેગા થશે તો મારો હબીબ તેમનો સરદાર હશે અને બેશક ! જન્નત અન્ય ઉમ્મતીઓ પર ત્યાં સુધી હરામ હશે જ્યાં સુધી આપની ઉમ્મત એમાં દાખલ નહીં થાય. આ સાંભળીને હુઝૂર ﷺએ ફર્માવ્યું કે હવે મારી આંખો ઠંડી થઈ છે. *(અબ્રજહુત્તબરાની મિન્હદીષ, જાબિર વ ઈબ્ને અબ્બાસ)*

હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે. હુઝૂર ﷺએ અમને હુકમ આપ્યો કે મને સાત કૂવાઓનાં સાત પાણીઓથી ગુસ્લ આપો. જેથી અમે એ જ પ્રમાણે કર્યું તો આપે રાહત મેળવી. પછી બહાર તશરીફ લઈ ગયા, લોકોને નમાઝ પઢાવી, ઓહદના શહીદો માટે બખ્શિશની દુઆ કરી અને અન્સારના માટે વસિયત કરી અને ફર્માવ્યું :–

"અમ્મા બઅદ ! હે મુહાજિરીનના ગિરોહ ! તમે વધતા જાવ છો અને અન્સાર તે દિવસવાળી સ્થિતિ પર બાકી છે તેઓ વધતા નથી. અન્સાર મારા રાઝદાર છે જેમના તરફ મેં પનાહ લીધી છે, જેથી તેમના કરીમ એટલે નેકની ઈજ્જત કરો, તેમના મોટેરાંઓથી દરગુઝર કરો."

પછી ફર્માવ્યું, બેશક ! બંદાને દુનિયા અને અલ્લાહ તઆલાની નિકટતા વચ્ચે ઈખ્તેયાર આપવામાં આવ્યો તો તેણે એ ચીજને પસંદ કરી લીધી જે અલ્લાહને ત્યાં છે.

હઝરત અબૂબક્ર رضی اللہ عنہ રડવા લાગ્યા અને સમજી ગયા કે આ બંદાથી મુરાદ હુઝૂર ﷺ છે. ત્યારે હુઝૂર ﷺએ ફર્માવ્યું, હે અબૂબક્ર ! તસલ્લી રાખો ! અબૂબક્રના દરવાજાની સિવાય મસ્જિદની તરફ ખુલનારા તમામ ઘરોના દરવાજા બંધ કરી દો, કેમ કે હું કોઈ એવા માણસને નથી ઓળખતો જે દોસ્તીમાં મારી નજીક અબૂબક્રથી અફઝલ હોય. *(દારમી, ૧/૩૧, હદીષ : ૮૧, કન્ઝુલ ઉમ્માલ, ૧૨/૧૨, હદીષ, ૩૩૭૩૫)*

હઝરત આઈશા رضی اللہ عنہاનું ફર્માન છે કે હુઝૂર ﷺએ મારા ઘરે, મારા દિવસે, મારા દિલ અને મારા ગળાની દરમ્યાન વિસાલ ફર્માવ્યો અને અલ્લાહ તઆલાએ વિસાલ વખતે મારા અને તેમના લુઆબે દહન (થૂંક મુબારક)ને ભેગુ કર્યું. મારા ઘરે મારા ભાઈ અબ્દુર્રહ્‌માન આવ્યા તેમના હાથમાં મિસ્વાક હતી. હુઝૂર ﷺ મિસ્વાક તરફ જોવા લાગ્યા. હું સમજી ગઈ કે આપ મિસ્વાક પસંદ ફર્માવે છે જેથી મેં કહ્યું, એ આપના માટે લઈ લઉં ? આપે માથાથી ઈશારો ફર્માવ્યો. અબ્દુર્રહ્‌માનથી મિસ્વાક લઈ લીધી અને હુઝૂર ﷺના મુખ મુબારકમાં દઈ દીધી પણ તે આપને કડક જણાઈ તો મેં કહ્યું, હું એને આપના માટે નરમ કરું ? આપે માથાના ઈશારા વડે "હા" ફર્માવ્યું. જેથી મેં એને (ચાવીને) નરમ કર્યું. અને હુઝૂર ﷺ સમક્ષ

પાણીનું વાસણ રાખેલુ હતું, આપ તેમાં હાથ નાખતા હતા અને ફર્માવતા **લાઈલાહ ઈલ્લલ્લાહ** ! અલ્બત્ત ! મૌતના માટે સકરાત છે. પછી આપે આપનો હાથ ઊંચો કર્યો અને ફર્માવવા લાગ્યા, ''અર્રફીકુલ્ આ'લા, અર્રફીકુલ્ આ'લા'' ત્યારે મેં અર્ઝ કરી, બખુદા ! આપે અમને અગ્રતા નથી આપી. *(બુખારી–મગાઝી, ૨/૬૪૦, બિદાયા નિહાયા, ૫/૧૭૦,)*

## ★ અન્સારનો ઈજતેમાઅ્ ★

હઝરત સઈદ ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہ એ પોતાના વાલિદથી રિવાયત કરી છે કે જ્યારે અન્સારે જોયું કે નબી કરીમ ﷺની તબીઅત શરીફમાં નરમી વધી રહી છે તો તેઓ મસ્જિદની આસપાસ જમા થઈ ગયા. હઝરત અબ્બાસ رضی اللہ عنہ હુઝૂર ﷺની પાસે હાજર થયા અને તેમને અન્સારના ઈરાદા અને ખૌફના વિશે જણાવ્યું પછી હઝરત ફઝલ رضی اللہ عنہએ આપને તે જ વાત અર્ઝ કરી, પછી હઝરત અલી رضی اللہ عنہ ઘરમાં દાખલ થયા અને આપે પણ તે જ વાત અર્ઝ કરી જે આગલા કરી ચૂક્યા હતા જેથી હુઝૂર ﷺએ પોતાનો હાથ મુબારક લાંબો કર્યો અને ફર્માવ્યું, એને પકડો ! પછી તેમણે તમને પકડી લીધા અને આપે પૂછયું, તમે શું કહો છો ? તેમણે અર્ઝ કરી, અમને ડર છે કે તમે વિસાલ ફર્માવશો. તેમની ઔરતો પોતાના યુવાનોના હુઝૂર ﷺની પાસે જમા થવાની કારણે એકબીજાને બોલાવવા લાગી. જેથી હુઝૂર ﷺ ઉઠયા અને હઝરત અલી رضی اللہ عنہ અને હઝરત ફઝલ رضی اللہ عنہનો સહારો લઈને ચાલ્યા. હઝરત અબ્બાસ رضی اللہ عنہ આપની આગળ આગળ હતા. હુઝૂર ﷺ સરે અન્વર લપેટેલુ રાખીને નીકળ્યા. આપના મુબારક પગો ઘસડાઈ રહ્યા હતા ત્યાં સુધી કે આપ મિમ્બર શરીફની સૌથી નીચલી સીડી પર બિરાજમાન થયા, લોકો આપની તરફ ઉઠીને આવ્યા. આપે અલ્લાહની હમ્દો ષના પછી ફર્માવ્યું :–

''હે લોકો ! મને જાણવા મળ્યું છે કે તમે મારા વિસાલથી ખૌફઝદા છો જાણે તમે મૌતને નથી જાણતા અને તમે તમારા નબીના વિસાલને સારો નથી સમજતા. શું મેં તમારા નફ્સોને મૌતની ખબર નથી આપી ? શું મારાથી પહેલાં આવનાર અંબિયાએ કિરામમાંથી કોઈ નબી હમેશાં રહ્યા

કે હું પણ હમેશાં રહું ?! ખબરદાર થઈ જાવ ! હું મારા રબથી મળવાનો છું અને તમે પણ તેને મળવાના છો. હું તમને મુહાજિરીને અવ્વલીન વિશે નેકીની વસિય્યત કરું છું અને હું મુહાજિરોને એકબીજાની વસિય્યત કરું છું. કેમ કે ફર્માને ઈલાહી છે, "કસમ છે જમાનાની ! તેહકીક ! ઈન્સાન નુકસાનમાં છે પણ તે લોકો જેઓ ઈમાન લાવ્યા........." *(સૂ. અસ્ર, આ. : ૩, પારા : ૩૦)*

અને તમામ બાબતો અલ્લાહ તઆલાની મરજીથી પરિપૂર્ણતાએ પહોંચે છે. તમને કોઈ કામની ઢીલ ઉતાવળ કરવા તરફ ન લઈ જાય કેમ કે અલ્લાહ તઆલા કોઈના ઉતાવળ કરવાથી ઉતાવળ નથી કરતો અને જેણે અલ્લાહ તઆલાથી ધોકો કર્યો તેણે પોતાની સાથે ધોકો કર્યો. તો તમે એ વાતની નજીક થાવ કે જો તમને વાલી બનાવી દેવામાં આવે તો તમે જમીનમાં ફસાદ કરો અને ગર્ભપાત કરો. *(અહયાઉલ ઉલૂમ, ૪/૪૦૯)*

## ★ અન્સારના બારામાં વસિય્યત ★

રહમતે દો આલમ ﷺએ અન્સારના બારામાં ફર્માવ્યું :–

અને હું તમને અન્સારની સાથે નેકીની વસિય્યત કરું છું કેમ કે આ તેઓ છે જેમણે (મદીના તૈયેબહમાં) હિજરતના ઘરમાં ઠેકાણું બનાવ્યું અને તમારા પહેલાં ઈમાન લાવ્યા છે. તમે તેમની સાથે એહસાન કરો. શું તેમણે તમારા માટે ફળોના બે ભાગ નથી કર્યા ? શું તેમણે તેમનાં ઘરોને તમારા માટે વિશાળ નથી કર્યા ? શું તેમણે તમોને પોતાના કરતાં અગ્રતા નથી આપી ? જ્યારે કે તેઓ પોતે ગરીબ હતા. ખબરદાર રહો ! જે શખ્સને એ વાતનો વાલી બનાવવામાં આવે કે તે બે માણસોમાં ફેંસલો કરે તો જોઈએ કે તે તેના નેકને કબૂલ કરે અને તેમના બુરાથી દરગુઝર કરે. ખબરદાર થઈ જાવ ! તેમના પર પોતાને અગ્રતા ન આપો ! હોશિયાર રહો ! હું તમારા માટે પહેલાં જનારો છું અને તમે મને મળવાના છો. હોશિયાર રહો ! તમારા ઉતરવાની જગા મારી હૌઝ છે. મારો હૌઝ શામના શહેર બસરા યમનના સનઆઅ્‌ના વચ્ચેના અંતર જેટલો છે. તેમાં કૌષરના પરનાલા થકી એવું પાણી નાખવામાં આવે છે જે દૂધથી વધુ સફેદ, માખણથી વધુ નરમ અને મધથી વધુ મીઠુ છે. જેણે એમાંથી પી લીધું તે કદાપિ તરસ્યો

નહીં થાય, તેની કાંકરીઓ મોતીઓની અને તેની જમીન મુશ્કની છે. કાલે ઊભા થવાના દિવસે જે એનાથી મેહરૂમ રહ્યો તે દરેક ભલાઈથી મેહરૂમ રહ્યો.

ખબરદાર થઈ જાવ ! જે એવું પસંદ કરે છે કે કાલે મારી પાસે આવે તેણે જોઈએ કે તે નાજાઈઝ વાતોથી પોતાની જીભ તથા હાથોને રોકે. હઝરત અબ્બાસ رضی اللہ عنہએ અર્ઝ કરી, યા નબીયલ્લાહ ! صلی اللہ علیہ وسلم કુરૈશના માટે વસિયત કરો ! આપે ફર્માવ્યું :–

હું એટલા માટે કુરૈશને વસિયત કરું છું કે લોકો કુરૈશના તાબે છે, તેમનું ભલુ તેઓના ભલા માટે અને તેમનુ બુરુ તેઓના બુરા માટે છે. હે આલે કુરૈશ ! લોકોની સાથે ભલાઈ કરો ! **હે લોકો ! ગુનાહ નેઅમતોને ફેરવી નાખે છે અને કિસ્મતને બદલી નાખે છે, જેથી જ્યારે લોકો નેક હોય છે તો તેમના હાકિમ પણ નેક હોય છે, અને જ્યારે લોકો નાફર્માન હોય છે તો તેઓ પણ નાફર્માન હોય છે એટલે કે તેમના હાકિમ જાલિમ હોય છે.** ફર્માને ઈલાહી છે, "અને આ રીતે અમે અમુક જાલિમોને અમુક જાલિમોના વલી (હાકિમ) બનાવીએ છીએ એમના અમલોના લીધે." *(પારા : ૮, સૂ. અન્આમ, આ. ૧૨૯)*

હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી મરવી છે, હુઝૂર صلی اللہ علیہ وسلمએ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہને ફર્માવ્યું, અબૂ બક્ર પૂછો ! હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! સમય નજીક આવી ગયો છે ? આપે ફર્માવ્યું, હા ! સમય નજીક આવી ગયો છે અને ઘણો જ નજીક આવી ગયો છે. હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ અર્ઝ કરી, હે અલ્લાહના નબી ! જે કાંઈ અલ્લાહને ત્યાં છે તે આપને મુબારક થાય, કાશ ! અમે અમારા ઠેકાણાને જાણતા. હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, અલ્લાહની તરફ, સિદરતુલ મુન્તહાની તરફ, પછી જન્નતુલ માવાની તરફ, ફિરદૌસે આ'લાની તરફ, શરાબે તહૂરથી ભરેલા પ્યાલા અને રફીકે આ'લાની તરફ મુબારક જિંદગી અને અલ્લાહની હિફાઝતની અમાન છે.

હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ પૂછયું, હે અલ્લાહના નબી ! આપના ગુસ્લના માટે વ્યવસ્થા કોની થશે ? ફર્માવ્યું, મારી નજીકનાં (સગાં). અમે

તમને કયા કપડાનું કફન આપીએ ? મારાં તે કપડાં, યમની ચાદર તથા સફેદ મિસ્રી ચાદરમાં. પછી હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ પૂછયું, તમારા પર નમાઝ કઈ રીતે પઢીએ ? જેથી અમે રડી પડયા અને આપ પણ રડી પડયા. પછી હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, છોડો ! અલ્લાહ તઆલા તમને બખ્શે અને તમારા નબીથી તમને બેહતર જઝા આપે. જયારે તમે મને ગુસ્લ આપી ચૂકો, કફન પહેરાવી લો તો મને મારા એ જ ઘરમાં મારી ચાર પાઈ પર મારી કૃબ્રના કિનારે રાખી દેજો. પછી તમો થોડીકવાર માટે મને એકલો છોડીને બહાર નીકળી જજો. સૌ પ્રથમ અલ્લાહ جل جلالہ મારા પર રહમત મોકલશે. તે જ તમારા પર રહમતો મોકલે છે અને તેના ફરિશ્તા તમારા માટે મગફેરત તલબ કરે છે. પછી ફરિશ્તાઓને મારા પર દુરૂદની ઈજાઝત આપવામાં આવશે અને સૌ પ્રથમ અલ્લાહ તઆલાની મખ્લૂકમાંથી જિબ્રઈલ علیہ السلام મારી પાસે આવશે અને મારા પર દુરૂદ પઢશે, પછી મીકાઈલ, પછી ઈસ્રાફીલ પછી એક અતિશય મોટી જમાઅતની સાથે ઈઝરાઈલ (عَلَيْهِمُ السَّلَامُ) દુરૂદ પઢશે. પછી સર્વ ફરિશ્તા આવશે અને ત્યાર બાદ તમે ટોળી પછી ટોળી મારા પર દાખલ થજો અને ટોળીઓના રૂપમાં મારા પર સલાત પઢજો અને ખૂબ સલામ મોકલજો, અને મને ઘર ભરીને, અવાજો બુલંદ કરીને, ચીસો પોકારી પાડીને તકલીફ ન આપશો અને જોઈએ કે તમારામાંથી સૌ પ્રથમ ઈમામ આવે અને મારાં નિકટતા ઘરવાળાં પછી એનાથી નજીકના પછી ઔરતોની જમાઅતો અને પછી બાળકોની જમાઅતો આવે.

હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ અર્ઝ કરી કે તમને કૃબ્રે અન્વરમાં કોણ ઉતારશે ? ફર્માવ્યું, મારા અતિશય નજીકના કુટુંબીઓની જમાઅત, પછી તેની નજીકના, ફરિશ્તાઓની પુષ્કળ સંખ્યાની સાથે, તેઓને તમે નથી જોતા પણ તેઓ તમને જુએ છે. ઉભા થઈ જાવ અને મારી પછી આવનારાઓ સુધી પહોંચાડી આપો. *(રવાહુ ઈબ્ને સઅદ ફી તબકાત અન મુહમ્મદ ઈબ્ને ઉમર)*

હઝરત આઈશા رضی اللہ عنہاથી મરવી છે કે જે દિવસે હુઝૂર صلی اللہ علیہ وسلمએ વિસાલ ફર્માવ્યો લોકોએ દિવસના પ્રારંભિક હિસ્સામાં આપની તબીયતને હલકી પામી જેથી તેઓ ખુશી ખુશી પોતાનાં ઘરો તથા કામોના માટે પરત થઈ ગયા, અને આપને ઔરતો દરમ્યાન એકલા છોડી ગયા. અમે એ

પ્રમાણે ખુશીમાં હતાં કે એટલી ખુશી અમને અગાઉ ક્યારેય ન મળી હતી, એવામાં અચાનક હુઝૂર ﷺએ ફર્માવ્યું, તમે સૌ સ્ત્રીઓ બહાર ચાલી જાવ કે આ ફરિશ્તો મારી પાસે અંદર આવવાની રજા માંગી રહ્યો છે, જેથી ઘરમાંથી મારા સિવાય સર્વ ઔરતો બહાર જતી રહી અને આપનું સર મુબારક મારી ગોદમાં હતું. આપ બેઠા થઈ ગયા અને હું ઘરની અંદર ખૂણામાં જતી રહી.

એ ફરિશ્તાએ લાંબી સરગોશી (ધીમા અવાજે વાતચીત) કરી, હુઝૂર ﷺએ મને બોલાવી અને એ જ પ્રમાણે સર મુબારક મારી ગોદમાં રાખી દીધું અને સ્ત્રીઓને કહ્યું કે અંદર આવી જાવ. મેં હુઝૂર ﷺથી અર્ઝ કરી કે મને એ આહટ જિબ્રઈલની ન લાગી ! તો આપે ફર્માવ્યું, આઈશા ! આ મલકુલ મૌત હતો જે મારી પાસે આવ્યો હતો અને તેણે કહ્યું કે અલ્લાહ તઆલાએ મને મોકલ્યો છે કે હું આપની ઈજાઝત વિના આપની પાસે ન આવું, જો આપ ઈજાઝત આપો તો આપની પાસે આવું અને અલ્લાહ તઆલાએ મને એ પણ હુકમ આપ્યો છે કે આપની ઈજાઝત વિના રૂહ મુબારક કબ્જે ન કરું. હવે તમારી શું રાય છે ? જેથી મેં કહ્યું કે હમણા રોકાઈ જાવ કે મારા જિબ્રઈલ આવી જાય, કેમ કે આ જિબ્રઈલને આવવાનો સમય છે.

હઝરત આઈશા رضی اللہ عنہاએ ફર્માવ્યું, કે અમારા પર એવો સંજોગ ઉભો થયો કે જેના બારામાં અમારી પાસે કોઈ જવાબ ન હતો અને ન તો એના બારામાં કોઈ રાય હતી. અમે સૌ ભયાવહ થઈને ખામોશ હતાં. જાણે અહલે બયતમાંથી કોઈ પણ આ મહાન સંજોગના કારણે બોલી શકતુ ન હતું. એના ભયે અમારા શરીરોને લોહીથી ભરી દીધાં હતાં.

હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે, એ ક્ષણે જિબ્રઈલે અમીન હાજર થયા, મેં તેમની આહટને ઓળખી લીધી. ઘરવાળાં બહાર નીકળી ગયાં. જિબ્રઈલ અંદર દાખલ થયા અને અર્ઝ કરી, હે નબી ! અલ્લાહ આપના પર સલામ ફર્માવે છે અને ફર્માવે છે કે તમે તમોને પોતાને કેવા પામો છો ? જો કે તે આપના વિશે આપનાથીય વિશેષ જાણે છે, પરંતુ અલ્લાહનો ઈરાદો એ છે કે આપની ઈજ્જત તથા વક઼ારમાં વધારો કરે અને મખ્લૂક

પર આપની ઈજ્જત તથા વકાર પરિપૂર્ણતાએ પહોંચી જાય અને આપની ઉમ્મતમાં દષ્ટાંત બની જાય.

આપે ફર્માવ્યું કે હું રંજ તથા દર્દ અનુભવું છું. જિબ્રઈલે અર્ઝ કરી, તમને ખુશખબરી થાય કે અલ્લાહ તઆલાએ ઈરાદો ફર્માવ્યો છે કે તમને તે ઈનામોમાં પહોંચાડે જે એણે તમારા માટે તૈયાર કર્યા છે. આપે ફર્માવ્યું, જિબ્રઈલ ! મલકુલ મૌતે મારાથી ઈજાઝત માંગી અને મને વાત દર્શાવી ગયા છે. જિબ્રઈલે અર્ઝ કરી, હે મુહમ્મદ ! આપનો રબ આપના દીદારનો મુશ્તાક છે, શું એણે તમને નથી જણાવ્યું કે અલ્લાહ તઆલા તમારાથી કઈ ચીજનો ઈરાદો ફર્માવે છે ? ખુદાની કસમ ! મલકુલ મૌતે હરગિઝ કોઈની પાસે ક્યારેય ઈજાઝત નથી માંગી, અને ન તો તે હવે પછી કોઈની પાસે ઈજાઝત માંગશે. ખબરદાર થઈ જાવ ! અલ્લાહ તઆલા તમારી ઈજ્જત તથા મહાનતાને પૂર્ણ કરનાર છે, અને તે આપનો મુશ્તાક છે.

ત્યારે હું એ સમય સુધી ચેન પામીશ નહીં જ્યાં સુધી કે અલ્લાહ તઆલાની હુઝૂરમાં ન પહોંચી જાઉં. આપે સ્ત્રીઓને અંદર આવવાની રજા આપી દીધી અને હઝરત ફાતિમા رضی اللہ عنہاથી ફર્માવ્યું, મારી નજીક આવો. તે આપના પર પડી ગયાં. હુઝૂર صلی اللہ علیہ وسلمએ તેમના કાનમાં વાત કહી. જ્યારે તેમણે માથુ ઉઠાવ્યું તો આપની આંખો અશ્રુમય હતી, અને તેઓ ગમના ભારણને કારણે વાત ન કરી શક્યાં. ફરી ફર્માવ્યું, તમારું માથુ મારી નજીક કરો ! જેથી હઝરત ફાતિમા ઝહરા ફરી આપની સાથે લિપટાઈ ગયાં. આપે તેમના કાનમાં વાત કહી અને જ્યારે તેમણે માથુ ઉઠાવ્યું તો હસી રહ્યાં હતાં ! અને વાત કરવાની શક્તિ ન હતી.

અમે જ્યારે આ વિચિત્ર વાત જોઈ તો અમે બાદમાં હઝરત ફાતિમા رضی اللہ عنہاને એના વિશે પૂછયું તો તેમણે જણાવ્યું કે મને જ્યારે હુઝૂર صلی اللہ علیہ وسلمએ એ ખબર આપી કે હું આજે વિસાલ કરવાનો છું તો મેં રડી દીધું અને ફરી જ્યારે ફર્માવ્યું કે, મેં અલ્લાહ તઆલાથી દુઆ કરી કે તે તને મારાં ઘરવાળાંઓમાંથી સૌથી પ્રથમ મારી સાથે મિલાવી દેશે અને તને મારી સાથે રાખશે, તો હું હસી પડી !

પછી આપે હઝરત ફાતિમા رضی اللہ عنہاના બંને પુત્રોને બોલાવ્યા અને

તેમને પ્યાર કર્યો. હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે પછી મલકુલ મૌત આવ્યા તેમણે રજા માંગી તો આપે રજા આપી દીધી. મલકુલ મૌતે અર્ઝ કરી કે મારા માટે શો હુકમ છે ? આપે ફર્માવ્યું કે મને હવે મારા રબની પાસે લઈ ચાલો ! મલકુલ મૌતે અર્ઝ કરી કે આજે (આપની ઈજાઝતથી) એવું જ થશે અને આપનો રબ આપનો મુશ્તાક છે. અને મેં આપના સિવાય કોઈ અન્યની પાસે વારંવાર આવજા નથી કરી અને ન આપના સિવાય કોઈ અન્ય પાસે જવા માટે રજા લેવાનો હુકમ મળ્યો, પરંતુ આપની ઘડી આપની સામે છે. અને તે નીકળી ગયા.

હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે પછી જિબ્રઈલ علیہ السلام આવ્યા અને અર્ઝ કરી, અસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આ અંતિમ પયગામો હતા જે જમીન પર મોકલવામાં આવ્યા. હવે કાયમના માટે વહીનો ક્રમ સમાપ્ત કરી દેવામાં આવ્યો છે અને દુનિયાને લપેટી દેવામાં આવશે અને જમીનમાં મારા માટે આપના સિવાય અન્ય કોઈ હાજત નથી અને જમીનમાં આપની પાસે આવવું જ મારી જરૂરત હતી અને હવે હું મારા મકામ પર રહીશ અને ત્યાંથી ક્યાંય જઈશ નહીં, બખુદા ! જેને મુહમ્મદ صلی اللہ علیہ وسلمને હક્ક સાથે મોકલ્યા છે.

હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે. પછી હું હુઝૂર صلی اللہ علیہ وسلمની પાસે ગઈ અને આપના સર મુબારકને મારા સીના પર રાખીને તેને પકડી લીધું અને આપના પર ઊંઘ જેવું છવાવા લાગ્યું અને આપની પેશાની મુબારકથી પસીનો ટપકવા લાગ્યો. મેં એવો પસીનો કોઈ માણસની પેશાની પર નથી જોયો. પછી એ પસીનો મુબારક વહેવા લાગ્યો અને મેં એનાથી અધિક ઉમદા ખુશ્બુ કોઈ ચીજમાં નથી જોઈ. પછી હું કહેવા લાગી જેવી આપને રાહત થઈ, મારાં માં બાપ અને જાન અને ઘર આપના પર કુર્બાન થાય ! આપે ફર્માવ્યું હે આઈશા ! મો'મિનનો નફ્સ પસીનામાં નીકળે છે અને કાફિરનો જીવ બંને મૂછોએથી ગધેડાની જેમ નીકળે છે. પછી અમે લોકો ગભરાઈ ગયા અને અમારા ઘરવાળાઓની તરફ આદમી મોકલ્યા. તો સૌ પ્રથમ આદમી જે અમારી પાસે આવ્યો અને હુઝૂર صلی اللہ علیہ وسلمને ન પામ્યા તે મારો

ભાઈ હતો જેને મારા વાલિદે મારી તરફ મોકલ્યો હતો. હુઝૂર ﷺએ કોઈના આવતા પહેલાં જ વિસાલ ફર્માવ્યો.

અલ્લાહ તઆલાએ મર્દોને એટલા માટે રોકી દીધા હતા કે તે વખતે જિબ્રઈલ તથા મિકાઈલ હુઝૂર ﷺની ખિદમતમાં હતા. જાણે આપને ઈખ્તેયાર આપવામાં આવી રહ્યો હતો અને જ્યારે આપ બોલતા તો ફર્માવતા, નમાઝ ! નમાઝ ! નમાઝ ! તમે હમેશાં એક બીજાના સહાયક રહેશો જ્યાં સુધી તમે પઢતા રહેશો નમાઝ ! નમાઝ ! જાણે કે હુઝૂર ﷺએ વસિયત કરતા કરતા દુનિયામાંથી તશરીફ લઈ ગયા કે નમાઝ ન છોડશો. *(અખ્રજહુત્તબરાની ફીલ્કબીર, મનહદીષે જાબિર વ ઈબ્ને અબ્બાસ બમઅનાહુ, ૩/૫૯, હિલ્યતુલ અવલિયા, ૪/૭૯, અહયાઉલ ઉલૂમ, ૪/૪૧૦)*

હઝરત આઈશા رضی اللہ عنہاનો કૌલ છે કે હુઝૂર ﷺએ પીરના દિવસે (**Monday**) ચાશ્ત અને બરાબર મધ્યાન્હના મધ્યના સમયમાં વિસાલ ફર્માવ્યો. *(બિદાયા નિહાયા, ૫/૧૮૦)*

હઝરત ફાતિમા رضی اللہ عنہاનો કૌલ છે કે મેં પીરના દિવસે એક જ મુસીબત નથી જોઈ બલ્કે ખુદાની કસમ ! તે દિવસે ઉમ્મતને ઘણી મુસીબતો મળી છે. *(અહયાઉલ ઉલૂમ, ૪/૪૨૧)*

હઝરત આઈશા رضی اللہ عنہاનો કૌલ છે કે જ્યારે રસૂલુલ્લાહ ﷺએ વિસાલ ફર્માવ્યો તો લોકો ઉમટી પડયા અને તેમના રડવાના અવાજો ઊંચા થવા લાગ્યા અને ફરિશ્તાઓએ બે કપડામાં હુઝૂર ﷺને લપેટી દીધા. લોકોએ ઘણો જ મતભેદ કર્યો, કેટલાકે આપનાં મૌતને જૂઠલાવ્યું અને કેટલાક લોકો ગુંગા બનીને રહી ગયા અને લાંબા સમય પછી બોલવા લાગ્યા. અને કેટલાકમાં ખળભળાટની હાલત પેદા થઈ અને તેમણે કશાય બયાન વિના વાતો કરવાનું શરૂ કર્યું અને કેટલાક પોતાની અક્લો લઈને બેસી ગયા અને અન્યોને પણ બેસાડી દીધા. હઝરત ઉમર رضی اللہ عنہ તે લોકોમાંથી હતા જેમણે આપની મૌતનો ઈન્કાર કર્યો અને હઝરત અલી رضی اللہ عنہ બેસવાવાળાઓમાંથી હતા. અને હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ તે લોકોમાંથી હતા જેઓ મૂંગા બનીને રહી ગયા.

મુસલમાનોમાંથી કોઈ એકનો હાલ પણ હઝરત અબૂબક્ર અને હઝરત અબ્બાસ رضی اللہ عنہ જેવો ન હતો, અલ્લાહ તઆલાએ તેમને તૌફીક આપી અને બોલ ચાલની સમજ આપી. અન્ય લોકો હઝરત અબૂબક્ર رضی اللہ عنہના કથનોથી ખૂબ ગભરાયા ત્યાં સુધી કે હઝરત અબ્બાસ رضی اللہ عنہ આવ્યા અને કહ્યું, કસમ છે તે ઝાતની જેના સિવાય કોઈ મા'બૂદ નથી, અલ્બત્ત ! હુઝૂર صلی اللہ علیہ وسلمએ મૌતની મજા ચાખી લીધી છે. અને આપે તમોને પોતાની મૌજૂદગીમાં કહી દીધું હતું :–

اِنَّكَ مَيِّتٌ وَّاِنَّهُمْ مَيِّتُوْنَ ثُمَّ اِنَّكُمْ يَوْمَ الْقِيٰمَةِ عِنْدَ رَبِّكُمْ تَخْتَصِمُوْنَ

**તર્જુમો** :"તેહકીક ! તું પણ મત્યુ પામનારો છે અને તેહકીક તે પણ મરવાનો છે. પછી તેહકીક તમે કયામતના દિવસે તમારા રબની નજીક ઝઘડશો." *(સૂ. ઝુમર, આ. : ૩૧)*

અને હઝરત અબૂબક્ર رضی اللہ عنہને એ ખબર મળી એ હાલતમાં કે તે બનૂ હારિષ ઈબ્ને ખઝરજના ત્યાં હતા. તે આવ્યા અને હુઝૂર صلی اللہ علیہ وسلمની પાસે આવ્યા પછી આપના તરફ જોયું અને આપના ઉપર ઝુકી ગયા પછી ચુમ્યા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મારા માં બાપ આપના પર કુર્બાન હજો ! અલ્લાહ તઆલા તમને બે વાર મૌતનો સ્વાદ ચખાડશે નહીં. તો અલ્બત્ત ! ખુદાની કસમ ! રસૂલે ખુદા صلی اللہ علیہ وسلم અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. પછી આપ લોકોની તરફ આવ્યા અને કહ્યું, હે લોકો ! જે શખ્સ મુહમ્મદ صلی اللہ علیہ وسلمની ઈબાદત કરે છે તો બેશક ! મુહમ્મદ صلی اللہ علیہ وسلم અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે, અને જે શખ્સ મુહમ્મદ صلی اللہ علیہ وسلمના રબની ઈબાદત કરે છે તો તેનો રબ ઝિંદા છે, તે કદાપિ મરશે નહીં. ફર્માને ઈલાહી છે :–

وَمَا مُحَمَّدٌ اِلَّا رَسُوْلٌ قَدْ خَلَتْ مِنْ قَبْلِهِ الرُّسُلُ اَفَائِنْ مَّاتَ اَوْ قُتِلَ انْقَلَبْتُمْ عَلٰىٓ اَعْقَابِكُمْ

**તર્જુમો** :"અને નથી મુહમ્મદ صلی اللہ علیہ وسلم પણ રસૂલ, તેહકીક ! ગુજર્યા છે એનાથી પહેલાં ઘણા પૈગંબર. તો જો તે મૃત્યુ પામે અથવા કત્લ કરવામાં આવે તો શું તમે ફરી જશો તમારી એડીઓ ઉપર." *(સૂ. આલે ઈમરાન, આ.*

*: ૧૪૪, પારા : ૪)* જાણે લોકોએ એ દિવસથી પહેલાં આ આયત સાંભળી ન હતી. *(બુખારી, ૧/૧૬૬, જનાઈઝ, નિસાઈ, ૧/૨૬૦, બિદાયા નિહાયા, ૫/૧૭૨)*

એક રિવાયતમાં છે કે જ્યારે અબૂબક્ર رضی اللہ عنہને એ ખબર મળી તો તે હુઝૂર ﷺના ઘરમાં દુરૂદ શરીફ પઢતા પઢતા પ્રવેશ્યા અને તેમની આંખોએથી આંસૂ વહી રહ્યાં હતાં, તેમની હિચકી બંધાએલી હતી જેવી રીતે પાણીથી ભરેલો ઘડો ઉછળે છે, અને તેમણે તેમ છતાં વાણી તથા વર્તનમાં સબ્રનો દામન ન છોડયો. પછી તે હુઝૂર ﷺ પર ઝુકી ગયા અને આપના ચેહરા મુબારક પરથી કપડુ હટાવ્યું. આપની પેશાની તથા ગાલોને ચુમ્યા, આપના મુબારક ચહેરા પર હાથ ફેરવ્યો અને રડવાનુ શરૂ થઈ ગયું અને કહેવા લાગ્યા, મારાં માં બાપ, જાન તથા ઘરબાર આપના પર કુર્બાન હજો ! આપ જિંદગી તથા મૌત બંનેમાં પાકીઝા છો, આપના વિસાલથી તે સિલસિલો કટ થઈ ગયો છે જે અન્ય અંબિયાએ કિરામથી કટ ન થયો હતો. આપ દરેક ગુણોથી ઉચ્ચ અને રડવા પિટવાથી ઉચ્ચ છે. આપ તસલ્લીનો સબબ બની ગયા, આપનો જુદો કરમ (સખાવત) સૌના માટે આમ છે. જો આપનો વિસાલ આપના પોતાના ઈષાર (ત્યાગ ભાવના)થી ન હોત તો અમે મરી જાત અને અમારા રડવાથી કાંઈક થઈ શકત તો અમે તમારા પર અમારી આંખોનું પાણી સૂકવી દેત. ગમે તેમ પણ અમે જે ચીજને અમારાથી અલગ નથી કરી શક્તા તે ગમ અને આપની યાદ છે જે હમેશાં યથાવત નહીં રહે. હે અલ્લાહ ! અમારો આ પૈગામ તારા હબીબ ﷺની બારગાહમાં પહોંચાડી આપ.

હે મુહમ્મદ ! ﷺ તમે તમારા રબની પાસે અમારી શફાઅત ફર્માવો અને તમારા દિલમાં અમારો ખયાલ રાખો. જો તમે સુકૂનના સબબો પૂરા ન પાડત તો ગભરાટના કારણે અમારામાંથી કોઈ પોતાની જગાએથી ન ઉઠી શકત. હે અલ્લાહ ! તું તારા નબીની ખિદમતમાં અમારા આ જઝબાત પહોંચાડી આપ અને તેમનો ફઝલો કરમ અમારા હાલમાં સામેલ રાખ. આ તે છે જે અમારી શક્તિમાં છે અને આ છે અમારા જઝબાત તથા

એહસાસો, ખુદા કરે કે અમે રસૂલે અકરમ ﷺના બેહતરીન નમૂના પર અમલ કરીએ. અમે અલ્લાહથી ઉમ્મીદ કરીએ છીએ કે તે અમારી ખતાઓને નેકીઓમાં તબદીલ કરી આપે અને ઈમાનની સાથે બારગાહે નબુવ્વતમાં પહોંચવાનો શરફ અતા કરે. ખાલિકે આલમની ઝાતે ગિરામી જે બેહતરીન અતા કરનારી અને ઉમ્મીદોના માટે પનાહની જગ્યા છે. વલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન. *(અખ્રજહુ ઈબ્ને અબીદુન્યા ફી કિતાબિલ્અઝાઅ્મિન હદીષ ઈબ્ને ઉમર)*

وصلی اللّٰہ تعالیٰ علیٰ سیّدنا محمدٍ واٰلہٖ وصحبہٖ اجمعین۔


આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન**

*(ગુજરાતી તર્જુમા સાથે)*

અનુવાદક : (મર્હૂમ) મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : રૂા. ૩૫૦/- (રજીસ્ટર્ડથી ટપાલ ખર્ચ રૂા.૮૦ અલગ)

**:: પ્રકાશકો તથા પ્રાપ્તિ સ્થાન ::**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)** C/o. ફયઝાને રઝા મંઝિલ, મુા.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો !

**ઈલ્મે શરીઅત**ની રોશનીથી અંધકારમય દિલોને ઝગમગાવવા માટે, દીન તથા સુન્નિયતની મહોબ્બતનો ચિરાગ દિલોમાં રોશન કરવા માટે, ઈશ્કે મુસ્તફા ﷺ ની મીઠાશથી દિલોની દુનિયાને તરબતર કરી પ્યારા મુસ્તફા ﷺ ની દીવાનગીમાં તડપાવવા માટે, મઝહબે હક્ક **અહલે સુન્નત વ જમાઅત** યા'ને **મસ્લકે આ'લા હઝરત**નો ડંકો બજાવવા માટે "બરકાતે ખ્વાજા " માસિક આપની સેવામાં હાજર છે.

★ **"બરકાતે ખ્વાજા"** માસિકના **ગ્રાહક બનો** તથા **બનાવો.**

★ **"બરકાતે ખ્વાજા"** માસિકના **આજીવન ગ્રાહક** કે **પેટ્રન** બની બનાવીને સહકાર કરશો.

★ **કરન્ટ ઈસ્યૂ** પર તેમજ **દીની મસાઈલ** પર સચોટ હવાલાવાળા લેખો મોકલીને સહકાર કરશો.

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/– |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૮૦/– |
| વિદેશ માટે (વાર્ષિક) | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૦૦૦/– |
| આજીવન | રૂા. | ૪,૫૦૦/– |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/– |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/– |

**★ સંપર્ક સરનામુ ★**

**બરકાતે ખ્વાજા (માસિક)**, C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦. ગુજરાત (ઈન્ડિયા)
✆ : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

કિતાબ મંગાવો ! કિતાબ મંગાવો !

# બહારે શરીઅત

લેખક : સદરુશ્શરીઅહ્ હઝરત અલ્લામા અમજદ અલી رحمۃ اللہ علیہ

અનુવાદકો હઝરત સૈયદ કમરુદ્દીનબાવા કારંટવી | મર્હૂમ ડોસુભાઈ પહોંચીયા મોડાસવી

## પ્રથમ વિભાગ

- ⊙ **ભાગ–૧** : અકીદા (અલ્લાહ, રસૂલ, વલી, ફરિશ્તા વગેરે વિશે) આલમે બરઝખ (કબ્ર), કયામત, જન્નત, જહન્નમ, કેટલાક બાતિલ ફિર્કાઓ વગેરેનું બયાન.
- ⊙ **ભાગ–૨** : તહારત (પાકી) : વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, હૈઝ, નિફાસ, ઈસ્તિન્જા વગેરેનું બયાન.
- ⊙ **ભાગ–૩** : નમાઝનું બયાન, નમાઝના ફઝાઈલ, ફર્ઝો, શર્તો, અઝાન, ઈમામત, જમાઅત, મસ્જિદ વગેરેનું બયાન.
- ⊙ **ભાગ–૪** : વિત્ર, નફ્લ, સુન્નતેં, નમાઝે ઈસ્તેખારા, સલાતુત્તસ્બીહ, કઝા નમાઝ, કઝાએ ઉમરી, સિજદએ સહવ, મુસાફિરની નમાઝ, જુમ્આ વગેરેનું બયાન.
- ⊙ **ભાગ–૫** : ઝકાતનું બયાન, ઝકાત ન દેનારના અઝાબ, સદકાએ ફિત્ર, રોઝાનું બયાન, આશૂરાના ફઝાઈલ, અન્ય નફ્લ રોઝાઓ, એતેકાફ વગેરેનું બયાન.

## બીજો વિભાગ

- ⊙ **ભાગ–૬** : હજ્જ વિશે તથા ઝિયારતે રૌઝએ રસૂલ વિશે બયાન.
- ⊙ **ભાગ–૭** : નિકાહ વિશે, મેહરમો વિશે...વગેરેનું બયાન
- ⊙ **ભાગ–૮** : તલાક વિશે બયાન, સોગ વિશે, ઔલાદની તર્બિયત વગેરે વિશે બયાન.
- ⊙ **ભાગ–૯** : ગુલામ આઝાદ કરવા વિશે, કસમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ...વગેરે વિશે બયાન.
- ⊙ **ભાગ–૧૦** : લકીતનું બયાન, ભાગીદારી, વક્ફનું બયાન, મસ્જિદ, કબ્રસ્તાન વગેરેનું બયાન

**[પ્રથમ વિભાગ + બીજો વિભાગ] બંનેના એક સેટની કિંમત રૂા. ૩૦૦/–**

**નોંધ** : છુટક વિભાગ મળશે નહીં તેની નોંધ લેવી

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦, ઈન્ડિયા (ગુજરાત) ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧
(ઓ), ૨૮૦૧૯૨ (ઘર), ૨૮૦૨૯૨ (ઘર), મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧